૯. નીચલી કોર્ટે કામચલાઉ નિમણુંકો આપવામાં આવેલી છે. અને તે પણ ફકત એક વર્ષના ગાળા માટે જ છે અને ઓફીસરોની પાંચ જગ્યાઓ કામચલાઉ ધોરણે એક વર્ષના પ્રાયોરીટી ધોરણે વધારવામાં આવેલ છે. તેથી કોઈ ગેરકાયદેસર ફેરફાર થતો નથી એવું જે તારણ તારવ્યું છે તે કાયદામાં ભુલભરેલું છે અને નીચલી કોર્ટે બી.આઈ.આર.એકટની કલમ ૪૨(૧) તથા શીડયુલ (૨)ની આઈટમ (૨) ને સમજવામાં ગંભીર ભુલથાપ કરેલી છે.

૧૦. નીચલી કોર્ટે સામાવાળાએ પ્રતિનિધિત્વ હકક ધરાવતા બેંક કામદાર સંઘને તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૦ નાં રોજ બી.આઈ.આર. એકટની કલમ ૪૨ (૧) મુજબ નોટીશ ઓફ ચેઈન્જ આપેલી છે તે સ્વીકારવામાં ગંભીર ભુલ કાયદામાં કરેલી છે કેમ કે સામાવાળાએ આંક-૧૫ થી તારીખ ૧૨મી એપ્રિલ ૧૯૯૦ના રોજ મનાઈ અરજી વિરુધ્ધ છેજે જવાબ રજુ કરેલ છે તેમાં તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૦ના રોજ નોટીશ ઓફ ચેઈન્જ આપ્યાનો કોઈ ઉલ્લેખ નથી કે તે સબંધી એફીડેવીટમાં જણાવવામાં આવેલ નથી. જો સામાવાળા બેંકે તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૦ના રોજ નોટીશ ઓફ ચેઈન્જ બેંક કામદાર સંઘને ખરેખર આપી હોત તો તારીખ ૧૨મી એપ્રિલ ૧૯૯૦ના આંક-૧૫ ના લેખિત જવાબમાં તથા એફીડેવીટમાં સ્પષ્ટપણે તેનો ઉલ્લેખ કર્યો હોત. ઉલટું તારીખ ૪થી મે ૧૯૯૦ના રોજ રજુ કરેલ લેખિત દલીલ સાથે તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૦ની કહેવાતી નોટીસ ઓફ ચેઈન્જ રજુ કરવામાં આવેલ છે જે પરથી સામાવાળા બેંકનું કૃત્ય તે અગાઉ કરવા ધારેલો ફેરફાર ગેરકાયદેસરનું કૃત્ય છે. એમ કાયદામાં ન ઠરાવીને નીચલી કોર્ટે ગંભીર ભુલ કરેલી છે.

૧૧. જો ખરેખર સામાવાળા બેંકે કામચલાઉ ધોરણે એક વર્ષ માટે પ્રાયોરીટી ધોરણે તા. ૨૪મી માર્ચ ૧૯૯૦ના રોજ ઓફીસરોની નિમણુંક કરવાની ઠરાવેલ હોત તો પાંચ જ દિવસમાં તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૦ના રોજ નોટીશ ઓફ ચેઈન્જ આપવાની કોઈ જરૂરત સામાવાળા બેંક માટે ટુંક સમયમાં ઉભી થવા પામત જ નહીં. આંક-૧૬(૪) અને ૧૬(૫)માં જણાવ્યા

INDEX

મુજબની એક વર્ષની મુદત પુરી થયેથી તેવી કામચલાઉ ઉભી કરેલી વધારા ની જગ્યાઓ માટે તે સમયે વિસ્તૃત વિચારણા કરીને તેવી જગ્યાઓ કાયમી ધોરણે કેટલી સંખ્યામાં જરુરીયાત મુજબ કરવી અને કેટલી સંખ્યામાં તેમાં ઘટાડો કરી કમી કરવી પડે તેવો નિર્ણય લઈ શકાય એટલે જયારે એક વર્ષ પછી કાયમી નિમણુંકનો બેંક માટે સવાલ પેદા થતો હોય તો તે અગાઉ તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૦ની એક વર્ષ અગાઉથી નોટીસ ઓફ ચેઈન્જ બેંકે પ્રતિનિધિ યુનીયન બેંક કામદાર સંઘને આપવાનો સવાલ જ પેદા થતો નથી.

૧૨. નીચલી કોર્ટે અરજદારોની ઓફીસર તરીકે નિમણુંક ન થઈ ત્યારે જ અરજદારોને ખ્યાલ આવ્યો કે, તેમના મત અનુસાર સંસ્થાએ બી. આઈ. આર. એકટની જોગવાઈ અંગેનું તારણ કરેલ નથી તે સા માવાળાએ બી.આઈ.આર. એકટની જોગવાઈ અંગેનું પાલન કરેલ ન હોત તો તેમણે ગુજરાત મિત્રમાં જાહેરાત પ્રસિધ્ધ થઈ કે તરત જ અદાલત સમક્ષ આવવું જરૂરી હતું. આમ અરજદારોનો મનાઈ હુકમ મેળવી લેવા પાછળનો ઈરાદો શંકાસ્પદ જણાય આવે છે. યા સામાવાળી સંસ્થાઓને કામ કરતા રોકવાના છે. એવું જણાય આવે છે એવું નીચલી કોર્ટનું તારણ કાયદામાં ગંભીર ભુલ ભરેલું છે કેમ કે અરજદારોના સામાવાળી સંસ્થાનો સ્ટાફ કમીટીએ ઈન્ટરવ્યું લીધા બાદ તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૦ના રોજ આંક-૧૬(૫) માં જે ઠરાવ નિમણુંક અંગે કરેલ છે તેની કોઈ જાહેરાત સામાવાળી બેંકે કરેલ ન હતી તેમજ સામાવાળા બેંકની બોર્ડ ઓફ ડીરેકટર્સની મીટીંગમાં ૨૯મી માર્ચ ૧૯૯૦ના રોજ તેને બહાલી આપ્યા બાદ જ તેનો અમલ થઈ શકે તેમ હોવાથી તેથી અરજદારોની ઓફીસર તરીકેની નિમણુંક ન થઈ શકે તેવો અરજદારોને ખ્યાલ આવ્યો એવું નીચલી કોર્ટનું તારણ કાયદામાં ગંભીર ભુલ ભરેલું છે અને સામાવાળા બેંકે કરવા ધારેલા ગેરકાયદેસર ફેરફારના કૃત્યનો સામાવાળા બેંક અમલ કરી શકે તે માટે યેન કેન પ્રકારે મારી મચેડીને કાયદાને સમજયા વગર જ સામાવાળા બેંકને મદદરુપ થવાના ઈરાદેથી જ તેવા તારણ પર આવીને નીચલી કોર્ટે આંક-૨ની વચગાળાની મનાઈ અરજી તથા મનાઈ હુકમ રદ કરવાનો હુકમ કરીને કાયદામાં ગંભીર ભુલ કરી છે.

૧૩. નીચલી કોર્ટે જો માન્ય યુનિયનને નોટીસ ઓફ ચેઈન્જ મોકલેલ ન હોત તો માન્ય યુનિયને આ બાબતમાં અદાલત સમક્ષ યોગ્ય રજુઆત કરી હોત પરંતુ આ મનાઈ અરજીમાં અરજદારોએ બેંક કામદાર સંઘ, સુરત, કે જે માન્ય યુનિયન છે તેની જવાબદારી અરજદારોએ લેવાની જરૂરત નથી. તેવું જે તારણ કાઢ્યું છે તે કાયદામાં ગંભીર ભુલ ભરેલું છે અને અરજદારોના કાયદાકીય મૂળભૂત અધિકારોનો સરિયામ ઈન્કાર સમાન છે. તેમજ અરજદારની તરફેણમાં બેલેન્સ ઓફ કન્વીયન્સ નથી તેમ ઠરાવવાનું નીચલી કોર્ટે કાયદામાં ગંભીર ભુલ કરેલી છે.

૧૪. નીચલી કોર્ટે મનાઈ હુકમ ચાલુ રાખવામાં ન આવે તો અરજદારોને કોઈ નુકસાન થવાનું નથી તેવું ઠરાવવામાં પણ કાયદામાં ગંભીર ભુલ કરેલી. જો સામાવાળા નિમણુંકના હુકમ ન આપે અને મનાઈ હુકમ ચાલું રાખવામાં આવે તો હાલના તબકકે પાંચ ઓફીસરોની કામચલાઉ ૧ વર્ષ માટે નિમણુંક કરેલી હોવાથી સામાવાળાને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ જણાય છે તેવું ઠરાવવામાં નીચલી કોર્ટે ગંભીર ભૂલ કરેલી છે. તેમજ સામાવાળા

સંસ્થાની કાર્યદક્ષતા વહેવાર વિગેરે તથા પ્રતિષ્ઠાને મોટું નુકશાન થાય તેમજ કોઈપણ વ્યકિત યા કામદાર એક જવાબદાર નાણાંકીય સંસ્થાને બાનમાં બાનમાં રાખી શકે નહીં તેવું તારણ કાઢવામાં નીચલી કોર્ટે કાયદામાં ગંભીર ભુલ કરેલી છે.

૧૫. નીચલી કોર્ટે જાહેરાત પ્રસિદ્ધ થઇ તે સમયે જ અદાલત સમક્ષ અરજદારો આવ્યા હોત તો અને ઈન્ટરવ્યુ માટે અરજી કરી ન હોત તેમજ ઈન્ટરવ્યુ સમયે હાજર રહયા ન હોત અને તેથી આ તમામ પાછળ અરજદારોના બદઈરાદો જણાય આવે છે. તેવું નીચલી કોર્ટનું તારણ ન્યાયની પ્રસ્થાપિત સિધ્ધાંતો તથા બી.આઈ.આર. એકટની જોગવાઈઓનું અવળું અર્થઘટન કરી આપેલું હોવાથી તે કાયદામાં ગંભીર ભુલ ભરેલું છે.

૧૬. નીચલી કોર્ટે તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૦ના રોજ સંસ્થાએ જે પાંચ ઓફીસરોની નિમણુંક કરી છે તે નિમણુંક ફકત એક વર્ષ માટે જ કામચલાઉ ધોરણે કરવામાં આવેલ છે. એવું સ્વીકારી લઈ બી.આઈ.આર. એકટની કલમ ૪૨(૧) તથા શીડયુલ ૨(૨) મુજબ નોટીસ ઓફ ચેઈન્જ પ્રતિનિધિ ધરાવતા સંઘ કે સમાધાન અધિકારીને કે સરકારી મજૂર અધિકારીને આપવાની જરૂરીયાત રહેતી નથી તેવું ઠરાવવામાં કાયદા માં ગંભીર ભુલ કરેલી છે.

૧૭. નીચલી કોર્ટે અરજદારોની કોઇ પ્રાથમિક કેસ ન હોવાનો તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ અરજદારોની તરફેણમાં ન હોવાનું જે તારણ કાઢ્યું છે તે કાયદામાં ભુલ ભરેલું છે.

૧૮. નીચલી કોર્ટે સામાવાળા બેંકનું કૃત્ય ઈલલીગલ ચેઈન્જ યાને ગેરકાયદે ફેરફારનું કૃત્ય ગણાય તેમ ન ઠરાવીને ગંભીર ભુલ કરેલી છે.

૧૯. નીચલી કોર્ટે મુળ અરજી તથા વચગાળાની મનાઈ અરજી કરવા પાછળ અરજદારોનો બદઈરાદો છે એવું ઠરાવવામાં ગંભીર ભુલ કરેલી છે.

૨૦. નીચલી કોર્ટે સામાવાળાના કૃત્યને કાયદામાં ગેરકાયદે ફેરફારનું કૃત્ય છે કેમ કે તેમ કરતાં પહેલા સામાવાળા બેંકે બી.આઈ.આર. એકટની કલમ ૪૨(૧) તથા શીડયુલ ૨(૨) મુજબ પ્રતિનિધિ યુનિયને નોટીસ ઓફ ચેઈન્જ આપેલ ન હોવાથી ગેરકાયદે ફેરફારનું કૃત્ય બને છે તેમ ઠરાવવું જોઈતું હતું અને તેમ ઠરાવીને વચગાળાનો મનાઈ હુકમ કાયમ કરવો જોઈતો હતો.

૨૧. નીચલી કોર્ટનો આંક-૨નો મનાઈ અરજી અને વચગાળાનો મનાઈ હુકમ રદ કરતો હુકમ બીજી રીતે પણ ગેરકાયદેસર તેમજ બી.આઈ.આર. એકટની જોગવાઈ વિરૂધ્ધનો છે માટે તે રદ બાતલ કરવો જોઈએ.

૨૨. ઉપર જણાવેલા કારણો તથા રીવીઝન અરજીની સુનાવણી વખતે જે કારણો તથા રજુઆત કરવામાં આવે તેની વિચારણા કરી નીચલી કોર્ટના હુકમનો કાયદેસરતા તથા વ્યાજબીપણું તપાસી નીચે પ્રમાણે દાદ આપવા અરજ છે.

૧. મહેરબાન સુરતની બીજી લેબર કોર્ટે અરજી નં. ૭૨ સને ૧૯૯૦ ના કામે અરજદારોની--આંક--૨ ની અરજી નીચે તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૦ નો કામચલાઉ મનાઈ હુકમ તારીખ ૨૪મી મે, ૧૯૯૦ ના રોજ આંક--૧૯ ના હુકમથી રદ કર્યો છે તે આંક--૨ની અરજી ઉપરનો હુકમ રદ કરશોજી તથા સામાવાળા બેંક વિરૂધ્ધ નીચલી કોર્ટે તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૦ ના રોજ જે દરમ્યાન મનાઈ હુકમ સામાવાળા બેંકને આપ્યો છે તે રિસ્ટોર કરવા હુકમ ફરમાવશોજી.

૨. આ અરજીનો ખર્ચ સામાવાળા કનેથી અપાવો.

૩. આ અરજીની એકંદર હકીકતમાં બીજી જે કોઈ દાદ અપાવવી યોગ્ય લાગે તે અપાવો.

આ રીવીઝન અરજી સાથે અરજી નં. ૭૨ સને ૧૯૯૦ ના કામે અરજદારોએ કરેલ વચગાળાની મનાઈ અરજી આંક--૨ ની નકલ તથા તેની નીચે મે. સુરતના બીજી લેબર કોર્ટે તારીખ ૨૪મી મે, ૧૯૯૦ ના રોજ આંક--૧૯ થી કરેલ હુકમની લેબર કોર્ટ તરફથી મળેલ સહી સીકકાવાળી નકલ તથા તારીખ ૩૦મી મે, ૧૯૯૦ ના રોજ અરજદાર નં. ૧ એ નીચલી કોર્ટમાં આંક--૨ ઉપરનો વચગાળાનો મનાઈ હુકમ અરજદાર ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ સમક્ષ અપીલ રીવીઝન નોંધાવી જરૂરી હુકમ મેળવી શકે તે માટે ન્યાયને ખાતર આ ચાલુ રાખવા માટે આપેલ અરજી તથા તે ઉપર નીચલી કોર્ટે કરેલ હુકમની સહી સીકકાવાળી નકલ તથા આંક- ૪(૧) જે પરીપત્ર તથા ૪(૨) ની જાહેર ખબર તેમજ ૧૬(૪) તથા ૧૬(૫) તથા ૧૬(૬) ના ઠરાવોની સાદી ઝેરોક્ષ કોપીઓ આ સાથે સામેલ છે તેમજ તારીખ ૪થી મે, ૧૯૯૦ ના રોજ અરજદારના એડવોકેટની ન સ્વીકારેલ સીકનોટ પણ અસલ સામેલ છે.

આ રીવીઝન અરજી બી. આઈ. આર. એકટ ૧૯૪૬ ની કલમ--૮૫ હેઠળ કરવામાં આવી છે.

આ રીવીઝન અરજીમાં જયાં અને જયારે સુધારા વધારા યા ફેરફારો કરવાની જરુર જણાય તો ત્યાં અને ત્યારે તેમ કરવા દેવાની પરવાનગી અરજદારો નામદાર કોર્ટ કનેથી માંગી લે છે.

(૨) આંક-૧૦થી સામાવાળા બેંકે રીવીઝન અરજીના કામે તેમજ મનાઈ અરજી વિરૂધ્ધ જવાબ રજુ કરેલ છે. જે નીચે મુજબ છે.

અરજદારે જે મુખ્ય અરજી દાખલ કરી છે તે અને તેના ઉપરથી આ જે મનાઈ અરજી આપી છે તે બંને ખરી નથી અને કબુલ નથી આવી અરજીઓ કાયદેસરની નથી તેથી પણ તે રદ થવાને પાત્ર છે.

આવી અરજીઓ કરવાનો અરજદારને કાયદામાં કોઈ અધિકાર પ્રાપ્ત થતો નથી કે તેવી અરજીઓ કરવા માટે કોઈ કારણ ઉત્પન્ન થયું નથી તેમ છતાં અશુદ્ધ બુદ્ધિપુર્વક અરજદારોએ યેન કેન પ્રકારે તેમણે આ અગાઉ સુરતની લેબર કોર્ટમાં તેમની બઢતી માટે તેમજ બીજા કર્મચારીઓને સામાવાળાએ થોડાક સમયના કામકાજ માટે એલાઉન્સની રકમ આપવાની શરુઆત કરતાં અનુક્રમે નં. ૩૯ થી ૪૨/૮૭ અને અરજી નં. ૧૪૨ થી ૧૪૫/૮૮ કરીને સામાવાળાને ખોટી રીતે હેરાન કરવાનો પ્રયાસ-કરેલો છે તેમાં વધારો કરીને વધારાની હેરાનગતી કરવા માટે મેલાફાઈડ આ અરજી દ્વેષબુદ્ધી-પૂર્વકની કરી છે તે સંદર્ભમાં પણ આવી અરજી કાયદામાં ચાલી શકતી નથી અને તે રદ થવાને પાત્ર છે.

INDEX

આવી અરજીઓ સાંભળવાની નામદાર કોર્ટને કોઈ હકુમત નથી અને તેથી પણ આવી અરજીઓ રદ થવા પાત્ર છે. વળી મુખ્ય રીવીઝન અરજી અને મનાઈ અરજી એમ બંને અરજીઓની દાદ જોતાં સ્પષ્ટ થાય છે કે મનાઈ અરજીમાં માંગ્યા મુજબની દાદ આપવામાં આવે તો તેથી રીવીઝન અરજીની સર્વાંશ દાદ મળી જાય છે અને તેથી પણ મનાઈ અરજી ઈન્ટરીમ અરજી રહેતી નથી અને તે કારણે પણ માંગ્યા મુજબના મનાઈ અરજી કાયદામાં ટકી શકતી નથી અને તેવી મનાઈ અરજીના આધારે કોઈ મનાઈ હુકમ આપી શકાતો નથી. સબબ પણ મનાઈ અરજી રદ કરવાનો હુકમ થવો જરૂરી છે.

વિશેષત: જ્યારે તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૦ ના રોજ સામાવાળા બેંન્કના કર્મચારીઓનું પ્રતિ-નિધિત્ત્વ અને માન્યતા ધરાવતું યુનિયન, બેંક કામદાર સંઘ, આ કામે હાજર થયેલ હોઈ પણ અરજ-દારોને આ કામમાં કોઈપણ પ્રકારની અરજી કરવાનો કે રજુઆત કરવાનો હકક રહેતો નથી કે તેમને સાંભળવાને માટે પણ નામદાર કોર્ટને કાયદામાં કોઈ હકુમત રહેતી નથી. તેથી પણ તેઓની બંને,-અરજીઓ એળે પડે છે અને રદબાતલ થાય છે. તો તેમ હુકમ કરશોજી.

અરજદારોએ લેબર કોર્ટમાં જે અરજી નં. ૭૨/૯૦ દાખલ કરીને મનાઈ લીધેલી તેવી અરજીના સંદર્ભમાં પણ બી. આઈ. આર. એકટ ૧૯૪૬ ની કલમ--૭૯ ધ્યાનમાં લેતા અરજદારો આવી અરજીઓ કરવાનો અધિકાર ન હોઈ તેવી અરજી ઉપરથી ઉપસ્થિત થતી આ રીવીઝન તેમજ મનાઈ અરજી કાયદામાં ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે તેમજ તે રીતે પણ નામદાર કોર્ટ આ આ અરજીઓ સાંભળવાની હકુમત નથી તે કારણે પણ આ અરજીઆ રદ થવાને પાત્ર છે.

અરજદારોએ તેમની અરજીઓમાં જણાવ્યું છે કે તેવો કોઈ ગેરકાયદેસરનો ફેરફાર સામાવાળાએ કર્યો નથી અને જે કાંઈ નિમણુંક માટેની કાર્યવાહી કરી છે તેના સંદર્ભમાં પણ તેવી ઔદ્યોગિક બાબત બી. આઈ. આર. એકટ ૧૯૪૬ ના શીડ્યુલ નં. ૨ માં પડતી બાબત ન હોય અરજદારોએ અરજીઓમાં જણાવ્યા મુજબ પ્રતિનિધિત્ત્વ ધરાવતા અને માન્યતા ધરાવતા યુનિયન નામે બેંક કામદાર સંઘ,-સુરતને કોઈ નોટીશ ઓફ ચેઈન્જ આપવાની કાયદામાં સામાવાળાની ફરજ એટલા માટે નથી કે જે ઓફીસરોની નિમણુંકોની જીકર કરીને અરજદારોએ અરજીઓ કરી છે તેવા ઓફીસરો વિગેરે સ્ટાફના કર્મચારીઓની નિમણુંકો સામાવાળાએ અરજદારોએ તેમની અરજીઓમાં જણાવ્યું છે તે રીતે--સામાવાળા સંસ્થામાં નોકરીમાં કર્મચારીઓની કાયમી અગર અર્ધ -કાયમી વધારો કરવાના ઈરાદે કરી નથી પરંતુ માત્ર પ્રાયોગિક ધોરણે અને તે પણ કામચલાઉ એક વર્ષના સમય માટેની સદરહું નિમણુંક કરવામાં આવી હોય તેમજ તે રીતના જ તેમને નિમણુંકપત્ર આપવાનો ઠરાવ સામાવાળાએ તેની સ્ટાફ કમીટીની તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૦ની મીટીંગમાં કરેલ હોય અને તેવા ઠરાવને સામાવાળાની ની બોર્ડ ઓફ ડાયરેકટરની તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૦ ની મીટીંગમાં બહાલી આપવામાં આવેલી હોય અરજદારોએ અરજીઓમાં જણાવ્યાં મુજબની નોટીશ ઓફ ચેઈન્જ પણ આપવાની જરર ન હોય તેવી નોટીશ ઓફ ચેઈન્જ આપ્યા વિના અને તે અંગે પ્રતિનિધિત્ત્વ ધરાવતા યુનિયન સાથે કરાર કર્યા વિના સામાવાળા જ્યારે કર્મચારીઓની સંખ્યામાં કાયમી કે અર્ધ- કાયમી એવો કોઈપણ વધારો કરતા ન હોય તેમ કરવાનું સામાવાળા માટે કાયદામાં બાધક નથી કે ગેરકાયદેસર પણ નથી. વળી સામાવાળા જ્યારે તેમની બેન્કની હાલની પ્રગતિ સંદંભમાં તેના વિકાસ અર્થે પ્રાયોગિક ધોરણે કામચલાઉ રીતે તેમના સ્ટાફમાં જે વધારો કરી રહયા છે. તેમાં તેઓ તેમ કરીને રોજી રોટી

INDEX

છે તે છિનવાઈ જશે અને અન્ય બે બહારના બેકાર ભાઈઓને રોજી રોટી અપાઈ છે તે છીનવાઈ જશે જેથી અરજદારો જેઓ તેમની અણઆવડતને લીધે ઈન્ટરવ્યુ આપ્યા છતાં પસંદગી ન પામ્યા તેમને કોઈ લાભ થતો નથી અને નુકસાન જવાનો તો કોઈ સવાલ જ ઉપસ્થિત થતો નથી. મનાઈ હુકમ ઉઠી ગયો ત્યાં સુધી ખુબ તકલીફ વેઠીને જુના કર્મચારી-ઓને નવી શાખામાં ટ્રાન્સફર કરીને તેમજ મુખ્ય ઓફિસના મેનેજરશ્રી અશોક ભટ્ટે જાતે આ શાખામાં સેવા આપવી પડી છે અને હવે પછી પણ આવી મનાઈ અરજી મંજુર કરીને તેવો જ મનાઈહુકમ ચાલુ રહે તો આ નવી શાખાનો વહીવટ કાર્યક્ષમતાથી ચલાવી શકાય નહીં તેમજ બેંકના વધારાનાં કામકાજને પહોંચી વળવા જે ઓફીસર્સ કક્ષાનાં કર્મચારીઓની નિમણુંક કરી દેવામાં આવી છે તેમના વિના બેંકને ચલાવવુ પડે તો બેંકનું અગત્યનું ચેકીંગનું કામકાજ ન થઈ શકવાને કારણે બેંક સાથે ફ્રોડ થતા બેંકને હજારોનું લાખોનું નુકશાન વેઠવું પડે એમ છે અને તેમ થાય તો સામાવાળા બેંકની પ્રતિષ્ઠાને મોટો ધોકો પહોંચે અને તેના વિકાસની કુચ અટકી પડે જ્યારે અરજદારોને કોઈ લાભ થવાનો નથી કે અગવડ પડવાની નથી કે કોઈ નુકશાન ભોગવવાનું નથી.

(ક) માનો કે કોઈ નોટીસ ઓફ ચેઈન્જ આપવાની કાયદામાં જરૂરીયાત છે તો પણ તેમ ન કરવાથી અરજદારોના કોઈ હક્ક કે હિતને નુકસાન પહોંચતુ નથી. કોઈના કિંમતી હક્કને નુકશાન પહોંચતુ હોય તો તે તો પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતા યુનિયનનો હક્ક છે છતાં પણ ધ્વેશ બુધ્ધિથી અને વ્યકિતગત બદઈરાદાઓથી અરજદારોને તેમના મેરીટસના અભાવે ઓફીસર્સની જગ્યાએ બઢતી નથી મળી તેથી ધ્વેશબુધ્ધિથી પ્રેરાઈને અરજદારો અરજીઓ કરી મનાઈ હુકમ ચાલુ રાખવા માટે જે અરજી કરી છે તે રદ થવાને પાત્ર છે. આ છેલ્લા પ્રસંગે પણ અરજદારોને ઓફીસર્સની જગ્યાઓ માટે ઉમેદવારી કરતાં રોકયા નથી બલ્કે તેમને ઈન્ટરવ્યુમાં પણ બોલાવવામાં આવેલા તે હકીકત છે.

(ડ) આ ઉપરાંત પણ એક વર્ષની મુદત પુરી થયાના પ્રસંગે કેટલી કાયમી જગ્યાઓની જરૂરીયાત ઉભી થશે તો તે બાબતમાં અગાઉથી અગમચેતી રાખીને સામાવાળા એ પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયન નામે બેંક કામદાર સંઘને તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૦ ના રોજની નોટીસ ઓફ ચેઈન્જ પણ આપી છે જેથી આ બાબતમાં કોઈ સમાધાન ન થાય તો તે અંગેની રેફરન્સ ઔદ્યોગિક અદાલતમાં કાયદા મુજબ લાવી શકાય આ બાબતમાં નામદાર ઔદ્યો-ગિક અદાલતના વિધ્વાન ન્યાયાધિશ પણ એવો વચગાળાનો હકમ કરી શકે કે અગમચેતી રૂપે આપેલ નોટીસ ઓફ ચેઈન્જના આધારે સદરહ ઉપરોકત પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયને તાત્કાલિક કાયદા મુજબની કાર્યવાહી કરીને આ બાબતમાં રેફરન્સ કરાવીને નામદાર કોર્ટનો ચુકાદો મેળવી લેવો જેથી ઉભય પક્ષને સંતોષ થાય.

(ચ) વળી ભરતી કરવામાં આવી છે તે માત્ર પ્રાયોગિક ધોરણે અને કામચલાઉ એક વર્ષ માટે કરવામાં આવી છે તે અંગે જગ્યાઓનું પોષ્ટનું સ્ટાન્ડલાઈઝેશન થયું હોય તેવો કોઈ કરાર કે ચુકાદો પણ અસ્તિત્વમાં નથી અને તેથી તે રીતે પણ આ માત્ર ભરતીથી કોઈ કાયમી પ્રકારની પોષ્ટમાં વધારો થતો નથી જેને સ્થાપીત કાયદા યા તેના અર્થઘટનનો બાધ નડે.

ઉપરની તમામ હકીકતોના સંદર્ભમાં અરજદારોની અરજી ગેરકાયદેસરની, માલા ફાઈડ, ફ્રીવલસ અને વેકેશીયસ તેમજ તદ્દન અંગત વેર અને વૈમનસ્યને પોષણ અને સામાવાળાને

INDEX

મનાઈ અરજીના પેરા-૪ બાબત જણાવવાનું કે, અગાઉના પેરા-૭માં જણાવ્યા મુજબ મનાઈ હુકમ રદ થયાની જાણ થતાં સામાવાળા બેંકે આ પેરામાં જણાવ્યા મુજબના પાંચેય શખ્સોને કામચલાઉ નિમણુંક પત્રો આપી દીધા છે તે વાતનો ઈન્કાર નથી પરંતુ તેમ કરીને સામાવાળા બેંકે ગેરકાયદેસરનું કૃત્ય કર્યું છે એમ જણાવ્યું છે. તે ઉપરોક્ત જવાબના પેરા (૨) અને (૬)ના સંદર્ભમાં ખરું નથી અને કબુલ નથી અને તેવું ગેરકાયદેસરનું કૃત્ય કરતાં અટકાવવામાં ન આવે તો રીવીઝન અરજી નિરર્થક નિવડે એમ છે અને તેથી આ મનાઈ અરજી કરીને સામાવાળા બેંકને તેમ કરતા રોકવાની જરૂરીયાત ઉભી થઈ હોવાની તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વિગેરે અરજદારોના પક્ષમાં હોવા અંગેની અને માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ કરવામાં આવે તો તેથી સામાવાળા બેંકને કોઈ નુકશાન થાય તેમ નથી કારણ કે, સામાવાળાનું કૃત્ય તો પહેલેથી જ ગેરકાયદેસર ફેરફારનું કૃત્ય છે જે ચાલુ રાખવાનો સામાવાળા બેંકને કોઈ મુળભુત અધિકાર નથી તેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેમજ પ્રાયમાફેસી કેસ પણ અરજદારોની તરફેણમાં છે અને તેવી અને તેને વણી લઈને કરેલી અન્ય ઈબારતો ખરી નથી અને કબુલ નથી તે તમ.મ અરજદારોએ પુરવાર કરવી જોઈએ.

અરજદારોએ અરજી કરીને જે મનાઈ હુકમ માંગ્યો છે તેવો મનાઈ હુકમ નીચેના કારણોને ધ્યાનમાં લેતા કોઈપણ સંજોગોમાં મળવાપાત્ર ન હોઈ તેવી મનાઈ અરજી નામદાર કોર્ટ તાત્કાલિક રદ કરે તેવી સામાવાળા નામદાર કોર્ટને સવિનય પ્રાર્થના કરે છે.

(અ) સામાવાળાએ જે નિમણૂંકો માટે ઠરાવો કર્યા છે તેવી નિમણુંકોથી સામાવાળાની સંસ્થામાં કાયમી ધોરણે કર્મચારીઓની સંખ્યામાં કોઈ વધારો થતો જ ન હોઈ તેવી બાબત બી. આઈ.આર. એકટ ૧૯૪૬ના શીડયુલ (૨) ની આઈટેમ (૨)માં પડતી ઔદ્યોગિક બાબત ન હોઈ તે માટે કોઈ નોટીશ ઓફ ચેઈન્જ આપવાની જરુરીયાત ન હોઈ તેને ગેરકાયદેસરનો ફેરફાર ગણાવીને હજુ મનાઈ ખોટી રીતે ચાલુ રાખવાના બદઈરાદે આ મનાઈ અરજી કરવામાં આવી છે તે પેરા (૨) અને (૬) માં વિસ્તૃત રીતે આપેલી હકીકતો ધ્યાનમાં લેતા અરજદારોનો પ્રાયમાફેસી કેસ નથી.

(બ) બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને નાણાંથી નુકસાન ભરપાઈ ન થઈ શકે તેવી કોઈ ઈબારતો અરજદારોની સાચી અને ખરી નથી તેમ છતાં તે અંગે જણાવવાનું કે બેંકે તેમની ગોપીપુરા શાખાનું ઉદ્દઘાટન રામનવમીના શુભ દિવસે તારીખ ૩જી એપ્રિલ ૧૯૯૦ના રોજ કરી દીધેલું છે. સદરહુ શાખા માટે માન રખાઈ ગયેલ છે અને તેને કાર્યદક્ષતાથી ચલાવવા સ્ટાફની નિમણુંકો કરવી અત્યંત અનીવાર્ય છે. જેમ ન કરવા દેવાય અને હુકમ ચાલુ રહે તો તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૦ના ઠરાવ મુજબની નિમણુંકો જે કરી દેવામાં આવી છે તે રદ કરવી પડે અને બેંકની શાખાનું ઉદઘાટન કરી દીધા છતાં સ્ટાફની નિમણુંકના અભાવે કાર્યદક્ષ વહીવટ અને સંચાલન ન થઈ શકે અને પ્રથમ ગ્રાસે મક્ષીકા જેવું થાય અને સામાવાળા બેંકની પ્રતિષ્ઠાને મોટો ધબ્બો પડે અને ઝંખવાય તેનાથી સામાવાળા બેંકને નાણાંથી ભરાઈ ન થઈ શકે તેવું નુકશાન જાય એમ છે. જ્યારે તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૦ના ઠરાવ મુજબ નિમણુંકો કરીને સામાવાળાની નવી શાખાનું કામકાજ કરે અને મુખ્ય ઓફીસ વિગેરેનું કામકાજ કરે તો તેથી અરજદારને વ્યકિતગત કોઈ નુકશાન પહોંચતુ નથી. ઉલ્ટામાં આ નિમણુંકોથી તેમના બેંકમાંજ કામ કરતા સહ કર્મચારીઓને પસંદગીના ધોરણે બઢતી અપાઈ

INDEX

હેરાન કરવાના બદ ઈરાદે કરી હોઈ તેમજ પ્રાઈમાફેસી કેસ, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવા તમામ મુદ્દાઓ સામવાળાની તરફેણમાં હોઈ અરજીના પેરા (૫) થી જે દાદ માંગી છે તેવી કોઈ દાદ તેમને મળી શકતી ન હોઈ અરજદારની અરજી રદ થવી જરૂરી છે અને નામદાર કોર્ટ પાસે જે મનાઈહુકમ આ કામે માંગેલ છે તે અરજી પણ ખર્ચ સહિત રદ થવી જરૂરી છે. તેમ કરવા હુકમ કરશોજી.

આ કામમાં જેનો ઉલ્લેખ થયો છે તે અરજદારોની અરજીઓ પૈકી અરજી નં ૪૨/૮૭ અને ૧૪૭/૮૮ ની ઝેરોક્ષ તથા તા. ૨૯મી માર્ચ ૧૯૯૦ ના રોજ પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયનને સામાવાળા બેંક તરફથી અપાયેલ નોટીશ ઓફ ચેઈન્ઝની ઝેરોક્ષ જુદા લીસ્ટથી રજુ કરી છે.

આ જવાબમાં અરજદારોની અરજીઓની સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની કોઈ ઈબારતો ખરી નથી અને કબુલ નથી અને તેનો આથી સ્પષ્ટપણે અને પૃથક પૃથક રીતે ઈન્કાર કરવામાં આવે છે.

આ જવાબમાં જ્યા અને જ્યારે જે કાંઈ સુધારોવધારો કરવાની જરરીયાત ઉભી થાય ત્યાં અને ત્યારે તેમ કરવા દેવાની સામાવાળા આથી નામદાર કોર્ટની પરવાનગી માંગે છે.

(૩) તે પછી અરજદારો તરફે અરજદારોના એડવોકેટ શ્રી એન પી ભટ્ટને મે સાંભળ્યા છે અને બેંકના વિધ્વાન એડવોકેટ શ્રી વી. બી. માસ્તરને પણ સાંભળ્યા છે.

શ્રી એન. પી. ભટ્ટે મારી સમક્ષ રજુઆત કરી છે કે, આ રીવીઝન અરજી નં. ૧૦/૯૦ સુરતની ત્રીજી લેબર કોર્ટના વિધ્વાન ન્યાયાધિશ શ્રી ત્રિવેદી સાહેબે મુળ અરજી નં. ૭૨/૯૦ માં આંક--૨ ઉપર તારીખ ૨૪મી મે, ૧૯૯૦ નો આંક--૧૯ ની જે હુકમ કર્યો છે તે હુકમની સામે કરવામાં આવેલ છે. અરજદારો સામાવાળા બેંકમાં કામ કરતાં કારકુનો છે. સામાવાળા બેંક બેંકની શાખા ખોલવા માંગતી હોવાથી ઓફીસરોની સંખ્યામાં વધારો કરવા માંગતી હતી. આંક--૪/૧ થી સામાવાળા બેંકે તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦ નો સરક્યુલર બેંકની નોટીશ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તે પરીપત્ર મારફતે બેંકમાં કામ કરતાં કારકુન ભાઈઓ પાસેથી અરજી મંગાવવામાં આવી હતી. આંક--૪/૨ થી રજુ કરેલી તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૦ ની જાહેર ખબર જે ગુજરાત મિત્ર, સુરતમાં છપાયેલી છે તે જાહેરાત પ્રમાણે અધિકારી કક્ષામાં શાખા ઈન્ચાર્જ માટે અરજીઓ માંગવામાં આવે છે. શ્રી ભટ્ટે મારી સમક્ષ ભારપુર્વક દલીલો કરી છે કે, આંક--૪/૧ થી રજુ કરેલ સરક્યુલરમાં તેમજ આંક--૪/૨ થી રજુ કરેલ જાહેર ખબરમાં પ્રાયોગિક ધોરણે અને ટેમ્પરરી ધોરણે નિમણુંક કરવાનો વિચાર છે તેવો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. સામાવાળા બેંકને શાખા ખોલવાની હતી અને જ્યારે બેંકની શાખા ખોલવામાં આવે ત્યારે બેંકની શરુઆતમાં કારકુન, પટાવાળા, બેંક એજન્ટ, એકાઉન્ટન્ટ વિગેરે કર્મચારીઓ અને અધિકારીની નિમણુંક કાયમી ધોરણે જ કરવી પડે કારણ કે, અત્યારે બેંકની શાખા ખોલવામાં આવે અને દિવસે દિવસે બેંકના કામકાજમાં વધારો થવાની શકયતા છે અને બેંકની શાખા બંધ કરવી પડે તેવા સંજોગો ઉભા થવા સંભવ જ નથી. શ્રી ભટ્ટે ઘણીજ ભારપુર્વક મારી સમક્ષ રજુઆત કરી છે કે, મુળ અરજી નં. ૭૨/૯૦ માં અરજદારો તરફે આંક--૩ થી શ્રી ભટ્ટે પોતાનું વકીલાત નામું રજુ કરેલું છે પરંતુ નીચલી અદાલતમાં વિધ્વાન ન્યાયાધિશે શ્રી ભટ્ટ ને સાંભળવાની તેમજ રજુઆત કરવાની કુદરતી ન્યાયના સિધ્ધાંત પ્રમાણે કોઈ-

પણ તક આપેલી નથી. આ રીવીઝન અરજીમાં આંક--૪ થી શ્રી નારાયણપ્રસાદ ભટ્ટે એફીડેવીટ કરેલી છે.. શ્રી ભટ્ટે પોતાની એફીડેવીટમાં નીચે પ્રમાણેના વિધાનો કરેલા છે.

(૧) સુરતની ચોથી લેબર કોર્ટમાં મુળ અરજી નં. ૭૨/૯૦ દાખલ કરેલ હતી અને સુરતની ચોથી લેબર કોર્ટના વિધ્વાન જજ શ્રી એ. વી. જોષીપુરા સાહેબે વચગાળાના મનાઈ હુકમ આપેલ હતો અને તે પછી મુળ અરજી ત્રીજી લેબર કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. તે અરજીના કામે તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૯૦ ની મુદત હતી અને તે કામમાં તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૦ ના રોજ મુદત પડેલી. તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૦ ના રોજ અમો એડવોકેટ શ્રી એન. પી. ભટ્ટે સામાવાળાના એડવોકેટ શ્રી વી. બી. માસ્તરની હાજરીમાં ત્રીજી લેબર કોર્ટ, સુરત સમક્ષ જાહેર કરેલ " હું તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૦ ના રોજ મારી જમણી આંખનું મોતીયાનું ઓપરેશન કરાવનાર હોય તે પછીની તારીખમાં નામદાર કોર્ટમાં હાજર રહી શકાય નહીં. આ કામમાં તારીખ ૩૦મી-એપ્રિલ, ૧૯૯૦ ના રોજ મુદત પડેલી. સુરત લેબર કોર્ટ પ્રેકટીશનર્સ એસોસીએશને તારીખ-૩૦મી એપ્રિલ, ૧૯૯૦ થી તારીખ ૧૦મી જુન, ૧૯૯૦ સુધી વેકેશન પાડવાનું અને લેબર કોર્ટની કાર્યવાહીમાં હાજર ન રહેવાનું ઠરાવેલુ અને તે ઠરાવની જાણ સુરતની તમામ લેબર કોર્ટમાં કરેલ હોવાથી તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૦ ના રોજ તે કામમાં બાર એસોસીએશનના ઠરાવ અન્વયે મુદત એવી રોજનામામાં નોંધ કરી તારીખ ૪થી મે, ૧૯૯૦ ની મુદત રાખવામાં આવેલી. તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૦ ના રોજ મુદત માટે અરજદાર નં. ૧ જયંત બી. જાણસાળીને ઓપરેશન કરાવ્યા બાબત શીક નોટ લખી આપેલ પરંતુ તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૦ ના રોજ જરુર ન પડવાથી તેમણે તે કોર્ટમાં રજુ કરેલ નહીં. તારીખ ૪થી મે, ૧૯૯૦ ના રોજ તેમણે મારી શીક નોટ રજુ કરવા માડતા નામદાર બીજી લેબર કોર્ટે તે લીધેલ નહીં અને તેમણે જણાવેલ કે, શ્રી ભટ્ટ સાહેબનું ઓપરેશન કરાવેલ છે. તે નામદાર કોર્ટને જાણ છે અને તે કામમાં તે દિવસે સામાવાળા બેંક તરફે આંક-૧૮ થી લેખીત દલીલો રજુ કરેલ જેની નકલ અરજદાર નં. ૧ ને જેઓ કોર્ટમાં હાજર હતા તેમને સામાવાળાના એવોકેટ શ્રી વી. બી. માસ્તરે આપેલી અને નામદાર બીજી લેબર કોર્ટે તે કામમાં તારીખ ૧૫મી જુન, ૧૯૯૦ ની મુદત રાખવામાં આવે છે તેવી જાણ અરજદાર નં. ૧ ને કરેલી અને બાર એસોસીએશનના ઠરાવ અન્વયે મુદત તારીખ ૧૫મી જુન, ૧૯૯૦ એ પ્રમાણે નોંધ તે અરજીના કામમાં રોજનામામાં કરાયેલી તારીખ ૩૦મી મે, ૧૯૯૦ ના રોજ અરજદાર નં. ૧ ને સામાવાળા બેંકે નામદાર ઈન્ડસ્ટ્રીયલ કોર્ટમાં નોંધાવેલ કેવીયેટ અરજી અંગે રજિસ્ટર્ડ પત્ર મળવાથી તેઓ મને મળેલા અને તેમના સાથે હમો નામદાર લેબર કોર્ટમાં આવેલા અને અરજી નં. ૭૨/૯૦ ના કેસોનો રેકર્ડ તપાસેલો તે દિવસે રોજનામામાં તારીખ ૪થી મે, ૧૯૯૦ સામે આંક--૧૮ થી સામાવાળાની લેખીત દલીલ રજુ બાર એસોસીએશનના ઠરાવ અન્વયે મુદત તારીખ ૧૫મી જુન, ૧૯૯૦એ રીતની નોંધ રોજનામામાં હમો એડવોકેટે જાતે જોયેલી અને ત્યારબાદ તે કામમાં આંક--૨૦ થી કામ હાથ પર લેવાની અરજી આપેલી અને આંક--૨૧ થી વચગાળાનો મનાઈ હુકમ જે આંક--૨ ઉપર થયો અને તે લંબાવવા અરજી બીજી લેબર કોર્ટમાં આપેલ કેમ કે અરજદાર નામદાર બીજી લેબર કોર્ટે આંક--૨ ની મનાઈ અરજી તથા વચગાળાનો મનાઈ હુકમ જે સાંક--૧૯ ના હુકમથી તારીખ ૨૪મી મે, ૧૯૯૦ના રોજ ઉપર મુજબ રોજનામામાં નોંધ હોવા છતાં રદ કરાયેલી તે સામે નામદાર ઈન્ડસ્ટ્રીયલ કોર્ટમાં રીવીઝન નોંધાવવા માંગતા હતા ત્યારબાદ તારીખ ૧લી જુન, ૧૯૯૦ ના રોજ અરજદાર નં. ૧ એ અરજી નં. ૭૨ સને ૧૯૯૦ ના કામમાં રોજનામાની સહી સીકકાવાળી નકલ મેળવવા અરજી આપેલી અને તે નકલ તારીખ ૨જી જુન, ૧૯૯૦ ના રોજ આપવામાં આવેલી અને તે સહી સીકકાવાળી નકલ જોતાં નામદાર બીજી લેબર કોર્ટે અરજી નં. ૭૨ સને ૧૯૯૦ ના કામનું અસલ

રોજનામું બદલી નાંખી તારીખ ૪થી મે, ૧૯૯૦ ના રોજ અગાઉ રોજનામામાં જે નોંધ હતી તે બદલી નાંખીને આંક--૨ નીચે હુકમ પસાર કર્યો. પક્ષકારોને જાણ કરી. હવે પછીની મુળ અરજીના સુનાવણીની મુદત તારીખ ૨૩મી જુલાઈ, ૧૯૯૦ એવી નોંધ કરીને ગેરકાયદે અનઅધિકૃત ફેરફાર રોજનામામાં કરેલો છે અને આ કૃત્ય ખુબજ ગંભીર છે અને તે ન્યાયકીય અપ્રમાણીકતા છે.

શ્રી ભટ્ટે પોતાની એફીડેવીટમાં કરેલા વિધાનો અન્વયે ભારપુર્વક રજુઆત કરી છે કે, તારીખ ૪થી મે, ૧૯૯૦ ના રોજ તારીખ ૧૫મી જુન, ૧૯૯૦ ની મુદત આપવામાં આવી હતી અને તે પ્રમાણેનું રોજ નામું લખવામાં આવ્યું હતુ પરંતુ પાછળથી રોજનામામાં ફેરફાર કરવામાં આવેલ છે અને શ્રી ભટ્ટને આંક--૨ ની વચગાળાની અરજી અન્વયે કોઈપણ પ્રકારની રજુઆત કરવાની તક આપ્યા વિના બીજી લેબર કોર્ટના વિધ્વાન ન્યાયાધિશે આંક-૨ ની અરજી ઉપર તારીખ ૨૪મી મે, ૧૯૯૦ના રોજનો હુકમ કરેલ છે જે ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરુધ્ધનો છે. નીચલી અદાલતે અરજદારો તરફે આંક--૪/૧ થી રજુ કરેલ બેંકનો પરીપત્ર અને આંક--૪/૨ થી રજુ કરેલ બેંકના જાહેર ખબરમાં કોઈપણ જગાએ પ્રાયોગિક ધોરણે ટેમ્પરરી રીતે નિમણુંક કરવાની છે તેવું લખવામાં આવેલ નથી. તે અંગેની ચર્ચા કરેલી નથી. સામાવાળા બેંકે આંક--૧૧/૩ થી રજુ કરવામાં આવેલ નોટીશ ઓફ ચેઈન્જ તારીખ ૨૯મી માર્ચ, ૧૯૯૦ ના રોજ પ્રતિનિધિત્ત્વ હકક ધરાવતા યુનિયનને આપેલ છે પરંતુ તે નોટીશ અન્વયેનો ઝગડો સમાધાન કાર્યવાહીમાં દાખલ કરવામાં આવેલ નથી અને આગળની કાર્યવાહી કરવામાં આવેલી નથી અને તેથી તે નોટીશ ઓફ ચેઈન્જ હવે કાયદેસર ગણી શકાય નહીં અને તે નોટીશ ઓફ ચેઈન્જ રદબાતલ છે.

શ્રી ભટ્ટે એવી પણ રજુઆત કરી છે કે, નીચલી અદાલતે અરજદારને સાંભળ્યા જ નથી. કુદરતી ન્યાયના સિધ્ધાંતનો ભંગ કર્યો છે અને અમોને સાંભળવામાં આવે તે માટે આ રીવીઝન અરજી મંજુર રાખીને અસલ અરજી નં. ૭૨/૯૦ લેબર કોર્ટમાં પાછી મોકલવી જોઈએ. નીચલી લેબર કોર્ટે કાયદેસરની ફરજ બજાવી નથી. કાયદા વિરુધ્ધની કાર્યવાહી કરેલી છે.

(૪) આંક--૧૭ ની અરજી બેંકના એડવોકેટ શ્રી માસ્તરે મુળ અરજીમાં આપેલી છે. તે અરજી મારફતે મુળ અરજી તાત્કાલિક ચલાવવાની ખાસ જરુર છે અને તેથી આ કામ યોગ્ય કોર્ટમાં ચલાવવા માટે ન્યાયના હિતમાં હુકમ થવા હુકમ કરશોજી. અને તેથી તે અરજી મારફતે મુળ અરજી બીજી લેબર કોર્ટમાં તબદીલ કરવામાં આવી હતી. પરંતુ તે પછી ૨૪ એપ્રિલ, ૨૫ એપ્રિલ, ૩૦મી એપ્રિલ, અને ૪થી મે, ૧૯૯૦ની મુદત આપવામાં આવી હતી. નીચલી અદાલતના રોજનામા પ્રમાણે ઉપરોકત મુદતો સામાવાળા બેંક અને પ્રતિનિધિત્ત્વ હકક ધરાવતા યુનિયન સાથે વાટાઘાટો કરવા માટે અને સમાધાન કરવા માટે આપવામાં આવી છે તેવી નોંધ કરવામાં આવેલી નથી અને નીચલી અદાલતે તારીખ ૪થી મે, ૧૯૯૦ ના રોજ સામાવાળા બેંક તરફે બેંકના એડવોકેટે આંક--૧૮ થી લેખીત દલીલો રજુ કરી તે પછી આ કામ જરુરી હુકમ અર્થે મુકયું તેવું રોજનામું લખવામાં આવેલું છે અને તે પછી લેબર કોર્ટ નં. ૨ ના વિધ્વાન ન્યાયાધિશે આંક--૧૯ નો હુકમ-- તારીખ ૨૪મી મે, ૧૯૯૦ ના રોજ લખેલ છે.

(૫) શ્રી ભટ્ટે ઔદ્યોગિક અદાલતે કલમ--૮૫ મુજબ મળેલ સત્તાની રુએ લેબર કોર્ટની પધ્ધતિ અને કાર્ય પધ્ધતિનું નિયમન કરવા માટેના નિયમો નક્કી કરેલ છે તે નિયમો તરફે મારું ધ્યાન દોરીને નિયમ--૨૭ ટાંકીને મારી સમક્ષ રજુઆત કરી છે કે, કોર્ટે પોતાને યોગ્ય લાગે તેવા ક્રમમાં પક્ષકારને

INDEX

તેમનો કેસ રજુ કરવા બોલાવવા આમ નિયમ--૨૭ પ્રમાણે નીચલી અદાલતે સામાવાળાની લેખિત દલીલ તારીખ ૪થી મે, ૧૯૯૦ ના રોજ લીધી તે પછી અરજદારના એડવોકેટની દલીલ રજુ કરવા માટે તેમજ સાંભળવા માટે તક આપવી જોઈતી હતી. રોજનામાની ઝેરોક્ષ નકલ રીવીઝન અરજીમાં રજુ થયેલ છે તેના પાના નં. ૩ ઉપર તારીખ ૪થી મે, ૧૯૯૦ ના રોજ નીચે પ્રમાણેનું રોજનામું લખવામાં આવેલું છે. આંક--૧૮ સામાવાળાએ લેખિત દલીલો રજુ તેથી કામ જરુરી હુકમ અર્થે મુક્યું. લેખિત દલીલો આંક--૧૮ ની નકલ શ્રી વી. બી. માસ્તરે અરજદાર નં. ૧ શ્રી જયંત બી. જનશાળીને આપી હતી. આંક--૧૮ ઉપર દલીલોની નકલ મળ્યા બાબતની અરજદાર નં. ૧ ની સહી પણ કોર્ટ રુબરુ લીધી હતી. તે પછી નામદાર કોર્ટે અરજદાર નં. ૧ ને સામાવાળાની લેખિત દલીલો વિરુધ્ધ દલીલો રજુ કરવા માટે સમય આપવો જોઈતો હતો. નીચલી અદાલતે રોજનામામાં અરજદારોની દલીલો સાંભળી કે કેમ ? અને અરજદારોને દલીલો કરવા માટે કહેવામાં આવેલું કે કેમ ? તે બાબતે કોઈ ઉલ્લેખ કરેલો નથી. અરજદાર નં. ૧ શ્રી જનશાળીએ આંક--૩ નીચે એફીડેવીટ કરેલી છે. અને શ્રી જનશાળીએ એફીડેવીટ આંક--૩ ના પાન નં. ૫ ઉપર નીચે પ્રમાણેના વિધાનો કરેલા છે.

" તારીખ ૪થી મે, ૧૯૯૦ ના રોજ તે કેસના રોજનામામાં આંક--૧૮ થી સામાવાળાની લેખિત દલીલ રજુ અને બાર એસોસીએશનના ઠરાવ મુજબ તારીખ ૧૫મી જુન, ૧૯૯૦ એવી નોંધ કરેલી હોવા છતાં અમો અરજદારો તથા અમો અરજદારોના એડવોકેટ શ્રી એન. પી. ભટ્ટની પીઠ પાછળ તેમજ કેસની મુદત તારીખ ૧૫મી જુન, ૧૯૯૦ ની રાખેલ હોવા છતાં તથા આંક--૨ વચગાળાની મનાઈ અરજી બાબત અરજદારના એડવોકેટને સાંભળવાની કોઈપણ જાતની તક આપ્યા વગર--નામદાર બીજી કોર્ટે આંક--૧૯ થી આંક--૨ વચગાળાની મનાઈ અરજી રદ કરવામાં આવે છે અને મુળ અરજી હવે પછી તારીખ ૨૩મી જુલાઈ, ૧૯૯૦ ના રોજ આગળ ચાલશે." તેવો હુકમ જે કરેલો છે તે હુકમ અન્યાયી, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધનો છે. સ્થાયી હુકમમાં પ્રાયોગિક ધોરણે નિમણુંક આપવાની જોગવાઈ નથી. બેંકની શાખા ખોલવાની હોવાની બેંકના સ્ટાફમાં વધારો કરવાનો હતો તે હકીકત હોવા છતાં પણ બે કે પ્રાયોગિક ધોરણ અને કામચલાઉ શબ્દ વાપરીને કાયમી જગાનો વધારો કરવાનો હતો પરંતુ તે હકીકત ઉપર ઢાંક પીછેડો કરવાનો પ્રયત્ન કરેલો છે. શા માટે નિમણુંક કરવાની હતી ? તે પાછળનો હેતુ નીચલી અદાલતે જોવો જોઈતો હતો પરંતુ નીચલી અદાલતે ક્યાં હેતુ માટે વધારાની નિમણુંક કામચલાઉ ધોરણે કરવાની હતી તે અંગે પુરેપુરી વિચારણા કરેલી નથી.

આંક-૧૫ સાથે રજુ કરવામાં આવેલ નિમણુંક પત્ર તા. ૨૯મી મે ૧૯૯૦નાં નિમણુંક પત્ર-માં અજમાયશીનો સમય છેકી નાંખીને કામચલાઉ નિમણુંક તેવો ફેરફાર કરેલ છે. પરંતુ આ ફેરફાર કર્યા બાબતની બેંકના મેનેજર કે બીજા કોઈ અધિકારીએ સહી કરેલી નથી. તારવેલ નિર્ણય ઉપર આવવાનું કોઈ વ્યાજબી કારણ નથી. શ્રી ભટ્ટે પોતાની દલીલના સમર્થનમાં ઔદ્યોગિક અદાલતના વિધ્વાન પ્રમુખશ્રી એમ. યુ. શાહ સાહેબે રીવીઝન અરજી નં ૧૩/૭૭ થી ૧૮/૭૭ ના કામે પસાર કરવામાં આવેલો હુકમ રજુ કરેલ છે અને તે હુકમના પાન નં. ૮૮૦૯ ઉપર ઔદ્યોગિક અદાલતની પાસે સુપ્રિન્ટેન્ડસની જે સત્તાઓ આપવામાં આવેલી છે તે સત્તાઓ જોતાં જ્યારે નીચલી અદાલને કુદરતી ન્યાયના સિધ્ધાંતનો ભંગ કર્યો હોય તે સંજોગોમાં ઔદ્યોગિક અદાલત નીચલી અદાલતના હુકમમાં હસ્તક્ષેપ કરી શકે છે અને નીચલી અદાલતે [illegible] સિધ્ધાંતનો ભંગ કર્યો હોય તે સંજોગોમાં કરવામાં આવેલી રીવીઝન [illegible]

INDEX

ઔદ્યોગિક અદાલત મંજૂર રાખી શકૃ છે આમ શ્રી ભટે ભારપૂર્વક રજુઆત કરી છે કે નીચલી અદાલતે અરજદારોને તેમજ અરજદારોના એડવોકેટને સાંભળવાની કે રજુઆત કરવાની તક આપ્યા સિવાય અરજદારોને અંધારામાં રાખીને જે હુકમ કરેલો છે તે હુકમ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધનો હોવાથી આ રીવીઝન અરજી મંજૂર રાખવી જોઈએ અને અરજદારોને સાંભળવા માટે આ કામ નીચલી અદાલતમાં પાછુ મોકલવું જોઈએ અને તે સમય દરમ્યાન આંક-રની અરજી ઉપર નામદાર ચોથી લેબર કોર્ટે જે વચગાળાનો મનાઈ હકમ આપ્યો હતો તે વચગાળાનો મનાઈ હુકમ ચાલુ છે તેવી પરિસ્થિતિ પુન: નિર્માણ કરવી જોઈએ અને નીચલી અદાલતનો તારીખ ૨૪મી મે ૧૯૯૦નો આંક-૧૯નો હુકમ રદબાતલ કરવો જોઈએ.

(૬) સામાવાળા બેંકના વિધ્વાન એડવોકેટ શ્રી વી. બી. માસ્તરે મારી સમક્ષ નીચે પ્રમાણેની રજુઆત કરેલી છે.

આ રીવીઝન અરજી કાયદેસર રીતે ટકી શકે તેમ નથી. સામાવાળા બેંકે અરજદારોને પણ નોટીસ બોર્ડ ઉપર નોટીશ મુકીને ઉમેદવારી કરવાની તક આપી હતી અને તે અન્વયેના ઈન્ટર-વ્યુમાં પણ બોલાવ્યા હતા. આવી ૭૨/૯૦ જેવી અરજી કરવાનો અધિકાર એક માત્ર પ્રતિનિધિત્વ હક્ક ધરાવતા યુનિયનને છે અને પરોક્ષ રીતે જેને અસર થઈ હોય તેવા કર્મચારીઓને કાયદા હેઠળ હક્ક મળે છે. પરંતુ આ અરજીના અરજદારોને કેવી રીતે સીધી અસર થઈ છે તેવા પ્રકારના કોઈ વિદ્યાનો કે પ્લીડીંગ અરજદારે કરેલા નથી માટે મુળ અરજી કરવાનું કોઈ કારણ અરજદારો તરફે ઉપસ્થિત થયેલ નથી આથી અરજદારોને આવી અરજી કરવાનો અધિકર ન હતો. મુળ અરજી સાંભળવાની હકુમત નામદાર ઔદ્યોગિક અદાલતને નથી અને તે રદ કરવી જોઈએ તારીખ ૧૪મી જૂન ૧૯૯૦ના રોજ સામાવાળા બેંકના વિધ્વાન એડવોકેટશ્રી વી. બી. માસ્તરે જે એફીડેવીટ કરેલે છે તે એફીડેવીટના પેરા નં. ૨માં જણાવ્યા પ્રમાણે એણે સામવાળા સંસ્થા એ સંસ્થામાં કામકરતા કારકુનો. એવા ૧૦ જેટલા કર્મચારીઓને તેઓ અરજી ઉપરથી ઈન્ટરવ્યુ માં બોલાવેલ જે પૈકી ૩ કારકુન ભાઈઓને સીલેકશન કમીટીએ તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૦ની મીટીંગમાં પસંદ કરવાનો ઠરાવ નં. ૨ કરેલ છે. અને તેમાં તેમના અનુક્રમ નં. ૧ થી ૩ છે જયારે અનુક્રમ નં. ૪ થી ૫ વાળી ૨ વ્યકિત બહારથી ઉમેદવારી કરેલી અને પસંદ કરવામાં આવેલ તેના નામો છે. અરજી નં. ૭૨/૯૦ ના અરજદારોએ તારીખ ૨૬મી માર્ચ ૧૯૯૦ના રોજ કરેલી છે. જયારે સામાવાળા બેંકની બોર્ડ ઓફ ડાયરેક્શન તારીખ ૨૪મી ફેબ્રુઆરી ૧૯૯૦ની મીટીંગમાં ઠરાવ નં. ૫ થી બોર્ડ ઓફ ડાયરેક્શનની મીટીંગના ઠરાવમાં સ્પષ્ટપણે જણાવ્યા મુજબ આવી નિમણંક સ્ટાફ કમિટી માત્ર પ્રાયોગિક ધોરણે અને ૧ વર્ષ માટે ટેમ્પરરી તરીકે જ કરેલી અને તે મુજબ સ્ટાફ કમિટીની તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૦ની મીટીંગમાં કરવામાં આવેલ છે. ગુજરાત મિત્રમાં તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૧૯૯૦ ના રોજ જે જાહેર ખબર પ્રસિધ્ધ થઈ છે તેમાં કામચલાઉ ધોરણે અને પ્રાયોગિક ધોરણે નિમણુંક કરવામાં આવશે તેમ પ્રસિધ્ધ ન કર્યું હોય તેથી તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૦ની બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટીંગમાં જે ઠરાવ નં. ૫ થી અને સીલેકશન કમિટીએ પ્રાયોગિક ધોરણે અને ટેમ્પરરી ૧ વર્ષ માટે નિમણુંક કરવાનું ઠરાવવાનું આ બોર્ડ ઓફ ડાયરેકટર જેવી વહીવટી સમિતિને કોઈ હક્ક જ રહેતો નથી એમ જો અરજદારો કહેતા હોય તો તેઓ તદ્દન નાસમજ કહેવાય. જાહેર ખબર માં પ્રાયોગિક ધોરણે અને એક વર્ષની ટેમ્પરરી મુદત એવું પ્રસિધ્ધ ન થયું હોય તો પણ કાયમી ધોરણે નિમણૂંક કરવાનો બોર્ડ ઓફ ડાયરેકટરનો હક્ક અને અધિકાર છીનવાઈ

INDEX

જતો નથી તેવી જ રીતે પ્રાયોગિક ધોરણે અને ટેમ્પરરી ધોરણે નિમણુંક કરવાનો ઠરાવ નં. ૫ કરવાનો બોર્ડ ઓફ ડાયરેકટર્સનો હક્ક પણ છીનવાઈ જતો નથી અને તેમણે તેમ કર્યું હોય તેમાં સંસ્થાને બેંકની જરુરીયાત આ તબકકે અંદાજી શકાય તેમ ન હોય તેવું કરવાનું અનુચિત કે ગેરકાયદેસર નથી જ તેથી તેવી કામચલાઉ નિમણુંક પ્રાયોગિક ધોરણે કરવાનું કોઈપણ રીતે ગેરકાયદેસર ન હોય અને તે પણ લાગતા વળગતા તમામ અરજી કરનાર અરજદારો સહિતના ઉમેદવારોના ઈન્ટરવ્યુ લીધા બાદ જે પસંદગી કરવામાં આવી છે તે સર્વ રીતે ઉચીત અને ન્યાયી છે પરંતુ તેવી પસંદગી નો કળશ અરજદારો પૈકી કોઈના ઉપર ન ઉતારવામાં આવ્યો અને તેઓને પસંદ કરવામાં ન આવ્યા તેથી દ્વેશ બુધ્ધિથી આ અરજી કરવામાં આવી હોઇ બી.આઈ.આર. એકટની કલમ ૭૯(૧) ના સંદર્ભમાં મુળ અરજી નં. ૭૨/૯૦ ટકી શકતી ન હોય અને તે હકુમત વિનાની અને કોઝ ઓફ એકશન વિનાની હોઈ તેના આધારે મનાઈ હુકમ રદ કરવામાં આવ્યો હોય તો તેને પુન: સ્થાપિત કરવાની માંગણી કરતા આ કામની મનાઈ અરજીને કેટલી અને કેવા પ્રકારની દાદ આપવી તે ન્યાયી અને ઈકવીટી અને રીવીઝનલ જયુરીડીકશન વાળી ઔદ્યોગિક અદાલતે જયુડીશીઅલ રીતે જોવાનું છે અને તે રીતે જ નામદાર કોર્ટ ન્યાય આપશે તેવી સામાવાળાની બેંકને પુરેપુરી શ્રધ્ધા છે, શ્રી વી. બી. માસ્તરે એવી પણ રજુઆત કરી છે કે, અરજદારોએ કરેલ અરજી નં. ૭૨/૯૦માં જે રજુઆત કરી છે તે એ છે કે, સામાવાળા બેંકે ઓફિસર્સ ની નિમણુંક કરવાનું નક્કી કર્યું છે. તેથી બી.આઈ.આર. એકટની શીડયુલ -૨ની આઈટમ નં. ૨માં પડતી ઔદ્યોગિક બાબત હોઇ, નોટીશ ઓફ ચેઈન્જ આપ્યા વિના આવી નિમણુંક ન કરી શકાય અને કરે તો ઈનલીગલ ચેઈન્જ કહેવાય અને તેથી મનાઈ હુકમ મળવો જોઈએ. ઉપરોકત હકીકતને ધ્યાનમાં લેતા અરજી કાયદામાં ટકી શકતી ન હોવા છતાં સામાવાળા બેકે જે નિમણુંક કરી છે તે નિમણુંક ફકત પ્રાયોગિક ધોરણે અને ટેમ્પરરી એક વર્ષ માટે અને તે પણ એવા સ્પષ્ટ ઈરાદાથી એક વર્ષની મુદત પુરી થતા સુધીમાં ખરેખર કેટલી જગા (પોષ્ટ) ઉભી કરવાની જરુરીયાત રહેશે તે તે સમયે નક્કી કરી શકાય. આ બાબતમાં સામાવાળા બેંકે જે પ્રતિનિધિત્વ હક્ક ધરાવતા યુનિયનને તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૦ની નોટીશ ઓફ ચેઈન્જ આપી છે તે રીવીઝન અરજી નં. ૧૦/૯૦ ના કામની મનાઈ અરજીના જવાબ અને એફીડેવીટ સાથે સામાવાળા બેંકે રજુ કરી છે. જે વાંચતા પણ સામાવાળા બેંકની આ વાત નામદાર કોટને સ્પષ્ટ સમજાશે. વળી, આ નોટીશ ઓફ ચેઈન્જ અગમચેતી રુપે અપાઇ છે. અને તેમાં અરજદારોની અરજીમાં જે માત્ર ઓફીસર્સોની નિમણુંકનો ઉલ્લેખ નથી પરંતુ તેમાં ઓફીસર્સ ઈન ચાર્જની સંખ્યા-૧, ઓફીસર કક્ષાના કર્મચારીઓની સંખ્યા ૬ અને કારકુની કામ કરનાર કર્મચારીઓની સંખ્યા ૧૫નો ઉલ્લેખ છે. એટલે તેવી નોટીશ ઓફ ચેઈન્જ અરજી નં. ૭૨/૯૦ તારીખ ૨૬મી માર્ચ ૧૯૯૦ના રોજ કર્યા પછી તેજ બતાવે છે કે નિમણુંકો થઈ છે તેને માટે નોટીશ ઓફ ચેઈન્જ જરુરી છે તેવી અરજદારોની દલીલ કાયદામાં ટકી શકતી નથી. કારણ કે આવી નિમણુંકો માત્ર ટેમ્પરરી અને પ્રાયોગિક ધોરણે છે. તે ઉપરાંત બી.આઈ. આર. એકટના શીડયુલ નં. ૨ની આઈટમ નં. ૨માં જે કાયમી યા કાયમી જેવી સંખ્યાનો વધારો જણાવ્યું છે તે આઇટમ સંખ્યાના વધારા ઘટાડાને લાગુ પડતી નથી પરંતુ જો તેનાથી પોષ્ટમાં વધારો કરવામાં આવ્યો હોય તો જ યા પોષ્ટમાં ઘટાડો કરવામાં આવ્યો હોય તો જ આ શીડયુલમાં પડતી આઇટમ ગણાય. આ જે પોષ્ટ અને પરસન્સની ખુબ બારીક તફાવત જે અત્યંત કાયદાકીય બારીકી છે તે આ સાથે રજુ કરેલ કેસની ઝેરોક્ષ જેમાં ત્રીજી શીફ્ટ બંધ કરતાં પરસન્સનો ઘટાડો કરાયો તેને તેની તેવી બાબત શીડયુલ નં. ૨ની આઈટમ નં. ૧

INDEX

ડાં ન પડે તેવો જે ચુકાદો છે અને તેમાં બી.આઈ.આર. એકટની શાડયુલ નં. ૨ માટે અત્યંત જાણીતો એવો ચુકાદો ૧૯૫૯ ૨ લેબર લો જર્નલ પુસ્તક ૨ પાન નં. ૧ ઉપર છપાયેલ છે તેનો સંદર્ભ આપીને તેમાં ઓફ પોષ્ટ નથી તેથી શીડયુલ નં. ૨ની મેટર ન ગણાય તેવી સ્પષ્ટ સમજુતી અપાઈ છે. તેવો સુપ્રિમ કોર્ટનો ચુકાદો જે આ સાથે રજુ કરાયેલ ૧૯૭૨ લેબર એન્ડ ઈન્ડસ્ટ્રીયલ કેસીસ પાન ૧૭૧ની ઝેરોક્ષ નકલ આ સાથે નામદાર કોર્ટ માટે રજુ કરવામાં આવેલ છે તે ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે, પ્રાયોગીક ધોરણે ટેમ્પરરી એક વર્ષ માટે માણસોની સંખ્યામાં વધારો કરવાનો ઠરાવ કરેલ હોઈ અને તે મુજબ વધારો થયેલ હોઇ, કરેલ ફેરફાર ઈલીગલ ચેઈન્જ કોઈપણ સંજોગમાં ગણાતો નથી અને તેવી નિમણુંક કરવાનો સામાવાળાને સંપુર્ણ હક્ક અને અધિકાર છેજ. અને તેને માટે નોટીશ ઓફ ચેઈન્જ આપવાનો કોઈ પ્રશ્નજ ઉપસ્થિત થતો નથી. વળી, ટેમ્પરરી અને પ્રાયોગિક ધોરણે સંખ્યામાં વધારો કરવાનો હોય ત્યારે પણ તે બાબત શીડયુલ નં. ૨ની ઔદ્યોગિક બાબત ન કહેવાય તે માટે આ સાથે શ્રી અકુવાલાની પુસ્તિકામાં પાના નં. ૮૭-૮૮ ઉપર આપેલ ચુકાદો મનાભાઈ મોતીભાઈ વિરુધ્ધ ન્યુ. નેશનલ મિલ્સ કું. લી., અમદાવાદ બી.જી.જી. પાર્ટ-૧ એલ તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૫૮ પાનુ ૩૯૨૫ ૧૯૫૮ આઈ.સી.આર. બોમ્બે પાનુ ૧૧૬૫ ના કેસ તરફ નામદાર કોર્ટનું નમ્રપણે ધ્યાન દોરું છું. અને તેથી જ સામાવાળા બેંકે જે તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૦ ની નોટીશ ઓફ ચેઈન્જ આપવામાં આવી છે તેમાં વધારાની જગ્યાઓ ઉભી કરવા માંગીએ છીએ એમ છેલ્લી લાઈનમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે અને તે રીતે પણ કાયદાકીય રીતે મુખ્ય અરજી, મનાઈ અરજીઓ અને રીવીઝન અરજી ટકી શકતી ન હોઈ મનાઈ ચાલુ રાખવાનું ન્યાય અને ઈકવીટીમાં કોઈ રીતે ઉચિત અને ન્યાયી કે કાયદેસરનું તેમજ ઈકવીટેબલ ન ગણાય અને તેથી આ કામ કુદરતી ન્યાયના કહેવાતા સિધ્ધાંતની જે દલીલ અરજદારો તરફે કરવામાં આવી છે અને આ કામ પાછુ રીમાન્ડ કરવાની જે દલીલો અરજદારો તરફે કરવામાં આવી છે તેવી દલીલો પણ કાયદામાં ટકી શકતી નથી બલ્કે નિરર્થક છે. આ ઉપરાંત પણ પક્ષકારો વચ્ચે જેવી કે કાયમી જેવી કે અન્ય રીતે જગ્યાઓ કે સંખ્યા માટેનું સ્ટાન્ડેડાઈઝેશન કરતી કોઈ એગ્રીમેન્ટ કે ચુકાદો પણ નથી જેનો સામાવાળા બેંકે ભંગ કર્યો હોય અને તેથી સામાવાળા બેંકને આવી કોઈ સંખ્યામાં ટેમ્પરરી અને પ્રાયોગિક ધોરણે નિમણુંકો સંખ્યામાં કરતા અટકાવવાનો અરજદારોને કોઈ હક્ક કે અધિકાર મળતો નથી.

અરજી નં. ૭૨/૯૦ ના કામે પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન બેંક કામદાર સંઘ હાજર થયેલ છે જઓ રોજનામુ ૭૨/૯૦ તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૦ આંક-૧૧ અને આંક-૧૨ આમ જ્યારે પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન બી.આઈ.આર. એકટના પ્રોસીડીંગ્સમાં હાજર થાય કે તુરતજ ત્યારથી જ વ્યકિતગત કામદારોને કોઈપણ રજુઆત કરવાનો હક્ક રહેતો નથી અને તેમને બી. આઈ.આર. એકટના કોઇ પ્રોસીડીંગ્સમાં સાંભળી જ ન શકાય તેમનું લોકસ સ્ટેન્ડી રહેતું નથી. આ માટે આ સાથે સામાવાળા બેંક શ્રી સીતારામ બાપુ રાણે વિરુધ્ધ મ્યુનીસીપલ કોર્પોરેશન અને બીજા ૧૯૬૬ ૧ એલએલજે પાનુ ૫૮૮ થી ૫૯૦ ઉપર મુંબઈની વડી અદાલત નો પ્રસિધ્ધ થયેલ કેસની ઝેરોક્ષ રજુ કરે છે જે વાંચતા પણ અરજદારોને સાંભળી શકાતા ન હોઈ તેવો હુકમ કરવાનું ન્યાય અને ઈકવીટીમાં ઉચિત ગણાશે.

આ કામ અરજદારોએ કરેલી દલીલોનં માન્ય રાખી જો નામદાર કોર્ટ લેબર કોર્ટને કોઈપણ કારણસર રીમાન્ડ કરવાનો હુકમ કરે તો તેનાથી પણ ન્યાય અને ઈકવીટીમાં વિલંબીત કાર્યવાહી જ

INDEX

પરીણમશે. જે લેબર કોર્ટ તરફથી આ બાબતમાં પક્ષકારોના પ્લીડીંગ અને દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં લીધા બાદ અને તે ઉપર પુરેપુરુ મન વાપરીને મનાઈ અરજીનો હુકમ રદ થયો હોય તેવો હુકમ સ્વાભાવિક રીતે તેનો તેજ રહેતા ફરીથી પાછી રીવીઝન ઉભો થશે અને આમ મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સ ઉભા થશે અને સામાવાળા બેંક તરફથી તારીખ ૨૪મી મે ૧૯૯૦ નો મનાઈ હુકમ ઉઠી ગયા બાદ તારીખ ૨૯મી મે ૧૯૯૦ના રોજ જે નિમણુંકો પાંચેય પસંદ પામેલી વ્યકિતઓને અપાઈ ગયેલ છે જેમાં ત્રણ તો કામ કરતા સંસ્થાના કારકુન ભાઈઓજ છે તેમને અપાયેલ પગાર વધારો અને નિમણુંક રદ કરાય તો તેથી સ્પષ્ટ રીતે તેવી ઔદ્યોગિક બાબતથી ગેરકાયદેસરની નો ફેરફાર થાય જેમ નામદાર કોર્ટના હુકમથી કરવાનો આદેશ આડકતરી રીતે થાય તે પણ આપ નામદાર ઔદ્યોગિક અદાલતનું રીવીઝનલ જ્યુરીડીકશન જોતાં ન્યાયી અને ઈકવીટેબલ ગણાય નહીં તે તરફ નામદાર કોર્ટનું ધ્યાન દોરું છું.

(અ)આ કામે જે નામદાર લેબર કોર્ટના રેકોર્ડ સાથે અને અધિકૃત ફેરફાર કરવામાં આવ્યા અંગેની અને ન્યાયકીય અપ્રમાણિતકતા થયાની બાબતમાં અરજદારોના એડવોકેટ તરફ નામદાર કોર્ટ સમક્ષ જે દલીલો થઈ છે તેના જવાબમાં મારી દલીલો તરીકે મે તારીખ ૧૪મી જૂન, ૧૯૯૦ના રોજ જે એફીડેવીટ રજૂ કરી છે તેને ધ્યાનમાં લેવા નમ્ર અરજ કરું છું.

(બ) ઉપરોકત એફીડેવીટ સાથે રજુ થયેલ નિમણુક પત્રમાં જે ઓફીસર્સનો બેઝીક પગાર રૂા. ૯૦૦ થી શરૂ થયેલ બતાવ્યો હોઈ પ્રાઈમાફેસી રૂા. ૭૫૦ થી વધારે માસીક બેઝીક પગાર મેળવનાર સુપરવાઝરી સ્ટાફ બી. આઈ. આર. એકટની કર્મચારીની કલમ (૧૩)ર હેઠળના એમ્પ્લોઈઝ ગણાતા ન હોઈ પ્રાઈમાફેસી આવી અરજી કરવાનો અરજદારોને અધિકાર નથી તેથી પણ અરજી રદ થવાને પાત્ર છે.

(ક) પ્રાઈમાફેસી કેસ, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને નાણાંમાથી ભરપાઈ ન થઈ શકે તેવા નુકશાન બાબતમાં દલીલો નીચે મુજબ છે.

(અ) આ કામમાં એટલે કે, રીવીઝન અરજી નં.૧૦/૯૦ના કામે સામાવાળા બેંક તરફથી જે જવાબ અને એફીડેવીટ આંક-૧૦ થી રજુ થઈ છે તેમાં જે તમામ ઈબારતો કરવામાં આવી છે તે આ સમગ્ર દલીલોના સંદર્ભમાં ધ્યાનમાં લેવા સામા વાળા બેંક આથી નામદાર કોર્ટને અરજ કરે છે.

(બ) વળી વધારામાં અને ખાસ કરીને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ, પ્રાઈમાફેસી કેસ અને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવા નુકશાનના મુંદાઓ ઉપર ઉપરોકત અરજી નં. ૧૦/૯૦ના કામ જે જવાબ અને એફીડેવીટ આંક-૧૦ થી સામાવાળા બેંક તરફથી રજુ થઈ છે. તેના પેરા-૯ના પેટા-(અ), (બ), (ક) અને (ડ) અને (ચ)માં જે તમામ ઈબારતો સામાવાળા બેંક તરફથી રજુ થઈ છે તે તમામ ઈબારતોને આ મુદાઓ ઉપરથી લેખિત દલીલના ભાગરૂપ ગણીને તેને ધ્યાનમાં લેવા માટે સામાવાળા બેંકનામદાર કોર્ટને વિનમ્રપણે વિનંતી અને પ્રાર્થના કરે છે.

આમ હરકોઈ સંજોગોમાં સામાવાળા બેંક એ સ્પષ્ટ કરવા માંગે છે કે, અરજદારોની અરજી ગેરકાયદેસરની, માલાફાઈડ, ફ્રીવલસ અને વેકનશીયસ છે તેમજ તદ્દન અશુધ્ધ બુધ્ધીપર્વકની છે. ગેરકાયદેસરની શરૂઆતથીજ છે અને યેન કેન પ્રકારે કોઈપણ પ્રકારના અધિકાર વિના

INDEX

સામાવાળાને તેમના અંગત વેર અને વૈમનસ્યને પોષવા માટે કરેલી અરજી છે. જેમાં પ્રાઈમા-ફેસી કેસ, શુધ્ધબુધ્ધી, નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવા નુકશાનના મુદા તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ તમામ સામાવાળા બેંકના પક્ષમાં હોઈ અને ખાસ કરીને આવી કામચલાઉ નિમણુંકો માત્રથી (પોષ્ટમાં વધારો નથી) નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું કોઈ નુકશાન અરજદારોને થાય એમ નથી બલ્કે તેવું નુકશાન સામાવાળાને થાય એમ છે તે તમામ ધ્યાનમાં લઈ મનાઈ અરજી ખર્ચ સહિત રદ કરશોજી.

વળી, વધારામાં જણાવવાનું કે, અરજદારોના વિધ્વાન એડવોકેટ સામાવાળા બેંકને લાગુ પડતા મોડેલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સમાં ઓર્ડર નં. ૩માં આપેલ ટેમ્પરરી કર્મચારીની વ્યાખ્યા નામદાર કોર્ટ સમક્ષ વાંચીને તેનુ જે અર્થઘટન નામદાર કોર્ટ સમક્ષ કર્યુ છે. તે પણ ગેરરસ્તે દોરનારુ છે. અને ખરુ નથી. સદરહ ટેમ્પરરી એમ્પ્લોઈની સદરહુ સ્ટેન્ડીંગ ઓર્ડરમાં આપેલી વ્યાખ્યા નીચે મુજબ છે

''કામચલાઉ કર્મચારી એટલે કે જે કર્મચારીઓની નિમણુંક તદન ટુકા ગાળા માટે કરવામાં આવી હોય જેની નિમણુંક કામચલાઉ કામ માટેજ કરવામાં આવી હોય તેને કામચલાઉ કર્મચારી ગણાશે. કાયમી પ્રકારના કામમાં કામચલાઉ પ્રકારનો વધારો થયો હોય તે માટે કામચલાઉ ધોરણે નિમણુંક પામેલ કર્મચારીઓને પણ કામચલાઉ કર્મચારી ગણી શકાશે.

સામાવાળા સંસ્થા બેંક જે બોર્ડ ઓફ ડાયરેકટરની મિટીંગોમાં ઠરાવ નં. ૨ અને ૫ કરેલા અને જે આ કામે રજુ થયા છે તે વાંચતા સ્પષ્ટ થાય છે કે, બેંકની નવી શાખા ખોલતા અને બેંકનું કામકાજ વધતા એટલે કે, તેના ધોરાણે ડીપોઝીટો વધતા જે ટેમ્પરરી વધારો કાયમી પ્રકારના કામમાં થયો છે તે. તેજ મુજબ રહેશે કે નહીં ટકશે કે નહીં તેનો અંદાજ હાલના તબકકે ન લઈ શકાય તેને માટે તો પ્રાયોગિક ધોરણે ચકાસણી કરીનેજ તે ટકે તો કાયમી પોષ્ટો ઉભી કરી શકાય અને તેને ધ્યાનમાં લઈનેજ ટેમ્પરરી નિમણુંકો કરવાનું ઠરાવવામાં આવ્યું છે અને તેને અનુરૂપ અગમ-ચેતીના પગલા રૂપે પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયનને તારીખ ૨૯મી માર્ચ, ૧૯૯૦ના નોટીશ ઓફ ચેઈન્જ આપવામાં આવી છે જેથી વર્ષ પૂરૂ થતા સુધીમાં તે અંગેના ચોક્કસ અંદાજ મળી જતાં તેવી પરમેનેન્ટ પોષ્ટ ઉભી કરવા માટે કરાર દાદ યા અન્ય રીતે નામદાર કોર્ટનો ચૂકાદો મેળવી લેવાય આમ જે ટેમ્પરરી નિમણુંક કરાઈ છે તેમાં સામાવાળા બેક કશુંજ અયોગ્ય, અનુચિત કે ગેરકાયદાસરનું કે છાવરવા માટેનું કર્યું નથી. બલ્કે શુધ્ધબુધ્ધિપૂર્વક અને કાયદા મુજબનું બેંકનું કૃત્ય છે. વળી અગાઉના પેરાઓમાં જણાવ્યા મુજબ જયારે કોઈ સંસ્થામાં કાયમી જગ્યાઓ અંગેનો કોઈ કરાર કે ચૂકાદો ન હોઈ અને તે રીતે કાયમી જગ્યાઓનું સ્ટાન્ડેડાઈઝેશન ન થયું હોય ત્યારે શીડયુલ નં.૨ની આઈટમ નં.૧ અને ૨ લાગુ પાડી શકાય જ નહી તેવો ચૂકાદો કે અવોર્ડ કાયમી જગ્યાઓનો હોય તો તેમાં વધારો ધટાડો કરવો હોય ત્યારેજ આ શીડયુલની આઈટમ નં.૧ અને ૨ અમલમાં આવે છે અને તેથી જ આ દલીલોના પાના નં.૯ અને ૧૦ ઉપર ચર્ચા કર્યા મુજબ છગનલાલ ટેક્ષટાઈલના જાણીતા ચૂકાદાની ચર્ચા કરી છે તેમાં ત્રીજી શીફટ બંધ કરતા તેનાથી કોઈ પરમેનન્ટયા સેમી પરમેનન્ટ પોષ્ટમાં ધટાડો થયેલો ગણાશે નહીં બલ્કે રોકેલા કર્મચારીઓની સંખ્યા માં ધટાડો થયો હોઈ તેને શીડયુલ-૨ની આઈટમ-૧ લાગે નહીં એમ ઠરાવવામાં આવ્યુ છે. આજ સિધ્ધાંત આ કામે બરાબર લાગુ પડે છે તો તેને ધ્યાનમાં લેવામાં નમ્ર અરજ છે. વળી નોટીશ આફ ચેઈન્જ આપવાની જરૂરીયાત તો ત્યારેજ ઉભી થાય જયારે તેવા ફેરફારથી કામદારને વિપરીત અસર પહોંચતી હોય

INDEX

(૭) આ રીવીઝન અરજીમાં અરજદારોના વિધ્વાન એડવોકેટ શ્રી એન. પી. ભટ્ટે મારી સમક્ષ રજુઆત કરી છે કે, નીચેની અદાલતના વિધ્વાન ન્યાયાધિશે મુળ અરજી નં. ૭૨/૯૦માં અંક-૨ની અરજી નીચે હુકમ કરતા પહેલાં તેઓને સાંભળ્યા જ નથી તેમજ મનાઈ હુકમ કાયમ કરવા બાબતની અરજી અન્વયે કોઈ રજુઆત કરવાની તક આપવામાં આવેલી નથી. અરજી નં. ૭૨/૯૦ના રોજનામાં પ્રમાણે તે અરજીમાં તા. ૩૦મી માર્ચ, ૧૯૯૦ના રોજ સામાવાળા બેંકના એડવોકેટ આંક-૯ની અરજી રજુ કરીને જવાબ રજુ કરવા માટે મુદત માંગી હતી અને મુદત આપવામાં આવી હતી. તે પછી મુદત તા. ૧૨મી એપ્રિલ, ૧૯૯૦ની રાખવામાં આવી હતી. તે દિવસે સામાવાળા બેંક તરફે આંક-૧૫થી અરજદરોની અરજી તેમજ મનાઈ અરજીનો જવાબ રજુ કરવામાં આવ્યો હતો. તે પછી મુદત તા. ૨૪મી એપ્રિલ, ૧૯૯૦ની રાખવામાં આવી હતી પરંતુ તા ૨૪મી એપ્રિલ, ૧૯૯૦ પહેલાં તા. ૨૩ એપ્રિલ ૧૯૯૦ના રોજ સામાવાળા બેંકના વિધ્વાન એડવોકેટ શ્રી વિઠ્ઠલભાઈ માસ્તરે આંક-૧૭ની અરજી નીચલી અદાલત સમક્ષ રજુ કરી હતી અને આંક-૧૭ ની અરજીમાં જણાવ્યા પ્રમાણે તે કામ તાત્કાલિક ચલાવવાની ખાસ જરૂર હોવાથી આ કામ યોગ્ય કોર્ટમાં ચલાવવા માટે ન્યાયના હિતમાં હુકમ કરશોજી. અને તે અરજી ઉપર થયેલ હુકમ પ્રમાણે મુળ અરજી નં. ૭૨/૯૦ સુરતની બીજી લેબર કોર્ટમાં તબદીલ કરવામાં આવી હતી. તા. ૨૪મી એપ્રિલ, ૧૯૯૦ના રોજ બંને પક્ષકારોની વિનંતીથી મુદત તા. ૨૫મી એપ્રિલ, ૧૯૯૦ની રાખવામાં આવી હતી. ૨૫મી એપ્રિલ, ૧૯૯૦ના રોજ પક્ષકારોની વિનંતીથી મુદત તા. ૩૦મી એપ્રિલ, ૧૯૯૦ના રાખવામાં આવી હતી. તા. ૩૦મી એપ્રિલ, ૧૯૯૦ના રોજ બાર એસોસીએશનના ઠરાવ અન્વયે મુદત તા. ૪થી મે ૧૯૯૦ની આપવામાં આવી હતી. તા. ૪થી મે ૧૯૯૦ના રોજ સામાવાળા બેંકના વિધ્વાન એડવોકેટ શ્રી વિઠ્ઠલભાઈ માસ્તરે લેખીત દલીલ આંક-૧૮થી રજુ કરી હતી અને પછી તે કામ જરૂરી હુકમ અર્થે મુકવામાં આવ્યું હતું નીચલી અદાલતના રોજનામા પ્રમાણે અરજદારના એડવોકેટની રજુઆત સાંભળી એવા પ્રકારનું રોજનામુ લખવામાં આવેલું નથી. આ અરજીમાં તા. ૪થી મે, ૧૯૯૦ ના રોજ શું બન્યુ હતુ તે જાણવું ઘણું અગત્યનું છે. આ બાબતે સામાવાળા બેકના વિધ્વાન એડવોકેટ શ્રી વિઠ્ઠલભાઈ માસ્તરે પોતાની એફીડેવીટ આ રીવીઝન અરજીમાં આંક-૧૫થી રજુ કરેલ છે. આંક-૧૫ની અફીડેવીટમાં શ્રી વિઠ્ઠલભાઈ માસ્તરે નીચે પ્રમાણેના વિધાનં કરેલા છે.

"આ બાબતમાં તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૦ પછી સદરહુ શ્રી આશાભાઈ શંકરભાઈ પટેલના સરદાર નગર સોસાયટીના નિવાસસ્થાને ચેરમેન શ્રી બચકાનીવાલા, બેંકના મંત્રી અંબુભાઈ પટેલ અને બેંકના મેનેજરશ્રી અશોક ભટ્ટ તેમજ આ એફીડેવીટ કરનાર બેંકના શ્રી એડવેકેટ વી. બી. માસ્તર અને સદરહુ પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયનના ઓફીસ બેરર શ્રી નટુભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગોઠવવામાં આવેલી મીટીંગમાં બે કલાક રાહ જોવડાવ્યા બાદ પણ શ્રી નટુભાઈ પટેલ આવ્યા નહીં એટલે હવે સમાધાન માટે ખોટો વિલંબ જ કરાઇ રહયો છે એમ સ્પષ્ટ થતાં તારીખ ૪થી મે, ૧૯૯૦ના નામદાર લેબર કોર્ટની અપાયેલી મુદતે આ એફીડેવીટ કરનાર અને બેંકના મેનેજર શ્રી અશોક ભટ્ટ સુમારે ૧૨-૦૦ના અરસામાં કોર્ટમાં પહોંચ્યા અને જોયું તો કોર્ટની બ્રીફ ઉપર કારકુનભાઈએ તારીખ ૧૫મી જુન ૧૯૯૦ લખી નાંખેલી. એટલે મેં નામદાર જજ શ્રી ત્રિવેદી સાહેબને તેમની કેબીનમાં જઈને જણાવ્યું કે અમો પક્ષકારો વચ્ચે સમાધાન માટેના જે પ્રયાસો થયા તેમાં ઉપર જણાવ્યા મુજબની હકીકત બની છે અને મારે પક્ષકારોના એડવોકેટ સમક્ષ એ સ્પષ્ટ વાત થયેલી કે તારીખ ૪થી મે ૧૯૯૦ની તારીખ પહેલાં કોઈ સમાધાન નહીં થઈ શકશે તો આ કામની અરજન્સીને ધ્યાનમાં લઈને

INDEX

આ કામે જે લેખિત દલીલો તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૦ ની તૈયાર છે તે મારા તરફથી નામદાર કોર્ટમાં રજુ કરી દેવામાં આવશે. જે સામે જે કાંઈ લેખિત મૌખિક દલીલો અન્ય પક્ષકારોએ રજુ કરવી કે નહીં તે તેમનો પ્રશ્ન છે. આમ મનાઈ હુકમ જે હરકોઈ સંજોગોમાં કાયદેસરનો નહોતો તેમ છતાં તારીખ ૪થી મે ૧૯૯૦ ના રોજ સુધી તે અંગે કોઈ નિવેડો ન આવતાં અને બેંકનું કામકાજ ઓફીસર્સ એટલે કે સુપરવાઈઝરી સ્ટાફની નિમણૂંક વિના લાંબા ગાળા સુધી ચાલ્યા કરે અને નવી ખુલેલી ગોપીપુરાની શાખામાં પણ જુના કારકુનોથી ચલાવી લેવું પડે છે. અને હેડ ઓફીસના મેનેજર શ્રી અશોક ભટ્ટે ત્યાં તે નવી શાખામાં બેસવું પડે છે તે સંજોગોમાં સુપરવીઝનનું કામ ન થતાં જો કોઈ ભુલો થશે તો બેંકને માટે હજારો -લાખોનું નુકસાન ઉભું થશે તો તે કોઇ સંજોગોમાં ઈચ્છનીય નથી તેને ધ્યાનમાં લઈને મારી લેખિત દલીલો જે મેં તારીખ ૪થી મે ૧૯૯૦ના રોજ રજુ કરીને તેની કોપી અરજદાર નં. ૧ ને નામદાર કોર્ટના રુબરુ આપેલી તેને ધ્યાનમાં લઈને અને તેવી મારી દલીલો પણ અરજી નં. ૭૨/૯૦ ના કામે રજુ થયેલ પ્લીડીંગ એટલે કે જવાબ અને એફીડેવીટમાંના આધારે જ અને તેના સંદર્ભમાં કરેલ હોઈ પક્ષકારોના નામદાર કોર્ટ સમક્ષ રજુ થયેલ પ્લીડીંગ્સ ના આધારેજ અને રજુ થયેલ દસ્તાવેજોના આધારે પ્રાઈમાફેસી કેસ છે કેમ, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ કોની તરફેણમાં છે અને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન કોને થાય છે તે તપાસીને નામદાર કોર્ટે ચૂકાદો આપવાનો હોઈ, હવે વધુ વિલંબ ન થાય તે રીતે નામદાર કોર્ટે તેમને જે ન્યાયી લાગે તે હુકમ તાત્કાલિક કરવો. આવી અરજન્સીની રજુઆત તારીખ ૪થી મે ૧૯૯૦ ના રોજ કરવા છતાં નામદાર કોર્ટ તરફથી ૨૪મી મે ૧૯૯૦ના રોજ મનાઈ હુકમ રદ કરતો ચુકાદો અપાયો છે જેમાં કોર્ટના રેકર્ડ સાથે અનધિકૃત ફેરફાર કરવામાં આવ્યો છે. અને તેમ કરીને ન્યાયકીય અપ્રમાણિકતા આચરવામાં આવી છે એવું જે વિધાન એડવોકેટ શ્રી ભટ્ટ તરફથી કરવામાં આવેલ છે તે ખુબજ દુ:ખદ આઘાતજનક છે અને હર કોઈ સંજોગોમાં વ્યાજબી કે ઉચિત નથી. મારી ઉપર જણાવેલ રજુઆત બાદ અને હું કોર્ટમાં પહોંચીને તારીખ ૪થી મે ૧૯૯૦ના રોજ મારી દલીલો રજુ કરું અને રજુઆત કરું તે પહેલાં સુમારે ૧૨-૦૦ ના અરસામાં કારકુન તરફથી રોજનામુ લખાઈ ગયુ હોય અને તેમાં મારી રજુઆત કરાયા બાદ તેમાં ફેરફાર કરાયો હોય તો તેમાં અનધિકૃત ફેરફારનો સવાલ જ કયાં ઉપસ્થિત થાય છે. નામદાર કોર્ટ તરફથી ખરેખર કાંઈ છુપાવવાનો ઈરાદો હોત તો અરજી નં. ૭૨/૯૦ ની કોર્ટની બ્રીફ ઉપર જે તારીખ ૧૫મી જુન ૧૯૯૦ લખેલી તે છેકી નાંખી છે તે બ્રીફનું પાનું ન બદલી નાખત. પરંતુ નામદાર કોર્ટ તરફની કોઇ ન્યાયીક અપ્રમાણિકતા ન હોવા છતાં ખુબ જ ઉતાવળથી અને ઉંડો વિચાર કર્યા વિના માત્ર પૂર્વગ્રહથી પ્રેરાઈને અને તેમ કરવાથી કોઈની ઉગતી કારકીર્દીને ખોટી અસર પહોંચે તેમ વિચાર્યા વિના અત્યંત ગેરસમજથી જે એફીડેવીટ શ્રી ભટ્ટ સાહેબ તરફથી કરવામાં આવી છે તે ખૂબ જ દુ:ખદ અને આઘાતજનક હોઈ મારી આ એફીડેવીટની રજુઆત અને સ્પષ્ટતા પછી પણ ખુબ જ ઉંડાણથી વિચારીને અને સમજદારી કેળવીને શ્રી ભટ્ટ સાહેબ નામદાર લેબર કોર્ટના શ્રી ત્રિવેદી સાહેબ સમક્ષ દીલગીરી વ્યકત કરશે તો મારા મતે આ ખોટા પ્રકરણનો સાચો અને ઉચિત અંત ગણાશે એવી શુભ ભાવના સાથે અને મારા પક્ષે કોઈ હાર-જીતની ભાવના યા તેનો ડંખ રાખ્યા વિના અને પુર્વ-ગ્રહ વિનાની આ સત્ય અને ખરી એફીડેવીટ પ્રભુને માથે રાખીને મેં કરી છે."

ઉપર જણાવ્યા પ્રમાણે શ્રી વિઠ્ઠલભાઈ માસ્તરે તેમનો આંક-૧૫ની એફીડેવીટમાં ઉપર જણાવ્યા પ્રમાણેના જે વિધાનો અને ઈબારતો કરેલ છે તે ધ્યાનમાં લેતાં એટલું સ્પષ્ટ થાય છે કે

INDEX

નીચલી અદાલતમાં છેલ્લી મુદત તારાખ ૪થી મે ૧૯૯૦ની હતી અને તારીખ ૪થી મે ૧૯૯૦ના રોજ નીચલી અદાલતમાં શ્રી વિઠ્ઠલભાઈ માસ્તરે આંક-૧૮ થી લેખીત દલીલો રજુ કરી એટલે તારીખ ૪થી મે ૧૯૯૦ના રોજ જે રોજનામું લખવામાં આવેલું છે તે નીચે પ્રમાણે છે.

"આંક-૧૮ સામાવાળા - લેખિત દલીલ રજુ જેથી કામ જરુરી હુકમ અર્થે મુકયું." આ રોજનામામાં અરજદારોના એડવોકેટની લેખિત દલીલ અથવા મૌખિક રજુઆત બાબતે કોઈ પણ ઉલ્લેખ કરવામાં આવેલો નથી. નીચલી અદાલતના આખા રોજનામામાં પક્ષકારો વચ્ચે વાટાઘાટો ચાલતી હોવાથી મુદત આપવામાં આવે છે. તેવું લખવામાં આવેલ નથી. શ્રી વિઠ્ઠલ-ભાઈ માસ્તરે તેમની એફીડેવીટમાં જણાવ્યા પ્રમાણે ફકત પ્રતિનિધિત્વ હક્ક ધરાવતા યુનિયન બેંક કામદાર સંઘના હોદ્દેદારો શ્રી નટુભાઈ પટેલ સાથે વાટાઘાટો કરવા માટે મીટીંગ રાખેલી અને શ્રી નટુભાઈએ મીટીંગમાં બે કલાકની રાહ જોડાવ્યા પછી પણ હાજર રહયા નહીં એવા પ્રકારની જે હકીકત પોતાની એફીડેવીટમાં રજુ કરેલી છે તે હકીકતને અરજદારના એડવોકેટ શ્રી ભટ્ટ અને અરજદારો વિરુધ્ધ કેવી રીતે અને ક્યા હેતુથી ઉલ્લેખ કરવામાં આવેલો છે તે સમજાતુ નથી કારણ કે સામાવાલા બેંકના મેનેજમેન્ટે અરજદારો અને અરજદારોના એડવોકેટ સાથે કોઈપણ પ્રકારની સમાધાનની વાટાઘાટો કરી હોય તેવું જણાતું નથી. નીચલી અદાલતના રોજનામામાં પણ વાટાઘાટો માટે મુદત લેવામાં આવતી હોવાથી તારીખ ૪થી મે ૧૯૯૦ ની છેલ્લી મુદત આપવામાં આવે છે અને તે પછી બેંકના એડવોકેટ લેખિત દલીલ રજૂ કરે ત્યારે કામ હુકમ કરવા ઉપર મુકવાનું છે તેવી સમજતી થઈ હોય તેવું માલુમ પડતું નથી. અરજદારોના એડવોકેટશ્રી એન. પી. ભટ્ટ આ રીવીઝન અરજીમાં આંક-૪થી પોતાની એફીડેવીટ રજુ કરેલ છે. આંક-૪ની એફીડેવીટમાં શ્રી ભટ્ટે નીચે પ્રમાણેના વિધાનો કરેલા છે.

"હું અરજી નં. ૭૨/૯૦ ના કામમાં અરજદારોનો એડવોકેટ છું. શ્રી એ. વી. જોષીપુરા સાહેબની નિમણુંકની મુદત પુરી થયા બાદ મુળ અરજી નં. ૭૨/૯૦ બીજી લેબર કોર્ટમાં ટ્રાન્સફર થયેલી. તે અરજીના કામે તા. ૨૪મી એપ્રિલ ૧૯૯૦ની મુદત હતી અને તે કામમાં તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૦ના રોજ મુદત પડેલી. તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૦ના રોજ હમો એડવોકેટ શ્રી એન. પી. ભટ્ટે સામાવાળા બેંકના એડવોકેટ શ્રી વિઠ્ઠલભાઈ બી. માસ્તરની હાજરીમાં બીજી લેબર કોર્ટ, સુરત સમક્ષ જાહેર કરેલ કે, હું તા. ૨૭મી એપ્રિલ ૧૯૯૦ના રોજ મારી જમણી આંખનું મોતીયાનું ઓપરેશન કરાવનાર હોય તે પછીની તારીખમાં નામદાર કોટમાં હાજર રહી શકાય નહીં આ કામમાં તા. ૩૦મી એપ્રિલ ૧૯૯૦ ના રોજ મુદત પડેલી. સુરત લેબર કોર્ટ પ્રેકટીશનર્સ એસોસીએશને તા. ૩૦મી એપ્રિલ ૧૯૯૦ થી ૧૦મી જુન ૧૯૯૦ સુધી વેકેશન પાડવાનું અને લેબર કોર્ટની કાર્યવાહીમાં હાજર ન રહેવાનું ઠરાવેલુ અને તે ઠરાવની જાણ સુરતની તમામ લેબર કોર્ટમાં કરેલ હોવાથી તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૦ના રોજ તે કામમાં બાર એસોશીએશનના ઠરાવ અન્વયે મુદત એવી રોજનામાંમાં નોંધ કરી તારીખ ૪થી મે ૧૯૯૦ ની મુદત રાખવામાં આવેલી. તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૦ના રોજ મુદત માટે હમોને અરજદાર નં. ૧ જયંત બી. જાણસાળીને ઓપરેશન કરાવ્યા બાબત શીક નોટ લખી આપેલ પરતુ તારીખ ૩૦મી એપ્રિલ ૧૯૯૦નાં રોજ જરુર ન પડવાથી તેમણે તે કોર્ટમાં રજુ કરેલ નહીં. તારીખ ૪થી મે ૧૯૯૦ના રોજ તેમણે મારી શીક નોટ રજ કરવા માડતા નામદારે બીજી લેબર કોટે તે લીધેલ નહીં અને તેમ[illegible]

INDEX

કે, શ્રી ભટ્ટ સાહેબનું ઓપરેશન કરાવેલ છે. તે નામદાર કોર્ટને જાણ છેતે અને તે કામમાં તે દિવસે સામાવાળા બેંક તરફે આંક-૧૮ થી લેખિત દલીલો રજુ કરેલ જેની નકલ અરજદાર નં. ૧ ને જેઓ કોર્ટમાં હાજર હતાં તેમને સામાવાળાના એડવોકેટ શ્રી વી. બી. માસ્તરે આપેલી અને નામદાર બીજી લેબર કોર્ટ તે કામમાં તારીખ ૧૫મી જુન ૧૯૯૦ની મુદત રાખવામાં આવે જે છે તેવી જાણ અરજદાર નં. ૧ ને કરેલી અને બાર-એસોસીએશનના ઠરાવ અન્વયે મુદત તારીખ ૧૫મી જુન ૧૯૯૦ એ પ્રમાણે નોંધ તે અરજીના કામમાં રોજનામા માં કરાયેલી. તારીખ ૩૦મી મે ૧૯૯૦ના રોજ અરજદાર નં. ૧ ને સામાવાળા બે કે નામદાર ઈન્ડસ્ટ્રીયલ કોર્ટમાં નોંધાવેલ કેવીયેટ અરજી અંગે રજીસ્ટર્ડ પત્ર મળવાથી તેઓ મને મળેલા અને તેમની સાથે હમો નામદાર લેબર કોર્ટમાં આવેલા અને અરજી નં. ૭૨/૯૦ ના કેસનો રેકોર્ડ તપાસેલો તે દિવસે રોજનામામાં તારીખ ૪થી મે ૧૯૯૦ સામે આંક-૧૮ થી સામાવાળા ની લેખીત દલીલ રજ બાર એસોસીએશનના ઠરાવ અન્વયે મુદત તારીખ ૧૫મી જુન ૧૯૯૦ એ રીતની નોંધ રોજનામામાં હમો એડવોકેટે જાતે જોયલી અને ત્યારબાદ તે કામમાં આંક-૨૦ થી કામ હાથ પર લેવાની અરજી આપેલી અને આંક-૨૧ થી વચગાળાનો મનાઈ હુકમ જે આંક-૨ ઉપર થયો અને તે લંબાવવા અરજી બીજી લેબર કોટમાં આપેલ કેમ કે અરજદાર નામદાર બીજી લેબર કોર્ટ આંક-૨ની મનાઈ અરજી તથા વચગાળાનો મનાઈ હુકમ જે આંક-૧૯ના હુકમથી તારીખ ૨૪મી મે ૧૯૯૦ના રોજ ઉપર મુજબ રોજનામામાં નોંધ હોવા છતાં રદ કરાયેલી તે સાથે નામદાર ઈન્ડસ્ટીયલ કોટમાં રીવીઝન નોંધાવવા માંગતા હતા ત્યારબાદ તારીખ ૧લી જુન ૧૯૯૦ના રોજ અરજદાર નં. ૧ એ અરજી નં. ૭૨/૯૦ ના કામમાં રોજ-નામા ની સહી સીક્કાવાળી નકલ મેળવતી અરજી આપેલી અને તે નકલ તારીખ ૨જી જુન ૧૯૯૦ના રોજ આપવામાં આવેલી અને તે સહી સીક્કાવાળી નકલ જોતાં નામદાર બીજી લેબર કોટે અરજી નં. ૭૨/૯૦ ના કામનું અસલ રોજનામું બદલી નાંખી તારીખ ૪થી મે ૧૯૯૦ ના રોજ અગાઉ રોજનામામાં જે નોંધ હતી તે બદલી નાંખીને આંક-૨ નીચે હુકમ પસાર કર્યો. પક્ષકારોને જાણ કરી. હવે પછીની મુળ અરજીની સુનાવણીની મુદત તારીખ ૨૩મી જૂલાઈ ૧૯૯૦ અવી નોંધ કરીને ગેરકાયદે અનઅધિકૃત ફેરફાર રોજનામામાં કરેલો છે અને આ કૃત્ય ખુબ જ ગંભીર છે અને તે ન્યાયકીય અપ્રમાણીકતા છે.

(૮) ઉપર પ્રમાણેની શ્રી ભટ્ટની એફીડેવીટમાં કરવામાં આવેલ વિધાનો પ્રમાણે નીચલી કોર્ટના વિધ્વાન ન્યાયાધિશો અરજદારોના એડવોકેટોટને લેખિત દલીલ રજ કરવાની અથવા લેખીત રજઆત કરવાની કોઈ તક અપી હોય તેનું જણાતું નથી નીચલી અદાલતે પોતાના હુકમમાં અરજદારોના એડવોકેટ લેખત દલીલો રજ કરી નથી તેવું અવલોકન કર્યું છે તેવું અવલોકન કઈ હકીકતના આધારે કરવામાં આવેલ છે તે સમજાતું નથી કારણ કે છેલ્લી સુના-વણીની તારીખ ૪થી મે ૧૯૯૦ની હતી અને ૪થી મે ૧૯૯૦ના રોજ બેંકના એડવોકેટ શ્રી વિઠ્ઠલભાઈ માસ્તરે પોતાની લેખિત દલીલો આંક-૧૮ થી રજ કરી તે પછી નીચલી અદાલત ના રોજનામા પ્રમણે કામ હુકમ કરવા માટે મુકવામાં આવ્યું હતું. આમ રોજનામામાં લખેલી હકીકતો પ્રમાણે ૪થી મે ૧૯૯૦ પહેલાંની મુદત માટેના જે રોજનામ લખવામાં આવેલ છે તે રોજનામામાં વાટાઘાટો માટે મુદત આપવામાં આવે છે. તેવી કોઈ હકીકત લખેલી નથી શ્રી વિઠ્ઠલભાઈ માસ્તરે આંક-૧૮ની દલીલ અરજદાર નં. ૧ ને તારીખ ૪થી મે ૧૯૯૦ના રોજ આપેલી છે નીચલી અદાલતે પોતાના કામમાં પણ અરજદારોના પ્રતિનિધિ ને સાંભળ્યા છે કે કેમ [illegible]

INDEX

ઉલ્લેખ પોતાના હુકમમાં કર્યો નથી. અરજદારોના પ્રતિનિધિ એ લેખિત દલીલો રજુ કરવી
જોઈએ. તેવી જોગવાઈ કયા કાયદામાં કે કયા નિયમમાં કરવામાં આવી છે તેનો પણ ઉલ્લેખ
નથી. મનાઈ હુકમ ચાલુ રાખવા માટે અરજદારના પ્રતિનિધિએ શું રજુઆત કરી તેનો કોઈ
ઉલ્લેખ નીચલી અદાલતના હુકમમાં નથી. અરજદારોના એડવોકેટ શ્રી ભટ્ટે આંક-૪ અને
આંક-૨૦ના એફીડેવીટો રજુ કરીને મારી સમક્ષ ભારપુર્વક રજુઆત કરી છે કે નીચલી અદાલતે
શ્રી ભટ્ટને સાંભળવાની કે રજુઆત કરવાની કોઈ તક આપેલી નથી અને નીચલી અદાલતે
કુદરતી ન્યાયના સિધ્ધાંતનો ભંગ કરીને અરજદારોને અંધારામાં રાખીને જે હુકમ લખ્યો છે
તે. હુકમ તદ્દન ગેરવ્યાજબી, ગેરકાયદેસર અને રદ થવાને પાત્ર છે શ્રી ભટ્ટ રીવીઝન અરજી
નં ૧૩/૭૭ થી ૧૮/૭૭ માં તે વખતના ઔદ્યોગિક અદાલતના પ્રમુખશ્રી એમ.યુ. શાહ
સાહેબે ધી સારંગપુર કોટન મેન્યુફેકચરીંગ કું. લી. નં. ૨ અમદાવાદ વિરુધ્ધ ધી ટેક્ષટાઈલ
લેબર એસોસીએશન અમદાવાદના કેસમાં જે ચુકાદા આપ્યો છે અને તે ચુકાદો ગુજરાત
ગવર્નમેન્ટ ગેઝેટ ૮મી સપ્ટેમ્બર ૧૯૭૭ પાના નં. ૩૮૦૬ ઉપર છપાયેલ છે તે ચુકાદામાં
પાના નં. ૮૮૦૯ ઉપર કરેલા અવલોકન પ્રમાણે લેબર કોર્ટના હુકમમાં ઔદ્યોગિક અદાલત
નીચેના સંજોગોમાં હસ્તક્ષેપ કરી શકે.

(૧) જ્યારે નીચલી અદાલતે પોતાની હકુમતમાં વધારો કર્યો હોય અથવા ખોટી રીતે હકુમત
છે તેવું ધારી લઈને ચુકાદો આપ્યો હોય. (૨) હકુમતનો અમલ કરવામાં ભુલ કરી હોય, દેખીતી
રીતે જ હકીકતની ભુલ કરી હોય. (૩) કુદરતી ન્યાયના સિધ્ધાંતનો ભંગ કર્યો હેય. (૪)
પ્રોસીક્યુટરે જાણી જોઈને ફ્રોડ (Frod) કર્યો હોય. (૪) નીચલી અદાલતે આર્બીટરી હુકમ કર્યો હોય.
આમ ઔદ્યોગિક અદાલત કાયદાની કલમ ૮૫ પ્રમાણે લેબર કોર્ટ ઉપર સુપ્રિટેન્ડન્ટસની
સત્તા વાપરવાની જે જોગવાઈ કરવામાં આવેલી છે તે જોગવઈ પ્રમાણે નીચલી અદાલતે આ
કેસમાં અરજદારોના એડવોકેટને સાંભળવાની તક આપી નથી તેમજ રજુઆત કરવાની પણ
તક આપી નથી અને તે રીતે કુદરતી ન્યાયના સિધ્ધાંતનો ભંગ કર્યો છે. તેથી નીચલી અદાલતનો
ચુકાદો દેખિતી રીતે જ ખામી ભરેલો, ગેરકાયદેસરનો અને ગેરવ્યાજબી હોવાથી હું એવા
નિર્ણય ઉપર આવુ છું કે, નીચલી અદાલતનો આંક-૧૯ ઉપર કરેલો તારીખ ૨૪મી મે ૧૯૯૦નો
હુકમ રદ કરવો જોઈએ અને આ કામ નીચલી અદાલતમાં અરજદારોના એડવોકેટને સાંભ-
ળવાની તક આપ્યા પછી યોગ્ય હુકમ કરવામાં આવે તેવી સુચના સાથે પાછું મોકલવાનો નિર્ણય
કરુ છું. નીચલી અદાલતે જ્યારે બેંકની નવી શાખા ખોલવાની હોય તે સંજોગોમાં નવો સ્ટાફ
જેવો કે પટાવાળા, કારકુન, એકાઉન્ટન્ટ, કેશીયર, એજન્ટ વિગેરેના સ્ટાફની જરુર પડેજ. બેંકના
બોર્ડ ઓફ ડાયરેકટરે પ્રાયોગિક ધોરણે અને કામચલાઉ ધોરણે નિમણુંક કરવામાં આવે છે એવા
શબ્દ વાપરવા માત્રથી જ વધારાની નવી વ્યકિતને નિમણુંક આપી તે કાયમ પ્રકારની કે કાયમી
જેવી નથી તેવું અવલોકન નીચલી અદાલતે કાઢયું છે તેમ કરવામાં પુરેપુરો વિચાર કર્યો હોય.
તેવું લાગતું નથી. અરજદારોને અરજી કરવાની તક આપી અને ઈન્ટરવ્યુમાં હાજર રહેવાની તક
આપી પરંતુ અરજદારોને ગુણદોષ ઉપર પસંદ કરવમાં આવ્યા ન હતા અને તે પછી અરજદારોએ
આ અરજી કરેલ છે તેથી આ અરજી દ્વેશ બુધ્ધિથી અને બેંકને હેરન કરવા ખાતર જ
કરવામાં આવેલી છે વિગેરે પ્રમાણેના વિધાનો પણ વ્યાજબી લાગતા નથી કારણકે, અરજદારો
શરુઆતમાં અરજી કરી શકયા હોત પરંતુ ઈન્ટરવ્યુમાં હાજર થઈને જો પસંદગી પામી શકાતી
હોય તો બેંકની સામે અરજી ન કરવી પડે તેવા આશયથી પણ ઈન્ટરવ્યુમાં હાજર થયા

INDEX

કન્વીનીયન્સ નથી તેવા તે વિધાનો કરવામાં આવેલ છે તે વિધાનો પુરેપુરો વિચાર કર્યા પછી કરવામાં આવ્યો હોય તેવું લાગતું નથી, કારણકે, કાયદાની કલમ ૭૯(૪) પ્રમાણે સંસ્થાએ કરેલા ગેરકાયદેસર ફેરફારથી વ્યકિતગત-કામદારને પણ પરોક્ષ રીતે અસર થતી હોય તો વ્યકિતગત કામદાર પણ ગેરકાયદેસર ફેરફાર જાહેર કરવા માટે લેબર કોર્ટમાં અરજી કરી શકે છે. નીચલી અદાલતમાં પ્રતિનિધિત્વ હક્ક ધરાવતું યુનિયન બેંક કામદાર સંઘ પ્રતિનિધિત્વ યુનિયન તરીકે હાજર થયું જ નથી પરંતુ બેંક કામદાર સંઘે આંક-૧૧ની અરજીથી આ કામમાં અરજદાર તરીકે જોડવા માટે પરવાનગી આપવાની અરજી કરેલી છે. આંક-૧૧ની અરજી ઉપર નીચલી અદાલતે કોઈ હુકમ કર્યો નથી તે પછી પણ મૂળ અરજીના કામમાં બેંક કામદાર સંઘ પ્રતિનિધિત્વ હક્ક ધરાવતા યુનિયન તરીકે હાજર થયું નથી. તે ઉપરાંત નીચલી અદાલતે અરજદારોના એડવોકેટને સાંભળવાની તક આપી નથી અને કુદરતી ન્યાયના સિધ્ધાંતનો ભંગ કર્યો છે અને તે ગંભીર પ્રકારની ભુલ અને ખામી છે તેથી ઉપર જણાવ્યા પ્રમાણે હું એવા નિર્ણય ઉપર આવું છું કે, આ કામને નીચલી અદાલતમાં અરજદારોના એડવોકેટને સાંભળવાની તક આપીને યોગ્ય કાયદેસરનો હુકમ કરવા માટે પાછો મોકલવો જોઈએ તેવો નિર્ણય કરું છું.

(૯) સામાવાળા બેંકના એડવોકેટ શ્રી વિઠ્ઠલભાઈ માસ્તરે મારી સમક્ષ કાયદાની દલીલ કરી હતી કે, અરજદારોને પરોક્ષ રીતે અસર થતી હોય તેવા વિધાનો અરજદારોએ મુળ અરજીમાં કરેલા નથી તેથી મુળ અરજી કાયદેસર રીતે ટકી શકે તેમ નથી. આ કાયદાનો મુદ્દો બેંકના એડવોકેટ શ્રી માસ્તરે પ્રથમ વખતે જ આ રીવીઝન અરજીમાં કર્યો છે. આ મુદ્દો ફકત કાયદાનો મુદ્દો છે. કે આ મુદ્દો કાયદો તેમજ હકીકતો ઉપર આધાર રાખતો મિશ્ર મુદ્દો છે તે પણ નક્કી કરવાનું રહે છે બેંકે રીવીજન અરજી કરી નથી આથી બેંક આ મુદ્દો નીચલી અદાલત સમક્ષ ઉપસ્થિત કરી શકે છે. તેના જવાબમાં અરજદારોના એડવોકેટ શ્રી એન, પી. ભટ્ટે રીવીઝન અરજીમાં આંક-૨૨ થી સુધારા અરજી આપેલી છે અને તે સુધારા અરજી મંજુર રાખવી જોઈએ તેવી રજુઆત કરેલી છે. ઉપર જણાવ્યા પ્રમાણે જયારે હું મુળ અરજી નીચલી અદાલતમાં પાછો મોકલવાનો નિર્ણય કરું છું તે સંજોગોમાં આ સુધારા અરજી શ્રી ભટ્ટે નીચલી અદાલતમાં આપવી જોઈએ અને તેવા અવલોકન સાથે હું એવા નિર્ણય ઉપર આવું છે કે, આ સુધારા અરજી રીવીઝન અરજીમાં મંજુર રાખવી કે કેમ? તે બાબતે રીવીઝન અરજીમાં મારી સત્તા મર્યાદિત હોવાથી હું આ તબકકે કોઈ નિર્ણય કરતો નથી પરતુ અરજદારોના એડવોકેટે એવા પ્રકારની સુધારા અરજી નીચલી અદાલતમાં આપવી હોય તો આપી શકે છે.

(૧૦) શ્રી એન. પી. ભટ્ટે મારી સમક્ષ બહુ ભારપૂર્વક રજુઆત કરી છે કે, નીચલી અદાલતે રોજનામામાં ફેરફાર કર્યો છે અને નીચલી અદાલતે ન્યાયકીય અપ્રમાણિકતા વાપરી છે આમ શ્રી ભટ્ટે ઘણાં ગંભીર આક્ષેપો કરેલા છે તે બાબતે હું એવા નિર્ણય ઉપર આવું છું કે, શ્રી ભટ્ટે ઔદ્યાગિક અદાલતના પ્રમુખને લેખિત ફરીયાદ આપવી જોઈએ અને ઔદ્યાગિક અદાલતના પ્રમુખને યોગ્ય લાગે તો તે બાબતમાં યોગ્ય તપાસ કરાવી શકે છે. આક્ષેપો ઘણાં ગંભીર પ્રકારના હોવાથી તેમજ મુદત તારીખ ૧૫મી જુન ૧૯૯૦ લખ્યા પછી તેમાં સુધારો કરવામાં આવ્યો હોય તેવું દેખાય છે શ્રી વિઠ્ઠલભાઈ માસ્તરે શું રજુઆત કરી તે બાબતની કોઈ લેખિત અરજી નીચલી અદાલતે લીધી નથી નીચલી અદાલતે તા. ૪થી મે ૧૯૯૦ ના રોજ મુળ અરજી કયા સંજોગોમાં હુકમ માટે મુકી દીધી તેની પણ સ્પષ્ટતા થતી નથી શ્રી વિઠ્ઠલભાઈ

માસ્તરે પોતાની એફીડેવીટમાં આંક-૧૫માં જણાવ્યા પ્રમાણે નીચલી અદાલતના કારકુને શ્રી માસ્તર નીચલી અદાલતમાં તારીખ ૪થી મે ૧૯૯૦ના રોજ આશરે ૧૨-૦૦ ના સુમારે પહોંચ્યા તે પહેલાં નીચલી અદાલતના કારકુને રોજનામું લખી નાંખ્યું હતુ અને તેથી શ્રી માસ્તરે નીચલી અદાલતના ન્યાયાધિશ સમક્ષ રજુઆત કરી હતી. આમ શ્રી વિઠ્ઠલભાઈ માસ્તરની આંક-૧૫ની એફીડેવીટમાં તારીખ ૧૫મી જુન ૧૯૯૦ની કારકુને લખી નાંખી હતી તે બાબતની હકીકત નીચલી અદાલતના રોજનામામાં કોઈપણ જગાએ દેખાય આવતી નથી. નીચલી અદાલતે આખુ રોજનામું બદલી નાંખ્યું છે. તેવા શ્રી ભટ્ટના આક્ષેપો બાબતે યોગ્ય તપાસ થાય તેવું વ્યાજબી જણાય છે. કારણ કે, યોગ્ય તપાસ થયા પછી નીચલી અદાલતને કાર્ય પધ્ધતિ અંગે આદેશાત્મક હુકમ આપવાની જરુર જણાય તો નીચલી અદાલતની કાર્યવાહી સુધારવા માટે પણ યોગ્ય તપાસ કરવી જોઈએ તેવો મારો નમ્ર અભિપ્રાય છે, આ હુકમની એક નકલ પ્રમુખશ્રી, ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદનાને યોગ્ય કાર્યવાહી માટે મોકલી આપવાનો હુકમ કરું છું. ઉપર જણાવેલ અવલોકન અન્વયે હું નીચે પ્રમાણેનો હુકમ કરું છું.

હુકમ

આ રીવીઝન અરજી નં. ૧૦/૯૦ માન્ય રાખવામાં આવે છે. નીચલી અદાલતે અરજદારોના એડવોકેટને સાંભળ્યા વિના તારીખ ૨૪મી મે ૧૯૯૦નો આંક-૧૯ને હુકમ લખી નાંખ્યો છે અને તે રીતે કુદરતી ન્યાયના સિધ્ધાંતનો ભંગ કર્યો છે. અને તેથી નીચલી અદાલતનો ચુકાદો ખામી ભર્યો ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે તેવા નિર્ણય ઉપર આવીને નીચલી અદાલતનો ચુકાદો હું રદ બાતલ કરુ છું અને મુળ અરજી નં. ૭૨/૯૦ હું નીચલી અદાલતમાં પાછી મોકલું છું અને નીચલી અદાલતને સ્પષ્ટ સુચના આપું છું કે, અરજદારોના એડવોકેટને સાંભળ્યા પછી તેમજ રજુઆત કરવાની તક આપ્યા પછી તેમજ સુધારા અરજી કરવી હોય તો સુધારા અરજી કરવા દેવાની તક આપ્યા પછી પક્ષકારોને સાંભળ્યા પછી યોગ્ય અને કાયદેસરનો હુકમ કરવામાં આવે તેવી સુચના આપુ છું હુ અવો પણ નિર્ણય કરૂ છું કે, નીચલી અદાલતનો હુકમ રદ કરવામાં આવ્યો હોવાથી આંક-૨ની અરજી ઉપર વચગાળાની મનાઇ હુકમ જે આપવામાં આવ્યો હતો તે મનાઇ હુકમ ફરીથી પુનઃ જીવીત કરવામાં આવે છે અને નીચલી અદાલતે આંક-૨ની મનાઈ હુકમની અરજી ઉપર ચોથી લેબર કોર્ટના વિધ્વાન ન્યાયાધિશે કરેલ હુકમ કાયમ રાખવો કે કેમ? તે અંગેનો ચુકાદો પક્ષકારોને સાંભળ્યા પછી આપવો તેવો હુકમ કરું છું હું એવો પણ હુકમ કરું છું કે, શ્રી ભટ્ટે સુરતની બીજી મજૂર અદાલતના વિધ્વાન ન્યાયધિશશ્રી ત્રિવેદી સાહેબ સામે આક્ષેપો કરેલા હોવાથી મુળ અરજી બીજી મજુર અદાલતમાં ન મોકલતા સુરતની ચોથી મજુર અદાલતમા વિધ્વાન ન્યાયાધિશ શ્રી જોષીપુરા સાહેબ સમક્ષ મોકલવાનો હુકમ કરું છું આ હુકમની નકલ પક્ષકારોને મળે તે તારીખથી એક મહિનાની અંદર આ હુકમ અમલમાં આવવા નો છે. ખર્ચ બાબતે કોઇ હુકમ નથી.

પી. આર. પુર્સનાણી,
સુરત, તારીખ ૨૬મી જૂલાઈ ૧૯૯૦.

એ. બી. પટેલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

INDEX

REGISTERED No. G-BA-14-E

Ⓒ

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, JAN. 31, 1991 / MAGHA 11, 1912 [No. 5

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part IV-A, IV-B and IV-C,) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૧લી સપ્ટેમ્બર ૧૯૯૦

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક કેઅચઆર-૧૯૪/એજેએ-૧૪૮૯-એફઆર-૩૮૮-મ-૪.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર, ખંભાત નગર પાલિકા, ખંભાત અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની છે.

INDEX

તેથી હ વે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં), ની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ના ખંડ (ઘ) થી મળેલી સત્તાની રુએ, ગુજરત સરકાર, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૮૯ના સરકારી જાહેરનામાં ક્રમાંક કેએચઆર ક્રમાંક -૩૫૫-આઈડીએ-૧૦૮૯-૫૦૦૦-મ(૪), હેઠળ રચાયેલ શ્રી એચ. ડી. પંડયાની બનેલી ટ્રિબ્યુનલને સદરહું તકારાર તેનો ન્યાયનિર્ણય કરવા માટે લખી મોકલેલ છે.

પરિશિષ્ટ

૧. નીચે જણાવેલ મુજબની સેવાઓના સામે જણાવેલ બેઝીક પગાર આપવ઼ા કે કેમ ? જે કર્મચારી એકજ ગ્રેડમાં આઠ વર્ષમાં સળંગ નોકરી પૂરી કરી હોય તેમને કોલમ નં. (ચાર)૪માં જણાવ્યા મુજબ બેઝીક પગાર આપવા કે કેમ ?

અનુ. નંબર	જગ્યાનું નામ	સુધારેલ પગાર- ધોરણ	પ્રમોશન ગ્રેડ ૧લી ફેબ્રુઆરી ૧૯૮૬ના રોજ આઠ વર્ષ પૂરા કર્યા હોય તો
૧	૨	૩	૪
૧	ચીફ઼ ઓફીસર	૧. ૨૦૦૦—૬૦—૨૩૦૦—ઈ બી—૭૫—૩૧૦૦ —૧૦૦—૩૫૦૦+સી. એ. રૂા. ૨૦૦થી પી.એમ. ૨. બી. ઈ. સીવીલ, ૨૨૦૦—૭૫—૨૮૦૦—ઈબી—૧૦૦—૪૦૦૦ +સી. એ. રૂા. ૨૦૦ પી. એમ.	૨૨૦૦—૭૫—૨૮૦૦—ઈબી—૪૦૦૦+સીએ રૂા. ૨૦૦ પીએમ.
૨	સેક્રેટરી	૧૬૦૦—૬૦—૨૬૦૦—ઈબી—૭૫—૨૯૦૦	૨૦૦૦—૬૦—૨૩૦૦— ઈબી —૭૫—૩૨૦૦ ૧૦૦—૩૫૦૦.

INDEX

૩	ઈન્ટરનલ ઓડિટર	એજન	એજન
૪	ટેક્ષ સુપ્રિ.	૧૬૫૦—૫૦—૨૩૦૦—ઈબી—૬૦—૨૬૬૦	૧૬૦૦—૬૦—૨૩૦૦—ઈબી—૭૫—૨૯૦૦
૫	ચીફ સેનેટરી ઈન્સ્પેકટર,	એજન +સીએ રૂા. ૩૦ પી. એમ.	એજન સી.એ. રૂા. ૩૦ પી. એમ.
૬	શોપ એન્ડ એસ્ટાબ્લીશ-મેન્ટ ઈન્સ્પેકટર	એજન	એજન
૭	હેડ કલાર્ક	૧૪૦૦—૪૦—૧૬૦૦—૫૦—૨૩૦૦—ઈબી—૬૦—૨૬૦૦	૧૬૦૦—૫૦—૨૩૦૦—ઈબી—૬૦—૨૬૬૦
૮	એકાઉન્ટન્ટ	૧૪૦૦—૪૦—૧૮૦૦—ઈબી—૫૦—૨૩૦૦	૧૪૪૦—૪૦—૧૬૦૦—૪૦—૨૩૦૦—ઈબી——૬૦—૨૬૦૦
૯	ફાયર બ્રીગ્રેડ ફોરમેન	૧૩૨૦—૩૦—ઈબી—૪૦—૧૫૦૦—૧૫૬૦	૧૩૫૦—૩૦—૧૪૪૦—૪૦— ઈબી—૫૦ ૨૨૦૦
૧૦	મીકેનીકલ આસીસ્ટન્ટ ફોર વોટર વર્કસ	એજન +સીએ રૂા. ૩૦ પી. એમ.	એજન સીએ રૂા. ૩૦ પી. એમ
૧૧	ફુડ ઈન્સ્પેકટર	૧૩૫૦—૩૦—૧૪૪૦—૪૦—૧૮૦૦—ઈબી—૫૦—૨૨૦૦+ સીએ રૂા. ૩૦ પી. એમ.	૧૪૦૦—૪૦—૧૮૦૦—ઈબી—૫૦—૨૩૦૦+ સીએ રૂા. ૩૦ પી. એમ
૧૨	સર્વેયર	૧૪૦૦—૪૦—૧૬૦૦—૫૦—૨૩૦૦—ઈબી——૬૦—૨૬૦૦+સીએ રૂા ૩૦ પી. એમ.	૧૬૦૦—૫૦—૨૩૦૦—ઈબી—૨૬૬૦ સીએ રૂા. ૩૦ પી. એમ.
૧૩	એગ્રીકલ્ચર ઈન્સ્પેકટર	૧૩૫૦—૩૦—૧૪૪૦—૪૦—૧૮૦૦—ઈબી—૫૦—૨૨૦૦ સી. એ. રૂા. ૩૦ પી. એમ.	૧૦૦૦—૪૦—૧૮૦૦—ઈબી—૫૦—૨૩૦૦ સી. એ. રૂા. ૩૦ પી. એમ.
૧૪	લાઈબ્રેરીયન ,,	૧૩૫૦—૩૦—૧૪૪૦—૪૦—૧૮૦૦—ઈબી ૫૦—૨૨૦. ડી. સી. ઈ.	૧૪૦૦—૪૦—૧૮૦૦—ઈબી—૫૦—૨૩૦૦ ડી. સી. ઈ.

INDEX

૧	૨	૩	૪
૧૫	ઔવરસીયર	૧૪૦૦—૪૦—૧૮૦૦—ઈબી—૫૦—૨૩૦૦+ સીએ, રૂા ૩૦ બી. ઈ. સીવીલ.	૧૪૦૦—૪૦—૧૬૦૦—૫૦—૨૩૦૦—૬૦— સીએ રૂા. ૩૦
		૧૬૪૦—૬૦—૨૬૦૦—ઈબી—૭૫—૨૯૦૦+ સીએ રૂા. ૩૦	
૧૬	સબ-સેનેટરી ઈન્સ્પેકટર	૧૨૦૦—૩૦—૧૫૬૦—ઈબી—૪૦—૨૦૪૦+ સીએ રૂા. ૩૦ ડી. સી. એ.	૧૩૫૦—૩૦—૧૪૪૦—૪૦—૧૮૦૦—ઈબી— ૫૦—૨૨૦૦ સીએ. રૂ. ૩૦ યુ. પી.
૧૭	સીનીયર ડીમાન્ડ કક્ષાર્ક	૧૨૪૦—૩૦—૧૫૬૦—ઈબી—૪૦—૨૦૪૦	૧૩૫૦—૩૦—૧૪૪૦—૪૦—૧૮૦૦—ઈબી ૫૦—૨૨૦૦
૧૮	કમીટી કલાર્ક	એજન	એજન
૧૯	સ્ટોર કલાર્ક	એજન	એજન
૨૦	શીયર	એજન	એજન
૨૧	* શનરી કલાર્ક	એજન	એજન
૨૨	P. W. D. કલાર્ક ડે કમ.ટેક. આસીસ્ટન્ટ.	એજન +સીએ રૂા. ૩૦ પી. એમ.	એજન +સીએ ૩૦ પી. એમ.
૨૩	કલાર્ક, જુદા જુદા ખાતાના	૧૧૫૦—૨૫—૧૫૦૦	૧૨૦૦—૩૦—૧૫૬૦—ઈબી—૪૦—૨૦૪૦
૨૪	રેકર્ડ કલાર્ક	એજન	એજન
૨૫	કલાર્ક ફોર વીજીલન્સ એન્ડ પરમીટ ફી	એજન	એજન
૨૬	ઓકટ્રોય એકાઉન્ટ કલાર્ક	એજન	એજન
૨૭	ઓકટ્રોય સબ-ઈન્સ્પેકટર	એજન +સીએ—૨૫ પી એમ	એજન સીએ ૪૫ પી. એમ.
૨૮	ગાર્ડન સુપરીન્ટેન્ડન્ટ	એજન	એજન
૨૯	ઈન્સ્પેકટર સીનીયર	૯૫૦—૨૦—૧૬૫૦—ઈબી—૫૦—૧૫૦૦—૩૦	૧૨૦૦—૩૦—૧૪૪૦—ઈબી—૩૦—૧૮૦૦— સીએ ૩૦ રૂા. પી એમ.

૩૦	ઇન્સ્પેક્ટર જીમ્નાસ્	એજન	એજન
૩૧	કન્ટ્રક્શન ઈન્સ્પેક્ટર	એજન	એજન
૩૨	ધર્મશાળા કાલાર્ક	૯૫૦—૨૦—૧૨—૧૨૫૦—ઈબી—૧૫૦૦	૧૨૦૦—૩૦—૧૪૪૦—ઈબી—૩૦—૧૮૦૦
૩૩	ડ્રાઈવર વાઈન્ડરશી	એજન	એજન
૩૪	ઓપરેટર (સીનીયર)	એજન	એજન
૩૫	ડ્રાઈવર	૯૫૦—૨૦—૧૧૫૦—ઈબી—૨૫—૧૪૦૦	૯૫૦—૨૦—૧૧૫૦—ઈબી—૨૫—૧૫૦૦
૩૬	નાકા કલાર્ક-સિનિયર/ જુનિયર	૯૫૦—૨૦—૧૧૫૯-ઈબી-૨૫-૧૫૦૦	૧૨૦૦—૩૦—૧૪૪૦-ઈબી-૩૦—૧૮૦૦
૩૭	ઓપરેટર (જુનિયર) ...	૯૫૦—૨૦—૧૧૫૦-ઈબી—૨૫—૧૪૦૦	૯૫૦—૨૦—૧૧૫૦-ઈબી-૨૫—૧૫૦૦
૩૮	ફીટર	એજન	એજન
૩૯		૧૫/ ૯૫૦—૨૦—૧૧૫૦-ઈબી-૨૫—૧૪૦૦	૯૫૦—૨૦—૧૧૫૦-ઈબી-૨૫—૧૫૦૦
૪૦		એજન	એજન
૪૧	નાકા એટેન્ડેન્ટ ...	એજન	એજન
૪૨	પ્યુન/જમાદાર ...	૭૭૫—૧૨—૯૨૫-ઈબી-૧૪-૧૦૨૫	૮૦૧—૧૫—૧૦૧૦-ઈબી-૨૦—૧૧૫૦
૪૩	પ્યુન ...	૭૫૦—૧૨—૮૭૦ ઈબી-૧૪—૯૪૦	૭૭૫—૧૨—૯૫૫-ઈબી-૧૪—૧૦૨૫
૪૪	ટંડેલ ...	૭૭૫—૧૨—૯૫૫-ઈબી-૧૪—૧૦૨૫	૮૦૧—૧૫—૧૦૧૦-ઈબી-૨૦—૧૧૫૦
૪૫	કલીનર્સ ...	એજન	એજન
૪૬	પગી ...	૭૫૦—૧૨—૮૭૦-ઈબી-૧૪—૯૪૦	૭૨૫—૧૨—૯૫૦-ઈબી-૧૪—૧૦૨૫
૪૭	ડ્રાઈવર કચરાપટ્ટી ...	૭૭૫—૧૨—૯૫૫-ઈબી-૨૪—૧૦૨૫	૯૫૦—૧૪—૧૦૧૦-ઈબી-૨૦—૧૧૫૦
૪૮	કંપોઝ સુપરવાઈઝર ...	૯૫૦—૨૦—૧૧૫૦-ઈબી-૨૫—૧૪૦૦	૯૫૦—૨૦—૧૧૫૦-ઈબી-૨૫—૧૫૦૦
૪૯	સ્ટોર સુપરવાઈઝર ...	એજન	એજન
૫૦	પ. વ. ડી.	એજન	એજન
૫૧	વોચમેન ...	૭૫૦—૧૨—૮૭૦-ઈબી-૧૪—૯૪૦	૭૭૫—૧૨—૯૫૫-ઈબી-૧૪—૧૦૨૫
૫૨	ગાર્ડન માળી ...	એજન	એજન

૧	૨	૩	૪
૫૩		૭૫૦—૧૨—૮૭૦—ઈબી—૧૪—૯૪૦	૭૭૫—૧૨—૯૫૫—ઈબી—૧૪—૧૦૨૫
૫૪	એડ ટ્રેઝ કેટટેઈલર ...	એજન	એજન
૫૫		એજન	એજન
૫૬	ટેલર્સ (સ્ત્રી) ...	એજન	એજન
૫૭	વોર્શીંગ ...	રૂા ૧૫૦ ઉચ્ચક	
		મ્યુનિસિપાલીટી એમ. એલ મેટરનીટી હોમ સ્ટાફ	
૫૮	લેડી મેડીકલ ઓફીસર ...	એમ.બી.બી.એસ. ૨૫૦૦—૭૫—૩૧૦૦-ઈબી-૧૦૦—૪૨૦૦ એમ.ડી. ડી. જી. ઓ. ૩૦૦૦—૧૦૦—૩૫૦૦—૧૨૫—૪૫૦૦ નોન પ્રેક એલા- ઉન્સ પાર્ટલી ક્લાર્ક્સ	
૫૯	સીનીઅર મેડીકલ ઓફીસર	એમ બી બી એસ : ૨૨૦૦—૭૫—૨૮૦૦-ઈબી-૧૦૦—૪૦૦૦ રૂા ૪૦૦ નોન પ્રેકટીકલ પાર્ટલી	
૬૦	મેટ્રન ...	૧૪૦૦—૪૦—૧૮૦૦-ઈબી-૫૦—૨૩૧૦ ફ્રી ક્વાર્ટર્સ	
૬૧	નર્સ બી એ એમ એ ...	૧૩૨૦—૩૦—૧૫૬૦-ઈબી-૪૦—૨૦૪૦ કવાર્ટર્સ અથવા ઘરભાડ	
૬૨	ઓકઝીલરી નર્સ ...	૧૧૫૦—૨૫—૧૫૦૦	
૬૩	લેબોરેટરી ટેકનિશિયન ...	એજન	૧૨૦૦—૩૦—૧૪૪૦—ઈબી-૩૦—૧૮૦૦

INDEX

[illegible]	[illegible]	...	૧૩૫૦—૩૦—૧૪૪૦—૪૦—૧૮૦૦-ઇબી-૫૦—૨૨૦૦	૧૪૦૦—૪૦—૧૮૦૦-ઈબી-૫૦—૨૩૦૦
૬૫	સીનિયર ક્લાર્ક	...	એજન	એજન
૬૬	ક્લાર્ક કમ સ્ટોરકીપર		૧૨૦૦—૩૦—૧૪૪૦—ઈબી—૩૦—૧૮૦૦	૧૩૫૦—૩૦—૧૪૦૦—૪૦—૧૮૦૦—ઈબી—૫૦—૨૦૪૦
૬૭	કમ્પાઉન્ડર		૧૧૫૦—૨૫—૧૫૦૦	૧૨૦૦—૩૦—૧૫૬૦—ઈબી-૪૦—૨૦૪૦
૬૮	લેબો. આસી.		૭૭૫—૧૨—૯૫૦—ઈબી—૧૪—૧૦૨૫	૮૦૦—૧૫—૧૦૧૦—ઈબી—૨૦—૧૧૫૦
૬૯	આયા		૭૫૦—૧૨—૮૭૦—ઈબી—૨૪—૯૪૦	૭૭૫—૧૨—૯૫૫—ઈબી—૨૪—૧૦૨૫
૭૦	પ્યુન		૭૫૦—૧૨—૮૭૦—ઈબી—૧૪—૯૪૦	૭૭૫—૧૨—૯૫૦—ઈબી—૧૪—૧૦૨૫
૭૧	વોચમેન		એજન	એજન
૭૨	સ્વીપર ફિમેલ સ્રી દવાખાના		એજન	એજન
૭૩	બાલ મન્દિર સ્ટાફ		૯૫૦—૨૦—૧૧૫૦—ઈબી—૨૫—૧૪૦૦ (૫૦ બાળકોએ એક શિક્ષિકા બેન)	૧૧૫૦—૨૫—૧૫૦૦
૭૪	તેડાગર		રૂા ૫૦૦ ઉચ્ચક પાર્ટ ટાઈમ (૫૦ બાળકોએ એક તેડાગર બેન)	—
૭૫	બાલમંદિર લેડી કામ વાળી બેન		ગ્રેડ એ રૂા. ૧૫૦ ઉચ્ચક પાર્ટ ટાઈમ ગ્રેડ બી રૂા. ૧૦૦ ઉચ્ચક પાર્ટ ટાઈમ	— —

INDEX

૧	૨	૩	૪
		અબ ન કૌલેરિયા સ્કીમ સ્ટાફ	
૭૬	બાયોલોજીસ્ટ	૨૦૦૦—૬૦—૨૩૦૦—ઈબી—૭૫—3૨૦૦—૧૦૦—૩૫૦૦	૨૨૦૦—૭૫—૨૮૦૦—ઈબી—૧૦૦—૪૦૦૦
૭૭	ફાયલેરીયા ઈન્સ્પેકટર	૧૨૦૦—૩૦—૧૫૬૦—ઈબી—૪૦—૨૦૪૦	૧૩૫૦—૪૦—૧૪૪૦—૧૮૦૦—ઈબી—૫૦—૨૨૦૦
૭૮	ઈનસેટ કલેકટર	૯૫૦—૨૦—૧૧૫૦—ઈબી—૨૫—૧૫૦૦	૧૨૦૦—૨૦—૧૪૪૦—ઈબી—૩૦—૧૮૦૦
૭૯	સુપીરીયર ફીલ્ડ વર્કર	૯૫૦—૨૦—૧૧૫૦—ઈબી—૨૫—૧૪૦૦ ૯૫૦—૨૦—૧૧૫૦—ઈબી—૨૫—૧૪૦૦ એસ. એસ. સી. એન્ડ ફુલ ફ્લે. ઈન્ઝ. ૯૫૦—૨૦—૧૧૫૦—ઈબી—૨૫—૧૪૦૦	૯૫૦—૨૦—૧૧૫૦—ઈબી—૨૫—૧૫૦૦ ૯૫૦—૨૦—૧૧૫૦—૨૫—૧૫૦૦ ૧૩૦૦—૩૦—૧૪૪૦—ઈબી—૩૦—૧૮૦૦—
૮૦	ફીલ્ડ વર્કર	૭૫૦—૧૨—૮૭૦—ઈબી—૧૪—૯૪૦	૭૭૫—૧૨—૯૫૫—ઈબી—૧૪—૧૦૨૫
૮૧	ફીલ્ડ વર્કર ડીસીવેશન	—એજન—	—એજન—
૮૨	ડ્રાઈવર	૯૫૦—૨૦—૧૧૫૦—ઈબી—૨૫—૧૪૦૦	૯૫૦—૨૦—૧૧૫૦—ઈબી—૨૫—૧૫૦૦
૮૩	એન્જીનીયર	બી. ઈ. સીવીલ લેખનને અનુભાગ ૨૦૦૦—૬૦—૨૩૦૦—ઈબી—૭૫—૩૨૦૦—૧૦૦૦—૩૫૦૦	 ૨૨૦૦—૭૫—૨૮૦૦—ઈબી—૧૦૦—૪૦૦૦
૮૫	સબ ઓવરસીયર	૧૩૨૦—૩૦—૧૫૬૦—ઈબી—૪૦—૨૦૪૦	૧૩૫૦—૩૦—૧૪૪૦—૪૦—૧૮૦૦—ઈબી ૫૦—૨૦૦૦

INDEX

૮૫	ડ્રાફ્ટસમેન	—એજન—	—એજન—
૮૬	મિસ્ત્રી (સુથાર)	૯૫૦—૨૦—૧૧૫૦—ઈબી—૨૫—૧૫૦૦	૧૨૦૦—૩૦—૧૪૪૦—ઈબી—૩૦—૧૮૦૦
૮૭	મિસ્ત્રી (કડીયા)	—એજન—	—એજન—
૮૮	પ. વી. ડી. સ્ટોરકીપર	—એજન—	—એજન—

માંગણી નં. ૨ :—તમામ કર્મચારીઓને તારીખ ૧ થી ૭ સુધીમાં પગાર ચુકવાવો કે કેમ ?

માગણી નં. ૩ :—સરકારી કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થા મુજબ મોંઘવારી ભથ્થું આપવા કે કેમ ?

માગણી નં. ૪ :—હાલમાં મ્યુનીસીપાલીટીના કર્મચારીઓને મળતા લાભો ચાલુ રાખવા કે કેમ ?

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એ. વ્યાસ,
સેકશન અધિકારી.

ભાગ ૧ એલ.

આસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જૂન ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડ ના આધારે)

તારીખ ૩, ૧૦, ૧૭, ૨૪, ૩૧, માહે જાન્યુઆરી સન ૧૯૯૧ના રોજ પૂરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અને આસાધારણ રાજ્યપત્રો પ્રસિધ્ધ થયેલા છે.

અનુ. નંબર ૧	આસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ ૨	જાહેરાતનો નંબર અને તારીખ ૩	વિભાગ અથવા કચેરી ૪	વિષય (ટુંકી વિગત) ૫
૧	Extra No. 1 10th January 1991	ક્રમાંક કે એચ આર ૨૬૪/ આઈડીએ,૧૩૮૭-૪૯૦૦/૯૦ મ (૪૦) ૨૮મી ડીસેમ્બર, ૧૯૯૦.	શ્રમ અને રોજગાર વિભાગ ગાંધીનગર	પ્રવાહીકૃત પેટ્રોલીયમ ગેસના ઉત્પાદનના વેચાણ તથા વિતરણ હેઠળનો કામદારના રોજગાર લોકોપયોગી સેવા તરીકે મે, ૧૯૯૧ થી પૂરી થતી મુદત થી વધુ છ માસ જાહેર કરવા બાબત.
2	Esxtra No. 2 10th January 1991	No. KHR 8/BIR-1091-79 (II) M-I. 10th January 1991	Labour and Employment Department, Gandhinagar.	The Government of Gujarat hereby cosntitutes the Labour Court in specified areas in column (1) of the schedule appended here to having jurisduction in the local areas specified against it in column (2) of the said schedule and appounts the person in column (3), of the court of Nadiadd.

1	2	3	4	5
3	Extra No.3 10th January 1991	No. KHR-9/BIR-1091- (III)-M-I 10th January 1991	Labour and employment Department, Gandhinagar	The Goverment of Gujarat hereby Constitutes the Labour Court in Specified areas in Column (1) of the Schedule appended hereto having Jurisduction in the local areas specified agains it in column (2) of the said schedule and appoints the person in column (3) of the Court of Valsad
	4 Extra No 22nd January 1991	No. KH/SHMC/27382/M/W/A/6 22nd January 1991	By the Deputy Commissioner of Labour and competent authority under the minimum wages Act, 1948 Ahmedabad.	The Deputy Commissioner of Labour Ahmedabed the Competent authority appointed under clause of the soil section 2 hereby declare cost of living index number as certained by me and specified in column 2 of the schedule.
5	Extra No. 5 28th January 1991	No. KH-261-IDA 1186/1125/90/M(4)	Labour and employment Department, Gandhinagar.	પેટ્રોકેમીકલ્સ ઉદ્યોગ હેઠળનો કામદારનો રોજગાર લોકોપયોગી સેવા તરીકે જાહેર કરેલની મુદત ૧૯મીની મે ૧૯૯૧ના રોજ પૂરી થતી. છ મહીના વધુ મુદત સુધી લોકોપયોગી સેવા જાહેર કરેવા બાબત.

INDEX

REGISTERED No. G—BA-14-E

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY 6 7

Vol. XXXII] THURSDAY, FEBRUARY 7, 1991 /MAGHA 18, 1912 [No.6

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications. Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૪થી સપ્ટેમ્બર ૧૯૯૦.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેબેચ-એલ-૧૯૭-એજેબી-૧૦૮૮-એફઆર-૨૯૯-મ-૪.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. જી. ફાર્માસ્યુટીકલ્સ લી. રણોલી અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની છે.

INDEX

તેથી, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ ૧૦ની પેટા-કલમ (૧) ના ખંડ (ઘ) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૫મી ઓગસ્ટ ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક કે.એચ.આર.-૨૧૯-આઈડીઓ-૧૦૮૮-૫૨૧૮-મ-૪., હેઠળ રચાયેલ શ્રી બી. જે. ત્રિવેદીના બનેલી ટ્રીબ્યુનલને સદરહુ તકરાર તેનો ન્યાય-નિર્ણય કરવા માટે લખી મોકલેલ છે.

અનુસૂચિ

માંગણી નંબર.૧ — લાગુ પડવા બાબત

આ ખત પત્રકમાં કરવામાં આવેલ તમામ માંગણીઓ સ્ટાફ કર્મચારીઓ તરીકે ઓળખાતા કામદારો કે જેઓ ૧લી જાન્યુઆરી -૧૯૮૮ ના રોજ કંપનીની નોકરીમાં હશે તેવા અને ત્યારબાદ કંપનીમાં જોડાનાર એવા તમામને લાગુ પડશે.

માંગણી નંબર.૨ — મુળ પગાર / ગ્રેડસ

સ્ટાફ કર્મચારીઓના હાલના પગાર-ધોરણમાં તા. ૧લી જાન્યુઆરી, ૧૯૮૮ થી અમલમાં આવે એ રીતે નીચે જણાવ્યા મુજબ સુધારો કરવો કે કેમ?

ગ્રેડ નંબર. ૧	(ક્લેરીકલ)
હાલની ગ્રેડ	રૂા. ૨૧૫—૨૦—૩૩૫—૨૫—૪૮૫—૩૦—૬૬૫—૩૫—૮૭૫
માંગણી કરેલ ગ્રેડ	રૂા. ૨૧૫—૩૦—૩૯૫—૪૦—૬૩૫—૫૦—૯૩૫—૬૦—૧૨૯૫
ગ્રેડ નંબર. ૨	(સુપરવાઈઝર / ટેક્નીશીયન)
હાલની ગ્રેડ	રૂા. ૨૨૫—૨૨.૫—૩૬૦—૨૭. ૫૦—૫૨૫—૩૨.૫૦—૭૨૦—૩૭.૫૦ ૯૪૫
માંગણી કરેલ ગ્રેડ	રૂા. ૨૨૫—૩૫—૪૩૫—૪૫—૭૦૫—૫૫—૧૦૩૫—૬૫—૧૪૨૫
ગ્રેડ નંબર. ૩	(ક્લેરીકલ સીનીયર / જુનીયર સ્ટેનોગ્રાફર)
હાલની ગ્રેડ	રૂા. ૨૩૫—૨૫—૩૮૫—૩૦—૫૬૫—૩૫—૭૭૫—૪૦—૧૦૧૫
માંગણી કરેલ ગ્રેડ	રૂા. ૨૩૫—૪૦—૪૭૫—૫૦—૭૭૫—૬૦—૧૧૩૫—૭૫—૧૫૮૫
ગ્રેડ નંબર. ૪	(સીનીયર સુપરવાઈઝર / સીનીયર ટેક્નીશીયન / ફોરમેન)
હાલની ગ્રેડ	રૂા. ૨૩૫—૨૫—૩૮૫—૩૦—૫૬૫—૩૫—૭૭૫—૪૦—૧૦૧૫
માંગણી કરેલ ગ્રેડ	રૂા. ૨૪૫—૪૫—૫૧૫—૫૫—૮૪૫—૬૫—૧૨૩૫—૮૦—૧૭૧૫
ગ્રેડ નંબર. ૫	(કેમીસ્ટ / સીનીયર સ્ટેનોગ્રાફર્સ / ડીપ્લોમા એન્જીનીયર્સ)
હાલની ગ્રેડ	રૂા. ૨૬૫—૩૦—૪૪૫—૩૫—૬૫૫—૪૦—૮૯૫—૪૫—૧૧૬૫
માંગણી કરેલ ગ્રેડ	રૂા. ૨૬૫—૫૦—૫૬૫—૬૦—૯૨૫—૭૦—૧૩૪૫—૮૫—૧૮૫૫

INDEX

ગ્રેડ નંબર. ૬	(ઓફીસ આસીસ્ટન્ટસ)
હાલની ગ્રેડ	રૂા. -
માંગણી કરેલ ગ્રેડ	રૂા. ૨૭૫—૫૫—૬૦૫—૬૫—૯૯૫—૭૫—૧૪૪૫—૯૦—૧૯૮૫
ગ્રેડ નંબર. ૭	(ટેકનીકલ આસીસ્ટન્ટ / સર્વિસ આસીસ્ટન્ટ)
હાલની ગ્રેડ	રૂા. -
માંગણી કરેલ ગ્રેડ	રૂા. ૨૮૫—૬૦—૬૪૫—૭૦—૧૦૬૫—૮૦—૧૫૪૫—૯૫—૨૧૧૫.
ગ્રેડ નંબર. ૮	(સીનીયર કેમીસ્ટ/ સેક્રેટરી)
હાલની ગ્રેડ	રૂા.
માંગણી કરેલ ગ્રેડ	રૂા. ૩૦૦—૬૫—૬૯૦—૭૬૫—૧૧૪૦—૮૫—૧૬૫૦—૧૦૦—૨૨૫૦
માંગણી નંબર.૩	વર્ગીકરણ અને બઢતી

૩ (અ)(૧) જે સ્ટાફ કર્મચારીઓને ' જુનીયર સુપરવાઈઝર'નો હોદ્દો આપેલ છે અને ક્લેરીકલ ગ્રેડમાં મુકવામાં આવ્યા છે તેવા કર્મચારીઓને 'સુપરવાઈઝર'નો હોદ્દો આપી અને ૧લી જાન્યુઆરી ૧૯૮૮ થી સુધારેલ ગ્રેડ નં. ૨માં ગોઠવવા કે કેમ?

(૨) અવા તમામ સુપરવાઈઝર અને ટેકનીશીયનો કે જેઓ હાલમાં ગ્રેડ નં. ૪માં અને 'સુપરવાઈઝર ગ્રેડ-૧' અથવા 'ટેકનીશીયન ગ્રેડ-૧' એવો હોદ્દો ધરાવે છે, તેઓને અનુક્રમે સીનીયર સુપરવાઇઝર કે સીનીયર ટેકનીશીયનનો હોદ્દો આપવો કે કેમ?

(૩) માંગણી કર્યા મુજબ ગ્રેડ નં. ૩ માંથી ગ્રેડ નં. ૬માં બઢતી મેળવનાર સીનીયર ક્લાર્કને 'ઓફીસ આસીસ્ટન્ટ' નો હોદ્દો આપવો કે કેમ?

(૪) માંગણી કર્યા મુજબ ગ્રેડ નં. ૪માંથી ગ્રેડ નં. ૭ માં બઢતી મેળવનાર સીનીયર સુપરવાઈઝર અને સીનીયર કેટેકનીશીયનને 'ટેકનીકલ આસીસ્ટન્ટ'નો હોદ્દો આપવો કે કેમ?

(૫) માંગણી કર્યા મુજબ ગ્રેડ નં. ૪માંથી ગ્રેડ નં. ૭માં બઢતી મેળવનાર ફોરમેનને 'સર્વિસ આસીસ્ટન્ટ' નો હોદ્દો આપવો કે કેમ?

(૬) માંગણી કર્યા મુજબ ગ્રેડ નં. ૫માંથી ગ્રેડ નં. ૮માં બઢતી મેળવનાર કેમીસ્ટને 'સીનીયર કેમીસ્ટ' નો હોદ્દો આપવો કે કેમ?

(૭) માંગણી કર્યા મુજબ ગ્રેડ નં. ૫માંથી ગ્રેડ નં. ૮માં બઢતી મેળવનાર સીનીયર સ્ટેનો-ગ્રાફર્સને 'સેક્રેટરી' નો હોદ્દો આપવો કે કેમ?

૩ (બ) કોઈપણ સ્ટાફ કર્મચારીઓ જ એજ ગ્રેડમાં પાંચ વર્ષ / સાત વર્ષની નોકરી પુરી કરે ત્યારે નીચે દર્શાવ્યા મુજબ ઉપરની ગ્રેડમાં બઢતી આપવી અને તદઅનુસાર હોદ્દો/ સંજ્ઞા આપવી કે કેમ?

INDEX

(૧) ગ્રેડ નંબર (૧) ગ્રેડ નંબર ૧ (કેલેરીકલ) ૭ વર્ષ પુરા કર્યે ગ્રેડ નં. ૩ માં સીનીયર કલાર્ક તરીકે બઢતી આપવી.

(૨) ગ્રેડ નંબર ૨ (સુપરવાઈઝર / ટેકનીશીયન)— ૭ વર્ષ પુરા કર્યે ગ્રેડ નં. ૪ માં સીનીયર સુપરવાઈઝર / સીનીયર ટેકનીશીયન તરીકે બઢતી આપવી.

(૩) ગ્રેડ નંબર ૫ (કેમીસ્ટ / સીનીયર)— સ્ટેનોગ્રાફર--૭ વર્ષ પુરા કર્યે ગ્રેડ નં ૮ માં સીનીયર કેમીસ્ટ / સેક્રેટરી તરીકે બઢતી આપવી.

(૪) ગ્રેડ નંબર ૩ (સીનીયર કલાર્ક)—૫ વર્ષ પુરા કર્યે ગ્રેડ નં ૬ માં ઓફીસ આસીસ્ટન્ટ તરીકે બઢતી આપવી.

(૫) ગ્રેડ નંબર ૩ (જુ. સ્ટેનોગ્રાફર)— ૭ વર્ષ પુરા કર્યે ગ્રેડ નં ૫ માં સીનીયર સ્ટેનોગ્રાફર તરીકે બઢતી આપવી.

(૬) ગ્રેડ નંબર ૪ (સીનીયર સુપરવાઈઝર / સીનીયર ટેકનીશીયન / ફોરમેન)— ૫ વર્ષ પુરા કર્યે ગ્રેડ નં ૭ માં ટેકનીકલ આસીસ્ટન્ટ / સર્વીસ આસીસ્ટન્ટ તરીકે બઢતી આપવી.

૩ (ક) તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૮૭ ના રોજ એવા સ્ટાફ કર્મચારીઓ કે જેમણે કોઈ કોઈ એક ગ્રેડમાં જરુરીયાત મુજબના વર્ષોની પુરી કરી હોય તેવા કર્મચારીઓને તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૮૮ ના રોજ ઉપર દર્શાવ્યા મુજબ પોતપોતાની સુધારેલ બઢતી માટેની ગ્રેડમાં બઢતી આપવી. ત્યારબાદ જે કર્મચારી જરુરીયાત મુજબના વર્ષની નોકરી પુરી કરે તેઓને આમ થયે સ્વાધીનગતિક તેમના વાર્ષિક ઈન્ક્રીમેન્ટની તારીખથી પોતપોતાની લાગુ પડતી બઢતી માટેની ગ્રેડમાં બઢતી આપવી.

માંગણી નંબર ૪ : મોંઘવારી ભથ્થું :

પ્રવર્તમાન મોંઘવારી ભથ્થાની યોજનાના નમુનામાં ૧ લી જાન્યુઆરી, ૧૯૮૮ થી અમલમાં આવે એ રીતે નીચે મુજબ સુધારો કરવો, કે કેમ—

મુળ પગારનું સ્તર		કેન્દ્ર સરકારના લેબર બ્યુરો, સીમલા દ્વારા અમદાવાદના માટે જાહેર-- કરાયેલ ૧૩૦ જીવન નિર્વાહ અંક પર મળવાપાત્ર મોંઘવારી ભથ્થું	૧૩૦ અંક ઉપર થતાં વધારા-ઘટાડાના દરેક પોઈન્ટ પર
			રૂા.
મૂળ પગાર રૂા ૨૫૦ સુધી	મૂળ પગાર રૂા ૩૦૦ સુધી		રૂા. ૧.૯૦
રૂા. ૨૫૧ થી ૩૦૦	,,		રૂા. ૨.૦૫
રૂા. ૩૦૧ થી ૩૫૦	,,		રૂા. ૨.૨૦

INDEX

૧	૨	૩
રૂા. ૩૫૧ થી ૪૦૦	રૂા. ૩૦૦	૨.૩૫
રૂા. ૪૦૧ થી ૫૦૦	”	૨.૫૦
રૂા. ૫૦૧ થી ૬૦૦	”	૨.૬૦
રૂા. ૬૦૧ થી ૭૦૦	”	૨.૭૦
રૂા. ૭૦૧ થી ૮૫૦	”	૨.૮૦
રૂા. ૮૫૧ થી ૧૦૦૦	”	
રૂા. ૧૦૦૧ થી ૧૧૫૦	”	૩.૦૦
રૂા. ૧૧૫૧ થી ૧૩૫૦	”	૩.૧૦
રૂા. ૧૩૫૧ થી ૧૫૫૦	”	૩.૧૫
રૂા. ૧૫૫૧ અને ઉપર	”	૩.૨૦

માંગણી નંબર--૫ (હાઈકોસ્ટ ભથ્થું) :

હાઈકોસ્ટ ભથ્થાની હાલની યોજનાનાં તારીખ ૧--૧--૧૯૮૮ થી અમલમાં આવે તે રીતે નીચે મુજબ સુધારો કરવો કે કેમ ?

મૂળ પગારનું સ્તર	હાઈકોસ્ટ ભથ્થું
મૂળ પગાર રૂા. ૪૦૦ સુધી	રૂા. ૭૫--૦૦ પ્રતિમાસ
મૂળ પગાર રૂા. ૪૦૧ થી ૭૦૦ સુધી	રૂા. ૯૦--૦૦ પ્રતિમાસ
મૂળ પગાર રૂા. ૭૦૧ થી ૧૦૦૦ સુધી	રૂા. ૧૨૦--૦૦ પ્રતિમાસ
મૂળ પગાર રૂા. ૧૦૦૦૧ થી વધારે	રૂા. ૧૫૦--૦૦ પ્રતિમાસ

માગણી નંબર--૬ (સર્વીસ ઈન્ક્રીમેન્ટ) :

દરેક સ્ટાફ કર્મચારીની મૂળ પગાર ઉપર માંગણી કર્યા મુજબ સુધારેલી ગ્રેડોમાં ગોઠવણી કર્યા બાદ નીચે જણાવ્યા મુજબ સર્વીસ ઈન્ક્રીમેન્ટની તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૮૮ થી અમલમાં આવે તે રીતે આપવાં કે કેમ ?

તા. ૩૧--૧૨--૧૯૮૭ ના રોજ	પાંચ વર્ષ સુધીની નોકરી	— બે ઈન્ક્રીમેન્ટ
”	૫ વર્ષ ઉપર અને ૧૦ વર્ષ સુધી,	— ત્રણ ઈન્ક્રીમેન્ટ
”	૧૦ વર્ષ ઉપર અને ૧૫ વર્ષ સુધી	— ચાર ઈન્ક્રીમેન્ટ
”	૧૫ વર્ષ ઉપર અને ૨૦ વર્ષ સુધી	— પાંચ ઈન્ક્રીમેન્ટ
”	૨૦ વર્ષ કરતા વધુ	— [illegible] ઈન્ક્રીમેન્ટ

INDEX

માગણી નંબર--૭ હાઉસ રેન્ટ (મકાન ભાડું) :

આથી માગણી કરવામાં આવે છે કે દરેક સ્ટાફ કર્મચારીને ૧ લી જાન્યુઆરી, ૧૯૮૮ થી ૩૦૦--૦૦ પ્રતિમાસ ઘરભાડાં ભથ્થું ચુકવવું કે કેમ ?

માગણી નંબર : ૮ લીવ ટ્રાવેલ કન્સેશન (પ્રવાસ રાહત):

આથી માગણી કરવામાં આવે છે કે જ્યારે સ્ટાફ કર્મચારી રજા પર જવા માગે અ લીવ ટ્રાવેલ કન્શેશનની માંગણી કરે ત્યાં આવા કર્મચારીને હાલની તમામ શરતો મુજ વાર્ષિક રૂા. ૧૫૦૦.૦૦ ચુકવી આપવા આવીનો અમલ તારીખ ૧લી જાન્યુઆ ૧૯૮૮ થી કરવો કે કેમ ?

માગણી નંબર : ૯, વાહન ભથ્થું :

આથી માગણી કરવામાં આવે છે કે તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૮૮ થી અમલમાં આવે તે રીતે દરેક સ્ટાફ કર્મચારીને રૂા. ૧૫૦.૦૦ પ્રતિમાસ વાહનભથ્થું ચુકવવું કે કેમ ?

માગણી નંબર : ૧૦, શૈક્ષણિક સહાય :

આથી માગણી કરવામાં આવે છે કે હાલની શૈક્ષણિક સહાયની યોજના બંધ કરવી જોઈ અને તેના સ્થાને તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૮૮થી અમલમાં આવે તે રીતે દરેક સ્ કર્મચારીને રૂા. ૧૦૦.૦૦ પ્રતિમાસ 'શૈક્ષણિક ભથ્થું" ચૂકવવું કે કેમ ?

માંગણી નં. ૧૧, ઔષધકીય યોજના (મેડીકલ સ્કીમ)

૧૧. ઔષધકીય યોજનાઃ (મેડિકલ સ્કીમ)

આથી માગણી કરવામાં આવે છે કે હાલની અન્ય શરતોને આધીન દરેક સ્ટાફ કર્મચા તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૮૮ થી વાર્ષિક રૂા. ૩૦૦૦.૦૦ વૈદ્યકીય સહાય પેટે ચૂકવવ કેમ ?

માંગણી નંબર ૧૨, પાળી ભથ્થું :

આથી માંગણી કરવામાં આવે છે કે પાળીમાં ફરતાં રહેતા સ્ટાફ કર્મચારીઓને નીચે મુ 'પાળી ભથ્થું', ચુકવવું કે કેમ ?

પહેલી પાળી-રૂા. ૫.૦૦ પ્રતિ કામના દિવસ.
બીજી પાળી-રૂા. ૭.૦૦ પ્રતિકામના દિવસ
ત્રીજી પાળી-રૂા. ૧૦.૦૦ પ્રતિ કામના દિવસ.

INDEX

ાંગણી નંબર ૧૩ ગણવેશ:

આથી માંગણી કરવામાં આવે છે કે તમામ વહીવટી સ્ટાફ કર્મચારીઓને તેમના પ્રતિમાસ ર્મચારીઓની જે મુજબ ગણવેશ અને જોડા તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૮૮ થી આપવા ત્યેક મહિલા કર્મચારીઓને ગણવેશને બદલે બીલ માટે આગ્રહ રાખ્યા વગર વાર્ષિક ૮૦૦.૦૦ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૮૮ થી ચૂકવવા કે કેમ ?

ાંગણી નં ૧૫. રજાઓ :

(અ) આથી માંગણી કરવામાં આવે છે કે દરેક સ્ટાફ કર્મચારીને દર મહિને ૩ દિવસની રા પગારની હક્કરજાઓ આપવી આ હક્કરજાઓ વધુમાં વધુ ૧૮૦ સુધી સંગ્રહ કરી શકાશે ્યારે ૬૦ કરવા વધુ જમા થાય ત્યારે કોઈ સ્ટાફ કર્મચારી ઈચ્છે તો ૬૦ કરતાં વધારાની ્મા થયેલ રજા દરેક ૧૫ જૂથમાં રોકડમાં પરિવર્તન કરી શકશે.

(બ) આથી માંગણી કરવામાં આવે છે કે દરેક સ્ટાફને દર વર્ષ ૧૫ દિવસની પુરા પગાર ી 'કેઝ્યુઅલ' રજાઓ આપવી.

(ક) આથી માંગણી કરવામાં આવે છે કે દરેક સ્ટાફ કર્મચારીને દર વર્ષે ૧૫ દિવસની ુરા પગારની 'માંદગી રજા' ઓ આપવી જે ૪૫ સુધી સંગ્રહ કરી શકાશે.

(ડ) આથી માંગણી કરવામાં આવે છે કે ગુજરાત સરકાર દ્વારા જાહેર થયેલ બધાજ તહેવારો ી રજાઓ અઠવાડિક રજા સાથે બદલી કર્યા વગર આપવી કે કેમ?

(ઈ) આથી માંગણી કરવામાં આવે છે કે તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૮૭ના રોજ જે તે ર્મચારીના ખાતે જમા રહેલ અર્ધા પગારના માંદગીની રજાઓને પુરા પગારની રજાઓમાં ારીખ ૧લી જાન્યુઆરી ૧૯૮૮ થી બદલવી કે કેમ?

(ફ) આથી માંગણી કરવામાં આવે છે કે દરેક સ્ટાફ કર્મચારીને દર વર્ષે ૧૦ પુરા પગાર ાાસ રજાઓ' અણધાર્યા કુદરતી પ્રકોપ અને બીજા અશાંતિ બનાવો માટે આપવી કે કેમ?

ાંગણી નંબર ૧૬ રોકડ ભથ્થાઓ.

(અ) આથી માંગણી કરવામાં આવે છે કે પગાર, બોનસ, એડવાન્સ વિગેરેની વહેંચણી રનાર સ્ટાફ કર્મચારીઓ તથા ક્રેડીટ સોસાયટી કલાર્ક વિગેરેને તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૮૮ ી આવા રોકડ વહેંચણીની દરેક દિવસ દીઠ રૂા. ૩૦.૦૦ રોકડ ભથ્થુ આપવું કે કેમ?

(બ) માંગણી કરવામાં આવે છે કે જે સ્ટાફને કેન્ટીન ટોકન વેચાણ વખતે રોકડ રકમ ભાળવી પડે છે તેમને તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૮૮ થી રૂા. ૫૦.૦૦ પ્રતિમાસ રોકડ ભથ્થું આપવું કે કેમ?

INDEX

(ક) માંગણી કરવામાં આવે છે કે સ્ટાફને નિયમિત રીતે રોકડ રકમની લેવડદેવડ કરવાની હોય છે તેમને તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૮૮થી રૂા. ૭૫-૦૦ પ્રતિમાસ રોકડ ભથ્થું આપવું કે કેમ ?

માંગણી નં. ૧૭ વાહન માટે લોન:—

આથી માંગણી કરવામાં આવે છે કે માસિક રૂા. ૧૫૦૦-૦૦ કરતાં વધુ પગાર મેળવતા કર્મચારી દ્વારા સ્કુટર, મોપેડ વિગેરે જેવા વાહનની ખરીદી માટે માંગણી કરવામાં આવતા તેમને વધુમાં વધુ રૂા. ૧૦,૦૦૦/- સુધીની વ્યાજ મુકત લોન આપવી આ લોન ૬૦ સરખા હપ્તેથી વસુલ કરવી આનો અમલ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૮૮થી કરવો કે કેમ ?

માંગણી નં. ૧૮ : (યંત્ર ભથ્થાઓ) :

(અ) માંગણી કરવામાં આવે છે તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૮૮ થી અમલમાં આવે તે રીતે જે સ્ટાફ કર્મચારીઓ પોસ્ટલ ફ્રેન્કીંગ યંત્રની જાળવણી કરે છે અને ચલાવે છે તેમને રૂા ૫૦-૦૦ પ્રતિમાસ "ફ્રેન્કીંગ ભથ્થું" આપવું કે કેમ ?

(બ) માંગણી કરવામાં આવે છે કે તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૮૮ થી અમલમાં આવે તે રીતે મેઈલીંગ ખાતામાં "બ્રેડમાં મશીન" ચલાવતા કર્મચારીને રૂા. ૫૦--૦૦ પ્રતિમાસ "યંત્ર ભથ્થું"-- આપવું કે કેમ ?

(ક) માંગણી કરવામાં આવે છે કે તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૮૮ થી અમલમાં આવે તે રીતે "ટેલેક્સ" યંત્ર ચલાવતા કર્મચારીને રૂા. ૫૦--૦૦ પ્રતિમાસ "યંત્ર ભથ્થું" આપવું કે કેમ ?

(ડ) માંગણી કરવામાં આવે છે કે જયાં જયાં કર્મચારીઓને કોમ્પ્યુટર યંત્ર સાથે સંકળાયેલ પંચ મશીન ચલાવવું પડે છે તેમને તારીખ ૧ લી જાન્યુઆરી ૧૯૮૮ થી ૫૦--૦૦ પ્રતિમાસ "યંત્ર ભથ્થું" આપવું કે કેમ ?

માંગણી નં. ૧૯ : (વિશિષ્ટ ફરજ ભથ્થું) :

આથી માંગણી કરવામાં આવે છે કે સરક્ષા કર્મચારીઓ કે જેઓ સુરક્ષાના અલગ અલગ મથકો (સીકયુરીટી પોઈન્ટસ) જે એકબીજાથી ઘણા અંતરે આવેલ છે ત્યાં ફરજ દરમ્યાન ફરતા રહેવું પડે છે. તેવા કર્મચારીઓને તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૮૮ થી રૂા. ૭૫--૦૦ પ્રતિમાસ "વિશિષ્ટ ફરજ-ભથ્થું" આપવું કે કેમ ?

માંગણી નં. ૨૦ : (કારખાના ભથ્થું) :

આથી માંગણી કરવામાં આવે છે કે કેટલાંક કારકુનને તેમના પ્રતિરૂપ કારકુનો કરતાં વધુ કલાકો માટે કામ કરવું પડે છે, આવા કર્મચારીઓને તારીખ ૧ લી જાન્યુઆરી, ૧૯૮૮ થી રૂા. ૭૫ --૦૦

INDEX

માંગણી નં. ૨૧ : (મકાન માટે લોન) :

આથી માંગણી કરવામાં આવે છે કે ગુજરાતની નામદાર વડી અદાલતના આદેશ મુજબની હાલની રૂા. ૨૦,૦૦૦--૦૦ મકાન માટે લોનની યોજનાનું સુધારેલ સવલતો સાથે અને વધુ સંખ્યામાં કર્મચારીઓને લોન મળે તે રીતે તાત્કાલિક અમલીકરણ કરવું કે કેમ ?

માંગણી નં. ૨૨ : વાર્ષિક વધારો (ઈન્ક્રીમેન્ટ) :

શ્રી આઈ. જી. ઠાકોરની બનેલ ઔદ્યોગિક પંચે તેમના ચુકાદામાં "સાનિધ્યના સિધ્ધાંત" ને--- સ્વીકારીને વાર્ષિક વધારાની પધ્ધતિ અંગે આદેશ આપેલ છે કેટલાંક કિસ્સાઓમાં આ પધ્ધતિનો અમલ થયેલ નથી. આથી માંગણી કરવામાં આવે છે કે વાર્ષિક વધારો આપવાની નીતિ નોકરીમાં દાખલ થયાની તારીખ અને નામદાર ઔદ્યોગિક પંચે નક્કી કરેલ "સાનિધ્યના સિધ્ધાંત" આ આધારીત જ હોવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨૪ : ખાસ રોકડ ભથ્થું

બે સ્ટાફ કર્મચારીઓ કે જેમને નિયમિત કેશીયરની ગેરહાજરીમાં વારંવાર કામ કરવા જવું પડે છે. તેમને તારીખ ૧લી જાન્યુંઆરી ૧૯૮૮થી હાલમાં આપવામાં આપતા રૂા. ૧૫-૦૦ પ્રતિમાસને બદલે રૂા. ૫૦-૦૦ પ્રતિમાસ 'રોકડ ભથ્થું' આપવું કે કેમ ?

માંગણી નંબર : ૨૫ વાહનભથ્થું

આથી માંગણી કરવામાં આવે છે કે રણોલી ખાતે કામ કરતાં કર્મચારીઓને તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૮૫ થી પ્રત્યેક કામ કરેલ દિવસ દિઠ રૂા. ૧-૨૫ લેખે ચુકવવામાં આવતી વાહન ભથ્થામાં વધારો કરી હાલની શરતોએ જ રૂા. ૩-૦૦ પ્રતિદિન કરવું. જેનો અમલ તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૮૮ થી કરવો. આ ભથ્થું ઉપર અન્યત્ર કરેલ વાહન ભથ્થાની કરેલ માંગણી ઉપરાંત છે તે આપવું કે કેમ ?

માંગણી નં ૨૭ : પ્રોવીઝન સ્ટોર

આથી માંગણી કરવામાં આવે છે કે 'નહિ નફો -નહિ નુંકશાન' ના ધોરણે ગ્રાહક ભંડાર ચલાવવા માટે કંપનીએ જરૂરી મૂડી અને સવલતો આપવી. અને સ્ટોરની જગ્યા ફર્નીચર તથા વહીવટીનો ખર્ચ કંપનીએ ભોગવવો કે કેમ ?

માંગણી નંબર : ૨૮ જોખમ માટે ભથ્થું

એવું જોવા મળેલ છે કે રણોલી ફેક્ટરી ખાતેનું વાતાવરણ નજીકમાં આવેલ ઉદ્યોગો જેવા કે ગુજરાત આલ્કલી એન્ડ કેમીકલ્સ, ઈન્ડીયન ડાયસ્ટફ ઈન્ડસ્ટ્રીઝ અને નંદેસરી જી.આઈ.ડી.સી માં આવેલ કેટલીક ફેક્ટરીઓ દ્વારા છોડવામાં આવતા ઝેરી વાયુઓ અને કેમીકલ્સના કારણે અત્યંત પ્રદુષિત રહે છે. આથી માંગણી કરવામાં આવે છે કે :—

INDEX

(અ) પ્રદુષણથી થતું નુકશાન અટકાવવા રણોલી ખાતે કામ કરતાં કર્મચારીઓને પૂરતા સુરક્ષાના સાધનો આપવા.

(બ) દરેક કર્મચારીને પુરતું પોષણ મળી રહે તે માટે પુરતા પ્રમાણમાં દુધ અને વિટામીન દરરોજ વિના મુલ્યે આપવી અને

(ક) તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૮૮થી અમલી બનતું રૂ. ૫૦-૦૦ પ્રતિમાસ ખાસ માટેનું ભથ્થું' દરેક કર્મચારીને આપવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એ. વ્યાસ,
સેક્શન અધિકારી,

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

REGISTERED No. G—BA-14 E

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, FEBRUARY 14, 1991/MAGHA 25, 1912[No. 7

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I—L

Notifications, Orders and Awards (other than those published in Part I IV-A, IV-B and IV-C,) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.

ઔદ્યોગિક અદાલત દ્વારા

જાહેરનામું

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક અદત/૩૭/આઈડીએ/આઈટી/૧૩૦૫૬/૧૯૯૦.—કામના ઝડપી નિકાલ માટે એ ઇચ્છનીય છે કે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) હેઠળની નીચે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ કેટલીક કાર્યવાહીઓ કે જે હાલ, અમદાવાદ ખાતેના શ્રી એન.એ. ચૌહાણના બનેલા ઔદ્યોગિક ન્યાયપંચ, સમક્ષ અનિર્ણિત છે. સદરહુ કાર્યવાહીઓ શ્રમ અને

INDEX

રોજગાર વિભાગના તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૯૦ના સરકારી જાહેરનામાં ક્રમાંક : કેએચઆર-૨૦૦-આઈડીએ-૧૦૯૦-૩૨૭૧-મ-૪ થી મળેલ સત્તા અન્વયે શ્રી આર. સી. ભટ્ટના બનેલા ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને તબદીલ કરવી જોઈએ.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૮૯ના જાહેરનામા ક્રમાંક : કે એચ આર-૮૯--૪૪-આઈડીએ-/૧૦૮૬/૩૨૫૯૭/મ-૪થી સદર ધારાની કલમ-૩૩(બી) ની પેટા કલમ (૧) હેઠળની સત્તાઓ અમુક બનાવો પુરતી પ્રમુખ, ઔદ્યોગિક અદાલત, ગુજરાતને સુપરત કરેલ છે.

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૩૩(બી) ની પેટા કલમ (૧)થી મળેલ સત્તાની રૂએ પ્રમુખ, ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ આથી શ્રી એન. એ. ચૌહાણના બનેલા ઔદ્યોગિક ન્યાયપંચ, સમક્ષ અનિર્ણિત રહેલ નીચે અનુસૂચિમાં જણાવેલ (પરિશિષ્ટ-અ) કેટલીક કાર્યવાહીઓ પાછી ખેંચે છે અને આ જાહેરનામાની તારીખથી નિકાલ કરવા માટે અમદાવાદ ખાતેના શ્રી આર. સી. ભટ્ટના બનેલા ઔદ્યોગિક ન્યાયપંચને આગળની કાર્યવાહી માટે તબદીલ કરે છે.

અનુસૂચિ

પરિશિષ્ટ - અ

શ્રી એન. એ. ચૌહાણના બનેલા ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદ પાસેથી શ્રી આર. સી. ભટ્ટના બનેલા ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદના તબદીલ કરવાના કેસોનું લીસ્ટ.

ક્રમ નંબર ૧	કેસ નંબર ૨		પ્રથમ પક્ષકાર ૩	બીજા પક્ષકાર ૪
૧	રેફરન્સ આઈ.ટી.	૧૦૫/૭૭	રેમન ગ્લુઝ એન્ડ કેમીકલ્સ, વાસદ	તેના કામદારો
૨	,,	૬૩૬/૮૦	ગુજરાત જળસંપત્તિ પેટા વિભાગ નં. ૩, આણંદ અને બીજા ત્રણ	,,
૩	,,	૪૩૧/૮૨	એન.ડી.ડી.બી. બોર્ડ, આણંદ	,,
૪	,,	૪૦૧/૮૪	ગુજરાત મશીનરી મેન્યુફેક્ચર્સ લી. કરમસદ	,,
[illegible]		[illegible]	[illegible] ઓફ ઈન્ડિયા લી. અમદાવાદ	

ક્રમ નંબર ૧	કેસ નંબર ૨	પ્રથમ પક્ષકાર ૩	બીજા પક્ષકાર ૪
૬	રેફરન્સ આઈ. ટી. ૫૦૧/૮૫	ગુજરાત કો. ઓ. ઓઈલ સીડ્સ ગ્રોઅર્સ, ફેડરેશન, અમદાવાદ	તેના કામદારો
૭	,, ૨૪/૮૭	જી. ઈ. બી., વડોદરા	,,
૮	,, ૨૨૨/૮૬	અડલર સોઈંગ મશીન વર્કસ પ્રા. લી.	,,
૯	,, ૩૧૯/૮૬	અમદાવાદ સિંચાઈ વર્તુળ પંચાયત, અમદાવાદ	,,
૧૦	,, ૪૮૨/૮૬	ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક, સંઘ લી., આણંદ	,,
૧૧	,, ૫૨૦/૮૬	માંડલ નગર પંચાયત, અમદાવાદ	,,
૧૨	,, ૬૪૭/૮૬	ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., આણંદ	,,
૧૩	,, ૧૫૭/૮૭	અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ	,,
૧૪	,, ૧૮૩/૮૭	જી. ઈ. બી., વડોદરા	,,
૧૫	,, ૨૧૮/૮૭	,,	,,
૧૬	,, ૨૭૧/૮૭	જી. એમ. ડી. સી., અમદાવાદ	,,
૧૭	,, ૨૮૦/૮૭	ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, નડીયાદ	,,
૧૮	,, ૩૦૪/૮૭	ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., આણંદ	,,
૧૯	,, ૩/૯૦	ગુજરાત મીની સ્ટીલ લી., અમદાવાદ	,,
૨૦	,, ૫/૯૦	સોમાણી, પીલકીરન્સ લી., કડી	,,
૨૧	,, ૧૦/૯૦	પાટણ નગરપાલિકા, પાટણ	,,

INDEX

ક્રમ નંબર ૧	કેસ નંબર ૨	પ્રથમ પક્ષકાર	બીજા પક્ષકાર
૨૩ રેફ્રન્સ. આઈ. ટી	૧૬/૯૦	પાલનપુર નગરપાલિકા, પાલનપુર	તેના કામદારો
૨૪ ,,	૧૭/૯૦	ખીરા સ્ટીલ વર્કસ પ્રા.લી. અમદાવાદ	,,
૨૫ ,,	૧૮/૯૦	,,	,,
૨૬ ,,	૨૧/૯૦	ઈલેક્ટ્રીક કટ્રોલ ગીયર લી, અમદાવાદ	,,
૨૭ ,,	૨૨/૯૦	ગુજરાત મીની સ્ટીલ લી અમદાવાદ	,,
૨૮ ,,	૫૯/૯૦	મે. રાઘે એન્ડ કું લી, દિગ્વિજનગર, દિગ્વીજય સીમેન્ટ કું. લી, અમદાવાદ	,,
૨૯ ,,	૧૯૩/૯૦	ડીસા નગરપાલિકા, ડીસા	,,
૩૦ ,,	૧૯૪/૯૦	,,	,,
૩૧ ,,	૧૯૯/૯૦	ગુજરાત આયુર્વેદ વિકાસ મંડળ, અમદાવાદ	,,
૩૨ ,,	૨૨૨/૯૦	ખીરા સ્ટીલ વર્કસ પ્રા.લી, અમદાવાદ	,,
૩૩ ,,	૨૨૭/૯૦	મલ્ટી કેટેગરી વર્કશોપ, બ્લાઈન્ડ એસોસીએશન, અમદાવાદ	,,
૩૪ ,,	૨૮૦/૯૦	કલોલ નગરપાલિકા, કલોલ	,,
૩૫ ,,	૩૨૩/૯૦	ગુજરાત મીની સ્ટીલ લી., અમદાવાદ	,,
૩૬ ,,	૬૫/૮૮	જી. ઈ. બી., નડીયાદ	,,
૩૭ ,,	૩૧૮/૮૮	જ્યોતિ સ્વીચ ગીયર્સ, મોગર	,,
૩૮ ,,	૬૬૮/૮૯	સી.એમ.સી.(ઈન્ડીયા), અમદાવાદ	,,
ફરિ.આઈ. ટી.			
૩૯ ,,	૧૧/૯૦	શ્રી નટવરલાલ સી. વેકરીયા, અમદાવાદ	સેલ્યુલોઝ પ્રોડકટસ ઓફ ઈન્ડીયા લી., અમદાવાદ.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૦.

હ. ધી. પંડયા,
પ્રમુખ,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ.

INDEX

NOTE

The Notifications issued by the Commissioner/Assistant Commissioner under Industrial Disputes Act, 1947, published in Issue No. 7 of *Gujarat Government Gazette*, Part I-L, should be read to have been published in *Gujarat Government Gazette*, Part I-L, dated 14th February 1991 and for pages 2033 to 2204 and 1 to 576 respectively, (in 8 sets) read pages Nos. 91 to 838.

વિજ્ઞપ્તિ

સન ૧૯૪૭ના ઔદ્યોગિક તકરાર અધિનિયમ અન્વયેના કમિશનર/મદદનીશ કમિશનર દ્વારા બહાર પાડેલ અધિસૂચનાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ I–Lમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે તે, તારીખ ૧૪મી ફેબ્રુઆરી ૧૯૯૧ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ I–L ના અંક ૭માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના ૨૦૩૩ થી ૨૨૦૪ અને ૧ થી ૫૭૬ (૮ ભાગમાં) ને પાના નંબર ૯૧ થી ૮૩૮ વાંચવા.

Vadodara, 14th February 1991.

(Signed)

Manager,
Government **Press and** Stationary
Department, Vadodara,

INDEX

મદદનીશ મજુર કમિશનર

હુકમ

નં. કેએમ/એમએમએમએસ/૨૮૭-૯૦/એનજે/આઇડીઆર/ એસ. આર. બોડાત મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મહાવીર જનરલ હોસ્પીટલ સુરત અને તેના કામદાર હરીભાઈ જોઈતારામ પ્રજાપતી વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૬-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએમ-એસએમ-૩૬૭-આઈડીએ-૧૦૭૨-૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ ૧ની સાથે પેટા વિભાગ (૧)કલમ (સી) વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સંબંધિત કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા કલમ-૧ની પેટા વિભાગ (સી)થી મળેલી સત્તાની રૂએ હું એસ. આર. બોડાત મદદનીશ મજુર કમિશનર સુરત આથી મજૂર અને રોજગાર વિભાગના તા. ૨૨-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએમ/આર-૬૮-આઈડીએ-૧૦૯૦-૧૫૧૭(આઈ)એમ-૪થી રચાયેલી પી. વાય. ત્રિવેદીની બનેલી મજુર અદાલત સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસુચી

હરીભાઈ જોઈતારામ પ્રજાપતીને તેમના પડેલા દિવસોના પગાર મોંઘવારી અથવા સહીત તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

એસ. આર. બોડાત
મદદનીશ મજુર કમિશનર
સુરત

સુરત તા. ૧૧-૭-૯૦
૧

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

નં. કેએચ/એસએએમસી/૨૮૮/૯૦/એજે/ આઈડીઆર/ એસ. આર. બોડાત મદદનીશ મજુર કમીશનરનો એવો અભીપ્રાય છે કે, આ સાથે જોડેલી નકલમાં નીર્દીષ્ટ કરેલ ઔદ્યોગીક તકરાર ડાયમંડ એન્ડ જેમ ડેવલપમેન્ટ કોર્પો. અને તેના કામદાર શ્યામસુંદર વચ્ચેની છે.

અને હવે પછીના ઔદ્યોગીક તકરાર અધીનિયમ-૧૯૪૭નો કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વિકાસ વીભાગની તા. ૨૪ મી માર્ચ ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક-કેએચએમએસ/આઈડીએ/૧૦૩૦-૪૬૧૦ થી સદરહુ ધારાની અનુસુચી-૨ના આઇટમ ૧થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે તથા મદદનીશ મજુર કમીશનરને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા મુજબ તકરાર અધીનયમ ૧૯૪૭નો કલમ ૧૪માંનો પેટા કલમ ૧થી મળેલ સત્તાની રૂએ હું એસ. આર. બોડાત મદદનીશ મજુર કમીશનર સુરત આથી કામ અને રોજગાર વીભાગના તા. ૨૨-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૬૮/આઈડીએ/૧૦૯૦-૧૫૧૭(આઈ)એમ-૪થી રચાયેલ પી. વાય. ત્રિવેદીની જનેસી મજુર અદાલત સુરતને સદરહુ તકરાર ન્યાય નિર્ણય માટે આથી લખી મોકલું છું.

અનુસુચી

શ્યામસુંદ ને તેમના પડેલા દીવસોના પગાર મોંઘવારી ભથ્થા સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપીત કરવા જોઈએ કે કેમ ?

એસ. આર. બોડાત
મદદનીશ મજુર કમિશનર
સુરત

સુરત તા. ૧૧-૮-૯૦

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

નં. કેએચ/એલએએસ/૨૮૯-૯૦/એજે/આઈડીઆર/ એસ. આર. બોડાત મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કાયમ ડે એન્ડ જેમ ડેવલપમેન્ટ કોર્પો. સચીન અને તેના કામદાર અવધેશપ્રસાદ વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગના તા. ૨૪-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચએસએચ/આઈડીએ/૧૦૭૬/૪૬૧૮-૩થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા તે સદર ધારાના અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪ની કલમ-૧૦ની પેટાકલમ ક્લૉઝ-ક્લૉઝ (સી)થી મળેલ સત્તાની રૂએ એસ. આર. બોડાત મદદનીશ મજુર કમિશનર સુરત આથી મજુર અને રોજગાર વિભાગના તા. ૨૨-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૬૮/આઈડીએ/૧૦૯૦-૧૫૧૭ આઈ/એમ-૪થી રચાયેલ પી. વાય. ત્રિવેદીની બનેલી મજુર અદાલત સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા સારુ મોકલું છું.

અનુસૂચિ

અવધેશપ્રસાદને તેમના પાછલા દીવસોના પગાર સહીત તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

એસ. આર. બોડાત
મદદનીશ મજુર કમિશનર
સુરત

સુરત તા. ૧૭-૭-૯૦

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

આદ્યોગીક તકરાર અધીનિયમ-૧૯૪૭.

નં. કેએમ/એસએચએમસી/૨૯૦/૯૦/એજે/આઇડીઆર/એસ.આર.બોડાત મદદનીશ મજુર કમિશનરનો જેવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ડાયમંડ એન્ડ જેમ ડેવલપમેન્ટ કોર્પોરેશન સચીન અને તેના કામદાર ઉમાશંકર ત્રિલોકનાથ વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની (૧૪માંની) કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગ ગાંધીનગરના તા. ૨૬ માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએમ-એસ-એમ-૩૬૪ આઈડીએ-૧૦૭૨-૪૭૧૮(૩૩)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ ૧ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસુચી ૨ની આઇટમ ૩ અને અનુસુચી ૩ની આઇટમ ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે આવા મદદનીશ મજુર કમિશનરને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગીક તકરાર અધિનીયમ ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૧૦ની પેટા કલમ-૧ની સાથે પેટા વિભાગ-સી થી મળેલ સત્તાની રૂએ હું એસ. આર. બોડાત મદદનીશ મજુર કમિશનર સુરત આથી મજુર અને રોજગાર વીભાગના તા. ૨૨-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએમ/આર/૬૮/આઈડીએ/૧૦૯૦-૧૫૧૭-આઈ-એમ-૪થી રચાયેલ પી. વાય. ત્રિવેદીની બનેલી મજુર અદાલત સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસુચી

ઉમાશંકર ત્રિલોકનાથને તેમની નુકસાન જગાએ પડેલા દીવસોના પુરા પગાર મોંઘવારી ભથ્થા સહીત નોકરીમાં પુનઃસ્થાપીત કરવા જોઈએ.

એસ. આર. બોડાત
મદદનીશ મજુર કમિશનર
સુરત

સુરત તા. ૧૧-૭-૯૦

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ–૧૯૪૭.

નં. કેએચ/એસએચએમસી/૨૯૩-૯૦/એજે/આઈડીઆર/ એસ. આર. બોડાવ મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ડાયમંડ એન્ડ જેમ ડેવલપમેન્ટ કોર્પોરેશન અને તેના કામદાર નટવરલાલ એલ. પટેલ વચ્ચે છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ આદીજાત વિકાસ વિભાગના તા. ૨૬–૩–૭૩ ના જાહેરનામા ક્રમાંક : કેએચ/એસએમ/૩૬૭–આઈડીએ-૧૦૭૨–૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ ૧ની સાથે પેટા વિભાગ–૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસુચિ–૨ની આઈટેમ નં. ૩ અને અનુસુચી–૩ની આઈટેમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગીક તકરાર અધિનીયમ ૧૯૪૭ની ૧૪માની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા વીભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું એસ. આર. બોડાત મદદનીશ મજુર કમિશનર સુરત આથી મજુર અને રોજગાર વીભાગના તા. ૨૨–૩–૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૬૮/આઈડીએ/૧૦૯૦–૧૫૧૭–આઈ–એસ–૪થી સ્થાપેલ પી. વાય. ત્રિવેદીની બનેલી મજુર અદાલત સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસુચિ

નટવરલાલ એલ. પટેલને તેમની મુળ જગ્યાએ પડેલા દીવસોના પગાર મોંઘવારી ભથ્થા સહીત નોકરીમાં પુનાસ્થાપીત કરવા જોઈએ.

સુરત તા. ૧૧–૭–૯૦

એસ. આર. બોડાત
મદદનીશ મજુર કમિશનર,
સુરત

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

આદ્યોગીક વીવાદ અધીનિયમ–૧૯૪૭

નં. કેએસ/એસએમએમસી/૩૦૧–૯૦/જેજે/આઈડીઆર/ એસ. આર. બોડાત મદદનીશ મજુર કમીશનરનો એવો અભીપ્રાય છે કે આ સાથે જોડેલી નકલમાં નર્દીષ્ટ કરેલ આદ્યોગીક તકરાર ડાયમંડ એન્ડ જેમ ડેવલપમેન્ટ કોર્પોરેશન અને તેના કામદાર રામવીજય હરદેવસિંગ વચ્ચેની છે.

અને હવે પછીના આદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭ની કલમ ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વીકાસ વીભાગની તા. ૨૪ મી માર્ચ ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક–કેએચએમએસ/આઈડીએ/૧૦૩૦–૪૬૧૦ થી સદરહુ ધારાની અનુસુચી ૨૨ની આઈટમ ૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે તથા મદદનીશ મજુર કમીશનરને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા મુજબ અધીનીયમ ૧૯૪૭ની કલમ ૧૪માંની પેટા કલમ ૧ પેટા વીભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું એસ. આર. બોડાત મદદનીશ મજુર કમીશનર સુરત આથી મજુર અને રોજગાર વીભાગના તા. ૨૨–૩–૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૬૮–આઈડીએ/૧૦૯૦–૧૫૧૭–આઈ–એમ–૪ થી રચાયેલ પી. વાય. ત્રિવેદીની બનેલી મજુર અદાલત સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે આથી હુકમ મોકલું છું.

અનુસુચિ

રામવીજય હરદેવસીંહને તેમની મુળ જગ્યાએ પડેલા દીવસોના પગાર મોંઘવારી ભથ્થા સાથે પુનઃસ્થાપીત કરવા જોઈએ.

એસ. આર. બોડાત
મદદનીશ મજુર કમીશનર
સુરત

સુરત તા. ૧૧–૭–૯૦

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

નં. કેએલ/એસએમએસી/૭૦૩-૯૦/એજે/આઈડીઆર/ એસ. આર. બોડાત મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો અંગે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ડાયમંડ એન્ડ જેમ ડેવલપમેન્ટ કોર્પોરેશન અને તેના કામદાર કુરેશી આર. વાય. વચ્ચેની છે.

અને હવે પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ ૧૪માંની કલમ ૬૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની તા. ૨૪મી માર્ચ ૧૯૭૪ના જાહેરનામાં ક્રમાંક કેએલ/એસએમ/આઈડીએ/૧૦૭૦/૪૧૧૦ થી સદરહું ધારાની કલમ ૧૦ની પેટા કલમ ૧ની સાથે પેટા વિભાગની ૧ની કલમ સી વાંચતા અને સદર ધારાની અનુસૂચી ૨ની આઈટમ ૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે તથા મદદનીશ મજુર કમિશ્નરને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની ૧૪માંની કલમ ૧૦ના પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું શ્રી એસ. આર. બોડાત મદદનીશ મજુર કમિશનર, સુરત આથી મજુર અને રોજગાર વીભાગના તા. ૨૬/૩/૯૦ના જાહેરનામા ક્રમાંક કેએલ/આર/૬૮/આઈડીએ/૧૦૯૦-૧૫૧૭-આઈ- એમ ૪થી સ્થાપેલ પી વાય. ત્રિવેદીની બનેલી મજુર અદાલત સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા સારૂ મોકલું છું.

અનુસુચિ

કુરેશી આર. વાય.ને તેમની મુળ જગ્યાએ પડેલા દીવસોના પુરા પગાર તથા મોંઘવારી ભથ્થા સાથે નોકરીમાં પુન:સ્થાપીત કરવા બાબતે.

એસ. આર. બોડાત
મદદનીશ મજુર કમિશનર
સુરત

સુરત તા. ૧૧-૭-૯૦

INDEX

મદદનીશ મજુર કમિશનર, દ્વારા

હુકમ

ઔદ્યોગીક વીવાદ અધીનીયમ-૧૯૪૭

નં. કેએચ/ એસએચએમસી/૨૦૪-૯૦એજે/આઈડીઆર એસ. આર. બોડાત મદદનીશ મજુર કમીશનરનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નીર્દિષ્ટ કરેલ ઔદ્યોગીક તકરાર ડાયમંડ એન્ડ જેમ ડેવલપમેન્ટ કોર્પો. સચીન અને તેના કામદાર મોહંમદ ફારુખ એચ. શેખ વચ્ચેની છે.

અને હવે પછીના ઔદ્યોગીક તકરાર અધીનીયમ-૧૯૪૭ની કલમ ૧૪ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વીકાસ વીભાગની તા. ૨૪મી માર્ચ ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક-કેએચએમએસ/આઈડીએ-૧૦૩૦-૪૬૧૦થી સદરહુ ધારાની અનુસુચી ૨૨ ની આઈટમ ૩થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે તથા મજુર કમીશનરને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭ની ૧૪માંની કલમ ૧૦ની પેટા કલમ (૧)પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું એસ. આર. બોડાત મદદનીશ મજુર કમિશનર સુરત આથી મજુર અને રોજગાર વીભાગના તા. ૨૨-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૬૮-આઈડીએ/ ૧૦૯૦-૧૫૧૭-આઈ એસ-૪થી રચાયેલ પી. વાય. ત્રિવેદીની બનેલી મજુર અદાલત સુરતને સદરહુ તકરાર ન્યાય અને નિર્ણય માટે આથી મોકલું છું.

અનુસુચી

મોહંમદ ફારૂખ એચ. શેખને તેમના પડેલા દીવસોના પગાર મોંઘવારી ભથ્થા સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપીત કરવા જોઈએ કે કેમ?

સુરત તા. ૧૧-૭-૯૦

એસ. આર. બોડાત
મદદનીશ મજુર કમિશનર
સુરત

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીક તકરાર અધિનીયમ, ૧૯૪૭

નં. કેએચ/એસએચએમસી/૩૦૫/૯૦/એજે/આઇડી આર/એસ આર. બોડાત મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગીક તકરાર ડાયમંડ એન્ડ જેમ ડેવલપમેન્ટ કોર્પો અને તેના કામદાર જીતેન્દ્રનાથ ત્રિપાઠી વચ્ચે છે.

અને હવે ઔદ્યોગીક તકરાર અધિનીયમ ૧૯૪૭ની ૧૪માની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજકલ્યાણ અને આદિજાતી વીકાસ વીભાગના તા. ૧૬-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક: કેએચ/એસએચ/૩૬૭ આઇડીએ/૧૦૭૨-૪૬૧૮ (૩૨) થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) ની સાથે પેટા વીભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસુચી-૨ ની આઈટમ નં. ૩ અને અનુસુચી-૩ ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧ની પેટા વિભાગ(સી)થી મળેલ સત્તાની રૂએ હું શ્રી એસ. આર. બોડાત મદદનીશ મજુર કમિશનર સુરત આથી મજુર અને રોજગાર વિભાગના તા. ૨૨-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૬૮/આઇડીએ-૧૦૯૦-૧૫૧૭/આઈ-એ-૪થી રચાયેલી પી. વાય. ત્રિવેદીની બનેલી મજુર અદાલત સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા સારૂ સોંપું છું.

અનુસુચિ

બ. સંસ્થામાં ઓફીસ સ્ટાફમાં કામ કરતા અનુસ્નાતકની પદવી ધરાવતા કર્મચારીઓને વધારામાં ખાસ ત્રણ ઈજાફાઓ આપવા અને તેઓના ગ્રેડની સામે દર્શાવેલ મુળ પગાર નક્કી કરીને તેમાં ઉમેરીને ચુકવી આપવો કે કેમ ?

માંગણી નંબર ૫ ખાસ પગાર

સંસ્થામાં ઓફીસ સ્ટાફમાં કામ કરતા નીચે જણાવેલ કેટેગરીના કર્મચારીઓને તેમની કેટેગરી ની સામે દર્શાવેલ રકમ ખાસ પગાર તરીકે દર મહીને આપવી કે કેમ ?

ટાઈપીસ્ટ	રૂા. ૫૦ દર મહીને
સ્ટેનો ટાઈપીસ્ટ	રૂા. ૧૦૦ દર મહીને
સ્ટેનો ગ્રાફર	રૂા. ૧૫૦ દર મહીને

માંગણી નંબર ૬ મોંઘવારી ભથ્થા.

અ. સ્થાયી મોંઘવારી.

સંસ્થામાં કામ કરતા તમામ કર્મચારીઓના મુળ પગારની ૫૦ ટકા રકમ દર મહીને સ્થાયી મોંઘવારી તરીકે કંપનીએ ચુકવી આપવી કે કેમ ?

બ. વેરીએબલ ડી. એ.

કંપનીએ ઓફીસ સ્ટાફમાં કામ કરતા તમામ કર્મચારીઓને ઓલ-ઈન્ડીયા કન્ઝ્યુમર્સ પ્રાઈસ ઈન્ડેક્ષ દર ૧૯૪૯-૧૦૦ પ્રમાણે વેરીએબલ ડી. એ. ચુકવવું કે કેમ ? આ મોંઘવારી દર દરેક પોઈન્ટ દીઠ ચઢ ઉતર પ્રમાણે બેઝીક પગારના એક ટકા જેટલો રાખવો કે કેમ ?

માંગણી નંબર ૭ અન્ય ભથ્થાઓ.

અ. મકાન ભાડું. સંસ્થામાં કામ કરતાં તમામ કર્મચારીઓને દર મહીને રૂા. ૨૫૦ મકાન ભાડા તરીકે આપવા કે કેમ ?

બ. કન્વેયન્સ એલાઉન્સ. સંસ્થામાં કામ કરતા ઓફીસ સ્ટાફના તમામ કર્મચારીઓને દર મહીને રૂા. ૨૦૦ કન્વેયન્સ એલાઉન્સ તરીકે આપવા કે કેમ ?

INDEX

૭. એજ્યુકેશન એલાઉન્સ.

સંસ્થામાં કામ કરતા તમામ ઓફીસ સ્ટાફના તમામ કર્મચારીઓને રૂા. ૨૦૦ એજ્યુકેશન એલાઉન્સ તરીકે આપવા કે કેમ ?

માંગણી નંબર ૮. મેડીકલ બેનીફીટ

સંસ્થામાં કામ કરતા તમામ કર્મચારીઓને તથા તેમના આશ્રિતોને કરેલ તમામ દવાના ખર્ચાઓ અને તેના બીલની ચુકવણી કરી આપવી કે કેમ?

માંગણી નંબર ૯ એલ. ટી. સી.

સંસ્થામાં કામ કરતા તમામ ઓફીસ સ્ટાફના કર્મચારીઓ તથા તેમના આશ્રિતોને પર પ્રાંત કે સ્વદેશ જવા માટે વધુ વધુ ૫૦૦૦ કી, મી. સુધીનું ફર્સ્ટ ક્લાસનું ભાડું કંપનીએ ચુકવી આપવું કે કેમ ?

માંગણી નંબર ૧૦. રજાઓ.

અ કેજ્યુઅલ રજા,

સંસ્થામાં ઓફીસ સ્ટાફમાં કામ કરતા તમામ કર્મચારીઓને દર ૧૫ દીવસના ભર પગારની કેજ્યુઅલ રજા આપવી કે કેમ ?

બ. હક્ક રજા.

સંસ્થામાં ઓફીસ સ્ટાફમાં કામ કરતા તમામ કર્મચારીઓને દર વરસે ૩૦ દીવસના ભર પગારે હક્ક રજાઓ આપવી કે કેમ ?

ક. માંદગીની રજા-

સંસ્થામાં કામ કરતા તમામ કામદારો/કર્મચારીઓને દર વરસે ૧૨ દીવસની ભરપગારની માંદગીની રજાઓ આપવી કે કેમ ?

INDEX

ક. અકસ્માતની રજા-

સંસ્થામાં ઓફીસ સ્ટાફમાં કામ કરતા તમામ કર્મચારીઓને નોકરીના સમય દરમ્યાન અકસ્માત થાય તો સારવાર દરમ્યાનના દીવસોનો પુરેપુરો પગાર અકસ્માતની રજા તરીકે આપવો તેમજ ઘેરથી કંપની સુધી અને કંપનીથી ઘેર સુધીનો પીરીયડ નોકરીના સમય તરીકે ગણવો કે કેમ ?

માંગણી નંબર ૧૧ તહેવારની રજા.

સંસ્થામાં કામ કરતા તમામ ઓફીસ સ્ટાફના કર્મચારીઓને તહેવારની રજાઓ પ્રમાણે તહેવારની રજાઓ આપવી કે કેમ ?

માંગણી નંબર ૧૨. બચત રજાઓ.

સંસ્થામાં ઓફીસ સ્ટાફના કર્મચારીઓની તેમની હકક રજાઓ વધુમાં વધુ ૧૮૦ દીવસ સુધી તેમજ માંદગીની રજા જ્યાં સુધી નોકરી કરે ત્યાં સુધી એકત્રિત કરવા દેવી કે કેમ ?

માંગની નંબર ૧૩. રજાઓની રોકડમાં ચુકવણી.

સંસ્થામાં કામ કરતા ઓફીસ સ્ટાફના તમામ કર્મચારીઓની તેમની બાકી પડેલ કેજ્યુઅલ રજાઓ વર્ષના અંતે રોકડમાં કેજ્યુઅલ રજાનો પગાર તરીકે ચુકવી આપવી કે કેમ ?

સંસ્થામાં કામ કરતા ઓફીસ સ્ટાફના કર્મચારીઓની તેમની એક વર્ષની હકક રજાઓ પેન્ડીંગમાં રાખી બાકીની રજાઓનો રોકડમાં રૂપાન્તર કરી આપવી કે કેમ ?

માંગણી નંબર ૨૬. લોન.

અ. પર્સનલ લોન.

સંસ્થામાં ઓફીસ સ્ટાફમાં કામ કરતા તમામ કર્મચારીઓને ઓછામાં ઓછી રૂા. ૧૦.૦૦૦ પર્સનલ લોન તરીકે આપવા અને આ લોન વગર વ્યાજે તથા ૫૦ સરળ હપ્તેથી કપાત કરવા તે રીતે ગોઠવણી કરવી કે કેમ?

બ. હાઉસીંગ લોન.

સંસ્થામાં ઓફીસ સ્ટાફમાં કામ કરતા તમામ કર્મચારીઓને મકાન ખરીદવા માટે કે મકાન રીપેરીંગ કરવા સારૂ એક લાખ વગર વ્યાજની લોન આપવી અને દર મહીને સરખા હપ્તાથી કાપવાની વ્યવસ્થા કરવી કે કેમ?

જી. એલ. ભગત
નાયબ મજુર કમીશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૪-૮-૯૦

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસએચએસસી/ ૨૭૦૬૨ /૫.૫ આઈડીઆર/ એને/ એ. ૫૦-૯૦ જેથી સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ધી અમદાવાદ કો. ઓ. ડીપાર્ટમેન્ટ સ્ટોર્સ લી. અપના બજાર અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચ/ આઇ/૧૧-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨(બી)(૨)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧)અને કલમ ૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અનેઅનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ (સિવાય)૧૦૦ કે તેથી ઓછા કામદારે કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ અને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૯-૩-૮૮ના જાહેરનામા ક્રમાંક કેએચ/ આર/૯૧/આઈડીએ/૧૦૮૮/૧૫૨૦/ ૨-અ-૪ હેઠળ શ્રી આર. એસ. શુક્લની બનેલી મજુર અદાલત/ ઔદ્યોગિક ન્યાયપંચ રાજકોટને સદરહુ તકરાર અને તેનો ન્યાય કરવા માટે મોકલું છું.

અનુસુચિ

૧. બેઝીક પગાર ધોરણો.

તા. ૧-૧-૮૯થી સ્ટોર્સ ખાતાને દરેક કામદારોને દર મહીને નીચે દર્શાવ્યા મુજબના પગાર ધોરણો આપવા જોઈએ કે કેમ ?

INDEX

એ. વે:ચમેન પટાવાળા, પાણીવાળા મદદનીશ (ગોડાઉન)	રૂ. ૪૫૦-૨૦-૫૫૦-૨૫-૬૭૫-૩૦-૮૨૫
બી. પેકર, તોલાટ, શોપ આસીસ્ટન્ટ મદદનીશ (સેલ્સ સેકશન)	રૂ. ૫૦૦-૩૦-૬૫૦-૩૫-૮૨૫-૪૦-૧૦૨૫
સી. કલાર્ક, સેલ્સમેન, સેલ્સગર્લ ટેલીફોન ઓપરેટર, ટાઈપીસ્ટ ગેસ મીકેનીક. ડીલીવરી કલાર્ક	રૂ. ૬૦૦-૪૦-૮૦૦-૪૫-૧૦૨૫-૫૦-૧૨૭૫
ડી. ઈન્ચાર્જ, ફાર્માસિસ્ટ. આસી. સ્ટોર કીપર અને આસી. એકાઉન્ટન્ટ	રૂ. ૭૨૫-૫૦-૯૭૫-૬૦-૧૨૭૫-૭૦-૧૬૨૫
ઈ. ઓફીસ સુપ્રીટેન્ડેન્ટ	રૂ. ૮૦૦-૭૦-૧૧૫૦-૯૦-૨૦૦૦
એફ. અન્ય ઈન્ચાર્જ સ્ટોરકીપર અને ચીફ કેશીયર	રૂ. ૯૦૦-૯૦-૧૩૫૦-૧૦૦-૧૮૫૦-૧૧૦-૨૪૦૦

૨ નવા પગાર ધોરણમાં નવા પગાર ધોરણ ગોઠવવા.

કામદારોને હાલના આસીક પગાર ધોરણમાં રૂ. ૩૦૦ ઉમેરવા અને કામદારોને તેમનો ચાલુ પ્રવર્તમાન પગાર ધોરણમાં યોગ્ય સ્ટેપમાં ગોઠવવા જોઈએ કે કેમ?

૩. વાર્ષિક ઈન્ક્રીમેન્ટસ.

પ્રવર્તમાન કામદારોને તેમની સેવાઓની મુદત ધ્યાનમાં લઈ તેમના લાઈફ ટાઈમમાં દર ત્રણ વર્ષે એક ઈન્ક્રીમેન્ટ આપવા જોઈએ કે કેમ?

૪. સ્ટેગ્નેશન ઈન્ક્રીમેન્ટસ.

જે કામદારો તેમની લાંબી સેવાઓને હીસાબે તેમના પગાર ધોરણની ટોચ મર્યાદાએ પહોંચી જઈ અટકી ગયા હોય તેવા કર્મચારીઓને તેમના પગાર ધોરણનાં છેલ્લા ઇન્ક્રીમેંટના હીસાબે ઇન્ક્રીમેન્ટ ગણી તેઓ તેમના પગાર ધોરણમાં અટકી ગયા ન હોય તે રીતે ઈન્ક્રીમેન્ટ આપવા જોઈએ કે કેમ ?

૫. ઘરભાડા ભથ્થું –

દરેક કામદારને તા. ૭–૧––૧૯૮૯ થી તેના પગાર ધોરણના ૨૦ ટકા અને ઓછામાં ઓછા રૂા. ૧૫૦ ઘરભાડા ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

૬. હાઈફ્રોઝ એલા.–

સ્ટોર્સના દરેક કામદારોને તા. ૧–૧–૮૯ થી માસિક રૂા. ૨૫૦ લેખે હાઈફ્રોસ્ટ એલા. આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ તા. ૨૭–૭–૯૦

હં. કે. વાઘેલા
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

—•—•—

મજુર કમિશનર દ્વારા

હુકમ

આૈદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસએચએમસી/૨૭૦૬૩/પ.પ/ આઈડીઆર /એને/ બી/ ૫૧/૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મે. બેગમીન પ્રા. લી. ઓઢવ અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૨૬૦/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)ની સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની અને કલમ-૧૨ની પેટા કલમ ૪ અને ૫ હેઠળની સત્તાઓ સદર ધારાની અનુસૂચી ૨ની આઈટમ નં ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ નં. ૯ ૧૦ ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા આૈદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર આૈદ્યોગિક તકરાર અધિનિયમ ૧૪માંની (અને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ ૧૦ની પેટા કલમ ૧થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૩-૨-૮૭ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૮૨-૧/આઈડીએ/૧૦૮૭/૨૧૨૦(એ)૧-મ-૪થી રચાયેલી આર. એસ. શુકલની બનેલી અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

પરિશિષ્ટ

કામદારના બે પ્રતિનિધીઓને કેસોની મુદતે હાજર રાખવા, બે દીવસનો પગાર પુરો આપવો કે કેમ !

જી. એલ. ભગત
મજુર કમીશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૩-૮-૯૦

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએસઆ/૨૭૦૧૦/૫.૫/આઈડીઆર/એને/એચ/૨૩૯૨-૯૦ આથી સહી કરનારનો એવો અભીપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગીક તકરાર હિન્દુસ્તાન મોટર્સ લી. હાલોલ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગીક તકરાર અધીનિયમ ૧૯૪૭ની કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક-કેએચ. આર. ૨૬૦/આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨/(બી) (૧) થી સદર ધારાની કલમ

૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચી-૨ ની આઈટમ નં. ૧ અને અનુસુચી-૩ ની આઈટમ નં. ૯,૧૦ ... ૧૧ સીવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી ... રાજ્ય અને નાયબ મજુર કમિશ્નર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તથા હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા કલમ (૧)થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૦-૨-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૫૫/આઈડીએ/૧૦૯૦/૫૧૫-વી/સ-૪થી રચાયેલી પી. આર. દેસાઈની બનેલી મજુર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

... સ્થોમાં કામ કરતા ડ્રાયવરોને ૮ કલાક કરતા વધુ ફરજ ગણી વીકલી ... રસે કરેલ ફરજ માટે ડબલ રેટ ઓવરટાઈમ ચુકવવો કે કેમ ?

...ઞાફના ડી

એ. એફ. પટેલ
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૩-૮-૯૦

નાયબ મજુર કમિશનર

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

નં. કેએય/એયએયએમસી/૨૭૦૬૫/પ.પ./આઈડીઆર/એજે/એન/૨૦૬-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર નેશનલ ટેક્ષટાઇલ કોર્પોરેશન (જી) લી. અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (૧૪)માંની કલમ ૨૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગના ગાંધીનગરના તા. ૨૬ માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએય/એસએય/૨૬૧/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ ૧ અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચી-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચી-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમીશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા વીભાગ (ડી) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨/૩/૮૭ના જાહેરનામા ક્રમાંક કેજીય-આર-૧૩૩-આઈડીએ-૧૦૮૭-૬૪૦૮-મ-૪થી રચાયેલા ડી. વી. જોશીની જનેલો મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા સપ્રત મોકલું છું.

અનુસૂચિ

૧. કાયમી કરી સેટ અપ ગોઠવવા અંગે.

- આ નીચે પરીશીષ્ટમાં દર્શાવેલ કામદારોને એન. ટી. સી. (જી)ના કાયમી કર્મચારી ગણી એન. ટી. સી (જી.) તરફથી તેના ઓફીસ સ્ટાફ મીલ યુનિટ સ્ટાફ ડીવીઝન સ્ટાફનું જે રીતે સેટઅપ કરવામાં આવેલ હોય તે મુજબ

ગ્રેડેશનવાળું સેટઅપ તૈયાર કરવું જોઇએ અને કોન્સોલીડેટ પેમેન્ટ પ્રથા બંધ કરવી જોઇએ કે કેમ ?

૧ એ. કે. ગુલાટી	૨ કમલાબેન જયસ્વાલ
૩ વી. જે. રુપારેલીયા	૪ સી. કે. જાડેજા
૫ એમ. આઇ. શેખ	૬ એસ. બી. શાહ
૭ એ. બી. ઠાકર	૮ મનોજ ત્રિવેદી
૯ રાજમણીસીંગ	૧૦ પ્રદીપ એસ. ભાવસાર

૨. પગાર ગ્રેડ આપવા અંગે.

કેટેગરીવાઈઝ નીચે મુજબ પગાર ગ્રેડ જે તે કેટેગરી ઉપર કામ કરતાં કામદારોને તેની મુળ દાખલ તારીખથી પાછલા તફાવત સાથે આપવી જોઈએ કે કેમ ?

અ શોપ મેનેજર	રૂા. ૬૫૦–૧૨૦૦
બ. શોપ ઈન્ચાર્જ	રૂા. ૪૨૫–૧૨–૫૦૮–૧૬.૫૦–૬૬૫
ક. સેલ્સમેન/ગર્લ	રૂા. ૩૨૧–૬.૫૦–૩૬૦–૭.૫૦–૪૧૬–ઈબી–૧૨–૪૭૭–૧૫–૬૧૨
ડ. ડીલીવરી મેન	રૂા. ૨૯૪–૪.૫૦–૩૩૯–ઈબી–૬.૫૦–૪૫૬

૩. ગ્રેડ ફીક્સેશન કરવા અંગે.

માંગણી નં. ૨માં દર્શાવેલ પગાર ગ્રેડ જે તે કામદારની મુળ દાખલ તારીખથી ગણી દર વર્ષના એક લેખે ઈજાફા આપી નવા પગાર ગ્રેડમાં મુળ પગાર નક્કી કરી મુકવવો જોઈએ કે કેમ ?

૪. મોંઘવારી ભથ્થુ તથા ફરતું મોંઘવારી ભથ્થું.

અમદાવાદ કાપડ મીલના ઉદ્યોગમાં કામદાર કર્મચારીઓને મળતા ધોરણ મુજબ ૧૦૦ ટકા મોંઘવારી ભથ્થુ તથા ફરતું મોંઘવારી ભથ્થું આપવું જોઈએ

અને તેનો અમલ જે તે કામદારની મુળ દાખલ તારીખથી પાછલા તફાવત સાથે કરવો જોઈએ કે કેમ ?

પ. અન્ય લાભો.

એન. ટી. સી. લી. અમદાવાદની કચેરીમાં કામ કરતાં કામદારોને જે ધોરણે અને જે રીતે મળતા હોય તે તમામ લાભો તે ધોરણે અને તે રીતે જે તે કામદારની મુળ દાખલ તારીખથી પાછલા તફાવત સાથે આપવા જોઈએ અને તેમાં ગરબાકું લાભથી ભથ્થુ, લીવ ટ્રાવેલ્સ કન્સેશન, લીવ એનકેશમેન્ટ, બોનસ, પ્રોવીડન્ટ ફંડ, હક્ક રજા, પરચુરણ રજા, જાહેર તહેવારોની રજા, હાઉસીંગ લોન, ફેસ્ટીવલ લોન વિગેરે સહીત અન્ય લાભોનો સમાવેશ કરવો જોઈએ કે કેમ ?

એ. એફ. પટેલ
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૪-૮-૯૦

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીકતકરાર અધિનિયમ ૧૯૪૭,

નં. કેએચ /એસએએસએસસી/ ૪૭૧૧/ ૫.૫/આઈડીઆર/એન્ડે/ કે ૩૪૯-૯૦ નોંધેસહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કાલરીયા કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએમ/આર/૨૬૭-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨-બી-૨-થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ની પેટા કલમ (૪) અને(૫) હેઠળની સતા

સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯ થી ૧૦ અને ૨૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજય માટે નાયબ મજુર કમીશનર અમદાવાદને સત્તા માટે સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર. અધીનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ નાયબ મજૂર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨-૩-૮૭ના જાહેર નામા ક્રમાંક કેએચ-આર-૧૩૩-આઈડીએ-૧૦૮૭-૬૪૦૮-મ-૪ થી સ્થાપેલ શ્રી. પી. જોશીની બનેલી મજૂર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શું સંસ્થાએ તા. ૩૧-૩-૯૦થી તાળાબંધી કરેલ છે ? જો હા તો તાળાબંધીના સમયનો પુરેપુરો પગાર મેળવવા કામદારો હક્કદાર છે ખરા ?

કે. કે. રાઠોડ
અમદાવાદ તા. ૨૩-૭-૯૦
નાયબ મજુર કમીશનર
અમદાવાદ

—o—o—

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસએચએમસી/૪૭૧૩/૫.૫./આઈડીઆર/એને/એમ/ ૨૨૦થી૨૪-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગીક તકરાર ૧ જુના ટેક્ષટાઈલ ૨. કર્ણાવત ટેક્ષટાઈલ ૩. જગત ટેક્ષટાઈલ ૪. કે. જે. ટેક્ષટાઈલ ૫. એ. જે. ટેક્ષટાઈલ. અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે

અને હવે ઓદ્યોગીક તકરાર અધીનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદીજાતી વીકાસવીભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક-કેએચ-આર-૨૬૧-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨(બી((૧)ઞ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચી -૨ની આઇટમ નં. ૩ અને અનુસુચી-૩ના આઇટમ નં, ૯, ૧૦ અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઓદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજૂર કમીશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઓદ્યોગીક તકરાર અધીનિયમ ૧૯૪૭ની (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા વીભાગ 'સી'થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમીશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨-૩-૮૭ના જાહેરનામા ક્રમાંક-કેએચ-આર-૧૩૩-આઈડીએ-૧૦૮૭-૬૪૦૮-મ-૪થી રચાયેલી શ્રી ડી. વી. જોષીની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર અને તેનો ન્યાય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

૧. સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોને હાલના પગાર ઉપરાંત દર મહીને રૂા. ૨૦૦ પગાર વધારો આપવો જોઈએ કે કેમ ?

૨. સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોને દર મહીને અમદાવાદની કાપડની મીલોમાં મળતું મોંઘવારી ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

૩. ઉપરોક્ત જણાવેલ તમામ માંગણીઓનો અમલ તા. ૧-૧-૮૯થી કરવો કે કેમ ?

અમદાવાદ તા. ૨૪-૭-૯૦

ડં. કે. વાઘેલા
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએલ/એલએએમસી/ ૪૭૧૨/૫,૫/ આઈડીઆર /એનો/ કે/ ૬-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કુપિટેબ ૨. મેગન થી ૩. કનેક્શન ૪. ઈલેક્ટ્રોપેક અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક કેબીએ એમ-આર-૨૬૦-આઈડીએ-૧૭૮-૧(બી) (૨) ૩ થી સદર ધારાનીકલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં ૩ અને અનુસૂચિ-૩ના આઈટમ નં. ૯ ૧૦ અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ ૧ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર આથી મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વીકાસ શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨-૩-૮૭ના જાહેરનામા ક્રમાંક કેએલ/આર/ ૧૩૩/આઈડીએ/૧૦૮૭-૬૪૦૮-મ-૪થી રચાયેલા ડી. વી. જોશીની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું

પરિશિષ્ટ

૧. સંસ્થામાં કામ કરતા દરેક કામદારને તા. ૧-૧-૮૮થી રૂા. ૫૦૦નો એકહોક પગાર વધારો આપવો કે કેમ ?

૨. સંસ્થામાં કામ કરતા દરેક કામદારને તા. ૧-૧-૮૮થી પ્રતિવર્ષ પ્રતિદીન પગારમાં રૂા. ૧૦નો ઈજાફો આપવો કે કેમ ?

INDEX

૩. સંસ્થામાં કામ કરતા દરેક કામદારને તા. ૧-૧-૮૮થી રૂા. ૩૦૦ મોંઘવારી ભથ્થું ચુકવવું કે કેમ ?

૪. સંસ્થામાં કામ કરતા દરેક કામદારને ઓલ ઈન્ડીયા કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્ષના ૩૦૦ના આંકને ધોરણ બનાવીને તેનાથી વધતા જતા દરેક આંક પોઈન્ટ દીઠ રૂા. ૨ લેખે દરેક માસે તા. ૧-૧-૮૮ના રોજથી ચલીત મોંઘવારી ભથ્થું ચુકવવું જોઈએ કે કેમ ?

૪. સંસ્થામાં જે કામદારે ૯૦ દીવસ કામગીરી કોઈપણ રીતે પુરી કર્યાથી તેને રેગ્યુલર ગ્રેડ અને તમામ લાભો જુની અસરથી આપવા કે કેમ ?

૫. સંસ્થામાં કામ કરતા દરેક કામદારને તા. ૧-૧-૮૮થી પ્રતિમાસ રૂા. ૧૦૦ ઘરભાડું ચુકવવું કે કેમ ?

૬. વોશીંગ એલાઉન્સ તરીકે સંસ્થામાં કામ કરતાં દરેક કામદારને પ્રતિમાસ રૂા. ૫૦ તા. ૧-૧-૮૮થી ચુકવવું કે કેમ ?

૭. સંસ્થામાં કામ કરતા દરેક કામદારને રૂા ૫૦૦ વર્ષમાં એકવાર ફેસ્ટીવલ ચુકવવું કે કેમ ?

૮. સંસ્થામાં કામ કરતા દરેક કામદારને ૧૯૮૭-૮૮ના વર્ષથી પ્રતિવર્ષ ૨૦ ટકા લેખે બોનસ ચુકવવું કે કેમ ?

૯. સંસ્થામાં કામ કરતા દરેક કામદારને દર વરસે ૧૪ કેજ્યુઅલ રજાઓ, ૧૫ તહેવારની રજાઓ, ૩૦ હક્ક રજાઓ પુરા પગારની રજાઓ તા. ૧-૧-૮૮થી આપવી કે કેમ ?

૧૦. સંસ્થામાં કામ કરતા દરેક કામદારને પ્રતિદીન ૫૦૦ ગ્રામ દુધ આપવું કે કેમ?

૧૧. સંસ્થામાં કામ કરતા દરેક કામદારને દર વરસે ત્રણ જોડી ટેરીકોટનનો યુનિફોર્મ તથા એક જોડી ઈન્ડસ્ટ્રીયલ બુટ અને બે જોડી મોજા આપવા કે કેમ?

INDEX

૧૨. સંસ્થામાં કામ કરતા દરેક કામદારને પ્રતિવર્ષ રૂ. ૧૦૦૦ લીવ ટ્રાવેલ એલાઉન્સ ચુકવવું જોઈએ કે કેમ ?

૧૩. સંસ્થામાં કામ કરતા દરેક કામદારને વર્ષમાં એકવાર બે બેઝીક પગાર અથવા રૂા. ૫૦૦ બેમાંથી જે ઓછું હોય તે રકમ ફુડ ગ્રેઈન એડવાન્સ તરીકે ચુકવવું કે કેમ ?

૧૪. દરેક કામદારને દર મહીને રૂા. ૧૦૦ કન્વેયન્સ એલાઉન્સ તરીકે તારીખ ૧-૧-૮૮થી ચુકવી આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ તા. ૨૪-૭-૯૦

હ. કે. વાઘેલા
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

—•—•—

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭

નં. કેએલ/એસએલએમસી/૪૭૧૪-૫.૫./ આઈડીઆર /એને/જી/૨૭૪-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ચાયમી એન્ટરપ્રાઈઝ કેમીકલ્સ અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંનો કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએલ એસએલ/ ૨૬૧- આઈડીએ -૧૦૭૯-૧૧૮૬૨ (બી) (૨) જ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચી-૨ની આઈટમ નં ૩ અને અનુસૂચી-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને

INDEX

૧૧ (સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમીશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૧૦ની પેટા કલમ-૧ની પેટા વિભાગ 'સી'થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨-૩-૮૭ના જાહેરનામા ક્રમાંક કેઓય-આર-૧૩૩-૧૦૮૭-૬૪૦૮-મ-૪ થી રચાયેલી શ્રી. વી. જોશીની બનેલી મજુર અદાલત અમદાવાદને ઉકત તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે સોંપી મોકલું છું.

અનુસૂચિ

૧, પગાર વધારો.

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસીક રૂા. ૩૦૦નો વધારો કરવો કે કેમ ?

૨. મોંઘવારી ભથ્થુ,

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને અમદાવાદ ટેક્ષટાઈલ ઉદ્યોગના ધોરણે મોંઘવારી ભથ્થું આપવું જોઈએ.

૩. હકક રજા.

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને અમદાવાદ ટેક્ષટાઈલ ઉદ્યોગના ધોરણે વરસે ૨૧ દીવસની પગાર સહીતની હકક રજા આપવી જોઈએ કે કેમ ?

૪. ઘરભાડા ભથ્થું,

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસીક રૂા. ૧૦૦ ઘરભાડા ભથ્થું આપવું જોઈએ કે કેમ !

૫. લીવ ટ્રાવેલ કન્સેશન.

INDEX

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તેમના કુટુંબ સાથે દર ત્રણ વરસે રૂા. ૧૫૦૦ લીવ ટ્રાવેલ કન્સેશનના આપવા જોઈએ કે કેમ ?

૬. કપડાં.

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર વરસે બે જોડી ટેરીકોટનના પેન્ટ શર્ટ આપવા જોઈએ કે કેમ ?

૭. બુટ તથા ગ્લોઝ

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર વરસે બે જોડી ચામડાના બુટ તેમજ રબરના હાથના મોજા આપવા જોઈએ કે કેમ ?

૮. સાબુની ગોટી નેપકીન–

સંસ્થામાં કામ કરતા દરેક કામદારને દર મહીને ત્રણ સાબુની ગોટી તેમજ ત્રણ નેપકીન આપવા જોઈએ કે કેમ ?

૯. વીટામીનની ગોળીઓ તેમજ ૨૫૦ ગ્રામ દુધ–

સંસ્થામાં કામ કરતા દરેક કામદારને દરરોજ વિટામીનની ગોળીઓ તેમજ ૨૫૦ ગ્રામ દુધ આપવું જોઈએ કે કેમ ?

ડં. કે. વાઘેલા
નાયબ મજૂર કમીશનર
અમદાવાદ

અમદાવાદ ૨૪–૭–૯૦

INDEX

નાયબ મજુર કમીશનર દ્વારા

હુકમ

ઓદ્યોગીક તકરાર અધીનીયમ-૧૯૪૭

નં. કેએમ/એસએમએસસી/૪૭૧૫/૫,૫/આઈડીઆર/એન/જી-૨૭૬-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મુલાભાઈ જનરલ હોસ્પીટલ અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએમ/આર/૨૬૦-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨/(બી) (૧) થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ની પેટા કલમ ૪ અને ૫ હેઠળની સત્તાઓ સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સીવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમીશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની ૧૪માંની કલમ ૧૦ની પેટા કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨-૩-૮૭ના જાહેરનામા ક્રમાંક કેએમ/આર/૧૩૩ /આઈડીએ/ ૧૦૮૭/૬૪૦૮/મ -૪ થી રચાયેલી શ્રી. વી. જોશીના બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચી

૧. સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને હાલમાં મળતા પગારમાં સુધારો કરી નીચે સુચવ્યા મુજબ વેતન દર આપવા જોઈએ કે કેમ ?

કેટેગરી	બેઝીક પગાર
૧. એક્સરે ટેકનીશ્યન	રૂા. ૬૫૦ થી ૧૦૪૦
૨. એકાઉન્ટન્ટ કલાર્ક	રૂા. ૬૫૦ થી ૧૦૪૦
૩. કેશીયર	રૂા. ૬૫૦ થી ૧૦૪૦
૪. સ્ટાફનર્સ	રૂા. ૫૦૦ થી ૯૦૦
૫. વોર્ડબોય, આયા, જમાદાર, મેતરાણી	રૂા. ૪૨૫ થી ૭૦૦

૨. સંસ્થામાં કામ કરતા દરેક કામદારોને મીલ ઉદ્યોગમાં મળતી મોંઘવારી ભથ્થાની ૭૫ ટકા રકમ અથવા મ્યુનિસિપલ હોસ્પીટલમાં મળતાં મોંઘવારી ભથ્થાની રકમ ચુકવવી જોઈએ કે કેમ ?

૩. સંસ્થામાં કામ કરતા કર્મચારીઓને ઘરભાડા પેટે માસીક રૂા. ૩૦૦ આપવા જોઈએ કે કેમ ?

૪. સંસ્થામાં કામ કરતા કર્મચારીઓને નીચે મુજબ ઈન્ક્રીમેન્ટ આપવું જોઈએ કે કેમ ?

૬૫૦–૫૦–૫૦–૬૦–૬૦–૭૦–૧૦૦–૧૦૪૦

૫૦૦–૪૦–૪૦–૫૦–૫૦–૭૦–૭૦–૮૦–૯૦૦

૪૨૫–૩૦–૩૦–૪૫–૪૫–૬૦–૬૫–૭૦૦

૫. સંસ્થામાં કામ કરતા દરેક કર્મચારીને દર વરસે બે પગાર એલ. ટી. સી. આપવું જોઈએ કે કેમ ?

૬. સંસ્થામાં કામ કરતા કર્મચારીઓને માસીક રૂા. ૭૫ ધોલાઈ ભથ્થુ આપવું જોઈએ કે કેમ ?

૭. સંસ્થામાં કામ કરતા કર્મચારીઓને દર વરસે ત્રણ જોડી કપડાં આપવા કે કેમ ?

૮. સંસ્થામાં કેશીયરને માસીક રૂા ૧૫૦ કેશ એલાઉન્સ આપવું જોઈએ કે કેમ?

ઉં. કે. વાઘેલા
નાયબ મજુર કમીશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૨૪–૭–૯૦

નાયબ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસએચએમસી/૪૭૨૬/૫.૫ /આઈડીઆર/એનએ/એસટી/૨૮૬/૯૦ નીચે સહીકરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. .અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક/કે એચ. આર. ૨૬૦/આઈ ડી. એ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૧) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસાચરના આઇટમ નં. અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર, અમદાવાદ.ને સત્તા સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭નો (૧૪)માંની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું મજૂર કમિશનર, અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૭-૧-૮૬ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૪૧/આઈડીએ/૧૦૮૬-૧૨૧૦/શ/જ-૪થી રચાયેલી એન. એ. વોહારાની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નીર્ણય કરવા માટે લખી મોકલું છું.

પરીશીષ્ટ

અમદાવાદ વીભાગના ગાંધીનગર ડેપોના કંડકટર તરીકે ફરજ બજાવતા શ્રી મગનભાઈ કે. ધંધુકીયાને વીભાગીય પરીવહન અધીક્ષક (શ્રી) અમદાવાદના તારીખ ૨૬-૬-૮૯નાં દફતરી હુકમ નં. ડીએસ-ટીઆર-ડી (૧) નં. ૨૫૭૬-૮૫ થી વાર્ષિક પગાર વધારો બે વરસ માટે કાયમી અસરથી બંધ કરવાની શીક્ષા કરવામાં આવેલ છે તે શીક્ષાનો હુકમ રદ કરવો જોઈએ કે કેમ ?

હં. કે. વાઘેલા

અમદાવાદ તા. ૨૪-૭-૯૦

નાયબ મજુર કમિશનર

અમદાવાદ

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

નં. કેએમ/એલએમએસી/૪૭૧૭/૫.૫.-આઈડીઆર/એને/એલડી/૨૮૮-૯૦ નીચે સહી કરનારનો એવો અભીપ્રાય થાય છે કે આ સાથે સાથેની અનુસુચીમાં નીર્દિષ્ટ કરેલી બાબતો સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મેસ. ટી. અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચ આર-૨૬૧-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨-બી(૨)અથીસદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ-૧ અને કલમ-૧૨ની પેટા કલમ (૪)અને(૫) હેઠળની સતાઓ .(સદર ધારાની અનુસુચી-૨ની આઈટમ નં ૩ અને અનુસુચી-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઓદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમીશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માં)નો કલમ-૧૦ની પેટા કલમ-૧ની સાથે પેટા વિભાગ -સી થીમળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૭-૧-૮૬ના જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૪૧-આઈડીએ-૧૦૮૬-૧૨૧૦-એ-મ-૪થી રચાયેલ એન. એ. ચોહાણની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

બારેજા ડેપોના કંડકટર રસુલભાઈ બી. કોઠારીયાને નં. ૨૬૬૨૮ને તારીખ ૨૦-૮-૮૫થી બરતરફ કરવામાં આવેલ છે તે હુકમને ડીસીએ-ટીઆર-ડીડી નં. ૩૮-૧૫૨૭૫ તા. ૧૯-૨૦-૮/૮૫ નો મુળ હુકમ તથા પ્રથમ અપીલનો હુકમ એમ બંને હુકમ રદ કરવા જોઈએ કે કેમ ? અને તે હુકમથી થયેલ આથીંક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

હં. કે. વાઘેલા
નાયબ મજુર કમીશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૨૪-૭-૯૦

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીક તકરાર અધીનીયમ-૧૯૪૭

નં. કેએમ/એસએમએસી/૪૭૧૮ પ.પ.-આઇડીઆર/એજે-એમ./૩૨૬-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર માર્ક એમ્પ્લેક્સ પ્રા. લી. કંપની અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ ગાંધીનગરના તા. ૨૧ માર્ચ ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કે એમ/એસએમ/૨૬૧ આઇડીએ-૧૦૭૮-૧૧૮૬૨(બી)(૨)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૯ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૯ ૮ ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજૂર કમીશ્નર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪માંની કલમ ૧૦ની પેટા કલમ-૧ની પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રુએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી કામ અને રોજગાર વિભાગના તા. ૨૭-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએમઆર-૮૨-આઇડીએ-૧૦૯૦-૪૬૩૫-એ-જ -૪થી રચાયેલ જી. એસ. પટેલની બનેલી મજુર અદાલત કલોલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસુચિ

૧. પગાર વધારો.

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને હાલમાં મળતા પગારમાં રૂા. ૧૦નો દૈનિક પગાર વધારો કરવો જોઈએ કે કેમ ?

INDEX

૨. મોંઘવારી.

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને પગાર વધારો ઉપરાંત રૂા. ૩૦૦ મોંઘવારી ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

૩. મકાન ભાડું.

સંસ્થામાં કામ કરતા તમામ કામદારને દર મહીને રૂા. ૧૫૦ મકાન ભાડા પેટે આપવા જોઈએ કે કેમ ?

૪. રજાઓ.

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને ૧૫ દીવસની વાર્ષિક આકસ્મીક (સી. એલ) ૨૫ દીવસની વાર્ષિક હકક રજા (ઈ. એલ.) માંદગીની રજા વાર્ષિક રજા અને દર અઠવાડીયે એક રજા ભર પગારે આપવી જોઈએ કે કેમ ?

૫. યુનિફોર્મ.

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને વાર્ષિક ત્રણ જોડી ટેરીકોટનનું યુનિફોર્મ તથા ત્રણ જોડી બાટા બુટ આપવા જોઈએ કે કેમ ?

૬. વોશીંગ એલાઉન્સ.

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને રૂા. ૬૦ માસીક વોશીંગ એલાઉન્સ આપવું જોઈએ કે કેમ ?

૭. અમલ અંગે.

તમામ કામદારોની ઉપરોકત માંગણીઓનો અમલ તા. ૧-૧-૮૯થી કરવો જોઈએ કે કેમ ?

ઈ. કે. વાઘેલા
નાયબ મજુર કમીશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૨૪-૭-૯૦

નાયબ મજુર કમિશનર, દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસએચએમસી/૪૭૧૯/૫૫/આઈડીઆર/એને/એસ.ટી-૭૭૨-૯૮ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતોસાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. મહેસાણા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક/કેએચઆર ૨૬૦/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨/બી (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સીવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતાં ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ શ્રમ અને રોજગારવીભાગના તા. ૧૭-૧-૮૬ના જાહેરનામાં ક્રમાંક/કે એચ/આર/ ૪૧/આઈડીએ/૧૦૮૬/૧૨૧૦/એ/ એમ-૪ હેઠળ રચાયેલ એન. એ. ગોહાણુની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છુ.

પરીશીષ્ટ

એસ. ટી. કોર્પોરેશનના મહેસાણા વીભાગના કલોલ ડેપોના કંડકટર અજીતસિંહ જી. સોલંકીનું તા. ૪-૧૧-૮૮ હુકમથી ૪ વર્ષ માટે ઈન્ક્રીમેન્ટ કાયમી અસરથી બંધ કરેલ છે તે શીક્ષાનો હુકમ રદ કરી તેના કારણે થયેલ તમામ આર્થીક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

હં. કે. વાઘેલા
નાયબ મજુર કમીશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૨૪-૭-૯૦

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

નં.· કેએચ/એસએમએમએસી/૪૭૨૦–૫.૫./·આઈડીઆર/ એને/૩૩૩-૯૦ નીચે એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ ·કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. મહેસાણા અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧૨-૪-૮૨ના એક જાહેરનામા ક્રમાંક : કેએચ-એસએમ-૨૬૧-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨(બી) (૨) જ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચી-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચી-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમીશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રુએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૭-૧-૮૬ના જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૪૧-આઈડીએ-૧૦૮૬-૨૨૧૦-(અ) મ-૪થી રચાયેલ એન. એ. ચોહાણની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસુચિ

સ્ટેટ ટ્રાન્સપોર્ટ સર્વીસ, મહેસાણા વીભાગના કલોલ ડેપોમાં ફરજ બજાવતા સુંદરભાઈ કેશવલાલ નાયક ડ્રાયવર બેજ નં. ૧૦૨૭૯ને હુકમ નં વિનિમય/મહે વહીવટ-૨૮૭-મ.અ.-૨૦૬૭૨ તા. ૨૭-૮-૮૫થી ડ્રાયવરની કક્ષામાં મુળ પગારમાં આવે છે. આ અંગે કરેલી બીજી અપીલના હુકમ નં. વિનિ-મહેસાણા-અહેકમ૧ ૧૩૬૭ તા. ૫-૬-૮૯થી તેઓ બરતરફ થયા તે વખતે જે પગાર મળતો હતો તેના ત્રણ સ્ટેજ નીચે મુકવાનો હુકમ કરેલ છે તો સદર કામદારને કરેલ બરતરફીનો હુકમ તથા તા. ૨૩-૮-૮૫ના ડ્રાયવરની કક્ષાના મુળ પગારમાં મુકવાનો હુકમ તથા ૫-૬-૮૭નો ત્રણ સ્ટેજ નીચે મુકવાનો હુકમ એમના ત્રણેય હુકમ રદ કરી

સદર કામદારને થયેલ આર્થિક નુકસાન પગાર વધારો. મોંઘવારી. ઓવર ટાઈમ બોનસ વિગેરે ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

ઉ. કે. વાઘેલા
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૨૪-૭-૯૦

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ

નં. કેએચ/એસએમએમએમસી/૪૭૯૨/૫.૫/આઈડીઆર/એને/એલ/૩૩૬-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગીક તકરાર એસ. ટી. મહેસાણા અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચ-આર/૨૬૧-આઈડીએ-૧૦૮૭-૧૧૮૬૨ (બી)(૧)થી સદરધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચી-૨ ની આઈટમ નં. ૩ અને અનુસુચી-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ કમીશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં નો) કલમ-૧૦ની પેટા કલમ-૧ની સાથે પેટા વિભાગ સોંપી આપેલ સતાની રુએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૧૭-૨-૮૭ના જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૪૧-આઈડીએ-૧૦૮૬-૨૨૧૦-મ-મ-૪થી રચાયેલ એન. એ. ચૌહાણની બનેલી મજુર અદાલત/ઔદ્યોગીક ન્યાયપંચ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

મેરાણુ ડેપો ખાતે ડ્રાયવર તરીકે ફરજ બજાવતા પ્રફુલચંદ્ર ડી. બારોટને કસુરતી હુકમ નં. વિનિ-મહે-પરી-ડી-૯૪૩-૮૧-૪૬-૮૧-૧૫૦૮૦થી ત્રણ વર્ષના

INDEX

વાર્ષિક પગાર વધારો બંધ કરવાની શિક્ષા કરેલ છે તે શિક્ષા રદ કરી તેમને થયેલ આર્થિક નુકશાન ભરપાઈ-કરી આપવું જોઈએ કે કેમ ?

ડં. કે. વાઘેલા

અમદાવાદ તા. ૨૪-૭-૯૦ નાયબ મજુર કમિશ્નર અમદાવાદ

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસએચએમસી/૪૭૨૨ /૫.૫ આઈડીઆર/એએ/એસ. ટી ૩૩૭-૯૦ જેએ સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. હિંમતનગર અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચ/આરએ ૬૧-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨(બી)(૨)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧)અને કલમ ૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અનેઅનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ (સિવાય)૧૦૦ કે તેથી ઓછા કામદારે કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશ્નર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ અને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૧૭-૧-૮૬નાં જાહેરનામા ક્રમાંક કેએચ/ આર/૪૧/આઈડીએ/૧૦૮૬/૧૨૧૦/ અ-૪-૪ હેઠળ શ્રી એન. એ. ચોહાણની બનેલી મજુર અદાલત/ ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદને સદરહુ તકરાર અને તેનો ન્યાય કરવા માટે મોકલું છું.

અનુસુચિ

એસ. ટી. કોર્પોરેશનના હીંમતનગર વીભાગના માણસા ડેપોના ડ્રાઈવર કાંતીભાઈ ઈશ્વરભાઈ પટેલ બેજ નં. ૧૯૦૩૯ને તા. ૨૪-૧૧-૮૬ના ડી. સી. એમ. ટી.ના હુકમથી તેઓનો વાર્ષિક પગાર વધારો બે વરસ માટે કાયમી અસરથી બંધ કરેલ છે તે સામે કરેલ પ્રથમ અપીલના તા. ૩-૯-૮૭ના હુકમથી શિક્ષામાં

ઘટાડો કરી એક વર્ષ માટે વાર્ષિક પગાર વધારો કાયમી અસરથી બંધ કરવાની શિક્ષા કરેલ સદર બંને હુકમ રદ કરી તેઓને થયેલ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

ઠં. કે. વાઘેલા
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૨૪-૭-૯૦

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

નં કેએચ/એસએચએમસ/ ૪૭૨૩-૫.૫./આઈડીઆર/એજે/ ૩૩૬-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગીક તકરાર સનબ્રાઈટ ટ્રેડ ઇન્ડસ્ટ્રીઝ અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાત વિકાસ વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચ એસએચ/૨૬૧-આઈડીએ/૧૦૭૮/ ૧૧૮૬૨- (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨નો પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ સદર ધારાની અનુસુચી-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચી-૩ની આઈટમ નં. ૯ ૧૦ અને ૧૧ સીવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમીશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪ની કલમ-૧૦ની પેટાકલમ કલોઝ-કલોઝ (સી)થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨-૩-૮૭ ના જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૧૩૩-આઈડીએ-૧૦૮૭-૬૪૦૮-મ-૪થી રચાયેલ શ્રી. વી. જોશીની જનેથી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

૧. સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તા. ૧-૬-૮૯થી હાલમાં મળતા પગારમાં માસીક રૂા. ૩૦૦નો પગાર વધારો આપવો કે કેમ?

૨. સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને કાપડની મીલના ધોરણે ૫૦ ટકા મોંઘવારી ભથ્થું તા. ૧-૬-૮૯થી આપવું કે કેમ?

૩. સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને ૨૫ દીવસે ૧ દીવસની ગણી વાર્ષિક હક્ક રજા આપવી કે કેમ?

૪. સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર વરસે ૧૫ દીવસની કેઝ્યુઅલ રજા આપવી કે કેમ?

૫. સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર વરસે ૩ પેન્ટ શર્ટ ટકાઉ અને આપના સારી જાતના કાપડના આપવા કે કેમ? અને ૨ જોડી ચામડાના બુટ આપવા કે કેમ?

૬. સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસીક રૂા. ૧૦૦ ધોલાઈ ભથ્થું આપવું કે કેમ?

૭. સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર વરસે ભર પગારે ૧૬ તહેવારોની રજા પગારથી આપવી કે કેમ?

૮. સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તા. ૧-૬-૮૯થી દર માસે રૂા. ૨૫૦ મકાન ભાડાના આપવા કે કેમ?

૯. સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દરરોજ ૫૦૦ ગ્રામ દુધ આપવું. કે કેમ?

૧૦. સંસ્થામાં કામ કરતા દરેક કામદારને દરરોજ ૬ નંગ કેળા આપવા કે કેમ?

ઉ. કે. વાઘેલા
નાયબ મજુર કમિશ્નર
અમદાવાદ

અમદાવાદ તા. ૨૪-૭-૯૦

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭

ન. કેએમ/મીસએમએમસી/૪૭૨૪/૫.૫./આઈડીઆર/એને/એસ.ટી./૭૪૨-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક-કેએચઆર/૨૬૦/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨/બી(૨)૩ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯,૧૦ અને ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરે છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ ૧૦ની પેટા કલમ ૧થી મળેલ સત્તાની રુએ નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૭-૨-૮૬ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/ ૪૧ /આઈડીએ /૧૦૮૬/૧૨૧૦-એ-૧-મ-૪થી રચાયેલી એન. એ. ચોકાણીની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

પરિશિષ્ટ

સ્ટેટ ટ્રાન્સપોર્ટ સર્વીસના અમદાવાદ વીભાગના ધોળકા ડેપોના સુખાભાઈ સોમાભાઈ કુંભાર કન્ડકટર બે. નં. ૨૩૫૦ને ડેપો મેનેજર 'એ' ધોળકાના દફતરી હુકમ નં. ડીએમએ-ધોળકા-ઈ-૧૩૪૦ તા. ૩૦-૧૧-૮૫થી વાર્ષિક પગાર વધારો બે વર્ષ માટે કાયમી અસરથી બંધ કરેલ છે તે શીક્ષાનો હુકમ રદ કરી તેમને આર્થીક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

ઈ. કે. વાઘેલા
નાયબ મજુર કમીશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૨૪-૭-૯૦

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીક વીવાદ અધીનિયમ-૧૯૪૭

નં. કેએચ/એસએમએમસી/૪૭૨૫/ ૫.૫ ./આઈડીઆર-એએ/ એ/૩૪૪-૯૦ નીચે સહી કરનારનો એવો અભીપ્રાય છે કે આ સાથે જોડેલી નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગીક તકરાર અમદાવાદ મ્યુ. કોર્પોરેશન અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે

અને હવે પછીના ઔદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭ની કલમ ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વીકાસ વીભાગની તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક -કેએચ-એમએસ-૨૧૧-આઈડીએ/૧૦૭૨-૧૧૮૬૨-(બી)(૨)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ ૧ અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૨) હેઠળની સતાઓ (સદર ધારાની અનુસુચી-૧૨ની આઈટમ નં. ૩ અને અનુસુચી-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરે છે.

તેથી હવે ઉપર જણાવ્યા મુજબ અધીનીયમ ૧૯૪૭ની કલમ ૧૪માંની પેટા કલમ ૧ પેટા વીભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમીશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૫-૧૨-૮૯ના જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૩૫૫-આઈડીએ-૧૦૮૯-૫૦૦૦-મ-૪થી રચાયેલ એસ. ડી. પંડયાની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે આથી લખી મોકલું છું.

અનુસુચિ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર બીલ્ડીંગ વીભાગ-૨માં કામ કરતા આસીસ્ટન્ટ એન્જીનીયર અશોકકુમાર એલ. કાયમથને તા. ૧-૧-૮૬થી કાયમી કરી મળી શકતા અન્ય તમામ લાભો આપવા જોઈએ કે કેમ ?

અમદાવાદ તા. ૨૪-૭-૯૦

ડં. કે. વાઘેલા
નાયબ મજુર કમીશનર
અમદાવાદ

નાયબ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭,

નં. કેએમ/એસએમએસસી/ ૪૭૨૭/ ૫.૫/ આઈડીઆર/ એન/ એ ૩૪૬-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સારૂ સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદીજાત વિકાસ વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક : કેએમ-એસએમ-૨૬૧-આઈડીએ-૧૦૫૮-૨૧૮૬૨ (બી) (૨) થી સદર ધારાની કલમ- ૧૦ની પેટા કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમીશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ ૧૪માંની પેટા કલમ ૧થી મળેલ સત્તાની રૂએ હું શ્રી નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૫-૧૨-૮૯ના જાહેરનામા ક્રમાંક કેએમ-આર-૩૫૫-આઈડીએ-૧૦૮૯-૫૦૦૦-મ-૪થી રચાયેલ એમ.ડી. પંડયાની બનેલ મજુર અદાલત અમદાવાદને ઉક્ત તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કામર ઓફિસના ડ્રાયવર બાબુભાઈ ભગવાનદાસને રૂા. ૩૫૦૦ એલ. ટી. સી. આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ તા. ૨૪-૭-૯૦

કે. કે. વ. ઘેલા
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં. કેએમ/એસએમએએસસી/૪૭૨૮/૫.૫/આઈડીઆર/એને/એલ. ટી. ૩૫૫-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. મહેસાણા અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએમ આર-૨૬૧-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨(બી) (૧) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ ૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતાં ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા મુજબ તકરાર અધીનીયમ-૧૯૪૭ની કલમ-૧૪ એની પેટા કલમ ૧૦થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમીશનર વડોદરા આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૧૭-૧-૮ ના જાહેરનામા ક્રમાંક કેએમ/ આર/૪૧ /આઇડીએ/ ૧૦૮૭/૨૧૨૦(૧)એ-મ-.થી રચાયેલ એન. એ. લોહાણુની અમેલી મજુર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર ન્યાય નીર્ણય માટે મોકલું છું.

અનુસૂચિ

પાટણ ડેપોના કંડક્ટર નરસીંગભાઈ લક્ષ્મણભાઈ સોલંકીને તારીખ ૭-૧૧-૮૫ના હુકમ નં. ૨૪૯-૮૪થી મુળ પગાર પર કાયમ માટે મુકેલ છે તે હુકમ રદ કરવો જોઈએ કે કેમ? તેથી થયેલ આર્થીક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

ડી. કે. વાઘેલા
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૨૪-૭-૯૦

INDEX

નાયબ મજુર કમિશનર

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસએમએમએસસી/૪૭૨૯/૫.૫/ આઈડીઆર/ એન્ને/ઝેડ/ ૩૫૭-૯૦ /૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મે. જેકીન્સ ફાર્માસ્યુટીકલ્સ લી. અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૨૬૦-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨ (બી) (૧)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ ૧ અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા કલમની પેટા વિભાગ 'સી'થી મળેલ સત્તાની રૂએ હું શ્રી નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વિકાસ વિભાગના તા. ૨૭-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૮૨-આઈડીએ-૧૦૯૦-૪૬૬૫-એ-મ-૪થી રચાયેલી શ્રી. જી. એસ. પટેલની અનેથી મજુર અદાલત કલોલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

૧. પગાર વધારો.

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસીક રૂા. ૨૦૦ પગાર વધારો આપવો જોઈએ કે કેમ ?

૨. મોંઘવારી ભથ્થા અંગે.

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને રૂા. ૫૦૦ ફીક્સ મોંઘવારી ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

INDEX

૩. રજાઓ. સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર વરસે હક્ક રજા ૩૦, કેજ્યુઅલ રજા ૧૦, તહેવારની રજા ૧૫ રજાઓ તથા માંદગીની રજા ૧૫ દીવસની ભરપગારે આપવી કે કેમ ?

૪. યુનિફોર્મ સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને બે જોડી યુનિફોર્મ અને જાટાના બુટ બે જોડી આપવા કે કેમ ?

૫. વોશીંગ એલાઉન્સ. સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને રૂા. ૪૦ દર મહીને વોશીંગ એલાઉન્સ આપવું જોઈએ કે કેમ ?

૬. અમલ.
ઉપરોક્ત માંગણીઓનો અમલ તા. ૧-૪-૮૯થી કરવો જોઈએ કે કેમ ?

ઉં. કે. વાઘેલા
નાયબ મજુર કમિશનર
અમદાવાદ.

નાયબ મજુર કમિશનર દ્વારા

સુધારો

આ કચેરીના તા. ૯-૭-૯૦ના પત્ર નં. ૪૦૩૬૨ અને ૪૦૩૬૮ અને તા. ૯-૭-૯૦ના પત્ર નં. ૪૦૩૬૯થી ૪૦૩૭૬થી ખીરા સ્ટીલ વર્કસ પ્રા. લી. અમદાવાદ અને ગુજરાત મજદુર પંચાયત વચ્ચે ઔદ્યોગીક વિવાદ ધારા ૧૯૪૭ની કલમ ૧૦(૨) મુજબ થયેલ કરાર અંગેનો જોઈન્ટ રેફરન્સ અત્રેથી સી. જી. રાઠોડની ઔદ્યોગીક અદાલત, લાલ દરવાજા, અમદાવાદને ન્યાય નિર્ણય માટે મોકલી આપવામાં આવેલ હતો પરંતુ સી. જી. રાઠોડ નિવૃત્ત થતાં સદર જોઈન્ટ રેફરન્સ આર. એસ. શુકલની ઔદ્યોગીક અદાલત, લાલદરવાજા, અમદાવાદને મોકલી આપવામાં આવેલ છે. આથી આ સુધારા અંગેની નોંધ લેવા વિનંતી છે.

સહી અવાચ્ય
મદદનીશ મજુર કમિશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૨૬-૭-૯૦

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગીક તકરાર અધિનીયમ-૧૯૪૭.

નં. કેએમ/એસએમએસ્ટી/ ૪૭૪૨/૫.૫ /આઈડીઆર/ એને/જી /૭૬૫-૯૦ /૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાયછે કે આ સાથે જોડેલી અનુસુચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગીક તકરાર ગુજરાત વિદ્યુત બોર્ડ વડોદરા અને તેના કામદાર વચ્ચેની છે.

હવે ઔદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭ની કલમ-અન્વયે ગુજરાત સરકાર ના શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએમ/આર/૨૬૦--આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨-(બી) (૧) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ અને કલમ ૧૨ની પેટા કલમ ૪અને ૪ હેઠળની સત્તાઓ સદર ધારાની અનુસુચી-૨ની આઈટમ નં. ૩ અને અનુંસુચી-૩ની આઈટમ નં. ૯, ૧૦ ૧૧ સીવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમીશ્નર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ ૧૦ની પેટા કલમ ૧થી મળેલ સતાની રૂએ હું મજુર કમીશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૩૧-૫-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએમ/આર/૪૨૫/આઈડીએ/૧૦૯૦/૨૬૯૨-સી-મ-૪થી રચાયેલ શ્રી એચ. આર. કમોઢીયાની બનેલ મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

પરીશીષ્ટ

મહેસાણા ટ્રાન્સમીશન સર્કલના તાબા હેઠળના ૧૩૨ કેવી. સબસ્ટેશન ઈડર ટી. આર. ડીવીજનમાં પી. ઓ. શ્રે ૬૧ તરીકે ફરજ બજાવતા એલ. એમ. દેસાઈ તા. ૧-૪-૭૪ના રોજ તેમનાથી જુનીયર કર્મચારી એસ. એમ. પટેલ પી. ઓ. ગ્રેડ-૧ દહેગામ ટી. આર ડીવીજન કરતાં ઓછા પગાર મેળવે છે બોર્ડના નિયમો દેસાઈને જે પગાર વિસંગતા થાય છે તે તા. ૧-૪-૭૪થી દુર કરી તેમનો પગાર ફીક્સ કરી તમામ લાભો તાત્કાલીક રોકડમાં ચુકવવાના હુકમો કરવા જોઈએ કે કેમ?

અમદાવાદ તા. ૨૪-૭-૯૦

હં. કે. વાઘેલા
નાયબ મજુર કમીશનર
અમદાવાદ

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

નં. કેએમએલએમએસી/ ૪૭૪૩/૫.૫/ આઇડીઆર /એને/ વી/ ૧૧૮-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વીરમગામ નગરપાલીકા વીરમગામ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની ૧૪ માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગના તા. ૨૬મી માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ-એસએચ-૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩૩થી સદર ધારાની કલમ ૧ની પેટા કલમ (૧૦)ની સાથે પેટા વિભાગ ૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસુચિ ૨ની આઇટમ નં. ૩ અને અનુસુચી ૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધાજ નાયબ મજુર કમિશનરોને તેમના સોપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ સને ૧૯૪૭ ૧૯૪૭ના ૧૪માં)ની કલમ ૧૦ની પેટા કલમ ૧ને પેટા વિભાગ ડીથી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૦-૬-૮૯ના જાહેરનામા ક્રમાંક કેએમ-આર-૨૯૦-આઇડીએ-૧૦૮૯-૩૧૯૨ મ-૪ હેઠળ રચાયેલ શ્રી વી. એચ. કાકોરની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

પરીશીષ્ટ

ચીમનભાઈ સેંધાભાઈ ગ્યુનિ. બગીચા માળીની કાયમી ખાલી જગ્યાએ નોકરીમાં લેવા જોઈએ કે કેમ ? કાયમી કામદારોને તેમના પગાર મોંઘવારી અને અન્ય મળવા પાત્ર ભથ્થાઓ સહીતના તમામ લાભો પાછલા વળતર સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

ઇ. કે. વાઘેલા
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૧૨-૭-૯૦

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીક તકરાર અધીનીયમ-૧૯૪૭

નં. કેએલ/એસએલએમસી/૪૭૪૪-૫.૫./ આઈડીઆર/એને/એસ/૨૬૧-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સ્વસ્તિક ટેક્ષટાઈલ એન્જી. પ્રા. લી. અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૩૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએલ એસએમ/ ૨૬૧- આઈડીએ -૧૦૭૮-૧૧૮૬૨ (બી) (૨) જ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચી-૨ની આઈટમ નં ૩ અને અનુસુચી-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમીશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૧૦ની પેટા કલમ-૧ની પેટા વિભાગ 'સી'થી મળેલ સત્તાની રુએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨-૩-૮૭ના જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૧૩૩-૧૦૮૭- ૬૪૦૯-મ-૪ થી રચાયેલી શ્રી. વી. જોશીની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

સામેલ પરીશીષ્ટ 'અ' દર્શાવેલ કામદારોના નામ સામે જણાવેલ સમય અને દીવસો માટે કામદારોને સસ્પેન્ડ કરવાના જે હુકમો કર્યા છે તે તમામ હુકમો પાછા ખેંચી સસ્પેન્ડ સમયનો પુરો પગાર ભરપાઈ કરી આપવો જોઈએ કે કેમ ?

અ. નં.	નામ	કેટલા દીવસ સસ્પેન્ડ કર્યા	કેટલા સમય માટે સસ્પેન્ડ કર્યા
૧	જેઠાભાઈ ધુળાભાઈ	૪ દીવસ	તા. ૫-૯-૮૮થી ૮-૯-૮૮ સુધી
૨	ઉમાશંકર બી. ઉપાધ્યાય	૧ દીવસ	તા. ૧૦-૬-૮૯
૩	ઉમાશંકર બી. ઉપાધ્યાય	૫ દીવસ	તા. ૧૨-૩-૮૯થી ૧૬-૩-૮૯ સુધી
૪	ઉમાશંકર બી. ઉપાધ્યાય	૩ દીવસ	તા. ૨૭-૧-૮૯થી ૨૯-૧-૮૯ સુધી
૫	જે. બી. પટેલ	૧ દીવસ	તા. ૬૫-૪-૮૯
૬	બીજ બિહારી રામસાગર	૪ દીવસ	તા. ૧૭-૪-૮૯થી ૨૦-૪-૮૯ સુધી
૭	જેઠાલાલ ધુળાભાઈ	૭ દીવસ	તા. ૧૭-૧૨-૮૮થી૨૧-૧૨-૮૮સુધી
૮	શાહીદખાન પઠાણ	,,	,, ,,
૯	ખુશાલભાઈ રામજીભાઈ	,,	,, ,,
૧૦	મોતીભાઈ હીરાભાઈ	,,	,, ,,
૧૧	ડાહ્યાભાઈ પુતાભાઈ	,,	,, ,,
૧૨	ભાણુજીભાઇ શીવાભાઈ	૩ દીવસ	તા. ૭-૭-૮૯, ૮-૭-૮૯ અને તા. ૧૦-૭-૮૯
૧૩	વિનોદ જી. પંચાલ	૧॥ ,,	તા. ૨૪-૫-૮૯થી રાતના આઠ વાગ્યાથી તા. ૨૫-૫-૮૯ સુધી
૧૪	રસીકભાઈ આર. પંચાલ	૪ દીવસ	તા, ૮-૨-૮૩થી ૧૫-૨-૮૩સુધી
૧૫	,,	૭૬ દીવસ	તા. ૨૫-૫-૮૩થી ૨૧-૮-૮૩ સુધી
૧૬	,,	૨૭ દીવસ	૨૯-૮-૮૩થી ૨૭-૩-૮૩ સુધી
૧૭	ડી. પી. પરમાર	૧૨ દીવસ	૧૪-૮-૮૫થી ૨૪-૮-૮૫ સુધી
૧૮	,,	૧૩ દીવસ	૨૬-૧૦-૮૫થી ૭-૧૧-૮૫ સુધી

INDEX

૧૯ એચ. એ. મીરઝા	૭૬ દીવસ	૨૫-૫-૮૬થી ૨૧-૮-૮૬ સુધી
૨૦ અંબાલાલ એમ. પંચાલ	૪ દીવસ	તા, ૧૭-૭-૮૩થી ૨૦-૭-૮૩ સુધી
૨૧ ,,	૩ દીવસ	તા. ૨૧-૫-૮૪થી ૨૩-૫-૮૪ સુધી
૨૨ ,,	૧૦૩ દીવસ	તા. ૨૨-૯-૮૫થી ૨-૧-૮૬ સુધી
૨૩ ,,	૪ દીવસ	તા. ૧૨-૯-૮૭થી ૧૫-૯-૮૭ સુધી
૨૪ ,,	૧૦ દીવસ	તા. ૧૭-૧૨-૮૮થી૨૮-૧૨-૮૮સુધી
૨૫ કનુભાઈ એ. ઠાકોર	૧ દીવસ	તા. ૧૯-૨-૭૦થી ૨૦-૨-૭૦ સુધી
૨૬ ,,	૪ દીવસ	તા. ૨૦-૪-૭૦થી ૨૩-૪-૭૦ સુધી
૨૭ ,,	૪ દીવસ	તા. ૬-૮-૮૦થી ૮-૮-૮૦ સુધી
૨૮ ,,	૪ દીવસ	૨૬/૨/૮૩ અડધો દીવસ ૨૭,૨૮/૨/૮૩ ૧, ૨, ૩, ૪-૩-૮૩ સુધી
૨૯ ,,	૪ દીવસ	તા. ૩૧-૩-૮૩ અડધો દીવસ ૧, ૨, ૩, ૫-૪-૮૯ સુધી
૩૦ ,,	૫ દીવસ	તા. ૨૧-૫-૮૮થી ૨૫-૫-૮૪ સુધી
૩૧ ,,	૬ દીવસ	તા. ૧૧-૫-૮૯થી ૧૭-૫-૮૯
૩૨ ,,	૯૮ દીવસ	તા. ૨૨-૭-૮૫થી ૨૭-૧૦-૮૫
૩૩ ,,	૮૯ દીવસ	તા. ૨૭-૫-૮૬થી ૨૩-૧૦-૮૬
૩૪ ,,	૧૦ દીવસ	તા. ૧૭-૧૨-૮૮થી ૨૮-૧૨-૮૮સુધી

અમદાવાદ ૨૯-૭-૯૦

હં. કે. વાઘેલા
નાયબ મજૂર કમીશ્નર
અમદાવાદ

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭,

ક્રમાંક કેએચ/એસએચએમસી/૪૭૪૫/ ૫.૫/આઈડીઆર/ મેજે /એલ ૨૬૮–૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર લક્ષ્મી ટ્રાન્સપોર્ટ કું. અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિકતકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪માની કલમ–૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વિકાસ વિભાગના તા. ૨૧–૪–૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચ આર/૨૬૧–આઈડીએ/૧૦૭૮/ ૧૧૮૬૨–(બી) (૨) ૩ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ–૧ અને કલમ–૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચી–૨ની આઈટમ નં. ૩ અને અનુસુચી–૩ની આઈટમ નં. ૯, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમીશનરને અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ સને ૧૯૪૭ ૧૯૪૭ના ૧૪મા)ની કલમ ૧૦ની પેટા કલમ ૧ને પેટા વિભાગ સીથી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨–૩–૮૭ના જાહેરનામા ક્રમાંક કેએચ–આર–૧૩૩–આઈડીએ–૧૦૮૭–૬૪૦૮ મ–૪ હેઠળ રચાયેલ શ્રી ડી. વી. જોશીની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસુચિ

સંસ્થામાં કામ કરતા તમામ કમાલ કેટેગરીના કામદારોને ૧૯૮૫–૮૬, ૧૯૮૬–૮૭ તથા ૧૯૮૭–૮૮ ના વર્ષનું ૨૦ ટકા પ્રમાણે બોનસ ચુકવી આપવું જોઈએ કે કેમ ?

ઈ. કે. હાવેલા
મજુર કમીશનર અમદાવાદ.

અમદાવાદ તા. ૯–૧૦–૦

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

નં. કેએમ/એસએચએમસી/૪૭૪૬/૫.૫/આઈડીઆર/એને/એસ ૩૦૬-૯૦ નીચે સહી કમીશનરનો એવો અભિપ્રાય છે કે અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સુરત અમદાવાદ ટ્રાન્સપોર્ટ સર્વીસ અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

નં. કેએથ/એસએચએમસી/ ૩૬૦/૯૦/આઇડીઆર/એજે/નામક/વ/ ૨૪૩-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. નડીયાદ વિભાગ નડીયાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનીયમ ૧૯૪૭ ના કલમ-અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૧-૪-૮૨ ના જાહેરનામા ક્રમાંક કેએથ/આર/૨૬૦-આઈડીએ/૧૦૭૮-(બી)-થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ની પેટા કલમ ૪ અને ૫ હેઠળની સતાઓ સદર ધારાની અનુસુચિ-૨ ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ આઇટમ નં. ૯ ૬૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજય માટે નાયબ મજુર કમિશનર વડોદરા માટે સત્તા સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગીક તકરાર અધિનીયમ ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)થી મળેલ સત્તાની રુએ નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૧૭-૧-૮૬ના જાહેરનામા કેએથ/આર/ આઈડીએ/ ૧૦૮૬-૧૨૧૦-એ-એમ-૪થી રચાયેલી એન. એ. ઓહ.ણુનો બનેલી મજુર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

પેટલાદ ડેપોના ડ્રાઈવર એમ. ડી. મલેકનો વાર્ષિક પગાર વધારો કાયમી અસર સાથે એક વર્ષ માટે બંધ કરવાનો કરેલ શીક્ષાત્મક હુકમ રદ કરવો કે કેમ ?

એ. સી. રાવલ
નાયબ મજુર કમિશનર
વડોદરા

વડોદરા તા. ૩૧-૭-૯૦

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસઓએમસી/૩૬૧/૯૦/આઈડીઆર/એએ/નામક-૧/૨૪૬/૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. નડીઆદ વિભાગ નડીયાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએસ એમ-આર-૨૬૦-આઈડીએ-૧૭૮-૧(બી) (૨) જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં ૩ અને અનુસૂચિ-૩ના આઈટમ નં. ૯ ૧૦ અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ ૧નો પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રુએ હું નાયબ મજુર કમિશનર આથી મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વીકાસ શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૭-૧-૮૬ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૪૧/આઈડીએ/૧૦૮૬/૧૨૧૦(એ)એમ-૪થી રચાયેલા શ્રી એન. એ. ચોહાણની બનેલી મજુર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે સોંપી મોકલું છું.

પરિશિષ્ટ

આણંદ ડેપોના કંડકટર સી. કે. ચૌહાણને પુનઃસ્થાપીત થરેલ છે. પરંતુ તેમને પુનઃસ્થાપીત થતા કંડકટરના મુળ પગારે મુકયા છે અને બરતરફીની મુળ તારીખથી પુનઃસ્થાપીત કર્યા ત્યારથી વચગાળાના સમય ને બીનપગારી રજા ગણવાનો કરેલ હુકમ રદબાતલ કરવો કે કેમ ?

એ. સી. રાવલ
નાયબ મજુર કમિશનર
વડોદરા

વડોદરા, તા. ૩૧-૭-૯૦

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

નં. કેએચએસએચએમસી/૩૬૨/૯૦/એન્ડ/આઇડીઆર/નામકવ/૨૪૮/૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત વિદ્યુત બોર્ડ વડોદરા અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની ૧૪ માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગના તા. ૨૬મી માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ–એસએમ–૩૬૭–આઇડીએ ૧૦૭૨–૪૬૧૮–૩૩થી સદર ધારાની કલમ ૧ની પેટા કલમ (૧૦)ની સાથે પેટા વિભાગ ૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસુચિ ૨ની આઇટમ નં. ૩ અને અનુસુચી ૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધાજ નાયબ મજુર કમિશ્નરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા મુજબ તકરાર અધીનીયમ–૧૯૪૭ની કલમ–૧૪માંની પેટા કલમ ૧થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમીશ્નર આથી મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વિકાસ વીભાગના તા. ૩૧–૫–૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૧૨૫/આઇડીએ/૧૦૯૦/૨૧૯૨(સી)–મ–૪થી રચાયેલ એમ. આર. કમોઢીયાની બનેલી મજુર અદાલત, વડોદરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે આથી લખી મોકલું છું.

અનુસુચિ

વી. જે. બારોટ ગુ. વિ. બોર્ડ નડીઆદ સીટી ડીવીઝનનાને તા. ૨૦–૧–૮૨થી રેગ્યુલર મીટર રીડર તરીકે ગણી પગાર તફાવતના નાણાં રોકડમાં ચુકવવા કે કે કેમ ? તથા મીટર રીડર તરીકેની પોસ્ટના તમામ આનુષાંગીક લાભો પશ્ચાદવર્તી અસરથી આપવા કે કેમ ?

એ. સી. રાવલ
નાયબ મજુર કમિશ્નર
વડોદરા.

વડોદરા તા. ૩૧–૭–૯૦
૬૪

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઓદ્યોગીક તકરાર અધિનીયમ–૧૯૪૭.

નં. કેએચ/એસએમએમસી/૩૬૩/૯૦/આઈડીઆર/ એજે/ નામક–વ–૨૪૬–૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઓદ્યોગીક તકરાર ગુજરાત વિદ્યુત બોર્ડ વડોદરા અને તેના કામદાર વર્ગોની છે.

હવે ઓદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭ની કલમ–અન્વયે ગુજરાત સરકાર ના શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૧–૪–૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચ/ આર/૨૬૦–આઈડીએ–૧૦૭૮–૧૧૮૬૨–(બી) (૧) થી સદર ધારાની કલમ–૧૦ની પેટા કલમ–૧ અને કલમ ૧૨ની પેટા કલમ ૪અને ૪ હેઠળની સત્તાઓ સદર ધારાની અનુસુચી–૨ની આઈટેમ નં. ૩ અને અનુસુચી–૩ની આઈટેમ નં ૯, ૧૦ ૧૧ સીવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારે કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજય માટે મજુર કમીશ્નર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ ૧૦ી પેટા કલમ ૧થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમીશનર વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૩૧–૫–૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૧૨૫/આઈડીઆર/૧૦૯૦/૨૧૯૨–સી–મ–૪થી રચાયેલ શ્રી એમ. આર. કોમોદીયાની બનેલ મજુર અદાલત અમદાવાદને સદર તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

પરીશીષ્ટ

એસ. સી, પટેલ હેલ્પર ગુજરાત વિદ્યુત બોર્ડ નડીયાદ સીટી ડીવીઝનનાને રેગ્યુલર મીટર રીડર તરીકે ગણી પગાર તફાવતના નાણાં રોકડમાં ચુકવી આપવા કે કેમ તથા તમામ આનુસાંગિક લાભો પશ્ચાદવર્તી અસરથી આપવા કે કેમ ?

એ. સી. રાવલ

વડોદરા તા. ૩૧–૭–૯૦

મદદનીશ મજુર કમીશનર
વડોદરા

INDEX

નાયબ મજુર કમીશનર દ્વારા

હુકમ

ઓદ્યોગીક તકરાર અધીનીયમ-૧૯૪૭

નં. કેએચ/એસએમએસસી/૩૬૪/૯૦/આઇડીઆર/એને/નામકવ/૨૭૧/૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ઠ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ઈન્ટાસીન ફાર્માસ્યુટીકલ કું. નડીયાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ની જાહેરનામાં ક્રમાંક કેએચ/આર/૨૬૦-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૧/(બી) (૧) થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ની પેરા કલમ ૪ અને ૫ હેઠળની સત્તાઓ સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સીવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમીશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની ૧૪માંની કલમ ૧૦ની પેટા કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૩-૯-૮૭ના જાહેરનામા ક્રમાંક કેએચ/ આર/૪૯૫/આઈડીએ/૧૦૮૭/૨૩૩૫૪-મ-૪ થી રચાયેલી શ્રી ડી. એન. ત્રિવેદીની બનેલી મજુર અદાલત નડીયાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચી

૧. અ. પગાર વધારો-

દરેક કામદારોને હાલ મળતા પગારમાં દૈનિક રૂા. ૨૫ નો પગાર વધારો કરી આપવો કે કેમ ?

બ. દરેક કામદારોને દર વરસે દૈનિક રૂા. ૧૫ ઈન્ક્રીમેન્ટ આપવું કે કેમ ?

૨. મોંઘવારી ભથ્થા અંગે-

દરેક કામદારાને હાથ મળતા મોંઘવારી ભત્થું આપવું કે કેમ ?

૩. હક્કભગ રજા અંગે-

દરેકને દર વરસે ૧૨ દીવસની હક્કભગ રજા પગાર સહીતની આપવી કે કેમ ?

૪. તહેવારની રજાઓ-

દરેક કામદારને દર વરસે ૨૦ દીવસની તહેવારની રજાઓ પગાર સહિતની આપવી કે કેમ ? રજાઓ યુનિયન સાથે બેસીને નકકી કરવી કે કેમ ?

૫. હકક રજા-

દરેક કામદારોને દર ૧૫ દીવસે ૧ હકક રજા પગાર સહીતની આપવી આપવી કે કેમ ?

૬. બોનસ-

દરેક કામદારોને છેલ્લા બે વરસનું ૨૦ ટકા લેખે બોનસ આપવું કે કેમ ?

૭. યુનિફોર્મ-

દરેક કામદારોને દર વરસે ૨ જોડી યુનિફોર્મ આપવા કે કેમ ?

૮. મકાન ભાડા-

દરેક કામદારોને દર માસે રૂા. ૧૫૦ મકાનભાડું આપવું કે કેમ ?

૯. વોશીંગ એલાઉન્સ-

દરેક કામદારોને દર માસે રૂા. ૫૦/- વોશીંગ એલાઉન્સ આપવું કે કેમ ?

૧૦. વર્ગીકરણ અને કાયમી પાસ-

દરેક કામદારની કામની કક્ષા નકકી કરી તે મુજબનો પગાર આપવો કે કેમ?

INDEX

૧૧. અમલ–

ઉપરોક્ત ભલામણોનો અમલ તા. ૧–૧–૮૭ થી કરવો કે કેમ ?

એ. સી. રાવલ
મદદનીશ મજુર કમિશનર
વડોદરા

વડોદરા તા. ૩૧–૭–૯૦

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસએચએસી/૩૬૫/૯૦/આઈડીઆર/ એજે/ નામક/વ/૨૭૯–૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર હેમંન્ત પ્લાસ્ટીક ઈશ્વરપુરા તા. વાઘોડીયા ઈશ્વરપુરા અને તેના કામદાર વચ્ચેની છે.

હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧–૪–૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૨૬૦/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)અની સદર ધારાની કલમ–૧૦ની પેટા કલમ (૧)ની અને કલમ–૧૨ની પેટા કલમ ૪ અને ૫ હેઠળની સત્તાઓ સદર ધારાની અનુસૂચી ૨ની આઈટમ નં ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ નં. ૯ ૧૦ ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૪માંની (અને ૧૯૪૭ના ૧૪મા)ની કલમ ૧૦ની પેટા કલમ ૧થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર વડોદરા આથી કામ અને રોજગાર વિભાગના તા. ૧૬–૧૧–૮૯ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર–૩૪૩–આઈડીએ –૧૦૮૯–૩૫૫૩–મ–૪થી રચાયેલી

INDEX

પી. એન. વ્યાસની બનેલી મજુર અદાલત વડોદરાને ઉપરક્ત તકરાર ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

પરિશિષ્ટ

૧ કામદારોને હાલ મળતા પગાર ઉપરાંત મીલ કામદારોને મળતું મોંઘવારી ભથ્થાના ૫૦ ટકા ટેક્ષટાઈલ મોંઘવારી ભથ્થું દરેક કામદારોને આપવું. અને મળતા કુલ પગારના ૧૫ ટકા વાર્ષિક વધારો આપવો કે કેમ ?

૨ દરેક કામદારોને વરસે બે જોડી યુનિફોર્મ તથા એક જોડી સારી જાતના બુટ આપવા. તથા ધોલાઈ ભથ્થું માસિક રૂા. ૧૫ આપવું કે કેમ ?

૩ દરેક કામદારોને વરસે નીચે પ્રમાણેની ભરપગારી રજા આપવી કે કેમ ?

(૧) ૨૧ દીવસની હકક રજા (૨) ૧૦ દીવસની તહેવારની રજા. (૩) ૧૦ દીવસની માંદગી રજા. (૪) ૧૦ દીવસની કેજયુઅલ રજા.

૪ દરેક કામદારોને માસિક રૂા. ૧૫૦ ઘરભાડું આપવું કે કેમ ?

૫ દરેક કામદારોને માસિક રૂા. ૧૫૦ મેડીકલ એલાઉન્સ આપવું કે કેમ ?

૬ દરેક કામદારોને રૂા. ૭૫ સાયકલ એલાઉન્સ માસિક આપવું કે કેમ ?

૭ ધુળા મશીન બી. આર. એમ. આર. મશીન ખાતાના કામદારોને હાથના મોજા આપવા કે કેમ ?

૮ દરરોજ કામદારોને ૫૦૦ ગ્રામ દુધ આપવું કે કેમ ?

૯ દરેક કામદારોને તેમના કામ પ્રમાણે હોદ્દો તથા નોકરીમાં જોડાયાની સાચી દાખલ તારીખ ગણી આપવી કે કેમ ?

INDEX

ક્ર.નં.	કામદારનું નામ	હોદ્દો	છૂટા કર્યા તા.	સાચી છૂ.તા.
૧	પ્રભાતસીંહ જીતસિંહ	સીવીંગ મશીન ઓપરેટર	૧-૩-૮૮	૧-૧૦-૮૭
૨	ભાલીયા ભુપત મોહન	,,	–	–
૩	ભાલીયા રમેશ મોહન	પ્રિન્ટીંગ મશીન ઓપ.	૧-૧૦-૮૭	૬-૯-૮૭
૪	રાઠોડ પર્વતસિંહ ચંદુસિંહ	સીલીટ કટીંગ ઓપરેટર	૧-૩-૮૮	૨૭-૧૨-૮૭
૫	પરમાર મગન લલ્લું	પેકીંગ	૧-૯-૮૮	૧૫-૧-૮૯
૬	પરમાર જશવંતસિંહ ફતેસિંહ	મશીન ઓપરેટર	–	–

એ. સી. રાવલ
નાયબ મજુર કમિશનર
વડોદરા

વડોદરા તા. ૩૧-૭-૯૦

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેઓએચ/એસએએચએમસી/૩૬૬/૯૦/ આઈડીઆર /એસજે/નામક/વ/૨૮૩-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. ભરૂચ અને તેના કામદાર વર્ગોની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેજીએચ આર-૨૬૧-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨(બી) (૧) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ ૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર, વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા મુજબ તકરાર અધીનીયમ-૧૯૪૭ની કલમ-૧૪ ની પેટા કલમ ૧૦થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમીશનર વડોદરા આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૫-૮-૮૮ના જાહેરનામા ક્રમાંક કેઓએચ/આર/૨૧૯/આઈડીએ/ ૧૦૮૮/ ૫૨૧૮/મ/૪થી રચાયેલ આર. જે. યાજ્ઞિકની બનેલી મજુર અદાલત, વડોદરાને સદરહુ તકરાર ન્યાય નીર્ણય માટે મોકલું છું.

અનુસૂચિ

જંબુસર ડેપોના કંડકટર ખલીલને રૂા. ૫૦/-નો દંડ કરેલ છે તે હુકમ રદ કરી તેઓને રૂા. ૫૦/- રીફંડ આપવું કે કેમ ? તથા ખર્ચ પણ આપવું કે કેમ ?

વડોદરા તા. ૩૧-૭-૯૦

એ. સી. રાવલ
નાયબ મજુર કમિશનર
વડોદરા

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૬

નં. કેએચએસએચએમસી/૩૬૭/ ૯૦/આઈડીઆર/એનજે/ના.મ.ક./વ-૨૮૭-૯૦ નીચે સહી કરનારને એવો અભિપ્રાય થાય છે કે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. વડોદરા અને તેના કામદારોની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની (૧૪માંની)કલમ-૩૯અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાત વિકાસ વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૨૬૧-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨ ૧૦૯૦ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧)ની સાથે પેટા વિભાગ ૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને (બી) (૨)ગથી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અનુસૂચિ-૩ની આઈટમ નં ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્યના નાયબ મજુર કમિશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માં ની કલમ ૧૦ની પેટા કલમ-૧ની પેટાવિભાગ 'સી' થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૫/૮/૮૮ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૨૧૯/આઈડીએ/૧૦૮૮-૫૨૧૮મ-૪થી રચાયેલ આર. જી. યાજ્ઞિકની બનેલી મજુર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

જંબુસર ડેપોના કંડકટર એસ. એ. પટેલ બેઝ નં. ૬૫૫૭ ને અવલ વીભાગીય પરીવહન અધીકારી વડોદરાએ તા. ૯-૯-૮૮ થી આગામી વાર્ષિક પગાર વધારો પાંચ વરસ માટે કાયમી અસરથી બંધ કરવાનો હુકમ કરેલ છે તે શીક્ષાત્મક હુકમ ગેરકાયદેસર અને ગેરબંધારણીય હોય તે રદ કરવો કે કેમ ? તથા તેઓને થયેલ આર્થિક નુકશાન ખર્ચ સહીત ભરપાઈ કરી આપવું કે કેમ ?

એ. સી. રાવલ

વડોદરા તા. ૩૧-૭-૯૦ નાયબ મજુર કમિશનર વડોદરા

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીકતકરાર અધિનિયમ ૧૯૪૭,

નં.કેએચ /એસએચએમસી/૩૬૮/૯૦/ આઈડીઆર/એજે/નામક/૧-/૨૮૯-૯૦ નીચેસહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. વડોદરા અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૨૬૭-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨-બી-૨-થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ની પેટા કલમ (૪) અને(૫) હેઠળની સતા સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯ ૧૦ અને ૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર, કમીશનર વડોદરાને સતા માટે સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર. અધીનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મા)ની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સતાની રૂએ નાયબ મજૂર કમિશનર વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૫-૮-૮૮ના જાહેર નામા ક્રમાંક કેએચ-આર- ૨૧૯-આઈડીએ-૧૦૮૮- ૫૨૧૮-મ-૪ થી સ્થાપેલ આર. જે. યાજ્ઞિક જજની બનેલી મજૂર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

મકરપુરા ડેપોના કંડકટર શ્રી. એમ. સોલંકીને તા. ૭-૯-૮૯ના પત્રથી શા. ૩ નો કરેલ દંડનો હુકમ રદ કરવો કે કેમ ? તથા થયેલ આ. નુકશાન પાછલી અસરથી વ્યાજ-ખર્ચ સહીત ભરપાઈ કરી આપવું કે કેમ ?

એ. સી. રાવલ

વડોદરા, તા. ૩૧-૭-૯૦

નાયબ મજુર કમિશનર

વડોદરા

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

નં. કેએમ/એસએચએમસી/ ૩૬૯/૯૦/આઇડીઆર/એજે/નામક/વ/ ૨૯૦-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. વડોદરા વિભાગ વડોદરા અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનીયમ ૧૯૪૭ ના કલમ-અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૧-૪-૮૨ ના જાહેરનામા ક્રમાંક કેએમ/આર/૨૬૦-આઈડીએ/૧૦૭૮-(બી)-રથી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ની પેટા કલમ ૪ અને ૫ હેઠળની સતાઓ સદર ધારાની અનુસુચિ-૨ ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ આઇટમ નં. ૯ ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર વડોદરા માટે સત્તા સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગીક તકરાર અધિનીયમ ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)થી મળેલ સત્તાની રુએ નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૫-૮-૮૮ના જાહેરનામા કેએમ/આર/૨૧૯ /આઈડીએ/ ૧૦૮૮-૫૨૧૮-મ-૪થી રચાયેલી આર. જે. યાજ્ઞિકની જનેથી મજુર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

પાણીગેટ ડેપોના કંડકટર આઈ. એ. બોયાનો આગામી વાર્ષિક પગાર વધારો ૫ વરસ માટે બીન કાયમી અસરથી બંધ કરવાનો કરેલ હુકમ રદ કરવો કે કેમ ? તથા થયેલ આ. નુકશાન પાછલી અસરથી ખર્ચ-વ્યાજ સહીત ભરપાઈ કરી આપવું કે કેમ ?

એ. સી. રાવલ
નાયબ મજુર કમિશનર
વડોદરા

વડોદરા તા. ૩૧-૭-૯૦

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેઓએસએમસી/૩૭૦/૯૦/આઈડીઆર/એજે/નાસક-૨/૨૬૧-૯૦: નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક કેજીએન એચ-આર-૨૬૦-આઈડીએ-૧૭૮-૧(બી)(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા એકમો પુરતી) સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ ૧ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર આથી મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વીકાસ શ્રમ અને રોજગાર વિભાગના તા. ૫-૮-૮૮ના જાહેરનામા ક્રમાંક કેજીએચ/આર/૨૧૯/આઈડીએ/૧૦૮૮/૫૨૧૮-મ-૪થી રચાયેલા શ્રી આર. જે. યાજ્ઞિક જજની બનેલી મજુર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે સોંપી મોકલું છું.

પરિશિષ્ટ

રેસકોર્સ કેન્દ્રના ડ્રાયવર સી. એસ. પટેલને તા. ૨૭-૧૧-૮૯ના હુકમથી કરેલ રૂા. ૪૦ ના દંડની શીક્ષા રદ કરવી કે કેમ ? તથા થયેલ આર્થીક નુકશાન તમામ ખર્ચ સહીત ભરપાઈ કરી આપવું કે કેમ ?

વડોદરા તા. ૩૧-૭-૯૦

એ. સી. રાવલ
નાયબ મજુર કમિશનર
વડોદરા

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૭૧/૯૦ /આઈડીઆર/એજે/નામક/વ/૨૯૨/૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. વડોદરા વીભાગ વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચ આર-૨૬૧-આઈડીઆર-૧૦૭૮-૧૧૮૬૨ (બી) (૨)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ સદર ધારાની અનુસુચીરની આઈટમ નં. ૩ અને અનુસુચી-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સીવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમીશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંના કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ સી થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૫-૮-૮૮ના જાહેરનામા કેએચ/આર/૨૧૯/આઈડીએ/૧૦૮૮આઈ-૫૨૧૯-મ-૨થી રચાયેલ શ્રી. આર. જે. યાજ્ઞિકની બનેલી મજુર અદાલત વડોદરાને ઉકત [illegible] તેનો ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

રેસકોર્સ ડેપોના કંડકટર પઠાણનો આગામી વાર્ષિક પગાર વધારો ૩ માસ માટે બીન કાયમી અસરથી બંધ કરવાનો કરેલ હુકમ રદ કરવો કે કેમ ? તથા થયેલ આર્થિક નુકશાન પાછલી અસરથી ખર્ચ સહીત ભરપાઈ કરી આપવું કે કેમ ?

એ. સી. રાવલ
નાયબ મજુર કમિશનર
વડોદરા

વડોદરા તા. ૩૧-૭-૯૦

INDEX

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કુએચ/એસએચએમસી/૩૭૨/૯૦/આઈડીઆર/એજે/ નામક/વ/૨૯૩-૯૦ નીચે સહીકરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. વડોદરા અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-અ-૨ ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક/કે એચ. આર. ૨૬૦/આઈ ડી. એ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૧) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિરના આઈટમ નં. અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશ્નર, વડોદરાને સત્તા સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭નો (૧૪)માંની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું મજૂર કમિશ્નર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૫-૮-૮૮ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૨૧૯ /આઈડીએ/ ૧૦૮૮-૫૨૧૮-મ-૪થી રચાયેલી આર. જે. યાજ્ઞિકની બનેલી મજુર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નીર્ણય કરવા માટે લખી મોકલું છું.

પરીશીષ્ટ

મોઘ્યુ. ડેપોના કંડકટર આર. સો. રાણાનો આગામી વાર્ષિક પગાર વધારો એક માસ માટે બીન કાયમી અસરથી બંધ કરવાનો કરેલ હુકમ રદ કરવો કે કેમ ? તથા થયેલ આ. નુકશાન પાછલી અસરથી ખર્ચ-વ્યાજ સહીત ભરપાઈ કરી આપવું કે કેમ ?

એ. સી. રાવલ

વડોદરા તા. ૩૧-૭-૯૦

નાયબ મજુર કમિશનર
વડોદરા

INDEX

નાયબ મજુર કમિશ્નર, દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસએચએસી/૭૭૩/ ૯૦/આઈડીઆર/એન્જે/નામક ૧/૨૯૪-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક/કેએચઆર ૨૬૦/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨/બી (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ ની આઈટસ નં. ૩ અને અનુસુચિ-૩ ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સીવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતાં ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશ્નર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશ્નર વડોદરા શ્રમ અને રોજગાર વીભાગના તા. ૫-૮-૮૮ના જાહેરનામાં ક્રમાંક/કેએચ/આર/૨૧૯/આઈડીએ/૧૦૮૮/૫૨૧૮/૨/મ-૪ હેઠળ રચાયેલ શ્રી આર. જે. યાજ્ઞિકની બનેલી મજુર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

પરીશીષ્ટ

રેસકોર્સ ડેપોના કંડક્ટર એન. એલ. ભીલનો પગાર વધારો કાયમી અસરથી પાંચ વર્ષ માટે બંધ કરવાનો કરેલ હુકમ રદ કરવો કે કેમ ? તથા થયેલ આર્થીક નુકશાન પાછલી અસરથી વ્યાજ તથા ખર્ચ સહીત ભરપાઈ કરી આપવું કે કેમ ?

એ. સી. રાવલ
નાયબ મજુર કમિશ્નર
વડોદરા

વડોદરા તા. ૧૩-૭-૯૦

INDEX

નાયબ મજુર કમિશનર

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસએમએસસી/૩૭૪-૯૦/આઈડીઆર/એજે/નામક/વ-૨૯૬-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. વડોદરા અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક ક્રમાંક કેએચ-આર-૨૬૦-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨ (બી) (૧)અથી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ ૧ અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪ માંની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાનો રુએ હું નાયબ મજુર કમિશનર વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૫-૮-૮૮ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૨૧૯/આઈડીએ/૧૦૮૮/૫૨૧૮-૪-૪ થી રચાયેલ શ્રી આર. જે. રાજિકની બનેલી મજુર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે સપ્રત મોકલું છું.

અનુસૂચિ

દભોઈ ડેપોના કંડક્ટર એમ. આર. રાણાને તા. ૩૧-૮-૮૯ ના પત્રથી કરેલ રૂ. ૩ ના દંડની શીક્ષા રદ કરવી કે કેમ ? તથા થયેલ આર્થીક નુકશાનનો ખર્ચ સહીત ભરપાઈ કરી આપવો કે કેમ ?

એ. સી. રાવલ
નાયબ મજુર કમિશનર
વડોદરા

વડોદરા તા. ૩૧-૭-૯૦

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭

નં. કેએચ/એસએમએસ/૩૭૫/૯૦ ૫.૫./આઇડીઆર/એને/નામક/વ/૩૦૭/૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. ઓફીસ, વડોદરા વીભાગ, વડોદરા અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક-કેએચઆર/૨૬૦/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨/બી(૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯,૧૦ અને ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર વડોદરાને સુપ્રત કરે છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ (અને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ ૧૦નો પેટા કલમ ૧થી મળેલ સત્તાની રુએ નાયબ મજુર કમિશનર વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૫-૮-૮૮ના જાહેરનામા ક્રમાંક કેએચ/ આર/૧૧૯ /આઈડીએ/ ૧૦૮૮/ -૫૨૧૮-૫/૮૪ થી રચાયેલી આ. જે. યાજ્ઞિકની બનેલી મજુર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

પરિશિષ્ટ

બે ડેથી ડેપોના ટ્રાફીક કન્ટ્રોલર સી. એચ. ગોહીલ અને એમ. એલ. પરમારનો ત્રણ માસ માટેનો વાર્ષિક પગાર વધારો કાયમી અસરથી બંધ કરવાનો કરેલ હુકમ દફતરે કરવો કે કેમ ? તથા તેઓને થયેલ આ. નુકશાન પાછલી અસરથી વ્યાજ તથા ખર્ચ સહીત ભરપાઈ કરવાનો હુકમ કરવો કે કેમ ?

એ. સી. રાવલ
મદદનીશ મજુર કમિશનર
વડોદરા

વડોદરા તા. ૩૧-૭-૯૦
૬૫

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએસઆરઆઈ/૩૭૬/૯૦/આઈડીઆર/એનજે/નાસક/વ/૩૧૪-૯૦ નીચે સહી કરનારનો એવો અભીપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગીક તકરાર એસ. ટી. નડીયાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગીક તકરાર અધીનિયમ ૧૯૪૭ની કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચ. આર. ૨૬૦/આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨/(બી) (૧) થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચી-૨ ની આઈટમ નં. અને અનુસુચી-૩ ની આઈટમ નં. ૯,૧૦ અને ૧૧ સીવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી રાજ્ય અને નાયબ મજુર કમિશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા કલમ (૧)થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૭/૫/૮૯ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૪૩૭/આઈડીએ/૧૦૮૯/૧૬૩૮૧/૨-મ૪થી રચાયેલી સી. જી. રાઠોડની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

નડીયાદ ડેપોના કંડકટર જે. સી. વ્યાસને મળતા પગારમાં બેઝીક પગાર રૂા. ૩૭૨ ઉપરથી રૂા. ૩૪૦ ચાર સ્ટેજ પાછળ મુકવાનો કરેલ હુકમ રદ કરવો કે કેમ ? તથા મળવાપાત્ર તમામ લાભો ચુકવી આપવા કે કેમ ?

જે. સી. રાવલ
નાયબ મજુર કમીશનર
વડોદરા

વડોદરા તા. ૩૧-૭-૯૦

INDEX

નાયબ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસએચએસસી/ ૩૭૭/૯૦ આઈડીઆર/ એનજે/ નામક-વ/૩૧૮-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર પ્રયાસ કાસ્ટીંગ વલ્લભ વીદ્યાનગર અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચ/ એસ ૯૬/૮૨-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨(બી)(૨)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજૂર કમિશનર, વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ અને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજૂર કમિશનર વડોદરા આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૩-૯-૮૭ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/ ૪૯૫/ આઈડીએ /૧૦૮૭ /૨૩૩૧૪-મ-૪ હેઠળ શ્રી ડી. એન. ચુઘની બનેલી મજૂર અદાલત/ ઔદ્યોગિક ન્યાયપંચ નડીયાદને સદરહુ તકરાર અને તેનો ન્યાય કરવા માટે મોકલું છું.

અનુસૂચિ

નીચેના કામદારોને કાયમી કામદાર તરીકે ગણી કાયમી કામદારોને મળતા પગાર, સવલતો તથા અન્ય લાભો નોકરીમાં લીધા ત્યારથી આપવા કે કેમ ?

૧. બંસાવત રામનાથ ૨. જશુભાઈ જીવાભાઈ ૩. મોહનભાઈ મોતીભાઈ ૪. વાડીલાલ બી. પટેલ ૫. રમેશભાઈ મેલાભાઈ ૬. અનવરભાઈ રસુલભાઈ ૭. રામસીંગ અભેસીંગ ૮. ચંદુ ભઈયા.

એ. સી. રાવલ
નાયબ મજૂર કમીશનર
વડોદરા

વડોદરા તા. ૩૧-૭-૯૦

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીક તકરાર અધિનિયમ ૧૯૪૭,

નં. કેએચ /એસએચએમસી/૩૭૮/૯૦/ આઈડીઆર/એન/નામક/વ-/૩૨૪-૯૦ નીચેસહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. ગોધરા અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૨૬૭-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨-બી-૨-થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ની પેટા કલમ (૪) અને(૫) હેઠળની સતા સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯ ૧૦ અને ૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમીશનર વડોદરાને સતા માટે સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર. અધીનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મા)ની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સતાની રૂએ નાયબ મજુર કમિશનર વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૫-૮-૮૮ના જાહેરનામા ક્રમાંક કેએચ-આર- ૨૧૯-આઈડીએ-૧૦૮૮- ૫૨૧૮-મ-૪ થી રચાયેલ આર. જે. યાજ્ઞિક જજની બનેલી મજૂર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે સપ્રત મોકલું છું.

અનુસુચિ

૧. દાહોદ ડેપોના કંડકટર એન. જે. સોલંકીના તા. ૩૦-૪-૮૮ના પત્રથી બે વર્ષ માટે આગામી વાર્ષિક વધારો કાયમી અસરથી બાંધ કરવાનો કરેલ હુકમ રદ કરવો કે કેમ ?

૨. પાર્સલની રૂા. ૫૪૦ નીકીંમત વસુલ કરવાનો કરેલ હુકમ રદ કરવો કે કેમ ?

INDEX

૩. તા. ૧૭-૧૦-૮૯ના પત્રથી આગામી વાર્ષિક વધારો બે વરસ માટે કાયમી અસરથી બંધ કરવાનો કરેલ હુકમ રદ કરવો કે કેમ ?

એ. સી. રાવલ
નાયબ મજુર કમિશનર
વડોદરા

વડોદરા, તા. ૩૧-૭-૯૦

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

નં. કેએચ/એસએચએમસી/ ૩૭૯/૯૦/આઇડીઆર/એજે/નામક/વ/ ૭૭૨-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત વિદ્યુત બોર્ડ વડોદરા અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનીયમ ૧૯૪૭ ના કલમ-અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૧-૪-૮૨ ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૨૬૦-આઇડીએ/૧૦૭૮-(બી)-રથી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ની પેટા કલમ ૪ અને ૫ હેઠળની સતાઓ સદર ધારાની અનુસુચિ-૨ ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ આઇટમ નં. ૯ ૬૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજય માટે નાયબ મજુર કમિશનર વડોદરા માટે સત્તા સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગીક તકરાર અધિનીયમ ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)થી મળેલ સત્તાની રુએ નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૫-૮-૮૮ના જાહેર નામા કેએચ/આર/૨૧૯ /આઇડીએ/. ૧૦૮૮-૫૨૧૮-મ-૪થી રચાયેલી આર. જે.

માલિકનો બનેલી મજુર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

જામ્બુવા (ટ્રાન્સ.) સર્કલના તાબા હેઠળ છોટા ઉદેપુર એસ/એસના એન. એ. ઠક્કર સીનિ. આસિ. ને સિની. આસિ. તરીકેનું પ્રમોશન ગણી સિનીયોરીટીના તમામ લાભો અને અનુસંગીક લાભો આપવા કે કેમ ?

એ. સી. રાવલ
નાયબ મજુર કમિશ્નર
વડોદરા

વડોદરા તા. ૩૧-૭-૯૦

નાયબ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએલએચએમસી/૩૮૦થી૪૧૦/આઈડીઆર/એને/નાયક-વ/૧૧૪/૪૫૪થી ૪૮૩-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે : કે આ સાથે જોડેલી નિર્દિષ્ટ અનુસૂચીમાં કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કણભા દુધ ઉત્પાદક સહકારી મંડળી તા. લુણાવાડા અને અન્ય ૨૫ મંડળીઓ અને રવાલીયા અર્ચંક્ષમ સેવા સહકારી મંડળી તથા અન્ય ૪ મંડળીઓ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએમ ઓએ-આર-૨૬૦-આઈડીએ-૧૭૮-૧(બી) (૨) થી સદર ધારાનીકલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ

નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ ૧નો પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રુએ હું નાયબ મજુર કમિશનર આથી મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વીકાસ શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૦-૨-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૫૫/આઈડીએ/૧૦૯૦/૫૧૫(૪)-મ-૪થી રચાયેલા શ્રી પી. આર. દેસાઈ જજની બનેલી મજુર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે સોંપી મોકલું છું.

પરિશિષ્ટ

માંગણી નં. ૧-

પગાર ગ્રેડેશન-આ સંઘ મંડળીમાં કામ કરતા કર્મચારીઓને નીચે મુજબ પગારોનો ગ્રેડ તા. ૧-૧-૮૮થી આપવો કે કેમ ?

પગાર ગ્રેડ —મંડળમાં કામ કરતા કર્મચારીઓને નીચે મુજબનો પગારનો ગ્રેડ આપવો કે કેમ ?

(૧) મેનેજર-૫૦૦-૨૦-૬૦૦-૩૦-૫૦-૩૫-૮૦૫.

(૨) સેક્રેટરી આસી. મેનેજર-૪૫૦-૨૦-૫૫૦-૩૦-૭૦૦-૩૫-૮૦૫.

(૩) જો. સેક્રેટરી, એકા. કેશીયર-૩૮૦-૧૮-૪૭૦-૨૫-૫૯૫-૩૦-૬૮૫.

(૪) કલાર્ક-૩૫૦-૧૮-૪૪૦-૨૫-૫૬૫-૩૦-૬૫૫.

(૫) દુધ ભરનાર ટેસ્ટર વે.-૩૦૦-૧૫-૩૭૫-૨૦-૪૭૫-૨૫-૫૫૦.
કલાર્ક ક. વી. કરનાર.

(૬) મદદનીશ, તોલાટ, પટાવાળા-૨૫૦-૧૦-૩૦૦-૧૫-૩૭૫-૨૦-૪૩૫.
વોચમેન, પર કામ કરનાર.

બ. જે કર્મચારીઓનો પગાર મીનીમમથી ઓછો હોય તેઓને પ્રથમ મીનીમમ ઉપર લાવવા જોઇએ કે કેમ? અને જે કર્મચારીઓના પગાર, પગાર વધારાના બે સ્ટેપ વચ્ચે હોય તેઓને ઉપલા સ્ટેપમાં મુકવા જોઈએ કે કેમ ?

INDEX

ક. જે કર્મચારીઓની નોકરી બે વર્ષની થઈ હોય તેઓને ઉપરના ગ્રેડમાં એક પગાર વધારો, ૪ વર્ષની થઇ હોય તેઓને બે પગાર વધારા અને ૬ વર્ષની કે તેથી વધુ થઈ હોય તેઓને ૩ પગાર વધારાના આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨. ટેક્ષટાઈલ ડીએ.-

સંઘ મંડળીમા કામ કરતા કર્મચારીઓને તા. ૧-૨-૮૮ના રોજથી અમદાવાદ ટેક્ષટાઇલ ઉદ્યોગના કર્મચારીઓને જે મુજબ મોંઘવારી ભથ્થું આપવામાં આવે તે મુજબ મોંઘવારી ભથ્થું આપવું કે કેમ ?

માંગણી નં. ૩. રજાઓ-

(૧) સંઘ મંડળીમાં કામ કરતા દરેક કર્મચારીને વરસ દરમ્યાન ૨૩ હકક રજાઓ પુરા પગાર મોંઘવારી ભથ્થા સહીત આપવી કે કેમ ? અને તે રજાઓ ના ભોગવે તો વર્ષના અંતે ભેગી થયેલી રજાઓનો પગાર આપવો કે કેમ ?

(૨) સંઘ મંડળીમાં કામ કરતા કર્મચારીઓને વરસ દરમ્યાન ૨૫ માંદગીની રજાઓ પુરેપુરા પગાર, મોંઘવારી સહીત આપવી કે કેમ ? અને પાંચ વરસની એકઠી કરી શકશે કે કેમ ?

(૩) મંડળીમાં કામ કરતો દરેકને વરસ દરમ્યાન ૭ આકસ્મીક રજાઓ પુરા પગાર, મોંઘવારી સહીત આપવી કે કેમ ? ઉપરની રજાઓનો અમલ તારીખ ૧-૧-૮૮ સુધી કરવો કે કેમ ?

માંગણી નં. ૪. અઠવાડીક રજા-

સંઘ મંડળીમાં કામ કરતા દરેકને અઠવાડીયા દરમ્યાન ૧ અઠવાડીક રજા પુરા પગાર, મોંઘવારી સહીત આપવી કે કેમ ? અને તે કર્મચારીને અઠવાડીયા દરમ્યાન જે દીવસે રજા આપવાની હોય તે દીવસ અગાઉથી નક્કી કરવી કે કેમ ? અને અઠવાડીયાની રજા કર્મચારી ભોગવે નહીં તેને માસને અંતે રજાઓ પગાર, મોંઘવારી સહીત આપવી કે કેમ ?

માંગણી નં. ૫. ઓવરટાઈમ-

સંઘ મંડળીમાં કામ કરતા દરેક પાસેથી જ્યારે આઠ કલાકથી વધુ ઓવર

ટાઈમ કામ લેવામાં આવે ત્યારે તેઓને ઓવરટાઈમનો ડબલ પગાર મોંઘવારી સાથે આપવો કે કેમ ?

માંગણી નં. ૮. ગણવેશ-

મંડળીમાં કામ કરતા મદદનીશ અને પટાવાળાને દર વરસે બે જોડ યુનિફોર્મ ફુલ પેન્ટ તથા બુશર્ટ આપવા કે કેમ ?

માંગણી નં. ૯. મેડીકલ ભથ્થું-

સંઘ મંડળીમાં કામ કરતા તમામ કર્મચારીઓને માસિક રૂા, ૨૫ મેડીકલ એલાઉન્સ તા. ૧-૧-૮૮થી આપવું કે કેમ ?

માંગણી નં. ૧૦. મકાનભાડુ-

સંઘ, મંડળીમાં કામ કરતા તમામ કર્મચારીઓને તેમની માસીક કમાણીના ૧૦ ટકા લેખે (માસીક) મકાનભાડું તા. ૧-૧-૮૮થી આપવું કે કેમ ?

વડોદરા તા. ૩૧-૭-૯૦

એ. સી. રાવલ
નાયબ મજુર કમિશનર
વડોદરા

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએમ/એસએચએમસી/૪૧૧/૯૦/આઈડીઆર/ એજે/ નામક/વ/૨૬૫-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ઈન્ડીયન ડેરી મશીનરી વલ્લભ વિદ્યાનગર આણંદ અને તેના કામદાર વચ્ચેની છે.

હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક

ક્રમાંક/આર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)ની સદર ધારાની કલમ-૨ની પેટા કલમ (૧)ની અને કલમ-૧૨ની પેટા કલમ ૪ અને ૫ હેઠળની સત્તાઓ સદર ધારાની અનુસૂચી ૨ની આઇટમ નં ૩ અને અનુસૂચિ ૩ની આઇટમ નં. ૯ ૧૦ ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મા)ની કલમ ૧૦ની પેટા કલમ ૧થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૩-૯-૮૭ના જાહેરનામા ક્રમાંક ક્રમાંક/આર-૪૯૫-આઇડીએ -૧૦૮૭-૨૩૩૫૪-મ-૪થી સ્થાપેલી ડી. એન. મુનશી જજેલી અદાલત નડીયાદને ઉપરકુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલુ છું.

પરિશિષ્ટ

માંગણી નં. ૧-

કંપનીમાં કામ કરતા તમામ કામદારને તા. ૧-૧-૮૬થી નીચે મુજબનું પગારધોરણ આપવું કે કેમ ?

અ. હેલ્પર તેમજ કંપનીમાં કામ કરતા કોઈ પણ કામદારને ઓછામાં ઓછો ગ્રેડ ૮૨૫-૧૫-૯૦૦-૨૦-૧૨૦૦ આપવો કે કેમ ?

બ. જુનીયર ટેકનીશીયન અને તેના જેવી કામગીરી કરતા કામદારોને ૧૪૦૦-૪૦-૧૮૦૦-૫૦-૨૩૦૦ના પગાર સ્કેલ આપવો કે કેમ ?

ક. સીનીયર ટેકનીશીયન અને તેના જેવી કામગીરી કરતા કામદારોને ૨૦૦૦-૬૦-૨૩૦૦-૭૫-૩૨૦૦નો પગાર સ્કેલ આપવો કે કેમ !

કંપનીમાં કામ કરતા દરેક કામદારને ઉપરના ગ્રેડમાં મુકવા અને બાકીના તમામ ગ્રેડ રદ ગણવા. તમામ કામદારોને તા. ૧-૧-૮૬થી ઉપરોક્ત ગ્રેડમાં મુકવા અને તેઓએ જેટલા વર્ષ નોકરી કરી હોય તે દરેક વરસ દીઠ આ નવા ગ્રેડમાં એક ઈન્ક્રીમેંટ ઉમેરી આપીને જે રકમ આવે તેનાથી ઉંચા પગારમાં ફીક્સ કરવા કે કેમ ? વધુમાં જે કિસ્સામાં હેલ્પર પાસેથી જૂનીયર ટેકનીશીયન અને જુનીયર ટેકનીશીયન પાસેથી સી ટેકનીશીયનનું

કામ લેવામાં આવે છે તેઓને પાછળી અસરથી જે હોદ્દાનું કામ કરે છે તે હોદ્દાનો કામદાર ગણીને તે હોદ્દાના પગાર ધોરણ, ભથ્થા તથા અન્ય લાભો આપવા કે કેમ ?

માંગણી નં. ૨. મોંઘવારી ભથ્થું-

ભારત સરકાર જ્યારે જ્યારે જે કાંઈ મોંઘવારી ભથ્થા જાહેર કરે તે તમામ અને પુરેપુરા દરેક કામદારોને ચુકવી આપવા કે કેમ ?

માંગણી નં. ૩. ઘરભાડા ભથ્થું-

દરેક કામદારોને તેના કુલ પગારના જેમાં મુળ પગાર, મોંઘવારી ભથ્થું, વધારાનું મોંઘવારી ભથ્થું, ખાસ પગાર, વચગાળાની રાહત વીગેરે ૨૫ ટકાના ધોરણે દર માસે ચુકવવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૪. કાયમી કરવા બાબત-

જે કામદરને ૯૦ દીવસની નોકરી પુરી કરી હોય તેઓને જે તે પાછળી અસરથી એટલે કે જ્યારથી ૯૦ દીવસની નોકરી પુરી થઈ હોય ત્યારથી જે તે કામદારોને કાયમી ગણવા જોઈએ અને તેઓને કાયમી કામદારને મળવાપાત્ર તમામ પગાર, ભથ્થા તથા અન્ય લાભો પાછળી અસરથી ચુકવી આપવા કે કેમ ? તેમજ ભવિષ્યમાં પણ કામદાર જ્યારે પણ ૯૦ દીવસની નોકરી પુરી કરે ત્યારથી તેમને કાયમી કામદાર ગણવા તેમજ કાયમી કામદારને મળવાપાત્ર પગાર ભથ્થા તથા અન્ય લાભો આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૫. શીફ્ટ એલાઉન્સ-

કંપનીમાં બીજી અને ત્રીજી પાળીમાં કામ કરતા દરેક કામદારને પ્રતી માસ રૂા. ૧૦૦ શીફ્ટ એલાઉન્સ તરીકે ચુકવવું કે કેમ ?

માંગણી નં. ૬. કન્વેયન્સ એડવાન્સ-

કંપનીમાં કામ કરતા તથા વાહન ઈચ્છતા કામદારને ૧ સ્કુટર/મોટર સાયકલ, મોપેડ કે સાયકલ ખરીદવા માટે વાહનની મુળ કિંમત કન્વેયન્સ એડવાન્સ રૂપે કોઈ પણ જાતના વ્યાજ સિવાય આપવી કે કેમ ? અને આ રકમ માસિક પગારમાંથી ૧૦૦ હપતે વસુલ કરવી કે કેમ ?

માંગણી નં. ૭. કન્વેયન્સ એલાઉન્સ–

કંપનીમાં કામ કરતા દરેક કામદારને પ્રતી માસ રૂા. ૧૦૦ કન્વેયન્સ એલા. તરીકે ચુકવવા કે કેમ ?

માંગણી નં. ૮. લીવ ટ્રાવેલ કન્સેશન–

દરેક કામદારને દર વરસે ચાર હજાર કીલોમીટર ટ્રેનનું પહેલા વર્ગનું ભાડું તેને પોતાને માટે તથા કુટુંબના સભ્યો માટે રોકડમાં ચુકવી આપવું કે કેમ ?

માંગણી નં. ૯. રજાઓ–હક્ક રજા–

કંપનીમાં કામ કરતા કામદારોને દર કામના ૯.૩૩ને બદલે ૪૦ દીવસ અડધા પગારની રજા ૨૦ ને બદલે ૩૦ દીવસ આપવી કે કેમ ?

આકસ્મીક રજા–૮ ને બદલે ૧૪ દીવસ આપવી કે કેમ ?
રેસ્પેકટેડ હોલીડે–વર્ષ દરમિયાન ૪ દીવસ આપવી કે કેમ ?
પબ્લીક હોલીડે (જાહેર રજાઓ) ૮ને બદલે ૧૬ દીવસ આપવી કે કેમ ?
સ્પેશ્યલ રજાઓ–કંપનીમાં કામ કરતા દરેક કામદારને કામ કરતાં ઈજા થઈ હોય તો તેને સારવાર માટે હોસ્પીટલમાં દાખલ થાય ત્યારથી સંપુર્ણ નોકરી પર હાજર થાય ત્યાં સુધીની રજાઓ સ્પેશ્યલ લીવ તરીકે આપવી જોઈએ કે કેમ ?

૧. હકકરજા–જે રજા વર્ષ દરમ્યાન ૧૦ દીવસના ગુણાંકમાં ૧૦ દીવસે એક દીવસ આપવો જોઈએ કે કેમ ?

૨. અડધા પગારની રજા (કોમ્યુટેડ) રજા વરસ દરમ્યાન ૩૦ આપવી જોઈએ કે કેમ ?

૩. આકસ્મીક રજા (સી. એલ) જે રજા વરસ દરમ્યાન ૧૪ આપવી જોઈએ કે કેમ ?

૪. રેસ્ટ્રેકટેડ રજા–જે વરસ દરમ્યાન ૪ દીવસ આપવી જોઈએ કે કેમ ?

૫. જાહેર રજાઓ–(પબ્લીક હોલીડે) જે રજા વરસ દરમ્યાન ૧૬ દીવસની આપવી જોઈએ કે કેમ ?

૬. સ્પેશ્યલ રજા–જે રજા કંપનીમાં અકસ્માતથી કામદારને ઈજા પહોંચે ત્યારથી કામ કરવાને લાયક ન બને ત્યાં સુધીની તમામ રજાઓ સ્પેશ્યલ રજા તરીકે આપવી કે કેમ ?

એ. સી. રાવલ

વડોદરા તા. ૩૧–૭–૯૦

મદદનીશ મજુર કમિશનર,
વડોદરા

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

નં. કેએમએસએચએમજી/૪૧૨/૯૦/એજે/આઈડીઆર/નાકવ/૩૧૯/૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એરો સ્ટીલ વાયર પ્રા. લી. વલ્લભ વિદ્યાનગર અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની ૧૪ માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગના તા. ૨૬મી માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ–એસએમ–૩૬૭–આઈડીએ ૧૦૭૨–૪૬૧૮–૩૩થી સદર ધારાની કલમ ૧ની પેટા કલમ (૧૦)ની સાથે પેટા વિભાગ ૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ રની આઈટમ નં. ૩ અને અનુસૂચી ૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધાજ નાયબ મજુર કમિશનરોને તેમના સંબંધિત કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા મુજબ તકરાર અધીનીયમ–૧૯૪૭ની કલમ–૧૪માંની પેટા કલમ ૧થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમીશનર આથી મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વિકાસ વીભાગના તા. ૩–૯–૮૭ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૪૯૫/આઈડીએ/૧૦૮૮/૨૩૩૫૪–મ–૪થી રચાયેલ શ્રી. એન. બુચની બનેલી મજુર અદાલત, નડીયાદને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે આથી લખી મોકલું છું.

અનુસુચિ

૧. સંસ્થામાં કામ કરતા કામદાર જે હાલમાં મળતા પગાર તેમાં કુશળ કામદારોને દૈનિક રૂા. ૫ અર્ધકુશળને રૂા. ૪-૫૦ તથા બીન કુશળને રૂા. ૪ નો વધારો તા. ૧-૧-૮૦ થી આપવો કે કેમ ?

૨. કામદાર ૫૦ કરતાં વધુ અને ૨૫૦ કરતા ઓછા કામ કરતા હોવાથી એન્જી. વેજ બોર્ડ પ્રમાણે મોં. ભથ્થુ આપવું કે કેમ ?

૩. સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને ૨૩ હક્ક રજાઓ ૨૦ સીક-લીવ તથા ૧૦ કેજ્યુઅલ તથા ૧૦ તહેવારની રજાઓ દર વરસે પૂરા પગાર સહીત ચુકવી આપવી આપવી કે કેમ ?

૪. તમામ કામદારોને માસિક રૂા. ૭૫ મેડીકલ એલાઉન્સ ચુકવી આપવા કે કેમ

૫. તમામ કામદારોને માસિક રૂા. ૧૫૦ લેખે મકાન ભાડા પેટે ચુકવી આપવા કે કેમ ?

૬. સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર વરસે બે જોડ યુનિફોર્મ તથા બે જોડી બુટ આપવા કે કેમ ?

૭. તમામ કામદાર કર્મચારીઓને માસિક રૂા.૧૦૦ અથવા વાર્ષિક રૂા. ૧૨૦૦ લીવ ટ્રાવેલીંગ એલાઉન્સ પેટે ચુકવી આપવા કે કેમ ?

૮. તમામ કામદારોને માસિક રૂા. ૩૦ ધોલાઈ એલાઉન્સ પેટે ચુકવી આપવા કે કેમ ?

૯. તમામ કામદાર કર્મચારીઓને માસીક રુા. ૭૫ કન્વેયન્સ એલાઉન્સ પેટે ચુકવી આપવા કે કેમ ?

૧૦. ઉપરોકત તમામ માંગણીઓનો અમલ તા. ૧-૧-૮૯ ના રોજથી કરવો કે કેમ ?

એ. સી. રાવલ
નાયબ મજુર કમિશનર
વડોદરા

વડોદરા તા. ૯-૮-૯૦

INDEX

નાયબ મજુર કમિશનર

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસએચઓએસી/૪૧૩–૯૦/આઈડીઆર/એજે/નામક/વ–૩૨૦–૯૦ જોડે સાથે કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વી. વી. એન. મેન્યુફેક્ચરીંગ એન્ડ ઇન્વેસ્ટા લી. સોજીત્રા રોડ આણંદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ–૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧–૪–૮૨ના જાહેરનામા ક્રમાંક ક્રમાંક કેએચ–આર–૨૬૦–આઈડીએ–૧૦૭૮–૧૧૮૬૨ (બી) (૧)થી સદર ધારાની કલમ–૧૦ની પેટા કલમ ૧ અને કલમ–૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ–૨ની આઈટમ નં ૩ અને અનુસૂચિ–૩ની આઈટમ નં ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪ મોની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૭–૯–૮૭ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૪૯૫/આઈડીએ/૧૦૮૭/૨૩૩૫૪–મ–૪ થી રચાયેલ શ્રી ડી. એન. શુકલની બનેલી મજુર અદાલત નડીયાદને આવી તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

૧. તમામ કામદારોના બેઝીક પગારમાં દૈનિક રૂા. ૧૦નો વધારો કરવો કે કેમ ?

૨. તમામ કામદારને સરકારી ધારાધોરણ મુજબ મોંઘવારી ભથ્થું આપવું કે કેમ ?

INDEX

૩. તમામ કામદારોને રૂા. ૫૦ માસિક ઘરભાડું આપવું કે કેમ ?

૪. દર વરસે રૂા. ૫૦ મેડીકલ એલાઉન્સ આપવું કે કેમ ?

૫. ૨૧ દીવસની હાજરી ઉપર હકક રજા ભરપગારે રજા તેમજ ૧૫ દીવસની દર વરસે પી. એલ. તેમજ માંદગીની ૧૪ રજા તેમજ જાહેર તહેવારની ૨૦ રજાઓ મજુર દીન ૫ ધુળેટી ૬ ઉતરાયણ આ રજાઓ ભરપગારે આપવી કે કેમ ?

૬. હાલમાં જે ઈન્ક્રીમેંટ દર વરસે મળે છે, તેમાં નીચે મુજબનો વધારો કરવો કે કેમ ?

(૧) સ્કીલ્ડને દર વરસે રૂા. ૩ લેખે (૨) અનસ્કીલ્ડને દરરોજ ૧ લેખે (૩) સેમીસ્કીલ્ડને દર વરસે રૂા. ૨ લેખે ઈન્ક્રીમેંટ વધારી દૈનિક હકક ચુકવવો કે કેમ ?

૭, તમામ કામદારને દૈનિક ૪૦૦ ગ્રામ દુધ આપવું કે કેમ ?

૮, તમામ કામદારને રૂા. ૨૫૦ બોનસ ચુકવી આપવું કે કેમ ?

૯. દર વરસે તમામ કામદારોને બે જોડી ડ્રેસ આપવા કે કેમ ?

૧૦. હકક રજા ન ભોગવે તેને જે દીવસે તે ઇન્ક્રીમેન્ટની માગણી મુકે તો તેમની રજાઓમાંના બેલેન્સનું એનકેશમેન્ટ ચુકવવું કે કેમ ?

એ. સી. રાવલ
નાયબ મજુર કમિશનર
વડોદરા

વડોદરા તા. ૧૯–૮–૯૦

—o—o—

INDEX

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭,

નં. કેએચ/એસએચએમસી/વ/એને/૮૧૪૪ મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર પાવલીપુરા જુથ ગ્રામ પંચાયત પો. પાવલીપુરા, તા. વાઘોડીયા અને તેના કામદાર મોહનભાઈ પરમાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદીજાત વિકાસ વિભાગના તા. ૨૬-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએચ-એસએચ-૩૬૭-આઈડીએ-૧૦૭૨-૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧)ની સાથે પેટાવિભાગ ૧ની કલમ 'સી' વાંચતા તે સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમના પોતાના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ ૧૪માંની પેટા કલમ ૧થી મળેલ સત્તાની રૂએ હું શ્રી એમ. એમ. પટેલ મદદનીશ મજુર કમિશનર વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૬-૧૧-૮૯ના જાહેરનામા ક્રમાંક થી રચાયેલ પી. એન. વ્યાસની બનેલ મજુર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

મોહનભાઈ પુંજાભાઈ પરમારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ

વડોદરા તા. ૨૭-૭-૯૦

એમ. એમ. પટેલ
મદદનીશ મજુર કમિશનર
વડોદરા

૬૬

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

નં. હુકમ/એસએમએમસી/વ/એન/૮૨૪૭ મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સ્ટાર સ્ટીલ લિ. માણેજા-વડોદરા અને તેના કામદાર રામઅભિલખ ભરોસે વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગના તા. ૧૬-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક કેએમ/એસએમ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટાવિભાગ-૧ની કલમ "સી" બાબતો અને સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭ની ૧૪ની કલમ-૧૦ની પેટાકલમ-૧ ક્લોઝ-ક્લોઝ (સી)થી મળેલ સત્તાની રૂએ હું શ્રી એમ. એચ. પટેલ મદદનીશ મજુર કમિશનર વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૮-૮૭ના જાહેરનામા ક્રમાંક
થી રચાયેલ શ્રી પી. આર. વૈષ્ણવની બનેલી મજુર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા સુપ્રત મોકલું છું.

અનુસુચિ

રામઅભિલખ ભરોસેને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?

એમ. એચ. પટેલ
મદદનીશ મજુર કમિશનર
વડોદરા

વડોદરા તા. ૨૭-૭-૯૦

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

નં. કએમ/એસએચએમસી/વ/એન/૮૫૫૪ મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મેકસ્ટીલ ફેબ્રીકેશન-વડોદરા અને તેના કામદાર પ્રકાશકુમાર પટેલ વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક ક્રમાંક : કેએચ-આર-૨૬૧-આઈડીએ-૧૦૭૮-૧૧૮૨ (બી) (૨) થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૭ અને અનુસૂચિ ૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મદદનીશ મજુર કમિશનર સુરતને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિકતકરાર અધિનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મા)ની કલમ ૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું મદદનીશ મજુર કમિશ્નર વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૦-૨-૯૦ના જાહેરનામા ક્રમાંક થી રચાયેલ શ્રી પી. આર. દેસાઈની બનેલી મજુર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

પરિશિષ્ટ

પ્રકાશકુમાર અંબાલાલ પટેલને તેમના પડેલા પગાર સહીત મુળ જગાએ દીવસોના પુનઃસ્થાપીત કરવા જોઈએ કે કેમ ?

એમ. એચ. પટેલ
મદદનીશ મજુર કમિશનર
વડોદરા

વડોદરા તા. ૯-૮-૯૦

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭

નં. કેએસ/એસએમએમસી/વ/એજે/૮૫૪૯/ મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગીક તકરાર એફએજી પ્રિસીશન બેરીંગ્સ (ઇં) લી. વડોદરા અને તેના કામદાર પી. એમ. વરીયા વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના તા. ૨૬ માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએસ-એસએમ-૩૬૭-આઈડીએ ૧૦૭૨—(૮૨૬૪)૩૩)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ (૧)ની કલમ "સી" વાંચતા તે સદર ધારાની અનુસૂચિ ૨ની આઈટમ ૩ અને અનુસૂચિ ૩ ની આઈટમ ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭)ના ૧૪માની કલમ ૧૦ની પેટા કલમ ૧ની પેટા વિભાગ સીથી મળેલ સત્તાની રૂએ હું એમ. એચ. પટેલ મદદનીશ મજુર કમિશનર વડોદરા આથી મજુર અને રોજગાર વીભાગના તા. ૧૬–૧૧–૮૯ના જાહેરનામા ક્રમાંક

થી રચાયેલ શ્રી પી. એન. વ્યાસની બનેલી મજુર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

પી. એમ. વરીયાને તેમના પડેલા દીવસોના પગાર સહીત તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

એમ. એચ. પટેલ
મદદનીશ મજૂર કમીશનર
વડોદરા

વડોદરા, તા. ૯–૮–૯૦

INDEX

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔધોગીક તકરાર અધીનિયમ, ૧૯૪૭

નં. કેએચ/એસએચએમસી/વ/એજે ૮૧૧૬/મદદનીશ મજુર કમીશનરનો એવો અભીપ્રાય થાય છે કે. આ સાથે જોડેલી અનુસુચીમાં નીર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔધોગીક તકરાર કેન્ટીન કોન્ટ્રાકટર ગામીર કેટરીંગ સર્વિસ, ગુજરાત રીફાઈનરી, વડોદરા મારફત વડોદરા અને તેના કામદાર વીનોદ શેટ્ટી તથા અન્ય ૧૦ વચ્ચેની છે.

અને હવે ઔધોગીક તકરાર અધીનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદીજાતી વીકાસવીભાગના તા. ૨૬ માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક-કેએચ-એસએચ-૩૧૭-આઈડીએ-૧૦૭૨-૪૬૧૮(૩૩)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વીભાગ (૧)નો કલમ "સી" વંચિતા તે સદર ધારાની અનુસુચી ૨ની આઈટમ અને અનુસુચી ૩ની આઈટમ ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔધોગીક તકરાર અધીનિયમ ૧૯૪૭ની (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા વીભાગ 'સી'થી મળેલ સત્તાની રૂએ હું એન ડી. ત્રિવેદી મદદનીશ મજુર કમીશનર વડોદરા આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૮-૨-૯૦ના જાહેરનામા ક્રમાંક-

થી રચાયેલી શ્રી પી. આર. દેસાઈની બનેલી મજુર અદાલત વડોદરાને સદરહુ તકરાર અને તેનો ન્યાય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

૧. વીનોદ શેટ્ટી ૨. આર. ટી. સુતરનીયા ૩. ચંદ્રશેખર એચ. ૪. સુધાકર સુલીયા ૫. દીલશ સુલીયા ૬. રમેશ શેટ્ટી ૭. ભાસ્કરભાઈ ગાયકવાડ ૮. શશીકાન્ત પવાર ૯. સુકુમાર કે. ૧૦. રમેશ સુત્રધાર ૧૧. શેખર સુલીયા ઉપરોક્ત કામદારોના રાજીનામા કાયદેસરના છે કે કેમ ? તથા તેમની મુળ જગ્યાએ પડેલા દીવસોના પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપીત કરવા જોઈએ કે કેમ ?

એન. ડી. ત્રિવેદી
મદદનીશ મજુર કમીશનર
વડોદરા

વડોદરા તા. ૨૭-૭-૯૦

INDEX

મદદનીશ મજૂર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ

નં. કેએમ/એસએમએસી/વ/એજે/૮૧૬૧ મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગીક તકરાર નાયબ કા. ઇજનેર, ગુજરાત વીદ્યુત બોર્ડ આસોજ સબ સ્ટેશન પો. આમલીયારા, વડોદરા અને તેના કામદાર રામાભાઈ હરીજન વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૬-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક કેએમ-એસએમ/૩૬૭ આઈડીએ-૧૦૮૨-૧૭૧૮ (૩)થી સદરધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) ની સાથે પેટા વિભાગ ૧ની કલમ-(સી) વાંચતા સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં.-૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪)માંની કલમ ૧૦ની પેટા કલમની પેટા વિભાગ 'સી'થી મળેલ સત્તાની રૂએ હું શ્રી એન. ડી. ત્રિવેદી મદદનીશ મજૂર કમિશનર વડોદરા આથી મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વિકાસ વિભાગના તા. ૨૦-૨-૯૦ના જાહેરનામા ક્રમાંક થી રચાયેલી શ્રી પી. આર. દેસાઈની બનેલી મજુર અદાલત વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા સોંપી મોકલું છું.

અનુસુચિ

રામાભાઈ કાળાભાઈને હરીજનને સંસ્થા (ગુ.વી.બો.)ના તા. ૧૪-૨-૮૫ના સરક્યુલર ૪.૬ મુજબ પગાર આપી તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા તા. ૨૭-૭-૯૦

એન. ડી. ત્રિવેદી
મદદનીશ મજૂર કમિશનર
વડોદરા

INDEX

મહદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭,

ક્રમાંક કેએમ/એસએમએસસી/વ/એજે /૮૨૯૧/ મદદનીશ મજુર કમીશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મેમન ઈન્ટર નેશનલ ઓપ્ટીકલ ઈન્ડસ્ટ્રીઝ-વડોદરા અને તેના કામદાર મોહં હઉસ્માન સોપારીવાલા વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિકતકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪માની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વિકાસ વિભાગના તા. ૨૬-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ આર/૩૬૭-આઈડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ-૧ની સાથે પેટા વિભાગ ૧ની કલમ સી વાંચતા અને (સદર ધારાની અનુસુચિ ૨ની આઈટમ ૩ અને અનુસુચિ ૩ ની આઈટમ નં.. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમીશનરને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સતા સુપ્રત કરવામાં આવી છે.

૫. આ કામે સામાવાળા નં. ૨ ટેક્ષટાઈલ લેબર યુનિયન બી.આઈ.આર. એક્ટ હેઠળ પ્રતીનિધીત્વ ધરાવતું યુનિયન છે અને સદરહુ અરજી નં. (જુનો) ૧૦-૮૬ અને (નવો) ૯૭-૮૭ની અરજી સદરહું સામાવાળા નં. ૨ના પ્રતીનિધીત્વ ધરાવતા યુનિયને કરેલી છે. બી. આઈ. આર. એક્ટની કલમ-૨૦(એ)ની જોગવાઈ મુજબ કામદારોનું પ્રતીનિધીત્વ ધરાવતું યુનિયન અસ્તિત્વમાં હોય તો કામદારોને લેબર કોર્ટ તેમજ બીજા કાયદા હેઠળના કોર્ટોમાં કામદારોનું પ્રતીનિધીત્વ ધરાવવાનો હક્ક છે અને આવાં પ્રતીનિધીત્વ ધરાવતા યુનિયન સીવાય બીજા કોઈ કામદારને કે બીજા કોઈ યુનિયનને આવા કેસમાં કામદારોનું પ્રતીનિધીત્વ કરવાનો હક્ક આપવામાં આવેલ નથી નામદાર સુપ્રિમ કોર્ટે સંતુરામ ખુદાઈ વીરુદ્ધ કીમેટાઈ પ્રિન્ટર્સ પ્રોસેસર્સ અને બીજાના કેસમાં ૧-૩ એલ. જે. પાન નં. ૧૭૪ ઉપર સ્પષ્ટ કરાયેલું છે કે, બી. આઈ આર. એક્ટની કલમ-૨૭(એ), ૩૦-૩૨ અને ૩૭ નો સમગ્ર રીતે અભ્યાસ કરતાં પ્રતીનિધીત્વ ધરાવતાં યુનિયન સીવાય બીજા કોઈ યુનિયનને કામદારોનું પ્રતીનિધીત્વ કરવાનો લેબર કોર્ટ સમક્ષ અધીકાર નથી. આમ હાલના અરજદાર પ્રતીનિધીત્વ ધરાવતું યુનિયન ન હોવાથી ભરુચની લેબર કોર્ટને સદરહું અરજી જે પ્રતીનિધીત્વ ધરાવતા યુનિયને કરેલ હતી. તેમાં

INDEX

તેમને પક્ષકાર થવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થીત થતો નથી. અને તેથી તેમની આવી માંગણી મંજુર કરી શકાય નહીં.

૬. આ ઉપરાંત બીજી એક સ્પષ્ટ હકીકત એ છે કે, વિદ્વાન મજુર અદાલતના ન્યાયાધીશે તેમની સમક્ષની અરજીમાં છેવટનો નિકાલ કરી દીધેલો છે. સદરહુ અરજી ફેંસલ થઈ ગઈ છે એટલે તેનો અંતીમ નિકાલ આવી ગયેલ છે. આવા અંતીમ નિકાલના નિર્ણય સામે બી.આઈ.આર. એક્ટની જોગવાઈ મુજબ તે કામના પક્ષકારોને જો તે નિર્ણયથી નારાજ હોય તો અપીલ કરવી જોઈએ. મજુર કોર્ટના બી.આઈ.આર. એક્ટની કલમ-૭૯ મુજબના છેવટના હુકમ સામે અપીલની જોગવાઈ છે અને અપીલની જોગવાઈ હોવ ત્યાં અપીલ જ કરવી જોઈએ અને ત્યાં રીવીઝન થઈ શકે નહીં. આથી પણ હાલની રીવીઝન અરજી કાયદેસર રીતે ચાલી શકે તેમ નથી અને તેથી તે રદ થવાને પાત્ર છે.

વળી, કોઈ પણ કોર્ટના હુકમની સામે અપીલ કે રીવીઝન કરવી હોય તો તેની અપીલ કે રીવીઝન સદરહુ કામમાં પક્ષકાર હોય તો જ કરી શકે. જે પક્ષને મજુર અદાલત સમક્ષ પક્ષકાર થવાનો પણ હકક ન હોય તેને રીવીઝન અરજી કે અપીલ કરવાનો હક મળી શકે નહીં. આ કેસમાં અરજદાર પ્રતીનિધીત્વ ધરાવતું યુનિયન ન હોઈ લેબર કોર્ટ સમક્ષ કે કેસ ચાલતો હતો તેમાં તેમને પક્ષકાર થવાનો કોઈ હકક નથી અને તેથી તે કામમાં તેઓ પક્ષકાર ન હતા. આમ કાયદેસર રીતે પક્ષકાર થવાનો હકક ન હોઈ હાલની રીવીઝન અરજી કરવાની કોઈ સત્તા કે હકક નથી અને તે કારણે પણ હાલની રીવીઝન અરજી ચાલી શકે નહીં.

૮. ઉપરના સંજોગોમાં હાલની રીવીઝન અરજી રદ થવાને પાત્ર છે અને તેથી અરજદાર તરફથી આ રીવીઝન અરજીના ગુણદોષ બાબતે જે તકરારો કરવામાં આવી છે તે તકરારોનો વીચાર કરવાની હવે જરુર નથી તેથી તે બાબતે હું કોઈ ચર્ચા કરતો નથી અને નીચે મુજબનો છેવટનો હુકમ કરું છું.

હુકમ

૯. આ રીવીઝન અરજી રદ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

INDEX

વડોદરા તા. ૨૪-૧૦-૮૯

શ્રી આર. જે. યાજ્ઞિક
સભ્ય
ઔદ્યોગિક અદાલત વડોદરા

અમદાવાદ તા ૨૭-૧૨-૮૯

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયે નિમાયેલ
સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના ક્રમાંક ખ/શમક/૨૬૬૯૮/આરયુ સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ- ૮૦થી અને આપવામાં આવેલ સત્તાની રૂએ હું શ્રી વી. એમ. સાલવી ડીસા અને શ્રી બળદેવભાઈ વસ્તાભાઈ પટેલ નવા ડીસા ની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબની નીવેડા ની સને ૧૯૯૦ના જાન્યુઆરી માસના ૧૫મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત અમદાવાદ

આર. એસ. શુક્લ સભ્ય સમક્ષ

રેફરન્સ (ટી. યુ.) નં. ૪/૧૯૮૯

વી. એમ. સાલ્વી અરજદાર
C/o. નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી,
૫. જયપાર્ક સોસાયટી, ડીસા
તા. ડીસા, જી. બનાસકાંઠા

વિરૂદ્ધ

બળદેવભાઈ વસ્તાભાઈ પટેલ સામાવાળા
નવજીવન સોસાયટી,
સ્પોર્ટસ કલબ મેદાનની સામે,
ગાયત્રી રોડ, નવા ડીસા, તા. ડીસા
જી. બનાસકાંઠા

ઈન્ડીયન ટ્રેડ યુનિયન એકટની કલમ-૧૪(એ) હેઠળ રેફરન્સ.

ચુકાદો

૧. આ રેફરન્સ ઈન્ડીયન ટ્રેડ યુનિયન એકટની કલમ-૧૪(એ) હેઠળ વી.એમ. સાલ્વી કે જેઓ બનાસકાંઠા પાતાળકુવા કર્મચારી સંઘ, રજીસ્ટર્ડ નં. ૩૦૪૪ના સભ્ય છે. તેઓએ સામાવાળા બળદેવભાઈ વસ્તાભાઈ પટેલની વીરૂદ્ધ તેમની પ્રમુખ તરીકે જે વરણી કરવામાં આવી છે તે ગેરકાયદેસર રીતે કરાવવા માટે નાયબ અધીકારી, અમદાવાદે કરેલ રેફરન્સ અન્વયે આ કોર્ટને ન્યાયનિર્ણય કરવા માટે સુપ્રત કરવામાં આવેલ છે.

૨ અરજદાર સાલ્વીએ તેરની આંક-૧ની અરજીમાં જણાવ્યા પ્રમાણે તેમના કેસની હકીકત એવી છે કે, તેઓ બનાસકાંઠા પાતાળકુવા કર્મચારી સંઘ (જેને હવે પછી 'સંઘ' તરીકે ઓળખવામાં આવશે)ના વર્ષોથી સભ્ય હોઈ તારીખ ૩-૧-'૮૮ના રોજ સામાન્ય સભા બોલાવવામાં આવી હતી અને તેમાં સાલ્વીને પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ અને આમ તેઓ પ્રમુખ તરીકે વરણી થયેલ હોઈ આ સંઘના કાયદેસરના ચોક્કસ બેરર હોદેદાર છે. આ સંઘ સને ૧૯૮૫માં ધી ઈન્ડીયન એકટ ૧૯૨૬ હેઠળ નોંધાયેલ છે અને તેના બંધારણમાં જણાવ્યા પ્રમાણે ગુજરાત જળ સંપત્તિ વીકાસ નિગમ, ગાંધીનગર હસ્તકની પેટા કચેરીમાં નોકરી કરતા તમામ કર્મચારીઓ આ સંઘના સભ્યો થવાની લાયકાત ધરાવે છે. સભ્ય થવા માટે આ સંઘના બંધારણની કલમ-૩(બી) હેઠળ પ્રવેશ ફી, લવાજમ ભરવનું હોય છે અને જો કોઈ પણ કર્મચારી વાર્ષિક લવાજમ ન ભરે તો તેના સભ્યપદનો આપોઆપ અંત આવે છે. અરજદાર સાલ્વીનો વધુમાં કેસ એવો છે કે, સંઘે સને ૧૯૮૮ના વર્ષ માટે લવાજમ ઉઘરાવેલ છે. જેમાં કુલ

INDEX

૩૯૭ સભ્યોએ લવાજમ ભરેલ છે અને તેથી આજ સભ્યો સંઘના કાયદેસર સભ્યો ગણાય અને ચુંટણીમાં ઉભા રહેવા પાત્ર થાય. સંઘના બીજા લાભે પણ તેઓને જ મળી શકે. આ સંઘના સભ્યોની યાદીમાં સામાવાળા શ્રી પટેલનું નામ નથી અને તેઓએ લવાજમ પણ ભર્યું નથી. ઉપરોક્ત સંજોગોમાં પટેલ આ સભ્ય ગણાય નહીં અને તેથી તેમને ચુંટણીમાં ઉભા રહેવાનો અધીકાર નથી.

૩. અરજદારના જણાવ્યા પ્રમાણે ઉપરોક્ત પરિસ્થિતિ હોવાછતાં સામાવાળા પટેલે પોતાની જાતને સંઘના પ્રમુખ તરીકે ઓળખાવી છે અને તે પ્રમાણે તેઓની વરણી પણ થયેલી છે. જે અરજદારના માનવા પ્રમાણે ગેરકાયદેસર અને ગેરબંધારણીય છે. સંઘના પ્રમુખ હોદ્દેદારોની વરણી આ સંઘના બંધારણની કલમ-૧૪ પ્રમાણે કરવામાં આવી છે. અને કલમ-૧૪ની જોગવાઇ જોતાં તા. ૩-૧-૮૮ના રોજ મળેલ સામાન્ય સભામાં ઠરાવ નં. ૭૬થી સર્વાનુમતે ચુંટણી કરવામાં આવેલ હતી. જેમાં અરજદાર શ્રી સાલ્વીની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી અને તેમની સાથે કુલ બીજા ૩૧ હોદ્દેદારોની પણ વરણી કરવામા આવેલ હતી, ટુંકમાં અરજદાર સાલ્વીના જણાવ્યા પ્રમાણે આ સંઘના કાયદેસરના પ્રમુખ ગણાય. અરજદાર વધુમાં જણાવે છે કે ત્યારબાદ સને ૧૯૮૯ના વર્ષ માટે હોદ્દેદારોની ચુંટણી કરવાની હતી અને તે પ્રમાણે તેઓએ પરિપત્ર બહાર પાડી એક સાધારણ સભા તા. ૧૮-૬-૮૯ના રોજ સરદાર બાગ, ડીસા ખાતે રાખેલ અને સદર સભા યોજતાં પહેલાં તે અંગેના પરિપત્રની નકલ પણ મોકલવામાં આવેલ. જે અન્વયે તેમાં જણાવેલ મુદ્દા નં. ૨ પ્રમાણે સને ૧૯૮૯ના વર્ષના હોદ્દેદાર તથા કારોબારીના સભ્યોની વરણી અંગેની પદ્ધતિ બંધારણમાં લઇ ઉપર જણાવ્યા પ્રમાણે નવા હોદ્દેદારો જેમાં પ્રમુખનો પણ સમાવેશ થાય છે તેઓની તથા કારોબારીના સભ્યોને ચુંટવામા આવ્યા હતા, અરજદારની જણાવ્યા પ્રમાણે સદર તારીખ ૧૮-૬-૮૯ના રોજ ઉપરની મીટીંગમાં આશરે ૪૦૦ સભ્યો ડીસા મુકામે હાજર રહેલા અને તે મીટીંગનું પ્રમુખસ્થાન સાલ્વીને એટલે કે હાલના અરજદારને સોંપવામાં આવેલું. સદર સભામાં આવેલું. સદર સભામાં બીજા હોદ્દેદારોની વરણી વખતે બધાં જ કામદારોને વોટ શરૂ કર્યો હતો અને અંતે ચુંટણીના ઉમેદવારો સામસામે આવી જતાં પરિસ્થિતિ કાબુ બહાર જતાં સભાના પ્રમુખશ્રીએ સભાને બરખાસ્ત જાહેર કરી હતી. આમ પ્રમુખ તથા બધા કર્મચારીઓ મીટીંગનું સ્થળ છોડી ચાલ્યા ગયા હતા, જે અંગે ઠરાવ પણ કરવામાં આવેલ. આ કાર્યવાહીની જાણ પ્રેસનોટ મારફતે લોકલ દૈનિક પેપરમાં પણ કરવામાં આવેલ. પ્રમુખની ચુંટણી તથા અન્ય હોદ્દેદારોની વરણી

અંગેની જાહેરાત તા. ૨૦-૬-૮૯ના રોજ બી. વી. પટેલની સહીથી પરિપત્ર કાઢી કરવામાં આવેલી. આમ તારીખ ૧૮-૬-૮૯ના રોજ સામાન્ય સભામાં સામાવાળા બી. વી પટેલની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવેલ એવું જણાવવામાં આવેલ છે, આ ઠરાવ વાંચી અરજદાર સાહ્વીને આશ્ચર્ય થયેલ. કારણ કે ૧૮-૬-૮૯ના રોજ થયેલ સભા મોકુફ રાખવામાં આવેલ અને બધા સભ્યો સ્થળ છોડી ચાલ્યા ગયેલ હતા અને આથી આવો ઠરાવ કાયદેસર રીતે થઈ શકે નહીં અને જે ઠરાવ થયો છે તે માન્ય રાખી શકાય નહીં. ઉપરોક્ત સભા અથવા મીટીંગ બંધારણની કલમ-૧૪ પ્રમાણે ટ્રેડ યુનિયન એકટ-૨૬ના કાયદાની જોગવાઈઓ પ્રમાણે થવી જોઈએ જે થયેલ નથી. આમ ઉપરના તમામ સંજોગોમાં સામાવાળા બી. વી. પટેલની પ્રમુખ તરીકે વરણી ગેરકાયદેસર રીતે ગણાય. અરજદારે અંતમાં તેમની અરજીમાં જણાવેલ છે કે, તે ગેરકાયદેસર હોઈ તે પ્રમાણે આ કોર્ટે ઠરાવવું જોઈએ અને બીજા હોદ્દેદારોની જે વરણી કરવામાં આવેલ છે તે પણ ગેરકાયદેસર હોઈ તે મતલબનું ડેકલેરેશન આ કોર્ટે કરવું જોઈએ. અરજદારે આંક-૧ની અરજી દાખલ કરી ત્યારે અત્રેની કોર્ટમાં વચગાળાની મનાઈહુકમ માટેની અરજી આંક-૩ પણ કરેલી. જે પક્ષકારોને સાંભળી મર્યાદીત સમય માટે મનાઈ હુકમ ચાલુ રાખવામાં આવેલો.

૪. સામાવાળાએ અરજદારની સદર અરજીનો જવાબ આંક-૯થી આપેલ. પટેલ તેમના આંક-૯માં જણાવે છે કે. અરજદારે કરેલ રેફરન્સ ગેરકાયદેસરનો હોઈ તે રદ થવાને પાત્ર છે. તેમની જવાબના પેરા-૬માં જણાવ્યા પ્રમાણે ઉપરોક્ત સંઘ ટ્રેડ યુનિયન એક્ટ ૧૯૨૬ની જોગવાઈ પ્રમાણે રજીસ્ટર્ડ થયેલો છે અને તેના બંધારણ પ્રમાણે ગુજરાત જળસંપતિ વિકાસ નિગમ, ગાંધીનગરના હસ્તક આવેલ તમામ પેટા કચેરીઓમાં કામ કરતા કર્મચારીઓ આ સંઘના સભ્યો થઈ શકે તેમ છે અને તે મુજબ નક્કી થયેલ પ્રવેશ ફી તથા લવાજમ તેઓએ ભરવાનું હોય છે. સામાવાળા બી. વી. પટેલનું નામ સંઘે રાખેલ મતદારયાદીમાં ચાલુ છે. સભ્યપદ દરમ્યાન ક્યારેય પણ લવાજમ ભરી શકાય છે અને આમ લવાજમ ભરવાનું ચાલુ હોય તેથી તેનું સભ્યપદ રદ થઈ શકે નહીં. સામાવાળાના જણાવ્યા પ્રમાણે કુલ ૭૩૭ સભ્યોએ આ સંઘનું લવાજમ ભરેલ છે. અરજદારે જાણીજોઈને તેમનું પ્રમુખપદ ચાલુ રાખવાના બદઈરાદાથી આ સંઘની સામાન્ય સભા બોલાવી નહતી અને નવા હોદ્દેદારોની ચુંટણી પણ કરેલી ન હતી. આ સંઘના સભ્યોનું દબાણ હોઈ તેમજ આ સભ્યોનું સામાન્ય સભા બોલાવવાનું દબાણ હોઈ અને તેમાં

પ્રમુખ તથા અન્ય હોદ્દેદારોની ચુંટણી કરવી જરૂરી હોઈ તે અંગેનો પરિપત્ર બહાર પાડી એક સામાન્ય સભા અરજદારે તા ૧૮-૬-૮૯ના રોજ ડીસા મુકામે બોલાવેલ અને તેમાં આઈટમ નં. ૨ મુકવામાં આવી હતી. જે અને ૧૯૮૯ના વર્ષના હોદ્દેદાર તથા કારોબારીના સભ્યોની વરણી અંગેની હતી. હકીકતે પ્રમુખે સભા મોકુફ રાખી જ ન હતી અને આ સભા મોકુફ રાખવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થયેલ નથી. ખરેખર સાહવી પોતે પોતાની મરજીથી સભાનું સ્થળ છોડી ચાલ્યા ગયા હતા અને તેઓ ચાલ્યા જતાં બંધારણની જોગવાઈ પ્રમાણે ઉપપ્રમુખ પદે રહેલ સોનીએ સંભાળી લીધેલ. તેઓએ પ્રમુખ તરીકે આ સભામાં આગળની કાર્યવાહી શરૂ કરી હતી. આ સભામાં સર્વાનુમતે પ્રમુખ તથા અન્ય હોદ્દેદાર તથા કારોબારીના સભ્યોની વરણી અંગેની હતી. હકીકતમાં પ્રમુખે સભા મોકુફ રાખી જ ન હતી અને આ સભા મોકુફ રાખવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થીત થયેલ નથી. ખરેખર સાહવી પોતે પોતાની મરજીથી સભાનું સ્થળ છોડી ચાલ્યા ગયા હતા અને તેઓ ચાલ્યા જતા બંધારણની જોગવાઈ પ્રમાણે ઉપપ્રમુખપદે રહેલા સોનીએ સંભાળી લીધેલ. તેઓએ પ્રમુખ તરીકે આ સભામાં આગળની આગળન કાર્યવાહી શરૂ કરી હતી. આ સભામાં સર્વાનુમતેથી પ્રમુખ તરીકે આ સભામાં આગળની કાર્યવાહી શરુ કરી હતી. આ સભામાં સર્વાનુમતેથી પ્રમુખ તરીકે આ સભામાં આગળની કાર્યવાહી શરુ કરી હતી. આ સભામાં સર્વાનુમતેથી પ્રમુખ તથા અન્ય હોદ્દેદાર તથા કારોબારીના સભ્યો તેમજ કન્વીનરોની ચુંટણી કરવામાં આવી હતી તેઓને ચુંટી કાઢવામાં આવ્યા હતા. આ સભામાં ૪૪૬ સાથી ૩૫૮ સભ્યો હાજર હતા અને તેઓએ સર્વાનુમતે સામાવાળાને પ્રમુખ તરીકે ચુંટી કાઢ્યા હતા. આમ ઉપરોકત તમામ પરીસ્થીતીને લક્ષમાં લેતાં અરજદારે જે અરજી કરેલ છે તે માન્ય રાખી શકાય નહીં. અરજદારે નામદાર અદાલત સમક્ષ સત્ય હકીકત છુપાવી જે કરેલા છે તે માન્ય રાખી શકાય નહીં અને બધા જ સભ્યો સ્થળ છોડી ચાલ્યા ગયા હતા તે હકીકત પણ તદ્દન ખોટી, બેબુનિયાદ અને વાહીયાત છે. ખરેખર પ્રમુખ પોતે જ તારીખ ૧૮-૬-૮૮ના રોજ જે સભા ભરવામાં આવેલ તેનું સ્થળ છોડી ચાલ્યા ગયેલ હતા બાકીના તમામ સભ્યો આ સભાનું સ્થળ છોડી ચાલ્યા ગયા ન હતા.

સામાવાળાએ અંતમાં આંક-૭ના જવાબમાં જણાવ્યું કે ઉપરોકત તમામ સંજોગોમાં અરજદારે જે રેફરન્સ કરેલ છે તે કાયદેસર રીતે ચાલી શકે નહીં અને તેથી તે રદ થવાને પાત્ર છે. સામાવાળાએ આંક-૮થી મનાઈ હુકમની

અરજીનો જવાબ આપેલ. તેમાં તેઓએ આપેલ મનાઈહુકમ અન્યાયી અને ગેરકાયદેસર હોઈ રદ કરવાની માંગણી કરેલ છે.

૫. આ રેફરન્સમાં ન્યાયનિર્ણય કરવા માટે ફક્ત એક જ મુદ્દો ઉપસ્થીત થાય છે અને તે એ છે કે, સામાવાળા બળદેવભાઈ પટેલની આ સંઘના પ્રમુખ તરીકે તારીખ ૧૮–૬–૮૯ની સભામાં વરણી કરવામાં આવેલ તે ગેરકાયદેસર ગણી શકાય ? તેવી જ રીતે સંઘના બીજા હોદ્દેદારોની એ જ દીવસે વરણી કરવામાં આવેલ તે ગેરકાયદેસર ઠરાવી શકાય ?

૬. ઉપરોક્ત બંને મુદ્દાઓનો જવાબ નકારમાં છે. ચુંટણી કાયદેસર છે અને સામાવાળા પટેલની પ્રમુખ તરીકે વરણી થઈ છે તે ન્યાયી અને કાયદેસરની ગણાય.

કારણો

૭. સામાવાળા પટેલ તરફથી તેમના વીદ્વાન એડવોકેટ એન. વી. ભટ્ટે મનાઈ હુકમની અરજીમાં આ અદાલતે જે મનાઈ હુકમ અરજદારની તરફેણમાં આપેલ છે તેનો ઉગ્ર પ્રતીકાર કરી જણાવેલ કે અરજદાર તરફથી એકતરફી મનાઈ હુકમ આપેલ છે તે ગેરકાયદેસર, ગેરબંધારણીય અને કુદરતી ન્યાયના સીદ્ધાંતોની વીરુદ્ધ હોઈ રદ થવાને પાત્ર છે. ભટ્ટના જણાવ્યા પ્રમાણે અરજદાર પોતે ચોખ્ખા હાથે ન્યાય લેવા માટે આવેલા નથી. કારણ કે, તેઓએ સત્ય હકીકતો છુપાવેલી હોઈ તેમની અરજી કાયદેસરની ગણાય નહીં. ભટ્ટ તેમની દલીલોમાં વધુમાં જણાવે છે કે, સને ૧૯૮૮ના વર્ષ માટે સામાવાળા પોતે આ સંઘના પ્રમુખ હતા અને ત્યારબાદ પણ તારીખ ૩–૧–૮૮ના રોજ સર્વાનુમતે સંઘના પ્રમુખ તરીકે ચુંટાયા હતા અને તેઓની મુદત તારીખ ૩૧–૧૨–૧૯૮૯ના રોજ પૂરી થતી હતી. ભટ્ટના જણાવ્યા મુજબ ત્યારબાદ અરજદાર તરફથી અથવા તો તેઓએ કરેલા વિધાનો પ્રમાણે તારીખ ૩૧–૧૨–૧૯૮૮ પછી કોઈપણ મીટીંગ બોલાવવામાં આવેલ નથી. આ રેફરન્સમાં જે દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે, તેમાં બનાસકાંઠા પાતાળકુવા કર્મચારી સંઘનું બંધારણ તથા તારીખ ૧૮–૬–૮૯ના રોજ સરદાર બાગ ડીસા ખાતે જે સાધારણ સભા રાખવામાં આવેલ તેમાં હાજર રહેલ સભ્યોની યાદી રજુ કરવામાં આવેલ છે. સામાવાળા તરફથી તેમના એડવોકેટ સહમલે ૧૮–૯–૮૯ના રોજ આપેલ નોટીસ રજુ કરવામાં આવેલ છે. આ રેફરન્સની સુનાવણી થયા બાદ અરજદાર તરફથી સને ૧૯૮૮ના સાલના સભ્યોની યાદી રજુ કરવામાં આવેલ

છે. ઉપરોકત તમામ દસ્તાવેજી પુરાવાઓમાં જે સંઘનું બંધારણ રજુ કરવામાં આવેલ છે. તે આ અરજીમાં કંઈક મહત્વનું હોઈ તેની ચર્ચા સૌ પ્રથમ કરીશ. તે અન્વયેઘડવામાં આવેલ નિયમો ઉપર દૃષ્ટિ કરતાં પાના નં. ૩ ઉપર પેરા–૩ (બી)માં એવી જોગવાઈ છે કે, જે અન્વયે સંઘે તૈયાર કરેલ નીયમો મુજબ સંઘના ચુંટાયેલા કન્વીનરો સંઘની છાપેલી પહોંચ આપીને લવાજમ ઉઘરાવીને શકશે અને ઉઘરાવેલ લવાજમને બદલે સંઘના નામની પહોંચ આપી શકશે. કલમ–૫ માં જણાવ્યા પ્રમાણે સંચાલન સમિતી તેની મંજુરીથી ૭ માસ સુધી જ કોઈ પણ જાતની મંજુરી સિવાય ત્રણ માસ સુધી વાર્ષિક લવાજમ ન ભરનાર સભ્ય આ સંઘના સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહીં. પરંતુ, જો તેઓ બાકી લવાજમ ભરે તો ફરીથી સંઘમાં જોડાઈ શકશે. બંધારણની કલમ–૧૪માં જણાવ્યા પ્રમાણે પ્રમુખ, ઉપપ્રમુખ અને અન્ય હોદ્દેદારોની ચુંટણી વાર્ષિક સામાન્ય સભામાં કરવામાં આવશે અને તેઓ ફરી ચુંટાવા પાત્ર પણ ગણાશે અને બંધારણ મુજબ નવી પ્રથામાં ચુંટાય નહીં ત્યાં સુધી તેઓ કામ કરવાનું ચાલુ રાખશે. કલમ–૨૨ માં જણાવ્યા પ્રમાણે જેમાં હોદ્દેદારોની ફરજનો સમાવેશ થાય છે તે વાંચતાં એમ જણાય છે કે. હોદ્દેદારોની ચુંટણી અંગેની કોઈ પણ મીટીંગ યોજવામાં આવે પ્રમુખ આવી મીટીંગનું સંચાલન કરશે અને તેમની ગેરહાજરીમાં ઉપપ્રમુખ પણ આ સ્થાન સંભાળી શકશે. પેટા કલમ–૨૯ પ્રમાણે કોઈ પણ સંજોગોમાં સામાન્ય સભા યોજી શકાય નહીં અથવા તો આવી સભા ન બોલાવવામાં આવે તો ફરીથી સામાન્ય સભા માટે સભ્યોને ઓછામાં ઓછી ૧૫ દીવસની નોટીસ આપવામાં આવશે અને આવી સામાન્ય સભા ભરવા માટે ઓછામાં ઓછા ૧/૩ સભ્યોની હાજરી આવશ્યક છે. પરંતુ, આવી સભા મુલત્વી રાખવામાં આવે તો આવી સભા ફરી ભરવા માટે કાર્યસાધક સભ્યોની જરૂરી નથી. ઉપરોકત તમામ જોગવાઈઓનું એકંદર રીતે લક્ષમાં લેતાં અને તેનું તુલનાત્મક રીતે વિશ્લેષણ કરતાં હું એવા તારણ ઉપર આવું છું કે, આ રેફરન્સમાં સામાવાળા શ્રી પટેલને સને ૧૯૮૮માં બોલાવેલ સામાન્ય સભામાં પ્રમુખ તરીકે ચુંટવામાં આવ્યા હતા ત્યાર બાદ તારીખ ૩–૧–૮૯ના રોજ પણ તેઓ સર્વાનુમતે આ સંઘના પ્રમુખ તરીકે ચુંટવામાં આવ્યા હતા અને ત્યાર બાદ પ્રમુખ તરીકે તેમની કામગીરી તેઓએ તારીખ ૩૧–૧૨–'૮૮ સુધી ચાલુ રાખેલ. તારીખ ૧૮–૬–'૮૯ના રોજ ડીસા ખાતે મીટીંગ રાખવામાં આવેલ. જેમાં ૪૪૬ સભ્યો હાજર હતા અને

અરજદાર સાહેબીના સભ્યો પણ તેમાં હાજર હતા. સદર મીટીંગ સસ્પેન્ડ કરવામાં આવેલ નહીં. બંધારણની કલમ-૨૬ મુજબ સદર મીટીંગ ફરીથી બોલાવવામાં આવી હતી અને બધા જ સભ્યો આ મીટીંગમાં હાજર રહ્યા હતા. આમ ઉપરોક્ત તમામ સંજોગોમાં જે મીટીંગ સામાવાળા તરફથી બોલાવવામાં આવી હતી તે કાયદેસરની ગણી શકાય અને બંધારણમાં જણાવેલ તમામ જોગવાઈઓનો અમલ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત મીટીંગમાં ૩૫૮ સભ્યોએ મતદાન કરેલ અને જે શુભાશુભ કરવામાં આવી હતી તે આ મીટીંગમાં મુક્તપણે ડોળ કરવાના હેતુથી થઈ હતી. આમ તમામ સંજોગોમાં કુલ ૪૪૬ સભ્યોમાંથી ૩૫૮ સભ્યો આ મીટીંગમાં હાજર હોઈ પ્રમુખ, ઉપપ્રમુખ સેક્રેટરીની જે વરણી કરવામાં આવેલ છે તે મારી દષ્ટિએ ન્યાયી અને વ્યાજબી ગણી શકાય. ઉપરોક્ત સામાન્ય સભામાં યુનિયનને આ સંઘના ૨૧ હોદ્દેદારોની વરણી કરેલ હતી અને તે નવા હોદ્દેદારો ચુંટાયાની જાહેરાત વર્તમાનપત્રમાં પણ કરવામાં આવેલી. આમ સામાવાળાએ બોલાવેલી મીટીંગની સમગ્ર કાર્યવાહી કેસમાં પડેલા દસ્તાવેજી પુરાવા લક્ષમાં લેતાં ન્યાયી અને કાયદેસર ગણાય અને તે સંજોગોમાં અરજદારે જે અરજી કરી છે મારી દષ્ટિએ ન્યાયી અને વ્યાજબી ગણી શકાય નહીં. ઉપરોક્ત તમામ સંજોગોમાં કરેલ રેફરન્સમાં કોઈ વજુદ મને દેખાતું ન હોઈ મારો છેવટનો હુકમ હું નીચે મુજબ કરું છું.

હુકમ

૮. અરજદારની મનાઈ હુકમની અરજી ક્રમાંક-૩ નીચે કરવામાં આવેલ મનાઈ હુકમનો હુકમ આથી રદ કરવામાં આવે છે અને આ મનાઈ હુકમની અરજી રદ થતાં અરજદારની અરજી ક્રમાંક-૧ પણ આપોઆપ રદ થતાં સમગ્ર અરજી આથી રદ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી આર. એસ. શુક્લ
સભ્ય
ઔદ્યોગિક અદાલત અમદાવાદ

અમદાવાદ તા. ૧૮-૧૨-૮૯

જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ

અમદાવાદ તા ૧૫-૧-૯૦

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ
અમદાવાદ

આંક ૧૬

ઔદ્યોગિક અદાલત ગુજરાત અમદાવાદ

એન. એ. ચૌહાણ સભ્ય સમક્ષ

રેફરન્સ (આઈ. સી.) નં. ૬૮૦/૧૯૭૬

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

અમદાવાદ મિલ ઓનર્સ એસોસિએશન, અમદાવાદ — દ્વિતીય પક્ષકાર

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ

મીલમાં કામ કરતા ટેકનીકલ. સુપરવાઈઝરી અને મેનેજરીયલ સ્ટાફને વ્હીકલ એલાવન્સ આપવાની સંબંધની માંગણી અંગે.

ચુકાદો

૧. હાલની રેફરન્સ મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધીનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘે દ્વિતીય પક્ષકાર મીલ ઓનર્સ એસો. એશન સામે દાખલ કરેલો છે. સંઘે ૧૯૪૬ના અધીનિયમની કલમ ૪૨(૨) મુજબના ફેરફારની સૂચના તા. ૧૩-૮-૭૬ના રોજ મિલ માલીકોના એસો.ને આપેલ, જે અન્વયે ૧૯૪૬ના અધીનિયમ નીચે સરકાર તરફથી નિમાયેલા સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવવામાં નિષ્ફળ ગયેલા હોવાથી, તેમની પ સેપ્ટે ૧૯૭૦ તારીખનું અસાફલ્યપત્ર ઈળવીને હાલનો રેફરન્સ સંઘે કરેલો છે.

૨. સંઘે ફેરફારની સુચના આપીને એવી માંગણી કરેલી હતી કે, અમદાવાદના સુતર કાપડ ઉદ્યોગની મિલોના કામદારોને જેવા કે ટેકનીકલ, સુપરવાઈઝરી અને મેનેજરીયલ સ્ટાફને તેમના વેતન પ્રમાણે વાહનભથ્થું આપવું જોઈએ.

૩. આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર સંઘે તેમનું માંગણાનું નિવેદન આંક-૪થી રજુ કરેલ છે. જ્યારે મિલ ઓનર્સ એસોસિએશને તેમનો લેખીત જવાબ આંક-૫થી રજુ કર્યો છે. ત્યાર બાદ આ રેફરન્સમાં ચાલુ કામે પ્રથમ પક્ષકાર સંઘના પ્રતીનિધી શ્રી બારોટે આંક-૧૫ની પુરસીસ રજુ કરીને જણાવેલ છે કે, કાપડ સુતર ઉદ્યોગની મિલોના હાલના સંજોગો જોતાં ભવીષ્યમાં તેઓની માંગણી ફરી કરવાની શરતે તેઓ સદરહુ રેફરન્સ પાછો ખેંચવા માગે છે તો તે હુકમ કરી આપવા માટે વીનંતી છે. સંઘની સદરહુ પુરસીસની વીગતે, સુતરાઉ કાપડની મીલોની હાલની આર્થિક કટોકટી લક્ષમાં લઈને તેઓ હાલ પુરતી આ માંગણી પાછી ખેંચે છે માટે સંઘને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં અમને કોઈ હરકત જણાતી નથી. પરીણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૧. પ્રથમ પક્ષકાર સંઘને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે આ રેફરન્સનો નિકાલ થયેલો ગણવાનો રહે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

એન. એ. ચૌહાણ
સભ્ય
ઔદ્યોગિક અદાલત ગુજરાત

જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ
તા. ૮-૧૨-૮૯

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના ક્રમાંક/ખ/શમક/૨૬૬૯૯/આરયુ સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ ગુજરાત બેંક વર્કર્સ યુનિયન વડોદરા અને ધી બરોડા ડીસ્ટ્રીક્ટ ઈન્ડ. કો. ઓ. બેંક લી. વડોદરા વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નોંધ મુજબની નીવેડાની સન ૯૦ના જાન્યુઆરી માસના ૧૫મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત વડોદરા

આર. જે. યાજ્ઞિક સભ્ય સમક્ષ

રેફરન્સ (આઈ. સી.) નં. ૬/૮૯

ગુજરાત બેંક વર્કર્સ યુનિયન, વડોદરા — પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

ધી બરોડા ડીસ્ટ્રીક ઈન્ડ. કો. ઓ. બેંક લી.
વડોદરા — બીજા પક્ષકાર

સીનીયોરીટી પ્રમાણે સીનીયર ઓફીસરની નીમણુંક કરવા બાબત

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનીયને બીજા પક્ષકાર બેંકને સીનીયોરીટી પ્રમાણે સીનીયર ઓફીસરની નિમણુંક કરવા બાબતમાં ફેરફારની નોટીસ આપી સદરહુ રેફરન્સ ઉપસ્થીત કરેલ છે.

૨. આજુ રેફરન્સ સુનાવણીના દીવસે પ્રથમ પક્ષકાર યુનીયને પોતાર કરતાં તેઓ વતી કોઈ હાજર રહેલ નથી. તેમજ આ કામમાં આજદીન સુધી તેઓએ પોતાનું માંગણાનું નિવેદન પણ રજુ કરેલ નથી. આમ સદરહુ કામમાં પ્રથમ

પક્ષકાર વતી કોઈ હાજર રહેલ ન હોવાથી તેમની ગેરહાજરીમાં સદરહું રેફરન્સ રદ કરવો જોઈએ. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર. યુનીયનની ગેરહાજરીને કારણે સદરહું રેફરન્સ રદ કરવામાં આવે છે અને તે રીતે સદરહુ રેફરન્સ કેન્સલ કરવામાં આવે છે. ખર્ચનો કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આર. જે. યાજ્ઞિક
સભ્ય
ઔધોગીક અદાલત ગુજરાત વડોદરા

વડોદરા તા. ૧૯-૧૦-૮૯

અમદાવાદ તા. ૧૫-૧-૯૦

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔધોગિક સંબંધ અધીનિયમ
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔધોગિક સંબંધ અધિનિયમ અન્વયે નિમાયેલ

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના ક્રમાંક પ/શ્રમક/૨૬૭૦૦/આરયુ સને ૧૯૪૬ના મુંબઈ ઔધોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔધોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ- ૮૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ હું નર્મદા ૨ ઉત્પાદક સહકારી સ્પીનીંગ મિલ્સ ભરૂચ અને શ્રી કીશોરભાઈ જેઠાભાઈ વસાવા C/o મીલ મજુર યુનિયન ભરૂચની વચ્ચેના ઔધોગિક વિવાદમાં ઔધોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના ચૂકાદાની સન ૧૯૯૦ના જાન્યુઆરી માસના ૧૫મા દીને આથી નોંધ કરુ છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત વડોદરા

આર. જે. યાજ્ઞિક સભ્ય સમક્ષ

અરજી (આઈ. સી.) નં. ૩/૮૮

નર્મદા રૂ ઉત્પાદક સહકારી સ્પીનીંગ મીલ્સ,
ભરૂચ — અરજદાર

વિરૂદ્ધ

શ્રી કીશોરભાઈ જેઠાભાઈ વસાવા,
C/o. મીલ મજુર યુનીયન,
વસંત મીલનો ઢોળાવ, ફુટી તળાવ, ભરૂચ — સામાવાળા

ભરૂચની મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ ટી. અરજી નં. નવો ૪૨/૮૭ જુનો-૨૮/૮૫ માં ૩૧-૧૨-૮૭ના રોજ કરેલા હુકમ સામેની અપીલ.

ચુકાદો

૧. ભરૂચની મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશ શ્રી એસ. એસ. પંચાલે ટી. અરજી નં. નવો ૪૨/૮૭, જુનો ૨૮/૮૫માં આંક ૨૦થી કરેલ છેવટના હુકમથી નારાજ થઈ સદરહુ અરજીના સામાવાળાએ હાલની અપીલ કરેલ છે.

૨. આ અપીલમાં મુળ અરજીમાં પક્ષકારો જે સ્થીતીમાં હતા તે સ્થીતીમાં તેઓનું વર્ણન કરવામાં આવશે. એટલે હાલના એપેલેન્ટને સામાવાળા તરીકે તથા સામાવાળાને અરજદાર તરીકે વર્ણવવામાં આવશે. સદરહુ ટી. અરજી નં. નવો ૪૨/૮૭, જુનો-૨૮/૮૫માં અરજદાર તરીકે જે હકીકત રજુ કરવામાં આવી હતી તે નીચે મુજબ છે. અરજદાર સામાવાળા મીલ કંપનીમાં વાઇન્ડીંગ ખાતાની પહેલી પાળીમાં વાઈન્ડર તરીકે તા. ૨૦-૪-૮૨થી ફરજ બજાવતા હતા. તેમ છતાં ગેરકાયદેસર રીતે હાજરીપત્રમાં તેમનું નામ દાખલ કરવામાં આવેલુ નહીં તેમજ પગાર સ્લીપ પણ આપવામાં આવેલ નહીં. સામાવાળાએ અરજદારને તા. ૨૦-૩-૮૨ થી તા. ૩૧-૯-૮૨ સુધી રૂા. ૫ લેખે ચુકવેલ હતા. અને આમ કરીને તેઓએ પેમેન્ટ ઓફ વેજીસનો ભંગ કરેલો. વળી તા. ૧-૧૦-૮૨ થી તા. ૩૧-૭-૮૩ સુધી તેઓનો કામગીરીથી ખુશ થઈ સામાવાળાએ તેઓને રૂા. ૭ પગાર કરી

આપેલ. ત્યાર પછી તા. ૧-૪-૮૩ થી તા. ૩૧-૯-૮૩ સુધી રોજના રૂા. ૯ લેખે પગાર ચુકવેલ છે. તેમજ તા. ૧-૮-૮૪ થી તા. ૩૧-૧૨-૮૪ સુધી રૂા. ૧૫ લેખે પગાર ચુકવેલ છે અને તે પછી રોજના રૂા. ૨૦ લેખે પગાર ચુકવતા હતા. તા. ૨૩-૫-૮૫ના રોજ અરજદારે જનરલ સેક્રેટરી મારફતે ફેક્ટરી ઇન્સ્પેક્ટર ભરૂચને ફરીયાદ કરેલી કે સામાવાળા તેઓને કાયદેસર વેતન ચુકવતા નથી અને અનફેર લેબર પ્રેક્ટીસ કરી રહ્યા છે તે બંધ થવી જોઈએ. પરંતુ તેનું કોઈ પરિણામ આવેલું નથી. પરંતુ આ અરજીથી સામાવાળા રોષે ભરાઈ ગયેલા અને તારીખ ૨૭-૫-૮૫ના રોજ તેઓને ચીઠ્ઠી આપેલ અને તેમાં તા. ૧-૮-૮૪ની નોંધ કરેલ છે તે પાછી લઈ લીધેલ હતી અને તેઓને કામ ઉપરથી બંધ કરી દીધેલ છે. જે ગેરકાયદેસર, અન્યાયી અને કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરૂદ્ધ છે. આથી અરજદારે તા. ૨૯-૪-૮૫ના રોજ વિનંતીપત્ર સામાવાળાને લખેલો અને સદરહુ વિનંતીપત્ર લખેલ હોવા છતાં સામાવાળાએ કોઈ દાદ અરજદારને આપેલી નહીં અને તેનો જવાબ સામાવાળાએ તા. ૧-૫-૮૫ના રોજ આપેલો. આથી અરજદારે તેમની સદર અરજીમાં તારીખ ૨૭-૪-૮૫ થી તેમને નોકરીમાં પુનઃસ્થાપીત કરી સળંગ નોકરી કરી પડેલા દીવસોના પુરા પગાર સાથે નોકરીમાં રાખવા માટે અરજી કરે છે.

૩. સામાવાળાએ અરજદારની આ અરજીનો લેખીત જવાબ અંક-૮ થી આપેલો અને તેમાં તેઓએ અરજદારે તેમની અરજીમાં તેમની વિરૂદ્ધ જે જે આક્ષેપો કરેલા તે તમામ આક્ષેપોનો ઈન્કાર કરેલો. સામાવાળાએ એવો કેસ મુકેલો કે, તારીખ ૧-૮-'૮૪ના રોજ અરજદારે મીલ મેનેજમેન્ટને કામ આપવા જણાવેલું અને તે સમયે અરજદારને એક ચીઠી આપવામાં આવેલી અને તેના ઉપર લખેલું કે, "જગા હોય અથવા કામ હોય તો કામ પર રાખવા." પરંતુ, અરજદારે સદરહુ ચીઠી આપ્યા બાદ તેઓ કોઈ પણ દીવસ ફરજ ઉપર આવેલ નથી. આમ અરજદારે તારીખ ૧-૮-'૮૪ પછી કદી કામ ઉપર આવ્યાજ નથી. તે અગાઉ તેઓએ તારીખ ૩૧-૯-૮૩ સુધી તેમણે કોઈ કામ કરેલું છે તે હકીકત સામાવાળાએ તેમના જવાબમાં કબુલ રાખેલ છે. પરંતુ, તેમના કહેવા પ્રમાણે અરજદાર તારીખ ૧-૮-'૮૪ પછી જાતે જ હાજર થયેલા ન હોઈ અરજદારની અરજી ચાલી શકે નહીં. તેમના કહેવા પ્રમાણે તારીખ ૨૭-૪-'૮૫થી અરજદારને નોકરીમાંથી છુટા કરવાનો આક્ષેપ ખોટો છે. વળી, અરજદારે આપેલ વીનંતીપત્ર સમય મર્યાદામાં નથી. તેમાં જણાવેલી હકીકતો ખરી નથી. તેમ જણાવી

INDEX

અરજદારની અરજી રદ કરવાની માંગણી સામાવાળા તરફથી કરવામાં આવી છે.

૪. બંને પક્ષકારો તરફથી લેખીત તેમજ મૌખીક પુરાવા, ભરૂચ મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશ સમક્ષ રજુ થયેલા અને આ પુરાવા તેમજ બંને પક્ષકારોની દલીલો સાંભળી મજુર અદાલત, ભરુચના ન્યાયાધીશે અરજદારની અરજી મંજૂર કરેલી અને સદરહુ ઠરાવથી નારાજ થઈ હાલની અપીલ સામાવાળાએ દાખલ કરેલ છે.

૫. સામાવાળા એપેલેન્ટ તરીકે એન. એમ. શાહ હાજર થાય છે. તેઓ એવી રજૂઆત કરે છે કે, અરજદાર તારીખ ૧-૮-'૮૪ના રોજ નોકરી છોડી ચાલ્યા ગયા છે. તેથી અરજદારે તારીખ ૩૦-૪-૮૫ના રોજ વીનંતીપત્ર આપેલો છે તે મુદત બહાર હોઇ અરજદારની અરજી ચાલી શકે નહીં. તેમના કહેવા પ્રમાણે અરજદાર તરફથી તારીખ ૨૭-૨-'૮૫ના રોજ તેમને છુટા કરવામાં આવેલા તેમ જણાવેલું છે તે હકીકત સાચી નથી. તે હકીકતના સમર્થનમાં તેમણે કોઈ પુરાવો રજુ કરેલ ન હોવાથી અરજદારની અરજી રદ કરવી જોઈએ અને આ અપીલ મંજૂર કરવી જોઇએ. અરજદાર સામાવાળા તરીકે શ્રી જાની હાજર થાય છે. તેઓ એવી રજુઆત કરે છે કે, સામાવાળા તરફથી અરજદારનું હાજરીપત્રક કે તેનો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તેમના કહેવા પ્રમાણે કંપની આવું કોઈ પત્રક કે કાર્ડ રાખતી નથી. તેમના કહેવા પ્રમાણે અરજદારે લેબર કમિશનર સમક્ષ ફરીયાદ કરી તે કારણે જ અરજદારને નોકરીમાંથી કાઢી મુકવામાં આવ્યો. તેઓ એવી પણ રજૂઆત કરે છે કે, તારીખ ૨૯-૪-'૮૫ સુધી અરજદાર નોકરીમાં ન હતા તેવો કોઈ પુરાવો સામાવાળા તરફથી આપવામાં આવેલો નથી તેથી પણ આ અપીલ રદ કરવી જોઈએ.

૬. સૌ પ્રથમ એ જોવાનું છે કે, અરજદારે આપેલ એપ્રૌચ લેટર જે અરજદારે તેની અરજીમાં આંક-૨/૨ થી રજૂ કરેલ છે તે સમય મર્યાદામાં છે કે કેમ ? સદરહુ એપ્રોચ લેટર જોતાં તારીખ ૨૭-૪-'૮૫ના રોજ તેઓને નોકરીમાંથી છુટા કરવામાં આવેલા છે. સદરહુ પત્ર તારીખ ૨૯-૪-'૮૫ના રોજનો છે, જે સામાવાળાને તારીખ ૩૦-૪-'૮૫ના રોજ મળેલો છે. હવે સામાવાળાનો કેસ એવો છે કે, અરજદારે તારીખ ૧-૮-'૮૪થી કામ ઉપર આવતાં બંધ થઈ ગયા. તેથી તેમને નોકરી પુરી થવાની તારીખ ૧-૮-'૮૪ છે અને તે જોતાં એપ્રોચ લેટર આંક ૨/૨ થી રજૂ કરવામાં આવેલ છે તે મુજબ બહારનો છે. તેથી બી.આઈ.

આર. એકટની કલમ–૭૯ મુજબની અરજી જે અરજદારે કરેલ છે તે રદ થવાને પાત્ર છે. હવે આ કામે અરજદારના કહેવા પ્રમાણે તેને તારીખ ૨૭–૪–'૮૫ના રોજથી નોકરીમાંથી છુટા કરવામાં આવ્યો છે. જો ખરેખર તેઓને તારીખ ૨૭–૪–'૮૫ના રોજ નોકરીમાંથી છુટા કરવામાં આવ્યા હોય તો આંક ૨/૨ ના પત્ર તારીખ ૨૯–૪–'૮૫ના રોજ લખેલો પત્ર જે વિનંતીપત્ર મુજબનો છે. આથી આ કામે જો અરજદાર એમ સાબીત કરી શકે કે તેમને તારીખ ૨૮–૪–'૮૫ના રોજ નોકરીમાંથી છુટા કરવામાં આવેલા તો આંક ૨/૩ નો વીનંતીપત્ર કાયદેસર છે તેમ ઠરાવવામાં આવે. અરજદાર તારીખ ૨૭–૪–'૮૫ના રોજ તેમને નોકરીમાંથી છુટા કર્યા તેઓ કેસ મુકયા પછી તે કેસ સાબીત કરે તોજ તેમને ઉપરની દાદ મળી શકે. જો અરજદારને તારીખ ૨૭–૪–'૮૫ના રોજ નોકરીમાંથી છુટા કરવામાં આવ્યા હતા તે હકીકત અરજદાર સાબીત કરી શકે નહીં તો આંક ૨/૨ નો પત્ર જે તારીખ ૨૭–૪–'૮૫ના રોજ નોકરીમાંથી તેમને છુટા કરવાના હુકમ સામેનો છે તે અર્થ વગરનો બને. હવે ફકત અરજદાર તેમને છુટા કરવાનો જે તારીખથી કરેલો હોય તે તારીખથી વીનંતીપત્ર લખેલ તેની મુદત જોવી જોઈએ. હવે અરજદારને તારીખ ૨૭–૪–'૮૫ના રોજ છુટા કરવામાં આવેલા હોઈ અરજદારે આપેલ તારીખ ૨૯–૪–'૮૫ના રોજનો વીનંતીપત્ર મુદતમાં છે તે બાબતમાં કોઈ શંકા નથી. ખરેખર તો આ કામે અરજદારને તા. ૨૭–૪–'૮૫ ના રોજ છુટા કર્યા કે કેમ તે જ પ્રશ્ન જોવાનો રહે છે. જો ખરેખર અરજદારને તારીખ ૨૭–૪–'૮૫ના રોજ છુટા કરવામાં આવ્યા હોય તો તેમને માંગેલી દાદો તેમને મળી શકે તેમ છે. આ કામે જે પુરાવો શરુ થયેલ છે તેમાં અગત્યનો પુરાવો આંક–૨/૨ નો વિનંતી પત્ર છે. હવે તારીખ ૧–૮–'૮૪ના રોજ અરજદારને કંપનીના ટાઈમકીપર તરફથી આપવામાં આવેલી ચીઠી છે. સદરહુ ચીઠીમાં અરજદારને જો "જગ્યા હોય અથવા કામ હોય તો કામ પર રાખવા" તેવું જણાવેલું. અરજદાર કહેવા પ્રમાણે આ ચીઠી પછી તેઓ કામ ઉપર હતા. અરજદારને તારીખ ૧–૮–'૮૪ના રોજ આ ચીઠી આપવામાં આવી હોય તો તે તારીખે અરજદાર કામ ઉપર ન હોય તેમ બની શકે નહીં. અરજદારે તેની જુબાની આંક–૧૦ માં જણાવેલું કે, તારીખ ૨૭–૪–૮૫ સુધી નોકરી ઉપર ગયેલા. આંક ૨/૪ ની ચીઠી સામાવાળા તરફથી લખવામાં આવેલી છે તે હકીકત પણ સામાવાળાની કબુલ રાખેલી છે અને સામાવાળા તરફે તેઓના ટાઈમકીપર તરીકે નોકરી કરતા પ્રકાશ જંબુસરીયાની જુબાની જે આંક ૧૭થી લેવામાં આવી છે તેમાં અરજદાર તારીખ ૧–૮–૮૪ પછી નોકરી ઉપર આવ્યા નથી તેમ નીકળી

INDEX

આવતું નથી. જંબુસરીયાએ તેમની ઉલટ તપાસમાં જણાવેલું છે કે. તારીખ ૧૦-૭-૮૪ના રોજ મીલ ચાલુ થઈ તે દીવસે તેઓ નોકરી ઉપર હતા. મીલ ચાલુ થઈ તે દીવસે કેટલા કામદારો નોકરી ઉપર આવેલા તે તેમને ખબર નથી. કામદારોને બંધ કરવાના હોય તો લેખીત ખબર આપવામાં આવે છે. વળી, મીલ બંધ કરવાની નોટીસ મુકી હતી કે કેમ તે અંગે તેઓ કંઈ જાણતા નથી. ઉલટ તપાસમાં તેઓએ જણાવેલું છે કે, નિશાની ૨/૪ ની ચીઠી અરજદારને લખયા છતાં પણ અરજદાર નોકરી ઉપર આવેલો નથી. પરંતુ, મીલ ચાલુ થઈ, તે દીવસે કેટલા માણસો કામ ઉપર આવેલા અને મીલ બંધ કરવાની નોટીસ મુકેલી કે કેમ એ હકીકત પણ આ ટાઈમકીપર જાણતા નથી. વળી, તેઓ ઉલટ તપાસમાં પણ એવી હકીકત જણાવે છે કે. વહીવટી નિયમો નીચે કાયમી કામદાર, બદલી કામદાર, એપ્રેન્ટીસ વિગેરે રાખવા અંગે જે જોગવાઈ છે તે તેઓ જાણતા નથી. મીલમાં કામદારોની હાજરી પુરવાનું કામ શીફ્ટ કલાર્ક કરે છે અને કોઈ કામદારનું ટાઈપકીપીંગ ઓફીસ પાસે ચેકીંગ કરવામાં આવતું નથી. આમ ટાઈમકીપરની જુબાની જોતાં અરજદાર મીલમાં હાજર હતા કે કેમ ? અને હાજર હતા તો કઈ તારીખ સુધી હાજર હતા અને ક્યારથી કામ ઉપર આવવાનું તેઓએ બંધ કર્યું તેની માહીતી તેમની પાસે નથી. તેમની હાજરી પુરાવાનું કામ શીફ્ટ કલાર્ક તરીકે છે તેમ આ ટાઈમકીપરે જણાવેલ છે. પરંતુ, શીફ્ટ કલાર્કની જુબાની આ કામે લેવામાં આવેલ નથી. આ સંજોગોમાં સામાવાળા મીલ કંપની પાસે જે લેખીત પુરાવો તથા મૌખિક પુરાવો આ બાબત સાબીત કરવા માટે હોઈ શકે તે પુરાવો રજૂ કરવામાં આવ્યો નથી તેથી અરજદાર તેની જુબાનીમાં એક વાર એમ કહે કે, તે તારીખ ૨૭-૪-૮૫ સુધી કામ પર હતા તો પછી સામાવાળા તરફથી જે લેખીત પુરાવો હતો તથા શીફ્ટ કલાર્કની જે મૌખીક જુબાની હતી. પુરાવો અરજદારની હકીકતને પડકારી શકે તેમ હતો. તે રજુ ન કરવાને કારણે સામાવાળા પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયા છે અને તેથી અરજદાર તારીખ ૨૭-૪-૮૫ પહેલાં નોકરીમાંથી આપમેળે છુટા થઈ ગયેલા તે હકીકત માની શકતી નથી. આ સંજોગોમાં ભરુચના મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશે જે તકરારી હુકમ કર્યો છે તે વ્યાજબી અને કાયદેસર છે અને તેમાં ફેરફાર કરવાનું કોઈ કારણ જણાતું નથી. આ સંજોગોમાં આ અપીલ રદ કરવી જોઈએ અને તેથી હું છેવટનો હુકમ નીચે મુજબ કરું છું.

હુકમ

૭. આ અપીલ રદ કરવામાં આવે છે અને ભરૂચની મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધીશે કરેલા હુકમને બહાલ રાખવામાં આવે છે. અપીલના ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

વડોદરા તા. ૨૭-૧૦-૮૯

આર. જે. યાજ્ઞિક
સભ્ય
ઔદ્યોગિક અદાલત વડોદરા

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૫-૧-૯૦

સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સબંધ અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક-બ/શમક/૨૬૭૦૧/આરયુ/સન ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ ગુજરાત નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું એલ. એસ. સીન્થેટીક્સ પ્રા. લી. ભરૂચ અને શ્રી અમૃતભાઈ મીઠાભાઈ પરમાર ભાટોદરા તા. અંકલેશ્વરની વચ્ચેના ઔદ્યોગીક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબ ની નીવેડાની સન ૧૯૯૦ના જાન્યુઆરી માસનાં ૧૫ દીને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત અમદાવાદ

શ્રી આર. જે. યાજ્ઞિક સભ્ય સમક્ષ

અપીલ આઈ. સી. નં. ૨૨/૧૯૮૮

INDEX

એમ. એસ. શ્રી-થેટીક્સ પ્રા. લિ. ભરુચ — એપેલેન્ટ

વિરુદ્ધ

અમૃતભાઈ ભીખાભાઈ પરમાર — સામાવાળા
મુ. ગ્રામ-ભટકોદરા, પો. કપોદ્રા,
તા. અંકલેશ્વર, જી. ભરુચ

ભરુચની મજુર અદાલતના નામદારશ્રીએ ટી. અરજી નં. ૬૯-૮૭ જુનો નંબર ૩૨-૮૬માં તારીખ ૩૧-૮-૮૮ ના રોજ કરેલા હુકમ સામેની અપીલ બાબત. . .

ચુકાદો

૧. ભરૂચની મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશ્રીએ ટી. અરજી નંબર નવો નં. ૬૯-૮૭ જુનો નંબર ૩૨-૮૬માં તારીખ ૩૧-૮-૮૮ના રોજ કરેલા હુકમથી નારાજ થઈ ઉદરક્ત અરજીના સામાવાળાએ આ અપીલ દાખલ કરેલી છે. આ અપીલમાં જે પક્ષકારો છે તેમને તેમની મજુર અદાલત સમક્ષની અરજીમાં જે પરીસ્થીતી હતી તે રીતે હવે પછી આ અપીલમા ચુકાદામાં વર્ણવામાં આવી, એટલે કે એપેલેન્ટને સામાવાળા તરીકે તેમજ સામાવાળાને એપેલેન્ટ તરીકે વર્ણવામાં આવશે.

૨. આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર સામાવાળા કંપનીમાં કામદાર હતા. અને તેમણે બી. આઈ. આર. એકટની કલમ ૭૮/૭૯ની અરજી તેમનો કેસ એવો હતો કે, સામાવાળાએ તેમને તા. ૧૮-૪-૮૬ના રોજથી મૌખિક હુકમથી છુટા કરેલા હતા. તેમના કહેવા પ્રમાણે તેઓ ભરુચના વતની છે અને ભરૂચમાં તેઓનું પોતાનું વડીલોપાર્જીત મકાન છે. તે પછી ગુંજવાથી તેમને સંદેશો મળતાં તેઓને તાત્કાલીક ભરૂચ જવું પડયું હતું અને તેથી તેમની રજા મંજુર કરવા માટે તેમના સાથી કામદાર મારફતે મેનેજમેન્ટને કહેવડાવે અને સામાવાળાએ રજા મંજુર કર્યાની કે નામંજુર કર્યાની કોઈ જાણ તેઓને કરેલ નથી.

સામાવાળાએ તારીખ ૧૭-૪-૮૬ના રોજ એક પત્ર અરજદારના સરનામે મોકલેલો. પરંતુ તે વખતે અરજદાર ભરૂચ હોવાથી તે પત્ર તેમને તા. ૧૭-૪-૮૬

ના રોજ મળેલો અને તેથી તેઓ સામાવાળાને મળવા ગયા ત્યારે સામાવાળાએ તેઓને એટલું સમજાવ્યા બાદ તેઓની પાસે માફી પત્ર ગેરહાજરી બદલ લખાવી લીધેલ અને તે વખતે સામાવાળાએ જણાવેલું કે, તેઓ માફીપત્ર લખી આપે તો તેઓને કાલથી જ કામે લેવાના છે પણ બીજા ગેરહાજર રહેતા કામદારોને પાઠ ભણાવવા તેઓની પાસે આ લખાવ્યું છે. સદરહુ માફીપત્ર લખાવ્યા બાદ અરજદાર કામે ગયા ત્યારે તેમને કામ પર લેવામાં આવેલા નહીં અને તા. ૧૧-૪-૮૬ના રોજની એક શોકોઝ નોટીસની કાયદેસર કાર્યવાહી કર્યા સીવાય અરજદારને તેમનો બચાવ કરવાની તેમજ પુરાવા રજૂ કરવાનો કોઈપણ તક આપ્યા સિવાય તારીખ ૧૮-૪-૮૬થી સામાવાળાએ તેઓને નોકરીમાંથી છુટા કરેલા છે. અરજદારે બી. આઈ. આર. એકની કલમ ૪૨(૪) મુજબ વિનંતીપત્ર તારીખ ૨૪-૪-૮૬ના રોજ રજીસ્ટર્ડથી પોસ્ટથી સામાવાળાએ આપેલો છે, જે સામાવાળાને તા. ૨૮-૪-૮૬ના રોજ મળેલો છે. આ વિનંતીપત્ર જોતાં સામાવાળાએ તેનો કોઈ જવાબ આપ્યો નથી. જેથી સદરહુ અરજી ભરુચની લેબર કોર્ટમાં દાખલ કરવામાં આવેલી છે. તા. ૧૧-૪-૮૬ના રોજની નોટીસ ગેરકાયદેસર છે તેમ ઠરાવી તેમને તારીખ ૧૮-૪-૮૬થી નોકરીમાં ફરીથી પાછળના પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવા બાબત એ માંગણી કરેલી છે.

૩. સામાવાળા કંપનીએ સદરહુ અરજીનો જવાબ આંક-૭થી રજૂ કરેલો છે. તેમાં સામાવાળા અરજદારે તેમની અરજીમાં તેમની વિરુદ્ધ જે આક્ષેપો કરેલા તે તમામ આક્ષેપોનો ઈન્કાર કર્યો છે. તેમના કહેવા પ્રમાણે અરજદાર તારીખ ૧-૬-૮૫થી નોકરીમાં દાખલ થયા હતા અને તેઓ વીવર તરીકે ફરજ બજાવતા હતા તે હકીકત ખરી છે પરંતુ તે સિવાયની તમામ હકીકત અરજદારે જે જણાવી છે તે ખોટી છે. તેમના કહેવા પ્રમાણે અરજદાર સળંગ ૧૦ દીવસ ગેરહાજર રહયા હતા અને તેથી તેઓને સ્ટેન્ડીંગ ઓર્ડર મુજબ શોકોઝ નોટીસ તારીખ ૧૧-૪-૮૬ના રોજ મોકલવામાં આવી હતી. સદરહુ નોટીસ અરજદારને મળવા છતાં તારીખ ૧૭-૪-૮૬ના રોજ અરજદાર સામાવાળાને ત્યાં આવેલા અને સદર નોટીસનો જવાબ આપી ગેરહાજર રહેવા બદલ માફીપત્ર પણ અરજદારે લખેલું હતું માફીપત્ર લખી આપ્યા બાદ અરજદારને જણાવવામાં આવેલ હતું કે, તેઓ તારીખ ૨૧-૪-૮૬ના રોજ રુબરુ આવીને મળી જાય. પરંતુ અરજદાર જાતે જ તારીખ ૨૧-૪-૮૬ના રોજ હાજર રહયા નથી અને તેથી તેઓએ તારીખ ૨૨-૪-૮૬ના રોજ રજીસ્ટર્ડ એ. ડી.થી બીજી સેકન્ડ શોકોઝ નોટીસ અરજદારના

ઘરના સરનામે રવાના કરી હતી. જે અરજદારે ના પાડતાં પોસ્ટલ ઓથોરીટીના રીમાર્ક્સ સાથે પરત મળી હતી. સામાવાળાએ આજની તારીખમાં પણ અરજદારને નોકરીમાંથી છુટા કરેલા નથી. છતાં ખોટી હકીકતો ઉપજાવી કાઢી અરજદારે વિનંતીપત્ર લખેલો, તે હકીકતનો સામાવાળાએ ઈન્કાર કર્યો છે. તેમના કહેવા પ્રમાણે અરજદાર પોતે જ વગર રજાએ ગેરહાજર રહેવાનો ગુનો કરેલો છે. તેની તપાસ હજી પુરી થઈ નથી અને તે પહેલાં મેનેજમેન્ટને ધાકધમકી બેસાડવા વિનંતીપત્ર લખ્યો હતો અને પોતાનો ગુનો છુપાવવા અને મેનેજમેન્ટ પાસે ખોટી રીતે પડેલા દીવસોનો પગાર મેળવવા આ અરજી કરેલ છે અને તે કોઈપણ દાદ મેળવી શકે તેમ નથી.

૪. સદરહુ અરજીના બંને પક્ષકારો તરફથી લેખીત તેમજ મૌખિક પુરાવા આપવામાં આવેલા અને આંક-૧૨થી અરજદારની જૂબાની લેવામાં આવેલી તેમજ સામાવાળા તરફે આંક-૧૮થી મોહીજ અબ્દુલભાઈ એકનવાલાની જુબાની લેવામાં આવેલી. આંક-૨૧થી શાંતિલાલ કાનજીભાઈની જુબાની પણ સામાવાળા તરફે લેવામાં આવેલી છે. બંને પક્ષકારો તરફે જે લેખીત પુરાવો રજુ કરવામાં આવ્યો છે તેમાં આંક-૯ના લીસ્ટથી સામાવાળાનો તથા આંક-૧૯ની અરજીથી અરજદાર તરફે લેખીત પુરાવો રજુ કરવામાં આવેલો છે. સદરહુ કામે બંને પક્ષકારોના પુરાવા લઈ ભરૂચ મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશે અરજદારની અરજી મંજુર કરેલી અને અરજદારને તારીખ ૧૮-૪-૮૬ના રોજથી નોકરીમાંથી કાઢી મુકવાનો હુકમ ગેરકાયદેસર ઠરાવવામાં આવેલું અને તેઓને તેમની મુળ જગાએ પડેલા દીવસોના ૭૫ ટકા પગાર સાથે સળંગ નોકરી ગણી પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવેલો આંક ૨૩ અને ૨૪થી મજૂર અદાલતે સામાવાળા તરફથી અરજદાર સાથે તેનો આક્ષેપ સાબીત કરવા માટેનો તપાસનો પુરાવો રજુ કરવા અથવા તો જે તપાસ કે કાર્યવાહી અથવા તો કોર્ટ રૂબરૂ જે કાર્યવાહી થઈ છે તે કાર્યવાહીને કોર્ટ રૂબરૂ કરવામાં આવી છે તેમ ગણવામાં આવે તો સામાવાળાએ બીજો પુરાવો આપવાનો રહેતા તે બાબતની અરજીના સંદર્ભમાં બંને પક્ષકારોને સાંભળી તારીખ ૩૧-૮-૮૮ના રોજ આ બંને અરજીઓ નામંજૂર કરવામાં આવેલી અને તે વખતે સદરહુ કેસ દલીલોના સ્ટેજ ઉપર હોવાથી પક્ષકારોની દલીલો માટે રાખવામાં આવેલો અને ત્યારબાદ બંને પક્ષકારોને સાંભળી આ તકરારનો છેવટનો હુકમ ભરૂચની મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધીશ કરેલો.

INDEX

૫. અરજદાર તરફે એવી દલીલ કરવામાં આવી છે કે તેની સામે સામાવાળાએ જે ચાર્જશીટ આપેલું તેમાં આક્ષેપો બાબત કોઈ વિગતવાર હકીકત જણાવી નથી. તારીખ ૨૨-૪-૮૬નો પત્ર અરજદારને મળ્યો નથી અને તા. ૭-૪-૮૬ની અરજી અપીલના સ્ટેજ પર સામાવાળા તરફથી આપવામાં આવ્યા, તે વિદ્વાન ન્યાયાધીશે વ્યાજબી રીતે નામંજુર કરેલી છે. તેમના કહેવા મુજબ આ કેસમાં થયેલ પુરાવા ઉપરથી એક વાત સ્પષ્ટ થાય છે કે, કોઈપણ જાતની તપાસ તપાસ વગર અરજદારને તારીખ ૧૮-૪-૮૬ના રોજથી નોકરીમાંથી છુટા કરવામાં આવ્યા છે. તેમની દલીલના સમર્થનમાં તેઓ સામાવાળા કંપનીના હાજરીપત્રક ઉપર આધાર રાખે છે. સામાવાળા તરફે એવી દલીલ કરવામાં આવી છે કે, તા. ૧-૪-૮૬ થી તા. ૧૭-૪-૮૬ સુધી અરજદાર વગર રજાએ ગેરહાજર રહેલા, તેથી તેમને ચાર્જશીટ આપવામાં આવેલ અને અરજદારે તારીખ ૧૮-૪-૮૬ના રોજ પોતાનો ગુનો કબુલ કરેલો અને તેથી કોઈ ખાતાકીય તપાસની જરૂર રહેલી નહીં. તેમ છતાં અરજદારને ખાતાકીય તપાસની તક આપેલી, પરંતુ તેઓ ગેરહાજર રહેલા હતા અને અરજદારે જાતે જ નોકરી છોડી દીધી છે. તેથી હાલની અરજી ચાલી શકે નહીં.

બંને પક્ષકારોની દલીલો સાંભળી આ કામે રજૂ થયેલા પુરાવા ધ્યાનમાં લીધા. સૌ પ્રથમ એ જોવાનું છે કે, અરજદારના કહેવા પ્રમાણે તેમને કંપનીએ તારીખ ૧૮-૪-૮૬ના રોજ છુટા કરેલા છે કે કેમ ? આ કામે થયેલ પુરાવો જોતાં અરજદારને તારીખ ૧૮-૪-૮૬ના રોજ છુટા કર્યા હોય તેમ માનવામાં આવે તો તેમને છુટા કરતાં અગાઉ સામાવાળાએ કોઈ ખાતાકીય તપાસ કરી નથી. તે કારણે સદરહુ અરજદારને છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર છે તેમ કહેવું પડે. પરંતુ, જો અરજદાર જાતે જ ગેરહાજર રહી નોકરી છોડી જતો રહ્યો હોય તેમ સાબીત થાય તો તારીખ ૧૮-૪-૮૬ના રોજથી કંપનીએ તેમણે નોકરી છોડી દીધી છે તેમ જણાવેલું છે તે હુકમ ગેરકાયદેસરનો છે એમ કહી શકાય નહીં. પરંતુ, અરજદારે નોકરી છોડી દીધી છે તે હકીકતને સાચી જ કહી શકાય અને તે કારણે અરજદારે જાતે જ નોકરી છોડી દીધી હોવાથી તેમની લેબર કોર્ટ સમક્ષ કરેલી અરજી નામંજુર કરવી જોઈએ. આ કામે અરજદારે તેમની જુબાની મજૂર અદાલતના ન્યાયાધીશ સમક્ષ આંક ૧૨થી આપેલી છે. તેમાં તેમણે જણાવેલું છે કે, તેઓ અંગ્રેજી જાણતા નથી. તેઓ કંપનીમાં ગયેલા. કંપનીએ આંક-૧૩ નો તેમનો કાગળ લખેલો તે અંગ્રેજીમાં હતો. તે બીજા પાસે વંચાવેલો અને તેઓ

કંપનીમાં ગયેલ. તેમના કહેવા પ્રમાણે તેમનું પોતાનું મકાન ચોમાસામાં પડી જવાથી રીપેર કરાવવા ગામ ગયેલા તેથી કંપનીમાં નોકરીએ જઈ શકેલા નહીં અને કંપનીમાં જાતે રજા માંગેલી. તેઓ એમ પણ જણાવે છે કે, કંપનીએ કોઈ કામદારની રજા લેખીતમાં મંજૂર કરેલી નથી અને નામંજૂર કરે તો પણ લેખીતમાં જાણ કામદારને કરતી નથી તેમના કહેવા પ્રમાણે તેમને કોઈ ચાર્જશીટ આપેલ નથી અને કંપનીએ ગેરહાજર માટે તેમની પાસે માફીપત્ર લખાવી લીધું છે. કંપનીએ ગેરહાજર રહેવા માટે તેમની પાસે માફીપત્ર લખાવી છ દીવસ માટે મૌખીક રીતે નોકરીમાંથી છુટા કરેલા અને કંપનીએ તારીખ ૧૭-૪-૮૬ના રોજ તેમને છુટા કરી દીધેલા. ઉલટ તપાસમાં તેઓ એમ જણાવે છે કે, રજા માટે તેઓએ તેમના સાથીદારને કંપનીમાં મોકલેલા અને ત્યાર બાદ તેઓ ગયેલા. તે પહેલાં તેઓ રજા લેવા ગયા હતા. જ્યારે તેઓ સરતપાસતાં જણાવે છે કે તેઓ જાતે કંપનીમાં રજા લેવા ગયેલા. આ બંને હકીકતમાં વીરોધાભાસ છે. પરંતુ, હકીકતમાં તેઓએ કોઈ લેખીત અરજી રજા માટે કરેલી નહીં. તે હકીકત અરજદારે તેમની જૂબાનીમાં સ્પષ્ટપણે કબુલ કરેલ છે અને તેઓ આવી લેખીત અરજી કરેલ ન હોવાથી તેમની માંગણી મંજુર કરવી કે નામંજુર કરવી તે બાબતનો જવાબ કંપનીએ આપવાનો પ્રશ્ન ઉપસ્થીત થતો નથી. પરંતુ, તેને કારણે અરજદાર રજા લઈને ગેરહાજર રહેલા કે કેમ તે પ્રશ્નનો નિકાલ આ કામમાં સમાયેલ મુખ્ય પ્રશ્ન સાથે ખાસ સંદર્ભમાં નથી. કારણ કે, અરજદાર ગેરકાયદેસર રીતે રજા ઉપર રહ્યા હોય તેમ માની લઈએ તો પણ અરજદારે તારીખ ૧૮-૪-૮૬ના રોજ નોકરીમાંથી કાયમી રીતે છુટા કરેલા હોય તો અરજદાર સામે કાયદેસરની ખાતાકીય તપાસ કર્યા શીવાય અને તેમને કુદરતી ન્યાયનાં સિદ્ધાંતો મુજબ તેમને બચાવનો તક આપવા સિવાય નોકરીમાંથી દુર કર્યા હોય તો તે કંપનીનું તે કૃત્ય ગેરકાયદેસર છે અને રદ થવા પાત્ર છે. એટલે આ કામે મુળ મુદ્દો એ જોવાનો છે કે, કંપનીએ તારીખ ૧૮-૪-૮૬ના રોજ અરજદારને હુકમ કરેલા કે કેમ ? કંપનીનો કેસ એવો છે કે, હજૂ સુધી અરજદારને છુટા કરવાનો કોઈ હુકમ તેમણે કરેલો નથી. કારણ કે અરજદાર સામે જે ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવેલી તે અરજદારની ગેરહાજરીને કારણે પુર્ણ થઈ નથી અને તેથી કોઈ છેવટનો હુકમ થયો નથી. આ કામે જે પુરાવો રજુ થયો છે તે જોતાં એમ સ્પષ્ટ થાય છે કે, તારીખ ૧૮-૪-૮૬ના રોજથી અરજદારને

INDEX

નોકરીમાંથી છુટા કરવામાં આવેલા છે. આ કામે કંપનીનું હાજરીપત્રક આંક-૨૭, ૧ રજૂ થયેલ છે. તે જોતાં સને ૧૯૮૬ના એપ્રિલ માસમાં અરજદારને તારીખ ૧૭મી સુધી ગેરહાજર છે તેમ હાજરીપત્રકમાં જણાવેલું છે અને ૧૮મીથી તેમણે નોકરી છોડી દીધી છે તેમ જણાવેલું છે તેનો અર્થ એવો થાય કે, તારીખ ૮-૪-૮૬ ના રોજથી સામાવાળા કંપનીએ અરજદારને નોકરીમાંથી છુટો થયેલો છે તેમ માનેલું છે, હવે આ કામે સામાવાળા તરફથી અરજદાર તેનો ગુનો કબુલ કરેલો તેનો કાગળ ૧૬/૫ થી રજૂ કરેલો છે. સદરહું પત્રમાં અરજદાર જણાવે છે કે, તેમણે વગર રજાએ ગેરહાજર રહી ભુલ કરેલી છે અને ભવિષ્યમાં તેઓ નહીં કરે તેની ખાત્રી આપેલી છે. અરજદારના કહેવા પ્રમાણે આ પત્ર લખ્યા બાદ તેઓને બીજે દીવસે નોકરી ઉપર આવવાનું કહેલ, પરંતુ તેઓને નોકરીમાં લીધેલા નહીં. હવે અરજદાર તારીખ ૧૦-૪-૮૬ ના પત્રથી ભુલ કબુલ કરી હોય અને માફી માંગી હોય તો તેનો અર્થ એ થાય છે તારીખ ૧૮-૪-૮૬ના રોજ અરજદાર નોકરીમાં ચાલુ રહેવા ખુશી હતા અને તેની ગેરહાજરી બદલ તેણે માફી માંગેલી અને તેનો ગુનો માફ કરવા માટે કંપનીને વીનંતી કરેલી. આમ તારીખ ૧૮-૪-૮૬ના રોજ અરજદાર હાજર થઈ આ નોકરી છોડી દીધી છે તે મતલબનું હાજરી પત્રકમાં કંપની તરફથી કરવામાં આવેલો તેનો આંક ૧૭/૫ના પત્રમાં જણાવેલ હકીકતથી તદન વિરોધાભાસી છે, મારા મત મુજબ અરજદાર તેની જૂબાનીમાં આ પત્ર તેને નોકરી ઉપર લઈ લેવામાં આવશે તેવી ખોટી બાંહેધરી આપી લખાવી લીધેલ હોય તે હકીકત સાચી લાગે છે અને તે કારણે જ હાજરીપત્રકમાં તેણે નોકરી છોડી દીધી છે તેવો શેરો કરેલો છે અને તેને તે જ તારીખે છુટો કર્યો તેમ સ્પષ્ટ લાગે છે તારીખ ૧૮-૪-૮૬ પહેલાં અરજદાર સામે કોઈ ખાતાકીય તપાસ કરવામાં આવેલી નહીં. કંપનીના કહેવા પ્રમાણે આજ દીન સુધીમાં પણ તેમની સામે કોઈ ખાતાકીય તપાસ પુરી થઈ નથી. અને તેને નોકરીમાંથી છુટા કરવાનો કોઈ લેખીત હુકમ કરવામાં આવેલો નથી. આ તમામ હકીકતો ધ્યાનમાં લેતાં મને એમ લાગે છે કે, તારીખ ૧૮-૪-૮૬ના રોજ કંપનીએ અરજદારને નોકરીમાંથી છુટા કર્યા છે તે સાબીત થાય છે અને તેને છુટો કરતાં અગાઉ કંપનીએ તેના વિરૂદ્ધ કોઈ ખાતાકીય તપાસમાં કાર્યવાહી કરી નથી તેમજ તેને બચાવની કોઈ તક આપી નથી અને તેની પાસે ખોટી રીતે આંક ૧૬/૫ના કાગળ લખાવી લીધો છે તે જોતાં તારીખ ૧૮-૪-૮૬ના રોજ કંપનીએ અરજદારને નોકરીમાંથી છુટા કર્યા છે તે કૃત્ય ગેરકાયદેસર અને રદ થવા પાત્ર છે, ભરુચની મજૂર અદાલતના વિદ્વાન

INDEX

ન્યાયાધીશએ તેમના હુકમમાં તેમની સમક્ષ રજુ થયેલ પુરાવાની યોગ્ય રીતે છણાવટ કરેલી છે અને તેમાં જે નિર્ણય લીધો છે તે નિર્ણયમાં ફેરફાર કરવાનું મને કોઈ કારણ જણાતું નથી. આથી આ અપીલ રદ કરવા યોગ્ય છે તેમ હું માનું છું અને તેથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૧. આ અપીલ રદ કરવામાં આવે છે અને ભરૂચની મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશએ કરેલો હુકમ કાયમ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

વડોદરા તા. ૨૭-૧૦-૮૯

આર. જે. યાજ્ઞિક
સભ્ય
ઔદ્યોગિક અદાલત વડોદરા

અમદાવાદ તા. ૧૫-૧-૯૦

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

INDEX

સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સબંધ અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક–ખ/શમક/૨૬૭૦૨/આરયુ/સન ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ ગુજરાત નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું બીનાફીયા સીન્થેટીક્સ પ્રા. લી. અંકલેશ્વર અને શ્રી પટેલ વીરૂભાઈ ભુધાભાઈ ઠે. નવાતરીયા અંકલેશ્વરની વચ્ચેના ઔદ્યોગીક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબ ની નીવેડાની સન ૧૯૯૦ના જાન્યુઆરી માસનાં ૧૫ દીને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત વડોદરા

શ્રી આર. જે. યાજ્ઞિક સભ્ય સમક્ષ

અપીલ આઈ. સી. નં. ૭/૧૯૮૮

બીનાફીયા સીન્થેટીક પ્રા. લી. અંકલેશ્વર — અરજદાર

વિરૂદ્ધ

પટેલ વીરૂભાઈ ભુધાભાઈ
ઠે. નવાતરીયા પો. સજોદ
તા. અંકલેશ્વર જી. ભરૂચ — સામાવાળા

ભરૂચની મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશએ બી. આઈ. આર. અરજી નં. ૧૮૮/૮૭ જુનો નં. ૨૨/૮૪માં તારીખ ૩૦–૩–૮૮ના રોજ કરેલો હુકમ સામેની અપીલ:

ચુકાદો

૧. એપેલેન્ટ ભરૂચના મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશ એસ. એસ. પંચાલે બી. આઈ. આર. અરજી (નવો) નં. ૧૮૮/૮૭. જુનો નંબર ૨૨/૮૪માં તારીખ ૩૦–૩–૮૮ના રોજ કરેલા હુકમથી નારાજ થઈ હાલની વિવાદ અરજી દાખલ કરેલી છે. હાલના એપેલેન્ટ મુળ અરજીમાં સામાવાળા થતા અને હાલના

સામાવાળા મુળ અરજીમાં અરજદાર હતા. આથી તેઓને તેમની મુળ અરજીની સ્થિતી પ્રમાણે આ ચુકાદામાં હવે પછી વર્ણવવામાં આવશે.

૨. અરજદારનો કેસ એવો છે કે અરજદાર સામાવાળા દૈનિક વેતનથી નોકરી કરતા હતા. તારીખ ૨૫-૪-૮૪ના રોજથી ગેરકાયદેસર રીતે તેઓને કોઈપણ જાતની અગાઉથી નોટીસ આપ્યા સીવાય નોકરીમાંથી છુટા કરેલા છે. સંસ્થાએ તેઓને નોકરી દરમ્યાન કોઈપણ જાતનો મેમો કે ચાર્જશીટ અગાઉ તેમને આપેલ નથી. અને તેઓ ખુબ જ ખંતથી અને વફાદારી તથા નિષ્ઠાપૂર્વક નોકરી કરે છે. તા. ૩૦-૪-૮૪ના રોજ કંપનીએ એપ્રોચ લેટર મોકલી આપેલો અને તે કાગળના અનુસંધાનમાં સામાવાળાએ અરજદારને તારીખ ૪-૫-૮૪ના રોજ નોકરી ઉપર હાજર થવાનો એક લેખીત કાગળ આપેલો. જેથી તારીખ ૪-૫-૮૪ના રોજ અરજદાર હાજર થવા ગયા ત્યારે સામાવાળાએ તેમને નોકરીમાં પુનઃસ્થાપિત કરેલા નહીં અને પડેલા દીવસોનો પગાર પણ આપેલ નહીં. અરજદારના કહેવા પ્રમાણે તારીખ ૧૫-૫-૮૪ના રોજ તેમણે સંસ્થાને એપ્રોચ લેટર મોકલેલ જે તેમણે આ કામે રજુ કરેલ છે. અરજદારના કહેવા પ્રમાણે સામાવાળા કંપનીનું કૃત્ય ગેરકાયદેસર હોઈ તેમને નોકરીમાં પુનઃસ્થાપિત કરી આજ દીન સુધીમાં પડેલા દીવસોનો પગાર આપવો જોઈએ તે રીતની તેમને દાદ માંગેલી છે.

૩. સામાવાળાએ અરજદારની આ અરજીનો લેખીત જવાબ આંક-૫થી આપેલો છે અને તેઓએ તેમના જવાબમાં અરજદારે તેમની અરજીમાં તેમની વીરૂદ્ધ જે જે આક્ષેપો કરલ છે તે તમામ આક્ષેપોનો ઈન્કાર કરેલો છે. સામાવાળાનો કેસ ટુંકમાં એવો છે કે, અરજદાર તારીખ ૨૫-૪-૮૪ના રોજ સસ્પેન્શન ગેરવર્તણુંકની ગુન્હા બદલ શોકોઝ નોટીસ તારીખ ૨૮-૪-૮૪ના રોજ સસ્પેન્શન સાથે રજી. પોસ્ટથી મોકલી આપેલ. જે અરજદારને તારીખ ૨૮-૪-૮૪ના રોજ મળેલ છે અને તેના અનુસંધાનમાં અરજદાર તા. ૩૦-૪-૮૪ના રોજ લેખીત જવાબ પણ આપેલો છે. સામાવાળાના જણાવ્યા પ્રમાણે તારીખ ૨૫-૪-૮૪થી શોકોઝ નોટીસ સાથે અરજદારને પ્રીલીમનરી સસ્પેન્ડ કરેલા છે. અરજદાર તારીખ ૩૦-૪-૮૪ના રોજ લેખીત જવાબ આપેલો અને સદરહુ શોકોઝ નોટીસની ઈન્કવાયરી તારીખ ૩૦-૪-૮૪ના રોજ રાખેલી. પરંતુ તે દીવસે ઓફીસ મેનેજર હાજર નહીં હોવાથી અરજદારને તપાસ માટે તા. ૪-૫-૮૪ના

INDEX

રોજ બોલાવેલ. પરંતુ, આ દીવસે તપાસમાં હાજર ન રહેવાથી એકતરફી તપાસ કરવામાં આવેલી. તથા તપાસમાં અરજદાર સામે કરવામાં આવેલા તમામ આક્ષેપો પુરવાર થયેલા. આ આક્ષેપો ગંભીર પ્રકારના હોવાથી અરજદારને તારીખ ૮–૫–૮૪ના રોજથી નોકરીમાંથી બરતરફ કરવામાં આવેલા અને તે અંગેનો હુકમ અરજદારને તા. ૮–૫–૮૪ના રોજ રજી. પોસ્ટથી મોકલેલ. પરંતુ અરજદારે આ રજીસ્ટર પોસ્ટ લેવાની ના પાડવાથી પરત આવેલ છે. આમ અરજદારને કાયદેસર રીતે અને ઈન્કવાયરી કરી ગેરવર્તણુંકના ગુન્હા બદલ છુટા કરવામાં આવ્યા છે. જે તેઓનું પગલું કાયદેસર અને વ્યાજબી છે અને આથી તેઓએ અરજદારની આ અરજી રદ કરવા માટે વીનંતી કરી છે. ત્યારબાદ સામાવાળા તરફથી આંક–૭ ની એક અરજી આપવામાં આવી હતી. અને તેમાં આ સામાવાળા તરફથી એવી રજુઆત કરવામાં આવેલી છે કે તારીખ ૨૫–૪–૮૪ થી તેમને નોકરીમાંથી છુટા કરવામાં આવ્યાં નથી. પરંતુ તારીખ ૮–૫–૮૫ ના હુકમથી નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા છે. ત્યાર બાદ સામાવાળા તરફથી આંક–૧૦ની એવી અરજી આપવામાં આવેલી કે, અરજદારને તારીખ ૮–૫–૮૪ના રોજ નોકરીમાંથી છુટા કરવામાં આવેલા છે: આ અંગે બી.આઈ.આર. એકટની કલમ ૪૨(૪) અને નિયમ ૫૩(૧) અન્વયે જે વીનંતીપત્ર અરજદારે સામાવાળાને આપવો જોઈએ તે આપેલો નહીં હોવાથી આ અરજી ચાલી શકે નહીં અને તે કારણે પણ અરજદારની અરજી નામંજુર કરવી જોઈએ. સદરહુ અરજીની સુનાવણી અરજદારની ગેરહાજરીમાં મજુર અદાલત, વડોદરાના ન્યાયાધીશ એચ. એચ. મહેતાએ કરેલી અને સામાવાળાના વાંધાઓ માન્ય રાખીને અરજદારની અરજી રદ કરેલી. ત્યાર બાદ અરજદારની અરજી રદ કરેલી. ત્યાર બાદ અરજદારની વીનંતીથી સદરહુ અરજી વડોદરાના મજુર ન્યાયાધીશના હુકમથી અરજદારની ગેરહાજરીમાં થયેલો હુકમ રદ કરવામાં આવેલો. અને સદરહુ અરજીના પ્રાથમીક મુદ્દાની સુનાવણી આ ફરીથી કરવાનું નક્કી કરવામાં આવેલું. ત્યારબાદ આ કેસ ભરૂચ કોર્ટમાં ટ્રાન્સફર થયેલો અને ત્યાં તમામ મુદ્દાઓ ઉપર કાસની સુનાવણી થયેલી. જેમાં અરજદાર તરફથી લેખિત તેમજ મૌખિક પુરાવા લેવામાં આવેલા તેમજ અરજદારની જુબાની આંક–૧૬ થી લેવામાં આવેલી. જ્યારે સામાવાળા તરફથી લેખિત મૌખિક પુરાવા તેમજ આંક–૨૦થી સામાવાળાની કંપનીના સીક્યોરીટી ઓફીસરની જુબાની લેવામાં આવેલી. ભરૂચના મજુર અદાલતના ન્યાયાધીશે આ તમામ પુરાવાઓ તેમજ પક્ષકારોએ કરેલી દલીલો ધ્યાનમાં લઈ

અરજદારની અરજી મંજુર કરેલી અને તે સામે હાલની અપીલ સામાવાળા કંપની તરફથી કરવામાં આવેલી છે.

૪. સામાવાળા કંપની તરફે એસ. જે. શાહ હાજર થાય છે અને અરજદાર તરફે કે. એમ. શાહ હાજર થાય છે.

૫. સામાવાળા તરફે આ અપીલના સમર્થનમાં એવી રજુઆત કરવામાં આવી છે કે, અરજદારને તારીખ ૨૫-૪-૮૪ના રોજ બરતરફ કર્યાની હકીકત ખરી નથી. અને તા. ૪-૫-૮૪ના કાગળની હકીકત પણ ખોટી છે. તેમના કહેવા પ્રમાણે તારીખ ૨૫-૪-૮૪ના રોજ અરજદારને શોકોઝ નોટીસ આપવામાં આવેલી તેઓને નોકરીમાંથી છુટા કરવામાં આવ્યા નથી તેમજ એવી પણ રજુઆત કરવામાં આવી છે કે, ત્યારબાદ તારીખ ૩૦-૪-૮૪ અને તારીખ ૪-૫-૮૪ના રોજ અરજદાર સામે તપાસની તારીખો રાખવામાં આવેલી. પરંતુ તા. ૪-૫-૮૪ના રોજ અરજદાર સામે તપાસની તારીખો રાખવામાં આવેલી. પરંતુ તારીખ ૪-૫-૮૪ના રોજ અરજદાર ગેરહાજર રહેલા એટલે એકતરફી તપાસ ચલાવી તેમને નોકરીમાંથી ફારેગ કરેલા છે. તેમના કહેવા પ્રમાણે તા. ૪-૫-૮૪ના રોજ અરજદારને નોકરીમાંથી દુર કર્યાની અગર તો તેમને મીલમાં પેસવા દેવાની હકીકત જે જણાવવામાં આવી છે તે ખરી નથી. તેમના કહેવા પ્રમાણે અરજદારે આપેલો એપ્રોચ લેટર કાયદેસર નથી. અરજદારે તેમની અરજીમાં પણ એપ્રોચ લેટરમાં તેમને નોકરીમાંથી દુર કર્યાની જે હકીકત જણાવી છે તે વિરોધાભાસી છે. હકીકતમાં અરજદાર તરફથી કોઈ એપ્રોચ લેટર આપવામાં આવ્યો નથી. અરજદારને ખરેખર તો તારીખ ૮-૫-૮૪ના રોજ નોકરીમાંથી ડીસમીસ કરવામાં આવેલા છે. પરંતુ તે હુકમ સામે અરજદારે કોઈ વિનંતીપત્ર લખેલો નથી કે અરજદારની અરજીમાં તે હુકમ સામેની કોઈ તકરાર પણ કરી નથી. તેથી અરજદારની અરજી નામંજુર કરવી જોઈએ. અરજદાર તરફે કે. એમ. શાહ હાજર થાય છે અને તેમની રજુઆત એવી છે કે, તારીખ ૨૫-૪-૮૪ના રોજ અરજદારને શોકોઝ નોટીસ આપવામાં આવેલી અને તેમને ૪ દીવસ માટે સસ્પેન્ડ કરવામાં આવેલા. સદરહુ શોકોઝ નોટીસના જવાબ અરજદારે તારીખ ૩૦-૪-૮૪ના રોજ આપેલો. ત્યારબાદ તારીખ ૪-૫-૮૪ના રોજ અરજદારને તપાસ માટે બોલાવેલ. પરંતુ તે દીવસે તપાસ કરવાને બદલે અરજદારને નોકરીમાંથી દુર કરેલા છે. તેમના કહેવા પ્રમાણે અરજદારે આપેલ વિનંતીપત્રનો સામાવાળાએ કોઈ જવાબ આપેલો નથી અને

INDEX

અરજદારે તેમની જુબાનીમાં જણાવેલ કોઈપણ હકીકતનો ઈન્કાર સામાવાળા તરફથી કરવામાં આવેલો નથી અને અરજદાર તરફથી એવી રજુઆત કરવામાં આવેલ છે કે, તારીખ ૪-૫-૮૪ના રોજ મીલમાં ગયેલા. પરંતુ મીલના પહેરાવાળાઓએ તેમને પેસવા દીધેલ નહીં તે હકીકતનો-ઈન્કાર કરતાં કોઈ મીલના પહેરાવાળાને સામાવાળાએ આ કામમાં તપાસેલા ન હોવાથી અરજદારની વાત ન માનવા માટેનું કોઈ કારણ નથી અને તેથી અરજદારને તારીખ ૪-૫-૮૪ના રોજ નોકરીમાંથી દુર કર્યા છે તે હકીકત સત્ય છે તેમ માનવું જોઈએ. વળી, તેમના કહેવા પ્રમાણે અરજદારની અરજી એપ્રોચ લેટર અને જુબાની એ ત્રણેય જોતાં તારીખ ૧૫-૫-૮૪ના રોજ જે એપ્રોચ લેટર આપ્યો છે તેનું અક્ષરસહ: અર્થઘટન કરતાં અને તમામ સંજોગોનો વિચાર કરી વિદ્વાન મજુર અદાલતના ન્યાયાધીશએ જે ઠરાવ કર્યો છે તે કાયદેસર રીતે વ્યાજબી છે તેથી અપીલ રદ કરવી જોઈએ.

૫. આ કામમાં કાગળો અને જૂબાનીઓ જોતાં કેટલીક હકીકતો ધ્યાનમાં લેવા જેવી છે. સૌ પ્રથમ આંક-૧ની અરજદારે જે અરજી આપેલી છે તેમાં તેણે એમ જણાવેલું કે સામાવાળી સંસ્થાએ તેઓને તારીખ ૨૫-૪-૮૪ના રોજથી ગેરકાયદેસર રીતે કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય નોકરીમાંથી છુટા કરેલા છે. આમ આંક-૧ વાંચતાં પ્રથમ દષ્ટિએ એમ જણાય છે કે અરજદારનું કહેવું એવું છે કે, તારીખ ૨૫-૪-૮૪ના રોજથી અરજદારને ગેરકાયદેસર કંપનીમાંથી છુટા કરેલા છે. પરંતુ અરજદારે આપેલ એપ્રોચ લેટર કે જે આંક ૨/૬થી રજૂ થયો છે અને જેમાં ૧૫-૫-૮૪ની તારીખ નાખવામાં આવી છે તે પત્રમાં અરજદારે જણાવેલું છે કે. તારીખ ૨૬-૪-૮૪થી તારીખ ૨૯-૪-૮૪ના રોજ સુધી તેમને ગેરકાયદેસર રીતે સસ્પેન્ડ કરેલા છે અને તારીખ ૩૦-૪-૮૪ના રોજ તેઓ નોકરી ઉપર ગયા ત્યારે ફરીથી હાજર થવા માટે તારીખ ૪-૫-૮૪ના રોજ બોલાવવામાં આવેલા અને તે બાબતનો લેખિત કાગળ પણ આપવામાં આવેલો. પરંતુ, તારીખ ૪-૫-'૮૪ના રોજ તેઓ નોકરી ઉપર હાજર થવા ગયા ત્યારે તેમને નોકરી ઉપર ચડવા દેવામાં આવ્યા નહીં. અરજદારની અરજી અને વીનંતીપત્ર આંક-૨/૬ માં અરજદારે તારીખ ૮-૫-૮૪ના રોજ નોકરીમાંથી દુર કર્યા હતા તે બાબતનો કોઈ ઉલ્લેખ કર્યો નથી તેમજ તે હુકમ ગેરકાયદેસર ઠરાવવા માટે કોઈ દાદ માંગેલી નથી. આ કામે સામાવાળાનો જવાબ અને પુરાવો ધ્યાનમાં લેતાં એક વાત સ્પષ્ટ છે કે. તારીખ ૨૬-૪-૮૪થી તારીખ ૨૯-૪-૮૪ના સમય માટે તા. ૨૫-૪-૮૪ હુકમથી અરજદારને ૪ દીવસ માટે સસ્પેન્ડ કરવામાં આવેલા અને ત્યાર પછી

INDEX

અરજદાર કદી પણ આ કામ ઉપર આવ્યા નથી. તારીખ ૩૦-૪-૮૪થી તારીખ ૪-૫-૮૪ સુધી અરજદાર કામ ઉપર હતા તેવો કોઈ પુરાવો સામાવાળા તરફથી રજુ કરવામાં આવ્યો નથી. અને અરજદારનું કહેવું એવું છે કે, તા. ૨૬-૪-૮૪ પછી તેઓ તારીખ ૩૦-૪-૮૪ના રોજ અને ત્યાર બાદ તારીખ ૪-૫-૮૪ના રોજ કંપનીમાં ગયેલા અને તારીખ ૪-૫-૮૪ના રોજ તેમને નોકરીમાંથી છુટા કરવામાં આવેલા છે. તેમના કહેવા પ્રમાણે તારીખ ૮-૫-૮૪ના રોજ તેમને છુટા કર્યા તે હુકમનો પત્ર તેમને મળ્યો જ નથી અને તેથી જ તારીખ ૮-૫-૮૪ના વીનંતીપત્રમાં તેમણે તારીખ ૮-૫-૮૪ના રોજના હુકમનો ઉલ્લેખ કર્યો નથી. તારીખ ૮-૫-૮૪ના રોજનો પત્ર અરજદારને રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલવામાં આવેલો. તે કંપની તરફથી રજુ કરવામાં આવેલો છે. જે આંક ૬/૨ના પત્ર સાથે રજુ છે. સદરહુ કાગળની એકનોલેજમેન્ટ સ્લીપ રજુ કરવામાં આવેલ નથી. અરજદારના કહેવા પ્રમાણે આવો કોઈ કાગળ તેમને મળ્યો નથી અને આંક ૬/૨ના પરબીડીયા ઉપરનો ઈન્ફોર્મનો શેરો કરવામાં આવેલો છે. રીફ્યુઝનો શેરો કરવામાં આવ્યો નથી. અરજદારનું કહેવું છે કે, તેમને આવો કોઈ કાગળ મળ્યો જ નથી. તેની જુબાનીમાં અરજદારે જણાવ્યું છે કે, આંક ૬/૩નો કાગળ તેમને મોકલેલો. પરંતુ તે દીવસે તેઓ ઘેર નહોતા. પોસ્ટમેનના શેરાની તેમને ખબર નથી. આંક ૬/૨ના કાગળની તેઓને ખબર નથી. આ જુબાની જોતાં આંક ૬/૨નો પત્ર અરજદારના કહેવા પ્રમાણે તેમને મળ્યો નથી. તેથી અરજદારને તારીખ ૮-૫-૮૪નો પત્ર મળ્યો હશે તેમ કહી શકાય નહીં. તા. ૮-૫-૮૪નો પત્ર અરજદારને મળ્યો હોય તો તે સાબીત કરવાની જવાબદારી સામાવાળાની છે. રજીસ્ટર કવર ઉપર આંક ૬/૩ છે. તેમાં રજીસ્ટર્ડ એ. ડી. એમ જણાવેલું છે. એ. ડી. સાથે મોકલવામાં આવેલ હોવો જોઈએ. તેમ છતાં પણ એ. ડી. સ્લીપ રજુ કરવામાં આવી નથી. આંક ૬/૨નો કાગળ રજુ કર્યો હોય તો તેવો પુરાવો પણ રજીસ્ટર કરનાર કોઈ કર્મચારીને આ કામમાં તપાસવામાં આવેલા નથી. આથી આંક ૬/૨નો પત્ર અરજદારને મળ્યો હોય તેમ માની શકાય નહીં અને અરજદારે તેમની જૂબાનીમાં આ પત્ર મળ્યો નથી તે હકીકત ખરી છે. હવે તેમને તારીખ ૮-૫-૮૪નો પત્ર મળ્યો ન હોય તો તારીખ ૧૫-૫-૮૪ના એપ્રોચ લેટર જે અરજદાર તરફથી લખવામાં આવેલ છે તે લેટરમાં તારીખ ૮-૫-૮૪ના હુકમની કોઈ હકીકત દર્શાવવામાં આવી ન હોય તે સ્વભાવિક છે.

હવે જો ખરેખર અરજદારને તારીખ ૪-૫-૮૪ના રોજ નોકરીમાંથી છુટા

INDEX

કર્યા હોય અને તેને તારીખ ૧૫-૫-૮૪ના રોજ સદરહું નોકરીમાંથી દુર કરવા અંગેનો વિનંતીપત્ર તેઓએ કંપનીને લખેલો હોય તો અરજદારે તેઓને નોકરીમાંથી દુર કરવા બાબતનો વિનંતીપત્ર બી. આઈ. આર. એકટની કલમ ૪૨(૪) મુજબ લખેલો નથી તેમ કહી શકાય નહીં. એ વાત ખરી છે કે, અરજદારે આંક ૧ અને ૨/૧માં તેઓને નોકરીમાંથી છુટા કર્યાની વિરોધાભાસી વાતો કરેલ છે. અરજીમાં તેઓએ તારીખ ૨૫-૪-૮૪ના રોજથી તેમને નોકરીમાંથી છૂટા કર્યા છે તેમ જણાવેલું છે. જ્યારે એપ્રોચ લેટર, જે આંક ૨/૧માં છે તેમાં તા. ૪-૫-૮૪ના રોજ છૂટા કર્યા છે તેમ જણાવેલું છે. પ્રથમ દ્રષ્ટિએ આ બંને વિધાનોમાં વિરોધાભાસ છે. પરંતુ અરજદારે જેવા અભણ કામદારની માનસિક સ્થિતિનો વિચાર કરતાં ખરેખર આ બંને વિધાનો વચ્ચે કોઈ જ વિરોધાભાસ નથી. હકીકતમાં તારીખ ૨૬-૪-૮૪થી તારીખ ૪-૫-૮૪ સુધી અરજદારને નોકરી ઉપર લેવામાં આવેલા નથી અને અરજદારના કહેવા પ્રમાણે તા. ૪-૫-૮૪ના રોજથી તેઓને નોકરી ઉપરથી છુટા કરવામાં આવ્યા છે. આમ હકીકતમાં તારીખ ૨૫-૪-૮૪ના કુસથી તેઓને તારીખ ૨૬-૪-૮૪ના રોજથી અરજદારને નોકરી ઉપરથી દુર કરવામાં આવ્યા છે. સૌ પ્રથમ તેઓને સસ્પેન્ડ કરવામાં આવેલા છે સસ્પેન્ડ કરેલા હોવાથી તારીખ ૨૬-૪-૮૪ થી તારીખ ૨૯-૪-૮૪ સુધી તેઓને નોકરી ઉપર ચડવા દેવામાં આવ્યા નથી તેમ જણાવે છે. અને તારીખ ૩૦-૪-૮૪ થી તારીખ ૪-૫-૮૪ સુધી પણ તેઓને નોકરી ઉપર ચઢવા દેવામાં આવ્યા નથી તેમ જણાવે છે. આથી અરજદાર જો એમ કહે કે તા. ૨૬-૪-૮૪ તેઓને નોકરીમાંથી છુટા કર્યા છે તો તે હકીકત ખોટી નથી અને આંક ૨/૧ના વીનંતીપત્રમાં તારીખ ૪-૫-૮૪ના રોજથી નોકરીમાંથી છુટા કર્યા છે તેમ જણાવેલ છે તેમાં કોઈ વીસંગતતા નથી. અરજદારે તેઓની જુબાનીમાં સ્પષ્ટ જણાવેલું છે કે તારીખ ૩૦-૪-૮૪ના રોજ તેઓ કંપનીમાં ગયા અને તે દીવસે તેઓને તારીખ ૪-૫-૮૪ના રોજ આવવા જણાવેલું એટલે તારીખ ૪-૫-૮૪ સુધી અરજદારને કામ ઉપર લીધો નથી તે હકીકત સ્પષ્ટ રીતે આ કામમાંથી નીકળી આવે છે. હવે તારીખ ૪-૫-૮૪ના રોજ અરજદારના કહેવા પ્રમાણે તેઓ કંપની ઉપર કામ માટે ગયેલા, પરંતુ તેમને નોકરી ઉપર લીધેલા નહીં, તે હકીકત સામે કંપનીએ સીકયોરીટી ઓફીસરની જુબાની લીધી છે. જે આંક ૨૦થી નોંધવામાં આવી છે. સદરહુ જુબાનીમાં જણાવ્યા પ્રમાણે તેઓએ વોચમેન રામબહાદુર ગોરખાને તારીખ ૪-૫-૮૪ના રોજ અરજદાર આવે તો જવા દેવા સુચના આપેલી. પરંતુ કંપનીમાં બીજા વોચમેન પણ છે અને કામદાર બીજા

વોચમેનને મળીને ગયા છે કેમ તે હકીકત આ સાક્ષી કહી શકતા નથી. વળી તેઓ એમ પણ જણાવે છે કે, વોચમેન ઝાંપા ઉપર હોય અને આ સીકયોરીટી કેબીનમાં બેઠેલા હોય છે. વળી, તેઓ તેમની ઉલટ તપાસમાં એ હકીકત પણ કબુલ કરે છે કે, કંપની તરફથી કામદારને મીલની અંદર જવા દેવા માટે કોઈ સુચના આપવામાં આવેલ ન હતી. અરજદારના કહેવા પ્રમાણે તેઓ કંપની ઉપર તારીખ ૪-૫-૮૪ના રોજ ગયેલ. પરંતુ તેમને વોચમેને અંદર દાખલ થવા દીધા ન હતા. આ વોચમેન કંપનીનો કામદાર છે તેથી કંપનીએ અરજદારની હકીકતમાં જવાબમાં આ વોચમેનની જૂબાની લેવી જોઈતી હતી અને તેમની મારફત અરજદાર તે દીવસે નોકરીમાં આવ્યા જ નથી તે હકીકત સાબીત કરવી જોઈએ. પરંતુ, આ બે પૈકી કોઈ પણ વોચમેનને સામાવાળા તરફથી તપાસવામાં આવ્યા નથી અને સિકયોરીટી ઓફીસર પણ આ હાલતમાં ચોકકસ વીધાનો આપી શકતા નથી. સિકયોરીટી ઓફીસર તરીકે તેઓને ફરજ બજાવવાની હોય છે તેમજ વોચમેનની ડયુટી કામદારોની તપાસ કરવાની તેમજ બહારના કોઈ વ્યકિત આવે તેની પુછપરછ કરી મારી પાસે મોકલવાના હોય છે. એટલે તેમના કહેવા પ્રમાણે જો અરજદાર નોકરીમાં દાખલ થવા માટે તારીખ ૪-૫-૮૪ ના રોજ આવ્યા હોય તો વોચમેને આ બાબતની ખબર સિકયોરીટી ઓફીસરને આપી હોત. પરંતુ, સિકયોરીટી ઓફીસરે તેમની જૂબાની વોચમેનને અરજદાર આવે તો જવા દેવાની સૂચના આપેલી તેમ કહેવું છે તે જોતાં અરજદાર આવ્યા હોય તો અરજદારને સિકયોરીટી ઓફીસરની પાસે મોકલવાની કોઈ જરૂરત રહેતી ન હતી. પરંતુ આ બે પૈકીના કોઈ પણ વોચમેનની જૂબાની લેવામાં આવી નથી. તે જોતાં અરજદાર તારીખ ૧-૫-૮૪ના રોજ કંપનીમાં આવેલ જ નથી તે હકીકત શંકાસ્પદ બની રહે એ કંપનીના આ બંને વોચમેનની જૂબાની આ કામે મહત્વની છે. તારીખ ૪-૫-૮૪ના રોજ અરજદાર કંપનીના ઝાંપે આવેલા કે નહીં તે હકીકત અગત્યની છે અને તે હકીકત માટે કંપની તરફથી કોઈ ખાત્રીદાયક પુરાવા આવેલ ન હોવાથી અરજદાર તારીખ ૪-૫-૮૪ના રોજ કંપનીમાં ગયા. પરંતુ તેઓને નોકરીમાં દાખલ થવા દીધેલા નહીં તેમ કહેવું તે હકીકત સત્ય લાગે છે અને તેથી તારીખ ૪-૫-૮૪ના રોજ અરજદારને નોકરીમાંથી દુર કરવામાં આવ્યા છે તેમ અરજદારનું કહેવું છે તે હકીકત હું માનું છું અને તે હકીકત માનવામાં આવે તો તારીખ ૧૫-૫-૮૪ના રોજનો વીનંતીપત્ર જ્યારે તેમના તરફથી રજૂ કરવામાં આવે છે તે પત્ર તેને કહેલો હોવો જોઈએ તેમ પણ તેની જૂબાની જોતાં મને લાગે છે. કારણ કે, જો તે પત્ર પાછળથી ઉભો કરવામાં

આવ્યો હોય તો તેમાં તારીખ ૮-૫-૮૪ની હકીકત હોત. પરંતુ, તારીખ ૮-૫-૮૪ના પત્રની કોઈ ખબર અરજદારને મળેલ નથી. સદરહુ પત્રમાં જણાવેલ હકીકત જોતાં તે પત્ર અરજદારે લખેલો છે તેમ મને લાગે છે. પણ પત્ર સાથે તારીખ ૧૬-૫-૮૪ની કંપનીની એ.ડી.ની ઓફીસરની સહીવાળી સ્લીપ તથા રજીસ્ટર કર્યાની પોસ્ટની પહોંચ આંક ૨/૨ અને ૨/૩ થી રજૂ કરવામાં આવેલ છે તે જોતાં આંક ૨/૧ નો પત્ર અરજદારે સામાવાળાને લખેલો છે તે હકીકતને સમર્થન મળે છે અને તારીખ ૧૫-૫-૮૪ના રોજના પત્રમાં તેઓને તારીખ ૪-૫-૮૪ના રોજ નોકરીમાંથી દુર કરવામાં આવ્યા તે બદલનો વીનંતીપત્ર લખવામાં આવ્યો હોય તોય તો તે વીનંતીપત્ર સમયમર્યાદાની અંદર છે અને ત્યાર પછી અરજદારે લેબર કોર્ટને કરેલી અરજી પણ સમય મર્યાદાની અંદર છે તે હકીકત સત્ય છે. આંક ૨/૧ના વીનંતીપત્રની નકલ સરકારી મજૂર અધીકારીને મોકલી નથી. પરંતુ આજ કારણે વીનંતીપત્રને ગેરકાયદેસર ઠરાવવો તે યોગ્ય નથી. વિદ્વાન મજૂર અદાલતના ન્યાયાધીશે આ બાબતે ઉંડો વીચાર કરેલ છે અને તેમના ઠરાવમાં તેવું જણાવેલું છે કે, વીનંતીપત્રની નકલો કમીશનરને કે નાયબ કમીશનરને મોકલવામાં ન આવે તો તેને કારણે વીનંતીપત્ર ગેરકાયદેસર બનતો નથી. તેમણે આપેલ કારણો સાથે હું સંમત થાઉં છું. આથી વીનંતીપત્ર કાયદેસર છે તેમ ઠરાવું છું અને અરજદારને તારીખ ૪-૫-૮૪ના રોજથી સામાવાળાએ નોકરીમાંથી ગેરકાયદેસર રીતે બરતરફ કરેલા છે તેમ ઠરાવું છું. વિદ્વાન મજૂર અદાલતના ન્યાયાધીશે અરજદારને તારીખ ૮-૫-૮૪ના રોજ નોકરી ઉપર ન હતો તે રીતે હુકમ કરેલો છે તે હુકમ યોગ્ય નથી, તેને બદલે અરજદારને તારીખ ૪-૫-૮૪ના રોજથી સળંગ નોકરી ઉપર ગણી પડેલા દીવસોનો પગાર આપવો જોઈએ તેમ ઠરાવવું જોઈએ. પરંતુ. અરજદાર આ ચાર દીવસ તેઓને મોડા નોકરી ઉપર લેવાના હુકમ સામે કોઈ ઓબ્જેક્શન કરવામાં આવ્યા નથી તેથી આવો ફેરફાર સામાવાળાની અપીલમાં થઈ શકે નહીં. તારીખ ૮-૫-૮૪, તારીખ ૪-૫-૮૪ પછી આવતી હોવાથી તે તારીખથી અરજદારને પાછલા પડેલા દીવસોના પગાર આપવાનો તેમજ નોકરીમાં ચાલુ રહયા છે તે બાબતનો કરેલો હુકમ કાયમ કરવામાં આવે છે અને આથી હું મારો છેવટનો હુકમ નીચે મુજબ કરું છું.

હુકમ

૬. આ અપીલ રદ કરવામાં આવે છે. ભરુચની મજૂર અદાલતના વીદ્વાન

INDEX

ન્યાયાધીશે તારીખ ૩૦-૩-૮૮ના રોજ કરેલો તકરારી હુકમ કાયમ રાખવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આર. જે. યાજ્ઞિક
સભ્ય
ઔદ્યોગીક અદાલત ગુજરાત વડોદરા

વડોદરા તા. ૧૯-૧૦-૮૯

અમદાવાદ તા. ૧૫-૨-૯૦

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનિયમ
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયે નિમાયેલ

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના ક્રમાંક ખ/શમક/૨૬૭૦૪/આરયુ સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ- ૮૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ શ્રી વિનોદભાઈ એમ. પટેલ તથા અન્ય બીજા વડોદરા અને ધી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક લી. વડોદરાની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબન નીવેડાની સન ૧૯૯૦ના જાન્યુઆરી માસના ૧૫મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત વડોદરા

આર. જે. યાજ્ઞિક સભ્ય સમક્ષ

૧. રીવીઝન અરજી (આઈ. સી.) નં. ૪-૮૯

વિનોદભાઈ એમ. પટેલ તથા બીજા — અરજદાર

વિરુદ્ધ

ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. વડોદરા સામાવાળા

૨. રીવીઝન અરજી આઈ. સી.) નં. ૫-૮૯

વિક્રમ એમ. દેસાઈ અરજદાર

વિરુદ્ધ

ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. વડોદરા સામાવાળા

૩. રીવીઝન અરજી (આઈ. સી.) નં. ૬-૮૯

દીનેશ સી. પટેલ અરજદાર

વિરુદ્ધ

ધી બરોડા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. વડોદરા સામાવાળા

૪. રીવીઝન અરજી (આઈ. સી.) નં. ૭-૮૯

સહકારી બેંક કર્મચારી યુનિયન
C/o વિનોદ એમ. પટેલ વડોદરા અરજદાર

વિરુદ્ધ

ધી સેન્ટ્રલ કો. ઓ. બેંક લી. વડોદરા સામાવાળા

૫. રીવીઝન અરજી (આઈ. સી.) નં. ૮-૮૯

શાંતિલાલ વસંતભાઈ પટેલ વડોદરા, અરજદાર

વિરુદ્ધ

ધી બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક લી. વડોદરા સામાવાળા

INDEX

ત્રીજી મજુર અદાલત વડોદરા ન્યાયાધીશશ્રીએ બી. આઈ. આર. અરજી નં ૬-૮૯થી ૧૦-૮૯માં મનાઈ હુકમ બાબતમાં તા. ૨૫-૯-૮૯ના રોજ કરેલા હુકમ સામેની રીવીઝન અરજી બાબત.

અરજદારના પ્રતીનોધી નાણુંવટી અને શ્રી મહેતા

સામાવાળાના પ્રતીનિધી રામજીભાઈ

ચુકાદો

૧. આ પાંચેય રીવીજન અરજીઓ વડોદરાની મજુર અદાલત નં. ૩ના ન્યાયાધીશશ્રી પી. આર. વૈશ્નવે તેમની સમક્ષની બી. આઈ. આર. અરજી નંબર ૬/૮૯થી ૧૦/૮૯ના કામે તમામ કામોમાં આપવામાં આવેલો આંક-૪નો મનાઈ હુકમની અરજી નીચે તારીખ ૨૫-૯-૮૯ના રોજ મનાઈ હુકમ ઉઠાવી લેવાના હુકમથી નારાજ થઈ હાલના અરજદારોએ કરેલી છે. આ પાંચેય રીવીજન અરજીઓ પક્ષકારોની સંમતીથી એકીસાથે સાંભળી એક જ હુકમથી તેનો નિર્ણય કરવાનું નક્કી કરવામાં આવેલું છે અને તેથી આ તમામ રીવીઝન અરજીઓનો મનાઈ હુકમનો ચુકાદો એકીસાથે આપવામાં આવે છે.

૬. સદરહું ઉપર જણાવેલ પાંચેય રીવીજન અરજીઓ આ અરજદારોએ કરી તે અગાઉ આ તમામ અરજદાર ભેગા મળી આ કેસમાં અપીલ નંબર ૧૦/૮૯ની અપીલ કરેલી. જેમાં સામાવાળા તરફે પટેલ હાજર થયેલા અને તેમાં આ અપીલ ચાલી શકે નહીં તેવી તકરાર કરેલી. આ તકરારનો નિર્ણય આવે તે દરમ્યાન એપેલેન્ટ તરફથી આ અપીલને રીવીજનમાં ફેરવવાની પુરસીસ આપવામાં આવેલી અને પટેલ તે પુરસીસ સાથે સંમત થયેલા. પરંતુ પટેલે બીજી એક એવી તકરાર કરેલી કે આ અપીલને રીવીજન અરજીમાં ફેરવવામાં આવેલ હોઈ રીવીજન અરજી વિદ્વાન મજૂર અદાલતના ન્યાયાધીશએ જુદી જુદી અરજીઓ કરવામાં આવેલ હુકમ સામેની હેઈ સદર અરજીના તમામ અરજદારો એકત્રીત થઈ રીવીજન અરજીની એક જ અરજી કરી શકે નહી. અને દરેક અરજદાર જૂદી રીવીજન અરજી નં. ૪/૮૯માંથી પક્ષકાર નં. ૨ થી ૫ને રદ કરી સદરહું પક્ષકારો તરફથી અરજી ૫/૮૯થી ૮/૮૯ સુધીની કોર્ટમાં રજુ કરેલી તે રીતે ઉપર જણાવ્યા

INDEX

મુજબની વડોદરાની ત્રીજી મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધીશે નેમુવે કરેલી પાચેય અરજીના હુકમ સામે હાલની આ પાંચ રીવીજન અરજીઓ કરવામાં આવેલી છે

૩. આ સામે અરજદારોનો કેસ ટુંકમાં નીચે મુજબ છે. આ પાંચીય અરજદાર સહકારી બેંક કર્મચારી યુનિયન તેમજ બરોડા બેંક કર્મચારી યુનિયનના સભ્યો છે. તેવો તમામ સામાવાળા બેંકમાં કર્મચારી છે આ અરજીમાં સમાયેલા તમામ કર્મચારીઓની બેંકે બદલી કરેલ છે. અરજદારનો કેસ એવો છે કે બેંક અને યુનિયન વચ્ચે થયેલ સમજૂતી પ્રમાણે યુનિયનના પ્રતીનિધીઓ અને બેંકના પ્રતીનિધીઓ બંને સાથે મસલત કરી કાયમી રીતે બેંક બદલી કરી શકે. પરંતુ બેંકના પ્રતીનિધીઓ યુનિયનના પ્રતીનિધીઓ સાથે મસલત કર્યા વિના બદલી કરી શકે નહીં. તેવો ઓર્ડર હોવા છતાં બેંક યુનિયન સાથે મસલત કર્યા સિવાય આ કર્મચારીઓની કાયમી રીતે બદલી કરેલી છે. તેમના કહેવા મુજબ આ પૈકીના કેટલાક કર્મચારીઓ યુનિયનના કારોબારીના સભ્યો છે અને કામદારોના પ્રતીનિધીઓ છે તથા તેમને હેરાન કરવા માટે જ દ્વેષબુદ્ધિથી બેંકે આ પ્રમાણે બદલી કરેલ છે. વળી, તેઓ એમ પણ જણાવે છે કે, આ કર્મચારીઓ બદલી કરવા માટે બેંક પાસે કોઈ વ્યાજબી કારણ નથી સામાવાળા તરફથી એવી તકરાર કરવામાં આવી છે કે, આ રીવીઝન અરજી ચલી શકે તેમ નથી. કારણ કે, લેબર કોર્ટના ન્યાયાધીશે કરેલો હુકમ તેમણે વિવેકબુદ્ધિ વાપરીને કરેલો છે. પક્ષકાર તરફથી રજૂ કરવામાં આવેલી તમામ તકરારનો વિચાર કરી તેઓએ જે હુકમ કર્યો છે તે હુકમમાં હસ્તક્ષેપ કરવાની આ રીવીઝન અરજીમાં ઔદ્યોગીક અદાલતને હકુમત નથી. વળી, તેઓએ એવી પણ દલીલ કરી છે કે, બદલી પામનાર કર્મચારીઓ પૈકી ત્રણ એકજ બેંકના છે. જયારે યુનિયન તરફથી જે સેટલમેન્ટ ઉપર આધાર રાખવામાં આવે છે તે સહકારી બેંક કર્મચારી યુનિયન જે તાલુક કક્ષાએ કામ આ બેંકના કર્મચારીઓનું યુનિયન છે અને બેંક વચ્ચે જે એવોર્ડ થયેલ તે એવોર્ડ ફક્ત સહકારી બેંક કર્મચારી યુનિયનના તાલુકા કક્ષાના કર્મચારીઓને જ લાગુ પડે છે. જયારે વડોદરા મુકામે આ બેંકમાં કામ કરતા કર્મચારીઓ ગુજરાત બેંક વર્કસ યુનિયનના છે અને ગુજરાત બેંક વર્કસ યુનિયન સદરહુ સેટલમેંટ અને એવોર્ડમાં પક્ષકાર ન હોઈ આ ત્રણ કર્મચારીઓ યુનિયનના કારોબારીના સભ્ય હોય તો પણ એ એવોર્ડ ઉપર આધાર રાખી શકે નહીં. વળી, તેઓ એમ પણ

જણાવે છે કે, બદલી થયેલા પૈકી ૭ માણસો કામ પર બદલીની જગાએ હાજર થઈ ગયા છે. વળી, બીજા ૧૯ કર્મચારીઓ તેમની બદલીની જગાએ હાજર થઈ ગયા હોવાથી બેંકમાં કેટલેક ઠેકાણે સ્ટાફમાં વધારે પડતા માણસો કામે રાખવામાં આવે છે. જ્યારે બીજી જગ્યાએ વડેદરાથી બદલી થયેલા કર્મચારીઓ હાજર ન થવાને કારણે કામમાં તકલીફ પડે છે. અને તેના કહેવા પ્રમાણે આ કેસમાં ગુણદોષ જોતાં મનાઈ હુકમ આપવા જેવો કોઈ કેસ અરજદાર માગી શકે તેમ નથી અને તેથી આ અરજી રદ કરવી જોઈએ.

૪. આ બાબત સા પ્રથમ આવી રીવીજન અરજી ઓદ્યોગીક અદાલતને શી સત્તા છે તે બાબતનો પ્રથમ વીચાર કરવાનો છે અરજદાર તરફથી રીવીજન અરજી નં. ૧૩-૭૭થી ૧૮-૭૭માં સારંગપુર કોટન મેન્યુ. કું. લી. નં. ૨ વિરુદ્ધ ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ, ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટ-એલ, તારીખ ૮-૯-૭૭. પાન નં. ૩૮૪ ઉપર પ્રસિદ્ધ થયેલ છે તે તથા ૧૯૫૪ આઈ. સી. આર. પાન નં. ૧૧૬૩ ઉપર અમદાવાદ કોટન મીલ્સ કું. લી. અમદાવાદ વીરુદ્ધ મોહન અરજણ અને બીજાના કેસમાં માન. ઔદ્યોગીક અદાલત, ઓરગેની ફુલ બેન્ચે આપેલ ચુકાદાઓ ઉપર આધાર રાખવામાં આવેલો છે, આ તમામ ચુકાદાઓ તેમજ બી.આઈ.આર. એક્ટની કલમ-૮૪ જોતાં એક વાત સ્પષ્ટ છે કે, આ રીવીઝન અરજીઓમાં ઔદ્યોગિક અદાલતની સત્તા લેબર કોર્ટે કરેલા ઠરાવમાં હસ્તક્ષેપ કરવા બાબતમાં ઘણી જ મર્યાદીત છે. લેબર કોર્ટે જો તેમની હકુમતની બહારનો હુકમ કર્યો હોય અથવા તો હકુમત હોવા છતાં હકુમત ન વાપરી હોય અથવા તો દેખીતી રીતે હુકમ બેહુદો હોય તેવા સંજોગોમાં જ ઓદ્યોગીક અદાલતને આવા ઠરાવમાં હસ્તક્ષેપ કરવાની સત્તા છે. જેમાં કોર્ટે તેમની સમક્ષ પડેલા દસ્તાવેજી પુરાવા અગર વા બીજા પુરવા ધ્યાનમાં લઈ તારણો આપી જે કોઈ ઠરાવ કર્યો હોય તેવા હુકમ બાબતે રીવીજન કોર્ટને એમ લાગે કે તે હુકમ બીજી રીતે પણ થઈ શકે તેમ છે, તો પણ જો લેબર કોર્ટે કરેલો હુકમ તેમની સત્તા બહારનો ન હોય અથવા તેમની સત્તા કાયદેસર રીતે વાપરી ન કરેલો હોય તો ઓદ્યોગીક અદાલત રીવીઝનમાં હસ્તક્ષેપ કરી શકે નહીં. આથી આ કામે વિદ્વાન લેબર જજ શ્રી વૈષ્ણવે તેમની સમક્ષની બી આઈ. અરજીમાં

જે હુકમ કર્યો છે તે જોવાનો રહે છે. વેણુવે આ બાબત ઘણી જ વિસ્તારપૂર્વક અને તેમની સમક્ષ કરવામાં આવેલી તમામ તકરારોની વિગતવાર આકારણી કરી તેમની સમક્ષ રજુ થયેલા તમામ કાગળો ધ્યાનમાં લઈ કરેલો હોય તેમ જણાય છે. તેમણે તેમના હુકમમાં આ કામનો અભ્યાસ કરી એમ ઠરાવેલું છે કે, તેમની આગળના કેસ નં. ૬, ૭ અને ૮ના પક્ષકારો પૈકી ત્રણે પક્ષકારો વડોદરા શહેરમાં આવેલી બેંકમાં નોકરી કરે છે અને તેઓની બદલી કરવામાં આવેલ છે. અને જે એવોર્ડ ઉપર આધાર રાખવામાં આવેલ છે તે ઓલ ઇન્ડિયા સહકારી બેંક કર્મચારી યુનિયનના પ્રતીનિધીઓ તથા બેંક વચ્ચે થયેલો છે. જ્યારે વડોદરા શહેર પુરતું રીપ્રેઝન્ટેટીવ યુનિયન ગુજરાત બેંક વર્કર્સ યુનિયન વડોદરા છે. અને સહકારી બેંક કર્મચારી યુનિયન વડોદરા અને સેન્ટ્રલ કો-ઓ. બેંક લિ. વચ્ચે થયેલું છે તેમજ વડોદરા કર્મચારી બેંક યુનિયન તેમાં પક્ષકાર નથી. તેથી આ કેસો પૈકી બી. આઈ. આર. અરજી નં. ૬, ૭ અને ૮ માં સમાવેલા કર્મચારીઓને આ સમાધાનનો લાભ મળી શકે નહીં અને તેથી આ સમાધાનથી થયેલા એવોર્ડ ઉપર આધાર રાખી શકે નહીં. શ્રી વેણુવે તેમના હુકમમાં જણાવ્યું છે કે આ એવોર્ડનો બેંકના પ્રતીનિધીઓની કાયમી સ્વરૂપે બદલી કરતા અગાઉ બેંકની સાથે મસલત કરવી જોઈએ તે વાત પણ તેમના હુકમમાં જણાવેલી છે. પરંતુ, તેમના મંતવ્ય મુજબ આ ત્રણ કર્મચારીઓને એટલે કે બી.આઈ.આર. અરજી નં. ૬, ૭ અને ૮ માં સમાયેલા કર્મચારીઓને આ એવોર્ડ લાગુ પડતો ન હોઈ તેમની બદલી કરતા અગાઉ આ એવોર્ડ મુજબ બેઉ યુનિયનની સાથે મસલત કરવાની આવશ્યકતા નથી. વધુમાં વેણુવે આગળ ચાલતા એમ પણ જણાવેલું છે કે, આ અરજીઓમાં સમાવેલા કર્મચારીઓ પૈકી કેટલાક યુનિયનના હોદ્દેદાર છે. પરંતુ, તે પૈકી કોઈ પણ યુનિયનના પ્રતીનિધી હોય તેવો કોઈ પુરાવો તેમની સમક્ષ રજુ થયેલો નથી. આ સામે યુનિયન તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, વડોદરા બેંકની શાખામાં વડોદરા મુકામે નોકરી કરતા કર્મચારીઓ જો વડોદરા સહકારી બેંક કર્મચારી યુનિયનના એટલે કે તાલુકા કર્મચારીઓ યુનિયનમાં હોદ્દેદાર હોય તો તેમના યુનિયનના રીપ્રેઝન્ટેટીવ ગણાવા જોઈએ અને તેમની બદલી કરતા અગાઉ બેંકે યુનિયન સાથે મસલત કરી તેમની સંમતી મેળવવી જોઈએ. મારા મત મુજબ યુનિયન તરફે જે આ દલીલ કરવામાં આવી છે તે વાજબી નથી કારણ કે, વડોદરામાં કામ કરતા કર્મચારીઓ જે યુનિયનના સભ્યો છે તે યુનિયન વડોદરા સહકારી કર્મચારી બેંક યુનિયન સાથે બેંકે કરેલા સમાધાનમાં પક્ષકાર

નથી અને તેથી વડોદરા શહેર બેંક કર્મચારી યુનિયનના તેઓ હોદ્દેદાર હોય તો પણ વડોદરા મુકામે નોકરી કરતા હોવાથી તેઓ સદરહુ એવોર્ડનો લાભ મેળવી શકતા નથી. ઘડીભર એમ માની લઈએ કે, આ તકરારી વિષય છે તો પણ વિદ્વાન ન્યાયાધીશશ્રીએ આ બાબતે જે મંતવ્ય તેમના ઠરાવમાં રજુ કર્યું છે તે તે મને વ્યાજબી લાગે છે અને તેમાં કોઈ હસ્તક્ષેપ કરવા જેવું લાગતું નથી. કરવા જેવું લાગતું નથી. વળી, મારી સમક્ષ એવી તકરાર કરવામાં આવી છે કે, એવોર્ડની કલમ-૨૫ જોતાં આવશ્યકતા હોય તો જ બેંકને બદલી કરવાની સત્તા છે. પરંતુ, આ કેસમાં બદલીના હુકમમાં આવશ્યકતા જણાતી નથી અને તેથી પણ બદલી ગેરકાયદેસર છે, વિદ્વાન લેબર કોર્ટના ન્યાયાધીશશ્રીએ આ દલીલનો વીચાર કરેલ છે અને તેમણે તેમનું મંતવ્ય સ્પષ્ટ રીતે રજૂ કરેલું છે કે, આવશ્યકતા બાબતનો વીચાર પુરાવો લઈ શકે ત્યારે જ થઈ શકે અને તે મુદ્દા ઉપર તેઓ માન. હાઈકોર્ટ જજનું જજમેન્ટ ટાંકયું છે અને જણાવ્યું છે કે, શીક્ષા કરવા સ્વરૂપની બદલી કરવામાં આવે તો જ કોર્ટે હસ્તક્ષેપ કરવો જોઈએ. પરંતુ. તે સિવાયના સંજોગોમાં બદલી બાબતમાં કોર્ટે વચ્ચે પડવું જોઈએ નહીં. વિદ્વાન લેબર જજનું આ મંતવ્ય પણ વ્યાજબી છે છે. મને લાગે છે. આ કામે એક વાત ચોકકસ છે કે, તેઓની જાણીને બદલી કરવામાં આવી છે તેઓએ તેમની નવી જગ્યાનો ચાર્જ લઈ લીધો છે. તેના પરીણામે બેંકની કેટલીક શાખાઓમાં બેંકના કર્મચારીઓની ખોટ પડે છે. જ્યારે કેટલેક ઠેકાણે કર્મચારીઓ વધી પડયા છે. કુલ ૩૯ કર્મચારીઓની બદલી કરવામાં આવેલા છે તે પૈકી ૨૮ કર્મચારીઓ તેમની નવી જગ્યાએ હાજર થઈ ગયા છે અને બાકી ૯ પૈકી કોણ કોણ યુનિયનના પ્રતીનિધીઓ છે તે બાબતનો પણ કોઈ પુરાવો રજુ થયો નથી. અને તે કારણે પણ આ બદલીની ગેરકાયદેસરતા બાબતનો વીચાર હાલને તબક્કે થઈ શકે નહીં તેમ વિદ્વાન લેબર કોર્ટના ન્યાયાધીશશ્રીએ જણાવેલું છે તે મને વ્યાજબી લાગે છે. આમ આ મનાઈ હુકમની અરજીઓમાં લેબર કોર્ટના ન્યાયાધીશે જે હુકમ કર્યો છે તેમાં ફેરફાર કરવાનું કોઈ કારણ મને જણાતું નથી અને તેથી આ આંક-૫ની અરજીઓ નામંજૂર કરવામાં આવે છે. અને આથી હું મારો છેવટનો હુકમ નીચે મુજબ કરું છું.

હુકમ

૫. આંક-૫ની અરજી નામંજુર કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ

INDEX

હુકમ કરવામાં આવતો નથી, અને યથાવત પરીસ્થીતી ચાલુ રાખવાનો કરવામાં આવેલો હુકમ પણ રદ કરવામાં આવે છે. હવે કામ મુખ્ય રીવીઝન અરજીનો સુનાવણી ઉપર ર.ખવામાં આવે છે.

વડોદરા તા. ૨૧-૧-૮૯

ર. જ. યાજ્ઞિક
સભ્ય
ઔદ્યોગિક અદાલત વડોદરા

અમદાવાદ તા. ૧૫-૧-૯૦

એ. આઇ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સબંધ અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક-અ/શમક/૨૬૭૦૪/આરયુ/સન ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગીક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ ગુજરાત નિયમોના નિયમ ૭૦થી અને આપવામાં આવેલી સત્તાની રૂએ હું મજુર મહાજન સંઘ ટેક્ષટાઈલ લેબર યુનિયન ભરૂચ અને ભરૂચ ટેક્ષટાઈલ મીલ્સ લી. ભરૂચની વચ્ચેના ઔદ્યોગીક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબની નીવેડાની સન ૯૦ના જાન્યુઆરી માસનાં ૧૫ દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત વડોદરા સમક્ષ

શ્રી ર. જ. યાજ્ઞિક સભ્ય સમક્ષ

અપીલ આઇ. સી. નં. ૬/૧૯૮૯

મંત્રી, મજુર મહાજન સંઘ, અરજદાર
(ટેક્ષટાઇલ લેબર યુનિયન) મજુર સેવાલય,
પાંચબત્તી, ભરુચ

વિરુદ્ધ

મેનેજર, ભરુચ ટેક્ષટાઇલ મિલ્સ લિ. સામાવાળા
સ્ટેશન રોડ, ભરુચ.

મજૂર અદાલત, ભરૂચના ટી અરજી નં. ૧૬૯/૮૭ના હુકમ (સ.મે આઇ. આર એક્ટની કલમ ૮૪ મુજબ અપીલ છે.

હુકમ

હાલની અપીલ મજુર અદાલત ભરુચની ટી. અરજી નં. ૧૬૯-૮૭માં થયેલ હુકમ સામે દાખલ કરેલ છે અને હાલની અપીલમાં સદરહુ અરજીમાં થયેલ હુકમ રદ કરવા વીનંતી કરેલ છે.

ત્યાર બાદ કેસ ચાલતા દરમીયાન અરજદારે તા. ૧૬-૧૧-૮૯ના રોજ આંક-૫ થી એ મુજબની પુરસીસ આપેલ છે કે, અપીલમાં જે મુદ્દો ન્યાય-નિર્ણય કરવાનો છે તે બાબતે અમો વચ્ચે આરબીટ્રેશનથી ન્યાયનિર્ણય મેળવી લીધો છે જેથી હવે અમો ઉપરોકત અપીલ આગળ ચલાવવા માંગતા નથી. જેથી ઉપરોકત અપીલ પાછી ખેંચીએ છીએ. તો તે પ્રમાણે અપીલનો નિકાલ કરવા નામદાર અદાલતને નમ્ર અરજ છે.

૩. સબબ એપેલન્ટ યુનિયન આ અપીલ પછી ખેંચી લે છે. અરજી (પુરસીસ) મંજૂર કરવામાં આવે છે ખર્ચ સંબંધે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ર. જ. યાંજ્ઞિક
સભ્ય
ઔદ્યોગિક અદાલત વડોદરા

INDEX

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૫–૧–૬૦

સને–૧૯૪૬ના ઔદ્યોગીક સંબંધક અધીનીયમ

અન્વયેના સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના ક્રમાંક–૬/ખ/શમક–૨૬૭૦૫ આરધુ–સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમની કલમ–૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમ (ગુજરાત નિયમોના નિયમ–૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ હું મજુર મહાજન સંઘ અમદાવાદ અને મીહીર ટેક્ષટાઈલ અમદાવાદની વચ્ચેના ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના ચુકાદા સન ૧૯૬૦માં જાન્યુઆરી માસના ૧૫ દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત અમદાવાદ

આર. એસ. શુક્લ સભ્ય રૂબરૂ

રેફરન્સ આઈ. સી. નં. ૯૪–૮૯

મજુર મહાજન સંઘ, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

મીહીર ટેક્ષટાઈલ લી. અમદાવાદ. બીજા પક્ષકાર

ઓટો શાળ ખાતાની ત્રણે પાળીમાં પીનબોયને જુના ખાતામાંથી નવા ખાતામાં પીનો નાંખવા માટે મહેનતાણું આપવા બાબત.

INDEX

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર સંઘે બીજા પક્ષકાર કંપનીને આરો શાળ ખાતાની ત્રણે પાળીમાં પીનબોયને જુના ખાતામાંથી નવા ખાતામાં પીનો નાંખવા માટે મહેનતાણું આપવા બાબતમાં નોટીસ આપી સદરહુ રેફરન્શ ઉપસ્થીત કરેલ છે.

૨. પક્ષકારોએ આંક-૫ નો પુરસીસ આપી તે પ્રમાણે થયેલ સમાધાન મંજુર કરવા ભલામણ કરેલ છે. આંક-૫ ની સમાધાનની પુરસીસ જોતાં તે યોગ્ય છે અને બંને પક્ષકારોને તે કબુલ મંજુર હોઈ તે મુજબ હુકમ કરવામાં કાંઈ વાંધાસરખું નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. બંને પક્ષકારોએ આંક-૫ ની સમાધાનની પુરસીસ મુજબ વર્તવું. આંક-૫ની સમાધાનની એક નકલ આ હુકમ સાથે રાખવી અને તેને હુકમના ભાગ તરીકે ગણવી. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

અમદાવાદ તા. ૬-૧૨-૮૯

આર. એસ. શુકલ
સભ્ય
ઔદ્યોગિક અદાલત અમદાવાદ

જી. બી. દવે
રજીસ્ટ્રાર

અમદાવાદ તા. ૧૫-૧-૯૦

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનિયમ
અમદાવાદ

ઔદ્યોગિક અદાલત અમદાવાદ

રેફરન્સ (આઈ. સી.) નંબર ૬૪/૧૯૮૯

ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન — પ્રથમ પક્ષકાર
અમદાવાદ.

વિરુદ્ધ

મીહીર ટેક્ષટાઈલ લિમીટેડ — બીજા પક્ષકાર
અમદાવાદ.

પક્ષકારો વચ્ચે ઉપરોક્ત નંબરના કેસમાં સમાધાન થયેલ છે. અને સમાધાનની શરતો નીચે મુજબ છે.

સમાધાનની શરતો

૧. કંપનીએ સાદું શાળખાતું કરારની જોગવાઈઓ મુજબ અદંતર બંધ કરી અને સાદા શાળખાતાની કાયમી જગ્યાઓ કરાર મુજબ નાબુદ કરવાનું નક્કી કરેલ છે.

૨. સાદા શાળખાતાના બંધ થયા બાદ તથા કામદારોને રાજીનામા આપતાં અથવા ટ્રાન્સફર થવાથી તે જગ્યાઓ ઓછી કર્યા બાદ આખા વિવીંગ ખાતામાં પહેલી પાળીમાં-૨, બીજી પાળીમાં-૧ અને ત્રીજી પાળીમાં-૧ એમ કુલ ચાર પીનબોય કામ કરશે. આ ચારેય કામદારો હાલમાં તેમની ફરજો બજાવે છે, તે તે ફરજો બજાવવાની ચાલુ રાખશે. આ ખાતામાં રીસેસમાં કામ કરતા કામદારોને રીસેસ એલાઉન્સ આપવામાં આવે છે. પરંતુ આ પીનબોયની કેટેગરીમાં કામ કરતા કામદારોએ રીસેસમાં કોઈ કામગીરી ભુતકાળમાં બજાવેલ નથી. અને હાલમાં પણ બજાવતા નથી. અને તેઓએ રીસેસમાં કોઈજ કામગીરી બજાવવાની રહેતી નથી. અને તેથી પ્રથમ પક્ષકાર આ માંગણી જતી કરે છે.

(સહી) અવાચ્ય
ફેકટરી મેનેજર
મીહીર ટેક્ષટાઈલ મીલ્સ લી.

INDEX

અમદાવાદ તા. ૧-૧૨-૯૦

સહી અવ ચ્ય
મંત્રી
ટેક્ષટાઈલ લેબર એસોશીયેશન
અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધકઅધિનિયમ અન્વયે નિમાયેલ

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના ક્રમાંક ખ/શમક/૨૬૭૦૬/આરયુ સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ- ૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ મજુર મહાજન સંઘ અમદાવાદ અને ન્યુ માણેકચોક ટેક્ષટાઇલ મીલ્સ અમદાવાદ ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબન નીવેડાની સન ૧૯૯૦ના જાન્યુઆરી માસના ૧૫મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત અમદાવાદ

આર. એસ. શુકલ સભ્ય સમક્ષ

રેફરન્સ (આઈસી) નં. ૧૪૭/ ૯

મજુર મહાજન સંઘ, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ન્યુ માણેકચોક ટેક્ષટાઈલ મિલ્સ, અમદાવાદ. બીજા પક્ષકાર

ઈજનેર મીકેનીક ખાતામાં કામ કરતા તમામ પાટીવાળાઓને તેમના રક્ષણ થૈ વરસમાં બે જોડ બુટ આપવા અંગે.

INDEX

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર સંઘે બીજા પક્ષકાર કંપનીને ઈજનેર એન્જિનિયરીંગ ખાતામાં કામ કરતા તમામ પાટીવાળાઓને તેમના રક્ષણાર્થે વર્ષમાં બે જોડ બુટ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપી સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. આલુ રેફરન્સે પક્ષકારોએ આંક-૫ ની સમાધાનની પુરસીસ આપી તે મુજબ હુકમ કરવા જણાવેલ છે. સદરહુ આંક-૫ની સમાધાનની પુરસીસ જોતાં બંને પક્ષકારોના હીતમાં હોય તેમ લાગે છે અને તે બંને પક્ષકાર કબુલ મંજુર છે આથી તે મુજબ હુકમ કરવામાં કોઈ વાંધા સરખું નથી આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. બંને પક્ષકારોએ આંક-૫નો સમાધાનની પુરસીસ મુજબ વર્તવું. આંક-૫ની સમાધાનની પુરસીસની એક નકલ આ હુકમ સાથે રાખવી અને તેને ચુકાદના એક ભાગ તરીકે ગણવી. ખર્ચ અંગેનો કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આર. એસ. શુકલ
સભ્ય
ઔદ્યોગીક અદાલત, ગુજરાત
અમદાવાદ, ૬-૧૨-૮૯

જી. જે. દવે
રજીસ્ટ્રાર.
અમદાવાદ, તા. ૬-૧૨-૮૯

INDEX

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૫-૧-૯૦

આંક ૫

નામદાર ઔદ્યોગિક અદાલત અમદાવાદ

રેફરન્સ (આઈ. સી.) નં. ૧૪૭-૮૯

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

ન્યુ માણેકચોક ટેક્ષટાઈલ મિલ્સ, અમદાવાદ — દ્વિતીય પક્ષકાર

માનનીય અદાલત,

અમો પક્ષકારો નીચે મુજબ સમાધાન કરીએ છીએ તો તે મુજબ હુકમ કરવા વીનંતી છે.

૧. ટેક્ષટાઈલ લેબર એસોસીએશન એસોસિએશન પ્રતીનિધીત્વ ધરાવતી સંસ્થાએ મીલ કંપનીના ઈજ. મીકે. ખાતામાં કામ કરતા પાટીવાળા કામદ સેને તેમના પગના રક્ષણ માટે દર વરસે બુટ આપવાની માંગણી કરેલી છે અને તે માંગણી મુજબ મિલ્સ કું. દરેક પાટીવાળાને બુટ આપવા સંમત થાય છે.

૨. મિલ્સ કું. દર વરસે ૧ જોડી પી. વી. સી. ના બુટ દરેક પાટીવાળાને આપવામાં આવશે અને આ સમાધાન મુજબ ચાલુ વર્ષથી એટલે કે ૧૯૮૯ ના વર્ષથી બુટ આપવામાં આવશે.

INDEX

ઉપર મુજબનો હુકમ કરી આપશો.

સહી અવાચ્ય
મંત્રી
ટેક્ષટાઈલ લેબર એસોશીએશન

સહી અવાચ્ય
ફેક્ટરી મેનેજર
ન્યુ માણેકચોક ટેક્ષટાઈલ મીલ્સ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના ક્રમાંક : કુ૬/ખ/ક્રમક/૨૬૭૦૭/આરયુ/સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧નાં મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનીયમ.(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી આપવામાં આવેલી સત્તાની રૂએ હું મજૂર મહાજન સંઘ વીસનગર અને ધી વીસનગર સહકારી સ્પીનીંગ મીલ્સ-લી. વીસનગરની વચ્ચેના ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન ૧૯૯૦માં જાન્યુઆરી માસના ૧૫માં દીને આથી નોંધ કરુ છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ.

શ્રી એન. એ. નંઘાણુ. સભ્ય રૂમ૩

પરચુરણ અરજી (આઈસી) નં. ૭/૮૨

મજુર મહાજન સંઘ, વીસનગર. પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

ધી વીસનગર સહકારી સ્પીનિંગ મીલ્સ લિ. દ્વિતીય પક્ષકાર
વીસનગર.

રેફરન્સ (આઈસી) નં. ૩૩૫/૭૪માં સમજૂતી મુજબ થયેલ એવોર્ડમાં સુધારો કરવા માટેની પરચુરણ અરજી.

ચુકાદો

૧. હાલની પરચુરણ અરજી અરજદાર સંઘે ઔદ્યોગિક સંબંધક અધીનિયમ ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધીનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૧૧૬(ક) અન્વયે રેફરન્સમાં થયેલ એવોર્ડમાં સુધારો કરવા માટે દાખલ કરેલી છે. અરજદાર સંઘની રજુઆત એવી છે કે, રેફરન્સ (આઈસી) નં. ૩૩૫/૭૪મા કામે સંઘે સામાવાળા મીલ કંપનીમાં કામ કરતા તમામ કામદારોને અમદાવાદની સુતરાઉ કાપડ મીલોના કામદારો પ્રમાણે ૧૦૦ ટકા મોંઘવારી ભથ્થું આપવું જોઈએ એવી માંગણી કરેલ હતી. જે અંગે બંને પક્ષકારો વચ્ચે સમજુતી થતાં તા. ૨૦-૧-૭૫ના રોજ ઔદ્યોગિક અદાલતે તે સમાધાનની શરતો પ્રમાણે એવોર્ડ કરેલો હતો. સારૂં એવોર્ડમાં સુધારો કરવાની જરૂર છે અને મીલ કંપનીને એવો આદેશ આપવાની જરૂર છે કે, અમદાવાદના સુતરાઉ કાપડ મીલોના કામદારોને જે પ્રમાણે વેરીએબલ ડીએ. મળે છે તે પ્રમાણે સામાવાળા મીલના કામદારોને પણ તા. ૧-૧-૮૧થી મળવું જોઈએ.

૨. આ અરજીનો સામાવાળા મીલે આઈ-૪થી લેખીત જવાબ રજૂ કરેલ છે અને જણાવેલ છે કે. સંઘ અરજીમાં જણાવ્યા મુજબની કોઈ દાદ મેળવવા માટે હકકદાર નથી માટે તેમની આ અરજી ખર્ચ સાથે રદ કરવી જોઈએ.

૩. ત્યાર બાદ આ કામ અરજદાર સંઘના પુરાવા માટે હતું પરંતુ સંઘે આ કામમાં અવારનવાર મુદત માટેની અરજીઓ આપેલી છે અને તેમની માંગણીના અનુસંધાનમાં કોઈ રજુઆત કરેલી નથી. છેવટે આ અરજી તા. ૮-૧૨-૮૯ના રોજ રાખવામાં આવેલ હતી ત્યારે પણ અરજદાર સંઘ તરફથી કોઈ હાજર

INDEX

રહેલ નથી કે કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. તેથી એમ માનવા માટે કારણ રહે છે કે, સંઘને આ અરજીમાં જે માંગણી કરેલી છે તે અંગે હવે કોઈ રસ રહ્યો હોય તેમ જણાતુ. નથી. પરીણામે સંઘની રેફરન્સ નં. ૬૩૫–૭૪ના કામે થયેલા એવોર્ડમાં સુધારો કરવા માટેની આ અરજી ગ્રાહય રાખી શકાય તેમ નથી. જેથી આ અરજીમાં નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

હુકમ

૪. હાલની અરજી અરજદાર સંઘની ગેરહાજરીના કારણે, તેમની માંગણી અંગે સંઘે કોઈ રજૂઆત કરેલ નથી હોવાથી ગ્રાહય રાખવામાં આવતી નથી અને તે રીતે રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

એન. ઓ. ચૌહાણ
સભ્ય
ઔદ્યોગીક અદાલત ગુજરાત અમદાવાદ

જી. જે. દવે
રજીસ્ટ્રાર

એ. આઈ શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધીનિયમ
અમદાવાદ ૬–૨–૯૦

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક નિયમ

અન્વયેના સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના ક્રમાંક-૬/૫-શ્રમક ૨૬૩૦૮ આરયુ સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ. હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને ન્યુ રાજપુર મિલ્સ કંપની લી. અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સન ૧૯૯૦ની જાન્યુઆરી માસના ૧૫મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

શ્રી એન. એ. લોહાણુ, સભ્ય ફેંઅર

રેફરન્સ (આઈસી) નં. ૧૩૬-૮૬

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

ન્યુ રાજપુર મીલ્સ કંપની લિ. અમદાવાદ. દ્વિતીય પક્ષકાર

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

મીલના ઓટા શાળ ખાતામાં માથા દીઠ એક એક વધુ બેટરીબોય આપવા વગેરેની માંગણી અંગે.

ચુકાદો

૧. હાલની રેફરન્સ મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ. ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધીનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘે દ્વિતીય પક્ષકાર મિલ કંપની સામે દાખલ કરેલી છે. સંઘે મિલ કંપનીને ૧૯૪૬ના અધીનિયમની કલમ ૪૨( ) મુજબની ફેરફારની ફેરફારની સુચના તા. ૫-૩-૮૬ના રોજ આપેલી. જે અન્વયે ૧૯૪૬ના

અધીનિયમ નીચે સરકાર તરફથી નિમાયેલા સમાધાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવવામાં નિષ્ફળ ગયેલા હોવાથી, તેમની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલની રેફરન્સ સંઘે કરેલી છે.

૨. સંઘે મિલ કંપનીને ફેરફારની સુચના આપીને એવી માંગણી કરેલી હતી કે, મીલના ઓટો શાળ ખાતામાં ૧૦૦ લુમ્સ ચાલે છે પહેલી અને બીજી પાળીમાં બે બે બેટરી બોયની સંખ્યા છે તેમાં વધારો કરીને દરેક પાળીદીઠ એક એક વધુ બેટરીબોય આપવો જોઈએ.

૩. આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર સંઘે તેમનું માંગણાનું નિવેદન આંક-૧૨ રજૂ કરેલ છે. જ્યારે મીલ કંપનીએ તેનો લેખીત જવાબ આંક-૧૫થી રજૂ કર્યો છે. ત્યાર બાદ આ રેફરન્સમાં ચાલુ કામે બંને પક્ષકારોએ સંયુક્ત રીતે આંક-૨૪ની પુરસીસથી સમાધાનની શરતો રજુ કરીને જણાવેલ છે કે, પક્ષકારો વચ્ચે આ કામમાં તે મુજબ સમાધાન થયેલ હોવાથી તે મુજબ એવોર્ડ કરી આપવા માટે વિનંતી છે કે. સંઘ તરફે જોશી અને મિલ કંપની તરફે કુમારી મીનાબેન શાહ પક્ષકારો વચ્ચે તે પ્રમાણે સમાધાન થયેલ હોવાનું કબુલ કરેલ છે તેમજ સદરહું સમાધાનની શરતો ખાસ સંજોગો લક્ષમાં લેતાં અમોને પણ વ્યાજબી જણાય છે અને તે મુજબ એવોર્ડ કરવાથી ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહેશે એમ લાગે છે માટે આ રેફરન્સના કામમાં નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

હુકમ

૪. આ રેફરન્સમાં કરવામાં આવેલી માંગણી અંગે બંને પક્ષકારોને આંક-૨૪નો પુરસીસમાં જણાવેલી સમાધાનની શરતો મુજબ વર્તવાનું રહેશે. આંક-૨૪ ને આ ચુકાદાના એક ભાગ તરીકે ગણવાનો રહેશે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

એન. એ. ચૌહાણ
સભ્ય
ઔદ્યોગિક અદાલત અમદાવાદ

જી. જે. દવે
રજીસ્ટ્રાર

INDEX

અમદાવાદ તા. ૨૭-૧૨-૮૯

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ
અમદાવાદ

આંક ૧૪

અમદાવાદની નામદાર ઔદ્યોગીક અદાલત

રેફરન્સ આઈ. સી. નં. ૧૩૬-૮૬

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ

અને

ન્યુ રાજપુર મીલ્સ કું. લી. અમદાવાદ.

મે. સાહેબ,

ઉપરોકત રેફરન્સમાં પક્ષકારો વચ્ચે નીચે મુજબની સમાધાનની શરતો મુજબ એવોર્ડ આપવા નામદાર અદાલતને નમ્ર વીનંતી છે.

૧. સંબંધીત કામદારો હાલમાં મોટા શાળ ખાતામાં જે ફરજો બજાવે છે તે ચાલુ રાખશે એટલે કે દરેક બેટરીબોય હાલમાં ૫૦ સાંચાઓમાં બેટરી પુરાવાની જે કામગીરી બજાવે છે તે જ પ્રમાણે ચાલુ રાખશે.

૨. મીલ્સ કંપની બન્ને પાળીના થઈને કુલ ૪. બેટરીબોયને રોજના રૂ. ૧-૫૦ દૈનિક એલાવન્સ તા. ૧-૧૧-૮૯ના રોજથી આપવા માટે સંમત થાય છે. સદરહુ એલાવન્સનો લાભ બદલીવાળા બેટરીબોયને પણ આપવામાં આવશે.

૩. સદરહુ સમાધાનને યુનિયન તથા સંબંધીત કામદારો તેઓએ દાખલ કરેલ સદરહુ રેફરન્સના અંતીમ અને આખરી સમાધાન પેટે સ્વીકારવા તૈયાર

INDEX

થ.ય છે અને રેફરન્સમાંની કોઈ પણ દાદ આગળ ચલાવવા માંગતા નથી તથા તે જતી કરે છે

અમદાવાદ તા. ૭-૧૨-૮૯

સહી અવાચ્ય
શકરાજી

સહી અવાચ્ય
શીવશંકર દશરથભાઇ

સહી. અવાચ્ય
મૃપ ઈન ચાર્જ મજૂર મહાજન સંઘ

સહી અવાચ્ય
ફેક્ટરી મેનેજર
ન્યુ રાજપુર મીલ્સ કું. લી.

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે નિમાયેલ

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના ક્રમાંક ખ/શમક/૨૬૭૦૬/આરશુ સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ- ૮૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને ધી સમા ટેક્ષટાઈલ્સ લી. અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબન નીવેડાની સન ૧૯૯૦ના જાન્યુઆરી માસના ૧૫મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત અમદાવાદ

એન. એ. મોઢાણુ સભ્ય સમક્ષ

INDEX

રેફરન્સ (આઈ. સી.) નં. ૩૩-૮૮

ટેક્ષટાઈલ લેબર એસોશીએશન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

ધી સીમા ટેક્ષટાઈલ્સ લી. અમદાવાદ. — દ્વિતીય પક્ષકાર

ઉદ્યોગ – કોટન ટેક્ષટાઈલ

સને ૧૯૮૬-૮૭ના વરસ માટે તમામ કામદારો, સ્ટાફના સભ્યો વગેરેને યોગ્ય રકમ બોનસ તરીકે આપવા અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધીનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) પ્રથમ પક્ષકાર સંઘે દ્વિતીય પક્ષકાર મીલ કંપની સાથે દાખલ કરેલો છે. સંઘે મીલ કંપનીને તા. ૪-૮-૮૭ના રોજ ૧૯૪૬ના અધીનિયમની કલમ ૪૨ (૨) મુજબની ફેરફારની સુચના આપેલી, જે અન્વયે ૧૯૪૬ના અધીનિયમ નીચે સરકાર તરફથી નિમાયેલા સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવવામાં નિષ્ફળ ગયેલા હોવાથી, તેમની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલનો રેફરન્સ સંઘે કરેલો છે.

૨. સંઘે મીલ કંપનીને ફેરફારની સુચના આપીને એવી માંગણી કરેલ હતી કે, ઔદ્યોગીક શાંતિ જાળવવા તથા ઉત્પાદનની પ્રક્રિયાને વેગ આપવાના હેતુથી સને ૧૯૮૬-૮૭ના વર્ષ માટે તમામ કામદારો, સ્ટાફના સભ્યો વગેરેને તેમની વાર્ષિક કમાણી ઉપર યોગ્ય રકમ બોનસ તરીકે ચુકવી આપવી જોઈએ.

૩. આ રેફરન્સમાં સંઘે તેમનું માંગણાનું નિવેદન આંક-૪થી રજુ કરેલ છે, જ્યારથી મીલ કંપનીએ તેમનો લેખીત જવાબ રજૂ કર્યો નથી. ત્યાર બાદ આ રેફરન્સમાં ચાલુ કામે પ્રથમ પક્ષકાર સંઘના પ્રતીનિધી એસ. એમ. જોશીએ આંક-૭ની પુરસીસ રજૂ કરીને જણાવેલ છે કે, સદરહુ કામમાં સામાવાળા મીલ કંપનીએ કામદારોને ૧૯૮૬-૮૭ના વર્ષનું બોનસ ચુકવી દીધેલ હોઈ તેઓ આ

રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી તો પાછો ખેંચવા માટે પરવાનગી આપવા વીનંતી છે. સંઘની સદરહુ પુરસીસની વીગતે. મીલ કંપનીએ કામદારોને બોનસ ચુકવી આપેલ હોવાથી સંઘ હવે આ રેફરન્સ આગળ ચલાવવા માંગતો નહિ હોવાને કારણે સંઘને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં અમોને કોઈ હરકત જણાતી નથી. પરીણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૪. પ્રથમ પક્ષકાર સંઘને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે આ રેફરન્સનો નિકાલ થયેલો ગણવાનો રહેશે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

અમદાવાદ તા. ૧૩-૧૨-૮૯

એન. એ. ચૌહાણ
સભ્ય,
ઔદ્યોગિક અદાલત અમદાવાદ

જી. જે. દવે
રજીસ્ટ્રાર

અમદાવાદ તા. ૧૫-૧-૯૦

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

—o—o—

INDEX

સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સબંધ અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક-બ/શમક/૨૬૭૧૦/આરયુ/સન ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગીક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ ગુજરાત નિયમોના નિયમ ૭૦થી અને આપવામાં આવેલી સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને અમદાવાદ મીલ ઓનર્સ એસોસીએશન અમદાવાદની વચ્ચેના ઔદ્યોગીક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબ ની નીવેડાની સન ૧૯૯૦ના જાન્યુઆરી માસના ૧૫ દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત અમદાવાદ

શ્રી એન. એ. ચૈહાણ સભ્ય સમક્ષ

રેફરન્સ આઈ. સી. નં. ૬૮૦/૧૯૭૬

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

અમદાવાદ મીલ ઓનર્સ એસોસીએશન, અમદાવાદ. દ્વિતીય પક્ષકાર

ઉદ્યોગ – કોટન ટેક્ષટાઈલ

મીલમાં કામ કરતા ટેકનીકલ, સુપરવાઈઝરી અને મેનેજરીયલ સ્ટાફને બ્રીફકેસ એલાવન્સ આપવાની સંઘની માંગણી અંગે.

ચુકાદો

૧. હાલની રેફરન્સ મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધીનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘે દ્વિતીય પક્ષકાર મીલ ઓનર્સ એસોસીએશન સાથે દાખલ કરેલો છે. સંઘે ૧૯૪૬ના અધીનિયમની કલમ ૪૨(૨) મુજબની ફેરફારની સુચના તા. ૧૩-૮-૭૬ના રોજ મીલમાલિકોના એસો. ને આપેલી. જે અન્વયે

INDEX

૧૯૪૬ના અધીનિયમ નીચે સરકાર તરફથી નિમાયેલા સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવવામાં નિષ્ફળ ગયેલા હોવાથી, તેમની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલનો રેફરન્સ સંઘે કરેલો છે.

૨. સંઘે ફેરફારની સુચના આપીને એવી માંગણી કરેલી હતી કે, અમદાવાદના સુતર કાપડ ઉધોગની મીલોના કામદારોને જેવા કે ટેકનીકલ સુપરવાઈઝરો અને મેનેજરીયલ સ્ટાફને તેમના વેતન પ્રમાણે વ હનભથ્થું આપવું જોઈએ.

૩. આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર સંઘે તેમનું માંગણાનું નિવેદન આંક-૪થી રજુ કરેલ છે, જ્યારે મીલ ઓનર્સ એસોસીએશને તેમનો લેખિત જવાબ આંક-૫ થી રજૂ કર્યો છે, ત્યાર બાદ આ રેફરન્સમાં ચાલુ કામે પ્રથમ પક્ષકાર સંઘના પ્રતીનીધિ બારોટે આંક-૧૫ની પુરસીલ રજુ કરીને જણાવેલ છે કે, કાપડ સુતર ઉધોગની મીલોના હાલના સંજોગો જોતાં ભવીષ્યમાં તેઓની માંગણી કરી કરવાની શરતે તેઓ સદરહુ રેફરન્સ પાછો ખેંચવા માંગે છે તો તે મુજબ હુકમ કરી આપવા માટે વીનંતી છે. સંઘનો સદરહુ પુરસીસની વીગતે, સુતરાઉ કાપડની મીલોની હાલની આર્થિક કટોકટી લક્ષમાં લઈને તેઓ હાલ પુરતી આ માંગણી પાછી ખેંચે છે માટે સંઘને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં તેઓને કાંઈ હરકત જણાતી નથી. પરીણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૪. પ્રથમ પક્ષકાર સંઘને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે આ રેફરન્સનો નિકાલ થયેલો ગણવાનો રહે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

એન. એ. ચૌહાણ
સભ્ય
ઔધોગીક અદાલત ગુજરાત અમદાવાદ

અમદાવાદ તા. ૪-૧૨-૮૯

જી. જે. દવે
રજીસ્ટ્રાર

અમદાવાદ તા. ૧૫-૧-૬૦

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

સને ૧૯૪૫ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા.

અધિસુચના ક્રમાંક : ૬/ખ/શમક/૨૬૭૧૧ -આરયુ/સને ૧૯૪૬નાં મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનીયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ટેક્ષટાઇલ લેબર એસોસીએશન અમદાવાદ અને અમદાવાદ કેસરે હિન્દ મીલ્સ કંપની લી. અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક તકરારમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલે નીચે મુજબના નીવેડા સન ૧૯૯૦માં જાન્યુઆરી માસનાં ૧૫માં દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગીક અદાલત, ગુજરાત અમદાવાદ

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૬૨/૮૯.

ટેક્ષટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

અમદાવાદ કેસરે હીન્દ મીલ્સ કંપની લી. અમદાવાદ. દ્વિતીય પક્ષકાર

ઉદ્યોગ - કોટન ટેક્ષટાઇલ.

INDEX

મીલના મુજનેર મીકેનીક ખાતાના નટવરલાલ વાલજીભાઈ પાસેથી સ્પીનીંગ, વીવીંગ, પ્રોસેસીંગ હીટરનું તેમજ બે કોમ્પ્રેસર યુનિટનું કામ લેવાનું બંધ કરી તે માટે અલાયદી વ્યવસ્થા કરવા અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધીનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘે દ્વિતીય પક્ષકાર મીલ કંપની સામે દાખલ કરેલી છે. સંઘે મીલ કંપનીને તા. ૨૧-૧૦-૮૮ના રોજ ૧૯૪૬ના અધીનિયમની કલમ ૪૨(૨) મુજબની ફેરફારની સુચના આપેલી, જે અન્વયે ૧૯૪૬ના અધીનિયમ નીચે સરકાર તરફથી નિમાયેલા સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવવામાં નિષ્ફળ ગયેલા હોવાથી, તેમની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલની રેફરન્સ સંઘે દાખલ કરેલી છે.

૨. સંઘે મીલ કંપનીને ફેરફારની સુચના આપીને એવી માંગણી કરેલ હતી કે, મીલના મુજનેર મીકેનિક ખાતામાં નટવરલાલ વાલજીભાઈ પાસેથી સ્પીનીંગ, વીવીંગ, પ્રોસેસીંગ હીટરનું તેમની કારગીરી ઉપરાંતનું ઓપન એન્ડ સ્પીનીંગ પ્લાન્ટના બે કોમ્પ્રેસર યુનિટનું કામ લેવાનું બંધ કરવું જોઈએ અને તે માટે અલાયદી વ્યવસ્થા કરવી જોઈએ અને સદરહુ વધારાના કામ અંગે નટવરલાલને યોગ્ય મહેનતાણું ચુકવી આપવું જોઈએ.

૩. આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર સંઘે તેમનું માંગણાનું નિવેદન આંક-૮થી રજુ કરેલ છે. મીલ કંપનીએ તેમનો લેખીત જવાબ રજુ કરેલો નથી. ત્યારબાદ આ રેફરન્સમાં ચાલુ કામે પ્રથમ પક્ષકાર સંઘના પ્રતીનીધી એસ. એમ. જોષીએ આંક-૧૦ની પુરસીસ રજુ કરીને જણાવેલ છે કે, સદરહુ રેફરન્સમાં સંબંધીત કામદાર મીલમાંથી છુટા થઈ ગયેલ હોઈ સંઘ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતી નથી તો પાછી ખેંચવા માટે પરવાનગી આપવા વીનંતી છે. સંઘની સદરહુ પુરસીસની વીગતે, સંબંધીત કામદાર મીલમાંથી છુટા થઈ ગયેલ હોવાથી હવે આ રેફરન્સ સંઘ આગળ ચલાવવા માંગતા નહી હોવાને કારણે સંઘને આ રેફરન્સ પાછી ખેંચવાની પરવાનગી આપવામાં અમોને કોઈ હરકત જણાતી નથી, પરીણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

૪. પ્રથમ પક્ષકાર સંઘને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે આ રેફરન્સનો નિકાલ થયેલો ગણવાનો રહેશે. ખર્ચ બાબે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

નારાયણસિંહ ચૌહાણ
સભ્ય
ઔદ્યોગિક અદાલત ગુજરાત

જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૨૩-૧૨-૧૯૮૯

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૫-૧-૯૦

—૦— — ૦—

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના ક્રમાંક : ૬૬/ખ/ઘમક/૨૬૭૧૨/આરયુ/સને ૧૯૪૬ની મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ની મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનીયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી આપવામાં આવેલી સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને ધી રૂસ્તમ મીલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લી. અમદાવાદની વચ્ચેના ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડા સન ૧૯૯૦માં જાન્યુઆરી માસના ૧૫માં દીને આથી જાહેર કરું છું.

INDEX

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ.

શ્રી એન. એ. નાણાવટી. સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૫૪/૭૯

ટેક્ષટાઈલ લેબર એસોશીએશન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી રુસ્તમ મીલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિ. અમદાવાદ. દ્વિતીય પક્ષકાર

ઉદ્યોગ – કોટન ટેક્ષટાઈલ.

મીલ કંપની તેના સ્પીનીંગ વીભાગના જુદા જુદા ખાતામાંથી કુલ ૧૭૪ જગ્યાઓ કમી કરવા માંગે છે વીગેરે અંગે.

ચુકાદો ભાગ–૫

૧. હાલની રેફરન્સ મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધીનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘે દાખલ કરેલ છે. મીલ કંપનીએ પ્રથમ પક્ષકાર સંઘને તા. ૪–૩–૮૮ના રોજ ૧૯૪૬ના અધીનિયમની કલમ ૪૨(૧) મુજબની ફેરફારની સુચના આપેલી, જે અન્વયે ૧૯૪૬ના અધીનિયમ નીચે સરકાર તરફથી નિમાયેલા સમાધાનકાર બંને પક્ષકાર વચ્ચે સમાધાન કરાવવામાં નિષ્ફળ ગયેલા હોવાથી, તેમની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલની રેફરન્સ પ્રથમ પક્ષકાર સંઘે કરેલી છે.

૨. મીલ કંપનીએ પ્રથમ પક્ષકાર સંઘને ફેરફારની સુચના આપીને એવી માંગણી કરેલ હતી કે, મીલ કંપની તેના સ્પીનીંગ વીભાગના જુદા જુદા ખાતાઓમાંથી કુલ ૧૭૪ જગાઓ હાલના સંજોગોમાં કમી કરવા માંગે છે અને તે માટે મીલ કંપનીએ પરવાનગી આપવી જોઈએ.

૩. આ રેફરન્સમાં પક્ષકારો તરફથી અમાઉ અનુક્રમે આંક-૫, આંક-૯, આંક-૧૨ અને આંક-૧૪ થી સમાધાનની શરતો રજુ કરવામાં આવેલ, જે ૧૧

ચુકાદા ભાગ-૧, ભાગ ૨, ભાગ-૩ અને ભાગ-૪ના કરવામાં આવેલ છે. ત્યાર બાદ આ રેફરન્સમાં બંને પક્ષકારોએ સંયુક્ત રીતે આંક-૧૬ થી સમાધાન રજૂ કરીને જણાવેલ છે કે, મીલ કંપનીના વીવીંગ વિભાગના સારણી ખાતામાંથી કુલ ચાર પીનબોયની કાયમી જગાઓ નાબુદ કરવા માટે પક્ષકારો વચ્ચે પરીશીષ્ટ-અ સમાધાન થયેલ હોવાથી તે મુજબ ભાગ-પનો એવોર્ડ કરી આપવા વીનંતી છે. સદરહુ પુરસીસમાં જણાવેલી સમાધાનની શરતો ખાસ સંજોગો લક્ષમાં લેતાં અમોને વ્યાજબી જણાય છે અને તે મુજબ પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોવાનું બંને પક્ષકારોના પ્રતીનિધીઓ કબુલ રાખે છે. પરીણામે આ રેફરન્સની કેટલીક માંગણી અંગે તે મુજબ એવોર્ડ કરવાનો રહે છે બાકીની માંગણીએ. માટે આ રેફરન્સ આગળ ચલાવવાનો રહે છે, જેથી આ કામમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૪. આ રેફરન્સમાંની માંગણી અંગે બંને પક્ષકારોએ આંક-૧૬ અને તેની સાથેના પરીશીષ્ટ-૫ મુજબ વર્તવાનું રહેશે. આંક-૧૬ અને તેની સાથેના પરીશીષ્ટને આ ચુકાદાના એક ભાગ તરીકે ગણવાના રહેશે. બાકીની માંગણીઓ અંગે આ રેફરન્સ આગળ ચલાવવા માટે રાખવામાં આવે છે. ખર્ચ સંબંધી હાલમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

નારાયણસિંહ બાકાણુ
સભ્ય
ઔદ્યોગિક અદાલત ગુજરાત

સહી જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૪-૧૨-૧૯૮૯

અમદાવાદ તા. ૧૫-૧-૯૦

એ. આઇ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

INDEX

નામદાર ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ, અમદાવાદ

રેફરન્સ (આઈ. સી.) નંબર ૫૪/૧૯૮૯

ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અરજદાર
ભદ્ર, અમદાવાદ

અને

રૂસ્તમ મીલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ,
દુધેશ્વર રોડ, અમદાવાદ

ઉપરોક્ત કામમાં અમો સામાવાળા મીલ્સ કંપની અને અરજદાર ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન' અમદાવાદ જે બી. આઈ. આર. એક્ટ હેઠળ અમદાવાદના સ્થાનીક કાપડ-સુતર ઉદ્યોગમાં પ્રતીનીધીત્વ ધરાવતું અને માન્ય યુનીયન છે, તે બન્ને પક્ષકારો વચ્ચે તા. ૨૧-૮-૮૯ના રોજનું એક સમાધાન થયેલ છે જેને આધારે મીલ્સ કંપની તેના વીવીંગ ખાતાના સારણી વીભાગમાંથી પહેલી પાળ.માંથી બે અને બીજી પાળીના બે મળીને કુલ ૪ પીનબોયની ૪ કાયમી જગ્યાઓ નાબુદ કરશે.

આ સમાધાન પરિશિષ્ટ "અ"થી આ સાથે રજૂ કરવામાં આવેલ છે.

નામદાર ઔદ્યોગીક અદાલતને આથી વિનંતી કરવાની કે પરીશીષ્ટ "અ" મુજબના સમાધાન પ્રમાણે નામદાર અદાલત પાર્ટ v એવોર્ડ આપે.

(સહી) અવાચ્ય
મેનેજર
રૂસ્તમ મીલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લી.
અમદાવાદ

અમદાવાદ તા. ૩૦-૧૧-૧૯૮૯

(સહી) અવાચ્ય
મંત્રી વતી
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ

INDEX

ધી રૂસ્તમ મીલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લી.

અમદાવાદ

પરિશીષ્ટ "અ"

સમાધાનની શરતો

૧. મીલ્સ કંપની અત્યારે પીનબોયની કામદારોની સંખ્યા નીચે મુજબ રાખેલ છે.

પહેલી પાળી	૪	(ચાર)
બીજી પાળી	૪	(ચાર)
ત્રીજી પાળી	૨	(બે)
કુલ	૧૦	(દશ)

પહેલી અને બીજી પાળી એમ બન્ને પાળીમાંથી પાળીવાર બે પીનબોય ઓછા થઈ કુલ ચાર પીનબોયની કાયમી જગા મીલ્સ કંપની નાબુદ કરશે અને હવે તેમની પાળીવાર કાયમી સંખ્યા નીચે મુજબની રહેશે.

પહેલી પાળી	૨	(બે)
બીજી પાળી	૨	(બે)
ત્રીજી પાળી	૨	(બે)
કુલ	૬	(છ)

૨. આ ઉપર જણાવેલ કુલ ૪ (ચાર) કાયમી જગાઓ મીલ્સ કંપની નીચે મુજબ નાબુદ કરશે.

(અ) મિલ કંપની સારણી ખાતાના જરૂર જેટલા કામદારોને બીજા ખાતામાં વધારાની જગાઓ ઉપર ટ્રાન્સફર કરીને નક્કી કરેલી જગાઓ નાબુદ કરશે અને તેમના પગારમાં નુકશાન થશે નહીં.

(બ) સારણી ખાતામાંથી છુટા થવા માંગતા કારીગરોના રાજીખુશીથી આવેલા રાજીનામાં સ્વીકારી મિલ કંપની તેમને છુટ કરશે, અને તે જગાઓ નાબુદ કરશે

(સી) સારણી ખાતામાંથી પાળીફીટ પુરતા પ્રમાણમાં રાજીનામાં નહીં આવે તો સારણી ખાતાના પાળીફેર અને હોદા ફેરના રાજીનામાં મજુર મહાજન સંઘની (પ્રતિનિધી) સંમતીથી સ્વીકારી મિલ કંપની તેમને છુટા કરશે અને જરુરી ફેરફાર કરી નક્કી કરેલ જગા નાબુદ કરશે, પરંતુ કારીગરને હાલ મળતા પગારમાં ઘટાડો કરવામાં આવશે નહીં.

(ડી) ઉપર મુજબ આવેલા રાજીનામાં પણ જો પુરતા પ્રમાણમાં નહીં હોય તો ખાતામાં કામદારોના ગુજરી જવાથી ખાલી પડેલી જગ્યાઓને નાબુદ કરવાની જગ્યાએ આવશે. અને ગુજરી જનાર કામદારના વારસદારને કાયદેસરનાં લેણાં ચુકવવામાં આવશે.

(ઈ) ઉપર મુજબ પુરતા પ્રમાણમાં કામદારોના રાજીનામાં નહીં આવે તો મિલના બીજા ખાતાના ખાતાફેરના અને પાળીફેરના રાજીનામાં આવેથી મજૂર મહાજન સંઘની (પ્રતિનિધી) સંમતીથી તે સ્વીકારીને કામદારોને છુટા કરી જરુરી ફેરફાર કરીને નક્કી કરેલી જગ્યાઓ નાબુદ કરવામાં આવશે અને જરુરી તાલીમ આપવામાં આવશે.

(૩) ઉપર મુજબ છુટા થતા કામદારોને નીચે જણાવ્યા મુજબના કાયદેસરનાં લેણાં મિલ કંપની ચુકવી આપશે અને (એ) અને (બી) મુજબની આ રકમ ચુકવશે ત્યારે કારીગર છૂટા થશે.

(એ) ધી પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી એક્ટ મુજબ થતી ગ્રેજ્યુઈટીની રકમ.

(બી) છટણી વળતર તરીકે ગ્રેજ્યુઈટી જેટલી રકમ.

(સી) જમા પડેલી હકકરજા તથા વરાડે પડતી હકકરજાની રકમ.

(ડી) છુટા થયેલા હકકદાર કામદારોને નીકળતું બોનસ મિલના બીજા કામદારોને જ્યારે ચુકવવામાં આવશે ત્યારે બોનસ ચુકવી આપવામાં આવશે.

(૪) મિલ કંપની આ સમાધાન હેઠળ સ્વૈચ્છિક રીતે છુટા થતા કામદારોને ઔદ્યોગિક વિવાદ અધિનીયમ ૧૯૪૭ની કલમ (૦૦) મુજબ છટણી વળતરમાં

આવરી લેવાયેલ ન હોવા છતાં તેઓને બન્ને પક્ષો સાથે નક્કી થયા મુજબ વળતર આપવામાં આવશે.

(૫) આ સમાધાનનો અમલ તા. ૪-૧૦-૮૯થી થયેલ ગણવામાં આવશે.

(સહી અવાચ્ય
ફેક્ટરી મેનેજર
ધી રુસ્તમ મીલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લી.
અમદાવાદ

અમદાવાદ તા. ૯-૧૦-૮૯

(સહી) અવાચ્ય
મંત્રી વતી
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના ક્રમાંક : ૬/બ/ક્રમક/૨૬૭૧૩/આરયુ/સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૬થી મને આપવામાં આવેલ સત્તાની રુએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને ધી નુતન મીલ્સ કું. લી. અમદાવાદની વચ્ચેના ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સન ૧૯૯૦માં જાન્યુઆરી માસનાં ૧૫માં દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

શ્રી એન. એ. લોહાણુ, સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઇસી) નં. ૧૯૨/૮૬

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી ફૂલન મીલ્સ કંપની લી. અમદાવાદ — દ્વિતીય પક્ષકાર

મીલ કંપનીના વોચ એન્ડ વોર્ડ સ્ટાફમાં ચાર રીલીવરોનું સ્ટ્રેન્થ વધારવાની સંઘની માંગણી અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનીયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધીનીયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘે દ્વિતીય પક્ષકાર મીલ કંપની સામે દાખલ કરેલો છે. પ્રથમ પક્ષકાર સંઘે ૧૯૪૬ના અધીનીયમની કલમ ૪૨(૨) મુજબની ફેરફારની સુચના તા. ૧૦-૪-૮૬ના રોજ મીલ કંપનીને આપેલી, જે અન્વયે ૧૯૪૬ના અધીનીયમ નીચે સરકાર તરફથી નીમાયેલા સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી, તેમની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલનો રેફરન્સ સંઘે કરેલો છે.

૨. સંઘે મીલ કંપનીને ફેરફારની સુચના આપીને માંગણી કરેલ હતી કે, મીલ કંપનીના વોચ એન્ડ વોર્ડ સ્ટાફમાં દરરોજ ચાર રીલીવર રજા છોડાવવા માટે મીલ કંપની રાખે છે અને સ્ટ્રેન્થ વધારી નથી માટે મીલ કંપનીએ વોચ એન્ડ વોર્ડ સ્ટાફમાં ચાર રીલીવર વધારી આપવા જોઈએ.

૩ આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર સંઘે આંક-૬થી માંગણાનું નિવેદન રજૂ કરેલ છે, જ્યારે મીલ કંપનીએ તેમના લેખીત જવાબ આ કામમાં આંક-૬થી રજૂ કર્યો છે. ત્યાર બાદ આ રેફરન્સમાં આજુ કામે બંને પક્ષકારોએ સંયુક્ત રીતે આંક-૧૧ની પુરસીસથી સમાધાનની શરતો રજુ કરેલી છે અને જણાવેલ છે કે, તે શરતો મુજબ પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોવાથી આ રેફરન્સમાં તે મુજબ એવોર્ડ કરી આપવા વિનંતી છે. પક્ષકારોના પ્રતિનિધી જોશી અને વકીલ કુમારી

INDEX

મીનાબેન શાહ આ સમાધાન પુરસીસ મુજબ સમાધાન થયેલ હોવાનું કબુલ રાખે છે. સદરહુ સમાધાનની શરતે ખાસ સંજોગો લક્ષમાં લેતાં અમોને પણ વાજબી જણાય છે અને તે મુજબ ચુકાદો આપવાથી શાંતિ જળવાઈ રહે તેમ છે. પરીણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

હુકમ

૪. આ રેફરન્સમાં સંબે કરેલી માંગણી અંગે બંને પક્ષકારોએ આંક-૧૧ની સમાધાનની શરતો મુજબ વર્તવાનું રહેશે આંક-૧૧ની પુરસીસને આ ચુકાદાના એક ભાગ તરીકે ગણવાની રહેશે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવાનું જરૂરી જણાતું નથી.

એન. એ. લોહાણ
સભ્ય
ઔધોગીક અદાલત ગુજરાત

જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૪-૧૨-૧૯૮૯

અમદાવાદ તા. ૧૫-૧-૯૦

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિયંધક
મુંબઈ ઔધોગીક સંબંધ અધિનિયમ
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનિયમ

અન્વયેના સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના ક્રમાંક-૬/ખ/સમક/૨૬૭૧૪-આર સુ/સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુઈએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને નુતન મિલ્સ કું. લી. અમદાવાદની વચ્ચેના ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડા સન ૧૯૯૦ માં જાન્યુઆરી માસની ૧૫ મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત અમદાવાદ

શ્રી એન. એ. ચોકાણી, સભ્ય રૂબરૂ

રેફરન્સ આઈ. સી. નં. ૧૯૨/૮૬

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

ધી નુતન મીલ્સ કંપની લી. અમદાવાદ — દ્વિતીય પક્ષકાર

મીલ કંપનીના વોર્પ એન્ડ વેફ્ટ સ્ટાફમાં ચાર રીલીવરોનું સ્ટ્રેન્થ વધારવાની સંઘની માંગણી અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનીયમ ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધીનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘે દ્વિતીય પક્ષકાર મીલ કંપની સામે દાખલ કરેલો છે, પ્રથમ પક્ષકાર સંઘે ૧૯૪૬ના અધીનીયમની કલમ ૪૨(૨) મુજબની ફેરફારની સુચના તા. ૧૦-૪-૮૬ના રોજ મીલ કંપનીને આપેલી, જે અન્વયે ૧૯૪૬ના અધીનીયમ નીચે સરકાર તરફથી નીમાયેલા સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે

સમાધાન કરાવવામાં નિષ્ફળ ગયેલા હોવાથી, તેમની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલનો રેફરન્સ સંઘે કરેલો છે.

૨. સંઘે મીલ કંપનીને ફેરફારની સુચના આપીને એવી માંગણી કરેલ હતી કે મીલ કંપનીના વોચ એન્ડ વોર્ડ સ્ટાફમાં દરરોજ ચાર રીલીવર રજા છોડાવવા માટે મીલ કંપની રાખે છે અને સ્ટ્રેન્થ વધારી નથી માટે મીલ કંપનીએ વોચ વોર્ડ સ્ટાફમાં ચાર રીલીવર વધારી આપવા જોઈએ.

૩. આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર સંઘે આંક-૪થી માંગણાનું નિવેદન રજૂ કરેલ છે, જ્યારે મીલ કંપનીએ તેમના લેખીત જવાબ આંક-૬થી રજૂ કર્યો છે. ત્યાર બાદ આ રેફરન્સમાં ચાલુ કામે બંને પક્ષકારોએ સંયુક્ત રીતે આંક-૧૧ની પુરસીસથી સમાધાનની શરતો રજુ કરેલી છે અને જણાવેલ છે કે, તે શરતો મુજબ પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોવાથી આ રેફરન્સમાં તે મુજબ એવોર્ડ કરી આપવા વિનંતી છે. પક્ષકારોના પ્રતિનીધી જોશી અને વકીલ કુમારી મીનાબેન શાહ આ સમાધાન પુરસીસ મુજબ સમાધાન થયેલ હોવાનું કબુલ રાખે છે. સદરહુ સમાધાનની શરતો ખાસ સંજોગો લક્ષમાં લેતાં અમોને પણ વ્યાજબી જણાય છે અને તે મુજબ ચુકાદો આપવાથી ઔદ્યોગીક શાંતિ જળવાઈ રહે તેમ છે. પરીણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

હુકમ

૪. આ રેફરન્સમાં સંઘે કરેલી માંગણી અંગે બંને પક્ષકારોએ આંક-૧૧થી સમાધાનની શરતો મુજબ વર્તવાનું રહેશે. આંક-૧૧ની પુરસીસને આ ચુકાદાના એક ભાગ તરીકે ગણવાની રહેશે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવાનું જરૂરી જણાતું નથી.

એન. એ. ચૌહાણ
સભ્ય
ઔદ્યોગીક અદાલત ગુજરાત અમદાવાદ

જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૪-૧૨-૮૯

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૫-૧-૧૯૬૦

સને-૧૯૪૬ના ઔદ્યોગીક સંબંધક અધીનીયમ

અન્વયેના સહાયક સંઘ નિબંધક દ્વારા

૨૯	કિપ્પુરના આરંભ પૂર્વનો દિવસ	૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧/૨૬ ભાદ્રપદ, ૧૯૧૩	મંગળવાર
૩૦	કિપ્પુર	૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૧/૨૭ ભાદ્રપદ, ૧૯૧૩	બુધવાર
૩૧	સુકકોથ (પ્રથમ દિવસ)	૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૧/૧ આશ્વિન, ૧૯૧૩	સોમવાર
૩૨	ઈદ-એ-મિલાદ (મુસ્લીમ શિયા)	૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧/૫ આશ્વિન, ૧૯૧૩	શુક્રવાર
૩૩	કારતક સુદ-૧૫	૨૧મી નવેમ્બર, ૧૯૯૧/૩૦ કાર્તિક, ૧૯૧૩	ગુરવાર
	[illegible]	[illegible] ડિસેમ્બર ૧૯૯૧/૫ પૌષ. ૧૯૧૩	ગુરૂવાર

INDEX

નોંધ : ૧.—નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે 'મરજીયાત રજા'ના દિવસ તરીકે જાહેર કરેલ નથી.

૧. ગુડી પડવો	૧૭મી માર્ચ, ૧૯૯૧/૨૬ ફાલ્ગુન, ૧૯૧૨
૨. શહાદત-એ-હઝરતઅલી (મુસ્લીમ શિયા)	૭મી એપ્રિલ, ૧૯૯૧/૧૭ ચૈત્ર, ૧૯૧૩
૩. શબાથ	૧૯મી મે, ૧૯૯૧/૨૯ વૈશાખ, ૧૯૧૩
૪. શહાદત-એ-ઈમામ-હસન (મુસ્લિમ શિયા)	૮મી સપ્ટેમ્બર, ૧૯૯૧/૨૭ ભાદ્રપદ, ૧૯૧૩

નોંધ : ૨. સરકારી કર્મચારીઓ પોતાની પસંદગી પ્રમાણે ધાર્મિક સંપ્રદાયના બાધ વિના ઉપર જણાવેલ તહેવારના પ્રસંગોએ વધુમાં વધુ બે મરજીયાત રજાઓ ભોગવી શકશે. આવી મરજીયાત રજા ભોગવવા અંગેની પરવાનગી માટે અગાઉથી લેખિત અરજી કરવી જોઈએ. અને સામાન્ય રીતે પરચુરણ રજા મંજૂર કરનાર યોગ્ય અધિકારી સરકારી કામકાજની અગત્યતા જોઈને પરવાનગી આપશે. સરકારના કર્મચારીઓએ તેમની પસંદગી પ્રમાણેના આ બે તહેવારોની લીધેલી રજા તેમના પરચુરણ રજાઓના હિસાબમાં ઉધારવામાં આવશે નહીં.

નોંધ : ૩. ઉપર જાહેર કરેલ મુસ્લીમો કોઈપણ તહેવારો જાહેર કરેલા દિવસે આવતા ન હોય તો તે તહેવાર જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે સરકારના મુસ્લીમ કર્મચારીઓ તેમણે પસંદ કરેલી રજા જાહેર કરેલી રજાના બદલે તે દિવસે મરજીયાત રજા તરીકે આપી શકાશે.

અમદાવાદ, તારીખ ૯મી જાન્યુઆરી, ૧૯૯૧

માનનીય પ્રમુખશ્રીના હુકમથી,
એસ. એમ. નાયક,
રજીસ્ટ્રાર,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

REGISTERED No. G-BA-14-E

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, MARCH 21, 1991 / PHAL. 30, 1912 [No. 12

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part … IV-A, IV-B and IV-C,) under (Central) Industrial Disputes Ac[t] and Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

આંક—૧૧

શ્રી એ. બી. પટેલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ

રીવીઝન અરજી નંબર ૧/૮૯

અરજદાર :— હરીશ આર. નાયક, જોઈન્ટ સેક્રેટરી,
ગુજરાત બેન્ક વર્કસ યુનિયન, રાજકોટ.
C/o. દેના બેંક,
જુનાથાણા
નવસારી જિ. વલસાડ

INDEX

વિરૂદ્ધ

સામાવાળા :— ધી નવસારી પીપલ્સ કો. ઓ. બેંક લિ. નવસારી,
ઠે. દીનદયાળ ભવન, દીનદયાળ ચોક,
સત્તાપીર.
નવસારી, જિ. વલસાડ.

હાજર રહયા :— શ્રી સુરેશભાઈ એન. પટેલ .... અરજદાર તરફે
શ્રી જી. એમ. દોશી .... સામાવાળા તરફે

વિષય — નવસારીની મજુર અદાલતના વિધ્વાન ન્યાયધીશે અરજી નં. ૧૧/૮૫ ના કામમાં આંક--૧૨૩ નીચે કરેલા હુંકમ સામે રીવીઝન અરજી.

હુકમ

(૧) અરજદાર યુનિયને આ રીવીઝન અરજી દાખલ કરી મહેરબાન નવસારીના લેબર જજ શ્રી એ. વી. જોષીપુરા સાહેબે અરજી નં. ૧૧/૮૫ ના કામના કાગળો મંગાવી આંક-૧૨૩ ઉપર નામદાર લેબર કોર્ટે ફરમાવેલ હુકમ રદ કરી અને સામવાળા સામે આં-૪ ના મનાઈ હુકમનો અનાદર કરવા માટે તેમને નસીયત ફરમાવવા દાદ માંગેલ છે.

(૨) આ રીવીઝન અરજીમાં આંક-૩ થી અરજદાર યુનિયને શ્રી એન.પી.ભટ્ટનું વકીલાત નામુ રજુ કરેલું છે. આંક-૪ થી સામાવાળા ખેંડે મંગલદાસ પારેખનું વકીલાત નામું રજુ કરેલ છે.

(૩) આ રીવીઝન અરજી મારી સમક્ષ ચાલુ હતી તે સમય દરમ્યાન અરજદાર યુનિયનના જોઈન્ટ સેક્રેટરી શ્રી સુરેશ એન. પટેલે આંક ૧૦ ની અરજી મારી સમક્ષ રજુ કરેલ છે આંક-૧૦ ની અરજીમાં નીચે પ્રમાણેની હકીકત જાહેર કરવામાં આવેલ છે.

" પક્ષકારો વચ્ચેના તમામ વિવાદોમાં પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થયેલ છે. અને તેથી અરજદાર અરજી આગળ ચલાવવા માંગતા નથી અને તે આથી પાછી ખેંચી લે છે જેથી આ અરજી પાછી ખેંચી લેવા પરવાનગી આપશોજી. તથા અરજદાર નવસારી લેબર કોર્ટ સમક્ષની મુળ અરજી નં.૧૧ સને ૧૯૮૫ ની પાછી ખેંચી લેવા માંગતા હોવાથી અરજી નં. ૧૧ સને ૧૯૮૫ ની ફાઈલ નવસારી લેબર કોર્ટને રીમાન્ડ કરવા અરજ છે."

આંક-૧૦ ની અરજી ઉપર અરજદાર બેંકના એડવોકેટ શ્રી એન.પી.ભટ્ટ પણ સહી કરેલ છે. આંક-૧૦ ની પુરસીસ ઉપર સામાવાળા બેંકના મેનેજર શ્રી જી. એમ. દોશીએ પણ સહી કરેલ છે.

(૪) આંક-૧૦ ની અરજી અન્વયે આ રીવીઝન અરજી નં. ૧/૮૯ પાછી ખેંચી લેવાની પરવાનગી આપીને આ અરજીનો નિકાલ કરૂ છુ. આ રીવીઝન સાથે નવસારીની લેબર કોર્ટની અરજી નં. ૧૧/૮૫ નું રેકર્ડ જે મંગાવવામાં આવેલું તે જ રેકર્ડ પાછુ મોકલી આપવાનો હુકમ કરું છું. આ હુકમની નકલ પક્ષકારોને મળે તે તારીખથી એક મહિનાની અંદર આ હુકમ અમલમાં આવવાનો છે. ખર્ચ બાબતે કોઈ હુકમ નથી.

સુરત, તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૦.

એ. બી. પટેલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

INDEX

આંક—૭

શ્રી કે. બી. પટેલ, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ ;

રીવીઝન અરજી નં. ૪/૮૯.

અરજદાર :— ધી નવસારી પીપલ્સ કો.ઓ.બેંક લી.,
દીનદયાલ ભવન, દીનદયાલ ચોક,
સત્તાપીર,
નવસારી.

વિરુદ્ધ

સામાવાળા :— ગુજરાત બેંક વર્કસ યુનિયન,
C/o હરીશ રમણલાલ નાયક,
કે. દેના બેંક, ટાવર રોડ,
નવસારી.

હાજર રહયા :— શ્રી જી.એમ.દોશી ... અરજદાર તરફે...
શ્રી સુરેશ.એન.પટેલ ... સામાવાળા તરફે ...

વિષય :— નવસારીની લેબર કોર્ટ અરજી નં. ૧૧/૮૫ના કામે આંક-૪ નીચે કરેલ તા. ૧૦-૧-૮૩ના હુકમ વિરૂધ્ધ બોમ્બે ઈન્ડ. રીલેશન્સ એકટની કલમ હેઠળ રીવીઝન અરજી.

હુકમ

(૧) અરજદાર બેંકે આ રીવીઝન અરજી બી.આઇ.ચાર. એકટની કલમ ૮૫ હેઠળ દાખલ કરી નવસારીની લેબર કોર્ટે અરજી નં. ૧૧/૮૫ના કામે સામાવાળાની આંક-૪ની અરજી નીચે તારીખ ૧૨મી માર્ચ ૧૯૮૫ની કામચલાઉ મનાઈ હુકમ તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૮૬ ના હકમથી કાયમ કર્યો છે તથા રૂા. ૧૦૦/- ખર્ચના અરજદારને આપવા હુકમ કર્યો છે તે આંક-૪ની અરજી તથા આંક-૪ની અરજી નીચેનો તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૮૬નો હુકમ કરેલ છે તે રદ કરવા તેમજ અરજદાર બેંક વિરુધ્ધ નવસારીની પેપર કોર્ટે જે દરમિયાન મનાઈ હુકમ અરજદાર બેંક સામે આપ્યો છે તે ઉઠાવી લેવા તેમજ આ અરજીનો ખર્ચ સામાવાળા પાસેથી અપાવા દાદ માંગેલ છે.

(૨) આંક-૪ થી નીચલી અદાલતના હુકમની સર્ટિફાઇડ નકલ રજુ કરવામાં આવેલ છે. આંક-૩ થી અરજદાર બેંક કંપનીએ શ્રી મંગલદાસ પારેખનું વકીલાતનામું રજૂ કરેલ છે. આ રીવીઝન અરજી મારી સમક્ષ ચાલુ હતી તે સમય દરમ્યાન સામાવાળા ગુજરાત બેંક વર્કર્સ યુનિયનના જોઇન્ટ સેક્રેટરી શ્રી સુરેશભાઈ પટેલે આંક-૬ ની અરજી મારી સમક્ષ રજૂ કરેલ છે. આંક,૬ ની અરજીમાં યુનિયનના જોઇન્ટ સેક્રેટરીએ નીચે પ્રમાણેની હકીકત જાહેર કરેલ છે.

"આ કામમાં પક્ષકારો તરફે નમ્રતાપુર્વક અરજ કે પક્ષકારો વચ્ચેના તમામ વિવાદોમાં પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થયેલ છે તેથી નામદાર કોર્ટ સમક્ષના કેસનો નિકાલ કરવો જરૂરી છે. રાજ્ય નવસારીની લેબર કોર્ટના જજ સાહેબે અરજી નંબર ૧૧ સને ૧૯૮૫

INDEX

ના કામે આ કામના સામાવાળાએ મજકુર લેબર કોર્ટ સમક્ષ કરેલી વચગાળાની રાહત માટેની અરજી આંક-૪ નીચે નામદાર લેબર કોર્ટે આપેલી તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૮૬ નો દરમિયાન મનાઇ હુકમ ઉઠાવી લેવા માટે આકે સમા નામદાર ઈન્ડસ્ટ્રીયલ કોર્ટને જરૂરી હુકમ તાત્કાલીક અસરકારક અને તે મુજબ કરવા પક્ષકારોએ પોતાનો ખર્ચ પોતે ભોગવવા માટે ના હુકમ કરવા પક્ષ કારોની નામદાર કોર્ટને વિનંતી છે.

અંકના અંરજી ઉપર અરજદાર જે તરફ અંકના મેનેજર જી. એમ. દોશીએ સહી કરેલી છે. ગુજરાત બેન્ક વર્કસ યુનિયનના જોઈન્ટ સેક્રટરી સુરેશ પટેલે સહી કરેલ છે. સુરેશ પટેલે અરજીમાં વધુમાં રીમાર્કસ લખેલ છે કે,૪" આ રીવીઝન મંજુર રાખીને નીચલી અદાએ આપેલો વચગાળાનો મનાઇ હુકમ રદ કરવામાં આવે તો બીજા પક્ષકાર યુનિયનને વાંધો નથી,

(૩) આંક-૬ની અરજી મંજુર રાખીને નોંધણી અદાલતે આંક-૪ નીચે તારીખ ૧૦મી જાન્યુઆરી ૧૯૮૬ હુકમ પ્રમાણે દરમિયાન મનાઇ હુકમ કાયમ કરેલ છે તે મનાઈ હુકમ રદ કરવામાં આવે છે અસલ અરજી નંબર ૧૧/૮૫નું રેકોર્ડ નવસારીની લેબર કોર્ટમાં પાછુ મોકલવાનો હુકમ કરવામાં આવે છે. ઉપર જણાવ્યા પ્રમાણે આ રીવીઝન અરજી હુ મંજુર રાખીને નીચલી અદાલતે અરજી નંબર ૧૧/૮૫ના કામમાં આક-૪ નીચે કરેલા તારીખ ૧૦ મી જાન્યુઆરી ૧૯૮૬ના હુકમ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ બાબતે કોઈ હુકમ નથી આ હુકમની નકલ પક્ષકારોને મળે તે તારીખથી એક મહિનાની અંદર આ હુકમ અમલમાં આવવાનો છે.

સુરત, તારીખ ૨૮મી ઓગષ્ટ ૧૯૯૦.

એ. બી. પટેલ,
સભ્ય,
ઔધોગિક અદાલત, સુરત.

આંક ૧૩

શ્રી એ. બી. પટેલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ.

અપીલ (આઈસી) નં. ૧૫/૮૮.

એપેલન્ટ : ધી સુરત કોટન સ્પીનીંગ એન્ડ
વીવીંગ મીલ્સ પ્રા. લી.,
નવાબવાડી, બેગમપુરા, સુરત.

વિરુદ્ધ

રીસ્પોન્ડન્ટ : હસમુખલાલ છગનલાલ બ્લોક.
નં. ૨૭, રૂમ નં. ૧૯૮, ખટોદરા
કોલોની, સુરત.

INDEX

અપીલ (આઈસી) નં. ૧૬/૮૮.

એપેલન્ટ : હસમુખલાલ છગનલાલ. બ્લોક નં.
૨૭, રૂમ નં. ૧૯૮, ખટોદરા કોલોની,
સુરત.

વિરુદ્ધ

રીસ્પોન્ડન્ટ : ધી સુરત કોટન સ્પીનીંગ એન્ડ
વીવીંગ મીલ્સ, પ્રા. લી.,
નવાબવાડી, બેમગપુરા, સુરત

હાજર રહયા : શ્રી ગીરીશભાઇ વકીલ-એડવોકેટ કંપની તરફે.
શ્રી દેવીયાનીબેન શાહ-એડવોકેટ કામદાર તરફે.

વિષય : મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમી કલમ ૮૪ હેઠળની અપીલ.

સુરતની બીજી મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધિશ એ. ટી. અરજી નં. ૮૦૧૭૯ માં તારીખ ૧૧મો જલાઇ ૧૯૮૮ ના રોજ આપેલ ચુકાદા વિરુદ્ધ અપીલ.

હુકમ

ઉપરોકત બન્ને અપીલો ટી. અરજી નં. ૭૦૧/૭૯માં આપવામાં આવેલ ચુકાદા સામે કરવામાં આવેલ છે. આથી ઉપરોકત બન્ને અપીલોની આ એક હુકમથી નિકાલ કરવામાં આવે છે.

૨. અપીલ નં. ૧૫/૮૮ માં અપેલન્ટ.—કંપનીએ નીચે પ્રમાણેના નિવેદનો કરેલ છે. સ્પોન્ડન્ટ કામદારે સુરતની બીજી મજૂર અદાલતમાં અરજી નં. ૭૦૧/૭૯, અપેલન્ટ લ કંપની સામે કરેલ હતી. હવે પછી મજૂર અદાલતને નીચલી અદાલત તરીકે લેખવામાં આવશે. ઉપરોકત અરજીમાં નીચલી અદાલતે તારીખ ૧૧મી જુલાઇ ૧૯૮૮ના જ ચુકાદો આપેલ છે. આ ચુકાદાથી નારાજ થઇને અપેલન્ટ કંપનીએ નીચે જણાવેલ લીલો નીચલી અદાલત ઉપર આધાર રાખીને આ અપીલ કરેલ છે. તે ઉપરાંત અપીલની સુનાવણી વખતે જે દલીલો કરવામાં આવે તે દલીલોના આધારે પણ આ અપીલ કરવામાં આવેલ છે. નીચલી અદાલતનો તારીખ ૧૧મી જુલાઇ ૧૯૮૮ નો ચુકાદો કાયદેસર અને વ્યાજબી નથી અને તે ચુકાદો કાયદાની જોગવાઇઓને અનુરૂપ નથી.

૩. તે ચુકાદો.—કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરુદ્ધનો છે. નીચલી અદાલતે ટી. અરજી નં. ૭૦૧/૭૯ મંજૂર રાખીને ભૂલ કરેલ છે. નીચલી અદાલતે રીસ્પોન્ડન્ટ-કામદારને પોતાની અસલ જગ્યાએ સળંગ હોવાથી પુનઃસ્થાપિત કરવાતો જે નિર્ણય આપેલ છે

INDEX

તે ભૂલ ભરેલો છે. નીચલી અદાલતે રીસ્પોન્ડન્ટ કામદારને પાછલા પગાર તરીકે ૪૦ ટકા પગાર આપવાનો હુકમ કરેલ છે તે ભૂલ ભરેલો છે. નીચલી અદાલતે સામાવાળા કામદારને ખર્ચ બાબતે રૂા. ૨૦૦ અપાવવાનો હુકમ કરેલ છે તે પણ ભૂલ ભરેલો છે. નીચલી અદાલતે કામદારની ટી. અરજી નં. ૭૦૧/૭૯ કાઢી નાખવી જોઈતી હતી. નીચલી અદાલતે દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવોનું અર્થઘટન કરવામાં અને તેનું મુલ્યાંકન કરવામાં ભૂલ કરેલ છે. નીચલી અદાલતે રીસ્પોન્ડન્ટ–કામદાર સામે એપેલન્ટ–કંપનીએ તારીખ ૧લી જુલાઈ ૧૯૭૯ ના રોજ ચોરી કરવાનું ગેરવર્તણુંક સાબિત કરી શકયા નથી તેવું નિર્ણય કરેલછે તે ભૂલ ભરેલો છે. નીચલી અદાલતે એવો નિર્ણય કરવો જોઈતો હતો કે, રીસ્પોડન્ટ કામદારે તારીખ ૧લી જુલાઈ ૧૦૭૯ ના રોજ ચોરી કરવાનું ગેરવર્તણુંક કરેલ છે. રીસ્પોન્ડન્ટ–કામદારને કબરતરફ કરવાનો હુકમ કાયદેસરનો અને વ્યાજબી છે. રીસ્પોન્ડન્ટ કામદાર પાછલા પગાર તરીકે ૪૦ ટકા પગાર આપવાનો જે હુકમ કરેલ છે તે ભૂલ ભરેલો છે. નીચલી અદાલતે એવો નિર્ણય કરવો જોઈતો હતો કે, રીસ્પોન્ડન્ટ–કામદાર પાછલા પગાર તરીકે આ ? રકમ મેળવવા હક્કદાર નથી. નીચલી અદાલતે ચુકાદામાં નિર્ણય પાછળ જે કારણો આપવામાં આવેલ તે કારણો સમજમાં ઉતરે તેવા અને કાયદાપર આધારીત નથી. નીચલી કોર્ટે નોંધેલ આંક-૪૯ થી દેવીપ્રસાદ ગાયત્રીપ્રસાદની જુબાની. આંક-૫ર થી નોંધેલ વિનોદ જીવણજી દેસાઈ અને આંક-૫૩ થી ધીરુભાઈ નગીનદાસની જુબાનીમાં મૂલ્યાંકન કરવામાં અને એપ્રીસીએટીંગ કરવામાં ભૂલ કરેલ છે. નીચલી અદાલતે તારીખ ૧૧મી જુલાઈ ૧૯૮૮ નો ચુકાદો પુરાવાઓની વિરુદ્ધમાં છે. નીચલી અદાલતે રીસ્પોન્ડન્ટ–કામદારને શંકાનો લાભ આપવા જોઈતા ન હતા. કારણ કે દિવાની કાર્યવાહીમાં શંકાનો લાભ આપવાનો હોતો નથી. અરજીમાં ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દાઓ જોતાં અરજીમાં જે પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે તે બધું ધ્યાનમાં લેવામાં આવે તો વોચમેન હસમુખભાઈ અને નરસિંહભાઈને તપાસવા જરૂરી નથી. તેમ છતાં નીચલી અદાલતે એને અનુસરીને એપેલન્ટ કંપનીનો પુરાવો ખામી ભરેલો છે, એવો જે નિર્ણય કરેલ છે તે ખામી ભરેલો છે. સાક્ષી શ્રી દેવીપ્રસાદનીની ઉલટ તપસને ધ્યાનમાં લેતાં નીચલી અદાલતે એવો નિર્ણય કરવો જોઈતો હતો કે, તે સાક્ષી સામે કરવામાં આવેલ આક્ષેપો તદ્દન પાયાવગરના અને ઉપજાવી કાઢેલા છે. અને વોચમેન હસમુખભાઈ અને નરસિંહભાઈની જુબાની જરૂરી ન હતી તેવું પણ નક્કી કરવું જોઈતું હતું. નીચલી અદાલતે સાક્ષીને ગુણદોષ પર નવેસરથી તપાસવામાં આવ્યા તે વખતે પણ વોચમેન હસમુખભાઈને અને નરસિંહભાઈને ખાતાકીય તપાસમાં તપાસવામાં આવ્યા નથી તેવો મુદ્દો ઉપસ્થિત કરેલ છે. તે ભૂલ ભરેલો છે. ખાતાના અધિકારી શ્રી જગદીશ ભાઈને તપાસવા જોઈતા હતા તેવો નિર્ણય કરવામાં નીચલી અદાલતે ભૂલ કરેલ છે. સાક્ષીઓ ખાતાકીય તપાસમાં રીસ્પોન્ડન્ટ કામદારે પહેલી વખત ચોરી કરી હતી, અને તેમ કરવામાં તેણે કબુદ્ધિથી ચોરી કરી હતી તેવું કથન કરેલ છે તેના ઉપર આધાર ન રાખી નીચલી અદાલતે ભૂલ કરેલ છે. શ્રી હસમુખભાઈ પાછળ બીજા કામદારને એપેલન્ટ કંપનીએ તપાસવા જોઈતા હતા તેવો નિર્ણય કરવામાં નીચલી અદાલતે ભૂલ કરેલ છે. રીસ્પોન્ડન્ટ કામદારે તેમની જુબાનીમાં મુદ્દામાલ જેવું કાપડ બનાવવામાં આવે છે તેવું મંજૂર રાખેલ છે. અને તે ઉપરાંત બીજા પુરાવાઓ પડેલ છે તે પુરાવાઓ ઉપરથી એપેલન્ટ કંપનીએ કાપડની ઓળખાણ આપેલ છે. તેવું નીચલી અદાલતે માન્ય રાખવું જોઈતું હતું. નીચલી અદાલતે પંચનામા અને બીજી જરૂરી બાબતો પર વધારે પડતો ભાર ખાતાકીય તપાસમાં મુકેલ છે. પરંતુ ખાતાકીય તપાસમાં ફોજદારી કાયદામાં જેવી

જોગવાઈ કરેલ છે તે પ્રમાણેની કાર્યવાહી કરવાની હોતી નથી. આંક-૧૦/૧ નું લખાણ થયું તે વખતે સાક્ષી શ્રી ધીરુભાઈ હાજર ન હતા. એ હકિકત નિર્ણય લેવા અંગે ધ્યાનમાં લઈને નીચલી અદાલતે ભૂલ કરેલ છે. નીચલી અદાલતે એવો નિર્ણય કરવો જોઈતો હતો કે આંક-૧૦/૧ નું લખાણ રીસ્પોન્ડન્ટ કામદારે મેનેજરને લખેલ છે. અને તે લખાણ તેની કબુલાત છે. દરેક તાકા ઉપર લોટ નંબર લખેલ હોય છે. અને દરેક તાકા ઉપર કપડની જાત લખવામાં આવેલ છે. તેના પ્રમાણે શ્રી ધીરુભાઈની જુબાની પર આધાર રાખીને નીચલી અદાલતે ભૂલ કરેલ છે. શ્રી હસમુખભાઈ અને ધીરુભાઈની જુબાની આ બાબતથી વિરોધાભાસી છે. તેવો નિર્ણય કરવામાં નીચલી અદાલતે ભૂલ કરેલ છે. કાપડના કકડાને ઓળખી બતાવવામાં આવ્યો નથી તેવો નિર્ણય કરવામાં નીચલી અદાલતે ભૂલ કરેલ છે. કારણ કે રીસ્પોન્ડન્ટ કામદાર હસમુખભાઈ છગનભાઈની ઉલટ તપાસ ધ્યાનમાં લેવામાં આવે તો નીચલી અદાલતનો નિર્ણય ભૂલ ભરેલો છે. તેમજ રીસ્પોન્ડન્ટ કામદાર સામેના આક્ષેપો સાબિત કરવામાં આવ્યા નથી. તેવો નિર્ણય કરવામાં નીચલી અદાલતે ભૂલ રીસ્પોન્ડન્ટ કામદાર સામે જે શિક્ષાત્મક હુકમ પસાર કરવામાં આવેલ છે તે કાયદેસર અને વ્યાજબી નથી. તેવો નિર્ણય કરવામાં નીચલી અદાલતે ભૂલ કરેલ છે. નીચલી અદાલતે સ્થાયી હુકમ નં. ૨૧-ડી અને ૨૨નું અર્થઘટન કરવામાં અને તેનો અભ્યાસ કરવામાં ભૂલ કરેલ છે. નીચલી અદાલતે અરજીના હકિતતો બાબતે કુદરતી ન્યાયના સિદ્ધાંતો લાગુ પાડવામાં ભૂલ કરેલ છે. નીચલી અદાલતે એ. આઈ. આર. ૧૯૭૫, સુપ્રીમકોર્ટ, ૨૦૨૫ પર છપાયેલ ચુકાદાનું અર્થઘટન કરવામાં અને તેને સમજવામાં ભૂલ કરેલ છે. ચોરી અને ગેરવર્તણુંક માટે બરતરફી શિક્ષા થતી વધારે પડતી અને ગેરવ્યાજબી છે તેવું નક્કી કરવામાં નીચલી અદાલતે ભૂલ કરેલ છે. નીચલી અદાલતનો તારીખ ૧૧મી જુલાઈ ૧૯૮૮ ના રોજનો ચૂકાદો બીજી રીતે પણ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અન્યાયી છે. નીચલી અદાલતે તારીખ ૧૧મી જુલાઈ ૧૯૮૮ ના રોજ ચુકાદો આપેલ છે તેવી આ અપીલ સમયસરની છે. નીચલી અદાલતે તારીખ ૧૧મી જુલાઈ ૧૯૮૮ ના રોજ ચૂકાદો આપેલ છે તેની સર્ટીફાઈડ નકલ આ સાથે રજુ કરવામાં આવેલ છે. અપેલન્ટ કંપની અપીલ મેમોમાં જ્યારે જરૂર પડે ત્યારે સુધારી-વધારો કે ફેરફાર કરવાની નામદાર અદાલતની પરવાનગી માંગે છે. ઉપરની હકિકત અને સંજોગો ધ્યાનમાં લઈને નામદાર ઔદ્યોગિક અદાલતને નીચલી અદાલતે ટી. અરજી નં. ૭૦૧/૭૯માં તારીખ ૧૧મી જુલાઈ ૧૯૮૮ ના રોજ આપેલ ચુકાદાને રદબાતલ કરીને, અરજી કાઢી નાંખવાનો હુકમ કરવા અને અપીલનો ખર્ચ અપાવવા મહેરબાની રાહે હુકમ કરવાની દાદ માંગે છે.

(૪) અપીલ નં. ૧૬/૮૮ માં અપેલન્ટ કામદારે શ્રી હસમુખભાઈ છગનભાઈ તરફે નીચે પ્રમાણેની હકિકત રજુ કરવામાં આવેલ છે. આ અપીલ અપેલન્ટ કામદારે સુરતની બીજી મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધિશે ટી. અરજી. નં. ૭૦૧/૭૯ માં આપેલ ચુકાદા વિરુદ્ધ, અને તે ચુકાદા મારફતે નીચલી અદાલતે કામદારને પુન:સ્થાપિત કરવાનો હુકમ કરીને પાછલા પગાર તરીકે ૪૦ ટકા પગાર આપવાનો હુકમ કરેલ છે. તે હુકમ સામે કરવામાં આવેલ છે. આ અપીલ ખાસ કરીને પાછલા પગ'ર તરીકે ૪૦ ટકા આપવાનો હુકમ કરેલ છે તે સામે કરવામાં આવેલ છે. આ અપીલ નીચે જણાવેલ હકિકતો ઉપરથી ઉપસ્થિત થાય છે. અપેલન્ટ કામદાર રીસ્પોન્ડન્ટ કંપનીમાં છેલ્લા ૨૫ વર્ષથી કામ કરતા હતા. તેમની સામે એવો આક્ષેપ કરવામાં આવેલ હતો કે તેમણે જુલાઈ -૧૯૭૯માં

INDEX

મીલના કાપડનો ટુકડો લઈ જવાની ચોરીનું ગેરવર્તન કરેલ હતું. આ ગેરવર્તણુંક બાબતે ખાતાકીય તપાસ મીલના મેનેજર શ્રી આર. સી. શેઠે કરી હતી. અને તે પછી અપેલન્ટ કામદારને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. અપેલન્ટ કામદારે બરતરફીના આ હુકમ સામે સુરતની ત્રીજી મજુર અદાલતમાં ટી. અરજી નં. ૭૦૧/૭૯ દાખલ કરેલ હતી. અને બરતરફીનો હુકમ પડકાર્યો હતો. ટી. અરજી નં. ૭૦૧/૭૯ માં કાર્યવાહીમાં નીચલી અદાલતે ખાતાકીય તપાસ ગેરકાયદેસર જાહેર કરી હતી. અને રીસ્પોન્ડન્ટ કંપનીને નવેસરથી પુરાવાઓ લેવાની તક આપી હતી. નવેસરથી રજુ કરેલ પુરાવામાં ધ્યાનમાં લઈને નીચલી અદાલતે એવો નિર્ણય કર્યો હતો કે અપેલન્ટ કામદાર સામે ગેર-વર્તણુંક સાબિત કરવામાં આવેલ નથી. અને તે રીતે નીચલી અદાલતના વિધ્વાન જજે ટી. અરજી નં. ૭૦૧/૭૯ અમુક અંશે માન્ય રાખી હતી. અને રીસ્પોન્ડન્ટ કંપનીને અપેલન્ટ કામદારને નોકરીમાં પુનઃસ્થાપીત કરવાનો હુકમ કર્યો હતો. પરંતુ પાછલા પગાર તરીકે ફકત ૪૦ ટકા પગાર આપવાનો હુકમ કરેલ હતો. અપેલન્ટ કામદારે નીચલી અદાલતના વિધ્વાન ન્યાયાધિશે કરેલ અમૂક નિર્ણય સામે ક્રોસ અપીલ કરવાનો પોતાનો હક્ક કાયમ રાખેલ છે. અપેલન્ટ કામદાર આ અપીલથી રજુઆત કરે છે કે, નીચલી અદાલતે પોતાના ચુકાદાથી પાછલા પગાર તરીકે ફકત ૪૦ ટકા પગાર આપ-વાનો નિર્ણય કરેલ છે તે કાયદા વિરુદ્ધનો છે અને સમાન ન્યાયની વિરુદ્ધ છે. અપેલન્ટ કામદાર રજુઆત કરે છે કે, નીચલી અદાલતના વિધ્વાન ન્યાયાધિશે અપેલન્ટ કામદાર સામે નિષ્કલંકરીતે ગેરવર્તણુંક સાબિત કરવામાં આવેલ નથી તેવું અવલોકન કરવામાં અને અપેલન્ટ કામદાર પુરેપૂરો પગાર મેળવવા હક્કદાર નથી તેવો નિર્ણય કરવામાં ભૂલ કરેલ છે. અપેલન્ટ કામદાર રજુઆત કરે છે કે, શંકાનો લાભ આપવાનો પ્રશ્ન તદ્દન અપ્રસ્તુત છે. કારણ કે આ અરજીમાં ફોજદારી કાયદા પ્રમાણે કાર્યવાહી કરવાની હોતી નથી. પરંતુ ગેરવર્તણુંક સાબિત કરવામાં આવેલ છે કે નહિં એવો નિર્ણય આપવાનો હોય છે. નીચલી અદાલતના વિધ્વાન ન્યાયાધિસે આગળના પેરામાં ગેરવર્તણુંક સાબિત થઈ નથી એવું સ્પષ્ટ જણાવેલ છે. પરંતુ પાછલા પગાર અપાવવાની બાબતની ચર્ચા અને નિર્ણય કરતી વખતે અપ્રસ્તુત હકિકતો ધ્યાનમાં લઈને ખોટા માપદંડ ગાહ્ય રાખીને ખોટો હુકમ કરેલ છે. અપેલન્ટ કામદારની રજુઆત છેકે, રીસ્પોન્ડન્ટ કંપની અરજી ચલાવવા તૈયાર હતા તે ખરુ નથી. રોજનામામાં નોંધવામાં આવેલ હકિકતોને આધારે અવલોકન કરવામાં આવે તો તરત જણાશે કે રીસ્પોન્ડન્ટ કંપનીએ મેટર લંબાવવા કેવી કાર્યવાહી કરેલ છે. રોજનામાની નકલ આ સાથે સામેલ કરેલ છે. (એનેક્ષર-એ થી રજુ કરેલ છે.

(૫) અપેલન્ટ કામદારને ૬૦ ટકા પગાર ન અપાવી નીચલી કોર્ટના વિધ્વાન ન્યાયાધિસે અપેલન્ટ સામે વધારે પડતી જવાબદારી નાંખી છે. કોર્ટે શા માટે સમય ન હતો તેવી હકિકત સાબિત થઈ હતી તેમ છતાં પણ નીચલી અદાલતે અપેલન્ટ કામદાર સામે વધારે પડતી જવાબદારી નાંખી ભૂલ કરેલ છે. તે ઉપરાંત વડી અદાલત માં ન્યાયાધિશની નિમણુંક બાબતે ૧૯૮૭માં હડતાળ હતી તેમજ સુરત ખાતે ઔદ્યોગિક ન્યાયપંચની બેઠક આપવા માટે પણ હડતાલ પાડવામાં આવી હતી અને તે પ્રમાણેના સંજોગોમાં નીચલી અદાલતમાં અરજી સમયસર ચાલી શકેલ નહિ. અને તેથી અપેલન્ટ કામદારને દોષ આપી શકાય નહિ અને તેની શિક્ષા કરી શકાય નહિ. કારણકે

અપેલન્ટ કામદારના વકીલ વખતોવખત અમદાવાદથી આવતા હતા. અને અપેલન્ટના એડવોકેટ અરજી રોજબરોજ ચલાવવા માટે અરજી આપતા હતા. તે સંજોગોમાં અપેલન્ટ કામદાર સામે વધુ પડતી જવાબદારી નાંખીને નીચલી અદાલતે નિર્ણય કરેલ છે તે ભૂલ ભરેલો છે. રીસ્પોન્ડન્ટ મીલ કંપની અપેલન્ટ કામદારે વધારે આવક વાળી નોકરી મેળવીને વધારે અગવડ મેળવી હોય તેવો પુરાવો રજુ કર્યો નથી તે સંજોગોમાં અપેલન્ટ કામદારની મૌખિક જુબાની પર આધાર રાખીને નીચલી અદાલતે પાછલા પુરેપુરો પગાર આપવવાનો હુકમ કરવો જોઈતો હતો. અપેલન્ટ કામદાર તરફથી રજુ કરવામાં આવેલ. મુદ્દાઓ નીચલી અદાલતના વિધ્વાન ન્યાયાધિશશ્રીએ બરાબર ધ્યાન પર લીધેલ નથી. કારણ કે ખાતાકીય તપાસ સ્થાયી હુકમો અન્વયે કરવામાં આવેલ નથી. તેવું નીચલી અદાલત સમક્ષ સાબીત થયું હતું. તેમ છતાં પણ નીચલી અદાલતે પુરેપુરો પગાર ન અપાવવાની ભુલ કરેલ છે. આ અપીલની સુનાવણી વખતે બીજા વધારાના કારણો રજુ કરવામાં આવશે. આમાથી અપેલન્ટ કામદાર નામદાર અદાલત સમક્ષ દાદ માંગે છે કે, નીચલી અદાલતનો રેકોર્ડ અને કાર્યવાહીની માંગણી કરવામાં આવે, અને નીચલી અદાલતનો રેકોર્ડ અને કાર્યવાહી અને પુરાવાઓ ધ્યાનમાં લીધા પછી નીચલી અદાલતે તારીખ ૧૧મી જુલાઈ ૧૯૮૮ ના રોજ અપેલન્ટ કામદારને ફકત ૪૦ ટકા પગાર આપવાનો હુકમ રદ કરવા વિનંતી છે. અને અપેલન્ટ કામદારને પુરેપુરો પગાર અપાવવા વિનંતી છે. નામદાર અદાલતે બીજી યોગ્ય લાગે તે દાદ આપવી અને આ અપીલ ખર્ચ સહીત મંજૂર રાખવા વિનંતી છે. આંક-૨ થી નીચલી અદાલતના ચુકાદાની સર્ટીફાઈડ નકલ રજુ કરવામાં આવેલ છે.

(૫) આ બંન્ને અપીલો એકજ ચુકાદા સામે ક્રોસ અપીલ તરીકે કરવામાં આવેલ છે. આ બંન્ને અપીલોમાં કંપની તરીકે શ્રી ગીરીશભાઈ વકીલ હાજર રહયા હતા અને કામદાર તરીકે તેમના વિધ્વાન વકીલ શ્રી દેવયાનીબેન શાહ હાજર રહયા હતા. અપીલ નં. ૧૫/૮૮માં અપેલન્ટ કંપની તરફે મેં શ્રી ગીરીશાભાઈ વકીલને સાંભળ્યા છે. અને રીસ્પોન્ડ કામદાર તરફે શ્રી દેવયાનીબેન શાહ ને સાંભળયા છે. અને અપીલ નં. ૧૬/૮૮ માં અપેલન્ટ કામદાર તરફે શ્રી દેવયાનીબેન શાહને અને રીસ્પોન્ડ કંપની તરફ શ્રી ગીરીશભાઈ વકીલને સાંભળ્યા છે.

(૬) શ્રી ગીરશભાઈ વકીલ અપીલનં. ૧૫/૮૮માં મારી સમક્ષ નીચે પ્રમાણ રજુઆત કરે છે કે આંક-૭/૩ શ્રી રજુ કરેલ શોકોઝ નોટીસ તારીખ રજી જુલાઈ, ૧૯૭૯ની રીસ્પોન્ડન્ટ કામદાર વિરૂધ્ધ પસાર કરવામાં આવેલ હતી. રીસ્પોન્ડ કામદરાને શોકોઝ નોટીસનો ખુલાસો રજ કરેલ નથી. શોકોઝ નોટીસ આંક-૭/૨માં કબુલાત લખી આપેલ છે તેવી સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે. અરજદાર કામદારનો જવાબ આંક-૮/૨ થી રજુ કરવામાં આવેલ છે. તારીખ ૧૯મી જુલાઈ ૧૯૭૯ના પત્ર શોકોઝ નોટીસનો જવાબ છે. પરતુ તારીખ ૧૯મી જુલાઈ, ૧૯૭૯નો કહેવાતે મીલ કંપનીને મળ્યો જ નથી. તે ઉપરાંત આંક-૮/૨ થી રજુ કરેલ તારીખ ૧૯મી જુલાઈ ૧૯૭૯ના કાગળમાં કબુલાતનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આખરી કબુલાત ઉપર સાક્ષી લીધા ન હતા. તેનો પણ ઉલ્લેખ નથી. રાજીનામું લખાવી લીધેલ તેનો પણ ઉલ્લેખ કરેલ નથી. આંક-૧૪ થી એપ્રોચ લેટર રજુ કરવામાં આવેલ છે તેમાં પણ કોરો કાગળ ઉપર સહી લીધાનો ઉલ્લેખ નથી. મારમારીયાનો ઉલ્લેખ નથી. રાજીનામું લખાવી લીધાનો ઉલ્લેખ નથી. કોરા કાગળ લખાવી લેવડાવવાનો પણ ઉલ્લેખ નથી આંક-૧થી રજુ કરવામાં આવેલ અરજી નં. ૭૦૧/૭૯માં કોરા કાગળ ઉપર લખાણ લખાવ્યાનો ઉલ્લેખ નથી. અરજદાર કામદારો આંક-૧૩ થી કોર્ટ રૂબરૂ આપેલ તારીખ ૨૨મી માર્ચ, ૧૯૮૩ના રોજ જુબાનીમાં પહેલી વખત દેવીપ્રસાદ સામે આક્ષેપ કરેલ છે. પોતાની જુબાનીમાં પ્રથમ વખત જ આશરે ચાર વર્ષ પછી અરજદાર કામદારે દેવી-પ્રસાદ સામે પૈસા વ્યાજે લેતા હતા અને પૈસા માંગવાના કારણે ખોટો કેસ ઉભો કરેલ છે તેવી

INDEX

હકિકત જાણાવેલ છે. અરજદારની વર્તણુંક ધ્યાનમાં લેવામાં આવે તો અરજદાર કામદાર તારીખ ૧લી જુલાઈ, ૧૯૭૯ પછી મીલમાં કામ પર આવતા ન હતા અને કામ પર આવતા બંધ થયેલ હતા. અરજદાર કામદાર કાપડની ટૂકડો લઈ જતા પકડાયા ન હોતો કયા કારણોસર અરજદાર કામદાર કામ ઉપર તારીખ ૧લી જુલાઈ, ૧૯૭૯થી આવતા ન હતા તેનો કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. કામદારની વર્તણુંક બતાવે છે કે, કામદારે ચોરીનો ગૂનો કરેલ હોય. કામદારે દેવપ્રસાદે મારમારયા બાબતની ફરિયાદ પણ કરેલ નથી અરજદાર કામદારે દેવીપ્રસાદે માર માર્યાની, કોરા કાગળ ઉપર સહી લીધાની કોઈ ફરીયાદ યુનીયનમાં કે મીલના મેનેજર પર કરેલ નથી. આંક-૧૦/૧થી રજુ કરવામાં આવેલ કબુલાતનામા પર કામદારના પ્રતિનિધિ શ્રી ધીરૂભાઈની સહી છે. શ્રી ધીરૂભાઈ નગીનભાઈ પોતાની જુબાનીમાં જણાવે છે કે, સેનસાહેબ રૂબરૂ શ્રી હસમુખભાઈએ સ્ટેટમેન્ટ આપેલ તેની સાક્ષીમાં મેં સહી કરેલ છે. આંક-૧૦/૧ થી રજુ કરવામાં આવેલ કબુલાતનામું પ્રતિનિધિ ધીરૂભાઈની હાજરીમાં હસમુખભાઈ પાસે શ્રી સેનસાહેબે લખાવેલું અને તે કબુલાતનામા પર શ્રી ધીરૂભાઈ નગીનભાઈએ પ્રતિનિધિ તરીકે સહી કરેલ છે. શ્રી ધીરૂભાઈ નગીનભાઈએ આંક-૧૦/૪માં લખેલ હકિકત ખરી છે. તેવું જુબાનીમાં આપેલ છે. ધીરૂભાઈ નગીનભાઈ એ આંક-૫૩ માં જુબાની આપેલ છે કે, તારીખ ૧લી જુલાઈ ૧૯૭૯ના રવિવારે બનાવ બન્યો હતો. અને જમાદાર દેવીપ્રસાદ હતા. જે કબુલાત પત્ર લખાવી લીધું હતું તે કબુલાતપત્ર પર મેં સહી કરેલ હતી. અને કાપડ સફેદ કાપડ હતું. શ્રી ધીરૂભાઈનું ખાતાકીય તપાસનું નિવેદન મેનેજરે તારીખ ૨૩મી જુલાઈ, ૧૯૭૯ના રોજ લીધું હતું. મીલ કંપનીને આંક-૮/૨ થી રજુ કરેલ તા ૧૯મી જુલાઈ ૧૯૭૯નો પત્ર મળેલ નથી. તારીખ ૧૯મી જુલાઈ ૧૯૭૯ના પત્ર મીલ કંપનીને મળેલ ન હોવાથી બગડેલા સંબંધોની હકિકતો ટકી સકતી નથી. અરજદાર કામદારે બગડેલ સંબંધોનો પહેલવેહેલો પુરાવો કોર્ટ રૂબરૂ આંક-૧૩માં તારીખ ૨૨મી ફેબ્રુઆરી. ૧૯૮૩ ના રોજ આપેલ છે. અને બગડેલા સંબધોની હક્કિત અરજદાર કામદારે ઉપજાવી કાઢેલી છે. મીલકંપનીએ કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ જણાવે છે કે આંક-૮/૨નો પત્ર મળ્યો નથી. આંક-૧ની અરજીમાં પણ દેવી પ્રસાદ વિરૂધના બનાવ અંગે કે બગડેલા સંબંધો અંગેના વિધાનો કરવામાં આવેલ નથી. તારીખ ૧૯મી જુલાઈ, ૧૯૭૯ના બનાવ અંગે જે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે આંક-૧ ની અરજીમાં દુશ્માનાવટ અંગે અથવા બગાડેલા સંબંધો અંગે વિધાનો કરવામાં આવેલ નથી. તારીખ ૧૯મી જુલાઇ ૧૯૭૯ના કાગળમાં માર માર્યાનો કે ધમકી આપવાનો કે રાજીનામું લખાવી લીધાનો કે કોરા કાગળ પર સહી લીધાની હકીકતનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. દેવી પ્રસાદની ઉલટ તપાસમાં ઉપરોકત બાબતે અંગે તપાસ કરવામાં આવેલ નથી. શ્રી ધીરૂભાઈની ઉલટ તપાસમાં શ્રી ધીરૂભાઈ સાથે અણબનાવ હતો. તેવો પ્રશ્ન પૂછવામાં આવેલ નથી. આંક-૧૦/૧ થી રજુ કરેલ લખાણ શ્રી સેનસાહેબ અરજદારના કહેવાથી લખ્યું હતું. ચાર્જ શીટમાં રાજીનામું અને કબુલાતનામું આપ્યું છે તેવું સ્પષ્ટ જણાવેલ છે. એપ્રોચ લેટરમાં અરજદારે કામદારે આંક-૧૦/૧થી રજુ કરેલ કબુલાતનામાં અંગે કોઈ ઉલ્લેખ કરેલ નથી. ચાર્જશીટના કહેવાતા જવાબમાં કબુલાતનો ઉલ્લેખ નથી. અરજદાર કામદારે આંક-૪૬/૧ જેવું કાપડ મીલ કંપનીમાં ઉત્પાદન થાય છે તેવું કબુલ રાખેલ હોવાથી રજુ કરેલ કાપડ કામદારેજ ઓળખી બતાવ્યું છે. અને તેથી કાપડ ઓળખપત્રમાં આવ્યું નથી તે મુદ્દો ટકી શકતો નથી. દેવી પ્રસાદ પાસેથી પૈસા વ્યાજે લેતા હતા તેવા પ્રકારની જુબાની અરજદાર કામદારે પહેલી વખત આંક-૧૩થી કોર્ટ રૂબરૂ જુબાનીમાં આપેલ છે. અરજદાર કામદારે ૬ મહિના અગાઉ પૈસા ભરપાઈ કરી દીધા હતા. તેવુ કબુલ કરેલ છે. તેથી દેવીપ્રસાદ સાથે અણબનાવ હોવાનો મુદ્દો ટકી શકતો નથી દૂશ્મનાવટને લીધે ખોટો બનાવ ઉભો કર્યો હતો પરંતુ, દૂશ્મનાવટનો મુદ્દો ટકી શકે તેમ ન હોવાથી આખો દૂશ્મનાવટનો મુદ્દો

INDEX

ટકી શકતો નથી. અને તેથી તે પાછળથી ઉપજાવી કાઢેલ છે અરજદાર કામદારે દેવી પ્રસાદે ઝડતી લીધેલ અને હાથ ફેરવીને ઝડતી લીધેલ તેવું ઉલટ તપાસમાં મંજૂર રાખેલ છે. રાજીનામું લખી આપેલ તેવું પણ મંજૂર રાખેલ છે. દૂશ્મનાવટ અંગેની હકિકતો આંક-૧ ની અરજીમાં તેમજ એપ્રોચ લેટરમાં લખેલ નથી. તારીખ ૧૯મી જૂલાઈ ૧૯૭૯ ના પત્રની વાત પણ ઉપજાવી કાઢેલ છે.

કાપડનો ટૂકડો લેબર કોર્ટમાં રજુ કરવામાં આવેલ તે ચાર્જશીટમાં કાપડના ટૂકડાનો ઉલ્લેખ છે. આંક-૪૬/૧ થી રજુ કરેલ કાપડ પોલીસ્ટાર કહેવાય, કાપડના ટૂકડાની ઓળખવિધિ પુરી કરવામાં આવેલ છે. કાપડ ઉપર દેવીપ્રસાદ અને સહેનસાહેબની સહી છે. તારીખ ૧લી જુલાઈ ૧૯૭૯ ની તારીખ પણ લખેલ છે. બીજા ચોકીદારોને તપાસવા જરૂરી ન હતા તેથી તપાસવામાં આવ્યા નથી. હકિકતને સમર્થન આપવા માટે બીજા વોચમેનોને તપાસવાવાં જોઈતા હતા તેવી રજુઆત ટકી શકે તેમ નથી. કારણકે બધા વોચમેનો મીલમાં નોકરી કરતા હોય છે. અને તેથી સ્વતંત્ર સાક્ષી તરીકે હકિકતના સમર્થનમાં તપાસી શકાય નહિ. દેવીપ્રસાદ ફરીયાદી છે. તેથી કોર્ટ સમક્ષ જુબાની આપેલ છે. તે ઉપરાંત કામદારના પ્રતિનિધિ શ્રી ધીરૂભાઈએ જુબાની આપેલ છે અરજદારે આપેલ કબુલાત પત્ર ઉપર શ્રી ધીરૂભાઈએ સહી કરી છે. તે ઉપરાંત શ્રી દેવીપ્રસાદ સામે આક્ષેપો કરવામાં આવ્યા હતા તેથી આક્ષેપો બાબતે ખુલાસો દેવીપ્રસાદ પોતેજ કરી શકે તેમાં બીજા વોચમેનોને તપાસવામાં આવ્યા નથી. તે મુદ્દો વજુદ વગરનો અને કાયદેસર નથી. ઝડતી લેવામાં આવી ત્યારે તે વખતે ત્રણ વોચમેનો હાજર હતા, સેનસાહેબને પાછળથી બોલાવવામાં આવેલ હતા. સીક્યુરીટી ઓફીસમાં દેવીપ્રસાદ અને બે ચોકીદારો ધીરૂભાઈ અને સેનસાહેબ હાજર હતા. તેઓ બધાની હાજરીમાં આંક-૧૦/૧ થી રજુ થયેલ કબુલાતનામું લખાણ કરવામાં આવેલ હતું, દેવીપ્રસાદ, ધીરૂભાઈ અને સીક્યુરીટી ઓફીસર સેનસાહેબની જબાનીઓ કામદાર સામેનું ગેરવર્તનુંક સાબિત કરવામાં કાયદેસરની અને માનવાલાયક જુબાની હોવાથી કામદાર સામેનું ગેરવર્તણુંક સાબીત થાય છે. પ્રતિનિધિ શ્રી ધીરૂભાઈએ આંક-૫૩ ની જુબાનીમાં દેવીપ્રસાદ સાથે બે ત્રણ વોચમેન હતા, અને આંક-૧૦/૧ નું લખાણ બરાબર છે અને ટેબલ પર સફેદ કાપડ હતું વિગેરે જુબાની આપેલ છે. પ્રતિનિધિ શ્રી ધીરૂભાઈએ તેમની જુબાનીમાં આંક-૪૬/૧ નું કાપડ પોલીસ્ટર જેવું છે એમ જણાવેલ છે. આમ શ્રી ધીરૂભાઈની જુબાની પરથી કાપડના ટુકડાની ઓળખ કરવામાં આવેલ છે. શ્રી દેવીપ્રસાદ અને શ્રી ધીરૂભાઈની જબાની ન માનવાને કોઈ કારણ નથી શ્રી દેવીપ્રસાદે કરેલ રીપોર્ટ, કોર્ટ રૂબરૂની જુબાનીના સમર્થનરૂપ આપેલ છે. તેથી દેવીપ્રસાદને ન માનવાનું કોઈ કારણ નથી. કબુલાતનામું પાછળથી ઉભું કરવામાં આવેલ નથી. અરજદાર કામદારને સેનસાહેબ સાથે કોઈ દૂશ્મનાવટ ન હતી, અને શ્રી સેનસાહેબે કોર્ટ રૂબરૂ આપેલ જુબાની શા માટે ન માનવી તેના કોઈ કારણો નથી. બીજા વોચમેનોને તપાસ્યા નથી તે મુદ્દો ટકી શકે તેમ નથી. કારણકે બીજા વોચમેનોને તપાસવા જરૂરી ન હતા અને તપાસ્યા હોત તો કહેત કે વોચમેનો મળતીયાઓ હોવાથી તેઓને માનવા જોઈએ નહિં. દૂશ્મનાવટના મુદ્દા પર માત્ર દેવીપ્રસાદ જ પ્રકાશ પાડી શકે, બીજા વોચમેનોને તપાસ્યા હોત તો પૂરાવાઓનું પુનરાવર્તન થાત. આંક-૬૬ માં હસમુખભાઈની ઉલટ તપાસ જોતાં દૂશ્મનાવટનો આક્ષેપ ટકી શકતો નથી. ૬ મહિના પહેલાં સંબંધો સારા હતા કાપડ મીલમાં લગતું હતું તેવું અરજદારે ઉલટ તપાસમાં માન્ય રાખેલ છે. તેના જેવું કાપડ બનાવતા હતા, અરજદારની કેસ એવો નથી કાપડ તેની જાણ વિરૂધ્ધ તેના શરીર પર બીજાએ મુક્યું હતું, બીજા વોચમેનોના નિવેદન લીધા નથી તે અંગેનો નીચલી અદાલતનો નિર્ણય ભૂલભરેલો છે. શ્રી ધીરૂભાઈ અને દેવીપ્રસાદની જુબાનીમાં કોઈ વિરોધાભાસ નથી. ચોરીની બાબત હતી તે આંક-૬૬ ની જુબાનીમાં પુરવાર કરવામાં આવેલ છે. ચોરીનો આક્ષેપ હોવાથી બરતરફીની શિક્ષા કાયદેસરની છે. શ્રી આઈ. આર. એક્ટ હેઠળ

INDEX

ઔદ્યોગિક વિવાદ ધારામાં ૧૧ (એ) ની કલમ પ્રમાણેની નામદાર ન્યાયપંચને જે સત્તાઓ આપવામાં આવેલ છે તે સત્તાઓ બી. આઈ. આર. એક્ટ હેઠળ મજુર અદાલતના જજને આપવામાં આવેલ નથી. મીલના વ્યાજબી હુકમમાં નીચલી અદાલત હસ્તક્ષેપ કરી શકે નહિ. વિવાદ ધારામાં કલમ-૧ ની ઉમેર કરીને ન્યાયપંચને ડુમેસ્ટીક ઈન્કવાયરી તપાસ અધિકારી અને મેનેજમેન્ટે કરેલ સજામાં ફેરફાર કરવાની સત્તા આપવામાં આવેલ છે. પરંતુ તેવો કોઈ ફેરફાર બી. આઈ. આર. એક્ટ ૧૯૪૬ માં કરવામાં આવેલ નથી અને તેથી લેબર કોર્ટના ન્યાયાધિસને મેનેજમેન્ટે કરેલ સજામાં ઘટાડો કે ફેરફાર કરવાની કોઈ સત્તા નથી તે સંજોગોમાં મજૂર અદાલતના ન્યાયધીશ સજામાં ઘટાડો કે ફેરફાર કરી શકે તેમ નથી. તેમજ તે સજા રદબાતલ કરી શકતા નથી. આથી નીચલી અદાલતે કરેલ હુકમ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે અને તે હુકમ રદ કરવો જોઈએ અને મેનેજમેન્ટની અપીલ મંજૂર રાખવી જોઈએ.

(૭) શ્રી ગીરીશભાઈ વકીલે મારી સમક્ષ એવી પણ રજુઆત કરેલ છે કે, રીસ્પોન્ડન્ટ કામદારે ચોરી કરવાની ગંભીર ગેરવર્તણુંક કરેલ હોવાથી અને મેનેજમેન્ટને કામદારમાંથી વિશ્વાસ ગુમાવ્યો છે અને તેથી કોઈપણ સંજોગોમાં કામદારને નોકરીમાં પુન: સ્થાપીત કરવાનો હુકમ કરવો જોઈએ નહિ, શ્રી ગીરીશભાઈ પોતાની રજુઆતના સમર્થનમાં નીચેના ચુકાદાઓ ટાંકે છે, (૧) ૧૯૮૯ લેબર એન્ડ ઈન્ડસ્ટ્રીયલ કેસીસ, પાના નં ૮૦૫ પક્ષકારો : એ. રામ મોહન પીટીશનર વિરૂધ્ધ થી પ્રીસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ બેંગ્લોર અને બીજાઓ, પેરા નં-૨૫ પર કરવામાં અવલોકનનો આધાર ટાંકીને શ્રી ગીરીશભાઈએ રજુઆત કરેલ છે કે, જ્યારે મેનેજમેન્ટ કામદારમાંથી વિશ્વાસ ગુમાવે ત્યારે કામદારને પુન: નિયુક્તિનો હુકમ કરવો જોઈએ નહિ (૨) ૧૯૭૨ લેબર એન્ડ ઈન્ડસ્ટ્રીયલ કેસીસ પાના નં ૧૨૬૨, પક્ષકારો : સદર ઓફીસ પગરાપરાના કામદારો અને બીજાઓ અપેલન્ટ વિરૂધ્ધ સદર ઓફીસની મેનેજમેન્ટ અને બીજાઓ રીસ્પોન્ડન્ટ પેરા-૨૬ માં કરવામાં આવેલ અવલોકનના આધારેથી ગીરીશભાઈએ રજુઆત કરેલ છે કે, વિશ્વાસ ગુમાવ્યો હોય તે સંજોગોમાં કામદારને નોકરીમાં પુન: સ્થાપીત કરી શકાય નહિ (૩) ૧૯૭૨ લેબર લો જર્નલ પુસ્તક પાના નં ૫૦૧ એર ઈન્ડીયા કોર્પોરેશન મુંબઈવાલા ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

(૮) અપીલ નં. ૧૫/૮૮ માં રીસ્પોન્ડન્ટ કામદારના વિદ્વાન એડવોકેટશ્રી દેવયાનીબહેન શાહે મારી સમક્ષ નીચે પ્રમાણે રજુઆત કરેલ છે કે, આંક-૪૬ થી મેનેજમેન્ટે મુદ્દામાલ કાપડ રજુ કરેલ છે. તારીખ ૧લી એપ્રિલ ૧૯૮૬ ના રોજ પ્રથમ વખતેજ મુદ્દામાલ કાપડ રજુ કરવામાં આવેલ છે. આંક-૪૮ ની અરજીથી કાપડ રજુ કરવામાં આવ્યું તે સામે વાંધો લેવામાં આવ્યો હતો, પરંતુ નીચલી અદાલતે તે વાંધો ગ્રાહય રાખ્યો ન હતો, અને તે નામંજૂર કર્યો હતો. કાપડ ઘણાં લાંબા સમય પછી આંક-૪૬(૧) થી રજુ કરવામાં આવ્યું તે કાપડ રજુ કરવા દેવાનો નીચલી અદાલતનો હુકમ ભૂલ ભરેલો અને ગેરકાયદેસર છે. કારણકે આંક-૪૬ થી મુદ્દામાલ કાપડ રજુ કરવામાં આવ્યું તેના સમર્થનમાં કોઈ એફીડેવીટ કરવામાં આવેલ નથી. કહેવાનું મુદ્દામાલ કાપડ જમાદારે ક્યા અધિકારીને આપ્યું હતું અને તે અધિકારીએ તે ક્યાં રાખ્યું હતું, અને તે કાપડ તપાસ વખતે રજુ કરવામાં આવ્યું હતુ કે કેમ, તે અંગેની વિગતો રજુ કરવામાં આવેલ નથી. પ્રથમ વખતેજ આંક-૫૨ થી સીક્યોરીટી ઓફીસર શ્રી વિનોદભાઈ સેને મુદ્દામાલ કાપડ બાબતે પોતે મૌખીક પુરાવો આપેલ છે અને મૌખીક પુરાવામાં પેરા-૧૨ માં જણાવેલ છે કે, ખાતાકીય તપાસમાં અને તપાસવામાં આવેલ નથી. કપડું મે બીજા દિવસે લેબર ઓફીસરને જમાદારરીપોર્ટ સાથે આપેલ. અને આ કાપડ કોના કબજામાં હતું અને કોર્ટ રૂબરૂ ક્યા અધિકારીના

કબજામાંથી રજુ કરવામાં આવ્યું તે અંગે કોઈ પુરાવો કે એફીડેવીટ રજૂ કરવામાં આવેલ નથી. આથી આંક-૪૬એ થી રજૂ કરવામાં આવેલ કાપડ રીસ્પોન્ડન્ટ કામદાર પાસેથી મળ્યું હતું તેવું સ્પષ્ટ થતું નથી. કારણ કે તે કાપડ ઉપર રીસ્પોન્ડન્ટ કામદારની સહી નથી. ઉપરાંત તે કાપડ ક્યા તાકામાંથી કાપવામાં આવ્યું તે સાબિત કરવા માટે ખાતાના અધિકારીને તપાસવામાં આવ્યા નથી. કાપડ પર તારીખવાળો સીક્કો મારવામાં આવ્યો છે. જ્યારે આંક-૪૬ (૧) થી રજુ કરવામાં આવેલ કાપડ પર સીક્કો નથી અને તેથી મુદ્દામાલ કાપડ મીલનું કાપડ છે તેવું સાબિત કરવામાં આવ્યું નથી. તે સંજોગોમાં રીસ્પોન્ડન્ટ કામદારે મીલના કાપડની ચોરી કરીને ગંભીર ગેરવર્તણુંક કરી છે તેવું કહી શકાય નહિ. અને જ્યારે કામદાર સામે કહેવાતી ગેરવર્તણુંક સાબિત કરવામાં ન આવે તે સંજોગોમાં કામદારની સામે કોઈપણ પ્રકારની શિક્ષા થઈ શકે નહિ, અને આથી કામદાર સામે કામદારને બરતરફ કરતી જે સજા કરતો હુકમ કરવામાં આવે છે તે તદ્દન ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને રદ થવાને પાત્ર છે. અને તે સંજોગોમાં નીચલી અદાલતનો તે અંગેનો હકમ તદ્દન કાયદેસર અને વ્યાજબી છે અને આથી આ આપીલ રદ કરવી જોઈએ.

શ્રીમતી દેવીયાનીબહેને બીજો મુદ્દો એ ઉપસ્થિત કરેલ છે કે, આંક-૮ થી રજુ કરેલ શો-કોઝ નોટીસનો જવાબ તારીખ ૧૯મી જુલાઈ ૧૯૭૯ ના રોજ એપેલન્ટ મીલ કંપની પર મોકલવામાં આવ્યો હતો. અને તે પત્ર મીલ કંપની પર મોકલવામાં આવ્યો તેના સમર્થનમાં આંક-૮/૩ થી સર્ટીફીકેટ ઓફ પોસ્ટીંગ રજુ કરવામાં આવેલ છે. શ્રી ગીરીશભાઈ વકીલે આંક-૮/૨ થી રજુ કરેલ તારીખ ૧૯મી જુલાઈ ૧૯૭૯ નો પત્ર મીલ કંપનીને મળ્યોજ નથી તેવી મૌખીક રજુઆત કોર્ટ સમક્ષ કરેલ છે. પરંતુ આ પત્ર મળ્યો નથી તેવી કોઈ રજુઆત નીચલી અદાલતના ન્યાયાધીશ સમક્ષ ઉપસ્થિત કરવામાં આવેલ ન હતી, તેમ જયા પત્ર મીલ કંપનીને મલ્યોજ નથી તે બાબતે કોઈ સાક્ષીએ મૌખીક પુરાવો આપેલ નથી. પ્રથમ વારજ આ અપીલમાં દલીલ વખતે જ શ્રી ગીરીશભાઈએ આંક-૮/૨ નો પત્ર મળ્યોજ નથી તેવી રજુઆત કરેલ છે. પરંતુ આંક-૮/૨ નોંધપત્ર મળ્યોજ નથી તેવો મુદ્દો ઉપસ્થિત કરવાનો હોત તો મીલ કંપનીના કાગળો સ્વીકારવાના કર્મચારીનું સોગંદનામું રજ કરવું જોઈએતું હતું અને ઈન્વર્ડ રજિસ્ટર પણ એફીડેવીટ સાથે રજુ કરવું જોઈતું હતું. અને તે જેતે કર્મચારીને નામદાર કોર્ટ સમક્ષ તપાસવા જોઈતા હતા. પરંતુ એવા પ્રકારની કોઈપણ કાર્યવાહી મીલ કંપનીએ કરેલ નથી. અને તેથી અપીલના તબક્કે નવો મુદ્દો ઉભો કરવા માટે, તેમજ તે માટે નીચલી અદાલતમાં આ મુદ્દા અંગે કોઈ સ્પષ્ટ પુરાવો નીચલી અદાલતમાં રજૂ કરવામાં આવેલ ન હોઈ આ અપીલના તબક્કે ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દો ટકી શકતો નથી. તેમ તે નામંજૂર કરવો જોઈએ, નીચલી અદાલતના વિદ્વાન ન્યાયાધિશે એવો સ્પષ્ટ નિર્ણય કરેલ છે કે, તારીખ ૧૯મી જુલાઈ ૧૯૭૯ નો આંક-૮/૨ થી રજુ કરવામાં આવેલ કામદારે લખેલ પત્ર મીલ કંપનીને મળ્યો હતો અને તે પત્ર પર આધાર રાખીને નીચલી અદાલતે ખાતાકીય તપાસ ગેરકાયદેસર ઠેરવી હતી. આથી શ્રી ગીરીશભાઈએ ઉપસ્થિત કરેલ મુદ્દો કોઈપણ રીતે ટકી શકે તેમ નથી. અને તે નામંજૂર કરવો જોઈએ. કાપડ રીસ્પોન્ડન્ટ કામદાર પાસે મળ્યું હતું તે અંગેનો લેખીત રીપોર્ટ સીક્યોરીટી ઓફીસરે મેનેજમેન્ટના કોઈ લેબર ઓફીસરને આપેલ નથી. આંક-૫૨ થી નોંધવામાં આવેલ વિનોદભાઈ જીવણજી દેસાઈ, સીક્યોરીટી ઓફીસરની જબાની અને આંક-૫૩ થી નોંધવામાં આવેલ ધીરૂભાઈની જુબાનીમાં ઘણી વિરોધીભાષા છે. કહેવાતું કબુલાતનામું જે આંક-૧૦/૧ થી રજુ કરવામાં આવેલ છે. તે કબુલાતનામું શ્રી ધીરૂભાઈની હાજરીમાં લખવામાં આવ્યું હતું અને તે કહેવાતા કબુલાતનામાં કોઈપણ જગ્યાએ એવું લખવામાં આવેલ નથી કે, આ કબુલાતનામું શ્રી ધીરૂભાઈની હાજરીમાં લખવામાં આવ્યું હતું. આંક-૧૦/૧ થી રજ કરવામાં આવેલ કહેવાનું

કબુલાતનામું શ્રી વિનોદભાઈના હસ્તાક્ષરમાં લખવામાં આવેલ હતું પરંતુ તે કહેવાતું કબુલાતનામું રીસ્પોન્ડન્ટ કામદારે લખાવ્યું તે પ્રમાણે કરવામાં આવ્યું છે તે પ્રમાણેની રીમાકર્સ લખવામાં આવેલ નથી. કહેવાતું કબુલતનામા પર શ્રી સેન સાહેબની સહી નથી. આમ કહેવાતું કબુલતનામું કાયદેસર નથી. અને તે કહેવાતું કબુલતનામું સાબીત કરવાની જવાબદારી મીલ કંપનીની છે. મુદ્દામાલ અને કહેવાતું કબુલાતનામું સામે જયારે કામદાર તરફે વાંધો લેવામાં આવ્યો હોય તે સંજોગોમાં એપેલન્ટ મીલ કંપનીએ ઉપરોકત બન્ને મુદ્દાઓ સાબીત કરવા જોઈએ. અને કબુલતનામું આપ્યા પછી કામદાર સામે તહોમતનામુંમાં કરવામાં આવેલ આક્ષેપો બાબતે સ્પષ્ટ રીતે કબુલાત કરે તોજ તે કબુલાતનામું કહી શકાય. પરંતુ આ કહેવાતા કબુલાતનામાં આંક-૧૦/૧ થી રજુ કરવામાં આવેલ તે કહેવાતું કબુલાતનામું શોકોઝ નોટીસ આપવામાં આવી તે સમય પહેલાનું છે. કહેવાતા કબુલતનામા ઉપર કામદારની સહી છે તે બાબતે કામદારે ખુલાસો કરેલ છે કે, કામદારની સહી ધાક-ધમકીથી કોરાકાગળ ઉપર સહી લેવામાં આવી હતી. તે ઉપરાંત કબુલતનામું કામદારે રાજી ખુસીથી સમજપૂર્વક આપ્યું હતું અને તે કહેવાતું કબુલાતનામું કામદારે મંજૂર રાખ્યું હતું તેવો સ્પષ્ટ પુરાવો મેનેજમેન્ટ રજૂ કરવો જોઈએ. અને તેવા પુરાવા રજુ કરવામાં આવે તે પછી જ તે કબુલાતનામાં પર આધાર રાખી શકાય. રીસ્પોન્ડન્ટ કામદારે તેની ઉલટ તપાસમાં આંક-૪૬/૧ થી રજુ કરેલ કાપડ જેવું જ કાપડ મીલમાં બનાવવામાં આવે છે. તેવું કહેલું છે. પરંતુ તેવું એટલે કે આંક-૪૬/૧ થી રજુ કરેલ કાપડ એકઝેટલી સેમ કાપડ બનાવવામાં આવે છે તેવું કહી શકાય નહિ. કહેવાતું આંક-૪૬/૧ થી રજૂ કરેલ કાપડ મીલનુંજ કાપડ છે તે સાબિત કરવા માટે ખાતાના અધિકારીને તપાસવા જોઈએ. અથવા બીજા કોઈ જાણકાર અધિકારીને તપાસવા જોઈએ તેમ કરવામાં આવેલ નથી. સાક્ષી શ્રી ધીરૂભાઈ આંક-૫૩માં પેરા નં-૯ માં જણાવેલ હકીકતો પ્રમાણે કાપડની જાતનું લખાણ દર વારે હોય દરેક કાપડના તાકા ઉપર સેટીંગ નંબર, તારીખ અને કાપડની જાત અંગેનું લખાણ લખેલ હોય છે. આંક-૪૬/૧ થી રજુ કરેલ કાપડ પર કોઈ સેટીંગ નંબર લખીને કે સીક્કો મારેલ નથી. તપાસના દિવસે સેન સાહેબે ખાતામાં આવી હસમુખભાઈના ટેબલ ઉપર તપાસ કરેલ હોય તેવી એમની કબુલાત નથી. કે સેન સાહેબ આવ્યા ત્યારે એમને બોલાવવામાં આવ્યા હતા. આમ આંક-૪૬/૧ થી રજુ કરેલ કાપડ મીલનો સીક્કો સેટીંગ નંબર ન હોવાથી તેમજ તે મીલનું કાપડ છે તે સાબીત કરવા માટે કોઈ સાક્ષીને તપાસવામાં આવ્યા ન હોવાથી મુદ્દામાલ કાપડ મીલ કંપનીનું છે તેવું સાબિત કરવામાં આવ્યું નથી. અને તેથી કહેવાતું કાપડ ચોરી કરવાનો આક્ષેપ ટકી શકે તેમ નથી. નીચલી અદાલતે કરેલ હુકમ તદ્દન કાયદેસર અને વ્યાજબી છે. અને નીચલી અદાલતના હુકમમાં કોઈ ખામી નથી. અને તેથી નીચલી અદાલતનો હુકમ માન્ય રાખવો જોઈએ. અને મેનેજમેન્ટની અપીલ રદ કરવી જોઈએ. શ્રીમતી દેવીયાની બેન શાહે તેમણે કરેલ રજુઆતના સમર્થનમાં નીચે પ્રમાણેના ચુકાદાઓ રજુ કરેલ છે. ૧. ૧૯૬૫ લેબર લો જર્નલ પુસ્તક ૨ પાના નં. ૧૦૨ પર છપાયેલ ચુકાદો મારી સમક્ષ રજુ કરેલ છે. અને રજુઆત કરેલ છે કે, ખાતાકીય તપાસ અધિકારીએ જે તે નારવેઝ તારણોના સમર્થનમાં વ્યાજબી કારણો પુરાવાઓ પર આધારીત કારણો આપ્યા ન હોય તો તેવી ખાતાકીય તપાસ કાયદેસર ઠરતી નથી. કારણ કે તપાસી અધિકારીએ કરેલ નિર્ણય કેવી રીતે યોગ્ય અને ક્યા તારણો પર આધાર રાખેલ છે તે અંગેના કારણો ટુંકમાં જણાવવા જોઈએ. પરંતુ આ અરજીમાં ખાતાકીય તપાસ અધિકારીએ જે નિર્ણય તારવેલ છે તે નિર્ણયમાં તપાસ અધિકારીએ કારણોના ફાઈન્ડીંગ બતાવેલ નથી. અને તેથી કહેવાતી તપાસ નીચલી અદાલતે ગેરકાયદેસર ઠરાવેલ છે. અને તદ્દન કાયદેસર અને વ્યાજબી છે.

INDEX

અને તેથી નીચલી અદાલતનો હુકમ મંજુર રાખવો જોઈએ. ૨. ૧૯૮૪ (૨) સર્વિસ લો રીપોર્ટર પાના નં. ૩૫૯ પી. બી. રોચો પીટીશનર વિરુધ્ધ યુનિ. ઈંડીયા અને બીજાઓ રીસ્પોન્ડન્ટ આ ચુકાદા પર આધાર રાખીને શ્રીમતી દેવયાનીબહેને મારી સમક્ષ રજુઆત કરેલ છે કે, કહેવાતા આક્ષેપ સાબિત કરવા માટે જે પુરાવાઓ રજુ કરવામાં આવ્યા હોય તે પુરાવાઓ કહેવાતા આક્ષેપ સંપૂર્ણ પણે સાબિત કરવા માટે પૂરતો અને વ્યાજબી હોવો જોઈએ. પેરા નં. ૧૩ અને ૧૪માં કરવામાં આવેલ અવલોકનોપર આધાર રાખીને શ્રી દેવયાનીબહેને રજુઆત કરેલ છે કે, આપણા કેસમાં પણ તેજ પ્રમાણે પુરાવો રજુ કરવામાં આવેલ છે. અને તે પુરાવો કહેવાતો આક્ષેપ સાબિત કરવા માટે પૂરતો કાયદેસર અને વ્યાજબી નથી. ૩. લેબર લૉ જર્નલ ૧૯૮૯ પાના નં. ૪૦૯ પર છપાયેલ ચુકાદાનાં આધાર રાખી શ્રીમતી દેવયાની બહેને રજુઆત કરેલ છે કે, ખાતાકીય તપાસ ગેરકાયદેસર ઠરવી હોય પરંતુ ખાતાકીય તપાસનો રેકોર્ડ જરૂરી (મટીરીયલ ઓન રેકોર્ડ) કહેવાય અને તેને ધ્યાનમાં લઈ શકાય. આ કેસમાં કામદારની તકરાર હતી કે આ કેસનું ખાતાકીય તપાસના કાગળો ધ્યાનમાં લેવા જોઈએ. આ ચુકાદાના આધારે ખાતાકીય તપાસમાં જણાવવામાં આવેલ હકીકતોએ તપાસના કાગળો ધ્યાનમાં લઈ શકાય અને લેવા જોઈએ. ૧૯૬૩ લેબર લીઝ જર્નલ પુસ્તક ૨ ના પાના નં. ૧૫૮ પર છપાયેલો ચુકાદો ટાંકીને રજુઆત કરેલ છે કે, સ્ટેન્ડીંગ ઓર્ડસમાં પાછલી રેકોર્ડ શિક્ષા કરતી વખતે જોવાની હોય અને જો રેકોર્ડ શિક્ષા કરતી વખતે જોવામાં આવ્યો ન હોય તો તે શિક્ષા રદ બાતલ થાય છે. ૧૯૮૨ એ. આઈ. આર. પાના નં. ૬૯૭ પર છપાયેણ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ટાંકીને રજુઆત કરેલ છે કે, બીજા કારણ દર્શક નોટીસમાં પણ પછીના તબકકે કબુલતનામું હોવા બાબતે ખુલાસો આપી શકાય છે. અને આ ચુકાદામાં જે તે કારણદર્શક નોટીસના જવાબમાં કસુરદાર કામદારે જે ખુલાસો રજુ કર્યો હતો. તે ખુલાસો મંજુર રાખવામા આવ્યો હતો. અને તે આધારે ચુકાદો આપવામાં આવ્યો હતો. ૧૯૮૪, એ. આઈ. આર. પાના નં. ૪૧૮ પર છપાયેલો ચુકાદો ટાંકી રજુઆત કરે છે કે, કબુલતનામું કારણદર્શક નોટીસ આપ્યા પછીનું હોય તે તેમાં તથ્ય છે. તે પહેલાનું કબુલતનામું માત્ર કબુલતનામું જ કહેવાય, અને તેવા કબુલતનામા ઉપર આધાર રાખી હોય તો મેનેજમેન્ટના શિક્ષાત્મક હુકમ ગેરકાયદેસર કહેવાય અને તે રદ કરવો જોઈએ. ૧૯૮૪ ના નામદાર સુપ્રીમ કોર્ટ કેસીસ પાના નં. ૫૬૮ પર છપાયેલો ચુકાદો ટાંકી રજુઆત કરેલ છે કે, દસ્તાવેજી પુરાવાઓ, કોઈપણ હુકમનો ખુલાસો વિલંબીત રીતે અને વિલંબીત તકે રજુ કરવામાં આવે તો તે ખામી મુકત છે. તેમ માની શકાય, તેમણે આંક-૪૬/૧ થી રજુ કરેલ મુદ્દામાલ કાપડ વિલંબીત રીતે અને વિલંબીત તબકકે રજુ કરવામાં આવ્યું હતું અને કયા કારણોસર વિલંબીત રીતે, અને વિલંબીત તબકકે રજુ કરવામાં આવ્યું હતું અને અત્યારસુધી તે કોના કબજામાં હતું તે અંગેની ચોકકસ પૂરાવાઓ રજુ કરવામાં ન આવે ત્યાં સુધી તેવા પુરાવાઓ ઉપર આધાર રાખી શકાય નહિ. ૧૯૮૩ ગુજરાત લો રીપોર્ટર પાના નં. ૧૪૨ પર છપાયેલો ચુકાદો ટાંકી રજુઆત કરે છે કે, લેબર કોર્ટની કાર્યવાહીમાં એવીડન્સ એકટની જોગવાઈઓ લાગુ પડે છે. પરંતુ એવીડન્સ એકટની જોગવાઈઓ લાગુ પાડવા જોઈએ અને દસ્તાવેજો સોગંદનામાથી પુરવાર કરવા જોઈએ. અને પેરા નં. ૧૨માં કરવામાં આવેલ અવલોકન પર આધાર રાખીને રજુઆત કરેલ છે કે, દસ્તાવેજી લખનાર સાક્ષીને કોર્ટ રુબરૂ તપાસવા જોઈએ. અને બીજા પક્ષકારને તેવા કહેવાતા સાક્ષીની ઉલટ તપાસ કરવાની તક આપવી જોઈએ. અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો પ્રમાણેની કાર્યવાહી કરવી જોઈએ અને વિશેષમાં શ્રીમતી દેવીયાની બહેને ભાર પૂર્વક અપીલ નામંજૂર કરવાની રજુઆત કરેલ છે.

INDEX

(૯) અપીલ નં. ૧૬/૮૮ માં ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દાઓ અંગેના સમર્થનમાં શ્રીમતી દેવયાની બહેને શાહે મારી સમક્ષ નીચે પ્રમાણે રજુઆત કરેલ છે. નીચલી અદાલતે તેના તારીખ ૧૧મી જુલાઇ ૧૯૮૮ના હુકમથી અપેલન્ટ કામદારને રીસ્પોન્ડન્ટ મીલ કંપનીમાં પુન:સ્થાપત કરવાનો હુકમ કરેલ છે પરંતુ નીચલી અદાલતે પડેલા દિવસોના પગાર તરીકે ૪૦ ટકા રકમ આપવાની રીસ્પોન્ડન્ટ મીલ કંપનીને હુકમ કરેલો છે. જ્યારે નીચલી અદાલતે અપેલન્ટ કામદારને તેનો અસલ જગ્યા ઉપર પુન:સ્થાપિત કરવાનો હુકમ કરેલ છે તે સંજોગોમાં નીચલી અદાલતે અપેલન્ટ કામદારને ૧૦૦ એ ૧૦૦ ટકા પુરે-પુરા પડેલા દિવસોનો પગાર આપાવવો જોઇતો હતો, કારણ કે રીસ્પોન્ડન્ટ મીલ્સ કંપની એવું સાબિત કરી શકયા નથી કે, વચગાળાના સમય માટે અપેલન્ટ કામદારને કોઇ નોકરી મળી હતી અને તે નોકરીમાંથી અપેલન્ટ કામદારે આવક ઉભી કરી હતી. અપેલન્ટ કામદારે બીજી નોકરી શોધવા પ્રયત્નો કરેલ હતા. પરંતુ અપેલન્ટ કામદારની ઉંમર થઇ જવાથી અપેલન્ટ કામદારને બીજે નોકરી મળેલ ન હતી. પરંતુ અપેલન્ટ કામદારની અરજીનો નિકાલ કરવામાં અદાલતના કામકાજના ભારણને લીધે જે ઢીલ થઇ છે. અને તેથી તે ઢીલનો લાભ નીચલી અદાલતે રીસ્પોન્ડન્ટ મીલ કંપનીને આપ્યો અને કામદારને ન્યાયી અને વ્યાજબી હુકમોથી વંચીત કરતો હુકમ કર્યો તે હુકમ કોઇપણ રીતે કાયદેસર અને વ્યાજબી નથી. અને તે બદલ પણ નીચલી અદાલતનો હુકમ રદ કરવો જોઈએ. ઉપરોક્ત રજુઆતના સમર્થનમાં શ્રીમતી દેવયાનીબેને નીચે મુજબના ચુકાદાથીઓ ટાંકેલ છે. ૧. ૧૯૮૪ સુપ્રીમ કોર્ટ પાના નં. ૯ લેબક ઈન્ડસ્ટ્રીયલ કલોઝ ૭૬ જીતેન્દ્ર રાઠોડ અપેલન્ટ વિરુધ્ધ વૈદ્યનાથ આયુર્વેદ ભવન અને બીજાઓ રીસ્પોન્ડન્ટ ના ચુકાદા પર આધાર રાખીને શ્રીમતી દેવયાનીબેને રજુઆત કરેલ છે કે, ગુનો પુરવાર થયો નથી અને તે સંજોગોમાં પાછલા પગાર કાપી શકાય નહિ. , અને કામદારને પુન:સ્થાપીત કરવામાં આવે તે સંજોગોમાં કામદારને પાછલા પુરેપુરો પગાર આપવાનો હુકમ કરવો જોઇએ. ૧૯૮૨ લેબર એન્ડ ઈન્ડ-સ્ટ્રીયલ કેસીસ પાના નં. ૭૪૭ પર છપાવેલો ચુકાદો ટાંકી રજુઆત કરી છે કે, નીચલી અદાલતે અપેલન્ટ કામદારને પડેલા દિવસોના પુરેપુરો પગાર આપવાનો હુકમ કરવો જોઈતો હતો.

(૧૦) આ અપીલમાં રીસ્પોન્ડન્ટ મીલ કંપનીના વિદ્વાન એડવોકેટ શ્રી ગીરીશભાઇ વકીલે મારી સમક્ષ રજુઆત કરેલ છે કે અપેલન્ટ કામદારે તેની કોર્ટ રૂબરૂ થયેલ જુબાની આંક-૬૬ માં ઉલટ તપાસમાં પેરા- નં. ૧૪ માં એ પ્રમાણેની હકિકત જણાવી છે કે, મેં શાકભાજી વેચવાનો ધંધો શરૂ કરેલ ૨-૪ દિવસ ધંધો કરેલ. તે સિવાય કોઇકામ કરેલ નથી. કામ શોધવા ગયેલ પણ મળેલ નથી. કામ શોધવા ગયા તેની કોઇ પુરાવા લેખિત રજુ કરેલ નથી. કયાં ગયા કોની પાસે ગયા તે જણાવેલ નથી. સુરતમાં કાપડ વણવાનો ધંધો ધણો વિકસેલ છે. અરજદાર બે પ્રકારનું કામ કરતા હતા તે પ્રકારનું કામ સુરતમાં ધણી જગ્યાએ થાય છે. ત્યાં તપાસ કરેલ નથી. ઉપરની હકિકત પર આધાર રાખીને શ્રી ગીરીશભાઇએ ભાર પૂર્વક રજુઆત કરેલ છે કે, અપેલન્ટ કામદારે બીજે નોકરી મેળવવાનો પ્રયત્ન કરેલ નથી. કારણ કે અપેલન્ટ કામદારે કયાં કયાં પ્રયત્નો કયાં, કોને મળ્યા હતા, તેની કોઈ વિગતો રજુ કરેલ નથી. તે ઉપરાંત અપેલન્ટ કામદારે સુરત શહેરમાં કાપડનાં ધંધો ધણો વિકસેલ છે. જો કામદારે બીજે નોકરી મેળવવા પ્રમયત્ન કરેલ હોત તો અપેલન્ટ કામદારને બીજુ કામ જરૂર મળ્યું હોત, પરંતુ આ અરજી નામદાર અદાલતમાં ચાલુ હતી અને તે સંજોગોમાં કામદારને પગાર મળવાનો જ છે તેવો આધાર રાખીને કામદારે બીજે નોકરી

INDEX

મેળવવાના કોઈ પ્રયત્ન કર્યા નથી. અને જ્યારે કામદારે બીજે નોકરી મેળવવા પ્રયત્ન
કર્યા ન હોય તેવા સંજોગોમાં કામદાર પાછલા દિવસોનો પુરેપુરો પગાર મેળવવા હક્કદાર
નથી. નીચલી અદાલતે પાછલા પગાર તરીકે જે હુકમ કરેલ છે. તે હુકમ તોંન કાયદેસરનો
અને વ્યાજબી છે. અને તેથી અપેલન્ટ કામદારની અપીલ રદ કરવી જોઈએ.

(૧૧) આંક-૭/૩ થી રજુ કરવામાં આવેલ શોકોઝ નોટીસમાં ઠરવામાં આવેલ આક્ષેપો
મીલ કંપનીએ સાબીત કર્યા છે છે કે કેમ ? તે નક્કી કરવાનું રહે છે. આંક-૭/૩ થી રજુ
કરેલ શોકોઝ નોટીસમાં અરજદાર કામદાર સામે આક્ષેપો કરવામાં આવ્યાં છે કે, "તમો
તારીખ ૧લી જુલાઈ ૧૯૭૯ ના રોજ રવિવારના દિવસે પહેલી પાળીમાં ૧૧ વાગ્યાની
રીસેસ વખતે મીલની બહાર જતી વખતે સીક્યોરીટી ખાતાના જમાદારે તમારી મીલના દરવાજા
પર ઝડતી લેતા તમોએ ચોરી છુપીથી પાટલુન નીચે સંતાડેલ પોલીસ્ટર કાપડનું પેન્ટપીશ
૧ મીટર ૨૦ સે. મી. જેની કિંમત આશરે રૂા. ૯૦ છે તે મળી આવ્યું હતું. આ અંગે
તમોએ લેખીત કબુલાત પણ આપેલ છે. આંક-૭/૩ થી રજુ થયેલ શોકોઝ નોટીસ કામદારના
ઘરના સરનામે આર. પી. એ. ડી થી મોકલવામાં આવેલ છે. આંક ૭/૪ થી રજુ કરવામાં આવેલ
આર. પી. એ, ડી. ની પહોંચ પ્રમાણે શો કોઝ નોટીસ અરજદાર કામદારને તારીખ ૩ ૩મી જૂલાઈ
૧૯૭૯ના રોજ આવી હતી. અરજદાર કામદારની રજુઆત પ્રમાણે તેઓએ નોટીસનો જ... । આંક ૮/૨
થી રજુ કરેલ છે. અને તે તારીખ ૧૯મી જૂલાઈ ૧૯૭૯ના પત્ર મારફતે આપેલ હતી. આંક ૮/૨
થી રજુ કરવામાં આવેલ જવાબમાં અરજદારે જણાવેલ છે કે, આપની તારીખ ૨જી જૂલાઈ ૧૯૭૯ની
કારણદર્શક નોટીસ મને મળી છે. તેના જવાબમાં નમ્રતાપૂર્વક જણાવવાનું કે, વગેરે......આમ
શોકોઝ નોટીસનો જવાબ કામદારે આંક ૮/૨થી રજુ કરેલ છે. તેના જવાબ તેમણે આપેલ છે.
મીલ કંપનીની રજુઆત છે કે, મીલ કંપનીએ આંક ૮/૨ થી રજુ કરેલ કામદારનો જવાબ મલયો
નથી. આંક ૮/૨ની રજુ કરેલ પત્ર મીલ કંપનીના મેનેજર પર અંડર સર્ટી. ઓફ પોસ્ટીંગ મારફતે
મોકલવામાં આવેલ હતો. સર્ટીફીકેટસ ઓફ પોસ્ટીંગ આંક ૮/૧ થી રજુ કરવામાં આવેલ છે.
અંડર સર્ટીફીકેટસ ઓફ પોસ્ટીંગ જયારે ટપાલમાં મોકલવામાં આવે. ત્યારે અને અંડર સર્ટીફીકેટસ
ઓફ પોસ્ટીંગનું સર્ટીફીકેટસ રજુ કરવામાં આવે ત્યારે તે ટપાલ અધિકારીને મળી આવી હશે. એવી
ધારણા કરવામાં આવે છે. આ બાબતે આંક ૧૩ની અરજદારની જુબાનીની પાના નં. ૨ના પાછળની
ભાગે નીચે મુજબ જણાવવામાં આવે છે કે, "૧૯ થી ૨૫ની રજા મે લીધેલ નથી કાગળની નકલ
અમારી પાસે છે. ફાઈલમાં છે. નકલ મે જાતે કરેલ હું રજુ કરીશ. (ફોટો કોપી નં. ૮/૧ થી રજુ
કરી છે. તેથી અસલ રજુ કરવાની અગ્રહ વેરીફાય કર્યા પછી રાખતા નથી) હુ માનુ છું કે, કાગળ
મળેલો જ હશે" આંક ૮/૨ થી રજુ કરેલ કાગળ કપનીને મલયો નથી તે બાબતે ઈન્વર્ડ કલાર્કના
એફીડેવીટ રજુ કરેલ નથી. ઈન્વર્ડ રજીસ્ટર રજુ કરવામાં આવેલ નથી. નીચલી અદાલતે આ અંગે
આંક ૨૩થી રજુ કરેલ હુકમમાં નીચે પ્રમાણેનો નિર્ણય આપેલ છે. પાન નં. ૧૪૫૨ નીચે પ્રમાણે
અવલોકન કરેલ છે. "અરજદારે આંક ૮/૨ થી સામાવાળાને તારીખ ૧૯મી જૂલાઈ ૧૯૭૯ના રોજ
યુ. પી. સી. પત્ર લખેલ છે. તે પત્ર આંક ૮/૨ થી રજુ છે. અને તે પત્ર સામાવાળાને યુ. પી. સી.
થી મોકલવાની પાવતી આંક ૮/૧ થી રજુ કરવામાં આવી છે. તે પાવતી ઉપર તારીખ ૧૯મી જુલાઈ
૧૯૭૯ની ભવાની રોડ સુરતની પોસ્ટનો સીક્કો છે અને તે સામાવાળાને મોકલેલ હોવાનું સરનામું છે.
તે જોતાં પણ એ સ્પષ્ટ વાત છે કે તારીખ ૧૯મી જૂલાઈ ૧૯૭૯વાળી પત્ર અરજદારે સામાવાળાને
વિના વિલંબે લખેલ છે. અને તે પત્રમાં સ્પસ્ટપણે જણાવેલ છે કે. તા. ૧૦મી જુલાઈ, ૧૯૭૯ ।
રોજ તમણે તપાસ રાખેલ છે. તેણં પત્રમાં જણાવેલ છે. પરંતુ તા. ૧૭મી જુલાઈ, ૧૯૭૯ના
રોજ તેમને પત્ર મળ્યો હોવાથી તા. ૧૦મી જુલાઈ, ૧૯૭૯ના રોજ તપાસમાં હાજર થઈ શકેલ નથી.

આમ નીચલી અદાલતે આંક ૮/૨નો પત્ર મીલ કંપનીને મળ્યો હતો, તેવું તારણ તારવેલ છે તેમાં કોઈ કાયદાની ભૂલ હોય તેવું જણાતુ નથી અને તે બાબતની શ્રી ગીરીશભાઈની રજુઆત સામે હું સંમત થતો નથી. શોકોઝ નોટીસ આપાનાર ખાતાકીય તપાસ કરનાર અધિકારી અને મીલ મેનેજર શ્રી રજનીકાંત શેઠ તપાસ કરતા પહેલા શોકોઝ નોટીસ અરજદારને મળેલ હતો કે કેમ તે અંગેની તકેદારી રાખેલ નથી. તારીખ ૧૦મી જુલાઈ ૧૯૭૯ના રોજ તપાસમાં અરજદાર શા માટે હાજર રહયા ન હતા, અને અરજદારને શોકોઝ નોટીસ તા. ૧૦મી જુલાઈ ૧૯૭૯ના પહેલા બજાવવામાં આવી હતી કે કેમ તે અંગે ખાતરી તપાસ કરનાર અધિકારીએ કરેલ ન હતી. અને આંક ૭/૯/૧ થી રજુ કરેલ તપાસ અધિકારીની ફાઈન્ડીગમાં તપાસ અધિકારીએ એવું અવલોકન કરેલ છે કે, તા. ૨જી જુલાઈ ૧૯૭૯ના રોજ કરેલ કારણદર્શક નોટીસ હસમુખલાલ છગનલાલ નોકરી પર ન હોવાથી ઘરના સરનામે આર. પી. એડી. થી મોકલી હતી. તે તપાસ તારીખ ૧૦મી જુલાઈ, ૧૯૭૯ના રોજ રાખવામાં આવી હતી. પરંતુ તે રોજ તપાસમાં શ્રી એસ. હસમુખલાલ હાજર રહેલ ન હતા. હસમુખલાલને તારીખ ૧૭મી જુલાઈ, ૧૯૭૯ના રોજ નોટીસ મળેલ છે તેની પહોચ એમને પાછળથી મળેલ છે. આથી તા. ૨૩મી જુલાઈ ૧૯૭૯ના રોજ તપાસ હવે યોજનાર છે એમ જણાવતો પત્ર આર. પી. એ. ડી.થી અરજદારના ઘરના સરનામે તા. ૧૯મી જુલાઈ, ૧૯૭૯ના રોજ કરેલ હતો વગેરે...ખાતાકીય તપાસ તારીખ ૨૩મી જુલાઈ ૧૯૭૯ના રોજ રાખવામાં આવેલ છે. તે અંગેની જાણ કરતાં પત્ર તારીખ ૧૯મી જુલાઈથી ૧૯૭૯ના રોજ આર. પી એ. ડી.થી ઘરના સરનામે મોકલી હતી. તે આર. પી એ. ડી. નો પત્ર મીલ કંપની ઉપર તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૭૯ ના રોજ પરત આવ્યો હતો. છતાં પણ તપાસ અધિકારીએ તારીખ ૨૩મી જુલાઈ ૧૯૭૯ના રોજ ખાતાકીય તપાસ અરજદારની કામદારની ગેરહાજરીમાં એકતરફી કરી હતી. ખાતાકીય તપાસ ગેરકાયદેસર અને અન્યાયી આંક ૨૩ના હુકમથી નીચલી અદાલતે ઠેરવેલ છે. તે હુકમમાં તારવેલ તારણી તદન કાયદેસર અને વ્યાજબી છે. અતે હુકમના કોઈપણ પ્રમાણના કાયદાની હકીકતોની ખાયી નથી. અને તેથી હું એવા નિર્ણય પર આવું છું કે, ખાતાકીય તપાસ કાયદેસર અને વ્યાજબી નથી તેવું ઠરાવતી નીચલી અદાલતનો હુકમ તદન કાયદેસર અને વ્યાજબી છે. અને તે અંગેની શ્રી ગીરીશભાઈની રજુઆત સાથે હું સંમત થતો નથી.

કહેવાતા કબુલાતનામાની નકલ શોકોઝ નોટીસ સાથે અરજદરાને મોકવામાં આવી ન હતી. તે સ્પષ્ટ છે. તપાસ અધિકારીએ તપાસ કરવાનો માત્ર ડોળ કરેલ છે. તપાસ અધિકારીએ જે ફાઈન્ડીગ્સ તારવેલ છે તેમાં પણ સ્પસ્ટતા કરેલ નથી. અને વિગતવાર હુકમ કરેલ નથી. મુદામાલ ચોરી કરાયેલ કાપડ પ્રથમ વખતેજ આંક ૪૬/૧થી રજુ થયું મુદામાલ ચોરી કરાયેલકાપડ ખાતાકીય તપાસમાં રજુ કરવામાં આવ્યું ન હતું ખાતાકીય તપાસમાં ચોરી કરાયેલ કાપડ બાબતે કોઈ નિવેદન રજું કરવામાં આવ્યુ નહતું. મુદામાલ કાપડ પર અરજદાર કામદાર હસમુખલાલ છગનલાલની સહી નથી. ઝડતી કરી તે વખતે જે વોચમેન હાજર હતા તેઓની પણ સહી નથી. ખાતાની પ્રતિનિધિ શ્રી ધીરૂભાઈની સહી નથી.આંક ૪૬/૧થી રજુ થયેલ કાપડ પ્રથમ વખતે નીચલી અદાલતમાં તા. ૧લી જુલાઈ, ૧૯૮૬ના રોજ રજુ કરવામાં આવ્યું તે કાપડ બનાવતા ૧લી જુલાઈ, ૧૯૭૯ના પછી કોના કબજામાં હતું તે અંગેની કોઈપુરાવા રજુ કરવામાં આવેલ નથી. તે બાબતની કોઈએ ફજાક કે રજુ કરવામાં આવેલ નથી. અરજદાર કામદારના વિધ્વાન એડવોકેટ વાંધી લીઘેલ હોવા છતાં પણ નીચલી અદાલતે આંક ૪૬/૧ થી રજુ કરેલ કાપડ રજુ કરવા દેવાની હુકમ કર્યો હતો તે હુકમ તે ભૂલ કરેલો છે. કારણકે તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૭૯ના રોજથી મુદામાલ કાપડ તા. ૧લી એપ્રિલ, ૧૯૮૬ના રોજ આંક ૪૬/૧ થી કોર્ટમાં રજુ કર્યુ ત્યાં સુધી કરવાનું કાપડ કોના કબજામાં હતુ તે અંગેની કોઈ એફીડેવીટ રજુ કરેલ નથી. ખાતાકીય

તપાસમાં પણ તે કાપડ રજુ કરવામાં આવ્યું ન હતું. આમ મુદામાલ કાપડ ખાતાકીય તપાસનો ભાગ નથી તે સંજોગેમા તે કાપડ કોના કબજામાં હતું. તે અંગેની એફીડેવીટ રજુ કરવી જોઈ હતી. આથી આ બાબતે હું એવા નિર્ણય પર આવું છું કે નીચલી અદાલતે આંક ૪૬/૧ નું કાપડ રજુ કરવા દેવાની જે હુકુમ કરેલ છે તે હકુમત ભૂલ ભરેલ છે.

અરજદાર કામદાર કહેવાના કાપડ ચોરીના લઈ જતા પકડાયા હતા તેવો ગંભીર ગુનો સાબિત કરવા માટે નજરે જોનાર સાક્ષીઓને મીલ કંપનીએ તપાસ્યા નથી. ઝડતી કરી તે વખતે કાપડ સાથે અરજદાર પકડાયા તે સાબિત કરવા માટે પોલીસ ફરીયાદ કરવામાં આવેલ નથી. મુદ્દાંમાલ કાપડ ઉપર અરજદાર કામદારની સહી લેવામાં આવેલ નથી. ખાતાના પ્રતિનિધિ શ્રી ધીરૂભાઈની સહી કરવામાં આવેલ નથી. મીલ કંપનીને લાગુ પડતા સ્થાપી હુકમો પ્રમાણે ઝડતી વખતે બે ઈસમોની હાજરીમાં કરવાની હોય છે. કાયદેસરની ઝડતી સાબિત કરવા માટે તે બે ઈસમોને તપાસવા જોઈતા હતા. મીલકપનીએ ઝડતી બાબતમાં ફક્ત શ્રી દેવીપ્રસાદને તપાસેલા છે. દેવીપ્રસાદ સિવાય બીજા બે વોચમેનોને જેઓ હાજર હતા તેઓને ખાતાકીય તપાસમાં તેમજ કોર્ટ રૂબરૂની તપાસમા તપાસ્યા નથી. શ્રી દેવીપ્રસાદનો રીપોર્ટ આંક ૧૦/૨ થી રજૂ કરવામાં આવેલ છે. તેમાં ફીલામેન્ટ કાપડ નંબર ૯૧૧ હતું. તેની કિંમત આશરે ૭૦-૭૫ રૂપિયા હોવાનુ જણાવેલ હતું અને તે કાપડ મે સિક્યોરીટી ઓફીસર સાહેબને સુપરત કર્યું હતું. એવુ લખેલ છે. જયારે કામદારને આપવામાં આવેલ આંક ૭/૩થી રજૂ કરલામાં આવેલ શોકોઝ નોટીસમાં પાટલુન નીચે સંતાડેલ પોલીસ્ટર કાપડનો પેન્ટ પીસ ૧ મીટર ૨૦ સે. મી. જેની કિંમત આશરે ૯૦/- છે. જે મળી આવ્યું હતું. તે પ્રમાણે લખેલ છે. આમ શ્રી દેવીપ્રસાદના રીપોર્ટમાં કાપડનું વર્ણન ફીલામેન્ટ તરીકે કરવામાં આવ્યુ છે. જયારે શોકોઝ નોટીસમાં કાપડ પોલીસ્ટર પ્રકારનું હતું કિંમત આશરે ૯૦/ વિગેરે હક્કિત જણાવેલ છે. આમ શ્રી દેવીપ્રસાદ ના રીપોર્ટમાં લખેલ હકીકતો શોકોઝ નોટીસમાં લખેલ હકીકતો કરતા જુદા પડે છે. આંક ૪૬/૧ ની રજુ થયેલ કાપડ પોલીસ્ટર કાપડ છે. તે સાબિત કરવા માટે ખાતા અધિકારીને તપાસવામાં આવ્યા નથી. મુદ્દામાલ કાપડ કયા તાકામાથી કાપવામાં આવ્યું હતું. તે તાકો પણ રજ કરવામાં આવ્યો નથી. ચોરીનો આક્ષેપ સાબિત કરવા માટે બધાં આંકડાઓ મેળવવા જોઈએ. કારણકે આ કેસમાં પડેલી હકીકતો પ્રમાણે અરજદાર કામદાર કાપડ ચોરી જતાં પકડાયા હતા તે બાબતે કોઈ પોલીસ ફરીયાદ કરવામાં આવેલ નથી. કહેવાનુ કબુલાતનામું જે આંક ૧૦/૧ થી રજાું કરવામાં આવ્યું છે તે કહેવાતું કબુલાતનામુ લખીને સીકયોરેટી ઓફીસર શ્રી વિનોદભાઈ જી. દેસાઈને લખેલુ તેવો રીમાકર્સ લખાવામાં આવેલ નથી. આ કહેવાનુ કબુલાતનામુ કામદારના કહેવા પ્રમાણે લખવામાં આવેલ તેવી રીમાર્કસ લખવામાં આવેલ નથી. અને તેના ઉપર ખાતાના પ્રતિનિધિ શ્રી ધીરૂભાઈની સહી અરજદારની હાજરીમાં અને અરજદારને આ લખાણ કબુલ મંજર રાખ્યું છે. તે બદલ લેવામાં આવેલ છે. તેવો કોઇ રીમાર્કસ સીકયોરીટી ઓફીસરે કરેલ નથી. કહેવાતા કબુલાતનામા ઉપર સીકયોરીટી ઓફીસરની સહી નથી. કહેવાનુ કબુલાત-નામું તારીખ ૧લી જુલાઈ ૧૯૭૯ના પછી કોના કબજામાં હતું તે અંગેનો પુરવો રજુ કરવામાં આવ્યો નથી. અરજદાર કામદારને કહેવાતું આ કબુલાત નામું કબુલ મંજૂર રાખ્યું નથી. અરજદારની રજુઆત પ્રમાણે તેમની સહી તેમને માર મારવાની ધમકી આપીને લેવામાં આવી હતી. કબુલાતનામુ સુપ્રત કરવા માટે અરજદાર કામદારે રાજીખુશીથી કબુલાત નામુ લખી આપ્યું હતું તેવો પુરાવો રજુ કરવામાં આવેલ નથી. કાપડ અરજદાર કામદારના શરીર પરથી નીકળ્યું હતું તે બાબતનું પંચનામુ કરવામાં આવ્યું નથી. કાપડ અરજદારના શરીર પરથી નીકળ્યું હતું તે અંગે દેવીપ્રસાદ જમાદાર સાથે બીજા વોચમેનોને તપાસવામાં આવ્યા નથી. વોચમેનો કંપનીની

નોકરીમાં હયાત હતા અને છે. તેઓને ન તપાસવ નું કોઈ વ્યાજબી કારણ કંપનીએ આપેલ નથી. અને આ અરજી શ્રી આઈ. આર. એકટ હેઠળ છે. પરતુ આ કેસની હક્કિતો જોતાં એ ફોજદારી ગુનાના કેસ જેવો છે. અનુસાંગિક પુરાવાઓ રજુ કરવામાં આવ્યા નથી. તે સંજોગોમાં કહેવાતી ચોરીનો ગુનો આનુસાંગિક બાબતોથી સ્પષ્ટ થવો જોઈએ. કહેવાતું કાપડ લઈ જતી વખતે અરજદાર કામદાર પકડાયા હતા તે સાબિત કરવા માટે દેવીપ્રસાદ સાથે બીજા કોઇ વોચમેન નજરે જોનાર સાક્ષીને તપાસવામાં આવ્યા નથી. ફોજદારીની ગુનો પુરેપુરી રીતે સાબિત કરવો જોઇએ. ખાતાકીય તપાસ ગેરકાયદેસર ઠરાવવામાં આવી છે તે પછી મીલ કંપનીએ કામદાર સામેનો આક્ષેપ પુરવાર કરવા માટે દેવીપ્રસાદને આંક ૪૯ થી વિનોદભાઇ દેસાઈને આંક-પર થી અને શ્રી ધીરૂભાઈને આંક-પ૩થી તપાસેલા છે. અરજદાર કામદારે પોતાની જુબાની આંક-૬૬થી આપેલ છે. કાપડ અરજદાર પાસેથી મળ્યુ હતું તે સાબિત કરવા માટે વિનોદભાઈ દેસાઈ, અને શ્રી ધીરુભાઈની જુબાની કોઈપણ રીતે ઉપયોગી નથી. કારણ કે તે બંને સાક્ષીઓ ઝડતી વખતે હાજર હતાં નહિ. કહેવાતી ઝડતી લેવામાં આવી તે વખતે બે વોચમેનો હાજર હતા, અને તે બે વોચમનોને ખાતાકીય તપાસમાં કે કોર્ટ રુબરુ તપાસેલા નથી. શા માટે તપાસ-વામાં આવ્યા નથી. તે અંગેના કોઇ વ્યાજબી કારણો આપવામાં આવેલ નથી. નજરે જોનાર સાક્ષી શ્રી દેવીપ્રસાદ છે. દેવીપ્રસાદ અને અરજદાર કામદાર વચ્ચેના સંબંધો બગડેલા છે. કારણ કે દેવીપ્રસાદ અરજદાર કામદાર પાસેથી પૈસા ઉછીના લેતાં હતા. અને પૈસાની લેવડદેવડમાં બંને વચ્ચે ઝગડો ઉપસ્થિત થયો હતો. અને અરજદારને રજુઆત પ્રમાણે અરજદારને હેરાન કરવા માટે જ દેવીપ્રસાદે ખોટો બનાવ ઊભો કર્યા હતો.. કાપડની ચોરીનો આક્ષેપ સાબિત કરવા માટે મુદામાલ કાપડ મીલનુંજ કાપડ છે. તે અંગેના પુરાવા રજુ કરવા જોઈએ. આમ મીલ કંપની અરજદાર સામેના આક્ષેપ પુરવાર કરવા માટે નજરે જોનાર સાક્ષીને તપાસ્યા નથી અને તેથી કહેવાતા આક્ષેપ સાબિત થયો છે તેવું નિશંકપણે સાબિત થતું નથી. કહેવાતું મીલનું કાપડ કયા તાકામાંથી કાપવામાં આવ્યું હતું તે સાબિત કરવા માટે ખાતાના અધિકારીને તપાસ્યા નથી. ખાતાના બીજા કોઇ કારીગરી તપાસ્યા નથી. આખેઆખો તાકો રજુ કરવામાં આવ્યો નથી. કાપડ ઉપર સીકયોરીટી ઓફીસરની રીમાર્કસ નથી. દેવીપ્રસાદની કહેવાતા રીપોર્ટ જેમાં આંક ૧૦/૨ થી રજૂ કરવામાં આવેલ છે. તે રીપોર્ટ પર સીક્યોરીટી ઓફીસર શ્રી સેન સાહેબની સહી નથી. સેન સાહેબના કહેવા પ્રમાણે સીકયો-રીટી ઓફીસરની રીપોર્ટ તેમણે લેબર ઓફીસરને આપ્યો હતો. તે સાબિત કરવા માટે ખાતાકીય તપાસમાં કે કોર્ટ રુબરુ લેબર ઓફીસરને તપાસવામાં આવ્યા નથી. અરજદારની ફોજદારી ગુનો સાબિત કરવા માટે બધી કડીઓ મેળવવી પડે. સહેજ પણ પોલાણ ચલાવી શકાય નહીં. અરજદાર કામદાર ૨૩ વર્ષથી કામ કરતા હતા. તેમનો પાછલો રેકર્ડ ચોખ્ખો છે. અરજદારે પહેલાં આવા પ્રકારનો કોઈ ગુનો કરેલ નથી. આ સંજોગોમાં અરજદાર કામદાર સામે જે પ્રકારની ચોરીનો આક્ષેપ કરવામાં આવ્યો છે તે આક્ષેપ નિશંક સાબિત થવો જોઈએ. ખાતાકીય તપાસમાં નજરે જોનાર બે વોચમેન કોર્ટ રુબરુ તપાસ્યા નથી. શા માટે તે અગત્યના સાક્ષી તપાસવામાં આવ્યા નથી. તે અંગેનો કોઇ રીપોર્ટ વ્યાજબી ખુલાસો મીલ કપનીએ આપેલ નથી. તે બંન્ને વોચમેનો મીલના સાક્ષીઓ છે તેથી આક્ષેપ વહોરી લઈને પણ ગુનો સાબિત કરવા માટે નજરે જોનાર સાક્ષી તપાસવા જોઈતા હતા. મીલ કંપનીએ અગત્યના નજરે જોનાર સાહેદની બે અગત્યની કડીઓ જતી કરી છે. તેથી ગુનો સાબિત કરવામાં આવ્યો છે તેવું માની શકાય નહિ. ફકત દેવીપ્રસાદની જુબાની પર બીજા આનુસાંગિક પુરાવાઓની ગેરહાજરીમાં આધાર રાખી શકાય નહિ. મીલ કંપનીએ રજુ કરેલ પુરાવા ઉપરથી ગુનો સાબિત થયો છે તેવો નિર્ણય લઈ શકાય નહિ.

INDEX

આંક ૮/૨ થી રજુ કરેલ કાગળો મીલ કંપનીને મળ્યો નથી તેવી રજુઆતના સમર્થનમાં એવી પણ રજૂઆત કરવામાં આવેલ છે કે, આંક ૮/૨ના કાગળમાં પ્રથમ વખતેજ સીક્યુરીટી ખાતાના જમાદાર દેવીપ્રસાદ તેમની સાથેના બગડેલા સંબંધોને લીધે ખોટું તહોમત મુકેલ છે. આંક ૮/૨નો પત્ર મીલ કંપનીને મળ્યો નથી તેથી આંક ૮/૨માં લખેલ ખોટો આક્ષેપ અને કંપનીને બંધનકર્તા નથી. આંક ૮/૨ સિવાય દેવીપ્રસાદ સાથે બગડેલો સંબંધ હતો તેવી નોંધ આંક ૧ની અરજીમાં આંક ૧૪/૧થી રજૂ કરેલ વિનંતિ પત્રમાં કરવામાં આવેલ નથી. અરજદારે કામદારે પ્રથમ વખતેજ તેની કોર્ટ રુબરુમાં જુબાનીમાં આંક ૧૩માં તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૧૯૮૩ના રોજ આશરે ૪ વર્ષ પછી રાજીનામું લખાવી લીધાનું કલ્પના બહારનો બનાવ બન્યો, ગાળાગાળી કરી માર માર્યાનું સહન, ન થતાં રાજીનામું લખી આપ્યું તેવો કેસ રજુ કર્યો છે. આથી અરજદારની આંક ૧૩ની જુબાની માની શકાય નહિ. આંક ૧૪/૧ થી રજુ કરવામાં આવેલ વિનંતિ પત્ર જોવામાં આવે તો તેમાં વિનંતિ પત્ર નં. ૨માં નીચે પ્રમાણે હકીકતો જણાવી છે. “ઉપર મુજબ હકિકત હોવા છતાં મારી ઉપર તારીખ ૨જી જુલાઈ ૧૯૭૯ની કારણદર્શક નોટીસ આપી ખોટું તહોમતનામું મુકવામાં આવેલું. આ પત્ર મને તારીખ ૧૦મી જુલાઈ ૧૯૭૯ના રોજ તપાસમાં હાજર થવાનું જણાવવામાં આવેલું પણ મને એ પત્ર છેકતારીખ ૧૭મી જુલાઈ ૧૯૭૯ના રોજ મળેલો, એટલે મેં તારીખ ૧૯મી જુલાઈ ૧૯૭૯ના પત્રમાં ખુલાસો કરીને જણાવેલું કે મારા પર સીક્યુરીટી ખાતાના દેવી પ્રસાદ ગાયત્રી પ્રસાદ જમાદારે તેની સાથેના મારા બગડેલા સંબંધોને લીધે ખોટું તહોમતનામું મુક્યુ છે. હું કોઈ માલ કદાપી સંતાડીને લઈ ગયો નથી કે તેવી રીતે માલ લઈ જવાનો પ્રયત્ન મેં કર્યો નથી. એટલુંજ નહીં પણ તારીખ ૧૯મી જુલાઈ ૧૯૭૯થી તારીખ ૨૫મી જુલાઈ ૧૯૭૯ સુધી હું મારા કૌટુંબીક કારણસર પાદરા ખાતે રોકાનાર છું તેથી તારીખ ૨૫મી જુલાઈ ૧૯૭૯ પછી મારી તપાસ રાખવા વિનંતી કરેલી. આમ વિનંતી પત્રમાં દેવી પ્રસાદ સાથે બગડેલા સંબંધો હતા તેવો ઉલ્લેખ કરેલ છે. આથી હું આ અંગેની શ્રી ગીરીશભાઈ વકીલની રજુઆત સાથે સંમત થતો નથી.

શ્રી ગીરીશભાઈએ એવી પણ રજુઆત કરેલ છે કે સામાવાલા મીલ કંપનીએ અરજદારમાંથી વિશ્વાસ ગુમાવ્યો છે. આથી અરજદાર કામદાર નોકરીમાં પુનઃ સ્થાપન કરવા જોઈએ નહિં પરંતુ કામદારને ન્યાય આપવા માટે વ્યાજબી વળતર આપવું જોઈએ. આ મુદ્દાના સમર્થનમાં શ્રી ગીરીશભાઈએ નીચે પ્રમાણેના ચુકાદાઓ ટાંકેલ છે. ૧૯૮૬ લેબર એન્ડ ઈન્ડસ્ટ્રીયલ કેસ પાન નં. ૧૮૦૫, પક્ષકાર એ, રામમોહન પીટીશનર વિરૂધ્ધ પ્રીસાઈડીગ ઓફીસર લેબર કોર્ટ બેગ્લોર અને બીજાઓ ૧૯૭૨ લેબર એન્ડ ઈન્ડસ્ટ્રીયલ કેસીસ પાના નં. ૨૦૬૨ સદર ઓફીસના કામદારો જુનામા ધારા વિરૂધ્ધ મેનેજમેનેટ ઓફ સદર ઓફીસ અને બીજાઓ રીસ્પોન્ડન્ટ, ૧૯૭૨ લેબઆઈ ૧૨૩૦ કામીનદાસ ચૌધરી વિરૂધ્ધ વેસ્ટ બેંગાલ અને બીજાઓમાં આપેલ ચુકાદા પર આધાર રાખીને શ્રી ગીરીશભાઈએ એવી રજુઆત કરેલ છે કે સામા મીલ કંપનીએ અરજદાર કામદારમાંથી વિશ્વાસ ગુમાવ્યો હોવાથી કોઈપણ સંજોગોમાં કામદારને નોકરીમાં પુનઃ સ્થાપિત કરવાનો હુકમ કરવો જોઈએ નહી. શ્રી ગીરીશભાઈની રજુઆતના વિરૂધ્ધમાં કામદારના વિદ્વાન એડવોકેટ શ્રીમતી દેવયાની બેન શાહે એવી રજુઆત કરી છે કે વિશ્વાસ ગુમાવ્યા બાબતો મુદ્દો ફક્ત કાયદાનો મુદ્દો નથી કામદાર ક્યા હોદ્દા અને કઈ હેસીયતમાં કામ કરતા હતા અને કંપનીએ તેમાં શું વિશ્વાસ રાખ્યો હતો, અને વિશ્વાસ ગુમાવવાનું ક્યું કારણ ઉપસ્થિત થયું હતું. વિગેરે હકીકતો પુરાવાઓમાં રજુ થવી જોઈએ. મીલ કંપનીએ એપેલન્ટ કામદારમાંથી વિશ્વાસ ગુમાવવામાં આવ્યો છે તેવા કોઈ વિધાનો કરવામાં આવ્યા નથી. નીચલી અદાલતમાં રજુ કરવામાં આવેલ જવાબમાં પણ મીલ કંપનીએ કામદારમાંથી વિશ્વાસ ગુમાવ્યાના વિધાનો કરવામાં આવ્યા

INDEX

નથી. લેબર કોર્ટમાં તે અંગેના કોઇ પુરાવાઓ રજુ કરવામાં આવ્યા નથી. તેમજ લેબર કોર્ટમાં આવી દલીલ પણ કરવામાં આવી ન હતી. આ અપીલમાં પ્રથમ વારજ શ્રી ગીરીશભાઇએ કામદાર માંથી વિશ્વાસ ગુમાવ્યાનો મુદ્દો ઉપસ્થિત કરેલ છે. અરજદાર કામદાર બ્લીચ ફોલ્ડીંગ ખાતામાં કામદાર તરીકે નોકરી કરતા હતા. અરજદાર કામદાર કે જેમાં કંપનીએ વિશ્વાસ મુકવો પડે તેવી જવાબદારી ભર્યા હોદ્દામાં કામ કરતાં ન હતા. કામદારને પુન: સ્થાપીત કરવામાં આવે તો મીલ કંપનીના કામમાં દગો કરવામાં આવે તેવા શકય નથી. કારણકે અરજદારનું કામ મજુરી પ્રકારનું કામ કરે છે. જ્યારે શ્રી ગીરીશભાઇએ ટાંકેલ ચુકાદામાં સંબંધિત કામદાર ઓફીસરની કક્ષામાં કામ કરતા હતા. ઓફીસરની કક્ષામાં કામ કરતાં હોવાથી બનેલ બનાવના પ્રમાણે વિશ્વાસ ગુમાવ્યાનો પ્રશ્ન ઉભો થયો હતો અને વિશ્વાસ જ્યારે ગુમાવવામાં આવે તે સંજોગોમાં જવાબદારી ભર્યા હોદ્દામાં પુન:સ્થાપિત કરવામાં ન આવે તે બાબતની રજુઆત વ્યાજબી છે. પરંતુ આ કેસમાં અરજદાર કામદાર કોઇ જવાબદારી ભર્યો હોદ્દો સંભાળતા ન હતા, કામદાર સ્ટોરના અધિકારી હોય તે સ્ટોર તેમના કબજામાં હોય તેવું નથી. એકાઉન્ટન્ટ હોય એવું પણ નથી આ સંજોગોમાં શ્રી ગીરીશભાઇએ ઉપસ્થિત કરેલ મુદો નામંજુર કરવો જોઇએ. શ્રી ગીરીશભાઇએ ઉપર જણાવ્યા પ્રમાણે જે ચુકાદાઓ ટાંકયા છે તે ચુકાદામાં સંબંધીત કામદાર જવાબદારી ભરી પરિસ્થિતિમાં કામ કરતાં હતા જ્યારે જવાબદાર. વિશ્વાસ ગુમાવ્યાની લાગણી ઉપસ્થિત થાય તે સંજોગોમાં તેવા અધિકારીને પુન: સ્થાપીત કરવાનો હુકમ કરવો જોઇએ નહિ, અને વળતર આપવામાં આવે તે અંગેની તેમની રજુઆત વ્યાજબી અને કાયદેસરની છે. પરંતુ આ કેસમાં અરજદાર કામદાર બ્લીચ ફોલ્ડીંગ ખાતામાં મંજુરીનું કામ કરતા હોવાથી શ્રી ગીરીશભાઈની રજુઆત અરજદારર કામદારને લાગુ પાડી શકાય નહિ. શ્રી ગીરીશભાઈએ ટાંકેલ ચુકાદાઓ પણ આ કેસની હકિકતને લાગુ પાડી શકાય નહિ. આથી હું એવા નિર્ણય પર આવ્યો છું કે, શ્રી ગીરીશભાઈએ કામદારમાંથી વિશ્વાસ ગુમાવ્યાનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે તે મુદ્દો કાયદેસર રીતે ટકી શકે તેમ નથી. તેથી તે મુદ્દો નકારવામાં આવે છે.

શ્રી ગીરીશભાઈએ એવી પણ રજુઆત કરેલ છે કે, ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૧-એ હેઠળ ઔદ્યોગિક ન્યાયપંચને કામદારની સામે કરવામાં આવેલ પગલાનું વ્યાજબીપણું જોવાનું ઘણી વિશાલ સત્તાઓ આપવામાં આવેલ છે. ન્યાયપંચને સંજોગો પ્રમાણે કરવામાં આવેલ શિક્ષા યોગ્ય ન લાગે તો ન્યાયપંચને બીજી પણ શિક્ષા આપી શકે છે. જ્યારે બી. આઈ. આર. એકટમાં કલમ ૧૧-એ પ્રમાણેની કલમનો ઉમેરો કરવામાં આવેલ નથી. ઔદ્યોગિક ન્યાયપંચને જે પ્રમાણેની સત્તાઓ આપવામાં આવેલ તેવી સત્તાઓ લેબર કોર્ટના ન્યાયાધિસને આપવામાં આવેલ નથી. તેથી મેનેજમેન્ટે કામદાર સામે કરેલ બરતરફીનો હુકમની જગ્યાએ બીજા પ્રકારની શિક્ષા કરવાનીતે સત્તા આપવામાં આવેલ નથી. તેથી મેનેજમેન્ટ કરેલ હુકમ કાયદેસર હોવાથી મેનેજમેન્ટની અપીલ માન્ય રાખવી જોઈએ. અને નીચલી અદાલતનો હુકમ રદ કરવો જોઈએ. આ મુદ્દા બાબતે શ્રીમતી દેવાયનીબેન શાહે રજુઆત કરેલ છે કે, મેનેજમેન્ટ કરેલ ખાતાકીય તપાસ નીચલી અદાલતે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠેરવેલ છે. મેનેજમેન્ટે કામદાર સામેની ગેરવર્તણૂંક સાબિત કરવા માટે નીચલી અદાલત સમક્ષ પુરાવો લીધેલ છે. આ સંજોગોમાં નીચલી અદાલત સમક્ષ પડેલા પુરાવાઓ અમાન્ય કરીને મેનેજમેન્ટે કરેલ શિક્ષા ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે. જે કામગીરી નીચલી અદાલતનાં ન્યાયાધિશે કાયદેસર રીતે કરી છે. નીચલી અદાલતના ન્યાયાધિશે પોતાની સમક્ષ પડેલા પુરાવાઓની ચર્ચા કરીને પુરાવાઓના ગુણદોષ અને પુરાવાઓનું વ્યાજબી પણું વિગેરે મુદ્દાઓ ધ્યાનમાં લઈને નીચલી અદાલતે જે હુકમ કરેલ છે તે કાયદેસરનો ગણે છે. અને

INDEX

શ્રી ગીરીશભાઈની રજુઆત ગેરવ્યાજબી અને ગેરકાયદેસરની છે. અને તે રદ કરવી જોઈએ. ઉપરોક્ત મુદ્દા બાબતે શ્રી ગીરીશભાઈએ રજુઆત કરી છે તે રજુઆત કાયદેસર રીતે ટકી શકે તેમ નથી. કારણકે આ કેસમાં મેનેજમેન્ટે કરેલ ખાતાકીય તપાસ/ગેરકાયદેસર ઠેરવવામાં આવેલ છે અને તે પછી મીલ કંપનીએ કામદાર સામે શોકોઝ નોટીસમાં મુકેલ આક્ષેપ સાબિત કરવા માટે કોર્ટ રૂબરૂ સાક્ષીઓ તપાસેલા છે. આ સંજોગોમાં નીચલી અદાલતે તેમની સામે પડેલા પુરાવાઓની તુલના કરવાની સત્તા લેબર કોર્ટની છે. લેબર કોર્ટના ન્યાયાધિશે તેમની સામે પડેલા પુરાવાઓને ધ્યાનમાં લઈને ચર્ચા કરેલ છે. જે હુકમ કાયદેસર અને વ્યાજબી છે. આથી શ્રી ગીરીશભાઈએ ઉપસ્થિત કરેલ મુદ્દાઓ આ કેસની હકીકતને લાગુ પાડી શકાય નહિં તેથી મુદ્દો નામંજૂર કરવામાં આવે છે.

(૧૨) ઉપર પ્રમાણેના અવલોકનો અન્વયે હું એવા નિર્ણય પર આવું છું કે, અપીલ નં. ૧૫/૮૮ જે સામાવાળા મીલ કંપનીએ કરેલ તે અપીલ કાયદેસર રીતે ટકી શકે તેમ નથી અને તે અપીલ રદ કરવામાં આવે છે. અને નીચલી અદાલતનો હુકમ કાયદેસર અને વ્યાજબી છે તેવું ઠરાવવામાં આવે છે. મને તે હુકમમાં કોઈ પતણ પ્રકારનો હસ્તક્ષેપ કરવાનું વ્યાજબી લાગતું નથી અને આથી અપીલ નં. ૧૫/૮૮ બાબતે નીચે હુકમ કરવામાં આવે છે.

હુકમ

અપીલ નં. ૧૫/૮૮ કાયદેસર રીતે ટકી શકે તેમ નથી. અને આ હુકમથી અપીલ નં. ૧૫/૮૮ નો નિકાલ કરવામાં આવે છે. અને અપીલ ૧૫/૮૮ રદ કરવામાં આવે છે. આ હુકમની નકલ પક્ષકારોને મળ્યેથી એક માસમા આ હુકમ અમલમાં આવવાનો છે. ખર્ચ બાબતે કોઈ હુકમ નથી.

(૧૩) અપીલ નં. ૧૬/૮૮ ના કામે અપેલન્ટ કામદારના વિદ્વાન એડવોકેટ શ્રીમતી દેવાયનીબેન શાહે મારી સમક્ષ રજુઆત કરેલ છે કે, નીચલી અદાલતના વિદ્વાન ન્યાયધિશે કામદારને પાછલા પગારની ૪૦ ટકા રકમ આપવાનો જે હુકમ કરેલ તે હુકમ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે. નીચલી અદાલતના ન્યાયાધિશે જ્યારે કામદાર સામે ગેરવર્તણુંક સાબિત થઈ નથી, કામદારને પુનઃ સ્થાપીત કરવાનો હુકમ કરેલ છે. તે સંજોગોમાં કામદારને પડેલા દિવસોનો પુરેપુરો પગાર અપાવવો જોઈતો હતો, પરંતુ નીચલી અદાલતના વિદ્વાન ન્યાયાધિશે આ કામમાં કોર્ટમાં ઘણાં કેસો હોવાથી થયેલ ઢીલ ધ્યાનમાં લઈને કામદારને અન્યાય કર્યો છે. અને કામદારનો પગાર કાપી લીધો છે. જે વ્યાજબી કર્યુ નથી. શ્રીમતી દેવાયનીબેન શાહે નીચલી અદાલતના આંક ૭૨ ના પેરા ૧૪ માં કરેલ વિધાનો તરફ મારૂ ધ્યાન દોર્યુ છે. અને રજુઆત કરેલ છે કે, આ કિસ્સામાં અરજદાર વોચમેન નથી. તે એક હકીકત છે, આમ દલીલ ખાતર માની લઈએ કે અરજદારે કાપડની ચોરી કરી હોય તો પણ તે માટેની બરતરફીની સજા વધુ પડતી અને ગેરવર્તનને અનુરૂપ નથી. આમ સામાવાળા અરજદાર સામેના ગેરવર્તનનો અક્ષેપ અદાલત સમક્ષ પુરવાર કરવામાં સ્પષ્ટપણે નિષ્ફળ નિવડયા છે. અને એ હકીકત ઉલ્લેખનીય છે કે, આ કેસ ઘણો જુનો છે. અને અરજદાર તરફે વિવિધ કારણોસર કેસ લંબાયેલ છે. આમ જો કે ગેરવર્તણુંક પુરવાર ન થાય તો કામદારને પુનઃ સ્થાપીત થવાનો તેમજ પડેલા દિવસોનો પુરો પગાર મેળવવાનો સામાન્ય નિયમ છે. પરંતુ આ કેસની હકિકતો જોતાં તેમજ અરજદાર સામેનું ગેરવર્તણુંક નિઃશંકપણે પુરવાર થતું નથી. અને અરજદારને શંકાનો લાભ આપવામાં આવેલ છે. તે હકીકત જોતાં અરજદારને પડેલા દિવસોના પગાર પેટે ૪૦ ટકા રકમ આપવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી હશે. કેમ કે ચલાવવા તત્પર રહેલ છે. અને અદાલતમાં કામકાજના ભરાવાને લીધે કેસ લંબાવતો તેનો બોજો એકપક્ષીય રીતે સામાવાળા ઉપર ઢોળી શકાય નહિ. આમ આ કેસની

INDEX

હકિકતો જોતાં તેમજ અરજદારની ગેરવર્તણુંક પુરવાર થવા અંગે શંકાનો લાભ આપેલ હોવાથી અરજદારને જો ૪૦ ટકા પડેલ દિવસોનો પગાર પેટે ચુકવવામાં આવે તો તે હુકમ વ્યાજબી અને ન્યાયી છે. અરજદારે રોજગાર મેળવવા કોઈ સક્રિય પ્રયાસ કર્યો હોય તેવું સ્પષ્ટપણે માલુમ પડતું નથી. આમ આ તમામ હકિકતને લક્ષમાં લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

નીચલી અદાલતના ઉપર જણાવેલ અવલોકન બાબતે શ્રીમતી દેવયાનીબેન મારી સમક્ષ રજુઆત કરેલ છે કે, રોજનામા પ્રમાણે અપીલ નં. ૧૬/૮૮ માં રજુ કરેલ રોજકામ તરફ મારૂ ધ્યાન દોરા જણાવે છે કે, કોઈપણ તબક્કે અરજદાર કામદારે તેઓનો કેસ લંબાય તેવી પ્રવૃત્તિ કરેલ નથી. અરજદાર કામદાર અને તેમના પ્રતિનિધિ એડવોકેટ શ્રીમતી દેવયાનીબેન કામ ચલાવવા માટે કાયમ તૈયાર હતા, પરંતુ લેબર કોર્ટમાં ઘણા કેસો હોવાથી તેમજ કાયદાની જોગવાઈ અનુસાર અરજીઓનો નિકાલ કરવાનો હોવાથી તે અંગે ફકત કામદારને સજા થઈ શકે નહિ, અને કામદાર સામે જ્યારે ગેરવર્તણંક સાબિત કરવામાં આવ્યું ન હોય ત્યારે તેને પડેલા દિવસોનો પગાર ચુકવી આપવો જોઈએ. તેવી રજુઆત કરેલ છે. તે રજુઆતના સમર્થનમાં શ્રીમતી દેવયાનીબેન શાહે નીચે પ્રમાણેના ચુકાદાઓ ટાંકેલા છે. ૧૯૭૩ લેબ. આઈ. સી. પાના નં. ૯૨૯ બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો, ટાંકી રજુઆત કરેલ છે કે, અરજદારને પડેલા દિવસના પગાર પેટે પુરેપુરી રકમ આપવી જોઈએ. ૧૯૮૪ લેબ. આઈ. સી. પાના નં. ૫૫૪ સુપ્રીમ કોર્ટ, જીતેન્દ્ર રાઠોડવાળો ચુકાદો સ્પે. સીવીલ એપ્લીકેશન નં. ૪૦૧/૮૨ માં આપેલ છે તેમાં જણાવેલ કે, પીટીશનર કામદાર છુટા કર્યા તે તારીખથી પુનઃસ્થાપીત કરવામાં આવે તે સમયના પુરે પુરો પગાર ચુકવી અપવાનો હુકમ કરવામાં આવેલ છે. આ અપીલ ૧૬/૮૮ શ્રીમતી દેવયાનીબહેન શાહે મારી સમક્ષ કરેલ છે કે, કામદારને પડેલા દિવસોનો પુરેપુરો પગાર આપવાનો હુકમ કરવો જોઈએ. નીચલી અદાલતે ફકત ૪૦ ટકા પગાર આપવાનો હુકમ કરેલ છે. તે હુકમ ગેરકાયદસર અને ગેરવ્યાજબી છે. આથી અપીલ નં. ૧૬/૮૮ મંજુર રાખીને એટલા પૂરતોજ નીચલી અદાલતના હુકમમાં ફેરફાર કરવાનો અને રીસ્પોન્ડન્ટ કંપનીને અરજદારનો પડેલા દિવસોનો પુરેપુરો પગાર આપવાનો હુકમ કરવો જોઈએ.

(૧૪) આ અપીલમાં મીલ કંપનીના વિધ્વાન એડવોકેટશ્રી ગીરીશભાઈ વકીલે મારી સમક્ષ રજુઆત કરેલ છે કે, અરજદાર કામદારે તેની ઉલટ તપાસમાં મંજુર રાખ્યું છે કે, સુરત શહેરમાં તેઓ જે કામ કરતા હતા તેવું કામ ઘણી ફેકટરીમાં થાય છે. અને અરજદારે કામદારે બીજું કામ મેળવવા માટે ક્યા ક્યા પ્રયત્નો કર્યા હતા તે અંગેનો કોઈ સ્પષ્ટ પુરાવો રજુ કરી શકયા નથી. અરજદાર સામે મીલ કંપનીએ ગેરવર્તન પુરવાર કરેલ છે. મુદામાલ કાપડ આંક-૪૬/૧ જેવું કાપડ મીલમાં બને છે. તેવી હકિકત માન્ય રાખેલ છે. મીલ કંપનીને કામદાર સામે ગુનો સાબિત કરેલ હોવાથી આ અપીલ કાઢી નાખવી જોઈએ. અને મીલ કંપનીની અપીલ મંજર કરવી જોઈએ. આ હુકમમાં મેં ઉપર અપીલ નં. ૧૫/૮૮ માં એવો નિર્ણય લીધેલ છે કે, શોકોઝ નોટીસમાં જણાવેલ ગેરવર્તન પુરવાર કરેલ નથી. અને તેથી મીલ કંપનીની અપીલ રદ કરવાનો હકમ કરેલ છે. મેં એવું પણ નિર્ણય કરેલ છે કે, નીચલી અદાલતને કામદારને છુટી કરવાની મેનેજમેન્ટને નિર્ણય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે એવો ઠરાવતો ચુકાદો કાયદેસર અને વ્યાજબી છે. અ તે હુકમમાં હસ્તક્ષેપ કરવાનો વ્યાજબી નથી. પરંતુ અરજદાર કામદારને નોકરીમાં પુનઃસ્થાપી કરવાનો હુકમ કર્યા પછી કામદારને પાછલા પગાર તરીકે ૪૦ ટકા પગાર આપવાનો નિર્ણય કરે છે. તે હુકમ વ્યાજબી લાગતો નથી. કારણકે લેબર કોર્ટમાં જે સમય થયો તે સમયને લી નીચલીઅદાલતમાં અરજીનો નિકાલ કરવામાં ઘણો સમય થયો તે માટે કામદાર અને તે પ્રતિનિધિ જવાબદાર હતા તેવું ગણી શકાય નહિ. તે અંગેનો નીચલી અદાલતનો નિર્ણય ભ

INDEX

ભરેલો છે. અરજદાર ૨૩ વર્ષથી મીલમાં નોકરી કરતા હતા તેમનો પાછલો રેકોર્ડ ચોખ્ખો છે. અરજદાર કામદારને કોઈપણ શોકોઝ પાછલા દિવસોમાં આપવામાં આવેલ નથી. તેવો કોઈ પુરાવો મીલ કંપનીએ રજુ કરેલ નથી. કામદારે બીજી જગ્યાએ નોકરી કરી આવક ઉભી કરી હતી એવો કોઈ પુરાવો મીલ કંપનીએ રજુ કરેલ નથી. અરજદાર કામદાર સામે ગેરવર્તન પુરવાર થયું નથી. અને તેથી અરજદારને પુનઃ સ્થાપીત કરવાનો હુકમ કરવામાં આવે છે તે સંજોગોમાં શ્રીમતી દેવયાનીબહેને ટાંકેલા ચુકાદા પ્રમાણે પાછલા દિવસોનો પુરેપુરો પગાર આપવાનું વ્યાજબી છે તેથી હું એવા નિર્ણય પર આવું છું કે, અપીલ નં. ૧૬/૮૮ મંજુર રાખવી જોઈએ. અને પાછલા દિવસોના પગાર માટે ૭૦ ટકા પગાર આપવાનો હુકમ કરવામાં આવે તો પટેલી હકીકત પ્રમાણે બંન્ને પક્ષકારોને અને ન્યાય મળી રહેશે. ઉપર જણાવેલ અવલોકનો અન્વયે હું અપીલ ૧૬/૮૮ આંશિક રીતે મંજૂર રાખું છું. અને અપેલન્ટ મીલ કંપનીને હુકમ ફરમાવું છું કે, સામાવાળા મીલ કંપનીએ અપેલન્ટ કામદારને તેના પાછલા દિવસોના પગાર પેટે ૭૦ ટકા પગાર આપવાનો હુકમ કરૂં છું, ખર્ચ બાબતે કોઈ હુકમ કરવાનો નથી. અપીલ નં. ૧૬/૮૮ ના હુકમનો નકલ પક્ષકારોને મળ્યેથી એક માસમાં આ હુકમ અમલમાં આવવાનો છે.

પી. આર. પુર્સનાણી
અધિક્ષક
સુરત, ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૦.

એ. બી. પટેલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

શ્રી એ. બી. પટેલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ

રીવીઝન અરજી નં. ૭/૮૯

(૧) મેસર્સ સુનીતા ટેક્ષટાઈલ્સ લી.
પ્લોટ નં. ૫૭/ઈ. જી. આઈ. ડી. સી. એસ્ટેટ,
વાપી—૩૯૬ ૧૯૫.
(૨) શ્રી જગદીશભાઈ બડગામીયા, (ડાયરેકટર)
મેસર્સ સુનીતા ટેક્ષટાઈલ્સ લી.
ઠે. એજન
(૩) શ્રી અરૂણભાઈ બડગામીયા, (ડાયરેકટર)
મેસર્સ સુનીતા ટેક્ષટાઈલ્સ, લી.
ઠે. એજન
(૪) શ્રી પ્રકાશભાઈ બડગામીયા (ડાયરેકટર)
મેસર્સ સુનીતા ટેક્ષટાઈલ્સ લી.,
ઠે. એજન

} અરજદાર

વિરૂદ્ધ

(૧) શ્રી રામચંદ્ર વી. સૂર્યવંશી
C/o વલસાડ ડીસ્ટ્રીક્ટ ઈન્ડસ્ટ્રીયલ એમ્પ્લોઈઝ એસો.
કોંગ્રેસભવન, સોનીફળીયા,
સુરત.
(૨) ન્યાયાધિશશ્રી,
મજૂર અદાલત, વલસાડ મ્યુનિ. બંગલો, ટાઉનહોલની નીચે
બંબાખાના પાસે, વલસાડ.

} ... સામાવાળા.

INDEX

હાજર રહ્યા.—ગેરહાજર ... અરજદાર કંપની તરફે.
શ્રી જયેશભાઈ બરવાળીયા ... સામાવાળા કામદારો તરફે.

વિષય.—ફોજદારી ફરીયાદ નં. ૨૯ / ૮૯ માં બજાવેલ સમન્સ વિરૂદ્ધની રીવીઝન અરજી.

હુકમ

અરજદારની અરજીની હકીકતો નીચે પ્રમાણે છે.

અરજદાર નં. ૧.—સુનીતા ટેક્ષટાઈલ્સ લી. ઉપર જણાવેલ સરનામે આવેલ છે, અને, તે કંપની ટેક્ષટાઈલ્સ પ્રોસેસીંગ ઉદ્યોગમાં રોકાયેલ છે. અને વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં આવેલ છે. કંપની ૨૦ કરતાં વધારે કામદારો રોકે છે. અને તેથી કંપનીએ મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારો, ૧૯૪૬ લાગુ પડે છે. અરજદાર નં. ૨, ૩ અને ૪ કંપનીના ડીરેકટર છે. અને મુંબઈ મહારાષ્ટ્ર રાજ્યમાં વસવાટ કરે છે. અરજદાર જણાવે છે કે, રીસ્પોન્ડન્ટ કામદાર નં. ૧એ વલસાડ લેબર કોર્ટમાં ફોજદારી અરજી નં. ૨૯/૮૯ કરેલ છે. અને રીસ્પોન્ડન્ટ નં. ૨ વલસાડ લેબર કોર્ટના ન્યાયાધિશે અરજદારો સામે સમન્સ કાઢવાનો હુકમ કરેલ છે. અરજદારોએ આ અરજી કાયદાની કલમ-૮૫ હેઠળ વલસાડ લેબર કોર્ટના ન્યાયાધિશે સમન્સ કાઢવાનો કરેલ હુકમ રદબાતલ કરવા માટે કરેલ છે. અરજદારોએ જણાવેલ છે કે, ફરીયાદના તહોમતદારોએ નં. ૨, ૩ અને ૪ નં. ૧ કંપનીના ડીરેકટર છે. અરજદારોએ જણાવેલ છે કે, કંપનીના ફેકટરી મેનેજર શ્રી એચ. ડી. શાહને કંપની ચલાવવાની અને કંપનીની તમામ બાબતો પર દેખરેખ રાખવા માટેની સત્તા આપવામાં આવેલ છે. અને કાયદા હેઠળની બધી જવાબદારીઓ અદા કરવાની જવાબદારી મેનેજમેન્ટની છે. કાયદાની કલમ-૧૬ પ્રમાણે એવોર્ડને કલમ ૭૪ પ્રમાણે પ્રસિદ્ધ કરવામાં ન આવે ત્યારે કાયદા હેઠળની કાર્યવાહી સમાપ્ત થઈ જાય છે. અરજદારે જણાવેલ છે કે, અરજદારની માહિતી પ્રમાણે રેફરન્સ નં. ૪૭ / ૮૭ માં કરવામાં આવેલ એવોર્ડ પ્રસિદ્ધ કરવામાં આવેલ નથી. અરજદરે જણાવેલ છે કે, ઉપરોકત એવોર્ડ સરકાર ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ નથી. આથી મજકૂર એવોર્ડ કાયદાની કલમ પ્રમાણે અસ્તીત્ત્વમાં આવ્યો નથી અને અસરકારક થયેલ નથી. અને તેથી તે એવોર્ડ એન ફોરસીએબલ નથી. વલસાડની લેબર કોર્ટમાં જે ફરીયાદ કરવામાં આવેલ છે તે ફરીયાદ ઉપરોકત એવોર્ડનો અમલ કરવામાં આવ્યો નથી તે બાબત કરવામાં આવી છે. અરજદારે જણાવેલ છે કે, એવોર્ડ એનફોરસીએબલ થયો નથી તેથી તે અંગેની ફરીયાદ કાયદેસર રીતે ટકી શકે તેમ નથી. અરજદાર જણાવે છે કે, એવોર્ડનો અમલ કરવામાં ન આવે તો કાયદાની કલમ ૩ (૧૫)ની જોગવાઈઓ પ્રમાણે કાયદેસર ફેરફાર થતો નથી. કારણ કે તે સંજોગોમાં કાયદાની કલમ-૪૬ ના સબ સેકશન-૪ અને પનો ભંગ થતો નથી. ઔદ્યોગિક અદાલતનો એવોર્ડ એનફોરસીબલ થયો નથી અને તેથી કાયદાની કલમ-૪૩ પ્રમાણે કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી. અરજદાર જણાવે છે કે, તહોમતદાર નં. ૧ સુનીતા ટેક્ષટાઈલ્સ કંપનીમાં રાખવામાં આવેલ કામદારે, નોકરીની શરતો બાબતે મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારા, ૧૯૪૬ની જોગવાઈઓ પ્રમાણે સ્થાયી હુકમો બનાવવામાં આવેલ છે. અને અરજદારે જણાવેલ છે કે, અરજદાર નં. ૨ ૩ અને ૪ સર્વશ્રી જગદીશભાઈ બડગામીયા, પ્રકાશ બડગામીયા, અરૂણ બડગામીયા કંપનીનો રોજબરોજનો વહીવટ સંભાળતા નથી. તેથી તેઓ સ્થાયી હુકમો અન્વયેની જવાબદારી માટે

ભરેલો છે. અરજદાર ૨૩ વર્ષથી મીલમાં નોકરી કરતા હતા તેમનો પાછલો રેકોર્ડ ચોખ્ખો છે. અરજદાર કામદારને કોઈપણ શોકોઝ પાછલા દિવસોમાં આપવામાં આવેલ નથી. તેવો કોઈ પુરાવો મીલ કંપનીએ રજુ કરેલ નથી. કામદારે બીજી જગ્યાએ નોકરી કરી આવક ઉભી કરી હતી એવો કોઈ પુરાવો મીલ કંપનીએ રજુ કરેલ નથી. અરજદાર કામદાર સામે ગેરવર્તન પુરવાર થયું નથી. અને તેથી અરજદારને પુન: સ્થાપીત કરવાનો હુકમ કરવામાં આવે છે તે સંજોગોમાં શ્રીમતી દેવયાનીબહેને ટાંકેલા ચુકાદા પ્રમાણે પાછલા દિવસોનો પુરેપુરો પગાર આપવાનું વ્યાજબી છે તેથી હું એવા નિર્ણય પર આવું છું કે, અપીલ નં. ૧૬/૮૮ મંજુર રાખવી જોઈએ. અને પાછલા દિવસોના પગાર માટે ૭૦ ટકા પગાર આપવાનો હુકમ કરવામાં આવે તો પડેલી હકીકત પ્રમાણે બંન્ને પક્ષકારોને અને ન્યાય મળી રહેશે. ઉપર જણાવેલ અવલોકનો અન્વયે હું અપીલ ૧૬/૮૮ આંશિક રીતે મંજૂર રાખું છું. અને અપેલન્ટ મીલ કંપનીને હુકમ ફરમાવું છું કે, સામાવાળા મીલ કંપનીએ અપેલન્ટ કમદારને તેના પાછલા દિવસોના પગાર પેટે ૭૦ ટકા પગાર આપવાનો હુકમ કરૂં છું, ખર્ચ બાબતે કોઈ હુકમ કરવાનો નથી. અપીલ નં. ૧૬/૮૮ ના હુકમનો નકલ પક્ષકારોને મળ્યેથી એક માસમાં આ હુકમ અમલમાં આવવાનો છે.

પી. આર. પુર્સનાણી
અધિક્ષક
સુરત, ૨૮મી સપ્ટેમ્બર ૧૯૯૦.

એ. બી. પટેલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

શ્રી એ. બી. પટેલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ
રીવીઝન અરજી નં. ૭/૮૯

(૧) મેસર્સ સુનીતા ટેક્ષટાઈલ્સ લી.
પ્લોટ નં. ૫૭/ઈ. જી. આઈ. ડી. સી. એસ્ટેટ,
વાપી—૩૯૬ ૧૯૫.
(૨) શ્રી જગદીશભાઈ બડગામીયા, (ડાયરેક્ટર)
મેસર્સ સુનીતા ટેક્ષટાઈલ્સ લી.
ઠે. એજન
(૩) શ્રી અરૂણભાઈ બડગામીયા, (ડાયરેક્ટર)
મેસર્સ સુનીતા ટેક્ષટાઈલ્સ, લી.
ઠે. એજન
(૪) શ્રી પ્રકાશભાઈ બડગામીયા (ડાયરેક્ટર)
મેસર્સ સુનીતા ટેક્ષટાઈલ્સ લી.,
ઠે. એજન
} અરજદાર

વિરૂદ્ધ

(૧) શ્રી રામચંદ્ર વી. સૂર્યવંશી
C/o વલસાડ ડીસ્ટ્રીક્ટ ઈન્ડસ્ટ્રીયલ એમ્પ્લોઈઝ એસો.
કોંગ્રેસભવન, સોનીફળીયા,
સુરત.
(૨) ન્યાયાધિશશ્રી,
મજૂર અદાલત, વલસાડ મ્યુનિ. બંગલો, ટાઉનહોલની નીચે
બંબાખાનો પાસે, વલસાડ.
} ... સામાવાળા.

INDEX

હાજર રહ્યા.—ગેરહાજર ... અરજદાર કંપની તરફે.
શ્રી જયેશભાઈ બરવાળીયા ... સામાવાળા કામદારો તરફે.

વિષય.—ફોજદારી ફરીયાદ નં. ૨૯ / ૮૯ માં બજાવેલ સમન્સ વિરૂદ્ધની રીવીઝન અરજી.

હુકમ

અરજદારની અરજીની હકીકતો નીચે પ્રમાણે છે.

અરજદાર નં. ૧.—સુનીતા ટેક્ષટાઈલ્સ લી. ઉપર જણાવેલ સરનામે આવેલ છે, અને, તે કંપની ટેક્ષટાઈલ્સ પ્રોસેસીંગ ઉદ્યોગમાં રોકાયેલ છે. અને વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં આવેલ છે. કંપની ૨૦ કરતાં વધારે કામદારો રોકે છે. અને તેથી કંપનીએ મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારો, ૧૯૪૬ લાગુ પડે છે. અરજદાર નં. ૨, ૩ અને ૪ કંપનીના ડીરેકટર છે. અને મુંબઈ મહારાષ્ટ્ર રાજ્યમાં વસવાટ કરે છે. અરજદાર જણાવે છે કે, રીસ્પોન્ડન્ટ કામદાર નં. ૧એ વલસાડ લેબર કોર્ટમાં ફોજદારી અરજી નં. ૨૯/૮૯ કરેલ છે. અને રીસ્પોન્ડન્ટ નં. ૨ વલસાડ લેબર કોર્ટના ન્યાયાધિશે અરજદારો સામે સમન્સ કાઢવાનો હુકમ કરેલ છે. અરજદારોએ આ અરજી કાયદાની કલમ-૮૫ હેઠળ વલસાડ લેબર કોર્ટના ન્યાયાધિશે સમન્સ કાઢવાનો કરેલ હુકમ રદ્દબાતલ કરવા માટે કરેલ છે. અરજદારોએ જણાવેલ છે કે, ફરીયાદના તહોમતદારોએ નં. ૨, ૩ અને ૪ નં. ૧ કંપનીના ડીરેકટર છે. અરજદારોએ જણાવેલ છે કે, કંપનીના ફેકટરી મેનેજર શ્રી એચ. ડી. શાહને કંપની ચલાવવાની અને કંપનીની તમામ બાબતો પર દેખરેખ રાખવા માટેની સત્તા આપવામાં આવેલ છે. અને કાયદા હેઠળની બધી જવાબદારીઓ અદા કરવાની જવાબદારી મેનેજમેન્ટની છે. કાયદાની કલમ-૧૬ પ્રમાણે એવોર્ડને કલમ ૭૪ પ્રમાણે પ્રસિદ્ધ કરવામાં ન આવે ત્યારે કાયદા હેઠળની કાર્યવાહી સમાપ્ત થઈ જાય છે. અરજદારે જણાવેલ છે કે, અરજદારની માહિતી પ્રમાણે રેફરન્સ નં. ૪૭ / ૮૭ માં કરવામાં આવેલ એવોર્ડ પ્રસિદ્ધ કરવામાં આવેલ નથી. અરજદરે જણાવેલ છે કે, ઉપરોકત એવોર્ડ સરકાર ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ નથી. આથી મજકૂર એવોર્ડ કાયદાની કલમ પ્રમાણે અસ્તીત્ત્વમાં આવ્યો નથી અને અસરકારક થયેલ નથી. અને તેથી તે એવોર્ડ એન ફોરસીએબલ નથી. વલસાડની લેબર કોર્ટમાં જે ફરીયાદ કરવામાં આવેલ છે તે ફરીયાદ ઉપરોકત એવોર્ડનો અમલ કરવામાં આવ્યો નથી તે બાબત કરવામાં આવી છે. અરજદારે જણાવેલ છે કે, એવોર્ડ એનફોરસીએબલ થયો નથી તેથી તે અંગેની ફરીયાદ કાયદેસર રીતે ટકી શકે તેમ નથી. અરજદાર જણાવે છે કે, એવોર્ડનો અમલ કરવામાં ન આવે તો કાયદાની કલમ ૩ (૧૫)ની જોગવાઈઓ પ્રમાણે કાયદેસર ફેરફાર થતો નથી. કારણ કે તે સંજોગોમાં કાયદાની કલમ-૪૬ ના સબ સેકશન-૪ અને ૫નો ભંગ થતો નથી. ઔદ્યોગિક અદાલતનો એવોર્ડ એનફોરસીબલ થયો નથી અને તેથી કાયદાની કલમ-૪૭ પ્રમાણે કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી. અરજદાર જણાવે છે કે, તહોમતદાર નં. ૧ સુનીતા ટેક્ષટાઈલ્સ કંપનીમાં રાખવામાં આવેલ કામદારે, નોકરીની શરતો બાબતે મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારા, ૧૯૪૬ની જોગવાઈઓ પ્રમાણે સ્થાયી હુકમો બનાવવામાં આવેલ છે. અને અરજદારે જણાવેલ છે કે, અરજદાર નં. ૨ ૩ અને ૪ સર્વશ્રી જગદીશભાઈ બડગામીયા, પ્રકાશ બડગામીયા, અરૂણ બડગામીયા કંપનીનો રોજબરોજનો વહીવટ સંભાળતા નથી. તેથી તેઓ સ્થાયી હુકમો અન્વયેની જવાબદારી માટે

INDEX

જવાબદાર ઠરી શકતા નથી. રીસ્પોન્ડન્ટ નં.-૧ કામદારે અરજદાર નં. ૨, ૩ અને ૪ને ફરીયાદમાં ખોટી રીતે દાખલ કરેલ છે. કારણ કે તેઓ કંપનીના રોજબરોજનો વહીવટ સંભાળતા નથી. અને તેઓની જવાબદારી પણ નથી. કાયદાની કલમ-૧૦૬ અને ૧૦૭ પ્રમાણેના ગુના માટે કાયદાની જોગવાઈ પ્રમાણે માલિકેજ જવાબદાર ગણાય છે. અને કાયદાની કલમ ૩ (૧૪) પ્રમાણે માલિકની વ્યાખ્યામાં કંપની વહીવટ ચલાવવા માટે જે વ્યકિત નિયત કરવામાં આવેલ હોય તે વ્યકિતની જવાબદારી થાય છે. અને તે વ્યકિત માલિકની જવાબદારી તરીકે કંપનીના માલિક બને છે. કંપનીના ફેકટરી મેનેજર શ્રી એચ. ડી. શાહને કંપનીનો બધો વહીવટ ચલાવવા માટેની સત્તા આપવામાં આવેલ છે. અને કાયદાની કલમ અન્વયે અને જવાબદારીઓ પ્રમાણે વર્તવાની મેનેજરની જવાબદારી છે. ઉપરના સંજોગોમાં અરજદારોએ નામદાર ઔદ્યોગિક અદાલત પાસે નીચે પ્રમાણેની દાદ માંગે છે.

વલસાડની લેબર કોર્ટના ન્યાયાધિશશ્રીએ ફરીયાદ અરજી નં. ૨૯ / ૧૯૮૯ અરજદાર સર્વ શ્રી જગદીશભાઈ, અરૂણભાઈ, પ્રકાશભાઈ સામે સમન્સ કાઢવાનો જે હુકમ કરેલ છે. તે હુકમ રદ કરવા માટે વિનંતી છે. વલસાડની લેબર કોર્ટના વિદ્વાન ન્યાયાધિશશ્રીએ ફરીયાદ ધ્યાનમાં લઈને અરજદાર નં. ૨, ૩ અને ૪ સામે સમન્સ કાઢવાનો જે હુકમ કરેલ છે. તે હુકમ ગેરકાયદેસર હોય રદબાતલ કરવા વિનંતી છે. બીજી નામદાર અદાલતને યોગ્ય લાગે તેવી દાદ અપાવવા વિનંતી છે. અરજદારે એવી પણ દાદ માંગેલ છે કે, રીસ્પોન્ડન્ટની અરજી આપ નામદાર સમક્ષ ચાલુ છે તે સમય દરમ્યાન વલસાડની લેબર કોર્ટના વિદ્વાન ન્યાયાધિશશ્રીએ ફરીયાદ અરજી નં. ૨૯ / ૮૯ માં આગળની કાર્યવાહી કરવી નહિ તેવો વચગાળાનો મનાઈ હુકમ આપવા અરજ છે.

(૨) અરજદારે પેરા-૩૮માં માંગ્યા પ્રમાણે વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવ્યો હતો, અને તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૦ સુધી રીસ્પોન્ડન્ટ નં. ૨ને ઉપરોકત ફરીયાદમાં આગળની કાર્યવાહી કરવી નહિ અને યથાવત સ્થિતિ જાળવી રાખવી તેવો હુકમ કરવામ આવ્યો હતો.

(૩) આંક-૭ની અરજીથી અરજદાર વતી શ્રી પી. એન. ઠક્કરે મનાઈ હુકમની મુદત હવે પછીની મુદત સુધી લંબાવી આપવા માટે અરજી કરી હતી કામદાર રીસ્પોન્ડન્ટ નં. ૧ આંક-૪થી અધિકારપત્રથી ધી વલસાડ ડીસ્ટ્રીકટ ઈન્ડસ્ટ્રીયલ એમ્પ્લોઈઝ એસોસીએશનના જનરલ સેક્રેટરીશ્રી રમેશભાઈ પટેલ અને જયેશભાઈ બરવાળીયાને અધિકારપત્ર આપેલ છે. આંક-૧૦ થી અરજદારના એડવોકેટ શ્રી પી. એન. ઠક્કરે રીસ્પોન્ડન્ટ નં. ૧ કામદારના પ્રતિનિધિ શ્રી રમેશભાઈ પટેલને રીવીઝન અરજી નં. ૭ / ૮૯ થી ૨૭ / ૮૯ એકઠી કરવામાં આવે અને આ બધી રેફરન્સ અરજીઓ એક સાથે સાંભળવામાં આવે, અને એક હુકમથી બધી રેફરન્સ અરજીઓનો નિકાલ કરવામાં આવે તેવી અરજી કરવામાં આવેલ છે. આંક ૧૦ની અરજી ઉપર નામદાર અદાલતે બધી અરજીઓ એકઠી કરવાની અને એકસમાન હુકમથી બધી અરજીનો નિકાલ કરવાનો હુકમ કરેલ છે.

(૪) આંક-૧૧ની અરજી પ્રમાણે વચગાળાના મનાઈ હુકમની બીજી મુદત સુધી લંબાવવામા આવ્યો હતો, આંક-૧૩ની અરજી પ્રમાણે મનાઈ હુકમનો સમય બીજી મુદત સુધી લંબાવવામાં આવ્યો હતો, આમ આ રેફરન્સ અરજીઓમાં તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૦ સુધી મનાઈ

INDEX

હુકમ લંબાવવામાં આવેલ હતો, પરંતુ તે પછીની મુદતમાં અરજદાર તરફે આ અદાલ સમક્ષ તારીખ ૫મી એપ્રિલ, ૧૯૯૦, ૧૪મી જુન ૧૯૯૦, ૨૯મી જુન, ૧૯૯૦, ઓગષ્ટ, ૧૯૯૦, ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૦, ની તારીખોમાં વચગાળાનો મનાઈ હુકમ લંબા અરજીઓ આપવામાં આવેલ નથી. તેમજ અરજદારો તરફે કોઈ હાજર પણ રહેલ નથી.

(૫) આંક-૧૦ની અરજીથી રીસ્પોન્ડન્ટ નં. ૧ કામદારે પ્રતિનિધિ શ્રી જયેશભાઈ બરવાળીય આ રીવીઝન અરજીઓમાં અરજી આપેલ છે કે, આ કામના અરજદારો તરફે તારીખ ૧૮ જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ આંક-૧૦થી દલીલો કરવામાં આવેલ, અને વધુ દલીલો કર મુદત તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૦ના રોજની આપવામાં આવેલ, ત્યારબાદ આજ સુધી આપ નામદાર કોર્ટ તરફથી મુદતો આપવામાં આવેલ છે. અને દલીલો કરવા આપ નામદાર કોર્ટે ૮ માસ જેટલો સમય આપેલ હોવા છતાં અરજદાર તરફથી દલી પુરી કરવામાં નિષ્ફળ ગયા છે. અને આમ કરી અરજદારો પોતે દલીલો કરી શકે તેમ હોવા છતાં આપ નામદાર કોર્ટનો અને કામદારોનો કિંમતી સમય વેડફી રહ્યા છે. અરજ તરફે અરજદારના એડવોકેટ નામદાર અદાલત સમક્ષ હાજર રહેલ નથી. અને રીવીઝન અરજી કેવી રીતે કાયદેસર રીતે ટકી શકે તેમ છે. તે સાબિત કરવામાં નિષ્ફળ ગયા છે. તેથી રીવીઝન અરજીઓ રદ કરવા વિનંતી છે.

(૬) અરજદાર તથા અરજદારના વિદ્વાન એડવોકેટ શ્રી પી. ટી. એસ. નાયડુ, અને એસ. નાયડુ આજરોજ કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી. અને અધુરી રહેલ દલીલો પુરી કરેલ નથી. અને રીવીઝન અરજી કેવી રીતે ટકી શકે તેમ છે તે સાબિત કરી શકયા ન કંપનીના એડવોકેટ શ્રી પી. ટી. નાયડુ અને સી. એસ. નાયડુએ કોઈપણ અરજી મોકલા નથી. આથી રીસ્પોન્ડન્ટ નં. ૨ વલસાડની લેબર કોર્ટના વિદ્વાન ન્યાયાધિશે ફરીયાદ ૨૯/૮૯માં આગળની કાર્યવાહી ન કરવાનો જે મનાઈ હુકમ આપવામાં આવ્યો હતો મનાઈ હુકમ રદ કરવામાં આવે છે. અને આ રીવીઝન અરજીનો કેવી રીતે કાયદેસર ટકી શકે છે તે અરજદારે સાબિત કર્યું નથી. તેથી આ રીવીઝન અરજીઓ કાયદેસર ટકી શકે તેમ ન હોઈ, કાઢી નાંખવામાં આવે છે. ખર્ચ બાબતે કોઈ હુકમ કરવામાં આવ નથી. આ હુકમની નકલ પક્ષકારોને મળે તે તારીખથી એક માસમાં અમલમાં, આવવાનો

સુરત, ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૦.

પી. આર. પુંસનાણી,
અધિક્ષક,
સુરત.

એ. બી. પટેલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુર

ન્યાયાધીશ મજુર અદાલત દ્વારા
જાહેરનામું

ક્રમાંક ૩૮૩૩/૧૯૯૦.—મજુર અદાલત કલોલ સને ૧૯૯૧ ના વર્ષ દરમિયાન નીચે જણા જાહેર રજાઓ કે જે ડીસ્ટ્રીકટ કોર્ટ, મહેસાણાએ તેમના જાહેરનામા ક્રમાંક બી/૮/૧/વહટ/૫ ૧૯૯૦, તારીખ ૨૩મી નવેમ્બર ૧૯૯૦ અન્વયે બહાર પાડેલ છે તે પ્રમાણેની રજાઓ પાળવ જાહેર કરે છે.

INDEX

જવાબદાર ઠરી શકતા નથી. રીસ્પોન્ડન્ટ નં.-૧ કામદારે અરજદાર નં. ૨, ૩ અને ૪ને ફરીયાદમાં ખોટી રીતે દાખલ કરેલ છે. કારણ કે તેઓ કંપનીના રોજબરોજનો વહીવટ સંભાળતા નથી. અને તેઓની જવાબદારી પણ નથી. કાયદાની કલમ-૧૦૬ અને ૧૦૭ પ્રમાણેના ગુના માટે કાયદાની જોગવાઈ પ્રમાણે માલિકેજ જવાબદાર ગણાય છે. અને કાયદાની કલમ ૩ (૧૪) પ્રમાણે માલિકની વ્યાખ્યામાં કંપની વહીવટ ચલાવવા માટે જે વ્યકિત નિયત કરવામાં આવેલ હોય તે વ્યકિતની જવાબદારી થાય છે. અને તે વ્યકિત માલિકની જવાબદારી તરીકે કંપનીના માલિક બને છે. કંપનીના ફેકટરી મેનેજર શ્રી એચ. ડી. શાહને કંપનીનો બધો વહીવટ ચલાવવા માટેની સત્તા આપવામાં આવેલ છે. અને કાયદાની કલમ અન્વયે અને જવાબદારીઓ પ્રમાણે વર્તવાની મેનેજરની જવાબદારી છે. ઉપરના સંજોગોમાં અરજદારોએ નામદાર ઔદ્યોગિક અદાલત પાસે નીચે પ્રમાણેની દાદ માંગે છે.

વલસાડની લેબર કોર્ટના ન્યાયાધિશશ્રીએ ફરીયાદ અરજી નં. ૨૯ / ૧૯૮૯ અરજદાર સર્વ શ્રી જગદીશભાઈ, અરૂણભાઈ, પ્રકાશભાઈ સામે સમન્સ કાઢવાનો જે હુકમ કરેલ છે. તે હુકમ રદ કરવા માટે વિનંતી છે. વલસાડની લેબર કોર્ટના વિદ્વાન ન્યાયાધિશશ્રીએ ફરીયાદ ધ્યાનમાં લઈને અરજદાર નં. ૨, ૩ અને ૪ સામે સમન્સ કાઢવાનો જે હુકમ કરેલ છે. તે હુકમ ગેરકાયદેસર હોય રદબાતલ કરવા વિનંતી છે. બીજી નામદાર અદાલતને યોગ્ય લાગે તેવી દાદ અપાવવા વિનંતી છે. અરજદારે એવી પણ દાદ માંગેલ છે કે, રીસ્પોન્ડન્ટની અરજી આપ નામદાર સમક્ષ ચાલુ છે તે સમય દરમ્યાન વલસાડની લેબર કોર્ટના વિદ્વાન ન્યાયાધિશશ્રીએ ફરીયાદ અરજી નં. ૨૯ / ૮૯ માં આગળની કાર્યવાહી કરવી નહિ તેવો વચગાળાનો મનાઈ હુકમ આપવા અરજ છે.

(૨) અરજદારે પેરા-૩૮માં માંગ્યા પ્રમાણે વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવ્યો હતો, અને તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૦ સુધી રીસ્પોન્ડન્ટ નં. ૨ને ઉપરોકત ફરીયાદમાં આગળની કાર્યવાહી કરવી નહિ અને યથાવત સ્થિતિ જાળવી રાખવી તેવો હુકમ કરવામ આવ્યો હતો.

(૩) આંક-૭ની અરજીથી અરજદાર વતી શ્રી પી. એન. ઠક્કરે મનાઈ હુકમની મુદત હવે પછીની મુદત સુધી લંબાવી આપવા માટે અરજી કરી હતી કામદાર રીસ્પોન્ડન્ટ નં. ૧ આંક-૯થી અધિકારપત્રથી ધી વલસાડ ડીસ્ટ્રીકટ ઈન્ડસ્ટ્રીયલ એમ્પ્લોઈઝ એસોસીએશનના જનરલ સેક્રેટરીશ્રી રમેશભાઈ પટેલ અને જયેશભાઈ બરવાળીયાને અધિકારપત્ર આપેલ છે. આંક-૧૦ થી અરજદારના એડવોકેટ શ્રી પી. એન. ઠક્કરે રીસ્પોન્ડન્ટ નં. ૧ કામદારના પ્રતિનિધિ શ્રી રમેશભાઈ પટેલને રીવીજન અરજી નં. ૭ / ૮૯ થી ૨૭ / ૮૯ એકઠી કરવામાં આવે અને આ બધી રેફરન્સ અરજીઓ એક સાથે સાંભળવામાં આવે, અને એક હુકમથી બધી રેફરન્સ અરજીઓનો નિકાલ કરવામાં આવે તેવી અરજી કરવામાં આવેલ છે. આંક ૧૦ની અરજી ઉપર નામદાર અદાલતે બધી અરજીઓ એકઠી કરવાની અને એકસમાન હુકમથી બધી અરજીનો નિકાલ કરવાનો હુકમ કરેલ છે.

(૪) આંક-૧૧ની અરજી પ્રમાણે વચગાળાના મનાઈ હુકમની બીજી મુદત સુધી લંબાવવામાં આવ્યો હતો, આંક-૧૩ની અરજી પ્રમાણે મનાઈ હુકમનો સમય બીજી મુદત સુધી લંબાવવામાં આવ્યો હતો, આમ આ રેફરન્સ અરજીઓમાં તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૦ સુધી મનાઈ

INDEX

હુકમ લંબાવવામાં આવેલ હતો, પરંતુ તે પછીની મુદતમાં અરજદાર તરફે આ અદાલ સમક્ષ તારીખ ૫મી એપ્રિલ, ૧૯૯૦, ૧૪મી જુન ૧૯૯૦, ૨૯મી જુન, ૧૯૯૦, ૩ ઓગષ્ટ, ૧૯૯૦, ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૦, ની તારીખોમાં વચગાળાનો મનાઈ હુકમ લંબાવ અરજીઓ આપવામાં આવેલ નથી. તેમજ અરજદારો તરફે કોઈ હાજર પણ રહેલ નથી.

(૫) આંક-૧૦ની અરજીથી રીસ્પોન્ડન્ટ નં. ૧ કામદારે પ્રતિનિધિ શ્રી જયેશભાઈ બરવાળીયા આ રીવીઝન અરજીઓમાં અરજી આપેલ છે કે, આ કામના અરજદારો તરફે તારીખ ૧૮ જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ આંક-૧૦થી દલીલો કરવામાં આવેલ, અને વધુ દલીલો કર મુદત તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૦ના રોજની આપવામાં આવેલ, ત્યારબાદ આજ સુધી આપ નામદાર કોર્ટ તરફથી મુદતો આપવામાં આવેલ છે. અને દલીલો કરવા મ આપ નામદાર કોર્ટે ૮ માસ જેટલો સમય આપેલ હોવા છતાં અરજદાર તરફથી દલી પુરી કરવામાં નિષ્ફળ ગયા છે. અને આમ કરી અરજદારો પોતે દલીલો કરી શકે તેમ હોવા છતાં આપ નામદાર કોર્ટનો અને કામદારોનો કિંમતી સમય વેડફી રહ્યા છે. અરજ તરફે અરજદારના એડવોકેટ નામદાર અદાલત સમક્ષ હાજર રહેલ નથી. અને રીવીઝન અરજી કેવી રીતે કાયદેસર રીતે ટકી શકે તેમ છે. તે સાબિત કરવામાં નિષ્ફળ ગયા છે. તેથી રીવીઝન અરજીઓ રદ કરવા વિનંતી છે.

(૬) અરજદાર તથા અરજદારના વિદ્વાન એડવોકેટ શ્રી પી. ટી. એસ. નાયડુ, અને એસ. નાયડુ આજરોજ કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી. અને અધુરી રહેલ દલીલો પુરી કરેલ નથી. અને રીવીઝન અરજી કેવી રીતે ટકી શકે તેમ છે તે સાબિત કરી શકયા ન કંપનીના એડવોકેટ શ્રી પી. ટી. નાયડુ અને સી. એસ. નાયડુએ કોઈપણ અરજી મોકલ નથી. આથી રીસ્પોન્ડન્ટ નં. ૨ વલસાડની લેબર કોર્ટના વિદ્વાન ન્યાયાધિશે ફરીયાદ ૨૯/૮૯માં આગળની કાર્યવાહી ન કરવાનો જે મનાઈ હુકમ આપવામાં આવ્યો હતો મનાઈ હુકમ રદ કરવામાં આવે છે. અને આ રીવીઝન અરજીનો કેવી રીતે કાયદેસર ટકી શકે છે તે અરજદારે સાબિત કર્યું નથી. તેથી આ રીવીઝન અરજીઓ કાયદેસર ટકી શકે તેમ ન હોઈ, કાઢી નાંખવામાં આવે છે. ખર્ચ બાબતે કોઈ હુકમ કરવામાં આ નથી. આ હુકમની નકલ પક્ષકારોને મળે તે તારીખથી એક માસમાં અમલમાં, આવવાનો

સુરત, ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૦.

એ. બી. પટેલ,
સભ્ય.
ઔદ્યોગિક અદાલત, સુ

પી. આર. પુંસનાણી.
અધિક્ષક,
સુરત.

ન્યાયાધીશ મજુર અદાલત દ્વારા
જાહેરનામું

ક્રમાંક ૩૮૩૩/૧૯૯૦.—મજુર અદાલત કલોલ સને ૧૯૯૧ ના વર્ષ દરમિયાન નીચે જ જાહેર રજાઓ કે જે ડીસ્ટ્રીકટ કોર્ટ, મહેસાણાએ તેમના જાહેરનામા ક્રમાંક બી/૮/૧/૧૪૬૮ ૧૯૯૦, તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૦ અન્વયે બહાર પાડેલ છે તે પ્રમાણેની રજાઓ પાળ જાહેર કરે છે.

INDEX

મજુર અદાલત, કલોલ અને તેની કચેરી નીચેના દિવસોએ બંધ રહેશે.

ક્રમ નં.	તહેવારનું નામ	અંગ્રેજી કેલેન્ડર મુજબ તારીખ	દિવસ
૧	૨	૩	૪
૧	મકરસંક્રાતી	૧૪મી જાન્યુઆરી ૧૯૯૧	સોમવાર
૨	પ્રજાસત્તાક દિન	૨૬મી જાન્યુઆરી ૧૯૯૧	શનિવાર
૩	મહાશિવરાત્રી	૧૨મી ફેબ્રુઆરી ૧૯૯૧	મંગળવાર
૪	ધૂળેટી	૧લી માર્ચ ૧૯૯૧	શુક્રવાર
૫	મહાવીર જ્યંતિ	૨૮મી માર્ચ ૧૯૯૧	ગુરૂવાર
૬	ગૂડ ફ્રાયડે	૨૯મી માર્ચ, ૧૯૯૧	શુક્રવાર
૭	રમઝાન ઈદ (ઈદ-ઉલ-ફીત્ર)	૧૭મી એપ્રિલ ૧૯૯૧	બુધવાર
૮	મહોરમ	૨૩મી જુલાઈ ૧૯૯૧	મંગળવાર
૯	સ્વતંત્ર દિન	૧૫મી ઓગસ્ટ ૧૯૯૧	ગુરૂવાર
૧૦	પારસીનું નવું વર્ષ	૨૪મી ઓગસ્ટ ૧૯૯૧	શનિવાર
૧૧	જન્માષ્ટમી (કૃષ્ણ જ્યંતિ)	૨જી સપ્ટેમ્બર ૧૯૯૧	સોમવાર
૧૨	સવંતસરી	૧૨મી સપ્ટેમ્બર ૧૯૯૧	ગુરૂવાર
૧૩	ઈદ-એ-મીલાદ	૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૧	શનિવાર
૧૪	મહાત્મા ગાંધી જ્યંતિ	૨જી ઓકટોબર ૧૯૯૧	બુધવાર
૧૫	દશેરા	૧૭મી ઓકટોબર ૧૯૯૧	ગુરૂવાર
૧૬	સરદાર વલ્લભભાઈ પટેલ જ્યંતી	૩૧મી ઓકટોબર ૧૯૯૧	ગુરૂવાર
૧૭	દિવાળી (વધારાની રજા)	૧લી નવેમ્બર ૧૯૯૧	શુક્રવાર

INDEX

૧	૨	૩	૪
૧૮	દિવાળી (વધારાની રજા)	૨જી નવેમ્બર ૧૯૯૧	શનિવાર
૧૯	દિવાળી (વધારાની રજા)	૪થી નવેમ્બર ૧૯૯૧	સોમવાર
૨૦	દિવાળી	૫મી નવેમ્બર ૧૯૯૧	મંગળવાર
૨૧	દિવાળી (વધારાની રજા)	૬ઠ્ઠી નવેમ્બર ૧૯૯૧	બુધવાર
૨૨	દિવાળી (નવું વર્ષ)	૭મી નવેમ્બર ૧૯૯૧	ગુરૂવાર
૨૩	ભાઈબીજ	૮મી નવેમ્બર ૧૯૯૧	શુક્રવાર
૨૪	ગુરૂનાનક જયંતિ	૨૧મી નવેમ્બર ૧૯૯૧	ગુરૂવાર
૨૫	ક્રીસમસ ડે (નાતાલ)	૨૫મી ડીસેમ્બર ૧૯૯૧	બુધવાર

નોંધ—૧ નીચે જણાવેલ રજાઓ રવિવારના રોજ આવતી હોવાથી જાહેર રજા તરીકે જાહેર કરેલ નથી.

૧	ચેટીચાંદ	૧૭મી માર્ચ ૧૯૯૧	રવિવાર
૨	રામનવમી	૨૪મી માર્ચ ૧૯૯૧	રવિવાર
૩	ડો. આંબેડકર જયંતિ	૧૪મી એપ્રિલ ૧૯૯૧	રવિવાર
૪	બકરી-ઈદ	૨૩મી જુન ૧૯૯૧	રવિવાર
૫	રક્ષાબંધન (નારીયેલી પૂનમ)	૨૫મી ઓગસ્ટ ૧૯૯૧	રવિવાર

નોંધ-૨ ઉપર જાહેર કરેલ મુસ્લીમોની કોઈપણ તહેવારો જાહેર કરેલ દિવસે ન આવતા હોય તો તે તહેવારો જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે સરકારના મુસ્લીમ કર્મચારીઓને તેમણે પસંદ કરેલ રજા જાહેર કરેલ રજાને બદલે તે દિવસે મરજીયાત રજા તરીકે આપી શકાશે.

કલોલ (ઉ. ગુ.), ૧૪મી ડીસેમ્બર ૧૯૯૦.

જી. એસ. પટેલ,
ન્યાયાધીશ,
મજુર અદાલત, કલોલ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

NOTE

(1) The Notifications issued by the Commissioner/Assistant Commissioner under Industrial Disputes Act, 1947, published in issue No. 12 of *Gujarat Government Gazette*, Part I-L, should be *read* to have been published in *Gujarat Government Gazette*, Part I-L, dated 21st March 1991, and for pages 1 to 576 respectively, (in 6 sets) *read* pages Nos. 2000 to 2575.

વિજ્ઞપ્તિ

(૧) સને ૧૯૪૭ના ઔદ્યોગિક તકરાર અધિનિયમ અન્વયેના કમિશનર/મદદનીશ કમિશનર દ્વારા બહાર પાડેલ અધિસૂચનાઓ ગુજરાત રાજયના રાજયપત્ર, ભાગ I-L માં પ્રસિદ્ધ કરવામાં આવે છે, તે તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૧ના ગુજરાત રાજયના રાજયપત્ર, ભાગ I-Lના અંક ૧૨માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ **વાંચવું** અને પાના ૧ થી ૫૭૬ અનુક્રમે (૬ ભાગમાં) ને પાનાં નંબર ૨૦૦૦ થી ૨૫૭૫ **વાંચવા.**

Vadodara, 21st March 1991.

Manager,
Government Press and Stationery Deptt.
Vadodara.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

નં. કેએસ/એસએચએમસી/સુરે/૨૬/ ૩૫૯-૯૦ મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ટેક્ષટાઈલ મેરીંગ્ઝ (કે. સી. આઈ.) પ્રા. લી. સુરેન્દ્રનગર અને તેના કામદાર પરમાર કીશોરભાઈ મુળજીભાઈ વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની (૧૪)માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના તા. ૨૬ માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક :- કેએસ એસએચ-૩૬૭ આઈડીએ ૧૦૭૨-૪૬૧૮ (૭૩)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ (૧)ની કલમ 'સી' વાંચતા સદર ધારાની અનુસૂચિ ૨ની આઈટમ ૩ અને અને અનુસુચિ ૩ની આઈટમ ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની ૧૪મની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા કલમ સોંપેલા મળેલા સત્તાની રૂએ. હું એસ. જી. કાથી મદદનીશ મજુર કમીશનર સુરેન્દ્રનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએસ/આર/ ૮૨/આઈડીએ/૧૦૯૦-૪૬૩૫-જે-એમ-૪થી રચાયેલા એચ. એસ. મહેતાની બનેલી મજુર અદાલત સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

પરિશિષ્ટ

પરમાર કીશોરભાઈ મુળજીભાઈને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ.

એસ. જી. કાથી
મદદનીશ મજુર કમિશનર
સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર તા. ૨૨-૮-૯૦

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીક વીવાદ અધીનિયમ–૧૯૪૭

નં. કેએમ/એસએચએમસી/સુરે/૨૬/૩૪૩–૯૦ મદદનીશ મજુર કમીશનરનો એવો અભીપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દીષ્ટ કરેલ બાબતો બાથે સંકળાયેલી ઔદ્યોગીક તકરાર હિન્દુસ્તાન સોલ્ટસ લી. ખારાઘોડા અને તેના કામદાર દીપકકુમાર ધનજીભાઈ ધામેચા વચ્ચેનો છે.

અને હવે ઔદ્યોગીક તકરાર અધીનીયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ–૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજકલ્યાણ અને આદીજાતી વીકાસ વીભાગના તા. ૨૬–૩–૭૩ના જાહેરનામા ક્રમાંકઃ કેએચ–એસ.એચ–૩૬૭ આઈડીએ ૧૦૭૨–૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ–(૧) ની સાથે પેટા વીભાગ–૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાનીઅનુસુચી ૨ની આઈટમ નં. ૩ અને અનુસુચી–૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગેના બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપરત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા મુજબ તકરાર અધીનીયમ ૧૯૪૭ની કલમ ૧૪મા ની પેટા કલમ ૧ પેટા વિભાગ સીથી મળેલ સત્તાની રૂએ હું એસ. જી. હાથી મદદનીશ મજુર કમીશનર સુરેન્દ્રનગર આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૭–૩–૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ/૮૨/આઈડીએ/૧૦૯૦–૪૬૩૫–એ–એમ–૪થી રચાયેલ એચ. એસ. મહેતાની બનેલી મજુર અદાલત સુરેન્દ્રનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય માટે આથી મોકલું છું.

અનુસુચી

દીપકકુમાર ધનજીભાઈ ધામેચાને તેમના પડેલા દીવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનાસ્થાપીત કરવા જોઈએ.

એસ. જી. હાથી
મદદનીશ મજુર કમીશનર
સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર તા. ૨૧–૮–૯૦

INDEX

મહેરબાન મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીક તકરાર અધીનીયમ, ૧૯૪૭

નં કેએમ/એસએમએમસી/સુરે/ રેફ/૨૪૫–૯૦ મહેરબાન મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગીક તકરાર ક્રીતી વાયર પ્રા. લી. વઢવાણસીટી અને તેના કામદાર ખાનાભાઈ તેજાભાઈ વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગીક તકરાર અધિનીયમ ૧૯૪૭ની ૧૪માની કલમ–૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજકલ્યાણ અને આદીજાતી વીકાસ વીભાગના તા. ૨૬–૩–૭૩ના જાહેરનામા ક્રમાંક: કેએમ/એસએમ/૩૬૭ આઈડીએ/૧૦૭૨–૪૧૧૮(૩૨)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વીભાગ–૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસુચિ–૨ની આઈટમ નં. ૬ અને અનુસુચિ–૩ ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મહેરબાન મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિકતકરાર અધિનિયમ ૧૯૪૭ના૧૪માની કલમ–૧૦ની પેટા કલમ ૧ની પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું શ્રી એસ. જી. હાથી મહેરબાન મજુર કમિશનર, સુરેન્દ્રનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭–૩–૯૦ના જાહેરનામા ક્રમાંક કેએમઆર./૮૨/આઈડીએ/૧૦૯૦–૪૬૩૫–જી–એમ–૪થી રચાયેલી શ્રી એચ. એસ. મહેતાની બનેલી મજુર અદાલત સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસુચિ

ખાનાભાઈ તેજાભાઈને તેમની મુળ જગ્યાએ પડેલા દીવસોના પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપીત કરવા જોઈએ.

એસ. જી. હાથી
મહેરબાન મજુર કમિશનર
સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર તા. ૨૧–૮–૯૦

મદદનીશ મજુર કમિશનર, દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

નં. કેએલ/એસએલએસસી/સુરે/રેફ/ ૩૬૨-૯૦ મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર રેન્જ ફોરેસ્ટ ઓફીસર વનમહોત્સવ (વિસ્તરણ) કમાડા અને તેના કામદાર ગોવીંદ ગણેશ વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ ૧૪ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગની તા. ૨૬મી માર્ચ ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક : કેએલ/એસએલ/૩૬૭ આઈડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૨)થી સદરહું ધારાની અનુસૂચી ૨ની આઈટમ ૩ અને અનુસૂચિ ૩ની આઈટેમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે બધા મદદનીશ મજુર કમિશ્નરને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપરત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪ માંની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રુએ હું એસ. જી. હાથી મદદનીશ મજુર કમિશનર સુરેન્દ્રનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/ ૮૨/આઈડીએ /૧૦૯૦/ ૪૬૩૫-એ-એમ-૪થી રચાયેલ શ્રી એચ. એસ. મહેતાની બનેલી મજુર અદાલત સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેનો ન્યાયનિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

ગોવીંદ ગણેશને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ.

સુરેન્દ્રનગર તા. ૨૧-૮-૯૦

એસ. જી. હાથી
મદદનીશ મજુર કમીશનર
સુરેન્દ્રનગર

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

નં. કેએમ/એસએચએમસી/સુરે/૨૬/૩૬૩-૯૦ મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર થાનગઢ નગરપંચાયત થાનગઢ અને તેના કામદાર જ્યોતી કરશન વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનીયમ ૧૯૪૭ ના ૧૪ માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વીકાસ વીભાગના તા. ૨૬-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક કેએમ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮(૩૩)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વીભાગ ૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ નો આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૪ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ 'સી'થી મળેલ સત્તાની રૂએ હું એસ. જી. હાથી મદદનીશ મજુર કમિશનર સુરેન્દ્રનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક-કેએમ/ આર/૮૨/ આઇડીએ/ ૧૦૯૦/૪૬૩૫-એ-એમ-૪એથી રચાયેલ એમ. એસ. મહેતાની બનેલી મજુર અદાલત સુરેન્દ્રનગરને ઉક્ત તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલુ છું.

અનુસુચિ

જ્યોતી કરશનને તેમના પડેલા દીવસોના પગાર સહીત તેમની મુળ જગાએ પુનઃસ્થાપીત કરવા જોઈએ.

એસ. જી. હાથી
મદદનીશ મજુર કમિશનર
સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર તા. ૨૧-૮-૯૦

—०—०—

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭.

નં. કેએસ/એસએનએમએસસી/સુરે/રેફ/ ૩૪૪-૯૦/ મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી સિદ્ધાર્થ કેળવણી મંડળ સુરેન્દ્રનગર અને તેના કામદાર પ્રેમભાઈ આર. પરમાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૬-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએમ-એલએમએ--૩૬૭-આઈડીએ-૧૦૭૨-૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ ૧ની સાથે પેટા વિભાગ (૧) કલમ (સી) વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના લાગુ પડતા કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા કલમ 'સી' થી મળેલી સત્તાની રૂએ એસ. જી. હાથી મદદનીશ મજુર કમિશનર સુરેન્દ્રનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએમ/આર/૮૨/આઈડીઆર/૧૯૯૦/૪૬૩૫-(એ)-એમ-૪થી રચાયેલી એચ. એલ. મહેતાની બનેલી મજુર અદાલત સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

પ્રેમભાઈ આર. પરમારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ.

એસ. જી. હાથી
મદદનીશ મજુર કમિશનર
સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર તા. ૨૧-૮-૯૦

INDEX

મદદનીશ મજુર કમિશનર

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

નં. કેએમ/એસએચએસસી/સુરે/૨૬/ ૩૬૦-૯૦ મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત કચેરી (એન.આર.પી. શાખા) લખતર અને તેના કામદાર કલોતરા ગોવીંદભાઈ કરમશીભાઈ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શિક્ષણ અને મજુર વિભાગના તા. ૨૬-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક કેડીએ/એસ-એલ-૩૬૭-આઈડીએ/૧૦૭૨/૪૬૧૮(૩)થી સદર ધારાની ૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ ૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૧ની આઈટેમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટેમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ સી'થી મળેલ સત્તાની રૂએ એસ. જી. હાથી મદદનીશ મજુર કમિશનર સુરેન્દ્રનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૭-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૨-૮૨/આઈડીએ/૧૦૯૦ ૪૬૩૫-(એ)એમ-૪થી રચાયેલી શ્રી એચ. એલ. મહેતાની બનેલી મજુર અદાલત સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

કલોતરા ગોવીંદભાઈ કરમશીભાઈ ને તેમના પડેલા દિવસોના પગાર સહિત તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા

એસ. જી. હાથી
મદદનીશ મજુર કમિશનર
સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર તા. ૨૨-૮-૯૦

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા
હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

નં. કેએચ/એસએચએમસી/સુરે/૨૬/૩૬૪/૯૦ મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી આદ્યોગિક તકરાર ૧. જુનીયર એન્જીનીયર, ગુજરાત વિદ્યુત બોર્ડ, ચોટીલા ૨. અધિક્ષક ઈજનેર, ગુજરાત વિદ્યુત બોર્ડ, સર્કલ ઓફીસ, સાબરમતી અમદાવાદ અને તેના કામદાર નવલસીંહ મોતીસીંહ ઝાલા વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૬-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક [illegible]-એસએચ-૩૬૭-આઈડીએ-૧૦૭૨-૪૬૧૮-(૩૩)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ-(૧)ની પેટા વિભાગ ૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ ૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના લેખિત કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગીક તકરાર અધિનીયમ ૧૯૪૭ની ૧૪માની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા વીભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું એસ. જી. હાથી મદદનીશ મજુર કમિશનર સુરેન્દ્રનગર આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૭-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ આર-૨-૮૨/આઈડીએ-૧૦૯૦-૪૬૩૫-(૩)એમ-૪ થી રચાયેલ એચ. એસ. મહેતાની બનેલી મજુર અદાલત સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

નવલસીંહ મોતીસીંહ ઝાલાને તેમની મુળ જગ્યાએ પડેલા દીવસોના પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપીત કરવા જોઈએ.

એસ. જી. હાથી
મદદનીશ મજુર કમિશનર
સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર તા. ૩૦-૮-૯૦

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

નં. કેએમ/એસએમએમસી/સુરે/રેફ/ ૩૬૮-૯૦ મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ૧. જીલ્લા વીકાસ અધીકારી, જીલ્લા પંચાયત સુરેન્દ્રનગર ૨. નાયબ કાર્યપાલક ઇજનેર, પુરરાહત પંચાયત પે. વી. પાટડી અને તેના કામદાર મોહબતખાન રહેમતખાન વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ ૨૯ અન્વયે ગુજરાત રાજ્યના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએમ-એસએમ ૩૬૭/આઈડીએ/૧૦૭૨-૪૬૧૮-૩ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ ૧ની સાથે પેટા વિભાગ ૧ની કલમ સી વાંચતા અને સદર ધારાની કલમ ૨ની આર્ટીકલ ૩ અને અનુસૂચિ ૩ ની આર્ટીકલ ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની ૧૪માંની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા કલમ 'સી'થી મળેલી સત્તાની રૂએ હું શ્રી એસ. જી. હાથી મદદનીશ મજુર કમિશનર સુરેન્દ્રનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક/કેએમ /આર/૨-૮૨/ આઈડીએ/૧૦૯૦/૪૬૩૫/(એ)એમ-૪થી રચાયેલી કે. એ. એસ. મહેતાની બનેલી મજુર અદાલત સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

મોહબતખાન રહેમતખાનને પડેલા દિવસોના પગાર સહીત તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ.

એસ. જી. હાથી
મદદનીશ મજુર કમિશનર
સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર તા. ૩૦-૮-૯૦

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭.

નં. કેએચ/એસએમએમસી/સુર/રેફ/૩૬૯-૯૦ મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ઘનશ્યામ મેગ્નેશીયા વર્કસ ખારાઘોડા અને તેના કામદાર વેરસી હીરા વચ્ચે છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની ૧૪માંની કલમ ૧૦ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૬-૩-૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએચ/એસએચ-૩૬૭-આઈડીએ-૧૦૭૨-૧૮(૩) થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ ૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું એસ. જી. હાથી મદદનીશ મજુર કમિશનર સુરેન્દ્રનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૮૨/આઈડીએ/૧૦૯૦-૧૬૩૫(એ)એમ-૪થી રચાયેલ એચ. એસ. મહેતાની જનેલ મજુર અદાલત સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે આથી મોકલું છું.

અનુસૂચિ

વેરસી હીરાને તેમના પહેલા દીવસોના પગાર સહીત મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ.

સુરેન્દ્રનગર તા. ૩૦-૮-૯૦

એસ. જી. હાથી
મદદનીશ મજુર કમિશનર
સુરેન્દ્રનગર

મદદનીશ મજુર કમીશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીક વીવાદ અધીનીયમ-૧૯૪૭

નં કેએમ/એસએચએમસી/સુરે/૨૬/ ૩૬૭-૯૦ મદદનીશ મજુર કમીશનરનો એવો અભીપ્રાય થાય છે કે. આ સાથે જોડેલી નકલમાં નિર્દીષ્ટ કરેલ ઔદ્યોગીક તકરાર વઢવાણ નગરપાલીકા વઢવાણસીટી અને તેના કામદાર દીલુભા કે. ઝાલા વચ્ચેનો છે.

અને હવે પછીના ઔદ્યોગીક તકરાર અધીનીયમ-૧૯૪૭ની કલમ ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વીકાસ વીભાગની તા. ૨૪ મી માર્ચ ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક-કેએચએમએસ/ આઈડીએ-૧૦૩૦-૪૬૧૦ થી સદરહુ ધારાની અનુસુચી ૨૨ની આઈટમ ૩થી૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે તથા મદદનીશ મજુર કમીશનરને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા મુજબતકરારઅધીનીયમ-૧૯૪૭ના કલમ-૧૪માંના પેટા કલમ૧ સીથી મળેલ સતાની રૂએ હું એસ. જી. હાથી મદદનીશ મજુર કમીશનર સુરેન્દ્રનગર આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૭-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ- આર-૮૨-આઈડીએ-૧૦૬૦-૪૬૩૫-(એ)-એમ-૪ થી સ્થાપેલી એચ. એસ. મહેતાની બનેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે આથી લખી મોકલું છું.

અનુસુચી

દીલુભા કે. ઝાલાને તેમની મુળ જગ્યાએ પડેલા દીવસોના પગાર સાથે પુનઃસ્થાપીત કરવા જોઈએ.

એસ. જી. હાથી
મદદનીશ મજુર કમીશનર
સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર તા. ૩૦-૮-૯૦

INDEX

મહદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

નં. કેએસ/એસએચએમસી /સુરે/રેફ/૭૭૨/૯૦ મહદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય છે કે, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શક્તિ સીમેન્ટ ઈન્ટરનેશનલ લી. બામણબોર ... ના કામદાર એચ. જે. વ્યાસ વચ્ચેની છે.

ઉપરોક્ત ૧ થી ૫ માંગણીઓ ૧લી એપ્રિલ ૧૯૮૬ના વર્ષથી અમલી બને અને તે રીતે માન્ય રાખવો કે કેમ ?

એ. કે. શુક

અમદાવાદ તા. ૪-૧૨-૯૦

મજુર કમિશનર

અમદાવાદ

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએમએમ/૨૭૨૪૩/૫.૫/આઇડીઆર /એન/પી/ ૮૧-૯૦ થી સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગીક તકરાર પાવર મીલ્ડ લી. વલ્લભ- વિદ્યાનગર અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેજીએચ આર-૨૬૧-આઈડીઆર-૧૦૭૮-૧૧૮૬૨ (બી) (૨)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ સદર ધારાની અનુસૂચીરની આઈટમ નં. ૩ અને અનુસુચી-ત્રીજી આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સીવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમીશનર વડોદરાને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ ૧નો પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર આથી મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વીકાસ શ્રમ અને રોજગાર વિભાગના તા. ૩-૨-૮૭ના જાહેરનામા ક્રમાંક કેજીએચ/આર/ ૮૨(૧)આઈડીએ/૧૦૮૭/૨૧૨૦એ/૧/મ/૪થી રચાયેલા આર. એસ. શુકલની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

૧. દરેક કામદારને તેના બેઝીક પગારમાં રૂા. ૩૦૦ નો માસિક વધારો આપવો કે કેમ ?

૨. દરેક કામદારને અમદાવાદના મીલ ઉદ્યોગોને મળતી મોંઘવારી દર માસે આપવી અથવા હાલ મળતી મોંઘવારી ભથ્થામાં ૧૦૦ વધારો કરી આપવો કે કેમ ?

INDEX

૩. દરેક કામદારને માસિક રૂા. ૩૦૦ ઘરભાડું આપવું અથવા કુલ પગારના રૂા. ૩૦ ટકા લેખે માસિક ભાડું આપવું કે કેમ ?

૪. વાહનભાડું માસિક રૂા. ૫૦ આપવું કે કેમ ?

૫. દર માસે કુલ પગારના ૧/૩ ના ડી.એ. નો ભાગ બેઝીકમાં આપવો કે કેમ ?

૬. દરેક કામદારને દર વરસે રૂા. ૨૦૦૦ લીવ ટ્રાવેલીંગ એલાઉન્સ આપવું કે કેમ ?

૭. દરેક કામદારને રૂા. ૫૦ મેડીકલ એલા. ઉચ્ચક દર માસે આપવું તેમજ દરેક કામદારને માંદગીનો થયેલ તમામ ખર્ચ અને તેમના દીવસોની તમામ દીવસોની હાજરી પુરી આપી પગાર આપવો કે કેમ ?

૮. દરેક કામદારને દર વરસે રૂા. ૨૦૦૦ પ્રોડકશન બોનસ આપવું કે કેમ ?

૯. કામદારોને નીચે પ્રમાણે વર્ગીકરણ કરી અને નીચે મુજબ બેઝીક પગાર તથા ગ્રેડ આપવો કે કેમ ?

અ.	બીન કુશળ-	૪૫૦-૧૫-૪૯૫-૨૫-૫૯૫
બ.	અર્ધ કુશળ-	૫૦૦-૨૦-૫૬૦-૩૦-૬૮૦
ક.	કુશળ-	૫૭૫-૨૫-૬૫૦-૩૫-૭૯૦
ડ.	હાઇ સ્કીલ્ડ-	૭૦૦-૩૦-૭૯૦-૪૦-૯૫૦

૧૦. દર ત્રણ વરસે સર્વીસ દીઠ એક ઈન્ક્રીમેન્ટ આપવું કે કેમ ?

ઉપરોક્ત તમામ માંગણીઓનો અમલ તા. ૧-૧-૮૯થી કરવો કે કેમ ?

એ. કે. લુક
મજુર કોંગ્રેસ
અમદાવાદ

અમદાવાદ તા. ૪-૧૨-૯૦

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીક વીવાદ અધીનીયમ-૧૯૪૭

નં. કેએચ/ એલએએમએમસી/ ૨૭૨૪૪/૫.૫ /આઈડીઆર /એને/ ૭/૮૪-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગીક તકરાર મુજકોમ ડીસ્ટીલર્સ ઈન્ડીયા લી. અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે પછીના ઔદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭ની કલમ ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વીકાસ વીભાગની તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક -કેએચ-એસએલ-૨૬૧-આઈડીએ/૧૦૭૨-૧૧૮૬૨-(બી)(૨)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ ૧ અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૨) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચી-૧૨ની આઈટમ નં. ૩ અને અનુસુચી-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા મુજબ અધીનીયમ ૧૯૪૭ની કલમ ૧૪માંની પેટા કલમ ૧ પેટા વીભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમીશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૩-૨-૮૭ના જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૮૨-૨-આઈડીએ-૧૦૮૭-૨૧૨૦એ-૨--મ-૪થી રચાયેલ એ. બી. પરેલની બનેલી મજુર અદાલત સુરતને ઉક્ત તકરાર તેનો ન્યાય નિર્ણય માટે આથી સોંપી મોકલું છું.

અનુસુચિ

તા. ૨૪-૧૦-૮૯થી તા. ૭-૧૧-૮૯ દરમીયાન કંપનીએ ગેરકાયદેસર તાળાબંધી કરી કામદાર/કર્મચારીઓના કામ કરવાના અધીકાર ઉપર તરાપ મારેલ છે, તો તે દરમીયાન પડેલા દીવસોનો પગાર ભરપાઈ કરી આપવો કે કેમ ?

એ. કે. શુક

અમદાવાદ તા. ૪-૧૨-૯૦

મજુર કમીશનર

અમદાવાદ

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીક તકરાર અધિનીયમ-૧૯૪૭.

નં. કેએમ/એલએએમએમસી/૨૭૨૪૫/૫.૫/આઈડીઆર/ એને/એમ ૧૨૨-૯૦ /૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાયછે કે આ સાથે જોડેલી અનુસુચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગીક તકરાર મહાદેવીયા એન્જીનીયરીંગ એન્ડ ટ્રેડીંગ પ્રા. લી. અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

હવે ઔદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭ની કલમ-અન્વયે ગુજરાત સરકાર ના શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએમ/ આર/૨૬૦-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨-(બી) (૧) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ અને કલમ ૧૨ની પેટા કલમ ૪ અને ૪ હેઠળની સત્તાઓ સદર ધારાની અનુસુચી-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચી-૩ની આઈટમ નં. ૯, ૧૦ ૧૧ સીવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારે કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજય માટે મજુર કમીશ્નર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ ૧૦ની પેટા કલમ ૧થી મળેલ સતાની રૂએ હું મજુર કમીશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૩-૨-૮૭ના જાહેરનામા ક્રમાંક કેએમ/આર/૮૨(૧)/આઈડીએ/૧૦૮૭/૨૧૨૦-મ-૪થી રચાયેલ આર. એસ. શુકલની મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે સોંપીમોકલું છું.

અનુસુચિ

સંસ્થામાં કામ કરતા તમામ કામદારને તા. ૨૩-૧૧-૮૯ અને તારીખ ૧૮-૧૧-૮૯ ના દીવસોની હાજરી ભરીને આ દીવસોનો પુરેપુરો પગાર ભરપાઈ કરી આપવો જોઈએ કે કેમ ?

એ. કે. લુક
મજુર કમીશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૪-૧૨-૯૦

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીકતકરાર અધિનિયમ ૧૯૪૭,

નં. કેએચ /એસએચએસી/૨૭૨૪૬/આઈડીઆર/૫.૫ /એજે/ જી ૧૮૫-૮૯ નીચેસહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલો બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત રીસર્ચ એન્ડ મેડીકલ ઈન્સ્ટીટ્યુટ અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૨૬૭-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨-બી-૨-ગથી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ની પેટા કલમ (૪) અને(૫) હેઠળની સતા સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯ ૧૦ અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમીશનર અમદાવાદને સત્તા માટે સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર. અધિનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સતાની રૂએ નાયબ મજૂર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૩-૨-૮૭ના જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૮૨(૧)-આઈડીએ-૧૦૮૭-૨૧૨૦-(એ)૧-મ-૪થી રચાયેલ આર. એસ. શુકલની બનેલી મજૂર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

૧. સંસ્થાના કામદારને મોં. ભથ્થાની રકમ ઓલ ઈન્ડીયા કન્ઝ્યુમર્સ પ્રાઈસ ઈન્ડેક્ષ ૧૯૬૦=૧૦૦ના રેટથી ગણીને પોઈન્ટ દીઠ રૂા. ૨-૫૦ લેખે તા. ૧-૧-૮૯થી આપવા જોઈએ કે કેમ ?

૨. સંસ્થાના કામદારને મહીને રૂા. ૩૦૦ ફીક્સ મોં. ભથ્થું તા. ૧-૧-૮૯ આપવું જોઈએ કે કેમ ?

એ. કે. શુક્લ
મજુર કમિશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૪-૧૨-૯૦

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭,

ક્રમાંક કેએમ/એલએએસી/૨૭૨૪૭/૫.૫/આઈડીઆર /એસ/બી ૧૮૯-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ભગવતી ફાઉન્ડ્રી લી. અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિકતકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪માની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વિકાસ વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએમ આર/૨૬૧-આઈડીએ/૧૦૭૮/ ૧૧૮૬૨-(બી) (૨) ૩ થી સદર ધારાની કલમ ૧૦ ની પેટા કલમ-૧ અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચી-૨ના આઈટમ નં. ૩ અને અનુસુચી-૩ની આઈટમ નં. ૯, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમીશનરને અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માં ની કલમ ૧૦ની પેટા કલમ-૧ની પેટાવિભાગ 'સી' થી મળેલ સત્તાની રૂએ હું મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૩-૨-૮૭ના

જાહેરનામા ક્રમાંક કેઆઈ/આર/૮૨(૧)/આઈડીએ/૧૦૮૭-૨૧૨૦-એ(૧)મ-૪થી સ્થાપેલ આર. એસ. શુક્લની બનેલી મજુર અદાલત અમદાવાદને ઉપરોક્ત તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

૧. મુળ પગાર—

સંસ્થામાં કામ કરતા કામદારને હાલમાં મળતા મુળ પગારમાં રૂા. ૬૦૦નો પગાર વધારો કરી, વર્ગીકરણ કરી તે પ્રમાણે મુળ પગાર દર મહીને આપવો જોઈએ કે કેમ ?

૨. ફીટમેન્ટ ગ્રેડ—

ઉપરના સ્કેલમાં કામદારો અને સ્ટાફને મુકવા જોઈએ કે કેમ ?

૩. મોંઘવારી ભથ્થું—

સંસ્થામાં કામ કરતા તમામ કામદારને મુળ પગાર ઉપરાંત માસીક રૂપીઆ ૮૦૦ રૂપીયા મોં. ભથ્થા તરીકે આપવી જોઈએ કે કેમ ? તથા ઓલ ઈન્ડીયા કન્ઝયુમર્સ પ્રાઈસ ઈન્ડેક્ષ વેજ ૧૯૪૯-૧૦૦ પ્રમાણે ગણી કુલ પગારના ૧.૨૫ ટકા પ્રમાણે દરેક આંક ઉપર ગણતરી કરી તે પ્રમાણે વેરીએબલ ડી.એ. આપવું જોઈએ કે કેમ ?

૪. સ્પેશ્યલ એલાઉન્સ—

ઉપરના ગ્રેડ ઉપરાંત એક સ્પેશ્યલ ઈજાફો આપવો જોઈએ કે કેમ ?

૫. અન્ય એલાઉન્સ—

સંસ્થામાં કામ કરતા દરેક કર્મચારીઓને મકાનભાડું કુલ પગારના ૨૫ ટકા કન્વેયન્સ એલાઉન્સ ન૫ ટકા અથવા રૂા. ૩૦૦ બેમાંથી જે વધારે હોય તે તથા લીવ ટ્રાવેલ કન્વેયન્સ તરીકે ૫૦૦૦ કી.મી.નું રેલભાડું તથા મેડીકલ એલાઉન્સનું રીએમ્બર્સમેન્ટ દર મહીને તથા ધોલાઈભથ્થા પેટે રૂા. ૨૫ દર મહીને આપવા જોઈએ કે કેમ ? સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને જેઓ સંસ્થામાં કામ

અર્થે કામ કરવા બહાર જાય તેઓને તે દીવસના રૂા. ૨૫ લચ એલાઉન્સ આપવું જોઈએ કે કેમ ? સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને સંસ્થાના કામે બહાર જાય ત્યારે તેમને રહેવા–જમવાનું બીલ પુરેપુરું આપવું જોઈએ કે કેમ ? બહારગામ કામદાર કે સ્ટાફ જાય તો રૂા. ૭૫ દૈનિક ડેઈલી એલાઉન્સ આપવું જોઈએ કે કેમ ?

૬. રજાઓ–

તમામ કામદારને દર વરસે ૧૧ દીવસની કેજ્યુઅલ રજાઓ ૧૫ માંદગીની રજાઓ તથા ૧૨ દીવસની ભરપગારી તહેવારની રજાઓ આપવી જોઈએ કે કેમ ? જે કામદારોએ ન ભોગવેલ બાકી કેજ્યુઅલ રજા વરસના અંતે રોકડમાં રુપાંતર કરી આપવી જોઈએ કે કેમ ?

૭. યુનિફોર્મ–

દરેક કર્મચારીઓને દર વરસે ૪ શર્ટ ૪ પેન્ટ બે જોડી ચામડાના બુટ ત્રણ જોડી નાયલોનના મોજા, એક રેઈનકોટ અથવા છત્રી એક વુલન જર્શી આપવા જોઈએ કે કેમ ?

૮. મરણોતર લાભ–

સંસ્થામાં કામ કરતા કામદારને અકસ્માત થાય ત્યારે તેમને રૂા. ૨૫૦૦૦ આપવા જોઈએ કે કેમ ? તેમજ ફરજ ઉપર આકસ્મિક મરણ થાય તો તેના વારસદારને મરણોતર ક્રિયા માટે રુા. ૧૦૦૦ આપવા જોઈએ કે કેમ ?

૯. લોન–

સંસ્થામાં કામ કરતા તમામ કામદારને દર મહીને વગર વ્યાજની સ્કુટર કે મોટર સાયકલની કીંમત જેટલી વ્હીકલ લોન તથા રુા. ૧ લાખ સુધીની મકાન લોન આપવી જોઈએ કે કેમ ?

૧૦. કેન્ટીન ફેસીલીટી તથા સબસીડી–

સંસ્થામાં કામ કરતા તમામ કામદારને ચ્હા–પાણી, નાસ્તા માટે કેન્ટીનનો લાભ આપવો તેમજ ચીજવસ્તુ માટે કંપનીએ સબસીડી આપવી જોઈએ કે કેમ ?

INDEX

૧૧. ગ્રેજ્યુઈટી–

સંસ્થામાં કામ કરતા કામદાર જ્યારે નિવૃત થાય કે છુટા થાય ત્યારે પ્રત્યેક વરસે એક માસની ગ્રેજ્યુઈટી આપવી જોઈએ કે કેમ ?

૧૨. પેન્શન–

સંસ્થામાં કામ કરતા કામદારની નિવૃતી સમયે ટર્મીનલ પગારના ૫૦ ટકા પેન્શન તરીકે કામદાર જીવે ત્યાં સુધી અને તેની વીધવાને ૪૦ ટકા પેન્શન આપવું જોઈએ કે કેમ ?

૧૩. અમલ–

ઉપર જણાવેલ તમામ માંગણીઓનો અમલ તા. ૧-૧-૯૦થી કરવો જોઈએ કેમ ?

એ. કે. શુક્લ
મજુર કમીશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૪-૧૨-૯૦

—o—o—

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

નં. કેઓએ/એસએચએમસી/૨૭૨૪૮/૫.૫/ આઈડીઆર/ એએ / જી/૧૯૩-૯૦ નીચે સહી કમીશનરનો એવો અભિપ્રાય છે કે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો માટે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સૌરાષ્ટ્ર ગાંધીજી ગ્રામોદ્યોગ ટ્રસ્ટ ગઢડા ગ્રામોદ્યોગ મંદિર ગઢડા અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગારવિભાગના તા. ૨૧ એપ્રિલ ૧૯૮૨ના જાહેરનામા

INDEX

ક્રમાંક કેઓેઅ-આર-૨૬૧-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨(બી)(૨)અથી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨નો આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં ૯ ૧૦ અને ૧૧ સીવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારોને કામે રાખત ઔધોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરને સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔધોગીક તકરાર અધીનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માંનો) કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું નાયબમજુર કમીશ્નર અમદાવાદ આથી શ્રમઅને રોજગાર વીભાગના તા. ૩૧/૫/૯૦ ના જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૧૨૪-આઈડીએ-૧૦૯૦- ૨૧૯૦-એફ મ-૪થી રચાયેલ શ્રી એમ. એચ. દોશીની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણેક કરવા માટે લખી મોકલું છું.

અનુસુચી

માંગણી નં. ૧-

વેચાણ વીભાગ, ખાદી ઉત્પાદન, સરંજામ વીભાગ, ખેતી ગૌશાળા વીભાગ, હાથ કાગળ, અંબર પુણી વીભાગ, તેલઘાણી, સાબુ ઉત્પાદન વીભાગ, ઓફીસ અને ડ્રાયવર સ્ટાફ વીગેરે તમામ વીભાગોમાં કામ કરતા કામદારો, કર્મચારીઓને તા. ૧-૪-૮૯થી મળતા બેઝીક પગારમાં બેઝીક પગારના ૨૦ ટકા અને તે મુજબના તા. ૧-૪-૯૦ ના માંગેલ થતા બેઝીક પગારના ૨૦ ટકા પગાર વધારો કરી આપવો કે કેમ ? તેમજ રોજમદાર તથા પીસરેટ કામદારને મળવાપાત્ર લઘુતમ વેતન અને પાત્ર મોંઘવારી ભથ્થા ઉપરાંત ઉપરની વીગતે ૨૦ ટકા પગાર વધારો કરી આપવો કે કેમ ?

માંગણી નં. ૨-

ઉપરના તમામ કામદારો-કર્મચારીઓને જીવન નિર્વાહના ભાવાંક-૪૫૦ થી વધતા દર પાંચ પોઈંટ રૂા. ૦-૧૫ પૈસા (પંદર પૈસા) લેખે તા. ૧-૪-૮૯ થી મોંઘવારી ભથ્થું ચુકવવું કે કેમ ?

INDEX

માંગણી નં. ૩-

હાલમાં જે કામદાર કર્મચારીઓને ૧૦ ટકા મકાનભાડા ભથ્થું આપવામાં આવે છે, તેઓને અને અન્ય તમામને માટે એપ્રીલ-૮૯ થી બેઝીક પગારના ૨૦ ટકા લેખે મકાનભાડ ભથ્થું આપવું કે કેમ ?

માંગણી નં. ૪-

હાલમાં જે કામદાર-કર્મચારીઓને માસીક રૂ. ૨૫ મેડીકલ એલાઉન્સ આપવામાં આવે છે, તેઓને તથા અન્યને તા. ૧-૪ ૮૯ થી માસિક રૂ. ૫૦ મેડીકલ એલાઉન્સની રકમ ચુકવવી કે કેમ ?

માંગણી નં. ૫-

છેલ્લા દસ વર્ષથી ચાલી આવતી પ્રથા મુજબ દર ત્રણ વરસે જે પગાર થતો હતો અને રકમ ચુકવવામાં આવતી હતી તે મુજબના લાભો આપેલ નથી તે ત્રણ વર્ષના રૂ. ૫૦૦ લેખે અને તા. ૧-૪-૮૯ના રોજ પ્રાપ્ત થતા માત્ર થયેલ પ્રવાસ ભથ્થાની રકમ તમામ કામદાર કર્મચારીઓને રૂ. ૫૦૦ લેખે ચુકવવા કે કેમ ?

માંગણી નં. ૬-

સને ૧૯૮૮-૮૯નું અને ૧૯૮૯-૯૦ ના વર્ષનું ઉત્પાદક અને પ્રોત્સાહક બોનસ તરીકેની રકમ જે કામદાર કર્મચારીઓની કમાણીના ૨૦ ટકા મુજબ બોનસની રકમ ચુકવી આપવી કે કેમ ?

માંગણી નં. ૭-

સને ૧૯૮૮-૮૯ના વર્ષથી વાર્ષિક ૩ જોડ ખાદીના યુનિફોર્મ તથા રૂપીઆ ૧૫૦ સીલાઈનો લાભ તમામ કામદાર કર્મચારીઓને આપવો કે કેમ ?

માંગણી નં. ૮–

તમામ કામદાર કર્મચારીઓને ૧૯૮૮–૮૯ ના વર્ષથી વાર્ષિક ૧૦ જાહેર તહેવારની રજાઓ ચાલુ પગારે આપવી કે કેમ ?

એ. કે. શુક્લ
મજુર કમીશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૪–૧૨–૯૦

—o—o—

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસએચએસી/૨૭૨૪૯/૫.૫ /આઈડીઆર/એને/ બી ૧૯૫–૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગીક તકરાર ભાલનળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળી, રાણપુર જી. ધંધુકા અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગીક તકરાર અધીનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ–૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદીજાતી વીકાસવીભાગના તા. ૨૧–૪–૮૨ના જાહેરનામા ક્રમાંક–કેએચ–આર–૨૬૧–આઈડીએ–૧૦૭૮–૧૧૮૬૨(બી((૧)ગ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ–૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચી–૨ની આઈટમ નં. ૩ અને અનુસુચી–૩ની આઈટમ નં, ૯, ૧૦ અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજૂર કમીશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગીક તકરાર અધીનિયમ ૧૯૪૭ની (૧૪)માંની કલમ–૧૦ની પેટા કલમ (૧)ની પેટા વીભાગ 'સી'થી મળેલ સત્તાની

INDEX

કુઓ હું નાયબ મજુર કમીશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૩-૨-૮૭ના જાહેરનામા ક્રમાંક-કેએસ-આર-૮૨(૧)-આઈડીએ/૧૦૮૭/૨૧૨૦ એ(૧)-મ-૪થી રચાયેલી આર. એસ. શુકલની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર અને તેનો ન્યાય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

સંસ્થાના કામદારને અને ૧૯૮૮-૮૯ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ તા. ૪-૧૨-૯૦

એ. કે. શુક
મજુર કમિશનર
અમદાવાદ

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીક તકરાર અધિનીયમ-૧૯૪૭.

નં. કેએસ/એલએએમસી/૨૭૨૫૦/૫.૫/આઈડીઆર/ એને/એચ ૨૦૦-૯૦ /૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થયો છે કે આ સાથે જોડેલી અનુસુચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગીક તકરાર મધુસુદન ઈન્ડસ્ટ્રીઝ લી. રખીયાલ અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

હવે ઔદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭ની કલમ-અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએસ/આર/૨૬૦-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨-(બી) (૧) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ અને કલમ ૧૨ની પેટા કલમ ૪અને ૪ હેઠળની સત્તાઓ સદર ધારાની અનુસુચી-૨ની આઈટેમ નં. ૩ અને અનુસુચી-૩ની આઈટેમ નં. ૬, ૧૦ ૧૧ સીવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમીશ્નર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ ૧૦ની પેટા કલમ ૧થી મળેલ સતાની રૂએ હું મજુર કમીશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૩-૨-૮૭ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૮૨(૧)/આઈડીએ/૧૦૮૭/૨૧૨૦-મ-૪થી સ્થાપેલ આર. એસ. શુકલની મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે સોંપી આપું છું.

પરીશીષ્ટ

સંસ્થાની તા. ૧-૮-૮૯ના રોજની ઔદ્યોગીક વીવાદ અધીનીયમ ૧૯૪૭ની કલમ-૯ (એ) તથા નિયમ-૩૭ અન્વયે ફેરફાર કરવાની નોટીસ રદ કરવી જોઈએ કે કેમ ?

અમદાવાદ તા. ૪-૧૨-૯૦

એ. કે. શુક્લ
મજુર કમીશનર
અમદાવાદ

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીક વીવાદ અધીનયમ-૧૯૪૭

નં. કેએચ/ એસએચએમસી/ ૫૬૩૩/૫.૫ /આઈડીઆર /એજે/ ૭/૫૨૮-૯૦
નીચે સહી કરનારનો એવો અભીપ્રાય છે કે આ સાથે જોડેલી નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગીક તકરાર ગારવીન પંપ લી. અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે પછીના ઔદ્યોગીક તકરાર અધીનીયમ ૧૯૪૭ની કલમ ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વીકાસ વીભાગની તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક -કેએચ-એસએચ-૬૬૧-આઈડીએ/૧૦૭૨-૧૧૮૬૨-(બી)(૨)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ ૧ અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૨) હેઠળની સતાઓ (સદર ધારાની અનુસુચી-૧૨ની આઈટમ નં. ૩ અને અનુસુચી-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને

૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશ્નર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા મુજબ અધીનીયમ ૧૯૪૭ની કલમ ૧૪માંની પેટા કલમ ૧ પેટા વીભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમીશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨–૩–૮૭ના જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૧૩૩- આઈડીએ-૧૦૮૭- ૬૪૦૮-મ-૪થી રચાયેલ શ્રી ડી. વી જોશીની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત મોકલું છું.

અનુસૂચિ

૧૦ મુળ પગાર ધોરણ–

સંસ્થામાં કામ કરતા તમામ કામદારને તા. ૧–૬–૮૯ થી નીચે જણાવેલ ગ્રેડ સામે દર્શાવ્યા મુજબનો મુળ પગાર આપવો જોઈએ કે કેમ ?

અનસ્કીલ્ડ	૬૦૦–૧૫–૬૭૫–૨૦–૭૭૫–૨૫–૯૦૦
સેમી સ્કીલ્ડ	૬૫૦–૨૦–૭૫૦–૨૫–૮૭૫–૩૦–૧૦૨૫
સ્કીલ્ડ	૭૫૦–૨૫–૮૭૫–૩૦–૧૦૨૫–૩૫–૧૨૦૦

હાલમાં કામ કરતા કામદારની ઉપરના ગ્રેડમાં કામદારોની નોકરીના વર્ષ પ્રમાણે જે તે ગ્રેડમાં આવતા હોય તે ગ્રેડમાં મુકવા જોઈએ કે કેમ ?

મોંઘવારી ભથ્થું.

અ. સ્થાયી મોંઘવારી–

સંસ્થામાં કામ કરતા દરેક કામદારને તેમના મુળ પગાર ઉપરાંત દર મહીને રૂા. ૩૦૦ સ્થાયી મોંઘવારી ભથ્થા તરીકે આપવા જોઈએ કે કેમ ?

બ. વેરીએબલ ડી. એ.–

સંસ્થામાં કામ કરતા તમામ કામદારને મુળ પગાર ઉપરાંત ઓલ ઈન્ડીયા કન્ઝયુમર્સ પ્રાઈસ ઈન્ડેક્ષ બેઝીક ૧૯૪૯–૧૦૦ના પાયાના ૪

INDEX

પોઈન્ટ ઉપર દરેક પોઈન્ટ દીઠ મૂળ પગારના એક ટકા પ્રમાણે પોઈન્ટ દીઠ ગણતરી કરી જે થાય તે વેરીએબલ ડી. એ. તરીકે દર મહીને આપવું કે કેમ ?

૩. અન્ય ભથ્થા–

અ. મકાનભાડું–

સંસ્થામાં કામ કરતા તમામ કામદારને તેમના મુળ પગારમાં સ્થાયી મોંઘવારી ભથ્થા તરીકે ગણી તેનો જે કુલ પગાર થાય તેમાં ૨૦ ટકા લેખે આપવું જોઈએ કે કેમ ?

બ. લીવ ટ્રાવેલીંગ કન્વેયન્સ–

સંસ્થામાં કામ કરતા દરેક કામદારને દર વરસે રૂા. ૨૫૦૦ લીવ ટ્રાવેલીંગ કન્વેયન્સ તરીકે આપવા જોઈએ કે કેમ ?

ક. મેડીકલ એલાઉન્સ–

સંસ્થામાં કામ કરતા જે કામદારો ઈ. એસ. આઈ. સી.માં ન હોયતેવા કામદારને તેમનું તથા તેમના ઉપર નભતા કુટુંબીજનોનું પુરેપુરું મેડીકલ બીલ આપવું જોઈએ કે કેમ ?

ડ. વોશીંગ એલાઉન્સ–

સંસ્થામાં કામ કરતા તમામ કામદારને દર મહીને રૂા. ૫૦ વોશીંગ વોશીંગ એલાઉન્સ (ધોલાઈ ભથ્થા તરીકે આપવા જોઈએ કે કેમ ?

ઈ. લંચ એલાઉન્સ–

સંસ્થામાં કામ કરતા કામદારો સંસ્થાના કામ અંગે ૧૦ કી મી.ના અંતરમાં બહાર કામ કરવા જાય તો તેમને તે દીવસના રૂા. ૧૫ લંચ એલા. તરીકે આપવા જોઈએ કે કેમ ?

INDEX

૩. હોલ્ટીંગ એલાઉન્સ–

સંસ્થામાં કામ કરતા કામદાર સંસ્થાના કામ અંગે ૧૦ કી. મી. થી વધુ અંતરે બહાર જાય તો તેમને રહેવા જમવાનું પુરેપુરું ભથ્થું આપવું જે કેમ ?

૪. યુનીફોર્મ.

સંસ્થામાં કામ કરતા તમામ કામદારને દર વરસે ૪ શર્ટ, ૪ પેન્ટ ટેરીકોટનના બે જોડી ચામડાના શુટ (બીએસસી) ત્રણ જોડી નાયલોન મોજા એક રેઈનકોટ અથવા છત્રી એક વુલન જર્શી આપવી જોઈએ કે કેમ ?

૫. રજાઓ.

અ. કેજયુઅલ રજા–

સંસ્થામાં કામ કરતા દરેક કામદારને દર વરસે ૧૫ દીવસના ભર પગારે કેજયુઅલ રજા આપવી જોઈએ કે કેમ ?

બ. તહેવારીક રજા–

સંસ્થામાં કામ કરતા તમામ કામદારને દર વરસે ૧૫ દીવસની ભર પગારે તહેવારીક રજા આપવી જોઈએ કે કેમ ? તહેવારની રજાઓ યુનિયન સાથે બેસીને નક્કી કરવી જોઈએ કે કેમ !

ક. હક્ક રજા–

સંસ્થામાં કામ કરતા તમામ કામદારને દર વરસે ૩૦ દીવસની ભર પગારે રજા હક્ક રજા આપવી જોઈએ કે કેમ ?

૬. રજાઓ ભેગી કરવા અંગે.

સંસ્થામાં કામ કરતા તમામ કામદારને ૧૮૦ દીવસ સુધી તેમની હક્ક રજા ભેગી કરવા દેવી જોઈએ કે કેમ ?

INDEX

૭. રજાઓનો રોકડમાં રૂપાંતર.

સંસ્થામાં કામ કરતા કામદારને એક વરસની ૯૦ રજા બેલેન્સમાં રાખીને બાકીની નીકળતી રજા રોકડમાં રૂપાંત્તર કરવા દેવી જોઈએ કે કેમ ?

૮. ગ્રેજ્યુઈટી.

સંસ્થામાં કામ કરતા કામદાર જ્યારે નીવૃત થાય કે સંસ્થા દ્વારા છુટા કરવામાં આવે ત્યારે પ્રત્યેક વરસે ૩૦ દીવસની ગ્રેજ્યુઈટી આપવી જોઇએ કે કેમ ?

૯. સંસ્થામાં કામ કરતા જે કામદાર જે તે ગ્રેડમાં પાંચ વરસથી વધુ કામ કરેલ છે તેવા કામદારને તે ગ્રેડના ઉપલા ગ્રેડમાં સમાવેશ કરી તે ગ્રેડનો મુળ પગાર આપવો જોઈએ કે કેમ ?

અ. અનાજની લોન-

સંસ્થામાં કામ કરતા તમામ કામદારને સીઝનમાં અનાજ ભરવા રૂા. ૧૫૦૦ વગર વ્યાજની લોન આપવી અને આ લોન દર મહીને રૂપીઆ ૧૫૦ થી વધુ નહીં તે રીતે કપાત કરવી જોઈએ કે કેમ ?

બ. વ્હીકલ લોન-

સંસ્થામાં કામ કરતા કામદારને વ્હીકલ લોન આપવા માટે રૂા. ૫૦૦૦ થી રૂા. ૧૦૦૦૦ સુધીની વગર વ્યાજની લોન આપવી અને આ લોન દર મહીને રૂા. ૨૦૦ થી વધુ નહી તે રીતે કપાત કરવી જોઈએ કે કેમ ?

ક. મકાન લોન-

સંસ્થામાં કામ કરતા કામદારને મકાન ખરીદવા કે મકાન રીપેરીંગ કરવા રૂા. ૧૦૦૦૦ થી રૂા. ૨૫૦૦૦ સુધી વગર વ્યાજની લોન આપવી અને આ લોન દર મહીને રૂા. ૨૦૦ થી વધુ નહીં તે રીતે કપાત કરવી જોઈએ કે કેમ ?

INDEX

૧૧. ટ્રેડ યુનિયન સુવિધા:-

સંસ્થામાં કામ કરતા કામદારના ચાર પ્રતીનીધીઓને યુનિયનની મીટીંગ, સંમેલન. સેમીનાર, કામદાર શીક્ષણ વર્ગમાં જવા આવવા માટેના દીવસો સ્પેશીયલ રજા તરીકે ગણી આ દીવસોનો પુરેપુરો પગાર ભરપાઈ કરી આપવો જોઈએ કે કેમ ?

૧૨. ઉપરોક્ત જણાવેલ તમામ માંગણીઓનો અમલ તા. ૧-૧-૮૯ થી કરવો જોઈએ કે કેમ ?

હં. કે. વાઘેલા
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૩૦-૧૧-૯૦

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસએચએમસી/ ૫૬૩૪/૫.૫/આઈડીઆર/ એજે/એમ/ ૩૩૦-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મહેસાણા નગરપાલીકા મહેસાણા અને તેના કામદાર વચ્ચેની છે.

હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેજીએચ/આર/૨૬૦/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની અને કલમ-૧૨ની પેટા કલમ ૪ અને ૫ હેઠળની સત્તાઓ સદર ધારાની અનુસૂચી ૨ની આઈટમ નં ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ નં. ૯ ૧૦ ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર આૈદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ ૧ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર આથી મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વીકાસ શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/ ૮૨/આઈડીએ/૧૦૯૦/૪૬૩૫(એ)-મ-૪થી રચાયેલી ટ્રી. કેસ. પરેલની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે સોંપી મોકલું છું

પરિશિષ્ટ

મહેસાણા નગરપાલીકાએ તા. ૭-૧-૮૯ના રોજ કરેલ લેખીત સમાધાન મુજબ સફાઈ કામદારનું સિનીયોરીટી લીસ્ટ પ્રસિદ્ધ કરી સિનીયર સફાઈ કામદારને ખાલી પડેલી ૬ સફાઈ મુકાદમોની જગ્યાઓ.ની એક આપવી જોઈએ કે કેમ ? અને નવી મંજૂર થયેલ આઠ મુકાદમની જગ્યાઓ સિનયોરીટીના ધોરણે ભરવી જોઈએ કે કેમ ?

હં. કે. વાઘેલા
નાયબ મજુર કમીશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૩-૧૨-૯૦

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

આૈદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમઓ/૫૬૩૫/૫.૫/આઈડીઆર /એજે/યુ /૫૬૬-૯૦ નીચે સહી કરનારનો એવો અભીપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી આૈદ્યોગીક તકરાર યુનાઈટેડ મોટો એન્જી. વર્કસ અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

૧૧. ટ્રેડ યુનિયન સુવિધા:—

સંસ્થામાં કામ કરતા કામદારના ચાર પ્રતીનીધીઓને યુનિયનની મીટીંગ, સંમેલન, સેમીનાર, કામદાર શીક્ષણ વર્ગમાં જવા આવવા માટેના દીવસો સ્પેશીયલ રજા તરીકે ગણી આ દીવસોનો પુરેપુરો પગાર ભરપાઈ કરી આપવો જોઈએ કે કેમ ?

૧૨. ઉપરોક્ત જણાવેલ તમામ માંગણીઓનો અમલ તા. ૧-૧-૮૯ થી કરવો જોઈએ કે કેમ ?

સં. કે. વાઘેલા
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૩૦-૧૧-૯૦

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએચ/એલએચએમસી/ ૫૬૩૪/૫.૫/આઈડીઆર/ એજે/એમ/ ૩૩૦-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મહેસાણા નગરપાલીકા મહેસાણા અને તેના કામદાર વચ્ચેની છે.

હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએમ/આર/૨૬૦/આઈડીએ/ ૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)ની સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની અને કલમ-૧૨ની પેટા કલમ ૪ અને ૫ હેઠળની સત્તાઓ સદર ધારાની અનુસુચી ૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ ૩ની આઈટમ નં. ૯ ૧૦ ૧૧ (સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

INDEX

અને હવે ઔદ્યોગીક તકરાર અધીનિયમ ૧૯૪૭ની કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક-કેઅેચ. આર. ૨૬૦/આઇડીએ-૧૦૭૮-૧૧૮૬૨/(બી) (૧) ગ્રથી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચી-૨ ની આઇટમ નં. [અને અનુસુચી-૩ ની આઇટમ નં. ૯,૧૦ અને ૧૧ સીવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી આ રાજ્ય અને નાયબ મજુર કમિસ્નરને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગીક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા કલમ (૧)થી મળેલ સત્તાની રુએ હું નાયબ મજુર કમિશ્નર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨-૩-૮૭ના જાહેરનામા ક્રમાંક કેઅેચ/આર/૧૩૩/આઇડીએ/૧૦૮૭/૬૪૦૮-મ-૪થી રચાયેલી શ્રી ડી. વી. જોશીની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

૧. પગાર વધારો-

સંસ્થામાં કામ કરતા દરેક કામદારને હાલ મળતા પગારમાં દૈનિક રુપીઆ ૨૦નો પગાર વધારો કરવો જોઇએ કે કેમ ?

૨. મોંઘવારી ભથ્થા-

સંસ્થામાં કામ કરતા દરેક કામદારને ટેક્ષટાઇલ મીલના કામદારને મળતા મોંઘવારી ભથ્થા જેટલું મોંઘવારી ભથ્થું આપવું જોઇએ કે કેમ ?

૩. કેજ્યુઅલ રજા-

સંસ્થામાં કામ કરતા દરેક કામદારને દર વરસે ૧૩ કેજ્યુઅલ રજાઓ પગાર સાથે આપવી જોઇએ કે કેમ ?

૪. તહેવારની રજા–

સંસ્થામાં કામ કરતા દરેક કામદારને દર વરસે ૧૩ દીવસની તહેવારની રજાઓ પગાર સાથે આપવી જોઈએ કે કેમ ? અને આ રજાઓ યુનિયન સાથે બેસી નક્કી કરવી જોઈએ કે કેમ ?

૫. હક્ક રજા–

સંસ્થામાં કામ કરતા દરેક કામદારને દર ૧૨ દીવસે એક હક્ક રજા આપવી જોઈએ કે કેમ ?

૬. યુનિફોર્મ–

સંસ્થામાં કામ કરતા દરેક કામદારને દર વરસે ૩ જોડી યુનિફોર્મ આપવા જોઈએ કે કેમ ?

૭. મકાનભાડું–

સંસ્થામાં કામ કરતા દરેક કામદારને દર માસે રૂા. ૧૫૦ મકાનભાડું આપવું જોઈએ કે કેમ ?

૮. વોશીંગ એલાઉન્સ–

સંસ્થામાં કામ કરતા દરેક કામદારને દર માસે રૂા. ૭૫ વોશીંગ એલાઉન્સ આપવું જોઈએ કે કેમ ?

૯. અમલ–

ઉપરોક્ત માંગણીઓનો અમલ તા. ૧-૧-૮૯થી કરવો કે કેમ ?

હં. કે. વાઘેલા
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૩-૧૨-૯૦

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસએચએમસી/૫૬૩૬/૫.૫/આઈડીઆર/એજે/એસ.ટી/૫૭૧-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચ એસ-આર-૨૬૦-આઈડીએ-૧૭૮-૧(બી)(૨) જ થી સદર ધારાની કલમ-૧ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯ ૧૦ અને ૧૧ સિવાય ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૪માંની (અને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ ૧૦ની પેટા કલમ ૧થી મળેલ સત્તાની રુએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૭-૧-૮૬ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર/૪૧/આઈડીએ/ ૧૦૮૬/૧૨૧૦-(એ)મ-૪થી રચાયેલી એન. એ. મોઢાણુની બનેલી અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

એસ. ટી. કોરપોરેશનના અમદાવાદ ડેપોના કંડક્ટર શાંતીલાલ દલસુખરામ ભાવસારનો ડીફોલ્ટ કેસ નં. ૧૦-૮૭માં વાર્ષિક પગાર વધારો નવ માસ માટે કાયમી અસરથી બંધ કરવાની શીક્ષા તા. ૨૫-૬-૮૯ ના હુકમથી કરી, તેને રદ કરવી જોઈએ કે કેમ ? ૨, તેઓને ડેપો મેનેજરના હુકમ નં. ડીએન/એસીડી/ ડી-૧૯/૨૬૮૯ થી વાર્ષિક પગાર વધારો છ માસ માટે કાયમી અસરથી બંધ

કરેલ છે તે હુકમ રદ કરવો જોઈએ કે કેમ ? અને કામદારને થયેલ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ ૩-૧૨-૯૦

ડ઼ી. કે. વાઘેલા
નાયબ મજૂર કમિશનર
અમદાવાદ

નાયબ મજુર કમિશનર, દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએય/એસએચઓએમસી/૫૬૩૭/૫.૫/આઈડીઆર/એએ/એસ.ટી/૫૭૨-૯૦ થી સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક/કેએચઆર ૨૬૦/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨/બી (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સીવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ.શ્રમ અને રોજગાર વીભાગના તા. ૧૭-૧-૮૬ના જાહેરનામાં ક્રમાંક/કેએમ/આર/૪૧/આઈડીએ/૧૦૮૬/૧૨૧૦/એ/એમ/૪ હેઠળ રચાયેલ

INDEX

એન. એ. ચોહાણની બનેથી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

પરીશીષ્ટ

એસ. ટી. કોર્પોરેશનના અમદાવાદ વીભાગના ધંધુકા ડેપોના ડ્રાઈવર હકાભાઈ રહેમાનભાઈને તા. ૨૬-૯-૮૬ના હુકમથી વાર્ષિક વધારો ત્રણ વરસ માટે કાયમી અસરથી બંધ કરવાની શીક્ષા કરેલ છે તે રદ કરી થયેલ આર્થીક નુકશાન ભરી આપવું જોઈએ કે કેમ ?

હં. કે. વાઘેલા
નાયબ મજુર કમીશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૩-૧૨-૯૦

નાયબ મજુર કમિશનર, દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક કેએમ/એસએમએમસી/૫૬૩૮/૫.૫/આઈડીઆર/ એજે/ જે ૫૭૬-૯૦ /૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જી. કા ઈન્ડસ્ટ્રીઝ અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક ક્રમાંક કેએમ-આર-૨૬૦-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨ (બી) (૧)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ ૧ અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ

નં. ૯, ૧૦ અને ૧૧ (સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજૂર કમિશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭(૧૯૪૭ના ૧૪)માંની કલમ ૧૦ની પેટા કલમની પેટા વિભાગ 'સી'થી મળેલ સત્તાની રૂએ હું આ નાયબ મજૂર કમિશનર અમદાવાદ આથી મજૂર સમાજ (નોંધાયેલ) અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨-૩-૮૭ના જાહેરનામા ક્રમાંક કેએલ-આર-૧૩૩-આઈડીએ-૧૦૮૭-૬૪૦૮-મ-૪થી રચાયેલી શ્રી ડી. વી. જોશીની બનેલી મજૂર અદાલત અમદાવાદને ઉકત તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

૧. પગાર વધારો-

સંસ્થામાં કામ કરતા કામદારને તેમના ચાલુ વેતનમાં રૂા. ૧૦ નો વધારો કરવો જોઈએ કે કેમ ?

૨. દુધ-

સંસ્થામાં કામ કરતા તમામ કામદારને દૈનિક ૨૦૦ ગ્રામ દુધને બદલે ૫૦૦ ગ્રામ દુધ આપવું જોઈએ કે કેમ ?

૩. ઘરભાડું -

સંસ્થામાં કામ કરતા તમામ કામદારને માસીક રૂા. ૭૫ ઘરભાડા પેટે આપવા જોઈએ કે કેમ ?

૪. ઉપરોકત માંગણીઓનો અમલ તા. ૧-૫-૯૦થી કરવો જોઈએ કે કેમ ?

હ. કે. વાઘેલા
નાયબ મજૂર કમિશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૩-૧૨-૯૦

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

નં. કેએચ/એસએચએસી/૫૬૩૯/૫.૫/ આઈડીઆર/ એએ/એસડી/ ૬૦૦-૬૦ નીચે જેવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧૧-.-૮૨ના એક જાહેરનામા ક્રમાંક : કેએચ-એસએચ-૨૬૧-આઈડીએ ૧૦૭૮-૧૧૮૬૨(બી) (૨) જ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળનો સત્તાઓ (સદર ધારાની અનુસુચી-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચી-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમીશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની ૧૪ માંની કલમ ૧૦ની પેટા કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૭ ૧-૮૬ના જાહેરનામા ક્રમાંક કેએચ આર/૪૧/આઈડીએ/૧૦૮૬/૧૨૧૦-એ-મ-૪થી રચાયેલી એન. એ. ચૌહાણની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

૧. ધોળકા ડેપોના આર. એ મીકેનીક એ. એ. વોરીને કરેલ નીચે મુજબની શીક્ષાનો હુકમ રદ કરવો જોઈએ કે કેમ ?

૧. ક્રીફ્રોલ્ટ કેસ નં. ૨૪૦-૮૭માં વાર્ષિક પગાર વધારો ત્રણ વર્ષની મુદત માટે બીન કાયમી અસરથી બંધ રેલ છે તે હુકમ રદ કરવો જોઈએ કે કેમ ?

INDEX

૨. રીફેરન્સ કેસ નં. ૧૬૦-૮૭ માં વાર્ષિક પગાર વધારો ૭ માસની મુદત માટે બીન કાયમી અસરથી બંધ કરવાનો હુકમ કરેલ છે, જેની સાથે અપીલ કરતા વાર્ષિક પગાર વધારો ત્રણ માસ માટે બીન કાયમી અસરથી બંધ કરવાનો કરેલ છે. તે રદ કરવો જોઇએ કે કેમ ?

૩. રીફેરન્સ કેસ નં. ૧૬૦-૮૭માં આગામી વાર્ષિક પગાર વધારો એક વર્ષ માટે બીન કાયમી અસરથી બંધ કરવાનો હુકમ કરેલ છે જે રદ કરવો જોઇએ કે કેમ ?

અમદાવાદ તા. ૩-૧૨-૯૦

હં. કે. વાઘેલા
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

નં. કેએમ/એલએચએસી/ ૫૬૪૦ /૫૫/ આઇડીઆર/એને/ એ ૫૬૧-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ ના કલમ-અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૧-૪-૮૨ ના જાહેરનામા ક્રમાંક કેએમ/આર/૨૬૦-આઇડીએ/૧૦૭૮-(બી)-થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ ૧૨ની પેટા કલમ ૪ અને ૫ હેઠળની સતાઓ સદર ધારાની અનુસુચિ-૨ ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ આઇટમ નં. ૯ ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર અમદાવાદને સત્તા સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગીક તકરાર અધિનીયમ ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)થી મળેલ સત્તાની રુએ નાયબ મજુર કમિશ્નર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૫-૧૨-૮૯ના જાહેરનામા ક્રમાંક કેએસ/આર/ ૨૫૫ /આઈડીએ/ ૧૦૮૯-૫૦૦૦-મ-૪થી રચાયેલી એચ. ડી. પંડયાની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કાશીબેન જનરલ હોસ્પીટલ વટવાના સ્ટાફના મંજુલાબેન શીવાભાઈ મીસ્ત્રી તેમજ સુમિત્રાબેન ડેવીડભાઈ ક્રીશ્ચિયનને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના કામદારો ગણીને રૂા. ૧૩૨૦-૨૦૪૦ની ગ્રેડ તથા મળતા લાભો આપવા જોઈએ કે કેમ ?

હં. કે. વાઘેલા
નાયબ મજુર કમીશનર
અમદાવાદ

અમદાવાદ તા ૪-૧૨-૯૦

—•-०—

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

નં. કેએચ/એલએચએમસી/૫૬૪૧/૫.૫/આઈડીઆર/એને/એસટી.૫૭૦/૯૦ નીચે સહી કરનારનો એવો અભીપ્રાય થાય છે કે આ સાથે સામેલ અનુસુચીમાં નીર્દિષ્ટ કરેલી બાબતો સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએમ આર-૨૬૧-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨-બી(૨)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા

કલમ-૧ અને કલમ-૧૨ની પેટા કલમ (૪)અને(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચી-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચી-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમીશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪મા)નો કલમ-૧૦ની પેટા કલમ-૧ની સાથે પેટા વિભાગ ગસી થીમેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૭-૧-૮૬ના જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૪૧-આઈડીએ-૧૦૮૬-૧૨૧૦-એ-મ-૪થી રચાયેલ એન. એ. ગોહાણુની જનેથી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

વીરમગામ ડેપોના સફાઈ કામદાર ભાણુભાઈ જીવાભાઈ ઝાલાનો તા. ૬/૧/૮૭ ના રોજ ગુજરી ગયેલ છે તેમના આશ્રિત વારસ તુળશીભાઈ ભાણુભાઈને નોકરીમાં લેવા જોઈએ કે કેમ ?

ડી. કે. વાઘેલા
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

અમદાવાદ તા. ૪-૧૦-૯૦

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭,

નં. કેએચ/એસએમએમસી/૫૬૪૨/૫.૫/ આઈડીઆર/એજે/એસ.ટી. ૫૭૩-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. ઓફિસ અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગના તા. ૨૧-૪-૮૬ના જાહેરનામા ક્રમાંક : કેએમ-એસએચ-૨૬૧-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨ (બી) (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમીશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ ૧૪માંની પેટા કલમ ૧થી મળેલ સત્તાની રૂએ હું શ્રી નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૭-૧-૮૬ના જાહેરનામા ક્રમાંક કેએમ-આર-૪૧- આઈડીએ-૨૦૮૬- ૧૨૧૦-એ-મ-૪ થી રચાયેલ એન. એ. ઓઝાની બનેલ મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

એસ. ટી. કોર્પોરેશન અમદાવાદ વીભાગના વીરમગામ ડેપોના ડ્રાયવર નાકુભાઈ પાટડીયાનો તા. ૧૩-૨-૮૮ના હુકમથી વાર્ષિક પગાર વધારો ત્રિણ વરસ માટે કાયમી અસરથી બંધ કરવાની શીક્ષા કરવામાં આવેલ છે તે શીક્ષાનો હુકમ રદ કરી કામદારને થયેલ આર્થીક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ તા. ૪-૧૨ ૯૦

હ. કે. વ. વૈદ્ય
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં. કેએમ/એસએમએમસી/૫૬૪૩/૫૫/ આઈડીઆર / એજે/ એમ./ ૫૭૫-૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મધુસુદન ઈન્ડસ્ટ્રીઝ રખીયાલ કહેવાય અને તેના કામદાર વર્ગની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએમ આર-૨૬૧-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨(બી) (૧) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ ૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ ૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતાં ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા મુજબ તકરાર અધીનીયમ-૧૯૪૭ની કલમ-૧૪ માંની પેટા કલમ ૧૦થી મળેલ સત્તાની રુએ હું નાયબ મજુર કમીશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૨૦-૯-૮૯ના જાહેરનામા ક્રમાંક કેએમ/ આર/૨૯૦/આઈડીએ/૧૦૮૯/૩૧૯૨-મ-.થી રચાયેલ વી. એમ. ડાકોરની જમેલી મજુર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર ન્યાય નીર્ણય માટે મોકલું છું.

અનુસુચિ

સંસ્થામાં કામ કરતા નીચે જણાવેલ કર્મચારીઓને તેમની સામે દર્શાવેલ તારીખનો પુરેપુરો પગાર આપવો જોઈએ કે કેમ ?

અ.નં.	કર્મચારીનું નામ	તારીખ
૧.	પરબતસિંહ રણછોડસિંહ	૨૬-૩-૯૦, ૨૭-૩-૯૦, ૨૮-૩-૯૦
૨.	લાલજી કુંવરજી	૨૦-૩-૯૦, ૨૬-૩-૯૦

INDEX

૩.	પૃથ્વીસિંહ વજેસિંહ	૩-૩-૯૦, ૪-૩-૯૦, ૬-૩-૯૦, ૧૧-૩-૯૦
૪.	રામાજી સુથાજી	૧-૩-૯૦, ૬-૩-૯૦, ૧૩-૩-૯૦
૫.	બહાદુરસિંહ રામસિંહ	૭-૮- ૧૯,૨૧,૨૬,૨૯ અને ૩૦ માર્ચ,૯૦
૬.	પરબતસિંહ રામસીંગ	૧૮,૨૧,૨૩,૨૮,૨૯મી ૩૦-માર્ચ, ૯૦
૭.	સોમાજી મગનજી	૩-૩-૯૦, ૭-૩-૯૦
૮.	ખુરસીંહ પ્રતાપજી	૬-૩-૯૦, ૮-૩-૯૦
૯.	મધુરજી માલાજી	૫-૩-૯૦, ૬-૩-૯૦, ૧૦-૩-૯૦
૧૦.	જવાનસિંહ રતનસિંહ	૫-૩-૯૦, ૬-૩-૯૦, ૧૦-૩-૯૦
૧૧.	ચતુરસિંહ ધુળસીંહ	૧૦-૩-૯૦, ૧૬-૩-૯૦

અમદાવાદ તા. ૪-૧૨-૯૦

હ. કે. વાઘેલા
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએથ/એસએચએમસી/૫૬૪૪/૫.૫/આઈડીઆર/એજે/ એમ/૫૮૭-૯૦ નીચે સહીકરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચીમાં નિર્દિષ્ટ કરેલી બાબતો અંગે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મધુસુદન ઈન્ડસ્ટ્રીઝ લી. રખીયાલ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯-વ ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામાં ક્રમાંક/કેએ. આર. ૨૬૦/આઈ ડી. એ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૧) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિના આઇટમ નં. અને અનુસુચિ-૩ની આઈટેમ નં. ૯, ૧૦ અને ૧૨ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર, અમદાવાદને સત્તા સુપ્રત કરેલ છે.

INDEX

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની (૧૪)માંની કલમ ૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું મજૂર કમિશનર, અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૦-૯-૮૯ના જાહેરનામા ક્રમાંક કેએમ/આર/૨૯૦/આઈડીએ/૧૦૮૯-૨૧૦૨/-જ-૪થી રચાયેલી વી. એમ. ઠાકોરની બનેલી મજુર અદાલત અમદાવાદને ઉપરકુ તકરાર તેનો ન્યાય નીર્ણય કરવા માટે સુપ્રત મોકલું છું.

પરીશીષ્ટ

સંસ્થામાં કામ કરતા નીચે જણાવેલ તમામ ૧૬ કામદારોને તેમના નામ સામે દર્શાવેલ તારીખોનો પુરેપુરો પગાર ભરપાઈ કરી આપવો જોઈએ કેમ

ક્ર. નં.	કામદારનું નામ	તારીખ
૧.	પથાજી કાળાજી	૧૯૯૦ મે, ૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧ જુન,૧ ૨
૨.	લક્ષ્મણસીંગ લાલસીંગ	,, મે, ૩. ૪
૩.	ચંદરસીંગ રૂપસીંગ	,, મે, ૪
૪.	કાળાજી શીવાજી	,, મે, ૧૫, ૧૬
૫.	પાનસીંગ અમરસીંગ	,, મે, ૧૮
૬.	રમણજી ફતાજી	,, મે, ૧૯, ૧૮
૭.	જહદસીંગ બાદરસીંગ	,, મે, ૧૯, ૨૦, ૨૧. ૨૨
૮.	સોમસીંગ બાદરસીંગ	,, મે, ૧૯, ૨૦
૯.	પૃથ્વીસીંગ બી.	,, મે, ૨૦
૧૦.	ગનાજી છુગાજી	,, મે, ૨૨, ૨૩
૧૧.	અમરસીંગ માનસીંગ	,, મે, ૨૬
૧૨	ભાઈલાભાઈ કચરાભાઈ	,, મે, ૩૧
૧૩.	વેચાતસીંગ જેણાજી	,, મે, ૩૧
૧૪.	દીપસીંગ સોમસીંગ	,, મે, ૭,૧૦,૧૪,૧૭.૧૮,૨૭,૨૮
૧૫.	નાથુસીંગ હેમતસીંગ	,, મે, ૧૩,૧૪,૧૫,૧૬,૧૭,૧૮,૧૯,૨૦,૨૧
૧૬.	ગુલાબસીંગ જવાનસીંગ	,, મે, ૮,૯,૧૦,૧૨,૧૭,૨૦,૨૬ અને ૩૧

અમદાવાદ તા. ૪-૧૨-૯૦

હ. કે. વ. વેલા
નાયબ મજૂર કમિશનર
અમદાવાદ

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

આદ્યોગીક તકરાર અધીનીયમ–૧૯૪૭

નં. કેએલ/એલએએમસી/૫૬૪૫/૫.૫ આઈડીઆર/એજે/એસ.ટી./૫૯૭–૯૦ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. અમદાવાદ અને તેના કામદાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંનો કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર સમાજ કલ્યાણ અને આદીજાતિ વિકાસ વિભાગના તા. ૨૧–૪–૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચ એસએચ/ ૨૬૧– આઈડીએ –૧૦૭૮–૧૧૮૬૨ (ખી) (૨) અ થી સદર ધારાના કલમ ૧૦ની પેટા કલમ (૧) અને કલમ–૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તા મા (સદર ધારાની અનુસુચી-૨ની આઈટમ નં ૩ અને, અનુસુચી-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમીશનર અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંનીકલમ ૧૦ની પેટા કલમ–૧ની પેટા વિભાગ 'સી'થી અપેલ સત્તાની રુએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૭–૧–૮૬ના જાહેરનામા ક્રમાંક કેએચ–આર-૪૧–આઈડીએ/૧૦૮૬–૧૨૧૦–એ –જી–૪થી રચાયેલી એન. એ. ચોહાણની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

ધોળકા ડેપોના ડ્રાયવર મહેમુદભાઈ ઘાંચીનો વાર્ષિક પગાર વધારાનો તારીખ ૨૭–૬–૮૮ના હુકમથી ચાર વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાની શીક્ષા કરવામાં આવેલ છે તે હુકમ રદ કરી આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ તા. ૪–૧૨–૯૦

હ. કે. વાઘેલા
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસએચએમસી/૫૬૪૬/૫.૫/આઈડીઆર/એને/એસ.ટી /૫૯૯-૯૦ જેથી સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નીદીંષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૧-૪-૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસ/૨૬૧-આઈડીએ-૧૦૭૮-૧૧૮૬૨(બી)(૨)થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ (૧)અને કલમ ૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય)૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગીક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ અને ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર અમદાવાદ આથી શ્રમ અને રોજગાર વીભાગના તા. ૧૭-૧-૮૬ના જાહેરનામા ક્રમાંક કેએચ/ આર/ ૪૧/આઈડીએ/૧૦૮૬/૧૨૧૦-એ-શ્ર-૪ હેઠળ શ્રી એન. એ. ચોહાણની બનેલી મજુર અદાલત/ ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદને સદરહુ તકરાર અને તેનો ન્યાય કરવા માટે મોકલું છું.

અનુસુચિ

એસ. ટી. કોર્પોરેશનના અમદાવાદ વીભાગના ગાંધીનગર ડેપોમાં ફરજ બજાવતા આર. સી. આચાર્ય ડ્રાયવર બેજ નં. ૧૭૭૭ને તા. ૧૮-૨-૮૫ના હુકમથી એક વર્ષ માટે કાયમી અસરથી ઈન્ક્રીમેંટ બંધ કરવાનો હુકમ કરેલ છે તથા ગાંધીનગર ડેપો મેનેજરના તા. તા. ૨૦-૨-૮૯ ના હુકમથી ૧૨ માસ માટે ઈન્ક્રીમેંટ બંધ કરવાનો હુકમ કરેલ છે. સદર તા. ૨૮-૨-૮૫ તથા તા. ૨૦-૨-૮૯ના શીક્ષાના હુકમો રદ કરવા જોઈએ કે કેમ ?

ડં. કે. વાઘેલા
નાયબ મજુર કમિશનર
અમદાવાદ

અમદાવાદ તા ૪-૧૨-૯૦

INDEX

REGISTERED No. G—BA-14

22-23

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, MAY 30, 1991 / JYAISTHA 9, 1913 [No. 22

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી માર્ચ ૧૯૯૧.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૫૦/એજેએ-ન૧૯૯૦-એફઆર-૬૭-મ (૨).—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર, નવસારી નગરપાલિકા, નવસારી અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની છે.

INDEX

તેથી, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ ૧૦ની પેટા કલમ (૧) ના ખંડ (ઘ) થી મળેલ સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૩જી ફેબ્રુઆરી ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર/૮૨/(૭)/આઈડીએ/૧૦૮૭/૨૧૨૦(એ)(૨) મ (૪) હેઠળ રચાયેલ શ્રી એ. બી. પટેલ બનેલા ટ્રીબ્યુનલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલે છે.

અનુસૂચિ

૧. નગરપાલિકા નવસારી એનેક્ષર 'બી' (આ સાથે બીડેલ છે) માં દર્શાવેલ તમામ કર્મચારીઓને જે દિવસથી કામ ઉપર નિમ્યા હોય ત્યારથી કાયમી કરવા કે કેમ ?

૨. નગરપાલિકા, નવસારીએ એનેક્ષર 'બી' (આ સાથે બીડેલ છે) માં દર્શાવેલ તમામ કર્મચારીઓને નગરપાલિકાના કાયમી કર્મચારીઓને મળતા તમામ લાભો નોકરીમાં દાખલ તારીખથી આપવા કે કેમ ?

એનેક્ષર બી

નગરપાલિકા, નવસારી રોજમદાર કર્મચારીઓની માહિતી

અનુ. નંબર	કર્મચારીનું નામ	ખાતાનું નામ	હોદ્દો	દાખલ તારીખ	દૈનિક પગાર
૧	૨	૩	૪	૫	૬
૧	શ્રી ભરતભાઈ પરભુભાઈ પટેલ.	વોટર વર્કસ શાખા	હેલ્પર	૧૫-૪-૧૯૮૯	૨૩.૫૩
૨	શ્રી જેરામભાઈ વી. પટેલ	,,	,,	૧૫-૪-૧૯૮૯	૨૩.૫૩
૩	શ્રી મનુભાઈ વી. ટંડેલ	ફાયરબ્રીગેડ	ફાયર ડ્રા.	૧૬-૫-૧૯૮૮	૨૬-૧૫
૪	શ્રી મનુભાઈ પી. બાવા ...	,,	,,	૫-૧૧-૧૯૮૮	૨૬.૧૫
૫	શ્રી ભુરા અલી રઝા ...	,,	,,	૧૩-૧૨-૧૯૮૮	૨૬.૧૫
૬	શ્રી અબ્દુલ રસીક એમ.શેખ	,,	ફાયરમેન	૨૬-૧૦-૧૯૮૮	૨૫.૧૫
૭	શ્રી ચંદ્રકાંત ટી. મલગુડે ...	,,	,,	૧૭-૧૧-૧૯૮૮	૨૫.૧૫
૮	શ્રી ઠાકોરભાઈ એમ.પટેલ	,,	,,	૧૧-૫-૧૯૮૯	૨૫.૧૫
૯	સરોજબેન એન. પારેખ	વહીવટી શાખા	ટાઈપીસ્ટ	૧૬-૭-૧૯૮૧	૨૬.૭૬
૧૦	કિર્તીદાબેન વી. પારેખ	જકાતશાખા	કલાર્ક	૭-૮-૧૯૮૧	૨૬.૭૬
૧૧	વિજયકુમાર કલ્યાણદાસ કાપડીયા.	,,	,,	૭-૨-૧૯૮૬	૨૬.૭૬

INDEX

૧	૨	૩	૪	૫	૬
૧૨	દોલતભાઈ હરીભાઈ નાયક	પ.વ. શાખા	સુપરવાઈઝર	૨- ૨ ૧૯૮૩	૨૬.૭૬
૧૩	નટુભાઈ આઈ. સોલંકી ...	,,	,,	૨૪-૧૨-૧૯૮૬	૨૬.૭૬
૧૪	ડાહ્યાભાઈ નાથુભાઈ ...	,,	સફાઈ કામદાર	૧- ૮-૧૯૮૮	૨૩.૫૩
૧૫	જયંતીભાઈ જમનાદાસ રાણા.	,,	વોચમેન	૧- ૮-૧૯૮૭	૨૩.૫૩
૧૬	ચંપકભાઈ મંગુભાઈ	ડ્રેનેજશાખા	કૂંડી કામદાર	૧- ૯-૧૯૮૮	૨૩.૫૩
૧૭	ચીમનભાઈ છોટુભાઈ ...	,,	,,	૧- ૯-૧૯૮૮	૨૩.૫૩
૧૮	સુરેશભાઈ માધુભાઈ ...	,,	,,	૧- ૯-૧૯૮૮	૨૩.૫૩
૧૯	અનીલકુમાર રમણભાઈ ...	,,	,,	૧- ૯-૧૯૮૮	૨૩-૫૩
૨૦	શંકરભાઈ માધુભાઈ ...	,,	,,	૧- ૯-૧૯૮૮	૨૩.૫૩
૨૧	છીબુભાઈ કાળીદાસ ...	,,	,,	૧- ૫-૧૯૮૯	૨૩.૫૩
૨૨	ભીમાભાઈ ઝીણાભાઈ ...	,,	,,	૧- ૫-૧૯૮૯	૨૩.૫૩
૨૩	સુરેશભાઈ ધનજીભાઈ ...	,,	,,	૧- ૫-૧૯૮૯	૨૩.૫૩
૨૪	રમેશભાઈ બાબુભાઈ ...	,,	,,	૧- ૫-૧૯૮૯	૨૩.૫૩
૨૫	ભગુભાઈ ભાણાભાઈ ...	,,	,,	૧- ૫-૧૯૮૯	૨૩.૫૩
૨૬	મનહરભાઈ બાબુભાઈ ...	,,	,,	૧- ૫-૧૯૮૯	૨૩.૫૩
૨૭	રમીલાબેન પ્રભુભાઈ ...	સેનેટરી	સફાઈ કામદાર	૧૯૭૯	૨૪.00
૨૮	નંદાબેન કિશનભાઈ ...	,,	,,	૧૯૭૬	૨૪.000
૨૯	મણિબેન મોહનભાઈ ...	,,	,,	૧૯૭૫	૨૪.000
30	જમુબેન ...	,,	,,	૧૯૭૫	૨૪.00
૩૧	જડીબેન પરસોત્તમભાઈ વાઘેલા.	,,	,,	૧૯૭૫	૨૪.00
૩૨	વિદ્યાબેન નરસીંહભાઈ ...	,,	,,	૧૯૭૯	૨૪.00
૩૨	મંજુલાબેન બાબુભાઈ ...	,,	,,	૧૯૭૭	૨૪.00
૩૩	કમુબેન કિશનભાઈ ...	,,	,,	૧૯૭૭	૨૪.00
૩૪	દીવાબેન ચીમનભાઈ ...	,,	,,	૧૯૭૯	૨૪.00
૩૫	સવિતાબેન ગીરીશભાઈ	,,	,,	૧૯૭૫	૨૪.00
૩૬	તારાબેન ઠાકોરભાઈ રાઠોડ.	,,	,,	૧૯૮૫	૨૪.00
૩૭	મંજુલાબેન ધનસુખ મગન સોલંકી.	,,	,,	૧૯૭૯	૨૪.00
૩૮	રેવાબેન પરભુભાઈ	,,	,,	૧૯૭૭	૨૪.00
૩૯	કુસુમબેન ચંદુ શંકરભાઈ	,,	,,	૧૯૭૯	૨૪.00
૪૦	મંજુબેન અશોકભાઈ ...	,,	,,	૧૯૭૯	૨૪.00
૪૧	સવિતાબેન ગીરીશભાઈ લાલભાઈ વાઘેલા.	,,	,,	૧૯૭૯	૨૪.00

INDEX

૧	૨	૩	૪	૫	૬
૪૨	નીરૂબેન ચીમનભાઈ ...	સેનેટરી	સફાઈ કામદાર	૧૯૮૨	૨૪.૦૦
૪૩	મંજુલાબેન કાંતીભાઈ ...	,,	,,	૧૯૭૯	૨૪.૦૦
૪૪	મધુબેન રમેશભાઈ રાઠોડ...	,,	,,	૧૯૭૯	૨૪.૦૦
૪૫	સોમીબેન મુળજીભાઈ ...	,,	,,	૧૯૭૮	૨૪.૦૦
૪૬	શાંતાબેન સોમાભાઈ ...	,,	,,	૧૯૭૫	૨૪.૦૦
૪૭	સુમિત્રાબેન રઘુભાઈ સોલંકી	,,	,,	૧૯૮૨	૨૪.૦૦
૪૮	હસાબેન બાબુભાઈ ...	,,	,,	૧૯૭૯	૨૪.૦૦
૪૯	લીલાબેન કાંતીલાલ ...	,,	,,	૧૯૭૯	૨૪.૦૦
૫૦	મંજલાબેન ધનસુખભાઈ ગુલાબભાઈ રાઠોડ.	,,	,,	૧૯૭૯	૨૪.૦૦
૫૧	આશાબેન પ્રમોદભાઈ સોલંકી.	,,	,,	૧૯૮૮	૨૪.૦૦
૫૨	કુસુમબેન કીશનભાઈ વાઘેલા	,,	,,	૧૯૭૫	૨૪.૦૦
૫૩	ઈંદુબેન વસંતભાઈ રાઠોડ...	,,	,,	૧૯૮૪	૨૪.૦૦
૫૪	મણીબેન મોહનભાઈ રાઠોડ	,,	,,	૧૯૭૫	,,
૫૫	પ્રવિણભાઈ હરિભાઈ ...	ફાયરબ્રિગેડ	ફાયરમેન	૧-૧૨-૧૯૮૮	૨૫.૧૫
૫૬	કનુભાઈ મણિભાઈ ...	,,	,,	૨૬-૧૦-૧૯૮૮	૨૫.૧૫
૫૭	રમેશભાઈ એમ. સિરસાટ...	વૉટર વર્કસ	હેલ્પર	૧૫- ૪-૧૯૮૯	૨૩.૫૩

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વિ. પી. આસનાણી,
સેકશન અધિકારી.

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી માર્ચ ૧૯૯૧.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૫૪/એજેઓ-૧૦૯૧-એફઆર-૩૦-મ(૨).—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર, ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન લી., અમદાવાદ અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની છે.

INDEX

તેથી, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪ મા) ની કલમ ૧૦ની પેટા કલમ(૧)ના ખંડ (ઘ) થી મળેલ સત્તાની રુએ, ગુજરાત સરકાર આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૩જી ફેબ્રુઆરી ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેઓચઆર-૮૨(૧) આઈડીએ-૧૦૮૭-૨૧૨૦-ઓ/૧-મ(૪) હેઠળ રચાયેલ શ્રી આર. એસ. શુકલની બનેલી ટ્રીબ્યુનલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલે છે.

અનુસૂચિ

(૧) રીવીઝન ઓફ પે સ્કેલ :

ફેડરેશનમાં કામ કરના એગ્રીકલ્ચર સુપરવાઈઝરોના હાલના ગ્રેડમાં સુધારો કરીને નીચે જણાવેલ નવી ગ્રેડ આપવી કે કેમ? ગ્રેડ રૂા. ૫૭૫-૩૫-૬૮૦-૪૫-૮૬૦-૫૫-૧૦૮૦-૬૫-૧૩૪૦-૭૫-૧૬૪૦ ઉપરના ગ્રેડમાં જે તે કર્મચારીને લાભ આપ્યા બાદ ૧૫ વર્ષથી વધું નોકરીવાળા કર્મચારીને પાંચ ઈન્ક્રીમેન્ટ જે તે ગ્રેડમાં આપવા અથવા ૧૫ વર્ષની સર્વીસવાળા કર્મચારીને ગ્રેડ-૩ અધિકારીમાં મુકવા કે કેમ?

(૨) મોંઘવારી ભથ્થું :

ફેડરેશનમાં કામ કરતા કર્મચારીઓને હાલમાં ગ્રાહક ભાવાંક મુજબ રૂા. ૪૨૫-૦૦ના મૂળ પગારની મર્યાદા રદ કરીને બેઝીક પગાર અને તેની સામે ગ્રાહક ભાવાંક મુજબનું મોંઘવારી ભથ્થું જે મળવાપાત્ર થાય તે પુરેપૂરું ચૂકવવું એટલે કે મોંઘવારી ભથ્થા માટેની મર્યાદા રદ કરીને પુરેપૂરો લાભ આપવો કે કેમ?

(૩) મકાન ભાડું :

મકાન ભાડુ મુળ પગારના સાહીઠ ટકા મુજબ આપવુ અને સી.ટી. કોમ્પેનસેટરી એલાવન્સ મકાન ભાડામાં ભેળવી દેવું. હાલ મકાન ભાડુ અને સી. સી. એ. બંને મળીને રૂા. ૨૫૦ ની મર્યાદામાં મળે છે. તે મર્યાદા રદ કરવી કે કેમ?

(૪) મેડીકલ એલાવન્સ :

મેડીકલ એલાવન્સ માસિક રૂા. ૧૫૦ લેખે આપવું. ઉપરાંત કર્મચારીના બાળકો અને આશ્રિતો સહીત તમામને ખરેખર મેડીકલ એલાવન્સ આપવું કે કેમ? આ એલાવન્સની ચૂકવણી વર્ષમાં બે હપ્તાથી વાઉચર દ્વારા કરવી કે કેમ?

(૫) લીવ ટ્રાવેલીંગ એલાવન્સ.—દર બે વર્ષે એક વખત ૫૦૦૦ કી. મી. કુંટુંબીજનો સહીત પ્રથમ વર્ગની મુસાફરીનો તમામ ખર્ચ અથવા લકઝરી બસનો પુરેપુરો ખર્ચ આપવો કે કેમ?

(૬) વ્હીકલ એલાવન્સ અને લોન.—દર માસે રૂા. ૩૦૦ વ્હીકલ એલાવન્સ આપવું અને વ્હીકલ લોન રૂા. ૧૫૦૦૦ આપવી કે કેમ?

(૭) હાઉસીંગ લોન :—મકાન બાંધવા અથવા ખરીદવા માટે રૂા. ૧૫૦,૦૦૦ હાઉસીંગ લોન આપવી અને વધારાના બાંધકામ માટે રૂા. ૫૦,૦૦૦ અને મકાન મરામત માટે રૂા. ૨૫,૦૦૦ આપવા કે કેમ?

INDEX

(૮) હક્ક અને માંદગીની રજાઓ :—હાલમાં હક્ક અને માંદગીની રજાઓ ૯૦-૯૦ દિવસની મર્યાદામાં જમા થાય છે તેના બદલે ૧૮૦-૧૮૦ દિવસ સુધી જમા કરવી કે કેમ ?

(૯) અન્ય માંગણીઓ :

(અ) પ્રોજેક્ટ યુનીટ ઉપર કામ કરતા કર્મચારીઓને માસિક રૂા. ૧૦૦ પ્રોજેક્ટ એલાવન્સ આપવું કે કેમ ?

(બ) ફીલ્ડમાં કામ કરતા કર્મચારીઓને મૂળ પગારના ૨૦ ટકા મુજબ ફીલ્ડ એલાવન્સ આપવું કે કેમ ?

(ક) બેડ વેધર એલાવન્સ માસીક રૂા. ૧૦૦ પ્રોજેક્ટ (ફેક્ટરી) યુનીટ ઉપર કામ કરતા કર્મચારીઓને માસીક રૂા. ૧૦૦ એલાવન્સ આપવું કે કેમ ?

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. પી. આસનાણી,
સેકશન અધિકારી.

INDEX

શ્રમ અને રોજગાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૫મી એપ્રિલ ૧૯૯૧.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

ક્રમાંક કેએચઆર-૬૮/આઈડીએ-૧૦૯૧-૯૦૯-૧-મ-(૨).—કામના ઝડપી નિકાલ માટે એ ઈચ્છનીય છે કે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મા) હેઠળની નીચે અનુસૂચિમાં જણાવેલ કેટલીક કાર્યવાહીઓ કે, જે શ્રી આર. સી. ભટ્ટના બનેલા ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદ સમક્ષ અનિર્ણિત છે. તેમની નિવૃત્તિના કારણે શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૯૦/આઈડીએ/૧૦૮૯/૩૧૯૨/મ-૪ હેઠળ રચાયેલ શ્રી વી. એચ. ઠાકોરના બનેલા ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને તબદીલ કરવી જોઈએ.

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૩૩-ખની પેટા કલમ(૧)થી મળેલ સત્તા રૂએ, ગુજરાત સરકાર આથી નીચે અનુસૂચિમાં જણાવેલ કાર્યવાહીઓ શ્રી આર. સી. ભટ્ટના બનેલા અમદાવાદ ખાતેના ઔદ્યોગિક ન્યાયપંચ, પાસેથી પાછી ખેંચે છે અને આ જાહેરનામાની તારીખથી નિકાલ કરવા માટે અમદાવાદના શ્રી વી. એચ. ઠાકોરના બનેલા ઔદ્યોગિક ન્યાયપંચને આગળની કાર્યવાહી માટે તબદીલ કરે છે.

પરિશિષ્ટ અ

રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. બીજા પક્ષકાર.
અમદાવાદ.

મીલના ક્રમપીંગ ખાતામાં ફીનીશીંગ ફેબ્રીકસ ખાતામાં ઓપરેટરના એઝીક પગાર તરીકે રૂ. ૨૦૦ આસી. ઓપરેટર ને રૂ. ૧૫૦ તથા હેલ્પરને રૂ. ૧૨૫ એઝીક પગાર તરીકે નક્કી કરવા અંગે

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ

૧. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને. બીજા પક્ષકાર મીલ કંપનીના ક્રીમ્પીંગ ખાતામાં. ફીનીશીંગ ફેબ્રીકસ ખાતામાં ઓપરેટરના એઝીક પગાર તરીકે રૂ ૨૦૦ આસી. ઓપરેટરને રૂ. ૧૫૦ તથા હેલ્પરને રૂ. ૧૨૫ એઝીક પગાર તરીકે નક્કી કરવા અંગે, યુનિયને. મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પ્રથમ પક્ષકાર યુનિયને, આંક ૬ નું પુરસીસ આપી જણાવેલ છે કે, યુનિયન આ રેફરન્સમાં માંગેલ દાદ અંગે કોઈ આગ્રહ રાખતા નથી અને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરુ છું.

: હુકમ :

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી જી. એચ. જે. બી. સહી. વી. એચ. ઠાકોર
રજીસ્ટ્રાર (વી. એચ. ઠાકોર)
અમદાવાદ. તા ૨૨-૬-૯૦. સભ્ય, ૨૦-૬-૯૦
ઔદ્યોગિક અદાલત ગુજરાત.

અમદાવાદ (એ. આઈ. શેખ)
તા. ૩૦-૭-૯૦ સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ક/ખ/શમક ૨૯૦૪૩ આરયુ/સને-૧૯૪૨ નાં મુંબઈ ઔદ્યોગિક સંબધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુઈએ.

હું મીલ મજદુર સભા, અમદાવાદ અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીજ અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં જુલાઈ માસનાં ૩૦ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત. ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૧૫૭/૧૯૮૯.

મીલ મજદુર સભા, અમદાવાદ	પ્રથમ પક્ષકાર.

અને

રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લી. અમદાવાદ.	બીજા પક્ષકાર.

યુનિયનની માંગણી મીલમાં જેટ વીવીંગ ખાતામાં (પ્રેપરેટરી) કામ કરતાં સાઈઝ મીક્સર્સને બેઝીક પગાર તરીકે રૂ. ૧૫૦ નક્કી કરવા તથા તેનો અમલ તા. ૧-૧-૮૮ થી ગણવા અંગે.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ

૧. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીમાં જેટલા વીવીંગ ખાતામાં (પ્રેપરેટરી કામ કરતાં સાઈઝ મીક્સર્સને બેઝીક પગાર તરીકે રૂા. ૧૫૦ નકકીકરવા અંગે યુનિયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયે...

INDEX

૨. ચાલુ રેફરન્સે પ્રથમ પક્ષકાર યુનિયને આંક ૭ નું પુરસીસ આપી જણાવેલ છે કે, યુનિયન આ રેફરન્સમાં માંગેલ દાદ અંગે કોઈ આગ્રહ રાખતા નથી અને તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરૂ છું.

હુકમ :

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી

સહી.	સહી.
રજીસ્ટ્રાર,	(વી. એચ. ઠાકોર)
તા ૨૨-૬-૯૦.	સભ્ય,
અમદાવાદ.	ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
	તા ૨૦-૬-૯૦
	અમદાવાદ.

સહી
એ. આઈ શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક અધિનિયમ
અમદાવાદ

તા. ૧૫-૬-૧૯૯૦
અમદાવાદ

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૦૪૩ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુઈએ.

INDEX

હું મીલ મઝદુર સભા, અમદાવાદ અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, અમદાવાદ. ની વચ્ચેના ઔધોગિક વિવાદમાં ઔધોગિક ન્યાયલયે આપેલ નીચે મુંજબના નીવેડા સન-૧૯૯૦ માં જુલાઈ માસના ૩૦ મા દિને આથી નોંધ કરૂ છું.

ઔધોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર. સભ્ય રૂમ૩

રેફરન્સ (આઈસી) નં. ૫૭/૧૯૮૯

મીલ મઝદુર સભા. પ્રથમ પક્ષકાર
અમદાવાદ

અને

રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડ, બીજા પક્ષકાર
અમદાવાદ.

યુનિયનની માંગણી મીલના નીટીંગ ખાતામાં વેપર્ર, હેલ્પર તથા કુલી-તરીકે કામ કરતાં કામદારોને તા. ૧-૧-૮૮ થી માસીક રૂ. ૩૦ રીસેસ એલાઉન્સ આપવા આંગે...

ઉધોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીમાં મીલના નીટીંગ ખાતામાં વેપર્ર, હેલ્પર તથા કુલી તરીંકે કામ કરતા કામદારોને રીસેસ એલાઉન્સની માસિક રૂ. ૩૦ તા. ૧-૧-૮૮ ના આંપવા બાબ૧, યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે યુનિયને આંક ૮ નું પુરસીસ આપી જણાવેલ છે કે, આ રેફરન્સમાં માંગેલ દાદ બાબતે તેઓ કોઇ આગ્રહ રાખતા નથી અને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે જે પરવાનગી આપવામાં કશું વાંધા-જનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરૂ છું.

હુકમ :

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે ખર્ચ બાબતમા કોઈ હુકમ કરવામાં આવતો નથી.

INDEX

સહી.
રજીસ્ટ્રાર
તા. ૨૨-૬-૯૦.

સહી.
(વી. એચ. ઠાકોર)
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
તા. ૨૭-૬-૯૦
અમદાવાદ.

અમદાવાદ.
તા ૩૭-૭-૯૦

(એ. આઈ. શેખ)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના,
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬) ખ/રામક/૨૭૦૪૪ આરયુ સને ૧૯૪૬ નાં મુબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું મીલ મઝદુર સભા અમદાવાદ અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી, અમદાવાદ ની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં જુલાઈ માસનાં ૩૦ મા દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૫૮/૧૯૮૯.

મીલ મજદુર સભા,
અમદાવાદ. — પ્રથમ પક્ષકાર

અને

રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી.
અમદાવાદ. — બીજા પક્ષકાર

INDEX

યુનિયનની માંગણી મીલકંપનીના સુશ્કર વિભાગ-૨ માં કામ કરતાં ઓપ-રેટરોને આસી. ઓપરેટર રીલીવર આપવામાં આવે છે કે જેઓ આસી.ઓપરેટર રીલીવર તરીકે ફરજ બજાવે છે તે તેમને આસી. ઓપરેટર રીલીવર ગણવા અંગે વિ....

ઉદ્યોગ - કોટન ટેક્ષટાઇલ.

૧. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીમાં સુશ્કર વિભાગ-૨ માં કામ કરતાં ઓપરેટરોને આસી. ઓપરેટર રીલીવર આપવામાં આવે છે કે જેઓએ આસી, ઓપરેટર રીલીવર તરીકે ફરજ બજાવે છે તો તેમને આસી. ઓપરેટર રીલીવર ગણવા વિ. અંગેની માંગણી બાબતમાં યુનિયને બીજા પક્ષકારો મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પ્રથમ પક્ષકાર યુનિયને આંક ૮ નુ પુરસીસ આપી જણાવેલ છે કે, યુનિયન આ રેફરન્સમાં માંગેલ દાદ બાબતમાં કોઈ આગ્રહ રાખતું નથી અને આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરૂ છું.

હુકમ :

૩. યુનિયનને રેફરન્સપાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે ; ખર્ચ બાબતમાં કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સહી
રજીસ્ટ્રાર
તા. ૨૨-૬-૯૦.
અમદાવાદ.

સહી.
(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ.

તા. ૩૦-૭-૯૦
અમદાવાદ

(એ આઇ, શેખ)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના,
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/બ/૩મક ૨૭૦૫૪ આરયુ સને-૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમના કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુહીએ.

હું ન્યુ કોમર્શીયલ મીલ્સ કું લી, અમદાવાદ અને (૧) શ્રી ચંદ્રકાંત વિનુભાઈ ભટ્ટ (૨) ભારત વિજય મીલ્સ કું. લી. અમદાવાદ ની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડાની સન-૧૯૯૦માં જુલાઈ માસના ૩૦ માં દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ,

શ્રી. આર. એસ. શુકલ. સભ્ય સમક્ષ:

અપીલ (આઈ. સી) નં. ૮૦/૮૯.

ન્યુ કોમર્શીયલ મીલ્સ કું. લી,
નરોડા રોડ, અમદાવાદ. ...અરજદાર

વિરુદ્ધ

૧. ચંદ્રકાંત વીનુભાઈ ભટ્ટ,
૧૫, લલીતકુંજ સોસાયટી,
સેન્ટ ઝેવીયર્સ લેડીઝ હોસ્ટેલ,
નવરંગપુરા, અમદાવાદ-૯.

૨ ભારત વિજય મીલ્સ કું. લી.
યુનિટ નં. ૨ નરોડા રોડ.
અમદાવાદ. ..સામાવાળા

અમદાવાદની દશની મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રી પી.આર.દવેએ અરજી નં. ૧૮૨૪/૭૬ માં તા. ૩-૧૦-'૮૯ના રોજ કરેલા હુકમ સામેની અપીલ...

INDEX

ચુકાદો

૧. અરજદાર મીલ કંપનીએ અરજી નં. ૧૮૨૪/૭૬ માં અમદાવાદની દશમી મજૂર અદાલતના વિધ્વાન ન્યાયાધીશશ્રીએ તારીખ ૩-૧૦-'૮૯ના રોજ આપેલા હુકમથી નારાજ થઈ સદરહુ અપીલ કરેલી છે.

૨. શ્રી ચંદ્રકાંત વિનુભાઈ ભટ્ટ કે જેને હવે પછી "સંબંધીત કામદાર" તરીકે ઓળખવામાં આવશે. તેઓએ અમદાવાદની દશમી મજૂર અદાલતના વિધ્વાન ન્યાયાધીશ શ્રી. પી.આર દવે સમક્ષ અરજી નં. ૧૮૨૪/૭૬ દાખલ કરીને એવી દાદ માંગેલી કે, સામાવાળા નં. ૧ શ્રી ન્યુ કોમર્શીયલ મીલ કંપનીએ સંબંધીત કામદારોની પાસે બળજબરીપૂર્વક લખાવવામાં આવેલ રાજીનામું સંબંધીત કામદારે પાછું ખેંચી લીધું છે તેમ કરાવવા તથા તેઓને સદરહુ રાજીનામાથી જે આર્થિક નુકશાન થયું છે તે આર્થિક નુકશાન ન્યુ કોમર્શીયલ મીલ કંપની ચુકવી આપે તેવી દાદ માંગેલી હતી. પરંતુ. તેમ છતાં આ રકમ ન ચુકવતાં સંબંધીત કામદારે આ.આઈ.આર. અરજી નં. ૧૮૨૪/૭૬ મજૂર અદાલત સમક્ષ કરેલ હતી. જેની અંતિમ સુનાવણી થતાં મજૂર અદાલતના વિધ્વાન ન્યાયાધીશશ્રીએ સંબંધીત કામદારને રૂા. ૯૯૯૦૦/-તથા અરજીના ખર્ચ પેટે રૂા. ૧૦૦/-એમ મળી કુલ રૂા. ૧,૦૦,૦૦૦/ ચુકવી આપવાનો મીલ કંપનીને હુકમ કરેલ. મજૂર અદાલતના તારીખ ૩-૧૦-'૮૯ ના રોજ થયેલ હુકમથી નારાજ થઈ ન્યુ કોમર્શીયલ મીલ કંપની જે આ કામમાં એપેલેન્ટ છે તેઓએ સદરહુ અપીલ દાખલ કરેલી છે.

૨. આ અપીલ તારીખ ૨૩-૧૧-'૮૯ના રોજ દાખલ કરેલી, ત્યારબાદ કંપનીએ આંક-૫ની અરજી આપી સદરહુ અપીલ ફાઈલ કરવામાં જે વિલંબ થયો છે તે વિલંબ માફ કરવા માટે તથા અપીલને સમયમર્યાદાની અંદર ગણવા માટે જણાવેલ હતું.

૩. આ અરજીમાં કંપની તરફથી એવી રજૂઆત કરવામાં આવેલ છે, આ અપીલ મજૂર અદાલતે કરેલ ઉપરોક્ત હુકમ તેમની જાણમાં જે તારીખે આવ્યો તે તારીખથી ૩૦ દિવસની અંદર કરેલ છે. પરંતુ જો એમ પુરવાર થાય કે, સદર અપીલ ૩૦ દિવસ પછી ફાઈલ કરવામાં આવી છે તો તેમાં જે ઉચિત વિલંબ થયો હોય તે વિલંબ કંપનીએ કેટલાક કારણો આંક-૫ની અરજીમાં જણાવ્યા છે તે ધ્યાનમાં લઈ ઉચિત વિલંબ માફ કરવો જોઈએ. આ કારણોમાં કંપનીનું એમ કહેવું છે કે, સદર મજૂર અદાલતનો હુકમ સામાવાળા નં.૨ને અમદાવાદ મુકામે બજાવવામાં આવેલ હતો અને ત્યારબાદ સદર હુકમ સામાવાળા નં. ૨ના એડવોકેટને આપવામાં આવેલ હતો. આ હુકમ ત્યારબાદ અરજદાર કંપનીને મુંબઈ મુકામે

પણ મોકલવામાં આવેલ હતો. કંપનીએ સદર હુકમ તેમના વકીલને અમદાવાદ ખાતે મોકલવામાં આવેલ હતો અને સાથે એવો આદેશ પણ આપેલ હતો કે, અરજદાર કંપનીએ આ હુકમ સામે ઔદ્યોગિક અદાલતમાં અપીલ દાખલ કરવી. અરજદાર કંપનીને હુકમની નકલ તારીખ ૨૫-૧૦-'૮૯ના રોજ મળી હતી આ તારીખ લક્ષમાં લેતાં કંપનીએ ફાઈલ કરેલ અપીલ સમયમર્યાદાની અંદર ગણી શકાય. પરંતુ, કોઈપણ સંજોગોમાં ઔદ્યોગિક અદાલત એવાં નિર્ણય ઉપર આવે કે, આ અપીલને સમયમર્યાદાનો બાધ નડે છે તો તેવા સંજોગોમાં કંપનીએ જે કારણો ઉપર મુજબ જણાવેલા છે તે કારણો લક્ષમાં લઈ થયેલ વિલંબ માફ કરી અપીલને સમયમર્યાદાની અંદર કર્યાનું જાહેર કરવું જોઈએ. આ અપીલનો નિર્ણય ગુણદોષ ઉપર લેવાવો જોઈએ. અંતમાં કંપનીએ દાદ માગેલ છે કે, જે વિલંબ થયો છે તે વિલંબ માફ કરી અપીલને સમયમર્યાદાની અંદર ગણવી જોઈએ.

૪. કંપનીએ જે ઉપરોક્ત વિધાનો તેમની અરજીમાં જણાવેલ છે તેના સંબંધમાં શ્રી ચંદ્રકાંત ભટ્ટ જગદીશ કાપડીયા જેઓ કંપનીના ડીરેક્ટર છે. તેઓએ તેમની એફીડેવીટ આંક-૬થી રજૂ કરેલ છે. સામાવાળા નં. ૧ શ્રી. ચંદ્રકાંત ભટ્ટ તરફથી શ્રી.ટી.આર. મિશ્રા હાજર રહ્યા હતા અરજદાર કંપનીના ડીરેક્ટર શ્રી. જગદીશ કાપડીયાએ તેમની એફીડેવીટમાં જણાવ્યા મુજબ સદરહુ કંપનીને મજૂર અદાલતનો ચુકાદો મળ્યો ત્યારથી અથવા તો જે દિવસે તેની જાણમાં સદરહુ ચુકાદો આવ્યો તે તારીખથી ૩૦ દિવસની અંદર અપીલ ઔદ્યોગિક અદાલતમાં ફાઈલ કરી શકે છે. અરજદાર કંપનીની અરજી તથા એફીડેવીટમાં જણાવેલ કારણો સરખા હોઈ બંનેની અલગ અલગ ચર્ચા કરવાની જરૂર નથી.

૫. આ અપીલનો ન્યાયનિર્ણય કરવા માટે નીચે જણાવેલા મુદ્દા ઉપસ્થિત થાય છે :

(૧) અરજદાર કંપનીએ કરેલ અપીલ સમયમર્યાદાની અંદર ગણી શકાય?

(૨) ઉપરોક્ત મુદ્દાનો જવાબ નકારમાં હોય તો અરજદાર કંપનીએ વિલંબ થવાના જે કારણો આપેલા છે તે ધ્યાનમાં લઈ શકાય?

(૩. છેવટે શો હુકમ કરવો?

૬. ઉપર જણાવેલા મુદ્દાઓનો મારો જવાબ નીચે જણાવેલા કારણોસર નીચે મુજબ છે :

(૧) ના.

(૨) ના.

(૩) છેવટે જણાવેલા હુકમ મુજબ.

INDEX

કારણો

મુદ્દા નં. (૧) અને (૨)

૭. મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૮૪ પ્રમાણે મજૂર અદાલતના ન્યાયાધીશશ્રીએ સદરહુ એકટની જોગવાઈ લક્ષમાં લઈ જે ચુકાદો આપેલ હોય તે ચુકાદાથી નારાજ થયેલ પક્ષકારે કલમ-૮૪ અન્વયે ૩૦ દિવસની અંદર અપીલ કરવી જોઈએ. કલમ-૮૪ની કેટલીક જોગવાઈ નીચે મુજબ છે :

"કલમ-૭૮ની પેટા કલમ(૧)ના પરિચ્છેદ અંક (ક) અથવા (ગ) નીચે આવતી કોઈ બાબતમાં સંબંધના લેબર કોર્ટે આપેલા નિર્ણયમાં કોઈ હડતાળ, તાળાબંધી, કારખાનાબંધી અથવા કામબંધી ગેરકાયદેસર હતી કે નહિ તે બાબતમાં જે કોઈ નિર્ણય કર્યો હોય તે સિવાય, તે નિર્ણયના બાકીના ભાગ સામે અથવા સદરહુ કલમની પેટા કલમ (૧) ના પરિચ્છેદ (ગ) મુજબ તેવી કોર્ટના નિર્ણય દરેક અપીલ થવા પ્રસંગે નિર્ણય, દોષ સિદ્ધિ, દોષ મુક્તિ અથવા સજાની તારીખથી ૩૦ દિવસની અંદર કરવી જોઈએ...પરંતુ, ઔદ્યોગિક અદાલત સદરહુ મુદત પૂરી થવા પછી પૂરતાં કારણસર કોઈ અપીલ દાખલ કરી શકશે."

ઉપરોક્ત કલમનું અર્થઘટન કરતાં સર્વપ્રથમ એ નોંધવું જરૂરી છે કે, ઔદ્યોગિક અદાલતને આ કલમ અન્વયે સત્તા છે કે કલમ-૭૮ની પેટા કલમ(૧)ના પરિચ્છેદના અંક(ક) અથવા (ગ) નીચે આવતી કોઈપણ બાબતના સંબંધમાં લેબર કોર્ટે આપેલા ચુકાદા નિર્ણય સામે ચુકાદા આપ્યાની તારીખથી ૩૦ દિવસની અંદર ઔદ્યોગિક અદાલતને અપીલ કરવી જોઈએ. ઉપરોક્ત કલમ પ્રમાણે કોઈપણ પક્ષકાર લેબર કોર્ટના ચુકાદાથી નારાજ થયા હોય તો તેવા પક્ષકારે મજૂર અદાલતે કરેલ નિર્ણયની તારીખથી ૩૦ દિવસની અંદર અપીલ ઔદ્યોગિક અદાલતને કરી શકશે. ટુંકમાં એમ સ્પષ્ટ કહી શકાય કે, લેબર કોર્ટે કરેલા હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર આવી અપીલ ઔદ્યોગિક અદાલતને કરવી જોઈએ. પેટા અંક-૨ માં જે કોઈ વિલંબ થયો હોય તે વિલંબ કયા સંજોગોમાં માફ થઈ શકે તે અંગેની જોગવાઈ છે સદર જોગવાઈ જોતાં એમ જણાય છે કે, સદર ૩૦ દિવસની અંદર અપીલ ઔદ્યોગિક અદાલતને કરવામાં ન આવે તો તેવા સંજોગોમાં ૩૦ દિવસ બાદ પણ એટલે કે સમયમર્યાદા બહાર પણ આવી અપીલ થઈ શકે. પરંતુ, આ અપીલ એવા સંજોગોમાં દાખલ થઈ શકે કે જેમાં નારાજ થયેલા પક્ષકાર પૂરતા કારણો ઔદ્યોગિક અદાલત સમક્ષ રજૂ કરે. "પૂરતા કારણો-સર" શબ્દ ઘણા મહત્વના છે. "પૂરતા કારણોસર" શબ્દનો અર્થ અમારી દષ્ટિએ

INDEX

એવો હોય શકે કે, તે કારણો ન્યાયી અને વ્યાજબી તેમજ સંતોષકારક હોવા જોઈએ. આ કારણો એવાં હોવા જોઈએ કે જે પક્ષકારની કાબુ બહારના હોય અને આવા આકસ્મિક કારણો જો ઔદ્યોગિક અદાલત સમક્ષ રજૂ કરવામાં આવે તો તેવા સંજોગોમાં સમય વીતી ગયા બાદ પણ અપીલ દાખલ કરી શકાય અને સમયમર્યાદા બહાર રજૂ થયેલ અપીલ સમયમર્યાદાની અંદર ગણી શકાય. કલમ-૮૪માં સ્થાપિત થયેલ સિદ્ધાંતોને અનુસરીને આ અપીલમાં પક્ષકારોએ જે કારણો આપ્યા છે તે મારી દૃષ્ટિએ ન્યાયી વ્યાજબી તેમજ સંતોષકારક ન હોઈ તેને લક્ષમાં લઈ શકાય નહીં, અરજદાર કંપની તરફથી શ્રી જગદીશ કાપડીયાએ રજૂ કરેલ એફીડેવીટ આંક-૬ વાંચતાં એમ જણાય છે કે, અરજદાર કંપનીએ મજુર અદાલતના ચુકાદાની જાણ જે તારીખે થઈ તે તારીખથી ૩૦ દિવસની અંદર આ કોર્ટને અપીલ કરેલ છે. કલમ-૮૪માં જણાવ્યા મુજબ જે તારીખે ચુકાદો આપ્યો હોય તે તારીખથી ૩૦ દિવસની અંદર આવી અપીલ લઈ શકે. અરજદાર શ્રી. ચંદ્રકાંત ભટ્ટે અરજી નં. ૧૮૨૪/૭૬ મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધીશ શ્રી. પી. આર. દવે સમક્ષ રજૂ કરેલ હતી. તેઓએ સદરહુ અરજીનો હુકમ તારીખ ૩-૧૦-'૮૯ના રોજ કરેલ કલમ-૮૪ની જોગવાઈ પ્રમાણે આ અપીલ તારીખ ૩-૧૦-'૮૯ થી ૩૦ દિવસની અંદર એટલે કે તારીખ ૨-૧૧-'૮૯ સુધી ફાઈલ કરવી જોઈએ, પરંતુ અરજદાર કંપનીએ સદરહુ અપીલ તારીખ ૨૩-૧૧-'૮૯ના રોજ ફાઈલ કરેલ છે. જેથી પ્રથમ દૃષ્ટિએ આ અપીલ સમયમર્યાદાની બહાર ગણી શકાય મજુર અદાલતનો ચુકાદો તારીખ ૩-૧૦'૮૯નો છે. આ ચુકાદાની નકલ મળવા અંગે કંપનીએ તારીખ ૫-૧૦-'૮૯નો પત્ર લખી ઔદ્યોગિક અદાલતને જણાવેલ છે કે, જે વિલંબ થયો છે તે વિલંબ માફ કરી આ અપીલને સમયમર્યાદાની અંદર ગણવી જોઈએ શ્રી જગદીશ કાપડીયાની એફીડેવીટ આંક-૬ જોતાં એમના જણાવ્યા પ્રમાણે મજૂર અદાલતનો સદર હુકમ સામાવાળા નં. ૨ ને અમદાવાદ મુકામે બજાવવામાં આવ્યો હતો. ત્યારબાદ સદર હુકમ સામાવાળા નં. ૨ ના વકીલ શ્રીને મોકલવામાં આવ્યો હતો અને ત્યારબાદ ફરી સદરહુ હુકમને મુંબઈ મુકામે મોકલવામાં આવ્યો હતો. અરજદાર કંપનીએ આ હુકમની નકલ અમદાવાદ મુકામે તેમના વકીલ ઉપર મોકલેલ હતી અને વકીલને સૂચના આપવામાં આવેલ કે, મજૂર અદાલતના આ હુકમ સામે અપીલ ઔદ્યોગિક અદાલતમાં દાખલ કરવી. શ્રી. કાપડીયા તેમની એફીડેવીટના પેરા-૨ માં વધુમાં જણાવે છે કે, તારીખ ૨૫-૧૦-'૮૯ ના રોજ કંપનીને જાણ થઈ કે મજૂર અદાલતે સદર હુકમ તેઓની વિરુદ્ધ કરેલ હતો. શ્રી. કાપડીયાના જણાવ્યા પ્રમાણે તા. ૨૫-૧૦-'૮૯

INDEX

થી ૩૦ દિવસ ગણવામાં આવે તો તા. ૨૩-૧૧-'૮૯ ના રોજ રજૂ કરેલ અપીલ સમયમર્યાદાની અંદર ગણી શકાય.

૮ શ્રી. કાપડીયાની એફીડેવીટ સામે સામેવાળા નં. ૧ ના એડવોકેટ શ્રી ટી. આર. ધીવાએ ઉગ્ર રજૂઆત કરતાં જણાવેલ કે, એપેલેન્ટ કંપનીના એડ-વોકેટ ડીરેકટર શ્રી જગદીશ કાપડીયાએ રજુ કરેલ એફીડેવીટમાં જણાવેલ વિગતો સુસંગત ન હોઈ અને કારણો વ્યાજબી ન હોઈ તે સ્વીકારી શકાય તેમ નથી, શ્રી મિશ્રાએ દલીલો કરતાં જણાવેલ કે, મજુર અદાલતે તારીખ ૩-૧૦-'૮૯ના રોજ હુકમ કરેલો છે, જ્યારે અપીલ તારીખ ૨૩-૧૧-'૮૯ ના રોજ કરવામાં આવેલ હોઈ તે સમયમર્યાદા બહાર ગણાય શ્રી. મિશ્રાએ વધુમાં દલીલો કરતાં જણાવેલ કે આ અપીલમાં એપેલેન્ટ કંપનીના અસભ્ય બેદકારીને કારણે અપીલ ફાઇલ કરવામાં જે વિલંબ થયેલ છે, તે વિલંબ માફ કરી શકાય નહીં. વિલંબ કરવામાં નહીં પરંતુ તેમના એડવોકેટ જવાબદાર હોઈ અને તે પણ ઈરાદાપૂર્વકની બેદરકારી બતાવેલ હોઇ થયેલ વિલંબ માફ કરી શકાય નહીં. શ્રી મિશ્રાએ કરેલ દલીલોમાં સારૂં એવું તથ્ય જણાય છે. એપેલેન્ટમાં કંપનીએ જે કારણો આપવા જોઈએ તે વાસ્તવિક, સંતોષકારક, વ્યાજબી, ન્યાયયી અને માની શકાય તેવાં હોવા જોઈએ કંપનીએ આપેલ કારણો શુદ્ધબુદ્ધિ પૂર્વકના હોવા જોઇએ. શ્રી મિશ્રાના જણાવ્યા પ્રમાણે આ અપીલમાં કંપનીના એડવોકેટે મજુર અદાલતના ચુકાદાની નકલ મોકલવામાં જે વિલંબ કરેલ છે તે વ્યક્તિગત નિષ્ઠા જુનું પરિણામ છે અને તેથી કંપનીને આ અંગે દોષિત ન ઠેરવી શકાય તો પણ કંપનીના એડવોકેટ બતાવેલ ઉપેક્ષા અને બેદરકારીને કોઈપણ રીતે ન્યાયી અને વ્યાજબી ગણી શકાય નહી. વ્યક્તિગત જાણ જે તારીખથી ૩૦ દિવસની સમયમર્યાદા ગણી શકાય નહીં. જે તારીખે ચુકાદો આપ્યો હોય તે તારીખથી ૩૦ દિવસની સમયમર્યાદા ગણી શકાય. કલમ ૮૪ ની જોગવાઈ આ અંગે ઘણી સ્પષ્ટ છે. ઉપરોક્ત તમામ સંજોગોમાં કંપનીએ આપેલ કારણો સાર, વ્યાજબી, ન્યાયી અને સંતોષકારક ન હોઈ આ અપીલ સમયમર્યાદાની બહાર હોવાનું પુરવાર થાય છે અને તેથી હું મુદ્દા નં (૧ અને (૨)નો જવાબ "ના" માં આપુ છું અપીલ સમયમર્યાદાના બહાર હોઈ અપીલમાં જે બીજા મુદ્દાઓ અરજદાર કંપનીએ જણાવ્યા છે તે મુદ્દાઓમાં હસ્તક્ષેપ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કારણ કે અપીલ કાઢી નાખવા સિવાય બીજો વિકલ્પ મારી પાસે નથી. સમયમર્યાદાનો મુદ્દો એ પ્રાથમિક મુદ્દો છે પ્રાથમિક મુદ્દો એપેલેન્ટ કંપનીના વિરુદ્ધ નક્કી કરવામાં આવતો હોઇ અપીલના ગુણદોષ ઉપર જવાનું મારા માટે શક્ય નથી. અને તેથી હું નીચે મુજબનો હુકમ કરૂં છું

: હુકમ :

૯. અરજદાર કંપનીની સદરહુ અપીલ રદ કરવામાં આવે છે. મજૂર અદાલતના વિધ્વાન ન્યાયાધીશ શ્રી પી. આર. દવેએ અરજી નં. ૧૮૨૪/૭૬ માં તારીખ ૩-૧૦-૮૯ ના રોજ કરેલ હુકમ કાયમ કરવામાં આવે છે. સદર ચુકાદામાં જણાવેલ રૂ. ૧,૦૦.૦૦૦/- કંપનીએ સંબધતિ સામાવાળા ૧ નં. કામદારને સદરહુ હુકમની તારીખથી દિન ૩૦ ની અંદર ચૂકવી આપવા.

એપેલેન્ટ કંપનીએ પોતાનો ખર્ચ પોતે ભોગવવો અને સામાવાળા નં. ૧ ખર્ચ તરીકે રૂ. ૪૨૫/- ચૂકવી આપવા.

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર.
અમદાવાદ તા. ૨૭-૬-'૯૦.

સહી
(આર. એસ. શુકલ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત. અમદાવાદ

સહી
(એ. આઇ શેખ)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

અમદાવાદ તા. ૩૦-૭-૯૦

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/ક્રમક/૨૭૦૫૭ આરયુ સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સન ૧૯૬૧ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઇએ,

હુ ધી સુરત સીલ્ક મીલ લેબર યુનિયન સુરત અને વરેલી ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ લી વરલી તા. પલસાણા સુરત ની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં જુલાઈ માસના ૩૦ મા દિને આથી નોંધ કરું છું.

શ્રી એ. બી પટેલ. સભ્ય ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ

રેફરન્સ (આઈ. સી.) નં. ૬/૯૦.

શ્રી સુરત સિલ્ક મીલ લેબર યુનિયન, — પ્રથમ પક્ષકાર
શ્રમજીવી સેવાલય, રેલ્વે સ્ટેશન સામે,
સુરત.

વિરુદ્ધ

મેનેજરશ્રી, — બીજા પક્ષકાર
વરેલી ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ લી.,
મુ. પો. વરેલી. તા. પલસાણા,
જિ. સુરત.

હાજર રહ્યા

શ્રી નરોતમભાઈ પટેલ ...પ્રથમ પક્ષકાર તરફે.
શ્રી એમ. ડી. પારેખ ...બીજા પક્ષકાર તરફે.

વિષય : કામદારોને કપડા તેમજ ધોલાઈ ભથ્થુ આપવું
તેમજ કેટલીક જગ્યાઓ કાયમી કરવા અંગે...

એવોર્ડ

આ રેફરન્સ પ્રથમ પક્ષકાર સુરત સીલ્ક મીલ લેબર યુનિયન, સુરતના સેક્રેટરી શ્રી નરોતમભાઈ પટેલે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૩(એ) અન્વયે ઔદ્યોગિક અદાલતની લવાદી માટે સુપ્રત કરેલો છે. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન અને ચોર્યાસી તાલુકાના સ્થાનિક વિસ્તાર માટે સિલ્ક ટેક્ષટાઈલ ઉદ્યોગ માટે પ્રતિનિધિત્વ હક્ક ધરાવતા અને એપ્રુવ્ડ યુનિયન તરીકે કરેલ છે. પ્રથમ પક્ષકાર યુનિયન તરીકે કરેલ છે. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કંપની ઉપર ફોર્મ "એલ" માં તા. ૧૪-૧૧-૮૯ ના રોજની ફેરફારની નોટીસ બજાવી હતી અને નોટીસમાં જણાવ્યા પ્રમાણેનો ઔદ્યોગિક ઝગડો ઉપસ્થિત કર્યો હતો. પક્ષકારો વચ્ચે સમાધાન ન થવાથી ઔદ્યોગિક ઝગડો સમાધાન અધિકારી સમક્ષ રજુ કરવામાં આવ્યો હતો. સમાધાન અધિકારી સમક્ષ નું સમાધાન ન થવાથી સમાધાન અધિકારીએ તા. ૨-૧-૯૦ ના રોજ નિષ્ફળતાનું સર્ટીફીકેટ કાઢી આપ્યું હતું. તે પછી આ રેફરન્સ તા. ૧-૩-૯૦ ના રોજ સમય મર્યાદાની અંદર કરવામાં આવેલ છે. આઇ-૬

INDEX

થી પ્રથમ પક્ષકાર યુનિયને માંગણાનું નિવેદન રજુ કરેલ છે. આંક-૮ થી કંપનીએ શ્રી મંગલદાસ પારેખનું વકીલાત નામુ રજુ કરેલું છે. આંક-૯ ની અરજી બીજા પક્ષકાર કંપનીના મેનેજરશ્રીએ આપેલ છે. આંક-૯ ની અરજીમાં જણાવવામાં આવેલ છે કે વરેલી મુકામે આવેલી અને વરેલી ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ લી. ના નામથી ઓળખાતી આખી કંપની તથા સંસ્થાનો સમાવેશ નવેમ્બર ૧૯૮૯ થી ગાર્ડન સિલ્ક મીલ્સ લી., વરેલી મુકામે કરવામાં આવ્યો છે. જેથી રેફરન્સ (આઇ. સી) નં. ૫/૯૦ ના કામે બીજા પક્ષના ગાર્ડન સીલ્ક મીલ્સ લી. વરેલીના તરફે જે લેખીત જવાબ મુકવામાં આવ્યો છે તેને હાલના રેફરન્સ (આઈ. સી.) નં. ૬/૯૦ ના કામે બીજા પક્ષકારનો લેખીત જવાબ ગણવાનો છે તે નામદાર કોર્ટને જાહેર કરીએ છીએ. આંક-૯ ની અરજી ઉપર મેનેજરશ્રીએ સહી કરેલ છે.

આ રેફરન્સ મારી સમક્ષ ચાલુ હતો તે સમય દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયનના મંત્રીશ્રી નરોતમભાઈ પટેલે આંક-૧૦ ની અરજી મારી સમક્ષ રજુ કરેલ છે. આંક-૧૦ ની અરજીમાં નીચે પ્રમાણે જણાવવામાં આવેલ છે.

આ કામમાં વરેલી ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ લી. વરેલીનો નવેમ્બર-૮૯ થી ગાર્ડન સિલ્ક મીલ્સ લી. વરેલામા સમાવેશ થયો હોવાથી પ્રથમ પક્ષકાર યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપી આ રેફરન્સનો નિકાલ કરવા વિનંતી છે. આંક—૧૦ ની અરજી અન્વયે આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતે કોઈ હુકમ નથી. આ એવોર્ડની નકલ પક્ષકારોને મળે તે તારીખથી એક મહિનાની અંદર અમલમાં આવવાનો છે.

સહી
પી. આર. પુરસ્નાણી
અધિકાક
સુરત.
તા ૭/૬/૯૦.

સહી
(એ. બી. પટેલ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

અમદાવાદ
તા ૩૦—૭—૯૦

(એ. આઈ શેખ)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

સને-૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંબંધ નિયંત્રક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૬૯૯૩ આરથુ સને-૧૯૪૬ નાં મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ- ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કર્સ યુનિયન સુરત અને ગાર્ડન સીલ્ક મીલ્સ લી. (પ્રોસેસીંગ પ્લાન્ટ) સુરતની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના ચૂકાદો સન-૧૯૯૦ માં જુન માસની ૧૫માં દિને આથી નોંધ કરું છું.

શ્રી. એ. બી પટેલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત સુરત સમક્ષ

રેફ. (આઈ. સી.) નં. ૨/૯૦

ધી ડઈંગ બ્લીચીંગ એન્ડ ફીની. વર્કર્સ

યુનીયન, પ્રથમ પક્ષકાર

અનકુાની સેવાલય,

અલંકાર ટોકીઝ પાસે સુરત.

વિરૂદ્ધ

ગાર્ડન સિલ્ક મિલ્સ લી (પ્રોસેસીંગ પ્લાન્ટ

મેલામાલો કંપાઉન્ડ, સહરા દરવાજા બહાર, બીજા પક્ષકાર

સુરત.

હાજર રહ્યા :—શ્રી નરોત્તમભાઈ પટેલ પ્રથમ પક્ષકાર તરફે

શ્રી એમ ડી. પારેખ બીજા પક્ષકાર તરફે.

વિષય :— કામદારોને કાપડ તેમજ ધોલાઇ ભથ્થુ તેમજ કાયમી કરવા અંગે

એવોર્ડ (ભાગ-૧)

આ રેફરન્સ પ્રથમ પક્ષકાર સુરત સીલ્ક મીલ્સ લેબર યુનીયનના સેક્રેટરીશ્રી નરોત્તમભાઈ પટેલ બી. આઈ. આર એકટની કલમ ૭૩-એ અન્વયે ઔદ્યોગિક અદાલતને લવાદી માટે સુપ્રત કરેલ છે. આ રેફરન્સ કરતાં પહેલાં પ્રથમ પક્ષકાર યુનીયને ફોર્મ 'એલ' માં ફેરફારની નોટીસ તા. ૧૪-૧૧-૮૯ના રોજ આપી હતી, અને નોટીસમાં જણાવ્યા પ્રમાણે કામદારોને કાપડ તેમજ ધોલાઇ ભથ્થુ આપવા અને કેટલીક જગ્યાઓ કાયમી કરવાની માંગણી કરી હતી, બન્ને પક્ષકારો

INDEX

વચ્ચે આ માંગણીઓ બાબતે સમાધાન ન થવાથી માંગણી સમાધાન અધિકારી સમક્ષ દાખલ કરી હતી સમાધાન કાર્યવાહીમાં સમાધાન ન થવાથી સમાધાન અધિકારીએ તા ૨-૧-૯૦ ના રોજ નિષ્ફળતાનુ સર્ટીફીકેટ આપેલ હતું જે આ કામે આંક-૨ થી રજૂ કરેલ છે. તે પછી પ્રથમ પક્ષકાર યુનીયને આ રેફ- રન્સ ઔદ્યોગિક અદાલતની લવાદી માટે સુપ્રત કરેલ છે. પ્રથમ પક્ષકાર યુનીયન મ્યુનિસિપલ કોર્પોરેશન અને ચોર્યાસી તાલુકાના સ્થાનિક વિસ્તારમાં રેશમ ઉદ્યોગ માટે કામદારોનુ પ્રતિનિધિત્વ હક્ક ધરાવતું યુનીયન છે. અને તે હેસીયતથી આ રેફરન્સ ઔદ્યોગિક અદાલતની લવાદી માટે સુપ્રત કરેલ.

(૨) પ્રથમ પક્ષકાર યુનીયને આ રેફરન્સની માંગણીઓ બાબતે આંક-૬થી માંગણાનુ નિવેદન રજુ કરેલ છે આંક-૬ ના માંગણાંના નિવેદનમાં પ્રથમ પક્ષકારે નીચે પ્રમાણે વિગતો રજુ કરેલ છે.

(૩ અરજદાર યુનીયન સુરત મહાનગર પાલિકા હદ વિસ્તાર તેમજ પલસાણા તાલુકા સ્થાનિક વિસ્તારમાં રેશમ કાપડ ઉદ્યોગમાં કામ કરતા કામદારો માટે પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે સામાવાળા મીલ સદર ઉદ્યોગમાં પલસાણા તાલુકાના સ્થાનિક વિસ્તારમાં રેશમ કાપડ ઉદ્યોગમાં અંદર ટેકીંગ તરીકે નોંધાયેલું યુનીટ છે અરજદાર યુનીયનના મંત્રીશ્રીએ તારીખ ૧૪-૧૧-૮૯ ના રોજ ફોર્મ 'એલ' મા ફેરફારની માંગણી કરી હતી જે માંગણી ઓ નીચે મુજબ છે.

(૧) આપણી મીલમાં કામ કરતા કામદારો જેવાકે જોબર ઓલર, ફીટર, વાયરમેન, ટર્નર, ફીટર હેલ્પર, બોઈલર એટેન્ડન્ટ, ફાયરમેન, ગજ્જર, વોચમેન, ડ્રાઈવર, કન્ડકટર. એન્જીનીયર, જનરેટર, તથા ટેક્ષટાઈલ્સ ઉદ્યોગમાં ઈન્ડસ્ટ્રીયલ કોર્ટે નક્કી કરેલાં સિવાય બીજી કોઈ કેટેગરી બાકી રહેતી હોય તો તેના કામ- દારોને દર બે વર્ષે બે જોડી ટેરીકોટન કાપડના યુનિફોર્મ સીવડાવીને આપવા અને તેની યોગ્ય ધોલાઈ પણ નિયમિત આપવા વ્યવસ્થા કરવી, અને તેનો અમલ તા. ૧-૧-૮૯ થી કરવો. (૨) આ મીલમાં ગોઠવવામાં આવેલ મશીનો તથા તેના ઉપર લેવામાં આવતું કામને ધ્યાનમાં રાખી કાયમી જગ્યાઓ જેને કેટેગરી માટે નક્કી કરવા અને તે ઉપર કામ કરતાં કામદારોને કાયમી પાસ આપવા.

પ્રથમ પક્ષકારની ઉપરોક્ત માંગણીઓ અંગે સમાધાન ન થતાં તે અંગે સમાધાન અધિકારી સમક્ષ સમાધાનની કાર્યવાહી ચાલી હતી. પરંતુ ત્યાં પણ સમાધાન ન થવાથી સમાધાન અધિકારીશ્રીએ તા. ૨-૧-૯૦ ના રોજ નિષ્ફળતાનું

INDEX

સર્ટીફીકેટ કાઢી આપ્યું હતું, ત્યારબાદ તા. ૩-૧-૯૦ના રોજ ઉપરોક્ત ઔદ્યોગિક તકરાર નામદાર ઔદ્યોગિક અદાલતને સુપ્રત કરવામાં આવેલ છે. મજકુર માંગણીના સમર્થનમાં પ્રથમ પક્ષકાર યુનીયનનું નિવેદન નીચે મુજબ છે.

(૪) યુનિફોર્મ આપવા બાબત ગુજરાતના જુદા જુદા ઉદ્યોગમાં કામ કરતા કામદારોને ફેક્ટરી એક્ટના નિયમ પ્રમાણે અથવા તો પરસ્પર સમાધાનથી કે ઔદ્યોગિક અદાલતના અવોર્ડથી યુનિફોર્મ આપવામાં આવે છે. કેટલાંક ખાતામાં કામ કરતા કામદારોને તેમના કામનો પ્રકાર જોતાં તેઓને પહેરેલા કપડાને વધુ ઘસારો લાગે છે. જલ્દી ફાટી જાય છે. અને બગડે છે તે સંજોગોમાં તેઓને યુનિફોર્મ આપવાનું આવશ્યક બન્યું છે જ્યારે અન્ય કેટલીક કેટેગરીના કામદારોને કંપની તે કારખાનામાં કામદારોને છે તે સહેલાઈથી ઓળખી શકાય તેવા હેતુથી યુનિફોર્મ આપે છે. આ રીતે કેટલાંક કારખાનામા અમુક જ કામદારોને યુનિફોર્મનો લાભ મળે છે. જ્યારે બીજા કેટલાક કારખાનામાં યુનિફોર્મનો લાભ મળે છે. જ્યારે બીજા કેટલાક કારખાનામાં યુનિફોર્મનો લાભ આપવામાં આવે છે.

બીજા પક્ષકાર મીલ કંપનીમા કામ કરતા કેટેગરીના કામદારોને તેને બીજા પક્ષકારે સ્વેચ્છાએ યુનિફોર્મ આપવાનું ઘણા વખતથી શરૂ કરેલું છે. જ્યારે અન્ય કેટેગરીના કામદારોને યુનિફોર્મ ન આપવાથી તેઓમાં અસંતોષની લાગણી ફેલાયેલી છે. જે કામદારોને યુનિફોર્મ ન આપવામાં આવતા હતા તે કામદારો આ લાભથી વંચિત રાખવા માટે કોઈ વ્યાજબીકારણ ન હતું આ કામદારો માટે જ્યારે માંગણી કરવામાં આવી ત્યારે બીજા પક્ષકારો જેઓને લાંબા સમયથી યુનિફોર્મનો લાભ આપવામાં આવતો હતો તેઓને પણ કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા વિના યુનિફોર્મ આપવાનું બંધ કર્યું છે, અને તે લાભથી વંચિત કરવામાં આવ્યા છે.

ઉપરના સંજોગોમાં બીજા પક્ષકારના કારખાનામાં કામ કરતા તમામ કામદારોને દર વરસે ટેરીકોટનના બે જોડી યુનિફોર્મ આપવા એ માંગણી કરવામાં આવી છે યુનિફોર્મ તરીકે હાફશર્ટ કે બુશર્ટ અને આખું પેન્ટ એ પણું જોઈએ.

કારખાનામાં કામ કરતા કામદારને જ્યાં જ્યાં યુનિફોર્મ આપવામાં આવે છે. ત્યાં ત્યાં તેઓને યોગ્ય ધોલાઈ ભથ્થુ પણ આપવામાં આવે છે. કારણકે ફક્ત બે જોડી યુનિફોર્મ આપવામાં આવે તે યુનિફોર્મ સ્વચ્છ રાખવામાં આવે તે માટે તેને દર માસે યોગ્ય રકમ ધોલાઈ ભથ્થા તરીકે આપવી જોઈએ ધોલાઈ ભથ્થુ યુનિફોર્મ આપવાની તારીખ આપવી જોઈએ.

કાયમી પાસ આપવા બાબત કારખાનામાં જે મશીનો ગોઠવવામાં આવ્યા છે અને જે નિયમિત ચલાવવામાં આવે છે, તેમ છતાં તે મશીન ઉપર કરતા કામદારોને તથા તે ખાતાના તે મશીનો ચાલુ રાખવા માટે અન્ય કેટેગરીના જરૂરી કામદારોને કાયમી પાસ આપવામાં આવતાં નથી, તે સંજોગોમાં સૌ પ્રથમ હાલ જે કામની પદ્ધતિ અપનાવવામાં આવી છે તે કામની પદ્ધતિને ધ્યાનમાં રાખી જુદી જુદી કેટેગરી પ્રમાણે પ્રત્યેક પાળી માટે કાયમી સંખ્યાબળ નક્કી કરવું જોઈએ. સંખ્યા બળ નક્કી કર્યા પછી જેતે કેટેગરીમાં કામ કરતા કામદારોને કાયમી બનાવવા જોઈએ

(૫) માંગણી નં-૧ યુનિફોર્મ અને ધોલાઈ ભથ્થુ આપવા બાબતે બીજા પક્ષકાર કંપનીએ આંક-૯ ની રજુ કરેલ જવાબ નીચે પ્રમાણે હકિકતો જણાવેલ છે. આ રેફરન્સ કાયદેસર નથી. અને તે બા. આઇ. આર. એક્ટ હેઠળ ચાલી શકતો નથી. અને તેથી તે રદ થવાને પાત્ર છે. આ રેફરન્સ ચલાવવા, સાંભળવા અને તે બાબત નિર્ણય કરવા નામદાર કોર્ટને હકુમત નથી અને તેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે માંગણાના નિવેદનના માંગણી નં-૧ ના કથનો યુનિયને સાબિત કરવા જોઈએ. માંગણીના નિવેદનના પેરા-૨ ના કથનો પણ યુનિયને સાબિત કરવા જોઇએ. પેરા-૩ મા જણાવેલ ફોર્મ 'એલ' માં જણાવ્યા મુજબના ફેરફારની માંગણી કર્યાનું કથન તથા માંગણાના નિવેદનના પેરા-૪ જણાવેલ વિગતની માગણી કર્યાનું કથન બાબત તકરાર નથી.

માંગણાના નિવેદનમાં પેરા-૫ના કથનો પૈકી યુનીયનની સંસ્થાના કામદારોને યુનિફોર્મ આપવાની તથા ધોલાઇ ભથ્થા તથા ૭ માસ ઉપરાંતથી નોકરી કરનાર કામદારોને કાયમી પાસ આપવાની માંગણી ઈન્ડસ્ટ્રીયલ કોર્ટને યુનિયને ન્યાય નિર્ણય માટે સુપ્રત કર્યાનું કથન ખરું છે અને તે સિવાયના મજકુર પેરાના કથનો બાબત બીજા પક્ષના સંસ્થાને જાણકારી નથી અને તે કબુલ નથી.

માંગણાના નિવેદનના પેરા-૬નાં કથનો પૈકી કેટલાંક મોઘમ, ૫ કેટલાક બાહાર અને બાકીનાં કથનો ખોટા હોવાથી કબુલ નથી. યુનીયને મજકુર પેરામાં ગુજરાતમાં જે ઉદ્યોગમા સમાધાન યા ઔદ્યોગિક અદાલતના ચુકાદાથી યુનિફોર્મ અપાવ્યા હોય તેવા ઉદ્યોગોના નામ તથા કામદારોની કેટેગરીનીના નામ પણ આપ્યા નથી, અને ગુજરાતના જુદા જુદા ઉદ્યોગોનો ઉલ્લેખ કરી તેમાં કેટલાક કામદારોને યુનિફોર્મ અપાવ્યા હોવાનું વિગેરે કથનો લખ્યા છે. મોઘમ, અસ્પષ્ટ અને ખોટા હોવાથી કબુલ નથી, એટલે જ નહિ પરંતુ કારખાનાં ધારા હેઠળ જે

INDEX

ઉદ્યોગોના કામદારોની કેટેગરી માટે યુનિફોર્મ આપવાની જોગવાઈ કરવામાં આવી હોય તેવા ઉદ્યોગ અને કામદારોની કેટેગરીના નામ પણ જણાવ્યા નથી. અને તેવા ઉદ્યોગની કામગીરીનો પ્રકાર પણ જણાવેલ નથી. અને તેથી યુનીયનનું ફેક્ટરીઝ એક્ટ હેઠળ ચાલતી કેટલાક ઉદ્યોગમાં યુનિફોર્મ જોગવાઈ હોવાનું વિગેરે કથનો પણ અસ્પષ્ટ અને અને મોઘમ તેમજ ખોટા હોવાથી કબુલ નથી. યુનીયને મજકુર પેરામાં કેટલાંક ખાતાઓનો મોઘમ ઉલ્લેખ કરી તેવા કહેવાતા ખાતાઓમાં કામ કરતા કહેવાતા કારીગરોને કહેવાતા કામનો પ્રકાર જોતાં તેઓને પહેરેલા કપડાને વધારે ઘસારો લાગતો હોવાનું યા જલ્દી ફાટતા હોવાનું અને તેથી કહેવાતા કામદારોને યુનિફોર્મ આપવાનું આવશ્યક બનવાનું વિગેરે કથનો ખરાં નથી અને તેનો ઈન્કાર કરવામાં આવે છે. કેટલાક કામદારોને સહેલાઈથી એ ઓળખી શકાય તે માટે કંપની યુનિફોર્મ આપતી હોવાનું ખોટું હોવાથી કબુલ નથી. વળી અમુક કામદારોને જે યુનિફોર્મનો લાભ મળતો હોવાનું જ્યારે બીજા કેટલાંક કસર ખાતાઓમાં યુનિફોર્મનો લાભ આપવામાં આવતો હોવાનું વિગેરે કથનો અસ્પષ્ટ મોઘમ, અને ખોટા હોવાથી કબુલ નથી.

" માંગણાના નિવેદનો પૈકી પેરા-૭ના કેટલાક કથનો પાઠાફેર અને બાકીના ખોટા હોવાથી કબુલ નથી, કંપનીએ કેટલીક કેટેગરીના કામદારોને યુનિફોર્મ નહિ આપવાથી તેઓના કહેવાતી અસંતોષની લાગણી ફેલાવાનું યા કેટલાક કહેવાતા કામદારોને લાભથી વંચિત રાખવાનું યા તે માટેના કારણો ન હોવાનું યા કંપનીએ કેટલાક કામદારોને યુનિફોર્મ આપવાનો લાભ બંધ કર્યાના વિગેરે કથનો ખોટા હોવાથી કબુલ નથી.

નિવેદનના પેરા-૮ અને ૯નાં કંપનીના તમામ કામદારો માટે બે જોડી યુનિફોર્મ સીવડાવીને આપવાના માંગણી તથા તે માટે ધોલાઈ ભથ્થુ આપવાની માંગણી કાયદેસર નાથી અને વાજબી નથી અને તેથી તે રદ થવાને પાત્ર છે.

ખરી હકિકત એવી છે કે બીજા પક્ષાનાની સંસ્થા સુરત ટેક્ષટાઈલ્સ. મીલ્સ લી. વરેલી મુકામે તા. ૧-૨-૮૬થી શરૂ કરવામાં આવેલા, બીજા પક્ષાનાની સંસ્થામાં આર્ટસીલ્ક યા સીન્થેટીક યાર્નનું ટવીસ્ટીંગ અને અપટવીસ્ટીંગની કામગીરી કરવામાં આવે છે. સુરત શહેર તથા ઉધના અને સચિન વિસ્તારમાં આર્ટસિલ્ક યા સીન્થેટીક યાર્નનું ટવીસ્ટીંગ, વાઈન્ડીંગ વેપીંગ, સાઈઝીંગ અલગ અલગ રીતે કરનારા સેંકડો યુનિટો આવેલા છે. તેમજ મજકુર વિસ્તારમાં આર્ટસીલ્ક યા સીન્થેટીક કાપડનું વીવીંગ, વાઈન્ડીંગ, વેપીંગ ટવીસ્ટીંગ કરનાર યુનાટો પણ સેકડોની સંખ્યામાં આવેલા છે ત એ રીતે દેશની જાહેરાતનું

ચોથા ભાગનું આર્ટસિલ્ક યા સીન્થેટીક કાપડનું ઉત્પાદન સુરત શહેર ઉધના, સચિન, વરેલી, વગેરે કેન્દ્રોમાં આવેલા યુનિટોમાં થાય છે. અને તે માલોના વેચાણ માટે સુરત ટેક્ષટાઈલ્સ માર્કેટ, બોમ્બે માર્કેટ, જે. જે. માર્કેટ વગેરે વિશાળ માર્કેટો પણ સુરત સહેરમાં આવેલી છે. આર્ટસીલ્ક યાર્નનું ટ્વીસ્ટીંગ તથા અપટ્વીસ્ટીંગ યા વાઈન્ડીંગ, વોર્પીંગ કે સાઈઝીંગ કરનાર અલગ અલગ યુનિટોમાં કામ કરતાં કામદારોને હકિકતમાં યુનિફોર્મ અપાતા નથી. તથા ધોલાઇ ભથ્થું અપાતું નથી. તેમજ તેવા યુનિટોમાં કામ કરતા કામદારોને યુનિફોર્મ આપવાની તથા ધોલાઇ ભથ્થું આપવાની માગણી નામદાર ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ યા ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલના એવોર્ડ કે સમાધાન યા કરારથી નક્કી થઈ નથી. વળી મજકુર વિસ્તારમાં આવેલા આર્ટસીલ્ક યા સીન્થેટીક કાપડનું ઉત્પાદન કરનારા સેંકડો યુનિટો પૈકી કોઈપણ યુનિટમાં આ પ્લાન્ટમાં કામ કરતાં કામદારોને યુનિફોર્મ આપવાની તથા ધોલાઈ ભથ્થું આપવાની માંગણી ઇન્ડસ્ટ્રીયલ કોર્ટ યા ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલના એવોર્ડ યા સમાધાન કે કરારથી નક્કી થઈ નથી. વળી ઉપર જણાવેલ પ્રેપેરેટરી પ્રોસેસ કરનાર તથા વીવીંગ વાઇન્ડીંગ, વોર્પીંગ, ટ્વીસ્ટીંગ, સાઈઝીંગ કરનારા કંપોઝીટ યુનિટ પૈકી કોઈમાં પણ કામદારોની કાયમી સંખ્યા યા તેમને કાયમી પાસ આપવા માટે કોઈપણ એવોર્ડ કે સમાધાન યા કરાર અસ્તીત્વ ધરાવતા નથી, સીલ્ક ટેક્ષટાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝના પ્રેપેરેટરી પ્રોસેસીઝ જેવાં કે આર્ટસીલ્ક યા સીન્થેટીક યાર્નનું વાઈન્ડીંગ વોર્પીંગ, ટ્વીસ્ટીંગ, અપટ્વીસ્ટીંગ, સાઈઝીંગ કરનાર યુનિટોમાં કામ કરતાં કામદારો માટે યુનિફોર્મ આપવા તથા ધોલાઈ ભથ્થું આપવા અને દરેક કેટેગરીના કામદારોને કાયમી સંખ્યા નક્કી કરવાનું સમગ્ર ઉદ્યોગ અને પ્રદેશ માટે એટલે સુરત શહેર અને પલસાણા તાલુકા તથા સચિન વિસ્તારના આવેલા હજારો પ્રેપેરેટરી યુનિટોના કામદારો માટે એક સરખી નોકરીની શરતો જળવાઈ અને ઉદ્યોગના પ્રેપેરેટરી પ્રોસેસના જુદા જુદા એકમો વચ્ચે કામદારોની નોકરીની શરતો અંગે કોઇ ભેદભાવ રહે નહિં ઉપર જણાવેલ સિદ્ધાંતના સુપ્રીમ કોર્ટ ૧૯૫૮થી દરેક ઉદ્યોગ અને તેના વિભાગો માટે પાયાના સિદ્ધાંત તરીકે સ્વીકાર્યો છે. અને દેશની ઔદ્યોગિક અદાલતો, હાઇકોર્ટ અને સુપ્રીમકોર્ટ છેલ્લા ૩૨ વર્ષથી તે સિદ્ધાંતનું પાલન કરી ચુકાદાઓ આપેલા છે. તેથી યુનીયને સુરત શહેર, ચોર્યાસી તાલુકા અને પલસાણા તાલુકામાં આવેલા સીલ્ક ટેક્ષટાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝના પ્રેપરેટરી પ્રોસેસ કરનારાં તમામ એકમોમાં કામ કરતાં જુદી જુદી કેટેગરીના કામદારો માટે યુનિફોર્મ તથા ધોલાઈ ભથ્થું મેળવવાની તથા તમામ એકમો માટે કાયમી કામદારોની સંખ્યા નક્કી કરવા તથા કાયમી પાસ આપવાની માંગણી કરવી જોઈએ પરંતુ તેમ કરવાને બદલે નામદાર સુપ્રીમકોર્ટે તથા ઉદ્યોગ તથા પ્રદેશના ઘણાં લાંબા સમયથી પ્રસ્થાપિત કરેલા અને સ્વીકારેલા સિદ્ધાંતની

INDEX

ઉદ્યોગોના કામદારોની કેટેગરી માટે યુનિફોર્મ આપવાની જોગવાઈ કરવામાં આવી હોય તેવા ઉદ્યોગ અને કામદારોની કેટેગરીના નામ પણ જણાવ્યા નથી. અને તેવા ઉદ્યોગની કામગીરીનો પ્રકાર પણ જણાવેલ નથી. અને તેથી યુનીયનનું ફેકટરીઝ એક્ટ હેઠળ ચાલતી કેટલાક ઉદ્યોગમાં યુનિફોર્મ જોગવાઈ હોવાનું વિગેરે કથનો પણ અસ્પષ્ટ અને અને મોઘમ તેમજ ખોટા હોવાથી કબુલ નથી. યુનીયને મજકુર પેરામાં કેટલાંક ખાતાઓનો મોઘમ ઉલ્લેખ કરી તેવા કહેવાતા ખાતાઓમાં કામ કરતા કહેવાતા કારીગરોને કહેવાતા કામનો પ્રકાર જોતાં તેઓને પહેરેલા કપડાંને વધારે ઘસારો લાગતો હોવાનું વા જલ્દી ફાટતા હોવાનું અને તેથી કહેવાતા કામદારોને યુનિફોર્મ આપવાનું આવશ્યક બન્યાનું વિગેરે કથનો ખરાં નથી અને તેનો ઈન્કાર કરવામાં આવે છે. કેટલાક કામદારોને સહેલાઈથી એ ઓળખી શકાય તે માટે કંપની યુનિફોર્મ આપતી હોવાનું ખોટું હોવાથી કબુલ નથી. વળી અમુક કામદારોને જે યુનિફોર્મનો લાભ મળતો હોવાનું જ્યારે બીજા કેટલાંક કરાર ખાતાઓમાં યુનિફોર્મનો લાભ આપવામાં આવતો હોવાનું વિગેરે કથનો અસ્પષ્ટ મોઘમ, અને ખોટા હોવાથી કબુલ નથી.

" માંગણાના નિવેદનો પૈકી પેરા–૭ના કેટલાક કથનો પાઠાફેર અને બાકીના ખોટા હોવાથી કબુલ નથી, કંપનીએ કેટલીક કેટેગરીના કામદારોને યુનિફોર્મ નહિ આપવાથી તેઓના કહેવાતી અસંતોષની લાગણી ફેલાવાનું વા કેટલાક કહેવાતા કામદારોને લાભથી વંચિત રાખ્યાનું વા તેમ કરવા કારણો ન હોવાનું વા કંપનીએ કેટલાક કામદારોને યુનિફોર્મ આપવાનો લાભ બંધ કર્યાના વિગેરે કથનો ખોટા હોવાથી કબુલ નથી.

નિવેદનના પેરા-૮ અને ૯નાં કંપનીના તમામ કામદારો માટે બે જોડી યુનિફોર્મ સીવડાવીને આપવાની માંગણી તથા તે માટે ધોલાઈ ભથ્થુ આપવાની માંગણી કાયદેસર નથી અને વાજબી નથી અને તેથી તે રદ થવાને પાત્ર છે.

વધી હકિકત એવી છે કે બીજા પક્ષાનાની સંસ્થા સુરત ટેક્ષટાઈલ્સ. મીલ્સ લી. વરેલી મુકામે તા. ૧-૨-૮૬થી શરૂ કરવામાં આવેલા, બીજા પક્ષાનાની સંસ્થામાં આર્ટસીલ્ક વા સાન્થેટીક યાર્નનું ટવીસ્ટીંગ અને અપટવીસ્ટીંગથી કામગીરી કરવામાં આવે છે. સુરત શહેર તથા ઉધના અને સચિન વિસ્તારમાં આર્ટસિલ્ક વા સાન્થેટીક યાર્નનું ટવીસ્ટીંગ, વાઈન્ડીંગ વેપીંગ, સાઈઝીંગ અલગ અલગ રીતે કરનારા સેંકડો યુનિટો આવેલા છે. તેમજ મજકુર વિસ્તારમાં આર્ટસીલ્ક વા સીન્થેટીક કાપડનું વીવીંગ, વાઈન્ડીંગ, વેપીંગ ટવીસ્ટીંગ કરનાર યુનીટો પણ સેકડોની સંખ્યામાં આવેલા છે તે એ રીતે દેશની જાહેરિયાતનું

પ્રકાર અવગણનાં કરી બીજા પક્ષકારની સંસ્થા ચાર–પાંચ એકમો માટે મજકુર માંગણી કરી છે, તે કાયદેસર અને ન્યાયી, વ્યાજબી નથી તેથી તે રદ થવાને પાત્ર છે. કોઈપણ સંજોગોમાં મજકુર માંગણીઓ ઉધોગના એકમદીઠ કરી શકાય એવું ઠરાવવામાં આવે તો પણ બીજા પક્ષનાની રજુઆત તથા હકિકત તથા હકિકત એવી છે કે કારખાનાના ધારા હેઠળના નિયમ–૧૦૨ હેઠળ જણાવેલ જોખમકારક ઉધોગ જેવા કે હવામાં ભારે દબાણથી ભરાતા એરેટેડ વોટર્સ, વિદ્યુત પ્રવાહથી રાસાયણિક પદાર્થોનું વિઘટન કરવામાં આવે યા વિદ્યુત પ્રવાહથી રસાયણિક પદાર્થોનું વિઘટન કરી કલાઈ ચોંટાડવાની પ્રક્રિયા કરવામા આવતી હોય, યા ધાતુનું ક્રોમીક તેજાબ, ક્રોમીયમ કંપાઉન્ડ દ્વારા ઓક્ષીડેશન કરવામાં આવતું હોય યા ઈલેકટ્રીક એકયુમ્યુલેટર્સની ઉત્પાદન પ્રક્રિયા રીપેર્સ કરવામાં આવતી હોય કે પ્રકાચ બનાવવાની પ્રક્રિયા હોય કે ધાતુને ચળકાટ આપવાની કે ગ્રાઈન્ડીંગની પ્રક્રિયા હોય કે શીસું ઉત્પન્ન કરવાની પ્રક્રિયા યા જોખમકારક પેટ્રોલિયમમાંથી ગેસ ઉત્પન્ન કરવાની પ્રક્રિયા યા હવા કે વરાળના દબાણથી ધડાકો કરી કોઈ ચીજવસ્તુઓના ભાગ સપાટી ધાતુ શીટ છુટા પાડવાની પ્રક્રિયા વિગેરે જોખમકારક પ્રક્રિયાઓમાં રોકાયેલા કેટલાક કામદારોને તેવી પ્રક્રિયા દરમ્યાન માનવીય અંગ આવી પ્રક્રિયા ચાલુ હોય ત્યારે સંપર્કમાં આવતા તેને નુકશાન થવાનો અથવા નષ્ટ થવાનો સંભવ હોય જયારે તેવા કામદારોને શારીરીક ઇજા યા નુકશાન ન થાય તે માટે સલામતીના હેતુસર કપડાં, મોજા યા અન્ય સાધનો આપવાનું કારખાના ધારા હેઠળ ફરજિયાત બનાવવામાં આવેલ છે. બીજા પક્ષકાર કંપનીના યુનીટમાં ટવીસ્ટીંગ, ઓપરેટરો, અપટવીસ્ટીંગ, ઓપરેટરો, વાઇન્ડરમેન, ટર્નર, ફીટર, વોચમેન, એન્જીનીયર, ઝાડુવાળા વિગેરે કેટેગરીમાં કુલ લગભગ ૮૨ કામદારો કામ કરતા આવ્યા છે. અને તે પૈકી ૭૦ કામદારો કાયમી જયારે બાકીના પૈકી ૧૧ બદલી કામદારો અને ૧ ટ્રેઇની યાને અજમાયશી યા શીખાઉ છે. આ તમામ કામદારો જોખમકારક પ્રક્રિયામા કામ કરતાં નથી. અને કામ કરતી વખતે તેમના કપડાં યા શારીરીક અંગે કોઈપણ પ્રકારની જોખમકારક પ્રક્રિયા સાથે સંપર્કમાં આવતાં નથી અને તેને કારણે તેમના પહેરેલા કપડા ઘસારાની ફાટવાની યા શારીરીક અંગને ઇજા યા નુકશાન થવાની કોઈ સંભાવના નથી. એટલું જ નહીં બીજા પક્ષના યુનીટમાં કામદારોના કપડા કામકાજ દરમ્યાન ફાટતાં નથી યા તેને ઘસારો પહોંચાતો નથી. આમ છતાં બીજા પક્ષના કંપની તેમના કામદારો પૈકી ફીટર તથા વોચમેનની કેટેગરીમા કામ કરતા કામદારોને યુનિફોર્મ યા શર્ટ પેન્ટની બેજોડી પોતાને ખર્ચે સીવડાવીને કંપની આપે છે. તે સિવાયના કામદારો જોખમકારક પ્રક્રિયાના સંપર્કમાં આવતી નથી. અને તેને કારણે તેમને કપડાનો ઘસારો પહોંચતો નથી. યા ફાટી જતાં નથી. યા શારીરીક

INDEX

ઈજા થતી નથી. અને ઉપર જણાવેલ કેટેગરી સિવાયના કામદારોની કામગીરીને કારણે તેમને શારીરીક ઈજા થતી નથી તેમજ કપડા ફાટતા નથી. જેથી ઉપર જણાવેલ કેટેગરી સિવાયના કામદારોને યુનિફોર્મ તથા ધોલાઈ ભથ્થું આપવાની માંગણી ગેરવ્યાજબી અને ગેરકાયદેસર હોવાથી તે રદ થવાને પાત્ર છે. વળી યુનીયને જણાવેલ તમામ કેટેગરીના કામદારો કંપનીમાં કામ કરતાં નથી. અને કંપનીના તમામ કામદારો માટે યુનીફોર્મ આપવાની તથા ધોલાઈ ભથ્થું આપવાની માંગણી મંજુર કરવામાં આવે તો તેથી કંપની પર અસહ્ય એવો વધારાનો આર્થિક બોજો પડે તેમ છે. વળી યુનીયને કંપનીના કામદારો માટે પગાર ધોરણ અલગ મોંઘવારી વિગેરે મેળવવા માંગણીઓ કરેલી છે. અને તેનો વિવાદ નામદાર ઇન્ડસ્ટ્રીયલ કોર્ટમાં ચાલુ છે. અને તેવા પગારમાં કામદારની મુળ જરૂરીયાત તરીકે ૨૦ મીટર કપડાની કિંમત પગારનો મુળ દર નક્કી કરતી વખતે લક્ષમાં લેવાતી હોય છે. તેથી પણ મજકુર માગણી રદ થવાને પાત્ર છે.

(૬) અંક-૧૧ થી પ્રથમ પક્ષકારના સેક્રેટરી શ્રી નરોત્તમભાઇ પટેલે એફીડેવીટ રજુ કરેલ છે. એફીડેવીટમાં સોગંદ પૂર્વક શ્રી નરોત્તમભાઈ પટેલે નીચે મુજબ રજુ કરેલ છે. પ્રથમ પક્ષકાર સુરત શહેર અને ચોર્યાસી તાલુકામાં આવેલ રેશમ વણાટના ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું બી. આઈ. આર. એક્ટ હેઠળ પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે. અને તેનો હું મંત્રી છું. બીજા પક્ષના પલસાણા તાલુકામાં વરેલી મુકામે આવેલ રેશમ વણાટ ઉદ્યોગમાં નોંધાયેલ અંડર-ટેકીંગ છે. બીજા પક્ષનાની સંસ્થામાં ફીટર, ટર્નર, વેલ્ડર, બોઇલર એટેન્ડન્ટ, ફોરમેન, ફાયરમેન, થર્મોપેક, ઓપરેટર, વાયરમેન, ઇલેક્ટ્રીશીયન, જોબર આસી. જોબર પર્નવાઈન્ડીંગ, જોબર વીવીંગ, જોબર પ્રેઈંગ જોબર, વોચમેન જમાદાર, ડ્રાઈવર; ક્લીનર, એસી. પ્લાન્ટ ઓપરેટર, પટાવાળા, વાયરમેન, હેલ્પર, ફીટર હેલ્પર, ટર્નરહેલ્પર, વેલ્ડર હેલ્પર, ઝાડુવાળા, બોઈલર, લોડર, અને મશીન પર કામ કરતાં એન્જીનીયરની કેટેગરીઓ પૈકી હાલમાં જે અસ્તીત્વ ધરાવતી કેટેગરી હોય અને એવી અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતાં તમામ કામદારોની કામગીરી દરમ્યાન એમનાં કપડાં ઘસાઈ જાય છે, ડાઘા પડે છે, ખરાબ થાય છે, તેથી તેવી અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતાં તમામ કામદારોને કંપની દર વર્ષે એપ્રીલ માસમાં તા. ૧૫ મી સુધીમાં ટેરીકોટનના બે જોડી ફુલપેન્ટ અને ટેરીકોટનના ૨ જોડી અર્ધ બાંયવાળા શર્ટ પોતાના ખર્ચે સીવડાવીને આપે એવો એવોર્ડ થવાની જરૂર છે. ચાલુ વરસે એવા કામદારોએ તા. ૧૫-૫-૯૦ થી એવા યુનીફોર્મ મળે એવો એવોર્ડ થવાની જરૂર છે. બીજા પક્ષકારના વિદ્વાન વકીલશ્રી અંક-૧૧ની એફીડેવીટ પર એફીડેવીટ જોઇ, નોંધ લીધી છે. એનો શેરો

INDEX

કરી સહી કરેલ છે બીજા પક્ષકાર કંપનીના એડવોકેટે બીજા પક્ષકાર કંપનીની કાઉન્ટર એફીડેવીટ કરેલ નથી. તેમજ એફીડેવીટ કરનારની ઉલટ તપાસ કરેલ નથી. તે ઉપરાંત આંક-૧૦થી કંપનીના વિદ્વાન વકીલશ્રી એમ. ડી. પારેખે રજુઆત કરેલ છે કે, આ કામમાં યુનિયને તેમની દલીલમાં જણાવેલ મીલ્સ કંપનીઓના જે કામદારોના કેટેગરી માટે યુનીફોર્મની માંગણી કરેલી છે તેમાં મશીન પર કામ કરતાં એન્જીનિયરોમાં મશીન રીપેર કરનાર એન્જીનિયરોનો સમાવેશ કરવા અરજ છે. અને મીલ કંપનીઓમાં કામ કરતાં કામદારોમાં ડ્રિમ્પીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરો સિવાયના કામદારોને યુનીફોર્મ આપવામાં આવે તેમાં મીલ કંપનીને વાંધો નથી. ડ્રિમ્પીંગ ઓપરેટરો અને વોટર જેટ ઓપરેટરોની કામગીરી દરમ્યાન તેમના કપડાં ઘસાતા યા ફાટતા નથી જેથી ડ્રિમ્પીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરોએ યુનીફોર્મ મળી શકે નહિ, જે સંસ્થામાં જે કેટેગરી અસ્તીત્વ ધરાવતી ન હોય તેને યુનિફોર્મ મળી શકે નહિં.

(૭) મે પ્રથમ પક્ષકાર તરફે શ્રી નરોતમભાઇ પટેલ તથા બીજા પક્ષકાર તરફે શ્રી એમ. ડી પારેખને સાંભળ્યા. શ્રી નરોતમભાઇ પટેલે મારી સમક્ષ રજુઆત કરેલ છે કે, યુનિફોર્મ અને ધોલાઇ ભથ્થાની માંગણી બાબતે ભાગ-૧ એવોર્ડ કરવા વિનંતી છે. તેમણે રજુઆત કરેલ છે કે, બીજા પક્ષકાર કંપનીમાં કામ કરતા કામદારો જેવા કે, ફીટર, ટર્નર, વેલ્ડર, બોઇલર એટેન્ડન્ટ, ફોરમેન, ફાયરમેન, થર્મોપેક ઓપરેટર, વાયરમેન, ઇલેકટ્રીશીયન, જોબર, આસી જોબર, પર્નવાઇન્ડીંગ જોબર, વીવીંગ જોબર, થ્રોઇંગ જોબર, વોચમેન, જમાદાર, ડ્રાઇવર, કલીનર, એ. સી. પ્લાન્ટ ઓપરેટર, પટાવાળા, વાયરમેન, હેલ્પર, ફીટર, હેલ્પર, ટર્નર હેલ્પર વેલ્ડર હેલ્પર, ઝાડુવાળા, ઓઇલ લોડર અને મશીન પર કામ કરતાં એન્જીનિયરની કેટેગરીઓ પૈકી હાલમાં જે અસ્તિત્વ ધરાવતી કેટેગરી હોય અને એવી અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતાં તમામ કામદારોની કામગીરી દરમ્યાન એમનાં કપડાં ઘસાઈ જાય છે. ડાઘા પડે છે અને ખરાબ થાય છે. અને ખર્ચ થાય છે તેથી અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતાં તમામ કામદારોને કંપની દર વર્ષે એપ્રિલ માસમાં તા ૧૫ સુધીમાં ટેરીકોટનના બે જોડી ફુલપેન્ટ, અને ટેરીકોટનના બે જોડી અર્ધ બાંયવાળા શર્ટ પોતાના ખર્ચે શીવડાવી આપે એવો એવોર્ડ થવા અરજ છે. ચાલુ વર્ષે આવા કામદારોને તા. ૧૫-૫-૯૦થી એવો યુનિફોર્મ મળે એવો એવોર્ડ થવાની જરૂર છે.

(૮) કંપનીના વિદ્વાન એડવોકેટ શ્રી એમ. ડી. પારેખે રજુઆત કરેલ છે કે, કંપનીમાં કામ કરતાં ડ્રિમ્પીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરને યુનિફોર્મ મળી શકે નહિં, તેમજ ધોલાઈ ભથ્થું આપવાનો ટેક્ષટાઈલ ઉદ્યોગમાં

રિવાજ નથી. એટલે ધોલાઈ ભથ્થું આપવાનું રહેતું નથી. તે સિવાયના કામદારોને યુનિફોર્મ આપવામાં આવે તેમાં મિલ્સ કંપનીને વાંધો નથી. તે સિવાય બીજી કોઈ રજુઆત કરેલ નથી. આથી હું એવા નિર્ણય પર આવું છું કે, પ્રથમ પક્ષકાર યુનીયનના મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલે તેમની એફીડેવીટ આંક-૧૧માં જે જે કેટેગરીના કામદારો માટે યુનિફોર્મ માગેલ છે તે તે કેટેગરીવાળા કામદારોને દર વર્ષે એપ્રિલ માસમાં ૧૫ મી તારીખ સુધીમાં ટેરીકોટનના બે જોડી ફુલપેન્ટ અને ટેરીકોટનના બે જોડી અર્ધબાંયવાળા બુશર્ટ આપવામાં આવે તેવી માંગણી સામાવાળા માલ કંપની મંજુર રાખે છે. આથી તે પ્રમાણે એવોર્ડ ભાગ-૧ માં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. ટેક્ષટાઈલ ઉદ્યોગમાં ધોલાઇ ભથ્થું આપવાનો રિવાજ નથી. એટલે ધોલાઈ ભથ્થાની માંગણી નામંજુર કરવામાં આવે છે.

: હુ ક મ :

બીજા પક્ષકાર કંપનીને હુકમ કરવામાં આવે છે કે, એફીડેવીક આંક-૧૧ માં જણાવેલ કેટેગરીવાળા કામદારોને સામાવાળા કંપનીએ દર વર્ષે એપ્રિલ માસમાં તારીખ ૧૫ મી સુધીમાં ટેરીકોટનના બે જોડી ફુલ પેન્ટ, અને બે જોડી અર્ધબાંયવાળા શર્ટ પોતાના ખર્ચે સીવડાવી આપવા જોઇએ. અને આ માંગણીનો અમલ તા. ૧-૪-૯૦ થી કરવાનો છે. અને ૧૯૯૦ ના વર્ષ માટે યુનિફોર્મ કામદારોને તા. ૧૫-૫-૯૦ સુધીમાં આપી દેવામાં આવે તેવો હુકમ કરવામાં આવે છે. ફક્ત ડ્રિપીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરોને યુનિફોર્મ આપવાનો નથી. ધોલાઈ ભથ્થું આપવાનું નથી. આ એવોર્ડ ભાગ-૧ થી માંગણી નં-૧ નો નિકાલ કરવામાં આવે છે. ખર્ચ બાબતે કોઇ હુકમ કરવામાં આવતો નથી. આ એવોર્ડની નકલ પક્ષકારોને મળે તે તારીખથી અથવા તા. ૧૫-૫-૯૦ બન્નેમાંથી જે વહેલું હોય તે તારીખથી અમલ કરવાનો છે. આ રેફરન્સની હવે પછીની સુનાવણી તા. ૧૩-૬-૯૦ના રોજ રાખવામાં આવેલ છે.

સહી
પી. આર. ગુર્સાંવાણી
સુરત અધિક્ષક
તા : ૫-૫-૯૦

સહી
એ. બી પટેલ
સભ્ય,
ઓદ્યોગિક અદાલત સુરત,

સહી
અમદાવાદ
તા. ૧૫-૬-૯૦

સહી
એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઓદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

INDEX

(૩) શ્રી વિનય ટપુ	બી	— ,, —
(૪) શ્રી મગન રણછોડ	એ	ફ્રેઈમ ખાતામાં ઈન્ટર/ડ્રોઈંગ ટેન્ટર 'એ' શીફ્ટ
(૫) શ્રી હરેશ જેમલ	એ	રીંગ ફ્રેઈમ ખાતામાં ફ્લોટર કુલી તરીકે 'એ' શીફ્ટ
(૬) શ્રી રાજેશ નાથાલાલ	બી	રીંગફ્રેઈમ ખાતામાં રોલર-કવરર તરીકે 'એ' શીફ્ટ
(૭) શ્રી રતીલાલ મથુરદાસ	બી	મીકેનીક ખાતામાં 'એ' શીફ્ટ ટર્નર નારણ કાળાની જગ્યાએ

ઉપરોક્ત કાયમી કામદારોને ગોઠવણી કરવામાં આવેલ ખાતાઓમાં કાયમી કામ આપવામાં આવશે.

સહી

રાજકોટ.
તા. ૧૮-૬-૧૯૯૦

શ્રી દીલીપભાઈ ઠાકર
જનરલ સેક્રેટરી
મીલ કામદાર મંડળ
રાજકોટ

શ્રી, આર. એ. પોટનીસ
જનરલ મેનેજર
રાજકોટ ટેક્ષટાઈલ મીલ્સ
રાજકોટ

મારી રૂબરૂ માં
સમાધાન અધિકારીશ્રી,
અન્ડર બી. આઈ. આર. એક્ટ ૧૯૪૬
રાજકોટ.

અમદાવાદ તા. ૩૦-૭-૯૦

સહી
(એ. આઈ. શેખ)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

———

INDEX

સને-૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૧/બ/સમક/૨૭૦૭૨/આર.યુ. સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું હેમાદ્રી ટેક્ષટાઈલ મીલ્સ અમદાવાદ અને શ્રી જીતેન્દ્ર હીરાભાઈ અમદાવાદ વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડાની સન-૧૯૯૦માં ઓગષ્ટ માસના ૨૭મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી આર. એસ. શુકલ, સભ્ય રૂબરૂ.

અપીલ (આઈસી) નં. ૮૯/૮૮

હીમાદ્રી ટેક્ષટાઈલ મીલ્સ,
યુનીટ ઓફ એન. ટી સી. (ગુજરાત) લી,
સરસપુર, અમદાવાદ.

અરજદાર,

વિરૂદ્ધ

શ્રી જીતેન્દ્ર હીરાભાઈ,
૧૨૮, અન્નપૂર્ણા સોસાયટી,
અનિલ સ્ટાર્ચ રોડ, અમદાવાદ.

સામાવાળા.

અમદાવાદની બીજી મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશ શ્રી. પી. એમ. તડવીએ ટી. અરજી નં. ૪૭૧/૮૪ ના કામમાં તા..૭-૬-'૮૮ના રોજ કરેલા હુકમ સામેની અપીલ.

અરજદાર તરફે એડવોકેટ કુ. મીનાબેન શાહ.
સામાવાળા તરફે એડવોકેટ શ્રી. બી. બી. ઠેસીયા.

ચુ કા દો

૧. આ અપીલ મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ-૮૪ પ્રમાણે અમદાવાદની બીજી મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશ શ્રી પી. એમ. તડવીએ ટી. અરજી નં. ૪૭૧/૮૪ ના કામે તારીખ : ૭-૬-'૮૮ના રોજ આપેલ ચુકાદા સામે અરજદાર મીલ કંપનીએ સામાવાળા સામે આ કોર્ટમાં ફાઈલ કરેલ છે.

INDEX

૨. શ્રી. જીતેન્દ્ર હીરાભાઈ કે જેને હવે પછી 'સંબંધીત કામદાર' તરીકે સંબોધેલ છે તેઓએ અમદાવાદની મજૂર અદાલત સમક્ષ ટી. અરજી નં. ૪૭૧/૮૪ દાખલ કરેલ હતી સદર અરજી આંક-૧ માં જણાવ્યા પ્રમાણે તેઓ તારીખ ૨૭-૮-'૮૧ ના રોજ મીલ કંપનીના એન્જીનીયરીંગ ખાતામાં પરચુરણ કુલી તરીકે દાખલ થયેલ હતા. પી. એફ, વિમો વિગેરે લાભો તેઓને મળતા હતા તેઓની કામગીરી કાયમી પ્રકારની હતી શરૂઆતમાં તેઓને રૂ. ૧૦/- લેખે દૈનિક પગાર મીલ ચુકવતી હતી. ભુતકાળનો રેકોર્ડ સંબંધીત કામદારનો ચોખ્ખો છે. સંબંધીત કામદારે આંક-૧ ની અરજીમાં જણાવ્યા પ્રમાણે તારીખ ૨૨-૭-'૮૪ ના રોજ તેઓએ મીલ કંપનીમાં આઠ કલાક કામ કર્યું હોવા છતાં અડધા દિવસની હાજરી ભરવામાં આવી હતી. તારીખ : ૨૩-૭-'૮૪ના રોજ જ્યારે તેઓ ફરજ બજાવવા મીલમાં ગયા ત્યારે તેઓને મૌખિક હુકમથી કોઈપણ જાતના કારણ વગર કે લેખીત હુકમ આપ્યા સિવાય એકાએક નોકરીમાંથી છૂટા કરવામાં આવેલા. જે એક ગેરકાયદેસર, ગેરવ્યાજબી, અન્યાયી પગલું ભરવામાં આવેલું સંબંધીત કામદાર જે કામગીરી કરતા હતા તે કાયમી પ્રકારની હોવા છતાં તેઓને મોંઘવારી ભથ્થાનો લાભ આપવામાં આવતો ન હતો. આને કારણે તેઓએ ઔદ્યોગિક અદાલતને રેફરન્સ (આઈ. સી.) નં. ૨/૭૪ કર્યો હતો અને તેમાં કુલીનો મૂળ પગાર રૂ. ૨૮૨-૮૮ નક્કી કરવામાં આવેલ. આ ઉપરાંત દર મહિને મોંઘવારી ભથ્થું મળવું જોઈએ અને તેઓને આપવામાં આવતું ન હતું. આમ ઔદ્યોગિક અદાલતના ઉપરોક્ત ચુકાદાના આધારે તેઓને એવોર્ડ મુજબ પગારની ગણત્રી કરતાં માસિક રૂ. ૯૦૦/- જેટલો પગાર મળવાપાત્ર હતો. પરંતુ મીલ કંપનીએ તેઓને દૈનિક રૂ ૧૨/- પ્રમાણે પગાર આપતી હતી. આમ પૂરા પગારની માંગણી છેલ્લાં છ થી આઠ મહિનાથી તેઓ કરતા હતા અને આને કારણે મીલ કંપનીએ તેમની ઉપર કિન્નાખોરી રાખી આખરે મૌખિક હુકમથી છૂટા કર્યા હતા. સંબંધીત કામદારનું વધુમાં એમ કહેવું છે કે, તેઓને કોઈ ગુન્હા માટે છૂટા કરવામાં આવેલા નથી. છૂટા કરતાં પહેલા કોઈ લેખીત નોટીસ પણ આપવામાં આવેલ નથી. તેમની સામે ખાતાકીય તપાસ કરવામાં આવી ન હતી. પરંતુ, મૌખિક રીતે સાદા હુકમથી તેઓને છૂટા કરવામાં આવેલા. બેકારી વળતરનો લાભ પણ આપવામાં આવેલો નહીં. તેથી મીલ કંપનીનું આ કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઈ સંબંધીત કામદારે ઉપરોક્ત અરજી મજૂર અદાલત સમક્ષ કરી હતી

૩. સદરહુ ટી. અરજીનો મીલ કંપનીએ લેખીત જવાબ આંક-૮ થી રજુ કરેલ છે. મીલ કંપની તેના જવાબમાં જણાવે છે કે, તેમની કંપનીમાં પ્રોસેસને લગતું કોઈપણ કામ સંબંધીત કામદાર કરેલ નથી. પરંતુ, સંબંધીત

INDEX

કામદાર આ મીલ કંપનીના બીનપ્રીમેસીસને લગતાં કામ અંગે એટલે કે પરચુરણ કામ અંગે મીલ કંપનીમાં કામ કરતા હતા. મીલ કંપની અને સંબંધીત કામદાર વચ્ચે માલિક કામદારનો સંબંધ કદાપી ઉપસ્થિત થયેલ ન હતો. ટુંકમાં સંબંધીત કામદાર આ મીલ કંપનીમાં પરચુરણ મજુર તરીકે કામ કરતા હતા. તેથી આ મીલમાં પ્રોસેસની જે કામગીરી ચાલે છે તે કામગીરી સંબંધીત કામદારે કોઇપણ સમયે કરેલ નથી બિનપ્રીમેસીસને લગતાં કામો જેવાં કે સફાઇ કરવાનું, ભંગાર ઉઠાવવાનું, ખાડો ખોદવાનું વિગેરે પરચુરણ કામકાજ સંબંધીત કામદાર કરતા હતા અને મીલ કંપનીએ તેઓને તે પ્રકારે પગાર ચુકવેલ છે. અંતમાં મીલ કંપનીના જણાવ્યા પ્રમાણે તારીખ : ૨૨-૭-'૮૪ ના રોજ સંબંધીત કામદારે પોતે સ્વેચ્છાએ મીલમાં કામ કરવાનું બંધ કર્યું હતું અને તેઓ મીલમાં આવતા પણ ન હતા અને મીલમા કામ હોય તો તે અંગે ક્યારેકય તેમને કામ પર આવતાં અટકાવવામાં આવ્યા ન હતા. તેથી ઉપરોક્ત સંજોગોમાં સંબંધીત કામદાર નોકરીમાં પુનઃસ્થાપિત કરવા તથા પાછલો પગાર મેળવવા અંગેની દાદ ગેરકાયદેસરની હોવાથી રદ થવાપાત્ર છે.

૪. મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ પક્ષકારોના પુરાવા નોંધી આંક-૧૦માં જણાવેલ દસ્તાવેજી પુરાવાઓ જોઇ તપાસી તેઓશ્રી એવા નિર્ણય ઉપર આવ્યા હતા કે, મીલ કંપનીએ સંબધીત કામદારને ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે છુટા કરેલ હતા અને તેથી છુટા કર્યાની તારીખથી તેઓને નોકરીમાં પુનઃસ્થાપિત કરવા તથા તેઓને જે બદલી કામ મળવાપાત્ર હોય તેટલા દિવસોનો પુરેપુરો પગાર બદલી કામદાર તરીકે ચુકવી આપવો. આ હુકમથી નારાજ થઈ મીલ કંપનીએ આ અપીલ અત્રેની કોર્ટમાં કરેલ છે.

૫. આ અપીલના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

૧. મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ તારીખ : ૨૭-૬-'૮૮ના રોજ આંક-૪૧ થી કરેલ હુકમ ન્યાયી, કાયદેસર અને વ્યાજબી ગણી શકાય ?

૨. અંતમાં શો હુકમ કરવો ?

૬. ઉપર જણાવેલા મુદ્દાઓનો મારો જવાબ નીચે જણાવેલા કારણોસર નીચે મુજબ છે :

૧. અંશતઃ ન્યાયી, કાયદેસર અને વ્યાજબી ગણી શકાય.

૨. અંતમાં કરેલ હુકમ મુજબ.

INDEX

કા ર ણો

મુદ્દા નં. નં. (૧) :

૭. સદરહુ કામે અરજદાર કંપની તરફથી કુ. મીનાબેન શાહ તથા સામાવાળા કામદાર તરફથી શ્રી. બી. બી. ડેસીયાને સાંભળવામાં આવ્યા.

૮. મજુર અદાલત સમક્ષ ઉપરોક્ત ટી. અરજીની સુનાવણીની કાર્યવાહી શરૂ થતાં સંબંધીત કામદાર તરફથી તેઓએ પોતાની જુબાની આંક ૧૫ થી આપી હતી. મીલ કંપની તરફથી શ્રી. ધીરજલાલ કાંતીલાલ ઠક્કરને આક-૩૬ થી તપાસવામાં આવ્યા હતા. સંબંધીત કામદાર તરફથી કેટલાક દસ્તાવેજી પુરાવા આક-૧૦ ના લીસ્ટથી રજુ કરવામાં આવેલા. જેમાં સંબંધીત કામદારનું ઓળખપત્ર, તેમના પી. એફ. ની સ્લીપ, ફેબ્રુઆરી-૮૪ થી જુલાઈ-૮૪ સુધી અપાયેલ બદલી પાસ તથા રજાચીઠ્ઠી જે આંક-૧૪ થી ૨૮ રજૂ કરવામાં આવેલ છે. આ અપીલમાં સંબંધીત કામદાર તરફથી શ્રી. બી બી. ડેસીયા તથા મીલ કંપની તરફથી કુ. મીનાબેન શાહે દલીલો કરી હતી. કુ. મીનાબેન શાહની દલીલો પ્રમાણે સંબંધીત કામદાર બદલી કામદારની કક્ષામાં આવતા હોવાથી તેઓ કંપનીના કાયમી કામદાર ન હતા. તેઓ કાયમી પ્રકારનું કામ કરતાં ન હોઈ તેઓએ આપમેળે પોતાની જાતે જ મીલ કંપનીમાં કામ ઉપર આવવાનું બંધ કર્યું હતું. તેથી મીલ કંપનીએ તેઓને છુટા કર્યાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ટુંકમાં મીલ કંપનીના જણાવ્યા પ્રમાણે સંબંધીત કામદારને કોઈપણ સમયે છુટા કરવામાં આવેલ નથી. કંપનીના જણાવ્યા પ્રમાણે સંબધીત કામદાર અને તેમની વચ્ચે નોકર અને માલિકનો કોઈપણ સંબંધ ન હતો. ઉપરોક્ત દલીલો કેટલે અંશે વ્યાજબી છે તે નક્કી કરવા માટે સૌપ્રથમ પક્ષકારોનો પુરાવો તપાસવો જરૂરી છે.

૯. સંબંધીત કામદાર તેમની જુબાની આંક-૧૧ માં જણાવેલ છે કે, તેઓ આ મીલ કંપનીમાં વેલ્ડર કુલી તારીકે તા. ૨૭-૭-'૮૧ ના રોજ દાખલ થયેલ હતા. જેમાં ઓટોશાળ અને સાદુશાળના મશીનોના સ્પેરપાર્ટસનું વેલ્ડીંગ કરવાનું કામ તેઓ કરતા હતા. વેલ્ડીંગને લગતી કામગીરી મીલ કંપનીએ તેઓને સોંપી હતી. તેઓની નોકરીનો સમય સવારના ૭-૦૦ થી બપોરના ૩-૩૦ વાગ્યાનો હતો અને તેઓ કાયમ દિવસપાળીમાં કામ કરતા હતા. પી. એફ., વિમા વિગેરે કપાતા હતા. સંબંધીત કામદાર તેમની જુબાનીમાં વધુમાં જણાવે છે કે, રોજના રૂ. ૧૨-૫૦ પૈસા તેમને દૈનિક પગાર તરીકે આપવામાં આવતો હતો. તા. ૨૩-૭-'૮૪ ના રોજ તેમને છૂટા કરવામાં આવેલા. જે અગાઉ તેઓને કોઇપણ જાતની લેખીત નોટીસ આપવામાં આવેલ નહીં. તેવી

જે રીતે લેખીત હુકમ પણ છૂટા કરવા અંગે મીલ કંપનીએ તેઓને આપેલ નહીં. સંબંધીત કામદાર તેની જૂબાનીમાં સ્પષ્ટ રીતે કબૂલ કરે છે કે, મુખ્ય એન્જીનિયરે તેઓને છૂટા કર્યા હતા કોઇ ખાતાકીય તપાસ કરવામાં આવી ન હતી. છટણી વળતર આપવામાં આવેલ નહીં. પરંતુ, છૂટા કરવા અંગેનું કારણ દર્શાવતાં સંબંધીત કામદાર તેમની સરતપાસમાં કબૂલ કરે છે કે, તેઓએ એવોર્ડ મુજબ પગારની માંગણી મીલ કંપની સમક્ષ કરતાં તેઓને છૂટા કરવામાં આવેલા.

9. It is agreed that this Agreement shall remain in force till 31st December 1994 and that during the period of operetion of this agreement i. e. till 31st December 1994, the Union will not raise any new demand on the Mill Company, except that of annual bonus, involving financial burden on the Mill Company.

10 If a dispute or difference of opinion arises in regard to implementation and—or interpretation of this Agreement, it will

INDEX

be settled by negotiations between the Mill Company and the Union failing which the matter will be referred, under section 66 of the Bombay Industrial Relations Act, 1946, to a Committee of two persons one each to be nomitated by the Mill Company and the Union. The discussion of the said Committee will be binding on both the parties. In case of any difference of opinion between the two persons on the Committee, the matter will be referred to an Umpire to be suggested by the two persons on the Committee. The decision of the Umpire will be binding on both the parties.

11. In view of the provision in the abovementioned clause neither the Mill Company nor the Union, nor aby employee of the Mill Company will approach any authority or forum under any labour legislation for seeking implementation and—or interpretation of this Agreement or for recovery of any money or benefit payable under this Agrsement.

12. It is agreed that the Industrial court at Surat, before whom the Reference (IC) No. 18 of 1990 is pending will be requested to make an Award in terms of this Agreement.

General Secretary The Surat Textile Labour Union Surat.	Manager. Standard Industrics Ltd, Surat Cotton Unit, Surat.

સહી પી. આર. પુરસ્વાણી અધિક્ષક સુરત, તા. ૨૮-૯-૯૦	સહી (એ. બી. પટેલ) સભ્ય, ઔદ્યોગિક અદાલત, સુરત.
' કોસંબી ' ૬૧૦ અમદાવાદ તા. ૪-૧૨-૯૦	(આર. કે. પરમાર) સહાયક સંઘ નિબંધક, મુંબઇ ઔદ્યોગિક સબંધ અધિનિયમ, અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે નિમાયેલ સહાયક સંઘ નિબંધક દ્વારા

સુતરાઉ કાપડ ઉદ્યોગમાંના ઉપક્રમોની માન્યતાઃ નામમાં ફેરફાર કરવા અંગે અધિસુચના ક્રમાંક/ખ/શમક/૨૭૦૬૯ આર.ઈજી બીઆઈઆર ૧૯૯૦. સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૧૧:૧: થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, અને તા. ૨૧-૬-૯૦ ની અધિસુચના ક્રમાંક (ખ/શમક (૨૭૦૦૨) આરઈજી (બી આઈ આર) ૧૯૯૦ ના અનુસંધાનમાં સુતરાઉ કાપડ ઉદ્યોગમાં નીચે દર્શાવેલ તા. ૧૯-૪-૭૩ ની અધિસુચના ક્રમાંક (ખ) શમક (૧૧૧૬) આરઈજી(બી આઈ આર) ૧૯૭૩ માં હું આથી ફેરફાર કરૂ છું.

નં. ૨૯૭. શ્રી વૃજેશ ટેક્ષટાઈલ મીલ્સ, પેટલાદ ને બદલે

નં. ૨૯૭. શ્યામપ્રકાશ સ્પી. મીલ્સ લી., પેટલાદ વાંચવું.

તા. ૨૩-૮-૧૯૯૦
અમદાવાદ.

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૦૭૦૭૩ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું મીલ મઝદુર સભા, અમદાવાદ અને સેવીરાણા ટેક્ષ્ટાઈલ અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓગષ્ટ માસના ૨૭ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૧૬૪/૮૪.

મીલ મજદુર સભા, અમદાવાદ પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

સેવીરાણા ટેક્ષટાઈલ, અમદાવાદ દ્વિતીય પક્ષકાર

મીલમાં કામ કરતાં તમામ કમદારોને તા. ૧-૧-૮૨ થી મકાનભાડું આપવા અંગે

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ ની કલમ ૨૩(૧) અન્વયે, પ્રથમ પક્ષકાર યુનિયને મીલ કંપનીને તા ૧૫ ૨-૮૪ ના રોજ કલમ ૪૨(૨) મુજબની ફેરફારની સુચના આપેલા, જે અંગે પક્ષકારો વચ્ચે સમાધાનકાર કોઈ સમજુતિ ન કરાવી શકતાં નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપેલ જે પરથી યુનિયને આ વિવાદ ઉપસ્થિત કરેલો છે.

૨. આ રેફરન્સમાં ચાલુ કામે યુનિયનના સંગઠન મંત્રી શ્રી ઠાકરે આંક-૨૨ ની પુરસીસ આપીને માંગણીની તકરારને બાધ આવ્યા સિવાય હાલ પુરતો આ રેફરન્સ આગળ ચલાવવા માગતા નથી અને ફરી દાખલ કરવાની શરતે

INDEX

પાછો ખેંચવાની મંજુરી આપવા વિનંતી કરી છે. યુનિયનની સદરહુ પુરસીસની વિગતે તેમને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં અમને કોઈ હરકત જણાતી નથી, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ :

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે આ રેફરન્સનો નિકાલ થયેલ ગણવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
જી. જે.
રજીસ્ટ્રાર.
તા. ૧૦-૭-૧૯૯૦.
અમદાવાદ

સહી
નારણસિંહ ચૌહાણ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
તા. ૯-૭-૯૦

સહી
એ. આઈ. શેખ.
સહાયક સંઘ નિયામક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૫-૬-૯૦
અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૦૫૫ આરયુ-સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું જનરલ વર્કસ યુનિયન અમદાવાદ અને જગદીશ પ્રોસેસર્સ પ્રા. લી. અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સને-૧૯૯૦ માં જુલાઈ માસના ૩૦ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી. આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઈ. સી) નં. ૧૨/૮૯.

જનરલ વર્કસ યુનિયન
ગાંધી મજુર સેવાલય, ભદ્ર, અમદાવાદ. પ્રથમ પક્ષકાર,

વિરૂદ્ધ

મેનેજરશ્રી,
જગદીશ પ્રોસેસર્સ પ્રા. લી..
નારોલ-વટવા રોડ. અમદાવાદ. ...બીજા પક્ષકાર.

કંપનીમાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૭-૧૯૮૭-૮૮ના વર્ષ માટે ૨૦ ટકા લેખે બોનસ આપવા અંગે...

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કંપનીને કંપનીમાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૭-૧૯૮૭-૮૮ના વર્ષ માટે ૨૦ ટકા લેખે બોનસ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપી સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

INDEX

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૭ની પુરસીસ આપી જણાવેલ છે કે, સદરહુ રેફરન્સના કામમાં તેઓને નામદાર અદાલત બહાર સુખદ સમાધાન થઈ ગયેલ હોવાથી હવે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે, તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ કેન્સલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(આર. એસ. શુક્લ)
પ્રમુખ, ૨૬-૬-૯૦
ઔદ્યોગિક અદાલત, અમદાવાદ.

સહી
જી. જે. દવે.
રજિસ્ટ્રાર,
અમદાવાદ
તારીખ : ૨૭-૬-૯૦.

(એ. આઈ. શેખ)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

અમદાવાદ
તા. ૩૦-૭-૯૦

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૦૮૧ આથી સને ૧૯૪૬નાં ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું મજુર મહાજન સંઘ કલોલ અને ધી મહેન્દ્ર મીલ્સ લી. યુનિટ નં. ૨ વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને-૧૯૯૦માં ઓગષ્ટ માસના ૨૭માં દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી. એન. એ. ચૌહાણ, સભ્ય રુબરુ.

રેફ (આઈ. સી.) નં. ૨૧/૮૩.

મજુર મહાજન સંઘ, કલોલ. ...પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

ધી મહેન્દ્ર મીલ્સ લિ. (સ્પીનીંગ સેકશન)
યુનિટ નં. ૨, કલોલ, ...દ્વિતીય પક્ષકાર

મીલ કંપનીના બ્લોરૂમ ખાતામાં બ્લોરૂમ મશીનનો કચરો સાફ કરવા પાળી દીઠ એક એક સફાઈવાળાની નિમણૂક કરવા વગેરે અંગે

પ્રથમ પક્ષકાર તરફે પ્રતીનિધિ શ્રી જેઠાભાઈ પટેલ.

દ્વિતીય પક્ષકાર તરફે વકીલ કુ મીનાબેન શાહ.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) અન્વયે પ્રથમ પક્ષકાર સંઘ કે જે કલોલમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનું પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેમણે દાખલ કરેલ છે. પ્રથમ પક્ષકાર સંઘે ૧૯૪૬ના અધિનિયમની કલમ ૪૨(૨) મુજબ તા ...-૭-૮૨ના રોજ દ્વિતીય પક્ષકાર કે જે કલોલ નગરમાં આવેલ એક સુતરાઉ

INDEX

કાપડ ઉદ્યોગનું એકમ છે તેને આપીને માંગણી કરેલી કે, તેમના એકમમાં બ્લોરૂમ ખાતામાં જે કચરો ભેગો થાય છે તે બ્લોરૂમ ખાતામાં મશીન ઉપર કામ કરતાં ટેન્ટરો પાસેથી સફાઈ કરાવવાની કામગીરી કરાવવામાં આવે છે તે વ્યાજબી નથી અને તે કામગીરી કરવા માટે દરેક પાળી દીઠ એક એક સફાઈ કામદારની નિમણુંક કરવી જોઈએ અને તેમ ન કરવામાં આવે ત્યાં સુધી મશીન ટેન્ડરો પાસેથી બ્લોરૂમનો કચરો સાફ કરવાની જે કામગીરી લેવામાં આવે છે તેઓને તે પ્રકારની કામગીરી માટે યોગ્ય મહેનતાણું ચુકવી આપવું જોઈએ. આ માંગણીઓ દ્વિતીય પક્ષકારે સ્વીકાર કરેલો નહિ અને ૧૯૪૬ના ઔ.વિ.નિયમ નીચે નીમવામાં આવેલ સમાધાનકાર પણ પક્ષકારો વચ્ચે આ બાબતમાં સમાધાન કરાવવામાં સફળ થયેલા નહિ એટલે તેઓએ પ્રથમ પક્ષકારને તા. ૨૯-૧૧-૮૨ ના રોજ નિષ્ફળતાનું પ્રમાણપત્ર મોકલી આપેલ એટલે પ્રથમ પક્ષકારે સદરહુ માંગણી ન્યાય નિર્ણય માટે હાલના રેફરન્સથી આ અદાલતને સુપરત કરેલી છે.

૨. પ્રથમ પક્ષકારે આંક-૪ મુજબનું માંગણાંનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે, દ્વિતીય પક્ષકાર એકમમાં પહેલી પાળીમાં બે, બીજી પાળીમાં એક અને ત્રીજી પાળીમાં બે એમ કુલ પાંચ બ્લોરૂમ મશીનો ચલાવવામાં આવે છે. આ મશીનો ઉપર અનુક્રમે પહેલી પાળીમાં બે, બીજી પાળીમાં એક અને ત્રીજી પાળીમાં બે ફીનીસીંગ ટેન્ડરો કામ કરે છે તેમજ પહેલી પાળીમાં બે, બીજી પાળીમાં એક અને ત્રીજી પાળીમાં બે લેટીસ ફીટર કામ કરે છે પરંતુ બ્લોરૂમનો કચરો સાફ કરવા માટે કોઈ સફાઈ કામદારની નિમણુંક કરવામાં આવેલી નથી તેથી બ્લોરૂમનો કચરો કાઢવાની કામગીરી આ ફીનીસીંગ ટેન્ડરો અને લેટીસ ફીટરોએ કરવી પડે છે અને આ કામગીરી તેમની પાસેથી બળજબરીથી લેવામાં આવે છે માટે બ્લોરૂમનો કચરો કાઢવા માટે દરેક પાળી દીઠ એક સફાઈ કામદારની નિમણુંક કરવાની જરૂર છે અને તેમ ન કરવામાં આવે ત્યાં સુધી આ બ્લોરૂમના મશીનો ઉપર કામ કરનાર કામદારોને યોગ્ય વળતર ચુકવી આપવું જોઈએ. આ નિવેદનમાં એમ પણ જણાવવામાં આવેલ છે કે, બે નંબરનો કાઉન્ટ આ મીલમાં ચલાવવામાં આવે છે તેથી કચરાનું પ્રમાણ ખુબ જ હોય છે અને તેથી મશીન ઉપરના કારીગરોને કામને પહોંચી વળતા અને બ્લોરૂમમાં જે કચરો ભેગો થાય છે તેમાં રજોટી ઉડે છે અને તેથી તે કારીગરોના સ્વાસ્થ્યને પણ નુકશાન પહોંચાડે છે માટે દરેકપાળી દીઠ એક એક સફાઈ કામદારની નિમણુંક કરવી અતિ આવશ્યક છે.

૩. દ્વિતીય પક્ષકાર એકમે આંક-૬ મુજબનો લેખિત જવાબ રજુ કરીને જણાવેલ છે કે, આ એકમ ૧૯૫૮-૫૯થી શરૂ કરવામાં આવેલ છે અને ત્યારથી

INDEX

બ્લોરૂમનો કચરો આ મશીનો ઉપર કામ કરતાં ફીનીશીંગ ટેન્ડરો અને લેટીસ ફીટરો સાફ કરતા આવેલા છે અને તે કામગીરી કરવાની તેમની ફરજ છે. બે નંબરનો કાઉન્ટ અઠવાડીયામાં જરૂરીયાત મુજબ સરેરાશ અડધો દિવસ ચલાવવામાં આવે છે અને તેના કારણે કંઈ કામનો બોજો વધેલો છે એવી જે રજુઆત કરવામાં આવેલી છે તેમાં કંઈ તથ્ય નથી. આ કામદારોએ પાળીની શરૂઆતમાં બ્લોરૂમમાં આગલી પાળી દરમ્યાન જે કચરો ભરાયો હોય તે સાફ કરવાનો હોય છે તે કચરો સાફ થયા બાદ જ મશીનો ચાલુ કરવાની કામગીરી કરવાની હોય છે એટલે તેમના શ્રમબોજમાં વધારો થયાની જે રજુઆત કરવામાં આવી છે તેમાં કંઈ તથ્ય નથી.

૪. પ્રથમ પક્ષકારે પોતાની માંગણીના સમર્થનમાં ફીનીશીંગટેસેન્ટર શ્રી કરશનજી ખેતાજીને આંક-૭થી તપાસેલા છે, જ્યારે દ્વિતીય પક્ષકાર એકમે સ્પીનીંગ ઈન્ચાર્જ શ્રી સુન્તીલાલ કોટડીયાને આંક-૧૬થી તપાસેલા છે અને મીલ ઓનર્સ એસોસિએશને જે તે કામદારોની કામગીરી અંગે બહાર પાડેલી પુસ્તિકામાંથી જરૂરી ઉતારો આંક-૧૫ની યાદી સાથે રજૂ કરેલો છે.

૫. પ્રથમ પક્ષકાર સંઘ તરફથી શ્રી જેઠાભાઈ પટેલની રજુઆત એવી છે કે, મશીન ઉપર કામ કરતાં ટેન્ટરોની કચરો સાફ કરવાની કોઈ ફરજ નથી તેમ છતાં તેમની પાસેથી તે કામગીરી લેવામાં આવે છે માટે તે પ્રણાલિકા બંધ કરવી જોઈએ અને દરેક પાળીમાં એક એક સફાઈ કામદારની નિમણુક કરવી જોઈએ અને આ નિમણુક ન થાય ત્યાં સુધી જે કામદારો પાસેથી આ જાતનું કામ લેવામાં આવ્યું હોય તેઓને યોગ્ય વળતર ચૂકવી આપવું જોઈએ. આની વિરુદ્ધમાં કુ. મીનાબેન શાહની રજુઆત એવી છે કે, ૧૯૫૮-૫૯થી આ એકમ શરૂ થયું ત્યારથી તેમજ અમદાવાદની બીજી સુતરાઉ કાપડ ઉદ્યોગની મીલોમાં ફીનીશીંગ ટેન્ટરો અને લેટીસ ફીટરો બ્લોરૂમમાં કચરો કાઢવાની કામગીરી કરે છે એટલે જે માંગણી કરવામાં આવેલી છે તે વ્યાજબી નથી.

૬. પરિણામે પ્રશ્ન એ નક્કી કરવાનો રહે છે કે; દ્વિતીય પક્ષકાર એકમમાં બ્લોરૂમમાં કામ કરતાં ફીનીશીંગ ટેન્ટરો અને લેટીસ ફીટરો પાસેથી બ્લોરૂમનો કચરો સાફ કરવાની કામગીરી લેવામાં આવે છે તે વ્યાજબી છે કે કેમ? અને તેવી કામગીરીના કારણે તેઓના શ્રમબોજમાં વધારો થયેલ છે કે કેમ? પક્ષકારો તરફથી જે પુરાવો રજુ કરવામાં આવેલ છે અને જે મૌખિક રજુઆત કરવામાં આવેલી છે તે પરથી આ અદાલત એવા નિર્ણય પર આવેલી છે કે, આ કામદારો પાસેથી આ જાતની કામગીરી લેવામાં આવે છે તેમાં કોઈ ગેરહુકમી કે બળજબરી

નથી અને તેવું કામ કરવાની તેમની ફરજ છે અને બીજી બધી કાપડ ઉદ્યોગની મીલોમાં આ જ કામદારોએ બ્લોરૂમ સાફ કરવાની કામગીરી કરવાની હોય છે અને કરે છે માટે આ એકમમાં તેના કામદારોની માંગણી કે તે કામગીરી તેમની નથી તેવી રજુઆત ગ્રાહ્ય રાખી શકાય નહિ. પરિણામે પ્રથમ પક્ષકાર તરફથી કરવામાં આવેલી માંગણી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી એટલે આ રેફરન્સમાં કરવામાં આવેલ માંગણી રદ કરવાની રહે છે. ઉપરના નિર્ણય અંગેના કારણો સંક્ષિપ્તમાં નીચે મુજબનાં છે.

૭. કરશનજી આંક-૭ જણાવે છે કે, તેઓ છેલ્લા ૨૨ વર્ષથી આ એકમમાં કામ કરે છે અને શરૂઆતથી જ બ્લોરૂમમાંથી કચરો સાફ કરવાનું કામ મશીન ઉપર કામ કરતાં ટેન્ટરો અને ફીટરો જ કરતા આવેલા છે તેઓ એમ પણ કબૂલ કરે છે કે, આ કામગીરી પાળી શરૂ થાય ત્યારે શરૂઆતમાં કરવાની હોય છે અને બ્લોરૂમનો કચરો સાફ થઈ ગયા બાદ જ તેના મશીનો ચાલુ કરવામાં આવે છે. તેઓ એમ પણ કબૂલ કરે છે કે, જરૂરીયાત મુજબ જ બે નંબરનો કાઉન્ટ ચલાવવામાં આવે છે. આ સંજોગોમાં બ્લોરૂમનો કચરો તેમને સાફ કરવો પડે છે તેથી તેમનો શ્રમબોજ વધ્યો છે એમ કહી શકાય તેમ નથી. બ્લોરૂમનો કચરો સાફ કરતા હોય છે ત્યારે મશીનો બંધ હોય છે. કચરો સાફ થઈ ગયા બાદ જ મશીનો ચાલુ કરવાના હોય છે એટલે તેમની પાસેથી કચરો સાફ કરવાની કામગીરી લેવામાં આવે છે તેનાથી તેમના કામના સમયમાં કોઈ વધારો થતો નથી. આ જાતની કામગીરી છેલ્લા ઘણાં વર્ષોથી તેઓ કરતા આવેલા છે. સુતરાઉ કાપડ ઉદ્યોગની મીલો અમદાવાદમાં ઘણી છે અને કલોલમાં પણ છે. બીજી કોઈ મીલોમાં બ્લોરૂમનો કચરો સાફ કરવા માટે સફાઈ કામદાર રાખવામાં આવેલ હોય તેવું તેઓ જણાવતા નથી. આ સંજોગોમાં આ કામદારોની માંગણી કે બ્લોરૂમના કચરો સાફ કરવાની તેમની ફરજ નથી તે ગ્રાહ્ય રાખી સકાય તેમ નથી. અત્રે નોંધ લેવાની જરૂર છે કે, તેઓ આ કામગીરી છેલ્લા ઘણાં વર્ષોથી કરતા આવેલા છે. અત્રે નોંધ લેવાની જરૂર છે કે, અમદાવાદ મીલ માલિક મંડળે કામદારોના કામગીરી અંગેની જે પુસ્તિકા બહાર પાડેલી છે તે પુસ્તિકામાં સ્પષ્ટ જણાવવામાં આવેલ છે કે, બ્લોરૂમના મશીન ઉપર કામ કરતા ફીનીશીંગ ટેન્ટરો અને લટીસ ફીટરોએ બ્લોરૂમના કચરો સાફ કરવાની કામગીરી કરવાની હોય છે. તે સંજોગોમાં દ્વિતીય પક્ષકાર એકમમાં બ્લોરૂમના આ મશીન ઉપર કામ કરતા કારીગરો પાસેથી તેમની ફરજમાં જેનો સમાવેશ ન થતો હોય એવી કોઈ કામગીરી લેવામાં આવે છે એમ કહી શકાય તેમ નથી. શ્રી જેઠાભાઈ પટેલની રજુઆત એવી છે કે, કચરો સાફ કરવાની કામદારોના સ્વાસ્થ્યમાં હાનિ થાય તેમ છે. આ રજુઆત

પણ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. જો બ્લોરૂમના મશીન ઉપર કામ કરતાં કામદારો બ્લોરૂમનો કચરો સાફ કરવાથી તેઓનું સ્વાસ્થ્ય બગડે તો સફાઈ કામદારોનું પણ તે કચરો સાફ કરવાથી સ્વાસ્થ્ય બગડે જ. પરિણામે આ કારણોસર આ કામગીરી તે કામદારોની નથી એમ કહી શકાય તેમ નથી. પરિણામે પ્રથમ પક્ષકાર સંબંધ તરફથી જે માગણી કરવામાં આવેલી છે તે વ્યાજબી નથી માટે તે રદ કરવાની રહે છે પરિણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૮. પ્રથમ પક્ષકાર સંઘ તરફથી જે માંગણી કરવામાં આવેલ છે તે વ્યાજબી જણાતી નહિ હોવાથી રદ કરવામાં આવે છે. પરંતુ ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવો જરૂરી જણાતું નથી.

સહી
(એન. એ. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

જી. જે દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ. તા. ૧૦-૭-૧૯૯૦.

સહી
(એ. આઈ. શેખ)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

અમદાવાદ તા. ૨૭-૮-૯૦

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/બ/શમક/૨૭૦૮૫ આર યુ/સને-૧૯૪૬ નાં ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ.

INDEX

હું ધી સુરત ઈલેક્ટ્રીસીટી કંપની સુરત યુનિયન અને સુરત ઈલેક્ટ્રીસીટી કંપની લી, સુરતની વચ્ચેના ઔદ્યોગિક ન્યાયલયે આપેલી નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓગસ્ટ માસના ૨૭ માં દિને આથી નોંધ કરું છું.

આંક-૧૪

શ્રી એ. બી. પટેલ, સમક્ષ. સભ્ય, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ.

રેફરન્સ (આઈ. સી.) નં. ૨૩/૮૮.

શ્રી સુરત ઈલેક્ટ્રીસીટી કંપની સ્ટાફ યુનીયન. પ્રથમ પક્ષકાર
મજુરી સેવાલય,
અલંકાર ટોકીઝ પાસે,
સુરત.

વિરૂદ્ધ

શ્રી ચીફ એકઝી ક્યુટીવ, બીજા પક્ષકાર
શ્રી સુરત ઈલેક્ટ્રીસીટી કંપની લી.
સ્ટેશન રોડ,
સુરત.

હાજર રહ્યા : શ્રી વી. એન. સેણુમારે પ્રથમ પક્ષકાર તરફે
શ્રી જી. એસ. વકીલ બીજા પક્ષકાર તરફે

વિષય : એડહોક પદ્ધતિ નાબૂદ કરવા અંગે.

એવોર્ડ

પ્રથમ પક્ષકાર યુનીયને આ રેફરન્સ ઔદ્યોગિક અદાલતની લવાદી માટે સુપ્રત કરેલ છે. પ્રથમ પક્ષકાર યુનીયને આ રેફરન્સ સુરત મહાનગરપાલિકા સ્થાનિક વિસ્તારમાં વિદ્યુત શક્તિ ઉત્પાદન કરવાનું, પરિવહન અને પહોંચાડવાનું ઉદ્યોગમાં રોકાયેલા કર્મચારીઓના પ્રતિનિધિ હક્ક ધરાવતું યુનીયન તરીકે કરેલ છે. બીજા પક્ષકાર કંપની પ્રથમ પક્ષકાર યુનીયને તા. ૨૩-૫-૮૮ ના રોજ ફોર્મ 'એલ' માં ફેરફારની નોટીસ આપી હતી. અને નોટીસમાં જણાવ્યા પ્રમાણે ઔદ્યોગિક ઉપસ્થિત કરેલ છે. પક્ષકારો વચ્ચે આ ઔદ્યોગિક ઝગડા બાબતે સમાધાન થવાથી યુનીયને સમાધાન અધિકારીશ્રી સમક્ષ ઝગડો ઉપસ્થિત કરેલ

INDEX

હતો, સમાધાન કાર્યવાહી દરમ્યાન સમાધાન ન થવાથી સમાધાન અધિકારીશ્રી એ તા. ૨૨-૬-૮૮ ના રોજ નિષ્ફળતાનું સર્ટીફીકેટ કાઢી આપ્યું હતું. નિષ્ફળતાનું સર્ટીફીકેટ પ્રથમ પક્ષકાર યુનીયનને તા. ૨૬-૬-૮૮ ના રોજ મળેલ હતું. અને આ રેફરન્સ તા. ૨૭-૬-૮૮ ના રોજ કરવામાં આવેલ છે. તેથી તે સમયસરનો છે. આ રેફરન્સ સાથે યુનીયને નિષ્ફળતાનું સર્ટીફીકેટ રજુ કરેલ છે. આ રેફરન્સ સાથે યુનીયને ફોર્મ 'એલ' ની નોટીસની અસલ તા ૨૩-૫-૮૮ ના રોજ રજુ કરેલ છે. નોટીસ સાથે માંગણીઓ પણ રજુ કરવામાં આવેલ છે.

૨. આ રેફરન્સ ઔદ્યોગિક અદાલતની ઓફીસે મળતાં ઔદ્યોગિક અદાલતની ઓફીસે બીજા પક્ષકાર કંપની ઉપર તા ૧-૭-૮૮ ના રોજની નોટીસ નં. નં. ૧૫૮૩ બજાવી હતી. આંક-૫ થી પ્રથમ પક્ષકાર યુનીયને માંગણાનું નિવેદન રજુ કરેલ છે આંક-૬ થી પ્રથમ પક્ષકાર યુનીયને દસ્તાવેજો રજુ કરવા માટેની અરજી આપેલ છે આંક-૮ થી બીજા પક્ષકાર કંપનીએ શ્રી ગીરીશભાઈ વકીલનું વકીલાત નામું રજુ કરેલ છે. આંક-૯ થી બીજા પક્ષકાર સુરત ઈલેક્ટ્રીસીટી કંપનીએ જવાબ રજુ કરેલ છે.

૩. આ રેફરન્સ મારી સમક્ષ ચાલુ હતો તે સમય દરમ્યાન પક્ષકારોએ આંક-૧૩ ની અરજી મારી સમક્ષ રજુ કરેલ છે તેમાં જણાવે છે કે. આ કામે પ્રથમ પક્ષકાર તરીકે નમ્રતાપૂર્વક અરજી કરવાની કે શ્રી સુરત ઈલેક્ટ્રીસીટી કંપની સ્ટાફ યુનીયન તરફથી તા. ૪-૧-૮૯ ના રોજ ચાર્ટર ઓફ ડીમાન્ડ મૂકવામાં આવ્યા હતા અને તે અંગે યુનીયન તથા સદરહું મેનેજમેન્ટ વચ્ચે ખાનગી રાહે સમાધાન થયું છે. અને તે સમાધાન પ્રમાણેનો એવોર્ડ મેળવવા નામદાર કોર્ટમાં સદરહુ અરજી કરવામાં આવી છે. આ રેફરન્સ અંગે કોઈ તકરાર નથી અને તે બાબતે કોઈપણ નિકાલ કરવાનો રહેતો નથી. પક્ષકારો વચ્ચે જે ખાનગી રાહે સમાધાન કરવામાં આવ્યું છે તેમાં આ કેસમાં યુનિયન તરફથી કેસ ખેંચી લેવા બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઉપર જણાવેલ સંજોગોમાં હવે આ રેફરન્સ આગળ ચલાવવાનો રહેતો નથી અને પ્રથમ પક્ષકાર નામદાર કોર્ટમાં રજુ કરેલા સમાધાન મુજબ કેસ ખેંચી લેવા માટે ઠરાવેલ છે આથી આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપીને આ રેફરન્સનો નિકાલ કરવાની વિનંતી છે આ આંક-૧૩ની અરજી પર પ્રથમ પક્ષકાર યુનીયનના ઉપપ્રમુખશ્રી મુળજીભાઈ વાઘજીભાઈ, જનરલ સેક્રેટરી શ્રી વી. એન. શાહુમારે એ સહી કરી છે. આંક-૧૩ ની અરજી અન્વયે યુનીયનના હોદ્દેદારો આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા ન હોવા, આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપી આ રેફરન્સનો નિકાલ કરું છું. ખર્ચ

બાબતે કોઈ હુકમ નથી. આ એવોર્ડની નકલ પક્ષકારોને મળે તે તારીખથી એક માસમાં અમલમાં આવવા । છે.

સહી
પી આર પુરષોત્તમ પ્રેમી
અધિક્ષક,
તા ૨૪-૭ ૯૦

સહી
એ. બી. પટેલ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, સુરત.

અમદાવાદ
તા. ૨૭-૮ ૯૦.

(એ. આઈ. શેખ)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

સને.-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ક/ખ/શમક/ ૨૭૦૭૫ આર યુ અને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું મીલ મજદુરસભા, અમદાવાદ અને મોડર્ન સીલ્ક ફેક્ટરી, અમદાવાદ ની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડા સને-૧૯૯૦માં ઓગષ્ટ માસનાં ૨૭મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રુબરૂ.

રેફરન્સ (આર્બી) નં. ૧૬૫/૮૪.

મીલ મજદુર સભા, અમદાવાદ ... પ્રથમ પક્ષકાર
વિરુદ્ધ
મોર્ડન સીલ્ક ફેક્ટરી, અમદાવાદ. ... દ્વિતીય પક્ષકાર

INDEX

મીલમાં કામ કરતાં તમામ કામદારોને તા. ૧-૧-૮૨ ના રોજથી મકાન-ભાડું આપવા અંગે.

ચુકાદો

૧ હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૭૩ (૧) અન્વયે, પ્રથમ પક્ષકાર યુનિયને મીલ કંપનીને તા. ૧૫-૨-૮૪ ના રોજ કલમ ૪૨ (૨) મુજબની ફેરફારની સુચના આપેલી, જે અંગે પક્ષકારો વચ્ચે સમાધાનકાર કોઈ સમજુતી ન કરાવી શકતાં તેઓએ નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપેલ, જે પરથી યુનિયને આ રેફરન્સ ઉપસ્થિત કરેલો છે.

૨. આ રેફરન્સમાં ચાલુ કામે યુનિયનના સંગઠન મંત્રી શ્રી ઠાકરે આંક-૨૧ની પુરસીસ આપીને માંગણીની તકરારને બાદ આપ્યા સિવાય હાલ પુરતો આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને ફરી દાખલ કરવાની શરતે પાછો ખેંચવાની મંજુરી આપવા વિનંતી કરી છે. યુનિયનની સદરહુ પુરસીસની વિગતે, તેમને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં અમોને કોઈ હરકત જણાતી નથી, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે આ રેફરન્સનો નિકાલ થયેલો ગણવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી

સહી જી જે. દવે.
રજીસ્ટ્રાર.
અમદાવાદ.
તા. ૯ ૭-૧૯૯૦.

સહી
(એન. એ. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
૯/૭/૯૦

અમદાવાદ.
તા. ૨૭/૮/૯૦

(એ આઈ. શેખ)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમમ/૨૭૦૭૬ આરયુ-સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૭ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું મીલ મઝદુર સભા, અમદાવાદ અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી, અમદાવાદ અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી, અમદાવાદ ની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓગષ્ટ માસનાં ૨૭મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

રેફરન્સ (આઈસી) નં. ૧૬૭/૧૯૮૯

મીલ મઝદુર સભા અમદાવાદ.	પ્રથમ પક્ષકાર.
અને	
રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. અમદાવાદ.	બીજા પક્ષકાર.

યુનિયનની માંગણી મીલના ડ્રોઈંગ ખાતામાં પેકીંગ વિભાગમાં એક જ જગ્યાએ એક કેટેગરીનો એટલે કે "પેકર" તરીકેનું કામ લેવામાં આવે છે તો તેમને કોન્ટ્રાકટરના કામદારો નહીં પણ મીલના ગણવા અંગે.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીના ડ્રોઈંગ ખાતામાં પેકીંગ વિભાગમાં એક જ જગ્યાએ એક એક કેટેગરીનો એટલે કે "પેકર" તરીકેનું કામ લેવામાં આવે તો તેમને કોન્ટ્રાકટરના કામદારો નહીં પણ મીલ કંપનીના કામદારો ગણવા અંગે યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

INDEX

૨. ચાલુ રેફરન્સે આંક ૭ નું પુરસીશ આપી યુનિયને જણાવેલ છે કે, તેઓ આ રેફરન્સમાં માગેલ દાદ માટે કોઈ આગ્રહ રાખતા નથી અને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે જે પરવાનગી આપવામાં કશુ વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત ગુજરાત,

સહી-જી જે. દવે
રજીસ્ટ્રાર,
અમદાવાદ તા, ૨૨-૬-૯૦.

(એ. આઈ. શેખ)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

અમદાવાદ.
તા. ૨૭-૮-૯૦

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬/ખ/સમક/૨૭૦૭૮ આર સુ સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું મીલ મજદુર સભા અમદાવાદ અને કાઉન સિલ્ક એન્ડ રેયોન મિલ્સ અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સન-૧૯૯૦ માં ઓગસ્ટ માસના ૨૭ મા દિને આથી નોંધ કરૂં છું.

INDEX

ઔદ્યોગિક અદાલત, ગુજરાત. અમદાવાદ.

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રૂમ૨

રેફરન્સ (આઈસી) નં- ૩૨૭/૮૪.

મીલ મજદુર સભા, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

કાઉન સિલ્ક એન્ડ રેયોન મીલ્સ, અમદાવાદ. દ્વિતીય પક્ષકાર

મીલમાં કામ કરતાં તમામ કામદારોને તા. ૧-૧-૧૯૮૨ થી મકાન ભાડું આપવા અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૨૩ (૧) અન્વયે, પ્રથમ પક્ષકાર યુનિયને મીલ કંપનીને તા. ૩૦-૭-૮૪ ના રોજ કલમ ૪૨ (૨) મુજબની ફેરફારની સુચના આપેલી, જે અંગે પક્ષકારો વચ્ચે સમાધાનકાર કોઈ સમજુતિ ન કરાવી શકતા, તેઓએ નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપેલ, જે પરથી યુનિયને આ રેફરન્સ ઉપસ્થિત કરેલો છે.

ત્યારબાદ આ રેફરન્સમાં યુનિયના સંગઠન મંત્રી શ્રી ઠાકરે આંક-૩૦ ની પુરસીસ આપીને માંગણીની તકરારને બંધ આવ્યા સિવાય હાલ પુરતો આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને ફરી દાખલ કરવાની શરતે પાછો ખેંચવાના મંજુરી આપવા વિનંતી કરી છે. યુનિયનની સદરહુ પુરસીસનાં વિગતે તેમને આ રેફરન્સ પાછો ખેંચવવાની પરવાનગી આપવામાં અમોને કોઈ હરકત જણાતી નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૩ પ્રથમ પક્ષકાર યુનિયનને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે આ. રેફરન્સનો નિકાલ થયેલો ગણવામાં આવે છે ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

INDEX

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર,
અમદાવાદ. તા ૧૦-૭-૧૯૯૦.

સહી
(એન. એ. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

સહી
(એ. આઈ. શેખ)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

ઔદ્યોગિક અદાલત. રાજકોટ
અમદાવાદ તા. ૨૭-૮-૯૦

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચન સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬/બ/શમક/૨૭૦૭૯ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨૬ અને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાંત) નિયમોના નિયમ-૭૬ મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું જનરલ વર્કસ યુનિયન અમદાવાદ અને બડીપાલીયા ટેક્ષટાઈલ મીલ્સ અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલે આપેલી નીચે જણાવેલા નીવેડા સન-૧૯૯૦ માં ઓગષ્ટ માસના ૨૭ ના દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી આર. એસ શુક્લ, સભ્ય સમક્ષ

રેફરન્સ (આઈ. સી. નં. ૨૧/૮૯.

જનરલ વર્કસ યુનિયન,
ધી મજુર સેવાલય, ભદ્ર અમદાવાદ. પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

મેનેજરશ્રી
બડીપાર્લીયા ટેક્ષટાઇલ મીલ્સ,
જી. આઇ. ડી સી ઓઢવ, અમદાવાદ. બીજા પક્ષકાર.

કામદારોને સને ૧૯૮૭-૧૯૮૭-૮૮ ના વર્ષ માટે ૨૦ ટકા લેખે બોનસ આપવા અંગે.

ચુકાદો

પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ્સ કંપનીને ફેરફાર કંપનીના કામદારોને સને ૧૯૮૭ ૧૯૮૭-૮૮ ના વર્ષ માટે ૨૦ ટકા લેખે બોનસ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપી સદરહું રેફરન્સ ઉપસ્થિત કરે છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર અંગે આંક-૭ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ કામમાં નામદાર અદાલત બહાર સુખદ સમાધાન થઈ ગયેલ હોવાથી હવે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને તે પછી ખેંચી લેવાની પરવાનગી માગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધીત કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
જી. જે. દવે
રજીસ્ટાર, અમદાવાદ.
તારીખ ૨૭-૬-'૯૯.

સહી
(આર એસ. શુક્લ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, અમદાવાદ.

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

તા. ૨૭-૮-૯૦
અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬-ખ-શમક-૨૭ ૭૭ આરયુ-સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના :મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું મીલ મજદુર સભા અમદાવાદ અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦માં ઓગષ્ટ માસના ૨૭ મા દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી એમ. ઠાકોર સભ્ય ક્બક.

રેફરન્સ (આઈસી) નં. ૧૬૪ ૧૯૮૯.

મીલ મજદુર સભા, અમદાવાદ. — પ્રથમ પક્ષકાર

અને

રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. અમદાવાદ. — બીજા પક્ષકાર

યુનીયનની માંગણી મીલ કંપનીના ક્રીમ્પીંગ સોલ્ઝર, વોટર જેટ, ફોલ્ડીંગ, યાર્ન ડાઈઝ સ્પીનીંગ ખાતામાં કાયમી કામદારોની પોતાની જગ્યાની કામ અને ફેરબદલીમાં કોન્ટ્રાકટરના કામદારો મુકવા નહીં. ઉદ્યોગ-કોટન ટેક્ષ્ટાઈલ,

૧. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીના ક્રીમ્પીંગ સોલ્ઝર, વોટર જેટ, ફોલ્ડીંગ, યાર્ન ડાઈઝ સ્પીનીંગ ખાતામાં કાયમી કાયમી કામદારોની પોતાની જગ્યાની કામ અને ફેરબદલીમાં કોન્ટ્રાકટોમાં કામદારો કામદારો મુકવા નહી તે અંગેની નોટીસ ઓફેન્જ આપતા કામદારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં તે ઉપસ્થિત થયેલ છે.

INDEX

૨. ચાલુ રેફરન્સે યુનિયને આંક ૬ નું પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓ આ રેફરન્સમાં માગેલ દાદ અંગે કોઈ આગ્રહ રાખતા નથી અને આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી-જી જે. દવે.
રજીસ્ટ્રાર,
અમદાવાદ તા. ૨૨-૬-૯૦.

સહી-વી. એચ. ઠાકોર
(વી. એચ. ઠાકોર)
સભ્ય, ૨૦/૬/૯૦
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ.

તા. ૨૭-૮-૯૦
અમદાવાદ

(એ. આઈ. શેખ)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/ક્રમક/૨૭૦૮૪ આરયુ-સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સન ૧૯૬૧ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ

હું સુરત ઈલેક્ટ્રીસીટી કંપની સ્ટાફયુનિયન અને સુરત ઈલેક્ટ્રીસીટી કંપની લી, સુરત ની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓગષ્ટ માસના ૨૭ ના દિને આથી નોંધ કરું છુ.

INDEX

શ્રી એ. બી. પટેલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ.

રેફરન્સ (આઇ સી.) નં. ૨૪-૮૮.

સુરત ઈલેક્ટ્રીકસીટી કંપની સ્ટાફ યુનીયન. પ્રથમ પક્ષકાર
શ્રમજીવી સેવાલય,
સ્ટેશન સામે, સુરત.

વિરૂદ્ધ

શ્રી ચીફ એક્ઝીક્યુટીવ. બીજા પક્ષકાર
શ્રી સુરત ઈલેક્ટ્રીસીટી કંપની લી.
સ્ટેશન રોડ, સુરત.

હાજર રહયા, શ્રી મુળજીભાઈ વાઘજીભાઈ પ્રથમ પક્ષકાર તરફે
શ્રી એમ. કે. બાબરીયા
શ્રી વી. એન. શેણમારે

શ્રી જી એમ. વકીલ બીજા પક્ષકાર તરફે.

વિષય : પગાર ધોરણ તથા અન્ય સંસ્થાઓ અંગે.

એવોર્ડ

આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનીયને ઔદ્યોગિક અદાલતની લવાદી માટે બી. આઈ. આર. એક્ટની કલમ ૭૩-એ અન્વયે સુપ્રત કરેલ છે. પ્રથમ પક્ષકાર યુનીયને બીજા પક્ષકાર કંપની ઉપર ફોર્મ "એલ" માં તા. ૨૩-૫-૮૮ ના રોજ ફેરફારની નોટીસ આપી હતી અને નોટીસમાં જણાવ્યા પ્રમાણે ઝગડો ઉપસ્થિત કરેલ હતો. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનીયને સુરત મહાનગર પાલિકાના સ્થાનિક વિસ્તારમાં વિદ્યુત શક્તિ ઉત્પાદન કરવાનું વહન કરવાનું, અને પહોંચાડવાનાં ઉદ્યોગમાં રોકાયેલા કર્મચારીઓના પ્રતિનિધિત્વ હકક ધરાવતા યુનીયન તરીકે કરેલ છે. પ્રથમ પક્ષકાર યુનીયને નોટીસ આપ્યા બાદ, સમાધાન ન થવાથી આ ઔદ્યોગિક વિવાદ સમાધાન અધિકારી સમક્ષ રજુ કરેલો હતો, સમાધાન અધિકારી સમક્ષ ઝગડા બાબતે સમાધાન ન થવાથી સમાધાન અધિકારીશ્રીએ તા. ૨૨-૬-૮૮ ના રોજ નિષ્ફળતાનું સર્ટીફીકેટ કાઢી આપેલ. તે સર્ટીફીકેટ આ રેફરન્સ સાથે રજુ કરવામાં આવેલ છે. આ રેફરન્સ તા. ૨૭-૬-૮૮ ના રોજ કરવામાં આવેલ છે

INDEX

આથી તે સમયસરનો છે. યુનીયને આ રેફરન્સ સાથે ફોર્મ 'એલ' અસલ રજુ કરેલ છે.

(૨) આ રેફરન્સ ઔદ્યોગિક અદાલતની ઓફીસને મળતાં ઓ.ફીસે સુનાવણીની નોટીસ નં. ૧૫૮૪ તા. ૧૭-૮-૮૯ના રોજ કંપની ઉપર મોકલી હતી. પ્રથમ પક્ષકાર યુનીયને આંક-૩ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. આંક ૬ થી બીજા પક્ષકાર ઈલેકટ્રીસીટી કંપની તરફેથી ગીરીશભાઇ વકીલનું વકીલાતનામું રજુ કરેલ છે. આંક-૭ થી બીજા પક્ષકાર કંપનીએ જવાબ રજુ કરેલ છે. આંક-૮ થી યુનીયનના પ્રમુખથી નટવરલાલ સોપારીવાળાએ અરજીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજો રજુ કરાવવા માટે અરજી આપેલ છે. યુનીયને આંક-૮ થી કોન્ટ્રાકટરને પક્ષકાર બનાવવા માટે અરજી આપેલ છે. કંપનીએ આંક-૮ ની અરજીનો જવાબ આંક-૯ થી આપેલ છે. કોન્ટ્રાકટરવતી આંક-૧૦ થી જયવદન બી. જરીવાલાનું વકીલાતનામું રજુ કરેલ છે. આંક-૧૧ થી કોન્ટ્રાકટરે જવાબ રજુ કરેલ છે. આંક-૧૪ થી દસ્તાવેજો રજુ કરાવવા બાબતની યુનીયનની અરજીનો જવાબ કંપનીએ આપેલ છે આંક-૧૬ ની અરજીથી કંપનીના વિદ્વાન વકીલ શ્રી ગીરીશભાઈ વકીલે પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરેલ છે.

(૩) આ રેફરન્સ મારી સમક્ષ ચાલુ હતો તે સમય દરમ્યાન પ્રથમ પક્ષકારના હોદ્દેદારોએ આંક-૧૯ ની અરજી મારી સમક્ષ રજુ કરેલ છે. તેમાં નીચે પ્રમાણેની હકીકતો જણાવી છે. ધી સુરત ઈલેકટ્રીસીટી કંપનીઝ સ્ટાફ યુનીયન તરફથી તા. ૪-૧-૮૯ ના રોજ ચાર્ટર ઓફ ડીમાન્ડઝ મુકવામાં આવી હતી તે અંગે યુનીયન તથા સદરહુ મેનેજમેન્ટ વચ્ચે ખાનગી રાહે સમાધાન થયું છે. અને તે સમાધાન પ્રમાણે એવોર્ડ મેળવવા નામદાર કોર્ટમાં સદરહુ અરજી પણ કરવામાં આવી છે. આ રેફરન્સ અંગે કોઈ તકરાર નથી કે રહેતી નથી. અને તે બાબતે કોઈપણ નિકાલ કરવાનો રહેતો નથી, પક્ષકારો વચ્ચે ખાનગી રાહે સમાધાન કરવામાં આવ્યું છે. તેમાં આ કેસ યુનીયન તરફે પાછો ખેંચી લેવા બાબતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઉપર જણાવેલ સંજોગોમાં હવે આ રેફરન્સ આગળ ચલાવવાનો રહેતો નથી. અને પ્રથમ પક્ષકારે નામદાર કોર્ટમાં રજુ કરેલા સમાધાન મુજબ કેસ ખેંચી લેવા માટે ઠરાવેલ છે. આથી તે પાછો ખેંચી લેવાની પરવાનગી આપવા વિનંતી છે. પ્રથમ પક્ષકાર યુનીયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા ન હોઈ આ રેફરન્સ પાછો ખેંચો લેવાની પરવાનગી આપી હું આ રેફરન્સનો નિકાલ કરું છું. ખર્ચ બાબતે કોઇ હુકમ નથી. આ એવોર્ડની નકલ પક્ષકારોને મળે તે તારીખથી એક માસમાં અમલમાં આવવાનો છે.

સહી
પી. આર. પુરુષનાણી
સુરત
તા. ૨૪-૭-૯૦

સહી
એ. બી. પટેલ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, સુરત.

અમદાવાદ.
તા. ૨૭-૮-૯૦.

(એ. આઇ. શેખ)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયકસંઘ નિબંધક દ્વારા :

ક્રમાંક : ૬/ખ/શમક/ ૨૭૦૮૦ આરયુ અને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું જનરલ વર્કર્સ યુનિયન, અને નેશનલ કલોથ એન્ડ પ્રિન્ટીંગ વર્કસ, અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડાની સન-૧૯૯૦માં ઓગષ્ટ માસનાં ૨૭મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

શ્રી. આર. એસ. શુકલ, સભ્ય,

રેફ. (આઈ. સી.) નં. ૨૭/૮૯

જનરલ વર્કર્સ યુનિયન — પ્રથમ પક્ષકાર
ગાંધી મજૂર સેવાલય, ભદ્ર અમદાવાદ

વિ.

મેનેજર શ્રી,
નેશનલ કલોથ એન્ડ પ્રિન્ટીંગ વર્કસ, — બીજા પક્ષકાર
સુએઝફાર્મ રોડ બહેરામપુરા, અમદાવાદ

INDEX

કામદારોને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ના વર્ષ માટે ૨૦ ટકા લેખે બોનસ આપવા અંગે.

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર સંઘે દ્વિતિય પક્ષકાર કંપનીને ફેરફારની નોટીસ આપી કંપનીના તમામ કામદારોને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ના વર્ષ માટે ૨૦ ટકા લેખે બોનસ આપવા અંગે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને અંક-૭ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ કામમાં નામદાર અદાલત બહાર સુખદ સમાધાન થયેલ હોવાથી હવે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માગતા નથી અનેપાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઇ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરૂં છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ કેન્સલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર
તા. ૨૭-૬-૯૦
અમદાવાદ

સહી
આર. એસ. શુક્લ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
૨૬-૬-૯૦
અમદાવાદ

સહી
એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૨૭-૮-૯૦
અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૦૮૩ (આર, યુ.) સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું મીલ કામદાર મંડળ, રાજકોટ અને રાજકોટ ટેક્ષટાઈલ મીલ્સ, રાજકોટની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડાની સન-૧૯૯૦ માં ઓગષ્ટ માસનાં ૨૭માં દિને આથી નોંધ કરું છું.
શ્રી એમ. એચ. દોશી સાહેબ. ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ, રાજકોટ

રિવીઝન અરજી (આઈ. સી.) નં. ૨/૯૦

મિલ કામદાર મંડળ, પ્રથમ પક્ષકાર
'મજૂર મઢી' ભક્તિનગર સર્કલ,
રાજકોટ.

વિ.

રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ બીજા પક્ષકાર
કરણસિંહજી ક્રોસ રોડ,
રાજકોટ

ચુકાદો

૧. મિલ કામદાર મંડળ, રાજકોટ તરફથી આ રિવીઝન અરજીમાં કોર્ટ સમક્ષ ઉપસ્થિત કરવામાં આવી છે. આ રિવીઝન અરજી તા. ૨૬-૪-૯૦ ના રોજ પ્રથમ મજુર અદાલત, રાજકોટ નીચે કરેલ હુકમ સામે કરવામાં આવી છે અને તે હુકમનાં અમલ સામે કાયમી મનાઈ હુકમ આપવા પણ અરજ ગુજારવામાં આવી છે.

૨. આ પંચ સમક્ષ આ રિવીજનની અરજી દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો મોકલવામાં આવી હતી અને તે તમોને બજી પણ ગઈ હતી. પરંતુ આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ આ કોર્ટ સમક્ષ આંક-૭નું એક પુરસીસ રજુ કરી જણાવવામાં આવ્યું છે કે, આ કામમર તેઓ બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલું હોઈ તેઓ હવે આ કેસ પાછો ખેંચે છે. આ પુરસીસ

નીચે સામાવાળાનાં વકીલ તરફથી વાંધો નથી તે મતલબનું લખાણ-શેરો પણ કરવામાં આવ્યો છે. સબબ હવે આ કામમાં કાંઈપણ કરવાનું રહેતું નથી અને તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૩ની પુરસીસ અન્વયે આ રિવીઝન અરજી પાછી ખેંચાઇ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે કાંઈપણ હુકમ કરવામાં આવતો નથી.

સહી
મ. હ. દેશી
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, રાજકોટ

રાજકોટ
તા. ૨૩-૭-૯૦

સહી
એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૨૭-૮-૯૦
અમદાવાદ.

સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૦૮૭ આરયુ સને-૧૯૪૬નાં મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઇએ.

હું ટેક્ષટાઇલ લેબર એસોસીએશન. અમદાવાદ અને પટેલ મીલ્સ લી., અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સને-૧૯૯૦ માં ઓગષ્ટ માસનાં ૨૭મા દિને આથી નોંધ કરું છું.

INDEX

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

શ્રી. વી. એચ. ઠાકોર, સભ્ય રુબરુ

રેફરન્સ (આઈ સી) નં. ૭૮/૮૭

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર — પ્રથમ પક્ષકાર
અમદાવાદ

અને

પટેલ મીલ્સ લી. અમદાવાદ — બીજા પક્ષકાર

યુનીયનની માગણી મીલ કંપનીના વીવીંગ ખાતામાં દિવસ અને રાતપાળીમાં એક એક પરબવાળો રાખવા અંગે.

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ

૧. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીમાં, મીલ કંપનીના વીવીંગ ખાતામાં દિવસ અને રાતપાળીમાં એક એક પરબવાળો રાખવા અંગે યુનિયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે યુનિયને આંક ૧૦ પુરસીસ આપી જણાવેલ છે કે, પક્ષકારો વચ્ચે રેફરન્સ (આઈ સી) નં. ૨૯૩/૮૦માં શાળખાતામાં પાણીની વ્યવસ્થા કરવા એવોર્ડ લીધેલ હોઈ સદર રેફરન્સ તેઓ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. રેફરન્સ ફેસલ થયેલ ગણવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

INDEX

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર
૬-૭-૯૦
અમદાવાદ

સહી
વી. એચ. ઠાકોર
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
૫-૭-૯૦
અમદાવાદ

સહી
એ આઈ શેખ
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૨૭-૮-૯૦
અમદાવાદ

સને-૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/ગ્રમક/૨૭૦૮૯ આરયુ સને-૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૭ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ,

હું ટેક્ષટાઈલ એસોસીએશન અમદાવાદ અને ધી અસારવા મીલ્સ લી., અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦માં ઓગષ્ટ માસના ૨૭મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ
શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ
રેફરન્સ (આઇ સી) ૮૭/૧૯૮૭

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર, અમદાવાદ — પ્રથમ પક્ષકાર
અને
અસારવા મીલ્સ, અમદાવાદ — બીજા પક્ષકાર

યુનિયનની માંગણી મીલના વિવીંગ ખાતામાં દરેક પાળીમાં એક બીમવાળો વધારવો અને ચાલુ બીમવાળા પાસેથી વધારાની કામગીરી લેવા બદલ યોગ્ય મહેનતાણુ આપવા અંગે...

ઉદ્યોગ - કોટન ટેક્ષટાઈલ

૧. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીના વીવીંગ ખાતામાં પાળીમાં એક બીમવાળો વધારેલો અને ચાલુ બીમવાળા પાસેથી વધારાની કામગીરી લેવા બદલ યોગ્ય મહેનતાણું આપવાની માંગણી સબબ યુનિયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે

૨. આ રેફરન્સની ચાલુ સુનાવણીએ પ્રથમ પક્ષકાર યુનિયને અંક ૧૬નું પુરસીસ આપી જણાવેલ છે કે, આ બાબતમાં પક્ષકારો વચ્ચે અંદરો અંદર સમાધાન થતાં યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતુ નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. જે પરવાનગી આપવામાં કશુ વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી	સહી
જી. જે. દવે	વી. એચ. ઠાકોર
રજીસ્ટ્રાર	સભ્ય
તા. ૭-૭-૯૦	ઔદ્યોગિક અદાલત, ગુજરાત
અમદાવાદ	તા. ૬-૭-૯૦
	અમદાવાદ

સહી
સહાયક સંઘ નિબંધક,
ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૨૭-૮-૯૦
અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક શ્રમ નિયંધક દ્વારા,

ક્રમાંક : ૬/બ/શમક/૨૭૦૮૮ આર યુ/સને-૧૯૪૬ મુંબઈ નાં ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને અશોક મીલ્સ, અમદાવાદ ની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના ચૂકાદો સન-૧૯૯૦ માં ઓગષ્ટ માસનાં ૨૭ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈ. સી) નં. ૭૦/૮૭

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, પ્રથમ પક્ષકાર.
ભદ્ર. અમદાવાદ.

અને

અશોક મીલ્સ, અમદાવાદ. બીજા પક્ષકાર.

યુનિયનની માંગણી મીલના ઓટો શાળ ખાતામાં કામ કરતાં ટેલરોને ફુલ પેન્ટ અને ફુલ શર્ટ વર્ષ માટે બે જોડી આપવા તથા વોશીંગ એલાઉન્સ આપવા બાબત.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીના ઓટો શાળ ખાતામાં કામ કરતાં ટેલરોને ફુલ પેન્ટ અને ફુલ શર્ટ વર્ષમાં બે જોડી આપવા તથા વોશીંગ એલાઉન્સ આપવા બાબતે યુનિયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરોઅંદર કોઈ સમાધાન ના થતાં ઉપસ્થિત થયેલ છે.

INDEX

૨. ચાલુ રેફરન્સે પ્રથમ પક્ષકાર યુનિયને આંક–૧૧ નુ પુરસીસ આપી જણાવેલ છે કે આ બાબતમાં પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોવાથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતુ નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. રેફરન્સ ફેસલ થયેલ ગણવામાં આવે છે. ખર્ચ બાબતમાં કંઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૭-૭-૯૦.

સહી
(વી. એચ. ઠાકોર)
જજ,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ.

અમદાવાદ તા. ૨૭-૮-૯૦

સહી
(એ. આઈ. શેખ)
સહાયક સંઘ અંકનિયમ.
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/ ૨૭૦૯૩ આરસુ સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ–૭૪ (૨) અને અને. ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ આધિનિયમ–(ગુજરાત) નિયમોના નિયમ–૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

INDEX

૬. ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને અમદાવાદ ન્યુ ટેક્ષટાઈલ મીલ્સ અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિર્ણયો અને ૧૯૯૦ ના ઓગષ્ટ માસના ૨૭ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી. વી. એચ. ઠાકોર, સભ્ય રુબરુ.

રેફરન્સ (આઈસી) નં. ૬૧/૧૯૮૮.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર, અમદાવાદ — પ્રથમ પક્ષકાર.

અને

અમદાવાદ ન્યુ ટેક્ષટાઈલ મીલ્સ, — બીજા પક્ષકાર.

કાર્ડીંગ ખાતામાં જીગર મશીનમેન તરીકે સંતોષસીંગ બ્રહ્મજીતસીંગને ખાલી પડેલ જગ્યાએ મુકવા અંગે...

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ

૧ આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીના કાર્ડીંગ ખાતામાં જીગર મશીનમેન તરીકે સંતોષસીંગ બ્રહ્મજીતસીંગને ખાલી પડેલ જગ્યાએ મુકવા બાબતમાં યુનિયને, મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. આલુ રેફરન્સે યુનિયને આંક ૯નુ પુરસીસ આપી જણાવેલ છે કે, આ કામમાં સંબંધીત કામદાર અને મીલ કંપની વચ્ચે સમાધાન થઈ ગયેલ હોવાથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

INDEX

સહી
(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ.

જી. જે. દવે.
રજીસ્ટ્રાર.
અમદાવાદ. તા ૧૬-૭-૯૦.

સહી
એ. આઈ. શેખ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ.
અમદાવાદ.

તા. ૨૭-૮-૯૦
અમદાવાદ.

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/ ૨૭૦૯૦ આરયુ–સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમના કલમ–૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ–(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું ટેક્ષટાઇલ લેબર એસોસીએશન અમદાવાદ અને ન્યુ રાજપુર મીલ્સ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૦ માં ઓગષ્ટ માસના ૨૭મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, રાજ્ય. અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈ સી) નં. ૪૫/૮૭.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, પ્રથમ પક્ષકાર.
ભદ્ર, અમદાવાદ.

INDEX

અને

ન્યુ રાજપુર મીલ્સ, અમદાવાદ. બીજા પક્ષકાર.

યુનિયનની માંગણી મીલના શાળ ખાતામાં વેફટ પુરા પાડવા માટે પાળીવાર બબ્બે વધારાની વેફટમેનની જગ્યાઓ વધારવા અંગે...

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીના શાળખાતામાં વેફટ પુરા પાડવા માટે પાળીવાર બબ્બે વધારાની વેફટમેનની જગ્યાઓ વધારવા અંગે યુનિયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, આંક ૧૦નુ પુરસીસ આપી જણાવેલ છે કે, સદર કામમાં પક્ષકારો વચ્ચે અંદરોઅંદર સમાધાન થઈ ગયેલ હોવાથી તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરુ છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર,
અમદાવાદ.
તા. ૭-૭-૯૦

(વી. એસ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ.
૬-૭-૯૦

સહી
એ. આઇ. શેખ
સહાયક સરકારી નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સબંધ અધિનિયમ
અમદાવાદ.

તા. ૨૭-૮-૯૦
અમદાવાદ

INDEX

અને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/૫૫/શમક/૨૭૦૯૨ આરયુ સને-૧૯૪૬નાં ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને અમદાવાદ એડવાન્સ મીલ્સ લી. અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડાની સન-૧૯૯૦માં ઓગષ્ટ માસના ૨૭મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

શ્રી. વી. એચ. ઠાકોર સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈ સી) નં. ૪૫૦/૧૯૮૩

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર, અમદાવાદ.　　　　પ્રથમ પક્ષકાર.

અને

અમદાવાદ એડવાન્સ મીલ્સ લી., અમદાવાદ.　　　　બીજા પક્ષકાર.

યુનિયનની માંગણી મીલના શાળ ખાતાની પ્રત્યેક પાળીમાં લીનો મશીન ચલાવવા માટે ૬ કામદારો દીઠ એક એક રીલીવર આપવા વિ.અંગે..

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીમાં શાળ ખાતાની પ્રત્યેક પાળી દીઠ લીનો મશીન ચલાવવા માટે ૬ કામદારો દીઠ એક એક રીલીવર આપવા અંગે યુનિયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે યુનિયને આંક ૨૫નુ પુરસીસ આપી જણાવેલ છે કે મીલ કંપનીએ લીનોના સાંચા બંધ કરી દીધેલ હોય આ રેફરન્સમાં માગેલ માંગણી

આગળ ચલાવવા માંગતા નથી અને તેથી રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ
તા. ૨૨-૬-૧૯૯૦

સહી
વી. એચ. કાકોર
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
તા. ૨૧-૬-૯૦

સહી
તા. ૨૭-૮-૯૦
અમદાવાદ.

સહી
(શ્રી. આઇ. શેખ)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/ ૨૭૦૮૨ આર યુ સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક અધિનિયમની-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ.

હું બરોડા સેન્ટ્રલ કો. ઓ. બેંક લી, વડોદરા અને શ્રી મણીભાઈ ડાહ્યાભાઈ પટેલ વડોદરાની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓગષ્ટ માસનાં ૨૭ દિને આથી નોંધ કરૂં છુ.

શ્રી બે. જ ત્રિવેદી, ઔદ્યોગિક ન્યાયપંચ વડોદરા, સમક્ષ

અપીલ (આઇ. સી.) નં. ૨/૮૮.

બરોડા સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લી., સયાજીગંજ, વડોદરા. — અરજદાર

શ્રી મણીભાઈ ડાહ્યાભાઈ પટેલ, મંગલપાર્ક સોસાયટી, ગાંજરાવાડી, વડોદરા — સામાવાળા

એવોર્ડ ચુકાદો

૧ બી. આઇ આર. ટી અરજી નં. ૩૭/૮૦ ના કામમાં હાલના સામાવાળાએ અરજદારે અરજી કરેલી અને હાલના અરજદાર તેમાં સામાવાળા હતા મજુર અદાલત, વડોદરાના ન્યાયધીશશ્રી એચ. એસ. મહેતાએ તા. ૧૮-૧-૧૯૮૮ ના રોજ કરેલ હુકમ સામે હાલની અપીલ કરવામાં આવી છે. હવેથી પક્ષકારોને બી. આઈ. આર (ટી) અરજી નં. ૩૭/૮૦ ના જે રીતે પક્ષકાર હતાં, તેમ અરજદાર અને સામાવાળા તરીકે સંબોધવામાં આવશે. અરજી મંજુર કરી અરજદારને પુનઃસ્થાપિત કરવાનો તેમજ છેલ્લા મળતા પગારના ૬૦ ટકા આપવા તેમજ રૂ. ૧૦૦/- ખર્ચ તરીકે અપાવાનો હુકમ લેબર કોર્ટે ફરમાવેલ છે.

INDEX

૨. અરજદાર ૧૯૪૬ થી સામાવાળાની બેંકમાં નોકરી કરતા હતા. તેમની અવારનવાર બદલીઓ કરવામાં આવતી હતી. અરજદારની તબિયત બગડવાથી ડુરીંગ નોકરીમાં હાજર રહી શકેલા નહિ અને સીક લીવ પર હતા વળી, બદલી થતાં હાજર થવા જતાં હેડ ઓફીસમાંથી હાજર થવાની પરવાનગી માગણી કરતા હાજર થયા ત્યારબાદ તેમની પત્નીની બિમારીને કારણે તેમજ તેની અને બાળકોની દેખરેખ રાખવા રજા પર રહેવું પડેલું આ અંગે જરૂરી રીપોર્ટ મોકલેલા, મેડીકલ સર્ટીફીકેટ મોકલેલા તે છતાં સામાવાળાએ એકતરફી મનસ્વી રીતે તા. ૧૯-૧-૧૯૮૦ થી છુટા કર્યા હતા. જેથી તેમણે લેબર ઓફીસર તથા બેંકને તે માટે વિનંતિ કરી હતી. પરંતુ, વિનંતિ માન્ય કરવામાં ન આવતાં અરજી કરી.

૩. સામાવાળાએ આંક-૭ થી જવાબ રજુ કરી તકરાર ઉઠાવી કે તબિયતનું કારણ ખોટું છે, દ્વેષ-બુદ્ધીથી છુટા કર્યાની હકીકત ખરી નથી. સામાવાળા અનિયમિત હતા. ઈન્કવાયરીમાં તહોમતનામું પુરવાર થતાં છુટા કરવામાં આવ્યા છે. વ્યાજબી કારણ વિના માંદગીના ખોટા બહાને અગાઉથી મંજુરી મેળવ્યા વિના ગેરહાજર રહેલા છે અને હાજર થવાના હુકમની અવગણના કરી તેથી ચાર્જશીટ આપી તપાસ હાથ ધરી પુરતી તક આપી છુટા કરવામાં આવ્યા છે."

૪. લેબર કોર્ટમાં અરજદારે તથા સામાવાળાએ દસ્તાવેજો તથા મૌખિક પુરાવો આપેલ છે. બન્ને પક્ષને સાંભળ્યા બાદ પુનઃસ્થાપિત કરવાનો અને ૬૦ ટકા પગાર આપવાનો હુકમ ફરમાવ્યો છે.

૫. અપીલમાં બન્ને પક્ષકાર તરફથી એડવોકેટશ્રીને સાંભળવામાં આવ્યા. સામાવાળા તરફે અપીલમાં ફક્ત નીચે મુજબની તકરાર કરવામાં આવી છે.

(૧) મુદતની અંદર બી, આઈ. આર. એકટની કલમ ૪૨ (૪) અને રૂલ ૫૩ (૨) નીચે પ્રીસ્કબાઈડ એપ્રોચ લેટર બેંકને અરજદારે લખ્યો નથી જેથી અરજદારની અરજી લેબર કોર્ટમાં ચાલી શકે નહિ.

(૨) લેબર કોર્ટ ઈન્કવાયરી ઓફીસરના અરજદારને છુટા કરવાના હુકમ ઉપર એપેલેટ કોર્ટ તરીકે પડેલા પુરાવાની ફરી તુલના ન કરી શકે તે નિર્ણયમાં ફેરફાર ન કરી શકે.

(૩) ચાર્જ પુરવાર થતો હોઇ આપેલ શિક્ષા યોગ્યને વ્યાજબી હોઈ લેબર કોર્ટે તેમાં હસ્તક્ષેપ કર્યો તે કાયદેસર અને ન્યાયી નથી.

INDEX

(૫-બ) જ્યારે સામાવાળાની દલીલ એવી છે કે, લેબર કોર્ટનો નિર્ણય કાયદેસર યોગ્ય અને વ્યાજબી છે, પડેલ પુરાવાના આધારે તહોમત સાબિત થતું નથી, ઈન્કવાયરી ઓફીસરનો નિર્ણય કાયદેસર, ન્યાયી અને વ્યાજબી ન હતો. રજુ કરેલ સર્વિસ બુક ઉપરથી ફલિત થાય છે કે, અરજદાર માંદા હતા. તે અંગે રીપોર્ટ અને ડાક્ટરના સર્ટીફીકેટ મોકલવામાં આવેલા. રજાઓ મંજુર થઈ હતી પણ પાછળથી સર્વિસ બુકમાં સુધારા કરી તહોમતનામું મુકવામાં આવ્યું છે. બેંક તરફથી રજુ કરેલા દસ્તાવેજ અને પુરાવાથી ઈન્કવાયરી ઓફીસરે આપેલ નિર્ણય અને સજા બેઝલેસ છે અને પુરવાર થતા નથી. તા. ૧૯-૧-૧૯૮૦ ના હુકમ વિરૂદ્ધ તારીખ ૧-૭-૮૦ ના રોજ લેબર ઓફીસર તેમજ બેંકને પુનાસ્થાપિત કરવા અને પગાર આપવા કરેલ વિનંતી એપ્રોચ લેટર સમાન છે, તેથી સામાવાળાની તે તકરાર ચાલી શકે તેમ નથી. ડીસમીસલ ઓર્ડર કાયદેસર, વ્યાજબી કે ન્યાયી નથી. ટી. અરજી નં. ૩૭/૮૦ ના કામમાં પાન-૨૪૫, ૨૪૭ અને ૨૫૧ થી એપ્રોચ લેટર અને તે બેંકને પહોંચ્યાની રજી. એડી. ની રસીદ છે. તેમાં તમામ ફરિયાદ આવી જાય છે. ઈન્કવાયરી ઓફીસરના હુકમને પડકારતો તેમજ યોગ્ય દાદ માગતો પત્ર હોઈ મુદતનો બાધ કે લેબર કોર્ટમાં અરજી ટકી ન શકે તે દલીલો ટકી શકે તેમ નથી. બી. આઈ. આર. એક્ટ કામદારના હિતના રક્ષણ અર્થે બેનીફીસીઅલ લેજીસ્લેશન હોઈ ટેકનીકલ પ્રોસીજરલ વાંધો ટકી શકે તેમ નથી.

૬. સામાવાળા તરફથી કરવામાં આવેલી દલીલ બી આઈ. આર. એક્ટની કલમ : ૪૨ (૪), ૭૮, ૭૯ અને રૂલ્સ ૫૩ (૨) સાથે વાંચતા તા. ૧/૨-૭-૮૦ ના પત્રને એપ્રોચ લેટર કહી શકાય કે નહી, તે જોવાનું છે. તેવો પત્ર લખવામાં આવ્યો છે. તે લેબર ઓફીસર તેમજ બેંકને નકલ મોકલી આપવામાં આવી છે, તેનું બેંકના ઓફીસરની જુબાનીમાં ઉલટતપાસમાં પણ કબુલેલું છે તેનું કોઈ પ્રીસ્ક્રાઈબ ફોર્મ સામાવાળા તરફથી બતાવવામાં આવતુ નથી. બી આઈ આર. એક્ટ ના રૂલ્સમા તેનું કોઈ પ્રીસ્ક્રાઈબ ફોર્મ નથી તા. ૧૯ ૧-૮૦ ના ઈન્કવાયરી ઓફીસરના હુકમથી નોકરીમાં છુટા કર્યાના છ માસની અંદર તે મોકલવામાં આવેલ છે. છ માસ દરમ્યાન મળેલ છે, પાન. ૪૫-૪૭ પરના પત્ર વાંચતા બેંકને અરજદાર ઈન્કવાયરી ઓફીસરના હુકમની કાયદેસરતા, ખરાપણું અને યોગ્યતા વિગે કારણો પડકારેલ છે તેવુ [illegible] પા. ૩૩ ઉપર આંક-૩/૧ અરજી લેબર [illegible] તે ત ૧-૭ ના [illegible] તેના ઉપર દર્શાવેલ છે [illegible] નકલ બેંક સામાવાળાને મોકલી આપી છે બી આઈ. આર. એક્ટના રૂલ્સ ૫૩ (૨) મુજબ તે છ માસની અંદર [illegible] લેટર ગણીએ તો

મોકલવામાં આવ્યો છે. જેથી એપ્રોચ લેટર મુદત દરમ્યાન સામાવાળા બેંકને મોકલેલ છે. જેથી રૂલ્સ ૫૩ (૨) મુજબ ૧૫ દિવસ કન્સીલીએશન માટે ટાઇમ મળે. વળી, અરજી કરવાનું કારણ કૉઝ ઑફ એકશન પત્ર મળ્યા બાદ ૧૫ દિવસમાં કન્સીલીએશન ન થતાં તે અરજદારે અરજી ત્રણ માસમાં એટલે કે, તા. ૨૧–૮–૮૦ ના રોજ દાખલ કરી છે. પાન. ૩૩ નો તા. ૧–૭–૮૦ ના રોજ વહેલામાં વહેલો મળે તેમ માનો લઈએ તો તેના ૩ માસની અંદર એટલે કે, તા. ૧–૧૦–૮૦ અગાઉ તારીખ ૨૧–૮–૮૦ ના રોજ દાખલ કરી છે.

૭. ૧૯૮૮ (૨) કરન્ટ લૉ રીપોર્ટસ પાન-૧૮૫ ઈશ્વરભાઈ મૂલચંદ મોદી વિ. વડનગર નાગરીક કો. બેન્ક લી. ના કામે ગુજરાત હાઇકોર્ટ ઠરાવ્યું છે કે, જો ડીસમીસલ ઓર્ડરને ચેલેન્જ કરતી અરજી બી. આઈ. આર એક્ટની કલમ ૭૮ (૧) (એ) (૧) જો કલમ ૭૮ (૩) ના ત્રણ માસના પીરીયડ પછી દાખલ કરવામાં આવે તો મુદત બહાર થાય છે. તે કેસમાં તા ૯–૧૨–૧૯૮૩ એ અરજદારને છુટા કરેલ અને બીજે જ દિવસે એમ્પલોયરને એપ્રોચ લેટર અરજી મોકલી. તેવી કલમ ૫૩ ૧) મુજબનો ૭ માસનો સમય મળે નહિ. પણ તા. ૧૦–૧૨–૮૩ ના રોજ અરજી અપ્રોચ લેટર મોકલી આપતા રૂલ ૫૩ (૧) નો પીરીયડ છ માસનો લાભ મળે નહિ અને રૂલ ૫૩ (૨) પ્રમાણે બીજા દિવસથી અરજીનું કારણ શરૂ થાય છે જેથી તે કેસમાં તા ૧૦–૧૨–૮૩ પછી ૧૫ દિવસમાં સમાધાન ન થાય તો કલમ ૭૯ (૩ મુજબ ત્રણ માસમાં અરજી ન કરતાં તા. ૧૫–૫–૮૪ ના રોજ લેબર કોર્ટમાં અરજી કરવામાં આવેલી. જેથી મજકુર કામમાં તા. ૧૯–૧–૮૦ ના રોજ છુટો કરવાનો હુકમ બાદ રૂલ ૫૩ (૧) મુજબ એપ્રોચ લેટર પાન. ૩૩ મુજબ તારીખ ૧–૭–૮૦ ના રોજ છ માસમાં લખવામાં આવ્યો છે. ત્યારબાદ એમ્પ્લાયરોને તેની નકલ બીજે દિવસે મળી હોય તો પણ ૧૫ દિવસ બાદ અને ત્રણ માસની અંદર તા. ૨૧–૮–૮૦ ના રોજ લેબર કોર્ટને કલમ ૭૮ (૧) એ (૧) મુજબ અરજી દાખલ કરી દીધી છે

૮. સામાવાળા તરફે ૧૯૭૨ (૧) એલ.એલ. જે પાન ૭ મેસર્સ છોટાભાઈ પટેલ એન્ડ કું. પર આધાર રાખવામાં આવે છે. પરંતુ, તે બી. આઈ. આર. એક્ટ મહારાષ્ટ્ર એક્ટ ૨૨/૧૯૬૫ ના સુધારાથી કલમ ૭૮ (૧) ડી) અને રૂલ ૫૧) મહારાષ્ટ્રના સુધારા, કાયદા અને રૂલ્સ આધારે છે, તે પણ અરજી કરતા પહેલા જરૂરી કન્ડીશન પ્રોસીડન્ટની અવગણના કરવામાં આવી હોય હોય તો લેબર કોર્ટ જ્યુરીડીકશન એકસરસાઇઝ કરી શકે નહિ, તેમ ઠરાવેલું છે. આગળ કહ્યું તેમ હાલના કેસમાં અપ્રોચ લેટર પણ તે પત્રને ઠરાવ્યો છે. અને તે મુદતની અંદર હોઇ લેબર કોર્ટ જ્યુરીડીકશન ન હોવાનું માનવાપાત્ર નથી.

INDEX

૯. ૧૯૭૬ (૧) એલ. એલ. જે. ૨૧૫ રાયપુર મેન્યુફેક્ચરીંગ કું. લી. બી. આઈ. આર. એક્ટની કલમ ૭૮, ૭૯, ૪૨ (૪) તેમજ રૂલ્સ ૫૩ નો અર્થઘટન કરી ઠરાવેલ છે કે, એપ્રોચ લેટર એમ્પ્લોયર અને એમ્પ્લોઈ બંને સંમતિથી ૧૫ દિવસથી વધુ મુદત ન લંબાવે તો લેબર કોર્ટમાં કરેલી અરજી મુદત બહાર ઠરે છે તે કેસની હકીકત જોતાં હાલના કેસમાં તે ઠરાવ લાગુ પડતો નથી. તે કેસમાં રીટાયર કર્યા બાદ ઉંમર અંગેની તકરાર કરતો અપ્રોચ લેટર અને ત્યાર બાદ ૩ ત્રણ માસ પછી લેબર કોર્ટમાં મુદત બહાર અરજી હતી. બન્ને પક્ષકારોએ સંમતિથી કન્સીલીએશન માટે મુદત લંબાવેલી નહિ. તેવું ફલિત થયું છે.

૧૦. હાલના કેસમાં પ્રાથમિક મુદ્દો કાઢી ઠરાવ આપવા લેબર કોર્ટને અરજી કરવામાં આવી નથી, જેથી ૧૯૫૪ આઈ. સી. આર. ૧૧૬૩ અમદાવાદ લક્ષ્મી કોટનનો કેસના ઠરાવનો મુદ્દો ઉપસ્થિત થતો નથી. લેબર કોર્ટે જે કે તે અંગેની તકરાર અંગે ઠરાવમાં વિવરણ કરી પોતાનો નિર્ણય જાહેર કરેલ છે.

૧૧. કલમ ૪૨ (૪) મુજબ અને રૂલ ૫૩ મુજબ એપ્રોચ લેટર એમ્પ્લોઈએ એમ્પ્લોયરને તેમના નિર્ણય તેને માન્ય નથી અને ખોટો છે તે અંગે લેબર ઓફીસર અને એમ્પ્લોયરને જાણ કરી છે તેથી લખેલ પત્ર એપ્રોચ લેટર જ કહેવાય અને તે પ્રમાણે કન્ડીશન પ્રીસીડન્ટ ફુલફિલ થતું નથી તેમ કહી ન શકાય.

૧૨. આ અંગે દસ્તાવેજી પુરાવા, લેબર કોર્ટનો ઠરાવ અને જુબાનીમાંથી સ્પષ્ટ થાય છે તેથી સામાવાળા બેંક તરફથી કરવામાં આવેલી દલીલ કે એપ્રોચ લેટર લખ્યો નથી. મુદતમાં નથી, લેબર કોર્ટને જ્યુરીડીકશન નથી વગેરે તકરારો ટકી શકે તેમ નથી.

૧૩. હવે સવાલ રહે છે કે, લેબર કોર્ટ ઈન્કવાયરી ઓફિસરના અરજદારને છુટા કરતા હુકમને પડકારી શકે અને તે કેટલા પ્રમાણમા લેબર કોર્ટ હસ્તક્ષેપ કરી શકે. આ બાબતમાં કલમ ૭૮ (૧) એ (૧) સ્ટેન્ડીંગ ઓર્ડરના તેની નીચે કરેલ ઠરાવ એમ્પ્લોયરનો હોય તો તે અંગેની તકરારમાં તેની લીગેલીટી અને પ્રોપ્રાયટી નામદાર લેબર કોર્ટ જોઈ શકે છે. સામાવાળા તરફે નચેના ચુકાદા ટાંકી એવી દલીલ કરવામાં આવી છે કે, લેબર કોર્ટ ઈન્કવાયરી ઓફીસરના હુકમ અંગે પડેલ પુરાવો રીએપ્રીસીએટ ન કરી શકે. તે ચુકાદાઓ નીચે મુજબ છે.

(૧) ૧૯૫૮ (૧) એલ. એલ. જે. ૨૬૦, ઈન્ડીયન આયર્ન એન્ડ સ્ટીલ કું.

(૨) ૧૯૬૨ (૨) એલ. એલ. જે ૭૭૨, હમદર્દ વકફ

(૩) ૧૯૬૦ (૨) એલ. એલ. જે. ૫૬, દુમદુમા ટી કું. લી.

INDEX

૧૪. પરંતુ, તેમાં પણ ઈન્ડીયન આયર્ન એન્ડ સ્ટીલ કું. લી. ના કેસમાં ઠરાવેલ છે કે લેબર કોર્ટ એપેલેટ કોર્ટ તરીકે પોતાનો નિર્ણય સબસ્ટીટ્યુટ ન કરી શકે. પરંતુ, નીચેના કારણોસર હસ્તાક્ષેપ કરી શકે.

(૧) શુદ્ધબુદ્ધિનો અભાવ હોય.

(૨) કિન્નાખોરી કરી હોય.

(૩) અનફેર લેબર પ્રેકટીસ.

(૪) જ્યારે મેનેજમેન્ટ બેઝીક એરર માટે ગુનાહિત હોય અગર કુદરતી ન્યાય સિદ્ધાંતોનો ભંગ કર્યો હોય.

(૫) જ્યારે મટીરીઅલ નિર્ણય કમ્પ્લીટલી બેઝલેસ હોય અગર પરવર્સ હોય.

૧૫. કાયદાના આ સ્થાપિત સિદ્ધાંત અંગે તકરાર નથી. વધુમાં કરવામાં આવેલ સમક્ષ પણ ખુબ જ વધુ પડતી હોય તો ત અંગે પણ લેબર કોર્ટ હસ્તક્ષેપ કરી શકે છે.

૧૬. આંક-૧ ની અરજી તેમજ પાન ૩૩ નો તા. ૧-૭-૮૦ નો ગવર્મેન્ટ લેબર ઓફિસરને તેમજ બેન્કને લખેલ પત્રમાં દ્વેષબુદ્ધીથી, કિન્નાખોરી રાખી, ખોટા કારણોસર ઈન્કવાયરી તેમજ ખોટી રીતે છુટા કર્યા તે હુકમને ખડકાર્યો છે. અરજદારે અસલ સર્ટીફિકેટો રજુ કર્યા હતા તે રજૂ કરવા કહ્યું છે. લેબર કોર્ટમાં પણ બન્ને પક્ષે જૂબાની થઈ છે. બેન્ક તરફથી જે ડોક્ટર સર્ટીફિકેટ આપ્યું છે તે તા. ૨૫-૫-૭૯ ના રોજ અરજરને તપાસીને નોકરી પર કામ કરવા ફીટ છે, તેવું સર્ટીફિકેટ આપ્યું છે. રજૂ કરેલ સર્વાસણુકયી ફલિત થાય કે, સીક લીવ મંજુર કરેલી પણ પાછળથી ચેકચાક કરી તા. ૨૫ ૫-૭૯ બાદ સુધારા-વધારા કર્યા છે. અસલ સર્ટીફિકેટો અરજદારે રજૂ કરેલા, ઈન્કવાયરીમાં એક રજુ કર્યા નથી તે ખોટા છે તેવું ઉપરથી પુરવાર થતું નથી ફક્ત ડોકટરનો કહેવાતો અભિપ્રાય કે જુના કોઈ દર્દ થવાના ચિન્હો દેખાતાં નથી. આવી રીતે જે તે વખતે અરજદારે રજૂ કરેલા સર્ટીફિકેટ ખોટા છે અને તેમને જે તે વખતે તેવો કોઈ રોગ ન હતો કે આરામ કરવાની ને દવા લેવાની જરૂર ન હતી તેવું સ્થાપિત કરવા કોઈ પુરાવો નથી. બીજી વખતની ગેરહાજરી માટે પત્નીની બિમારી અને પત્ની અને બાળકોની સંભાળ રાખવા રહયાનું કારણ ખોટું છે. તેવું સ્થાપિત કરવા કોઈ પુરાવો નથી. જ્યારે અરજદારે રજુ કરેલ પોતાની માંદગી તેમજ પત્નીની માંદગીના સર્ટીફિકેટ ખોટા છે. તેવું સ્થાપન કરવા કોઈ પાયો કે પુરાવો નથી જેથી, લેબર કોર્ટ જજમેન્ટમાં બતાવ્યા મુજબ ઈન્કવાયરી ઓફિસરના તારણ, ચાર્જ બેઝલેસ અને

INDEX

અને પરવર્સ છે તેનું પ્રાથમિક રીતે દેખાઈ આવે છે. અરજદારે તમામ આક્ષેપોનો ઈન્કાર ખુલાસામાં કર્યો છે, અને બેંકના ઓફીસરને કોઈ જાત માહિતી નથી. બેંકના ડોકટરને તપાસેલ નથી. બેંકના ડોકટરે આપેલ સર્ટીફીકેટની નકલ અરજદારને આપવામાં આવી નથી. માંગણી કરતા બેન્ક તેના જવાબમાં અરજદારની માંદગીને કંઈ લગતા નથી, તેમ કબુલ રજુ કરવા ના પાડી છે. જુબાની તેમજ બંને તરફે પડેલ પુરાવા, બેંકની કબુલાત જોતાં અરજદારે પોતાની તેમજ પત્નીની માંદગીના સર્ટીફીકેટ રજુ કર્યા છે અને તે સ્વીકારી રજા પણ મંજૂર થઈ હતી. પરંતુ, તા. ૨૫-૫-૭૯ બેન્કના ડોકટરે અરજદારને તપાસ્યા બાદ તે સીકલીવ રદ કરી તહોમતનામું આપ્યું છે અરજદારે બેન્કમાં ઈન્સ્પેક્ટરની પોસ્ટ મળતાં રૂ. ૨૦ એલાઉન્સ માંગ્યું હતું, તેથી મન ઉંચા થતાં બદલીઓ તેમજ પરેશાની ભોગવવી પડી છે, ડો. બી. ટી. દવે બેંકના ઓફીસરની જૂબાની મુજબ કાયમી પેનલ ડોકટર છે. તેથી તેમને મહેનતાણું બેંક તરફથી મળે છે. આંક-૪૯ પાન નં. ૨૬૯થી શ્રી સુરેશચન્દ્ર ભટ્ટની જુબાનીથી ફલિત થાય છે કે. અરજદાર તેની પોતાની તથા પત્નીના બિમારીને કારણે રજા પર રહેલ તે ખરું છે, અરજદારે રજાની સાથે મેડીકલ સર્ટિફિકેટ મોકલ્યા હતા, તે અસલ રજુ કરતા નથી અને રેકર્ડ પર અસલ આવ્યા વિના તે ખોટા છે, તેવું સ્થાપિત થઈ શકે નહિ અને તે અંગે લખેલ પુરાવો નથી. રોગ-માંદગી મટી ગયા બાદ તેના ચિન્હો રહે કે નહિ, તે પણ કઈ જાતની માંદગી હતી અને એક વાર મટવા પછી તેના ચિન્હો પાછળ કયાં સુધી રહે તે અંગે કંઈ પુરાવો નથી. વળી સુરેશચન્દ્રે બેંક તરફે જુબાનીમાં ઉલટતપાસમાં કબુલ્યું છે કે, તા. ૧-૭-૮૦નો વિનંતિ પત્ર અરજદારનો તા. ૨-૭-૮૦ના રોજ મળ્યો છે (જુઓ : રેકર્ડ પાન ૨૭૫ આંક-૪૯ પેરા-૧૦)

૧૭. ઉપરની તમામ હકીકત પરથી ફલિત થાય છે કે. ઈન્કવાયરી ઓફીસરે કરેલ હુકમ વોન્ટ ઓફ ગુડફેઈથ, વીકટી મોઇઝેશન અનફેર લેબર પ્રેકટીસથી રંગાએલ છે તેમજ તે હુકમમાં પાયાની ભુલ છે, પરવર્સ છે અને નિર્ણય પાયા વિનાનો અને પરવર્સ છે.

૧૮. આ અંગે લેબર કોર્ટના જજમેન્ટના પેરા-૪ માં અરજદારની આંક-૨૪ની જુબાનીમાં કિન્નાખોરી કરી ટ્રાન્સફર કરી તે હકીકત નસવાડી બદલી થતાં હાજર થવા જતા શાખાના એજન્ટે હેડ ઓફીસની પરવાનગી લઈ આવવાનું કહ્યાનું તેમજ તે મેળવી તે હકીકત દર્શાવી છે. આ પહેલા કોઈ મેમા મળ્યા નથી. પોતાની અને પત્નીની માંદગીના કારણે અરજદાર ગેરહાજર રહ્યાની વાત સામાવાળાએ સ્વીકારી છે. વધુમાં, અરજદારે કરેલ ખુલાસા, રજુ કરેલ માંદગીના

સર્ટીફિકેટોની હકીકત ફલિત થાય છે ચાર્જમાં મૂકેલા તમામ આક્ષેપો કે કોઈપણ પુરવાર થતા નથી તે અંગેની હકીકત પુરાવામાં સ્પષ્ટ છે તહોમતનામાનો ઈકરાર કર્યાને સવાલ જ નથી. પરંતુ, તમામ આક્ષેપો નકારી ખુલાસો કર્યો છે. બેન્કની તકરાર અંગે પેરા ૮માં ઉલ્લેખ છે. મૌખિક પુરાવામાં કે દલીલના અમુક મુદ્દા ઉઠાવેલ નથી તા. ૨૧-૮-૮૦ની અરજી તેમજ વિનંતિ પત્ર મુદતની અંદર છે તેવો નિર્ણય બરાબર છે તા. ૧-૭-૮૦નો પત્ર અરજદારે લખેલ તા. ૨-૭-૮૦ના રોજ રજી એડી.ના પાવતી રજુ હોવાથી બેન્કના ઓફીસર કે સાહેદને તે હકીકત પણ કબુલ કરવી પડી છે.

૧૮-એ જજમેન્ટના પેરા-૧૦માં લેબર કોર્ટે રેકાર્ડ પર આવેલ હકીકતો ધ્યાનમાં લઈ રજાઓ અરજદારની મંજુર કરવામાં આવેલી તેમાં 'ના' શબ્દ પાછળથી લખી સર્વિસ બુકમાં બેન્કે ચેકચાક ઉમેરો કરી તહોમત પુરવાર કરવા કર્યું હોય તેમ ફલિત થાય છે તે હકીકત પણ ધ્યાનમાં લીધી છે. અરજદારે મોકલેલ સર્ટિફિકેટની નકલો આપતા નથી. ફેમીલી ડોકટરને તપાસવા અરજદારે અરજી પણ આપેલી. જ્યારે બેન્કના ડોકટરનુ સર્ટિફિકેટ અરજદારને પાછળથી જે તે વખતે તપાસ્યા તે અંગેનું છે. જેથી અરજદારના ફેમીલી ડોકટરે આપેલા સર્ટિફિકેટ માન્ય રાખી મંજુર કરેલી રજાઓ પાછળથી ના માન્ય કરી તહોમતનામું ફરમાવ્યું છે. બેંકના ડોકટરને તપાસવા જરૂરી હતા. ડોકટરી તપાસ માટે પણ અરજદાર હવે નોકરીમા રહેવા ફીટ છે કે નહિ તે અંગે ઠરાવવા દર્શાવેલ છે. લેબર કોર્ટે પડેલ પુરાવા દસ્તાવેજી તેમજ રજુ થયેલા સર્વીસબુક, સર્ટિફિકેટ વિગેરે જોઈ હકીકત જણાવી છે કે, પડેલ પુરાવાના આધારે અરજદારે રજૂ કરેલ સર્ટીફિકેટ ફેમીલી ડાકટરના ખોટા છે તેવુ સ્થાપિત થઈ શકે તેમ નથી બલ્કે બેંકના ડોકટરનુ સર્ટીફિકેટ પણ તે ફેમીલી ડોકટરના સર્ટિફિકેટો ખોટા છે, તેવું સ્પષ્ટ કરેતું નથી. પરંતુ, સર્ટિફિકેટના આધારે મંજુર કરેલી રજાઓ પાછળથી નામંજુર કરી તપાસ ઉભી કાઢી છે. જ્યારે બંને પક્ષના ડોકટરોને અભિપ્રાય વિરૂદ્ધ હોય તો પ્રથા મુજબ સીવીલ સર્જનને ત્યાં અરજદારને તપાસ કરવા રીફર કર્યા નથી. જેથી ઈન્કવાયરી ઓફીસર બેંકના ડોકટરના સર્ટીફિકેટ ઉપર આધાર રાખી એકતરફી નિર્ણય લીધો છે અને અરજદારના ફેમીલી ડોકટરના સર્ટીફિકેટો પોતે માન્ય રાખ્યા હોવા છતાં પાછળથી ખોટા છે તેવો આક્ષેપ પુરવાર થઈ શકે તેમ નથી નિર્ણયમાં પાયાની ભુલ છે. દરેક મુદ્દાથી તપાસ કરવામાં આવી છે. જરૂરી પુરાવો બેંકે રજુ કર્યો નથી.

૧૯. અરજદાર તરફે ૧૯૮૫ (૫૦) એફ. એલ. આર. પાન-૨૧૧ (મુંબઈ હાઈકોર્ટ) મ્યુનિસિપલ કોર્પોરેશન બોમ્બે વિ. આપ્ટેના કેસમાં લેબર અગર

ટ્રીબ્યુનલ કોર્ટને સજા ઓછી કરવાની સત્તા છે, તેવું ઠરાવેલ છે. સદરહુ કામમાં પુરાવાના આધારે અરજદારને કરેલ પનીશમેન્ટ બીલકુલ ટકી શકે તેમ નથી. તો છતાં ચાર્જ, પુરાવો, ખુલાસો, હાલનો રજુ થયેલ પુરાવા જોતાં પણ સ્પષ્ટ થાય છે કે, ચાર્જ પુરવાર થતો નથી. પુરવાર થાય તો પણ કરેલ સજા ખુબ જ આકરી અને વધુ પડતી છે, તેવું અરજદાર તરફે કહેવામાં આવે છે. તે વ્યાજબી લાગે છે.

૨૦. બેંક તરફથી ૧૯૬૭ (૧) એલ. એલ. જે. ૪૬૩ મણેકચોક એન્ડ અમદાવાદ મેન્યુફેકચરીંગ કું. નો કેસ ટાંકી કલાક ઓફિસ સમય દરમ્યાન ગાદી પર પગ મૂકી ઉંઘી ગયા બદલ ડીસમીસલ વ્યાજબી ગણાય અને લેબર કોર્ટ, એપેલેટ કોર્ટ ન હોઈ હસ્તક્ષેપ ન કરી શકે તેમ દલીલ થઈ. ૧૯૮૭ (૨) સી. એલ. આર. -૧૨ બી. ડી. ત્રિપાઠી વિરૂધ્ધ ઈન્ડીયન એરલાઈન્સ કોર્પોરેશનના કેસમાં ખોટા કારણસર રજા માગે તો તે મેનેજમેન્ટ કોન્ફીડન્સ ગુમાવ્યો છે તે નક્કી કરી શકે તેવું ઠરાવ્યું છે. તે તમામ પ્રીન્સીપલ માન્ય ગણીએ તો પણ હાલના કેસની વિગતો અલગ છે. ખોટા કારણોસર અને ખોટા સર્ટીફીકેટ મેળવી રજાની માંગણી મૂકી છે, તેવુ પુરવાર થતું નથી પણ બેંક તરફથી પાછળથી ડોકટરે તપાસી અરજદાર કાર્ય કરવા ફીટ છે, તેવું સર્ટીફીકેટ મેળવ્યું છે અરજદારના ડોકટર જે તે વખતે આપેલ સર્ટીફીકેટ જુઠા પુરવાર થતા નથી. જે તે વખતે તે માંદા ન હતા તેવું પુરવાર કરવાનો કોઈ પુરાવો નથી. ૧૯૭૦ (૧) આઈ. સી. આર. ૫૬૦ બી. ઈ. એસ. ટી. વર્કસ યુનિયન વિ. બી. ઈ. એસ. ટી. અન્ડર ટેકીંગનો કેસ ઉપર આધાર રાખી સ્ટેન્ડીંગ ઓર્ડર ગેરકાયદેસર નોકરી ઉપર ગેરહાજરી મીસકન્ડકટ ગણાય, તેમ દલીલ કરવામાં આવી છે. તે કેસમાં ૨૨૨ દિવસ ગેરહાજરી બદલ તેની નોકરી છૂટી કરવામાં આવી. જ્યારે રીસ્પોન્ડન્ટનું કહેવું એવું હતુ કે, પાંચ વર્ષની નોકરી દરમ્યાન તેની હાજરી અસંતોષકારક હતી તેમ ગણી નોકરીમાં ચાલુ રાખવા મુનાસીફ ન લાગતાં છુટા કરવામાં આવેલ. જ્યારે આ કામમાં તો ચાર્જ સ્પેસીફિક ખોટા સર્ટીફીકેટ રજુ કરી ગેરહાજર રહ્યાનો અને માલિકના હુકમનો અનાદર કર્યાનો છે. વળી, તે કેસમાં તેવા નોકરની જરૂરીયાત ન હોય તો નોકરીમાંથી છુટા કરી શકાય અને હુકમ મીસકોન્ડકટ માટેનો નથી તેવું લેબર કોર્ટે ઠરાવેલ છે. તો કેસમાં પણ કોર્ટ કામદારને છુટા કરવાનો હુકમ ખરેખર સજારૂપ કરવામાં આવ્યો છે કે ફકત છુટો કરવા માટેનો છે તે તપાસી શકે છે. તેમ ઠરાવ્યું છે. ચાલુ કેસમાં પણ અરજદારની પહેલાં માંદગીના સર્ટીફીકેટ ડોકટરના માન્ય રાખી મંજુર કર્યા બાદ ડોકટરી તપાસ કરાવી ફીટ ઠરતાં તેના અગાઉના માંદગીના સર્ટીફીકેટ જુઠા છે, તેમ માની રજાઓ રદ કરી સર્વિસબુકમાં ચેડાં-સુધારા કરી તેની સામે

તહોમત મૂકી છુટો કરવામાં આવ્યો છે, જેથી તે બી. ઈ. એસ. ટીના કેસની હકીકત આ કેસને લાગુ પડતી નથી. બેન્કને રૂલીંગ આ કેસમાં ઉપયોગી થતું નથી.

૨૧. જ્યારે અરજદાર તરફે રેકર્ડ ઉપરથી ફલિત થાય છે કે, અરજદારના માંદગીના સર્ટીફિકેટ જુઠા ઠરતા નથી. એ કે કોઇ જુદા જ આશયથી પોતાનું મતવ્ય અને મંજુર કરેલ રજા રદ કરી તહોમતનામું ફરમાવ્યું અને તે તહોમતનામુ પુરવાર કરવા માટે જરૂરી, યોગ્ય અને પાયારૂપ કોઈ પુરાવો નથી.

૨૨. શિક્ષાની બાબતમાં પણ તહોમતનામુ પુરવાર ન થતાં શિક્ષાત્મક કરેલો હુકમ ટકી શકતો નથી. શિક્ષા પણ ગુન્હાના પ્રમાણસર હોવી જોઈએ. અરજદાર તરફે ૧૯૮૨ (૪૪) એફ. એલ. આર. ૭૧ વર્કમેન ઓફ વીલીઅમસન મેગોર એન્ડ કું. લી.ના કેસમાં મેનેજમેન્ટનું આરબીટ્રરી અને અનજસ્ટીફાઈડ એકશન ટ્રીબ્યુનલ તપાસી શકે તેવું ઠરાવેલ છે. 'વીક્ટીમાઈઝેશન'નો અર્થ બે જુદી રીતે થઈ શકતો હોય તો કામદારની તરફેણુ કરતો અર્થ ઘટાવવો જોઈએ. તેવું પ્રતિપાદન પણ તે કેસમાં કરેલ છે ૧૯૯૦ (૬૧) એફ. એલ. આર. ૨૨૯ વી. બી. અલીતકરના કેસમાં ઠરાવેલ છે કે, નાના ચોરી બદલ બાર વર્ષ જુના કામદારને ડીસમીસ ન કરતા થોડા વખત માટે ગ્રેજ્યુઇટી અને રીન્ટ્રેન્ચમેન્ટ કોમ્પેશેસનના લાભથી અલિપ્ત રાખવું યોગ્ય છે. જ્યારે કરેલ સજા સંપૂર્ણ ડીસપ્રપોર્સનેટ હોય તો લેબર કોર્ટ હસ્તક્ષેપ કરી યોગ્ય સજા ફરમાવી શકે છે. ૧૯૮૫(૫૦) એફ એલ. આર. પાન ૨૧૧ ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશન વિ. એમ. એચ. આપ્ટેના કેસમાં લેબર કોર્ટ અને અપીલમાં ઈન્ડસ્ટ્રીયલ કોર્ટને એમ્પ્લોયરે કરેલા હુકમની લીગેલીટી અને પ્રોપ્રાયટી જોવા સત્તા છે અને એમ્પ્લોયરનો નિર્ણય કરતાં અલગ નિર્ણય પર આવી શકે છે. તેવું ઠરાવેલ છે. તેવી જ રીતે ૧૯૮૫ (૫૧) એફ. એલ. આર. પાન-૬૮ શંકરદાસ વિ. યુનિયન ઓફ ઇન્ડીયાના કેસ ઉપરથી ફલિત થાય છે કે, રૂ. ૫૦૦ની ઉચાપત બદલ ફોજદારી કોર્ટ ગુન્હેગાર એમ્પ્લોઈઝને ઠરાવેલ હોય તો પણ ડીસમીસલનો હુકમ કરતા જે કંઈ સત્તા વાપરવાની હોય તે ફેરલી, જસ્ટલી અને રીઝનેબલી વાપરવી જોઈએ. ૧૯૯૦ એલ. એલ. આર. ૭૩, મે. ઈન્ડીયન એલ્યુમીનીયમ કું. લી., વિ. ધી પ્રિસાઇડીંગ ઓફીસર, લેબર કોર્ટ, રાંચીના કેસમાં પણ ઈન્ડસ્ટ્રીયલ અને લેબર કોર્ટની સત્તા ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એક્ટની કલમ : ૧૧ (એ)થી લેબર અને ઇન્ડસ્ટ્રીયલ કોર્ટની સત્તાને સીમીત કરવામાં આવી નથી. તેમ ઠરાવ્યું છે.

— ઉપરના તમામ પાસા તપાસતાં લેબર કોર્ટનો ચુકાદો બરાબર છે. સજા બુબ જ આકરી, અપ્રમાણસર, અયોગ્ય, અન્યાયી અને ન્યાયી, વિવેકબુદ્ધિ વિનાની

INDEX

છે. તેથી પણ લેબર કોર્ટ તે અંગે હસ્તક્ષેપ કરી શકે છે. નોકરીમાંથી છુટા કરવાની સજા વધુ પડતી આકરી છે. ગેરહાજર રહેવા બદલ પોતાની માંદગી તેમજ પત્નીની માંદગીના સર્ટીફિકેટ રજૂ છે, તે અંગે યોગ્ય ખુલાસો છે, જેથી, ગુન્હો માનવામાં આવે તો પણ આટલી આકરી સજા થઇ શકે નહિ જ્યારે લેબર કોર્ટ પણ તે અંગે સ્પષ્ટ વિચાર કરી પુનઃસ્થાપિત કરતા હુકમ સાથે ફક્ત ૬૦ ટકા પગારના આપવા હુકમ ફરમાવ્યો છે,

૨૩. આવી રીતે બંને પ્રકારે તપાસતાં લેબર કોર્ટનો ચુકાદો ન્યાયી, વ્યાજબી તેમજ બરાબર છે. તે અંગે તેમજ સજા અંગે હવે હસ્તક્ષેપ કરવાને સ્થાન નથી.

૨૪. ઇન્કવાયરી ઓફીસરે કરેલ હુકમ રદ થવાને પાત્ર છે. લેબર કોર્ટનો ઠરાવ યોગ્ય, ન્યાયી, વ્યાજબી અને બરાબર છે. જેથી, અપીલમાં હસ્તક્ષેપ કરવા કોઈ કારણ નથી.

૨૫. ઉપરના સંજોગોમાં એપેલન્ટ સામાવાળા બેન્ક તરફે કરવામાં આવેલ દલીલો સ્વીકારી શકાય તેમ નથી અને અપીલ રદ થવાને પાત્ર છે.

હુકમ

૨૬. અપીલ રદ કરવામાં આવે છે, લેબર કોર્ટનો બી. આઈ. આર. (ટી) ૭૭/૮૦માં કરવામાં આવેલ ઠરાવ કન્ફર્મ કરવામા આવે છે. અરજદાર રીસ્પોન્ડન્ટનો અપીલનો ખર્ચ રૂ. ૧૦૦ (અંકે રૂપિયા સો) પુરા સામાવાળા બેન્કે એપેલન્ટે આપવા.

વડોદરા
તા. ૧૭-૭-૧૯૯૦

(બી. જે. ત્રિવેદી)
ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરા

સહી
(એ. આઇ. શેખ)
સહાયક સંઘ નિબંધક,
ઔદ્યોગિક સંબંધ અધિનિયમ.
અમદાવાદ.

તા. ૨૭-૮-૯૦
અમદાવાદ

અને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬/બ/શમક/ ૨૭૦૯૪ આર. મુ. સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ ગુજરાત નિયમોના નિયમ ૭૦ થી મને આપવમાં આવેલી સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને ન્યુ કોમર્શીયલ મીલ્સ કું. લી., અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓગષ્ટ માસનાં ૨૭મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન. એ. ચૌહાણ. સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈ સી) નં. ૧૬૨/૭૯.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન. અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ન્યુ કોમર્શીયલ મીલ્સ કંપની લિ., અમદાવાદ. દ્વિતીય પક્ષકાર

બીમની થાળીઓ અગાઉની જેમ નાની કરવામાં આવે અને બીમનું વજન બીમવાળાઓ ઉપાડી શકે તેટલું જ રાખવામાં આવે તે અંગે.

: ચુકાદો :

૧ હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ. ૧૯૪૬ ની કલમ ૭૩ (ક) મુજબ, પ્રથમ પક્ષકાર સંઘે મીલ કંપનીને તા. ૨૨-૩-૭૯ ના રોજ કલમ ૪૨ (૨) મુજબની ફેરફારની સૂચના આપવાથી અને તે અંગે સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવી શકેલ નહીં હોવાથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપતાં ઉપસ્થિત થયેલો છે.

૨. આ રેફરન્સ અગાઉ સંઘના પુરાવાના અભાવે રદ કરવામાં આવેલ, જે પરથી સંઘે અરજી કરતાં આ રેફરન્સ ફરી ફાઈલ પર લેવાનો હુકમ કરેલ છે. ત્યારબાદ આ કામમાં બંને પક્ષકારોએ આંક-૧૪ ની પુરસીસથી સમાધાનની

INDEX

શરતો રજુ કરી તે મુજબ એવોર્ડ કરી આપવા વિનંતી કરી છે. સદરહુ સમાધાન અમોને યોગ્ય. વ્યાજબી જણાય છે અને બંને પક્ષકારો તે કબુલ રાખે છે, પરિણામે તે મુજબના આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

: હુકમ :

૩. આ રેફરન્સમાં બંને પક્ષકારોએ આંક-૧૪ ની સમાધાનની શરતો મુજબ વર્તવાનું રહેશે. આંક-૧૪ ને આ ચુકાદાના એક ભાગ તરીકે ગણવનો રહેશે. ખર્ચ સંબંધી કંઈ હુકમ કરવામાં આવતો નથી.

નામદાર ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

રેફ. આઈ સી. નં. ૧૬૨-૭૯.

ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર અમદાવાદ. પ્રથમ પક્ષકાર.

અને

ધી ભારત વિજય મીલ્સ. અમદાવાદ યુનીટ અને
ધી કોન્ટીનેન્ટલ ટેક્ષટાઈલની મીલ્સ, અમદાવાદ, દ્વિતીય પક્ષકાર.

ઉપરોક્ત કામમાં અમો પક્ષકારો વચ્ચે નીચે મુજબ સમાધાન થયેલ છે તે શરતો પ્રમાણે એવોર્ડ આપવા નામદાર અદાલતને નમ્ર વિનંતી છે.

(સમાધાનની શરતો)

(૧) મીલ્સ કંપનીમાં કાયમી બીમ કેરીયરોની સંખ્યા હાલ ૧૩ ની છે.

(૨) પ્રત્યેક પાળીમાં બીમ કેરીયરોની કામગીરી તેમજ શ્રમબોજ લગભગ સરખા છે બીમ વાળાની હાલના કામગીરી અને બીમના વજનમાં થયેલા વધારાના સંદર્ભમાં મીલ્સ કંપની પ્રત્યેક બીમવાળાનો માસિક રૂ. ૭-૫૦ અંકે રૂપીયા સાત અને એસીપૈસા પુરા બેઝીક પગારમાં ભરી આપવાનું સ્વીકારેલ છે.

(૩) આ પગાર વધારો ૧૩ કાયમી બીમવાળાઓને ઉચ્ચક રકમ રૂા. ૫૬૦૦-૦૦ અંકે રૂપીયા પાંચ હજાર છસો પુરા સરખે હીસ્સે પાછલા તફાવત પેટે ભારત વિજય મીલ ચુકવી આપશે, આ સમાધાનની ઔદ્યોગિક અદાલતમાં ચાલતા રેફ. આઈ સી. નં. ૫૮-૮૬ પાછો ખેંચી લેવામાં આવશે.

(૪) આ સમાધાન બંને પક્ષકારોની સંમતીથી કરેલ છે

INDEX

સહી
અમદાવાદ તા ૨-૭-૯૦

સહી
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન વતી
(પ્રથમ પક્ષકાર)
ધી ભારત વિજય મીલ્સ કું.

અને

ધી કોન્ટીનેન્ટલ ટેક્ષટાઈ મીલ્સ કું.
વતી (દ્વીતીય પક્ષકાર)

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર અમદાવાદ.
તા ૭-૭-૧૯૯૦.

સહી
(એન. એ. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

તા. ૨૭-૮-૯૦
અમદાવાદ

સહી
એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક શ્રમ નિયામક દ્વારા

ક્રમાંક : ૧/અ/૧૫૪/૧૭૦૯૬/આર.યુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને શ્રી અંબીકા મીલ્સ લી., નં. ૧ અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦માં ઓક્ટોબર માસના ૨૭મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી. એન એ. ચૌહાણ, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૫૬/૮૨

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

શ્રી અંબિકા મીલ્સ, લિ. નં. ૧, અમદાવાદ — દ્વિતીય પક્ષકાર

મીલના શાળ ખાતાની ત્રણેય પાળીમાં એક એક બીમ કેરીયર વધારી આપવા વગેરે અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ. ૧૯૪૬ની કલમ ૭૩(ક) મુજબ, પ્રથમ પક્ષકાર સંઘે મીલ કંપનીને તા. ૧૮-૧૦-૮૨ના રોજ કલમ ૪૨ (૨) મુજબની ફેરફારની સુચના આપતાં અને તે અંગે સમાધાનકાર પક્ષકારો વચ્ચે સમાધાન કરાવી ન શકતાં સંઘને આપેલ નિષ્ફળતાના પ્રમાણપત્ર પરથી સંઘે ઉપસ્થિત કરેલ છે.

૨. ત્યાર બાદ આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર સંઘના પ્રતિનિધિએ બાંક-૧મની પુરસીસ રજુ કરીને પક્ષકારો વચ્ચે હાલમાં શાળખાતું બંધ કરવા માટે કરાર થયેલ હોઈ, ખાતું ફરી ચાલુ થાય ત્યારે માંગણી કરવાનો હક્ક અબાધિત રાખીને તેઓ રેફરન્સ પાછો ખેંચી લે છે તો તે મુજબ હુકમ કરવા વિનંતી છે. સંઘની સદરહુ પુરસીસની વિગતે, સંઘને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં અમોને કોઈ હરકત જણાતી નથી, પરિણામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર સંઘને-રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે આ રેફરન્સનો નિકાલ થયેલો ગણવાનો રહેશે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(એન. એ. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

જી. જે. દવે
રજિસ્ટ્રાર
અમદાવાદ તા.૧૮-૭-૯૦

(એ. આઇ. શેખ)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

અમદાવાદ
તા. ૨૭-૮-૯૦

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/પ્ર/શ્રમક/૨૭૦૯૮ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ, અને કોન્ટીનેન્ટલ ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓગષ્ટ માસના ૨૭માં દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

રેફરન્સ (આઈ સી) નં. ૨૫-૧૯૮૮.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર, અમદાવાદ પ્રથમ પક્ષકાર,

અને

કોન્ટીનેન્ટલ ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદ. બીજા પક્ષકાર.

યુનિયનની માંગણી શાળ ખાતામાં ત્રણે પાળીમાં લાઈન જોબરોને વર્ષમાં બે જોડી કપડા વિગેરે આપવા બાબત...

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ

૧. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીમાં શાળ ખાતામાં ત્રણે પાળીમાં લાઈન જોબરોને વર્ષમાં બે જોડી કપડા વિગેરે આપવા બાબતમાં યુનિયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને અંક ૮ નું પુરસીસ આપી જણાવેલ છે કે, રેફરન્સી માંગણી મુજબ મીલે તેનો અમલ કરી દીધેલ હોવાથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતું નથી અને પાછો ખેંચી લેવાની

INDEX

પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરૂં છું.

: હુકમ :

૩. યુનિયને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
જી. જે. દવે.
રજીસ્ટ્રાર
અમદાવાદ. તા. ૭-૭-૯૦

સહી
(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔધોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ.

સહી
(એ. આઈ. શેખ)
સહાયક સંઘ નિબંધક.
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

અમદાવાદ
તા. ૨૭-૯-૯૦

સને-૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૦૯૭ આરયુ સને ૧૯૪૬ના મુંબઈ ઔધોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔધોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને કોન્ટીનેન્ટલ ટેક્ષટાઈલ મીલ્સ અમદાવાદની વચ્ચેના ઔધોગિક વિવાદમાં ઔધોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓગષ્ટ માસનાં ૨૭મા દિને આથી નોંધ કરૂં છું,

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ

રેફ. (આઈ. સી.) નં. ૧૯/૧૯૮૯

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

અને

કોન્ટીનેન્ટલ ટેક્ષટાઈલ મીલ્સ — બીજા પક્ષકાર

વીવીંગ ખાતામાં હ્યુમીડીટી પ્લાન્ટ ચલાવવા માટે હ્યુમીડીટી મેન ત્રણેય પાળીમાં એક એક જગ્યા ઉભી કરી આપવી વિ. અંગે.

ઉદ્યોગ – કોટન ટેક્ષટાઇલ

૧. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીના વીવીંગ ખાતામાં હ્યુમીડીટી પ્લાન્ટ ચલાવવા માટે હ્યુમીડીટી મેન ત્રણે પાળીમાં એક એક જગા ઉભી કરવા માટે યુનિયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે,

૨. આલુ રેફરન્સે પક્ષકારોએ આંક ૪નું સમાધાન પુરસીસ રજુ કરેલ છે જેમાંની શરતો જોતાં તે યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય છે અને તે મુજબ હુકમ કરવાથી ઔદ્યોગિક શાંતી જળવાઈ રહે તેમ લાગે છે. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. પક્ષકારોએ આંક ૪ના સમાધાન પુરસીસની શરતો મુજબ વર્તવું. આંક ૪ના સમાધાનની એક નકલ આ હુકમ સાથે રાખવી. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર,
તા. ૬-૭-૯૦.
અમદાવાદ

સહી
(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ

INDEX

નામદાર ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

રેફ. આઈ. સી નં-૧૯૧/૮૯

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

અને

કોન્ટીનેન્ટલ ટેક્ષટાઇલ મીલ્સ અમદાવાદ — દ્વિતિય પક્ષકાર

અમો પક્ષકારો આ કામમાં નીચે મુજબ સમાધાન કરીએ છીએ તો તે મુજબ હુકમ કરવા વિનંતી છે,

(૧) મીલ્સ કું. ના ઈજ. મીકે. ખાતામાં ત્રણેય પાળીમાં પરિશિષ્ટમાં દર્શાવેલા કામદારો કેરીયર-કમ કોમ્પ્રેસરમેન તરીકે કામ કરે છે, અને આ સમાધાનથી તેમને તેમના નામ સામે દર્શાવેલ પગાર આપવા મીલ્સ કું. સંમત થાય છે.

(૨) મીલ્સ કુંની ત્રીજી પાળીમાં દર્શાવેલા કામદાર મુલા દીનમહંમદને તેમની સામે જણાવેલ બેઝીક પગાર ઉપરાંત તેમને અગાઉ યુનિયન સાથે થયેલ સમજૂતી મુજબ રોજના રૂ, ૧/- જે મળતા હતા તે રૂ ૧/- રોજનો પગાર બેઝીક પગારમાં ઉમેરીને આપવામાં આવશે તથા શ્રી કનુભાઈ શીવાભાઈ તથા પરતાપજી અંબરજીને તેમના બેઝીક પગારમાં રોજના રૂ. ૦-૪૦ પૈસા બેઝીકમાં ઉમેરીને આપવા.

(૩) મીલ્સ કું. માં હયુમીડીટી પ્લાન્ટ ૧૯૮૩માં આવેલ અને તેમનો મ લક કું. નો વહીવટ ભારત વિજય મીલ્સ, કલોલના હાથમાં હતો. અને કોન્ટીનેન્ટલ ટેક્ષટાઇલ મીલે તા. ૧૬-૯-૮૬ના રોજ વહીવટી સંભાળેલ હોવાથી ૧૯૮૩ થી તા. ૧૫-૯-૮૬ સુધીના કારીગરોને તફાવ ની ચુકવવાની રકમ ભારત વિજય મીલ્સ, કલોલ ચુકવી આપશે અને તા. ૧૬ ૯-૮૬ થી તા. ૩૧-૧૦-૮૯ સુધીના તફાવતની રકમ કામદારો સ્વેચ્છાએ જતી કરે છે.

(૪) પરિશિષ્ટમાં દર્શાવેલ કારીગરની બાલીમાં જે બદલી કામદાર કામ કરશે તેને કાયમી કારીગરનો પગાર આપવામાં આવશે.

(૫) તા. ૧-૧૧-૮૯ થી પરિશિષ્ટમાં જણાવેલ કામદારોના બેઝીક પગારનો અમલ પગાર પત્રકમાં કરવાનો છે.

INDEX

(૬) ઉપર મુજબ કામદારોના તફાવતની રકમ આ હુકમ મળયેથી ૧૫ દિવસમાં મીલ્સ કું. ચુકવી આપશે.

ઉપર મુજબ હુકમ કરશોજી,

કોન્ટીનેન્ટલ ટેક્ષટાઈલ મીલ્સ,

પરિશિષ્ટ

કારીગરના નામ	હાલનો બેઝીક પગાર.	પગારમાં વધારો.	નવો બેઝીક પગાર
૧. શ્રી કનુભાઇ શીવાભાઈ	૨૮૮-૩૨	૧૦-૪૦	૨૯૮-૭૨
૨. શ્રી પરતાપજી અમરજી	૨૮૮-૩૨	૧૦ ૪૦	૨૯૮-૭૨
૩. શ્રી કનુભાઈ ડાહ્યાભાઈ	૩૨૧-૩૪	૨૭-૬૨	૩૪૮-૯૬
૪. શ્રી શેરમહંમદ મુસાભાઈ	૩૨૧-૩૪	૨૭-૬૨	૩૪૮-૯૬
૫. શ્રી મુસા દિનમહંમદ	૩૪૭-૩૪	૨૭-૬૨	૩૭૪-૯૬

સહી

અમદાવાદ તા. ૨૯-૬-૯૦

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન વતી,

કોન્ટીનેન્ટલ ટેક્ષટાઈલ મીલ્સ વતી,

સહી

ભારત વિજય મીલ્સ, કલોલ વતી,

સહી

એ. આઇ શેખ

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ

તા. ૨૭-૮-૯૦

અમદાવાદ

INDEX

સન. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૦૯૯ આર. યુ. સન, ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮ (૧) અને સન. ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું અસારવા મીલ્સ લી. અમદાવાદ અને ટેક્ષટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદ સમાધાન અધિકારી શ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૦ના ઓગષ્ટ માસના ૩૦ મા દિને, આથી નોંધ કરું છું.

સમાધાનકારશ્રી બી. બી. ઠાકર સમક્ષ

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬

સમાધાનનું ખતપત્ર

કેસ નં. બી. આર. સી (૭૩) ૯૦

પક્ષકારોના નામ

(૧) માલિકોના પ્રતિનિધિશ્રી મેનેજર	શ્રી સાગરમલ આર. શર્મા અસારવા મીલ્સ લી. અમદાવાદ
(૨) કામદારોના પ્રતિનિધિશ્રી મંત્રી વતી	શ્રી મનહરભાઈ પટેલ ટેક્ષટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદ

કેસની ટુંકી વિગત

તા. ૧૭-૫-૯૦ના રોજ ઉપરોક્ત સંસ્થાના વ્યવસ્થાપકોએ નમુના "કે" માં સુતરાઉ કાપડ ઉદ્યોગ માટે અમદાવાદ શહેરના સ્થાનિક, વિસ્તારમાં પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતા ઉપરોક્ત મંડળને મીલ્સ કંપની નવા ઓટોલુમ્સ શેડમાંથી ૧૨ (બાર) જગ્યા કાયમી ધોરણે કમી કરવા અંગે છે તે અંગેની માંગણી રજુ કરતી ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહીં થઈ શકવાથી સદરહુ સંસ્થાએ તારીખ ૨૮-૫-૯૦ના રોજ સમાધાનકારને નમુના "એન" માં અહેવાલ મોકલી આપ્યો હતો જે તા. ૧૮-૬-૯૦ના રોજ સમાધાનકારને મળ્યો હતો અને તા. ૨૫-૬-૯૦ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી જે વખતો વખત બન્ને પક્ષકારોની સંમતીથી મુલતવી રાખવામાં આવી હતી તે તા. ૫-૭-૯૦થી તા.

INDEX

૨૦–૭-૯૦ સુધી ચાલી હતી. જેમાંની છેલ્લી જણાવેલ તારીખે બન્ને પક્ષો વચ્ચે મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૫૮ (૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

સમાધાનની શરતો

આ સાથેના જોડેલ પરિશિષ્ટ મુજબ.

પ્રથમ પક્ષકાર ધી અસારવા મીલ્સ. અમદાવાદના એ સુતરાઉ કાપડ ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયન ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશન અમદાવાદને તા. ૧૭-૫-૯૦ના રોજ બી. આઈ આર. એકટની કલમ-૪૨ (૧) હેઠળ ફોર્મ "ક"માં નોટીસ ઓફ ચેઇન્જ આપી હતી અને મીલ્સ કંપનીમાં સંપૂર્ણ પણે પોલીસ્ટર અને ફાઈબર કાઉન્ટ હાલમાં ચાલતો હોવાથી નવા શાળ ખાતાની (ઓટોમેટીક) ૧૨ જગ્યા અનુક્રમે વીવર-રીલીવર-લુમકલીનર અને વેકટ કેરીયરની કેટેગરીમાંથી નાબુદ કરવા આપી હતી જેના અનુસંધાનમાં બંને પક્ષકારો વચ્ચે લંબાણપૂર્વક ચર્ચા વિચારણા બાદ નીચેની શરતોએ સમાધાન કરવામાં આવેલ છે.

સમાધાનની શરતો

(૧) મીલ્સ કંપનીના નવા ઓટોલુમ શેડમાં હાલમાં નીચે દર્શાવેલ મુજબનું કાયમી સંખ્યાબળ છે,

હોદ્દો	પહેલીપાળી	બીજીપાળી	ત્રીજીપાળી	કુલ
વીવર	૧૩	૧૩	૧૩	૩૯
રીલીવર	૩	૩	૩	૯
લુમ કલીનર	૨	૨	૨	૬
વેકટ કેરીયર	૧	૧	૧	૩
જોબર	૩	૩	૩	૯
આસી. જોબર	૩	૩	૩	૯
બેટરી બોય	૩	૩	૩	૯
ઓઈલર	૧	૧	૧	૩
સ્વીપર	૧	૧	૧	૩
	૩૦	૩૦	૩૦	૯૦

INDEX

હોદ્દો	પહેલીપાળી	બીજીપાળી	ત્રીજીપાળી	કુલ
પાના નં.-૫૯૯ નું	૩૦	૩૦	૩૦	૯૦
કારપેન્ટર ...	૧	૧	૧	૩
ચાપટ ક્લીનર	૨	૨	૨	૬
ફીટર	૧	૧	—	૨
ફીટર કુલી	૧	૧	—	૨
કુલ	૩૫	૩૫	૩૩	૧૦૩

(૨) મીલ કંપની આ સમાધાન થયે તેના નવા ઓટોશાળ ખાતામાંથી ત્રણે પાળીમાં થઈ કુલ ૧૨ જગ્યા કમી કરશે અને આ ૧૨ જગ્યા કમી થયા બાદ સદર ખાતાનું કાયમી સંખ્યાબળ હવે પછી નીચે મુજબ રહેશે.

હોદ્દો	પહેલીપાળી	બીજીપાળી	ત્રીજીપાળી	કુલ
વીવર	૧૨	૧૨	૧૨	૩૬
રીલીવર	૨	૨	૨	૬
લુમ ક્લીનર	૧	૧	૧	૩
જોબર	૩	૩	૩	૯
આસી જોબર	૩	૩	૩	૯
બેટરીબોય	૩	૩	૩	૯
ઓઈલર	૧	૧	૧	૩
સ્વીપર (ઝાડુવાળા)	૧	૧	૧	૩
કારપેન્ટર	૧	૧	૧	૩
ચાપટ ક્લીનર	૨	૨	૨	૬
ફીટર	૧	૧	—	૨
ફીટરકુલી	૧	૧	—	૨
કુલ :	૩૧	૩૧	૨૯	૯૧

INDEX

(૩) મીલ્સ કંપનીમાં હાલમાં નવા ઓટોશાળમાં ૭૨ની સાઈઝની કુલ ૨૪ લુમ્સ છે જે દરેક પાળીમાં વીવર દીઠ આઠના ધોરણે ચાલે છે, તે હવે પછી વીવર દીઠ ૧૨ ના ધોરણે ચલાવવામાં આવશે, જે મૂળ ઓટોના વીવર ૧૪ લુમ્સના છે તે જ ચલાવશે. આથી પાળી દીઠ એક વીવરની જગ્યા કમી થશે. આ જગ્યા કમી થયા બાદ કંપનીની વર્કીંગ કન્ડીશન જો જળવાઈ રહેશે નહી અને એફીસીયન્સી ૯૦ ટકાથી ઘટશે તો તેમને ૯૦ ટકાની એફીસીયન્સીના ધોરણે પગાર આપશે. પરંતુ એ સતત ત્રણ માસ સુધી વર્કીંગ કન્ડીશનમાં સુધારો નહીં થાય તો વીવર દીઠ ૧૨ ના બદલે આઠ લુમ્સ કરવામા આવશે. આમ થવાથી જે બે વીવરોને ૧૨ લુમ્સો પગાર મળશે. તે આઠ લુમ્સ થતાં પણ ચાલુ રહેશે, જ્યારે ત્રીજો વીવર જે મૂકવામાં આવશે તેને એવોર્ડ મુજબનો પગાર આપશે. જો છ માસ સુધીમાં વર્કીંગ કન્ડીસનમાં સુધારો નહીં થાય તો વધારાના ત્રીજા વીવરને કાયમી કરવામાં આવશે. ત્યારબાદ તો કન્ડીશન સુધરશે તો ત્રીજા વીવરને ખાતામાં અન્ય જગ્યાએ કામ આપી ૧૨ લુમ્સના ધોરણે ચલાવશે. ૭૨ સાઈઝની ૧૨ લુમ્સ ચલાવવાથી વધેલા શ્રમબોજમાં સ્પેશ્યલ કેસ તરીકે ભવિષ્યમાં આને દાખલારૂપે નહીં લેવાનું બન્ને પક્ષકારો સ્વીકારે છે. એ શરતેને આધિન રહી રૂા ૧૦૪-૦૦ માસિક બેઝીકમાં આપવામાં આવસે.

(૪) જ્યારે એક રીલીવરની જગ્યા કમી થવાથી તેમના વધેલા શ્રમબોજ અંગે રૂા. ૧૦૪-૦૦ માસિક બેઝીકમાં ચુકવી આપશે તેમ બન્ને પક્ષકારો સ્વીકારે છે. હાલના ત્રણ રીલીવરો પૈકી ૧ રીલીવરો પાંચ વીવરને છોડાવે છે જ્યારે બાકીના બે રીલીવરો ચાર વીવરને છોડાવે છે તે હવે પછી એક રીલીવરની જગ્યા કમી થવાથી એક રીલીવર છ વીવરને છોડાવશે તેમ બન્ને પક્ષકારો સ્વીકારે છે અને જુનિયર પોસ્ટને ફાજલ કરશે.

(૫) મીલ્સ કંપનીમાં લુમકલીનર કુલ ત્રણ જગ્યા કમી આ કરારે થયેથી લુમકલીનરને વધેલા શ્રમબોજ અંગે મીલ કંપની રૂા ૨૬-૦૦ બેઝીકમાં માસિક ગણીને ચુકવી આપશે અને વેફ્ટ કેરીયરની જગ્યા અને હેડ્ડો કમી થવાથી સદર હોદ્દાની તમામ કામગીરી ચાપટવાળા તથા બેટરીબોય (ઓટોશાળના એવોર્ડ મુજબના કામદારો) ભેગા મળીને કરશે જેમાં ચાપટવાળા ખાલી બોબીનો સાફ કરીને શેરર મશીન પર મૂકી આપશે, જ્યારે ત્યાંથી ભરેલા બોબીનો જે તે સાંચા પર લઈ જઈ બેટરી બોય લગાવશે આમ થવાથી ચાપટવાળા (ઓટોશાળના એવોર્ડ મુજબનો પગાર લેતા કામદારો) ને રૂા ૨૬-૦૦ માસિક બેઝીકમાં ચુકવી આપશે. જ્યારે બેટરીબોય કે જેઓ શાળ ખાતાના (ઓટોશાળ) એવોર્ડ મુજબનો પગાર મેળવે છે તેઓને હાલમાં વીવરની એફીસીયન્સીના ધોરણે જે

૩૫ ટકા આપવામાં આવે છે તેના બદલે હવે ૫૦ ટકાના હિસાબે ગણત્રી કરીને ચુકવી આપશે.

(૬) મીલ્સ કંપની આ સમાધાન થયેથી ૧૨ કારીગરોના રાજીનામા ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન મારફતે આવ્યેથી સ્વીકારશે પણ જો પૂરતા રાજીનામા નહિ આવે તો ત્યાં સુધી વધેલા કારીગરોને બદલીવાળાને અસર કર્યા વિના તેમની જ કેટેગરીને પાળીમાં રોટેશન મુંજબ કામ આપશે, જ્યારે બદલી-વાળાને તેમને હાલમાં જે બદલી મળે છે તે મુજબ બદલી કામ આપસે. જો મીલ્સ કંપની વધારાના કારીગરોને રોટેશનમાં કામ નહીં આપે તો તેમને તે દિવસોનો પગાર એકસ્ટ્રા કામ આપીને ભરી આપસે, બેકારી વળતરથી આપેલ રાજીનામા સિવાયના વધેલા કારીગરોને રોટેશનમાં રાખવામાં આવશે. પરંતુ જો રોટેશનમાં કામ ન આપી શકાય અને બદલીમાં રાખવાની જરૂર પડે તો હાલ જે બદલીવાળા ચાલુ છે તેમને કામ આપ્યા પછી આ વધેલા કારીગરને રાખી શકાશે.

(૭) વધેલા કારીગરને કામ ન આપી શકાય તો એકસ્ટ્રા રાખીને એમનો મુળ પગાર મીલ્સ કંપની ભરી આપશે, જો વધેલા કારીગરો રોટેશનમાં જશે તેમને બીજા કારીગરોને મળતા પગાર આપવામાં આવશે. આમ છૂટા થનાર કારીગરને કાયદે-સરના તમામ હક્કો જેના આઈ. ડી. એકટ હેઠળ બેકારી વળતર ધી પેમેન્ટ ગ્રેજ્યુઈટી એકટ હેઠળની ગ્રેજ્યુટી તથા નહી ભોગવેલ રજાના નાણાં ચૂકવી આપશે. જ્યારે બોનસ જે તેવર્ષનું બાકી હશે તે અન્ય કામદારોને જ્યારે ચુકવવામાં આવશે ત્યારે તેઓને પણ ચુકવવામાં આવશે. તથા તેઓને ૨ એ. એ. હેઠળ આઈ. ડી. એકટ પ્રોવીડન્ટ ફંડના નાણાં જલદીથી મળે તે માટેની વ્યવસ્થા કરશે.

(૮) સમાધાનના અમલ કે અર્થઘટનમાં જો કોઈ મતભેદ પડશે તો તેનો તત્કાલ બન્નેય પક્ષકારો ભેગા મળીને કરશે.

(૯) આ સમાધાનનો અમલ તુરત જ કરવામાં આવશે.

(૧૦) આ સમાધાનની મુદત બન્ને પક્ષકારોની સંમતિથી લંબાવવામાં આવેલ છે.

સહી

અમદાવાદ તા. ૨૦-૭-૯૦

ફેકટરી મેનેજર,
અસારવા મીલ્સ, અમદાવાદ

INDEX

સહી	સહી
સમાધાન	મંત્રી વતી,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬	ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
	અમદાવાદ

સહી
બી. બી. ઠાકર
સમાધાનકાર
અમદાવાદ

તા. ૨૦-૭-૯૦
અમદાવાદ

સહી
એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક અધિનિયમ
અમદાવાદ

તા. ૩૦-૮-૧૯૯૦
અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬/ખ/શ્રમક/૨૭૧૦૧ આર.યુ. સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને અરૂણ મિલ્સ કંપની લી., અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સન-૧૯૯૦ માં સપ્ટેમ્બર માસના ૪ થા દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રૂબરુ

રેફરન્સ (આઈસી) નં. ૧૪૧/૮૫

ટેક્ષટાઇલ લેબર એસોસિએશન, અમદાવાદ પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

ધી અરૂણ મીલ્સ કંપની લી., અમદાવાદ. દ્વિતીય પક્ષકાર

મીલના શાળખાતામાં ત્રીજી પાળીમાં એક મોચી આપવા અંગે અને તે જગાએ કાયમ કરવા વગેરે અંગે.

પ્રથમ પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી એસ. એમ જોશી

દ્વિતીય પક્ષકાર તરફે વકીલ કુ મીનાબેન શાહ.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર કે જે સુતરાઉ કાપડ ઉદ્યોગની મીલોના કામદારોનો પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો સંઘ છે તેણે દાખલ કરેલ છે. પ્રથમ પક્ષકાર સંઘે દ્વિતીય પક્ષકાર મીલને ૧૯૪૬ના અધિનિયમની કલમ ૪૨(૨) મુજબ તા. ૨૩-૭-૮૫ના રોજ ફેરફારની સૂચના આપીને માંગણી કરેલ હતી

છે. તેમની મીલમાં શાળ ખાતામાં ત્રીજી પાળીમાં એક મોચીની જગ્યા વધારવી જોઈએ. આ માંગણી સાથે દ્વિતીય પક્ષકાર મીલ સંમત થયેલ ન હતી અને ૧૯૪૬ના અધિનિયમ નીચે નીમવામાં આવેલ સમાધાનકાર પણ પક્ષકારો વચ્ચે આ માંગણી અંગે સમાધાન કરાવી શકેલા ન હતા, માટે તેઓએ પ્રથમ પક્ષકારને તા. ૨૪-૯-૮૫ના રોજનું નિષ્ફળતાનું પ્રમાણપત્ર મોકલી આપતાં પ્રથમ પક્ષકાર સંઘે સદરહુ માંગણીનો ન્યાય નિર્ણય મેળવવા માટે હાલનો રેફરન્સ કરેલો છે.

૨. પ્રથમ પક્ષકાર સંઘે આંક-૪ મુજબનું માંગણાનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે, મીલ કંપનીના શાળખાતામાં શરૂઆતમાં ચાર ખાતા ચલાવવામાં આવતા હતા પરંતુ હવે છ ખાતા ચલાવવામાં આવે છે એટલે મોચીની કામગીરી વધેલી છે. ત્રીજી પાળીમાં કોઈ મોચી રાખવામાં આવેલ નથી તેથી પહેલી પાળીના મોચીનો શ્રમબોજ વધી ગયેલો છે માટે ત્રીજી પાળીમાં એક મોચીની સંખ્યાનો વધારો કરવાની જરૂર છે અને ત્રીજી પાળીમાં મોચીની સંખ્યાનો વધારો ન કરવામાં આવે ત્યાં સુધી પહેલી અને બીજી પાળીના મોચીઓ પાસેથી જે વધુ શ્રમ લેવામાં આવે છે તે બદલ તેઓને યોગ્ય વળતર ચૂકવી આપવું જોઈએ.

૩. દ્વિતીય પક્ષકાર મીલે આંક-૫નો લેખિત જવાબ રજુ કરીને જણાવેલ છે કે, પહેલાં ચાર ખાતા ચલાવવામાં આવતા હતા અને હવે છ ખાતા ચલાવવામાં આવે છે તેથી મોચીઓનો શ્રમબોજ વધ્યો હોવાની હકીકત ગેરરસ્તે દોરનારી છે, કારણ કે પહેલા શાળખાતામાં ગ્રુપ ડ્રાઈવ સીસ્ટમથી શાળો ચલાવવામાં આવતી હતી તેના બદલે હવે મશીનો ઉપર મોટર મૂકીને વી બેલ્ટથી મશીનો ચલાવવામાં આવે છે એટલે પહેલાં ચામડાના પટાનો ઉપયોગ કરવામાં આવતો હતો અને જેના પરિણામે પહેલી અને બીજી પાળીના મોચીઓની કામગીરીમાં ૯૦ ટકા ઘટાડો થયેલો છે એટલે ત્રીજી પાળીમાં મોચીનો વધારો કરવા માટેની માંગણી કરવામાં આવેલી છે તે વ્યાજબી નથી. વાસ્તવમાં પહેલી અને બીજી પાળીના મોચીઓને જ પૂરતી કામગીરી રહેતી નથી એટલે તેમના શ્રમબોજમાં વધારો થયેલાની હકીકત વ્યાજબી નથી.

૪. પરિણામે પ્રશ્ન એ નક્કી કરવાનો રહે છે કે, દ્વિતીય પક્ષકાર મીલમાં પહેલી અને બીજી પાળીઓમાં મોચીનું કામ કરનાર કામદારોના શ્રમબોજમાં કોઈ વધારો થયેલ છે કે કેમ? પક્ષકારો તરફથી જે પુરાવો રજુ થયો છે અને જે

મૌખિક રજુઆત કરવામાં આવી છે તે પરથી આ અદાલત એવા નિર્ણય પર આવે છે કે, શ્રમબોજમાં વધારો થયાની જે રજુઆત કરવામાં આવી છે તેમાં કંઇ તથ્ય જણાતું નથી. સદરહુ નિર્ણય અંગેના સંક્ષિપ્તમાં કારણો નીચે મુજબનાં છે.

૫. ચંદુલાલ ચૌહાણ જેઓ વારાફરતી પહેલીપાળી અને બીજીપાળી દરમ્યાન કામ કરે છે તેઓ ઉલટ તપાસમાં કબૂલ કરે છે કે, ત્રીજી પાળીમાં ઓછી શાળો ચલાવવામાં આવે છે તેમજ ત્રીજી પાળીના જે શાળોના પટા તુટયા હોય તો તે શાળ બંધ રાખવામાં આવે છે અને તે પટા પહેલી પાળી દરમ્યાન સાંધવામાં આવે છે. તેઓ એમ કબૂલ કરે છે કે, પહેલા ચામડાના પટા હતા તેની જગ્યાએ હવે નવી જાતના પટા આવેલા છે તેથી હવે ચામડાના પટાનો ઉપયોગ ઘટી ગયેલો છે, તેઓ એમ પણ કબૂલ કરે છે કે, અગાઉ પહેલી અને બીજી દરેક પાળીમાં બે મોચી રાખવામાં આવતા હતા અને તેની સંખ્યા ઘટાડીને કારથી એક એકની કરવામાં આવેલ છે અને તેવો કરાર થયાને આશરે સાતેક વર્ષ થયેલા છે. સદરહુ કરારની નકલ આંક-૧૪ની યાદી સાથે રજુ કરવામાં આવેલ છે. તે જોતા માલુમ પડે છે કે, સદરહુ કરાર તા ૨૦-૪-૭૯ના રોજ થયેલ છે ત્યારબાદ શાળ ખાતામાં મોટરો મુકવાને કારણે સાફટીંગ ઓઇલરની જગ્યાઓ કમી કરવા માટે ૧૯૮૨માં કરાર થયેલો છે અને શાળ ખાતાના અંગે ત્રીજો કરાર ૧૯૮૯માં થયેલો છે. આ બાબતે છેલ્લા કરારમાં શાળ ખાતામાં કામદારોની કેટલી સંખ્યા રાખવી તે અંગેનો કરાર થયેલો છે તેમાં મોચી કામ કરનારની સંખ્યામાં કંઇ વધારો કરવાનું નક્કી થયેલ નથી. વાસ્તવમાં જો મોચી કારીગરની કામગીરીમાં કાંઈ વધારો થયો હોત તો આ કરાર વખતે તેની સંખ્યામાં વધારો કરવા માટેનો નિર્ણય લેવામાં આવે, કારણ કે આ કરારથી શાળખાતામાં બીજી કાયમી જગ્યાએ કમી કરવા અંગેનો નિર્ણય લેવામાં આવેલ છે એટલે એમ અનુમાન થઈ શકે કે જો પ્રથમ પક્ષકાર સંઘના હોદ્દેદારોને મોચીની કામગીરીનો વધારો વ્યાજબી લાગ્યો હોત તો તે અંગે તેઓએ જરૂર માંગણી કરી હોત, તે સંજોગ પણ લક્ષમાં લેવાની જરૂર છે, તેવી માંગણી કરવામાં આવેલી નથી અને બીજી જગ્યાઓ કમી કરવા માટે કરાર કરવામાં આવેલો છે. કામદાર પોતે કબૂલ કરે છે કે, પહેલાના પટા હવે રહયા નથી અને નવી જાતના પટા આવેલા છે તેથી ચારને બદલે છ ખાતા થવાને કારણે ત્રીજી પાળીમાં મોચીના કામદારની જરૂરીયાત ઉપસ્થિત થયેલી છે એમ કહી શકાય નહીં, કારણ કે કામદાર પોતે જ કબૂલ કરે છે કે, ત્રીજી પાળીમાં પુરતા સાંચા ચલાવવામાં આવતા નથી અને જે સાંચાઓ ચલાવવામાં આવે છે તેના પટા તુટયા હોય તે સાંચા બંધ કરવામાં આવે છે અને તે સાંચાના પટા પહેલી પાળીમાં સાંધવામાં આવે છે.

આ સંજોગોમાં મેચીની કામગીરીમાં શાળખાતામાં વધારો થયેલો છે એવી જે રજુઆત કરવામાં આવેલી છે તેમાં કંઈ તથ્ય દેખાતું નથી. મોચીએ જે કંઈ કામગીરી કરવાની હોય છે તેના નિયત સમય દરમ્યાન તેઓએ તે કામગીરી કરવાની હોય છે ચંદુલાલનું એવું કહેવું નથી કે તેમણે વધુ સમય માટે કામગીરી કરવી પડે છે. પરિણામે ચંદુલાલની રજુઆત કે મોચીઓની કામગીરીમાં શાળખાતામાં વધારો થયેલો છે તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. પરિણામે આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર સંઘ તરફથી જે માંગણી કરવામાં આવેલી છે તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નહીં હોવાથી આ કામમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

હુકમ

૧. પ્રથમ પક્ષકાર સંઘ તરફથી શાળખાતામાં ત્રંણે પાળીમાં મોચીની એક જગ્યા વધારવા અંગેની જે માંગણી કરવામાં આવેલી છે તે વ્યાજબી જણાતી નહીં હોવાથી તે આથી રદ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવાનું જરૂરી જણાતું નથી.

સહી જી. જે. દવે.
રજીસ્ટ્રાર.
અમદાવાદ.
તા. ૧૯-૭-૧૯૯૦.

સહી
(એન. એ. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
૯-૭-૯૦

અમદાવાદ.
તા. ૪-૯-૯૦

(એ. આઈ. શેખ)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/ ૨૭૧૦૦ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમનો કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઇએ.

હું ટેક્ષટાઇલ લેબર એસોસીએશન અમદાવાદ અને મીહિર ટેક્ષટાઈલ લી., અમદાવાદનો વચ્ચેના ઔધોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં સપ્ટેમ્બર માસના ૪ થા દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન. એ ચૌહાણ, સભ્ય ૪બરૂ.

પરચુરણ અરજી (આઈ સી) નં. ૭/૯૦

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ. અરજદાર

વિરૂદ્ધ

મીહીર ટેક્ષટાઈલ લિ., અમદાવ સામાવાળા

રેફરન્સ ન. ૧૩૪/૮૯ ના કામે આપેલ એવોર્ડમાં સુધારો કરવા અંગે.

: ચુકાદો :

૧. હાલની અરજી મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૧૧૬ (ક) મુજબ રેફરન્સ (આઇ સી) નં. ૧૩૪/૮૯ કામે તા. ૫-૧૦-૮૯ ના રોજ સમજુતિથી જે એવોર્ડ થયેલ છે તેની કલમ ૪ ની પેટા કલમ ક અને ડ માં સુધારો કરવા માટે બંને પક્ષકારોએ સંયુક્તપણે કરેલી છે.

૨. રેફરન્સ (આઈ સી) નં. ૧૩૪/૮૯ મીલ કંપનીના વીવીંગ ખાતાના સાદા શાળ ખાતામાં કેટલીક જગ્યાઓ નાબુદ કરવા માટે કરવામાં આવેલ હતો તેમાં પક્ષકારો વચ્ચે સમજૂતિ થતાં, અગાઉ જણાવ્યા પ્રમાણે તા. ૫-૧૦-૮૯ ના રોજ એવોર્ડ થયેલો છે. સદરહુ એવોર્ડ થયા બાદ પક્ષકારો કલમ ૪ ની પેટા કલમ

INDEX

ક અને ડ માં આ અરજીના ફકરા નં. ૧ અને ૨ માં જણાવ્યા પ્રમાણેનો સુધારો કરવા માંગે છે અને બંને પક્ષકારો તે મુજબનો સુધારો થાય તે સાથે સંમત છે અને તેઓએ સંયુક્તપણે આ અરજી કરેલી છે પરિણામે તે મુજબનો એવોર્ડમાં સુધારો કરવાનો રહે છે માટે આ અરજીમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

: હુકમ :

૩. અરજીમાં માંગણી કર્યા મુજબ રેફરન્સ (આઈ સી) નં. ૧૩૪/૮૯ ના કામમાં તા. ૫-૧૦-૮૯ ની સમજુતિ મુજબ જે એવોર્ડ કરવામાં આવેલ છે તેમાં આ અરજીના પેરા નં. ૧ અને ૨ માં જણાવ્યા પ્રમાણે સુધારો થયેલ ગણવાનો રહેશે. આંક-૧ ની અરજીને આ ચુકાદાના એક ભાગ તરીકે ગણવાની રહેશે.

નામદાર ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

પરચુરણ અરજી નંબર ૭ સને ૧૯૯૦

ઈન

રેફરન્સ (આઈ. સી.) નં. ૧૩૪ સને ૧૯૮૯

શ્રી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ. પ્રથમ પક્ષકાર

અને

મોહીર ટેક્ષટાઈલ્સ લીમીટેડ અમદાવાદ. બીજા પક્ષકાર

પક્ષકારો વચ્ચે ઉપરોક્ત રેફરન્સના કામમાં તારીખ ૫-૧૦-૧૯૮૯ ના રોજ સમાધાન થયેલ છે. સદર સમાધાન અનુસાર નામદાર ઔદ્યોગિક અદાલતે એવોર્ડ નંબર ૩૭૨ સને ૧૯૮૯ કરેલ છે, પક્ષકારો સદર એવોર્ડમાં નીચે મુજબ સુધારો કરવા સંમત થાય છે. તો નામદાર અદાલતને સુધારાનો એવોર્ડ આપવા વિનંતી છે.

(૧) તારીખ ૫-૧૦-૧૯૮૯ ના સમાધાનની કલમ-૪ પેટા કલમ ક માં 'મોટરશાળ ખાતામાં બેટરીબોય, અને સ્વીપર/કલોથ ડોફર અથવા અન્ય મહિનાદાર જગાઓ' ના બદલે "મોટરશાળ ખાતામાં વીવર, બેટરીબોય, સ્વીપર/કલોથ ડોફર અથવા અન્ય મહિનાદાર જગાઓ" તેવો સુધારો કરવામાં આવે છે.

(૨) કલમ-૪ પેટા કલમ (ડ) સુધારીને નીચે મુજબ કરવામાં આવે છે

'ફાજલ પડતા અને રાજીનામું નહીં' આપીને છૂટા નહિ થનાર કારીગરોને કોઈપણ ખાતામાંથી કોઈપણ કેટેગરીમાંથી રાજીનામું સ્વીકારીને સદર ફાજલ પડતા કારીગરોને ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશનની સંમતિથી જે તે ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. આમ કોઈ કારીગર વિવાદ ઉપસ્થિત કરશે નહીં." આમ પેટા કલમ અ, બ, ક, ડ મુંજબ શાળ ખાતાની ૩૨૧ જગાઓ નાબુદ કરવામાં આવશે.

(૩) આ સુધારાનો અમલ તા. ૫-૧૦-૮૯ ના રોજથી થયેલ ગણવામાં આવશે.

સહી
મીલ મેનેજર
મીહીર ટેક્ષટાઈલ્સ લીમીટેડ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૦-૭ ૯૦

સહી
સેક્રેટરી વતી
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન. એ. ચૌહાણ સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૧૩૪/૮૯

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ. ..પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી મીહીર ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદ. ..દ્વિતીય પક્ષકાર

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ.

મીલ કંપની તેના વીવીંગ ખાતાના સાદા શાળ ખાતામાંથી પરિશિષ્ટ મુજબ કુલ ૩૨૨ જગ્યાઓ નાબુદ કરવા માંગે છે વગેરે અંગે...

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘે દ્વિતીય પક્ષકાર મીલ કંપની સામે દાખલ કરેલ છે. દ્વિતીય પક્ષકાર મીલ કંપનીએ સંઘને તા. ૨૨-૪-૮૯ના રોજ ફેરફારની સૂચના ૧૯૪૬ના અધિનિયમની કલમ ૪૨(૧) મુજબ આપેલી, જે અન્વયે ૧૯૪૬ના અધિનિયમ નીચે સરકારશ્રી તરફથી નીમાયેલા સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવવામાં નિષ્ફળ ગયેલા હોવાથી, તેમની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણ-પત્ર મેળવીને હાલનો રેફરન્સ સંઘે કરેલો છે.

૨. મીલ કંપનીએ સંઘને ફેરફારની સૂચના આપીને એવી માંગણી કરેલ હતી કે, કાપડ સૂતર ઉદ્યોગમાં પ્રવર્તતી વર્તમાન મંદીને ધ્યાનમાં રાખીને મીલ કંપની તેના વીવીંગ ખાતામાંથી ૨૪૦ સાદી શાળોનું ત્રણે પાળીનું કામકાજ બંધ કરીને પરિશિષ્ટમાં જણાવ્યા મુજબની કાયમી તેમજ બદલીવાળા કામદારોની કુલ ૩૨૨ જગ્યાઓ કમી કરવા માંગે છે અને તે માટે મીલને પરવાનગી આપવી જોઈએ

૩. આ રેફરન્સમાં પક્ષકારોને નોટિસો કાઢવામાં આવે તે પહેલાં, બંને પક્ષકારોએ તા. ૫-૧૦-૮૯ના રોજ આંક-૬થી પુરસીસ રજુ કરીને જણાવેલ છે કે, આ રેફરન્સમાં બંને પક્ષકારો વચ્ચે આ સાથેના એનેક્ષ્યર-એ મુજબ સમાધાન થયેલ હોવાથી તે મુજબ એવોર્ડ કરી આપવા વિનંતી છે આ પુરસીસમાં સંઘ તરફે પ્રતિનિધિ શ્રી એસ.એમ.જોશી અને મીલ કંપની તરફે તેના ફેક્ટરી મેનેજરે સહીઓ કરેલી છે અને પક્ષકારો વચ્ચે આ પ્રમાણે સમાધાન થયેલ હોવાનું તેઓ કબૂલ રાખે છે પરિણામે અમોને પણ એમ લાગે છે કે, આ સમાધાન મુજબ ચુકાદો આપવાથી ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહેશે. જેથી સદરહુ સમાધાનની શરતો આ સંજોગોમાં વ્યાજબી જણાતાં આ કામમાં તે મુજબનો એવોર્ડ કરી આપવાનો રહે છે. પરિણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

હુકમ

૪ આ રેફરન્સમાં મીલે કરેલી માગણી અંગે બંને પક્ષકારોએ આંક-૬ અને તેની સાથેના પરિશિષ્ટ-અ મુજબ વર્તવાનું રહેશે. આંક-૬ અને તેની

આથેના એનેક્ષર-એને આ ચુકાદાના એક ભાગ તરીકે ગણવાનું રહેશે ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ. તા. ૬-૦૧-૧૯૮૯.

(એન. એ. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

નામદાર ઔદ્યોગિક અદાલત અમદાવાદ

રેફરન્સ (આઈ. સી.) નં. ૧૩૪ સન ૧૯૮૯

વચ્ચે

ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશન
અમદાવાદ

અને

મીહીર ટેક્ષટાઈલ્સ લીમીટેડ
અમદાવાદ

માનનીય અદાલત

ઉપરોક્ત કામમાં અમો પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ છે. આ સાથે જોડેલા સમાધાન મુજબ એવોર્ડ કરવા નામદાર અદાલતને નમ્ર વિનંતી છે.

સહી
પઠાણ યકુફખાન આર.
સેક્રેટરી વતી,
ટેક્ષટાઈલ લેબર એસોસિએશન
અમદાવાદ

તા. ૫-૧૦-૮૯
અમદાવાદ

મીલમેનેજર
મીહીર ટેક્ષટાઇલ્સ લીમીટેડ
અમદાવાદ

INDEX

Industrial Court At Ahmedabad

Ref. (IC No. 134 of 1989)

Between

The Textile Labour Association
Ahmedabad. — First Party

And

Mihir Textiles Limited
Ahmedabad. — Second Party

May it please the Honorable Court :

That the parties in the above matter have arrived at an amiccle settlement. The terms of the settlement are Annexture here to and marked Annexture 'A'.

The parties request the honourable court to pass an award in the terms of the settlement as per Annexture.

Ahmedabad.
Date : 5-10-89

For
Secretary
The Texttile Labour Association
Ahmedabad.

Mill Manager
Mihir Textiles Limited
Ahmedabad.

સમાધાનની શરતો

(૧) મીલ્સ કંપનીના વિવિંગ ખાતામાં સાદી શાળના ૨૪૦ સાંચાઓ ત્રણેય પાળી ચાલે છે. ટેક્ષટાઈલ ઉધોગની પ્રવર્તમાન મંદીને કારણે મીલની આર્થિક પરિસ્થિતિ સારી નથી. આ સંજોગોમાં સાદી શાળના ૨૪૦ સાંચાઓ ચલાવવા મીલને આર્થિક રીતે પોષાય તેમ નથી. તેથી મીલ્સ કંપની સદર ૨૪૦ સાંચાઓ કાઢી નાખશે.

(૨) સદર ૨૪૦ સાંચાઓ કાઢી નાંખવાથી કાયમી તેમજ રક્ષિત બદલી કારીગરો કેટેગરી વાઈઝ અને પાળીવાર કુલ ૩૧૧ જગ્યાઓ મીલ્સ કંપની કમી કરશે. (પરિશિષ્ટ-અ મુજબ)

(૩) બાકી રહેતા પરિશિષ્ટ-અ ના કોલમ ૪ મુજબના મહિનાદાર કેટેગરીના કારીગરો હાલમાં જે કામગીરી કરી રહ્યા છે તે મુજબ સમગ્ર વિવિંગ ખાતાની કામગીરી કરવાની ચાલુ રાખશે.

(૪) પરિશિષ્ટ-અ મુજબની જગાઓ નીચે જણાવ્યા મુજબ ૩૧૧ જગાઓ કમી કરશે

(અ) મજુર મહાજન સંઘ અમદાવાદ મારફતે મળેલા રાજીનામા સ્વીકારીને કારીગરો વયમર્યાદાને કારણે નિવૃત્ત થવાથી-મૃત્યુ થવાથી કે અન્ય કારણસર ખાલી પડેલી જગાઓ પુરવાને બદલે તેવી જગાઓ કમી કરવામાં આવશે.

(બ) વિવિંગ ખાતાના અન્ય વિભાગો જેવા કે સારણી, તાણા, વાઈન્ડીંગ વગેરે ખાતામાંથી રાજીનામા સ્વીકારીને પરિશિષ્ટ-અ મુજબની કેટગરીના છુટા નહિં થનાર જે તે કારીગરને જે તે જગાઓ ઉપર ટ્રાન્સફર કરવામાં આવશે.

(ક) ઓટોશાળ ખાતામાં બેટરીબોય અને સ્વીપર/કલોથ ડોફર અથવા અન્ય મહિનાદાર જગાઓ ઉપર જરૂર પુરતા કારીગરોને ટ્રાન્સફર કરવામાં આવશે. અને તેઓની જગા નાબુદ કરવામા આવશે.

(ડ) ઉપર પેટા કલમ-અ મુજબ કારીગરો છુટા થવાથી તથા પેટા કલમ-બ અને ક મુજબના કારીગરો ટ્રાન્સફર થવા બાદ જરૂરયાત પુરતા અને લાયકાત વાળાને મીલ્સ કંપની નક્કી કરે તેવા કારીગરોને સ્પીનીંગ અને એન્જીનીયરીંગ સિવાયના કોઈપણ અન્ય ખાતાઓમાં મજૂર મહાજન સંઘની સંમતિથી ટ્રાન્સફર કરવામાં આવશે. આમાં કોઈપણ કારીગર કોઈપણ વિવાદ ઉપસ્થિત કરશે નહિ.

આમ ઉપરોક્ત પેટા કલમ અ,બ,ક,ડ મુજબ સાદા સાળા ખાતાની ૩૧૧ જગ્યાઓ નાબુદ કરવામા આવશે.

(૫) ૨૪૦ સાદી શાળોના સાંચા કાઢી નાંખીને પરિશિષ્ટ-અ મુજબની જગાઓ (પરશન એન્ડ પોસ્ટ) થયેલી છે તેમ ગણવામાં આવશે.

(૬) જેમ જેમ રાજીનામા આવશે તેમ તેમ બીજા સાંચા ઉપર કારીગરોને મુકીને અથવા કારીગરોને અન્ય જગ્યાએ ટ્રાન્સફર કરવામાં આવશે. તેમ તેમ સાંચાઓ બંધ કરીને કાઢી નાંખવામાં આવશે. પરંતુ આ સમાધાનના તારીખથી ૬૦ દિવસ બાદ મીલ્સ કંપની બધાંજ સાંચા કાઢી નાંખશે.

(૭) આ સમાધાન મુજબ છુટા થતા કારીગરોને ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી એક્ટ મુજબની ગ્રેજયુઈટીની રકમ ચુકવવામાં આવશે. પરંતુ પરિશિષ્ટ-અ મુજબની કેટગરીના કારીગરો છુટા થશે તો તેમને દાખલ તારીખથી છુટા થાય તે તારીખ સુધીના બધાંજ વર્ષોની ગ્રેજયુઈટીની રકમ આપવામાં આવશે. બાકી નીકળતી હકકરજા/કેજયુઅલરજા તથા છુટા તથા વર્ષની હાજરીના

INDEX

હિસાબે થતી ઉક્કરઆ/ક્રેજ્યુઅલ ની રકમ ચુકવવામાં આવશે. એક વરસના ૧૫ દિવસના પગાર મોંઘવારીના ધોરણે થતી વળતરની રકમ દાખલ તારીખથી છુટા થતા તારીખ સુધીના બધાંજ વરસોની ચુકવી આપવામાં આવશે. (૬ માસ કરતાં વધારે હશે તો વરસ ગણવું અને ૬ માસ કરતાં ઓછું હોય તો વરસ ગણવું નહિં.) બાકી નિકળતા બોનસની રકમ જ્યારે અને જે પ્રમાણે અન્ય કારીગરોને ચુકવી આપવામાં આવશે, ત્યારે ચુકવી આપવામાં આવશે. પ્રોવીડન્ડ ફંડના સભ્યના તેમજ માલીકના ફાળાની રકમ ત્વરીત મળી રહે તે માટે ભલામણ કરવામાં આવશે.

(૮) પરિશિષ્ટ–અ મુજબની કેટેગરીના કામદારોને આ સમાધાન મુજબ છુટા, થયા અથવા ટ્રાન્સફર થાય તેમને તેમની પ્રત્યેક વરસની નોકરીના એક વર્ષના રૂપિયા ૭૫૧/- (અંકે રૂપિયા સાતસો એકાવન પુરા.) એકસગ્રેસીયા વળતર નીચે મુજબ ચુકવવામાં આવશે.

(અ) સમાધાનની તારીખથી ૩૦ દિવસમાં છુટા થનાર અથવા ટ્રાન્સફર થનાર કારીગરને એકસગ્રેસીયા રકમના ૧૦૦% રકમ ચુકવવામાં આવશે.

(બ) સમાધાનની તારીખથી ૩૦ દિવસ બાદ અને ૬૦ દિવસ સુધીમાં છુટા થનાર અથવા ટ્રાન્સફર થનાર કારીગરને એકસગ્રેસીયા રકમ ૭૫./• ચુકવવામાં આવશે.

(ક) સમાધાનની તારીખથી ૬૦ દિવસ બાદ અને ૯૦ દિવસ સુધીમાં છુટા થનાર અને ટ્રાન્સફર થનાર કારીગરને એકસગ્રેસીયા રકમના ૫૦% રકમ ચુકવવામાં આવશે. અને ત્યારબાદ છુટા થનાર અથવા ટ્રાન્સફર થતા કારીગરને આ કલમ મુજબનો એકસગ્રેસીયા રકમનો લાભ મળશે નહિં.

(૯) સાદા સાળ ખાતાના મહીનાદાર કેટેગરી સિવાયના રક્ષિત બદલી કારીગરો છુટા ના થાય તો તેમને અન્ય જગ્યાએ (કલમ–૪ બ,ક મુજબ) કાયમી કારીગર તરીકે ટ્રાન્સફર કરવામાં આવશે.

(૧૦) ટ્રાન્સફર થતા કારીગરેને ચાલુ પગાર ૬૦ દિવસની ટ્રેનિંગ આપવામાં આવશે. ટ્રાન્સફર થનાર કારીગરોનો હાલનો પગાર ટ્રાન્સફર થાય તે કેટેગરી કરતાં વધારે હશે તો બન્ને પગારના તફાવતની રકમ પરશનલ પે તરીકે ગણવામાં આવશે. આવો પરશનલ પે જે તે કારીગરના ટ્રાન્સફરના કેસમાં અલગ રીતે નકકી કરવામાં આવશે.

(૧૧) આ સમાધાનનો અમલ તાત્કાલિક કરવામાં આવશે.

INDEX

પરિશિષ્ટ—અ

મીહીર ટેક્ષટાઈલ્સ લીમીટેડ
અમદાવાદ

ભાગ ૧ : સાદુશાળ

કેટેગરી	હાલની કાયમી જગા				કમી થતી કાયમી જગા				બાકી રહેતી કાયમી જગા			
	૧લી	૨જી	૩જી	કુલ	૧લી	૨જી	૩જી	કુલ	૧લી	૨જી	૩જી	કુલ
વીવર	૬૦	૬૦	૬૦	૧૮૦	૬૦	૬૦	૬૦	૧૮૦	—	—	—	—
રીલ વર	૧૦	૧૦	૧૦	૩૦	૧૦	૧૦	૧૦	૩૦	—	—	—	—
જોબર	૪	૪	૪	૧૨	૪	૪	૪	૧૨	—	—	—	—
રક્ષિત બદલા	૧૫	૧૦	૧૯	૪૪	૧૫	૧૦	૧૯	૪૪	—	—	—	—
કુલ ..	૮૯	૮૪	૯૩	૨૬૬	૮૯	૮૪	૯૩	૨૬૬	—	—	—	—
મહિનાદાર												
ઓપ્શર ક્રુમ કલીનર	૨	૨	૨	૬	૨	૨	૨	૬	—	—	—	—
સ્વીપર/ક્લીનર	૧	૧	૧	૩	૧	૧	૧	૩	—	—	—	—

કેટેગરી	હાલની કાયમી જગા				કમી થતી કાયમી જગા				બાકી રહેતી કાયમી જગા			
વેફ્ટ જોબર	૧	૧	—	૨	૧	૧	—	૨	—	—	—	—
વેફ્ટમેન	૧	૧	૨	૪	૧	૧	૨	૪	—	—	—	—
પરબોવાળા	૨	—	—	૨	૨	—	—	૨	—	—	—	—
સ્ટોર કુલી	૧	૧	૧	૩	૧	૧	૧	૩	—	—	—	—
મોચી	૧	૧	૧	૩	—	૧	૧	૨	૧	—	—	૧
શટલમેન	૧	૧	૧	૩	—	—	—	—	૧	૧	૧	૩
સુથાર	૧	૧	—	૨	૧	૧	—	૨	—	—	—	—
ટર્નર	૧	૧	—	૨	—	—	—	—	૧	૧	—	૨
વેલ્ડર	૧	—	—	૧	—	—	—	—	૧	—	—	૧
બેન્ચ ફીટર	૧	૧	૧	૩	૧	૧	૧	૩	—	—	—	—
બ્રુમ ફીટર	૨	૧	—	૩	૨	૧	—	૩	—	—	—	—
ફીટર કુલી	૧	—	—	૧	૧	—	—	૧	—	—	—	—
વાર્પ સ્ટોપ મોશન ફીટર	૧	—	૧	૨	૧	—	૧	૨	—	—	—	—
વાર્પ સ્ટોપ મોશન ફીટર/કુલી	—	૧	—	૧	—	૧	—	૧	—	—	—	—
ડ્રૉ બોક્સ ફીટર	૧	—	—	૧	૧	—	—	૧	—	—	—	—

કેટેગરી	હાલની કાયમી જગા				કમી થતી કાયમી જગા				બાકી રહેતી કાયમી જગા			
બીમવાળા	૪	૪	૩	૧૧	૧	૧	—	૨	૩	૩	૩	૯
પીનબ્રોય	૩	૨	૨	૭	૧	૧	૧	૩	૨	૧	૧	૪
શેમ્પલમેન	૭	—	—	૭	—	—	—	—	૭	—	—	૭
ડોબીફીટર	૧	—	—	૧	—	—	—	—	૧	—	—	૧
ડોબી ફેન્સી	૨	૨	૨	૬	—	—	—	—	૨	૨	૨	૬
લાઈનમેન												
જેકાર્ડ લાઈનમેન	૧	૨	૧	૪	—	૧	—	૧	૧	૧	૧	૩
જેકાર્ડ કાર્ડ કટર	૧	—	—	૧	—	—	—	—	૧	—	—	૧
+ રક્ષિત બદલી	૫	—	—	૫	૪	—	—	૪	૧	—	—	૧
કુલ ...	૪૩	૨૩	૧૮	૮૪	૨૧	૧૪	૧૦	૪૫	૨૨	૯	૮	૩૯
કુલ ...	૧૩૨	૧૦૭	૧૧૧	૩૫૦	૧૧૦	૯૮	૧૦૩	૩૧૧	૨૨	૯	૮	૩૯

સહી
મીલ મેનેજર
મીહીર ટેક્ષટાઈલ્સ લી.
અમદાવાદ.

અમદાવાદ.
તા. ૫-૧૦-૮૯

સેક્રેટરીવતી.
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ.

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર,
તા. ૧૯-૭-૧૯૯૦
અમદાવાદ.

સહી

(એન. એ. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

તા. ૪-૯-૯૦
અમદાવાદ

(એ. આઈ. શેખ)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/ ૨૭૧૦૨ આર યુ સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક અધિનિયમની-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ ને ધી અરૂણ મીલ્સ લી., અમદાવાદ ની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં સપ્ટેમ્બર માસનાં ૪થા દિને આથી નોંધ કરૂં છુ.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

શ્રી એન. એ. ચૌહાણ સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૭૨/૯૦.

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

ધી અરૂણ મીલ્સ લિ., અમદાવાદ — દ્વિતીય પક્ષકાર

મીલ કંપનીના સ્પીનીંગ ખાતાના કાર્ડ સેકશનમાં પહેલી અને બીજી પાળીના કારીગરોની સંખ્યામાં પરિશીષ્ટ મુજબ ફેરફાર કરવા અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૭૩(ક) મુજબ, મીલ કંપનીએ સંઘને તા. ૧૪-૮-૮૯ના રોજ કલમ ૪૨(૧) મુજબની ફેરફારની સુચના આપેલી જે અંગે સમાધાનકાર પક્ષકારો વચ્ચે સમજુતિ ન કરાવી શકતાં સંઘને નિષ્ફળતાનુ પ્રમાણપત્ર આપતાં, સંઘે આ અદાલતમાં ઉપસ્થિત કરેલ છે.

૨. ત્યાર બાદ આ રેફરન્સમાં બંને પક્ષકારોએ આંક-૮ની પુરસીસથી સમાધાનની શરતો રજુ કરી તે મુજબ એવોર્ડ કરી આપવા વિનંતી કરી છે. સદરહુ સમાધાનની શરતો ખાસ સંજોગો લક્ષમાં લેતાં અમોને યોગ્ય અને

વ્યાજબી જણાય છે આથી તે મુજબ એવોર્ડ કરી આપવાનો રહે છે પરીણામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૩. આ રેફરન્સમાં બંને પક્ષકારોએ આંક-૮ની સમાધાનની શરતો મુજબ વર્તવાનું રહેશે. આંક-૮ના સમાધાનને આ ચુકાદાનાએક ભાગ તરીકે ગણવાનું રહેશે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ધી અરૂણ મીલ્સ લીમીટેડ,

નરોડા રોડ, અમદાવાદ.

મીલ્સ કંપનીના સ્પીનીંગ ખાતાના કાર્ડ સેકશનમાં ૪ (ચાર) કાયમી પોસ્ટ ઓછી કરવા અને ખાતાની ફેરગોઠવણી કરવા અંગે...

નામદાર ઔધોગિક ન્યાય પંચ, ગુજરાત, અમદાવાદ

રેફરન્સ (આઈ સી) નંબર ૭૨/૯૦

ધી ટેક્ષટાઈલ લેબર એસોશીએશન ભદ્ર અમદાવાદ. પ્રથમ પક્ષકાર

અને

ધી અરૂણ મીલ્સ લી નરોડા રોડ, અમદાવાદ. બીજા પક્ષકાર

વચ્ચે

બાબત :- મીલ્સ કંપનીના સ્પીંનીગ ખાતાના કાર્ડ સેકક્ષનમાં ૪ કાયમી પોસ્ટ ઓછી કરવા અને ખાતાની ફેરગોઠવણી કરવા અંગે

ઉપરોક્ત રેફરન્સમાં અમો પક્ષકારો વચ્ચે નીચે પ્રમાણે સમાધાન થયેલ છે. તે મુજબ એવોર્ડ કરવા નામદાર ઔધોગિક અદાલતને અરજ કરીએ છીએ.

સમાધાનની શરતો

કલમ નં. (૧)

મિલ કંપનીના સ્પીનીગ ખાતાના કાર્ડ સેકશનમાં હાલમાં ૧૨૪ સે. મી. હાઈસ્પીડ કાર્ડ બે પાળીમાં કાયમી ધોરણે અને ત્રીજીપાળી, જરૂરીયાત મુજબ

INDEX

કામચલાઉ ચલાવવામાં આવે છે. તેના ઉપર નીચે પ્રમાણેના કાયમી કારીગરો કામ કરે છે. હાલમાં ૨ લાઈનવાળા લાઈનદીઠ ૨૨ બાર્વાસ કાર્ડ ચલાવે છે. અને લાઈનવાળા ૨૦ (વીસ) કાર્ડ ચલાવે છે.

સી. નં.	કેટેગરી	પહેલી પાળી	બીજી પાળી	ત્રીજી પાળી	કુલ
૧	લાઈન મેન	૬	૬	—	૧૨
૨	લેપ મેન	૨	૨	—	૪
૩	સ્પીપર	૨	૨	—	૪
૪	સ્ટ્રીપર	૨	૨	—	૪
૫	કેનબોય	૧	૧	—	૨
૬	ઓઈલર	—	૧	—	૧
	કુલ :–	૧૩	૧૪	—	૨૭

કલમ નં. ૨

મીલ કંપનીના સ્પીનીંગ ખાતાના કાર્ડ સેકશનમાં હાલમાં ૧૨૪ કાર્ડ આવેલ છે. તેમાંથી ૧૪ કાર્ડ એવા છે, જે ખુબ જુના થઈ ગયા હોવાથી ઘસાઈ ગયેલા છે અને તેના ઉપર સારી કવોલીટી આવતી નથી. તેથી ૧૪ કાર્ડ આ સમાધાન થી કાઢી નાખવામાં આવશે અને તેથી ત્રણે પાળીમાં કાર્ડનું વર્કીંગ નીચે પ્રમાણે રાખવામાં આવશે.

સી. નં.	વિગત	પહેલી પાળી	બીજી પાળી	ત્રીજી પાળી	કુલ
૧	કાર્ડ વર્કીંગ	૧૧૦	૧૧૦	૧૧૦	

ઉપર પ્રમાણે કાર્ડ વર્કીંગ રાખવાનું હોવાથી પાળી વાઈઝ, કેટેગરી વાઈઝ, જરૂરી કામદારો નીચે પ્રમાણે રાખવામાં આવશે.

INDEX

સી. નં	કેટેગરી	પહેલી પાળી	બીજી પાળી	ત્રીજી પાળી	કુલ
૧	લાઇન મેન	૫	૫	૧૫	૧૫
૨	સ્ટ્રીપર	૨	૨	૨	૬
૩	લેપ મેન	—	—	—	—
૪	લેપમેન કમ સ્વીપર	૩	૩	૩	૯
૫	સ્વીપર	—	—	—	—
૬	કેનબોય	૧	૧	૧	૩
૭	ઓઈલર	—	૧	૧	૨
	કુલ	૧૧	૧૨	૧૨	૩૫

આમ દિવસપાળી માંથી એક લાઇન મેન તેમજ લેપ મેન અને સ્વીપરની કેટેગરી જગ્યા નવા ફેરફારમાં ભેગી કરતાં હોવાથી એક જગ્યા ફાજલ પડે છે. આમ દિવસ પાળી માંથી બે કાયમી કારીગરો તેમજ તે જ પ્રમાણે બીજીપાળી માંથી બે કાયમી કારીગરો (એક લાઈન મેન અને એક સ્વીપર) ફાજલ પડે છે. તે બન્ને પાળીમાંથી થઈને ફાજલ પડતાં કાયમી કારીગરોને ત્રીજીપાળીમાં બે લાઇનમેનમાં અને બે લેપ મેન કમ સ્વીપરમાં મુકવામાં આવશે.

આ ઉપરાંત દિવસ પાળીના ફીટર સ્ટાફમાંથી એક પોસ્ટ ઓછી કરી તે કાયમી કારીગરને ત્રીજીપાળીમાં ઓઈલરની જગ્યા ઉપર ટ્રાન્સફર કરવામાં આવશે આમ ત્રીજીપાળીમાં પહેલી પાળી અને બીજીપાળીમાં થઈને કુલ ૫ કાયમી કારીગરો ટ્રાન્સફર કરવામાં આવશે. (ત્રીજીપાળીમાં કુલ ૧૨ કાયમી કારીગરોની જરૂર હોવાથી બાકીના ૭ બદલીવાળા કારીગરોને સમાધાન થયા બાદ કાયમી કરવામાં આવશે.) આમ ત્રણે પાળીમાં ૧૧૦ કાર્ડ મશીન ચાલશે.

કલમ નં. ૩

કલમ નં. ૨ માં જણાવેલ ફેરફારથી દરેકની કામગીરીમાં જરૂરી આનુસંગિક ફેરફાર કરવામાં આવશે અને પરિશિષ્ટમાં જણાવેલી કામગીરી જે તે કેટેગરી ધરાવતા કામદારે બજાવવાની રહેશે.

કલમ નં. ૪

આ સમાધાનથી સ્ટ્રીપર, લેપમેન કમ સ્વીપર તેમજ કેનબોય પરિશિષ્ટમાં જણાવેલી કામગીરી સંભાળશે જેમાં હાલની કામગીરીમાં થયેલ વધારાનો સમાવેશ થાય છે. તેથી વધારાના શ્રમ બોજ માટે મીલ કંપની નીચે પ્રમાણે પગાર વધારો આપશે.

(અ) સ્ટ્રીપરને ૨૨ કાર્ડના લાઇનમેન ને મળતો ૨૬ દિવસનો બેઝીક પગાર રૂા. ૩૨૬-૯૧ પૈસા આપવામા આવશે તે ઉપરાંત વધારાના શ્રમબોજના રૂા. ૩/- બેઝીક પગારમાં વધારો આપશે.

આમ સ્ટ્રીપરને ૨૬ દિવસનો બેઝીક પગાર રૂા. ૩૨૯-૯૧ પૈસા આપવામાં આવશે.

(બ) લેપમેન કમ સ્વીપર તથા કેનબોયને વધારાના શ્રમબોજ માટે તેમને હાલમાં મળતા બેઝીક પગારમાં પગારમાં ૨૬ દિવસ ના રૂા. ૩/- વધારો આપવામાં આવશે. લેપમેન કમ સ્વીપરને હાલમાં રૂા. ૨૮૯-૧૯ અને કેનબોયને રૂા. ૨૮૨-૮૮ બેઝીક પગાર મળે છે.

કલમ નં. (૫)

આ સામાધાનથી બાકી રહેતા તમામ કાયમી પાસ તા. ૧-૭-૯૦ સુધીમાં આપી દેવામાં આવશે

કલમ નં. (૬)

આ સમાધાન અંગે કોઈપણ જાતનો વિવાદ ઉભા થશે તો પક્ષકારો અરસપરસ વાટાઘાટો કરી ઉદ્યોગના પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં લઈ નિર્ણય કરશે તે પક્ષકારો તથા સબંધાત કારીગરોને બંધનકર્તા રહેશે.

કલમ નં. (૭)

આ સમાધાનનો અમલ તા. ૧-૩-૯૦ થી કરવામાં આવશે.

અમદાવાદ તા. ૨-૭-૯૦

પર્સોનલ અને ફેક્ટરી મેનેજર,
ધી અરૂણ મીલ્સ લીમીટેડ,
નરોડા રોડ, અમદાવાદ.

સહી

ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
ભદ્ર, અમદાવાદ.

INDEX

ધી અરૂણ મીલ્સ લીમીટેડ,

પરિશિષ્ટ

ફેરફાર પછી કાર્ડખાતાના જુદી જુદી કેટેગરીના કારીગરોની કામગીરી અંગેની વિગત (માત્ર પહેલી અને બીજીપાળી માટે)

લાઈનમેન :– દરેક લાઇનમેન ૨૨ કાર્ડ સંભાળવાના રહેશે. અને લાઇનમેનની આજ સુધીની જે ફરજો બજાવતા આવ્યા છે તે બજાવવાની રહેશે.

કરવાના કામ જેવા કે

(૧) ૨૨ મશીન ચલાવવાના

(૨) ભરેલા ડબ્બા કાઢવા અને ખાલી ડબ્બા લગાવવા

(૩) લેપ ખાલી થાય ત્યારે નવા લેપ લગાવવા

(૪) ડબ્બાઓમાં પુણીઓ દબવવી

(૫) પુણીનો વેસ્ટ નીચે પડયો હોય તો તે ભેગો કરી ડબ્બામાં ભરવો કટલીનો વેસ્ટ ઉપાડવો તથા થેલામાં ભરવો, ડોફર નીચે રૂ પડતું હોય તો તે કાઢી ડબ્બામાં નાખવું.

(૬) કાર્ડના આગળના ભાગમાં સફાઈ કરી ઝાડું મારવું.

(૭) કટ આવતો હોય તો તે ડોફર ઉલટું ફેરવી અથવા સીલીન્ડરની જાળી નીચે ઝાડુંથી સફાઈ કરી મશીન ચાલુ કરવું.

(૯) મહીનામાં એકવાર આખી લાઇન પાળી દરમ્યાન બંધ રાખી સફાઈ કરવી.

(૨) સ્ટ્રીપર

(૧) પાંચેય લાઈનવાળાને બંને સ્ટ્રીપરોએ બે વાર છોડાવવાના રહેશે.

(૨) ૩૭, સાડત્રીશ મશીનનો સ્લેપ કરશે.

(૩) ૧૧૦ મશીનમથી સીલીન્ડર ફ્લાય કાઢશે.

(૪) કટલીના થેલા બહાર મુકકર કરેલી જગ્યાએ નાખવા જવું.

(૫) કાર્ડ લોડીંગ થયા હોય તો તેમાં સ્લેપ કરવો.

(૬) સકસન યુનિટની સફાઈ કરવી. અને વેસ્ટનો થેલો મુકકર કરેલી જગ્યાએ બહાર નાખવા જવું

(૭) ફાયર બેકેટ્સ અઠવાડિયે એક વાર ભરવી.

(૩) લેપમેન ક્રમ રવાપર

(૧) ૩૭+૩૭+૩૬ કુલ ૧૧૦ મશીન ઉપર લેપ મુકવા.

(૨) ૩૭+૩૭+૩૬ કુલ ૧૧૦ મશીનમાં મશીનના પાછળના ભાગમાં તથા ગલીમાં આઠ કલાકની પાળી દરમ્યાન ત્રણ વખત ઝાડું મારવું.

(૩) ૩૦+૩૦+૨૮ મશીનની લીકરીનની ફ્લાય કાઢવી.

(૪) સીલીન્ડર અને લીકરીન ફ્લાયના થેલા મુકકર જગ્યા એ નાખવા જવું.

(૫) ફાયર બકેટસ અઠવાડિયે એકવાર ભરવી.

(૪) કેનબોય

(૧) ૪૮ મશીનના ડબ્બા લાવવા, લઈ જવા.

(૨) ૭૨ મશીનની લીકરીન ફ્લાય કાઢવી.

(૩) રંગીન લીકરીન ફ્લાયના થેલા મુકકર કરેલી જગ્યાએ નાખવા જવાના.

(૪) લાઈન પના લાઈનમેનને પાળી પુરી થતાં પહેલાં ૧૦ મીનીટ છોડવવાના.

(૫) ફાયર બેકેટસ અઠવાડિયે એકવાર ભરવી.

સહી

જી. જે. દવે
રજિસ્ટ્રાર
અમદાવાદ તા.૧૮-૭-૯૦

(એન. એ. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

(એ. આઇ. શેખ)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

અમદાવાદ
તા. ૪-૯-૯૦

INDEX

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક ૨૭૧૦૪ આરયુ-સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું સુરત ઈલે.સીટી સ્ટાફ યુનિયન, સુરત અને ધી સુરત ઈલે.સીટી કંપની લી., સુરતની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં સપ્ટેમ્બર માસના ૪ દિને આથી નોંધ કરું છું.

શ્રી એ બી. પટેલ અધ્યક્ષશ્રી ઔદ્યોગિક અદાલત, સુરત.

રેફ. આઈ. સી ૨૭/૮૯

સુરત ઈલેક્ટ્રીસીટી સ્ટાફ યુનીયન. — પ્રથમ પક્ષકાર
શ્રમજીવી સેવાલય. અલંકાર ટોકીઝ પાસે, સુરત.

વિરૂદ્ધ અને

ધી મેનેજર અને ચીફ એક્ઝીક્યુટીવ. — બીજા પક્ષકાર

ધી સુરત ઈલે. સટી કંપની લી., સ્ટેશન રોડ, સુરત.

(૧) શ્રી વિજય એન. શેણમારે — હાજર રહ્યા મંત્રી
(૨) શ્રી એન. કે. બાબરીયા — જન. સેક્રેટરી
(૩) શ્રી મુલજી વાઘા — વાઈસ પ્રેસીડન્ટ
પ્રથમ પક્ષકાર તરફે

શ્રી જી. એન. વકીલ — બીજા પક્ષકાર તરફે.

વિષય મેઈન્સ ડિપાર્ટમેન્ટની બીજી શીફ્ટ કાયમ માટે બંધ કરવા બાબત.

: એવોર્ડ :

આ રેફરન્સમાંની પ્રથમ પક્ષકાર યુનીયનની હકીકતો નીચે મુજબ છે.

INDEX

આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનીયનના સેક્રેટરી શ્રી વી. એન. શેણુમારે એ કરેલ છે, ઔદ્યોગિક અદાલતમાં લવાદી માટે આ રેફરન્સ કરવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર યુનીયને, બીજા પક્ષકારને તા. ૧-૨-૮૯ ના રોજ ફોર્મ-એલમાં નોટીસ બજાવી હતી અને તેમાં જણાવ્યા પ્રમાણેનો ઔદ્યોગિક ઝઘડો ઉપસ્થિત કરેલ હતો. ઔદ્યોગિક ઝઘડા બાબત પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઔદ્યોગિક ઝઘડો સમાધાન અધિકારી સમક્ષ સમાધાનની કાર્યવાહી માટે રજુ કરવામાં આવેલ હતો સમાધાનની કાર્યવાહી દરમીયાન પક્ષકારો વચ્ચે કોઈપણ જાતનું સમાધાન ન થતાં સમાધાન અધિકારીએ તેમનું નિષ્ફળતાનું સર્ટીફીકેટ તા. ૩૦-૫-૮૯ ના રોજ કાઢી આપ્યુ હતુ તે પ્રથમ પક્ષકારને તા. ૨-૬-૮૯ ના રોજ મળ્યુ હતું, આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનીયને સુરત મ્યુનીસીપલ કોર્પોરેશનના સ્થાનિક વિસ્તારમાં વિદ્યુત શક્તિ ઉત્પાદન કરવા અને વહેચણીના કામે રોકાયેલ કામદારોના પ્રવર્તમાન હક્કો બાબત પ્રતિનિધિત્વ ધરાવતા યુનીયનની રૂએ કરેલ છે. નિષ્ફળતાનું પ્રમાણપત્ર તા. ૨-૬-૮૯ ના રોજ મળ્યા પછી આ રેફરન્સ તા. ૨૭-૬-૮૯ ના રોજ કરેલ છે. તે સમયસર છે.

(૩) આ રેફરન્સ મારા સમક્ષ ચાલુ હતો તે દરમીયાન પ્રથમ પક્ષકાર યુનીયનના હોદ્દેદારોએ આંક -૫ ની પુરસીસ મારા સમક્ષ રજુ કરેલ છે આંક-૫ ની પુરસીસમાં નીચે આપેલી હકીકતો જણાવેલ છે. 'ધી સુરત ઈલેક્ટ્રીસીટી કંપની સ્ટાફ યુનીયન (પ્રથમ પક્ષકાર) તરફથી તા ૪-૧-૮૯ ના રોજ ચાર્ટર ઓફ ડીમાન્ડ મૂકવામાં આવ્યા હતા, અને તે અંગે યુનીયન તથા સદરહુ મેનેજમેન્ટ વચ્ચે ખાનગી રાહે સમાધાન થયું છે અને તે સમાધાન પ્રમાણેનો એવોર્ડ મેળવવા નામ. કોર્ટમાં સદરહુ અરજી પણ કરવામાં આવી છે. આ રેફરન્સ અંગે હવે કોઈ તકરાર નથી. અને તે બાબતે કોઈપણ નીકાલ કરવાનો રહેતો નથી. સદરહુ પક્ષકારો વચ્ચે જે ખાનગી સમાધાન કરવામાં આવ્યું છે તેમાં આ કેસમાં યુનીયન તરફથી કેસ પાછો ખેંચી લેવા બાબતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.' તે સંજોગોમાં આ રેફરન્સ આગળ ચલાવવાનો રહેતો નથી અને યુનીયન આ રેફરન્સ પાછો ખેંચી લેવા પરવાનગી માગે છે. જેથી આ રેફરન્સનો નીકાલ કરવામાં આવે છે. આંક-૫ની પુરસીસ ઉપર પ્રથમ પક્ષકાર યુનીયનના વાઈસ પ્રેસીડન્ટ શ્રી મુળજી વાઘા. જન. સેક્રેટરી શ્રી એમ. કે. બાબરીયા, અને સેક્રેટરી શ્રી વી. એન, શેણુમારેએ સહીઓ કરેલ છે, આંક ૫ અન્વયે આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપીને આ રેફરન્સનો નીકાલ કરે છે. અને રેફરન્સના ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવ્યો નથી.

આ એવોર્ડની નકલ પક્ષકારો અંગે તે તારીખથી એક મહીનામાં એવોર્ડનો અમલ કરવાનો છે.

INDEX

સહી
પી આર. પુર્ણનાણી
અધિક્ષક
સુરત.
તા. ૨૦-૮-૯૦

સહી
(એ. બી. પટેલ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત

સહી
(એ. આઈ. શેખ)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

અમદાવાદ તા. ૪-૯ ૯૦

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/૫/શમક/૨૭૧૦૫ (આર, યુ.) સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ધી સુરત ઈલેક્ટ્રીક કંપની સ્ટાફ યુનિયન અને ધી સુરત ઈલે. સીટી કંપની લી. સુરત ની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦માં સપ્ટેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

શ્રી એ બી. પટેલ, સભ્યશ્રી ઔદ્યોગિક અદાલત, સુરત.

રેફ આઈ. સી. નં. ૫/૮૯

INDEX

ધી સુરત ઇલેકટ્રીક કંપની સ્ટાફ યુનીયન. પ્રથમ પક્ષકાર
શ્રમજીવી સેવાલય, અલંકાર ટોકીઝ પાસે. સુરત

અને

ધી મેનેજર અને ચીફ એક્ઝેકયુટીવ. બીજા પક્ષકાર
ધી સુરત ઈલે. સીટી કંપની લી...
સ્ટેશન રોડ, સુરત.

શ્રી વિજય એન. શેણમારે, મંત્રી... હાજર રહ્યા.
શ્રી એમ. કે. બાબરીવા. જન સેક્રેટરી

શ્રી મુલજી વાઘા, વાઇસ પ્રેસીડન્ટ.....પ્રથમ પક્ષકાર તરફે.

શ્રી જી. એમ. વકીલ.......બીજા પક્ષકાર તરફે.

વિષય : ૨૦% લેખે બોનસ ચુકવવા બાબત.

એવોર્ડ

આ રેફરન્સમાની પ્રથમ પક્ષકાર યુનીયનની હકીકતો નીચે મુજબ છે.

આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનીયનના જેન. સેક્રેટરી એમ. કે બાબરીયાએ કરેલ છે. ઔધોગિક અદાલતમાં લવાદી માટે આ રેફરન્સ કરવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર યુનીયને બીજા પક્ષકારને તા. ૯-૬-૮૮ ના નોટીસ બજાવી હતી. અને નોટીસમાં જણાવ્યા પ્રમાણેનો ઔધોગિક ઝઘડો ઉપસ્થિત કરેલ હતો. ઔધોગિક ઝઘડા બાબત પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઔધોગિક ઝઘડો સમાધાન અધિ. સમક્ષ સમાધાનની કાર્યવાહી માટે રજુ કરવામાં આવેલ હતો. સમાધાનની કાર્યવાહી દરમિયાન પક્ષકારો વચ્ચે કોઈ પણ જાતનું સમાધાન ન થતાં સમાધાન અધિકારીએ તેમનું નિષ્ફળતાનું સર્ટીફીકટ તા. ૧૨-૧-૮૮ ના રોજ કાઢી આપ્યું હતુ જે પ્રથમ પક્ષકારને તા. ૧૬-૧૨-૮૮ ના રોજ મળ્યું હતુ. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનીયને સુરત મ્યુનીસીપલ કોર્પોરેશનના સ્થાનિક વિસ્તારમાં વિધુત શક્તિ ઉત્પાદન કરવા, પરિવહન કરવા અને વહેંચણીના કામે રોકાયેલા કામદારોના પ્રવર્તમાન હકકો બાબત પ્રતિનિધિત્વ ધરાવતા યુનીયનની રૂએ કરેલ છે. નિષ્ફળતાનું પ્રમાણપત્ર તા. ૧૬-૧૨-૮૮ના રોજ મળ્યા પછી આ રેફરન્સ તા. ૧-૨-૮૯ના રોજ કરેલ છે. જે સમયસર છે.

INDEX

(૩) આ રેફરન્સ મારા સમક્ષ ચાલુ હતો તે દરમિયાન પ્રથમ પક્ષકાર યુનીયનના હોદ્દેદારોએ આંક-૪ ની પુરસીસમાં નીચે પ્રમાણેની હકીકતો જણાવેલ છે. "ધી સુરત ઈલેક્ટ્રીસીટી કંપની સ્ટાફ યુનીયન (પ્રથમ પક્ષકાર) તરફથી તા. ૪-૧-૮૯ થી રોજ ચાર્ટર ઓફ ડીમાન્ડ મુકવામાં આવ્યા હતા તે અંગે યુનીયન તથા સદરહુ મેનેજમેન્ટ વચ્ચે ખાનગી રાહે સમાધાન થયું છે અને તે સમાધાન પ્રમાણેનો એવોર્ડ મેળવવા નામ કોર્ટમાં સદરહુ અરજી પણ કરવામાં આવી છે. આ રેફરન્સ અંગે કોઈ તકરાર નથી. કે રહી નથી અને તે બાબતે કોઈપણ નીકાલ કરવાનો રહેતો નથી. સદરહુ પક્ષકારો વચ્ચે જે ખાનગી સમાધાન કરવામાં આવ્યુ છે તેમાં આ કેસમાં યુનીયન તરફથી કેસ પાછો ખેંચી લેવા બાબતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે "તે સંજોગોમાં આ રેફરન્સ આગળ ચલાવવાનો રહેતો નથી અને યુનીયન આ રેફરન્સ પાછો ખેંચી લેવા પરવાનગી માંગે છે. અને આ રેફરન્સનો નિકાલ કરવામાં આવે છે. આંક-૪ ના પુરસીસ ઉપર પ્રથમ પક્ષકાર યુનીયનના વાઈસ પ્રેસીડન્ટ મુગજી વાઘા. જન. સેક્રેટરી શ્રી એમ. કે બાબરીયા, અને સેક્રેટરી શ્રી વી. એન. શેખુમારેએ સહીઓ કરેલ છે. આંક-૪ અન્વયે આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપીને આ રેફરન્સનો નીકાલ કરું છું. અને રેફરન્સના ખર્ચ કાંઈ હુકમ કરવામાં આવતો નથી.

આ એવોર્ડની નકલ પક્ષકારોને મળે તે તારીખથી એક મહીનામાં એવોર્ડનો અમલ કરવાનો છે.

સહી
પી. આર. પુર્સનાની
સુરત
તારીખ ૨૦-૮-'૯૦.

સહી
(એ. બી. પટેલ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, અમદાવાદ.

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

તા. ૪-૯-૯૦
અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૧૦૬ આરયુ સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ,

હું ધી સુરત ઈલે. સીટી કંપની સ્ટાફ યુનિયન સુરત અને ધી સુરત ઈલે સીટી કંપની લી સુરત ની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં સપ્ટેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરુ છુ.

શ્રી એ. બી. પટેલ. સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત, સુરત

રેફ. આઈ.સી નં. ૩૧/૮૯

ધી સુરત ઇલેક્ટ્રીસીટી કંપની સ્ટાફ યુનીયન શ્રમજીવી સેવાલય, અલંકાર ટોકીઝ પાસે, સુરત	પ્રથમ પક્ષકાર
અને	
ધી મેનેજર અને ચીફ એકઝેકયુટીવ ધી સુરત ઈલે. સીટી કંપની લી. સ્ટેશન રોડ. સુરત.	બીજા પક્ષકાર

હાજર રહયા : શ્રી વિજય એન શેણુમારે મંત્રી — પ્રથમ પક્ષકાર તરફે
શ્રી એમ. કે. બાબરીયા, જન. સેક્રેટરી
શ્રી મુલજી વાઘા વાઈસ પ્રેસીડન્ટ
શ્રી જી. એમ. વકીલ બીજા પક્ષકાર તરફે.

વિષય : કેજ્યુઅલ કામદારને કાયમ કરવા અને લાભો આપવા બાબત.

એવોર્ડ

આ રેફરન્સમાની પ્રથમ પક્ષકાર યુનીયનની હકીકતો નીચે મુજબ છે.

આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનીયનના સેક્રેટરી શ્રી વી. એન. શેણમારએ કરેલ છે. ઔદ્યોગિક અદાલતમાં ચુકાદા માટે આ રેફરન્સ કરવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર યુનીયને બીજા પક્ષકારને તા. ૧-૪-૮૯ના રોજની નોટીસ બજાવી હતી. તે નોટીસમાં જણાવ્યા પ્રમાણેનો ઔદ્યોગિક ઝઘડો ઉપસ્થિત કરેલ હતો. ઔદ્યોગિક ઝઘડા બાબત પક્ષકારો વચ્ચે સમાધાન ન થતા ઔદ્યોગિક ઝઘડો સમાધાન અધિકારી સમક્ષ સમાધાનની કાર્યવાહી માટે રજુ કરવામાં આવેલ હતો. સમાધાન કાર્યવાહી દરમીયાન પક્ષકારો વચ્ચે કોઈપણ જાતનું સમાધાન ન થતાં સમાધાન અધિકારીએ તેમનુ નિષ્ફળતાનું સર્ટીફીકેટ તા. ૪-૮-૮૯ના રોજ કાઢી આપ્યું હતું. તે પ્રથમ પક્ષકારને તા. ૫-૮-૮૯ ના રોજ મળ્યું હતું. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનીયને સુરત મ્યુનીસીપલ કોર્પોરેશનના સ્થાનિક વિસ્તારમાં વિદ્યુત શક્તિ ઉત્પાદન કરવા પરિવહન કરવા અને વહેંચણીના કામે રોકાયેલ કામદારોના પ્રવર્તમાન હક્કો બાબત પ્રતિનિધિત્વ ધરાવતા યુનીયનની રૂએ કરેલ છે નિષ્ફળતાનું પ્રમાણપત્ર તા. ૫-૮-૮૯ ના મળ્યા પછી આ રેફરન્સ તા. ૧૯-૯-૮૯ ના રોજ કરેલ છે તે સમયસર છે.

આ રેફરન્સ મારા સમક્ષ ચાલુ હતો તે દરમીયાન પ્રથમ પક્ષકાર યુનીયનના હોદ્દેદારોએ આંક ૭ની પુરસીસ મારા સમક્ષ રજુ કરેલ છે. આંક-૭ની પુરસીસમાં નીચે પ્રમાણેની હકીકતો જણાવેલ છે. 'ધી સુરત ઈલેક્ટ્રીસીટી કંપનીએ સ્ટાફ યુનીયન (પ્રથમ પક્ષકાર) તરફથી તા. તા. ૪-૧-૮૯ના રોજ ચાર્ટર ઓફ ડીમાન્ડ મુકવામાં આવેલ હતી અને તે એ યુનીયન તથ સદરહુ મેનેજમેન્ટ વચ્ચે ખાનગી રાહે સમાધાન થયું છે અને તે સમાધાન પ્રમાણેનો એવોર્ડ મેળવવા નામ. કોર્ટમાં સદરહુ અરજી પણ કરવામાં આવી છે. રેફરન્સ અંગે કોઈ તકરાર રહેતી નથી અને તે બાબતે કોઈ નીકાલ કરવાનો રહેતો નથી. પક્ષકારો વચ્ચે ખાનગી સમાધાન કરવામાં આવેલ છે. તેમાં આ કેસ યુનીયન તરફથી પાછો ખેંચી લેવા બાબતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે સંજોગોમાં આ રેફરન્સ આગળ ચલાવવાનો રહેતો નથી અને યુનીયન આ રેફરન્સ પાછો ખેંચી લેવા પરવાનગી માગે છે. જેથી આ રેફરન્સનો નીકાલ કરવામાં આવે છે. આંક-૩ની પુરસીસ ઉપર પ્રથમ પક્ષકાર યુનીયનના વાઈસ પ્રેસીડન્ટ શ્રી મુલજી વાઘા, જન સેક્રેટરી શ્રી એમ. કે બાબરીયા અને સેક્રેટરી શ્રી. વી એન. શેણમારએ સહીઓ કરેલ છે. આંક-૭ અન્વયે આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપીને આ રેફરન્સનો નીકાલ કરૂં છું અને રેફરન્સના ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

INDEX

આ એવોર્ડની નકલ પક્ષકારોને મળે તે તારીખથી એક મહીનામાં એવોર્ડનો અમલ કરવાનો છે.

સહી
પી. આર. પ્રુસ્રનાણી
અધિક્ષક
સુરત.
તા. ૨૦/૮/૯૦.

સહી
(એ. બી. પટેલ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

અમદાવાદ
તા ૪—૯—૯૦

(એ. આઈ શેખ)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અ-૧ ચેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૧૦૩ આરયુ-સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૭ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ,

હું અમદાવાદ જયુપીટર ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદ અને શ્રી કરણસીંહ રામસીંહ c/o મહાગુજરાત મજદુર પરીષદ, અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં સપ્ટેમ્બર માસનાં ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રુબરુ.

અપીલ (આઇસી) નં. ૧/૯૦.

અમદાવાદ જ્યુપીટર ટેક્ષટાઈલ મીલ્સ,
દુધેશ્વર રોડ, અમદાવાદ ૧. ...વિવાદી

વિરૂદ્ધ,

શ્રી કરણસીંહ રામસીંહ,
c/o, મહાગુજરાત મજદુર પરીષદ,
ભદ્ર, અમદાવાદ. ...પ્રતિવિવાદી.

બી.આઈ.આર એક્ટની કલમ ૮૪ અન્વયે અપીલ
વિવાદી તરફે વકીલ કુ. મીનાબેન શાહ.
પ્રતિવિવાદી તરફે શ્રી હરીપ્રસાદ રાવલ.

ચુકાદો

૧. હાલનો વિવાદ મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૮૪ મુજબ, અમદાવાદની દશમી મજુર અદાલતના ન્યાયાધીશ શ્રી પી.આર.દવેએ તેમના સમક્ષની અરજી નં. ૪૪૬/૮૪ના કામે તા. ૧૦-૧૧-૮૯ના રોજ આપેલા ચુકાદા વિરૂદ્ધ કરવામાં આવેલ છે. સદરહુ ચુકાદાથી વિદ્વાન ન્યાયાધીશે અરજદાર કામદારની અરજીની માંગણી બહાર રાખેલી છે અને અરજદાર કામદારને તા. ૨૯-૧૦-૮૨થી જુનીયર કલાર્કના એવોર્ડ મુજબનું પગાર ધોરણ, મોંઘવારી તથા અન્ય લાભો તેઓ મેળવવા માટે હક્કદાર છે તેવું ઠરાવેલ છે અને સામાવાળા મીલને એવો આદેશ આપેલો છે કે, તા. ૨૯-૧૦-૮૨થી તે પગાર ધોરણથી ઓછી રકમ જે ચૂકવવામાં આવી તે તફાવતની રકમ તેઓને ૩૦ દિવસમાં અરજીના ખર્ચ રૂ. ૩૦૦/—સહીત ચુકવી આપવી.

૨. કામની હકીકત એ મુજબની છે કે, આ કામના પ્રતિવિવાદી જે મુળ કામના અરજદાર હતા અને જેને હવે પછીથી અરજદાર કામદાર તરીકે સંબોધવામાં આવશે તેઓ આ કામના વિવાદી મીલમાં તા. ૩૦-૯-૮૧ના રોજથી

એપ્રેન્ટીસ કલાર્ક તરીકે દાખલ થયેલા હતા. તેઓને શરૂઆતમાં રૂા. ૧૩૦ ઉચ્ચક વેતન ચૂકવવામાં આવતું હતું. ફેબ્રુઆરી-૮૨થી ૧૯૮૩ સુધી તેમને ઉચ્ચક રૂા. ૨૩૦/-લેખે વેતન ચૂકવવામાં આવેલ છે. માર્ચ-૮૩થી તેમને રોજના રૂા. ૨૦ લેખે અને જુન-૮૩થી તેમને રોજના રૂા. ૨૫ લેખે ઉચ્ચક વેતન ચૂકવવામાં આવે છે. અરજદારને એપ્રેન્ટીસ તરીકે લેવામાં આવેલ હતા. એપ્રેન્ટીસનો એક વર્ષનો સમય પુરો થયા બાદ પણ તેઓને નોકરીમાં ચાલુ રાખવામાં આવેલા હતા તેઓની પાસેથી જુનીયર કલાર્કનું કામ લેવામાં આવતું હતું તેમ છતાં તેઓને અગાઉ જણાવ્યા પ્રમાણે ઉચ્ચક વેતન ચૂકવવામાં આવતું હતું માટે તેઓએ સામાવળા મીલ અને કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતા ટેક્ષટાઈલ લેબર એસોસિએશન વચ્ચે થયેલા એવોર્ડમાં જુનીયર કલાર્કના નકકી કરવામાં આવેલ વેતન દર મુજબ તેઓને વેતન મળવું જોઈએ તેવી તેઓએ મૌખિક માંગણી કરેલી, જે સ્વીકારવામાં આવેલી નહીં એટલે તેઓએ તા. ૧૯-૩-૮૪ના રોજ અમદાવાદની મજુર અદાલતમાં ૧૯૪૬ના અધિનિયમની કલમ ૭૯(૪) મુજબ અરજી દાખલ કરેલી અને તેમાં જણાવેલ કે સામાવાળા મીલે એવોર્ડમાં નકકી કરેલા વેતન દર તેમને ચુકવીને ગેરકાયદેસર ફેરફાર કરેલો છે તેવું જાહેર કરવું જોઈએ અને તેમને એવોર્ડ મુજબના પગાર ધોરણની તફાવતની રકમ ચુકવી આપવાનો સામાવાળા મીલને આદેશ આપવો જોઈએ.

૨. સામાવાળા મીલની રજુઆત એવી છે કે, અરજદારને એપ્રેન્ટીસ તરીકે લેવામાં આવેલા હતા અને તેઓ એપ્રેન્ટીસ તરીકે ચાલુ હતા અને તેઓને તા. ૧૫-૩-૮૪ના રોજ છુટા કરવામાં આવેલા છે એટલે તેઓ હાલની અરજી કરવા માટે હકકદાર નથી અને તેમની અરજી કાયદા પ્રમાણે ટકી શકે તેમ નથી. સામાવાળાની વિશેષમાં રજુઆત એવી છે કે, અરજદારે કોઇ વિનંતીપત્ર આપેલ નહી હોવાથી તેઓની અરજી ટકી શકે નહીં અને ગેરકાયદેસરની ફેરફારની અરજી મુદત બહારની કરેલ હોઈ તે રદ થવાને પાત્ર છે.

૪. અરજદારની રજુઆત મુજબ, તેઓએ હાલની અરજી કર્યા બાદ તેઓને સામાવાળા મીલે નોકરીમાંથી છુટા કરેલ છે અને તે બાબતની તેઓએ અલાયદી મજુર અદાલતમાં ૧૯૪૬ના અધિનિયમની કલમ ૭૯ મુજબ નોકરીમાં પુનઃસ્થાપિત થવા અંગેની અરજી દાખલ કરેલી છે. અરજદારની રજુઆત મુજબ, તા. ૨૦-૩-૮૪ના રોજ તેઓને છુટા કરવામાં આવેલા છે. અરજદારે પોતાની રજુઆતના સમર્થનમાં પોતાની જાતને આંક-૧૬થી તપાસેલા છે, જ્યારે સામાવાળા મીલ તરફથી તેમના હેડટાઈમકીપર શ્રી મુકુંદભાઈ પરીખને આંક-૧૮થી તપાસેલા

છે. વિદ્વાન ન્યાયાધીશ આ વિવાદ હેઠળના ચુકાદાથી એવા નિર્ણય પર આવ્યા કે અરજદારને તા. ૩૦-૯-૮૧ ના રોજથી એપ્રેન્ટીસ તરીકે જુનીયર કલાર્ક તરીકે લેવામાં આવેલા હતા અને અરજદાર જણાવે છે તે પ્રમાણે તેઓને ઉચ્ચક વેતન ચુકવવામાં આવતું હતું અને અરજદારે હાલની અરજી દાખલ કર્યા બાદ તેઓને તા. ૨૦-૪-૮૪ ના રોજથી નોકરીમાંથી કાઢી મુકવામાં આવેલા છે, વિદ્વાન ન્યાયાધીશ શ્રી એવા નિર્ણય પર આવ્યા કે અરજદારનો એક વર્ષનો એપ્રેન્ટીશનો સમય પુરો થયા બાદ પણ તેમને નોકરીમાં ચાલુ રાખવામાં આવેલા છે એટલે અરજદાર તા. ૨૦-૧૦-૮૨ થી સામાવાળા મીલને બંધનકર્તા એવોર્ડમાં જુનીયર કલાર્કના વેતન ધોરણ, મોંઘવારી ભથ્થા વગેરે તેઓ મેળવવા માટે હક્કદાર છે પરંતુ તેમને તે પ્રમાણે તેનાં કરતાં ઘણી ઓછી રકમ ચુકવવામાં આવી છે એટલે તે રીતે સામાવાળા મીલે એવોર્ડનો અમલ નહીં કરીને ગેરકાયદેસર ફેરફાર કરેલો છે અને તેથી સામાવાળા મીલ અરજદારને તા. ૨૯-૧૦-૮૨થી એવોર્ડ મુજબ પગાર ધોરણની તફાવતની રકમ અરજદાર કામદારને ચુકવી આપવા માટે જવાબદાર છે. પરિણામે વિદ્વાન ન્યાયાધીશે આગળ જણાવ્યા પ્રમાણેનો હુકમ અરજદારના લાભમાં કરેલો છે.

૫. સદરહુ હુકમથી નારાજ થઈ સામાવાળા મીલ તરફથી હાલનો વિવાદ દાખલ કરવામાં આવેલ. વિવાદી તરફે કુ. મીનાબેન શાહની રજુઆત એવી છે કે, અરજદાર કામદારે અરજી દાખલ કરી ત્યારે તેઓ, સામાવાળા મીલની નોકરીમાં હતા જ નહીં માટે તેઓ હાલની અરજી કરી શકતા નથી તેમજ અરજદારે હાલની કલમ ૭૯ મુજબની અરજી દાખલ કરતા પહેલા કલમ ૪૨ (૪) મુજબનો કોઈ વિનંતીપત્ર આપેલ નહીં હોવાથી અરજદારની અરજી રદ થવાને પાત્ર છે. તેમની વિશેષમાં રજુઆત એવી છે કે, ગેરકાયદેસર ફેરફાર તા. ૨૯-૧૦-૮૨ના રોજ થયો કહેવાય પરંતુ મજૂર અદાલતમાં અરજી તા. ૨૯-૩-૮૪ના રોજ કરવામાં આવેલ છે તેથી તે મુદત બહારની છે તેમની વિરુદ્ધ રજૂઆત એવી છે કે, સદરહુ અરજીઓ પેરા નં ૮ માં અરજદારે જણાવેલ છે કે તા. ૧-૧૦-૮૩થી ગેરકાયદેસર ફેરફાર કરવામાં આવેલ છે માટે અરજદાર તા ૧-૧૦-૮૩ થી જ એવોર્ડ મુજબ વેતન મેળવવા માટે હક્કદાર છે. વિરૂદ્ધમાં શ્રી હરીપ્રસાદ રાવલની રજૂઆત એવી છે કે, અરજદારે અરજી દાખલ કરી ત્યારે તેઓ સામાવાળા મીલમાં નોકરીમાં ચાલુ હતા પરંતુ ત્યાર બાદ તેઓને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે ફારેગ કરવામાં આવેલા છે અને તે બાબતમાં તેઓએ મજુર અદાલતમાં કાર્યવાહી પણ કરેલી છે માટે તેઓની અરજી રદ કરી શકાય નહીં. તેઓની વિશેષમાં રજુઆત એવી છે કે, સામાવાળા મીલે ગેરકાયદેસર ફેરફાર કરેલ છે એટલે કલમ ૭૯-૪

મુજબ અરજદાર વિનંતીપત્ર આપ્યા વગર અરજી કરવા માટે હક્કદાર છે. મુદત સંબંધમાં તેઓની રજુઆત એવી છે કે, એવોર્ડ મુજબ વેતન ન ચુકવીને તેઓએ ગેરકાયદેસર ફેરફારની શરૂઆત તા. ૨૯ ૯-૮૧ થી શરૂ કરેલ છે અને તે આ અરજી થઈ ત્યારે પણ ચાલુ રાખેલ છે તે માટે હાલની અરજીને મુદતનો કોઈ બાધ નડતો નથી. તેઓની વિશેષમાં રજૂઆત એવી છે કે, ગેરકાયદેસર ફેરફાર પક્ષકારો વચ્ચે જે હકીકતો બાબતે તકરાર નથી તે પરથી સ્પષ્ટ છે કે, ગેરકાયદેસર ફેરફાર તા. ૨૯-૯-૮૧થી કરવામાં આવેલ છે તે સંજોગોમાં અરજદારે પોતાની અરજીમાં ભુલથી લખ્યું હોય કે ગેરકાયદેસર ફેરફાર તા. ૧-૧૦-૮૩થી કરવામાં આવેલ છે તેથી ગેરકાયદેસર ફેરફાર ૧-૧૦-૮૩થી જ કરવામાં આવેલ છે એવો નિર્ણય લઈ શકાય નહીં. કાયદા અંગે કોઈ પક્ષકારને કથનથી તેને બાંધી શકાય નહીં. પરિણામે વિદ્વાન ન્યાયાધીશે જે હુકમ કરેલો છે તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી.

૬. પક્ષકારો તરફથી જે પુરાવો રજુ થયો છે અને જે રજુઆત થઈ છે તે પરથી આ અદાલત એવા નિર્ણય પર આવે છે કે, અરજદારે જયારે અરજી દાખલ કરી ત્યારે સામાવાળા મીલમાં તેઓ નોકરીમાં ચાલુ હતા. અરજદારની અરજી ૧૯૪૬ના અધિનિયમની કલમ ૭૯-૪ મુજબની છે એટલે તેમાં કોઈ વિનંતીપત્ર આપવાની જરૂર નથી તેમજ સામાવાળા મીલે જે ગેરકાયદેસર ફેરફાર કરેલો છે તે સતત ચાલુ છે માટે તેવી અરજીને મુદતનો કોઈ બાધ નડતો નથી અને ગેરકાયદેસર ફેરફાર તા. ૨૯-૧૦-૮૨ થી શરૂ કરવામાં આવેલ છે, કારણકે તા. ૨૯-૧૦-૮૨ના રોજ અરજદારનો એપ્રેન્ટીસ સમય પુરો થયો એટલે ત્યારથી તેઓ જુનીયર કલાર્કના એવોર્ડ મુજબના પગાર ધોરણ મુજબ વેતન, મોંઘવારી વગેરે મેળવવા માટે તેઓ હકકદાર હતા તેમ છતાં સામાવાળા મીલે તેમને તે મુજબ વેતન ચૂકવી આપેલ નથી અને તેના કરતાં ઘણી ઓછી રકમ ઉચ્ચક તરીકે ચૂકવીને અરજદાર કામદારનું શોષણ કરીને ગેરકાયદેસર લાભ મેળવેલો છે અને તે રીતે એવોર્ડની શરતોનું પાલન ન કરીને ગેરકાયદેસર ફેરફાર કરેલો છે. પરિણામે વિદ્વાન ન્યાયાધીશે જે હુકમ કરેલો છે તેમાં કોઈ હસ્તક્ષેપ કરવાની જરૂર નથી પરંતુ તેમાં એટલી સ્પષ્ટતા કરવાની જરૂર છે કે, અરજદાર તા. ૨૯-૯-૮૨ થી તા. ૨૦-૪-૮૪ સુધી તે તફાવતની રકમ મેળવવા માટે હક્કદાર બને છે. પરિણામે સામાવાળા મીલનો આ વિવાદ અર્જ સાથે રદ કરવાનો રહે છે. જે નિર્ણય અંગેના સંક્ષિપ્તમાં કારણો નીચે મુજબનાં છે.

૭. સૌ પ્રથમ સામાવાળા મીલની રજુઆત એવી છે કે, અરજદારને તા. ૧૫ ૩-૮૪ના રોજથી નોકરીમાંથી છુટા કરવામાં આવેલા હતા. આની વિરુદ્ધમાં

અરજદારની રજુઆત એવી છે કે, તેઓને તા ૨૦-૪-૮૪થી એટલે કે આ અરજી કર્યા બાદ નોકરીમાંથી છુટા કરવામ. આવેલા છે. અરજદારે પોતાની જુબાનીમાં સ્પષ્ટ જણાવેલ છે કે, તેઓને તા. ૨૦-૪-૮૪ના રોજથી નોકરીમાંથી છુટા કરવામાં આવેલા છે તેમના આ વિધાનને પડકારવામાં આવેલ નથી. સામાવાળા મીલના ટાઈપકીપર પોતાની જુબાનીમાં કયાંય જણાવતા નથી કે અરજદારે નોકરીમાંથી કયારે છુટા કરેલા છે તે સંજોગેમાં સામાવાળા મીલની લેખિત જવાબની રજુઆત કે અરજદારને તા. ૧૫-૩-૮૪ના રોજથી નોકરીમાંથી છુટા કરવામાં આવેલા છે તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. પરિણામે કુ મોનાબેનની રજુઆત કે આ અરજી દાખલ કરી ત્યારે અરજદાર સામાવાળા મીલની નોકરીમાં હતા જ નહ તે રજુઆત સાથે સંમત થઈ શકાય તેમ નથી.

૮. સામાવાળા મીલની વિશેષમાં રજુઆત એવી છે કે, કલમ ૪૨(૪) મુજબ વિનંતીપત્ર આપેલ નથી માટે અરજદારની અરજી ટકી શકે નહીં. આ રજુઆતમાં પણ કંઈ તથ્ય નથી. અરજદારની અરજી ૧૯૪૬ના અધિનિયમની કલમ ૭૯-૪ મુજબની છે. સદરહુ પેટા કલમ મુજબ કલમ ૭૮ની પેટા કલમ ૧ના પરીચ્છેદ ક ના ખંડ ગ નીચે આવતી કોઈ બાબતને લગતી અરજી (જેમાં ગેરકાયદેસર ફેરફાર પાછો ખેંચવાનું ફરમાન કરવાનો અધિકાર મજુર અદાલતને આપવામાં આવ્યો છે તેનો સમાવેશ થાય છે) ગેરકાયદેસર ફેરફાર કર્યાના ૬ મહીનાની અંદર કરવી જોઈએ. પરંતુ આવો ફેરફાર કરવામાં આવ્યો હોય તે તારીખથી છ મહીનાની મુદત પુરી થયા પછી કરવામાં આવેલી અરજી અંગે માલિક કલમ ૧૦૬ મુજબ શિક્ષાને પાત્ર ઠરાવી શકાય નહીં. પરિણામે કલમ ૭૯-૪ની જોગવાઈ મુજબ ગેરકાયદેસર ફેરફારની અરજી છ મહીનાની મુદતની અંદર કરવામાં આવી ન હોય તો પણ મજુર અદાલત તે અરજીને લક્ષમાં લઈ શકે છે પરંતુ આવા કિસ્સામાં છ મહીના બાદ કરવામાં આવેલ અરજી પરથી માલિકને કલમ ૧૦૬ મુજબ શિક્ષા કરી શકાય નહીં. આપણા કિસ્સામાં અરજદાર કામદારને એપ્રેન્ટીસ તરીકે રાખવામાં આવેલા હતા. સામાવાળા મીલને લાગુ પડયા સ્થાયી હુકમોની જોગવાઈઓ મુજબ એપ્રેન્ટીસ તરીકે વધુમાં વધુ એક વર્ષ સુધી કોઈપણ કર્મચારીને રાખી શકાય. એક વર્ષનો સમય પુરો થયા પછી તે કર્મચારી તે જગ્યા ઉપર ચાલુ રહે તો તે એપ્રેન્ટીસ મટી જાય છે અને તે જગ્યાના તેઓ કાયમી કર્મચારી બને છે. પરિણામે અરજદાર કે જેને એપ્રેન્ટીસ તરીકે તા. ૩૦-૯-૮૧ ના રોજ કામે રાખવામાં આવેલા હતા તેઓ તા. ૨૯-૯-૮૨થી એપ્રેન્ટીસ મટીને રાબેતા મુજબના કર્મચારી બને છે એટલે ત્યારથી તેઓ જુનીયર કલાર્કના એવોર્ડમાં નક્કી કરેલા વેતન દર, મોંઘવારી ભથ્થું વગેરેના લાભો મેળવવા માટે હક્કદાર

હતા પરંતુ સામાવાળા મીલે તેમને તે મુજબના વેતન કે ઈતર લાભો ચુકવી આપેલા નથી અને તેના કરતાં ઓછું વેતન તેમને ચુકવી આપેલ છે પરિણામે તા. ૨૯-૧૦-૮૨થી સામાવાળા મીલે એવોર્ડની શરતોનું પાલન નહીં કરીને ગેરકાયદેસર ફેરફાર કરેલો છે. સામાવાળા મીલે કરેલો ગેરકાયદેસર ફેરફાર સતત ચાલુ રહેલો છે તે ફેરફાર અરજદારે મજુર અદાલતમાં તા. ૧૯-૪-૮૪ના રોજ અરજી દાખલ કરી ત્યારે પણ ચાલુ હતો, કારણ કે તે મહીનામાં પણ તેઓને એવોર્ડ મુજબ વેતન અને અન્ય લાભો ચુકવી આપવામાં આવેલા નથી પરંતુ તે કરતાં ઓછું વેતન ચુકવી આપવામાં આવેલ છે. જે કિસ્સાઓમાં ગેરકાયદેસર ફેરફાર સતત ચાલુ રહયો હોય તે કિસ્સાઓમાં માલિકની રજુઆત કે ગેરકાયદેસર ફેરફાર ૫ વર્ષ પહેલાં શરુ થયેલ છે અને તે સતત ચાલુ છે એટલે અરજી મુદત બહારની છે તેવી રજુઆત ગ્રાહ્ય રાખી શકાય નહીં. અત્રે નોંધ લેવાની જરૂર છે કે, કલમ ૭૯-૪ મુજબ મજુર અદાલતને છ મહીનાની મુદત બહાર દાખલ કરવામાં આવેલ અરજીમાં મુદતનો બાધ માફ કરવાની સત્તા બક્ષવામાં આવેલી છે. અત્રે નોંધ લેવાની જરૂર છે કે, અરજદાર કામદાર ગરજાઉ વ્યક્તિ હતા. તેઓ તરત જ આ બાબતની ફરિયાદ દાખલ કરે તો તેમને નોકરીમાંથી કાઢી મુકે તેવો ભય હતો માટે અરજદાર કામદાર મુદત દરમ્યાન આ જાતની માંગણી ન કરે તે માટેનું વ્યાજબી કારણ હતું. અરજદારે તા. ૧૯-૪-૮૪ ના રોજ હાલની અરજી દાખલ કરી એટલે તેઓને તા. ૨૦-૪-૮૪ના રોજ નોકરીમાંથી દુર પણ કરવામાં આવેલા છે આ સંજોગ પણ લક્ષમાં લેવાની જરૂર છે એટલે પલભર એમ માનવામાં આવે કે ગેરકાયદેસર ફેરફાર તા. ૨૯-૯-૮૨ના રોજ શરૂ થયેલ છે અને તે અંગેની અરજી તા. ૧૯-૪-૮૪ના રોજ દાખલ કરવામાં આવેલ છે અને તે છ મહીનાની મુદત બહારની છે તો પણ તેને તે મુદત માફ કરવા માટેનો યોગ્ય કિસ્સો હતો એટલે એવો નિર્ણય લઈ શકાય કે વિદ્વાન ન્યાયાધીશશ્રીએ પોતાને બક્ષવામાં આવેલ સત્તાનો ઉપયોગ કરીને મુદત માફ કરેલી છે. અગાઉ જણાવ્યા પ્રમાણે વાસ્તવમાં સામાવાળા મીલે જે ગેરકાયદેસર ફેરફાર કરેલ છે તે સતત ચાલુ છે માટે અરજદારની અરજીને મુદતનો કાંઈ બાધ નડતો નથી, પરંતુ પલભર એમ માની લઈએ કે, મુદતનો બાધ નડે છે પરંતુ તે બાધ મજુર અદાલતને માફ કરવાની સત્તા હતી અને મજુર અદાલતે તે ગર્ભીત રીતે માફ કરેલ છે એમ કહી શકાય. કુ. મોનાબેનની રજૂઆત એવી છે કે, મુદતનો બાધ માફ કરવા માટે કોઈ અલાયદી અરજી કરવામાં આવેલ નથી પરંતુ અગાઉ જણાવ્યા પ્રમાણે વાસ્તવમાં અરજદારની અરજી મુદત બહારની ગણી શકાય નહીં અને મજૂર અદાલતને મુદતનો બાધ માફ કરવા માટેની સત્તા બક્ષવામાં આવેલી છે તેથી અરજી કરવી ફરજીયાત નથી. પલભર એમ માની લઈએ કે, આવી અરજીની

ઔપચારિક રીતે જરૂર હતી તો તેવી અરજી લઈને મુદત માફ થઈ શકે. કમનસીબે જેનાં આટલા કારણસર મજૂર અદાલતને કામ પાછું મોકલવા માટેની માંગણી જે કરવામાં આવી છે તે વ્યાજબી નથી. પરિણામે મુદતના કારણસર અરજદારની અરજી રદ કરવી જોઈએ એવી જે માંગણી કરવામાં આવેલી છે તેમાં કંઈ તથ્ય દેખાતું નથી.

૯. સામાવાળા મીલની વિશેષમાં રજુઆત એવી છે કે, અરજદારે પોતાની અરજીના પેરા નં. ૮માં જણાવેલ છે કે તા. ૧-૧૦-૮૩ના રોજથી ગેરકાયદેસર ફેરફાર કરવામાં આવેલ છે માટે તે અગાઉના તફાવતની રકમ તેઓ મેળવવા માટે હક્કદાર નથી. આ રજુઆત સાથે સંમત થઈ શકાય તેમ નથી. ગેરકાયદેસર ફેરફાર ક્યારથી શરૂ થયો તે પ્રસ્થાપિત હકીકતો પરથી નક્કી કરવાનું છે અને તે કાયદાનો વિષય છે. તેમાં કોઈ પક્ષકાર તરફથી જણાવવામાં આવેલ હોય કે આ તારીખથી ગેરકાયદેસર ફેરફાર થયેલ છે માટે તે જ તારીખથી તે ફેરફાર થયેલ છે એમ કહી શકાય નહીં. પ્રસ્થાપિત હકીકતો પરથી ગેરકાયદેસર ફેરફાર ક્યારે થયો તે નક્કી કરવાનું રહે છે. તે કાયદાનો વિષય છે અને તે અંગે કોઈ પક્ષની કબુલાતથી તેને બાંધી શકાય નહિં. પરિણામે કુ. મીનાબેનની રજૂઆત કે તા. ૧-૧૦-૮૩થી જ ગેરકાયદેસર ફેરફાર થયેલો છે એવો મજૂર અદાલતે નિર્ણય લેવો જોઈતો હતો તે સાથે સંમત થઈ શકાય તેમ નથી. જે હકીકતો પ્રસ્થાપિત થઈ છે અને જે બાબતમાં સામાવાળા મીલને તકરાર હોઈ શકે નહીં અને છે પણ નહીં અને છે પણ નહીં તે મુજબ અરજદારે એપ્રેન્ટીસનો સમય તા. ૨૯-૯-૮૨ના રોજ પુરો કરેલો છે અને ત્યારથી તેઓ જુનીયર ક્લાર્કના એવોર્ડ મુજબના પગાર ધોરણ તથા અન્ય લાભો મેળવવા માટે હક્કદાર છે અને તે મુજબ તેઓને ચુકવવામાં આવેલ નથી અને ત્યારથી જ સામાવાળા મીલે ગેરકાયદેસર ફેરફાર કરેલો છે એટલે સામાવાળા મીલ તા. ૨૯-૯-૮૨થી અરજદાર કામદારને એવોર્ડ મુજબ વેતન તથા અન્ય લાભો ચુકવવા માટે જવાબદાર છે, માટે અરજદાર કામદાર ત્યારથી જ એવોર્ડ મુજબ તેમને ન ચુકવી આપવામાં આવેલ તફાવતની રકમ મેળવવા માટે હક્કદાર બને છે. પક્ષકારો વચ્ચે તકરાર નથી કે, તા. ૨૦-૪-૮૪ના રોજ અરજદારને નોકરીમાંથી છુટા કરવામાં આવેલા હતા. અરજદારની રજૂઆત મુજબ, તેઓને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરવામાં આવેલા છે અને તે અંગે તેઓએ મજુર અદાલતમાં અલગ રીતે કાર્યવાહી કરેલી છે. સામાવાળા મીલની રજૂઆત એવી છે કે, અરજદારને નોકરીમાંથી કાયદેસર રીતે છુટા કરવામાં આવેલા છે. અરજદાર કામદારે તે બાબતમાં મજુર અદાલતમાં પ્રક્રિયા શરૂ કરેલા છે અને તે પ્રક્રિયામાં જે નિર્ણય આવશે તે બંને પક્ષકારોને બંધનકારક છે, અને તે

INDEX

નિર્ણય અરજદાર કામદારના લાભમાં આવે તો તા. ૨૧-૪-૮૪ બાદનું પણ વેતન તથા અન્ય લાભો તે એવોર્ડ મુજબ તેઓ મેળવવા માટે હકકદાર બનશે. તે સંજોગોમાં હાલના પ્રકરણમાં અરજદાર તા. ૨૦-૪-૮૪ સુધીની તફાવતની રકમ મેળવવા માટે હકકદાર બને છે. આ બાબતની મજુર અદાલતના આખરી હુકમમાં સ્પષ્ટતા કરવામાં આવેલ નથી માટે તેટલા પુરતી સ્પષ્ટતા કરવાની જરૂર છે. તે સિવાય સામાવાળા મીલ તરફથી ઉપસ્થિત કરવામાં આવેલ અન્ય કોઈ મુદ્દાઓમાં તથ્ય નથી માટે સામાવાળા મીલનો વિવાદ ખર્ચ સહ રદ કરવાનો રહે છે. પરિણામે આ વિવાદમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૧૦. વિવાદી મીલ તરફથી દાખલ કરવામાં આવેલ હાલનો વિવાદ ખર્ચ સાથે રદ કરવામાં આવે છે. સામાવાળા મીલને આદેશ આપવામાં આવે છે કે, તેઓએ અરજદાર કામદારને આ વિવાદના ખર્ચ પેટે, રૂ. ૨૦૦/- એક માસમાં ચૂકવી આપવાના રહેશે. અત્રે સ્પષ્ટતા કરવામાં આવે છે કે, મજુર અદાલતે અરજદારના લાભમાં જે હુકમ કરેલો છે તે મુજબ અરજદાર તા. ૨૦-૯-૮૨થી તા. ૨૦-૪-૮૪ સુધી એવોર્ડ મુજબ તેમનને ન ચુકવી આપવામાં આવેલ વેતન તથા અન્ય લાભોની તફાવતની રકમ, મજુર અદાલતે અપાવેલ ખર્ચના રૂ. ૩૦૦ સાથે સામાવાળા મીલ પાસેથી મેળવવા માટે હકકદાર બને છે.

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર
તા. ૨૩-૭-૯૦
અમદાવાદ

સહી
એન. એ. ચૌહાણ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
૨૦-૭-૯૦
અમદાવાદ

સહી
એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૪-૯-૯૦
અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયકસંઘ નિબંધક દ્વારા :

ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં ઉપક્રમોની માન્યતા.

અધિસુચના ક્રમાંક ખ/શમક/૨૭૧૬૦ આર જી બી આઈ આર ૧૯૯૦. સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૧૧ : ૧ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ અને તા. ૨૪-૪-૯૦ની અધિસુચના ક્રમાંક ખં/શમક/૨૬૮૯૬/આરઈજી/બી આઈ આર/૧૯૯૦ના અનુસંધાનમાં નીચે જણાવેલ સંસ્થાઓને સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં ઉપક્રમ તરીકે હું આથી માન્ય કરું છું.

નં. ૨૫૫ દર્શન ટેક્ષટાઈલ, અંકલેશ્વર.

નં. ૨૫૬. પી બી. ટેક્ષટાઈલ, લી., અંકલેશ્વર.

નં. ૨૫૭. ઉન્નતી ટેક્ષ્ચ્યુરાઈઝર્સ, અંકલેશ્વર.

નં. ૨૫૮. હિમસન વીસ્ટીંગ એન્ડ ટેક્ષ્ચ્યુરાઈઝીંગ ઈન્ડસ્ટ્રીઝ લી. અંકલેશ્વર.

અમદાવાદ. તા. ૬-૧૦-૧૯૯૦,

સહી
આર. કે. પરમાર.
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ,
અમદાવાદ.

સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

રેશમ કાપડ ઉદ્યોગમાંના ઉપક્રમોની માન્યતા.

અધિસુચના ક્રમાંક ખ/શ્રમક/૨૭૧૬૧/આર ઈ જી/આઈ આર/ ૧૯૯૦. અને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબધક અધિનિયમની કલમ ૧૧-૧ થી મને આપવામાં આવેલી સત્તાની રુએ, અને તા. ૪-૧૧-૮૯ ની અધિસુચના ક્રમાંક અ/શ્રમક/૨૬૪૪૯/આરઇજી/બી આઇ આર/ ૧૯૮૯ના અનુસંધાનમાં નીચે જણાવેલ સંસ્થાને અને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે રેશમ કાપડ ઉદ્યોગમા ઉપક્રમ તરીકે હું આથી માન્ય કરુ છું.

નં. ૮૩૧ હિરાલાલ મંછારામ એન્ડ સન્સ લી, અંકલેશ્વર.

સહી

અમદાવાદ. તા. ૬-૧૦-૧૯૯૦.

આર. કે. પરમાર.
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબધક અધિનિયમ,
અમદાવાદ

સને-૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક શ્રમ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/બ/શ્રમક/૨૭૧૬૨ આથી સને-૧૯૪૬ નાં મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઇએ.

હું સાબરકાંઠા સહકારી બેંક સ્ટાફ યુનીયન હિંમતનગર અને શ્રી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી, હિંમતનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦માં એકટોબર માસના રૂપમાં દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન. એ. ચોહાણ, સભ્ય રૂબરૂ,

રેફરન્સ (આઇસી) નં. ૮૫/૯૦.

સાબરકાંઠા જિલ્લા સહ. બેન્ક ટટાફ યુનિયન.
હિંમતનગર. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.
હિંમતનગર. દ્વિતીય પક્ષકાર.

ઉદ્યોગ : બેન્કીંગ.

શ્રી બી. ટી. પટેલ તથા અન્ય બે ટેકનીકલ ઓફિસરની નિમણુંક રદ કરવા અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩ (ક) મુજબ પ્રથમ પક્ષકાર યુનિયને દ્વિતીય પક્ષકાર બેન્ક સામે દાખલ કરેલો છે. પ્રથમ પક્ષકાર યુનિયને બેન્કને તા. ૧૦-૮-૮૯ના રોજ એક ફેરફારની સુચના કલમ ૪૨ (૨) મુજબ આપેલી, જે અંગે પક્ષકારો વચ્ચે સમાધાનકાર કોઇ સમાધાન કરાવવામાં સફળ ન થતાં તેઓએ નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપતાં, યુનિયને હાલનો રેફરન્સ દાખલ કરેલો છે.

INDEX

૨. યુનિયને બેન્કને ફેરફારની સુચના આપીને એવી માંગણી કરેલ હતી કે, શ્રી બી. ટી. પટેલ, એચ. એમ. પટેલ અને શ્રી એસ. આર. પટેલને ટેકનીકલ ઓફિસર તરીકેની કાયમી નિમણુક રદ કરવી જોઈએ.

૩. આ રેફરન્સમાં યુનિયને તેમનું માંગણાનું નિવેદન રજુ કરવા માટે તા. ૩૧-૭-૯૦ના રોજની નોટિસ કાઢવામાં આવેલ હતી. તેમજ બેન્કને પણ તેમનું બચાવનામું રજુ કરવા માટે નોટિસ કાઢેલી હતી. સદરહુ નોટિસ યુનિયનને આંક-૬ની પાવતીથી બજી ગયેલ છે. તેમ છતાં યુનિયન તરફથી આ રેફરન્સમાં હાજર રહીને કોઈ માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ નથી પરંતુ બેન્ક તરફે તેમના વકીલ હાજર થયેલા છે. તેમ છતાં આ રેફરન્સનું કામ તા. ૨૮-૮-૯૦ ના રોજ યુનિયનને તેમનું માંગણાનું નિવેદન રજુ કરવા માટે રાખેલ હતું, પરંતુ તે દિવસે પણ યુનિયન તરફથી આ કામમાં કોઈ હાજર રહેલ નથી કે હાજર શા માટે રહી શકતા નથી તે અંગે કોઈ વાજબી કારણ પણ રજુ કરેલ નથી તેમજ કોઈ નિવેદન કે પુરાવો રજુ કરેલ નથી, જેથી એમ માનવા માટે કારણ રહે છે કે, યુનિયનને આ રેફરન્સમાં કરેલી માંગણી અંગે કોઈ રસ નથી માટે તેઓએ આ રેફરન્સમાં હાજર રહેવા માટેની દરકાર કરેલ નથી. પરિણામે આ રેફરન્સમાં કરેલ માંગણી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી અને તેમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૪. યુનિયને રેફરન્સમાં કરેલી માંગણી અંગે નિવેદન રજુ કરેલ નહીં હોવાથી તેમજ ગેરહાજર રહેતા હોવાથી માંગણી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી અને તે રીતે આ રેફરન્સ રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી

સહી
(એન. એ. ચૌહાણ)
સભ્ય, ૧૦-૯-૯૦
ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

સહી-જી જે. દવે
રજીસ્ટ્રાર,
અમદાવાદ.
તા. ૧૧-૯-૧૯૯૦.

આર. કે. પરમાર
મદદનીશ સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૫-૧૦-૯૦
અમદાવાદ.

INDEX

સન. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૧૬૪ આરયુ સને-૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન, ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ ના ઓકટોબર માસનાં ૧૫ મા દિને આથી નોંધ કરું છું.

શ્રી એમ. એચ દોશી સાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ, રાજકોટ.

ટેક્ષટાઈલ લેબર યુનીયન, ભાવનગર. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગર. બીજા પક્ષકાર

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલની કે સ્કારની નોટીસમાં જણાવેલ સ્પીનીંગ ડીપાર્ટમેન્ટની સ્પીડફ્રેમ સેકશનની ત્રીજી પાળી બંધ કરવા અને કાયમી જગ્યા ઓછી કરવા સંબંધે આ વિવાદ છે.

૨. આ રેફરન્સ ચાલતો હતો તે દરમિયાન મીલ કંપનીએ જણાવેલ છે કે તેઓ તેમનો ઔદ્યોગિક વિવાદ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે. આ સંજોગોમાં હવે આ ઔદ્યોગિક વિવાદનો નિર્ણય કરવાનો રહેતો નથી અને તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામ આવે છે :

હુકમ

આંક-૨ નાં પુરશીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઈ જાય છે અવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

INDEX

તા. ૪-૮-૯૦
રાજકોટ.

સહી
(મ. હ દોશી)
સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

તા. ૧૫-૧૦-૯૦
અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

સન.-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૧/ખ/સમક/૨૭૧૬૭/આર.યુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓકટોબર માસનાં ૧૫ મા દિને આથી નોંધ કરું છું.

શ્રી એમ. એચ. દોશીસાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ રાજકોટ.

રેફરન્સ આઈ સી આર. નં. ૨૬/૮૫

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગર. — પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ટેક્ષટાઈલ લેબર યુનીયન, વડવા, ભાવનગર — બીજા પક્ષકાર

INDEX

મુસદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગર અને તેના કામદારો વચ્ચેનો આ એક વિવાદ છે.

૨. મીલે તા. ૧૦-૫-૮૫ ના રોજ ટેક્ષટાઈલ લેબર યુનીયન ભાવનગરને ફોર્મ-કે માં ફેરફારની નોટીસ આપી મીલના ડાઈંગ ખાતાના ગુડસ કેરીયરની એક જગ્યા કમી કરવા અંગે જાહેરાત કરેલી. આ અંગે મીલે તા. ૧૮-૫-૮૫ ના રોજ ફોર્મ-એન માં સમાધાન અધિકારી ભાવનગરને રીપોર્ટ કરેલ. આ બાબતમાં બંને પક્ષ વચ્ચે સમાધાન શક્ય ન બનતાં તેમણે નિષ્ફળતાનું પ્રમાણપત્ર કાઢી આપેલ. આ વિવાદ અત્રે દાખલ થયા પછી બન્ને પક્ષકારોને નોટીસો કઢવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઈ હતી, પરંતુ આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ મીલનાં ફેક્ટરી મેનેજરે આંક-૨ નું એક પુરશીશ આપી તેઓ આ કામ પાછું ખેંચી લે છે તેવી જાહેરાત કરી છે તેઓના આ જાહેરાત જોતાં હવે આ કામમાં કાંઈપણ કરવાનું રહેતું નથી અને તેથી નીચે મુજબ ઠેવડનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક ૩ નાં પુરશીશ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

(મ. હ. દોશી)
સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

તા. ૩૧-૭-૯૦
રાજકોટ

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

અમદાવાદ.
તા. ૧૫-૧૦-૯૦

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૧૬૬ આથી સને ૧૯૪૬નાં ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન, ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓકટોબર માસના દિને આથી નોંધ કરૂ છું. શ્રી એમ. એચ. દેશીસાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત રાજકોટ સમક્ષ. રાજકોટ

રેફરન્સ આઈ. સી. આર. નં. ૩૧/૮૬

ટેક્ષટાઈલ લેબર યુનીયન, ભાવનગર — પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગર. — બીજા પક્ષકાર

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલની ફેરફારની નોટીસમાં જણાવેલ મીલ કેન્ટીન કોન્ટ્રાક્ટ પદ્ધતિથી ચલાવવા માંગે છે વગેરે ફેરફાર કરી બંધ કરવાની માંગણી અંગેનો આ વિવાદ છે.

આ રેફરન્સ ચાલતો હતો તે દરમિયાન મીલ કંપનીએ જણાવેલ છે કે તેઓ ઔદ્યોગિક વિવાદ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે. આ સંજોગોમાં હવે આ ઔદ્યોગિક વિવાદનો નિર્ણય કરવાનો રહેતો નથી અને તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે :

હુકમ

અંક-૨ નાં પુરશીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે કાંઈપણ હુકમ કરવામાં આવતો નથી.

INDEX

રાજકોટ

તા. ૪-૮-૯૦

સહી

(મ. હ. દોશી)

સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ

તા. ૨૭-૮-૯૦

અમદાવાદ

અને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/બ/શમક/ ૨૭૧૬૮ આરયુ અને ૧૯૪૬ નાં મુંબઈ ઓદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને અને ૧૯૬૧ના મુંબઈ ઓદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન, ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઇલ મીલ, ભાવનગર ની વચ્ચેના ઓદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડાની સન-૧૯૯૦માં ઓકટોબર માસનાં ૧૫મા દિને આથી નોંધ કરૂં છું.

શ્રી એમ. એચ. દોશીસાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

રેફરન્સ આઈ. સી. આર. નં. ૨૪/૮૫

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગર — પ્રથમ પક્ષકાર

વી.

ટેક્ષટાઈલ લેબર યુનિયન, વડવા, ભાવનગર. — બીજા પક્ષકાર

INDEX

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગર અને તેનાં કામદારો વચ્ચેનો આ એક વિવાદ છે.

૨. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ એન. ટી. સી. ગુ. લિ. ભાવનગર યુનીયનને ફોર્મ-૨ માં તા. ૨૪-૪-૮૫ ના રોજ ફેરફારની નોટીસ આપી સ્પીનીંગ વિભાગમાં ફ્રેમ ખાતામાં પહેલી અને બીજી પાળીમાંથી કાયમી ડોફરની સંખ્યામાંથી એક એક ડોફરની જગ્યા કમી કરવાની જાહેરાત કરેલી, સમાધાન અધિકારી દ્વારા કરવામાં આવેલા સમાધાનનાં પ્રયાસો નિષ્ફળ જતાં તેમણે નિષ્ફળતાનો અહેવાલ મોકલી આપેલો છે. આ વિવાદ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઈ હતી, પરંતુ આ કામ આગળ ચાલે ત્યાર પહેલા જ મીલનાં ફેકટરી મેનેજરે આંક-૨નું એક પુરસીસ આપી તેઓ આ કેસ પાછો ખેંચી લે છે તેવી જાહેરાત કરી છે. તેઓની આ જાહેરાત જોતાં હવે આ કામમાં કાંઈપણ કરવાનું રહેતું નથી અને તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૨ની પુરસીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

સહી

મ. ક. દેશી

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, રાજકોટ

રાજકોટ

તા. ૩૧-૭-૯૦

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ

તા. ૧૫-૧૦-૯૦

અમદાવાદ.

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના : સહાયક સંઘ નિબંધક દ્વારા

૬/મ/શમક/૨૧૧૬૭ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનીયન. ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓકટોબર માસના દિને આથી નોંધ કરું છું.

શ્રી એમ. એચ. દોસી સાહેબ. સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ, રાજકોટ.

રેફરન્સ આઈ. સી. આર. નં. ૨૫/૯૫.

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગર — પ્રથમ પક્ષકાર

વિ.

તેના કામદારો — બીજા પક્ષકાર

C/o. ટેક્ષટાઈલ લેબર યુનીયન, વડવા, ભાવનગર.

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઇલ મીલ, ભાવનગર અને તેનાં કામદારો વચ્ચેનો આ એક વિવાદ છે.

૨. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલે તા. ૧૦-૫-૯૫ના રોજ ફોર્મ-ક ફેરફારની નોટીસ આપી એક વેફટ ડીસ્ટ્રીબ્યુટરની જગા કમી કરવા અંગેની જાહેરાત કરી છે. આની સામે તા. ૧૭-૫-૯૫ ના કન્સીલીએટર. ભાવનગરને રીપોર્ટ કરેલ પરંતુ તેમના સમાધાન માટેના પ્રયાસો નિષ્ફળ જતાં તેમણે નિષ્ફળતાનો અહેવાલ મોકલી આ વિવાદ અત્રે મોકલી આપ્યો છે. આ વિવાદ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારેને નોટીસો કાઢવામાં આવી હતી અને તે તેઓને બીજી પણ ગઈ હતી. પરંતુ આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ મીલનાં ફેકટરી મેનેજર આંક-૭ નું એક પુરસીસ આપી તેઓ આ કેસ પાછો ખેંચી

છે છે તેથી જાહેરાત કરી છે. તેઓની આ જાહેરાત જોતાં હવે આ કામમાં કાંઈપણ કરવાનું રહેતું નથી, નથી, અને તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૩ નાં પુરસીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચઈ જાય છે એવો એવોર્ડ બાથી કરવામાં આવે છે. ખર્ચ અંગે કાંઈપણ હુકમ નથી.

રાજકોટ. તા. ૩૧-૭-૯૦.

સહી
(મ. હ દોશી)
સભ્ય, ઔધોગિક અદાલત, રાજકોટ.

અમદાવાદ તા. ૧૫-૧૦-૯૦

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔધોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સહ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક ૨૭૧૭૨ આન્યુ/સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબધ અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ

હું ટેક્ષટાઇલ લેબર યુનિયન, ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦માં ઓક્ટોબર માસનાં ૧૫મા દિને આથી નોંધ કરું છું.

શ્રી એમ.એચ.દોશીસાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ, રાજકોટ

રેફરન્સ આઈ સી. આર. નં. ૨૩/૮૫

ટેક્ષટાઈલ લેબર યુનીયન, વડવા, ભાવનગર. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ્સ ભાવનગર. બીજા પક્ષકાર

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઇલ મીલ્સ, ભાવનગર અને તેનાં કામદારો વચ્ચેનો આ એક વિવાદ છે.

૨. મહાલક્ષમી ટેક્ષટાઈલ મીલ એન.ટી સી.ગુ.લિ. ભાવનગરે ટેક્ષટાઈલ લેબર યુનીયન, ભાવનગરને મીલમાં સ્પીનીંગ વિભાગમાં ફ્રેમ ખાતામાંથી ત્રણે પાળીમાંથી એક એક ઇન્ટર ટેન્ટરની કાયમી સંખ્યા શેડયુલમાંથી કમી કરવા અંગેની નોટીસ ઓફ ચેન્જ આપી છે. જે ગેરવાજબી હોઈ તેઓનો આ ફેરફાર રદ કરવા અંગેનો આ વિવાદ છે. આ વિવાદ દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઈ હતી, પરંતુ આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ મીલનાં ફેકટરી મેનેજરે આંક-૭નું એક પુરસીસ આપી તેઓ

આ વિવાદ પાછો ખેંચી લે છે તેવી જાહેરાત કરી છે. સબબ હવે આ કામમાં કાંઈપણ કરવાનું રહેતું નથી અને તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૩નાં પુરસીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈપણ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(મ. ક. દેશી)
સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ

રાજકોટ
તા. ૩૧-૭-૯૦.

અમદાવાદ
તા. ૨૫-૧૦-૯૦

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ.
અમદાવાદ.

INDEX

સને. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શમક/૨૭૧૯૮/આર. યુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૧૪ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક ગુજરાત નિયમોના નિયમ ૨૬ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, "મજુર મહાજન સંઘ પ્રોસેસીંગ ઉદ્યોગ કડી" ને ટેક્ષટાઇલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં કડી તાલુકાના સ્થાનિક વિસ્તાર માટે પ્રતિનિધિત્વ ધરાવતા સંઘ તરીકે આથી હું દાખલ કરૂ છું.

સહી
આર. કે. પરમાર.
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ,
અમદાવાદ.

અમદાવાદ.
તા. ૧૬-૧૦-૯૦.

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક/ખ/શ્રમક/૨૭૧૯૭/આરયુ/ સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૨૩-૧ અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સબંધક ગુજરાત નિયમોના નિયમ ૨૬ થી મને આપવામાં આવેલો સત્તાની રૂએ, "મજુર મહાજન સંઘ પ્રોસેસીંગ ઉદ્યોગ" કડીને ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગ માટે કડી તાલુકાના સ્થાનિક વિસ્તારમાં માન્ય એપ્રુવ્ડ યુનિયન તરીકે આથી હું દાખલ કરૂં છું.

સહી
આર. કે. પરમાર.
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ,
અમદાવાદ.

અમદાવાદ.
તા. ૧૬-૧૦-૯૦.

INDEX

સને-૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૧૯૦ આથી સને-૧૯૪૬નાં મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઇએ.

હું ગુજરાત બેંક વર્કસ યુનીયન રાજકોટ અને ધી રાજકોટ ડીસ્ટ્રીક્ટ કો. ઓ. બેંક લી. રાજકોટની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓકટોબર માસના ૧૫મા દિને આથી નોંધ કરું છું.

એ. એમ. એચ. દોશી, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ, રાજકોટ.

રેફરન્સ આઈ. સી. આર. નં. ૧૧/૮૯

ગુજરાત બેંક વર્કસ યુનીયન, રાજકોટ. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

રાજકોટ ડીસ્ટ્રીક્ટ કો. ઓ. બેંક લિ., રાજકોટ. બીજા પક્ષકાર

ચુકાદો

૧. ગુજરાત બેંક વર્કસ યુનીયન, રાજકોટ અને રાજકોટ ડિસ્ટ્રીક્ટ કો. ઓ. બેંક વચ્ચેનો આ એક વિવાદ છે.

૨. જુદી જુદી આઠ જેટલી માંગણીઓ અંગેનો આ વિવાદ છે. આ વિવાદ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઈ હતી, પરંતુ આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ યુનીયન તરફે તેનાં આસિ. સેક્રેટરીએ આંક-૨ નું એક પુરસીસ રજુ કરી તેમાં જણાવ્યું છે કે આ કામમાં બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલ હોઈ તેઓ આ કેસ બિનશરતી પાછો ખેંચી લે છે અને તે મુજબ ફેસ કરવા વિનંતી કરી છે. આ પુરસીસ નીચે બેંકનાં વકીલ શ્રી પ્રવિણભાઈ વસાહાએ પણ સહી કરી આપેલ છે. સબબ હવે આ કામમાં કાંઈપણ કરવાનું રહેતું નથી અને તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૨ નાં પુરશીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ.
તા. ૧-૮-૯૦.

સહી
(મ. હ. દેશી)
સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

અમદાવાદ
તા. ૧૫-૧૦-૯૦

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

સને-૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૧૯૧ આરયુ/સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ગુજરાત બેંક વર્કસ યુનિયન, રાજકોટ અને ધી રાજકોટ ડીસ્ટ્રીકટ કો. ઓ, બેંક લી., રાજકોટ ની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના ચીવડા જુન-૧૯૯૦ માં ઓકટોબર માસનાં ૧૫મા દિને આથી નોંધ કરૂં છું.

શ્રી એમ. એચ. દેશી સાહેબ, સભ્ય ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ રાજકોટ.

રેફરન્સ આઈ. સી. આર. નં. ૨/૮૯

ગુજરાત બેંક વર્કસ યુનીયન, રાજકોટ. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

રાજકોટ ડિસ્ટ્રીકટ કો. ઓ. બેંક લિ., રાજકોટ, બીજા પક્ષકાર

INDEX

ચુકાદો

૧. ગુજરાત બેંક વર્કસ યુનીયન, રાજકોટ અને રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો. ઓ. બેંક વચ્ચેનો આ એક વિવાદ છે.

૨. જુદી જુદી સોળ જેટલી માંગણીઓ અંગેનો આ વિવાદ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઈ હતી, પરંતું આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ યુનીયન વતી તેનાં આસિ. સેક્રેટરીએ આંક-૯નું એક પુરસીસ આપી જણાવ્યું છે કે આ કામમાં બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોઇ તેઓ આ કેસ બિનશરતી પાછો ખેંચે છે અને તેથી ફેંસલ કરવા વિનંતી કરી છે. સબબ હવે આ કામમાં કાંઈપણ કરવાનું રહેતું નથી અને તેથી આ કામમાં નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૯ ની પુરસીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઇ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે ખર્ચ અંગે હુકમ નથી.

સહી

(મ. હ. દોશી)

રાજકોટ, તા. ૧-૮-૯૦.

ઔદ્યોગિક ન્યાયપંચ, રાજકોટ.

અમદાવાદ તા. ૧૫-૧૦-૯૦

(આર કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ ના ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ૬/ખ/સમક/૨૭૨૦૩ આરસુ/સને-૧૯૪૬ નાં મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધીનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મળે આપવામાં આવેલ સત્તાની રુઇએ.

હું મીલ મજદુર સભા, અમદાવાદ અને ડાયમન્ડ ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદ ની વચ્ચેના ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ નાં નવેમ્બર માસનાં ૧૨ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રુબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૨/૮૫.

મીલ મજદુર સભા, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ડાયમન્ડ ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદ. — દ્વિતીય પક્ષકાર

મીલ્સ કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને તા. ૧/૧/૮૩ થી ૩૧/૧૨/૮૩ સુધીનું ૨૦ ટકા લેખે બોનસ આપવા અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવસે તેની કલમ ૭૩(ક) મુજબ, પ્રથમ પક્ષકાર યુનિયને કરેલો છે. યુનિયને દ્વિતીય પક્ષકાર મીલને તા. ૧૦/૯/૮૪ના રોજ કલમ (૪૨) (૨) મુજબની ફેરફારની સુચના આપેલી, જે અન્વયે સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવી શકેલા નહીં હોવાથી તેમની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલનો રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને કરેલો છે.

૨. યુનિયને મીલ કંપનીને ફેરફારની સુચના આપીને એવી માંગણી કરેલ હતી કે, મીલ કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને તા. ૧/૧/૮૩ થી તા.

INDEX

૩૧/૧૨/૮૩ના સમયનું ૨૦ ટકા લેખે બોનસ મીલ કંપનીએ ચુકવી આપવું જોઈએ.

૩. આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર યુનિયને આંક—૪થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે, જ્યારે દ્વિતીય પક્ષકાર મીલ કંપનીએ કોઈ લેખિત જવાબ રજુ કરેલો નથી. ત્યારબાદ આ રેફરન્સનું કામ પ્રથમ પક્ષકાર યુનિયનના પુરાવા માટે રાખવામાં આવેલ હતું. પરંતુ ઘણી મુદતો આપવામાં આવેલ હોવા છતાં યુનિયને તેમની માંગણી અંગે કોઇ પુરાવો રજુ કરેલો નથી અને અવારનવાર મુદત માટેની માંગણી કરતી અરજીઓ રજુ કરેલ છે. છેવટે આ રેફરન્સ તા. ૨૩-૭-૯૦ના રોજ યુનિયનના પુરાવા માટે રાખેલ હતો ત્યારે પણ યુનિયન તરફથી આ કામમાં કોઈ હાજર રહેલ નથી કે કોઈ પુરાવો તેમની માંગણીના સમર્થનમાં રજુ કરવામાં આવેલ નથી. જેથી એમ માનવા માટે કારણ રહે છે કે યુનિયનને તેમની માંગણી અંગે કોઈ રસ રહયો હોય તેમ જણાતું નથી. પરિણામે રેફરન્સમાં કરેલી માંગણી બોનસ અંગેની ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી જેથી નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

હુકમ

૪. પ્રથમ પક્ષકાર યુનિયનની ગેરહાજરી તથા માંગણીના સમર્થનમાં પુરાવો રજુ કરેલ નહીં હોવાથી બોનસની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી અને તે રીતે આ રેફરન્સ રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(એન. એ. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

જી. જે. દવે
રજીસ્ટ્રાર,
અમદાવાદ.
તા. ૧૦-૮-૧૯૯૦.

અમદાવાદ
તા. ૧૨-૧૧-૯૦

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬/ખ/સમક/૨૭૮૪ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સન ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૬૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુઈએ

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન, ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓકટોબર માસનાં ૧૫મા દિને આથી નોંધ કરું છુ.

શ્રી એમ એચ. દોશીસાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ રાજકોટ

રેફરન્સ આઈ. સી આર. નં. ૧૫/૮૬

ટેક્ષટાઈલ લેબર યુનીયન, ભાવનગર. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગર. બીજા પક્ષકાર

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલની ફેરફારની નોટીસમાં જણાવ્યા મુજબ એક વિભાગમાંથી બે કલાર્કની જગ્યા કમી કરવા અંગે જે જાહેરાત કરી છે તે અંગેના આ વિવાદ છે

૨. આ રેફરન્સ ચાલતો હતો તે દરમિયાન મીલ કંપનીએ જણાવેલ છે કે તેઓ તેમનો ઔદ્યોગિક વિવાદ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે આ સંજોગોમાં હવે ઔદ્યોગિક વિવાદનો નિર્ણય કરવાનો રહેતો નથી તેથી હેઠળ લખ્યા પ્રમાણે હુકમ અને એવોર્ડ કરવામાં આવે છે

હુકમ

આંક-૨ ના પુરસીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

INDEX

સહી

રાજકોટ. (મ. હ. દોશી)

તા. ૪-૯-૯૦. સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

અમદાવાદ (આર. કે. પરમાર)

તા. ૧૫-૧૦-૯૦ સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

સને-૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/બ/શ્રમક/૨૭૧૭૪ આથી સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ્સ ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન ૧૯૯૦ માં ઓકટોબર માસનાં ૧૫માં દિને આથી નોંધ કરૂં છું.

શ્રી એમ. એચ. દોશીસાહેબ, સભ્ય,

ઔદ્યોગિક અદાલત રાજકોટ સમક્ષ, રાજકોટ

રેફરન્સ આઈ.સી.આર. નં. ૨૭/૮૬

ટેક્ષટાઈલ લેબર યુનીયન, વડવા, ભાવનગર પ્રથમ પક્ષકાર

વિ.

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગર બીજા પક્ષકાર

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલની ફેરફારની નોટીસમાં જણાવેલ ધાબીંગ ખાતાનાં લુમશેડ વિભાગમાં ૨૫૪ સાંચા બંધ કરવા જે જાહેરાત કરી છે તે અંગે આ વિવાદ છે.

૨. આ રેફરન્સ ચાલતો હતો તે દરમિયાન મીલ કંપનીએ જણાવેલ છે કે તેઓ તેમની ઔદ્યોગિક વિવાદ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે. આ સંજોગોમાં હવે આ ઔદ્યોગિક વિવાદનો નિર્ણય કરવાનો રહેતો નથી તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૨ નાં પુરસીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે ખર્ચ અંગે હુકમ નથી.

સહી
(મ. હ. દોશી)
સભ્ય,
સભ્ય ઔદ્યોગિક અદાલત, રાજકોટ

સહી ૭ જે. દવે.
રાજકોટ
તા. ૪-૮-૯૦

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

અમદાવાદ.
તા. ૧૫-૧૦-૧૯૯૦

INDEX

સને.-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬/ખ/શ્રમક/ ૨૭૨૦૮ આર. યુ. સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ ગુજરાત નિયમોના નિયમ ૭૦ થી મને આપવમાં આવેલી સત્તાની રૂએ.

હું મજુર મહાજન સંઘ અમદાવાદ અને મંજુશ્રી ટેક્ષટાઈલ્સ અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના ચૂકાદા સન-૧૯૯૦ માં નવેમ્બર માસનાં ૧૨ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ સમક્ષ

શ્રી આર. એસ. શુક્લ ,સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈ સી) નં. ૧૪૮/૮૯

મજૂર મહાજન સંઘ, અમદાવાદ ... પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

મંજુશ્રી ટેક્ષટાઈલ્સ, અમદાવાદ ... બીજા પક્ષકાર

વાડીલાલ નરસિંહભાઈને કાયમી પાસ હોદ્દા સાથે આપવા બાબત

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર સંઘે બીજા પક્ષકાર મીલ કંપનીને, કંપનીના થ્રોસલ ખાતામાં નવા સ ચા એન. એન. પર કામ કરતાં વાડીલાલ નરસિંહભાઈને કાયમી પાસ હોદ્દા સાથે આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપી સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન બંને પક્ષકારોએ અંક થી પુરસીસ આપી સમાધાન રજૂ કરેલ છે. સદર સમાધાન જોતાં બંને પક્ષકારોના હિતમાં હોય તેમ લાગે છે તે સમાધાન બંને પક્ષકારોને કબુલ મંજૂર છે અને તેથી તે મુજબનો હુકમ કરવામાં કાંઈ વાંધા સરખું નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું

INDEX

હુકમ

૩. બંને પક્ષકારોએ આંક-ની સમાધાનની પુરસીસ મુજબ વર્તવું. સદરહુ સમાધાનની પુરસીસની એક નકલ સદરહુ હુકમ સાથે રાખવી અને તેને ચુકાદાના એક ભાગ તરીકે ગણવી. અને એ રીતે સદરહુ રેફરન્સ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર,
અમદાવાદ.
તા. ૩૧-૭-૯૦

(આર. એસ. શુકલ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ.
૩૧-૭-૯૦

નામદાર ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

રેફ. આઈ. સી. નં. ૧૪૮-૮૯.

ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર. અમદાવાદ. પ્રથમ પક્ષકાર.

અને

દ્વિતીય પક્ષકાર

મંજુશ્રી ટેક્ષટાઈલ મીલ્સ,
(એ યુનિટ ઓફ જી. એસ. ટી. સી) અમદાવાદ

માનનીય અદાલત,

અમો પક્ષકારો આ કામમાં નીચે મુજબનું સમાધાન કરીએ છીએ તો તે મુજબ એવોર્ડ કરી આપવા વિનંતી છે.

(૧) મંજુશ્રી ટેક્ષટાઈલ મીલનો જી.એસ.ટી.સી. લિ. એકમો લઈ મીલ ચાલુ કર્યા બાદ તેની અન્ય બંધ મિલોમાંથી રીંગફ્રેમ ખાતામાં બે એન. એમ. મશીનો લાવેલા અને ચાલુ કરેલ છે અને તેની ઉપર દરેક પાળીમાં એક એક એક કારીગર એમ કુલ્લે ત્રણે પાળીમાં થઈને ત્રણ કારીગરો ચાર સાઈડ ગણીને તે રીતે મુકેલા છે, સંબંધીત કામદાર શ્રી વાડીલાલ નરસિંહભાઈને સપ્ટેમ્બર ૮૮ થી નવા લાવેલા સાંચા ઉપર મુકયા છે અને તેઓને તે સાંચાનો પગાર ચાર સાઈડનો ચુકવવામાં આવે છે.

(૨) દ્વિતીય પક્ષકાર મીલ્સ કું. સંબંધિત કામદાર શ્રી વાડીલાલ નરસીંહભાઈને સદરહુ સાંચા ઉપર કામ કરતા હોવાથી તેઓને તે સાંચાનો પીસર્સ તરીકેનો કાયમી પાસ આપવા સંમત થાય છે અને તેઓને આ સમાધાન થયેથી તા. ૧-૧-૯૦ થી કાયમી ગણીને પીસર્સનો કાયમી પાસ તેજ તારીખથી ગણીને દિન-૧૦માં આપી દેશે અને તેમને મળતા કાયમી હક્કો તા. ૧-૧-૯૦ થી કાયમી કારીગર ગણીને તાકીદે ચુકવી આપશે.

અમદાવાદ
તા. ૨૯-૭-૯૦

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન વતી
(સબંધીત કામદારની સહી)
મંજુશ્રી ટેક્ષટાઈલ મીલ્સ કું વતી

અમદાવાદ
તા. ૧૨-૧૧-૯૦

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/પ્ર/શ્રમક/૨૭૧૬૯ આરસુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન, ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ્સ, ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમા ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓક્ટોબર માસના ૧૫ માં દિને આથી નોંધ કરૂં છું.

શ્રી. એમ. એચ. દોશી સાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ,

રેફર-સ આઈ. સી. આર. નં. ૨૦-૮૫.

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ્સ, ભાવનગર. પ્રથમ પક્ષકાર,

વિ

ટેક્ષટાઈલ લેબર યુનીયન, વડવા, ભાવનગર બીજા પક્ષકાર

: ચુકાદો :

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ્સ, ભાવનગર અને તેનાં કામદારો વચ્ચેનો આ એક ઔદ્યોગિક વિવાદ છે.

૨. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલે તા. ૨૪-૪-૮૫ના રોજ ફોમ-કે માં નોટીસ ઓફ ચેન્જ આપી મીલનાં સ્પીનીંગ ખાતામાં રીંગ ફ્રેમ ખાતામાંથી એક જોબર અને એક ઓઈલરની જગ્યા નાબુદ કરવા વગેરે ફેરફારની નોટીસ આપેલ છે. બંને પક્ષકારો વચ્ચેનો આ વિવાદ હતો તેમાં સમાધાન શક્ય ન બનતાં કન્સીલીએટર, ભાવનગરે નિષ્ફળતાનો રીપોર્ટ કરી અને અત્રે આ વિવાદ મોકલી આપેલ છે. આ વિવાદ દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસ કાઢવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઈ હતી. પરંતુ આ કામ આગળ ચાલે ત્યાર પહેલા જ મીલનાં ફેક્ટરી મેનેજરે આંક-૩નું એક પુરસીસ આપી આ કેસ તેઓ પાછો

ખેંચી લે છે તેવી જાહેરાત કરી છે. આ જાહેરાત જોતાં હવે આ કામમાં કાંઈપણ કરવાનું રહેતુ નથી અને તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૩ નાં પુરસીશ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે કાંઈપણ હુકમ કરવામાં આવતો નથી.

સહી
મ. હ. દેશી
સભ્ય ઔદ્યોગિક અદાલત રાજકોટ
સહી

તા. ૩૧ ૭-૯૦

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૫-૧૦-૯૦
અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/બ/શઅઅ/ ૨૭૧૭૦ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન, ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦માં ઓક્ટોબર માસનાં ૧૫મા દિને આથી નોંધ કરું છું.

શ્રી. એમ. એચ. દોશી સાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ:

રેફરન્સ આઈ. સી. આર. નં. ૧૩/૮૫

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ ભાવનગર — પ્રથમ પક્ષકાર

વિ

ટેક્ષટાઈલ લેબર યુનિયન, વડવા, ભાવનગર — બીજા પક્ષકાર

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગર અને તેનાં કામદારો વચ્ચેનો આ એક વિવાદ છે

૨. મીલે તા. ૨૪-૪-૮૫ ના રોજ યુનીયનને મીલનાં સ્પીનીંગ વિભાગમાંથી એક કાયમી કારપેન્ટરની જગ્યા કમી કરવા અંગેનાં ફેરફારની નોટીસ આપી હતી અને તેથી મીલે, તા. ૬-૫-૮૫ ના રોજ સમાધાન અધિકારી ભાવનગરને રીપોર્ટ કરેલ. સમાધાન અધિકારીએ કરેલ સમાધાનનાં પ્રયાસો નિષ્ફળ જતાં, તેમને નિષ્ફળતાનો અહેવાલ અત્રે મોકલી આપ્યો છે. આ કેસ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢવામાં આવી હતી અને તે તેઓને બીજી બજી ગઈ હતી, પરંતુ આ કામ આગળ ચાલે ત્યારે પહેલાં જ મીલનાં ફેક્ટરી મેનેજરે આંક-૩ નું એક પુરસીસ આપી તેઓ આ કેસ પાછો ખેંચી લે છે તેવો

જાહેરાત કરી છે. આથી હવે આ કામમાં કાંઈપણ કરવાનું રહેતું નથી નીચે મુજબ એવોર્ડનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૩ નાં પુરસીસ અન્વયે આ વિવાદ પાછી ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે ખર્ચ અંગે કાંઈપણ હુકમ કરવામાં આવતો નથી.

રાજકોટ, તા. ૩૧-૭-૯૦.

(મ. ક. દોશી)
સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૨૫-૧-૦_૦
અમદાવાદ

સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક ૨૭૧૭૧ અ ર્યુ-સને૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન, ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયસપે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦માં ઓકટોબર માસનાં ૧૫માં દિને આથી નોંધ કરું છું.

શ્રી એમ એમ.દોશીસાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ, રાજકોટ.

રેફરન્સ આઈ.સી. આર. નં. ૧૪/૮૫

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ્સ, ભાવનગર. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ટેક્ષટાઈલ લેબર યુનીયન, વડવા, ભાવનગર. બીજા પક્ષકાર

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગર અને તેનાં કામદારો વચ્ચેનો આ એક વિવાદ છે.

૨. મીલે તા. ૨૪-૪-૮૫ના રોજ ફોર્મ કે માં ફેરફારની નોટીસ આપી મીલના સ્પીનીંગ ખાતામાં રીંગ કેમ ખાતામાંથી એક જોબર અને એક ઓઈલરની જગ્યા નાબુદ કરવા અંગે જાહેરાત કરેલી આ અંગે મીલે તા. ૬-૫-૮૫ એ ફોર્મ-એનમાં કન્સીલીએટર ભાવનગરને રીપોર્ટ કરેલ. બંને પક્ષકારો વચ્ચે સમાધાન શક્ય ન બનતાં તેમણે નિષ્ફળતાનો અહેવાલ કાઢી આપેલ આ કામ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસ કાઢવ માં આવેલી અને તે તેઓને બજી પણ ગઈ હતી, પરંતુ આ કામ આગળ ચાલે ત્યારે પહેલાં જ મીલનાં ફેકટરી મેનેજરે આંક-૩ની એક પુરસીસ આપી તેઓ આ કેસ પાછો ખેંચી લે તેવી જાહેરાત કરી છે. તેઓની આ જાહેરાત જોતાં હવે કામમાં કાંઈપણ કરવાનું રહેતું નથી અને તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

INDEX

: હુકમ :

આંક-૩ના પુરસીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે કાંઈપણ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(મ. હ. દોશી)
સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

રાજકોટ.
તા. ૨૧-૭-૯૦.

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

અમદાવાદ
તા. ૧૫-૧૦-૯૦

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૧૭૩ આરયુ/સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૨ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ લિ., મીલ, ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓક્ટોબર માસનાં ૧૫ મા દિને આથી નોંધ કરું છું.

શ્રી એમ. એચ. દોશી સાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ, રાજકોટ.

રેફરન્સ આઈ. સી. આર. નં. ૧૯/૮૫.

INDEX

મહાલક્ષ્મી ટેક્ષટાઇલ મીલ્સ, એન. ટી. સી. ગુ. લિ., ભાવનગર.   પ્રથમ પક્ષકાર

વિ

ટેક્ષટાઈલ લેબર યુનિયન વડવા, ભાવનગર   બીજા પક્ષકાર

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઇલ મીલ્સ, એન ટી. સી. ગુ. લિ. ભાવનગર અને તેનાં કામદારો વચ્ચેનો આ વિવાદ છે.

૨. મહાલક્ષ્માં ટેક્ષટાઈલ મીલ્સ એન. ટી. સ. ગુ. લિ, ભાવનગર ટેક્ષટાઈલ લેબર યુનીયન, ભાવનગરને ફોર્મ 'ક' માં તા. ૨૪-૪-૮૫ ના રોજ નોટીસ ઓફ ચેન્જ આપી મીલનાં સ્પીનીંગ વિભાગમાં ફ્રેમ ખાતામાં પહેલી અને બીજી પાળી. માંથી કાયમી ડોફરની સંખ્યામાંથી એક એક ડોફરનો જગ્યા કમી કરવા ઇરાદો રાખે છે. વાજબી નથી અને તેથી તે ફેરફાર ન કરી શકે તે અંગેનો આ વિવાદ છે. આ વિવાદ દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઈ હતી. પરંતુ આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ મીલનાં ફેક્ટરી મેનેજર આંક-૩ નું એક પુરસીસ આપી જણાવ્યું છે કે આ કેસમાં તેનો આગળ વધવા માંગતા નથી અને તેથી તેઓ આ કેસ પાછો ખેંચી લે છે અને તેથી હવે આ કામમાં કાંઇપણ કરવાનું રહેતું નથી અને તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૩ નાં પુરસીસ અન્વયેના આ વિવાદ પાછો ખેંચાઇ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. અંગે કોઈપણ હુકમ કરવામાં આવતો નથી.

સહી

તા. ૩૧-૭-૯૦ રાજકોટ   (મ. હ. દોશી)
સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

તા. ૧૫-૧૦-૯૦   (આર કે. પરમાર)
અમદાવાદ   સહાયક સર્વ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક/ ૨૭૨૦૭આરયુ-સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું મજૂર મહાજન સંઘ અમદાવાદ અને ન્યુ માણેકચોક ટેક્ષટાઈલ મીલ્સ અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સને-૧૯૯૦ માં નવેમ્બર માસનાં ૧૨ માં દિને આથી નોંધ કરું છું,

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ

શ્રી આર. એસ. શુક્લ, સભ્ય સમક્ષ

રેફરન્સ (આઇ સી) ૧૩૬/૮૯

મજૂર મહાજન સંઘ, અમદાવાદ. પ્રથમ પક્ષકાર.

વિરુદ્ધ

ન્યુ માણેકચોક ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદ. બીજા પક્ષકાર.

રીંગ ફ્રેમ ખાતામાં શ્રી ધુળાભાઇ બેચરભાઇની ખોટી જન્મ તારીખ ૧૬-૧૨-'૨૮ ને બદલે સાચી જન્મ તારીખ ૨૩-૧૨-'૩૦ માન્ય રાખ્ય તમામ રેકર્ડમાં પ્રમાણિત કરવા અંગે

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર સંઘે બીજા પક્ષકાર મીલ કંપનીના રીંગ ફ્રેમ ખાતામાં શ્રી ધુળાભાઇ બેચરભાઇની ખોટી જન્મ તારીખ ૧૬-૧૧-'૨૮ ને બદલે સાચી જન્મ તારીખ ૨૩-૧૨-'૩૦ માન્ય રાખી તમામ રેકર્ડમાં પ્રમાણિત કરવા અંગે ફેરફારની નોટીસ આપી સદરહુ રેફરન્સ ઉપસ્થિતિ કરેલ છે

૨. સદરહુ રેફરન્સની સુનવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર સંઘે આક-૫ ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓ સદરહુ રેફરન્સ હવે આગર ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. તો તે મુજબ પુર-

INDEX

વાનગી આપવામાં કાંઇ વાંધાજનક હકીક્ત લાગતી નથી. આથી હું મારો છેવટનો હુકમ નીચે મુજબ કરું છું.

હુકમ

૩. સદરહુ રેફરન્સ પ્રથમ પક્ષકાર સંઘને પાછો ખેંચી લેવાની આથી પરવાનગી આપવામાં આવે છે અને એ રીત સદરહુ રેફરન્સ ફેસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર અમદાવાદ.
તા. ૩-૮-૧૯૯૦.

સહી
(આર. એસ. શુકલ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૨-૧૧-૯૦
અમદાવાદ

સને-૧૯૪૬ નાં મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૨૦૯ આર યુ/સને-૧૯૪૬ મુંબઈ નાં ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ આધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ઈલેક્ટ્રીસીટી મજદુર સભા અમદાવાદ અને અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કો. લી., અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા ,સન-૧૯૯૦ માં નવેમ્બર માસના ૧૨ માં દિને આથી નોંધ કરું છું.

INDEX

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

એન. એ. ચૌહાણ સભ્ય ૩૭૩.

રેફરન્સ (આઇ. સી) નં. ૧૪૭/૮૭

ઇલેક્ટ્રીસીટી મજદુર સભા, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી અમદાવાદ ઈલે. કંપની લિ, અમદાવાદ. દ્વિતીય પક્ષકાર

કંપનીમાં કામ કરતાં તમામ કામદારો કર્મચારીઓને સીટી કમ્પેનસેટરી એલાવન્સ આપવા અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ. ૧૯૪૬ ની કલમ ૭૩ (ક) મુજબ પ્રથમ પક્ષકાર યુનિયને, કલમ ૪૨ (૨) મુજબ તા. ૫-૩-૮૭ ના રોજ દ્વિતીય પક્ષકાર કંપનીને નોટીસ આપેલી, જે અંગે સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવવામાં નિષ્ફળ ગયેલા હોવાથી, તેમની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલનો રેફરન્સ યુનિયને દાખલ કરેલો છે.

૨. આ રેફરન્સમાં ચાલુ કામે બંને પક્ષકારોએ સંયુક્ત રીતે આંક-૪૬ નો પુરસીસ આપીને રેફરન્સ (આ.ઈસી) નં. ૨૦૧/૮૭ પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન મુજબ આ રેફરન્સનો નિકાલ કરવા વિનંતી કરી છે. સદરહુ પુરસીસની વિગતે બંને પક્ષકારોની વિનંતીથી આ રેફરન્સનો નિકલ રેફરન્સ નં. ૨૦૧/૮૭ માં થયેલ સમાધાનમાં હાલની તકરાર અંગે સમજૂતિ થયેલી છે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૩. આ રેફરન્સની માંગણી અંગે બંને પક્ષકારોએ રેફરન્સ નં. ૨૦૧/૮૭ માં તા. ૯-૮-૯૦ ના રોજ થયેલ સમાધાન મુજબ વર્તવાનું રહેશે અને તે રીતે આ રેફરન્સનો નિકાલ થયેલ ગણવાનો રહેશે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
એસ. એમ. નાયક
રજીસ્ટ્રાર. અમદાવાદ
તા. ૨૭-૮-૧૯૯૦

સહી
(એન. એ. ચૌહાણ)
સભ્ય.
ઔદ્યોગિક અદાલત, ગુજરાત

અમદાવાદ
તા. ૧૨-૧૧-૯૦

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક.
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

સને-૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શનક/૧૭૨૦૪ આરયુ/સને-૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ગુજરાત સ્ટેટ કો.ઓ. બેન્ક સ્ટાફ યુનિયન અમદાવાદ અને ધી હરસિદ્ધ કો.ઓ. બેંક લી. અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦માં નવેમ્બર માસનાં ૧૨મા દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન.એ.ચૌહાણ, સભ્ય સમક્ષ.

રેફરન્સ(આઈસી) નં. ૨૦/૮૬

INDEX

ગુજરાત સ્ટેટ કો ઓ બેન્કસ સ્ટાફ યુનિયન,
અમદાવાદ ....પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

હરિસિદ્ધ કો.ઓ બેન્ક લિ
અમદાવાદ. ...દ્વિતીય પક્ષકાર

ઉદ્યોગ : બેન્કીંગ.

બેન્કના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી, ઘરભાડું, મેડીકલ એલાવન્સ, રજાઓ, બોનસ, લોન વગેરે આપવાની માંગણીઓ અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(૬) મુજબ, પ્રથમ પક્ષકાર યુનિયને નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને દાખલ કરેલ છે. યુનિયને દ્વિતીય પક્ષકાર બેન્કને તા. ૧૬-૧-૮૫ના રોજ એક નોટિસ આપેલ, જે અંગે સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી પ્રથમ પક્ષકાર યુનિયને નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલનો રેફરન્સ આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

૨. પ્રથમ પક્ષકાર યુનિયને બેન્કને એક ફેરફારની સૂચના આપીને માંગણી કરેલી હતી કે, બેન્કના તમામ કર્મચારીઓને પગારગ્રેડમાં વધારો, મોંઘવારી, ઘરભાડું, મેડીકલ એલાવન્સ, વોશીંગ એલાવન્સ, રજાઓ, બોનસ, લોન, યુનિફોર્મ, એડવાન્સ,પ્રમોશન વગેરે આપવું જોઈએ.

૩. પ્રથમ પક્ષકાર યુનિયને આ કામમાં આંક-૪થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે, જ્યારે બેન્કે આંક-૧૦ થી તેમનો લખિત જવાબ રજુ કરેલો છે ત્યાર બાદ આ કામમાં રેફરન્સમાં કરેલી માંગણી અંગે પુરાવો રજુ કરવા માટે યુનિયનને ઘણી મુદતો આપવામાં આવેલ હતી, તેમ છતાં યુનિયન તરફે આ કામમાં અવારનવાર મુદત માટેની અરજીઓ આપેલી છે જે ગ્રાહ્ય રાખેલી છે. ત્યાર બાદ પણ આ કામમાં છેવટે પુરાવો રજુ કરવા માટે તા. ૯-૮-૯૦ના રોજ રાખેલ હતી, પરંતુ તે દિવસે પણ યુનિયન તરફથી આ કામમાં કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે કોઈ હાજર રહેલ નથી. જેથી એમ માનવા માટે

કારણ રહે છે કે, યુનિયને આ કામમાં કરેલી માંગણી અંગે તેમને કોઈ રસ રહ્યો હોય એમ જણાતું નથી જેથી તેઓએ કોઇ પુરાવો રજુ કરેલો નથી. પરિણામે આ રેફરન્સમાં યુનિયનના પુરાવાના અભાવે નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

હુકમ

૪ પ્રથમ પક્ષકાર યુનિયને તેમની માંગણીઓના સમર્થનમાં કોઈ પુરાવો રજુ કરેલો નહીં હોવાથી, માંગણીઓ ગ્રાહ્ય રાખવામાં આવતી નથી અને તે રીતે આ રેફરન્સ રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

જી. જે. દવે.
રજીસ્ટ્રાર.
અમદાવાદ.
તા. ૨૦-૯-૧૯૯૦.

સહી
(એન. એ ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

અમદાવાદ
તા ૧૨-૧૧-૯૦

(આર. કે પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ.
અમદાવાદ.

INDEX

સને. ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/બ/શમક/૨૭૨૦૫ આરસુ-સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને. ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી આપવામાં મને આવેલ સત્તાની રૂએ.

હું ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીશીંગ વર્કસ યુનિયન, સુરત અને ગાર્ડન વરેલી ટેક્ષટાઈલ્સ લી, સુરતની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૦ માં નવેમ્બર માસના ૧૨ માં દિને આથી નોંધ કરું છું.

શ્રી એ.બી.પટેલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત સુરત સમક્ષ

રેફરન્સ આઈ સી. નં. ૨/૯૦.

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન — પ્રથમ પક્ષકાર
શ્રમજીવી સેવાલય, રેલ્વે સ્ટેશન સામે,
સુરત-૩.

વિરૂદ્ધ

મેનેજરશ્રી, — બીજા પક્ષકાર
ગાર્ડન વરેલી ટેક્ષટાઈલ લી.
બેલામીલ કંપાઉન્ડ સહરા દરવાજા બહાર
સુરત

હાજર રહ્યા :- શ્રી નરોતમભાઈ પટેલ ...પ્રથમ પક્ષકાર તરફે.
શ્રી એમ ડી.પારેખ ...બીજા પક્ષકાર તરફે.

વિષય :-માંગણી નં. ૨ : કેટલીક જગાઓ કાયમી કરવા અંગે...

ફાઈનલ એવોર્ડ

(૧) આ રેફરન્સમાં આંક-૧૨થી કામદારોને કાપડ તેમજ ધોલાઈ ભથ્થુ આપવા અંગેનો એવોર્ડ પાર્ટ-૧ તા. ૫-૫-૯૦ના રોજ આપવામાં આવ્યો હતો અને માંગણી નં. ૧નો નિકાલ કરવામાં આવ્યો હતો. હવે આ ફાઈનલ

INDEX

એવોર્ડથી માંગણી નં. ૨ કેટલીક જગાઓ કાયમી કરવા અંગેની માંગણીનો નિકાલ કરવામાં આવે છે. માંગણી નં. ૨ અંગે પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૬માં માંગણી નિવેદનમાં નીચે પ્રમાણેની હકીકત જણાવેલી છે.

કાયમી પાસ બાબતમાં કારખાનામાં જે મશીનો ગોઠવવામાં આવ્યા છે અને જે નિયમિત ચલાવવામાં આવે છે તેમ છતાં તે મશીન ઉપર કામ કરતાં કામદારોને તથા તે ખાતાના તે મશીનો ચાલુ રાખવા માટે અન્ય કેટેગરીના જરૂરી કામદારોને કાયમી પાસ આપવામાં આવતા નથી તે સંજોગોમાં સૌ પ્રથમ હાલ જે કામની પદ્ધતિ અપનાવવામાં આવી છે તે કામની પદ્ધતિ ધ્યાનમાં રાખી જુદી જુદી કેટેગરીના જરૂરી કામદારોને કેટેગરી પ્રમાણે પ્રત્યેક પાળી માટે કાયમી સંખ્યા બળ નક્કી કરવુ જોઇએ.

ઉપર પ્રમાણે સંખ્યા બળ નક્કી કર્યા પછી જે તે કેટેગરીમાં કામ કરતાં કારીગરોને કાયમી બનાવવા જોઈએ. જુદી જુદી કેટેગરીના છેલ્લા ૬ માસથી વધુ કામ કર્યું હોય તેવા તમામને કાયમી ગણી તેમને કાયમી પાસ આપવા સામાવાળાને હુકમ કરવા વિનંતી છે.

(૨) બીજા પક્ષકાર કંપનીએ આંક-૯થી જવાબ રજુ કરેલ છે. તે જવાબમાં માંગણી નં. ૨ અંગે નીચે પ્રમાણેના વિધાનો કરવામાં આવેલ છે.

બીજા પક્ષકાર કંપનીમાં રોકાયેલા ૨૬૪ કામદારો માટે કાયમી પ્રકારની કામગીરી આખા વર્ષ દરમ્યાન રહેતો નથી. કેટલાક કામદારો સામાજીક યા અન્ય કારણોસર ગેરહાજર રહેતા હોવાથી તેમની જગ્યાએ બદલી યા રીલીવરને કામગીરી સોંપવી પડે છે. વળી તે પૈકી કોઇ શિખાઉ અને અજમાયશી હોય છે અને કામનો વધારો હોય ત્યારે વધારાના કામદારોના જરૂરિયાત પડતા થોડા સમય માટે કોઈકવાર તેવા વધારાના કામદારો રોકવામાં આવે છે અને તે તમામની વિચારણા કરી કંપનીએ હાલમાં કુલ ૨૬૪ કામદારોમાંથી ૨૪૭ કામદારોને જુદી જુદી કેટેગરીના કાયમી પાસ આપેલ છે. કામદારોમાં કામની વહેંચણી, કાર્યભાર વિગેરે નક્કી કરવાનું કામ મેનેજમેન્ટનું છે તેથી કાયમી પ્રકારનું કામ કેટલા કામદારો માટે છે અને કેટલા કામદારોની જરૂર છે તે મેનેજમેન્ટની આંતરિક વ્યવસ્થાની જરૂરિયાત મુજબ વખતોવખત નક્કી કરવાનું કામ મેનેજમેન્ટનું છે અને તેવી જરૂરિયાત યા કાયમી કામદારોની સંખ્યા લેબર કોર્ટ પોતાની ફુટપટ્ટી યા પોતાના ધોરણથી નક્કી કરી શકે નહીં. કોઈપણ સંજોગોમાં લેબર કોર્ટ યા નામદાર ઔદ્યોગિક અદાલતને તેવી હકુમત હોવાનું ઠરાવવામાં આવે તો પણ

INDEX

છેલ્લા ત્રણ ચાર વર્ષની કામદારોની દરેક કેટેગરીના કામ અને કાર્યભારની વિચારણા કરી કંપનીએ કુલ ૨૬૪ કામદારોમાંથી જુદી જુદી કેટેગરીના ૨૪૭ કામદારોને કાયમી કર્યા છે તેવું કંપનીનું પગલું ન્યાયી વ્યાજબી અને કાયદેસર છે. સબબ, રેફરન્સમાંની આ માંગણી રદ થવાને પાત્ર છે.

(૩) માંગણી નં. ૨ બાબત મેં પ્રથમ પક્ષકાર તરફે શ્રી નરોત્તમભાઈ પટેલને સાંભળ્યા છે અને બીજા પક્ષકાર કંપનીના એડવોકેટ શ્રી મંગળદાસ પારેખને સાંભળ્યા છે. શ્રી નરોત્તમભાઇ પટેલે મારી સમક્ષ રજુઆત કરી છે કે, જેટલા મશીનો કંપનીમાં ચાલતા હોઈ અને તે મશીનો ઉપર કાયમી ધોરણે જેટલા કારીગરો જુદી જુદી કેટેગરીમાં કામ કરતા હોય તે બધું ધ્યાનમાં લઇને કેટલા મશીનો કાયમી ધોરણે ચાલે છે અને કેટલા કારીગરો કાયમી મશીનો ઉપર કાયમી ધોરણે કામે રાખવામાં આવે છે તે બધુ ધ્યાનમાં લઈને કાયમી કામ કરતાં કામદારોને કાયમી કરીને કાયમી પાસો આપવા જોઈએ, શ્રી નરોત્તમભાઈ પટેલે મારી સમક્ષ રજુઆત કરી છે કે, ઓછામાં ઓછા ૮૦ ટકા જગા ઉપર કામદારોને કાયમી કરવા જોઈએ. ઉદ્યોગોમાં મંદી આવે ત્યારે ૨૦ ટકા કામદારોમાંની સંખ્યાતે કમી કરી શકાય અને જ્યારે ભવિષ્યમાં જગાઓ વધે ત્યારે ૮૦ ટકાના ધોરણે કામદારોની સંખ્યામાં કાયમી વધારો કરવો જોઈએ. શ્રી નરોતમભાઈ પટેલે એવી પણ રજુઆત કરી છે કે, ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે જે ૮૦ ટકા જગાએ કાયમી કરવાની છે તે જગા ઉપર કયા કામદારોને અને કઇ કેટેગરીમાં કાયમી કરવા તે અંગેની બાબત અંગે મેનેજમેન્ટ અને યુનિયન સંયુક્ત રીતે વાટાઘાટો કરીને નક્કી કરશે ભવિષ્યમાં સ્થિતિ સુધરે અને ઉદ્યોગમાં સ્થિરતા આવે ત્યારે બાકીના ૨૦ ટકા કામદારોને પણ કાયમી કરવાની માંગણી પ્રથમ પક્ષકાર યુનિયને એ અંગેનો હક્ક ઉભો રાખે છે પરંતુ હાલના ધોરણે ૮૦ ટકા જગાઓ કાયમી કરવામાં આવે તે જરૂરી છે.

(૪) કંપનીના વિદ્વાન એડવોકેટ શ્રી એમ.ડી. પારેખે મારી સમક્ષ રજુઆત કરી છે કે, કુલ જગામાંની ૮૦ ટકા જગાઓ કાયમી થવી જોઇએ તેવી શ્રી નરોત્તમભાઈ પટેલની રજૂઆત સામે તેમને કોઈ વાંધો નથી પરંતુ શ્રી મંગળદાસ પારેખે ભારપુર્વક રજૂઆત કરી છે કે, એકજ કેટેગરીનો માણસ તેવી જ કેટેગરીના કામ માટે બીજા મશીન ઉપર કામ કરવા માટે કહેવામાં આવે ત્યારે કામ કરવું પડશે. કોઈપણ કામદાર તે એકજ મશીન ઉપર કામ કરશે અને કામ કરવાનો હક્કદાર છે તેવી આગ્રહ રાખશે નહીં. મશીન

ઉપર કામ કરતાં હેલ્પરો બીજા મશીન ઉપર હેલ્પરો તરીકે કામ કરશે અને જવાની ના પાડી શકશે નહીં.

(૫) આ રેફરન્સમાં કંપનીએ રજુ કરેલા જવાબમાં લખેલી હકીકતો પ્રમાણે કુલ ૨૬૪ કામદારોમાંથી ૨૪૭ કામદારોને કાયમી કર્યા છે પરંતુ અત્યારના ધોરણે કંપનીમાં કુલ ૨૬૪ કામદારો કામ કરે છે. કંપનીમાં મશીનો અને તે મશીન ઉપર કામે રાખવામાં આવતા કામદારોની સંખ્યા વિગેરે ધ્યાનમાં લઈને હું શ્રી નરોત્તમભાઈ પટેલની રજૂઆત સાથે સંમત થાઉં છું કે ઓછામાં ઓછી ૮૦ ટકા જગાઓ કાયમી કરવી જોઈએ. શ્રી નરોત્તમભાઇની રજૂઆત સાથે શ્રી મંગળદાસ પારેખને કોઈ વાંધો નથી અને સંમતી દર્શાવી છે ૨૬૪ કામદારોમાંથી ૮૦ ટકાની જગાઓ કાયમી કરવી જોઇએ તેવો બીજા પક્ષકાર કંપનીને હું હુકમ કરું છું. અને કામદારોને તેની સીનીયોરીટી પ્રમાણે કાયમી કરવા જોઈએ તેવો સિદ્ધાંત ધ્યાનમાં રાખવાનો પણ હુકમ કરું છું. કયા કામદારને કઈ કેટેગરીમાં કાયમી કરવું તે મેનેજમેન્ટ અને યુનિયન વાટાઘાટોથી નક્કી કરશે તેવી રજૂઆત માન્ય રાખી છે. એક કેટેગરીનો માણસ બીજા મશીન ઉપર કામ કરશે તેવી રજૂઆત યોગ્ય અને વ્યાજબી છે. એક મશીનનો હેલ્પર બીજા મશીન ઉપર હેલ્પર તરીકે કામ કરવું જોઈએ અને બીજા મશીન ઉપર કામ કરવાની ના પાડી શકશે નહીં તેવી રજૂઆત પણ વ્યાજબી છે. પક્ષકારોની રજૂઆતને ધ્યાનમાં લઈને હું નીચે પ્રમાણેનો હુકમ કરું છું.

હુકમ

કંપનીમાં કાયમી ધોરણે ચલાવવામાં આવતા મશીનોને ધ્યાનમાં લઇને તેમજ મશીન ઉપર કાયમી ધોરણે કામે રાખવામાં આવતા કામદારોની સંખ્યાને ધ્યાનમાં લઇને કંપનીમાં કામ કરતાં ૨૬૪ કામદારોમાંથી ઓછામાં ઓછા ૮૦ ટકા કામદારોને કાયમી કરવા જોઈએ કાયમી પાસ આપવા જોઈએ એવો બીજા પક્ષકાર કંપનીને હુકમ કરું છું. કામદારોની કેટેગરી મેનેજમેન્ટ અને યુનિયન વાટાઘાટો કરીને નક્કી કરશે તે સમજૂતી વ્યાજબી છે. ખર્ચ બાબતે કોઈ હુકમ નથી. આ એવોર્ડની નકલ પક્ષકારોને મળે તે તારીખથી એક મહિનાનો અંદર આ એવોર્ડ અમલમાં આવવાનો છે.

સહી
(એ. બી પટેલ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

અધિક્ષક
સુરત.
તા. ૧૦-૯-૯૦.

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

અમદાવાદ
તા ૧૨-૧૧-૯૦

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૧૭૭ આર. યુ. સન, ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સન. ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન, ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના તીવેડા સન-૧૯૯૦ માં ઓકટોબર માસનાં ૧૫ મા દિને આથી નોંધ કરું છું.

શ્રી એમ. એચ. દોશી સાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ,

રેફરન્સ આઈ. સી. આર. નં. ૨૮/૮૬.

ટેક્ષટાઈલ લેબર યુનીયન, વડવા, ભાવનગર. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગર, બીજા પક્ષકાર

ચુકાદો

૧. આ વિવાદ મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલની નોટીસ ઓફ ચેઈન્જમાં જણાવેલ સ્ટોર્સ વિભાગમાં ચાર જગ્યા કમી કરવા માગે છે જે માંગણી ગેરવાજબી છે અને બંને પક્ષકારો વચ્ચે તે અંગે વિવાદ છે જેથી આ રેફરન્સ કરેલ છે.

૨. આ રેફરન્સ ચાલતો હતો તે દરમિયાન મીલ કંપનીએ જણાવેલ છે કે તેઓ તેમનો ઔદ્યોગિક વિવાદ આગળ ચલાવવા માગતા નથી અને પાછો ખેંચી લે છે. આ સંજોગોમાં હવે આ ઔદ્યોગિક વિવાદનો નિર્ણય કરવાનો રહેતો નથી તેથી હેઠળ સંખ્યા પ્રમાણે હુકમ અને એવોર્ડ કરવામાં આવે છે.

હુકમ

આંક-૨ નાં પુરશીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

તા. ૪-૮-૯૦.
રાજકોટ

સહી.
(મ. હ. દોશી)
ન્યાયાધીશ, ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

તા. ૧૫-૧૦-૯૦
અમદાવાદ.

(આર. કે પરમાર)
સહાયક સંઘ અધિનિયમ,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

સને-૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૨૭૮ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ—૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓકટોબર માસનાં ૧૫ માં દિને આથી નોંધ કરું છું.

શ્રી એમ. એચ. દોશી સાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ રાજકોટ.

રેફરન્સ આઇ. સી. આર નં. ૩૦/૮૬.

ટેક્ષટાઇલ લેબર યુનીયન, વડવા, ભાવનગર. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગર. બીજા પક્ષકાર

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઇલ મીલની ફેરફારની નોટીસમાં જણાવેલ એસ. ક્યુ સી. વિભાગમાં ત્રણ જગ્યા કમી કરવાનો જે ઇરાદો સેવેલ છે તે અંગેનો આ વિવાદ છે.

૨. આ રેફરન્સ ચાલતો હતો તે દરમિયાન મીલ કંપનીએ જણાવેલ છે કે તેઓ તેમનો ઔદ્યોગિક વિવાદ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે. આ સંજોગોમાં હવે આ ઔદ્યોગિક વિવાદનો નિર્ણય કરવાનો રહેતો નથી અને તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે :

હુકમ

આંક-૨ નાં પુરશીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ કરવામાં આવતો નથી

INDEX

સહી

તા. ૪-૮-૯૦ (મ. હ. દોશી)

રાજકોટ સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

સહી

તા. ૧૫-૧૦-૯૦ (આર. કે. પરમાર)

અમદાવાદ. સહાયક સંઘ નિબંધક,

મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/ ૨૭૧૭૯ આર યુ સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમના કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઇ ઔદ્યોગિક અધિનિયમની-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ,

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન, ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ્સ મીલ, ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદનાં ઔદ્યોગિક ન્યાયલયે આપલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓકટોબર માસનાં ૧૫ મા દિને આથી નોંધ કરુ છું.

શ્રી એમ. એચ. દોશીસાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત રાજકોટ સમક્ષ, રાજકોટ.

રેફરન્સ આઈ સી આર. નં. ૩૩/૮૬

INDEX

ટેક્ષટાઈલ લેબર યુનીયન, વડવા, ભાવનગર. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ્સ મીલ, ભાવનગર. બીજા પક્ષકાર

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલે તેનાં ઓફિસ વિભાગમાં એક કલાર્કની જગ્યા કમી કરવા માંગણી કરી છે તે અંગેનો આ વિવાદ છે.

૨. આ રેફરન્સ ચાલતો હતો તે દરમિયાન મીલ કંપનીએ જણાવેલ છે કે તેઓ તેમનો ઔદ્યોગિક વિવાદ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે. આ સંજોગોમાં હવે ઔદ્યોગિક વિવાદનો નિર્ણય કરવાનો રહેતો નથી તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૨ નાં પુરશીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ
તા. ૪-૮-૯૦

સહી
(મ હ. દોશી)
સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

અમદાવાદ.
તા. ૧૫-૧૦-૯૦

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને-૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/અ/શ્રમક/૨૭૧૮૩ આશય/સને-૧૯૪૬ નાં મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુઇએ.

હું ટેક્ષટાઇલ લેબર યુનિયન, ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઇલ મીલ, ભાવનગર ની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓક્ટોબર માસનાં ૧૫ માં દિને આથી નોંધ કરું છું.

શ્રી એમ. એચ. દોશી સાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ

રેફરન્સ આઇ.સી.આર. નં. ૩૪/૮૬

ટેક્ષટાઇલ લેબર યુનીયન, વડવા, ભાવનગર — પ્રથમ પક્ષકાર

વિ.

મહાલક્ષ્મી ટેક્ષટાઇલ મીલ, ભાવનગર — બીજા પક્ષકાર

ચુકાદો

૧. આ વિવાદ મહાલક્ષ્મી ટેક્ષટાઇલ મીલની નોટીસ ઓફ ચેઇન્જમાં જણાવેલ સ્પીનીંગ ખાતાની ત્રીજી પાળીમાં કાર્ડ, જોબરમાં કાયમી જગ્યા રદ કરવા અંગે ઉઠાવવામાં આવ્યો છે.

૨. આ રેફરન્સ ચાલતો હતો તે દરમિયાન મીલ કંપનીએ જણાવેલ છે કે તેઓ તેમનો ઔદ્યોગિક વિવાદ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે. આ સંજોગોમાં હવે આ ઔદ્યોગિક વિવાદનો નિર્ણય કરવાનો રહેતો નથી અને તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૨ નાં પુરસીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઇ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ — મ. હ. દોશી

તા. ૪-૮-૯૦ — સભ્ય ઔદ્યોગિક અદાલત, રાજકોટ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૫-૧૦-૯૦
અમદાવાદ

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

૫

ક્રમાંક : ૬/બ/શમક/૨૭૧૮૦ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓકટોબર માસના ૧૫ માં દિને આથી નોંધ કરૂં છું.

શ્રી એમ. એચ. દોશી સાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ રાજકોટ.

રેફરન્સ આઈ. સી. આર. નં. ૨૬/૮૬.

ટેક્ષટાઈલ લેબર યુનીયન, વડવા, ભાવનગર. પ્રથમ પક્ષકાર

વિ.

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગર. બીજા પક્ષકાર

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલની ફેરફારની નોટીસમાં જણાવેલ વોચ એન્ડ વોર્ડની ત્રીજી પાળામાં પહેરાવાળાના કાયમી જગ્યા રદ કરવા અંગેનો આ વિવાદ છે.

૨. આ રેફરન્સ ચાલતો હતો તે દરમિયાન મીલ કંપનીએ જણાવેલ છે કે તેઓ તેમનો ઔદ્યોગિક વિવાદ આગળ ચલાવવા માગતા નથી અને પાછો ખેંચી લે છે. આ સંજોગોમાં હવે ઔદ્યોગિક વિવાદનો નિર્ણય કરવાના રહેતો નથી તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૨ નાં પુરસીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે ખર્ચ અંગે હુકમ નથી.

INDEX

સહી

રાજકોટ તા. ૪-૮-૯૦ (મ. હ. દોશી)

સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

સહી

અમદાવાદ. આર. કે. પરમાર

તા. ૧૫-૧૦-૯૦. સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

સને-૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬/ખ/શ્રમક/૨૭૧૮૨ આર.યુ. સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઇલ લેબર યુનિયન ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓક્ટોબર માસના ૧૫ માં દિને આથી નોંધ કરું છું.

શ્રી એમ. એચ. દોશીસાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ રાજકોટ

રેફર-સ આઈ. સી. આર, નં. ૧૧/૮૬

INDEX

ટેક્ષટાઈલ લેબર યુનીયમ, વડવા, ભાવનગર. પ્રથમ પક્ષકાર

વિ.

મહાલક્ષ્મી ટેક્ષટાઇલ મીલ ભાવનગર. બીજા પક્ષકાર

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલની ફેરફારની નોટીસમાં જણાવેલ ઓટોરીક ખાતામાં એક બેટરીબોયની જગ્યા રદ કરવા અંગેના આ વિવાદ છે.

૨. આ રેફરન્સ ચાલતો હતો તે દરમિયાન મીલ કંપનીએ જણાવેલ છે કે તેનો ઔદ્યોગિક વિવાદ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે. આ સંજોગોમાં હવે આ ઔદ્યોગિક વિવાદનો નિર્ણય કરવાનો રહેતો નથી તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૨ નાં પુરસીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઇ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ
તા. ૪-૮-૯૦

(મ. હ. દોશી)
સભ્ય, ઔદ્યોગિક અદાલત રાજકોટ.

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિયામક,
ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

તા. ૧૫-૧૦-૯૦
અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ક/બ/શ્રમક/ ૨૭૨ ૧ આર. યુ. સન. ૧૯૪૬ મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સન. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને રૂસ્તમ મીલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ અમદાવાદ ના વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ ના નવેમ્બર માસના ૧૨ મા દિને, આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રુબરુ.

રેફ (આઈ. સી.) નં. ૫૪/૮૯.

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ.   પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

રૂસ્તમ મીલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, અમદાવાદ.   દ્વિતીય પક્ષકાર

મીલ કંપની તેના સ્પીનીંગ ખાતાના જુદા જુદા ખાતાઓમાંથી કુલ ૨૭૪ જગ્યાઓ કમી કરવા માગે છે વગેરે અંગે.

ચુકાદો ભાગ-૧૧

૧ હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૭૩(ક) મુજબ, મીલ કંપનીએ સંઘને કલમ ૪૨(૧) મુજબની ફેરફારની સૂચના તા. ૪-૭-૮૮ના રોજ આપેલ, તે અંગે સમાધાનકાર પક્ષકારો વચ્ચે સમજુતિ કરાવવામાં નિષ્ફળ ગયેલા હોવાથી તેઓએ સંઘને નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપતાં સંઘે આ અદાલતમાં ઉપસ્થિત કરેલો છે.

૨. આ રેફરન્સમાં અગાઉ પક્ષકારોએ રજુ કરેલ સમાધાનની પુરસીસ પરથી ભાગ-૧ થી ભાગ-૧૦ના ચુકાદા આપવામાં આવેલા છે. ત્યાર બાદ આ

INDEX

કામમાં બંને પક્ષકારોએ આંક ૩૨ની પુરસીસથી પરિશિષ્ટ-અ મુજબનું સમાધાન રજુ કરી તે મુજબ ભાગ-૧૧નો અવોર્ડ આપવા વિનંતી કરી છે. સદરહુ સમાધાનની શરતો ખાસ સંજોગો લક્ષમાં લેતાં અમોને વ્યાજબી જણાય છે આથી તે મુજબ ભાગ-૧૧નો એવોર્ડ કરવાનો રહે છે. પરિણામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૩. બંને પક્ષકારોએ આ કામમાં અમુક માંગણીઓ અંગે આંક ૩૨ની સાથેના પરિશિષ્ટ-અ ની સમાધાનની શરતો મુજબ વર્તવાનું રહેશે. આંક-૩૨ અને તેની સાથેના પરિશિષ્ટ-અ ને આ ચુકાદાના એક ભાગ તરીકે ગણવાના રહેશે. બાકીની માંગણીઓ માટે આ રેફરન્સ આગળ ચલાવવા માટે રાખવામાં આવે છે. ખર્ચ અંગે હાલમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

નામદાર ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

રેફ. (આઈ. સી.) નં. ૫૪/૮૯

ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અરજદાર
ભદ્ર, અમદાવાદ

અને

રૂસ્તમ મીલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લી., સામાવાળા
દુધેશ્વર રોડ, અમદાવાદ

ઉપરોક્ત કામમાં અમો સામાવાળા મીલ્સ કંપની અને અરજદાર ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ કે જે બી.આઈ.આર. એક્ટ હેઠળ અમદાવાદના સ્થાનિક કાપડ સુતર ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય યુનીયન છે. તે બન્ને પક્ષકારો વચ્ચે તા. ૩૦-૫-૯૦ના રોજ એક સમાધાન થયેલ છે જેને આધારે મીલ કંપની તેના શાળખાતાના પર્નવાઈન્ડીંગ વિભાગમાંથી પર્નવાઈન્ડરની પાળીદીઠ એક એમ ત્રણેપાળીની મળીને કુલ ૩ કાયમી જગ્યાઓ નાબુદ કરશે.

આ સમાધાન પરિશિષ્ટ "અ" થી આ સાથે રજુ કરવામાં આવેલ છે

નામદાર ઔદ્યોગિક અદાલતને આથી વિનંતી કરવાની કે પરિશિષ્ટ "અ" મુજબના સમાધાન પ્રમાણે નામદાર અદાલત પાર્ટ એવોર્ડ આપે

અમદાવાદ
તા. ૩૦-૫-૯૦

રૂસ્તમ મીલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ
અમદાવાદ
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ

પરિશિષ્ટ-"અ"

સમાધાનની શરતો

૧. (અ) મીલ્સ કંપનીના શાળ વિભાગમાં પર્નવાઈન્ડીંગ વિભાગમાં નીચે જણાવ્યા મુજબની કાયમી સ્ટ્રેન્થ છે :

હોદ્દો	પહેલી પાળી	બીજી પાળી	ત્રીજી પાળી	કુલ
પર્નવાઈન્ડર	૬	૬	૬	૧૮
ફીટર	૧	–	–	૦૧
	૭	૬	૬	૧૯

૨. મીલ્સ કંપની આ સમાધાન મુજબ સાદી શાળોની સંખ્યામાં ઘટાડો થવાના પરીણામે પર્નવાઈન્ડીંગ વિભાગમાંથી પાળીદીઠ ૧ (એક) એમ ત્રણેયપાળીમાં મળી કુલ ૩ કામદારો છુટા કરી શકશે તથા આ સાદી લુમ્સને લગતી સ્પીન્ડલો કાઢી નાંખી શકાશે.

૩. ઉપર કલમ નં. ૨ મુજબ અમલ થતાં ખાતામાં કામ કરતા કલમ નં. (૧)માં જણાવ્યા મુજબના કુલ ૩ કામદારો ફાજલ પડતા તેમને નીચે જણાવ્યા મુજબ વ્યવસ્થા કરાશે.

INDEX

(૧) પર્નવાઈન્ડીંગ વિભાગમાં છુટા થવા માંગતા કારીગરોના રાજીખુશીથી આપેલા રાજીનામાં સ્વીકારી મીલ્સ કંપની તેમને છુટા કરશે, અને કલમ નં. ૪ માં જણાવ્યા મુજબના હક્કો સુકવી આપશે.

(૨) પર્નવાઈન્ડીંગ વિભાગમાંથી પુરતા પ્રમાણમાં કામદારોના રાજીનામા નહિં આવે તો ખાતા ફેરના (શાળ ખાતાના બીજા વિભાગો, ડાઈંગ, પ્રીન્ટીંગ, બ્લીચીંગ, ફીનીસીંગ, કાપડ ખાતુ, એન્જીનીયરીંગ-બોયલર હાઉસ સિવાયનું) વગેરે ખાતાના અને પાળીફેરના રાજીનામાં આવેથી તે સ્વીકારી તે કામદારોને છુટા કરી છુટા થવા ન માંગતા કામદારોને લાયકાત મુજબ તે જગ્યાએ ટ્રાન્સફર કરી નક્કી કરેલી જગ્યાઓ નાબુદ કરવામાં આવશે. ટ્રાન્સફર થનાર કામદારોને જો જરૂર જણાશે તો નવી પોસ્ટ ઉપર એક મહિનો ટ્રેનીંગ આપવામાં આવશે, અને હાલમાં મળતા પગારમાં ઘટાડો કરવામાં આવશે નહિ, તેમજ જો કામદારને વધુ પગારની જગ્યાએ કામ કરવાનું થશે તો તે જગ્યાનો પગાર આપવામાં આવશે.

(૩) ઉપર મુજબ (૧) અને (૨) મુજબ આવેલા રાજીનામાં પણ જો પુરતી સંખ્યામાં નહિં હોય તો કારીગરોના ગુજરી જવાથી ખાલી પડેલી જગ્યાઓને નાબુદ કરવાની જગ્યાઓ તરીકે ગણીને જરૂરી ફેરફાર કરવામાં આવશે.

(૪) આ કરાર મુજબ છુટા થતા કામદારોના બોનસ, હક્કરજા વિગેરેના હક્કો અબાધિત રહેશે.

(૫) આ કરાર મુજબ છુટા થતા કામદારોને મીલ્સ કં. અને મજુર મહાજન સંઘ વચ્ચે નક્કી થયા મુજબ છટણી વળતર તથા પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી એક્ટ મુજબ થતી ગ્રેજ્યુઈટી ચૂકવી આપવામાં

(૬) મીલ્સ કું. આ સમાધાન હેઠળ સ્વૈચ્છિક રીતે છુટા થતા કામદારોને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ ૨ (૦૦) (બી) મુજબ છટણી વળતરમાં આવરી લેવાયેલ ન હોવા છતાં તેઓને બંને પક્ષોની સંમતિથી રીટ્રેન્ચ થયેલા ગણવામાં આવશે

(૭) આ સમાધાનનો અમલ તા. ૧-૩-૯૦ થી થયેલો ગણવામાં આવશે.

INDEX

ફેક્ટરી મેનેજર
રૂસ્તમ મીલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લી.,

અમદાવાદ
તા. ૩૦ ૫-૯૦

ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ

સહી
(એન. એ. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ.
૧૮-૭-૯૦

જી. જે. દવે.
રજીસ્ટ્રાર.
અમદાવાદ. તા ૧૮-૭-૯૦.

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

તા. ૧૨-૧૧-૯૦
અમદાવાદ.

સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/અ/શમક/૨૭૨૦૬ આથી સને-૧૯૪૬ના ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું મજૂર મહાજન સંઘ અમદાવાદ અને ધી પટેલ મીલ્સ લી. અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડાની સન-૧૯૯૦માં નવેમ્બર માસના ૧૨મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

શ્રી. એન.એ. ચૌહાણ સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈ ટી) નં. ૨૯/૮૮.

મજૂર મહાજન સંઘ, અમદાવાદ ..પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી પટેલ મીલ્સ કંપની લિ. અમદાવાદ. ...દ્વિતીય પક્ષકાર

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ.

પ્રથમ પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી એસ.એમ.જોશી.

દ્વિતીય પક્ષકાર તરફે વકીલ શ્રી રાયસીંગાણી.

સને ૧૯૮૭ના વર્ષમાં આવતા દીવાળીના તહેવારો પહેલાં તમામ કામદારો તથા સ્ટાફના સભ્યોને બોનસ ચૂકવી આપવા અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩ (ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘ કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનું પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેમના

INDEX

તરફથી દાખલ કરવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર સંઘે તા. ૪-૯-૮૭ના રોજ ૧૯૪૬ના અધિનિયમની કલમ ૪૨(૨) મુજબની ફેરફારની સૂચના આપીને દ્વિતીય પક્ષકાર ગીલ કંપની પાસે માંગણી કરેલ હતી કે, ૧૯૮૬-૮૭ના હિસાબી વર્ષનું બોનસ ૧૫ ઓકટોબર ૧૯૮૭ પહેલાં ચૂકવી આપવુ જોઈએ. પરિણામે આ ફેરફારથી સૂચનાથી બોનસની રકમ દિવાળી પહેલાં ચૂકવી આપવા માટે માંગણી કરવામાં આવેલ હતી, કારણકે બોનસ અધિનિયમ મુજબ દરેક ઔદ્યોગિક એકમે લઘુતમ ૮.૩૩ ટકા બોનસ ચૂકવવાનું હોય છે. સુતરાઉ કાપડ ઉદ્યોગની પ્રણાલિકા મુજબ, આ બોનસની રકમ નવેમ્બર મહીનામાં ચૂકવવામાં આવે છે પરંતુ સંબંધિત વર્ષમાં દિવાળી નવેમ્બર મહીના પહેલાં આવતી હોવાથી પ્રથમ પક્ષકાર સંઘે માંગણી કરેલ હતી કે, સદરહુ બોનસની રકમ નવેમ્બરમાં નહીં ચૂકવતાં ૧૫મી ઓકટોબર પહેલાં ચૂકવી આપવી જોઈએ આ માંગણી અંગે પક્ષકારો વચ્ચે સમાધાન કોઇ સમજૂતિ કરાવી શકેલા નહીં અને ૧૯૪૬ના અધિનિયમ નીચે તેઓએ નિષ્ફળતાનું પ્રમાણપત્ર તા. ૨૭-૧-૮૮ના રોજ આપેલ. એટલે પ્રથમ પક્ષકાર સંઘે ત્યાર બાદ હાલનો રેફરન્સ તા. ૧૮-૨-૮૮ના રોજ કરેલો છે.

૨. પ્રથમ પક્ષકાર સંઘે આંક-૭ મુજબનું માંગણાનું નિવેદન તા. ૪-૧-૮૯ ના રોજ રજૂ કરીને જણાવેલ છે કે, દ્વિતીય પક્ષકાર એકમ બોનસ અધિનિયમ મુજબ ૧૯૮૬-૮૭ના વર્ષ દરમ્યાનનું બોનસ કાયદા મુજબ ચૂકવેલ નથી તેમજ ઓડીટરને સરવૈયું રજૂ કરેલ નથી માટે તે સરવૈયું રજુ કરે અને લઘુતમ બોનસ ચૂકવી આપે તેવો હુકમ કરવાની જરૂર છે.

૨. દ્વિતીય પક્ષકાર એકમે અગાઉ જણાવ્યા પ્રમાણે વકીલ શ્રી રાયસી ગાણીને આ કેસમાં રોકેલા છે પરંતુ તેઓએ કોઈ લેખિત જવાબ રજૂ કરેલો નથી અને લેખિત જવાબ રજૂ કરવા માટે મુદતની માંગણી કરવામાં આવેલ હતી જે શરૂઆતમાં ગ્રાહ્ય રાખવામાં આવેલ હતી પરંતુ ત્યાર બાદ પણ તેઓએ કોઇ લેખિત જવાબ રજૂ કર્યો નથી અને આ રેફરન્સમાં હાજર થવા માટેની કોઈ દરકાર કરેલી નથી.

૪. અગાઉ જણાવ્યા પ્રમાણે ફેરફારની સૂચનામાં ૧૯૮૬-૮૭ના વર્ષનું બોનસ ૧૫મી ઓકટોબર ૧૯૮૭ પહેલાં ચૂકવી આપવાની માંગણી કરવામાં આવેલી છે આ માંગણી ગ્રાહ્ય રાખવામાં આવેલ નહીં એટલે હાલનો રેફરન્સ થયો છે, પરંતુ રેફરન્સ તા. ૧૫ ૨-૮૮ના રોજ થયેલ છે એટલે આ રેફરન્સમાં જે માગણી કરવામાં આવેલ છે તે અપ્રસ્તુત બને છે. શ્રી જોષીની રજૂઆત એવી છે કે, ૧૯૮૬-૮૭ના વર્ષનું બોનસ ચૂકવેલ હોય તેમ લાગતું નથી માટે તે

INDEX

રકમ ચૂકવી આપવા માટે હુકમ કરવાની જરૂર છે. આ માંગણી પણ ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. કારણકે ૧૯૮૬-૮૭ના વર્ષનું બોનસ, બોનસ અધિનિયમ મુજબ મેળવવા માટે અદાલતના હુકમની કોઈ જરૂર છે નહીં. દ્વિતીય પક્ષકાર એકમે જો તે પ્રમાણેના વર્ષનું બોનસ કામદારોને ન ચૂકવી આપ્યું હોય તો તે બાબતની રીકવરી અરજી પ્રથમ પક્ષકાર સંઘ કરી શકે છે અને તે રકમ વસૂલ કરી છે. બોનસની રકમની વસૂલાત કરવા માટે રેફરન્સની જરૂર રહે નહીં. પરિણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૫ રેફરન્સમાં કરવામાં આવેલી માંગણી અપ્રસ્તુત બને છે માટે આ રેફરન્સમાં કોઈ હુકમ થઈ શકે તેમ નથી તેથી રેફરન્સ રદ કરવામાં આવે છે. ખાસ સંજોગો લક્ષમાં લેતા ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(એન. એ. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

જી. જે. દવે
રજિસ્ટ્રાર
અમદાવાદ તા.૧૬-૮-૯૦

(આર. કે. પરમાર)
સહાયક શ્રંમ નિયામક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

અમદાવાદ
તા. ૧૨-૧૧-૯૦

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિયંધક દ્વારા

ક્રમાંક : ૬/બ/શ્રમક/૨૭૨૧૨ આરસુ/સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુઈએ.

હું ટેક્ષટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદ અને શ્રી અર્બુદા મીલ્સ લી, અમદાવાદ ની વચ્ચેના ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં નવેમ્બર માસનાં દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય હુજુર

રેફરન્સ (આઈસી) નં. ૨૬/૮૮

શ્રી ટેક્ષટાઇલ લેબર એસોસિએશન, અમદાવાદ　　પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

શ્રી અર્બુદા મીલ્સ લિ., અમદાવાદ　　દ્વિતીય પક્ષકાર

મીલ કંપની તેના પ્રોસેસીંગ ખાતાના ડાઈંગ વિભાગના મશીનો અઠવાડીયાના સાતેય દિવસો ચલાવવા માંગે છે વગેરે અંગે

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક, ૧૯૪૬ની કલમ ૭૩(ક) મુજબ, દ્વિતીય પક્ષકાર મીલે પ્રથમ પક્ષકાર સંઘને તા. ૨૫-૯-૮૭ના રોજ કલમ ૪૨(૧) મુજબની ફેરફારની સુચના આપતાં, તે અન્વયે સમાધાનકાર પક્ષકારો વચ્ચે સમાધાન ન કરાવી શકતાં, સંઘને નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપતાં, સંઘે ઉપસ્થિત કરેલો છે.

૨. આ રેફરન્સમાં બીજા પક્ષકાર મીલે આંક-૧૪ની પુરસીસ રજુ કરીને તેઓએ સંઘને આપેલ નોટિસ ભવિષ્યમાં જરૂર પડે નવી આપવાનો અધિકાર ઉભો રાખી પાછી ખેંચેલ છે, જે અન્વયે સંઘે આ રેફરન્સ પાછો ખેંચવાની

INDEX

પરવાનગી આપવા વિનંતી કરી છે, જે મુજબ સંઘને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં અમોને કોઇ હરકત જણાતી નથી. પરિણામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૩. સંઘને રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે આ રેફરન્સનો નિકાલ થયેલો ગણવાનો રહેશે. ખર્ચ સંબંધી કોઈ હુકમ નથી.

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ તા: ૧-૮-૯૦.

સહી
(એ. એન. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ.

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

તા. ૧૨-૧૧-૯૦
અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૧/ખ/શ્રમક/૨૭૧૮૭ આરયુ સને-૧૯૪૬નાં ઔદ્યોગિક સંબંધ અધિનિયમનની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઇએ.

હું ટેક્ષટાઇલ લેબર યુનિયન, ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઇલ મીલ, ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડા સન્-૧૯૯૦માં ઓકટોબર માસનાં ૧૫માં દિને આથી નોંધ કરું છું.
શ્રી એમ. એચ. દોશીસાહેબ, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ, રાજકોટ

રેફરન્સ (આઇ સી) નં. ૨૦/૮૬.

ટેક્ષટાઇલ લેબર યુનીયન, વડવા, ભાવનગર — પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

મહાલક્ષ્મી ટેક્ષટાઇલ મીલ, ભાવનગર — બીજા પક્ષકાર.

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઇલ મીલની ફીનીસીંગ કેલેન્ડર વગેરેમાં ત્રણ કાયમી જગ્યા કમી કરવા અંગે જે ફેરફારની નોટીસ મીલે આપી છે તે અંગેનો આ વિવાદ છે.

૨. આ રેફરન્સ ચાલતો હતો તે દરમિયાન મીલ કંપનીએ જણાવેલ છે કે તેઓ તેમનો ઔદ્યોગિક વિવાદ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે. આ સંજોગોમાં હવે આ ઔદ્યોગિક વિવાદનો નિર્ણય કરવાનો રહેતો નથી અને નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૨ નાં પુરસીસ અન્વય આ વિવાદ પાછો ખેંચાઇ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

સહી

તા. ૪-૮-૯૦ — સ. હ. દોશી

રાજકોટ — સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક,

તા. ૧૫-૧૦-૯૦ — મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ — અમદાવાદ

સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૧૮૮ આરયુ/સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન, ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦માં ઓકટોબર માસનાં ૧૫મા દિને આથી નોંધ કરૂં છું.

શ્રી એમ. એચ. દોશીસાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ

રેફરન્સ આઈ. સી. આર. નં. ૨૪/૮૬.

ટેક્ષટાઈલ લેબર યુનીયન, વડવા, ભાવનગર — પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગર

INDEX

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઇલ મીલની ફેરફારની નોટીસમાં જણાવેલ સ્પીનીંગ ખાતાની રીંગફ્રેમ વિભાગની ત્રીજી પાળી બે સફાઈ કામદારની જગ્યા કમી કરવા અંગેનો જે ઈરાદો જાહેર કર્યો છે તે અંગેનો આ વિવાદ છે.

૨. આ રેફરન્સ ચાલતો હતો તે દરમિયાન મીલ કંપનીએ જણાવેલ છે કે તેઓ તેમનો ઔદ્યોગિક વિવાદ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે. આ સંજોગોમાં હવે આ ઔદ્યોગિક વિવાદનો નિર્ણય કરવાનો રહેતો નથી અને તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૨ નાં પુરસીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આપી કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

સહી

તા. ૪-૮-૯૦ — સ. ઉ. દોશી

રાજકોટ — સભ્ય. ઔદ્યોગિક અદાલત રાજકોટ

સહી

આર. કે. પમાર

સહાયક સંઘ નિબંધક,

તા. ૧૫-૧૦-૯૦ — મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ. — અમદાવાદ.

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
જાહેરનામા સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/બ/શમક/૨૭૧૮૯ આથી સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન, ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના ચુકાદા સન-૧૯૯૦ ના ઓકટોબર માસનાં ૧૫ મા દિને આથી નોંધ કરું છું.

શ્રી એસ. એચ. દોશીસાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ,

રેફરન્સ (આઈસી) આર. નં. ૧૮/૮૫.

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ. ભાવનગર — પ્રથમ પક્ષકાર

વિ.

ટેક્ષટાઈલ લેબર યુનીયન, વડવા, ભાવનગર — બીજા પક્ષકાર

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગર અને તેમાં કામદારો વચ્ચેનો આ એક વિવાદ છે.

૨. મીલે તા ૮-૪-૮૫ ના રોજ ટેક્ષટાઈલ લેબર યુનીયનને મીલનાં સ્પીનીંગ વિભાગમાંથી રીંગ ખાતામાંથી પહેલી અને બીજી પાળીમાંથી બે સલખી ગ ટેન્ટરની કાયમીની જગ્યા કમી કરવા વગેરે ફેરફારની નોટીસ આપી હતી અને તેથી મીલે તા. ૧૭-૪-૮૫ના રોજ ફોર્મ-એન માં સમાધાન અધિકારી, ભાવનગરને રીપોર્ટ કરેલ પરંતુ સમાધાન અધિકારીએ કરેલા સમાધાનનાં પ્રયાસો નિષ્ફળ જતાં તેમણે નિષ્ફળતાનું પ્રમાણપત્ર કાઢી આપી આ વિવાદ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢવામાં આવી હતી, પરંતુ આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ મીલનાં ફેકટરી મેનેજરે આક-૩નું એક પુરસીસ આપી તેઓ આ કેસ પાછો ખેંચી લે છે તેવી જાહેરાત કરી છે, સબબ હવે આ કામમાં કંઈપણ કરવાનું રહેતુ નથી અને તેથી નીચે મુજબ ઠેવટનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

આક-૩ની પુરસીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

તા. ૩૧-૭-૯૦
રાજકોટ

મ. હ. દોશી
સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

૧૫-૧૦-૯૯
અમદાવાદ

સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૨૧૬ આરયુ-સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૫૮ (૧) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૬૫ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું સમીર સીન્થેટીક્સ મીલ્સ, અમદાવાદ અને જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ સમાધાન અધિકારશ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૦ના નવેમ્બર માસના ૧૨ મા દિને, આથી નોંધ કરૂં છું.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ સને ૧૯૪૬ની કલમ-૫૮ (૧) અન્વયેના

સમાધાનનુ મેમોરેન્ડમ

સમાધાનકાર શ્રી. બી ઠાકર સાહેબ, અમદાવાદ સમક્ષ

INDEX

પક્ષકારોનાં નામ

શ્રી સતીષભાઈ એન. વ્યાસ — ૧. માલિકોના પ્રતિનિધિ
મેનેજરશ્રી, સમીર સીન્થેટીકસ મીલ્સ,
૨૯૫ થી ૪૦૨ જી, આઈ. ડી. સી. ઓઢવ અમદાવાદ

શ્રી અમથાભાઈ દેસાઈ. — ૨. કામદારોનાં પ્રતિનિધિ
જનરલ સેક્રેટરી,
જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ
ગાંધી મજુર સેવાલય, ભદ્ર અમદાવાદ.

વિવાદની ટૂંકી વિગતો

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ કે જે બી. આઈ. આર. એક્ટ-૧૯૪૬ અનુસાર અમદાવાદ શહેરનાં સ્થાનીક વિસ્તારમાં, અમદાવાદ સીટી તાલુકા વિસ્તારમાં તથા દસક્રોઈ તાલુકા વિસ્તારમાં આવેલાં ટેક્ષટાઈલ-પ્રોસેસીંગ ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતાં અને માન્યતા પામેલાં યુનિયન તરીકે રજીસ્ટર્ડ થયેલ છે. તે યુનિયન મારફતે સંસ્થાના સંચાલકોને નમુનાં એલ માં તા. ૨૮-૮-૯૦ ના રોજ નોટીસ ઓફ ચેઈન્જ આપી સંસ્થામાં કામ કરતાં કામદારો | કર્મચારીઓને સને ૧૯૮૯/૧૯૮૯-૯૦ ના હીસાબી વરસનું ૨૦% લેખે બોનસ ચુકવી આપવા બાબતની માંગણીઓ રજૂ કરી હતી.

આ માગણી અંગે પક્ષકારો વચ્ચે કરાર ન થઈ શકવાથી, યુનિયને તેમનાં તા. ૫-૯-૯૦ ના રોજ નમુના એન માં સમાધાનકારશ્રી, અમદાવાદને અહેવાલ મોકલી આપેલ હતો. જે સમાધાનકાર અમદાવાદને તા. ૧૪-૯-૯૦ ના રોજ મળેલ હતો અને સમાધાનકારશ્રી, અમદાવાદના પત્રકમાં તા. ૨૧-૯-૯૦ ના રોજ નોંધવામાં આવેલ હતો.

ત્યારબાદ સમાધાનકારશ્રી, અમદાવાદે પક્ષકારોને સમાધાન માટે તા. ૧-૧૦-૯૦, તા. ૯-૧૦-૧૯૯૦ તથા તા. ૧૨-૧૦-૯૦ ના રોજ પક્ષકારોને સમાધાન માટે રુબરુ બોલાવેલાં હતાં અને તેમાંની છેલ્લી જણાવેલી તારીખે પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એક્ટ-૧૯૪૬ની કલમ-૫૮ (૧) અનુસાર નીચે જણાવેલી શરતોએ સુખદ સમાધાન થવા પામેલ છે.

સમાધાનની શરતો

(૧) મીલ્સ કંપનીમાં કામ કરતાં કામદારો પૈકી જે કામદારોએ તા. ૧-૪-૮૯ થી તા. ૩૧-૩-૯૦ સુધીનાં હીસાબી વરસ દરમીયાન કામ કર્યું હશે

INDEX

તેવા કામદારોને સદર હીસાબી વરસની કુલ કમાણીનાં ૮.૩૩% લેખે બોનસ આપવા માટે કંપની સંમત થાય છે.

(૨) સદર હીસાબી વરસનાં બોનસને મેળવવા માટે હક્કદાર થાય છે તેવા કામદારો પઈકી જે કામદારો હાલમાં કંપનીની નોકરીમાં નહી હોય અગર નોકરી છોડીને ચાલ્યા ગયાં હશે તેવા કામદારો તરફથી અરજી મળેથી એક માસમાં સદર બોનસની રકમ કામદારોને ચુકવી દેવામાં આવશે.

(૩) સદર બોનસની રકમ કામદારોને તા. ૧૪-૧૦-૧૯૯૦ સુધીમાં ચુકવી દેવામાં આવશે.

(૪) સદર બોનસ બાબતમાં કોઇપણ જાતનો વિવાદ કે ઝઘડો ઉભો થશે તો યુનિયનનાં જનરલ સેક્રેટરીશ્રી અમથાભાઈ દેસાઇ તથા કંપનીનાં શેઠશ્રી નટવરભાઇ પટેલની લવાદી મારફતે તેનો ઉકેલ લાવવામાં આવશે અને તેઓનો નિર્ણય ફુલ એન્ડ ફાયનલ રહેશે અને તે કામદારોને, યુનિયનને અને કંપનીને બંધનકર્તા રહેશે.

આ સમાધાન તમામ પક્ષકારોને એ સમજી વિચારીને કોઈપણ જાતના દબાણ વગર રાજીખુશીથી કરેલ છે અને સુસ્તપણે અમલ કરવા સંમત થાય છે.

સહી
સતીષભાઈ એન. વ્યાસ
મેનેજરશ્રી
સમીર સીન્થેટીકસ મીલ્સ, ઓઢવ
અમદાવાદ

સહી
અમથાભાઇ દેસાઈ
જનરલ સેક્રેટરી
જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ
ગાંધી મજુર સેવાલય, ભદ્ર, અમદાવાદ

મારી રૂબરૂ
(બી બી. ઠાકર)
સમાધાનકારશ્રી, અમદાવાદ
બી આઈ. આર. એક્ટ-૧૯૪૬ ગુજરાત રાજય

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિયંત્રક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૨-૧૧-૯૦
અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૨૧૫ આથી/સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ. અને અમદાવાદ કોટન મીલ્સ અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં નવેમ્બર માસના ૧૨ માં દિને આથી નોંધ કરું છું

ઔદ્યોગિક ગુજરાત, અદાલત, અમદાવાદ

શ્રી આર. એસ. શુકલ, સભ્ય રૂબરૂ.

રેફ. આઈ સી નં-૬૨/૯૦

ટેક્ષટાઇલ લેબર એસોસિએશન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

અમદાવાદ કોટન મીલ્સ, અમદાવાદ. દ્વિતીય પક્ષકાર

મીલ કંપનીના ત્રીજી પાળીમાં મીલ રોટરી સ્કીન પ્રીન્ટીંગ મશીન કાયમી ધોરણે બંધ કરવા માંગે છે તે અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ બી. આઇ. આર. એકટની કલમ ૭૩ (ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘે મીલ કંપનીએ સંઘને તા. ૨૪-૯-૮૯ ના રોજ ફેરફારની સુચના આપી રોટરી સ્કીન પ્રીન્ટીંગ મશીન ત્રીજી પાળીમાં કાયમી ધોરણે બંધ કરવાની કરેલ માંગણી પરથી ઉપસ્થિત કરેલ છે.

૨. આ રેફરન્સમાં ચાલુ કામ બંને પક્ષકારોએ આંક-૬ થી સંયુક્ત રીતે સમાધાનની શરતો રજૂ કરી તે મુજબ એવોર્ડ કરી આપવા માટે વિનંતી કરી છે. સદરહુ સમાધાનની શરતો ખસ સંજોગો લક્ષમાં રાખી કબુલ મંજૂર કરવામાં

આવે છે અને તે મુજબ એવોર્ડ આ કામમાં કરી આપવાનો રહે છે. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. આ રેફરન્સમાં બંને પક્ષકારોએ આંક-૬ ની સમાધાનની શરતો મુજબ વર્તવું. આંક-૬ની એક નકલ આ હુકમ સાથે રાખવી ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

નામદાર ઔદ્યોગિક અદાલત (ગુજરાત) અમદાવાદ

રેફરન્સ (આઈ સી) નં. ૬૨-૯૦

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

અમદાવાદ કોટન મીલ્સ બીજા પક્ષકાર

(એ યુનિટ ઓફ જી. એસ. ટી. સી લી.)

અમદાવાદ

મહેરબાન સાહેબ,

ઉપરોક્ત કામમાં અમો પક્ષકારો વચ્ચે નીચે મુજબની શરતોએ સમાધાન થયેલ છે તો તે મુજબનો એવોર્ડ આપવા પક્ષકારોની વિનંતી છે.

સમાધાનની શરતો

૧. ટેક્ષટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદ કે જે કાપડ સુતર ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતું યુનીયન છે, તેને મીલ્સ કંપનીએ ફોર્મ 'કે' માં નોટીસ ઓફ ચેઇન્જ આપેલ છે અને તે દ્વારા મીલ્સ કંપનીમાં રોટરી પ્રીન્ટીંગ ખાતામાં ચાલતી ત્રીજીપાળી બંધ કરવા માટે માંગણી મુકેલ છે, જેમાં બંને પક્ષકારો વચ્ચે વાટાઘાટોને અંતે સમાધાન થયેલ છે.

૨. મીલ્સ કંપની તેના પ્રીન્ટીંગ ખાતામાં જે એક રોટરી સ્ક્રીન પ્રીન્ટીંગમાં છે તે જી. એસ. ટી સી. એ મીલનો કબજો લીધા પછી ચાલુ કરેલ છે તેમાં હાલમાં ત્રણેય પાળી ચલાવવામાં આવે છે, તથા તેનું આનુષાંગિક ખાતું બંધ કરી દીધેલ છે, સદરહુ ખાતું ત્રણેય પાળીમાં ચલાવવામાં આવતું હતું. સદરહુ મશીન ઉપર અમદાવાદ કોટન મીલ્સ નંબર-૧ અને મીલ નંબર-૨ નો તમામ માલ ઉત્પન્ન થતો હતો સદરહુ કામને કારણે ત્રણેય પાળી ચાલુ [illegible]

INDEX

જરૂરીયાત ઉપસ્થિત થયેલ હતી, અને સદરહુ કામને કારણે આનુસાંગિક ખાતુ એક્ષપોઝીંગ ખાતું હતું તે પણ ત્રણેય પાળી ચલાવવામાં આવતી હતી.

૩. મીલ્સ કંપનીનો વહીવટ જી એસ ટી સી. એ લીધા બાદ એકજ મીલ ચાલુ કરવામાં આવેલ છે, અને ત્યારબાદ રોટરી પ્રીન્ટીંગ મશીન ઉપર ફક્ત એકજ મીલનું કાપડ વણાતુ અને તેથી મીલનું જે કામ છે, તે પ્રમાણમાં ઓછું છે અને તેથી મીલ્સ કંપની સદરહુ મશીન ત્રણેય પાળીમાં રાખી શકે તેવી પરિસ્થિતિમાં નથી. ઉપર જણાવ્યા મુજબ કામના અભાવે મીલ્સ કંપની માટે તેના રોટરી પ્રીન્ટીંગ મશીન ત્રીજી પાળીમાં કાયમી ધોરણે સદરહુ સમાધાનથી કાયમી તેમ જ બદલી કારીગરોને કામ આપવું શક્ય નથી તથા સદરહુ મશીન ઉપર કામના અભાવે આનુસાંગિક ખાતુ કે જે હાલમાં ચાલુ નથી તેના કારીગરોને અન્ય ખાતાઓમાં સમાવી લેવામાં આવ્યા છે, તેને ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ સંમતિ આપે છે

૪. સદરહુ સમાધાનના પરિશિષ્ટ–અ માં જણાવવામાં આવેલ રોટરી પ્રીન્ટીંગ મશીન ઉપર ત્રીજીપાળીમાં કામ કરતા કામદારોને સદરહુ સમાધાનની જોગવાઈઓ મુજબ ત્રીજીપાળીમાં કામગીરી નહિ હોવાથી તેઓને કઈ જગ્યાએ સમાવવામાં આવશે તે જણાવેલ છે, તથા એક્ષપોઝીંગ ખાતામાં ત્રણેય પાળીમાં કામ કરતા કામદારોને સદરહુ સમાધાનથી કઈ જગ્યાએ સમાવવામાં આવશે તે અંગેની વિગતો પરિશિષ્ટ–બમાં જણાવવામાં આવેલી છે, પરિશિષ્ટ–અ અને બ માં દર્શાવેલ કામદારોને તેના નામની સામે સુચવેલ જગ્યાએ કાયમી ધોરણે કામ આપવા માટે મીલ્સ કંપની સંમત થાય છે જે અંગે ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ પણ સંમત થાય છે.

૫. પરિશિષ્ટ–અ અને બ માં જે કામદારોનો સમાવેશ થયેલ છે તેને મીલ્સ કંપનીમાં અન્ય જગ્યા ઉપર જરૂરીયાત મુજબ ગોઠવવા માટે તથા રીટ્રેન્ચ થતાં જે જગ્યાઓ ખાલી પડેલ હોય તે જગ્યાએ અન્ય કોઈ કામદારની ગોઠવણી ન થઈ શકી હોય તેને તે જગ્યા ઉપર મુકવા માટે મીલ્સ કંપની સંમત થાય છે, પરંતુ સદરહુ જગ્યાઓ ઉપર કામ આપવાને પરીણામે તેને પગાર કે અન્ય કોઈપણ હક્કોને અવળી અસર થશે નહી તે અંગે પણ મીલ્સ કંપની સંમત થાય છે. સદરહુ જગ્યાઓ ઉપર ગોઠવવામાં આવનાર કામદારોના પગાર જો વધુ હશે તો તે પ્રમાણે પગાર ચુકવી આપવા માટે મીલ્સ કંપની સંમત થાય છે.

INDEX

૬. પરિશિષ્ટ-અં અને બ માં જણાવવામાં આવેલ કામદારોમાંથી કોઈ પણ કામદાર સ્વેચ્છાએ રાજીનામું આપીને છુટા થવા માંગતા હોય તો તે કામદારનું રાજીનામું મીલ્સ કંપનીના અરજદાર યુનીયન કે જે અમદાવાદ કાપડ સુતર ઉધોગમાં પ્રતિનિધિત્વ ધરાવે છે તેના મારફતે સ્વીકારી તેઓને :

(એ) પેમેન્ટ ઓફ ગ્રેચ્યુઈટી એક્ટ, ૧૯૭૨ હેઠળ છુટા થનાર હકદાર કામદારને મળવાપત્ર થતી ગ્રેચ્યુઈટીની રકમ,

(બી) આઈ.ડી એક્ટ, ૧૯૪૭ની જોગવાઈઓ હેઠળ રીટ્રેન્ચ થતા કામદારને મળવા પાત્ર થતી કાયદેસરની વળતરની રકમ,

(સી) રાજીનામું આપનાર કામદારની બાકી તથા વરાડે પડતી હાજરજાની મળવા પાત્ર કાયદેસરની રકમ, મળવાપાત્ર બોનસ, જ્યારે ચુકવવાપાત્ર થાય ત્યારે જો તેઓ હકદાર થતા હશે તો તથા તે સીવાય કાયદેસરના હક્કો જે બાકી નીકળતા હશે તો તે ચુકવી આપવા મીલ્સ કંપની સંમત થાય છે.

(ડી) કામદારના પ્રો. ફંડની રકમ તથા કંપનીના ફાળા સહીત કુલ રકમ ચુકવી આપવા માટે મીલ્સ કંપની પ્રો. ફંડ કમિશ્નરને ભલામણ કરશે.

(ઈ) મીલ્સ કંપની (જી.એસ.ટી સી.) અને ટેક્ષટાઈલ લેબર એસોસીએશન (મજુર મહાજન સંઘ) વચ્ચે નક્કી થયા મુજબ પ્રત્યેક વર્ષની નોકરી દીઠ રૂા. ૩૦૦ના હિસાબે વધારાના વળતર તરીકે રાજીનામું આપનાર કામદારને આપવા માટે પક્ષકારો સંમત થાય છે, પરંતુ સદરહુ પ્રોત્સાહક રકમ રૂા. ૯૦૦૦ (અંકે રૂપિયા નવ હજાર પુરા) થી વધતી હશે તો રાજીનામું આપનાર કામદારને વધુમાં વધુ રૂા. ૯૦૦૦ (નવ હજાર પુરા) ની રકમ આપવા માટે પક્ષકારો સંમત થાય છે.

૭. પરિશિષ્ટ-અ માં દર્શાવેલ કામદારોમાંથી કોઈપણ કામદાર રાજીનામું આપીને છુટા નહી થવા માંગતા હોય તો તે સંજોગોમાં મીલ્સ કંપની તેના અન્ય ખાતામાંથી રાજીનામા મંગાવશે અને તે જગ્યાઓ ખાલી ગણી સદરહુ જગ્યાઓ ઉપરથી આવેલ રાજીનામા આપનાર કામદારને અગાઉથી મીલ્સ કંપની કાયદેસરના હક્કો ચુકવી આપવા માટે સંમત થાય છે. સદરહુ ખાલી પડેલી જગ્યાઓ ઉપર રોટરી પ્રીન્ટીંગ ખાતામાં ત્રીજી પાળીના કે એક્ષપોઝીંગ ખાતાના ફાજલ પડતા કામદારોને મુકવા માટે મીલ્સ કંપની સંમત થાય છે. સદરહુ જગ્યા ઉપર મુકવામાં આવનાર કામદારના પગાર કે હક્કોને કોઈપણ રીતે બાધ ન આવે તે રીતે કાયમી ધોરણે મુકવામાં આવશે તથા સદરહુ જગ્યાનો પગાર

INDEX

જો વધુ હશે તો તે જગ્યા જગ્યા ઉપર મુકવામાં આવનાર કામદારને તે મુજબનો પગાર આપવામાં આવશે.

૮ આ સમાધાન થયે નવી ગોઠવણી પ્રમાણે હોદ્દાર સાથેના કાયમી પાસ દિન-૧૫ માં આપી દેશે.

૯. બદલી કારીગરોને પણ જો છૂટા થવું હોય તો તેઓના રાજીનામાં મજુર મહાજન સંઘ મારફતે મીલ્સ કંપની સ્વીકારશે અને તેમને મજૂર મહાજન સંઘ સાથે અને જી એસ. ટી. સી. લી. વચ્ચે જે રકમ આપવાનું નક્કી થાય તે ચુકવી આપશે.

૧૦. સદરહું સમાધાનની કોઈપણ જોગવાઈઓ અંગે ભવિષ્યમાં પણ પક્ષકારો વચ્ચે મતભેદ ઉભો થાય તો મેનેજમેન્ટ અને યુનીયનના હોદ્દેદારો સાથે બેસીને ચર્ચા વિચારણા કરીને તેનો નિકાલ લાવવામાં આવશે. જે બન્ને પક્ષકારોને બંધનકર્તા રહેશે તેવું પક્ષકારો માન્ય રાખે છે.

અમદાવાદ
૨૭-૮-૯૦

લીલાધર ત્રિવેદી
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ

રોટરી પ્રીન્ટીંગ ત્રીજીપાળી
(પરિશિષ્ઠ-અ)

અ.નં.	નામ	ચાલુહોદ્દો	સમાવેલ જગ્યા
૧.	એન. એસ. પ્રજાપતિ	પ્રીન્ટર	ડાઈંગ
૨.	બી.સી. એમ. બારોટ	આસી. પ્રીન્ટર	બ્લીચીંગ
૩.	અરૂણ નારણદાસ	હેલ્પર	બ્લિચીંગ
૪.	પુરણ વસંતલાલ	હેલ્પર	સ્પીનીંગ
૫.	એન. કે. પુરોહિત	કલરમેન	ડાઈંગ
૬.	રમેશ જુગલકીશોર	આસી. કલરમેન	ડાઈંગ
૭.	અમરસીંગ લાલજીભાઈ	હેલ્પર	ડાઈંગ
૮.	એહમદજી કાસમજી	હેલ્પર	ડાઈંગ
૯.	નંદલાલ રામખીલાવન	હેલ્પર	ડ્રાઈંગરેન્જ દિવસ
૧૦.	એહમદભાઈ કાદરભાઈ	"	ડ્રાઈંગરેન્જ રાત

INDEX

એક્સપોઝીંગ ડીપાર્ટમેન્ટ-૧,૨,૩, પાળી

૧.	પી. આર. એન્થાપન	ટચર	ટચર
૨.	એ. રામકૃષ્ણ	ટચર	રોટરી
૩.	યશવંત સામું	એક્સપોઝર	બ્લીચીંગ
૪.	રામચંદ્ર ઠાકુર	ટચર	ટચર
૫.	રાજૂ શંકરલાલ	વર્કર	લેબોરેટરી
૬.	અશોક મહાદેવ	વર્કર	સ્પીનીંગ કાર્ડ
૭.	કાન્તીલાલ ચુનીલાલ	વર્કર	વીવીંગ
૮.	દીલીપ બાબુલાલ	વર્કર્સ	ઈલેક્ટ્રીક કુલી
૯.	રવિન્દ્ર એન. ત્રિપાઠી	વર્કર	બ્લીચીંગ
૧૦.	પ્રેમજી કચરાલાલ	વર્કર	સ્વીપર (ઝાડુ)
૧૧.	નારાયણ સખારામ સિંહે	એક્સપોઝર	—

સહી
રજીસ્ટ્રાર,
એસ એમ. નાયક
અમદાવાદ. તા. ૨૦-૮-૧૯૯૦

સહી
(આર. એસ. શુક્લ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

સહી
(આર. એસ પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

અમદાવાદ
તા ૩૦—૮—૯૦

સને ૧૯૪૬ના મુંબઈ ઔધોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૨૧૯ આથી સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ–૫૮ (૧) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ–(ગુજરાત) નિયમોના નિયમ–૬૫ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ,

હું એસ. પી. એફ. ટેક્ષટાઇલ મીલ્સ અમદાવાદ અને જનરલ વર્કર્સ યુનિયન અમદાવાદ સમાધાન અધિકારીશ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન : ૧૯૯૦ ના નવેમ્બર માસના ૧૨ મા દિને આથી નોંધ કરું છું.

મુંબઈ ઔધોગિક સંબંધક અધિનીયમ, ૧૯૪૬ની કલમ–૫૮(૧) મુજબનું સમાધાન

સમાધાનકારશ્રી, બી. બી. ઠાકર સાહેબ, અમદાવાદ સમક્ષ

બી. આર. સી. કેસ નં. ૨૭૧/૧૯૯૦

પક્ષકારોનાં નામ

મેનેજરશ્રી, એસ પી. એફ. ટેક્ષટાઇલ મીલ્સ, (૧) માલીકોનાં પ્રતિનિધિ
નાગરવેલ હનુમાન પાસે, રખીયાલ રોડ,
અમદાવાદ.

શ્રી અમથાભાઈ દેસાઈ, (૧) કામદારોનાં પ્રતિનિધિ
જન. સેક્રેટરી, જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ.
ગાંધી મજૂર સેવાલય, ભદ્ર, અમદાવાદ.

વિવાદની ટૂંકી

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ કે. બી. આઇ આર એકટ–૧૯૪૬ અનુસાર અમદાવાદ શહેરનાં સ્થાનીક વિસ્તારમાં, અમદાવાદ સીટી તાલુકા વિસ્તારમાં તથા દસક્રોઈ તાલુકા વિસ્તારમા આવેલાં ટેક્ષટાઈલ્સ–પ્રોસેસીંગ ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતાં અને માન્યતા પામેલાં યુનિયન તરફથી સદર સંસ્થાનાં સંચાલકોને સને ૧૯૮૯/૯૦ નાં વરસનું ૨૦% લેખે બોનસ ચુકવી આપવાની માંગણી નમુના એલ માં તા ૨૮–૮–૯૦ ના રોજ નોટીસ ઓફ ચેઈન્જ આપી

માંગણી કરી હતી. આ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર ન થઈ શકવાથી યુનિયને તેમના તા ૫-૯-૯૦.ના રોજ નમુના એન માં સમાધાનકારશ્રી, અમદાવાદને અહેવાલ મોકલી આપેલ હતો. જે સમાધાનકારશ્રી, અમદાવાદને તા. ૧૪-૯-૯૦. ના રોજ મળેલ હતો અને સમાધાનકારશ્રી, અમદાવાદનાં પત્રકમાં તા. ૨૧-૯-૧૯૯૦. ના રોજ નોંધવામાં આવેલ.

ત્યારબાદ સમાધાનકારશ્રી, અમદાવાદે સદર બાબતમાં પક્ષકારોને સમાધાન માટે તા. ૧-૧૦-૯૦ ના રોજ, તા. ૯-૧૦-૯૦ તથા તા. ૧૨-૧૦-૯૦. ના રોજ રૂબરૂ બોલાવેલાં હતાં. જેમાંની છેલ્લા જણાવેલી તારીખે પક્ષકારો વચ્ચે મુંબઇ ઔદ્યોગિક સબંધક અધીનિયમ સને ૧૯૪૬ની કલમ-૫૮ (૧) અનુસાર નીચે જણાવેલી શરતોએ સુખદ સમાધાન થવા પામેલ છે.

સમાધાનની શરતો.

(૧) કંપનીમાં કામ કરતાં કામદારોને તા. ૧-૧૦-૮૯. થી તા. ૩૧-૩-૮૯. થી તા. ૩૧-૩-૯૦ સુધીનાં સમયના હીસાબી વરસનાં સમય દરમીયાનનું કાયદેસરનું બોનસ ૮.૩૩% લેખે તથા તા. ૧-૪-૯૦ થી તા. ૩૦-૯-૯૦ સુધીનાં ૬ માસનું ૮.૩૩% લેખેનું એડવાન્સ બોનસ એમ મળીને એક વરસનું ૮.૩૩% લેખે બોનસ કંપની કામદારોને ચુકવી આપવા સંમત થાય છે.

(૨) સદર બોનસની રકમ કામદારોને તા. ૧૨-૧૦-૯૦. ના રોજ ચુકવી દેવામાં આવશે.

(૩) કંપનીમાં કામ કરતાં કામદારો પૈકી જેઓ હાલમાં નોકરી છોડીને ચાલ્યા ગયાં હશે, અગર આજરોજ કામ ઉપર નહી હોય તેવા કામદારોને પણ જેઓ સદર વરસમાં કામ કર્યું હશે તેવાઓને અરજી કરેથી એક માસમાં બોનસની રકમ ચુકવી દેવામાં આવશે.

(૪) સદર બોનસ બાબતમાં કોઈ વિવાદ ઉભો થશે તો યુનિયનમાં જનરલ સેક્રેટરીશ્રી અમથાભાઇ દેસાઈ તથા કંપનીનાં શેઠ શ્રી દીપકભાઇ શાહની લવાદી મારફતે ઉકેલ લાવવામાં આવશે અને તેઓનો નિર્ણય ફુલ એન્ડ ફાયનલ ગણાશે. સદર નિર્ણય કામદારોને, યુનિયનને અને મેનેજમેન્ટને બંધનકર્તા રહેશે.

આ સમાધાન તમામ પક્ષકારોએ સમજી વિચારીને કોઈપણ જાતના દબાણ વગર કરેલ છે અને તેનો ચુસ્તપણે અમલ કરવા સંમત થાય છે.

INDEX

સહી
એસ. પી. એક્. ટેક્ષટાઇલ્સ મીલ્સ
નાગરવેલ હનુમાન રોડ, રખીયાલ,
અમદાવાદ.

સહી
અમબાભાઈ દેસાઈ જનરલ સેક્રેટરી,
જનરલ વર્કસ યુનીયન, અમદાવાદ.
ગાંધી મજુર સેવાલય, ભદ્ર, અમદાવાદ.

મારી રૂબરૂ
(બી. બી. ઠાકર)
સમાધાનકારશ્રી, અમદાવાદ.
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનીયમ ૧૯૪૬
ગુજરાત રાજ્ય

તા. ૧૨-૧૦-૯૦
અમદાવાદ.

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

તા. ૧૨-૧૧-૯૦
અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬/ખ/શમક/૨૭૧૮૫ આરયુ/સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમે ના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓકટોબર માસનાં ૧૫મા દિને આથી નોંધ કરું છું.
શ્રી એમ. એચ દેશીસાહેબ, ઔદ્યોગિક ન્યાયપંચ, રાજકોટ સમક્ષ, રાજકોટ.

રેફરન્સ આઈ. સી આર. નં. ૧૬/૮૬

ટેક્ષટાઈલ લેબર યુનિયન, વડવા, ભાવનગર.	પ્રથમ પક્ષકાર
વિરૂદ્ધ	
મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગર.	બીજા પક્ષકાર

ચુકાદો

૧ મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલની ફેરફારની નોટીસમાં જણાવેલ વીવીંગ ખાતાના શાળ વિભાગમાં સાચા બંધ કરવાની જે જાહેરાત કરી છે તે અંગેનો આ વિવાદ છે.

૨. આ રેફરન્સ ચાલતો હતો તે દરમિયાન મીલ કંપનીએ જણાવેલ છે કે તેઓ તેમનો ઔદ્યોગિક વિવાદ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે. આ સંજોગોમાં હવે આ ઔદ્યોગિક વિવાદનો નિર્ણય કરવાનો રહેતો નથી અને તેથી નીચે મુજબ હેવકનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૨ નાં પુરસીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

INDEX

સહી

(મ. ક. દોશી)

રાજકોટ. સભ્ય, ઔદ્યોગિક અદાલત રાજકોટ.

તા ૪ ૮-૯૦.

સહી

અમદાવાદ આર. કે. પરમાર)

તા. ૧૫-૧૦-૯૦ સહાયક સંઘ નિબંધક,

મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬/ખ/શ્રમક/૨૭૧૮૬ આરસ્રી/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઇએ.

હું ટેક્ષટાઇલ લેબર યુનિયન, ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઇલ મીલ, ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં ઓકટોબર માસનાં ૧૫માં દિને આથી નોંધ કરું છું.

શ્રી એમ. એચ દોશીસાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ, રાજકોટ

રેફરન્સ આઈ. સી. આર. નં. ૧૮/૮૬.

ટેક્ષટાઇલ લેબર યુનિયન, વડવા, ભાવનગર. પ્રથમ પક્ષકાર

વિ.

મહાલક્ષ્મી ટેક્ષટાઇલ મીલ્સ, ભાવનગર. બીજા પક્ષકાર

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલની ફેરફારની નોટીસમાં જણાવેલ મીલનાં શાઈમશીપર વિભાગમાં બે જગ્યા કમી કરવાનો ઈરાદો સેવેલ છે તે અંગેનો આ વિવાદ છે.

૨. આ રેફરન્સ ચાલતો હતો તે દરમિયાન મીલ કંપનીએ જણાવેલ છે કે તેઓ તેમનો ઔદ્યોગિક વિવાદ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે. આ સંજોગોમાં હવે આ ઔદ્યોગિક વિવાદનો નિર્ણય કરવાનો રહેતો નથી તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૨ નાં પુરસીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે ખર્ચ અંગે હુકમ નથી.

સહી
(મ. હ. દેશી)
સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

રાજકોટ.
તા. ૪-૮-૯૦.

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

અમદાવાદ
તા. ૧૫-૧૦-૯૦

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬/બ/શમક/૨૭૨૧૩ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને શ્રી અંબિકા મીલ્સ લી, નં. ૨, અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં નવેમ્બર માસના ૧૨મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રુબરુ.

રેફરન્સ (આઈસી) નં. ૧૯૧/૮૪.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ. ...પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

શ્રી અંબિકા મીલ્સ લિ. નં. ૨, અમદાવાદ. ...દ્વિતીય પક્ષકાર

મીલના વાઈન્ડીંગ ખાતામાંથી ૧૧૦ સ્પીન્ડલનું સુરાટા પેરેલલ વાઈન્ડીંગ મશીન મીલ નં. ૧ માં મોકલવા વગેરે અંગે

ચુકાદો

૧. ઉપલો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૭૩(ક) મુજબ, મીલ કંપનીએ પ્રથમ પક્ષકાર સંઘને તા. ૩૦-૭-૮૩ ના રોજ કલમ ૪૨ (૧) મુજબની ફેરફારની સુચના આપેલ, તે અન્વયે સમાધાનકાર પક્ષકારો વચ્ચે સમજુતી ન કરાવી શકતાં સંઘને નિષ્ફળતાનું પ્રમાણપત્ર અપાતાં સંઘે ઉપસ્થિત કરેલો છે.

૨. આ રેફરન્સમાં ચાલુ કામે મીલ કંપનીએ આંક-૧૧ની પુરસીસ આપી તેણે આપેલ ફેરફારની સુચના પછી ખેંચી લીધેલ છે જેથી સદરહુ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવા માટે વિનંતી કરી છે. સદરહુ પુરસીસની

INDEX

વિગતે સંઘને રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં અમોને કોઈ હરકત જણાતી નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર સંઘને રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે આ રેફરન્સનો નિકાલ થયેલો રહેશે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

સહી
(એન. એમ. ચૌહાણ)
પ્રમુખ, ૨૦/૭/૯૦
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

જી જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૨૩-૭-૧૯૯૦

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

અમદાવાદ
તા. ૧૨/૧૧/૯૦

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/સમક/૨૭૧૭૫ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૬ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન, ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઇલ્સ મીલ્સ, ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે

INDEX

મુજબના નીવેડા સન-૧૯૮૦ માં ઓકટોબર પાસનાં ૧૫ મા દિને આથી નોંધ કરૂં છું.

શ્રી એમ. એચ. દોશીસાહેબ, ઔદ્યોગિક અદાલતના સભ્યશ્રી, રાજકોટ સમક્ષ, રાજકોટ

રેફરન્સ અં. સી. આર. નં. ૧૩/૮૬

ટેક્ષટાઇલ લેબર યુનીયન, વડવા, ભાવનગર. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

મહાલક્ષ્મી ટેક્ષટાઇલ મીલ, ભાવનગર બીજા પક્ષકાર

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલની ફેરફારની નોટીસમાં જણાવેલ મીલના નોટીસમા જણાવેલ મીલના સ્પીનીંગ ખાતાના રીંગ ફ્રેમ વિભાગમાં આઠ મશીનો કાયમી ધોરણે બંધ કરવા માંગે છે તે અંગેનો આ વિવાદ છે.

૨. આ રેફરન્સ ચાલતો હતો તે દરમિયાન મીલ કંપનીએ જણાવેલ છે કે તેઓ તેમનો ઔદ્યોગિક વિવાદ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે. આ સંજોગોમાં હવે આ અધોગિક વિવાદનો નિર્ણય કરવાનો રહેતો નથી અને તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૨ નાં પુરશીષ અન્વયે આ વિવાદ પાછો ખેંચાઇ જાય છે કે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

સહી

તા. ૪-૮-૯૦. રાજકોટ

મ. કૃ. દોશી
સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

(આર. કે. પરમાર)
મદદનીશ સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

અમદાવાદ
તા. ૧૫-૧૦-૯૦

INDEX

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શ્રમક ૨૭૧૭ ૬ આર્ટ્યુ-સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઇલ લેબર યુનિયન, ભાવનગર અને મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગરની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના ચૂકાદા સન-૧૯૯૦ માં ઓકટોબર માસનાં ૧૫ ના દિને આથી નોંધ કરું છું.

શ્રી એસ. એચ. દોશીસાહેબ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ, રાજકોટ.

રેફરન્સ આઈ. સી. આર. નં. ૧૪/૮૬

ટેક્ષટાઈલ લેબર યુનીયન, વડવા, ભાવનગર પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલ, ભાવનગર. બીજા પક્ષકાર

ચુકાદો

૧. મહાલક્ષ્મી ટેક્ષટાઈલ મીલે તેના સ્પીનીંગ વિભાગનાં બે સુપરવાઈજરની જગ્યા કમી કરવા અંગેનો આ વિવાદ છે

૨. આ રેફરન્સ ચાલતો હતો તે દરમિયાન મીલ કંપનીએ જણાવેલ છે કે તેઓ તેમનો ઔદ્યોગિક આરેજી ચલાવવા માગતા નથી અને પાછો ખેંચી લે છે. આ સંજોગોમાં હવે ઔદ્યોગિક વિવાદનો નિર્ણય કરવાનો રહેતો નથી અને તેથી નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે :

હુકમ

આંક-૨ નાં પુરશીસ અન્વયે આ વિવાદ પાછો. ખેંચાઈ જાય છે એવો એવોર્ડ આથી કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

INDEX

સહી

તા. ૪-૮-૯૦. મ. હ. દેશી

રાજકોટ સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

(આર. કે. પરમાર)

અમદાવાદ સહાયક સંઘ નિબંધક,

તા. ૧૫-૧૦-૯૦ મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ખ/શમક : ૨૭૨૧૮ આર.યુ. સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮(૧) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રુએ.

હું સીટીએમ ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદ અને જનરલ વર્કર્સ યુનિયન અમદાવાદ સમાધાન અધિકારીશ્રી બી.બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૦ ના નવેમ્બર માસના ૧૨મા દિને, આથી નોંધ કરું છું

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪ ની કલમ–૫૮(૧) મુજબના

સમાધાનનું મેમોરેન્ડમ

સમાધાનકારશ્રી બી. બી. ઠાકર સાહેબ, અમદાવાદ સમક્ષ

બી. આર. સી. કેસ નંબર ૨૭૫/૧૯૯૦

INDEX

પક્ષકારોનાં નામ

મેનેજરશ્રી, માલીકોનાં પ્રતિનિધિ
સીટીએમ ટેક્ષટાઈલ મીલ્સ, રામોલ,
અમદાવાદ.

શ્રી અમથાભાઈ દેસાઈ, કામદારોનાં પ્રતિનિધિ
જનરલ સેક્રેટરી, જનરલ વર્કર્સ યુનિયન,
ગાંધી મજુર સેવાલય, ભદ્ર, અમદાવાદ.

વિવાદની ટુંકી વિગતો

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ કે જે અમદાવાદ શહેરનાં સ્થાનીક વિસ્તારમાં, અમદાવાદ સીટી તાલુકા વિસ્તારમાં તથા દસક્રોઈ તાલુકા વિસ્તારમાં આવેલાં ટેક્ષટાઈલ-પ્રોસેસીંગ ઉધોગમાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનિયમ, ૧૯૪૬ અન્વયે પ્રતિનિધિત્વ ધરાવતા અને માન્યતા પામેલાં યુનિયન તરીકે રજીસ્ટર્ડ થયેલ છે. તેણે સંસ્થાના સંચાલકોને નમુના એલ માં નોટીસ ઓફ ચેઈન્જ આપી. સંસ્થામાં કામ કરતાં કામદારો/કર્મચારીઓને સને ૧૯૮૯/૧૯૮૯-૯૦ના હીસાબી વરસનું ૨૦% બોનસ ચુકવી આપવાની માંગણીઓ તા. ૨૮-૮-૯૦ ના રોજ કરી હતી.

આ માંગણીઓ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર ન થઈ શકવાથી યુનિયને નમુના એન માં ૫ ૯-૯૦ ના રોજ સમાધાનકારશ્રી, અમદાવાદને અહેવાલ મોકલી આપેલ હતો. જે સમાધાનકારશ્રીને તા. ૧૪-૯-૯૦ ના રોજ મળેલ હતો અને સમાધાનકારના પત્રકમાં તા. ૨૧-૯-૯૦ ના રોજ નોંધવામાં આવેલ.

ત્યારબાદ સમાધાનકારશ્રી એ પક્ષકારોને તા. ૧-૧૦-૯૦, તા. ૯-૧૦-૯૦ તથા તા. ૧૨-૧૦-૯૦ ના રોજ સદર બાબતમાં સમાધાન માટે રુબરુ બોલાવેલાં હતાં અને જેમાંની છેલ્લી જણાવેલી તારીખે પક્ષકારો વચ્ચે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, સને ૧૯૪૬ના કલમ-૫૮(૧) અનુસાર સમાધાન નીચે જણાવેલી શરતોએ થયેલ છે.

સમાધાનની શરતો

૧. મીલ્સ કંપનીમાં કામ કરતાં કામદારો/કર્મચારીઓને તા. ૧-૧-૧૯૮૯. થી તા. ૩૧-૩-૯૦ સુધીનાં સમયનું બોનસ ૮.૩૩ ટકા લેખે ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે.

INDEX

૨. સદર સમય દરમ્યાન જે કામદારો કામ કર્યું હશે અને બોનસ ધારા અનુસાર બોનસ મેળવવાને હકકદાર થતાં હશે તેવા કામદારોને સદર સમયની કુલ કમાણીનાં ૮.૩૩ લેખે બોનસ તા. ૧૫ ૧૦-૯૦ સુધીમાં ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે.

(૩) સદર સમયનાં બોનસને હકકદાર થાય છે તેવા કામદારો પઈકી જે કામદારો હાલમાં કંપનીની નોકરીમાં નહી હોય અગર નોકરી છોડીને ચાલ્યાં ગયાં હશે તેવા કામદારો તરફથી અરજી મળેથી એક માસમાં બોનસ ચુકવી આપવા કંપની સમત થાય છે.

(૪) સદર બોનસ બાબતમાં કોઈ વિવાદ ઉભો થશે તો યુનિયનનાં જનરલ સેક્રેટરી શ્રી અમથાભાઈ દેસાઈ તથા કંપનીના શેઠશ્રીની લવાદી મારફતે તેનો ઉકેલ લાવવામાં આવશે અને તે કામદારોને. યુનિયનને બંધનકર્તા રહેશે અને તેઓનો નિર્ણય ફુલ એન્ડ ફાયનલ રહેશે.

આ સમાધાન તમામ પક્ષકારોએ સમજી વિચારીને કોઈપણ જાતના દબાણ વગર, રાજીખુશીથી, વાચી વંચાવાને કરેલ છે અને તેનો ચુસ્તપણે અમલ કરવા પક્ષકારો સંમત થાય છે.

સહી
મેનેજરશ્રી.
મીટી એમ. ટેક્ષટાઈલ મીલ્સ,
રામોલ, અમદાવાદ
તા. ૧૨-૧૦-૧૯૯૦

સહી
અમથાભાઈ દેસાઈ
જનરલ સેક્રેટરી
જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ
ગાંધી મજુર સેવાલય, ભદ્ર અમદાવાદ

મારી રૂબરૂ
બી. બી ઠાકર
સમાધાનકારશ્રી અમદાવાદ
મુંબઇ ઔદ્યોગિક સબંધક અધિનિયમ, ૧૯૪૬
ગુજરાત રાજ્ય

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબધ અધિનિયમ
અમદાવાદ

૧૨-૧૧-૯૦
અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/અ/શમક/૨૭૨૧૭ (આર, યુ.) સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૫૮ (૧) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૬૫ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઇએ.

હું અશોક ફેશન્સ પ્રા. લી., અમદાવાદ અને જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ સમાધાન અધિકારી શ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન : ૧૯૯૦ ના નવેમ્બર માસના ૧૨ મા દિને, આથી નોંધ કરું છું.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, સને ૧૯૪૬ની કલમ-૫૮ (૧) અન્વયેનાં સમાધાનનુ મેમોરેન્ડમ

સમાધાનકારશ્રી બી. બી. ઠાકર સાહેબ. અમદાવાદ સમક્ષ,

બી. આર. સી. કેસ નં. ૩૨૯/૧૯૯૦.

પક્ષકારોના નામ

શ્રી છતેન્દ્રભાઈ સોની, મેનેજરશ્રી, અશોક ફેશન્સ પ્રા. લિ. એમબંદ દયાળજી ગોડાઉન, નારોલ, અમદાવાદ.	(૧) માલીકોનાં પ્રતિનિધિ
શ્રી અમથાભાઈ દેસાઈ, જનરલ સેક્રેટરી, જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ, ગાંધી મજુર સેવાલય, ભદ્ર, અમદાવાદ.	(૨) કામદારોનાં પ્રતિનિધિ

વિવાદની ટૂંકી વિગતો

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ કે. જે. બી. આઈ. આર. એક્ટ, ૧૯૪૬ અનુસાર શહેરનાં સ્થાનીક વિસ્તારમાં, અમદાવાદ સીટી તાલુકા વિસ્તારમાં આવેલાં ટેક્ષટાઈલ-પ્રોસેસીંગ ઉદ્યોગમાં પ્રતિનીધિત્વ ધરાવતાં અને માન્ય યુનિયન

INDEX

તરીકે રજીસ્ટર્ડ થયેલ છે. તે યુનિયન તરફથી સંચાલકોને તા. ૨૮-૮-૯૦. ના રોજ નમુના એલ.માં નોટીસ ઓફ ચેઇન્જ આપી, સંસ્થામાં કામ કરતાં કામદારો કર્મચારીઓને સને ૧૯૮૯/-૯૦ ના હીસાબી વરસની કુલ કમાણીના ૨૦% લેખે બોનસ આપવાની માંગણીઓ રજુ કરી હતી.

આ માંગણીઓ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર ન થઇ શકવાથી યુનિયને તેમનાં તા. ૫-૯-૯૦. ના રોજ ફોર્મ એન. માં સમાધાનકાર શ્રી, અમદાવાદને અહેવાલ મોકલી આપેલ હતો. જે સમાધાનકાર અમદાવાદને તા. ૧૪-૯-૯૦ ના રોજ મળેલ અને તા. ૨૧-૯-૯૦ ના રોજ સમાધાનકાર શ્રી, અમદાવાદના પત્રકમાં નોંધવામાં આવેલ હતો.

ત્યારબાદ સમાધાનકાર શ્રી, અમદાવાદે પક્ષકારોને સમાધાન માટે તા. ૧-૧૦-૯૦ ના રોજ, તા. ૯-૧૦-૯૦ ના રોજ રાખવામાં આવેલ અને તે બાદ તા. ૧૧-૧૦-૯૦ ના રોજ મુદત રાખવામાં આવેલી, અને તે જ દિવસે પક્ષકારો વચ્ચે બી. આઇ. આર. એક્ટ-૧૯૪૬ ની કલમ-૫૮ (૧) અનુસાર નીચે જણાવેલી શરતોએ સુખદ સમાધાન થવા પામેલ હતું.

સમાધાનની શરતો

(૧) સીલ્ક કંપનીમાં કામ કરતાં કામદારોને તા ૧-૧૦-૧૯૮૯ થી તા. ૩૦-૯-૯૦ ના વરસની કુલ કમાણીનાં ૮.૩૩% લેખે બોનસ ચુકવી આપવા સંમત થાય છે. જેમાં તા. ૧-૧૦-૮૯ સુધીનું હિસાબી વરસનું બોનસ ગણાશે.

તથા તા. ૧-૪-૯૦ થી ૩૦-૯-૯૦ સુધીનું એડવાન્સ બોનસ ગણાશે.

(૨) સદર વરસના બોનસને હક્કદાર થાય છે તેવા કામદારો પૈકી જે કોઈ કામદારો હાલમાં કંપનીની નોકરીમાં નહી હોય, નોકરી છોડીને ચાલ્યા ગયા હશે તેવાં કામદારો તરફથી અરજી મળેથી એક માસમાં સદર બોનસ ચુકવી દેવામાં આવશે.

(૩) સદર બોનસની રકમ કામદારોને તા. ૧૪-૧૦-૧૯૯૦. સુધીમાં ચુકવી દેવામાં આવશે.

(૪) સદર બોનસ બાબતમાં કોઈપણ જાતના વિવાદ કે પ્રશ્ન ઉભો થશે તો યુનિયનનાં જનરલ સેક્રેટરી શ્રી અમથાભાઇ દેસાઈ તથા કંપનીનાં શેઠ શ્રી

INDEX

સુરેશભાઇ અગ્રવાલની જાતદી મારફતે ઉકેલ લાવવામાં આવશે અને કામદારોને, યુનિયનને અને કંપની બંધનકર્તા રહેશે અને તેઓનો નિર્ણય ફુલ એન્ડ ફાયનલ ગણાશે.

આ સમાધાન તમામ પક્ષકારોને એટલે કે યુનિયનને, કંપનીને અને મેનેજમેન્ટને કબુલ મંજુર અને બંધનકર્તા છે.

સહી	સહી
જીતેન્દ્રભાઈ જી. શાની	અમથાભાઇ જે. દેસાઇ
મેનેજર	જનરલ સેક્રેટરી
અશોક ફેશન્સ પ્રા. લિ., નારોલ,	જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ
અમદાવાદ.	ગાંધી મજૂર સેવાલય, ભદ્ર, અમદાવાદ.

મારી રુબરુ

(બી. બી. ઠાકર)

સમાધાનકારશ્રી, અમદાવાદ.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬

ગુજરાત રાજ્ય, અમદાવાદ.

તા. ૧૧-૧૦-૧૯૯૦

અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬/ખ/શમક/૨૭૨૧૪ આથી સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને સહયોગ ટેક્ષટાઈલ અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં નવેમ્બર માસનાં ૧૨મા દિને આથી નોંધ કરુ છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

શ્રી એન. એ ચૌહાણ, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૧૧૬/૮૬.

ટેક્ષટાઈલ લેબર એસોશિએશન, અમદાવાદ. ..પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

સહયોગ ટેક્ષટાઈલ અમદાવાદ. ...દ્વિતીય પક્ષકાર

મીલ્સ કંપની એન્જીનીયરીંગ ખાતાની પહેલી પાળીમાં સંખ્યાબળમાં ઘટાડો કરવા માંગે છે વગેરે અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૭૩ (૬) મુજબ પ્રથમ પક્ષકાર સંઘે, મીલ કંપનીએ સંઘને તા. ૨૨-૧૧-૮૫ના રોજ કલમ ૪૨(૧) મુજબ ફેરફારની સૂચના આપેલી, જે અંગે સમાધાનકાર અને પક્ષકારો વચ્ચે સમજુતિ કરાવવામાં નિષ્ફળ જતાં, નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને આ અદાલત સમક્ષ દાખલ કરેલો છે.

૨. ત્યાર બાદ આ રેફરન્સમાં દ્વિતીય પક્ષકાર મીલ કંપની તરફે આંક-૨૬ની પુરસીસ આપીને જણાવેલ છે કે, મીલ કંપની પક્ષકારો વચ્ચે આ અંગે સમાધાન થઈ ગયેલ હોઈ હવે આ બાબત આગળ ચલાવવા માંગતી નથી માટે

INDEX

રેફરન્સનો તે રીતે નિકાલ કરવા વિનંતી છે. મીલ કંપનીની સદરહુ પુરસીસની વિગતે પક્ષકારો વચ્ચે સમજુતિ થયેલ હોઈ મીલ કંપનીએ આપેલ ફેરફારની સૂચના અંગે તેઓ આગળ કાર્યવાહી કરવા માંગતા નથી માટે રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

હુકમ

૩. પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોઈ મીલ કંપની ફેરફારની સૂચનામાં જણાવેલ માંગણી અંગે આગ્રહ રાખતી નથી માટે આ રેફરન્સનો તે રીતે નિકાલ થયેલ ગણવાનો રહેશે ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર,
તા ૨૦-૮-૧૯૯૦
અમદાવાદ

સહી
(એન. એ. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

અમદાવાદ.
તા. ૧૨-૧૧-૯૦.

સહી
આર. કે. પરમાર.
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ખ/શમક/૨૭૨૨૧ આર યુ. સન ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮(૧) અને સન ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રુએ

હું ઓમકાર ટેક્ષટાઈલ મીલ્સ પ્રા. લી., અમદાવાદ અને જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ સમાધાન અધિકારીશ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી

INDEX

થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૦ ના નવેમ્બર માસના ૧૨મા દિને, આથી નોંધ કરું છું.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ સને ૧૯૪૬ની કલમ-૫૮(૧) અન્વયેનાં સમાધાનનું મેમોરેન્ડમ

સમાધાનકારશ્રી બી. બી. ઠાકર સાહેબ, અમદાવાદ સમક્ષ

બી આર. કેસ નં. ૩૨૦/૧૯૯૦

પક્ષકારોનાં નામ

શ્રી એસ. શિવકુમાર રામચરણલાલ પાલી — માલીકોનાં પ્રતિનિધિ
મેનેજરશ્રી,
ઓમકાર ટેક્ષટાઇલ મીલ્સ લિ.
મેમકો પાસે, નરોડા રોડ, અમદાવાદ

શ્રી અમથાભાઈ જે. દેસાઈ — કામદારોનાં પ્રતિનિધિ
જનરલ સેક્રેટરી, જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ.

વિવાદની ટૂંકી વિગતો

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ કે જે અમદાવાદ શહેરનાં સ્થાનીક વિસ્તારમાં અમદાવાદ સીટી તાલુકા વિસ્તારમાં તથા દસક્રોઈ તાલુકા વિસ્તારમાં આવેલાં ટેક્ષટાઇલ-પ્રોસેસીંગ ઉદ્યોગમાં બી. આઇ. આર. એક્ટ-૧૯૪૬ અનુસાર પ્રતિનિધિત્વ ધરાવતાં અને માન્યતા પામેલાં યુનિયન તરીકે રજીસ્ટર્ડ થયેલ છે તે યુનિયને તા. ૨૮-૮-૯૦ ના રોજ નમુના એલમા નોટીસ ઓફ સંસ્થાનાં સંસ્થાનાં સંચાલકોને આપીને સંસ્થામાં કામ કરતાં કામદારો અને કર્મચારીઓને સને ૧૯૮૯/૧૯૮૯-૯૦ના હીસાબી વરસની કુલ કમાણીનાં ૨૦% લેખે બોનસ ચુકવી આપવા બાબતની માંગણીઓ રજુ કરી હતી.

આ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર ન થઈ શકવાથી, યુનિયને તેમનાં તા. ૫-૯-૧૯૯૦ ના રોજ નમુના એન મા સમાધાનકારશ્રી, અમદાવાદને અહેવાલ

INDEX

મોકલી આપેલ હતો. જે સમાધાનકારશ્રીને મળતાં સમાધાનકારશ્રી, અમદાવાદનાં પત્રકમાં તા. ૨૧-૯-૧૯૯૦ ના રોજ નોંધવામાં આવેલ હતું.

ત્યાર બાદ સમાધાનકારશ્રી, અમદાવાદે પક્ષકારોને સમાધાન માટે તા. ૧-૧૦-૯૦ તથા તા. ૫-૧૦-૯૦ના રોજ રુબરુ બોલાવેલાં હતાં. જેમાંની છેલ્લી જણાવેલી તારીખે પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એક્ટ-૧૯૪૬ની કલમ-૫૮(૧) અનુસાર નીચે જણાવેલી શરતોએ સુખદ સમાધાન થવા પામેલ છે.

સમાધાનની શરતો

(૧) સંસ્થામાં કામ કરતાં કામદારો પૈકી જે કામદારોએ તા. ૧-૧૦-૧૯૮૯-૯૦ થી તા. ૩૦-૯-૧૯૯૦ સુધીનાં હીસાબી વરસ દરમ્યાન કંપનીમાં કામ કર્યું હશે તેવા તમામ કામદારોને સદર હીસાબી વરસનાં કાયદેસરનાં બોનસ તરીકે ૮.૩૩ ટકા (આઠ-તેત્રીસ) તથા ૩.૧૭ ટકા (ત્રણ-સત્તર) એકસગ્રેસીયા બોનસ એમ મળીને કુલ્લે ૧૧.૫૦ ટકા (સાડા અગિયાર ટકા) બોનસ કામદારોને ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે.

(૨) સદર હીસાબી વરસનાં બોનસને હક્કદાર થાય છે તેવા કામદારો તરફથી જે કામદારો હાલમાં કંપનીની નોકરીમાં નહી હોય અગર નોકરી છોડીને ચાલ્યાં ગયાં હશે તેવા કામદારો તરફથી અરજી મળેથી એક માસમાં સદર હીસાબી વરસનું બોનસ ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે.

(૩) સદર હીસાબી વરસનાં બોનસ બાબતમાં કોઇપણ જાતનો વિવાદ કે ઝઘડો ઉભો થશે તો યુનિયનનાં જનરલ સેક્રેટરી શ્રી અમથાભાઈ દેસાઈ તથા કંપનીના શેઠશ્રીની લવાદી દ્વારા ઉકેલ લાવવામાં આવશે અને તે તમામ કામદારોને, યુનિયનને અને કંપનીને બંધનકર્તા રહેશે અને તેઓનો નિર્ણય ફુલ-એન્ડ ફાયનલ ગણાશે.

(૪) સદર બોનસની રકમ કામદારોને કંપની તા ૧૨-૧૦-૯૦ સુધી માં ચુકવી દેશે.

આ સમાધાન તમામ પક્ષકારોએ સમજી વિચારીને, કોઇપણ જાતના દબાણ વગર રાજીખુશીથી કરેલ છે અને તેનો પુરેપુરો અમલ કરવા સંમત થાય છે.

INDEX

મેનેજરશ્રી,
ઓમકાર ટેક્ષટાઈલ મીલ્સ લિ.
મેમકો પાસે, નરોડા રોડ, અમદાવાદ.

અમથાભાઈ જે. દેસાઈ
પ્રધાનમંત્રી
જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ.
ગાંધી મજુર સેવાલય, ભદ્ર, અમદાવાદ

અમદાવાદ તા. ૧-૧૦-૧૯૯૦
૫-૧૦-૯૦

મારી રૂબરૂ
(બી. બી. ઠાકર)
સમાધાનકારશ્રી, અમદાવાદ ગુ. રાજ્ય
મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમ, સને ૧૯૪૬ અન્વયે

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

અમદાવાદ
તા. ૧૨-૧૧-૯૦

સન. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : બ/ક્ષમક/૨૭૨૨૦ આર. યુ. સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮ (૧) અને સન. ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૭થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ.

હું અમીત પ્રોસેસર્સ પ્રા. લી., અમદાવાદ અને જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ સમાધાન અધિકારીશ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૦ના નવેમ્બર માસના ૧૨ મા દિને આથી નોંધ કરૂં છું.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, સને ૧૯૪૬ની કલમ-૫૮ (૧) અન્વયેના
સમાધાનનું મેમોરેન્ડમ

સમાધાનકારશ્રી બી. બી. ઠાકર સાહેબ, અમદાવાદ સમક્ષ

બી. આર. સી. કેસ નં ૨૬૩/૧૯૯૦

INDEX

પક્ષકારોનાં નામ

મેનેજરશ્રી, (૧) માલિકોના પ્રતિનિધિ
અમીત પ્રોસેસર્સ પ્રા. લિ.,
ગવર્નમેન્ટ ડી કોલોની પાસે,
નરોડા રોડ, અમદાવાદ

શ્રી અમથાભાઈ જે. દેસાઈ, (૨) કામદારોનાં પ્રતિનિધિ
જનરલ સેક્રેટરી જનરલ વર્કર્સ યુનિયન,
ગાંધી મજુર સેવાલય, ભદ્ર અમદાવાદ

વિવાદની વિગતો

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ કે જે બી. આઈ. આર. એક્ટ-૧૯૪૬ અનુસાર અમદાવાદ શહેરનાં સ્થાનીક વિસ્તારમાં, અમદાવાદ સીટી તાલુકા વિસ્તારમાં, તથા દસક્રોઈ તાલુકા વિસ્તારમાં આવેલ ટેક્ષટાઈલ-પ્રોસેસીંગ ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતાં અને માન્યતા પામેલ યુનિયન તરીકે રજીસ્ટર્ડ થયેલ છે તે તા. ૨૮-૮-૧૯૯૦ ના રોજ નમુના એલ માં નોટીસ ઓફ સંસ્થાના સંચાલકો ને આપી, સંસ્થામાં કામ કરતાં કામદારો/કર્મચારીઓને સને ૧૯૮૯/૧૯૮૯-૯૦ ના હીસાબી વરસનો કુલ કમાણીનાં ૨૦% લેખે બોનસ ચુકવી આપવા બાબતની માંગણીઓ રજુ કરી હતી.

આ માંગણી બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર ન થઈ શકવાથી યુનિયને તેમનાં તા. ૫-૯-૯૦ નાં રોજ નમુના એન માં સમાધાનકારશ્રી, અમદાવાદને અહેવાલ મોકલી આપેલો હતો. જે સમાધાનકારશ્રી અમદાવાદને મળતાં સમાધાનકારશ્રી, અમદાવાદનાં પત્રકમાં તા. ૨૧-૯-૯૦ ના રોજ નોંધવામાં આવેલ હતો.

ત્યારબાદ સમાધાનકારે પક્ષકારોને તા. ૧-૧૦-૧૯૯૦ તથા તા. ૫-૧૦-૯૦ ના રોજ સમાધાન માટે રૂબરૂ બોલાવેલા હતાં. જેમાંની છેલ્લી જણાવેલી તારીખે પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એક્ટ-૧૯૪૬ની કલમ-૫૮ (૧) અનુસાર નીચે જણાવેલ શરતોએ સુખદ સમાધાન થવા પામેલ છે.

સમાધાનની શરતો

(૧) મીલ્સ કંપનીમાં કામ કરતાં કામદારો પૈકી જે કામદારોએ તા. ૧-૪-૧૯૯૦થી તા. ૩૧-૩-૧૯૯૦ સુધીનાં હીસાબી વરસ દરમીયાન કામ કર્યું

હશે તેવા તમામ કામદારોને સદર હીસાબી વરસના બોનસ તરીકે ૮.૩૩% લેખે બોનસ ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે.

(૨) સદર હીસાબી વરસના બોનસ માટે હક્કદાર થાય છે તેવા કામદારો પૈકી જે કામદારો હાલમાં કંપનીમાં કામ ઉપર નહી હોય અગર નોકરી છોડીને ચાલ્યાં ગયાં હશે તેવા કામદારો તરફથી અરજી મળેથી એક માસમાં સદર બોનસ ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે.

(૩) સદર હીસાબી વરસના બોનસ બાબતમાં કોઇપણ જાતનો ઝઘડો કે વિવાદ ઉભો થશે તો યુનિયનના જનરલ સેક્રેટરી શ્રી અમથાભાઈ દેસાઈ તથા કંપનીનાં શેઠશ્રીની લવાદી દ્વારા તેનો નિકાલ લવાશે અને તેઓનો નિર્ણય ફુલ એન્ડ ફાયનલ ગણાશે.

(૪) સદર બોનસની રકમ કંપની તા. ૧૧-૧૦-૧૯૯૦ ના રોજ સુધીમાં ચુકવી આપશે.

આ સમાધાન તમામ પક્ષકારોએ સમજી વિચારીને, કોઈપણ જાતના દબાણ વગર, રાજીખુશીથી, વાંચી વંચાવીને કરેલ છે અને તેનો ચુસ્તપણે અમલ કરવા પક્ષકારો સંમત થાય છે.

અનીલભાઇ મંગળદાસ પટેલ
મેનેજરશ્રી,
અમીત પ્રોસેસર્સ પ્રાઈવેટ લિ.
ગવર્નમેન્ટ ડી કોલોની પાસે, નરોડા,
અમદાવાદ.

અમથાભાઈ જે. દેસાઈ
જનરલ સેક્રેટરી
જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ
ગાંધી મજુર સેવાલય, ભદ્ર
અમદાવાદ.

અમદાવાદ તા. ૫-૧૦-૧૯૯૦

મારી રુબરુ
(બી. બી. ઠકર)
સમાધાનકારશ્રી અમદાવાદ ગુ. રાજ્ય
મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમ સન ૧૯૪૬ મુજબ

સહી
આર. કે. પરમાર
સહાયક શ્રમ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

અમદાવાદ
તા. ૧૨-૧૧-૯૦

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ખ:સમક: ૨૭૨૨૨: આરયુ:સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮:૧: અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ:ગુજરાત: નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ.

હું નાનીકરામ શોભરાજ મીલ્સ પ્રા. લી. (ટેક્ષટાઈલ પ્રોસેસીંગ) અમદાવાદ અને જનરલ વર્કર્સ યુનિયન અમદાવાદ સમાધાન અધિકારી શ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન:૧૯૯૦ના નવેમ્બર માસના ૧૨મા દિને, આથી નોંધ કરું છું.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, સને ૧૯૪૬ની કલમ-૫૮(૧) અન્વયેના
સમાધાનનું મેમોરેન્ડમ.

સમાધાનકારશ્રી બી.બી. ઠાકર સાહેબ,અમદાવાદ સમક્ષ.

બી.આર.સી. કેસનં. ૨૬૦/૧૯૯૦.

પક્ષકારોનાં નામ.

મેનેજરશ્રી,
ધી નાનીકરામ શોભરાજ મીલ્સ લિ. (ટે. પ્રોસે.
શોભરાજપાર્ક, નિકોલરોડ, અમદાવાદ. ડી વી) — ૧. માલીકોનાં પ્રતિનિધિ

શ્રી અમથાભાઇ દેસાઈ,
જનરલ સેક્રેટરી, જનરલ વર્કર્સ યુનિયન.
ગાંધી મજુર સેવાલય, ભદ્ર, અમદાવાદ, — ૨. કામદારોનાં પ્રતિનિધિ

વિવાદની ટુંકી વિગતો.

જનરલ વર્કર્સ યુનિયન અમદાવાદ કે બી.આઈ.આર. એક્ટ-૧૯૪૬ અનુસાર અમદાવાદ શહેરનાં સ્થાનીક વિસ્તારમાં, અમદાવાદ સીટી તાલુકા વિસ્તારમાં તથા દસક્રોઈ તાલુકા વિસ્તારમાં આવેલા ટેક્ષટાઈલ-પ્રોસેસીંગ ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતાં અને માન્યતા પામેલા યુનિયન તરીકે રજીસ્ટર્ડ થયેલ તેણે સંસ્થાનાં સંચાલકોને તા. ૨૮-૮-૯૦ ના રોજ નમુના એલમાં નોટીસ ઓફ ચેઈન્જ

INDEX

છીલ્લાભી વરસની કુલ કમાણીના ૨૦% લેખે બોનસ આપવાની માંગણીઓ રજુ કરી હતી.

આ માંગણીઓ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહીં થઈ શકવાથી યુનિયને તેમનાં તા. ૫-૯-૯૦ ના રોજ નમુના એતમાં સમાધાનકારશ્રી અમદાવાદને અહેવાલ મોકલી આપેલ હતો. જે સમાધાનકારશ્રીને તા. ૧૪-૯-૯૦ના રોજ મળેલ અને તા. ૨૧-૯-૯૦ ના રોજ સમાધાનકારશ્રી અમદાવાદના પત્રકમાં નોંધવામાં આવેલ હતો.

ત્યારબાદ સમાધાનકારશ્રી અમદાવાદે પક્ષકારોને સમાધાન માટે તા. ૧-૧૦-૯૦ ના રોજ, તા. ૯-૧૦-૯૦ ના રોજ તથા ૧૨-૧૦-૯૦ના રોજ રૂબરૂ બોલાવેલા હતાં. જેમાંની છેલ્લી જણાવેલી તારીખે પક્ષકારો વચ્ચે બી.આઈ.આર.એક્ટ-૧૯૪૬નો કલમ-૫૮(૧) અનુસાર નીચે જણાવેલી શરતોએ સુખદ સમાધાન થવા પામેલ છે.

સમાધાનની શરતો

(૧) મીલ્સ કંપનીમાં કામ કરતાં કામદારોને તા. ૧-૪-૮૯થી તા. ૩૧-૩-૯૦ સુધીનાં વરસની કુલકમાણીનાં ૮.૩૦% લેખે બોનસ કંપની બોનસ ધારાની જોગવાઈઓ અનુસાર આપવા માટે સંમત થાય છે.

(૨) સદર વરસ દરમીયાન જે કામદારોએ કામ કર્યું હશે અને બોનસ મેળવવા માટે હક્કદાર થતા હશે તેવા કામદારો પૈકી જે કામદારો હાલમાં કંપનીની નોકરીમાં નહી હોય અગર તો નોકરી છોડીને ચાલ્યા ગયાં હશે તેવા કામદારો તરફથી અરજી મળેથી એક માસમાં સદર બોનસની રકમ કામદારોને ચુકવી દેવા કંપની સંમત થાય છે.

(૩) સદર બોનસની રકમ કામદારોને તા. ૧૬-૧૦-૧૯૯૦ સુધીમાં ચુકવી દેવામાં આવશે.

(૪) સદર બોનસ બાબતમાં ભવિષ્યમાં કોઈપણ જાતનો વિવાદ કે ઝઘડો ઉભો થશે તો યુનિયનનાં જનરલ સેક્રેટરી શ્રી અમથાભાઈ જે દેસાઈ તથા કંપનીનાં મેનેજરશ્રીની લવાદી દ્વારા તેનો ઉકેલ લાવવામાં આવશે અને તે કામદારોને, યુનિયનને અને કંપનીને બંધનકર્તા રહેશે.

INDEX

આ સમાધાન તમામ પક્ષકારોએ સમજી વિચારીને કોઈપણ જાતના દબાણ વગર કરેલ છે અને તેનો ચુસ્તપણે અમલ કરવા સંમત થાય છે.

સહી

મેનેજરશ્રી,
ધી નાનીકરામ શોભરાજ મીલ્સ લિ
ટેક્ષટાઈલ-પ્રોસેસીંગ ડીવીઝન,
શોભરાજપાર્ક નિકોલરોડ,
અમદાવાદ

અમથાભાઈ દેસાઇ
જનરલ સેક્રેટરી
જનરલ વર્કર્સ યુનિયન અમદાવાદ.
ગાંધી મજુર સેવાલય, ભદ્ર, અમદાવાદ

મારી રુબરુ
(બી બી. ઠાકર.)
સમાધાનકારશ્રી, અમદાવાદ.
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

અમદાવાદ. તા. ૧૨-૧૦-૧૯૯૦.

અમદાવાદ.
તા. ૧૨-૧૧-૯૦

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

INDEX

સને-૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/૫/શમક/૨૭૨૨૩ આંગ્યુ સને-૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ગોપી સીન્થેટીકસ પ્રા. લી. અમદાવાદ અને જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ સમાધાન અધિકારીશ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૦ના નવેમ્બર માસના ૧૨મા દિને, આથી નોંધ કરું છું.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, સને ૧૯૪૬ની કલમ-૫૮(૧) અનુસારનાં
સમાધાનનું મેમોરેન્ડમ.

સમાધાનકારશ્રી, બી. બી. ઠાકર સાહેબ, અમદાવાદ સમક્ષ.

પક્ષકારોનાં નામ.

મેનેજરશ્રી,
ગોપી સીન્થેટીકસ પ્રા. લિ.
સર્વે. ૩૦૨, નારોલ ઇસનપુર, અમદાવાદ. (૧) માલિકોનાં પ્રતિનિધિ

શ્રી અમથાભાઇ. જે. દેસાઈ,
જનરલ સેક્રેટરી,
જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ,
ગાંધી મજુર સેવાલય, ભદ્ર અમદાવાદ. (૨) કામદારોનાં પ્રતિનિધિ

વિવાદની ટુંકી વિગતો

જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ કે જે અમદાવાદ શહેરનાં સ્થાનીક વિસ્તારમાં, અમદાવાદ સીટી તાલુકા વિસ્તારમાં તથા દસક્રોઇ તાલુકા વિસ્તારમાં આવેલ ટેક્ષટાઇલ-પ્રોસેસીંગ ઉદ્યોગમાં બી. આઈ. આર. એકટ-૧૯૪૬ અનુસાર પ્રતિનિધિત્વ ધરાવતાં અને માન્યતા પામેલાં યુનિયન તરીકે છે યુનિયન તરફથી તા. ૨૮-૮-૯૦ના રોજ સંસ્થાનાં સંચાલકોને નમુના એલમાં નોટીસ ઓફ ચેઈન્જ આપી સંસ્થામાં આર કરતાં કામદારો [illegible]

ના હીસાબી વરસનુ ૨૦% લેખે બોનસ ચુકવી આપવાની માંગણીઓ રજુ કરી હતી.

આ માંગણીઓ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર ન થઈ શકવાથી યુનિયને તેમનાં તા. ૫-૯-૯૦.ના રોજના પત્રથી નમુના એનમાં સમાધાનકારશ્રી અમદાવાદને અહેવાલ મોકલી આપેલ હતો. જે સમાધાનકારશ્રી, અમદાવાદને મળતાં તા. ૨૧-૯-૧૯૯૦ના રોજ સમાધાનકારશ્રી, અમદાવાદના પત્રકમાં નોંધવામાં આવેલ હતો.

ત્યારબાદ સમાધાનકારશ્રી અમદાવાદ પક્ષકારોને સમાધાન માટે તા. ૧-૧૦-૧૯૯૦ તથા તા. ૨૫-૧૦-૯૦ના રોજ રૂબરૂ બોલાવેલાં હતાં અને તે જ તારીખે પક્ષકારો વચ્ચે બી.આઈ.આર.એક્ટ-૧૯૪૬ની કલમ-૫૮(૧) અનુસાર નીચે જણાવેલ શરતોનો સુખદ સમાધાન થવા પામેલ છે.

સમાધાનની-શરતો.

(૧) કંપનીમાં કામ કરતાં તમામ પ્રકારનાં કામદારોને સને તા. ૧-૧૦-૮૯થી ૩૦-૯-૯૦ ના હીસાબી વરસની કુલ કમાણીનાં ૮.૩૩ ટકા લેખે કાયદેસરનુ બોનસ તથા ૩.૧૭ ટકા લેખે એકસગ્રેસીયા બોનસ મળીને કુલ ૧૧.૫૦ ટકા (સાડા-અગીયાર ટકા) લેખે બોનસ ચુકવી આપવા માટે કંપની સમંત થાય છે.

(૨) સદર હીસાબી વરસ દરમીયાન જે કામદારોએ કામ કર્યું હશે તેઓઓને સદર બોનસ ચુકવવામાં આવશે.

(૩) જે કામદારોએ સદર હીસાબી વરસ દરમીયાન કંપનીમાં કામ કર્યું હશે અને સદર હીસાબી વરસનુ બોનસ મેળવવા માટે કાયદેસર રીતે હક્કદાર થતાં હશે તેવા કામદારો પૈકી જે કામદારો હાલમાં કંપનીની નોકરીમાં નહી હોય અગર તો નોકરી છોડીને ચાલ્યાં ગયાં હશે તેવાં તમામ કામદારો તરફથી અરજી મળેથી એક માસમાં સદર હીસાબી વરસનું બોનસ કામદારોને ચુકવી આપવામાં આવશે.

(૪) સદર બોનસ બાબતમાં કોઈપણ જાતના વિવાદ, ઝઘડો કે પ્રશ્ન ઉભો થશે તો તેનો ઉકેલ યુનિયનનાં જનરલ સેક્રેટરી શ્રી અમથાભાઈ દેસાઈ INDEX
[illegible] મારફતે લાવવામાં આવશે અને તેઓનો નિર્ણય

ફુલ એન્ડ ફાયનલ ગણાશે અને તે કામદારોને, યુનિયનને અને કંપનીને બંધનકર્તા રહેશે

આ સમાધાન તમામ પક્ષકારોએ સમજી વિચારીને કોઈપણ જાતના દબાણ વગર કરેલ છે અને તેનો ચુસ્તપણે અમલ કરવા પક્ષકારો સંમત થાય છે.

સહી

મેનેજરશ્રી,
ગોપી સીન્થેટીક્સ પ્રા. લિ.
સર્વે નં. ૩૦૨, નારોલ-ઈસનપુર,
અમદાવાદ.
અમદાવાદ. તા. ૧-૧૦-૧૯૯૦.

અમથાભાઈ દેસાઈ.
જનરલ સેક્રેટરી
જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ.
મજુર મહાજન સંઘ, અમદાવાદ,

મારી રુબરુ
(બી. બી. ઠાકર)
સમાધાનકારશ્રી, અમદાવાદ.
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬
ગુજરાત રાજ્ય.

સહી

અમદાવાદ.
તા. ૧૨-૧૧-૯૦.

આર. કે. પરમાર.
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક શ્રમ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/બ/શમક/૨૭૨૨૫/આર.યુ. સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૬૫થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું નેપચ્યુન ટેક્ષટાઇલ મીલ્સ, અમદાવાદ અને જનરલ વર્કસ યુનિયન અમદાવાદ. સમાધાન અધિકારીશ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની સમાધાનની સન : ૧૯૯૦ ના નવેમ્બર માસના ૧૨ માં દિને, આથી નોંધ કરું છું.

મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, સને ૧૯૪૬ની
કલમ-૫૮ (૧) મુજબનાં સમાધાનનું મેમોરેન્ડમ.

સમાધાનકારશ્રી બી બી. ઠાકર સાહેબ, અમદાવાદ સમક્ષ.

બી આર. સી. કેસ નં. ૨૭૩/૧૯૯૦.

પક્ષકારોનાં નામ.

મેનેજરશ્રી, (૧) માલિકોનાં પ્રતિનિધિ :
નેપચ્યુન ટેક્ષટાઈલ મીલ્સ,
૩૭૫, જી. આઈ. ડી. સી. ઓઢવ, અમદાવાદ.

શ્રી અમથાભાઇ દેસાઈ, (૨) કામદારોના પ્રતિનિધિ
જનરલ સેક્રેટરી, જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ.
ગાંધી મજૂર સેવાલય, ભદ્ર, અમદાવાદ.

વિવાદની ટુંકી વિગતો.

જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ કે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, સને ૧૯૪૬ અનુસાર અમદાવાદ શહેરનાં સ્થાનિક વિસ્તારમાં અમદાવાદ સીટી તાલુકા વિસ્તારમાં તથા દસક્રોઈ તાલુકા વિસ્તારમાં આવેલ ટેક્ષટાઇલ-પ્રોસેસીંગ ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતાં અને માન્ય યુનિયન તરીકે નોંધાયેલ છે. તેણે સંસ્થાનાં સંચાલકોને તા. ૨૮-૮-૯૦ ના રોજ નમુના એલમાં નોટીસ

INDEX

ઓફ ચેઈન્જ આપી, સંસ્થામાં કામ કરતાં કામદારોને સને ૧૯૯૯-૧૯૮૯-૯૦ ના વરસનુ ૨૦% લેખે બોનસ ચુકવી આપવા બાબતની માંગણીઓ રજુ કરી હતી.

આ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર ન થઈ શકવાથી, યુનિયને તા. ૫-૯ ૧૯૯૦. ના રોજ નમુના એન માં સમાધાનકારશ્રી, અમદાવાદને અહેવાલ મોકલી આપેલો હતો. જે સમાધાનકારશ્રી અમદાવાદને મળતાં, તેઓએ તા ૨૧-૯-૧૯૯૦ ના રોજ તેઓનાં પત્રકમાં નોંધેલો.

ત્યારબાદ સમાધાનકારશ્રી અમદાવાદે પક્ષકારોને તા. ૧-૧૦-૯૦ના રોજ પક્ષકારોને સમાધાન માટે રૂબરૂ બોલાવેલાં અને તે દિવસે મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ સને ૧૯૪૬ અનુસાર નીચે જણાવેલ શરતોએ મુજબ સમાધાન થયા પામેલ છે.

સમાધાનની શરતો.

(૧) કંપનીમાં કામ કરતાં તમામ પ્રકારનાં કામદારોને તા. ૧-૪-૧૯૮૯ થી તા. ૩૧-૩ ૧૯૯૦ સુધીનાં વરસની કુલ કમાણીનાં ૮.૩૩% લેખે બોનસ ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે.

(૨) સદર હીસાબી વરસ દરમ્યાન જે કામદારોએ કામ કર્યું હશે, પરંતુ હાલમાં કંપનીની નોકરી છોડીને ચાલ્યાં ગયાં હશે અગર હાલમાં કંપનીની નોકરીમાં હશે તેવા કામદારો તરફથી અરજી મળેથી એક માસમા સદર હીસાબી વરસનું બોનસ કામદારોને ચુકવી આપવા કંપની સમંત થાય છે.

(૩) સદર હિસાબી વરસનાં બોનસ બાબતમાં પગાર આ સમાધાન બાબતમાં પક્ષકારો વચ્ચે કોઈપણ પ્રકારનો ઝગડો કે વિવાદ ઉભો થશે તો યુનિયનના જનરલ સૈક્રેટરી શ્રી અમથાભાઈ દેસાઈ તથા કંપનોના શેઠશ્રી દીપકભાઈ શાહની લવાદી દ્વારા તેનો ઉકેલ લાવવામાં આવશે અને તેઓનો નિર્ણય કામદારોને યુનિયનને અને કંપનીને બંધનકર્તા રહેશે

(૪) સદર બોનસની રકમ કંપની કામદારોને તા. ૧૦-૧૦-૧૯૯૦ પહેલાં ચુકવી દેશે.

આ સમાધાન તમામ પક્ષકારોએ સમજી વિચારીને કોઈપણ જાતના દબાણ વગર કરેલ છે અને તે કંપનીને, યુનિયનને અને કામદારોને બંધનકર્તા અને કબુલ મંજુર રહેશે.

INDEX

સહી	સહી
મેનેજરશ્રી,	અમથાભાઈ દેસાઇ
નેપચ્યુન ટેક્ષટાઈલ મીલ્સ.	જનરલ સેક્રેટરી.
૩૭૫, જી. આઈ. ડી. સી, ઓઢવ,	જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ
અમદાવાદ.	ગાંધી મજુર સેવાલય, અમદાવાદ.

મારી રૂબરૂ

(બી. બી. ઠાકર)

સમાધાનકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, સને ૧૯૪૬ મુજબ છે.

અમદાવાદ. તા. ૧-૧૦-૧૯૯૦.

સહી

તા. ૧૨-૧૧-૯૦ આર. કે. પરમાર

અમદાવાદ સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : /ખ/શ્રમક/૨૭૨૨૬ આરસુ સને ૧૯૪૬નાં ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૫૮ (૧) અને સને ૧૯૬૧નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૬ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું શ્રી પ્રકાશ ટેક્ષટાઈલ ગુજરાત પ્રા. લિ. અમદાવાદ અને જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ સમાધાન અધિકારી શ્રી બી બી ઠાકરની દરમિયાનગીરીથી થયેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ ના નવેમ્બર માસનાં ૧૨ મા દિને આથી નોંધ કરું છું.

INDEX

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, સને ૧૯૪૬ની કલમ-૫૮(૧) અનુસારનાં સમાધાનનું મેમોરેન્ડમ

સમાધાનકારશ્રી બી. બી. ઠાકર સાહેબ, અમદાવાદ સમક્ષ

ઓ. આર. સી. કેસ નં. ૨૬૪-૧૯૯૦

પક્ષકારોના નામ

શ્રી ચંદુભાઈ એમ. પટેલ, (૧) માલીકોનાં પ્રતિનિધી
મેનેજરશ્રી,
શ્રી પ્રકાશ ટેક્ષટાઈલ (ગુ.) પ્રા. લિ.
લક્ષ્મી વિજય હોઝીયરી મિલ્સ કંપાઉન્ડ,
નરોડા રોડ, અમદાવાદ

શ્રી મન્મથભાઈ દેસાઈ, (૨) કામદારોનાં પ્રતિનિધી
જનરલ સેક્રેટરી શ્રી,
જનરલ વર્કર્સ, યુનિયન, અમદાવાદ,
ગાંધી મજૂર સેવાલય, ભદ્ર, અમદાવાદ.

વિવાદની ટુંકી વિગતો

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ કે જે અમદાવાદ શહેરનાં સ્થાનિક વિસ્તારમાં, અમદાવાદ સીટી તાલુકા વિસ્તારમાં તથા દસક્રોઈ તાલુકા વિસ્તારમાં આવેલ ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનિયમ સને ૧૯૪૬ મુજબ પ્રતિનિધીત્વ ધરાવતાં અને માન્યતા પામેલા યુનિયન તરીકે રજીસ્ટર્ડ થયેલ છે. તેણે સંસ્થાનાં સંચાલકોને તા. ૨૮-૮-૧૯૯૦ના રોજ નમુના એલમાં નોટીસ ઓફ ચેઇન્જ આપી સંસ્થામાં કામ કરતા કામદારો-કર્મચારીઓને સને ૧૯૮૯-૧૯૮૯-૯૦ના હીસાબી વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવાની માંગણીઓ રજુ કરી હતી.

આ માંગણી બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર ન થઈ શકવાથી યુનિયને તેમનાં તા. ૫-૯-૯૦ ના રોજના ખતથી નમુના એનમાં સમાધાનકારશ્રી, અમદાવાદને અહેવાલ મોકલી આપેલ હતો. જે સમાધાનકારશ્રી અમદાવાદને તા. ૧૪-૯-૯૦ના રોજ મળેલ અને તા. ૨૧-૯-૯૦ના રોજ સમાધાનકારશ્રી અમદાવાદના પત્રકમાં નોંધવામાં આવેલ.

INDEX

ત્યારબાદ સમાધાનશ્રી અમદાવાદે પક્ષકારોને સમાધાન માટે તા. ૧-૧૦-૯૦ ના રોજ તથા તા. ૧૯-૯-૯૦ના રોજ રૂબરૂ બોલાવેલ અને તેમાંની છેલ્લી જણાવેલી તારીખે પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એક્ટ-૧૯૪૬ની કલમ-૫૮(૧) મુજબ નીચે મુજબની શરતોએ સુખદ સમાધાન થવા પામેલ છે.

સમાધાનની શરતો

(૧) મિલ્સ કંપનીનું હિસાબી વરસ ઇન્કમટેક્ષના કાયદા મુજબ તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૦ના રોજ પુરૂં થાય છે. ગત વર્ષમાં કામદારોની માંગણીને અનુલક્ષીને તા. ૧-૪-૮૯થી તા. ૩૦-૬-૮૯ સુધીનાં ૩ માસનું બોનસ પ્રિન્મેઈડ બોનસ તરીકે ચુકવેલ હતું. આથી તા. ૧-૭-૮૯થી તા. ૩૧-૩-૯૦ સુધીનું બોનસ આ વરસે ચુકવવા પાત્ર થાય છે. પરંતુ કામદારોની માંગણીને તથા યુનિયનની રજુઆતને લક્ષમાં રાખીને-માન આપીને આ વરસે પણ કામદારોને ૧૨ માસનું બોનસ મળે તે હેતુથી તા. ૧-૪-૯૦. થી તારીખ ૩૦-૬-૯૦ સુધીનું ત્રણ માસનું બોનસ પ્રિન્મેઈડ બોનસ તરીકે આપવામાં આવશે.

(૨) કંપનીને કામ કરતાં કામદારોને તા. ૧-૭-૮૯ થી તા. ૩૦-૬-૯૦ સુધીના સમયનું ઉપરોક્ત કલમ-૧મા દર્શાવ્યા મુજબ ૮.૩૩ ટકા લેખે બોનસ ધારાને અનુલક્ષીને આપવામાં આવશે.

(૩) મીલ્સ કંપની તા. ૧-૭-૧૯૮૯ થી તા. ૩૦-૬-૧૯૯૦ સુધીનાં વરસની કુલ કમાણીનાં ૮ ૩૩ ટકા લેખે કાયદેસરનાં તથા વધારાનું યા ૨ ટકા (બે ટકા) બોનસ એમ મળીને કુલ્લ ૧૦.૩૩ (દસ પોઇન્ટ તેત્રીસ ટકા) લેખે બોનસ આપવા માટે કંપની સંમત થાય છે. આ બોનસની ચુકવણી તા. ૨૧-૧૦-૯૦ સુધીમાં કરવામાં આવશે.

(૪) કંપનીમાં કામ કરતાં કામદારો પૈકી જે કામદારોએ ઓછામાં ઓછું સદર સમય દરમિયાન ૩૦ દિવસ કામ કર્યું હશે તેવા તમામ કામદારોને સદર બોનસ ચુકવી દેવામાં આવશે.

(૫) સદર બોનસ મેળવવાને હક્કદાર તથા કામદારો પૈકી જે કામદારો હાલમાં કંપનીની નોકરીમાં નહીં હોય અગર નોકરી છોડીને ચાલ્યા ગયા હશે તેવા કામદારો તરફથી અરજી મળેથી એક માસમાં સદર બોનસની રકમ ચુકવી આપવા કંપની સંમત થાય છે.

INDEX

(૬) બોનસ અંગેનો ભવિષ્યમાં કોઈ જાતનો વિવાદ કે પ્રશ્ન ઉભો થશે તો યુનિયનનાં જનરલ સેક્રેટરી અમથાભાઈ દેસાઈ તથા કંપનીનાં શ્રી ચંદુભાઈ પટેલની લવાદી મારફતે તેનો ઉકેલ લાવવામાં આવશે અને તે યુનિયનને, કામદારોને તથા કંપનીને બંધનકર્તા રહેશે અને તેઓનો નિર્ણય ફુલ એન્ડ ફાયનલ ગણાશે.

આ સમાધાન તમામ પક્ષકારોએ સમજી વિચારીને કોઈપણ જાતના દબાણ વગર કરેલ છે અને તેનો ચુસ્તપણે અમલ કરવા સંમત થાય છે.

ચંદુભાઈ એમ. પટેલ,
મેનેજર,
શ્રી પ્રકાશ ટેક્ષટાઇલ્સ (ગુ.) પ્રા. લિ.
નરોડા રોડ, અમદાવાદ

અમથાભાઈ જે. દેસાઇ,
જનરલ સેક્રેટરી,
જનરલ વર્કસ યુનિ. અમદાવાદ
ગાંધી મજુર સેવા. અમદાવાદ

તા. ૯-૧-૯૦
અમદાવાદ

મારી રૂબરૂ
બી. બી. બી. ઠાકર
સમાધાનકારશ્રી, અમદાવાદ ગુજરાત

અમદાવાદ. તા. ૧૨-૧૧-૧૯૯૦.

સહી
આર. કે. પરમાર.
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ,
અમદાવાદ

INDEX

સન-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ખ/શમક/૨૭૨૩૦ આરયુ/ સન. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮ (૧) અને સન. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ.

હું એમ્પી ટેક્ષટાઈલ્સ બીલીમોરા અને સીલ્ક મીલ વર્કસ યુનિયન, બીલીમોરા સમાધાન અધિકારીશ્રી ડી. કે. પટેલની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન-૧૯૯૦ ના નવેમ્બર માસના ૧૨ માં દિને, આથી નોંધ કરું છું.

સમાધાન પત્ર.
મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારો, ૧૯૪૬ અન્વયે.
કેસ નં. (બી. આઈ. આર. સી.) ૧૧/૧૯૯૦.
પક્ષકારોના નામો

શ્રી જમુભાઈ એમ. મહેતા, — સંસ્થાના પ્રતિનિધિ
પાર્ટનર, એમ્પી ટેક્ષટાઈલ્સ,
ચીખલી રોડ, બીલીમોરા.

શ્રી ધનસુખલાલ એન. ધીમર, — યુનિયનના પ્રતિનિધિ
જનરલ સેક્રેટરી,
સિલ્ક મીલ વર્કસ યુનિયન,
કે/મજુર મહાજન સંઘ, બીલીમોરા.

કેસની ટુંકી વિગત

એમ્પી ટેક્ષટાઈલ્સ, ચીખલી રોડ. બીલીમોરામાં કામ કરતા કારીગરો વતી, સિલ્ક મીલ વર્કસ યુનિયન, બીલીમોરા કે, જે ગણદેવી તાલુકાના ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગના કારીગરોનું પ્રતિનિધિત્વ ધરાવતા માન્ય યુનિયને તા. ૩૦-૮-૯૦ ના રોજ સને ૧૯૮૯-૧૯૮૯-૯૦ ના વર્ષનું બોનસ દિવાળી પહેલા આપવા નમુનો 'એલ' માં નોટીસ ઓફ ચેઈન્જ આપી હતી. તે અંગે કોઈ સમાધાન ન થતાં યુનિયને તા. ૧૦-૯-૯૦ ના રોજ સમાધાનકારશ્રી, વલસાડને ફોર્મ 'એન' માં નોટીસ આપેલ, જેને તા. ૧૪-૯-૯૦ ના રોજ બી. આઈ. આર. એક્ટની કલમ ૪૫ હેઠળ નોંધણી પત્રકમાં નોંધવામાં આવ્યું સમાધાન કાર્યવાહી માટે તા. ૧૯-૯-૯૦, તા. ૨૬-૯-૯૦, તા. ૩-૧૦-૯૦ તથા તા. ૧૦-૧૦-૯૦ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ, જેમાં બન્ને પક્ષકારો વચ્ચે આજરોજ નીચે મુજબની શરતોએ સમાધાન થયેલ છે.

શરતો

(૧) એસ્પી ટેક્ષટાઈલ, ચીખલી રોડ, બીલીમોરામાં કામ કરતા તમામ કારીગર-કર્મચારીઓને ભારત સરકારના બોનસ અધિનિયમ ૧૯૬૫ (સુધારો ૧૯૮૦-૧૯૮૫) મુજબ સને ૧૯૮૯-૯૦ ના હિસાબી વર્ષ મુજબ તેમની કુલ કમાણીના ૧૨.૭૫ ટકા બોનસ તા. ૭-૧૦-૧૯૯૦ ના રોજ ચૂકવી આપવામાં આવેલ છે.

(૨) જે કારીગર-કર્મચારીઓએ એસ્પી ટેક્ષટાઈલ, ચીખલી રોડ, બીલીમોરામાં સને ૧૯૮૯-૯૦ ના હિસાબી વર્ષ દરમ્યાન કામ કર્યું હશે, પરંતુ હાલમાં નોકરી ઉપર ન હોય, તેવા કારીગર-કર્મચારીઓએ મેનેજમેન્ટને સિલ્ક મીલ વર્કર્સ યુનિયન, બીલીમોરા મારફતે અરજી કર્યેથી એક માસમાં બોનસની ચુકવણી કરવામાં આવશે. આવી અરજી કરવાનો સમય બોનસ ચુકવ્યાની તારીખથી ૬ (૭) માસ સુધીનો રહેશે. ત્યારબાદ આવેલ અરજી ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ.

(૩) ઉપરોકત સમાધાન બોનસ ચુકવણી અધિનિયમ ૧૯૬૫ ની જોગવાઈઓ અનુસાર તથા ભારત સરકારે પ્રગટ કરેલ બોનસ સુધારો ૧૯૮૦ તથા ૧૯૮૫ ના આધારે કરવામાં આવેલ છે.

સહી

વલસાડ તા. ૧૦-૧૦-૧૯૯૦,

(જગુભાઈ એમ. મહેતા)
પાર્ટનર.
એસ્પી ટેક્ષટાઈલ્સ,
ચીખલી રોડ. બીલીમોરા.

સહી

વલસાડ. તા. ૧૦-૧૦-૧૯૯૦.

(ધનસુખલાલ એન. ધીમર)
જનરલ સેક્રેટરી,
સિલ્ક મીલ વર્કર્સ યુનિયન,
બીલીમોરા.

સમાધાનકાર,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-૧૯૪૬
વલસાડ.

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

અમદાવાદ.
તા. ૧૨-૧૧-૯૦

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/સમક/૨૭૨૨૯ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૫૮ (૧) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૬૫ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું નાનીકરામ શોભરાજ મીલ્સ પ્રા. લી., અમદાવાદ અને અમદાવાદ સીલ્ક એમ્પ્લોઈઝ યુનિયન, અમદાવાદ સમાધાન અધિકારીશ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન-૧૯૯૦ ના નવેમ્બર માસના ૧૨ મા દિને, આથી નોંધ કરું છું.

મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમ, સને ૧૯૪૬ ની કલમ-૫૮ (૧) અન્વયેનાં
સમાધાનનું મેમોરેન્ડમ

સમાધાનકારશ્રી બી. બી. ઠાકર સાહેબ, અમદાવાદ સમક્ષ.

બી. આર. સી. કેસ નં. ૨૪૬/૧૯૯૦

પક્ષકારોનાં નામ

શ્રી ભાલચંદ્ર મોદી, (૧) માલીકોનાં પ્રતિનિધિ
મેનેજરશ્રી,
ધી નાનીકરામ શોભરાજ મીલ્સ પ્રા. લિ.
એમ. આર. કોલોની, રેલ્વેપુરા અમદાવાદ.

શ્રી અમથાભાઈ દેસાઈ, (૨) કામદારોનાં પ્રતિનિધિ
જનરલ સેક્રેટરી,
ધી અમદાવાદ સીલ્ક એમ્પ્લોઈઝ યુનિયન,
ગાંધી મજુર સેવાલય, ભદ્ર, અમદાવાદ.

વિવાદની ટુંકી વિગતો

ધી અમદાવાદ સીલ્ક એમ્પ્લોઈઝ યુનિયન કે જે અમદાવાદ શહેરના સ્થાનીક વિસ્તારમાં આવેલ સીલ્ક ઉદ્યોગમાં બી આઈ આર એક્ટ-૧૯૪૬ અનુસાર પ્રતિનિધિત્વ ધરાવતાં અને માન્યતા પામેલા યુનિયન તરીકે છે તેણે સંસ્થાનાં સંચાલકોને તા. ૧ ૯-૧૯૯૦ ના રોજ નમુના -લ મા નોટીસ આપી ચેઈન્જ

આપી, સંસ્થામાં કામ કરતાં કામદારો અને કર્મચારીઓને સને ૧૯૮૯/૧૯૮૯-૯૦ ના હિસાબી વરસનું ૨૦% લેખે બોનસ ચુકવી આપવી માગણીઓ કરી હતી.

આ માંગણી બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર ન થઈ શકવાથી યુનિયનને તેમનાં તા. ૧૦-૯-૯૦. ના રોજ નમુના એનમાં સમાધાનકારશ્રી, અમદાવાદને અહેવાલ મોકલી આપેલ હતો. જે સમાધાનકારશ્રી, અમદાવાદનો પત્રકમાં તા. ૨૦-૯-૧૯૯૦ ના રોજ નોંધવામાં આવેલ હતો.

ત્યારબાદ સમાધાનકારશ્રી, અમદાવાદે પક્ષકારોને સમાધાન માટે તા. ૨૮-૯-૯૦ના રોજ રૂબરૂ બોલાવેલાં. તે જ દિવસે પક્ષકારો વચ્ચે બો. આઈ. આર. એક્ટ-૧૯૪૬ ની કલમ-૫૮ (૧) અનુસાર નીચે જણાવેલ શરતોએ સુખદ સમાધાન થવા પામેલ છે.

સમાધાનની શરતો

(૧) કંપનીમાં કામ કરતાં કામદારો પૈકી જે કામદારોએ તા. ૧-૪-૧૯૮૯ થી તા. ૩૧-૩-૧૯૯૦. ના હીસાબી વરસ દરમ્યાન કંપનીમાં કામ કર્યું હશે તેવા કામદારોને કંપની સદર હીસાબી વરસની કુલ કમાણીનાં ૮.૩૩% લેખે બોનસ ચુકવી આપવા માટે કંપની સમત થાય છે.

(૨) સદર હીસાબી વરસનાં બોનસ માટે હક્કદાર થાય છે તેવા કામદારો પૈકી જે કામદારો હાલમાં કંપનીની નોકરીમાં નહીં હોય અગર નોકરી છોડીને ચાલ્યાં ગયાં હશે તેવા કામદારો તરફથી અરજી મળેથી એક માસમાં સદર બોનસની ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે.

(૩) સદર બોનસની રકમ કામદારોને તા. ૧૬-૧૦-૯૦. સુધીમાં ચુકવી દેવામાં આવશે.

(૪) સદર બોનસ બાબતમાં કોઈપણ જાતનો વિવાદ, પ્રશ્ન કે ઝઘડો ઉભો થશે તો તેવા પ્રશ્નનો નિકાલ યુનિયનના જનરલ સેક્રેટરી શ્રી અમથ ભાઈ દેસાઈ તથા કંપનીનાં મેનેજર/શેઠ શ્રીની લવાદી દ્વારા ઉકેલ લાવવામાં આવશે અને તેઓનો નિર્ણય ફુલ એન્ડ ફાયનલ રહેશે અને તે કામદારોને યુનિયનને અને કંપનીને બંધનકર્તા અને કબુલ મંજુર રહેશે.

આ સમાધાન તમામ પક્ષકારોએ સમજી વિચારીને, વાંચી વંચાવીને કોઈ પણ જાતના દબાણ વગર રાજીખુશીથી કરેલ છે અને તેનો ચુસ્તપણે અમલ કરવા સંમત થાય છે. આ સમાધાન ફુલ એન્ડ ફાયનલ છે.

INDEX

સહી	સહી
ભાલચન્દ્ર મોદી	અમથાભાઈ જે. દેસાઈ
મેનેજરશ્રી	જનરલ સેક્રેટરી
ધી નાનીકરામ શોભરાજ મીલ્સ પ્રા. લિ,	ધી અમદાવાદ સીલ્ક એમ્પ્લોઈઝ
એમ. આર. કોલેની, રેલ્વેપુરા,	યુનિયન, ગાંધી મજૂર સેવાલય,
અમદાવાદ.	ભદ્ર, અમદાવાદ

તા. ૨૮-૯-૧૯૯૦
અમદાવાદ

મારી રૂબરૂ

(બી. બી. ઠાકર)
સમાધાનકારશ્રી, અમદાવાદ.
મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમ, ૧૯૪૬
ગુજરાત રાજ્ય

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૨-૧૧-૯૦
અમદાવાદ

સન. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ ખ/શમક/૨૯૨૨૪ આરયુ સને-૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૫૮ (૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૬૫ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું આલોક સીન્ટેટીકસ પ્રા. લી., અમદાવાદ અને જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ સમાધાન અધિકારીશ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન-૧૯૯૦ ના નવેમ્બર માસના ૧૨ મા દિને, આથી નોંધ કરું છું.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, સને ૧૯૪૬ ની કલમ-૫૮ (૧) મુજબનાં
સમાધાનનું મેમોરેન્ડમ

સમાધાનકારશ્રી બી. બી. ઠાકર સાહેબ, અમદાવાદ સમક્ષ

બી. આર સી. કેસ નં. ૨૫૩/૧૯૯૦.

પક્ષકારોનાં નામ

શ્રી મેનેજર, (૧) માલીકોનાં પ્રતિનિધિ
આલોક સીન્થેટીક્સ મીલ્સ પ્રા. લિ.
સર્વે નં. નારોલ, અમદાવાદ.

શ્રી અમથાભાઈ દેસાઇ, (૨) કામદારોનાં પ્રતિનિધિ
જનરલ સેક્રેટરી,
જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ-૫
ગાંધી મજુર સેવાલય, ભદ્ર, અમદાવાદ.

વિવાદની ટુંકી વિગતો

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ કે. બી. આઇ. આર. એક્ટ-૧૯૪૬ અનુસ.૨ અમદાવાદ શહેરનાં સ્થાનીક વિસ્તારમાં, અમદાવાદ સીટી તાલુકા વિસ્તારમાં તથા દસક્રોઈ તાલુકા વિસ્તારમાં ટેક્ષટાઈલ-પ્રોસેસીંગ ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતાં અને માન્યતા પામેલા યુનિયન તરીકે છે. તેણે સંસ્થાના સંચાલકોને નમુના એલ માં નોટીસ ઓફ ચેઈન્જ આ કામ કરતાં કામદારો, કર્મચારીઓને સને ૧૯૮૯/૧૯૯૦ના હીસાબી વરસની કુલ કમાણીનાં ૨૦% લેખે બોનસ ચુકવી આપવા માગણીઓ રજુ કરી હતી. આ માગણી બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર ન થઈ શકવાથી યુનિયને નમુના એન મા તા. ૫-૯-૯૦ ના રોજ સમાધાનકારશ્રી, અમદાવાદને અહેવાલ મોકલી આપેલ હતો. જે સમાધાનકારશ્રી, અમદાવાદને મળતાં સમાધાનકારશ્રી, અમદાવાદનાં પત્રકમાં તા. ૨૧-૯-૧૯૯૦ ના રોજ તેઓનાં પત્રકમાં નોંધવામાં આવેલ હતો.

ત્યારબાદ પક્ષકારોને સમાધાનકારશ્રી-અમદાવાદે તા. ૧-૧૦-૧૯૯૦ તથા તા. ૫-૧૦-૯૦ ના રોજ સમાધાન માટે રૂબરૂ બોલાવેલા હતો. જેમાં તે જ તારીખે પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એક્ટ-૧૯૪૬ની કલમ-૫૮ (૧) અનુસાર નીચે જણાવેલ શરતોએ સુખદ સમાધાન થવા પામેલ છે.

સમાધાનની શરતો

(૧) કંપનીમાં કામ કરતાં તમામ પ્રકારનાં કામદારોને સને તા. ૧૧-૧૦-૮૯ થી ૩૦-૯-૯૦ ના હીસાબી વરસની કુલ કમાણીનાં ૮.૩૩% લેખે કાયદા

INDEX

અનુસારનું તથા ૩ ૧૦% એક્સગ્રેસીયા બોનસ મળીને કુલ્લે ૧૧.૫૦% (સાડા અગીયાર ટકા) લેખે બોનસ ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે.

(૨) સદર હીસાબી વરસ દરમીયાન જે કામદારોએ કામ કર્યું હશે તેવા કામદારોને સદર બોનસ તા. ૧૫-૧૦-૧૯૯૦. સુધીમાં બોનસ ચુકવી દેવામાં આવશે.

(૩) સદર હીસાબી વરસના બોનસને હક્કદાર થાય તેવા કામદારો પણ કે જે કામદારોએ સદર વરસમાં કામ કર્યું હશે, પરંતુ કંપનીની હાલની નોકરીમાં નહિ હોય અગર નોકરી છોડીને ચાલ્યા ગયા હશે તેવા કામદારો તરફથી અરજી મળેથી એક માસમાં સદર બોનસની રકમ ચુકવી આપવા કંપની સંમત થાય છે.

(૪) સદર બોનસ બાબતમાં કોઈ વિવાદ અગર તો ઝઘડો ઉભો થાય તો યુનિયનના જનરલ સેક્રેટરીશ્રી અમથાભાઈ તથા કંપનીના શેઠશ્રી લવાદી દ્વારા તેનો ઉકેલ લાવવામાં આવશે અને તેઓનો નિર્ણય કામદારોને, યુનિયનને અને કંપનીને બંધનકર્તા રહેશે

આ સમાધાન તમામ પક્ષકારોએ સમજી વિચારીને કોઈપણ જાતના દબાણ વગર, રાજીખુશીથી, સમજી વિચારીને, વાંચી વંચાવીને કરેલ છે અને તેનો ચુસ્તપણે અમલ કરવા સંમત થાય છે. આ સમાધાન ફુલ એન્ડ ફાયનલ છે.

સહી
મેનેજરશ્રી,
આલોક સીન્થેટીક્સ પ્રા. લિ.
નારોલ, અમદાવાદ.
તા. ૧-૧૦-૯૦
અમદાવાદ.

સહી
અમથાભાઈ જે દેસાઈ
જનરલ સેક્રેટરી
જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ.
ગાંધી મજુર સેવાલય, ભદ્ર, અમદાવાદ

મારી રૂબરૂ
(બા. બી. ઠાકર)
સમાધાનકારશ્રી, બી. આઈ. આર. એક્ટ-૧૯૪૬,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

અમદાવાદ. તા. ૧૨-૧૧-૧૯૯૦,

સહી
આર. કે. પરમાર.
સહાયક સંઘ નિયંત્રક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

સને-૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ખ:શ્રમક:૨૭૨૨૮:આરસુ:સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮:૧:અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ :ગુજરાત: નિયમોના નિયમ-૬૫થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ. હું અરૂણ મીલ્સ લી., અમદાવાદ અને ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ સમાધાન અધિકારશ્રી બી.બી.ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની સમાવટની સન:૧૯૯૦ના નવેમ્બર માસના ૧૨મા દિને, આથી નોંધ કરું છું.

સમાધાનકાર શ્રી બી. બી. ઠાકર સમક્ષ,

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬.

: સમાધાનનો ખતપત્ર :

બી. આર. સી કેસ નં. ૨૦૪/૧૯૯૦

શ્રી અશોકભાઈ ડી. શાહ,
પર્સોનલ એન્ડ ફેક્ટરી મેનેજર,
ધી અરૂણ મિલ્સ લિ. નરોડારોડ,
અમદાવાદ.

માલિકોના પ્રતિનિધિ

શ્રી ભાણુભાઈ અમીપુરા,
મંત્રીવતી,
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
ભદ્ર, અમદાવાદ.

કામદારોના પ્રતિનિધિ

કેસની ટૂંકી વિગત.

ધી અરૂણ મિલ્સ લિ; અમદાવાદે તા. ૯-૮-૯૦ની ફેરફારની નોટિસ આપી કાપડ સુતર ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયન ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદને જણાવેલ કે મિલ્સ કું. ના રીંગફ્રેમ ખાતામાં સીન્જીંગ મશીન ઉપર પહેલી અને બીજી પાળીમાં થઈને કુલ ૫ (૩+૨) કારીગરો કામ કરે છે. સીંજ થયેલ માલની જરૂરિયાત ઘટી જતાં મિલ્સ કું. સીન્જીંગ મશીન મેનને નિયમિત કામ આપી શકે તેમ નથી તેથી મિલ્સ કું. સીન્જીંગ મશીન ઉપર કામ કરતાં પાંચ સીન્જીંગ મશીનમેનની જગ્યામાં ઘટાડો કરવા માંગે છે

સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહીં થઈ શકવાથી મિલ્સ કું. એ તા. ૨૧-૮-૯૦ના રોજ સમાધાનકારને નમૂના "એન"માં અહેવાલ મોકલી આપ્યો હતો. જે તા. ૫-૯-૯૦ના રોજ સમાધાનકારને મળયો હતો અને તે તા. ૧૨-૯-૯૦ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. ઉપરોક્ત બાબતમાં સમાધાનની કાર્યવાહી જે તા. ૨૧-૯-૯૦ના રોજ રાખવામાં આવલી તે તારીખે મુંબઈ ઔદ્યોગિક સંબંધક નિયમ ૧૯૪૬ની કલમ ૫૮(૧) મુજબ સમાધાન થયું છે.

પરિશિષ્ટ

સમાધાનની શરતો

કલમ ૧. મિલ્સ કું. ના રીંગફ્રેમ ખાતામાં હાલમાં એક સીન્જીંગ મશીન છે અને તેમાં ફક્ત દિવસપાળીમાં બે સીન્જીંગ મશીનમેન અને ત્રણ રીલીંગ-કમ-વાઇન્ડર કામ કરે છે. જે નીચે પ્રમાણે છે.

કેટેગરી	પહેલી પાળી	બીજીપાળી	કુલ
૧. સીન્જીંગ મશીનમેન	૨	–	૨
૨. રીલીંગ-કમ-વાઈન્ડર	૩	–	૩
કુલ :	૫		૫

કલમ ૨. હાલમાં સીંજ થયેલા સૂતરની જરૂરિયાતવાળું કાપડ મિલ્સ કું. બજારમાં માંગ ન હોવાથી બનાવતી નથી. જેથી સીન્જીંગ મશીન ચલાવવામાં આવતું નથી. મિલ્સ કું. આ મશીનને સ્ટેન્ડબાય તરીકે સૂકી રાખવા માગે છે, આ કારણે સીન્જીંગ મશીનમેન તેમજ રીલીંગ-કમ-વાઈન્ડરને મિલ્સ કું. કામ આપી શકે તેમ નથી. તેથી સીન્જીંગ મશીન ઉપરની પાંચ જગ્યાઓ ફાજલ પડશે.

કલમ ૩. કલમ નં.૨માં જણાવ્યા પ્રમાણે ફાજલ પડતા કામદારોને ફરજીયાત બેકાર કરવામાં આવશે નહીં પરંતુ મિલ્સ કું. તેમને વૈકલ્પિક કામગીરી આપવા માગે છે જે કારીગરોને સ્વૈચ્છિક રીતે છૂટા થવું હોય તે કારીગરો ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશન દ્વારા સ્વૈચ્છિક રીતે રાજી-

નામું આપશે તે રાજીનામાનો મિલ્સ કું. સ્વીકાર કરી તેમની જગ્યાઓ કાયમી ધોરણે નાબૂદ કરશે, છૂટા થતા કારીગરોને આપવાની થતી વળતરની રકમ કયા ધોરણે અને કેટલા સમયમાં ચૂકવી આપવી તે અંગે ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અને મિલ્સ કું. ઉદ્યોગના પ્રવર્તમાન આર્થિક સંજોગોને લઈ અરસપરસ વાટાઘાટો કરી અલગ સમજૂતિથી નક્કી કરશે, જે આ સમાધાનનો ભાગ ગણાશે.

છૂટા થતા કામદારોને ગ્રેજ્યુઈટીના કાયદા મુજબ થતી ગ્રેજ્યુઈટીની રકમ તેમજ તેની ચઢેલી હકકરજા તેમજ કેઝ્યુઅલ રજા આપવામાં આવશે તેમજ છૂટા થતા કામદારને મિલ્સ કું. સને ૧૯૮૯-૯૦નું બોનસ જ્યારે મિલના બીજા કામદારોને ચૂકવશે ત્યારે તેઓ હક્કદાર હશે તો બોનસ મિલ્સ કું. ચૂકવી આપશે.

મિલ્સ કું. છૂટા થનાર કામદારને માસ-રીટેન્શ ગણી તાકીદે પ્રો. ફંડ મળી જાય તે પ્રમાણે ગોઠવણ કરશે. જો પાંચે સીન્જીંગ મશીનમેનોમાંથી પૂરતા રાજીનામા નહીં આવે તો અન્ય પાળીમાંથી કે અન્ય કેટેગરીમાંથી ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન જે રાજીનામા મોકલી આપે તે રાજીનામા સ્વીકારવામાં આવશે. આમ કરવા માટે મિલ્સ કું. કારીગરોની હેરફેર કરી શકશે તેમ છતાં ઉક્ત પાંચ કામદારોમાંથી કોઈ સ્વેચ્છાપૂર્વક રાજીનામા આપશે નહીં અને તેઓ ફાજલ પડશે તો ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદની સંમતિથી બીજી જગ્યાઓએ વૈકલ્પિક કામગીરી આપવામાં આવશે, આ વૈકલ્પિક કામગીરી ત્રણ સ્ત્રી કામદારોને ડબ્લીંગ વાઈન્ડીંગમાં અને/અથવા વાઇન્ડીંગ મશીન પર વાઇન્ડર તરીકે અને/અથવા બીજી યોગ્ય જગાએ તેમજ બે પુરૂષ કામદારોને ફીટર, સ્ટાફમાં અને/અથવા રોલાસ ખાતામાં તેમજ ડબલીંગ સફાઈમાં કામ આપવામાં આવશે અને તેમ કરવામાં તેમના પગારમાં કોઈ ઘટાડો કરવામાં આવશે નહીં, પરંતુ જો વધારે પગારની જગા હશે તો તે મુજબ પગાર આપવામાં આવશે.

કલમ ૪. આ ફેરફાર પછી સીન્જીંગ મશીન ઉપરની સીન્જીંગ મશીનમેનોની બે અને રીલીંગ-કમ-વાઈન્ડરની ત્રણ પોસ્ટ મળી કુલ પાંચ પોસ્ટો નાબુદ થયેલી ગણવામાં આવશે.

કલમ ૫. આ સમાધાનના અમલ કે અર્થઘટનમાં કોઈ મતભેદ પડશે તો મિલ્સ કું. અને ટેક્ષટાઈલ લેબર એસોસીએશન પરસ્પર વાટાઘાટોથી વિચાર

વિમર્શ કરીને હાલના પ્રવર્તમાન કાપડસૂતર ઉદ્યોગના સંજોગો ધ્યાનમાં લઈને વ્યવહારૂ અભિગમ અપનાવી સંયુક્ત રીતે નિકાલ કરશે જે છેવટનો ગણાશે અને તે બંને પક્ષોને તેમજ સંબંધિત કામદારોને બંધનકર્તા રહેશે.

કલમ ૬. કલમ નં. ૨માં જણાવ્યા પ્રમાણે ફાજલ પડતા કામદારોને મિલ્સ કું. વળતરની રકમ ચૂકવી છૂટા કરે છે ત્યાંસુધી સીન્જીંગ મશીન પર કામ ન હોવાથી મિલ્સ કું તેઓને જે વૈકલ્પિક કામગીરી આપે ત્યાં તેઓએ તેમની ફરજ બજાવવાની રહેશે.

કલમ ૭. આ સમાધાનનો તા. ૧-૯-૯૦થી થયેલો ગણવામાં આવશે.

સહી
પર્સોનેલ એન્ડ ફેક્ટરી મેનેજર,
ધી અરૂણ મિલ્સ લિમિટેડ,
નરોડારોડ, અમદાવાદ.

અમદાવાદ, તા. ૨૧-૯-૯૦

સમાધાનકાર	મંત્રી,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬	ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
અમદાવાદ	ભદ્ર-અમદાવાદ.

અમદાવાદ
તા. ૧૨-૧૧-૯૦

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

અને–૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/સમક/૨૭૨૩૧ આર. યુ. સન, ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮ (૬) અને સન. ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ.

હું મહેતા સીલ્ક મીલ્સ પ્રા. લી. બીલીમોરા અને સિલ્ક મીલ વર્કર્સ યુનિયન, બીલીમોરા, સમાધાન અધિકારીશ્રી ડી. કે. પટેલની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન–૧૯૯૦ ના નવેમ્બર માસના ૧૨ મા દિને, આથી નોંધ કરું છું.

સમાધાન પત્ર

મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારો, ૧૯૪૬ અન્વયે.

કેસ નં. (બી. આઈ. આર. સી.) ૧૦/૧૯૯૦

: પક્ષકારોના નામો :

શ્રી ધીરૂભાઈ પી. શાહ — સંસ્થાના પ્રતિનિધિ
જનરલ મેનેજર, મહેતા સિલ્ક મિલ્સ પ્રા. લિ
ચીખલી રોડ, બીલીમોરા.

શ્રી ધનસુખલાલ એન. ધીમર, — યુનિયનના પ્રતિનિધિ
જનરલ સેક્રેટરી, સિલ્ક મિલ વર્કર્સ યુનિયન,
કેર/મજૂર મહાજન સંઘ., બીલીમોરા.

કેસની ટૂંકી વિગત.

મહેતા સિલ્ક મિલ્સ પ્રા. લિ. ચીખલી રોડ, બીલીમોરામાં કામ કરતાં કારીગરો વતી સિલ્ક મિલ વર્કર્સ યુનિયન, બીલીમોરા કે. જે. ગણદેવી તાલુકાના રેશમ કાપડ ઉદ્યોગના કારીગરોનું પ્રતિનિધિત્વ ધરાવતા માન્ય યુનિયને તા. ૩૦–૮–૯૦ ના રોજ સને ૧૯૮૯/૧૯૮૯–૯૦ ના વર્ષનું બોનસ દિવાળી પહેલાં

INDEX

આપવા નમુનો "એલ" માં નોટીશ ઓફ ચેઇન્જ આપી હતી. તે જો કોઈ સમાધાન ન થતાં યુનિયને તા. ૧૦-૯-૯૦ ના રોજ સમાધાનકાર શ્રી, વલસાડને ફોર્મ "એન" માં નોટીશ આપેલ, જેને તા. ૧૪-૯-૯૦ ના રોજ બી. આઇ. આર. એક્ટની કલમ ૫૫ હેઠળ નોંધણી પત્રકમાં નોંધવામાં આવ્યું. સમાધાન કાર્યવાહી માટે તા. ૧૯-૯-૯૦, તા. ૨૬-૯-૯૦, તા. ૩-૧૦-૯૦ તથા તા. ૧૦-૧૦-૧૯૯૦ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ, જેમાં બન્ને પક્ષકારો વચ્ચે આજરોજ નીચે મુજબની શરતોને સમાધાન થયેલ છે.

: શ ર તો :

(૧) મહેતા સિલ્ક મિલ પ્રા. લિ., ચીંખલી રોડ, બીલીમોરામાં કામ કરતા તમામ કારીગર-કર્મચારીઓને ભારત સરકારના બોનસ અધિનિયમ ૧૯૬૫ (સુધારો ૧૯૮૯/૧૯૮૫) મુજબ સને ૧૯૮૯-૯૦ ના હિસાબી વર્ષ મુજબ તેમની કુલ કમાણીના ૧૨.૭૫ ટકા બોનસ તા. ૭-૧૦-૧૯૯૦ ના રોજ ચુકવી આપવામાં આવેલ છે.

(૨) જે કારીગર-કર્મચારીઓએ મહેતા શિલ્ક મિલ પ્રા લિ, ચીંખલી રોડ, બીલીમોરામાં સને ૧૯૮૯-૯૦ ના હિસાબી વર્ષ દરમ્યાન કામ કર્યુ હશે, પરંતુ હાલમાં નોકરી ઉપર ન હોય, તેવા કારીગર-કર્મચારીઓએ મેનેજમેન્ટને સિલ્ક મિલ વર્કર્સ યુનિયન, બીલીમોરા મારફતે અરજી કર્યેથી એક માસમાં બોનસની ચુકવણી કરવામાં આવશે, આવી અરજી કરવાનો સમય બોનસ ચુકવ્યાની તારીખથી ૬ (છ) માસ સુધીનો રહેશે, ત્યારબાદ આવેલ અરજી ઉપર ધ્યાન આપવામાં આવશે નહિં.

(૩) ઉપરોક્ત સમાધાન બોનસ ચુકવણી અધિનિયમ ૧૯૬૫ ની જોગવાઈઓ અનુસાર તથા ભારત સરકારે પ્રગટ કરેલ બોનસ સુધારો ૧૯૮૦ તથા ૧૯૮૫ ના આધારે કરવામાં આવેલ છે.

સહી
તા. ૧૦-૧૦-૧૯૯૦
વલસાડ

સહી
(ધીરૂભાઈ પી. શાહ)
જનરલ મેનેજર,
મહેતા સિલ્ક મિલ્સ પ્રા. લિ.
ચીખલી રોડ, બીલીમોરા.

INDEX

તા. ૧૦-૧૦-૧૯૯૦.
વલસાડ

(ધનસુખલાલ એન. વીમર)
જનરલ સેક્રેટરી,
સિલ્ક મિલ્સ વર્કર્સ યુનિયન,
બીલીમોરા

અમદાવાદ
તા. ૧૨-૧૧-૯૦

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

સને-૧૯૪૬ ના ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ૬/ખ/શમક/૨૭૨૩૨ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ- ૫૮(૧) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૬૫થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું વીર ફેબ્રીક્સ, આંતલીઆ (વા.યા. બીલીમોરા, અને સીલ્ક મીલ વર્કસ યુનિયન, બીલીમોરા સમાધાન અધિકારીશ્રી ડી. કે. પટેલની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન-૧૯૯૦ના નવેમ્બર માસના ૧૨ માં દિને, આથી નોંધ કરું છું.

સમાધાન-ખત

મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારો, ૧૯૪૬ અન્વયે

કેસ નંબર-બી. આઈ. આર. સી. ૨૧૪/૯૦.

પક્ષકારાનાં નામો

શ્રી ધીરજલાલ સી. ટોપીવાલા, સંસ્થાનાં પ્રતિનિધિ
મેનેજર, વીર ફેબ્રિક્સ, જી. આઈ. ડી સી.
આંતલીઆ, (વાયા-બીલીમોરા)

શ્રી ચીમનલાલ આર ધીમર, યુનિયન પ્રતિનિધિ
સેક્રેટરી, સિલ્ક મીલ વર્કસ યુનિયન,
કેર/મજુર મહાજન સંઘ,
ફીડર રોડ, પો. બો. નં. ૬૫, બીલીમોરા.

કેસની ટુંકી વિગત

વીર ફેબ્રિક્સ, જી. આઇ. ડી. સી, આંતલીઆમાં કામ કરતા કારીગરો વતી સિલ્ક મીલ વર્કસ યુનિયન, બીલીમોરા કે, જે ગણદેવી તાલુકાનાં રેશમ કાપડ ઉદ્યોગનાં કારીગરોનું પ્રતિનિધિત્વ-ધરાવતા માન્ય યુનિયને તા. ૩૦-૮-૯૦ નાં રોજ સને-૧૯૮૯/૯૦ના વર્ષનું બોનસ દિવાળી પહેલાં આપવા 'એ' ફોર્મમાં નોટીસ ઓફ ચેઇન્જ આપી હતી, તે અંગે કોઈ સમાધાન ન થતાં યુનિયને તારીખ ૧૦-૯-૯૦ નાં રોજ સમાધાનકારશ્રી, વલસાડને ફોર્મ 'એન' માં નોટીસ આપેલ, જેને તા. ૧૪-૯-૯૦નાં રોજ સુનાવણી રાખવામાં આવેલ, જેમાં બંને વચ્ચે આજરોજ નીચે મુજબની શરતોએ સમાધાન થયેલ છે.

શરતો

(૧) વીર ફેબ્રિક્સ, જી. આઈ. ડી. સી. આંતલીઆમાં કામ કરતાં તમામ કારીગર-કર્મચારીઓને ભારત સરકારનાં બોનસ અધિનિયમ ૧૯૬૫ (સુધારો ૧૯૮૦-૧૯૮૫) મુજબ સને-૧૯૮૯-૯૦નાં હિસાબી વર્ષ મુજબ તેમની વાર્ષિક કમાણીનાં ૮.૩૩ ટકા બોનસ તારીખ ૨૭-૯-૯૦ ના રોજ મેનેજમેન્ટ તરફથી ચુકવી આપવું.

(૨) જે કારીગર-કર્મચારીઓ હાલમાં કામ ઉપર છે તેઓને ઉત્પાદનની પ્રક્રિયામાં વેગ આવે તેવા શુભ હેતુથી તેનાં પ્રોત્સાહન રૂપે ૬.૬૭ ટકા બોનસ દશેરા પહેલાં તા. ૨૭-૯-૯૦ નાં રોજ ચુકવી આપવું.

(૩) જે કારીગર-કર્મચારીઓએ વીર ફેબ્રિક્સ, આંતલીઆમાં એપ્રિલ-૮૯ થી માર્ચ-૧૯૯૦ નાં દરમ્યાન કામ કર્યું હશે, પરંતુ હાલમાં નોકરી ઉપર ન

હોય, તેવા કારીગર-કર્મચારીઓએ મેનેજમેન્ટને સિલ્ક મીલ વર્કર્સ યુનિયન, કે/મજુર મહાજન સંઘ, બીલીમોરા મારફતે અરજી કર્યેથી એક માસમાં બોનસની ચુકવણી કરવામાં આવશે, આવી અરજી કરવાનો સમય બોનસ ચુકવવાની તારીખથી ૬ માસ સુધીનો રહેશે. ત્યારબાદ આવેલ અરજી ઉપર ધ્યાન આપવામાં આવશે નહિં.

(૪) ઉપરોકત સમાધાન બોનસ ચુકવણી અધિનિયમ ૧૯૬૫ ની જોગવાઇઓ અનુસાર તથા ભારત સરકારે પ્રગટ કરેલ બોનસ સુધારો ૧૯૮૦ તથા ૧૯૮૫ નાં આધારે કરવામાં આવેલ છે.

વલસાડ. તા. ૨૬-૯-૯૦

(ધીરજલાલ શ્રી ટોપીવાલા)
મેનેજર,
વીર ફેબ્રિકસ, જી. આઇ. ડી. સી.
આંતલીઆ, (વા. બીલીમોરા)
સહી

(ચીમનલાલ આર. ધીમર)
સેક્રેટરી,
સિલ્ક મીલ વર્કર્સ યુનિયન,
બીલીમોરા.

સમાધાનકાર,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-૧૯૪૬,
વલસાડ

સહી
આર. કે. પરમાર.
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ,
અમદાવાદ.

અમદાવાદ.
તા. ૧૨-૧૧-૯૦.

INDEX

સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૨૩૫ આરયુ/સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૬૫ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું મોર્ડન સિલ્ક ફેકટરી, અમદાવાદ અને મીલ મજદુર સભા, અમદાવાદ સમાધાન અધિકારીથી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન-૧૯૯૦ ના નવેમ્બર માસના ૧૨ દિને, આથી નોંધ કરું છું.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, સને ૧૯૪૬ ની
કલમ-૫૮ (૧) અન્વયેનાં

સમાધાનનું મેમોરેન્ડમ

સમાધાનકારશ્રી બી. બી. ઠાકર સાહેબ. અમદાવાદ સમક્ષ

બી. આર. સી. કેસ નંબર ૩૪૦/૧૯૯૦

પક્ષકારનાં નામ

શ્રી લાલચંન્દ્ર મોદી. માલિકોના પ્રતિનિધિ

મેનેજરશ્રી,

મોર્ડન સિલ્ક ફેકટરી પ્રા. લી.,
નિકોલ રોડ.
ઠક્કર બાપાનગર,
અમદાવાદ.

શ્રી શ્યામુરાય ગોરખરાય (૧) કામદારોનાં પ્રતિનિધિ
મંત્રી,
મીલ મજદુર સભા,
રાજપુર ટોલનાકે,
અમદાવાદ.

INDEX

વિવાદની ટુંકી વિગતો

મીલ મજદુર સભા કે જે અમદાવાદ શહેરનાં સ્થાનિક વિસ્તારની બહાર આવેલ સિલ્ક ઉદ્યોગમાં બી. આઈ. આર. એક્ટ ૧૯૪૬ અનુસાર પ્રતિનિધિત્વ ધરાવતાં અને માન્યતા પામેલાં યુનિયન તરીકે છે. તેણે સંસ્થાનાં સંચાલકોને તારીખ ૨૧-૯-૧૯૯૦ ના રોજ નમુના 'એલમાં' નોટીસ ઓફ ચેઈન્જ આપી, સંસ્થામાં કામ કરતાં કામદારો અને કર્મચારીઓને સને ૧૯૮૬-૧૯૮૯-૯૦ ના હીસાબી વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવાની માંગણીઓ કરી હતી.

આ મગાંણી બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર ન થઈ શકવાથી યુનિયને તેમની તારીખ ૧-૧૦-૯૦ નાં રોજ નમુના એન માં સમાધાનકારશ્રી, અમદાવાદને અહેવાલ મોકલી આપેલ હતો જે સમાધાનકારશ્રીને મળતાં, સમાધાનકારશ્રી, અમદાવાદનો પત્રકમાં તારીખ ૫-૧૦-૧૯૯૦ ના રોજ નોંધાવવામાં આવેલ હતો.

ત્યારબાદ સમાધાનકારશ્રી. અમદાવાદે પક્ષકારોને સમાધાન માટે તારીખ ૧૫-૧૦-૯૦ નાં રોજ રૂબરૂ બોલાવેલાં. તેજ દિવસે પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એક્ટ, ૧૯૪૬ ની કલમ-૫૮ (૧) અનુસાર નીચે જણાવેલ શરતોએ સુખદ સમાધાન થવા પામેલ છે.

સમાંધાનની શરતો

(૧) કંપનીમાં કામ કરતાં કામદારો પૈકી જે કામદારોએ તારીખ ૧-૪-૧૯૮૯ થી તારીખ ૩૧-૩-૧૯૯૦ નાં હિસાબી વરસ દરમ્યાન કંપનીમાં કામ કર્યું હશે તેવા કામદારોને કંપની સદર હિસાબી વરસની કુલ કમાણીનાં ૮.૩૩ ટકા લેખે બોનસ એક્ટ મુજબ બોનસ ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે.

(૨) સદર હિસાબી વરસનાં બોનસ માટે હક્કદાર થાય છે તેવા કામદારો પૈકી જો કામદારો હાલમાં કંપનીની નોકરીમાં નહીં હોય અગર નોકરી છોડીને ચાલ્યાં ગયાં હશે તેવા કામદારો તરફથી અરજી મળેથી એક માસમાં સદર બોનસની રકમ ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે.

(૩) સદર બોનસની રકમ કામદારોને તારીખ ૧૬-૧૦-૧૯૯ સુધીમાં ચુકવી દેવામાં આવશે.

INDEX

આ સમાધાન તમામ પક્ષકારોએ સમજી વિચારીને, વાંચી વંચાવીને કોઈપણ જાતનાં દબાણ વગર રાજીખુશીથી કરેલ છે અને તેનો ચુસ્તપણે અમલ કરતા સંમત થાય છે. આ સમાધાન ફુલ એન્ડ ફાઈનલ છે.

લક્ષ્યચંન્દ્ર મોદી
મેનેજરશ્રી,
મોડર્ન સિલ્ક ફેક્ટરી
પ્રા. લી., નિકોલ રોડ.
ઠક્કર બાપાનગર,
અમદાવાદ.

શ્રી સ્યાસુરાય ગોરખરાય
મંત્રી
મીલ મજદૂર સભા.
રાજપુર ટોલનાકા,
અમદાવાદ.

અમદાવાદ: તા. ૧૫-૧૦-૧૯૯૦.

મારી રૂબરૂ
(બી. બી. ઠાકર)
સમાધાનકારશ્રી, અમદાવાદ
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
૧૯૪૬ ગુજરાત રાજ્ય.

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ
તા. ૧૨-૧૧-૯૦

INDEX

સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંકઃખઃશ્રમકઃ૨૭૨૩૪ઃઆરજુઃસન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮(૧) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રુએ.

હું સોવીરાણા ટેક્ષટાઈલ અમદાવાદ અને મીલ મજદુર સભા, અમદાવાદ સમાધાન અધિકારાશ્રી બી.બી. ઠાકરની દરમ્યાનગીરાથી થયેલ નીચે મુજબની પતાવટની સનઃ ૧૯૯૦ના નવેમ્બર માસના ૧૨મા દિને, આથી નોંધ કરું છું.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, સને ૧૯૪૬ની

કલમ-૫૮(૧) અન્વયેનાં

સમાધાનનું મેમોરેન્ડમ

સમાધાનકારશ્રી બી. બી. ઠાકર સાહેબ, અમદાવાદ સમક્ષ.

બી. આર. સી. કેસ નંબર ૩૪૨/૧૯૯૦.

પક્ષકારોનાં નામ

શ્રી ભાલચન્દ્ર મોદી, (૧) માલીકોનાં પ્રતિનિધિ
મેનેજરશ્રી,
જે. કે. સોવીરાના ટેક્ષટાઈલ ઈન્ડ.
પ્રાઈવેટ લીમીટેડ,
નિકોલ રોડ,
ઠકકરબાપાનગર,
અમદાવાદ.

શ્રી શ્યામસુરાય ગોરખરાય (૨) કામદારોનાં પ્રતિનિધિ
મંત્રી,
મીલ મઝદુર સભા,
રાજપુર ટોલનાકા,
અમદાવાદ.

વિવાદની ટુંકી વિગતો

મીલ મઝદુર સભા કે જે અમદાવાદ શહેરનાં સ્થાનિક વિસ્તારની બહાર આવેલ સીલ્ક ઉદ્યોગમાં બી. આઈ. આર. એક્ટ, ૧૯૪૬ અનુસાર પ્રતિનિધિત્વ

INDEX

ધરાવતાં અને માન્યતા પામેલાં યુનિયન તરીકે છે. તેણે સંસ્થાનાં સંચાલકોને તારીખ ૨૧-૯-૧૯૯૦નાં રોજ નમુના એલમાં નોટીસ ઓફ ચેઈન્જ આપી, સંસ્થામાં કામ કરતાં કામદારો અને કર્મચારીઓને સને ૧૯૮૯-૧૯૮૯-૯૦ ના હીસાબી વરસનું ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવાની માંગણીઓ કરી હતી.

આ માંગણી બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર ન થઈ શકવાથી યુનિયને તેમનાં તારીખ ૧-૧૦-૧૯૯૦નાં રોજ નમુના એનમાં સમાધાનકારશ્રી, અમદાવાદને અહેવાલ મોકલી આપેલ હતો. જે સમાધાનકારશ્રીને મળતાં, સમાધાનકારશ્રી, અમદાવાદનો પત્રકમાં તારીખ ૫-૧૦-૧૯૯૦નાં રોજ નોંધવામાં આવેલ હતો.

ત્યારબાદ સમાધાનકારશ્રી, અમદાવાદે પક્ષકારોને સમાધાન માટે તારીખ ૧૫-૧૦-૯૦નાં રોજ રૂબરૂ બોલાવેલાં. તેજ દિવસે પક્ષકારો વચ્ચે બી.આઈ. આર. એક્ટ, ૧૯૪૬ની કલમ-૫૮(૧) અનુસાર નીચે જણાવેલ શરતોએ સુખદ સમાધાન થવા પામેલ છે.

સમાધાનની શરતો

(૧) કંપનીમાં કામ કરતાં કામદારો પૈકી જે કામદારોએ તારીખ ૧-૪-૧૯૮૯ થી તારીખ ૩૧-૩-૧૯૯૦નાં હીસાબી વરસ દરમીયાન કંપનીમાં કામ કર્યું હશે તેવા કામદારોને કંપની સદર હીસાબી વરસની કુલ કમાણીના ૮.૩૩ ટકા લેખે બોનસ એક્ટ હેઠળ બોનસ ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે.

(૨) સદર હીસાબી વરસનાં બોનસ માટે હક્કદાર થાય છે તેવા કામદારો પૈકી જે કામદારો હાલમાં કંપનીની નોકરીમાં નહીં હોય અગર નોકરી છોડીને ચાલ્યાં ગયાં હશે તેવા કામદારો તરફથી અરજી મળેથી એક માસમાં સદર બોનસની રકમ ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે.

(૩) સદર બોનસની રકમ કામદારોને તારીખ ૧૬-૧૦-૧૯૯૦ સુધીમાં ચુકવી દેવામાં આવશે.

આ સમાધાન તમામ પક્ષકારોએ સમજી વિચારીને, વાંચી વંચાવીને કોઈ પણ જાતનાં દબાણ વગર રાજીખુશીથી કરેલ છે અને તેનો ચુસ્તપણે અમલ કરવા સંમત થાય છે. આ સમાધાન ફુલ એન્ડ ફાઇનલ છે.

INDEX

સહી

બાલચન્દ મોદી
મેનેજરશ્રી
જે.કે. સોનીરાના ટેક્ષટાઈલ
ઈન્ડ પ્રા. લી., નીકોલ
રોડ, ઠક્કરબાપાનગર,
અમદાવાદ.

શ્રી શ્યામુરાય ગોરખરાય
મંત્રી
મીલ મઝદુર સભા,
રાજપુર ટોલનાકા,
અમદાવાદ.

અમદાવાદ. તા. ૧૫-૧૦-૧૯૯૦.

મારી રૂબરૂ
(બી. બી ઠાકર)
સમાધાનકારશ્રી, અમદાવાદ
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ,
૧૯૪૬, ગુજરાત રાજય.

અમદાવાદ
તા. ૧૨-૧૧-૯૦

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૨૩૩ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૫૮ (૧) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૬૫ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

INDEX

હું કાઉન સીલ્ક એન્ડ રેયોન મીલ્સ, અમદાવાદ અને મીલ મજદુર સભા, અમદાવાદ સમાધાન અધિકારીશ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન-૧૯૯૦ ના નવેમ્બર માસના ૧૨ મા દિને, આથી નોંધ કરું છું.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, અને ૧૯૪૬ ની
કલમ-૫૮ (૧) અન્વયેના

સમાધાનનું મેમોરેન્ડમ

સમાધાનકારશ્રી બી. બી. ઠાકર સાહેબ, અમદાવાદ સમક્ષ
બી. આર. સી. કેસ નં. ૩૪૩-૧૯૯૦

પક્ષકારોના નામ

(૧) માલીકોનાં પ્રતિનિધિ

શ્રી બાલચન્દ મોદી,
મેનેજરશ્રી,
કાઉન સીલ્ક એન્ડ રેયોન
મીલ્સ પ્રા. લી.,
નિકોલ રોડ,
ઠક્કરબાપાનગર,
અમદાવાદ

(૨) કામદારોનાં પ્રતિનિધિ

શ્રી શ્યામરાય ગૌરખરાય
મંત્રી,
મીલ મઝદુર સભા,
રાજપુર ટોલનાકા,
અમદાવાદ.

વિવાદની ટૂંકી વિગતો :

મીલ મઝદુર સભા કે જે અમદાવાદ શહેરનાં સ્થાનિક વિસ્તારની બહાર આવેલ સીલ્ક ઉદ્યોગમાં બી આઈ. આર. એક્ટ, ૧૯૪૬ અનુસાર પ્રતિનિધિત્વ ધરાવતાં અને માન્યતા પામેલાં યુનિયન તરીકે છે. તેણે સંસ્થાનાં સંચાલકોને તારીખ ૨૧-૯-૧૯૯૦ નાં રોજ નમુના એલમાં નોટીસ ઓફ ચેઈન્જ આપી, સંસ્થામાં કામ કરતાં કામદારો અને કર્મચારીઓને સને-૧૯૮૯-૧૯૮૯-૯૦ ના દીવાળી વરસનું ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવાની માંગણીઓ કરી હતી.

INDEX

આ માંગણી બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર ન થઇ શકવાથી યુનિયને તેમનાં તારીખ ૧-૧૦-૯૦ ના રોજ નમુના એન.માં સમાધાનકારશ્રી, અમદાવાદને અહેવાલ મોકલી આપેલ હતો. જે સમાધાનકારશ્રીને મળતાં, સમાધાનકારશ્રી, અમદાવાદના પત્રકમાં તારીખ ૫-૧૦-૧૯૯૦ નાં રોજ નોંધવામાં આવેલ હતો.

ત્યારબાદ સમાધાનકારશ્રી, અમદાવાદે પક્ષકારોને સમાધાન માટે તારીખ ૧૫-૧૦-૯૦ નાં રોજ રૂબરૂ બોલાવેલાં. તેજ દિવસે પક્ષકારો વચ્ચે બી. આઇ. આર. એક્ટ, ૧૯૪૬ ની કલમ-૫૮ (૧) અનુસાર નીચે જણાવેલ શરતોએ સુખદ સમાધાન થવા પામેલ છે.

સમાધાનની શરતો

(૧) કંપનીમાં કામ કરતાં કામદારો પૈકી જે કામદારોએ તારીખ ૧-૪-૧૯૮૯ થી તારીખ ૩૧-૩-૧૯૯૦ ના હીસાબી વરસ દરમીયાન કંપનીમાં કામ કર્યું હશે તેવા કામદારોને કંપની સદર હીસાબી વરસની કુલ કમાણીનાં ૮.૩૩ ટકા લેખે બોનસ એક્ટ મુજબ બોનસ ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે.

(૨) સદર હીસાબી વરસનાં બોનસ માટે હક્કદાર થાય છે તેવા કામદારો પૈકી જે કામદારો હાલમાં કંપનીની નોકરીમાં નહીં હોય અગર નોકરી છોડીને ચાલ્યાં ગયાં હશે તેવા કામદારો તરફથી અરજી મળેથી એક માસમાં સદર બોનસની રકમ ચુકવી આપવા માટે કંપની સંમત થાય છે.

(૩) સદર બોનસની રકમ કામદારોને તારીખ ૧૬-૧૦-૧૯૯૦ સુધીમાં ચુકવી દેવામાં આવશે.

આ સમાધાન તમામ પક્ષકારોએ સમજી વિચારીને, વાંચી વંચાવીને કોઇ પણ જાતનાં દબાણ વગર રાજીખુશીથી કરેલ છે અને તેનો ચુસ્તપણે અમલ કરવા સંમત થાય છે. આ સમાધાન ફુલ એન્ડ ફાઇનલ છે.

સહી
ભાલચન્દ્ર મોદી
મેનેજરશ્રી,
કાઉન સીલ્ક એન્ડ રેયોન
મીલ્સ, નીકોલ રોડ,
ઠક્કરબાપાનગર, અમદાવાદ

સહી
શ્રી શ્યામરાવ ગોરખરા
મંત્રી
મીલ મઝદુર સભા,
રાજપુર ટોલનાકા,
અમદાવાદ.

તારીખ : ૧૫-૧૦-૧૯૯૦.
અમદાવાદ.

મારી રૂબરૂ

(બી. બી. ઠાકર)

સમાધાનકારશ્રી, અમદાવાદ
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
૧૯૪૬, ગુજરાત રાજ્ય,

અમદાવાદ

તા. ૧૨-૧૧-૯૦

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક/ખ/શ્રમક/૨૭૨૩૬ આર, યુ. સન. ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮/૧ અને સન. ૧૯૬૧-૧ મુંબઈ ઔદ્યોગિક સંબંધ ગુજરાત નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું નટવર ટેક્ષટાઈલ પ્રા. લી., વાપી અને મજુર મહાજન સંઘ વલસાડ સમાધાન અધિકારશ્રી ડી. કે. પટેલ ની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન-૧૯૯૦ના નવેમ્બર માસના ૧૨મા દિને, આથી નોંધ કરું છું.

INDEX

સમાધાન ખત

મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારો, ૧૯૪૬ હેઠળ

કેસ નંબર–બી. આઈ. આર. સી. ૧૨/૧૯૯૦,

પક્ષકારોના નામો

શ્રી નરેશ બી. દેસાઈ — માલિકના પ્રતિનિધી

મેનેજર, નટવર ટેક્ષટાઈલ પ્રો. પ્રા. લી.

૩૦૮/૨, જી. આઈ. ડી. શી. વાપી.

શ્રી ચીમનલાલ આર ધીવર — કામદારોના પ્રતિનિધી

સેક્રેટરી મજૂર મહાજનસંઘ, વલસાડ.

મજૂર મહાજનસંઘ, બિલિમોરા.

કેસની ટુંકી વિગત

મજૂર મહાજનસંઘ, વલસાડ કે જે પારડી તાલુકા હદ વિસ્તારમાં આવેલ સુતરાવ કાપડ/પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતા કારીગરોનું પ્રતિનીધીત્વ ધરાવતું અને માન્ય મહાજન છે. તેના જનરલ સેક્રેટરી ઓએ તારીખ ૩૦–૮–૯૦ ના રોજ નટવર ટેક્ષટાઈલ પ્રો. પ્રા. લી. વાપીમાં કામ કરતા કારીગરોને સને. ૧૯૮૯/૧૯૮૯–૯૦ (સંવત–૨૦૪૧) નાં વરસનું બોનસ સરકારના વટ હુકમ મુજબ તા. ૧૪–૧૦–૯૦ સુધીમાં આપવા અંગેની નોટીસ ઓફ ચેઈન્સ ફોર્મ 'એલ'માં આપી હતી. બંને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં યુનિયને તા. ૧૦–૯–૯૦ના રોજ ફોર્મ "ન" માં સમાધાનકાર શ્રી વલસાડને દરમ્યાનગીરી કરવા વિનંતી કરેલ. સમાધાનકાર શ્રી વલસાડે જરૂરી વપાસણી કર્યા પછી તા. ૧૪–૯–૯૦ના રોજ નોંધણી રજીસ્ટ્રારમાં નોંધવામાં આવેલ. ત્યારબાદ બંને પક્ષકારોને ઉપરોક્ત કેસની સુનાવણી અંગે તા. ૧૯–૯–૯૦, તા. ૨૬–૯–૯૦, તા. ૩–૧૦–૯૦ તથા તા. ૧૦–૧૦–૯૦ સુધી જુદી જુદી મુદતોએ બોલાવવામાં આવેલ, જેમાં આજે તા. ૧૦–૧૦–૯૦ ના રોજ બંને પક્ષકારો વચ્ચે બી. આઈ. આર. એકટની કલમ ૫૯ (૧) હેઠળ નીચેની શરતોએ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

૧. બંને પક્ષકારો સંમત થાય છે કે સને. ૧૯૮૯/૧૯૮૯–૯૦ (સંવત ૨૦૪૬) ના હિસાબી વર્ષ માટે સંસ્થામાં કામ કરતા કામદારો–કર્મચારીઓને સને. ૧૯૬૫ ના બોનસ ચુકવણી અધિનિયમની આધીન રહી જે કામદાર કર્મચારીઓ હાલમાં નોકરીમાં ચાલુ હોય તેવા કામદાર કર્મચારીઓએ તેઓએ

INDEX

કમાએલ પગાર અને મોંઘવારી ભથ્થાની રકમના ૮.૩૩ ટકા જેટલુ બોનસ આપશે. આ રકમની ચુકવણી તા. ૨૫-૧૦-૯૦ ના રોજ કરવામાં આવશે.

૨. જે કારીગર કર્મચારીઓએ નટવર ટેક્ષટાઈલ પ્રા. પ્રા. લી. વાપીમાં અને. ૧૯૮૯/૧૯૮૯-૯૦ (સંવત ૨૦૪૬) ના હિસાબી વર્ષ દરમ્યાન કામ કર્યું હશે પરંતુ હાલમાં નોકરી ઉપર ન હોય તેવા કારીગર-કર્મચારીઓને મેનેજમેન્ટને અરજી કર્યેથી એક માસમાં બોનસની ચુકવણી કરવામાં આવશે. આવી અરજી આવી અરજી કરવાનો સમય બોનસ ચુકવવાનો તારીખથી ૭ માસ સુધીની રહેશે.

૩. ઉપરોક્ત સમાધાન બોનસ ચુકવણી ધારો ૧૯૬૫ની જોગવાઈઓ તથા ભારત સરકારના બોનસ ૧૮ હુકમના આધારે કરવામાં આવ્યું છે.

બીલીમોરા, તા. ૧૦-૧૦-૧૯૯૦.

નરેશ બી. દેસાઈ
મેનેજર
નટવર ટેક્ષટાઈલ પ્રા. પ્રા. લી.
વાપી.

વલસાડ.
તા. ૧૦-૧૦-૧૯૯૦.

સેક્રેટરી
મજુર મહાજનસંઘ, વલસાડ.
સમાધાનકાર,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-૧૯૪૬,
વલસાડ.

અમદાવાદ તા. ૧૨/૧૧/૯૦

(આર. કે. પરમાર)
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસૂચના સહાયક શ્રમ નિબંધક દ્વારા,

ક્રમાંક :ખ/શ્રમક/૨૭૨૩૭ આરયુ/સને-૧૯૪૬ મુંબઈ નાં ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૫૮(૧) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ-૬૫ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું એક્ષલ સ્પીનર્સ પ્રા. લી., વાપી અને મજુર મહાજન સંઘ, બીલીમોરા સમાધાન અધિકારીશ્રી ડી. કે. પટેલની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સનઃ૧૯૯૦ના નવેમ્બર માસના ૧૨મા દિને, આથી નોંધ કરું છું.

સમાધાન ખત.

મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારો, ૧૯૪૬ અન્વયે.

કેસ નં.-(બી. આઈ. આર. સી) ૧૬/૧૯૯૦

પક્ષકારોના નામો

શ્રી. વિક્રમસિંહ જે. ઝાલા,

મેનેજર, એક્ષલ સ્પીનર્સ પ્રા, લિ.,

જી આઈ. ડી. સી. વાપી. સંસ્થાના પ્રતિનિધિ

શ્રી ચીમનલાલ આર. વેવર,

સેક્રેટરી, મજુર મહાજન સંઘ, વલસાડ,

કેર/મજુર મહાજન સંઘ, બીલીમોરા. યુનિયનના પ્રતિનિધિ

કેસની ટૂંકી વિગત.

એક્ષલ સ્પીનર્સ પ્રા. લિ. જી.આઈ.ડી.સી. વાપીમાં કામ કરતા કારીગરો વતી મજુર મહાજન સંઘ, વલસાડ કે, જે પારડી તાલુકા હદ વિસ્તારમાં આવેલ સુતરાઉ કાપડ/પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતાં કારીગરોનું પ્રતિનિધિત્વ ધરાવતુ અને માન્ય યુનિયન છે. તેના જનરલ સેક્રેટરીએ તા. ૩૦-૮-૯૦ના રોજ એક્ષલ સ્પીનર્સ પ્રા. લિ., વાપીમાં કામ કરતાં કારીગરોને સને ૧૯૮૯-૯૦ ના વર્ષનું બોનસ ભારત સરકારના વટ હુકમ મુજબ દિવાળી પહેલાં આપવા ફોર્મ "એલ" માં નોટીસ ઓફ ચેઇન્જ આપી હતી. બંને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં યુનિયને તારીખ ૧૦-૯-૯૦ના રોજ ફોર્મ "એન"માં સમાધાનકારશ્રી, વલસાડને

INDEX

દરમ્યાનગીરી કરવા વિનંતી કરેલ. સમાધાનકારશ્રી, વલસાડે જરૂરી તપાસણી કર્યા પછી તા. ૧૪-૯-૯૦ના રોજ નોંધણી રજીસ્ટરમાં નોંધવામાં આવેલ. ત્યાર બાદ બંને પક્ષકારોને ઉપરોક્ત કેસની સુનાવણી તા. ૧૯-૯-૯૦, તા. ૨૧-૯-૯૦, તા. ૩-૧૦-૯૦, તા. ૧૦-૧૦-૯૦ તથા તા. ૧૨-૧૦-૯૦ની જુદી જુદી મુદતોએ બોલાવવામાં આવેલ. જેમાં આજ રોજ તા. ૧૨-૧૦-૯૦ના રોજ બંને પક્ષકારો વચ્ચે બી આઈઆર.એક્ટ ૧૯૪૬ની કલમ ૫૯(૧) હેઠળ નીચેની શરતોએ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) એક્ષલ સ્પીનર્સ પ્રા. લિ, જી.આઈ.ડી.સી. વાપીમાં કામ કરતા તમામ કારીગર-કર્મચારીઓએ અને ૧૯૮૯-૯૦ના હિસાબી વર્ષ દરમ્યાન કામ કર્યું હશે તેવા તમામ કારીગર-કર્મચારીઓને ભારત સરકારના બોનસ કાયદો (સુધારો ૧૯૮૦/૧૯૮૫) મુજબ સને ૧૯૮૯-૯૦ની કુલ કમાણીના ૯ ટકા જેટલું બોનસ (પગાર+મોંઘવારી) આજરોજ તા. ૧૨-૧૦-૧૯૯૦ના રોજ ચૂકવી આપવામાં આવશે.

(૨) જે કારીગર-કર્મચારીઓએ એક્ષલ સ્પીનર્સ પ્રા. લિ., વાપીમાં સને ૧૯૮૯-૯૦ના હિસાબી વર્ષ દરમ્યાન કામ કર્યું હશે, પરંતુ હાલમાં નોકરી ઉપર ન હોય તેવા કારીગર-કર્મચારીઓએ મજુર મહાજન સંઘ, વલસાડ મારફતે મેનેજમેન્ટને અરજી કરવાની રહેશે, અને અરજી કર્યા બાદ એક માસમાં બોનસની ચૂકવણી કરવામાં આવશે. આવી અરજી બોનસ ચૂકવવાની તારીખથી ૬ (છ) માસમાં કરવાની રહેશે. ત્યારબાદ કરવામાં આવેલ અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

(૩) ઉપરોક્ત સમાધાન બોનસ ચૂકવણી ધારો ૧૯૬૫ની જોગવાઈઓ તથા ભારત સરકારે જાહેર કરેલ બોનસ સુધારા-વધારા ૧૯૮૦/૧૯૮૫ના આધારે કરવામાં આવેલ છે.

સહી

વલસાડ તા. ૧૨-૧૦-૧૯૯૦. (વિક્રમસિંહ જે. ઝાલા)

મેનેજર,
એક્સલ સ્પીનર્સ પ્રા. લિ.,
જી. આઈ. ડી. સી., વાપી.

INDEX

વલસાડ તા. ૧૨-૧૦-૧૯૯૦.

(ચીમનલાલ આર. ત્રીવર)
સેક્રેટરી,
મજુર મહાજન સંઘ, વલસાડ.

સમાધાનકાર
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ
અમદાવાદ.

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૨-૧૧-૯૦
અમદાવાદ

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬/ખ/શમક/૨૭૨૫૫ આર.યુ. સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન અને અવની અંડરવેઅર્સ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સને. ૧૯૮૦ માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.
શ્રી. આર. એલ. શુકલ, સભ્ય સમક્ષ.
રેફર-સ (આઈ. સી.) નં. ૭૮/૮૯.

INDEX

અખિલ ગુજરાત હોઝીયરી
કામદાર યુનિયન, અમદાવાદ.   પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

અવની અંડરવેઅર્સ, અમદાવાદ.   બીજા પક્ષકાર

સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી બોનસની રકમ આપવા અંગે.

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કોર્પોરેશનને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી બોનસની રકમ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપ્યા બાદ સમાધાનકાર, અમદાવાદે આપેલ નિષ્ફળતાના પ્રમાણપત્ર બાદ મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ-૭૩(એ) અન્વયે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૭ ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ રેફરન્સના કામે કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ હોઈ હવે તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઇ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. અને એ રીતે સદરહુ રેફરન્સ કેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(આર. એસ. શુક્લ)
સભ્ય, ઔદ્યોગિક અદાલત, અમદાવાદ.

જી. જે. દવે
રજીસ્ટ્રાર, અમદાવાદ.
તા. ૪-૧૦-૧૯૯૦.

INDEX

અમદાવાદ (આર. કે. પરમાર)

તા. ૪/૧૨/૯૦ સહાયક સંઘ નિબંધક,

મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : અ/શમક : ૨૭૨૫૬ આર.યુ. સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રુએ,

હું અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન અમદાવાદ અને રાહુલ નીટવેર કું. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સન. ૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.
શ્રી. આર એસ. શુક્લ, સભ્ય સમક્ષ
રેફરન્સ (આઈ. સી.) નં. ૬૧/૮૯.

અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન,
અમદાવાદ. ...પ્રથમ પક્ષકાર.

વિરુદ્ધ

રાહુલ નીટવેર કું, અમદાવાદ. ..બીજા પક્ષકાર.

સને ૧૯૮૭/૧૯૮૭ ૮૮ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી બોનસની રકમ આપવા અંગે.

INDEX

ચુકાદો

૧ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કંપનીને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઇન્સેન્ટીવ તેમજ એ.વરટાઈમના પગાર-માંથી પણ બોનસની રકમ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપ્યા બાદ સદરહુ કામમાં સમાધાનકાર, અમદાવાદે નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપ્યા બાદ પ્રથમ પક્ષકાર યુનિયને બી. આઈ. આર. એકટની કલમ-૭૩(એ, અન્વયે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૮નો પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ કામમાં કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ હોઈ હવે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા ઈચ્છતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે સદરહુ રેફરન્સ ફેસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(આર, એસ. શુકલ)

સભ્ય, ઔદ્યોગિક અદાલત, અમદાવાદ.

જી. જે. દવે

રજીસ્ટ્રાર, અમદાવાદ.

તા. ૨૮-૯-૯૦

અમદાવાદ

તા. ૪-૧૨-૯૦

સહી

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક શ્રમ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૨૫૧ આરયુ/સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૫૮ (૧) અને સને ૧૯૬૨ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૬૫ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ચીતલ નાગરીક સહકારી, બેંક લી, ચિતલ, અને ગુજરાત બેંક વર્કસ યુનિયન, અમરેલી, સમાધાન અધિકારીશ્રી કે. એ. પીરઝાદાની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન-૧૯૯૦ ના ડીસેમ્બર માસના ૪ થા દિને. આથી નોંધ કરું છું.

સમાધાનકારશ્રી, અમરેલી સમક્ષ,

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ હેઠળનું

સમાધાન

કેસ નં. ૬/૦૧૭

પક્ષકારોના નામ

મેનેજર ચિતલ નાગરીક સહકારી બેંક લી. ચિતલ	માલીકોના પ્રતિનિધિઓ
મંત્રી, ગુજરાત બેંક વર્કસ યુનિયન અમરેલી.	કામદારોના પ્રતિનિધિઓ

કેસની ટુંકી વિગત

તા. ૨૫-૫-૯૦ ના રોજ બેંક ઉદ્યોગ માટે અમરેલી જીલ્લાના સ્થાનિક વિસ્તારમાં પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતા ઉપરોકત મંડળે નમુના 'એલ' માં ઉપરોકત સંસ્થાના વ્યવસ્થાપકોને ખાસ પગાર, મોંઘવારી ભથ્થુ, ઘર ભાડુ, મેડીકલ ભથ્થુ, ધોલાઈ ભથ્થુ અને નોકરીની અન્ય શરતો અંગેની માંગણી રજૂ કરતી ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે સમાધાન નહિ થઈ શકવાથી સદરહુ મંડળે તા. ૧૩-૬-૯૦ ના રોજ સમાધાનકારને નમુના 'એન' માં અહેવાલ મોકલી આપ્યો હતો. જે તા ૧૪-૬-૯૦ ના રોજ સમાધાનકારને મળ્યો હતો અને તા. ૨૫-૬-૯૦ ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામો આવ્યો હતો. સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી જે બાબતોવધાન બંને પક્ષકારોની સંમતિથી મુલત્વી રાખવામાં આવી હતી તે તા ૨૯-૬-૯૦ થી તા. ૧૦-૧૦-૯૦ સુધી ચાલી હતી. જેમાંની કેટલીક તારીખે બંને પક્ષો

INDEX

વચ્ચે મુંબઇ ઔધોગિક સબંધંક અધિનિયમ ૧૯૪૬ ના કલમ ૫૮ (૧) મુજબ આ જોડેલ પરિશિષ્ટ મુજબ સમાધાન થયેલ છે.

ચિતલ નાગરીક બેંકના કર્મચારીઓના સમાધાનનું પરિશિષ્ટ

પગાર ધોરણ :-

૧. (૧) મેનેજર :-

૧૭૪૫ ૯૦/૫ ૧૯૨૫ ૧૧૫/૫ ૨૫૦૦ ૧૩૫/૫ ૩૧૭૫ ૧૫૦/૫ ૩૯૨૫ ૧૬૫/૪ - ૪૫૮૫

(૨) આસિસ્ટન્ટ મેનેજર :-

૧૩૭૫ ૯૦/૫ ૧૮૨૫ ૧૧૫/૫ ૨૪૦૦ ૧૩૫/૫ ૩૦૭૫ ૧૫૦/૫ ૩૮૨૫ ૧૬૫/૪ - ૪૪૮૫

(૩) નોન સબોર્ડીનેટ સ્ટાફ :-

૯૧૫ ૩૫/૧ ૯૫૦ ૪૫/૪ ૧૧૩૦ ૫૫/૩ ૧૨૯૫ ૬૫/૨ ૧૪૨૫ ૮૦/૫ - ૧૮૨૫ ૯૫/૩ ૨૧૧૦ ૧૦૫/૪ ૨૫૩૦

(૪) સબોડીનેટ સ્ટાફ :-

૭૬૦ ૨૯/૪ ૮૯૨ ૪૦/૫ ૧૦૯૨ ૫૦/૪ ૧૨૯૨ ૭૦/૫ ૧૬૪૨ ૯૫/૫ ૨૧૧૭

(૨) મોંઘવારી ભથ્થુ :-

મોંઘવારી ભથ્થુ વર્કીંગ કન્ઝ્યુમર્સ પ્રાઈસ ઈન્ડેક્સ-૧૯૬૦-૧૦૦ સાથે સાંકળવું અને મોંઘવારી ભથ્થુ દર ત્રણ માસનાં સરેરાશ આંક પર આપવું.

ફેબ્રુઆરી ૧૯૯૦ મહીનાનો ભાવંક કાઢવો હોય તો ઓક્ટોબર નવેમ્બર ડીસેમ્બર-૧૯૮૯ નાં કન્ઝ્યુમર્સ પ્રાઈસ ઈન્ડેક્સના આંકડા લઈ તેની સરાસરી

INDEX

કાઢી તેમાંથી ૬૦૦ પોઈન્ટબાદ કરી જે પોઈન્ટ આવે તેને ૪ વડે ભાગતા કુલ સ્લેબ મળે.

અને જેટલા સ્લેબ આવે તે દરેક સ્લેબના ૦,૬૭% લેખે મોંઘવારી ગણવી સબોર્ડીનેટ સ્ટાફને પણ આજ નિયમ લાગુ પડશે.

દા. ત. :

ઓક્ટોબર	૧૯૮૯ નો ભાવંક :	૮૬૭
નવેમ્બર	૧૯૮૯ નો ભાવંક :	૮૬૭
ડીસેમ્બર	૧૯૮૯ નો ભાવક :	૮૬૧
ત્રણ માસનો કુલ ભાવાંક		૨૫૯૫

સરાસરી ભાવાંક ૨૫૯૫ + ૩ = ૮૬૫

૮૬૫ − ૬૦૦ = ૨૬૫

૨૬૫ + ૪ = ૬૬ સ્લેબ થાય.

આવેલ ૬૬ સ્લેબને ૦,૬૭ વડે ગુણતા ફેબ્રુઆરી-માર્ચ અને એપ્રિલ ત્રણ માસ માટે મોંઘવારી ભથ્થુ ૪૪,૨૨ ટકા થાય.

(૩) ઘરભાડુ :- દરેક કર્મચારી તેનાં મુળ પગારનાં ૧૦ ટકા પ્રમાણે ઘરભાડુ આપવામાં આવશે.

(૪) ખાસ ભથ્થાઓ :- કેશિયર-કમ-એકાઉન્ટન્ટને રૂા. ૩૦/- પ્રતિમાસ ઉપરોક્ત ભથ્થાઓ દરેક હેતુઓ માટે અને પગારની ગણત્રી માટે મુળ પગારનો ભાગ ગણાશે.

(૫) ઓફિસિયેટીંગ

ભથ્થુ-જે કોઇ કર્મચારીને ઉપલી કક્ષાનાં કર્મચારીનું કામ સોંપવામાં આવે અને તે કામ મહિના દરમિયાન સાત દિવસ કે તેથી વધુ સમય માટે કરવામાં આવે તો ઉપલી કક્ષાના જે કર્મચારીની જગ્યાએ કામ કર્યું હોય તેનાં મુળ પગારના ૧૦% અથવા આવુ કામ કરનાર કર્મચારીનાં ચાલુ મુળપગારનાં ૧૦% આ બે માંથી જે રકમ વધુ હોય તે ઓફિસિયેટીંગ ભથ્થા તરીકે આપવામાં આવશે

(૬) દૈનિક ભથ્થાં : જે કર્મચારી એકના કામે તેનાં હેડ કવાર્ટરની બહાર જાય તેને નીચે મુજબ દૈનિક ભથ્થુ આપવું.

મેનેજર રૂા. ૩૦/-
આસિ. મેનેજર રૂા. ૨૫/-
નોન સબોડીનેટ સ્ટાફ રૂા. ૨૦/-
સબોડીનેટ સ્ટાફ રૂા. ૧૫/-

દૈનિક ભથ્થુ ગણવાની રીત :

મુસાફરી શરુ કર્યાના પ્રથમ ૨૪ કલાક સુધીના સમય માટે એક દૈનિક ભથ્થું ગણાશે જ્યારે ત્યાર પછીના ૨૪ કલાક અથવા તેનાં ભાગને પુરો દિવસ ગણાશે.

જ્યારે અમરેલી જીલ્લા બહાર જવાનું થાય ત્યારે ઉપરોક્ત ધોરણથી બમણું આપવામાં આવશે અને રાજ્ય બહાર માટે ત્રણ ગણું ભથ્થું આપવું.

ટ્રેઇનીંગ દરમ્યાન નીચે મુજબ દૈનિક ભથ્થુ દરેક કર્મચારીને ચુકવવું.

મુસાફરી ભાડુ જે થાય તે ઉપરાંત લોજીંગ રુા ૫૦/- અને બોડિંગ રૂા. ૩૦ જ્યાં રહેવાની સગવડ ટ્રેઇનીંગ સેન્ટરમાં હશે અને બેંક ખર્ચ ભોગવતી હશે બોડીંગનો ચાર્જ આપવામાં આવશે નહીં પરંતુ ટ્રેઇનીંગ સેન્ટરમા રહેવાની સગવડ હોવા છતાં જો તેનો ચાર્જ કર્મચારીએ ભોગવવાનો આવે તો આ ચાર્જ બેંક કર્મચારીને ઉપરોક્ત ધોરણે ચુકવવાનો રહેશે.

(૭) તબીબી ભથ્થુ-દરેક કર્મચારીને દર માસે રુા. ૩૦/-પ્રમાણે તબીબી ભથ્થુ ચુકવવામાં આવશે.

(૮) ગણવેશ-સબોડીનેટ કક્ષાનાં કર્મચારીઓને બેંક તરફથી નીચે મુજબનાં ધોરણોએ ગણવેશ આપવામાં આવશે.

(અ) ટેરીકોટન જોડી-૨, તેમાં પેન્ટ-૨, બુશર્ટ-૨ દર એક સરકારી વર્ષ પુરૂ થયે આપવામાં આવશે જેમાં ૧ જોડીની સિલાઈ સહિતની ખર્ચ મર્યાદા રૂા. ૨૫૦/- રહેશે.

(બ) ગરમ કોટ, અને ગરમ પેન્ટ દર ત્રણ વર્ષે સરકારી વર્ષ પુરૂ થયે ઓકટોબર માસમાં આપવામાં આવશે જેમાં ૧ જોડીની સિલાઈ સહિતનાં ખર્ચની મર્યાદા રૂા. ૬૦૦/- રહેશે.

(ક) રેઈન કોટ, ટોપી સાથે દર ત્રણ વર્ષે સરકારી વર્ષ પુરુ થયેથી (જુન માસમાં) આપવામાં આવશે જેમાં, ટોપી અને રેઈન કોટનાં ખર્ચની મહત્તમ રૂા. ૧૫૦/- રહેશે ઉપરોક્ત અ અને બ ડ્રેસની સિલાઇ અમરેલી શહેરનાં કોઇ પણ બે સારા દરજી પાસેથી ભાવ મેળવીને તે રકમ ચુકવી આપવી આ માટે બિલ રજુ કરવાનો આગ્રહ રાખવામાં આવશે નહીં.

(૯) ધોલાઈ ભથ્થુ-ગણવેશ મેળવવા પાત્ર કર્મચારીને પ્રતિમાસ રૂા. ૧૫ ધોલાઈ ખર્ચ તરીકે ચુકવવામાં આવશે.

(૧૦) પ્રોવિડન્ડ ફંડ-કામદાર ભવિષ્ય નિધિ યોજના ૧૯૫૨ ના નિયમ અન્વયે દરેક કર્મચારીઓનાં પગાર ખાસ ભથ્થાં તથા મોંઘવારી ભથ્થાની રકમનાં ૧૦% આ પ્રમાણે પ્રોવિડંડ ફંડની રકમ કપાત કરવામાં આવશે અને તેટલી જ રકમનો ફાળો બેંક તરફથી આપવામાં આવશે.

(૧૧) કર્મચારી અને બેંક તરફથી કાઢવામાં આવતા ફાળાની રકમ છ દિવસની અંદર કર્મચારીના પ્રોવિડંડ ફંડ એકાઉન્ટમાં જમા કરી આ ખાતાનો વહિવટ બેંકે નિયક્ત કરેલા એક કમિટિનાં સભ્ય અને પ્રોવિડંડ કમિટિ ઉપર કર્મચારી પ્રતિનિધિઓ તરીકે નિયુક્ત કરેલા પ્રતિનિધિમાંથી એક સભ્ય એ રીતે બે સભ્યો દ્વારા કરવામાં આવશે.

બેંક અને કર્મચારીઓનાં ફાળાનાં કુલ રકમ ઉપર વ્યાજનો દર પ્રોવિડંડ ફંડ કાયદા હેઠળ સરકાર જે તે સમયે જે તે દર નક્કી કરે તે અને ૧૦ ટકાથી ઓછો નહીં તેમ રાખવામાં આવશે. આ યોજના કર્મચારીને નીચે જણાવ્યા પ્રમાણે ચુકવવામાં આવશે.

૧. બે વર્ષથી ઓછી નોકરી હોય તેને પોતાનો ફાળો અને તેની ઉપર વ્યાજ ચુકવવામાં આવશે.

૨. જે કર્મચારીએ બે વર્ષથી પાંચ વર્ષ સુધીની નોકરી કરેલ હોય તેને કર્મચારીનો પોતાનો ફાળો તથા બેંકના ફાળાના ૫૦ ટકા અને વ્યાજ ચુકવવામાં આવશે.

૩. જે કર્મચારી પાંચ વર્ષથી વધુ નોકરી કરે તેને પુરેપુર એટલે કે પોતાનો ફાળો તથા બેંકનો ફાળો તથા વ્યાજ ચુકવવામાં આવશે.

દરેક કર્મચારીને પ્રોવિડંડ ફંડમાં પોતાનો જે ફાળો હશે તેનાં ૯૦ ટકાની મર્યાદામાં રહીને નીચેના સંજોગોમાં લોન આપવામાં આવશે.

૧. કર્મચારીનાં પોતાનાં અગર તેનાં સંતાનનાં લગ્ન પ્રસંગે.

૨. મકાન ખરીદવા માટે અગર રીપેરીંગ માટે.

૩. કર્મચારીનાં કુટુંબનાં સભ્યની બિમારીની સારવાર અર્થે. ઉપરોક્ત લોન ૬૦ સરખા માસિક હપ્તામાં વ્યાજ સહિત પરત કરવાની રહેશે.

ઉપરોક્ત લોનનો વ્યાજનો દર જે તે કર્મચારીનું જે તે જગ્યાએ રોકાણ કરેલ હશે તે રોકાણમાંથી લીધેલ લોન ઉપર જે વ્યાજ ભરવાનું થશે તે લાગુ પડશે.

INDEX

અજમાયશી તથા કાયમી કરવાની રીત :-

જો કોઈ વ્યક્તિ નવા કર્મચારી તરીકે બેંકમાં અજમાયશી (પ્રોબેશન) તરીકે લેવામાં આવે ત્યારે તે કર્મચારી ૬ માસ માટે અજમાયશી તરીકે ગણાશે અને આ ૭ માસ દરમ્યાન બેંક તરફથી કાંઈ લેખિત આપવામાં ન આવે તો તેવા કર્મચારી જે તે કક્ષાનાં જે તે ગ્રેડમાં કાયમી ગણાશે.

(૧૨) ગ્રેચ્યુઈટી-કોઈપણ કર્મચારી દાખલ થયેથી ત્રણ વર્ષથી વધુ સમયની નોકરી પુરી થયે ગ્રેચ્યુઈટીને પાત્ર થશે. ગ્રેચ્યુઈટીની રકમ નોકરીનાં પ્રત્યેક પુરાં કરેલાં વર્ષ દીઠ એક પુરો પગાર જેટલી પણ વધુમાં વધુ કુલ ૨૫ પગાર આપવામાં આવશે.

જે કોઈ કર્મચારી નોકરી દરમ્યાન મૃત્યુ પામે અથવા શારીરિક અક્ષમતાને કારણે છુટા થાય ત્યારે પુરી ગ્રેચ્યુઈટીની રકમ છેલ્લા વર્ષના આખરનાં એક માસના પગાર લેખે જેટલા વર્ષની નોકરી થઈ હોય તેટલા માસનો પુરો પગાર ચુકવવામાં આવશે. ગ્રેચ્યુઈટીની ગણત્રી કરવા માટે ૨૬ દિવસનો એક માસ ગણવો.

(૧૩) ઓવર ટાઈમ-દર ૭ મહિને દરેક કર્મચારીને પોતાનાં ચલુ મુળ પગારના ૫૦ ટકાનાં દરે ઓવર ટાઈમ ચુકવવામાં આવશે. આ પગાર અર્ધ વાર્ષિક ક્લોઝીંગનાં પછીના મહિનામાં ચુકવાશે.

(૧૪) બોનસ-દરેક કર્મચારીને બેંક તરફથી સપ્ટેમ્બર માસમાં ઓછામાં ઓછુ ૮.૩૩ ટકા અને વધુમાં વધુ ૨૦ ટકા બોનસ ચુકવાશે.

(૧૫) દિવાળી એડવાન્સ-

દરેક કાયમી કર્મચારીને દિવાળી એડવાન્સ તરીકે એક પુરો પગાર વગર વ્યાજે આપવો અને આ એડવાન્સની વસુલાત દશ માસિક સરખા હપ્તામાં કરવી.

(૧૬) ફુડ ગ્રેઈન લોન-

દરેક કર્મચારીને અનાજ તેલ વગેરે જીવન જરૂરિયાતની ચીજ વસ્તુ ખરીદવા માટે રૂા. ૧૦૦૦/- વગર વ્યાજે આપવા જે માસિક હપ્તાથી વસુલ કરવામાં આવશે,

(૧૭) હાઉસીંગ લોન-

કોઈ પણ કાયમી કર્મચારી કે જેણે ત્રણ વર્ષની નોકરી પુરૂ કરેલ હોય તેને બેંકની હાઉસીંગ લોન મેળવવાને પાત્ર ગણવો. આવી લોન તેને રૂા. ૪૦,૦૦૦-/

INDEX

અથવા તો ૪૦ પુરા પગાર બે માંથી જે વધુ હોય તે આપવું. આ લોનનો વ્યાજનો દર ૮ ટકા સાદાં વ્યાજ તરીકે ગણવામાં આવશે આ લોન નીચેની વિગતે વસુલ કરવામાં આવશે

લોન લેનાર કર્મચારની બાકી રહેતી નોકરીમાંથી છેલ્લા પાંચ વર્ષ વ્યાજનાં હપ્તા માટે અનામત રાખીને બાકીનાં વર્ષોનાં માસિક સરખા હપ્તા કરવા, હપ્તાની ગણત્રી કરવા માટે ૬૦ વર્ષની વય મર્યાદા ધ્યાનમાં રાખવી.

(૧૮) રજાઓ–

હક્ક રજા :

૧૧ દિવસની નોકરી માટે (૧) એક દિવસ લેખે હક્ક રજા જમા કરવી. આવી રજા વધુમાં વધુ ૧૨૦ દિવસની રજા સંચય કરી શકાશે. કોઈ પણ કર્મચારી નિવૃત્ત થાય મૃત્યુ પામે, છટણી કરવામાં આવે અથવા સ્વૈચ્છિક નોકરીનો ત્યાગ કરે તો જે રજાઓ બેલેન્સમાં હશે તેનો પુરો પગાર ચુકવવામાં આવશે કોઈ પણ કર્મચારીને ૬૦ દિવસની રજા બેલેન્સમાં રાખીને બાકીની રજાઓનું રોકડમાં ચુકવણી કરી શકાશે.

કોઈ પણ કર્મચારી ઓછામાં ઓછા બે દિવસનો રીપોર્ટ આપ્યા વગર હક્ક રજા ભોગવી શકશે નહીં.

(૨) આકસ્મિક રજા :

પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં કર્મચારીને ૧૫ દિવસની કેઝ્યુઅલ લીવ આપવામાં આવશે રવિવાર કે રજાનાં દિવસો જો બે કેજ્યુઅલ રજાની વચ્ચે કે આગળ પાછળ આવતા હોય તો તેને કેઝ્યુઅલ રજાનાં ભાગ તરીકે ગણવાં નહીં.

ત્રણ વપરાયેલ કેઝ્યુઅલ રજાનો સંગ્રહ માંદગીની ખાસ રજા તરીકે થઈ શકશે. એક સાથે કુલ ૭ દિવસથી વધુ સળંગ નહી તેમ રવિવાર તથા રજાનાં જાહેર દિવસ આવી રજા સાથે જોડી આઠ દિવસથી વધે નહીં તેમ આવી રજા આપી શકાશે.

(૩) બિમારીની રજા :

પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં દર ૧૫ દિવસની પુરા પગારની બિમારીની રજા આપવામાં આવશે આવી રજા કર્મચારી ૨૭૫ દિવસ સુધી એકત્રિત કરી શકશે. જો કોઈ કર્મચારીનાં ખાતામાં બિમારીની રજા ન હોય તે કર્મચારીને બેન્ક અસાધારણ સંજોગોમાં વધારાની રજા જોઈતી હોય તો એક વર્ષ સુધીના અર્ધા પગારે રજા મંજુર કરવી. કોઈપણ કર્મચારી દાક્તરી પ્રમાણપત્ર રજુ કર્યા વગર

પણ બિમારીની રજા ચાર દિવસથી વધે નહીં તેટલી મેળવી શકશે. કોઈપણ કર્મચારીને બિમારીની રજા ભોગવવા માટે ઓછામાં ઓછાં બે દિવસનો રીપોર્ટ આપવો પડશે.

(૪) અન્ય રજા :

રક્તદાન તેમજ નસબંધી માટેની રજા ખાસ રજા તરીકે સરકારશ્રીનાં જે તે સમયનાં નિયમ મુજબ આપવી.

જ્યાં જ્યાં પુરા પગારનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. ત્યાં ત્યાં પુરો પગાર એટલે મુળ પગાર મોંઘવારી ભથ્થુ, ઘરભાડુ તથા અન્ય ભથ્થાનો સમાવેશ થશે.

(૧૯) લીવફેર કન્સેશન :

દરેક કાયમી કર્મચારીને ૪ વર્ષનાં બ્લોક મુજબ આવક--જાવક થઈને કુલ ૨૦૦૦/-કિ.મી સુધીના અંતરની મર્યાદામાં લીવફેરનો લાભ આપવો.

...આ યોજનાં તળે દરેક કક્ષાનાં કર્મચારી અને તેનાં કુટુંબના સભ્યોને ૨૦૦૦/-કીલો.મીટરનું રેલ્વેનાં બીજા વર્ગનું ખર્ચ ચુકવવું લીવફેરનાં હેતુ માટે કુટુંબની વ્યાખ્યામાં કર્મચારી, કર્મચારીની પત્ની તથા કર્મચારીનાં બાળકોનો સમાવેશ કરવામાં આવશે.

આ યોજના નીચે કર્મચારી ખાનગી બસ અથવા સરકારી બસો દ્વારા મુસાફરી કરી શકશે. છતાં તેના મહતમ ખર્ચની રકમ રેલ્વેનાં બીજા વર્ગના ખર્ચની મર્યાદામાં આપવામાં આવશે આ માટે કર્મચારીને મુસાફરી કર્યા અંગેનાં મુળ વાઉચરો રજુ કરવાનાં રહેશે.

રેલ્વેનાં ખર્ચની મર્યાદા જાણવા માટે સ્ટેશન માસ્તરનું સર્ટીફીકેટ માન્ય રાખવામાં આવશે.

(૨૦) વાહન લોન :

કર્મચારીની નોકરીનાં સમય ગાળા દરમ્યાન એક વખત ટુ વ્હિલર વાહન મોપેડ-સ્કુટર મોટર સાઈકલ માટેની લોન આપવામાં આવશે.

આ લોન વાહનની કિંમતનાં ૯૦% (નેવુ ટકા) અથવા રૂા. ૧૨૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે આપવામાં આવશે બાકીની ૧૦% રકમ અથવા ઘટતી રકમ જે તે કર્મચારીએ (માર્જીન મની તરીકે) અંગત રોકવાની રહેશે આવી લોનમાં વ્યાજનો દર દર વર્ષે સેંકડે ૯% રાખવામાં આવશે.

આવી લોન ૬૦ સમાન માસિક હપ્તા (વ્યાજ સહિતનાં)માં પરત કરવાની રહેશે. કર્મચારીએ ખરીદેલ વાહનનું અસલ બિલ રજુ કરવાનું રહેશે અને લોન ચાલુ રહે તેટલા સમય સુધી જે તે વાહન બેંકને ગીરા કરવાનું રહેશે.

INDEX

જુના વાહન ઉપર આ લોન લઈ શકાશે નહી.

(૨૧) પ્રમોશન :

મેટ્રીક પ્યુનને ૭ વર્ષની નોકરી પછી કલાર્ક કક્ષામાં પ્રમોશન આપી શકાશે અને ગ્રેજ્યુએટ (સ્નાતક) પ્યુન ને પાંચ વર્ષની નોકરી પછી કલાર્ક સુધીમા પ્રમોશન આપી શકાશે. અધિકારી વર્ગમાં પ્રમોશન આપવા માટે કલાર્ક કક્ષામાંથી સીનીયોરીટી પ્રમાણે પ્રમોશન આપી શકાશે.

(૨૨) ભરતી :

સામાન્ય સંજોગોમાં કર્મચારીની ભરતી કરતી વખતે નિવૃત થતાં કર્મચારી અથવા ફરજ દરમ્યાન મૃત્યુ પામેલ કર્મચારીના પુત્ર પુત્રી અને પત્નિનો લાયકાત મુજબ જે તે કેટેગરીમાં સ્વૈચ્છિક રીતે સમાવેશ કરી શકાશે.

(૨૩) સીનીયોરીટી :

એક તરફથી દરેક કક્ષા માટે કક્ષાવાર અગ્રતાક્રમની યાદી દર વર્ષે જુલાઈ માસમાં તૈયાર કરવી. અગ્રતાક્રમ માટે દાખલ થવાની તારીખ ગણત્રીમાં લેવી અને તેની ગણત્રી કરવાની રીત નીચે પ્રમાણે રાખવી.

(૧) દર એક વર્ષની પુરી નોકરી માટે...... ૧ માર્ક.
(૨) સ્નાતક...... ૨ માર્ક.
(૩) કોઈ જાતની પરિક્ષા લક્ષી સહકારી તાલીમ ૧ માર્ક.

નોંધ : બઢતી થયેલ કર્મચારી નવી કક્ષામાં જ્યારથી બઢતી મેળવે ત્યારથી તે કક્ષામાં તેની સીનીયોરીટી ગણવી.

(૨૪) પ્રમોશન ફીક્સેશન :

જે કર્મચારી ઉપલી કક્ષામાં બઢતી મેળવે તેને જે તે કેટેગરીમાં હોય અને તેનું છેલ્લે જે ઇન્ક્રીમેન્ટ મેળવેલ હોય તેવા બે ઇન્ક્રીમેન્ટ આપી અને જે ગ્રેડમાં બઢતી મેળવેલ હોય તે ગ્રેડમાં જ્યાં બંધ બેસતા હોય ત્યાં ફીક્સેશન આપવુ.

(૨૫) તાલીમ :-

બેંકની પ્રગતિમાં મદદરૂપ થાય તેવી કોઈપણ સહકારી તાલીમમાં કર્મચારીને મોકલવાના થાય ત્યારે સીનીઓરીટી પ્રમાણે મોકલવા.

(૨૬) શૈક્ષણિક લાયકાતનાં ઈજાફાઓ :-

કોઈપણ કર્મચારી પોતાની નોકરી દરમ્યાન વધારાની શૈક્ષણિક લાયકાત મેળવે તો તેઓને નીચે મુજબના વધારાનાં ઈજાફાઓ આપવામાં આવશે.

INDEX

(૧) ગ્રેજ્યુએટ	૨ ઈન્ક્રીમેન્ટ
(૨) એચ. ડી. સી.	૧ ઈન્ક્રીમેન્ટ
(૩) સી એ. આઈ. આઇ. બી.	૧ ઈન્ક્રીમેન્ટ પાર્ટ-૧, ૬ ઈન્ક્રીમેન્ટ પાર્ટ-૨,
(૪) ડી. સી. સી બી.	૧ ઈન્ક્રીમેન્ટ
(૫) જી. ડી. સી. એન્ડ એ.	૨ ઈન્ક્રીમેન્ટ
(૬) એલ. ડી. સી.	૧ ઈન્ક્રીમેન્ટ
(૭) ડી. સી. બી.	૧ ઈન્ક્રીમેન્ટ

દરેક કર્મચારીને નોકરી દરમ્યાન વધુમાં વધુ બે ઈજાફાઓ આપવામાં આવશે.

(૨૭) હોસ્પિટલાઈઝેશન યોજના :-

દરેક કર્મચારીનો પર્સનલ એક્સિડન્ટનો રૂા. ૫૦,૦૦૦/- (પચાસહજાર) સુધીનો વિમો ઉતરાવો જેમાં પ્રિમિયમની ૫૦ ટકા રકમ બેંક ચુકવવી અને ૫૦ ટકા રકમ જે તે કર્મચારીએ ભોગવવી.

સેટલમેન્ટની મુદત :-

આ સેટલમેન્ટ તા. ૧-૪-૯૦ થી અમલમાં આવશે અને અને તા. ૩૧-૩-૧૯૯૪ સુધી અમલમાં રહેશે.

આ સમાધાનના અર્થઘટનમાં કાંઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો બન્ને પક્ષોએ સાથે બેસીને તે તેનું અર્થઘટન કરવું.

દરેક કર્મચારીનો ફીટમેન્ટ ચાર્ટ આ સાથે સામેલ છે.

તા. ૨૩-૧૦-૯૦ સ્થળ અમરેલી

મેનેજર,
ચિતલ નાગરીક સહકારી બેંક લીં.
ચિતલ

સમાધાનકાર
સંબંધક અમરેલી.
અમરેલી.

જીલ્લા મંત્રી,
ગુજરાત બેંક વર્કર્સ યુનીયન
અમરેલી.

INDEX

અમદાવાદ
તા. ૪-૧૨-૯૦

સહી
(આર. કે પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૨૫૭ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન અમદાવાદ અને અક્ષય હોઝીયરી વર્કસ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી. આર. એસ. શુક્લ, સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઇ. સી.) નં. ૯૦/૮૯.

અખિલ ગુજરાત હોઝીયરી કામદાર
યુનિયન, અમદાવાદ.

...પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

અક્ષય હોઝીયરી વર્કસ, અમદાવાદ.

...બીજા પક્ષકાર.

INDEX

અને ૧૯૮૭/૧૯૮૭-૮૮ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી પણ બોનસની રકમ આપવા બાબત.

૧. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કંપનીને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમનાં પગારમાંથી પણ બોનસની રકમ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપ્યા બાદ સદરહુ કામમાં સમાધાનકાર, અમદાવાદે નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપ્યા બાદ પ્રથમ પક્ષકાર યુનિયને બી. આઈ. આર. એક્ટની કલમ-૭૩(એ) અન્વયે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૮નો પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ કામમાં કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ હોઈ હવે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા ઈચ્છતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ કેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(આર એસ. શુકલ)
સભ્ય, ઔદ્યોગિક અદાલત, અમદાવાદ.
૨૮-૯-૯૦

જી. જે. દવે.
રજીસ્ટ્રાર, અમદાવાદ.
તા. ૨૮-૯-૧૯૯૦

અમદાવાદ
તા. ૪-૧૨ ૯૦

(આર કે. પરમાર)
સહાયક સહ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ.

INDEX

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક ૨૭૨૫૮ આરયુ-સને૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન અને નલીન નીટવેર કંપની અમદાવાદનાં વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.
શ્રી. આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ.
રેફરન્સ (આઈ. સી.) નં ૮૪/૮૯

અખિલ ગુજરાત હોઝીયરી કામદાર
યુનિયન, અમદાવાદ. ..પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

નલીન નીટવેર કું., અમદાવાદ. ..બીજા પક્ષકાર.

સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી પણ બોનસની રકમ આપવા બાબત.

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કંપનીને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી પણ બોનસની રકમ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપ્યા બાદ સદરહુ કામમાં સમાધાનકાર, અમદાવાદે નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપ્યા બાદ પ્રથમ પક્ષકાર યુનિયને બી. આઈ. આર. એકટની કલમ-૭૩ (એ) અન્વયે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨ સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૮ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ કામમાં કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ હોઈ હવે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા ઇચ્છતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરૂં છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. અને એ રીતે સદરહુ રેફરન્સ ફેસલ કરવામાં આવે છે ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

જી. જે. દવે — (આર. એસ. શુક્લ)

રજીસ્ટ્રાર, અમદાવાદ. — સભ્ય, ઔદ્યોગિક અદાલત, અમદાવાદ.

તા ૨૮-૯-૧૯૯૦. — સહી

અમદાવાદ — (આર. કે. પરમાર)

તા. ૪-૧૨-૯૦ — સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના નિમાયેલ સહાયક સંઘ નિબંધક દ્વારા.

ખાંડ ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતા સંઘ તરીકેની માન્યતા :

ક્રમાંક/બ/શમક ૨૭૨૩૮ આરયુજી બીઆઈઆર ૧૯૯૦. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૧૬/૩ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક :ગુજરાત: નિયમોના નિયમ-૨૬થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, "ચલથાણ કામદાર મંડળ, નવસારી"ને "વાપી જનરલ કામદાર મંડળ, બીલીમોરા"ની જગ્યાએ નવસારી તાલુકાના સ્થાનિક વિસ્તાર માટે ખાંડ ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતા સંઘ તરીકે આથી હું દાખલ કરૂ છું.

INDEX

સહી

અમદાવાદ (આર. કે. પરમાર)

તા. ૧૫-૧૧-૯૦ સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૨૫૩ 'આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન અમદાવાદ અને મેહુલ હોઝીયરી, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૮૯માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી. આર. એસ. શુક્લ, સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઈ.સી.) નં. ૮૮/૮૯.

અખિલ ગુજરાત હોઝીયરી કામદાર
યુનિયન, અમદાવાદ. ...પ્રથમ પક્ષકાર.

INDEX

વિરૂદ્ધ

મેહુલ હોઝીયરી અમદાવાદ. ..બીજા પક્ષકાર.

સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી પણ બોનસની રકમ આપવા બાબત..

ચુકાદો

૧ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કંપનીને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી પણ બોનસની રકમ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપ્યા બાદ સદરહુ કામમાં સમાધાનકાર, અમદાવાદે નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપ્યા બાદ પ્રથમ પક્ષકાર યુનિયને બી.આઇ.આર.એક્ટની કલમ-૭૩(એ) અન્વયે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૮ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ કામમાં કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ હોઈ હવે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા ઇચ્છતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(આર. એસ. શુકલ)

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

જી. જે. દવે

રજિસ્ટ્રાર

અમદાવાદ તા.૨૮-૯-૯૦

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,

મુંબઇ ઔદ્યોગિક સબંધ અધિનિયમ,

અમદાવાદ.

અમદાવાદ

તા. ૪-૧૨-૯૦

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૨૫૪ (આર. યુ.) સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન અમદાવાદ અને અનંગ હોઝીયરી અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૮૦માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી. આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઈ સી.) નં. ૭૪/૮૯.

અખિલ ગુજરાત હોઝીયરી કામદાર
યુનિયન, અમદાવાદ.

...પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

અનંગ હોઝીયરી, અમદાવાદ.

...બીજા પક્ષકાર.

સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઇન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી બોનસની રકમ આપવા અંગે..

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કોર્પોરેશનને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઇમના પગારમાંથી બોનસની રકમ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપ્યા બાદ સમાધાનકાર, અમદાવાદે આપેલ નિષ્ફળતાના પ્રમાણપત્ર બાદ મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ-૭૩(એ) અન્વયે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

INDEX

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૬ ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ રેફરન્સના કામે કોર્ટ બહાર સમાધાન થઇ ગયેલ હોઈ હવે તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કોઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(આર. એસ. શુકલ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

જી. જે. દવે.
રજિસ્ટ્રાર
અમદાવાદ તા. ૪-૧૦-૧૯૯૦.

(આર કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

તા. ૪-૧૨-૯૦
અમદાવાદ.

INDEX

સન. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક/ખ/શમક/૨૭૨૫૨/બાર યુ./ સન-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮ (૧) અને સન-૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ,

હું અરૂણ મીલ્સ લી.. અમદાવાદ અને ટેક્ષટાઇલ લેબર એસોસીએશન અમદાવાદ સમાધાન અધિકારીશ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન-૧૯૯૦ના ડીસેમ્બર માસના ૪ થા દિને, આથી નોંધ કરું છું.

શ્રી બી. બી. ઠાકર સમક્ષ, સમાધાનકાર

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬.

સમાધાનનો ખતપત્ર

બી. આર. સી. કેસ નંબર : ૧૭૫/૯૦.

શ્રી અશોકભાઈ ડી શાહ, માલિકોના પ્રતિનિધિ
પર્સોનલ એન્ડ ફેક્ટરી મેનેજર,
ધી અરૂણ મીલ્સ લી,
નરોડા રોડ, અમદાવાદ.

શ્રી બાબુભાઈ અમીપુરા, કામદારોના પ્રતિનિધિ
મંત્રી વતી,
ધી ટેક્ષટાઇલ લેબર એસોશીએશન,
ભદ્ર, અમદાવાદ.

કેસની ટુંકી વિગત

ધી અરૂણ મીલ્સ લી,, અમદાવાદે તા. ૧-૭-૧૯૯૦ ના રોજ ફેરફારની નોટીસ આપી કાપડ સુતર ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતા યુનીયન ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદને જ જણાવેલ કે મીલ કંપનીના વેસ્ટ ખાતામાં કુલી, જોબર વગેરે તરીકે પહેલી પાળીમાં જે કારીગરો કામ કરે છે તે કારીગરોની સંખ્યામાં નીચેનના કરણસર ૧૦ થી ૧૨ જગ્યાઓ ફાજલ પડે તેમ છે તે જગ્યાઓ નાબુદ ઘટાડવાની જરૂરીયાત ઉભી થઇ છે.

વેસ્ટ ખાતામાં હાલમાં થતી કેટલક કામગીરી સંધ કરવાની હોવાથી, કામગરીનું રેશનાલાઈઝેશન કરવાનું હોવાથી, વેસ્ટ ખાતાના હાલમાં કામ કરતાં

INDEX

કારીગરોની પુન ગોઠવણી કરી કામગીરીની પુન વહેંચણી કરવાની હોવાથી, ફાજલ પડતાં વેસ્ટ કુલીની પોસ્ટ કમી કરવાની જરૂરીયાત ઉભી થઈ છે.

સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહીં થઈ શકવાથી મીલ કંપનીએ તારીખ ૧૧-૭-૧૯૯૦ ના રોજ સમાધાનકારને નમુના 'ઈન' માં અહેવાલ મોકલી આપ્યો હતો. જે તારીખ ૧-૮-૯૦ ના રોજ સમાધાનકારને મળ્યો હતો. અને તારીખ ૮-૮-૯૦ ના રોજ સમાધાનકારના પત્રમાં નોંધવામાં આવ્યો હતો. ઉપરોક્ત બાબતમાં સમાધાનની કાર્યવાહી જે વખતોવખત અને પક્ષકારોની સમંતિથી મુલત્વી રાખવામાં આવી હતી તે તારીખ ૧૮-૮-૯૦ થી તારીખ ૧૭-૧૦-૧૯૯૦ સુધી ચાલી હતી. જેમાંની છેલ્લી જણાવેલ તારીખે મુંબઈ ઔદ્યોગિક સંબંધક નિયમ ૧૯૪૬ની કલમ ૫૮ (૧) મુજબ નીચે મુજબ નીચે મુજબ સમાધાન થયું છે,

સમાધાનની શરતો "આ સાથે જોડેલ પરિશિષ્ટ મુજબ"

ધી અરૂણ મીલ્સ લીમીટેડ,

નરોડા રોડ, અમદાવાદ.

પરિશિષ્ટ

(૧) મીલ કંપનીના વેસ્ટ ખાતામાં હાલમા ૨૦ કારીગરો તેમજ ૧ જોબર મળીને કુલ ૨૧ માણસો કામ કરે છે. જે અંગેની કામગીરીની વહેંચણી કારીગરદીઠ નીચે પ્રમાણે છે.

ક્રમ નં.	કામગીરીનો પ્રકાર	કામદારોની સંખ્યા
૧.	જોબરની કામગીગી બધાની કામગીરી ઉપર દેખરેખ રાખવી વેસ્ટના વેચાણ વખતે તોલ કરાવવો તથા રોજબરોજની આવકની નોંધ રાખી જાત પ્રમાણે કારીગરો પાસે માલ	૧
૨.	ગોઠવવો સાઈઝીંગ ખાતાના વેસ્ટ સુ.૨ વગેરે માલની જાત પ્રમાણે ગોઠવણી કરી તેને જરૂરી સઘળી આનુસંગિક અંગેની કામગીરી બજાવવી તથા રોજરોજ વેચાણ થતા માલનો તોલ કરવો તેમજ ખાતામાંથી આવતા માલોની આવકનો રોજરોજ તોલ કરવો.	૨
૩.	સાદા શાળખાતા અને ઓટોલુમ ખાતામાંથી આવતા સુતર બેસ્ટ વગેરે માલની ગોઠવણી કરવાની તથા તેને લગતી	૩

આનુસંગિક કામગીરી બજાવવી તથા રોજરોજ વેચાણ થતા માલનો તોલ કરવો તેમજ ખાતામાંથી આવતા માલોની આવકનો રોજરોજ તોલ કરવો.

૪. એોટેશેડના ત્રણે પાળીમાંથી આવતા વેસ્ટ અંગેની તથા તેને આનુસંગિક કામગીરી બજાવવી તેમજ રોજેરોજ વેચાણ થતા માલનો તોલ કરવો. તેમજ ખાતામાંથી આવતા માલોની આવકનો રોજેરોજ તોલ કરવો. ૧

૫. કાપડ ખાતાની તથા પ્રીન્ટીંગ ખાતાની વેસ્ટ ગીદડી વગેરે અંગેની તેમજ તેને આનુસંગિક કામગીરી બજાવવી તથા રોજેરોજ વેચાણ થતા માલનો તોલ કરવો તેમજ ખાતામાંથી આવતા માલોની આવકનો રોજેરોજ તોલ કરવો. ૧

૬. કંતાનમાંથી થેલા સીવવા, બ્લોરૂમના પાટલાના કંતાન ભરાવવા તથા ફીલામેન્ટ માલને પ્લાસ્ટીક ભરાવવી તથા બ્લોરૂમ ખાતાનું કણીયું ભરવું તથા બારદાનના થેલા અથવા આપટના થેલા સીવવા તથા નવા કંતાનના થેલા સીવીને આપવા આવકના થેલા રોજેરોજ ગોડાઉનમાં નાખવા અને રોજેરોજ તોલ કરવો તથા તેને લગતી આનુસંગિક કામગીરી બજાવવી તથા રોજેરોજ વેચાણ થતા માલનો તોલ કરવો તેમજ ખાતામાંથી આવતા માલોની આવકનો રોજેરોજ તોલ કરવો. ૧

૭. આરણી ખાતામાંથી આવેલ વેસ્ટની કામગીરી બજાવવી તથા રોજેરોજ વેચાણ થતા માલના તોલ કરવો તેમજ ખાતામાંથી આવતામાલોની આવકનો રોજેરોજ તોલ કરવો. ૧

૮. વાઈન્ડીંગ ખાતાની ત્રણેય પાળીમાંથી આવતા વેસ્ટનો તેમજ તેને આનુસંગિક કામગીરી બજાવવી તથા રોજેરોજ વેચાણ થતા માલનો તોલ કરવો તેમજ ખાતામાંથી આવતા માલોની આવકનો રોજેરોજ તોલ કરવો. ૨

૯. બારીવાળા સ્પીનીંગ ખાતાનો નીકળેલો વેસ્ટ અસલ ખાતાના દરવાજાથી વેસ્ટ ખાતામાં લઈ જવા માટેની કામગીરી બજાવવી તથા રોજરોજ વેચાણ થતા માલનો ૩

તોલ કરવો તેમજ ખાતામાંથી આવતા માલોની આવકનો રોજેરોજ તોલ કરવો.

૧૦.	વેસ્ટ ખાતામાં સ્પીનીંગનું એટલે કે બ્લોરૂમથી સ્પીનીંગ સુધીના આવેલા વેસ્ટને જાતવાર સોટીંગ કરવાની કામગીરી બજાવવી	૫
૧૧.	સ્પીનીંગ ખાતામાં રૂ ના પાટલા ઉપરનું કંતાન તથા ટેરીનના પાટલા ઉપરનું બારદાન વેસ્ટ ખાતામાં લાવવુ તથા તેના ઉપર ચોટેલુ રૂ વિગેરે ખાતામાં પરત કરવા અંગેની કામગીરી બજાવવી	૧
	કુલ ટોટલ	૨૧

કલમ નં. ૨ :-

મીલ કંપની વેસ્ટ ખાતાની કામગીરીમાં ફેરફાર કરી તેમજ કેટલીક કામગીરી બંધ કરી તેમજ કામગીરી બજાવવાની સગવડતા આપી તેમજ હાલની કામગીરીની પુન ગોઠવણી કરી તેની કારીગરોમાં પુન વહેંચણી કરી નીચે પ્રમાણે ફેરફાર કરશે.

(અ) સાઈઝીંગ ખાતાના કાઉન્ટ પ્રમાણે દડા વાળવાની કામગીરી બજાવવા બે માણસો છે. તેમાંથી એક માણસ કમી કરવામાં આવશે તેથી એક જ માણસ બીજાની કામગીરી સંભાળી લેશે અને અંકે માણસ ફાજલ પડશે.

(બ) સાદા શાળખાતાના તથા ઓટોશેડ ખાતામાંથી આવતા માલની વેસ્ટ અંગેની કામગીરી બજાવવા માટે ત્રણ કારીગરો છે. તેમાંથી એક કાયમી પોસ્ટ ઓછી કરવામાં આવશે. કારણ કે પહેલાં સાદા શાળખાતામાં ૭૧૬ સાંચા હતા તેમાંથી ઘટાડો કરીને આજે ૪૭૨ સાચા રહ્યા છે. તેથી તે અંગેની કામગીરીમાં ઘટાડો થયો છે.

(ક) ઓટોશેડ ખાતાના ત્રણેય પાળીના માલની આવકમાંથી ટેરીન કાંજી, કાંજી વેસ્ટ, મેલો કાંજી વગેરેની કામગીરી બજાવવા માટે એક કારીગર રાખવામાં આવે છે. તે જગ્યા કમી કરવામાં આવશે કારણકે આ કામગીરી કલોઝ નં. ઓ માં જણાવેલ કામદારોને આ કામગીરી બજાવતા કામદારો ફાજલ કરવામાં આવશે.

INDEX

(ડ) કાપડ ખાતાની તથા પ્રીન્ટીંગ ખાતામાંથી આવતી ચીંદડી તથા આંત્રી વગેરેની કામગીરી બજાવવા એક કારીગર રાખવામાં આવેલ છે. તેને શંકરભાઈ સોમાભાઈની કારીગીરી સોંપીને શંકરભાઈ સોમાભાઈને ફાજલ પાડવામાં આવશે કારણકે સાદા શાળ ખાતાની લુમ્સમાં ઘટાડો થયેલ હોવાથી તેમજ પ્રીન્ટીંગ ખાતાની કામગીરી પણ ઘટેલ હોવાથી તેઓની બજાવવાની કામગીરી ઘટી હોવાથી તેમને શંકરભાઈ સોમાભાઈની કામગીરી સોંપવામાં આવશે અને તેમ કરવામાં તેમના શ્રમબોજમાં કોઈ વધારો થતો નથી.

(ઈ) કંતાનમાંથી થેલા સીવવા, બ્લોરૂમ ખાતામાં પાટલાના કંતાન ભરાવવા તથા ફીલામેન્ટ માલને પ્લાસ્ટીક ભરાવવી વગેરે કામગીરી માટે શ્રી શંકરભાઈ સોમાભાઈને રાખવામાં આવ્યા છે તેમની કામગીરી કાપડખાતા તથા પ્રીન્ટીંગ ખાતાના વેસ્ટ કુલીને સોંપવાથી શંકરભાઈ સોમાભાઈની જગ્યા ફાજલ પડશે.

(એફ) સારણી ખાતાની વેસ્ટ અંગેની કામગીરી બજાવવા એક કારીગર રાખવામાં આવેલ છે, અને વાઈન્ડીંગ ખાતાની ત્રણે પાળીની વેસ્ટ અંગેની કામગીરી બજાવવા માટે બે કારીગર રાખવામાં આવેલા છે તેમાંથી વાઈન્ડીંગ ખાતાની વેસ્ટ અંગેની કામગીરી બે કુલીઓ બજાવે છે તેઓને સારણી ખાતાની કામગીરી સોંપવામાં આવશે અને આમ કરવાથી સારણી ખાતાની વેસ્ટ અંગેની કામગીરી બજાવતો એક વેસ્ટ કુલી ફાજલ પડશે. આમ કરવાથી કોઈના શ્રમ-બોજમાં વધારો થતો નથી. કારણ કે સાદા શાળખાતાની વર્કીંગ લુમ્સમાં ઘટાડો થયો હોવાથી વાઈન્ડીંગ તથા સારણી ખાતાની કામગીરી ઘટેલી છે. તેમજ મીલ કંપની સુતર વેચતી હોવાથી પણ સારણી ખાતાની કામગીરીમાં ઘટાડો થયો છે.

(જી) સ્પીનીંગ ખાતામાંથી નીકળતા વેસ્ટના જે થેલા ભરવામાં આવે છે. તે થેલા ગ્રાસલ ખાતામાંથી વેસ્ટ ખાતામાં લઈ જવા માટે ત્રણ કુલીની પોસ્ટ ઘટાડીને ફાજલ પાડવામાં આવશે, અને બે વેસ્ટ કુલીઓએ લારીવાળાની કામગીરી બજાવવાની રહેશે.

(એચ) સ્પીનીંગ ખાતામાંથી જે વેસ્ટ આવે છે તેને સોર્ટીંગ કરવા માટે ૬ વેસ્ટ કુલીઓ રાખવામાં આવેલા છે. તેમાંનો એક કુલી બ્યુરૂમ ખાતાના ત્રણે પાળીના ૩ ના પાટલાના કંતાનમાંથી ૩ અલગ પાડે છે. તથા ફીલામેન્ટના પાટલામાંથી પ્લાસ્ટીક અલગ પાડી તથા ઝાડુ મારી સફાઈ કરી બ્લોરૂમ ખાતાની ફીટીને થેલામાં નાખી તથા કંતાનનું પોટલું બાંધી રોજે રોજ વેસ્ટ ખાતામાં લાવવા આ ઉપરાંત બીજા ૫ વેસ્ટ કુલીઓ જે સ્પીનીંગ ખાતામાંથી આવેલ જુદી જુદી જાતના વેસ્ટનું સોર્ટીંગ કરે છે. આ સોર્ટીંગ કરવાની કામગીરી

INDEX

બીન આર્થિક હોવાથી બંધ કરવામાં આવશે. તેથી સોર્ટીંગ કરવાની જરૂર રહેતી ન હોવાથી આ પાંચ જગ્યાઓ ફાજલ પડશે.

આમ વેસ્ટ ખાતાના કુલીઓની ઉપર પ્રમાણે કામની પુનઃ ગોઠવણી કરવાથી કુલ ૧૦(દશ) વેસ્ટ કુલીઓ ફાજલ પડશે.

કલમ નં. ૩ : આ ફેરફારના પરિણામે વેસ્ટ ખાતામાં નીચે પ્રમાણે કાયમી માણસોની સંખ્યા રહેશે.

સી નં.	કામગીરીનો પ્રકાર	કામદારોની સંખ્યા
૧.	જોબરની કામગીરી	૧
૨.	સાઈઝીંગ ખાતાની ગોઠવણી કરી તે અંગેની કામગીરી બજાવતા	
૩.	સાદા શાળ ખાતા અને ઓટો શેડ ખાતામાંથી આવતા માલની ગોઠવણી કરવાની કામગીરી	૨
૪.	ઓટો શેડના ત્રણેય પાળીમાંથી આવતા વેસ્ટ અંગેની કામગીરી બજાવવી	—
૫.	કાપડ ખાતાની અને પ્રીન્ટીંગ ખાતાની વેસ્ટ અંગેની કામગીરી બજાવતી	૧
૬.	કંતાનમાંથી થેલા સીવવા, બ્લીરૂમના પાટલાના કંતાન ભરાવવા તથા ફીલોમેન્ટ માલને પ્લાસ્ટીક ભરાવવા તથા બ્લીરૂમ ખાતાનું કણીયુ ભરવુ તથા બારદાનના થેલા અથવા ચાપટના થેલા બનાવવા તથા સીવીને આપવા આવકના થેલા રોજે રોજ ગોડાઉનમાં નાખવા અને રોજેરોજ તોલ કરવા.	
૭.	સારણી ખાતામાંથી આવેલા વેસ્ટની કામગીરી બજાવવી	
૮.	કાર્ડીંગ ખાતાની ત્રણેય પાળીમાંથી આવતા વેસ્ટની કામગીરી બજાવતા.	૨
૯.	લારીવાળા-સ્પીનીંગ ખાતાનો નીકળેલો વેસ્ટ ગ્રસલ ખાતાના દરવાજાથી વેસ્ટ ખાતામાં લઈ જવા માટેની કામગીરી બજાવતા	

૧૦	વેસ્ટ ખાતામાં સ્પીનીંગનુ એટલે કે બ્લોરૂમાંથી રીંગ સ્પીનીંગ સુધીના આવેલા વેસ્ટને જાતવાર સોર્ટીંગ કરવાની કામગીરી બજાવવા માટે	—
૧૧.	સ્પીનીંગ ખાતામાં રૂના પાટલા ઉપરનું કંતાન તથા ટેરીનના પાટલા ઉપરનું બારદાન વેસ્ટ ખાતામાં લાવવું તથા તેના ઉપર ચોટેલુ રૂ વિગેરે ખાતામાં પરત કરવા અંગેની કામગીરી બજાવવી	

કુલ ટોટલ ૧૦

કલમ નં. ૪ : ઉપરોક્ત કલમ નં. ૩ માં જણાવ્યા પ્રમાણે ફાજલ પડતા કામદારોને ફરજીયાત બેકાર કરવામાં આવશે નહી. પરંતુ રાજીખુશીથી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન ધારા રાજીનામુ આપશે તે રાજીનામાનો મીલ કંપની સ્વીકાર કરી તેમની જગ્યાઓ કાયમી ધોરણે નાબુદ કરશે છુટા થતા કારીગરોને આપવાની થતી વળતરની રકમ રીંગફ્રેમ ખાતાના સીઝીંગ મશીન ઉપર કામ કરતાં કારીગરોની સંખ્યા ઘટાડવા અંગે બી. આર. સી. કેસ નંબર ૨૦૪/૯૦ માં થયેલ સમાધાનના ભાગરૂપે તારીખ ૨૭/૯/૯૦ ના રોજ કરવામાં આવેલી સમજુતીને આધીન મુકવામાં આવશે. જે આ સમાધાનના ભાગરૂપે ગણાશે.

કલમ નં. ૫ : છુટા થતા કામદારોને ગ્રેજ્યુઇટીના કાયદા મુજબ થતી ગ્રેજ્યુઇટીની રકમ તેમજ તેનો ચઢેલી હક્કરજા તથા ચાલુ વર્ષની હાજરી ઉપર ચડાઉ પડતી હક્કરજા તથા રેન્જ્યુઅલ આપવામાં આવશે. તેમજ છુટા થતા કામદારને મીલ કંપની સામે ૧૯૮૯/૯૦ નું બોનસ જ્યારે મીલના બીજા કામદારને ચુકવશે ત્યારે તેઓ હક્કદાર હશે તો તેઓને મીલ કંપની બોનસ ચુકવી આપશે.

કલમ નં. ૬ : મીલ કંપની છુટા થનાર કામદારને ખાસ રીટેન્ચમેન્ટ ગણી તાકીદે પ્રો. ફંડ મળી જાય તે પ્રમાણે ગોઠવણ કરશે જો તે કેટેગરીમાંથી પુરતા રાજીનામા નહિ આવે તો અન્ય પાળીમાંથી કે અન્ય કેટેગરીમાંથી ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશનને રાજીનામા મોકલી આપે તે રાજીનામા સ્વીકારવામાં આવશે. આમ કરવા માટે મીલ કંપની કારીગરોના મજુર મહાજન સંઘની સંમતીથી હેરફેર કરી શકશે તેમ છતાં કામદારો ફાજલ પડશે તો ટેક્ષટાઈલ લેબર એસોસીએશનની સંમતિથી બીજી જગ્યાઓએ કામ આપવામાં આવશે, અને તેમ કરવામાં તેમના પગારમાં કાંઈ ઘટાડો કરવામાં આવશે નહિ.

કલમ નં. ૭ : આ સમાધાનના અમલ કે અર્થ ઘટનમાં કોઈપણ મતભેદ પડશે તો મીલ કંપની અને ટેક્ષટાઈલ લેબર એસોસીએશન પરસ્પર વાટાઘાટોથી વિચાર વિમર્શ કરીને સંયુક્ત રીતે નીકાલ કરશે જે છેવટનો ગણાશે, અને તે બધા પક્ષોને બંધનકર્તા રહેશે. તેમ છતાં મતભેદોનો ઉકેલ ન થાય તો બન્ને પક્ષોને માન્ય એવા લવાદને વિવાદને સોંપવામાં આવશે. જેનો નિર્ણય છેવટનો ગણાશે.

કલમ નં. ૮ : મીલ કું. નાણાકીય પરિસ્થિતિ સુધરતા એવરી કોટાની વ્યવસ્થા કરશે.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૧૭-૧૦-૯૦.

પર્સોનલ એન્ડ ફેકટરી મેનેજર,
ધી અરૂણ મીલ્સ લીમીટેડ.
નરોડા રોડ, અમદાવાદ.

મંત્રી વતી,
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
ભદ્ર, અમદાવાદ

સમાધાનકાર

અમદાવાદ.

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૪-૧૨-૯૦
અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/ ૨૭૩૬૯ આર યુ સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક અધિનિયમની-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ.

હું સૌરાષ્ટ્ર મજુર મહાજન સંઘ, રાજકોટ અને શ્રી ઉના તાલુકા સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., ઉના (સોરઠ)ની વચ્ચે ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૦મા ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

શ્રી એસ.એચ.દોશીસાહેબ, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ, રાજકોટ.

પરચુરણ અરજી આઈ સી આર. નં. ૩/૯૦.

સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ,
'મજુર મઢી' ભક્તિનગર સર્કલ,
રાજકોટ-૨

પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

શ્રી ઉના તાલુકા સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.
ઉના (સોરઠ)

બીજા પક્ષકાર.

ચુકાદો

૧. સૌરાષ્ટ્ર મજુર મહાજન સંઘ, રાજકોટે આ પરચુરણ અરજી એવોર્ડમાં ફેરફાર કરવા અંગે બી.આઈ.આર.એકટની કલમ-૧૧૬(એ) નીચે કરેલી છે.

૨. આ અરજી આ પંચ સમક્ષ દાખલ થયા પછી બંને પક્ષકારોને તેની નોટીસો કાઢવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઈ હતી. પરંતુ આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ ખાંડ ઉદ્યોગ મંડળી વતી એડવોકેટ શ્રી વસાવડા અને મજૂર મહાજન સંઘ તરફથી તેનાં પ્રધાનમંત્રી શ્રી દિલીપભાઇ ઠાકરે સંયુક્ત રીતે આંક-૪નું એક સમાધાનપત્ર રજૂ કરી જણાવ્યું છે કે, આરત

સરકારશ્રીનાં ખાંડ ઉદ્યોગ માટેનાં ત્રીજા વેતન પંચનાં અહેવાલની ભલામણોનાં અમલ માટે કામદાર મંડળે સંસ્થા સ.મે નામદાર અદાલત સમક્ષ રેફ. સ.અ.નં. આઈ.સી. ૩/૯૦ એટલે કે આ અરજી કરેલ છે તે અંગે પક્ષકારો વચ્ચે વાટાઘાટો અને ચર્ચાઓને અંતે આંક-૪માં જણાવેલી શરતો અને કબૂલાત મુજબ સમાધાન થયેલ હોઈ સમાધાનની શરતો અનુસાર એવોર્ડ-ચુકાદો આપવા વિનંતી કરી છે તેઓની આ જાહેરાત જોતાં અને આંક-૪માં જણાવેલી સમાધાનની શરતો અને અન્ય વિગતો જોતાં આ સમાધાન નોંધવામાં આવ્યું છે. આ સમાધાનમાં જણાવેલી શરતો બંને પક્ષકારોને કબૂલ મંજુર હોઈ તેઓ તે મતલબની સહીઓ પણ કરી આપે છે. સબબ તદ્અન્વયે આ કામમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૪નાં સમાધાનપત્ર અન્વયે આ કામમાં સમાધાન એવોર્ડ કરી આપવામાં આવે છે. આંક-૪ને આ એવોર્ડનો અંતર્ગત ભાગ ગણવો.

ખર્ચ અંગે કોઈપણ હુકમ કરવામાં આવતો નથી.

નામદાર ઔદ્યોગિક અદાલત સમક્ષ,

ગુજરાત રાજ્ય-રાજકોટ.

પરચુરણ અરજી નં. આઈસી-૩/૯૦
રેફ પ ચ.નં. ૧૦૨-૭૫, ૫૪ ૭૯,
૧૧-૮૨ અને ૪-૮૭ના
એવોર્ડમાં સુધારાની બાબતમાં.

શ્રી સૌરાષ્ટ્ર મજુર મહાજન સંઘ
મજુર મઢી, ભક્તિનગર સર્કલ,
રાજકોટ.   ..પ્રથમ પક્ષકાર.

અને

શ્રી ઉના તાલુકા ખેડુત સહકારી
ખાંડ ઉદ્યોગ મંડળી લી ઉના સોરઠ.   ..બીજા પક્ષકાર.

આ કામમાં બંન્ને પક્ષકારોને સવિનય નિવેદન જે :

શ્રી ઉના તાલુકા ખેડુત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. ઉના કે જેને હવે પછી સંસ્થા તરીકે ઉલ્લેખવામાં આવશે અને શ્રી સૌરાષ્ટ્ર મજુર મહાજન સંઘ રાજકોટ કે જેને હવે પછી માન્ય અને પ્રતિનિધિત્વ ધરાવતાં "કામદાર મંડળ"

તરીકે ઉલ્લેખવામાં આવશે. નામદાર ભારત સરકારશ્રીના ખાંડ ઉદ્યોગ માટેના ત્રીજા વેતન પંચના અહેવાલની ભલામણોનાં અમલ માટે કામદાર મંડળે સંસ્થા સામે નામદાર ઔદ્યોગિક અદાલત રાજકોટ સમક્ષ રેફ. પ.અ.નં. આઈસી નં. ૩-૮૦ કરેલ છે. તે અંગે પક્ષકારો વચ્ચે તારીખ ૬-૧૦-૯૦ના રોજ વાટાઘાટો અને ચર્ચાઓને અંતે નીચે મુજબની શરતોએ કરારથી સંમત થઈ સમાધાન થયેલ હોઈ, સમાધાનની શરતો અનુસાર એવોર્ડ ચુકાદો આપવા વિનંતી

"શ્રી ઉના તાલુકા ખેડુત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.ઉના."

સમાધાનની શરતો

૧. બીજા કેન્દ્રીય ખાંડ ઉદ્યોગ વેતન પંચની તથા બીજી દ્વિપક્ષીય સમિતિની સંસ્થાએ સ્વીકારેલ ભલામણો હેઠળ આવરી લેવાયેલ કાયમી અને કાયમી સીઝનલ કામદારો-કર્મચારીઓ કે જેઓના નામ તા. ૧-૧-૧૯૯૦ના રોજ સંસ્થાના મસ્ટર રોલે હોય તેઓને આ સમાધાન મુજબના લાભ તારીખ ૧-૧-૧૯૮૯થી મળવા પાત્ર છે.

૨. કેટેગરી અને પગાર ગ્રેડ

ત્રિજા કેન્દ્રીય ખાંડ ઉદ્યોગ વેતન પંચે સુચવેલ નીચે મુજબની કેટેગરી અને પગાર ગ્રેડ ક્રમ ૧ હેઠળના કામદારો-કર્મચારીઓ માટે સ્વીકારવામાં આવે છે.

અનુક્રમ	કેટગરી	પગાર ગ્રેડ
૧.	અનસ્કીલ્ડ	૮૦૦-૨૦-૯૦૦-૨૫-૧૦૫૦
૨.	સેમીસ્કીલ્ડ	૯૦૦-૨૫-૧૦૫૦-૨૦-૧૨૫૦
૩.	સ્કીલ્ડ-બી	૧૦૫૦-૨૫-૧૩૦૦-૩૦-૧૬૦૦
૪.	સ્કીલ્ડ-એ	૧૨૦૦-૩૦-૧૫૦૦-૩૫-૧૮૫૦
૫.	હાઈલીસ્કીલ્ડ	૧૩૦૦-૩૫-૧૬૫૦-૪૦-૨૦૫૦
૬.	કલેરીકલ-૪	૧૦૫૦-૨૫-૧૩૦૦-૩૦-૧૬૦૦
૭.	કલેરીકલ-૩	૧૨૦૦-૩૦-૧૫૦૦-૩૫-૧૮૫૦
૮.	કલેરીકલ-૨	૧૩૦૦-૩૫-૧૬૫૦-૪૦-૨૦૫૦
૯.	કલેરીકલ-૧	૧૪૦૦-૪૦-૧૮૦૦-૪૫-૨૨૫૦
૧૦.	સુપરવાઈઝરી-સી	૧૪૦૦-૪૦-૧૮૦૦-૪૫-૨૨૫૦
૧૧.	સુપરવાઈઝરી-બી	૧૫૦૦-૪૫-૧૯૫૦-૫૦-૨૪૫૦
૧૨.	સુપરવાઈઝરી-એ	૧૭૦૦-૬૦-૨૩૦૦-૭૫-૩૦૫૦

નોંધ :

૧. બીજા વેતન પંચની સ્કીલ્ડસી કેટેગરી નાબુદ કરી તેના કામદારોને ત્રીજા વેતન પંચના ઉપર દર્શાવેલ સ્કીલ્ડન્સીના પગાર ગ્રેડમાં ફીક્સ કરવા.

૨. બીજા વેતન પંચની હાઇલીસ્કીલ્ડ ૧ અને ૨ અને (એ અને બી) કેટેગરીના કામદારોને ત્રીજા વેતન પંચની હાઇલીસ્કીલ્ડ કેટેગરીના પગારોમાં ફીક્સ કરવા.

૩. બીજા વેતન પંચની કલેરીકલ-૫ કેટેગરી નાબુદ કરી તેના કર્મચારીને ત્રીજા વેતન પંચની કલેરીકલ-૪ કેટેગરીના પગાર ગ્રેડમાં ફીક્સ કરવા.

૪. બીજા વેતન પંચની સુપરવાઈઝરો એ-૧ અને એ-૨ કેટેગરીના કર્મચારીને ત્રીજા વેતન સુપરવાઇઝરી-એ કેટેગરીના પગાર ગ્રેડમાં ફીકસ કરવા.

૩. ફીકસ એલાઉન્સ :

નીચે મુજબની કેટેગરીના કામદારો કર્મચારીઓને તેમની સામે દર્શાવેલ રકમનું ફીકસ એલાઉન્સ નવા પગાર ગ્રેડમાં તા. ૧-૧૧-૮૯ થી દર માસે પગારમાં ત્રીજા વેતન પંચના પગાર ગ્રેડના અમલ પર્યંત મળશે.

અનુક્રમ	કેટેગરી	નક્કી કરેલ ફીકસ એલાઉન્સ.	
૧.	અનસ્કીલ્ડ	માસીક	રૂા. ૩૧૦/-
૨.	સેમીસ્કીલ્ડ	,,	રૂા. ૨૨૦/-
૩.	સ્કીલ્ડ-બી	,,	રૂા. ૯૯/-
૪.	કલેરીકલ-૪	,,	રૂા. ૯૦/-

૪. લમસમ વધારો :

ઉપર કલમ ૧ હેઠળના કામદાર કર્મચારીઓને નીચે દર્શાવેલ પ્રમાણે તારીખ ૧-૧૧-૮૯ થી ઉપર કલમ-૨ ના પગાર ગ્રેડમાં ફીટમેન્ટ કરતી વખતે એકજ વખત લમસમ વધારો આપવો.

અનુક્રમ કેટેગરી	લમસમ વધારો
૧. અનસ્કીલ્ડ અને સેમીસ્કીલ્ડને	રૂા. ૧૧૫/-
૨. સ્કીલ્ડ-બી, એ, કલેરીકલ-૪ અને ૩	રૂા. ૧૨૦/-
૩. હાઈલીસ્કીલ્ડ, કલેરીકલ-૨, અને સુપરવાઈઝરી-સી	રૂા. ૧૨૫/-
૪. સુપરવાઇઝરી બી અને એ	રૂા. ૧૩૦/-

આ લમસમ વધારો નવા પગારના ફીટમેન્ટ હેતુ માટે જ આપેલ છે. તારીખ ૧-૧૧-૮૯ થી નવા દાખલ થતાં કામદાર કર્મચારી લમસમ વધારો મેળવવા પાત્ર બનશે નહીં.

૫. વેરીએબલ ડીયરનેસ એલાઉન્સ :

INDEX

વેરીએબલ ડી. એ. ની ગણતરી નીચે મુજબ થશે.

૧. ઔદ્યોગિક કામદારો માટેના અખિલ ભારતીય ગ્રાહક ભાવાંકના આધારે નીચે મુજબ નિયત થયેલ દર ત્રણ માસના પ્રવર્તમાન ધોરણે સરેરાશ ભાવાંકની ગણતરી થી વે. ડી. એ સુધારીને ચુકવવામાં આવશે.

ક્વાર્ટર	અવધિ જે માટે લાગુ પડશે.
અ. ઓગસ્ટ થી ઓક્ટોબર	જાન્યુઆરી થી માર્ચ
બ. નવેમ્બર થી જાન્યુઆરી	એપ્રિલ થી જુન
ક. ફેબ્રુઆરી થી એપ્રિલ	જુલાઈ થી સપ્ટેમ્બર
ડ. મે થી જુલાઈ	ઓક્ટોબર થી ડીસેમ્બર.

૨. ૭૪૪ સુધીનો ગ્રાહક ભાવાંક કલમ-૨ ના નવા બેઝીક પગારમાં મર્જ કરી દેવામાં આવેલ છે.

૩. જુલાઈ-૮૯ થી ઓક્ટોમ્બર ૮૯ના ૮૪૦ પોઈન્ટસ બાદ ૭૪૪ પોઇન્ટસ જે નવા બેઝીકમાં મર્જ થયેલ છે. ૯૬ પોઈન્ટસના વધારા ઉપર દર પોઈન્ટદીઠ રૂ. ૦-૩૫ લેખે ૧.૬૫ બાદ ૧. ૩૦ વે ડા. એ. ગણી રૂ. ૩૩.૬૦ તફાવતના નવા પગારના ફીટમેન્ટ માટે ઉમરાશે, તેનું એરીયર્સ ગણવાનું નથી.

૪. ઓક્ટોબર-૮૯ એ આવેલ સરેરાશ ૮૪૦ પોઈન્ટસ બાદ જુલાઈ-૮૯ ના ૮૧૮ પોઈન્ટસ = ૨૨ પોઈન્ટસના વધારા ઉપર દર પોઇન્ટદીઠ રૂ. ૦-૨૦ લેખે ૧.૮૫ બાદ ૧.૬૫ વે. ડી એ. ગણી રૂ ૪-૪૦ તફાવતના નવા પગારના ફીટમેન્ટ માટે ઉમેરાશે. તેનું એરીયર્સ વર્ષ ગણવાનું નથી.

હવે તા. ૧-૧૧-૮૯ થી દર સરેરાશ ભાવાંકના વધારાના પોઈન્ટ દીઠ રૂ. ૧.૩૦ ના બદલે રૂ. ૧.૮૫ લેખે વેરીએબલ ડી એ ની ચુકવણી થશે.

૫. ઉપર કલમ-૩ અને ૪ મુજબના સમયગાળાના વે. ડા. એ. ની રૂ. ૩૮-૦૦ તફાવતની રકમ ફીટમેન્ટની ગણતરીમાં લેવાની છે.

૬. આમ તા. ૧-૧૧-૮૯ એ ચુકવવા પાત્ર વે. ડા. એ. ની ગણતરી નીચે મુજબ થશે.

(અ) અખિલ ભારતીય ગ્રાહક સરેરાશ ભાવાંક ૮૧૮ બાદ ૭૪૪ = ૭૪ પોઈન્ટસ રૂ. ૧.૬૫ લેખે	રૂ. ૧૨૨.૧૦
(બ) અખિલ ભારતીય ગ્રાહક સરેરાશ ભાવાંક ૮૪૦ બાદ ૮૧૮ = રૂ. ૨૨.૬ પોઈન્ટ + રૂ ૧.૮૫ લેખે	રૂ. ૪૦.૭૦
કુલ વે. ડી. એ.	રૂ. ૧૬૨.૮૦

INDEX

૬. રીટેઈનીંગ એલાઉન્સ :-

ઉપર કલમ-૧ હેઠળ આવરી લેવાયેલ નીચે દર્શાવેલ કેટેગરોના સીઝનલ કામદાર કર્મચારીઓને રીટેઈનીંગ એલાઉન્સ ૧૯૮૯-૯૦ ની ઓફ સીઝનથી નીચે ના દરે ચુકવવામાં આવશે

૧.	અનસ્કીલ્ડને	રૂા. ૧૫ ટકા
૨.	સેમીસ્કીલ્ડને	રૂા. ૩૦ ટકા
૩	સ્કીલ્ડ–સી થી સુપરવાઈઝરી એ ને	રૂા ૫૫ ટકા

ઉપર મુજબ રીટેઈનીંગ એલાઉન્સ બેઝીક પગાર ફીક્ષ એલાઉન્સ જો હોય તો વે ડી. એ. ના પગાર ઉપર જ ચુકવાશે. ૪૫ દિવસની લઘુતમ હાજરી પહેલા અથવા પિલાણ સીઝનની શરૂઆતમાં કે ઓફ સીઝનમાં રાજીનામુ આપનાર ગત ઓફ સીઝનનું રીટેઈનીંગ એલાઉન્સ મેળવવા પાત્ર બનશે નહીં. રીટેઈનીંગ એલાઉન્સ મેળવતો સીઝનલ કામદાર ઓફ સીઝનમાં નિવૃત્ત થાય તો તેને તેની નિવૃત્તિની તારીખ સુધીનું જ રીટેઈનીંગ એલાઉન્સ મળશે.

૭. વાર્ષિક ઇજાફા :-

ઉપર કલમ ૧ હેઠળના કામદાર કર્મચારીઓની વાર્ષિક ઈજાફાની હાલની તારીખ યથાવત રહેશે. પરંતુ વર્ષ દરમ્યાન જે કર્મચારી–કામદાર જેટલા દિવસ ગેરહાજર કે વગર પગારે રજા ઉપર રહેશે તેની વાર્ષિક ઇજાફાની તારીખ તેટલા દિવસ પાછળ જશે. વ્યાજબી કારણોસર જે કર્મચારી કામદાર કપાત પગારે રજા કે ગેરહાજર રહેલ હશે અને તે બાબત માન્ય પ્રતિનિધિ કામદાર મંડળ રજુઆત કરશે તો તે અંગે બન્ને પક્ષકારો સાથે બેસીને નક્કી કરશે.

૮. ઘર ભાડું :-

ત્રીજા ખાંડ ઉદ્યોગ વેતન પંચે હાઉસ રેન્ટ એલાઉન્સ આપવાની કોઈ ભલામણ કરેલ નથી છતાં આ અંગે સંસ્થાના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી તથા કામદાર મંડળના સેક્રેટરીશ્રીની લવાદ સમંતિથી સ્વીકારવામાં આવે છે જેમને ચુકાદો ઉભય પક્ષને માન્ય રહેશે.

પણ ત્રીજા ખાંડ ઉદ્યોગ વેતન પંચે ઘરભાડુ વધુ વસુલ કરવાની ભલામણ કરેલ છે પરંતુ સંસ્થા વર્તમાન ઘરભાડામાં વધારો કામદાર મંડળને વિશ્વાસમાં લીધા વગર કરશે નહિં.

૯. મેડીકલ એલાઉન્સ :-

મેડીકલ અંગે હાલની પ્રથા ચાલુ રાખવી.

૧૦. ગ્રેજ્યુટી તથા બોનસ :-

સંસ્થા :

૧. ગ્રેજ્યુટી ચુકવણી અધિનિયમ ૧૯૭૨ અને તેમાં વખતો વખતના થયેલ થતાં સુધારાઓની જોગવાઈઓ મુજબ ગ્રેજ્યુટી ચુકવશે

૨. બોનસ ચુકવણી અધિનિયમ ૧૯૬૫ અને તેમાં વખતોવખત થયેલ થતાં સુધારાઓની જોગવાઈઓ મુજબ બોનસ ચુકવશે.

(૧) નિવૃતિ વયમર્યાદા :-

કલમ ૧ હેઠળના કામદાર કર્મચારીઓની નિવૃતિ વયમર્યાદાની ઉંમર ૬૦ વર્ષની નકકી કરવામાં આવેલ છે તેનો અમલ ચાલુ રાખવો.

(૨) ઉપર કલમ ૨ ની કેટેગરીમાં જો કોઈ રોજમદાર રોકવામાં આવશે તો તેને આ સમાધાન મુજબ નિયત થયેલ સંબંધિત કેટેગરીના કામદારને લઘુતમ મળવા પાત્ર માસીક પગારને ૨૬ વડે ભાંગતા જે રકમ આવે તે દરે સંસ્થા રોજમદાર વેતન ચુકવશે.

(૩) ઉપર મુજબના પગાર ગ્રેડમાં મળવા પાત્ર પગાર ફીકસ એલાઉન્સ, મોંઘવારી ભથ્થાનું નિયમિત પેમેન્ટ તા. ૧-૧૦-૧૯૯૦થી માસીક પગાર બીલોમાં આકારીને કરવામાં આવશે.

તફાવતની ચુકવણી :-

(૨) આ સમાધાન પ્રમાણે તા. ૧-૧૧-૧૯૮૯ થી તા. ૩૦-૯-૧૯૯૦ સુધીના તફાવતની રકમની ચુકવણી નીચે પ્રમાણે કરવામાં આવશે.

(૩) સીઝનલ કામદાર કર્મચારીને સને ૧૯૯૦ ની પીલાણ સીઝન પુર્ણ થયેથી ચુકવવામાં આવશે.

(૪) કાયમી કામદાર કર્મચારીને સને ૧૯૯૧-૯૨ ની પીલાણ સીઝન શરૂ થયેથી એક મહિનામાં ચુકવવામાં આવશે,

ઉપરોકત તફાવતની રકમમાંથી ૫ ટકા લેખે થતી રકમથી સિધેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટમાં ફાળા તરીકે કપાત કરવામાં આવશે. તથા ૫ ટકા લેખે થતી રકમ શ્રી સોર.ખાંડ મજુર મહાજન સંઘને કપાત કરી મેનેજમેન્ટ મોકલી આપશે.

ઉપરોકત તફાવતની રકમ ઉપર ઓવર ટાઇમ, ઈન્સેટીટીવ પગાર, લીવ એનકેસમેન્ટ, પેઈડ હોલીડે તેમજ બોનસના લાભ મળવા પાત્ર નથી. આ તફાવતની રકમ ઉપર પી. એફ. ના લાભ મળશે.

૧૪. સમાધાની અવધિ :

આ સમાધાનની અવધિ તા. ૧-૧૧-૮૯ થી તા. ૩૧-૧૨-૧૯૯૪ સુધીની રહેશે તે દરમ્યાન કામદાર કર્મચારી કે કામદાર મંડળ કોઈપણ નવી માંગણી જેમાંથી નાણાંકીય બોજ મંડળી ઉપર પડે તે રજુ કરશે નહિ તેમજ કરાવડાવશે નહિ તેમજ આ સમાધાનમાં આવરી લેવામાં ન આવી હોય તેની કોઈપણ પ્રકારની બીજી માંગણીઓ સંસ્થા સમક્ષ રજુ પણ કરશે નહીં.

(૧૫) આ સમાધાન મુજબ હાલની તા. ૩૧-૧૦-૮૯ ની સ્થિતિની સામે કેટેગરી વાઈઝ નવા પગાર ગ્રેડમાં તા. ૧-૧૧-૮૯ એ લઘુત્તમ અને ગુરૂતમ કુલ પગાર કેટલો થશે તેનું દાખલરૂપ માહિતી પત્રક આ સાથે બીડેલ છે. તે ધોરણે આ સમાધાન મુજબ પગાર ફીટમેન્ટ કરવામાં આવશે.

(૧૬) તા. ૧-૧૧-૧૯૮૯ કે તે પછી નવા નોકરોમાં જોડાનાર કાયમી-સીઝનલ કામદાર કર્મચારીને ઉપર કલમ-૨માં દર્શાવેલ પગાર ગ્રેડ મુજબ બેઝીક પગાર કલમ ૩ માં દર્શાવેલ ફીકસ એલાઉન્સ જો મળવા પાત્ર હોય તો કલમ ૫ મુજબ થતું વેરીએબલ ડી. એ. થી થતો માસીક પગાર મળશે, અને સીઝનલ મંડળી હશે તો કલમ ૬ મુજબ રીટેઇનીંગ એલાઉન્સ પણ મેળવવા પાત્ર થશે.

(૧૭) આ સમાધાન ઉભય પક્ષોને તથા સંસ્થાના સમાધાનનો લાભ મેળવવા પાત્ર તમામ કામદાર કર્મચારીને બંધનકર્તા માન્ય રહેશે.

(૧૮) સંસ્થાની ઉત્પન્ન શકિત, ગુણવત્તા વધારો કરવા તેમજ કામદારો કર્મચારીઓમાં સંપૂર્ણ શિસ્તપાલન, ઔદ્યોગિક શાંતિ જાળવી રાખવાના પુરે-પુરી જવાબદારી કામદાર મંડળના છે તેવી બાંહેધરી કામદાર મંડળ આપે છે.

સમાધાનના પેરા ૧૫ અનુસંધાને, તા. ૩૧-૧૦-૮૯ ની સ્થિતિની સાથે નવા પગાર

અ. નં.	વિગત	અનસ્કીલ્ટ લઘુતમ	અનસ્કીલ્ટ ગુરૂતમ	સેમીસ્કીલ્ડ લઘુતમ	સેમીસ્કીલ્ડ ગુરૂતમ	સ્કીલ્ડ-સી લઘુતમ	સ્કીલ્ડ-સી ગુરૂતમ
૧	તા. ૩૧-૧૦-૮૯ નો કુલ પગાર	૧૧૦૩.૨૦	૧૧૫૦.૨૦	૧૧૧૪ ૨૦	૧૧૯૬ ૫૬	૧૧૨૬.૨૦	૧૨૨૨.૫૬
(૨)	લમસમ વધારો	૧૧૫.૦૦	૧૧૫.૦૦	૧૧૫.૦૦	૧૧૫.૦૦	૧૨૦.૦૦	૧૨૦.૦૦
(૩)	સમાધાન કલમ ૫ : પાંચ મુજબ વી.ડી.એ.તફાવત	૩૮.૦૦	૩૮.૦૦	૩૮.૦૦	૩૮ ૦૦	૩૮.૦૦	૩૮.૦૦
(૪)	કુલ	૧૨૫૬.૨૦	૧૩૦૩.૨૦	૧૨૬૭.૨૦	૧૩૪૯.૫૬	૧૨૮૪ ૨૦	૧૩૮૦.૫૬
(૫)	બાદ ફીકસ એલા.	૩૧૦.૦૦	૩૧૦.૦૦	૨૨૦.૦૦	૨૨૦.૦૦	૯૯.૦૦	૯૯.૦૦
(૬)	બાદ વી.ડી એ. સમાધાન કલમ ૫-૬ મુજબ	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦
(૭	થતી રકમ	૭૮૩ ૪૦	૮૩૦.૪૦	૮૮૪.૪૦	૯૬૬.૭૬	૧૦૨૨.૪૦	૧૧૧૮.૭૬
(૮)	નવા પગાર ગ્રેડમાં બેઝીક ફીટમે-ટ	૮૦૦.૦૦	૮૪૦.૦૦	૯૦૦.૦૦	૯૭૫.૦૦	૧૦૫૦.૦૦	૧૧૨૫.૦૦
(૯)	ઉમેરો ફીકસ એલા	૩૧૦.૦૦	૩૧૦.૦૦	૨૨૦.૦૦	૨૨૦.૦૦	૯૯.૦૦	૯૯.૦૦
(૧૦)	ઉમેરો વી. ડી એ. ઉપર ક્રમ-૬ મુજબ	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦
(૧૧)	કુલ નવો પગાર	૧૨૭૨ ૮૦	૧૩૧૨.૮૦	૧૨૮૨.૮૦	૧૩૫૭.૮૦	૧૩૧૧ ૮૦	૧૩૮૬ ૯૦

INDEX

ગ્રેડમાં તા. ૧-૧૧-૮૯ એ થતો નવો કુલ લઘુતમ અને ગુરૂતમ પગારનું દાખલા રૂપ માહિતી પત્રક.

સ્કીલ્ડ-બી		સ્કીલ્ડ-એ		હાઇલીસ્કીલ્ડ-૨	
લઘુતમ	ગુરૂતમ	લઘુતમ	ગુરૂતમ	લઘુતમ	ગુરૂતમ
૧૧૪૬.૨૦	૧૨૬૦.૫૬	૧૧૯૩.૨૦	૧૩૧૪.૨૦	૧૨૪૩.૩૨	૧૪૧૯.૩૨
૧૨૦.૦૦	૧૨૦.૦૦	૧૨૦.૦૦	૧૨૦.૦૦	૧૨૫.૦૦	૧૨૫.૦૦
૩૮.૦૦	૩૮.૦૦	૩૮.૦૦	૩૮.૦૦	૩૮.૦૦	૩૮.૦૦
૧૩૦૪.૨૦	૧૪૧૮.૫૬	૧૩૫૧.૨૦	૧૪૭૨.૨૦	૧૪૦૬.૩૨	૧૫૮૨.૩૨
૯૯.૦૦	૯૯.૦૦	—	—	—	—
૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦
૧૦૪૨.૪૦	૧૧૫૬.૭૬	૧૧૮૮.૪૦	૧૩૦૯.૪૦	૧૨૪૩.૫૨	૧૪૧૯.૫૨
૧૦૫૦.૦૦	૧૧૭૫.૦૦	૧૨૦૦.૦૦	૧૩૨૦.૦૦	૧૩૦૦.૦૦	૧૪૪૦.૦૦
૯૯.૦૦	૯૯.૦૦	-	-	-	-
૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦
૧૩૧૧.૮૦	૧૪૩૬.૮૦	૧૩૬૨.૮૦	૧૪૮૨.૮૦	૧૪૬૨.૮૦	૧૬૦૨.૮૦

અ. નં. વિગત	હાઇલીસ્કીલ્ડ-૧		કલેરીકલ-૫		કલેરીકલ-૪	
	લઘુતમ	ગુરૂતમ	લઘુતમ	ગુરૂતમ	લઘુતમ	ગુરૂતમ
(૧) ૩૧-૧૦-૮૯ નો કુલ પગાર	૧૨૭૬.૩૨	૧૪૫૨.૩૨	૧૧૩૩.૨૦	૧૨૨૪.૫૬	૨૧૪૩.૨૦	૧૨૫૭.૫૦
(૨) લમસમ વધારો	૧૨૫.૦૦	૧૨૫.૦૦	૧૨૦.૦૦	૧૨૦.૦૦	૧૨૦.૦૦	૧૨૦.૦૦
(૩) સમાધાન કલમ ૫ (પાંચ) મુજબ વીડીએ તફાવત	૩૮.૦૦	૩૮.૦૦	૩૮.૦૦	૩૮.૦૦	૩૮.૦૦	૩૮.૦૦

INDEX

(૪) કુલ

૧૪૩૯.૩૨ ૧૬૧૫.૩૨ ૧૨૯૧.૨૦ ૧૩૮૨.૫૬ ૧૩૦૧.૨૦ ૧૪૧૫.૫૬

(૫) બાદ ફીક્સ એલાઉન્સ

— — ૯૭.૦૦ ૯૭.૦૦ ૯૭.૦૦ ૯૭.૦૦

(૬) બાદ વીડીએ કલમ ૫-૬

૧૬૨.૮૦ ૧૬૨.૮૦ ૧૬૨.૮૦ ૧૬૨.૮૦ ૧૬૨.૮૦ ૧૬૨.૮૦

(૭) થતી રકમ

૧૨૭૬.૫૨ ૧૪૫૨.૫૨ ૧૦૩૧.૪૦ ૧૧૨૨.૭૬ ૧૦૪૧.૪૦ ૧૧૫૫.૭૬

(૮) નવા પગાર ધોરણમાં એજીક ફીટમેન્ટ

૧૩૦૦.૦૦ ૧૪૭૫.૦૦ ૧૦૫૦.૦૦ ૧૧૨૫.૦૦ ૧૦૫૦.૦૦ ૧૧૭૫.૦૦

(૯) ઉમેરો ફીક્સ એલાઉન્સ

— — ૯૭.૦૦ ૯૭.૦૦ ૯૭.૦૦ ૯૭.૦૦

(૧૦) ઉમેરો વીડીએ ઉપર ક્રમ ૬ મુજબ

૧૬૨.૮૦ ૧૬૨.૮૦ ૧૬૨.૮૦ ૧૬૨.૮૦ ૧૬૨.૮૦ ૧૬૨.૮૦

(૧૧) કુલ નવો પગાર

૧૪૬૨.૮૦ ૧૬૩૭.૮૦ ૧૩૦૯.૮૦ ૧૩૮૪.૮૦ ૧૩૦૯.૮૦ ૧૪૩૪.૮૦

કલેરી કલ-૩		કલેરી કલ-૨		કલેરી કલ-૧	
લઘુતમ	ગુરૂતમ	લઘુતમ	ગુરૂતમ	લઘુતમ	ગુરૂતમ
૧૧૯૮.૩૨	૧૩૦૯.૩૨	૧૨૩૩.૩૨	૧૩૬૮.૩૨	૧૩૦૮.૩૨	૧૪૮૪.૩૨
૧૨૦.૦૦	૧૨૦.૦૦	૧૨૫.૦૦	૧૨૫.૦૦	૧૨૫.૦૦	૧૨૫.૦૦
૩૮.૦૦	૩૮.૦૦	૩૮.૦૦	૩૮.૦૦	૩૮.૦૦	૩૮.૦૦
૧૩૫૬.૩૨	૧૪૭૪.૩૨	૧૩૯૬.૩૨	૧૪૩૧.૩૨	૧૩૭૧.૩૨	૧૬૪૭.૩૨
—	—	—	—	—	—
૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦
૧૧૯૩.૫૨	૧૩૧૪.૫૨	૧૨૩૩.૫૨	૧૩૬૮.૫૨	૧૩૦૮.૫૨	૧૪૮૪.૫૨
૧૨૦૦.૦૦	૧૩૨૦.૦૦	૧૩૦૦.૦૦	૧૩૭૦.૦૦	૧૪૦૦.૦૦	૧૫૨૦.૦૦
—	—	—	—	—	—
૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૦૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦
૧૩૬૨.૮૦	૧૪૮૨.૮૦	૧૪૬૨.૮૦	૧૫૩૨.૮૦	૧૫૬૨.૮૦	૧૬૮૨.૮૦

INDEX

અ. નં.	વિગત	સુપરવાઈઝરી–સી	
		લઘુતમ	ગુરૂતમ
(૧)	૩૧–૧૦–૮૯નો કુલ પગાર	૧૩૧૩.૩૨	૧૫૭૬.૩૨
(૨)	લમસમ વધારો	૧૨૫.૦૦	૧૨૫.૦૦
(૩)	સમાધાન કલમ (પાંચ) ૫ વી. ડી. એ. તફાવત	૩૮.૦૦	૩૮.૦૦
(૪)	કુલ	૧૪૭૬.૩૨	૧૭૩૯.૩૨
(૫)	બાદ વી. ડી. એ. સમાધાન કલમ ૫-૬ મુજબ	૧૬૨.૮૦	૧૬૨.૮૦
(૬)	થતી રકમ	૧૩૧૩.૫૨	૧૫૭૬.૫૨
(૭)	નવા પગાર ગ્રેડમાં બેઝીક ફીટમેન્ટ	૧૪૦૦.૦૦	૧૬૦૦.૦૦
(૮)	ઉમેરો વી. ડી. એ. ઉપર ક્રમ ૫ મુજબ	૧૬૨.૮૦	૧૬૨.૮૦
(૯)	કુલ નવો પગાર	૧૫૬૨.૮૦	૧૭૬૨.૮૦

સુપરવાઈઝરી–બી		સુપરવાઈઝરી–એ–૨		સુપરવાઈઝરી–એ–૧	
લઘુતમ	ગુરૂતમ	લઘુતમ	ગુરૂતમ	લઘુતમ	ગુરૂતમ
૧૩૬૮.૩૨	૧૭૨૧.૩૨	૧૪૧૮.૩૨	૧૮૪૬.૩૨	૧૪૩૮.૩૨	૨૦૯૧.૩૨
૧૩૦.૦૦	૧૩૦.૦૦	૧૩૦.૦૦	૧૩૦.૦૦	૧૩૦.૦૦	૧૩૦.૦૦
૩૮.૦૦	૩૮.૦૦	૩૮.૦૦	૩૮.૦૦	૩૮.૦૦	૩૮.૦૦
૧૫૩૬.૩૨	૧૮૮૯.૨૨	૧૫૮૬.૩૨	૨૦૧૪.૩૨	૧૬૦૬.૩૨	૨૨૫૯.૩૨
૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦
૧૩૭૩.૫૨	૧૭૨૬.૫૨	૧૪૨૩.૫૨	૧૮૫૧.૫૨	૧૪૪૩.૫૨	૨૦૯૬.૫૨
૧૫૦૦.૦૦	૧૭૭૦.૦૦	૧૭૦૦.૦૦	૧૮૮૦.૦૦	૧૭૦૦.૦૦	૨૧૨૦.૦૦
૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦	૧૬૨.૮૦
૧૬૬૨.૮૦	૧૯૩૨.૮૦	૧૮૬૨.૮૦	૨૦૪૨.૮૦	૧૮૬૨.૬૦	૨૨૮૨.૮૦

INDEX

તારીખ ૬-૧૦-૧૯૯૦

સૌરાષ્ટ્ર મજુર મહાજન સંઘ
વતી.
સહી
દિલીપભાઈ ઠાકર
પ્રધાન મંત્રી

શ્રી ઉના તાલુકા ખેડુત સહકારી
ખાંડ ઉદ્યોગ મંડલી લી. વતી.
સહી
પી. એસ. શર્મા
મેનેજીંગ ડાયરેક્ટર

રાજકોટ
તા. ૯-૧૦-૯૦.

સહી
(મ. હ. દોશી)
સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

તા. ૪-૧૨-૯૦
અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૨૫૯/આર.યુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૧૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન અને દર્શન હોઝીયરી વર્કસ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૦માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી. આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઈ. સી) નં. ૭૫/૮૯.

અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન, અમદાવાદ. .....પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

દર્શન હોઝીયરી વર્કસ, અમદાવાદ. ....બીજા પક્ષકાર.

સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી બોનસની રકમ આપવા અંગે....

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર હોઝીયરી વર્કસને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઇમના પગારમાંથી બોનસની રકમ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપ્યા બાદ સમાધાનકાર, અમદાવાદે આપેલ નિષ્ફળતાના પ્રમાણપત્ર બાદ મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ-૭૩(એ) અન્વયે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આક-૭ ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ રેફરન્સના કામે કોર્ટ બહાર સમાધાન થઇ ગયેલ હોઇ હવે તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ બાધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરૂં છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ ફેસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(આર. એસ. શુકલ)
સભ્ય, ઔદ્યોગિક અદાલત, અમદાવાદ.

જી, જે. દવે.
રજીસ્ટ્રાર, અમદાવાદ.
તારીખ-૪-૧૦-૧૯૯૦.

INDEX

અમદાવાદ

તા. ૪-૧૨-૯૦

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચનાસ હાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૨૬૦ આરયુ/સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન અમદાવાદ અને કોકિલ કોર્પોરેશન, અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી, આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઇ. સી.) નં. ૮૨/૮૯.

અખિલ ગુજરાત હોઝીયરી કામદાર
યુનિયન, અમદાવાદ. ....પ્રથમ પક્ષકાર.

વિરૂધ્ધ

કોકિલ કોર્પોરેશન, અમદાવાદ. ....બીજા પક્ષકાર.

INDEX

સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઇન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી પણ બોનસની રકમ આપવા બાબત..

ચુકાદો

૧ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કંપનીને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી પણ બોનસની રકમ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપ્યા બાદ સદરહુ કામમાં સમાધાનકાર, અમદાવાદે નિષ્ફળતાનુ પ્રમાણપત્ર આપ્યા બાદ પ્રથમ પક્ષકા યુનિયને બી. આઇ. આર. એક્ટની કલમ ૭૩(એ) અન્વયે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૮ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ કામમાં કોર્ટ બહાર સમાધાન થઇ ગયેલ હોઇ હવે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા ઈચ્છતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ કેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

જી. જે. દવે (આર. એસ. શુકલ)

રજીસ્ટ્રાર, અમદાવાદ. સભ્ય, ઔધોગિક અદાલત, અમદાવાદ.

તારીખ-૨૮-૯-૧૯૯૦.

અમદાવાદ તા. ૪ ૧૨-૯૦ (આર. કે પરમાર)

સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔધોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૨૭૭ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને ધી પટેલ મીલ્સ કું. લી, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૮૦માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન. એચ. ચૌહાણ, સભ્ય રુબરુ.

રેફરન્સ (આઈસી) નં. ૧૪૫/૮૩.

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ ..પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી પટેલ મીલ્સ કંપની લિ, અમદાવાદ. ..દ્વિતીય પક્ષકાર

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ.

વાઈન્ડીંગ ખાતાના કાયમી કારીગરોમાંથી સૌથી સીનીયર મોસ્ટને કારીગરને વાઈન્ડીંગ જોબરમાં મુકીને દિવસ અને રાતપાળીની જગા પુરવા અંગે.

પ્રથમ પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી એસ.એમ.જોશી.

દ્વિતીય પક્ષકાર તરફે વકીલ શ્રી રાયસીંગાણી અને ડી ગોરાની.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩ (ક) મુજબ પ્રથમ પક્ષકાર કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનું પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેમના તરફથી દાખલ કરવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર સંઘે તા. ૫-૧-૮૩ના રોજ દ્વિતીય પક્ષકાર મીલ કંપનીને ૧૯૪૬ના અધિનિયમની કલમ ૪૨(૨) મુજબની એક ફેરફારની સૂચના આપીને માંગણી કરેલી કે, દ્વિતીય પક્ષકાર એકમમાં વાઈન્ડીંગ ખાતામાં ઘણા લાંબા સમયથી જોબરોની જગ્યા ભરેલી નથી તો તે જગ્યા

INDEX

વાઈન્ડીંગ ખાતાના કાયમી કામદારોની જયેષ્ઠતા યાદીનો જયેષ્ઠતા ક્રમ લક્ષમાં લઈને પુરવી જોઈએ. આ માંગણી અંગે દ્વિતીય પક્ષકાર એકમ સંમત થયેલ ન હતું અને ૧૯૪૬ના અધિનિયમ નીચે નીમવામાં આવેલ સમાધાનકાર પણ આ માંગણી અંગે પક્ષકારો વચ્ચે સમજૂતિ કરાવી શકેલા ન હતા માટે તેઓએ તા. ૫-૨-૮૩ના રોજ નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપેલું અને તેથી સદરહુ માંગણીનો ન્યાય નિર્ણય માટે પ્રથમ પક્ષકાર સંઘે હાલનો રેફરન્સ આ અદાલત સમક્ષ દાખલ કરેલો છે.

૨. પ્રથમ પક્ષકાર સંઘે આંક-૪ મુજબ માંગણાનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે, દ્વિતીય પક્ષકાર એકમમાં વાઈન્ડીંગખાતામાં દિવસ અને રાત-પાળીમાં એક એક જોબરની જગ્યા મુકરર કરવામાં આવેલ હતી પરંતુ છેલ્લા ઘણાં વર્ષોથી આ જગ્યા ભરવામાં આવી નથી. આ જગ્યા વાઈન્ડીંગ ખાતામાં જે કામદારો કામ કરતા હોય તેમાં જે જયેષ્ટતા ક્રમ ધરાવતા હોય તેની નિમણૂક કરવાની હોય છે પરંતુ દ્વિતીય પક્ષકાર એકમે દિવસ અને રાતપાળીમાં વાઈન્ડીંગ ખાતાની જોબરની જગ્યા ઘણા વખતથી ભરેલી નથી માટે દિવસ પાળીમાં અને રાતપાળીમાં કામદારોમાં જે જયેષ્ઠતા યાદીમાં અગ્રતા ધરાવતા હોય તે કામદારની નિમણૂક કરવાનો તેમને આદેશ આપવો જરુરી છે.

૩ દ્વિતીય પક્ષકાર આંક-૮નું લેખિત નિવેદન રજુ કરીને જણાવેલ છે કે, રેફરન્સમાં કરવામાં આવેલી માંગણી ગેરવ્યાજબી છે અને આવી માંગણી અંગે અદાલતને નિર્ણય કરવા માટેનો અધિકાર પહોંચતો નથી હકીકત અંગે દ્વિતીય પક્ષકાર એકમની રજુઆત એવી છે કે, સંબંધ ધરાવતા કામદારોની સીનીયોરીટી પ્રમાણે વાઈન્ડીંગ ખાતામાં જોબર રાખવામાં આવે છે અને હક્ક ધરાવતા કામદારોને જોબર તરીકે જે તે પાળીમાં મુકેલા જ છે વિશેષમાં રજુઆત એવી છે કોઈ વિનંતીપત્ર આપવામાં આવેલ નથી માટે હાલનો રેફરન્સ ટકી શકે નહીં.

૪. પ્રથમ પક્ષકારે પોતાની રજુઆતના સમર્થનમાં વાઈન્ડીંગ ખાતામાં વાઈન્ડર તરીકે કામ કરતાં શ્રી બમ ડા તુકારામ પટેલને આંક-૧૦થી તપાસેલા છે જયારે દ્વિતીય પક્ષકાર એકમે પોતાની રજુઆતના સમર્થનમાં મેનેજર શ્રી પીયુષકુમાર પુરોહીતને આંક-૧૯થી અને ટાઈપકીપર હરીશ ભોગીલાલ શાહને આંક-૨૦થી તપાસેલ છે. દ્વિતીય પક્ષકાર એકમે આંક-૧૮ની યાદી સાથે રજુ કરેલ કરાર ઉપર પણ આધાર રાખેલો છે.

INDEX

૫. અગાઉ જણાવ્યા પ્રમાણે પ્રથમ પક્ષકાર સંઘની રજુઆત એવી છે કે, વાઈન્ડીંગ ખાતામાં પહેલી અને બીજી પાળીમાં એક એક જોબરની જગ્યા નક્કી કરવામાં આવેલ છે પરંતુ કાયમી જોબરની જગ્યા ખાલી પડયા દ્વિતીય પક્ષકાર પક્ષકાર એકમે જોબરની જગ્યા ભરેલી નથી. પ્રથમ પક્ષકાર સંઘની રજુઆત એવી છે કે, જોબરની જગ્યા સીનીયર મોસ્ટ વાઇન્ડર હોય તેને બઢતી આપીને ભરવાની હોય છે પરંતુ તે પ્રમાણે દ્વિતીય પક્ષકાર એકમે ૧૯૮૧થી આસથી કરેલ નથી. દ્વિતીય પક્ષકાર એકમે તેમના લેખિત જવાબમાં જણાવેલ છે કે, જોબરોને નીમવામાં આવેલ છે પરંતુ આ રજૂઆત સત્યથી વેગળી છે કારણકે દ્વિતીય પક્ષકાર એકમના મેનેજર પીયુષકુમાર આંક-૧૯ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ૧૯૮૧થી વાઈન્ડીંગ ખાતામાં કોઈ જોબર નીમવામાં આવેલા નથી પરિણામે સ્પષ્ટ છે કે, દ્વિતીય પક્ષકાર એકમમાં વાઈન્ડીંગ ખાતામાં ૧૯૮૧ બાદ કોઇ જોબરની જગ્યા ભરવામાં આવેલ નથી.

૬. પ્રથમ પક્ષકાર સંઘની રજુઆત એવી છે કે, સીનીયર મોસ્ટ વાઈન્ડર આપોઆપ જોબરની નિમણૂક માટે પાત્ર બને છે. દ્વિતીય પક્ષકાર એકમે પોતાના લેખિત જવાબના પેરા ૬ માં કબુલ રાખેલ છે. આ સંજોગો ઉપર આધાર રાખીને શ્રી જોશીની રજુઆત એવી છે કે, પહેલી પાળીમાં મોહન ભગવતી સીનીયર મોસ્ટ વાઇન્ડર છે માટે તેઓની નિમણૂક કરવી જોઈએ જ્યારે બીજી પાળીમાં ધમંડી રતીલાલ આંક-૧૦ સીનીયર મોસ્ટ વાઈન્ડર છે માટે તેઓની નિમણૂક કરવી જોઈએ. ધમંડી આંક-૧૦ સોગંદ ઉપર જણાવે છે કે, મોહન ભગવતી સીનીયર મોસ્ટ વાઇન્ડર છે. તેમની આ હકીકતને પડકારવામાં આવેલ નથ તેમજ દ્વિતીય પક્ષકાર એકમે વાઈન્ડરોની જ્યેષ્ઠતા યાદી રજુ કરી આ કથન સાચું નથી તેવું પ્રસ્થાપિત કરેલ નથી તે સંજોગોમાં ધમંડી આંક-૧૦ની રજુઆત કે તેઓ બીજી પાળીના સીનીયર મોસ્ટ વાઇન્ડર છે તેમજ મોહન ભગવતી પહેલી પાળીના સીનીયર મોસ્ટ વાઈન્ડર છે તે ન માનવા માટે કોઈ કારણ નથી. દ્વિતીય પક્ષકાર એકમ તરફથી એવી રજુઆત કરવામાં આવી છે કે, આ બંને કામદારો સીનીયર મોસ્ટ વાઇન્ડરો છે તેવું દસ્તાવેજી પુરાવા પરથી પ્રથમ પક્ષકાર સંઘે પ્રસ્થાપિત કરેલ નથી માટે એકલા કથન ઉપરથી જ તે બંને કામદારો સીનીયર મોસ્ટ વાઈન્ડરો છે એવો નિર્ણય લઈ શકાય નહીં. આ રજુઆત સાથે સંમત થઈ શકાય તેમ નથી. આ બંને કામદારો સીનીયર મોસ્ટ વાઈન્ડરો છે એવો પ્રથમ પક્ષકાર સંઘ પાસે કોઈ લેખીત પુરાવો હોઇ શકે નહીં. દ્વિતીય પક્ષકારે આ અંગે જયેષ્ઠતા યાદી રાખવાની હોય છે માટે દ્વિતીય પક્ષકાર એકમની

ફરજ હતી કે વાઇન્ડરોની જયેષ્ઠતા યાદી રજૂ કરીને જણાવે કે સીનીયર મોસ્ટ વાઈન્ડરો કોણ છે. દ્વિતીય પક્ષકાર એકમે અગાઉ જણાવ્યા પ્રમાણે વાઇન્ડરોની જયેષ્ઠતા યાદી રજૂ કરેલી નથી તેમજ સમંડીના તે કથનને પડકારેલ નથી તે સંજોગોમાં આ બંને કામદારો સીનીયર મોસ્ટ વાઈન્ડરો અનુક્રમે પહેલી અને બીજી પાળીમાં પ્રસ્થાપિત થતા નથી એવી જે રજુઆત કરવામાં આવી છે તે પક્ષભર ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

૭. પીયુષકુમાર આંક-૧૯ની રજૂઆત એવી છે કે, આંક-૧૮નાં યાદી સાથે રજૂ કરેલ કરારથી જોબરની જગ્યા કમી કરવામાં આવેલ છે માટે જોબરની જગ્યા ભરવામાં આવેલ નથી. પીયુષકુમારની આ રજુઆત પક્ષભર ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી, કારણકે જોબરની જગ્યા ૧૯૮૧ બાદ ભરવામાં આવેલ નથી જ્યારે આ કરાર તા. ૯-૫-૮૯ના રોજ થયેલ છે આ કરારનો આમુખ વાંચવામાં આવે તો માલુમ પડશે કે, પ્રથમ પક્ષકાર સંઘે તા. ૧૯-૪-૮૯ના રોજ વાઈન્ડીંગ ખાતામાં ચાલતા આરજેકે મશીન નં. ૧,૨,૩માં ૧૪૦ સ્પીન્ડલને બદલે ૧૬૦ સ્પીન્ડલ ચલાવાતા હોવાથી તે અંગે તેઓનું પગાર ધોરણ નક્કી કરવાની જરૂર છે તે માંગણીના સબંધમાં વાઇન્ડરોનું પગાર ધોરણ નક્કી કરવામાં આવેલ છે. સદરહુ કરારમાં જોબરોનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલો નથી. તે પરથી એવો નિર્ણય લઈ શકાય નહીં કે સદરહુ કરારથી જોબરોની જગ્યા કમી કરવા માટે પ્રથમ પક્ષકાર સંઘ સંમત થયેલ છે. પરિણામે દ્વિતીય પક્ષકાર એકમના મેનેજર પીયુષકુમારની રજૂઆત કે, આંક-૧૮ની યાદી સાથે રજૂ કરવામાં આવેલ કરારથી જોબરોની જગ્યા કમી કરવામાં આવેલી છે તેમાં કંઇ તથ્ય નથી.

૮. દ્વિતીય પક્ષકાર એકમની રજુઆત એવી છે કે, હાલનો રેફરન્સ કરતા પહેલાં કોઈ વિનંતીપત્ર આપેલો નથી માટે આ રેફરન્સ ટકી શકે નહીં. વિનંતી-પત્ર કલમ ૪૨(૪) મુજબ આપવાનો હોય છે. હાલની માંગણી કલમ ૪૨ (૨) મુજબની ફેરફારની સૂચનામાં સમાવેશ થતી હોવાથી આ જાતની માંગણી કરતા પહેલાં કલમ ૪૨(૨) મુજબની ફેરફારની સૂચના આપવાની હોય છે. પ્રથમ પક્ષકાર સંઘે અગાઉ જણાવ્યા પ્રમાણે ફેરફારની સૂચના આપેલી છે તે સૂચના ઉપર સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે કોઈ સમાધાન કરાવી શકેલા નથી માટે તેઓએ નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપેલ છે અને ત્યાર બાદ કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘે હાલનો રેફરન્સ કરેલો છે. પરિણામે દ્વિતીય પક્ષકાર એકમ તરફથી જે રજૂઆત કરવામાં આવેલી છે કે વિનંતીપત્ર આપવામાં આવેલ નથી માટે તે રદ કરવાને પાત્ર છે તેમાં કંઈ તથ્ય નથી. દ્વિતીય પક્ષકાર તરફથી એવી

INDEX

રજૂઆત કરવામાં આવી છે કે, જોબરની જગ્યા ભરવા માટેનો આદેશ આપવા માટે આ અદાલતને હકુમત પહોંચતી નથી આ રજૂઆતમાં પણ કંઈ તથ્ય નથી. જોબરની જગ્યા નક્કી થયેલી છે. અગાઉ જણાવ્યા પ્રમાણે દ્વિતીય પક્ષકાર એકની રજૂઆત એવી છે કે, જોબરની જગ્યા ભરવામાં આવેલી જ છે જ્યારે પુરાવા ઉપરથી સ્પષ્ટ છે કે ૧૯૮૧ બાદ જગ્યા ભરવામાં આવેલ નથી. ૧૯૮૧ બાદ જોબરની જગ્યા ભરવામાં આવેલ નથી માટે જોબરની જગ્યા ભરવી જોઈએ એવી પ્રથમ પક્ષકાર સંઘને સૂચના આપેલ હતી અને તે સૂચનાનો કોઈ અમલ કરવામાં આવ્યો નહીં માટે હાલનો રેફરન્સ કરવામાં આવેલ છે. પરિણામે દ્વિતીય પક્ષકાર એકમની રજુઆત કે રેફરન્સમાં કરવામાં આવેલી માંગણી અદાલતની હકુમત બહારની છે તેમાં કંઈ તથ્ય નથી.

૯. દ્વિતીય પક્ષકાર એકમની રજૂઆત એવી છે કે, અદાલત બઢતી આપવા માટેનો કોઈ હુકમ કરી શકે નહીં. અત્રે નોંધ લેવાની જરૂર છે કે, જ્યાં દ્વિતીય પક્ષકાર એકમમાં વાઇન્ડીંગ ખાતામાં જોબરની જગ્યા નકકી થયેલી છે તે નક્કી થયેલી જગ્યા કમી કરતાં પહેલાં દ્વિતીય પક્ષકાર એકમે ફેરફારની સૂચના આપવી જોઈએ અગર તે બાબતનો સમજૂતિનો કરાર કરવો જોઈએ અને તેવો કરાર કર્યા વગર દ્વિતીય પક્ષકાર એકમ આ જગ્યા કમી કરી શકે નહીં. દ્વિતીય પક્ષકાર એકમની રજૂઆત મુજબ, જોબરની જગ્યા સીનીયોરીટી ના ધોરણે જ વાઇન્ડરોમાંથી ભરવામાં આવે છે તેમ છતાં દ્વિતીય પક્ષકાર એકમે જાણી જોઈને જોબરોની જગ્યા ભરેલી નથી અને તેમ કરીને દ્વિતીય પક્ષકાર એકમે સીનીયર મોસ્ટ વાઈન્ડરોને અન્યાય કરેલો છે અને તે અન્યાય દૂર કરવા માટે પ્રથમ પક્ષકાર સંઘે હાલનો રેફરન્સ કરાવેલો છે. હાલનો રેફરન્સ જોબરોની જગ્યા ભરવી જોઈએ તે માંગણી અંગેનો છે. પ્રથમ પક્ષકાર સંઘની રજુઆત એવી નથી કે, અમુક વ્યકિતને તમે જોબર તરીકે નીમો પરંતુ દ્વિતીય પક્ષકાર એકમની જ રજુઆત એવી છે કે, સીનીયર મોસ્ટ વાઈન્ડરને જોબરની જગ્યાએ નીમવાના હોય છે. સીનીયર મોસ્ટ વાઇન્ડર કોણ છે તેવુ દ્વિતીય પક્ષકાર એકમે પ્રસ્થાપિત કરેલ છે તે સંજોગોમાં તે બંને કામદારોને જોબરની જગ્યાએ જ્યારથી જોબરની જગ્યા ખાલી પડી છે ત્યારથી નીમેલા ગણવા જોઈએ તેવો આદેશ પ્રથમ પક્ષકાર એકમને આપવાની ન્યાયના હીતમાં જરૂર છે. ઘમ ડીની આંક-૧૦ની રજુઆત મુજબ, જોબરોની કામગીરી તેઓ બંને કામદારો પાસેથી લેવામાં આવે છે પરંતુ તેઓને તે જગ્યાઓનું વેતન કે અન્ય લાભો આપવામાં આવતા નથી. દ્વિતીય પક્ષકાર એકમની એવી કોઈ રજુઆત નથી કે, જોબરનાં

INDEX

કામગીરી ઈતર કોઈ વ્યક્તિ પાસેથી લેવામાં આવે છે. તે સંજોગોમાં આ બંને કામદારો કે જેઓ સીનીયર મોસ્ટ વાઈન્ડરો છે તેઓને જ્યારથી જોબરોની જગ્યા ખાલી પડી ત્યારથી તે હોદ્દાનો લાભ મળવો જોઈએ. પરિણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

હુકમ

૧૦. દ્વિતીય પક્ષકાર એકમમાં વાઈન્ડીંગ ખાતામાં પહેલી અને બીજી પાળીમાં વાઈન્ડીંગ જોબરની જગ્યા સામાવાળા મીલે ૧૯૮૧ની સાલથી ખાલી રાખેલી છે અને તે જગ્યાએ સીનીયર મોસ્ટ વાઈન્ડરો મોહન ભગવતી અને ઘમંડી રતીલાલ અન્યાય કરેલો છે માટે આથી દ્વિતીય પક્ષકાર એકમને આથી એવો આદેશ આપવામાં આવે છે કે, તા ૧-૬-૮૨થી પહેલી પાળીના ઘમંડી રતીલાલ પહેલા જોબર છે તેમ ગણીને તેઓને વેતનનો જે તફાવત થાય તે ચૂકવી આપવો તેમજ હવે પછી પણ તેઓને તેમનો હોદ્દો જોબરનો ગણીને તેઓને તે હોદ્દાના મળતા તમામ લાભો આપવાનો દ્વિતીય પક્ષકાર એકમને આદેશ આપવામાં આવે છે. આ રેફરન્સના ખર્ચ અંગે દ્વિતીય પક્ષકાર એકમે સંઘને રૂા. ૨૦૦ ચૂકવી આપવા માટેનો આદેશ આપવામાં આવે છે.

સહી

(એ. એન. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ.

જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૧૦-૮-૯૦.

અમદાવાદ
તા. ૪-૧૨-૯૦

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : /ખ/શ્રમક/૨૭૨૭૮ આથી સને ૧૯૪૬ના ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને રાયપુર મેન્યુ કું. લી, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને-૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રૂબરૂ

રેફરન્સ આઈ.-સી. આર. નં. ૪૧/૮૮.

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

ધી રાયપુર મેન્યુ. કંપની લિ, અમદાવાદ. દ્વિતીય પક્ષકાર

સ્ટેમ્પીંગ ખાતામાં ડીલીવરીમેન તરીકે કામ કરતાં શ્રી રમેશચંદ્ર સાંકળચંદ, કલ્યાણસીંગ મુળસીંગ, ચંદુલાલ વીરચંદને સેમી કલાર્કનો હોદ્દો આપવા અંગે.

પ્રથમ પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી એસ. એમ જોશી

દ્રિતીય પક્ષકાર તરફે વકીલ શ્રી રાજીવભાઈ પટેલ

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩ (ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘ કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનું પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેમના તરફથી દાખલ કરવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર સંઘે દ્વિતીય પક્ષકાર એકમ, કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગનું એક એકમ છે તેને તા. ૨૯-૧૧-૮૭ના રોજ ફેરફારની સુચના આપીને માંગણી કરેલ હતી કે, સ્ટેમ્પીંગ ખાતામાં ડીલીવરી મેન તરીકે કામ કરતા રમેશચંદ્ર સાંકળચંદ, કલ્યાણસીંગ, મુળસીંગ અને ચંદુલાલ વીરચંદ સેમી કલાર્કનું કામ કરતા હોવાથી સેમીકલાર્ક ગણીને તેમને તે હોદ્દો મુજબ વેતન આપવામાં આવતુ નથી તે વ્યાજબી નથી માટે તે ૩ કર્મચારીઓનો હોદ્દો સેમી કલાર્કનો ગણીને તેઓને તે હોદ્દા મુજબનુ વેતન ચૂકવી આપવું જોઈએ આ માંગણીનો દ્વિતીય પક્ષકાર

INDEX

એકમે સ્વીકાર કરેલો ન હતો અને હતો અને ૧૯૪૬ના અધિનિયમ નીચે નીમવામાં આવેલ સમાધાનકાર પણ પક્ષકારો વચ્ચે આ બાબતની સમજુતિ કરાવી શકેલા નહીં માટે તેઓએ તા ૨-૨-૮૮ના રોજ પક્ષકાર સંઘને નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપેલ સંઘે સદરહુ માંગણી અંગે હાલનો રેફરન્સ દાખલ કરેલો છે.

૨. પ્રથમ પક્ષકાર સંઘે આંક-૮ મુજબનું માંગણાનું નિવેદન રજૂ કરીને જણાવેલ છે કે, સંબંધિત ૩ કર્મચારીઓ દ્વિતીય પક્ષકાર એકમના સ્ટેમ્પીંગ ખાતામાં ઘણા વર્ષોથી ડીલીવરીમેન તરીકે કામ કરે છે. તેમ છતાં તેમનો હોદ્દો ડીલીવરીમેનનો ગણવામાં આવતો નથી અને ડીલીવરીમેનનો હોદ્દો કે જે સેમી-ક્લાર્કના પગારધોરણ મુજબ વેતન મેળવવા માટે હક્કદાર છે તે મુજબનું તેઓને વેતન ચૂકવવામાં આવતું નથી માટે આ ત્રણે કામદારોને કે જેઓની પાસેથી ડીલીવરીમેનનું કામ લેવામાં આવે છે તેઓને ડીલીવરીમેનના હોદ્દા મુજબનું વેતન ચુકવી આપવાનો દ્વિતીય પક્ષકાર મીલને આદેશ આપવાની જરૂર છે.

૩. દ્વિતીય પક્ષકાર એકમે આંક-૧૧નો લેખિત જવાબ રજુ કરીને જણાવેલ છે કે, સંબંધિત ૩ કર્મચારીઓ ડીલીવરીમેનનો હોદ્દો ધરાવતા નથી અને ડીલીવરીમેના હોદ્દાની કામગીરી તેમની પાસેથી લેવામાં આવતી નથી તેથી તેઓ ડીલીવરીમેનના હોદ્દાનું વેતન મેળવવા માટે હક્કદાર નથી. તેઓ વાસ્તવમાં સામાન્ય કામદારો છે એટલે કે બડલર છે અને તેઓ તે જાતની જ કામગીરી બજાવે છે માટે તેમને તે હોદ્દાનું વેતન ચુકવવામાં આવે છે. દ્વિતીય પક્ષકાર એકમની વિશેષમાં રજુઆત એવી છે કે, સ્ટેમ્પીંગ ખાતામાં જે કર્મચારીઓને રોજના બે કલાક સુધી લખવાની કામગીરી કરવાની હોય તેવા કામદારોને સેમીક્લાર્કનું પગાર ધોરણ આપવાનું એવોર્ડથી નક્કી થયેલ છે અને તે મુજબ ડીલીવરીમેનના કામગીરી તેવા પ્રકારની હોવાથી તેઓને સેમી ક્લાર્કના હોદ્દાનું વેતન ચુકવવામાં આવે છે પરંતુ સંબંધિત ૩ કામદારો જેઓ બડલર છે તેઓની કામગીરી એવા પ્રકારની નથી કે જેમાં તેઓને ૬૦ મિનીટથી વધુ સમય સુધી લખવાની કામગીરી કરવાની હોય અને તથા તેઓને સેમી ક્લાર્કનું વેતન ધોરણ મળી શકે નહીં અને તથા તે વેતન તેઓને આપવામાં આવતું નથી.

૪ પ્રથમ પક્ષકાર સંઘે પોતાની રજુઆતના સમર્થનમાં સંબંધિત કામદારો-માંથી ચંદુભાઈ વીરચંદ આ -૧૪થી અને મેરાજ્ઞ સાંકળચંદ શાહને આંક-૧૫થી તપાસેલા છે, જ્યારે દ્વીતીય પક્ષકાર એકમે ફેલ્ડીંગ સુપરવાઇઝર

શ્રી રસીકલાલ મિસ્ત્રીને આંક-૨૨થી તપાસેલા છે. શ્રી સુરેન્દ્ર જોશીની રજૂઆત એવી છે કે, સંબંધિત ત્રણે કર્મચારીઓને બંડલરના હોદ્દા મુજબનું વેતન ચુકવવામાં આવે છે પરંતુ વાસ્તવમાં તેમની પાસેથી ડીલીવરીમેનની કામગીરી લેવામાં આવે છે માટે તેઓની પાસેથી જ્યારથી ડીલીવરીમેનની કામગીરી લેવામાં આવી છે ત્યારથી તેઓને તે મુજબનું વેતન મળવું જોઈએ. આની વિરુદ્ધમાં મીલ કંપની તરફે વકીલ શ્રી રાવજીભાઈ પટેલની રજૂઆત એવી છે કે, સંબંધિત ત્રણે કર્મચારીઓ બંડલર જ છે અને તેઓની પાસેથી બંડલરની કામગીરી જ લેવામાં આવે છે અને બંડલરની કામગીરીમાં તેઓને કાચી સ્લીપો બનાવવાની હોય છે જે કામગીરી ભાગ્યે જ ૩૦-૪૦ મીનીટ સુધી ચાલતી હોય છે માટે તેઓ સેમી-કલાર્કનું પગાર ધોરણ મેળવવા માટે હક્કદાર નથી માટે પ્રથમ પક્ષકાર સંઘની તે માગણી રદ કરવી જોઈએ.

૫. પરિણામે પ્રશ્ન એ નક્કી કરવાનો રહે છે કે, સંબંધિત કર્મચારીઓ પાસેથી ડીલીવરીમેને જે કામગીરી કરવાની છે તેવી કામગીરી લેવામાં આવે છે કે કેમ? પક્ષકારો તરફથી જે પુરાવો રજુ થયો છે તેમજ જે મૌખિક રજૂઆત કરવામાં આવી છે તે પરથી એવો નિર્ણય લેવાનો રહે છે કે, તેઓની પાસેથી ડીલીવરીમેનની કામગીરી લેવામાં આવે છે તેવું પ્રસ્થાપિત થતું નથી પરિણામે પ્રથમ પક્ષકાર સંઘ તરફથી જે માગણી કરવામાં આવેલી છે તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. સદરહુ નિર્ણય અંગેના સંક્ષિપ્તમાં કારણો નીચે મુજબનાં છે.

૬. ચંદુભાઈ આંક-૧૪ના જણાવ્યા મુજબ, સ્ટેમ્પીંગ ખાતામાં ડીલીવરી-મેનની ૭ જગ્યાઓ કાયમી તરીકે છે અને ડીલીવરીમેનની જગ્યાઓ પહેલી પાળીમાં જ રાખવામાં આવેલ છે. તેઓ એમ પણ કબુલ કરે છે કે, સંબંધિત ૩ કર્મચારીઓને મીલ કંપનીએ કાયમી પાસ બંડલરના છે, પરંતુ તેઓની પાસેથી બંડલરની કામગીરી ઉપરાંત જે કામગીરી ડીલીવરીમેને કરવાની છે તે કામગીરી લેવામાં આવે છે માટે તેઓને ડીલીવરીમેન ગણવા જોઈએ અને તે મુજબના હોદ્દાનું વેતન તેઓને ચુકવવામાં આવવું જોઈએ. ચંદુલાલની આ જાતની રજુઆતને તેમજ રમેશચંદ્રની આ જાતની રજુઆતને ઉલટ તપાસમાં પડકારવામાં આવેલ છે અને દ્વિતીય પક્ષકાર એકમ તરફથી એવું સૂચન કરવામાં આવેલ છે કે બંડલરોએ જુદી જુદી જાતના તાકાના ગાંસડીઓ બાંધવાની કામગીરી કરવાની હોય છે અને તે ગાંસડામાં કઈ કઈ જાતનું કાપડ કેટલુ મુક્યું તે જાતની કાચી સ્લીપ બનાવવાની હોય છે તે સિવાય તેઓએ બીજી કોઈ કામગીરી કરવાની હોતી નથી. ચંદુભાઈ આંક-૧૪ અને રમચંદ્ર આંક-૧૫

કબુલ કરે છે કે, બંડલરોએ ઘોડામાં જે જુદી જુદી જાતના કાપડ ગોઠવેલ હોય તેમાંથી ઘરાકની માગ પ્રમાણેની ગાંસડીઓ બનાવવાની હોય છે. કઈ ગાંસડીમાં કઈ કઇ જાતનું કાપડ મુકવાનું છે તેની વિગત ચોપડામાં લખેલી હોય છે તે પરથી તેઓએ તે તે જાતના કાપડ ઘોડામાંથી કાઢીને ગાંશડી બનાવવાની હોય છે તેમજ તેને જીલેટીન લગાવાની બાંધવાની હોય છે અને પેપર લગાવવાનું હોય છે અને જે તે ગાંસડીમાં કઈ કઇ જાતનું કાપડ મુકવામાં આવેલ છે તેની કાચી સ્લીપ બનાવવાની હોય છે. બંને કર્મચારીઓ કબૂલ કરે છે કે, આ જાતની કામગીરી બંડલરોએ કરવાની હોય છે, પરંતુ તેઓની વિશેષમાં રજુઆત એવી છે કે, આ સ્લીપો લખવામાં તેમને ઘણો સમય લાગી જાય જાય છે તેમજ કાચી સ્લીપો લખવા ઉપરાંત પણ બીજું લખાણ કરવાનું કામ બંડલરનું ન હોવા છતાં તેઓની પાસેથી લેવામાં આવે છે માટે તેઓને ડીલીવરીમેન ગણવા જોઈએ અને તે હોદ્દા મુજબનું તેઓને વેતન મળવું જોઈએ. દ્વિતીય પક્ષકાર એકમ તરફથી ફોલ્ડીંગ ખાતાના સુપરવાઈઝર શ્રી રસીકલાલ મિસ્ત્રીને આંક-૨૨થી તપાસેલા છે તેમને જણાવ્યા મુજબ, કાચી સ્લીપો બનાવવા સિવાયની કામગીરી લખાણ કરવાની બંડલરે કરવાની હોતી નથી અને તે સિવાયના કોઈ લખાણ કરવાની કામગીરી તેમની પાસેથી લેવામાં આવતી નથી પણ ભલમનસાઈથી ડીલીવરીમેનને મદદ કરવાના આશયથી તેઓ આ જાતનું જો લખાણ કરતા હોય તો તેથી તેઓની પાસેથી ડીલીવરીમેનનું કામ લેવામાં આવે છે એમ કહી શકાય નહીં. અગાઉ જણાવ્યા પ્રમાણે, બંને કર્મચારીઓ કબુલ કરે છે કે તેઓનો હોદ્દો બંડલર સિવાયની કોઇ કામગીરી જો તેમની પાસેથી ફરજીઆત લેવામાં આવે તો તેઓએ તેનો ઈન્કાર કરવો જોઈએ. દ્વિતીય પક્ષકાર એકમની પણ સ્પષ્ટ રજુઆત એવી છે કે સંબંધિત ૩ કર્મચારીઓ બંડલર જ છે અને તેઓ બંડલરની કામગીરી કરવા માટે જ જવાબદાર છે અને તેઓને બંડલર સિવાયની કોઈ કામગીરી કરવા માટે જણાવવામાં આવતું નથી. આ સંજોગોમાં સંબંધિત ૩ કર્મચારીઓએ બંડલરની જવાબદારી ન હોય તે જાતની સ્લીપો કે ચોપડામાં એન્ટ્રી પાડવાની કામગીરી કરી હોય તેથી તેઓ ડીલીવરીમેનનો હોદ્દો મેળવવા માટે હકકદાર બનતા નથી. તેઓએ જો આ જાતની કામગીરી કરી હોય તો પોતાના સહકારીગરો એટલે કે ડીલીવરીમેનોને ખુશ રાખવા માટે કરેલ છે એમ કહી શકાય. સંબંધિત ૩ કર્મચારીઓ પાસેથી જબરજસ્તીથી ડીલીવરીમેનનું કોઈ કામ લેવામાં આવેલ નથી. ડીલીવરીમેનની ૭ કાયમ જગ્યાઓ રમેશચંદ્ર કબુલ કરે છે એટલે ડીલીવરીમેનની કોઇ જગ્યા ખાલી રાખીને આ ૩ કર્મચારીઓ પાસેથી તેમના હોદ્દા ઉપરાંતનું કામ લેવામાં આવે છે એમ

કહી શકાય તેમ નથી. ડીલીવરીમેનના હોદ્દાની કામગીરી વધી હોય તેવું પણ તેઓનું કહેવું નથી અને જો તે પ્રમાણેની પરિસ્થિતિ ઉત્પન્ન થઈ હોય તો તેઓએ ડીલીવરીમેનની જગ્યા વધારવા માટે માંગણી કરવી જોઈએ. સામાવાળા એકમ તરફથી સંબંધિત ૩ કર્મચારીઓ પાસેથી ફરજીયાત ડીલીવરીમેનની કામગીરી લીધેલાનું પ્રસ્થાપિત થતું નથી સહકાર્યકરો એકબીજાનું કામ કરી લે અને નીચલા હોદ્દાનો કર્મચારી એમ જણાવે કે તેમણે ઉપલા હોદ્દાના કર્મચારીનું પણ કામ કરેલ છે માટે તેમને ઉપલા હોદ્દાના કર્મચારીનું વેતન અને હોદ્દા મેળવો જોઈએ તે માંગણી કેટલા અંશે ગ્રાહ્ય રાખી શકાય પરિણામે સંઘ તરફથી આ ૩ કર્મચારીઓને ડીલીવરીમેનના વેતન આપવા અંગે જે માંગણી કરેલી છે તે વ્યાજબી જણાતી નથી. પરિણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૭. પ્રથમ પક્ષકાર સંઘ તરફથી જે માંગણી કરવામાં આવેલ છે તે વાજબી જણાતી નથી માટે તે માંગણી રદ કરવામાં આવે છે. ખાસ સંજોગો લક્ષમાં લેતાં ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(એન. એ. ચૌહાણ)

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

રજીસ્ટ્રાર,

અમદાવાદ, તા. ૨૩-૮-૯૦

અમદાવાદ

તા ૪-૧૨-૯૦

(આર. કે પરમાર)

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના.

અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા,

ક્રમાંક : ૬/૫/શમક/૨૭૨૬૧ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન અમદાવાદ અને ક્રાન્તિ હોઝીયરી વર્કસ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી. આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઇ. સી.) નં. ૮૬/૮૯.

અખિલ ગુજરાત હોઝીયરી કામદાર
યુનિયન, અમદાવાદ ....પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

ક્રાન્તિ હોઝીયરી, અમદાવાદ. ....બીજા પક્ષકાર.

સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી પણ બોનસની રકમ આપવા બાબત....

સુકાદો

૧ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કંપનીને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી પણ બોનસની રકમ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપ્યા બાદ સદરહુ કામમાં સમાધાનકાર, અમદાવાદે નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપ્યા બાદ પ્રથમ પક્ષકાર યુનિયને બી. આઈ. આર. એક્ટની કલમ-૭૩(એ) અન્વયે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૮ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ કોર્ટ બહાર સમાધાન થઇ ગયેલ કામમાં હોઈ હવે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા ઇચ્છતા નથી અને પાછો ...

INDEX

લેવાની પરવાનગી માંગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(આર. એસ. શુક્લ)
સભ્ય, ઔદ્યોગિક અદાલત, અમદાવાદ.

જી. જે. દવે
રજીસ્ટ્રાર, અમદાવાદ
તારીખ-૨૮-૯-૧૯૯૦
અમદાવાદ
તા. ૪-૧૨-૯૦

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ, અધિનિયમ,
અમદાવાદ,

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શ્રમક ૨૭૨૬૨ આરયુ-સને૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ

હું અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન અને સૌરભ હોઝીયરી વર્કસ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.
શ્રી. આર. એસ શુકલ, સભ્ય સમક્ષ.
રેફરન્સ (આઈ. સી.) નં ૮૯/૮૯.

અખિલ ગુજરાત હોઝીયરી કામદાર
યુનિયન, અમદાવાદ. ..પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

સૌરભ હોઝીયરી વર્કસ, અમદાવાદ ....બીજા પક્ષકાર.

સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઇન્સેન્ટીવ તેમજ ઓવરટાઇમના પગારમાંથી પણ બોનસની રકમ આપવા બાબત..

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કંપનીને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઇન્સેન્ટીવ તેમજ ઓવરટાઇમના પગારમાંથી પણ બોનસની રકમ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપ્યા બાદ સદરહુ કામમાં સમાધાનકાર. મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, અમદાવાદે નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપ્યા બાદ પ્રથમ પક્ષકાર યુનિયને બી. આઈ. આર એક્ટની કલમ-૭૩(એ) અન્વયે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૭ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ કામમાં કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ છે અને હવે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા ઇચ્છતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સનો પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(આર. એસ. શુકલ)
સભ્ય, ઔદ્યોગિક અદાલત, અમદાવાદ.

જી. જે. દવે
રજીસ્ટ્રાર, અમદાવાદ.

INDEX

તારીખ-૨૮-૯-૧૯૯૦.

અમદાવાદ. તા. ૪-૧૨-૯૦

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ, અધિનિયમ,
અમદાવાદ.

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૨૬૩ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન અમદાવાદ અને નિરવ નીટવેર કું, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૦માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી. આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ

રેફરન્સ (આઈ.સી.) નં. ૯૨/૮૯.

INDEX

અખિલ ગુજરાત હોઝીયરી કામદાર
યુનિયન, અમદાવાદ. ...પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

નિરવ નેટવેર કું. અમદાવાદ બીજા પક્ષકાર

સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી બોનસની રકમ આપવા બાબત

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કોર્પોરેશનને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઇન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી બોનસની રકમ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપ્યા બાદ સદરહુ કામમાં સમાધાનકાર, મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, અમદાવાદે નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપ્યા બાદ પ્રથમ પક્ષકાર યુનિયને બી. આઈ. આર એક્ટની કલમ-૭૩(એ) અન્વયે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૮ ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ રેફરન્સના કામે કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ હોઈ હવે તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઇ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરૂં છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. અને એ રીતે સદરહુ રેફરન્સ કેંસલ કરવામાં આવે છે ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

જી. જે. દવે (આર. એસ. શુકલ)

રજીસ્ટ્રાર, અમદાવાદ સભ્ય, ઔદ્યોગિક અદાલત, અમદાવાદ
તા. ૨૮-૯-૧૯૯૦.

INDEX

તા. ૪-૧૨-૯૦ (આર. કે. પરમાર)
અમદાવાદ. સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

સને-૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ખ/શ્રમક : ૨૭૨૬૪ આર.યુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રુએ.

હું અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન અમદાવાદ અને ગૌરવ નીટવેર કું. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સન. ૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગીક અદાલત, ગુજરાત અમદાવાદ

શ્રી આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ
રેફરન્સ (આઈ. સી) નં ૮૭/૮૯

અખિલ ગુજરાત હોઝીયરી કામદાર
યુનિયન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ગૌરવ નીટવેર કું. અમદાવાદ. ..બીજા પક્ષકાર.

સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી પણ બોનસની રકમ આપવા બાબત..

INDEX

ચુકાદો

૧ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કંપનીને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી પણ બોનસની રકમ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપ્યા બાદ સદરહુ કામમાં સમાધાનકાર, અમદાવાદે નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપ્યા બાદ પ્રથમ પક્ષકાર યુનિયને બી.આઇ.આર.એક્ટની કલમ-૭૩(એ) અન્વયે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૮ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ કામમાં કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ હોઈ હવે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા ઇચ્છતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(આર. એસ. શુકલ)

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

જી. જે. દવે

રજિસ્ટ્રાર

અમદાવાદ તા.૨૮-૯-૯૦

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,

મુંબઇ ઔદ્યોગિક સબંધ અધિનિયમ,

અમદાવાદ.

અમદાવાદ

તા ૪-૧૨-૯૦

INDEX

સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬/ખ/શમક/૨૭૨૬૬ આર.યુ. સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન અને પદમા હોઝીયરી, અમદાવાદની વચ્ચે ઔધોગિક વિવાદમાં ઔધોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સને. ૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔધોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.
શ્રી. આર. એસ શુકલ, સભ્ય સમક્ષ.
રેફરન્સ (આઈ. સી.) નં. ૮૦/૮૯.

અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

પદમા હોઝીયરી, અમદાવાદ. બીજા પક્ષકાર

સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવર ટાઈમના પગારમાંથી બોનસની રકમ આપવા અંગે

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કોર્પોરેશનને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવર ટાઈમના પગારમાંથી બોનસની રકમ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપ્યા બાદ સમાધાનકાર, અમદાવાદે આપેલ નિષ્ફળતાના પ્રમાણપત્ર બાદ મુંબઈ ઔદ્યોગીક ધારાની કલમ-૭૩ (એ) અન્વયે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આક-૬ ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ રેફરન્સના કામે કોર્ટ બહાર

સમાધાન થઇ ગયેલ હોઈ હવે તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ ફેંસલ કરવામાં આવે છે ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(આર. એસ. શુક્લ)

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

જી જે. દવે.

રજિસ્ટ્રાર

અમદાવાદ તા. ૪-૧૦-૧૯૯૦.

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક,

મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ

તા. ૪-૧૨-૯૦

અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વેના
અધિસૂચના સહાયક શ્રમ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૨૯૬ આર. યુ. સન, ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨)અને સન. ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ.

હું મજુર મહાજન સંઘ, અમદાવાદ અને સોમા ટેક્ષટાઈલ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૮૦માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી.આર.એસ શુક્લ, સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઈ સી.) નં. ૧૩૯/૮૮.

મજુર મહાજન સંઘ, અમદાવાદ ..પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

સોમા ટેક્ષટાઈલ, અમદાવાદ. ..બીજા પક્ષકાર.

આધુનિકરણ પ્રક્રિયાના કારણે શાળખાતાની ૧૬૮ સીમ્કો લુમ્સ કાઢી નાંખવાથી પ્રીન્ટીંગ ખાતાના કાયમી કારીગરોને જરૂરીયાત મુજબ બીજા ખાતામાં ગોઠવવાથી ખાતાના કાયમી સંખ્યાબળમાં ઘટાડો કરવા માગે છે તે અંગે..

ચુકાદો

૧. બીજા પક્ષકાર કંપનીએ તેમની કંપનીમાં આધુનિકરણ પ્રક્રિયાના કારણે શાળખાતાની ૧૬૮ સીમ્કો લુમ્સ કાઢી નાખવાથી પ્રીન્ટીંગ ખાતાના કાયમી કારીગરોને જરૂરીયાત મુજબ બીજાખાતામાં ગોઠવવાથી ખાતાના કાયમી સંખ્યાબળમાં ઘટાડો કરવા અંગે પ્રથમ પક્ષકાર સંઘને ફેરફારની નોટીસ આપતાં સદરહુ રેફરન્સ પ્રથમ પક્ષકાર સંઘે ઉપસ્થિત કરેલ છે.

INDEX

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પક્ષકારોએ અંક-૮ની સમાધાનની પુરસીસ રજૂ કરી તે મુજબ હુકમ કરવા વિનંતી કરી છે. સદરહુ આંક-૮ની સમાધાનની પુરસીસ જોતાં બંને પક્ષકારોના હિતમાં હોય તેમ લાગે છે અને તે બંને પક્ષકારોને કબુલ મંજૂર હોઇ તે મુજબ હુકમ કરવામાં કાંઈ વાંધા સરખું લાગતું નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. બંને પક્ષકારોએ આંક-૮ની પુરસીસ મુજબ વર્તવું. અંક-૮ની પુરસીસની એક નકલ સદરહુ હુકમ સાથે રાખવી અને તેને ચુકાદાના એક ભાગ તરીકે ગણવી. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

નામદાર ઔદ્યોગિક અદાલત સમક્ષ, અમદાવાદ

રેફરન્સ આઈ.સી. નંબર ૧૨૯ સને ૧૯૯૮

શ્રી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
ગાંધી મજૂર સેવાલય, ભદ્ર,
અમદાવાદ.   પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

સોમા ટેક્ષટાઈલ્સ
રખિયાલ રોડ,
અમદાવાદ   બીજા પક્ષકાર.

ઉપરોક્ત કામમાં અમો પક્ષકારોએ આ સાથે સામેલ કરેલ પરિશિષ્ટ "અ" મુજબ સમાધાન કરેલ હોઇ આ સમાધાન અનુસાર નામદાર અદાલતને એવોર્ડ આપવા વિનંતી છે.

સમાધાનની શરતો

૧. મીલ્સ કંપનીના પ્રિન્ટીંગ ખાતામાં હાલમાં શક્તિ પ્રિન્ટીંગ મશીન બે પાળીમાં ચાલે છે અને બન્ને પાળીમાં થઈને કુલ ૨૨ કામદારો નીચે પ્રમાણે કાયમી છે અને કાયમી પાસ ધરાવે છે.

INDEX

૧૮	રોટરી પ્રિન્ટીંગના કામદારો
૨	રોલર પ્રિન્ટીંગના ટ્રાન્સફર કરેલ કામદારો
૨	લુપ એજરના કામદારો
૨૨	કામદારો

મીલ્સ કંપની હાલ એક જ પાળીમાં રોટરી પ્રિન્ટીગ મશીન ચલાવો શકે તેમ છે તે જોતાં પહેલી પાળીમાં શકિત રોટરી પ્રિન્ટીંગ મશીન ચલાવશે અને નીચે મુજબ કેટેગરીવાઈઝ કામદારો સીનીયોરીટી મુજબ કામે રાખશે.

હોદ્દો	સંખ્યા
પ્રિન્ટર	૧
હેલ્પર	૩
કલરમેન	૧
કલર હેલ્પર	૨
સેમ્પલમેન	૧
સેમ્પલ હેલ્પર	૧
લુપ એજર મશીનમેન	૧
લુપ એજર હેલ્પર	૧
ડીઝાઈન એન્ગ્રેરીંગ હેલ્પર	૧
કુલ	૧૨

આમ આ સમાધાન થયેથી પ્રિન્ટીંગ ખાતામાં ઉપર જણાવ્યા મુજબ ૧૨ કાયમી કારીગરોનું સ્ટ્રેન્થ રાખવામાં આવશે. આ કાયમી કામદારોના નામ પરિશિષ્ટ "અ" માં દર્શાવેલ છે. જે પ્રિન્ટીંગ ખાતામાં જ કાયમી કામ કરશે.

૨. રોટરી પ્રિન્ટીંગ ખાતાની રાતપાળી ચલાવવાની ન હોવાથી કુલ ૨૨ કામદારોમાંથી દિવસ પાળીમાં રોટરી પ્રિન્ટીંગ અને લુપ એજર મશીન ચલાવવાનું હોવાથી ઉપર મુજબ કુલ ૧૨ કારીગરો દિવસ પાળીમાં કામ કરશે અને છ

INDEX

કારીગરો જે ડેનીમ પ્રોસેસ ખાતામાં કામ કરે છે તેઓને હાલમાં મળતા પગારમાં કોઇ ઘટાડો કરવામાં આવશે નહીં.

૩. રોટરી પ્રિન્ટીંગના બાકી વધતા કામદારોમાંથી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન મારફતે રાજીનામા આપશે તો તેઓને કાયદા મુજબની ગ્રેજ્યુઈટીની રકમ તથા છટણી વળતરની રકમ જેમાં ઘરભાડાની રકમની સમાવેશ કરવામાં આવશે તેમજ વણભોગવાયેલી હક્કરજાના પૈસા રોકડા ચૂકવી આપવામાં આવશે અને તે જગ્યા નાબૂદ થયેલી ગણવામાં આવશે. તેમજ સને ૧૯૮૯-૯૦ના બોનસની રકમ બીજા કારીગરોને જયારે આપવામાં આવશે ત્યારે છૂટા થયેલા કામદારોને આપવામાં આવશે તેમજ પ્રોવીડન્ડ ફંડની રકમ માસ રીટ્રેન્ચમેન્ટ ગણી ચૂકવવામાં આવશે. જો પૂરતા રાજીનામા રોટરી પ્રિન્ટીંગમાંથી ન આપે તો બ્લીચીંગ ફીનીશીંગ ખાતામાંથી કારીગરોના રાજીનામા તે ખાતામાંથી તે ખાતાના પ્રતિનિધિની સંમતિથી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન મોકલશે અને તેઓને ઉપર જણાવેલ તમામ હકકો ચૂકવવામાં આવશે અને જે તે ખાતામાં પ્રિન્ટીંગ ખાતાના કામદારોને ગોઠવવામાં આવશે. આમ થયેથી પ્રિન્ટીંગ ખાતાના કારીગરોને હાલમાં મળતા પગારમાં કોઈ ઘટાડો કરવામાં આવશે નહી. પરંતુ બ્લીચીંગ ફીનીશીંગ ખાતામાં જે કેટેગરીમાં મેનેજમેન્ટ મોકલે તે કેટેગરીમાં ટ્રાન્સફર થનાર કામદારે કામ કરવાનું રહે છે.

૪. અનિવાર્ય કારણે સિવાય કારીગરને લે-ઓફ ઉપર રાખવામાં આવશે નહિ પરંતુ કુદરતી આફત, સરકારી વીજળી કાપ તેમજ મેનેજમેન્ટના કાબુ બહારના સંજોગો સિવાય લે-ઓફ આપવામાં આવશે નહિ.

૫. રોટરી પ્રિન્ટીંગના આ સમાધાન પછી જે કાયમી કામદારો રહેશે તેમને વર્ષે એક જોડ બુટ અને બે જોડ કપડાં આપવામાં આવશે

૬. આ સમાધાન થયેથી પરિશિષ્ટ "ક"માં દર્શાવેલ કામદારોને બદલી કામદારો છે જેમની દાખલ તારીખ સાથેનું લીસ્ટ છે અને સદરહુ કામદારો રોટરી પ્રિન્ટીંગના બદલી કામદારો ગણાશે.

૭. આ સમાધાન બાબતે કોઈ મતભેદ હશે તો બન્ને પક્ષકારો સાથે મળીને તેઓ નિકાલ કરશે અને તે બન્ને પક્ષકારોને બંધનકર્તા રહેશે.

૮. આ સમાધાનનો અમલ તાત્કાલિક કરવામાં આવશે.

INDEX

પરિશિષ્ટ-અ

ક્રમ નંબર	કોમ્પ્યુટર નંબર	નામ	હોદ્દો	દાખલ તારીખ
૧.	૧૧૮૦	ગોકુળ નારાયણ	લુપ એન્જર હેલ્પર	૨૬-૩-૫૫
૨.	૧૧૮૮	રાજમુકુંદ પલાણી	હેલ્પર	૯-૧-૭૪
૩.	૨૧૮૨	એમ.એચ.જેકોબ	પ્રીન્ટર	૧૩-૪-૭૫
૪.	૧૫૭૨	હસમુખ ગીરધરલાલ	હેલ્પર	૫-૧૧-૭૮
૫.	૧૨૦૧	દીનેશ રણછોડલાલ	સોપરમેન	૩-૧૨-૭૮
૬.	૧૫૭૫	જયેન્દ્ર સુંદરલાલ	કલરમેન	૮-૧૨-૭૮
૭.	૧૨૦૩	મહેશ બાબુભાઈ	કલરમેન	૧૨-૧૨-૭૮
૮.	૧૨૦૬	હીરેન નવીનચંદ્ર	એ હેલ્પર	૨-૧-૭૯
૯.	૧૨૦૨	સૈયદ એકુલ ઈકરામુલ ઈસ્માઈલ	હેલ્પર	૫-૧-૭૮
૧૦.	૨૨૦૨	અશોક ચીમનલાલ	સેમ્પલમેન	૧૦-૨-૭૯
૧૧.	૧૫૭૩	રવિન્દ્ર કલ્યાણ	ડીઝાઈન એન્ગ્રેવીંગ	૧૦-૨-૭૯
૧૨.		ભીખાભાઈ પ્રભુદાસ	હેલ્પર	૧૨-૨-૭૯

પરિશિષ્ટ-બ

બ્લીચીંગ-ફીનીશીંગ ટ્રાન્સફર કરવાના કામદારોના નામ

ક્રમ નંબર	કોમ્પ્યુટર નંબર	નામ	દાખલ તારીખ
૧.	૧૫૭૯	દેવનાહાંન મહાવીર	૧૩-૨-૭૯
૨.	૧૫૭૬	કરૂણાશંકર રામઅવધ	૨-૩-૭૯
૩.	૧૨૧૪	શ્રીધર રામજીઆવન	૧૮-૪-૭૯
૪.	૧૧૯૪	પી.ટી.થોમસ	૧-૬-૭૯

INDEX

પરિશિષ્ટ-ક

પ્રિન્ટીંગ ખાતાના બદલી કામદારોનું લીસ્ટ

ક્રમ નંબર	કોમ્પ્યુટર નંબર	નામ	દાખલ તારીખ
૧.		રાજૂ કુંડસ્વામી	૧૩-૧૦-૭૬
૨.		વીજેન્દ્ર સેવકસીંગ	૨૩-૨-૭૭
૩.		ભાલચંદ્ર ભીલાભાઇ	૨૫-૧-૭૮
૪.		પ્રિયસ્વામી કુંડસ્વામી	૧૫-૫-૭૮
૫.		કાનજી દુઃખજી	૨૬-૧૨-૭૮
૬.		સુખદેવ મોડાજી	૧૨-૧-૭૯
૭.		કરપણસ્વામી ચીન્નુસ્વામી	૪-૨-૮૦
૮.		શીવબહાદુર રામકૃપાલ	૧૫-૪-૮૦
૯.		લક્ષ્મણ ભવરલાલ	૨૨-૪-૮૦
૧૦.		રામસજીવન જગદેવ	૧૫-૨-૮૫

મંત્રી, વતી

ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશન

અમદાવાદ.

ફેક્ટરી મેનેજર

અમદાવાદ.

અમદાવાદ

તા. ૨૦-૯-૧૯૯૦

સહી

(આર. એસ. શુક્લ)

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, અમદાવાદ.

જી જે. દવે.

રજિસ્ટ્રાર,

અમદાવાદ. તા. ૨૮-૯-૯૦

INDEX

અમદાવાદ
તા. ૪-૧૨-૯૦

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના

અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા,

ક્રમાંક :ખ/શ્રમક/૨૭૨૯૦ આરયુ/સને-૧૯૪૬ મુંબઈ નાં ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને રાજનગર ટેક્ષટાઈલ મીલ્સ નં. ૧ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪ થા દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૧૧૬/૮૧.

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

રાજનગર ટેક્ષટાઈલ મીલ્સ નં. ૧, અમદાવાદ. દ્વિતીય પક્ષકાર

INDEX

મીલ નંબર-૧ અને ૨ ના [illegible]

વધારાની [illegible]

[illegible] ... મીનાબેન શાહ.

ચુકાદો

૧. હાલની રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને પછીથી ૧૯૪૬ ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘ કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનું પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેમના તરફથી દાખલ કરવામાં આવેલ છે.

૨. કામની હકીકત એ મુજબની છે કે, દ્વિતીય પક્ષકાર મીલને સંઘે તા. ૨૭-૧૨-૮૦ ના રોજ ૧૯૪૬ ના અધિનિયમની કલમ ૪૨(૨) મુજબની ફેરફારની સુચના આપીને માંગણી કરેલ હતી કે, મીલે ત્રીજી પાલી ચાલુ કરેલી છે તેથી વીવીંગ ખાતામાં સીનીયર કાંટાકલાર્ક તરીકે કામ કરતા શ્રી જયંતીભાઈ પ્રહલાદભાઈ અને મનુભાઈ માધવલાલને વધુ કામગીરી કરવી પડે છે કારણ કે ત્રીજી પાળી ચાલુ કર્યા છતાં કોઈ સીનીયર કાંટા કલાર્કની જગ્યા વધારવામાં આવેલ નથી આ માંગણી સાથે મીલ સંમત ન થતાં અને ૧૯૪૬ ના અધિનિયમ નીચે નીમવામાં આવેલ સમાધાનકાર પક્ષકારો વચ્ચે સમાધાન કરાવી શકેલા ન હતા માટે તેઓએ પ્રથમ પક્ષકારને તા. ૧૩-૩-૮૧ ના રોજ નિષ્ફળતાનું પ્રમાણપત્ર મોકલી આપેલ હતું, જેથી સદરહુ માંગણીનો ન્યાય નિર્ણય કરવા માટે પ્રથમ પક્ષકાર સંઘે હાલનો રેફરન્સ કરેલો છે.

૩. પ્રથમ પક્ષકાર સંઘે આંક-૪ મુજબનું માંગણાનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે, દ્વિતીય પક્ષકાર મીલ નં. ૧ માં જયંતીભાઈ પ્રહેલાદભાઈ સીનીયર કાંટા કલાર્ક તરીકે કામ કરે છે જ્યારે મીલ નં. ૨ માં મનુભાઈ માધવલાલ ત્રિવેદી સીનીયર કાંટા કલાર્ક તરીકે કામ કરે છે. આ બંને મીલોમાં ત્રીજી પાળી પહેલાં ચાલતી ન હતી પરંતુ મીલે ત્રીજી પાળી ચાલુ કરી છે પરંતુ ત્રીજી પાળી માટે કોઈ અલગ સીનીયર કાંટા કલાર્ક રાખેલા નથી જેથી આ બંને સીનીયર કાંટા કારકુનોને વધારાની કામગીરી કરવી પડે છે, કારણ કે ત્રીજી પાળીના

કામદારોના પગાર બીલો બનાવવા પડે છે માટે તેઓનો શ્રમબોજ વધેલો છે માટે તેઓને યોગ્ય રકમ દર માસે મહેનતાણા તરીકે અપાવવી જોઈએ.

૪. દ્વિતીય પક્ષકાર મીલે આંક-૭ મુજબનો લેખિત જવાબ રજુ કરીને સદરહુ માંગણીનો વિરોધ કરેલો છે. મીલની રજુઆત એવી છે કે, મીલમાં કાંટા કારકુનની બે જગ્યાઓ જ નક્કી થયેલી છે અને આ કાંટા કારકુનોએ સવારે ૧૧ થી સાંજના ૬ વાગ્યા સુધી જ કામ કરવાનું હોય છે તેઓની કામગીરી પાળીદીઠ નક્કી કરવામાં આવેલ નથી પરંતુ તેઓએ મીલમાં કામ કરતાં કામદારોનું પગાર બીલ જે બનાવવામાં આવે તે ચેક કરવાનું વગેરે કામગીરી કરવાની હોય છે. તેમના હાથ નીચે મીલ નં. ૧ માં અગાઉ બે કલાર્કો કામ કરતા હતા અને મીલ નં. ૨ માં ૩ કલાર્કો કામ કરતા હતા પરંતુ ત્રીજી પાળી ચાલુ કર્યા બાદ મીલ નં. ૧ માં ૫ અને મીલ નં. ૨ માં ૬ કલાર્કો નીમવામાં આવેલા છે અને આ કારકુનોએ પગાર પત્રકો તૈયાર કરવાના હોય છે અને તે પગાર પત્રકો ચેક કરવાની ફરજ સીનીયર કાંટા કલાર્કની છે અને અગાઉ જ્યારે આ મીલમાં ત્રણે પાળી ચાલતી હતી ત્યારે પણ ક્યારેય મીલ દીઠ એક એક સીનીયર કાંટા કારકુન કરતાં વધુ જગ્યા રાખવામાં આવેલ નથી. વાસ્તવમાં તેઓને તેમના સમય પુરતું પુરેપુરું કામ છે નહીં એટલે તેઓનો શ્રમબોજ વધ્યો છે એવી જે રજુઆત કરવામાં આવી છે તે વાજબી નથી.

૫. સંઘે પોતાની માંગણીના સમર્થનમાં જયંતીભાઈ પ્રહલાદભાઈને આંક-૬ અને મનુભાઈ ત્રિવેદીને આંક-૮ થી તપાસેલા છે, જ્યારે દ્વિતીય પક્ષકાર મીલે કાળુભાઈ શામજીને આંક-૧૦ થી તપાસેલા છે. શ્રી જોશીની રજુઆત એવી છે કે ત્રીજી પાળી ચાલુ કરવાને કારણે કામદારોની સંખ્યામાં વધારો થયેલ છે માટે સીનીયર કાંટા કારકુનની કામગીરીમાં વધારો થયેલ છે એટલે તેઓને યોગ્ય રકમ વળતર તરીકે ત્રીજી પાળી ચાલુ કરી ત્યારથી અપાવવી જોઈએ. આની વિરૂદ્ધમાં કુ. શાહની રજુઆત એવી છે કે, સીનીયર કાંટા કારકુનો પાળી દીઠ નીમવામાં આવતા નથી અને ત્રીજી પાળી ચાલુ કરી ત્યારથી કાંટા કારકુનની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે અને કાંટા કારકુનો જે પગાર બીલો બનાવે તે ચેક કરવાની જ ફરજ સીનીયર કારકુનની છે માટે ત્રીજી પાળી ચાલુ કરવાને કારણે સંબંધિત સીનીયર કાંટા કારકુનોનો શ્રમબોજ વધેલ છે એવો નિર્ણય લેવો વાજબી નથી. તેઓને તેમના નક્કી કરેલા સમય દરમ્યાન જ કામ કરવાનું હોય છે માટે તેઓ કંઈ વળતર મેળવવા માટે હક્કદાર નથી.

INDEX

૬. પરિણામે પ્રશ્ન એ નક્કી કરવાનો રહે છે કે, ત્રીજી પાળી ચાલું કરવાને કારણે સીનીયર કાંટા કારકુનના શ્રમબોજમાં વધારો થયેલ છે કે કેમ ? પક્ષકારો તરફથી જે પુરાવો રજુ કરવામાં આવેલ છે અને જે મૌખિક રજુઆત કરવામાં આવેલ છે તે પરથી આ અદાલત એવા નિર્ણય પર આવે છે કે, લક્ષમાં લઈ શકાય તેવો કોઈ શ્રમબોજમાં વધારો સીનીયર કાંટા કારકુનની કામગીરીમાં થયેલો નથી માટે તેઓ કોઈ વધારાનું મહેનતાણું વળતર તરીકે મેળવવા માટે હકકદાર નથી. સદર નિર્ણય અંગેના કારણો સંક્ષિપ્તમાં નીચે મુજબ છે.

૭. મનુભાઈ ત્રિવેદીની રજુઆત એવી છે કે, સંબંધિક મીલો ૧૯૭૨ અગાઉ બંધ પડેલ હતી તે મીલો ૧૯૭૨ માં ફરીથી ચાલુ કરવામાં આવેલ છે. તેમના જણાવ્યા પ્રમાણે ૧૯૮૧ થી ત્રીજી પાળી ચાલુ કરવામાં આવેલ છે પરંતુ કોઈ સીનીયર કાંટા કારકુનની જગ્યા વધારવામાં આવેલ નથી. તેઓએ ત્રીજી પાળીના કામદારોના પગાર બીલ પણ સંભાળવાના હોય છે માટે તેઓનો શ્રમબોજ વધેલો છે, પરંતુ તેમની આ શ્રમબોજમાં વધારા અંગેની રજુઆત વાજબી જણાતી નથી, કારણ કે તેઓ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, ૧૯૪૫ થી આ મીલમાં તેઓ દાખલ થયેલા છે. ૧૯૭૨ માં આ મીલ ફરી ચાલુ કરવામાં આવેલી તે અગાઉ આ મીલમાં ત્રણ પાળી ચાલતી હતી. તેઓ એમ પણ કબુલ કરે છે કે, તેમનો કામનો સમય પાળી પ્રમાણેનો ન હતો. તેઓ એમ પણ કરે છે કે, તેમના હાથ નીચેના જુનીયર કલાર્કોનો સમય પણ પાળીદીઠ નક્કી કરવામાં આવેલ નથી. તેઓ કબૂલ કરે છે કે, ત્રીજી પાળી ચાલુ કર્યા બાદ કાંટા કલાર્કોની સંખ્યામાં વધારો કરવામાં આવેલ છે તેઓ કબૂલ કરે છે કે, પગાર પત્રકો કારકુનોએ બનાવવાના હોય છે અને તેઓની ફરજ ફક્ત તે ચેક કરવાની જ છે. તે પરથી સ્પષ્ટ થશે કે, સીનીયર કાંટા કારકુને જુનીયર કાંટા કલાર્ક બનાવેલા પગાર પત્રકો તપાસવાની જ ફરજ બજાવવાની હોય છે. ત્રીજી પાળી ચાલુ કરવાને કારણે કામદારોની સંખ્યામાં વધારો થાય તેથી વધું વ્યક્તિઓના પગાર બીલો બનાવવાના રહે તે સ્વાભાવિક છે, પરંતુ પગાર બીલો બનાવવા માટે કાંટા કારકુનોની સંખ્યામાં વધારો કરવામાં આવેલ છે. કાંટા કારકુનોએ તૈયાર કરેલા પગાર પત્રકો તપાસવાની કામગીરી જ સીનીયર કાંટા કારકુનોએ કરવાની હોય છે તેથી સીનીયર કાંટા કારકુનોની કામગીરીમાં એટલે કે શ્રમબોજમાં લક્ષમાં લઇ શકાય તેવો વધારો થયેલ છે એમ કહી શકાય તેમ નથી. શ્રી મનુભાઈ ત્રિવેદીની રજુઆત એવી છે કે, ૧૯૭૨ અગાઉ જ્યારે ત્રીજી પાળી ચાલતી હતી ત્યારે તેઓને માસિક રૂ. ૭૦ વધારાનું વળતર આપવામાં આવતું હતું. પરંતુ

INDEX

આના સમર્થનમાં કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી તેમજ જયંતીભાઈ ઠાકર આંક-૬ કે જેઓ આવું વધારાનું વળતર તેઓને આપવામાં આવતું હતું તેવું જણાવતા નથી. તેઓ ૧૯૭૩ થી આ મીલમાં દાખલ થયેલા છે. અત્રે નોંધ લેવાની જરૂર છે કે, ૧૯૭૨ અગાઉ આ બંને મીલો બંધ થઈ ગયેલી હતી અને તે એન. ટી. સી. એ ચાલુ કરેલ છે. મીલના આસીસ્ટન્ટ લેબર ઓફિસર શ્રી કાળુભાઈને અગાઉ જ્યારે ત્રણે પાળી ચાલતી હતી ત્યારે આવું વધારાનું વેતન વળતર તરીકે ચુકવાયેલ હતું એવું કંઈ પુછવામાં આવેલ નથી. એ સંજોગોમાં મનુભાઈની રજુઆત કે, અગાઉ જ્યારે ત્રણ પાળી ચાલતી હતી ત્યારે સીનીયર કાંટા કારકુનોને વધારાનું વળતર ચુકવવામાં આવતું હતું તે શંકાથી પર નથી. અત્રે નોંધ લેવાની જરૂર છે કે, જો આ પ્રમાણે અગાઉ સીનીયર કાંટા કારકુનોને ત્રીજી પાળીના શ્રમબોજ વધવાને કારણે માસિક રૂ. ૭૦ વધારાની રકમ જો આપવામાં આવતી હોય તો આ હકીકત માંગણાના નિવેદનમાં સાધારણ રીતે જણાવવામાં આવે તેમજ તે બાબતના જયંતીભાઈ પણ કંઈ જણાવે, પરંતુ તેઓ આ બાબતમાં કંઈ જણાવતા નથી. મનુભાઈ પણ તેમની ઉલટ તપાસ દરમ્યાનમાં જ એવું જણાવે છે તે સંજોગોમાં સીનીયર કાંટા કારકુનોને અગાઉ જ્યારે ત્રીજી પાળી ચાલતી હતી ત્યારે માસિક રૂ. ૭૦ નો વેતન વધારો આપ-વામાં આવતો હતો તે રજુઆત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. પરિણામે ત્રીજી પાળી ચાલુ કરવાને કારણે સીનીયર કાંટા કારકુનોને વધુ શ્રમબોજને કારણે કંઈ વળતર મળવું જોઈએ એવી જે રજુઆત કરવામાં આવી છે તે વાજબી જણાતી નથી. અગાઉ ત્રણ પાળી ચાલતી હતી ત્યારે કોઈ વધુ રકમ વળતર તરીકે સીનીયર કાંટા કારકુનોને આપવામાં આવતું હતું તેવું પ્રસ્થાપિત થતું નથી. તે સંજોગોમાં શરૂઆતમાં ત્રણ પાળી ચાલતી હોય અને એન. ટી. સીએ પાછળથી ત્રીજી પાળી ચાલુ કરી છે તેથી આ બંને સીનીયર કાંટા કારકુનોનો શ્રમબોજ વધેલો છે માટે તેઓની વધુ વળતર આ અંગે મેળવવા માટેની માંગણી વાજબી છે એવી જે રજુઆત કરવામાં આવી છે તેમાં કંઈ વજુદ જણાતી નથી. અત્રે નોંધ લેવાની જરૂર છે કે, આ બંને એકમો માંદા પડી ગયેલા હતા અને તેથી બેકારી નિવારવા માટે એન. ટી. સી.એ આ બંને એકમો ચલાવે છે. સુતરાઉ કાપડ ઉદ્યોગની આર્થિક સ્થિતિ નબળી પડેલી છે તેથી અગાઉ કાંટા કારકુનોને ત્રીજી પાળીના કારણે વિશેષ રકમ વળતર તરીકે આપવામાં આવતી હોય તો પણ, અગાઉ જણાવ્યા પ્રમાણે શ્રમબોજમાં લક્ષમાં લઈ શકાય તેવો કોઈ વધારો થયેલો ગણાય નહીં અને તેથી હાલના સંજોગોમાં તો વિશેષ રકમ વળતર તરીકે અપાવવી ઇતર કામદારોના હીતમાં નથી, કારણ કે એન. ટી. સી.

INDEX

હસ્તકની બધી મીલો લગભગ ખોટમાં જ ચાલતો હોય છે. પરિણામે પ્રથમ પક્ષકાર સંઘ તરફથી કરવામાં આવેલ માંગણી હાલના તબકકે ગ્રાહ્ય રાખવી વાજબી જણાતી નથી, પરિણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુ ક મ

૯. પ્રથમ પક્ષકાર સંઘ તરફથી કરવામાં આવેલ માંગણી વાજબી જણાતી નહીં હોવાથી તે ગ્રાહ્ય રાખવામાં આવતી નથી અને તેથી આ રેફરન્સ રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(એન એ. ચૌહાણ)

સભ્ય, ઔદ્યોગિક અદાલત, અમદાવાદ.

૨૧–૯–૯૦

જી. જે. દવે.

રજીસ્ટ્રાર, અમદાવાદ.

તા. ૨૧–૯–૧૯૯૦

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ,

અમદાવાદ

અમદાવાદ. તા. ૪–૧૨–૧૯૯૦.

INDEX

સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/બ/શ્રમક/૨૭૨૭૦ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું અખીલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન, અમદાવાદ અને અનંત કોર્પોરેશન, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે નીચે મુજબના નિવેડા સને ૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪ દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.
શ્રી. આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ.
રેફરન્સ (આઈ. સી.) નં. ૭૯/૮૯.

અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

અનંત કોર્પોરેશન, અમદાવાદ. — બીજા પક્ષકાર

સને ૧૯૮૭-૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી બોનસની રકમ આપવા અંગે.

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કોર્પોરેશનને સને ૧૯૮૭-૧૯૮૭-ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી બોનસની રકમ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપ્યા બાદ સમાધાનકાર, અમદાવાદે આપેલ નિષ્ફળતાના પ્રમાણપત્ર બાદ મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ-૭૩ (એ) અન્વયે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૭ ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ રેફરન્સના કામે કોર્ટ બહાર

INDEX

સમાધાન થઇ ગયેલ હોઇ તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી, આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ રૅન્સલ કરવામાં આવે છે. અર્થ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર, અમદાવાદ.
તારીખ ૪-૧૦-૧૯૯૦.

સહી
(આર. આસ. શુકલ)
સભ્ય, ઔદ્યોગિક અદાલત, અમદાવાદ.

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૪-૧૨-૯૦
અમદાવાદ

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/બ/સમક/૨૭૨૬૮ આરયુ સને-૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન, અમદાવાદ અને મનમત હોઝીયરી અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા અને, ૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪ થા દિને આથી નોંધ કરું છું.

INDEX

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ

રેફરન્સ (આઇ. સી.) નં. ૮૩/૮૯

અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન, અમદાવાદ. — પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

અનમત હોઝીયરી, અમદાવાદ. — બીજા પક્ષકાર

સને ૧૯૮૭-૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઇન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી પણ બોનસની રકમ આપવા બાબત.

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કંપનીને સને ૧૯૮૭-૧૯૮૭-ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઇન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી પણ બોનસની રકમ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપવા બાદ સદરહુ કામમાં સમાધાનકાર, અમદાવાદે નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપ્યા બાદ પ્રથમ પક્ષકાર યુનિયને બી. આઈ. આર. એકટની કલમ ૭૩(એ) અન્વયે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૮ની પુરસીસ આપી જણાવેલ છે કે. તેઓને સદરહુ કામમાં કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ હોઈ હવે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા ઈચ્છતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કોઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધીત કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સહી

જી. જે દવે

રજીસ્ટ્રાર, અમદાવાદ.

તારીખ ૪-૧૨-૧૯૯૦

સહી

(આર. એસ શુકલ)

સભ્ય, ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

અમદાવાદ તા. ૧૨/૧૧/૯૦

(આર. કે. પરમાર)

મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૨૬૯ આરયુ/સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૯૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુઈએ.

હું અખિલ ગુજરાત હેઝીયરી કામદાર યુનિયન, અમદાવાદ અને અનાર અંડરવેઅર્સ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૦ મા ડીસેમ્બર માસના ૪ થા દિને આથી નોંધ કરું છુ.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી આર. એસ. શુકલ સભ્ય સમક્ષ

રેફરન્સ (આઈ. સી.) નં. ૮૫/૮૯

અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન, અમદાવાદ. — પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

અનાર અન્ડરવેર્સ. અમદાવાદ. — બીજા પક્ષકાર

સને ૧૯૮૭-૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઇન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી પણ બોનસની રકમ આપવા બાબત.

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કંપનીને સને ૧૯૮૭-૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઇન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી પણ બોનસની રકમ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપ્યા બાદ સદરહુ કામમાં સમાધાનકાર, અમદાવાદે નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપ્યા બાદ પ્રથમ પક્ષકાર યુનિયને બી. આઈ. આર. એકટની કલમ-૭૩(એ) અન્વયે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

INDEX

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૭ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ કામમાં કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ હોઈ હવે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા ઈચ્છતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર, અમદાવાદ.
તારીખ ૨૮-૯-૧૯૯૦.

સહી
(આર. એસ. શુકલ)
સભ્ય, ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

સહી
(આર કે. પરમાર)
સહાયક સરકારી નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સબંધ અધિનિયમ,
અમદાવાદ.

અમદાવાદ
તા. ૪-૧૨-૯૦

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ક/ખ/શ્રમક/ ૨૭૨૭૧ આર. યુ. સન. ૧૯૪૬ મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સન. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદને સીમા ટેક્ષટાઈલ, અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૦માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી. આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઈ સી.) નં. ૧૩૦/૮૯.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
અમદાવાદ ..પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

સીમા ટેક્ષટાઈલ, અમદાવાદ. ..બીજા પક્ષકાર

મીલ્સ કંપની તેના એન્જીનીયરીંગ ખાતામાં બોઈલર વિભાગમાંથી પાળીદીઠ એક ફાયરમેન તથા એક કોલબ્રેકર મળી ત્રણે પાળીમાંથી મળી કુલ ૬ કારીગરોની જગ્યા કાયમી ધોરણે કમી કરવા માગે છે તે બાબત.

ચુકાદો

૧. સદરહુ રેફરન્સ બીજા પક્ષકાર મીલ કંપનીએ પ્રથમ પક્ષકાર સંઘને કંપનીના એન્જીનીયરીંગ ખાતામાં બોઈલર વિભાગમાંથી પાળીદીઠ એક ફાયરમેન તથા એક કોલબ્રેકર મળી ત્રણે પાળીમાંથી મળી કુલ ૬ કારીગરોની જગ્યા કાયમી ધોરણે કમી કરવા બાબતની ફેરફાર ની નોટીસ આપતાં પ્રથમ પક્ષકાર સંઘે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

INDEX

૨. સદરહુ રેફરન્સને સુનાવણી દરમ્યાન પક્ષકારોએ આંક-૬ ની પુરસીસ રજૂ કરી જણાવેલ છે કે, મીલ્સ કંપનીએ તેમની ફેરફારની નોટીસ પાછી ખેંચી લીધેલ હોઈ હવે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા ઈચ્છતા નથી પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પક્ષકારોને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને તે મુજબ સદરહુ રેફરન્સ ફેસલ કરવામાં આવે છે ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(આર. એસ. શુકલ)
સભ્ય, ૧૨-૧૦-૬૦
ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

જી. જે. દવે
રજીસ્ટ્રાર, અમદાવાદ.
તા. ૧૫-૧૦-૬૦

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

અમદાવાદ.
તા. ૪-૧૨-૬૦

સને-૧૯૪૬ ના ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૨૭૨ આરયુ/સને—૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ—૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને ધી અમદાવાદ ન્યુ કોટન મીલ્સ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૦માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઇ. સી) નં. ૧૨૫/૮૭.

ટેક્ષટાઈલ લેબર એસોશીએશન, અમદાવાદ. ..પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી અમદાવાદ ન્યુ કોટન મીલ્સ, અમદાવાદ. ...બીજા પક્ષકાર

ડ્રોઇંગ ખાતાની દીવસ પાળીમાં કામ કરતા શ્રી ચીમનભાઈ છોટાભાઈની દાખલ તારીખ ૧૪-૬-૬૭ની ગણવા અંગે..

ચુકાદો

૧. હાલનો રેફરન્સ, પ્રથમ પક્ષકાર સંઘે બીજા પક્ષકાર મીલ કંપનીને બી. આઇ. આર. એક્ટની કલમ ૪૨(૨) મુજબની ફેરફારની સુચના તા. ૯-૩-૮૬ ના રોજ આપેલી, જે અન્વયે સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવવામાં નિષ્ફળ ગયેલા હોવાથી, તેમના નિષ્ફળતાના પ્રમાણપત્ર પરથી પ્રથમ પક્ષકાર સંઘે કલમ ૭૩(ક) મુજબ દાખલ કરેલો છે.

INDEX

૨. આ રેફરન્સમાં ત્યાર બાદ પ્રથમ પક્ષકાર સંઘના પ્રતિનિધિએ અંક-૧૧ની પુરસીસ આપીને જણાવેલ છે કે, સદર રેફરન્સ તેઓ આગળ ચલાવવા માંગતા ન હોવાથી પાછો ખેંચી લે છે તો તે મુજબ હુકમ કરવા વિનંતી છે. સંઘની સદરહુ પુરસીસની વિગતે, તેમને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવી જોઈએ, આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર સંઘને રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે.-ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(વી. એચ. ઠાકોર)

સભ્ય, ૧૦-૧૦-૯૦

ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

જી. જે. દવે

રજીસ્ટ્રાર.

અમદાવાદ.

તા. ૧૦-૧૦-૧૯૯૦.

અમદાવાદ તા. ૪-૧૨-૯૦

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/બ/શ્રમક/૨૭૨૬૭ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું અખીલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન, અમદાવાદ અને ધવલ કોર્પોરેશન, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે નીચે મુજબના નિર્ણય સને ૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪ દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી. આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઈ. સી.) નં. ૭૭/૮૯.

અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન, અમદાવાદ. — પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધવલ કોર્પોરેશન. અમદાવાદ. — બીજા પક્ષકાર

સને ૧૯૮૭-૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી બોનસની રકમ આપવા અંગે.

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કોર્પોરેશનને સને ૧૯૮૭-૧૯૮૭-ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવરટાઈમના પગારમાંથી બોનસની રકમ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપ્યા બાદ સમાધાનકાર, અમદાવાદે આપેલ નિષ્ફળતાના પ્રમાણપત્ર બાદ મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ-૭૩ (એ) અન્વયે સદરહુ રેફરન્સ ઉપસ્થિ કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૭ ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ રેફરન્સના કામે કોર્ટ બહાર સમાધાન થઇ ગયેલ હોઇ તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કોઈ વાંધાજનક હકીકત લાગતી નથી, આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(આર. આર. શુકલ)

સભ્ય, ઔદ્યોગિક અદાલત, અમદાવાદ.

સહી

જી. જે. દવે

રજીસ્ટ્રાર, અમદાવાદ.

તારીખ ૪-૧૦-૧૯૯૦.

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક,

મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ

તા. ૪-૧૨-૯૦

અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક શ્રમ નિબંધક દ્વારા.

ક્રમાંક ૧/ખ/શમઃ/૨૭૨૬૫ આર.યુ. સને-૧૯૪૬નાં મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન અને કલાપી કોર્પોરેશન અમદાવાદની વચ્ચે ઔધોગિક વિવાદમાં ઔધોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સને. ૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔધોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.
શ્રી. આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ.
રેફરન્સ (આઈ. સી.) નં. ૮૧/૮૯.

અખિલ ગુજરાત હોઝીયરી કામદાર યુનિયન, અમદાવાદ. — પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

કલાપી કોર્પોરેશન અમદાવાદ. — બીજા પક્ષકાર

સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવર ટાઈમના પગારમાંથી બોનસની રકમ આપવા અંગે

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કોર્પોરેશનને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તથા ઈન્સેન્ટીવ તેમજ ઓવર ટાઈમના પગારમાંથી બોનસની રકમ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપ્યા બાદ સમાધાનકાર, અમદાવાદે આપેલ નિષ્ફળતાના પ્રમાણપત્ર બાદ મુંબઈ ઔદ્યોગિક ધારાની કલમ-૭૩ (એ) અન્વયે સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૮ ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ રેફરન્સના કામે કોર્ટ બહાર

INDEX

સમાધાન થઇ ગયેલ હોઈ હવે તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કોઈ બાધાજનક હકીકત લાગતી નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ કેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(આર. એસ. શુક્લ)

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

જી. જે. દવે.

રજિસ્ટ્રાર

અમદાવાદ તા. ૪-૧૦-૧૯૯૦.

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક,

મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ

તા. ૪-૧૨-૯૦

અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ખાસ્રસક: ૨૭૨૭૩: આરસ્રુ:સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ: અધિનિયમ ગુજરાત: નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોશીએશન અમદાવાદ અને અંબિકા મીલ્સ લી, નં. ૨ અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલા નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રુબરુ

રેફરન્સ (આઈસી) નં. ૪૨/૮૮.

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ. ..પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

અંબીકા મીલ્સ લી. નં. ૨, અમદાવાદ. ..બીજા પક્ષકાર

શાળ ખાતામાં કામ કરતાં શ્રી રાજનારાયણ ગુણાતીતને રીલીવરમાંથી હટાવી સીનીયર હક્કદાર કારીગર શ્રી બલીરામને સત્ય રામને મુકવા અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ, પ્રથમ પક્ષકાર સંઘે બીજા પક્ષકાર મીલ કંપનીને બી. આઈ. આર. એકટની કલમ ૪૨(૨) મુજબની ફેરફારની સુચના તા. ૨૯-૧૧-૮૭ના રોજ આપતાં, તે અન્વયે સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવવામાં નિષ્ફળ જતાં, તેઓના નિષ્ફળતાના પ્રમાણપત્ર પરથી સંઘે કલમ ૭૩(ક) મુજબ દાખલ કરેલો છે.

૨. ત્યાર બાદ આ રેફરન્સમાં બંને પક્ષકારોએ સંયુક્ત રીતે આંક-૧૭ની પુરસીસ આપીને જણાવેલ છે કે, તેઓ વચ્ચે કરાર થયેલા છે અને તે મુજબ ત્રીજી પાળી બંધ કરી છે જેથી ત્રીજી પાળી ફરી ચાલુ થયે, રેફરન્સ ફરી કરવાની શરતે તેઓ રેફરન્સ પાછો ખેંચી લે છે તો તે મુજબ હુકમ કરવા વિનંતી છે.

INDEX

પક્ષકારોની સદરહુ પુરસીસની વિગતે. સંઘને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવી જોઈએ, આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. સંઘને રેફરન્સ ફરી કરવાની શરતે આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(વી એચ. ઠાકોર)

સહી, ૨૮-૯-૯૦

ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

જી. જે. દવે

રજીસ્ટ્રાર.

અમદાવાદ.

તા. ૫-૧૦-૧૯૯૦.

અમદાવાદ તા. ૪-૧૨-૯૦

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

INDEX

સન. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬/ખ/શમક/૨૭૨૭૪ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ- ૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ ન્યુ માણેકચોક ટેક્ષટાઈલ. અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી આર. સી. ભટ્ટ. સભ્ય ૩બ્ર૩.

રેફરન્સ (આઇસી) નં. ૧૪/૮૬.

ટેક્ષટાઇલ લેબર એસોસીએશન, પ્રથમ પક્ષકાર.

ભદ્ર, અમદાવાદ

અને

ન્યુ માણેકચોક ટેક્ષટાઈલ, બીજા પક્ષકાર.

અમદાવાદ.

યુનિયનની માંગણી મીલના જનરેટર વિભાગમાં કામ કરતાં ઓઈલરે તથા હેલ્પરોને વાર્ષિક બે જોડી બુટ આપવા અંગે.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર, યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીમાં મીલના જનરેટર ઉપર કામ કરતાં ઓઈલરો તથા હેલ્પરોને વાર્ષિક બે જોડી બુટ આપવા અંગે. યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે યુનિયને આંક ૧૫નું પુરસીસ આપી જણાવેલ છે કે, મીલ કંપનીએ સંબંધ ધરાવતાં કામદારોને બુટ આપો દીધા હોવાથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતુ નથી અને રેફરન્સ પાછો ખેંચી લે છે અને તે મુજબ હુકમ કરવા વિનંતી કરેલ છે. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

INDEX

હુકમ

ક. યુનિયને કરેલ માંગણી મુજબ મીલ કંપનીએ કામદારોને પુરા આપી દીધેલ હોવાથી રેફરન્સ ફેસલ થયેલ ગણવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(આર. સી. ભાટ)
સભ્ય, ૧૬-૧૦-૯૦
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
અમદાવાદ.

સી. જે. દવે
રજીસ્ટ્રાર.
અમદાવાદ તા. ૧૭-૧૦-૯૦

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

અમદાવાદ
તા. ૪-૧૨-૯૦

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬/ખ/શ્રમક/૨૭૨૯૪ આથી સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને ધી મોહિર ટેક્ષટાઈલ્સ લી., અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા અને. ૧૯૯૦માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

INDEX

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી આર.સી.ભટ્ટ, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઇસી) નં. ૧૭૨/૯૦.

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ. ...પ્રથમ પક્ષકાર.

વીરૂદ્ધ

બીહોર ટેક્ષટાઇલ્સ લિ., અમદાવાદ. ...દ્વિતીય પક્ષકાર.

મીલ કંપની તેના ઓટો શાળખાતામાં પરિશિષ્ટ ૧ અને ૨,૩ મુજબ લુંમ્સની ફેરગોઠવણી કરવાથી કુલ ૨૭ જગાં ઓછી કરવા બાબત.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ દ્વિતીય પક્ષકાર મીલ કંપનીએ પ્રથમ પક્ષકાર સંઘને તા. ૨૫-૫-૯૦ના રોજ કલમ ૪૨(૧) મુજબની ઉપરોક્ત ફેરફાર કરવા અંગેની સુચના આપેલી. જે અંગે સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવી શકેલ નહીં તેથી તેઓએ નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપતાં સંઘે કલમ ૭૩(ક) મુજબ હાલનો રેફરન્સ કરેલો છે.

૨. આ રેફરન્સમાં ત્યાર બાદ બંને પક્ષકારોએ સંયુક્ત રીતે આંક-૪ની પુરસીસ આપી તેના એનેક્ષર-એ મુજબ પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોઈ તે મુજબ એવોર્ડ કરી આપવા વિનંતી કરી છે. સદર સમાધાનની શરતો વાજબી અને ન્યાયી હોવાથી તે મુજબનો આ રેફરન્સના કામે એવોર્ડ કરી આપવો જોઈએ, આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. આ રેફરન્સમાં બંને પક્ષકારોએ આંક-૪ની સાથેના એનેક્ષર-એની સમાધાનની શરતો મુજબ વર્તવું. એનેક્ષર-એની એક નકલ આ હુકમ સાથે રાખવી. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

IN THE INDUSTRIAL COURT, GUJARAT.

REF (IC) No. 172 of 1990

Between

The Textile Labour Association,
Ahmedabad ... First Party

And

Mihir Textiles Limited,
Ahmedabad — Second Party

May it please the Honourable Court.

That the parties in the above matter have arrived at am amicable settlement. The termi of the settlment have arrivem at an amicable settlement. The terms of the settlement are Annexen hereto and Marked Annexture 'A'.

The parties request the honourable coust to pass an award in the terms of the settlement as per Annexture.

Ahmedabad
Date-29-9-1990.

Secretary
The Textile Labour Association
Ahemedabad

Mill Mcnager
Mihir Textiles Limited
Anmedabad.

સમાધાનની શરતો

(૧) મીલસ કંપની તેના આધુનિકરણના પ્રોગ્રામસા ઓટોશાળ ખાતામાંથી ૨૪ રૂટી 'બી' ૧૧૦ સે.મી.ની લુમ્સ કાઢીને નવી ૪૮ રૂટી 'સી' લુમ્સ ૧૮૦/૧૯૦ સે.મી.ની મુકીને ચલાવશે. કારીગરોની અને કામગીરીની ફેરગોઠવણી કરીને તથા ૨૪ રૂટી 'બી' લુમ્સ કાઢીને પાળી દીઠ ૮ ૮.૮=૨૪ જગાઓ ઓછી કરશે અને નવી ૪૮ રૂટી 'સી' લુમ્સ માટે પાળી દીઠ ૯-૮-૮=૨૫ જગાઓ વધારશે. (પરિશિષ્ટ-૧)

(૨) હાલમાં ઓટોશાળ ખાતામાં નીચે મુજબ લુમ્સ ત્રણે પાળીમાં ચલાવવામાં આવે છે.

જુનો ખંડ	નવો ખંડ
(૧) ૧૪૦ રૂટી 'બી'	૯૬ રૂટી બી.
	૧૦૦ માસ્ટર વીવર
	૨૮૦ ફૂટી સી
	૬૦ એર જેટ
૧૪૦	૫૩૬

(૧૪૦ + ૫૩૬ = ૬૭૬ લુમ્સ)

(૩) રૂટી બીની ૨૪ લુમ કાઢી નાંખવાથી અને નવી ૪૮ રૂટી સી લુમ્સ મુકીને ચલાવવાથી નીચે મુજબની લુમ્સ ત્રણે પાળીમાં ચાલશે.

જુનો ખંડ	નવો ખંડ
૧૪૦ રૂટી બી.	૭૨ રૂટી બી
	૧૦૦ માસ્ટર વીવર
	૩૨૮ રૂટી સી
	૬૦ એર જેટ
૧૪૦	૫૬૦

(૧૪૦ + ૫૬૦ = ૭૦૦ લુમ્સ)

(૪) રૂટી બી.ની ૨૪ લુમ કાઢી નાંખીને નવી ૪૮ રૂટી સીની લુમ્સ મુકીને ચલાવવામાં આવશે. અને તેને માટે જરૂરીયાત મુજબ હાલની લુમ્સની અનુકુળ ફેર ગોઠવણી કરવામાં આવશે.

(૫) મીલ્સ કંપની નાબુદ થતી જગામાંથી પાળી દીઠ ૫-૫-૫ = ૧૫ રાજીનામા સ્વીકારશે અને પાળી દીઠ ૩-૩-૩ કારીગરોને રૂટી બીમાંથી નવી ૪૮ લુમ્સ ઉપર ટ્રાન્સફર કરશે.

(૬) કોઈપાળીમાં નાબુદ થતી આડે આઠ જગાના કારીગરો નવી ૪૮ લુમ્સ ઉપર ટ્રાન્સફર થાય તેવા સંજોગોમાં મીલ્સ કંપની જે તે પાળીમાં વધુમાં વધુ ૫ રાજીનામા વધારાના સ્વીકારશે પરંતુ આવા પાંચ રાજીનામા આપી છુટા થનાર કારીગર આ સમાધાન મુજબ નક્કી થયેલ એક્સ ગ્રેસીયા વળતર મેળવવા હક્કદાર થશે નહિં. અને આવી રીતે ખાલી પડનાર જગા ઉપર હક્કદાર બદલીવાળાને કાયમી કરી પાળી દીઠ રૂટી બીની ૩૮-૩૮-૩૮ ની સ્ટેન્થ પુરી કરવામાં આવશે.

(૭) મીલ્સ કંપની વધુમાં વધુ ૮ એકસ ગ્રેસીયા વળતર અથવા ૮ ટ્રાન્સફર વળતર પાળી દીઠ આપશે. દા. ત. ૫ એકસ ગ્રેસીયા વળતર હોઈ તો ત્રણ ટ્રાન્સફર વળતર મળશે. પરંતુ બન્ને મળીને કુલ ૮ થી વધુ કોઈ પાળીમાં આપવામાં આવશે નહિં. આ ૮ની સંખ્યામાં જે રીલીવર બે વીવર રૂટી-બી, ના અને ચાર વીવર રૂટી-સીના રોકાવશે તે જે બેટરી-

બોથ રૂટી-બીના અને ૧૨ લુમ્સ નવા રૂટી-સીની કામગીરી સંભાળશે, તે અને જે સ્વીપર/કલોથ ફીડર રૂટી-બી ની અને નવી ૨૪ રૂટી-સી લુમ્સની કામગીરી સંભળાશે, તેવા ત્રણેય કેટેગરીના પાળીદીઠ ૧-૧-૧ કારીગરને આ સમાધાન મુજબ નક્કી કરવામાં આવેલ ટ્રાન્સફર વળતરની ગણતરીને સમાવેશ કરવામાં આવશે નહિં.

(૮) આ સમાધાનથી પરીશીષ્ટ-૧ મુજબ ફીટરની એક જગ્યા વધારવામાં આવી છે સદર ફીટર તથા આ હાલના ફીટર ૩૨૮ રૂટી-સી અને ૧૦૦ માસ્ટર વીવર લુમ્સની કામગીરી સંભાળશે.

(૯) પરીશીષ્ટ-૧માં નવી ૪૮ રૂટી-સી લુમ્સમાં કામ કરનાર કેટેગરીના કારીગરોને રૂટી-સી નો પગાર આપવામાં આવશે. સદર નવી-૪૮ રૂટી-સી લુમ્સ હાલની ૨૮૦ રૂટી-સી લુમ્સ પ્રમાણે ચલાવવામાં આવશે.

(૧૦) ટેકલર/આસી.ટેકલર :

રૂટી-બીની ૧૭૦/૧૮૦ સેન્ટીમીટરની લુમ્સની કામગીરી કરતાં પાળી દીઠ ૧-૧-૧ = ૩ ટેકલર અને પાળી દીઠ ૨-૨-૨ = ૬ આસી. ટેકલરને માસિક ૨૬ વર્કીંગ દીવસના રૂપિયા ૬-૦૦(રૂપિયા ૭) પગાર વધારો અંગત રીતે આપવામાં આવશે. ખાતા નંબર૨ના નવાખંડના ટેકલર અને આસી.ટેકલરને લાગુ અંતર નહિં હોવા છતાં પણ પેટ્રોલીંગ એલાઉન્સની રકમ દરરોજનો રૂા. ૨-૦૦ (રૂપિયા બે) લેખે આપવામાં આવશે.

(૧૧) વીવર :

રૂટી'બી'માં વીવર જેટલી લુમ્સ ચલાવશે તેટલી લુમ્સનો પગાર આપવામાં આવશે. રૂટી-બીમાં ૧૨ લુમ્સ(૧૭૦/૧૮૦ સે.મી.)ના પાળીદીઠ ૫-૫-૫૧=૫ વીવરને અંગત રીતે માસિક ૨૬ વર્કીંગ દિવસના રૂપિયા ૬-૦૦ (રૂપિયા છ) પગાર વધારો આપવામાં આવશે.

(૧૨) રીલીવર :

રૂટી-બી માં હાલમાં પાળીદીઠ ૬-૬-૬ = ૧૮ રીલીવર છે. આ સમાધાનથી પાળી દીઠ ૩ ૩-૩ = ૯ રીલીવરની જગ્યા નાબુદ કરવામાં આવશે. બાકી રહેતા પાળી દીઠ ૩-૩-૩ = ૯ રીલીવરની કામગીરી નીચે મુજબ ગોઠવવામાં આવે છે.

એક રીલીવર	૬ વીવર	રૂટી-બી	જૂનો ખંડ
બીજો રીલીવર	૪ વીવર	રૂટી-બી	જૂનો ખંડ
	૨ વીવર	રૂટી-બી	નવો ખંડ
ત્રીજો રીલીવર	૨ વીવર	રૂટી-બી	નવો ખંડ
	૪ વીવર	રૂટી-સી(નવા)	,, ,,

INDEX

આમ ઉપર પ્રમાણે રીલીવર ૬ વીવરને છોડાવશે. જે રીલીવર જૂના ખંડમાં અને નવા ખંડમાં રીલીવીંગની કામગીરી કરશે, તેને દરરોજના રૂપિયા ૨-૦૦ (રૂપિયા બે) લેખે પેટ્રોલીંગ એલાઉન્સ આપવામાં આવશે ભવિષ્યમાં રીલીવીંગની કામગીરી એકજ જગ્યાએ થશે ત્યારે સદર પેટ્રોલીંગ એલાઉન્સની રકમ બંધ કરવામાં આવશે. જે રીલીવર રૂટી-બી ના બે વીવર અને રૂટી-સીના ચાર વિવર છોડાવશે તેને રૂટી-સીનો પગાર અને ટ્રાન્સફર વળતર આપવામાં આવશે. અને બાકીના ૨-૨-૨ = ૬ રીલીવરને માસિક ૨૬ વર્કીંગ દિવસના રૂપિયા ૭૦-૦૦ (રૂપિયા સીત્તેર બેઝિકમાં પગાર વધારો અંગત રીતે આપવામાં આવશે. રૂટી-બી ના ફાજલ પડતા પાળીદીઠ ૩-૩-૩ = ૯ રીલીવરમાંથી છુટા થવા માંગતા ના હોય અથવા રૂટી-સી માં ટ્રાન્સફર થવા માંગતા ના હોય તેવા સંજોગોમાં આવા રીલીવરને રૂટી-બી માંથી વીવરનું રાજીનામું સ્વીકારીને વીવર તરીકે મુકવામાં આવશે, પરંતુ આ રીતે છુટા થતા વીવર એક્સ ગ્રેશીયા વળતર મેળવવા હક્કદાર થશે નહિં. અને વીવર તરીકે ટ્રાન્સફર થતા રીલીવરને સદર એક્સ ગ્રેસીયા વળતરની રકમ આપવામાં આવશે આવા રાજીનામાનો સમાવેશ મીલ્સ કંપની પાળીદીઠ ૫-૫-૫ ૧૫ રાજીનામા સ્વીકારશે તેમાં થઈ જશે. અથવા કાર્યક્ષમ અને લાયકાત ધરાવતા રીલીવરને મીલ્સ કંપનીની જરૂરીયાત મુજબ આસી. ટેકલરની ટ્રેનીંગ આપીને રૂટી-સીમાં ગોઠવવામાં આવશે જે રીલીવર રૂટી-બીના ૨ અને રૂટી-સીના ૪ વીવરને છોડાવશે તેને ટ્રાન્સફર વળતર આપવામાં આવશે. પરંતુ ભવિષ્યમાં મીલ્સ કંપની રૂટી-બીના બદલે રૂટી-સીના બે વીવરને છોડાવવાની કામગીરી સોંપશે ત્યારે ટ્રાન્સફર વળતરની માંગણી કરશે નહિં.

(૧૩) બેટરીબોય :

રૂટી-બીમાં હાલમાં પાળીદીઠ ૭-૭-૭ = ૨૧ બેટરીબોય છે. જેમાંથી પાળીદીઠ ૨-૨-૨ ૬ જગાઓ નાબુદ કરવામાં આવશે. બેટરીબોયની કામગીરીની વહેંચણી નીચે મુજબ કરવામાં આવશે

એકબેટરી બોય	૪૪ લુમ્સ રૂટી-બી	૧૭૦/૧૮૦ સેમી.	જુનો ખંડ
બીજો બેટરીબોય	૪૮ લુમ્સ રૂટી-બી	૧૬ લુમ્સ ૧૭૦/૧૮૦ સે.મી. ૩૨ લુમ્સ ૧૧૦ સે.મી.	જુનો ખંડ
ત્રીજો બેટરીબોય	૪૬ લુમ્સ રૂટી-બી	૧૧૦ સે.મી.	જુનો ખંડ
ચોથો બેટરીબોય	૪૪ લુમ્સ રૂટી-બી	૧૧૦ સે.મી	નવો ખંડ
પાંચમો બેટરીબોય	૪૦ લુમ્સ (૧૨ રૂટી-બી ૧૮૦/૨૯૦ સે.મી. ૨૮ રૂટી-બી ૧૧૦ સે.મી)		નવો ખંડ

છઠ્ઠો બેટરીબોય ૩૬ લુમ્સ નવી રૂટી-સી ૧૮૦/૧૯૦ સે.મી. નવો ખંડ રૂટી-બી ના બાકી રહેતા પાળીદીઠ ૪-૪-૪ = ૧૨ બેટરીબોયને તેમની હાલની કામગીરીમાં વધારો થતો હોવાથી માસિક ૨૬ વર્કીંગ દિવસના રૂપિયા ૩૫ (રૂપિયા પાંત્રીસ) મુળ પગારમાં વધારો અંગત રીતે આપવામાં આવશે.

નવી-૩૬-રૂટી-સી ની લુમ્સ ઉપર કામ કરનાર બેટરીબોયને રૂટી-સીનો પગાર આપવામાં આવશે.

જે બેટરીબોય ૨૮ રૂટી-બી અને ૧૨ નવી રૂટી-સી લુમ્સની કામગીરી કરશે તેને રૂટી-સી નો પગાર આપવામાં આવશે. ઉપરાંત રૂપિયા ૩૫નો (રૂપિયા પાંત્રીસનો પગાર વધારો અંગત રીતે આપવામાં આવશે. આવા બેટરીબોયને આ સમાધાનથી નક્કી થયેલ ટ્રાન્સફર વળતરની રકમના ૫૦ ટકા ટ્રાન્સફર વળતર મળશે પરંતુ ભવિષ્યમાં મીલ્સ કંપની રૂટી-બીની લુમ્સ ઓછી કરી તેટલી સંખ્યામાં રૂટી-સીની લુમ્સ સોંપશે ત્યારે બાકીના ૫૦% ટ્રાન્સફર વળતર રકમ કરતાં વધુ રકમ ટ્રાન્સફર વળતર તરીકે મેળવવા હક્કદાર રહેશે નહિં.

(૧૪) સ્વીપર/ક્લોથ ડોફર :

રૂટી-બીમાં હાલમાં પાળીદીઠ ૨૩૬ લુમ્સ માટે ૨-૨-૨ = ૬ ની સંખ્યા છે. જે પૈકી એક કારીગર જુના ખંડમાં ૧૧૬ લુમ્સ અને બીજો કારીગર ૨૪ લુમ્સ જુના ખંડમાં + ૯૬ લુમ્સ નવા ખંડમાં કુલ ૧૨૦ લુમ્સની કામગીરી સંભાળશે. આ સમાધાનથી આ કારીગરો તેમની હાલની કામગીરી ઉપરાંત રોલ કાપવાની કામગીરી સંભાળશે. અને તેમની કામગીરીની ગોઠવણી નીચે મુજબ રહેશે.

એક સ્વીપર/ક્લોથડોફર જુના ખંડમાં ૧૧૬ લુમ્સ રૂટી-બી (૬૦ લુમ્સ ૧૭૦/૧૮૦ સે.મી.+૫૬ લુમ્સ ૧૧૦ સે.મી. = ૧૧૬)ની કામગીરી સંભાળશે. બીજા સ્વીપર/ક્લોથ ડોફર કુલ ૧૨૦ લુમ્સ (૭૨ રૂટી-બી ૧૧૦ સે.મી. નવો ખંડ+૨૪ નવી રૂટી-સી ૧૮૦/૧૯૦ સે.મી. નવો ખંડ+૨૪ રૂટી-બી ૧૧૦ સે.મી. જુનો ખંડ = ૧૨૦ લુમ્સ)ની કામગીરી સંભાળશે.

ફક્ત જુના ખંડમાં રૂટી-બી લુમ્સની કામગીરી સંભાળવાના પાળી દીઠ ૧-૧-૧ = ૩ કારીગરને માસિક ૨૬ વર્કીંગ દિવસના રૂપિયા ૪૦-૦૦ (રૂપિયા ચાળીસ) બેઝીક પગાર વધારો અંગત રીતે આપવામાં આવશે. જ્યારે રૂટી-બી અને રૂટી-સી ની કામગીરી સંભાળનાર પાળીદીઠ ૧-૧-૧ = ૩ કારીગરને માસિક ૨૬ વર્કીંગ દિવસના રૂા. ૪૫ (પીસ્તાળીસ) બેઝિક

INDEX

પગાર વધારો અંગત રીતે આપવામાં આવશે. નવી રૂટી-સી બાકીની ૨૪ લુમ્સની કામગીરી એરજેટ લુમ્સના સર્વિસમેન પાળીદીઠ ૨-૨-૨ = ૬ છે. તેઓ દરેક ૧૨-૧૨ લુમ્સની કામગીરી સંભાળશે. આ એરજેટના સર્વિસમેનને ભવિષ્યમાં નવી લુમ્સની કામગીરીની સોંપણી કરવામાં આવે ત્યારે પ્રતિનિધિઓ સાથે ચર્ચા વિચારણા કરીને નક્કી કરવામાં આવશે. જે સ્વીપર/કલોથ ડોફર રૂટી-બી તથા ૨૪ નવી રૂટી-સીની કામગીરી સંભાળશે તેમને આ સમાધાનથી નક્કી થયેલ ટ્રાન્સફર વળતરના ૫૦% રકમ આપવામાં આવશે. (પાળીદીઠ ૧-૧-૧ = ૩) પરંતુ ભવિષ્યમાં મીલ્સ કંપની આવા સ્વીપર/કલોથ ડોફર રૂટી-બીની લુમ્સ ઓછી કરી તેટલીજ સંખ્યામાં નવી લુમ્સની કામગીરી સોંપશે ત્યારે બાકીના ૫૦% ટ્રાન્સફર વળતર કરતાં વધુ રકમ ટ્રાન્સફર વળતર મેળવવા માટે હક્કદાર થશે નહિં. આવા સ્વીપર/કલોથ ડોફર રૂટી-બીમાં બેટરીબોય તરીકે જવા તૈયાર હોય તો તેને આ સમાધાનથી નક્કી થયેલ બેટરીબોયનો પગાર વધારો આપવામાં આવશે. અને આવા સ્વીપર/કલોથ ડોફરને આ સમાધાનથી નક્કી થયેલ સ્વીપર/કલોથ ડોફરનો પગાર વધારો તથા ટ્રાન્સફર વળતર મેળવવા હક્કદાર રહેશે નહિં. સ્વીપર/કલોથ ડોફરના જગા ઉપર બદલીવાળા કાયમી થાય તો તેને રૂપિયા ૭૯-૩૮ પૈસા મુળપગાર સિવાય મળશે નહિં.

(૧૫) નવા રૂટી-સીના ૪૮ સાંચામાં પાળી દીઠ ૧-૧-૧ ટેકલર અને ૧-૧-૧ આસી ટેકલર રાખવામાં આવશે. આ છ ટેકલરોને જ માસિક ૨૬ વર્કીંગ દિવસ માટે રૂપિયા ૩૯-૦૦(રૂપિયા ઓગણચાળીસ (પગાર વધારો અંગત અંગત રીતે આપવામાં આવશે પરંતુ હાલમાં રૂટી સીના ટેકલર અને આસી ટેકલરમાંથી જેઓને આ પગાર વધારો મળે છે તેઓમાંથી કોઈ નવા સાંચા ઉપર આવશે તો તેમને આ પગાર વધારો મળશે નહિં. અને તેને મળતાં રૂપિયા ૩૯ ૦૦(ઓગણ ચાળીસ) પગાર વધારો ચાલુ રાખશે. હાલના રૂટી-સીના ટેકલર અને આસી ટેકલરો જે કામગીરી કરે છે તે જ પ્રમાણેની કામગીરી આ છ ટેકલરો કરશે.

(૧૬) આ સમાધાનથી છુટા થતા કારીગરોને આ સમાધાનમાં નક્કી થયા પ્રમાણે તેની દાખલતારીખથી આ સમાધાનના તારીખ સુધીના સઘાંજ વર્ષો માટે ૧ પગાર રૂપિયા ૩૭૫/ (રૂપિયા ત્રણસે પંચાતે) લેખે એક્સગ્રેસીયા વળતરની રકમ ચુકવવામાં આવશે કલમ ૧ અને કલમ-૭ મુજબ.

INDEX

(૧૭) આ સમાધાનથી ટ્રાન્સફર થતા રૂટી-બી રુટી-સી માં જતા કારીગરોને આ સમાધાનમાં નક્કી થયા મુજબ કલમ-૬ અને ૭ મુજબ તેમની દાખલ તારીખથી આ સમાધાનની તારીખ સુધીના બધાજ વરસો માટે એક વરસ રૂપિયા ૪૫૦/- (ચારસો પચ્ચાસ) લેખે ટ્રાન્સફર વળતરની રકમ નીચે મુજબ આપવામાં આવશે.

(૧) રૂટી 'બી' માંથી રૂટી બી માં જનારને કંઈ નહીં।

(૨) રૂટી બી માંથી નવી ૪૮ રુટી 'સી'માં જનારને મળશે.

(૩) રૂટી 'સી' માંથી રૂટી સીમાં જનારને કંઈ નહીં.

(૪) રૂટી 'બી' માં કારીગર છુટા ના થાય અને તેની જગ્યાએ રૂટી 'સી' ના અથવા માસ્ટર વીવરના કારીગર છુટા થાય તો આવા છુટા થનાર કારીગર એકસ ગ્રેશીયા વળતર મેળવવા હક્કદાર થશે નહિં. અને રુટી 'બી' માંથી રુટી'સી'માં જનાર કારીગરને ટ્રાન્સફર વળતર આપવામાં આવશે,

ઉપરોકત એકસ ગ્રેસીયા વળતર અને ટ્રાન્સફર વળતર આ સમાધાનની કલમ-૬ અને ૭ ની જોગવાઈઓને આધીન મળશે અને સમાધાનની તારીખથી ૩૦ દિવસ સુધીમાં છુટા થનાર અથવા ટ્રાન્સફર થનાર નેજ મળશે.

(૧૮) આ સમાધાનથી છુટા થતા કારીગરોનો સમાવેશ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ (૨૦૦) મુજબ છટણીની વ્યાખ્યામાં સમાવેશ નહિ થતો હોવા છતાં આ સમાધાનથી નક્કી થયેલ વળતરની રકમ ચુકવી આપવામાં આવશે.

(૧૯) આ સમાધાનથી છુટા થતા કારીગરોને તેમની દાખલ તારીખથી છુટા થતા તારીખ સુધીના બધાજ વરસો માટે વર્ષના ૧૫ દિવસના પગાર મોંઘ-વારીના ધોરણે ઘર ભાડા સાથે થતી વળતરની રકમ ચુકવવામાં આવશે. દાખલ તારીખથી છુટા થતા સુધીની તમામ વરસોની ગ્રેજ્યુઈટી ચુકવવામાં આવશે.

(૨૦ બાકી નીકળતી હક્ક રજા કેજ્યુઅલ રજાની રકમ તથા છુટા થતા વર્ષની હાજરીના હિસાબે થતી હક્ક રજાની રકમ ચુકવવામાં આવશે બાકી નીકળતા બોનસની રકમ જ્યારે અને જે પ્રમાણે અન્ય કારીગરોને ચુકવવામાં આવશે ત્યારે ચુકી આપવામાં આવશે પ્રોવીડન્ડ ફંડની રકમ ત્વરીત મળી રહે તે માટે ભલામણ કરવામાં આવશે.

INDEX

(૨૧) આ સમાધાનના અર્થઘટન અથવા અમલી કરણ અંગે પક્ષકારો વચ્ચે મતભેદ ઉભો થાય છે. ત્યારે પક્ષકારોએ ચર્ચા વિચારણા કરીને નિર્ણય કરશે. જો એકમતે નિર્ણય ના થાય તો સદર પ્રશ્નો નામદાર ઔદ્યોગિક અદાલતના પ્રમુખશ્રીને સોંપવામાં આવશે. અને તેમનો નિર્ણય આખરી અને પક્ષકારોને બંધનકર્તા રહેશે.

(૨૨) આ સમાધાનનો અમલ તાત્કાલીક કરવામાં આવશે

મિહીર ટેક્ષટાઈલ્સ લીમીટેડ

(અમદાવાદ)

પરીશીષ્ટ–૧

ફ્ટી 'બી' ૨૭૬ લુમ્સ

– ૨૪ લુમ્સ (૧૧૦ સે. મી)

૨૨૨

કેટેગરી	હાલની સંખ્યા પહેલી પાળી	બીજી પાળી	ત્રીજી પાળી	કુલ	ઓછી થતી સંખ્યા પહેલો પાળી	બીજી પાળી	ત્રીજી પાળી		બાકી રહેતી સંખ્યા પહેલી પાળી	બીજી પાળી	ત્રીજી પાળી	
ટેકલર	૪	૪	૪	૧૨	–	–	–	–	૪	૪	૪	૧૨
આ. ટેકલર	૫	૫	૫	૧૫	૧	૧	૧	૩	૪	૪	૪	૧૨
વીવર	૧૬	૧૬	૧૬	૪૮	૨	૨	૨	૬	૧૪	૧૪	૧૪	૪૨
રીલીન્ગ ૨	૬	૬	૬	૧૮	૩	૩	૩	૯	૩	૩	૩	૯
બે બોય	૭	૭	૮	૨૧	૨	૨	૨	૬	૫	૫	૫	૧૫
સ.મેન વેફ્ટ	૫	૫	૫	૧૫	–	–	–	–	૫	૫	૫	૧૫
કંસીવર રવીપર કલોથ	૧	૧	૧	૩	–	–	–	–	૧	૧	૧	૩
ડોફર	૨	૨	૨	૬	–	–	–	–	૨	૨	૨	૬
	૪૬	૪૬	૪૬	૧૩૮	૮	૮	૮	૨૪	૩૮	૩૮	૩૮	૧૧૪

INDEX

નવી રુટી'સી' લુમ્સ ૧૮૦/૧૯૦. સે.મી.
માટેના કારીગરોની સંખ્યા

કેટેગરી	પહેલી	બીજી	ત્રીજી	કુલ
ટેકલર	૧	૧	૧	૩
આ. ટેકલર	૧	૧	૧	૩
વીવર	૪	૪	૪	૧૨
બેટરી બોય	૧	૧	૧	૩
સર્વિસ મેન	૧	૧	૧	૩
ફીટર	૧	–	–	૧
	૯	૮	૮	૨૫

પરિશિષ્ટ–૨

મીહીર ટેક્ષટાઈલ્સ લીમીટેડ

(અમદાવાદ)

(૧) પરિશિષ્ટ–૩ માં જણાવેલ આસિ. ટેકલર કેટેગરીના પાળીદીઠ ૧–૧–૧ કારીગરને નવા ૪૮ રુટી 'સી' લુમ્સ ઉપર આસી, ટેકલર તરીકે ટ્રાન્સફર કરવામાં આવશે. અથવા તેઓના રાજીનામા સ્વીકારવામાં આવશે.

(૨) પરિશિષ્ટ–૩ માં જણાવેલ રીલીવર કેટેગરીના પાળી દીઠ ૬–૬–૬ કારીગરો પૈકી પાળી દીઠ ૨–૨–૨ રીલીવરને નવા ૪૮ રૂટી 'સી' લુમ્સ ઉપર વીવર તરીકે ટ્રાન્સફર કરવામા આવશે. અને પાળી દીઠ ૧–૧–૧ રીલીવરને અન્ય જગ્યાએથી રાજીનામું સ્વીકારાને રીલીવર તરીકે મુકવામાં આવશે. અથવા પાળીદીઠ ૩–૩–૩ રાજીનામા સ્વીકારવામાં આવશે.

(૩) પરિશિષ્ટ–૩ માં જણાવેલ વિવર કેટેગરીના પાળીદીઠ ૨–૨–૨ કારીગરોને નવી ૪૮ રૂટી 'સી' ઉપર વીવર તરીકે ટ્રાન્સફર કરવામાં આવશે. અથવા પાળીદીઠ ૨–૨–૨ રાજીનામા સ્વીકારવામાં આવશે.

(૪) બેટરીબોય પરિશિષ્ટ–૩ માં જણાવેલ બેટરીબોય કેટેગરીના પાળીદીઠ ૭–૭–૭ કારીગરો પૈકી પાળીદીઠ ૧–૧–૧ કારીગરોને નવી ૪૮ રૂટી સી લુમ્સ ઉપર બેટરીબોય તરીકે ટ્રાન્સફર કરવામાં આવે પાળી દીઠ ૧–૧–૧ કારીગરને અન્ય જગ્યાએથી રાજીનામું સ્વીકારીને બેટરીબોય તરીકે ટ્રાન્સફર કરવામાં આવશે. અથવા તે પૈકી પાળીદીઠ ૨–૨–રાજીનામા સ્વીકારવામાં

INDEX

આવશે. બબ્બુઈનાયતને અને ધન બહાદુર રઘુરાજ છુટા થશે તો તેમને વળતર અને ફીકસ એલાવા મળશે. ઉપર પ્રમાણે પરિશિષ્ટ–૩માં જણાવેલ કારીગરો પૈકી નવી ફટી–ર્યોમાં ટ્રાન્સફર થાય તેઓને આ સમાધાન મુજબ નક્કી થયેલ ટ્રાન્સફર વળતર મળશે.

ઉપર પ્રમાણે અમલ થયા બાદ ફાજલ પડતા કારીગરોને અન્ય જગ્યાએ ગોઠવવામાં આવશે. પરંતુ વીવર/રીલીવર/બેટરી બોય/આસા. ટેકલર મળીને પાળી-દીઠ વધુમાં વધુ ૫—૫—૫ રાજીનામા સ્વીકારવામાં આવશે. અને આ રીતે કારીગરોની ગોઠવણી પુરી કરવામાં આવશે.

મોહીર ટેક્ષટાઈલ્સ લી.

(અમદાવાદ)

પરિશિષ્ટ–૩

આ સમાધાનથી અસરકર્તા કારીગરોની યાદી.

કેટેગરી	પહેલીપાળી	બીજી પાળી	ત્રીજી પાળી
આ. ટેકલર	સી. દયાલન	ચતુરભાઈ રૂડાભાઈ	કેશવલાલ એમ. વ્યાસ
રીલીવર	૧. આદીમલુમ બલરામ	૨. ચંદુજી ભીખાજી	૩. પીરૂમલ માણેકમ
	૨. ગીરજાપ્રસાદ મણીરામ	૨. રજીઉદ્દીન મસી ઉદ્દીન	મંજુર એહમદ અલી હુસેન
	૩. અંબાલાલ અરજણ	વૈદ્યનાથ વેલાયદમ	વડીવેલ સંબધમ
	૪. નક્ષોમન વીરાસ્વામી	મણીરામન	રામલીંગમન રસવેલ
	માધવ રામન	કરૂણાકરન વેલાયદમન	મનુસ્વામી ચિન્નપ્પા
	મહેશ ગણેશ	શીવલાલ રવજી	તુલસી વરદ રાજુ
વીવર	૧. વેલાયદમ શીવરત્નમ	મનોહર ગોવિંદ	સુબ્રમણ્યમ નૈનાર
	૨. અશોક વામન	રંગનાથન રાજરત્નમ	હસમુખ રતિલાલ
બેટરીબોય	૧. નીસાર એહમદ નીયાજ એહમદ	બબુ ઈનાયત	મુસ્તુફા લીયાકત
	૨. વાહીદઅલી અબિદઅલી	ધનબહાદુર રઘુરાજ	હસન દાઉદ
	૩. હરીશ કીશન	ગજાનંદ જીયાલાલ	રશીદએહમદ મ. શફી
	૪. શાહઆલમ અરયતુલ્લા	ગજેન્દ્ર બહાદુરનસિંહ	મ. યુસુફ હકીમઉદ્દીન

INDEX

૫. રામકીશા ધુળકેદાર   મ. ઇઝરાહ મુનસફ લતીફ મહંમદ નબી
૬. સીતારામ મનબોધ   ૨. અખ્તરહુસેન મસીઉદ્દીન જયપ્રકાશ પિતાંબર
૭. શૈલેષ રજનીકાંત   ઉદેસીંગ ફતેસીંગ મ. અકીલ અ. હમીદ
સ્વીપર ૧. અજીજઉદ્દીન અ.   નુરમહંમદ મીરમહંમદ ભીખા ગમન
કલોથ સઇદ

ડોફર ૨. બીજલાલ જગન્નાથ   જોની લોનાપન   બલરામ વરદરાજુ
અમદાવાદ   મીલ મેનેજર

તા. ૨૭-૯-૧૯૯૦

મીહીર ટેક્ષટાઈલ્સ લી.
અમદાવાદ
રમણલાલ
મંત્રી
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ.

સહી

જી. જે. દવે
રજીસ્ટ્રાર.
અમદાવાદ.
તા. ૧-૧૦-૧૯૯૦

(આર સી, શાહ)
રૂજુ, ૧/૧૦/૯૦
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

સહી

અમદાવાદ. તા. ૪-૧૨-૧૯૯૪,

આર. કે. પરમાર.
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ,
અમદાવાદ.

INDEX

અને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શામક/ ૨૭૨૯૬ આરયુ અને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને અને ૧૯૬૧નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને ન્યુ માણેકચોક ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૦ ના ડીસેમ્બર માસના ૪ થા દિને આથીનોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈ. સી.) નં. ૧૪૫/૮૯.

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ.   પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ન્યુ માણેકચોક ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદ   દ્વિતીય પક્ષકાર

રીંગફ્રેમ ખાતામાં ફીટરકુલી તરીકે શ્રી અમૃતભાઈ શીવાભાઈ જન્મ તારીખ ૧૫-૫-૩૨ ગણી રેકર્ડમાં પ્રમાણીત કરી માન્ય કરવા અંગે.

પ્રથમ પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી સુરેન્દ્ર જોશી.

દ્વિતીય પક્ષકાર તરફે વકીલ કુ. મીનાબેન શાહ.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથા ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩ (ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘ કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનું પતિનીધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેમના તરફથી કરવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર સંઘે દ્વિતીય પક્ષકાર મીલને તા. ૬-૪-૮૯ ના રોજ કલમ ૪૨ (૨) મુજબની ફેરફારની સૂચના આપીને માંગણી કરેલ હતી કે દ્વિતીય પક્ષકાર મીલમાં રીંગફ્રેમ ખાતામાં ફીટરકુલી તરીકે

કામ કરતાં કર્મચારી શ્રી અમૃતભાઈ શીવાભાઈની જન્મ તારીખ ૧૫-૩-૩૨ની છે પરંતુ મીલના દફતરમાં તેમની જન્મ તારીખ ૧૯૨૮ની નોંધવામાં આવેલ છે તે વાજબી નથી માટે દ્વિતીય પક્ષકાર મીલમાં તેમની જન્મ તારીખ સુધારીને સંઘને મોકલી આપેલ એટલે સદરહુ માંગણી અંગે પ્રથમ પક્ષકાર સંઘે હાલનો રેફરન્સ તા. ૮-૮-૮૯ના રોજ દાખલ કરેલ છે.

૨. પ્રથમ પક્ષકાર સંઘે આંક-૫ મુજબનું માંગણાનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે, સંબંધિત કર્મચારી અભણ માણસ છે અને તેઓ નોકરીમાં દાખલ થયા ત્યારે તેમની જન્મ તારીખ યાદ નહીં હોવાથી અને તેઓના પાસે નિશાળનો દાખલો ન હોવાથી તેઓની જન્મ તારીખ અડસટે પ્રથમ પક્ષકાર મીલના દફતરમાં ૧૯૨૮ની દર્શાવવામાં આવેલ હતી અને તેમની જન્મતારીખ ૨૮ની છે તે ધોરણ અપનાવીને મીલે ૧૯૮૮માં તેઓને નિવૃત્ત કરવાની કાર્યવાહી ચાલુ કરેલી હતી ત્યારે તેઓએ દ્વિતીય પક્ષકાર મીલને જણાવેલ હતું કે, તેઓની જન્મતારીખ ૧૫-૩-૩૨ની છે અને પોતાની માંગણીના સમર્થનમાં નિશાળ છોડયાના દાખલાની નકલ પણ મોકલી આપેલ હતી પરંતુ મીલે તે બાબતોનો સુધારો કરેલો નથી અને હવે તેમનું જન્મવર્ષ ૧૯૨૮નું છે તે ધોરણ અપનાવીને તેમને નિવૃત્ત કરવા માગે છે તે વાજબી નથી માટે તેઓની જન્મતારીખ ૧૫-૩-૩૨ની દ્વિતીય પક્ષકાર મીલે ગણવી જોઈએ અને તે જન્મતારીખ મુજબ તેઓને મળતા દરેક લાભો તેમને આપવા જોઈએ.

૩. દ્વિતીય પક્ષકાર મીલે આંક-૮નો લેખિત જવાબ રજુ કરીને જણાવેલ છે કે, સંબંધિત કર્મચારી નોકરીમાં દાખલ થયા ત્યારે તેઓની ઉંમર એટલે કે જન્મનું વર્ષ ૧૯૨૮ લખાવેલ હતું અને તે મુજબ તેઓને તા. ૧-૮-૮૮ના રોજ ૬૦ વર્ષ પુરા થતા હોવાથી નિવૃત્ત કરવાની સુચના આપવામાં આવેલ હતી અને તે વખતે તેમની જન્મતારીખ અંગેના કોઈ પુરાવા રજુ કરવા હોય તો તે રજુ કરવા માટે જણાવેલ હતું પરંતુ તે વખતે તેમની જન્મતારીખ અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ ન હતો. ઉલ્ટાનું તેઓએ માંગણી કરેલ હતી કે તેઓને મીલના નિયમ મુજબ ૬૨ વર્ષ સુધી નોકરીમાં ચાલુ રાખવા જોઈએ એટલે સ્થાયી હુકમોની જોગવાઈ મુજબ તેઓને સૌ પ્રથમ એક વર્ષ માટે નોકરીમાં ચાલુ રાખવા માટેનો હુકમ આપવામાં આવેલ હતો. તે એક વર્ષનો સમય પુરો થયા બાદ બીજા એક વર્ષ માટે તેમને સ્થાયી હુકમોની જોગવાઈ મુજબ એટલે કે ૬૨ વર્ષ સુધી ચાલુ રાખવા માટેની માગણી કરતી તા. ૧૯-૭-૮૯ના રોજ અરજી કરતાં તેઓને વધુ એક વર્ષ માટે ચાલુ રાખવામાં આવેલા

હતા તે સંજોગોમાં સંબંધીત કામદાર હવે જે પાછાફેર રજુઆત કરે છે કે જન્મતારીખ ૧૫-૩-૩૨ની છે તે હકીકત ઉપજાવી કાઢેલ હોય તેમ લાગે છે માટે તે જન્મ તારીખ તેમની ગણી શકાય નહીં.

૪. હવે રેફરન્સ દાખલ કર્યા બાદ તા. ૩૦-૭-૯૦ના રોજ આ રેફરન્સનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી સંબંધિત કામદારને નોકરીમાંથી છુટા ન કરે તેવી વચગાળાની રાહત માટે પ્રથમ પક્ષકારને માંગણી કરેલ હતી, જે માંગણી મંજુર રાખવામાં આવેલ હતી અને દ્વિતીય પક્ષકાર મીલને વચગાળાનો હુકમ કાયમ કેમ ન કરવો તે બાબતની સૂચના કાઢવામાં આવેલ અને તે પરથી મીલે અગાઉ જણાવ્યા પ્રમાણે આંક-૧૨ નો લેખિત જવાબ મુખ્ય અરજી તથા વચગાળાની અરજીનો સંયુક્ત રીતે રજુ કરેલો છે. ત્યારબાદ પક્ષકારોની સંમતિથી વચગાળાની અરજીનો મનાઈ હુકમ કાયમ રાખીને રેફરન્સનું કામ જલદી ચલાવવાનું નક્કી કરેલ હતું. પ્રથમ પક્ષકાર સંઘે પોતાની રજુઆતના સમર્થનમાં સંબંધિત કામદારને આંક-૧૬ થી તપાસેલા છે, જ્યારે દ્વિતીય પક્ષકાર મીલે કોઇ મૌખિક પુરાવો રજુ કરેલ નથી પરંતુ આંક ૧૪ ની યાદી સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ઉપર તેઓ આધાર રાખે છે. પ્રથમ પક્ષકાર સંઘ પણ આંક-૧૫ ની યાદી સાથે રજુ કરેલા દસ્તાવેજી પુરાવા પર આધાર રાખે છે.

૫. પ્રથમ પક્ષકાર સંઘ તરફે શ્રી જોશીની રજુઆત એવી છે કે, સંબંધિત કામદારની જન્મ તારીખ ૧૫-૩-૩૨ ની છે તેવું પ્રસ્થાપિત કરવા માટે સંઘ તરફથી પેઢામલા તાલુકા વિજાપુરની પ્રાથમિક કુમાર શાળા છોડવાનો દાખલો રજુ કરવામાં આવેલ છે. તે પ્રમાણપત્ર મુજબ સંબંધિત કામદારની જન્મતારીખ ૧૫-૩-૩૨ ની છે. સંબંધિત કામદાર અભણ છે અને તેઓ નોકરીમાં દાખલ થયા ત્યારે કોઇ લેખિત પુરાવા પર આધાર રાખીને તેમનું જન્મનું વર્ષ ૧૯૨૮ નું ગણવામાં આવેલ નથી પરંતુ અડસટે ૧૯૨૮નું જન્મવર્ષ લખવામાં આવેલ છે માટે તે વર્ષમાં તેમનો જન્મ થયો હતો તેવો નિર્ણય લઇ શકાય નહીં. જન્મતારીખના સંબંધમાં શાળા છોડવાનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ છે જે પુરાવો સંબંધિત કામદાર તરફથી ઉત્પન્ન કરી શકાય તેવો નથી માટે સંઘ તરફથી કરવામાં આવેલ માંગણી માન્ય રાખવી જોઈએ. આની વિરૂદ્ધમાં કુ. શાહની રજુઆત એવી છે કે, અગાઉ તા. ૧-૫-૮૮ના રોજ કર્મચારીને નિવૃત્તિ અંગેની સુચના આપવામાં આવેલ હતી ત્યારે આવો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ ન હતો. ઉલટાનું તે વખતે આંક-૧૪/૨ મુજબની અરજી સંબંધિત કામદારે આપીને માંગણી કરેલ હતી કે તેઓને એક વર્ષ માટે ભલે તેમને ૬૦

INDEX

વર્ષ થઈ ગયા હોય, પણ તેમને સ્થાયી હુકમો મુજબ ચાલુ રાખવા જોઈએ માટે તેમને ચાલુ રાખવામાં આવેલા હતા. ત્યાર બાદ આંક-૧૪/૩ની અરજી તા. ૧૯-૭-૮૯ ના રોજ આપીને કામદારે જણાવેલ હતું કે તેઓની તબીયત સારી છે માટે તેમને સ્થાયી હુકમોની જોગવાઇ મુજબ વધુ એક વર્ષ માટે તેઓને નોકરીમાં ચાલું રાખવા જોઈએ માટે તેઓને તા. ૩૧-૭-૯૦ સુધી નોકરીમાં ચાલુ રાખવામાં આવેલા હતા અને હવે તેમને તા. ૩૧-૭-૯૦ ના રોજ ૬૨ વર્ષ પુરા થયા હોવાથી તેઓને નિવૃત્ત કરવામાં આવે છે ત્યારે તેઓએ વિરોધાભાસી રજુઆત કરીને જણાવેલ છે કે તેઓની જન્મતારીખ ૧૫-૩-૩૨ ની છે એ ગ્રાહ્ય રાખની ન જોઈએ. પરિણામે પ્રશ્ન એ નક્કી કરવાનો રહે છે કે, સંબંધિત કામદારની દ્વિતીય પક્ષકાર મીલના પ્રો. ફંડના કાર્ડમાં જે જન્મ તારીખ લખવામાં આવેલ છે તે જન્મતારીખ સંબંધિત કર્મચારીની ખરેખરની જન્મ તારીખ છે કે કેમ ? પક્ષકારો તરફથી જે પુરાવો રજુ થયો છે, તેમજ જે મૌખિક રજુઆત કરવામાં આવી છે તે પરથી આ અદાલત એવા નિર્ણય પર આવી છે કે, સંબંધિત કર્મચારી જ્યારે નોકરીમાં દાખલ થયા હતા ત્યારે તેઓ અભણ હોવાથી જન્મતારીખ અંગે કોઈ પુરાવો રજુ કરી શકેલા ન હતા માટે અડસટે તેઓનું જન્મવર્ષ ૧૯૨૮ નું લખવામાં આવેલ છે અને તેઓ જુલાઈ-૭૮ માં નોકરીમાં દાખલ થયેલા હતા અને તેથી તેઓને ૬૦ વર્ષ જુલાઈ ૮૮ના અંતે પુરા થાય છે તેમ ગણીને તેઓને નિવૃત્ત કરવાની કાર્યવાહી કરેલી હતી પરંતુ સંબંધિત કામદાર તેમની જન્મતારીખ અંગે ભરોસાલાયક પુરાવો રજુ કરેલો છે તે પરથી સ્પષ્ટ થાય છે કે. તેઓની જન્મતારીખ જે મીલના દફતરમાં નોંધવામાં આવેલ છે તે સાચી જણાતી નથી માટે તેઓની જન્મતારીખ ૧૫-૩-૩૨ ની ગણવી જોઈએ અને તે જન્મ તારીખના આધારે તેઓને જે જે લાભો મળતા હોય તે દ્વિતીય પક્ષકાર મીલે આપવા જોઈએ. અમારા સદરહુ નિર્ણય અંગેના સંક્ષિપ્તમાં કારણો નીચે મુજબનાં છે.

૬. સંબંધિત કામદાર જણાવે છે કે, તેઓ અભણ માણસ છે અને નોકરીમાં દાખલ થયા ત્યારે તેઓ પાસે તેમના જન્મ તારીખ અંગે કોઈ દાખલો ન હતો માટે મીલ કંપનીએ અડસટે તેમનું જન્મનું વર્ષ ૧૯૨૮ નું લખી લીધેલ હતું. દ્વિતીય પક્ષકાર મીલે પ્રો. ફંડ અંગેનુ ફોર્મ આંક-૧૪ની યાદી સાથે અ. નં. ૪ થી રજુ કરેલ છે તેમાં જન્મ તારીખના ખાનામાં દિવસ અને માસ ખાલી રાખવામાં આવેલ છે અને ફક્ત વર્ષના કોલમમાં ૧૯૨૮ લખવામાં આવેલ છે તે પરથી સ્પષ્ટ છે કે, સંબંધિત કામદારને પોતાની જન્મ તારીખની ખબર

INDEX

હતી નહી અને અડસટે તેમની જન્મ તારીખ ૧૯૨૮ ની લખવામાં આવેલ હોય તે શક્યતા વધુ પ્રબળ છે. સામાવાળા મીલની રજુઆત મુજબ, સંબંધિત કામદાર જ્યારે નોકરીમાં દાખલ થયા ત્યારે તેઓને પોતાની જન્મતારીખ અંગે પુરાવો હોય તો રજુ કરવા માટે જણાવેલ હતું પરંતુ તેઓએ કોઈ પુરાવો રજુ કરેલ ન હતો અને તેઓએ મોઢેથી જણાવેલ હતું કે તેઓનું જન્મ વર્ષ ૨૮ છે. બનવાજોગ છે કે આ પ્રમાણે તેઓએ અભણ હોવાને કારણે જણાવેલ હોય, પરંતુ તેઓ અભણ હોવાથી તેઓએ તે વખતે જણાવેલ હોવાથી તેઓનો જન્મ ૧૯૨૮ માં થયેલ હતો એવો નિર્ણય નિ:શંકપણે કરી શકાય નહી. અત્રે નોંધ લેવાની જરૂર છે કે, સંબંધિત કામદારને શાળા છોડયાનું પ્રમાણપત્ર રજુ કરેલ છે. શાળા છોડયાનું પ્રમાણપત્ર આંક–૧૫ની યાદી સાથે અ. નં. ૫ થી રજુ કરેલ છે. કુ. શાહ સંમત થાય છે કે, સદરહુ પ્રમાણપત્રમાં જન્મ તારીખ ૧૫–૩–૩૨ ની લખવામાં આવેલ છે અને તે પ્રમાણપત્ર સંબંધિત કામદાર અંગેનું હોવું જોઈએ. પરંતુ તેમની રજુઆત એવી છે કે, આ પ્રમાણપત્ર સૌ પ્રથમ વાર આ અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ છે અને આવી માંગણી ઘણી મોડી કરવામાં આવેલ છે માટે તે માંગણી ગ્રાહ્ય રાખી શકાય નહીં. કુ. શાહની રજુઆત કે, આ પ્રમાણપત્ર આ અદાલત સમક્ષ સૌ પ્રથમ રજુ કરવામાં આવે છે તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી કારણ કે તા. ૨૭–૨–૮૯ના રોજ પ્રથમ પક્ષકાર સંઘે આંક-૧૫/૩ નો પત્ર લખી મીલના મેનેજરને જાણ કરેલ હતી કે તેઓની જન્મ તારીખ ૧૯૩૨ ની છે અને તેના સમર્થનમાં આ આ શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ પણ મોકલેલ હતી. પલભર એમ માની લઈએ કે આ પ્રમાણપત્રની નકલ અગાઉ સામાવાળા મીલને મોકલેલ ન હતી તો પણ તે કારણસર સંબંધિત કામદારની માંગણી ઠુકરાવી શકાય નહીં અત્રે નોંધ લેવાની જરૂર છે કે, સંબંધિત કામદાર અભણ છે અને તેઓને પોતાની જન્મતારીખ સુધારવા બાબતની જરૂરીયાતનો તેઓને જ્યારે નિવૃત્ત કરવામાં આવે ત્યારે જ તેમને ખ્યાલ આવે માટે અગાઉ તેઓએ પોતાની જન્મ તારીખ સુધારવા માટે પ્રયત્ન કરેલ ન હોવાને કારણે તેમની રજુઆત જો વાજબી પ્રસ્થાપિત થાય તો તે ઠુકરાવી શકાય નહીં કુ. શાહ પોતાની રજુઆતના સમર્થનમાં માંગણી મોડી કરવામાં આવે ત્યારે આ રજુઆત ગ્રાહ્ય ન રાખી શકાય તેના સમર્થનમાં પટણાની વડી અદાલતે વૈદ્યનાથ સિંહા વિરૂદ્ધ ધી સ્ટેટ ઓફ બીહાર'ના કામે આપેલા એક ચુકાદા પર આધાર રાખે છે, જે ચુકાદો ૧૯૮૩ના લેબ. આઈ. સી ના પાન નં. ૧૬૨ ઉપર પ્રસિદ્ધ થયેલો છે. સદરહુ ચુકાદામાં

એવું ઠરાવવામાં આવેલ છે કે, જ્યારે કોઈ વ્યક્તિએ નોકરીમાં દાખલ થતી વખતે એવી રજુઆત કરી હોય કે તેમની જન્મતારીખ અમુક છે તેવા કર્મચારી પાછળથી તેમની જન્મતારીખ તે નથી અને બીજી છે તેવી તકરાર ઉઠાવી શકે નહીં. સદરહુ નિર્ણય તે કામના ખાસ સંજોગો લક્ષમાં લઈને લેવામાં આવેલ હતો કારણ કે સદરહુ કામના કર્મચારી પોલીસ કોન્સ્ટેબલની નોકરીમાં ૨૧-૧-૪૭ ના રોજ લેવા માટે અરજી કરેલી હતી તે વખતે તેઓએ તે અરજીમાં સ્પષ્ટ જણાવેલ હતું કે તેમની જન્મતારીખ ૩-૧૨-૨૪ ની છે. તેઓએ અરજી કરી તે અગાઉ કેઓએ ૧૯૪૫ની સાલમાં મેટ્રીકની પરીક્ષામાં બેઠેલા હતા અને ઉત્તીર્ણ થયેલા હતા. તે મેટ્રીકની પરીક્ષાના પ્રમાણપત્રમાં તેમની જન્મ તારીખ ૩-૧૨-૩૦ લખવામાં આવેલ હતી તે હકીકત તેઓ જાણતા હોવા છતાં તેઓએ પોલીસ કોન્સ્ટેબલ તરીકે નોકરીમાં રહેવા માટેની અરજીમાં પોતાની જન્મતારીખ ૩-૧૨-૨૪ જણાવેલ હતી. આ પ્રમાણે જણાવવા માટેનું કારણ એ હતું કે તેઓ તેમની ખરી જન્મતારીખ જણાવે તો તેઓ નોકરી માટે ઓછી ઉંમરના હોવાથી તેમની અરજી લક્ષમાં લઈ શકાય તેમ ન હતું. આ ખાસ સંજોગો લક્ષમાં લઈને પટણાની વડી અદાલતે એવો નિર્ણય લીધેલ કે આ અરજદારને હવે તેમની જન્મતારીખ અરજીમાં જણાવ્યા મુજબની નથી પરંતુ બીજી છે તેવું કહેવાની છુટ આપી શકાય નહીં. કુ. શાહ મધ્યપ્રદેશની વડી અદાલતે સ્ટીલ સીટો ઓફ ઈન્ડીયા લિ. વિરૂદ્ધ ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ, ઈન્દોરના કામે આપેલા એક ચુકાદા ઉપર આધાર રાખે છે, જે ચુકાદો ૧૯૮૭ના લેબ. આઈ. સી. ના પાન નં. ૫૭૯ ઉપર પ્રસિદ્ધ થયેલો છે. સદરહું કામે અરજદાર ભીલાઈ સ્ટીલ પ્લાન્ટમાં તા. ૩૧-૧૨-૫૯ના રોજ દાખલ થયેલા હતા તે વખતે જન્મતારીખ ૧૮-૩-૨૪ ની જણાવેલ હતી. ૧૯૬૩ કોન્ટ્રી. પ્રો. ફંડ માટેની ફોર્મમાં તેઓની જન્મતારીખ ૨૫-૩-૨૪ની જણાવેલ હતી અને તેમની જન્મતારીખ તેથી ૨૫-૩-૨૪ની નોંધવામાં આવેલ હતી અને તે જન્મતારીખના ધોરણે તા. ૩૧-૩-૮૨ના રોજ તેઓ નિવૃત્ત થવા પાત્ર હતા. દરમ્યાનમાં તા. ૨૧-૭-૮૦ના રોજ તેઓએ ભીલાઈ સ્ટીલ પ્લાન્ટના વ્યવસ્થાપક મંડળને અરજી કરીને તેમની જન્મતારીખ ૨૫-૩-૨૮ની છે તેમ જણાવેલ હતું, પરંતુ આવું કોઈ પ્રમાણપત્ર રજુ કરેલ ન હતું માટે તે માંગણી રદ કરવામાં આવેલ ત્યારબાદ તેઓએ વ્યવસ્થાપક મંડળને ફરીથી અરજી કરેલી અને તે વખતે ૧૯૩૭ની અંદર બલભદ્રપુર લોઅર પ્રાઈમરી સ્કુલના પ્રમાણપત્રની ભાષાંતર કરેલ નકલ રજુ કરેલ હતી. વ્યવસ્થાપક મંડળે સદરહુ અરજી રદ કરેલી અને તે રદ કરવા માટે એમ કારણ જણાવેલ કે સદરહુ કંપનીની લાગુ પડતા

સ્થાયી હુકમોની જોગવાઈ મુજબ કર્મચારીને નોકરીમાં દાખલ થયા બાદ પાંચ વર્ષ દરમ્યાન પોતાની જન્મતારીખ સુધારવવા અંગેની માંગણી કરી શકે છે. તે પ્રમાણે તેઓએ કરેલ ન હતું અને હવે તેઓને નિવૃત્ત થવાનો સમય નજીક આવી ગયેલો છે ત્યારે આવી માંગણી કરેલ છે તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. મધ્યપ્રદેશની વડી અદલતે સ્થાયી હુકમોની જોગવાઈ મુજબ સમયસર અરજી કરેલ નહતી અને તેથી નિવૃત્ત થવાની વય નજીક આવેલ હતી ત્યારે આવી અરજી ઘણીમોડી કરવામાં આવેલ છે માટે તે લક્ષમાં લઈ શકાય નહીં તેવો નિર્ણય આપેલો છે. અત્રે નોંધ લેવાની જરૂર છે કે, મધ્યપ્રદેશની વડી અદાલત સમક્ષના કર્મચારી પણ શિક્ષિત કર્મચારી હતા અને તેણે પોતાની જન્મતારીખ જણાવેલ હતી જ્યારે આપણા કિસ્સાની અંદર સંબંધીત કામદાર અભણ છે અને તેઓ નોકરીમાં દાખલ થયા ત્યારે તેઓની કોઈ જન્મતારીખ જણાવેલ ન હતી પરંતુ તેમના દેખાવ પરથી અટસટે તેમનું જન્મવર્ષ પ્રો. ફંડના કાર્ડમાં લખવામાં આવેલ હતું તે સંજોગોમાં સંબંધીત કર્મચારીએ અગાઉ એક જાતની રજુઆત કરી હોય અને પાછળથી જુદી જાતની રજુઆત કરતા હોય તેવું બન્યું નથી અને સંબંધીત કામદાર અભણ હોવાને કારણે નોકરીમાં દાખલ થયા ત્યારે તેમને તેમની ખરેખર જન્મ તારીખ કઈ છે તે બાબતનું તેઓને કોઈ જ્ઞાન ન હતું માટે તેઓએ જણાવેલ ન હતી એટલે તેઓ તેમની જન્મતારીખ અંગે વિરોધાભાસી રજુઆત કરી છે એવો પ્રશ્ન આપણા કિસ્સામાં છે નહીં. તદઉપરાંત મીલને લાગુ પડતા સ્થાયી હુકમોની જોગવાઈમાં એવો કોઈ નિયમ નથી કે કોઇ કામદારે પોતાની જન્મતારીખ અંગેના ફેરફાર અંગેની માંગણી અમુક સમયમર્યાદામાં જ કરવાની રહે અત્રે નોંધ લેવાની જરૂર છે કે, આપણી વડી અદાલતે 'બી. કે. સુથાર વિરૂદ્ધ ગુજરાત રાજ્ય સરકારના કામે આપેલા એક ચુકાદામાં એવો નિર્ણય લીધેલ છે કે, અમુક સમયમર્યાદામાં જ પોતાની જન્મતારીખ સુધારવા અંગેની અરજી કરી શકે છે તેવો વહીવટી હુકમ નિર્દેશાત્મક ગણાય અને આદેશાત્મક ગણાય નહીં અને સદરહુ હુકમની અંદર જણાવેલ સમયમર્યાદા બાદ પણ જો સરકારી કર્મચારીઓ પોતાની ઉંમર બદલવા માટે અરજી કરી હોય તો તે અરજીનો ગુણદોષ ઉપર નિકાલ કરવો જોઈએ તેવું ઠરાવેલ છે. પરિણામે સંબંધીત કામદારે જન્મ તારીખ સુધારવા અંગેની માંગણી મોડેથી કરવામાં આવેલ છે તેટલા કારણસર તે રદ કરી શકાય નહીં. દ્વિતીય પક્ષકાર મીલ તરફથી જે ચુકાદાઓ રજુ કરવામાં આવેલા છે તે ચુકાદા અગાઉ જણાવ્યા પ્રમાણે આપણ કિસ્સાને લાગુ પાડી શકાય તેમ નથી અને તે તો વડી અદાલતોએ તેમના સમક્ષના ખાસ હકીકતો લક્ષમાં લઈને ઠરાવેલ છે પરિણામે

INDEX

કુ. મીનાબેન શાહની રજુઆત કે, જન્મ તારીખ સુધારવા અંગેની માંગણી ઘણી મોડી કરેલો છે તેથી તે લક્ષમાં લઇ શકાય નહીં તેમાં કંઇ વજુદ નથી. પરિણામે પ્રથમ પક્ષકાર સંઘ તરફથી જન્મ તારીખ સુધારવા અંગે જે પુરાવો રજુ કર્યો છે તે લક્ષમાં લઇને તે માંગણી ગ્રાહ્ય રાખવી જોઇએ કે નહીં તેનક્કી કરવાનું રહે છે. અગાઉ જણાવ્યા પ્રમાણે સંઘે સંબંધિત કામદારની જન્મ તારીખ અંગેનો જે પુરાવો રજુ કરેલો છે તે ભરોસાલાયક છે અને તે પાછળથી ઉત્પન્ન કરી શકાય તેવા પ્રકારનો નથી. પરિણામે સંઘ તરફથી કરવામાં આવેલ માંગણી વાજબી હોવાથી તે ગ્રાહ્ય રાખવામાં આવે છે અને આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૭. સંબંધીત કામદારની જન્મ તારીખ ૧૫-૭-૩૨ની ગણવા માટે મીલને આથી આદેશ આપવામાં આવે છે અને તેઓએ સંબંધીત કામદારની જન્મ તારીખ તે મુજબ ગણીને તેઓને જે જે લાભો મળવાપાત્ર હોય તે લાભો આપવાના રહેશે, પરિણામે તેઓને તા. ૩૧-૭-૯૦ના રોજ નિવૃત્ત કરવાની જે કાર્યવાહી હાથ ધરેલી છે મીલે પડતી મુકવાની રહેશે, કારણ કે સંબંધીત કામદારની ૬૦ વર્ષની નિવૃત્તિ વય તા. ૧૫-૭-૯૨ સુધી પહોંચે છે. ખાસ સંજોગો લક્ષમાં લેતાં ખર્ચ અંગે કોઇ હુકમ કરવો જરૂરી જણાતું નથી.

સહી
(એન. એ. ચૌહાણ)
સભ્ય, ૧૦-૯-૯૦
ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

સહી-જી. જે. દવે
રજીસ્ટ્રાર,
અમદાવાદ.
તા. ૧૮-૯-૧૯૯૦.

આર. કે. પરમાર
સહાયક સંઘ નિર્ધાંરક
મુંબઇ ઔદ્યોગિક સબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૪-૧૨-૯૦
અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક: ૬/ખ/શમક/૨૭૨૯૫ આથી-અને, ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું મજુર મહાજન સંઘ, અમદાવાદ અને સોમા ટેક્ષટાઈલ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૮૦માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ.

શ્રી. આર. એલ. શુકલ, સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઈ.સી.) નં. ૧૩૨/૮૮.

મજુર મહાજન સંઘ, અમદાવાદ. ..પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

સોમા ટેક્ષટાઈલ, અમદાવાદ. ..બીજા પક્ષકાર.

મીલ્સ કંપની આધુનીકરણ પ્રક્રિયાના કારણે શાળખાતાની ૧૬૮ સીરકો ક્રમશ કાઢી નાખવાથી ડાઈંગ ખાતાની કાયમી કારીગરોને જરૂરીયાત મુજબ બીજા ખાતામાં ગોઠવવાથી કાયમી સંખ્યાબળમાં ઘટાડો કરવા માંગે છે તે અંગે..

ચુકાદો

૧. બીજા પક્ષકાર મીલ કંપનીએ પ્રથમ પક્ષકાર સંઘને બી.આઈ.આર. એકટની કલમ-૭૩(એ) મુજબ મીલ્સ કંપનીની આધુનીકરણ પ્રક્રિયાના કારણે શાળખાતાની ૧૬૮ સીરકો ક્રમશ કાઢી નાખવાથી ડાઈંગ ખાતાની કાયમી કારીગરોને જરૂરીયાત મુજબ બીજા ખાતામાં ગોઠવવાના કાયમી સંખ્યાબળમાં ઘટાડો કરવા માંગે છે તે અંગે ફેરફારની નોટીસ આપી સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન બંને પક્ષકારોએ આંક-૧૦થી સમાધાનની પુરસીસ આપી તે મુજબ હુકમ કરવા વિનંતી કરી છે સદરહુ આંક-૧૦ની સમાધાનની પુરસીસ જોતા બંને પક્ષકારોના હિતમાં હોય તેમ લાગે છે અને તે મુજબ હુકમ કરવામાં કાંઈ વાંધાસરખુ નથી. આથી તે મુજબ હુકમ કરવામાં કાંઈ વાંધાસરખું નથી. આથી હું નીચે મુજબનો હુકમ કરું છું.

INDEX

હુકમ

૩ બંને પક્ષકારોએ આંક-૧૦ની સમાધાનની પુરસીસ મુજબ વર્તવું. આંક ૧૦ની સમાધાનનો પુરસીસની એક નકલ સદરહુ હુકમ સાથે રાખવી અને તેને સદરહુ હુકમના એક ભાગ તરીકે ગણવી. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

નામદાર ઔદ્યોગિક અદાલત સમક્ષ, અમદાવાદ

રેફરન્સ (આઈ.સી.) નં-૧૩૨ સને-૧૯૮૮

ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
ગાંધી મજુર સેવાલય, ભદ્ર,
અમદાવાદ

પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

સોમા ટેક્ષટાઈલ્સ,
રખિયાલ રોડ,
અમદાવાદ.

દ્વિતીય પક્ષકાર

ઉપરોક્ત કામમાં અમો પક્ષકારોએ આ સાથે સામેલ કરેલ પરિશિષ્ટ "અ" મુજબ સમાધાન કરેલ હોઈ આ સમાધાન અનુસાર નામદાર અદાલતને એવોર્ડ આપવા વિનંતી છે.

સમાધાનની શરતો

૧. મીલ્સ કંપનીમાં હાલમાં ચાર જેટ ડાઈંગ મશીનો ડાઈંગ ખાતામાં છે જે પૈકી ત્રણ જેટ ડાઈંગ મશીનો ચલાવવામાં આવે છે જ્યારે ચોથું જેટ ડાઈંગ મશીન બંધ છે. હાલમાં "પરિશિષ્ઠ-ડ" મુજબ કાયમી કારીગરોનું સ્ટ્રેન્થ છે.

૨. આ સમાધાનથી બે રેપીડ જેટ તથા એક સુપર રેપીડ જેટ એમ કુલ ત્રણ મશીન બે પાળીમાં મીલ કંપની ચલાવશે, જ્યારે ત્રીજી પાળીમાં હંગામી ધોરણે જરૂરત પડે મશીન ચલાવશે. દરેક મશીન ઉપર પાળી દીઠ એક કામદાર રહેશે. આમ, ત્રણ મશીન ઉપર પાળી દીઠ ત્રણ કારીગરો રહેશે. જ્યાં ચોથુ જેટ ડાઈંગ મશીન જે અત્યારે બંધ છે તે ભવિષ્યમાં મીલ કંપની ચલાવશે તો તે મશીન પર પણ પાળી દીઠ એક કારીગર રાખશે

૩. જેટ ડાઈંગ મશીન ઉપર જીગ મશીનના કાયમી કામદારોને સીનીયોરીટી મુજબ કામ આપવામાં આવશે.

INDEX

૪. મીલ કંપનીમાં જેટ ડાઈંગ મશીન ઉપર કામ કરતા મશીનમેનો ભેગા મળી સ્ટોરમાંથી કલર લાવવાનુ તથા ખાતા અધિકારીની સુચના મુજબ કામ કરવાનુ રહેશે.

૫. મીલ કંપનીના જેટ ડાઈંગ મશીન ઉપર મશીન સામે દર્શાવ્યા મુજબ પાળી દીઠ લોટનુ પ્રોડકશન આપવાનુ રહેશે.

મશીનનુ નામ	પહેલીપાળી	બીજીપાળી	ત્રીજીપાળી	કુલ લોટ
સુપર રેપીડ જેટ	૬	૬	૫	૧૭
રેપીડ જેટ	૫	૫	૪	૧૪
ઓલ્ડ રેપીડ જેટ	૫	૫	૪	૧૪

જ્યારે ડાઈડ ડબલ કરવાનુ થશે ત્યારે ઉપરોક્ત મશીનો પર પાળી વાઇઝ નીચે મુજબનુ પ્રોડકશન આપશે.

સુપર રેપીડ જેટ	૩	૩	૨	૮
રેપીડ જેટ	૨॥	૨॥	૨	૭
ઓલ્ડ રેપીડ જેટ	૨॥	૨॥	૨	૭

આ મશીનના કારીગરોને નવો રીવાઇઝ બેઝીક પગાર ૨૬ દિવસનો રૂ. ૩૯૦/–આપવામાં આવે છે તે ચાલુ રહેશે, જ્યારે સુપર રેપીડ જેટ ડાઈંગ મશીનના મશીનમેનને રૂ. ૪૦૧–૨૬ દિવસનો બેઝીક પગાર આપવામાં આવશે અને જીગર મશીનના કાયમી મશીનમેનને સીનીયોરીટી મુજબ જેટ ડાઈંગ મશીન ઉપર મુકવામાં આવશે અને જે તે મશીન ઉપર જે તે દિવસે કામ કરેલ હશે તે મુજબ ઉપર જણાવેલ પગારના દરે પગાર આપવામાં આવશે, પરંતુ સંજોગા વશાત જેટ ડાઈંગ મશીન ચલાવવામાં ન આવે તો આ કામદારો જીગર મશીન ઉપર પાછા જશે, પરંતુ તેમના પગારમાં કાઈ ઘટાડો કરવામા આવશે નહીં.

૬. હાલ જીગર મશીન ઉપર પહેલી અને બીજી પાળીમાં એક એક જીગર હેલ્પર કમ–રીલીવર રાખવામાં આવે છે. ઉપરોક્ત જણાવ્યા આ સમાધાનથી બે કામદારોના ૨ જીનામા આવ્યેથી સ્વીકારી છટણી વળતર કે જેના ગણતરીમાં ઘર ભાડાનો સમાવેશ કરીને તથા અન્ય લાભો ચુકવી નાબુદ કરવામાં આવશે અને હવે પછી જીગર મશીનમેન એક બીજા રીલીવ કરશે તેમજ રીલીવર હેલ્પરનુ કામ અરસપરસ સમજીને કરશે અને રીસેસ દરમ્યાન મશીન ચાલુ રહેશે અને કામદારો વારાફરતી એકબીજાને રીલીવ કરી વારાફરતી રીસેસ ભોગવશે અને સમજી

શ્રમબોજ પેટે જીગર મશીનમેનને જે દિવસે તેઓ જીગર મશીન ઉપર કામ કરતા હશે ત્યારે રોજના રૂ. ૧-૧૫ પૈસા બેઝીકમાં જેમાં ૮ ટકાનો સમાવેશ થાય છે : આપશે અને તેના ઉપર મોંઘવારી અને બીજા લાભો આપવામાં આવશે. તદઉપરાંત ડાઈંગ ખાતાના તમામ કામદારોને ઉપર જણાવ્યા મુજબ રીલેવ ઓલ્ટરનેટ ભોગવવા માટે રીલેવ એલાઉન્સ રોજના રૂ. ૦૦-૯૦ પૈસા લેખે આપવામાં આવશે જેના ઉપર કોઈ લાભ મળશે નહી

૭. આ સમાધાન થયેથી જીગર હેલ્પર રીલીવરની પોસ્ટ નાબુદ થતાં મીલના ડાઈંગ ખાતામાં કાયમી સંખ્યાબળ નીચે મુજબ રહેશે.

હોદ્દો	પહેલીપાળી	બીજીપાળી	ત્રીજીપાળી	કુલ
કલર વેઅર	૧	–	–	૧
જીગર મશીનમેન.	૪	૪	–	૮
પેડીંગ હોટ ફ્લ્યુ				
કમ-વરતીક ડાઈંગ રેન્જ.	૨	૨	૨	૬
જેટ ડાઈંગ	૧	૧	–	૨
રેપીડ જેટ ડાઈંગ	૧	૧	–	૨
કાબોનાઈઝ સોપર.	૨	૨	–	૪
	૧૧	૧૦	૨	૨૩

૮. ડાઈંગ ખાતાના કાયમી કામદારોના નામ તથા હોદ્દા પરીશીષ્ટ અમાં દર્શાવેલ છે અને જે ડાઈંગ ખાતાની સીનીયોરીટી જોઈ નક્કી કરવામાં આવેલ છે.

૯ ડાઈંગ ખાતાના બદલી કામદારોને સીનીયોરીટી પરીશીષ્ટ બમાં દર્શાવેલ છે અને તેમા જણાવેલ બદલી ક્રમ મુજબ કામદારોને કામ આપવામાં આવશે તે બન્ને પક્ષકારોને માન્ય છે.

૧૦ ડાઈંગ ખાતામાં જેટડાઈંગ અને રેપીડ જેટડાઈંગના પગાર સમાધાનની કલમ-૬ મુજબ નક્કી થતાં જે કામદારો કરાર થયા તારીખે મીલ્સ કંપનીના મસ્ટર રોલ ઉપર નામ ચાલુ હશે તે કામદારોને પરિશિષ્ટ "ક"માં જણાવ્યા મુજબ વળતરના રકમના ૫૫ ટકા રકમ મીલ કંપની ચૂકવી આપશે ચૂકવવાપાત્ર રકમ પરિશિષ્ટ "ક"મા દર્શાવેલ છે જે બંને પક્ષકારો એ સમજી તથા ગણતરી કરીને તૈયાર કરેલી છે અને તે તમામ કામદારોને બંધનકર્તા છે

૧૨ આ સમાધાન થયેથી ડાઈંગ ખાતાના કામદારોની તમામ માંગણીઓનો અંત આવી જાય છે તેમ બન્ને પક્ષકારો સ્વીકારે છે તેમજ કોઈ કામદારે ટેક્ષટાઈલ

INDEX

લેબર એસોસીએશન મારફતે મીલ કંપની સામે દાવા કર્યા હશે તે તમામની અંત આવી જાય છે અને આવા કેસ જે તે કામદારે પરત ખેંચવાના રહેશે.

૧૩. આ સમાધાન થયેથી તેના અમલ કે અર્થઘટનમાં મતભેદ હશે તો તેનો નિકાલ બંને પક્ષકારો સાથે બેસીને કરશે.

સોમા ટેક્ષટાઇલ્સ અમદાવાદ

પરિશિષ્ટ "અ"

ડાઈંગ ખાતાના કાયમી કામદારોની યાદી :–

અ.નં.	કામદારોના નામ	દા. તારીખ	હોદ્દો
૧.	કે. સુરેન્દ્ર પીલ્લઇ	૮–૩–૭૩	કલર વેઅર
૨.	રામજનમ મઠઈ	૧–૧૦–૬૪	જેટ ડાઈંગ મશીનમેન
૩.	અ.કરીમ ભુરાભાઇ	૧–૧૨–૬૫	જેટ ડાઈંગ મશીનમેન
૪.	લાલમણી રામપ્રતાપ	૧–૧૦–૬૫	જેટ ડાઇંગ મશીનમેન
૫.	ગોવિંદ કેદાર	૧–૯–૬૪	જીગર મશીનમેન
૬.	પહાડી રામશિરોમણી	૨૪–૯–૫૩	પેડીંગ હોટ ફલ્યુ મશીનમેન
૭.	રામસજીવન કલ્પનાથ	૨–૩–૭૫	જેટ ડાઇંગ મશીનમેન.
૮.	નારાયણ નરસપ્પા	૩૧–૭–૭૧	કાર્બોનાઈઝ સોપર મશીનમેન
૯.	ગુલામ ફરીદ કાળુભાઈ	૫–૧૨–૭૭	જીગર મશીનમેન
૧૦.	કનૈયા રઘુનાથ	૨૩–૫–૭૮	જીગર મશીનમેન
૧૧.	કુંડસ્વામી પ્રીયસ્વામી	૧૧–૪–૭૫	પેડીંગ હોટ ફલ્યુ હેલ્પર
૧૨.	શારદા કાશીનાથ	૧–૧૦–૬૦	જીગર મશીનમેન
૧૩.	અરજુ દારકા	૧–૧૦–૬૪	જીગર મશીનમેન
૧૪.	અનધબિહારીરાજનારાયણ	૧–૨–૬૨	જીગર મશીનમેન
૧૫.	મોહંમદહુસેન કાલુભાઈ	૧–૧૨–૬૪	જીગર મશીનમેન
૧૬.	રામપ્યારે રામભરોસે	૧–૧૦–૬૫	પેડીંગ હોટ ફલ્યુ મશીનમેન
૧૭.	અહમદહુસેન કાળુભાઈ	૧૮–૧૦–૬૯	,, ,, ,, હેલ્પર
૧૮.	રાજગોપાલ રામુ	૨૪–૧૦–૭૫	કાર્બોનાઈઝ સોપર મશીનમેન
૧૯.	કમલા રામબહલી	૯–૭–૭૫	,, ,, ,, હેલ્પર
૨૦.	હંસરાજ જગતનારાયણ	૨૮–૨–૭૬	જીગર મશીનમેન
૨૧.	પ્રેમધર રામજીયાવન	૬–૯–૭૮	પેડીંગ હોટ ફલ્યુ હેલ્પર
૨૨.	પ્રતાપ લક્ષ્મણ	૩૧–૧–૭૪	પેડીંગ હોટ ફલ્યુ મશીનમેન
૨૩.	ફકીર મોહંમદ કાસમભાઈ	૨૪–૫–૭૭	કાર્બોનાઈઝ સોપર હેલ્પર

INDEX

નોંધ :—જરૂરીયાત પ્રમાણે જ્યારે કોઈ મશીન બંધ હોય ત્યારે કાયમી કામદારોને ડાઈંગ ખાતામાં અન્ય મશીન ઉપર કામ આપવામાં આવશે અને કામદારો તે બાબતે કોઈ વિવાદ કરશે નહિ, અને ખાતા અધિકારીની સૂચના મુજબ કામ કરશે.

પરિશિષ્ટ—બ

ડાઈંગ ખાતાના બદલી કામદારોની યાદી

ક્રમ નંબર	નામ	દાખલ તારીખ
૧.	વી. સુરેન્દ્ર નાયર	૨૨–૧૧–૭૫
૨.	એમ. એચ. વિશ્વનાથ	૨૦–૧૦–૭૬
૩.	રામલાલ રામપ્રતાપ	૨૪–૪–૮૦
૪.	છંગુ રામપયારે	૧૭–૫–૮૦
૫.	શ્રીનારાયણ રામફેર	૧૮–૮–૮૦
૬.	જયેશ બાલાશંકર	૧૧–૧૧–૮૦
૭.	શંકરનાથ રૂપનાથ	૧–૫–૮૧

પરિશિષ્ટ—ક

જેટ ડાઇંગના કામદારોને આપવાની થતી વળતરની રકમ

ક્રમ	નામ	રકમ	આપવાની થતી ૫૫ ટકા મુજબની રકમ
૧.	રામસજીવન કલ્પનાથ	૪૯૯૪–૧૦	૨૭૪૬–૭૫
૨.	કનૈયા રઘુનાથ	૨૮૭૩–૭૦	૧૫૮૦–૫૩
૩.	અ.કરીમ બુરાભ ઇ	૪૯૪૭–૬૦	૨૭૨૧–૧૮
૪.	રામજનમ મહઈ	૪૨૭–૮૦	૨૩૫–૨૯
૫.	પ્રેમધર રામજીયાવન	૧૦૫૦–૮૦	૫૭૭–૯૯
૬.	લાલમણી રામપ્રતાપ	૩૮૧–૩૦	૨૦૯–૭૧
૭.	પ્રતાપ લક્ષમણ	૭૦૬૮–૦૦	૩૮૮૭–૪૦
૮.	વી. સુરેન્દ્ર નાયર	૨૧૬૬–૮૦	૧૧૯૧–૭૯
૯.	એમ. એચ. વિશ્વનાથ	૭૩૧૯–૫૦	૪૦૨૫–૫૦
૧૦.	જયેશ બાલાશંકર	૧૩૫૩૧–૫૦	૭૪૪૨–૩૨
૧૧.	છંગુ રામપ્યારે	૭૫૭૯–૫૦	૪૧૬૮–૭૨
૧૨.	શંકરનાથ રૂપનાથ	૮૬૪૯–૦૦	૪૭૫૬–૯૫
	કુલ	૬૦૯૮૯–૪૦	૩૩૫૪૪–૧૩

INDEX

પરિશિષ્ટ-૩

હોદ્દો	પહેલી	બીજી	ત્રીજી	કુલ
ડ્રેસર વેઅર.	૧	–	–	૧
જીગર મશીનમેન.	૪	૪	–	૮
જીગર મશીન હેલ્પર/ રીસીવર.	૧	૧	–	૨
પેડીંગ હોટ ફ્લ્યુ-ફ્રેમ સ્વસ્તીક ડ્રાઈંગ રેન્જ. (મશીનમેન હેલ્પર)	૨	૨	૨	૬
કાર્પો. સોપર	૨	૨	–	૪
રેપીસ્ટ સોપર.	૨	૨	–	૪
	૧૨	૧૧	૨	૨૫

રેપીસ્ટ સોપર મશીન બંધ હોવાથી તેના કામદારોની પરીશીષ્ટ-અ મુજબ મુજબ ગોઠવણી કરવામાં આવેલ છે.

સહી

જી. જે. દવે (આર. એસ. શુકલ)

રજિસ્ટ્રાર, સભ્ય,

અમદાવાદ તા. ૨૭-૯-'૯૦. ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

મંત્રીવતી

ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,

ફેક્ટરી મેનેજર,

અમદાવાદ. સોમા ટેક્ષટાઈલ્સ લિ.

તારીખ ૧૯-૯-૯૦ અમદાવાદ.

અમદાવાદ (આર. કે. પરમાર)

તા. ૪-૧૨-૯૦ સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ.

INDEX

સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૨૯૧ આરયુ સને-૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને રાજનગર ટેક્ષટાઈલ મીલ્સ નં. ૧ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪ થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

શ્રી એન. એ. ચૌહાણ ચૌહાણ, સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૪૨૪/૮૩

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

રાજનગર ટેક્ષટાઈલ મીલ્સ નં. ૧, અમદાવાદ — દ્વિતીય પક્ષકાર

મીલના સ્પીનીંગ ખાતાના સુચનામાં જણાવ્યા મુજબના કામદારોની દાખલ તારીખમાં સુધારો કરવા વગેરે અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩ (ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘ કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનું પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેણે દાખલ કરેલ છે. કામની હકીકત એ મુજબની છે કે. દ્વિતીય પક્ષકાર કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગની એક મીલ છે જેને હવે પછીથી મીલ તરીકે સંબોધવામાં આવશે તે મીલમાં રતનભાઈ ભલાભાઈ કાળાભાઈ અમથાભાઈ અને વિઠ્ઠલભાઈ સુળચંદભાઈ અનુક્રમે સપ્ટે. ૧૯૪૪ થી, જુન-૪૮ થી અને એપ્રિલ-૫૩ થી કામ કરતા હોવા છતાં તેમની નોકરીમાં દાખલ થયાની તા, મીલે તા. ૨૩-૯-૭૩ ની તેના દફતરમાં નોંધેલ જેથી ત્રણે કામદારો તરફે સંઘે તા. ૩૦-૫-૮૩ ના રોજ ૧૯૪૬ ના અધિનિયમની કલમ ૪૨(૨) મુજબની

ફેરફારની સુચના આપી મીલ પાસે માંગણી કરેલ હતી કે, આ ત્રણે કામદારોની દાખલ તારીખ તા. ૨૩-૯-૭૩ની જે લખવામાં આવેલ છે તેમાં ફેરફાર કરી અનુક્રમે સપ્ટેમ્બર-૪૪, જુન-૪૮ અને એપ્રિલ-૫૩ની ગણવી જોઈએ અને તેઓની તે દાખલ તારીખ ગણીને તેમને જે લાભો મળતા હોય તે ચુકવી આપવા જોઈએ. દ્વિતીય પક્ષકાર મીલ આ માંગણી સાથે સંમત થયેલ ન હતી તેમજ ૧૯૪૬ના અધિનિયમ નીચે નિમાયેલ સમાધાનકાર પણ વચ્ચે સમજૂતિ કરાવી શકેલા ન હતા માટે તેઓએ નિષ્ફળતાનું પ્રમાણપત્ર તા. ૨૬-૭-૮૩ના રોજ સંઘને મોકલી આપેલ, જેથી સંઘે હાલનો રેફરન્સ તા. ૨૩-૯-૮૩ના રોજ સદરહુ માંગણી અંગે અદાલત પાસેથી ન્યાય નિર્ણય મેળવવા માટે દાખલ કરેલ છે.

૨. પ્રથમ પક્ષકાર સંઘે આંક-૪ મુજબનું માંગણાનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે, સંબંધિત ત્રણે કર્મચારીઓ અનુક્રમે સપ્ટેમ્બર-૪૪, જુન-૪૮ અને એપ્રિલ-૫૩માં સામાવાળા મીલમાં નોકરીમાં દાખલ થયેલા હતા. ત્રણે કામદારોને છૂટા થવા અંગેનો કોઈ હુકમ આપવામાં આવેલ નહીં તેમજ તેઓને નોકરીમાંથી બરતરફ કરવામાં આવેલા નહીં અને આ મીલ બંધ થયેલી હતી. તે તા. ૨૩-૯-૭૩ના રોજ ચાલુ કરવામાં આવેલી ત્યારે તેઓને નોકરીમાં ચાલુ રાખવામાં આવેલા હતા પરંતુ સામાવાળા એકમે તેઓને નોકરીમાં દાખલ થયાની તારીખ ૨૩-૯-૭૩ની ગણે છે તે ગેરકાયદેસર છે. વાસ્તવમાં તેઓ અગાઉના જૂના કામદારો છે માટે તેઓ જે તારીખે આ મીલમાં નોકરીમાં દાખલ થયેલા હતા તે જ તેમની દાખલ તારીખ ગણવી જોઈએ.

૩. દ્વિતીય પક્ષકાર મીલે આંક-૫ મુજબનો લેખિત જવાબ રજુ કરીને સદરહુ માંગણીનો વિરોધ કરેલો છે મીલની લેખિત જવાબમાં રજુઆત એવી છે કે, રત્નાભાઈ ભલાભાઈએ જુની મેનેજમેન્ટ વખતે તા. ૩-૧૨-૬૮ના રોજ રાજીનામું આપેલ હતું ત્યારબાદ તા. ૨૨-૨-૬૯ના રોજ મીલ બંધ થઈ ગયેલ હતી. સદરહુ મીલનો વહીવટ ગુજરાત સ્ટેટ ટેક્ષટાઈલ કોર્પોરેશને ૧૯૭૩માં સંભાળી લીધેલ હતો તે વખતે ત્રણ કામદાર કામ ઉપર હાજર થયા ન હતા અને સદરહુ મીલનો વહીવટ એનટીસીએ સંભાળ્યા બાદ તા. ૨૩-૯-૭૩ના રોજ તેઓ ફરીથી કામ ઉપર હાજર થયેલા. રત્નાભાઈએ રાજીનામું આપેલ હોવાથી તેમના નોકરીનો અંત આવી ગયેલો હતો અને ગુજરાત રાજ્ય ટેક્ષટાઈલ કોર્પોરેશને તેમને ગ્રેજ્યુઈટી વગેરેની રકમનો ચેક મોકલી આપેલ હતો માટે

INDEX

તેઓ જુના કારીગર ગણાય નહીં. કાળાભાઈ અમથાભાઈ અંગે પણ મીલની રજુઆત એવી છે કે, તેઓએ તા. ૨૫-૧૨-૬૮ના રોજ જુની મેનેજમેન્ટ વખતે રાજીનામું આપેલ હતું અને બંધ થયેલી મીલનો વહીવટ જીએસટીસીએ સંભાળેલો ત્યારે તેઓ હાજર થયેલા ન હતા પરંતુ તા, ૨૩-૯-૭૩ના રોજ એનટીસીએ મીલ ચાલુ કરી ત્યારે તેઓ ફરજ ઉપર હાજર થયા હતા અને તેઓએ રાજીનામું આપેલ હોવાથી જીએસટીસીએ ગ્રેજ્યુઈટી વગેરેની રકમનો ચેક મોકલી આપેલ હતો માટે તેઓ પણ જુના કારીગર ગણાય નહીં. વિઠ્ઠલભાઈ મુળચંદભાઈની બાબતમાં પણ તે પ્રમાણેની મીલની રજુઆત છે કે તા. ૨૩-૧૨-૬૮ના રોજ જુની મેનેજમેન્ટ સમક્ષ તેઓએ રાજીનામું આપેલ હતું અને તેમને પણ જીએસટીસીએ ગ્રેજ્યુઈટી વગેરેની રકમનો ચેક મોકલી આપેલ હતો માટે તેઓ પણ જીએસ.ટીસીએ મીલ ચાલુ કરી ત્યારે તેઓ ફરજ હાજર થયા ન હતા અને તેઓ તા. ૨૩-૯-૭૩ના રોજ એનટીસીએ મીલ ચાલુ કરી ત્યારે ફરજ પર હાજર થયેલા હતા માટે તેઓ પણ જુના કારીગર ગણાય નહીં.

૪. પ્રથમ પક્ષકાર સંઘે પોતાની રજુઆતના સમર્થનમાં સંબંધિત ત્રણે કારીગરોને આંક-૭, ૮ અને ૯થી તપાસેલા છે, જ્યારે દ્વિતીય પક્ષકાર મીલે હેડ ટાઈમકીપર શ્રી વી. પી શાહને આંક-૧૯થી તપાસેલાં છે. પ્રથમ પક્ષકાર સંઘ તરફે શ્રી જોશીની રજુઆત એવી છે કે, સંબંધિત ૩ કર્મચારીઓ આ મીલમાં અનુક્રમે ૪૪, ૪૮ અને ૫૩માં દાખલ થયેલા હતા ત્યારબાદ તેઓએ મીલ બંધ થઈ ત્યારે રાજીનામા આપેલા હતા પરંતુ તેઓના રાજીનામાં સ્વીકારવામાં આવ્યા છે અને ત્રણે કામદારોને છુટા કરવામાં આવ્યા છે તેવો હુકમ કોઈ આપવામાં આવેલ નથી તેમજ તેઓને મળવાપાત્ર ગ્રેજ્યુઈટીની રકમ પણ ચુકવી આપવામાં આવેલ નથી માટે ત્રણે કામદારો મીલમાંથી છુટા થયેલા કામદારો ગણાય નહીં અને આ મીલ જ્યારે એનટીસીએ ચાલુ કરી ત્યારે તેઓને ફરજ ઉપર લીધેલા હતા માટે તેઓની દાખલ તારીખ જુની જ ગણાય અને નહિ કે એનટીસીએ આ મીલ ફરી ચાલુ કરી ત્યારે તેઓની દાખલ તારીખ ગણાય. આની વિરૂદ્ધમાં કુ. મીનાબેન શાહના રજુઆત એવી છે કે, સંબંધિત ત્રણે કામદારોએ રાજીનામાં આપેલા હતા અને તેઓને મળવાપાત્ર ગ્રેજ્યુઈટી વગેરેની રકમમાં ચેકો જીએસટીસીએ તૈયાર કરેલા હતા અને સંબંધિત કામદારોને આપેલા પણ હતા સંબંધિત ત્રણે કામદારોએ ને સ્વીકારેલા ન હતા એટલે તે રકમ તેઓને મળી પરંતુ તેટલા કારણસર એમ કહી શકાય નહીં કે સંબંધિત ત્રણે કામદારો રાજીનામું આપીને છુટા થયેલાં ન હતા.

INDEX

૫. પરિણામે પ્રશ્ન એ નક્કી કરવાનો રહે છે સંબંધીત ત્રણ કર્મચારીઓ આ મીલનો વહીવટ જીએસટીસી હસ્તક હતો ત્યારે તેઓ નોકરીમાંથી રાજીનામું આપીને છુટા થયેલા હતા કે કેમ? પક્ષકારો તરફથી જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તે પરથી આ અદાલત એવા નિર્ણય પર આવે છે કે, સંબંધીત કામદારોએ રાજીનામાં જરૂર આપેલા હતા પરંતુ તેઓના રાજીનામા સ્વીકારવામાં આવેલ ન હતા અને સંબંધિત ત્રણે કામદારોને રાજીનામાના અનુસંધાનમાં જે રકમ ચુકવવાની થાય તે રકમ ચુકવવામાં આવેલ ન હતી માટે સંબંધીત ત્રણે કામદારો મીલની નોકરીમાં ચાલુ જ ગણાય અને તેથી તેઓની દાખલ તારીખ ૨૩-૯-૭૩ની જે ગણવામાં આવેલ છે તે વાજબી નથી અને તેઓની દાખલ તારીખ અનુક્રમે સપ્ટેમ્બર-૧૯૪૪, જુન-૧૯૪૮ અને એપ્રીલ-૧૯૫૩ ની ગણવી જોઈએ. સદરહુ નિર્ણય અંગેના સંક્ષિપ્તમાં કારણો નીચે મુજબનાં છે.

૬. પક્ષકારો વચ્ચે તકરાર નથી કે મીલમાં સંબધિત ત્રણ કામદારો સ્પીનીંગ ખાતામાં અનુક્રમે સપ્ટેમ્બર ૧૯૪૪, જુન-૧૯૪૮ અને એપ્રીલ-૧૯૫૩ માં નોકરીમાં દાખલ થયેલા હતા. પક્ષકારો વચ્ચે એ બાબતની તકરાર નથી કે, ૧૯૬૮ ના અરસામાં મીલ બંધ થયેલી હતી તે વખતે ત્રણે કામદારોએ લેખીતમાં રાજીનામા આપેલા હતા પરંતુ તે રાજીનામા સ્વીકારવામાં આવ્યા છે. અને સંબધિત ત્રણે કામદારોને નોકરીમાંથી છુટા કરવામાં આવે છે એવો કોઈ ડીસચાર્જ ઓર્ડર ત્રણ કામદારોમાંથી કોઈને પણ આપવામાં આવેલ ન હતો, તેમજ કામદારોના જણાવ્યા પ્રમાણે તેઓને નોકરીમાથી છુટા થાય ત્યારે મળવાપાત્ર લાભો ગ્રેજ્યુઈટી વગેરેના કોઈપણ નાણાં ચુકવવામાં આવેલ ન હતા. દ્વિતીય પક્ષકાર મીલની રજુઆત એવી નથી કે, આ ત્રણે કામદારોને લેખીત ડીસ્ચાર્જ ઓર્ડર આપવામાં આવેલા હતા મીલની રજુઆત એવી છે કે, ત્રણે મળવાપાત્ર લાભોની રકમનો ચેક આપવામાં આવેલ હતો. ત્રણે કામદારો જણાવે છે કે આવા કોઈ ચેક તેમને આપવામાં આવેલા નથી. મીલના ટાઇમકીપરની જુબાની પરથી એમ ફલિત થાય છે કે, ત્રણે કામદારોના નામ રાજીનામું આપીને છુટા થનાર કામદારોની યાદીમાં જણાવવામાં આવેલા હતા પરંતુ તેઓને છુટા થવાને કારણે જે રકમ મળવાપાત્ર થાય તે રકમના ચેકો આપવામાં આવેલા ન હતા પરંતુ તૈયાર કરવામાં આવેલા હતા તે સંજોગોમા ત્રણે કામદારોના રાજીનામા સ્વીકાર કરવામાં આવેલ હતા અને તેઓને નોકરીમાંથી છુટા કરવામાં આવેલા હતા એમ કહી શકાય નહીં એટલે તેઓ ૧૯૭૩ થી નવા કારીગરો બને છે તેવી મીલની રજુઆત પલભર ગ્રાહ્ય રાખી શકાય નહીં. સ્થાયી હુકમોની જોગવાઈ મુજબ કામદારે રાજીનામું આપ્યેથી ૧૪ દિવસ બાદ જ માલિક તે સ્વીકારી

INDEX

શકે છે અને માલિકે તે પ્રમાણે જો સ્વીકારેલ હોય તો તેની લેખિત હુકમથી જાણ કરવાની હોય છે તેમજ તેના અનુસંધાનમાં કામદારને મળવાપાત્ર રકમની ચુકવણી કરવાની હોય છે. આપણા કિસ્સામાં કામદારોએ રાજીનામા આપેલ હતા પરંતુ તેઓના રાજીનામા સ્વીકારવામાં આવ્યા છે તેવું કંઈ તેમને જણાવવામાં આવેલ ન હતું તેમજ તેઓને મળવાપાત્ર રકમ પણ ચુકવી આપવામાં આવેલ ન હતી માટે તેઓને મીલ કંપનીએ તેઓના રાજીનામાના અનુસંધાનમાં છુટા કરેલા હતા એમ કહી શકાય નહીં. તે સંજોગોમાં તેઓ નવા કારીગરો ગણાય નહીં, કારણ કે આ ત્રણે કામદારોને ૧૯૭૩માં એનટીસીએ મીલ ચાલુ કર્યા બાદ નોકરીમાં લીધા બાદ તેઓને પ્રોવિડન્ટ ફંડનો જુનો નંબર જ ચાલુ રાખેલો છે તેમજ અગાઉ તેઓ જે સાંચા ઉપર કામ કરતા હતા તે જ સાંચા ઉપર તેઓને કામે રાખેલા છે. પરિણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૭. પ્રથમ પક્ષકાર સંઘની રત્નાભાઈ ભલાભાઈની દાખલ તારીખ સપ્ટેમ્બર-૧૯૪૪, કાળાભાઈ અમથાભાઈની દાખલ તા. જુન-૧૯૪૮ અને વિઠ્ઠલભાઈ મુળચંદભાઈની દાખલ તારીખ એપ્રિલ-૧૯૫૩ની ગણવાની માંગણી મંજુર રાખવામાં આવે છે અને મીલને એવો આદેશ આપવામાં આવે છે કે તેઓએ આ ત્રણે કામદારોની ઉપર જણાવેલી દાખલ તારીખ ગણવી અને તેના અનુસંધાનમાં તેઓને જે કંઈ લાભો મળવાપાત્ર હોય તે લાભો તેમને ચુકવી આપવાના રહેશે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર, અમદાવાદ.
તા. ૧૩-૯-૧૯૯.

અમદાવાદ તા. ૪/૧૨/૯૦

સહી
(એન. એ ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

(આર. કે. પરમાર)
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ક/ખ/શ્રમક/૨૭૩૧૪ આરયુ/સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી, બારડોલી અને બારડોલી ખાંડ કામદાર યુનિયન, સુરત વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને-૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪ થા દિને આથી નોંધ કરું છું.

શ્રી એ બી. પટેલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત. સુરત સમક્ષ :

આર્બિટ્રેશન આઈ. સી. એસ. નં. ૧/૮૭.

શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., બારડોલી. પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

તેમાં કામ કરતા કામદારો, બીજા પક્ષકારો,

C/o. મંત્રી શ્રી,

બારડોલી તાલુકા ખાંડ કામદાર યુનિયન,
(લાલ વાવટા) સુરત.

હાજર રહ્યા : ગેરહાજર પ્રથમ પક્ષકાર તરફે

શ્રી નામદેવ શેણમાર બીજા પક્ષકાર તરફે

વિષય : પરિશિષ્ટમાં જણાવેલ માંગણીઓ બાબતે..

એવોર્ડ :

(૧) આ આર્બિટ્રેશન રેફરન્સ શ્રમ અને રોજગાર વિભાગના સેકશન અધિકારી શ્રી એસ. ડી. પરમાર સાહેબે તેમની ઓફિસના પત્ર ક્રમાંક : કે. એચ. આર-૧૭૦-બીઆઈઆર-૧૦૮૪-૨૭૩૯૪-પ-૪ તા ૧૧-૩-૮૭ ના હુકમથી મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ ની કલમ ૭૩ (૨) થી મળેલ સત્તાની રૂએ સદરહુ તકરાર સુરતની ઔદ્યોગિક કોર્ટની લવાદી માટે લખી મોકલેલ છે. આંક-૨ થી બીજા પક્ષકાર યુનિયને માંગણાનું નિવેદન રજુ કરેલું

છે. આર્બિટ્રેશન રેફરન્સ આ અદાલતને મળ્યા પછી આ અદાલતની ઓફિસે પ્રથમ પક્ષકારના વ્યવસ્થાપકથી, ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી, બારડોલી ઉપર તા. ૧૫-૮-૮૯ ની નોટીસ નં. ૧૫૩૩ રજી. એ. ડી. પોષ્ટથી બજાવેલ હતો. રજી. એ. ડી. પહોંચ પર પ્રથમ પક્ષકાર મંડળીનો ઓફિસ સ્ટેમ્પ લગાવેલો છે.

(૨) આ રેફરન્સ મારી સમક્ષ ચાલુ હતો તે સમય દરમ્યાન બીજા પક્ષકાર યુનિયનના સેક્રેટરી શ્રી નામદેવ શેલુમારે આંક-૭ની અરજી મારી સમક્ષ રજુ કરેલી છે. આંક-૭ ની પુરસીસમાં નીચે પ્રમાણેની હકીકતો દર્શાવવામાં આવેલ છે. બીજા પક્ષકારે પહેલા પક્ષકારને કેટલીક માંગણીઓ મોકલી હતી જે રેફરન્સ લવાદ ૧/૮૭ થી આપ નામદાર કોર્ટમાં ચાલુ છે. પરંતુ તા. ૧-૧-૯૦ ના રોજ ખાનગી રાહે કોર્ટની બહાર પ્રથમ પક્ષકાર સાથે મોટાભાગની માંગણી ઉપર સમાધાન થયું છે અને આ માંગણીનો સુખદ નિકાલ થયો છે જેથી આ રેફરન્સ લવાદ ૧/૮૭ અમો આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવા માંગીએ છીએ આથી આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપી આ રેફરન્સનો નિકાલ કરવા વિનંતી છે. આંક-૭ ની પુરસીસ અન્વયે આ રેફરન્સ લવાદ ૧/૮૭ પાછો ખેંચી લેવાની પરવાનગી આપીને આ રેફરન્સનો નિકાલ કરું છું. ખર્ચ બાબતે કોઈ હુકમ નથી.

સહી

પી. આર. પુર્સનાની

તા. ૨૮-૯-૯૦

સુરત

સહી

એ. બી. પટેલ

સભ્ય,

ઔદ્યોગિક અદાલત,

સુરત.

તા. ૪-૧૨-૯૦

અમદાવાદ.

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

INDEX

સને-૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુરના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક/ખ/શમક/૨૭૩૨૬/આર યુ./ સન-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સન-૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ધી સુરત સીલ્ક મીલ્સ લેબર યુનિયન અને ધી સુરત ટેક્ષટાઈલ મીલ્સ પ્રા. લી., સુરતની વચ્ચે ઔદ્યોગિક વિવાદમા ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૦માં ડીસેમ્બર માસના ૪થા દિને આથી નોંધ કરું છું.

શ્રી એ. બી. પટેલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ

રેફરન્સ આઈ. સી. નં. ૧/૯૦.

શ્રી સુરત સીલ્ક મીલ્સ લેબર યુનિયન, — પ્રથમ પક્ષકાર
શ્રમજીવી સેવાલય, રેલ્વે સ્ટેશન સામે,
સુરત-૩.

વિરૂદ્ધ

મેનેજરશ્રી, — બીજા પક્ષકાર
ધી સુરત ટેક્ષટાઇલ મીલ્સ લી.
મુ. પો. વરેલી તા. પલસાણા
જી. સુરત

હાજર રહ્યા-શ્રી નરોતમભાઇ પટેલ ..પ્રથમ પક્ષકાર તરફે.
શ્રી એમ. ડી. પારેખ ...બીજા પક્ષકાર તરફે.

વિષય-માંગણી નં. ૨ કેટલીક જગ્યાઓ કાયમી કરવા અંગે..

ફાઈનલ એવોર્ડ

(૧) આ રેફરન્સમાં આંક-૧૨ થી કામદારોને કાપડ તેમજ ધોલાઈ ભથ્થુ આપવા અંગેનો એવોર્ડ પાર્ટ-૧ તા. ૫-૫-૯૦ ના રોજ આપવામાં આવ્યો હતો અને માંગણી નં. ૧ નો નિકાલ કરવામાં આવ્યો હતો. હવે આ ફાઇનલ એવોર્ડથી માંગણી નં. ૨ કેટલીક જગાઓ કાયમી કરવા અંગેની માંગણીનો નિકાલ કરવામાં આવે છે. માંગણી નં. ૨ અંગે પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૬ માં માંગણા નિવેદનમાં નીચે પ્રમાણેની હકીકત જણાવેલી છે.

INDEX

ઉદ્યોગ—કોટન ટેક્ષ્ટાઈલ

૧. આ રેફરન્સ બીજા પક્ષકાર મીલ કંપની તેના બ્લીચ ફોલ્ડીંગ ખાતાની ખાતાની ૧૫ કાયમી કારીગરની ઓછા કરવા માગે છે તે બાબતમાં મજુર મહાજન સંઘ, કે જે અમદાવાદ સ્થાનિક વિસ્તારના કાપડ સુતર ઉદ્યોગમાં કામ કરતા કારીગરોને પ્રતિનીધીત્વ ધરાવતુ યુનિયન છે. તેને મીલ કંપની બી.આઈ.આર. એક્ટની જોગવાઈઓનુસાર નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પક્ષકારોએ આંક ૮નું સમાધાન પુર્સીસ રજુ કરેલ છે જેમાંની સમાધાનની શરતો જોતાં તે યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય છે અને તે મુજબ હુકમ કરવાની ઔદ્યોગિક શાંતી જળવાઈ રહે તેમ લાગે છે. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩ પક્ષકારોએ આંક ૮ના સમાધાન પુરસીસની શરતો મુજબ વર્તવું. આંક ૮ના સમાધાનની એક નકલ આ ચુકાદા સાથે રાખવી અને તેને આ ચુકાદાનો ભાગ ગણવાનો છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

અમદાવાદ નામદાર ઔદ્યોગિક અદાલત સમક્ષ.
રેફરન્સ (આઈસી) નંબર : ૫-૯૦.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ.

અને

અમદાવાદ કોટન મીલ્સ

એ યુનિટ ઓફ જી. એસ. ટી. સી. લી

અમદાવાદ

મે, સાહેબ,

ઉપરોક્ત કામમાં પક્ષકારો વચ્ચે નીચે જણાવેલી શરતોએ સમાધાન થયેલ છે તો તે મજુર કરી તે મુંજબ એવોર્ડ કરવા વિનંતી છે.

સમાધાનની શરતો

૧. ટેક્ષટાઈલ લેબર એસોસીએશન કે જે અમદાવાદ કાપડ સુતર ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન છે તેને મીલ્સ કંપનીએ બી. આઈ. આર. એક્ટ, ૧૯૪૬ ની કલમ ૪૨/૧ મુજબ અને નિયમ ૫૧ મુજબ ફોર્મ-કે, માં

તા. ૪-૭-૮૯ના રોજ નોટીસ ઓફ ચેઈન્જ આપી માંગણી કરેલી કે મોક્ત કંપનીના બ્લીચ ફોલ્ડીંગ ખાતામાંથી હાલ કુલ ૬૦ જગ્યાઓ જે છે તેમાંથી એ જોબરમાંથી ૧ની તથા ૪૯ કટલુકર્સમાંથી ૧૪, જગ્યાઓની નાબુદી કરી હાલનું જે ૬૦ નું સંખ્યાબળ છે તેના બદલે ૧૫ જગ્યાઓ ઓછી કરી કુલ જગ્યાઓ રાખવામાં આવે. પક્ષકારો વચ્ચે વાટાઘાટોને અંતે આ પ્રમાણે નક્કી કરવામાં આવેલ છે.

૨. મીલના ધો. ફોલ્ડીંગ ખાતાના બ્લીચ ફોલ્ડીંગ વિભાગમાં હાલમાં નીચેની કેટેગરીથી કારીગરો કામ કરે છે તે તથા કરારથી કમી કર્યા પછી બ્લીચ ફોલ્ડીંગ ખાતામાં રહેલી કાયમી કારીગરોની સંખ્યા દર્શાવેલ છે.

ક્રમ	હોદ્દો		હાલની કાયમી સંખ્યા	કરાર કર્યા પછીથી રાખવાની સંખ્યા	ઓછીથતી કારીગરોની સંખ્યા
૧.	મશીનમેન		૬	૬	—
૨.	જોબર		૨	૧	૧
૩.	મીટર કાઉન્ટીંગ		૨	૨	—
૪.	રીપોટીંગ		૧	૧	—
૫.	કટલુકર્સ		૪૯	૩૫	૧૪
કાયમી કારીગર :-		કુલ	૬૦	૪૫	૧૫

૩. મીલમાં કાપડનું ઉત્પાદન હવે ફક્ત એકજ મીલનું થતું હોવાથી તથા ઉત્પાદનની પ્રક્રિયામાં ફેરફાર થવાથી હાલની જે ૬૦ કારીગરોની સંખ્યા કાયમી છે તેમાંથી ૧૫ કામદારોનો ઘટાડોને કરી ખાતાની કાયમી કારીગરોની સંખ્યા ૪૫ રાખવાની છે.

૪. આમ હાલમાં બ્લીચ ફોલ્ડીંગ ખાતામાં કામ કરતા કામદારોની સંખ્યામાં કલમ (૨) માં દર્શાવ્યા મુજબ ઘટાડો કરવા માટે હાલમાં બ્લીચ ફોલ્ડીંગ ખાતાના કામદારો પાસેથી નીચેની વિગતોએ રાજીનામા માંગશે.

INDEX

પએ બ્લીચ ફોલ્ડીંગ ખાતામાંથી સ્વેચ્છાએ છુટા થનાર કારીગરોના રાજીનામા મીલ કંપની ટેક્ષટાઇલ લેબર એસોસીએશન કે જે માન્ય પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન છે તેની મારફતે સ્વીકારશે અને તે છુટા થનાર કારીગરને કાયદા મુજબ મળતી નીચેની રકમો ચુકવી આપવામાં આવશે.

બી) ગ્રેજ્યુટી એકટ મુજબની જોગવાઈ મુજબ હકદાર થતા કામદારને મળવાપાત્ર થતી ગ્રેજ્યુઈટીની રકમ.

(સી) ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટસ એકટની જોગવાઈ મુજબ હકદાર થતા કામદારને મળવાપાત્ર થતી છટણી વળતરની રકમ.

(ડી) છુટા થનાર કારીગરની બાકી તથા વરાડે નીકળતી હક્ક રજા અને બાકી પડતો પગાર ચુકવી આપવામાં આવશે તથા જે તે વર્ષના હકદાર થતી બોનસની રકમ પણ ચુકવવા પાત્ર થાય ત્યારે મીલના બીજા કારીગરો સાથે ચુકવી આપવામાં આવશે.

(ઈ) કારીગરના પ્રોવિડન્ટ ફંડના ફાળાની રકમ સાથે મીલ કંપનીનો ફાળો પરો ચુકવવા માટે મીલ કંપની રીજીયોનલ પ્રોવિડન્ટ ફંડના કમિશ્નર સાહેબને ભલામણ કરશે.

(એફ) છુટા થનાર કારીગરને તેની કાયદેસરની મળવા પાત્ર ગ્રેચ્યુઈટી તથા વળતરની રકમ ઉપરાંત ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અને જી.એસ.ટી સી. લી. વચ્ચે નક્કી થયા મુજબ પ્રોત્સાહક રકમ તેની નોકરીના પ્રત્યેક વર્ષના રૂા. ૩૦૦ અંકે રૂપિયા ત્રણસો (નોકરીનું વર્ષ ગ્રેચ્યુઈટી/વળતરના ધોરણે ગણાશે) આપવામાં આવશે. પરંતુ તેની નોકરીની મર્યાદાને ધ્યાનમાં લેતા આ રકમ રૂા. ૯૦૦૦ (અંકે રૂપિયા નવ હજાર પુરા) ચુકવવામાં આવશે. જો આ રકમ રૂા. ૯૦૦૦થી વધતી હશે તો પણ મીલ કંપની રૂા. ૯૦૦૦ જ પ્રોત્સાહક રકમ તરીકે વધારાના વળતર રૂપે ચુકવશે.

૫ (અ) ઉપરની દર્શાવેલ વિગતે જો બ્લીચ ફોલ્ડીંગ ખાતામાંથી પુરતાં રાજીનામા નહીં આવે તો મીલ મેનેજમેન્ટ મીલના બીજા ખાતાઓમાંથી રાજીનામા માંગશે અને છુટા થનારને ઉપરોક્ત લાભો આપવામાં આવશે તે જગ્યા ઉપર બ્લીચ ફોલ્ડીંગ ખાતામાંથી કાયમી કારીગરોમાંથી જુનીયર મોસ્ટના

INDEX

ધારણે તે ખાતાની જગ્યા ઉપર મજુર મહાજન સંઘની લેખિત સમતીથી ફેરવવામાં આવશે અને જો તે કામ નિપુણતા માંગી લે તેમ હશે તો ત્યાં છ માસ માટે તે કારીગરને તેના ચાલુ પગાર જે હક્કોને બાધ ન આવે તેવી રીતે તાલીમ આપવામાં આવશે.

(બ) આ રીતે ટ્રાન્સફર થયેલ કાયમી કારીગરે છ માસમાં તાલીમ કરી જે તે ખાતાના બીજા કામદારો જેટલું કામ આપવાનું રહેશે અને તે હોદ્દાને જો વધુ પગાર હશે તો તે વધુ પગાર ચુકવી આપવામાં આવશે અને જો ઓછો પગાર હશે તો તેના ચાલુ પગારમાં કોઈ કામ મુકવામાં નહી આવે. ટ્રાન્સફર કરવામાં આવેલ કારીગરોની નોકરી સતત ચાલુ ગણવામાં આવશે.

૬. સદરહુ સમાધાનનો અમલ તાત્કાલીક કરવામાં આવશે.

૭. સદરહુ સમાધાનની કોઈ કલમમાં કે તેના અમલીકરણમાં જો કોઈપણ મતભેદ પક્ષકારો વચ્ચે ભવિષ્યમાં ઉપસ્થિત થાય તો ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અને મીલ મેનેજમેન્ટ સાથે બેસી યોગ્ય નિર્ણય લેશે જે બન્ને પક્ષકારોને બંધનકર્તા રહેશે.

સહી	સહી
જી. જે દવે	(હ ર. કમોદીયા)
રજીસ્ટ્રાર, અમદાવાદ.	સભ્ય, ઔદ્યોગિક અદાલત, અમદાવાદ
તારીખ ૧૪-૯-૧૯૯૦	

સહી

(આર. કે. પરમાર)

અમદાવાદ

તા. ૪-૧૨-૯૦

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ.

INDEX

REGISTERED No. G—BA-14-E

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, AUG. 22, 1991/SRAVANA 31, 1913 [No. 34

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B, and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર. ૨૦મી મે ૧૯૯૧.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૧૦૭/ઓજેઈ-૧૦૯૧-એફઆર-૮૧-મ(૨).--ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર, ઈન્ડિયન ડાયસ્ટફ ઈન્ડ લી. રણોલી, અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની છે;

તેથી, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ ના ૧૪ મા) ની કલમ ૧૦ ની પેટા કલમ (૧) ના ખંડ (ઘ) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૩૧મી મે ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-૧૨૨/આઈડીએ-૧૦૯૦-૨૧૯૨-(બી) મ (૨) હેઠળ રચાયેલ શ્રી બી. જે. ત્રિવેદીના બનેલા ટ્રીબ્યુનલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલે છે.

અનુસૂચિ

સને-૧૯૮૭ ના કરારના સંદર્ભમાં બાકી રહેતા કામદારો સને-૧૯૮૯-૯૦ના વર્ષના ૨૦ ટકા બોનસ મેળવવા હકદાર થાય છે કે કેમ ?

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વિ. પ. અસનાની,

સેકશન અધિકારી.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

ક્રમાંક ખ/શમક/૨૭૭૭૩/આર યુ.—સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ની (કલમ ૭૪ ૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક ગુજરાત નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, હુ અંકલેશ્વર ટેક્ષટાઈલ એમ્પ્લોઈઝ યુનિયન, ભરૂચ અને જી.આઈ. ડી. સી. એમ્પ્લોઈઝ નિયન અંકલેશ્વર ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના ઓગસ્ટ માસના ૬ઠ્ઠા દિને આથી નોંધ કરું છુ

ઔદ્યોગિક અદાલત વડોદરા શ્રી બી. જે. ત્રિવેદી સમક્ષ

અપીલ (આઈસી) નં. ૧/૯૧

એપેલન્ટ (અરજદાર) :

અંકલેશ્વર ટેક્ષટાઈલ એમ્પ્લોઈઝ યુનીયન, એલ. ડી. ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ લી. પ્લોટ, નં. ૨૮૦૨/૩, જી. આઈ. ડી. સી. અંકલેશ્વર, ભરૂચ

વિરુધ્ધ

રીસ્પોન્ડન્ટ (સામાવાળા)

(૧) સહાયક સંઘ નિબંધક મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, શ્રમભવન, ગન હાઉસની બાજુમા, ખાનપુર મજૂર કમિશ્નરની કચેરી, અમદાવાદ.

(૨) જી. આઈ. ડી. સી. એમ્પ્લોઈઝ યુનીયન, અંકલેશ્વર, ભરૂચ, પારસીવાડ.

INDEX

હુકમ

(૧) અરજદાર એપેલન્ટે તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૮૮ ના રોજ બી. આઇ. આર. એકટ અન્વયે અંકલેશ્વર તાલુકાના સ્થાનિક વિસ્તારમાં રેશમ કાપડ ઉદ્યોગ માટે પ્રતિનિધિ ધરાવતા સંઘ તરીકે રજીસ્ટ્રેશન માન્યતા મેળવવા અરજી કરી હતી તે અન્વયે યોગ્ય તપાસ આદરી સહાયક સંઘ નિબંધકે તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૯૦ ના રોજ હુકમથી એપેલન્ટ અરજદાર કુલ કામદારના ૨૫ ટકા કામદાર યુનિયનના સભ્ય ન હોઈ તે અરજી ના મંજૂર કરી તે હુકમથી નારાજ થઈ અપીલ મેમોમાં દર્શાવેલ કારણોસર મજકૂર અપીલ કરી છે.

(૨) બન્ને પક્ષે દલીલો મનાઈ હુકમ તેમજ અપીલ માટેની આપેલ પુરશીસ મુજબ સાંભળી તથા રજુ કરેલ આસીસ્ટન્ટ રજીસ્ટર્ડ ના રેકર્ડ અને પ્રોસીડીંગ વંચાણમાં લીધા.

(૩) નીચે મુજબના મુદ્દાનો નિર્ણય કરવાનો રહે છે :—

"શું કરવામાં આવેલ હુકમ ગેરકાયદેસર કે ખામી ભરેલો છે ? "

(૪) એપેલન્ટ તરફે શ્રી શાહની દલીલ એવી છે કે બી. આર. એકટ ગુજરાત રૂલ્સ ૨૮(ક) (૨) નીચે વેરીફીકેશનની તારીખ દર્શાવતી નોટીસ ૧૫ દિવસની આપવામાં આવી નથી. દસ્તાવેજો જોતાં તારીખ ૨૬મી નવેમ્બર ૧૯૯૦ની તારીખે નકકી કરવામ આવી હતી. જયારે નોટીસ તા. ૧૬મી નવેમ્બર ૧૯૯૦ અને ૧૭મી નવેમ્બર ૧૯૯૦નાં રોજ રજીસ્ટર્ડ એ. ડી. ની રસીદો મળી છે. જેથી નોટીસ માટેની રૂલનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે.

(૫) કામદારોના જવાબ ફકત એકજ વ્યકિતએ લખેલ છે અને સહીઓ લઈ લીધી છે. જો આ બાબતની તકરાર જે તે વખતે કોઈ કામદારે ઉઠાવ્યાનું રેકર્ડમાંથી નિકલતું નથી.

(૬) કામદારો પ્રાદેશીક ગુજરાતી ભાષા જાણતા ન હોવાં છતાં જવાબો ગુજરાતીમાં લીધા છે. ઈંગ્લીશ, હીન્દીમાં સમજાવી લખાવ્યા મુજબના છે. તેવું લખ્યું નથી. પહેલા તારીખ ૧૨મી નવેમ્બર ૧૯૯૦ થી ૧૭મી નવેમ્બર ૧૯૯૦ નો સમય નક્કી કર્યો હતો પરન્તુ પાછળથી તારીખ ૨૬મી નવેમ્બર ૧૯૯૦ થી ૨જી ડીસેમ્બર ૧૯૯૦ નો નક્કી કર્યો નોટીસો સમયસર બજી ન હોય અગર અનિવાર્ય સંજોગોમાં તારીખ પાછળ લઈ જવામાં આવે તો તેથી પુરતી તપાસ આદરી નથી તેમ ન કહી શકાય. ઉલટા પુરતો સમય મળે

INDEX

અને પુરતી તક એપેલન્ટને કારણે મળી છે. જેથી નોટીસ ગેરકાયદેસર છે કે રૂલ્સમાં પ્રોવીઝનનો ભંગ થયો છે તેમ કહેવું યોગ્ય નથી.

(૭) વધુમાં કામદારોને અલગ અલગ બોલાવી સહી અંગુઠાના નિશાન લેવામાં આવેલ છે અને બધાજ જવાબ તૈયાર કરી સહીઓ લેવામાં આવી છે. આ અંગે રીસ્પોન્ડન્ટ નં. ૧ સ્પષ્ટ કરેલ છે અને રેકર્ડમાંથી બતાવેલ છે કે ૬૬૨ કામદારોના સ્ટેટમેન્ટ ફક્ત એક જ વ્યકિતએ નહીં પરન્તુ પોતે તેમજ તેમના સીનીયર ક્લાર્કે લીધા છે. તપાસ દરમ્યાન તપાસ કરનાર અધિકારી અને સાથે લીધેલા ક્લાર્ક સિવાય ત્રાહીત નો જવાબ રેકર્ડ કરી શકે નહીં. આ અંગે રીસ્પોન્ડન્ટ નં. ૧ રૂબરૂમાં આવી હાજર થઈ સ્પષ્ટતા દલીલમાં કરી છે અને તે મુજબ કયા જવાબો કોણે લીધા તે સ્પષ્ટ કરેલ છે.

(૮) એપેલન્ટ તરફે બતાવે છે કે કુલ ૨૫૧૯ કામદારો મજકૂર ઔદ્યોગમાં છે તેમાંજ ૬૬૨ હાજર થયા તે પૈકી ૧૮૯ કામદારોએ એપેલન્ટ યુનીયનના સભ્ય હોવાનું કહ્યું છે. જેથી ૬૬૨ ના ૨૫ ટકા ઉપરાંતના તેમના સભ્યો હોઈ પ્રતિનિધિ ધરાવતા યુનીયન તરીકે માન્યતા મળવા પાત્ર છે. તેમના કહેવા મુજબ ૧૮૫૭ કામદારો જવાબ આપવા આવ્યા નહીં અને ૪૭૭ મજકૂર યુનીયનના સભ્ય નથી તેવું કહ્યું છે. પરન્તુ કેટલાં ગેરહાજર હતા કેટલા રાજીનામું આપી જતા રહ્યાં તે હુકમમાં સ્પષ્ટ કરેલ નથી.

(૯) સભ્યની સંખ્યા નક્કી કરવા બી. આઈ. આર. એક્ટ (ગુજરાત) રૂલ્સ ૨૮(૭)-(૮) માં સેમ્પલ ચકાસણી કરવા પ્રથા અપનાવી છે. જેથી ૬૬૨ ના ૨૫ ટકા ઉપરાંત હોઈ માન્યતા આપવી જોઈતી હતી તેવી દલીલ છે. વળી રીસ્પો. નં. ૧ કેવી પ્રથા અપનાવવાના છે તે પહેલેથી નક્કી કર્યું નથી.

(૧૦) વધુમાં જવાબ આપતા દલીલો દોહરાવી દર્શાવેલ છે કે નોટીસોની તારીખોમાં સુધારો-સેમ્પલીંગ મેથર્ડ અપનાવી અને નોટીસ પુરા પીરીયડની ન હોઈ અપીલ માન્ય રાખી ફેર તપાસણી માટે આદેશ આપશો. માલીક સાથે મળી ગયાનો આક્ષેપ ખોટો છે.

(૧૧) જ્યારે આસી. રજીસ્ટારે રેકર્ડમાંથી બતાવેલ છે કે નિયમ ૨૮(૨) ૧૫ દિવસની જોગવાઈ જાળવી છે. સી-૪૫૩-સી ૬૨૩ નોટીસ તારીખ ૭મી નવેમ્બર, ૧૯૯૦ના રોજ કાઢવામાં આવી હતી પણ કેટલી સંસ્થાઓ બંધ હોવાના કારણે નોટીસો પાછી ફરી હતી. સી-૮૫ થી સી. ૯૧ પત્રો મોકલવાની ઓફીસ કોપીઓ છે. ડીસ્પેચ નં. ૭૫૧૪ થી ૭૭૧૯ આપ્યા છે. તેમજ તારીખ ૭મી નવેમ્બર, ૧૯૯૦ના રોજ ડીસ્પેચ કર્યાનો સીક્કો છે તે તપાસ પત્રોમાં છે ઉપરના સંજોગોમાં એપેલન્ટની રજુઆત માન્ય રહી શકે તેમ નથી.

(૧૨) ચકાસણી અધિકારી અને તેમના સીનયર કર્લાક બન્નેએ જવાબો લીધા છે તેમના પોતાના હસ્તકથી લખેલા સ્ટેટમેન્ટ સી-૧૦૧૯-૧૧૬૩-૧૧૬૭-૧૧૬૯-૧૧૭૧-૧૧૭૩-૧૧૭૫-

(૧૧૭૭-૧૧૭૯-૧૧૮૧ તેમજ સી-૧૧૯૫-૧૧૯૭-૧૧૯૯-૧૨૦૧-૧૨૦૩-૧૨૦૫-૧૨૦૭ વિગેરે બતાવે છે કે ફકત એકજ વ્યકિતએ બધા જવાબો લીધા નથી.

(૧૩) સ્ટેટમેન્ટ બધા એક પછી એક બોલાવી બંધ બારણે લીધા છે. ગુજરાતી જાણતી ન હોય તે વ્યકિતઓને હીન્દી અગર ઈંગ્લીશમાં પુછી તેમના લખાવ્યા મુજબ ગુજરાતીમાં નોંધ્યા છે. આવી કોઈ તકરાર તે વખતે લેવામાં આવી નથી. તેમજ ગુજરાતમાં રાજ્યભાષા ગુજરાતી હોઈ ગુજરાતીમાં નોંધેલા સ્ટેટમેન્ટસ યોગ્ય બરાબર કે કાયદેસરના નથી. તેમ ન કહી શકાય તેથી એપેલેન્ટની આ દલીલ યોગ્ય નથી. એવો કોઈ દાખલો બતાવ્યો નથી કે આપેલ સ્ટેટમેન્ટસ કરતા ખોટું કે જુદી રીતનું લખ્યું હોય. તપાસ કરનાર અધિકારીને અંગુદ્દેશ કે દ્રૂષબુધ્ધિ હતી નહી અને તેમ કરવા કોઈ કારણ નથી.

(૧૪/૧) તેવી જ રીતે તૈયાર કરેલા સ્ટેટમેન્ટસ ઉપર સહીઓ કે અંગુઠા લઈ લીધા છે તે સ્ટેટમેન્ટસ જોતાં પણ તથ્ય વિનાનું છે. તારીખ ૭મી નવેમ્બર, ૧૯૯૦ની મોકલેલી નોટીસના અંતભાગે અરજદાર યુનિયન તેમજ સંબંધિત કારખાનેદારોને ઓગષ્ટ, સપ્ટેમ્બર, ઓકટોબર નવેમ્બર, ૧૯૮૮ના હાજરી પત્રકો અને પગાર પત્રકો પણ હાજર રાખવા તેમજ તે સમયના કામદારોનું લીસ્ટ તૈયાર રાખવા સુચના આપી છે. જેથી ચકાસણી અધિકારીએ યોગ્ય ચકાસણી કરી સ્ટેમેન્ટસ લીધા છે. સી. ૭૭૭ થી સી ૮૯૫ તેમજ પાન ૧૦૦૯ સુધી ઉપર મુજબના લીસ્ટ તૈયાર કરી મોકલાવેલા તે પણ સમર્થનમાં લીધા છે. રાજીનામું આપેલ કામદારો અંગે 'આર' અને છોડીને જતા રહેલા અંગે એલ રેઝીગ્નેશન અને લેફ્ટ બતાવવા પણ દર્શાવેલ છે. જ્યારે ગેરહાજર છે તેમની સામે એબસન્ટ 'એ' લખેલ છે તે સ્ટેટમેન્ટોમાં માલીકના પ્રતિનિધિઓની સહીઓ છે. જેથી ચકાસણી અધિકારીઓ પુરેપુરી તકેદારી રાખી ચકાસણીનું કાર્ય કર્યુ છે. જેથી સેમ્લીંગ નમુનારૂપ પધ્ધતિ અખત્યાર કર્યાની દલીલ પણ માન્ય રાખી શકાય તેમ નથી.

(૧૪/૨) અરજદાર યુનિયન એલટી ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ લી. પ્લોટ નં. ૨૮૦૨-૩ જીઆઈડીસી એસ્ટેટ અંકલેશ્વરમાં આવેલ યુનીટનું યુનિયન છે. સી. ૮૧૫ થી ૮૯૫ સુધી તેના મેનેજરે સહી આપી ૧૧૩૦ કામદારોનું લીસ્ટ આપેલ છે. જેથી અરજદાર યુનીયન એક જ સંસ્થાનું યુનિયન હોવાછતાં અંકલેશ્વર તાલુકાના તમમા રેશમ કાપડ ઉદ્યોગોના રીપ્રેઝન્ટેટીવ યુનીયન તરીકે રજીસ્ટર થવા અરજી આપી છે તે સંજોગોમાં પણ પુરી ૨૫ ટકા સ્ટ્રેન્થ થતી નથી. ત્રણ માસના હાજરી પત્રક જોતાં ૧૧૩૦ કામદારનું લીસ્ટ રજુ થયું છે. તેમાં ૨૮૬ કામદારો રાજીનામું આપી ચાલ્યા ગયાનું નિકળે છે. સદરહૂ સંસ્થાના ત્રણેય પાળીના હાજર રહેલા કામદારોના નિવેદનો લેવામાં આવ્યા છે. આ સંસ્થા પુરતી વાત કરીએ તો ૧૦૨ કામદારો અરજદાર યુનીયનના સભ્ય હોવાનું સી-૧૦૧ થી સી-૨૨૩ માંથી ફલિત થાય છે. જ્યારે ૨૬૧ કામદારો અરજદાર યુનિયનના સભ્ય નથીતેવું સી-૧૩૮૯ થી ૧૯૦૯ માંથી ફલિત થાય છે. જેથી આ સંસ્થાના ૧૧૩૦ કામદારોની સંખ્યા પૈકી ૮૪૪ કામદારોની ચકાસણી માટે હાજરી હતી તેમાંથી ૩૬૩ કામદારોએ નિવેદન આપ્યા છે. જ્યારે ૪૮૧ કામદારો જવાબ આપવા ઉપસ્થિત થયા નથી જેથી તેમની સંસ્થામાં પણ આ યુનિયનનો પુરતો હોલ્ડ નથી તો સમગ્ર અંકલેશ્વર તાલુકાની આ પ્રકારના એકમોમાં તો ૨૫ ટકા વાત રહેતી નથી.

INDEX

(૧૫) બી. આઈ. આર. એક્ટની કલમ ૧૩ મુજબ રીપ્રેઝન્ટેટીવ યુનીયન થવા માટે તે એરીયાના તેવા ઔદ્યોગિક એકમોના કુલ કામદારોના ૨૫ ટકા ઓછામાં ઓછા સભ્ય હોવા જરૂરી છે. રાજીનામું આપી જતા રહેલા કામદારોને હાજર રાખવાની જવાબદારી અરજદાર યુનીયનની છે. રજીસ્ટ્રાર તેમને ફરજ પાડી શકે નહીં. મજકૂર કાયદાની જોગવાઈ દરેકની જાણમાં હોય તેવું કાયદાનું અનુમાન છે તે છતાં જ્યારે તપાસની હકીકતથી તેઓ ૨૫ ટકા સભ્ય કુલ કામદારની સંખ્યાનું ધરાવતા ન હોઈ હુકમ કાયદેસર અને વ્યાજબી છે.

(૧૬) બી. આઈ. આર. એક્ટ નીચે ફરજ એકજ્યુ નિયન પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન તરીકે રજીસ્ટર થઈ શકે અને તેઓને બહોળા હક્ક પ્રતિનિધિત્વ કરવા આપ્યા છે. જેથી સાચું પ્રતિનિધિત્વ ધરાવતું યુનીયન તરીકે મંજુર થાય તે કામદારોના હીતમાં છે. તે પ્રમાણે પણ હુકમ ક્રમાંક ૧૩માં દર્શાવેલ ૨૫ ટકા ધરાવતું ન હોઈ અરજી રદ કરવામાં આવી તે ન્યાયી યોગ્ય તેમ વ્યાજબી છે.

(૧૭) રીસ્પોન્ડન્ટ નં. ૨ તરફે પણ એવી દલીલ કરી છે કે હુકમ કાયદેસર અને ખરો છે. અરજદાર યુનિયન મેનેજમેન્ટ તરફનું અને યોગ્ય પ્રતિનિધિત્વ તરીકે માન્યતાને પાત્ર નથી. તે યુનીયને એપ્રુવ્ડ યુનિયન તરીકેની માન્યતા માટેની અરજી પણ પરત ખેંચીલીધી છે. જ્યારે રીસ્પોન્ડન્ટ નં. ૨નું યુનિયન સમગ્ર તાલુકાના આવા એકમો માટે એપ્રુવ્ડ યુનિયન છે તેમજ રીપ્રેઝન્ટેટીવ માટે અરજી કરી છે જેથી મજકુર અરજદારની અરજી પેન્ડીંગ રહે તો કામદારોને હક્ક અપાવવા રીસ્પોન્ડન્ટ નં. ૨ની અરજી મુજબ રીપ્રેઝન્ટેટીવ યુનીયન તરીકે કામ કરી શકે નહી અને કામદારોનું શોષણ ચાલુ રહે પરંતુ જો ત્વરીત નિકાલ આવે તો તે સ્ટેટસક્વો નીકળી જાય. યુનિયન તરીકે કામ કરી શકે જેથી હાલનો હુકમ ચાલુ રાખવામાં આવે તો કામદારોને અસહ્ય નુકસાન થાય. વધુમા તેમનું કહેવું એવું છે કે તેમના સામે કોઈ મનાઈ હુકમ નથી પરંતુ સ્ટેટસક્વોના હુકમથી રીસ્પોન્ડન્ટ નંબર ૨ ને અવળી અસર થાય જેથી તેમને ખોટી રીતે જોડયા છે.

(૧૮) ટુંકમાં તેમના કહેવા મુજબ રજીસ્ટ્રાર કરેલી કાર્યવાહી કાયદેસર, ન્યાયી અને ભુલ વિનાની છે. રીવેરીફીકેશન કરવાની દાદ માગી નથી જેથી રીસ્પોન્ડન્ટ નંબર ૨ ને અસર થાય તેવો હુકમ થવો જોઈએ નહી.

(૧૯) ઉપરની તમામ દલીલો તેમજ અપીલમાં રજુ થયેલ રજીસ્ટ્રાર રૂબરૂનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ જોતાં બધા જ કામદારોના જવાબ એકજ વ્યકિતએ નોંધ્યા છે તે હકીકત બરાબર નથી. તેમજ તે કારણે હુકમમાં હસ્તક્ષેપ કરવા યોગ્ય નથી. હુકમ કાયદેસર અને ભુલ વિનાનો છે. રજીસ્ટ્રાર તેમજ સીનીયર ક્લાર્કે ગુજરાતીમાં જવાબ લીધા તેથી જવાબમા લખેલી હકીકતમા ફરક પડતો નથી. હીન્દી અગર ઈંગ્લીશ જાણતા કારીગરોને સમજાવ્યા બાદ જવાબ આપ્યા છે. જવાબ ખોટા રેકર્ડ કર્યા છે તેવું ફલિત થતું નથી.

(૨૦) અરજદાર યુનીયન એપ્રુવ્ડ યુનિયન તરીકે રજીસ્ટર કરવા અરજી કરી તે પાછી ખેંચી લીધી છે. પરંતુ તેથી હાલની અરજીને અસર થતી નથી. બી. આઈ. આર એક્ટની કલમ

INDEX

૧૩ મુજબ સમગ્ર વિસ્તારના તમામ કામદારોની સંખ્યા જોતાં અરજદાર યુનીયનની સભ્ય સંખ્યા ૨૫ ટકાથી ઓછી છે. રીપ્રેઝન્ટેટીવ યુનીયનની જવાબદારી સવિશેષ છે કારણ કે હાજર થાય તો બીજા યુનીયનને અધિકાર રહેતો નથી. વળી અરજદાર યુનીયન માલીકની ફેક્ટરીના કમ્પાઉન્ડમાંજ ઓફીસ ધરાવે છે. મુખ્ય સભ્યો બધા તેજ સંસ્થાના છે. તે છતાં જ્યારે રીપ્રેઝન્ટેટીવ યુનીયન તરીકે જરૂરી સભ્ય સંખ્યાનું બળ ન હોય તો તે અરજી માન્ય થવા પાત્ર ન હતી તે રજુ થયેલા આંકડાઓ પરથી ફલિત થાય છે.

(૨૧) વેરીફીકેશન માટે સ્ટેટમેન્ટ લેવામાં આવે તેમાં કઈ ભાષામાં સમજાવ્યું કે સ્ટેટમેન્ટ આપનારે સ્ટેટમેન્ટ આપ્યું તે લખવાની જરૂર નથી સ્ટેટની ભાષા ગુજરાતી છે. બંધ બારણે જવાબો લેવાનું રૂલ્સમાં માન્ય રાખેલ છે. જેથી અપેલન્ટની આ તકરાર પણ કંઈ તથ્ય કે સ્વીકાર્ય નથી.

(૨૨) અપીલ કરવામાં આવી છે તે હુકમ સ્પષ્ટ અને ચોક્કસ છે કે ૨૦૫ સંસ્થાઓ આ ઔદ્યોગિકમાં હતી તમામને નોટીસો મોકલાવી છે. તેમા ૧૯૮૮ના ઓગસ્ટથી ઓક્ટોબરમાં કાર્યરત હતી તેની પાસેથી જરૂરી વિગતો મંગાવી છે તે ૭૬ સંસ્થામાં ૨૫૧૯ કામદારો કામ કરતા હતા પરંતુ ૬૬૨ કામદારો જવાબ આપવા હાજર રહયા હતા. તેમાંથી ફક્ત ૧૮૯ કામદારોના એપેલન્ટ યુનીયનના સભ્ય હોવાનું કહયું છે. ૪૭૩ કામદારોએ એપેલન્ટ યુનીયનના સભ્ય નથી તેવું દર્શાવેલ છે. ૧૫૭ કામદારો જવાબ આપવા આવેલા નહીં તેમાથી કેટલાક રાજીનામા આપી છૂટા થયેલા હતા. જેથી જે જરૂરી સમય ગાળો ગણવાનો હતો તે દરમ્યાન આ ઔદ્યાગિક એકમોમાં ૨૫૧૯ કામદારો કામ કરતા હતા અને તેના ૨૫ ટકા કામદારો એપેલન્ટના સભ્ય હોય તોજ રીપ્રઝન્ટેટીવ યુનયિન તરીકે અપેલન્ટને માન્ય કરાય. આ બાબતમા બી. આઈ. આર. એક્ટની કલમ-૧૩ બહુ સ્પષ્ટ છે. જેથી ૬૬૨ કામદારો કે જેતા જવાબ આપ્યા તેના ૨૫ ટકા ઉપરાંત એટલે કે આ કામદારો સભ્યના કારણે રીપ્રેઝન્ટેટીવ તરીકે આપવાની દલીલ કાયદેસર ટકી શકતી નથી. વેરીફીકેશનના દિવસે કેટલા છુટા થયેલા છે તે જરૂરી નથી.

(૨૩) રીસ્પોન્ડન્ટ નં. ૨ નો અમલનો જવાબ તેમજ રીસ્પોન્ડન્ટ નં. ૧ એ પણ આસીસ્ટન્ટ રજીસ્ટ્રારના હુકમને સમર્થન આપતા અપીલમાં બતાવેલ કારણો ખરા નથી તેમ દર્શાવેલ છે.

(૨૪) આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર રીસ્પોન્ડન્ટ નં. ૧ ની દલીલના સમર્થનમાં બધુજ રેકર્ડ અને પ્રોસીડીંગ્સ રજુ થયેલું છે તે જોતા પણ ઉપરની હકીકત સ્પષ્ટ છે તે જણાઈ આવે છે.

(૨૫) આસીસ્ટન્ટ રજીસ્ટ્રારે વિગતો મંગાવી, સરનામા મેળવી નોટીસો વિગેરે જોતા જાણી જોઈને કોઈ વિલંબ કર્યો નથી તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૮૯ પહેલાથી કાર્યવાહી શરૂ કરી છે.

(૨૬) આમ સમગ્ર રીતે જોતાં હુકમમાં કોઈ ભુલ નથી પણ કાયદેસર છે તેમા હસ્તક્ષેપ કરવા કારણ નથી. જેથી અપીલ રદ થવા પાત્ર છે તેમજ ઈન્ટ્રીમ હુકમ વેકેટ થવા પાત્ર છે.

INDEX

હુકમ.

આથી અપીલ રદ કરવામાં આવે છે અરજદાર એપેલન્ટની અરજી રદ કરતો હુકમ માન્ય રાખવામાં આવે છે. વચગાળાનો હુકમ અમલમાં હોય તો આથી વેકેટ કરવામાં આવે છે. અપીલનો ખર્ચ રૂ. ૨૫૦/- અઢીસો એપેલન્ટ દરેક રીસ્પોન્ડન્ટ એટલે કે બન્નેને આપવો. મંગાવેલ રેકર્ડ અને પ્રોસીડીંગ્સ પરત કરવું.

વડોદરા, ૨૬મી માર્ચ ૧૯૯૧.

બી. જે. ત્રિવેદી,
સભ્ય
ઔદ્યોગિક અદાલત,
ગુજરાત રાજ્ય, વડોદરા.

અમદાવાદ, ૬ઠી ઓગસ્ટ ૧૯૯૧.

આર. કે. પરમાર,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

ઔદ્યોગિક અદાલત, અમદાવાદ દ્વારા

સુધારો

નંબર ક્રમાંક ઈ. એસ. ટી./૯૧/૧૨૮૧૮.—ઔદ્યોગિક અદાલત, વિનિયમો, ૧૯૪૭ના વિનિયમ-૧૪, અનુસાર મળેલ સત્તાની રુએ ઉનાળુ વેકેશન—૧૯૯૧ દરમ્યાન જાહેરનામાં ક્રમાંક ઈ. એસ. ટી /૧૨૦૮૮ થી તાકીદની બાબતો હાથ ધરવા તથા ફેંસલ કરવા સારૂ વેકેશન સભ્યોની નિમણુંક તેમના નામ સામે દર્શાવેલ સમયગાળા દરમ્યાન કરવામાં આવી હતી.

સદર જાહેરનામામાં અનુક્રમ નંબર ૧, શ્રી એચ. ડી. પંડયા, સામે જ્યાં વેકેશન પિરીયડ "સોમવાર તારીખ ૧૦મી જૂન ૧૯૯૧ થી રવિવાર તારીખ ૧૬મી જૂન ૧૯૯૧" (બન્ને દિવસો સહિત) દર્શાવવામાં આવેલ છે. ત્યાં "સોમવાર તારીખ ૨૭મી મે ૧૯૯૧ થી રવિવાર તારીખ ૧૬મી જૂન ૧૯૯૧" (બંને દિવસો સહિત) તેમ સુધારીને વાંચવું.

અમદાવાદ, તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૧.

માનનીય પ્રમુખશ્રીના હુકમથી,

સુ. મં. નાયક,
રજિસ્ટ્રાર,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ.

INDEX

ઔદ્યોગિક અદાલત, અમદાવાદ દ્વારા

જાહેરનામું

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક અદત/૨૨/આઈડીએ/આઈટી/૧૨૯૭૪/૧૯૯૧.—કામના ઝડપી નિકાલ માટે એ ઈચ્છનીય છે કે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મો) હેઠળની અનિર્ણિત કાર્યવાહીઓ કે જે,હાલ સુરત ખાતેના શ્રી એ. બી. પટેલના બનેલા ઔદ્યોગિક ન્યાયપંચ, સમક્ષ અનિર્ણિત છે, પરંતુ શ્રી એ. બી. પટેલ, નિવૃત્ત થયેલ હોય તેમની સમક્ષ અનિર્ણિત રહેલ તમામ કાર્યવાહીઓ સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨જી ઓગષ્ટ ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર/૧૭૦/આઈડીએ/૧૦૯૧/૩૩૨૪(એ)/મ-A૪, થી મળેલ સત્તા અન્વયે શ્રી ડી. વી. જોષીના બનેલા ઔદ્યોગિક, ન્યાયપંચ, સુરતને તબદીલ કરવી જોઈએ.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૮૯ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૮૯-૪૪-આઈડીએ-૧૦૮૬-૩૨૫૯૬-મ-૪, થી સદર ધારાની કલમ ૩૩(બી) ની પેટા કલમ (૧) હેઠળની સત્તાઓ અમુક બનાવો પુરતી પ્રમુખ, ઔદ્યોગિક અદાલત, ગુજરાતને સુપરત કરેલ છે.

તેથી હવે સદરહુ અધિનિયમની કલમ ૩૩(બી)ની પેટા કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ પ્રમુખશ્રી, ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ આથી શ્રી એ. બી. પટેલના ઔદ્યોગિક ન્યાયપંચ સુરત સમક્ષ અનિર્ણિત રહેલ તમામ કાર્યવાહીઓ પાછી ખેંચે છે, અને જાહેરનામાની તારીખથી નિકાલ કરવા માટે સુરત ખાતેના શ્રી ડી. વી. જોષીના બનેલા ઔદ્યોગિક ન્યાયપંચને આગળની કાર્યવાહી માટે તબદીલ કરે છે.

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ ૧૯૯૧.

હ. ઘી. પંડયા,
પ્રમુખ,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

I-L—707

INDEX

NOTE

The Notifications issued by the Commissioner/Assistant Commissioner under Industrial Disputes Act, 1947, published in Issue No. 34 of *Gujarat Government Gazette*, Part I-L, should be read to have been published in *Gujarat Government Gazette*, Part I-L, dated 22nd August 1991 and for pages 289 to 384 and 1 to 480 respectively, (in 6 sets) read pages Nos. 5454 to 5933.

વિજ્ઞપ્તિ

સન ૧૯૪૭ના ઔદ્યોગિક તકરાર અધિનિયમ અન્વયેના કમિશનર/મદદનીશ કમિશનર દ્વારા બહાર પાડેલ અધિસૂચનાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ I-Lમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે તે, તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૯૧ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર, ભાગ I-L ના અંક ૩૪માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના ૨૮૯થી ૩૮૪ અને ૧ થી ૪૮૦ (૬ ભાગમાં) ને પાના નંબર ૫૪૫૪ થી ૫૯૩૩ વાંચવા.

Vadodara, 22nd August 1991.

V. H. LACHANI,
Manager,
Government Press and Stationary
Department, Vadodara.

INDEX

સન-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા :

ક્રમાંક ૧ ૬/ખ/શકક/ ૨૬૯૯૬ આરયુ અધિનિયમની કલમ-૭૪ (૨) અને અને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ—(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું સુરત સીલ્ક મીલ્સ લેબર યુનિયન સુરત અને ટેક્ષ પ્રીન્ટ એન્જીનીયરીંગ પ્રા. લી. વરેલી સુરતની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના ચૂકાદાની સન-૧૯૯૦ ના જૂનુ માસનાં ૧૫મા દિને આથી નોંધ કરું છું.

શ્રી એ. બી. પટેલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ.

રેફ. (આઈ. સી.) નં. ૭/૯૦

સુરત સીલ્ક મીલ્સ લેબર યુનિયન,　　પ્રથમ પક્ષકાર
શ્રમજીવી સેવાલય.
અલંકાર ટોકીઝ પાસે, સુરત,

વિરૂદ્ધ

ટેક્ષ પ્રિન્ટ એન્જીનીરીયરીંગ, પ્રા. લી.　　બીજા પક્ષકાર
મુ. પો. વરેલી તા. પલસાણા જી. સુરત.

હાજર રહ્યા : શ્રી નરોત્તમભાઈ પટેલ　　પ્રથમ પક્ષકાર તરીકે
શ્રી એમ. ડી. પારેખ　　બીજા પક્ષકાર તરીકે

વિષય : કામદારોને કાપડ તેમજ ધોલાઈ ભથ્થું તેમજ કાયમી કરવા અંગે.

એવોર્ડ (ભાગ-૧)

આ રેફરન્સ પ્રથમ પક્ષકાર સુરત સીલ્ક મીલ્સ લેબર યુનિયનના સેક્રેટરી શ્રી નરોત્તમભાઈ પટેલે બી. આઈ. આર. એકટની કલમ ૧૩-એ અન્વયે ઔદ્યોગિક અદાલતને ચૂકાદા માટે સુપ્રત કરેલ છે. આ રેફરન્સ કરતાં પહેલાં પ્રથમ પક્ષકાર યુનિયને ફોર્મ 'એલ' માં ફેરફારની નોટીસ તા. ૧૪-૧૧-૮૯ ના રોજ આપી હતી. અને નોટીસમાં જણાવ્યા પ્રમાણે કામદારોને કાપડ તેમજ ધોલાઈ ભથ્થુ આપવા અને કેટલીક [illegible]

પક્ષકારો વચ્ચે આ માંગણીઓ બાબતે સમાધાન ન થવાથી માંગ સમાધાન અધિકારી સમક્ષ દાખલ કરી હતી સમાધાન કાર્યવાહીમાં સમાધાન ન થવાથી સમાધાન અધિકારીએ તા ૨-૬-૯૦ ના રોજ નિષ્ફળતાનું સર્ટીફીકેટ આપેલ હતુ જે આ કામે આંક-૨ થી રજુ કરેલ છે તે પછી પ્રથમ પક્ષકાર યુનિયને આ રેફરન્સ ઔદ્યોગિક અદાલતના લવાદી માટે સુપ્રત કરેલ છે. પ્રથમ પક્ષકાર યુનીયન મ્યુનિસિપલ કોર્પોરેશન અને ચોર્યાસી તાલુકાના સ્થાનિક વિસ્તારમાં રેશમ ઉદ્યોગ માટે કામદારોનું પ્રતિનિધિત્વ હક્ક ધરાવતુ યુનીયન છે, અને તે હેસીયતથી આ રેફરન્સ ઔદ્યોગિક અદાલતની લવાદી માટે સુપ્રત કરેલ છે.

(૨) પ્રથમ પક્ષકાર યુનીયને આ રેફરન્સની માગણીઓ બાબતે આંક-૬ થી માંગવાનું નિવેદન રજુ કરેલ છે. આંક-૬ ના માગવાના નિવેદનમાં પ્રથમ પક્ષકારે નીચે પ્રમાણે વિગતો રજુ કરેલ છે.

(૩) અરજદાર યુનીયન સુરત મહાનગર પાલિકા હદ વિસ્તાર તેમજ પલસાણા તાલુકા સ્થાનિક વિસ્તારમાં રેશમ કાપડ ઉદ્યોગમાં કામ કરતા કામદારો માટે પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે સામાવાળા મીલ આર ઉદ્યોગમાં પલસાણા તાલુકાના સ્થાનિક વિસ્તારમાં રેશમ કાપડ ઉદ્યોગમાં અંડર ટેકીંગ તરીકે નોંધાયેલું યુનીટ છે. અરજદાર યુનીયનના મંત્રીશ્રીએ તા. ૧૪-૧૦-૮૯ના રોજ ફોર્મ 'એલ'માં ફેરફારની માગણી કરી હતી જે માંગણીઓ નીચે મુજબ છે.

(૧) આપણી મીલમાં કામ કરતા કામદારો જેવા કે જોબર ઓઈલર, ફીટર, વાયરમેન, ટર્નર ફીટર, હેલ્પર, બોઈલર એટેન્ડન્ટ, ફાયરમેન, મજૂર, વોચમેન, ડ્રાઈવર, કન્ડક્ટર, એન્જીનીયર, જનરેટર, તથા ટેક્ષટાઈલ ઉદ્યોગમાં ઈન્ડસ્ટ્રીયલ કોર્ટે નક્કી કરેલા સિવાય બાજી કોઈ કેટેગરી બાકી રહતી હોય તો તેના કામદારોને દર બે વર્ષે બે જોડી ટેરીકોટન કાપડના યુનિફોર્મ સીવડાવીને આપવા અને તેના યોગ્ય ધોલાઈ પણ નિયમિત આપવા વ્યવસ્થા કરવી. અને તેનો અમલ તા. ૧-૧-૮૯ થી કરવો. (૨ આ મીલમાં ગોઠવવામાં આવેલ મશીનો તથા તેના ઉપર લેવામાં આવતુ કામને ધ્યાનમાં રાખી કાયમી જગ્યાઓ જેને કેટેગરી માટે નક્કી કરવા અને તે ઉપર કામ કરતાં કામદારોને કાયમી પાસ આપવા.

પ્રથમ પક્ષકારની ઉપરોક્ત માંગણીઓ અંગે સમાધાન ન થતાં તે અંગે સમાધાન અધિકારી સમક્ષ સમાધાનની કાર્યવાહી ચાલી હતી. પરંતુ ત્યાં પણ સમાધાન ન થવાથી સમાધાન અધિકારીશ્રીએ તા. ૨-૧-૯૦ ના રોજ નિષ્ફળ

... તા. ૨-૧-૯૦ ના રોજ ઉપ...

ઔદ્યોગિક તકરાર નામદાર ઔદ્યોગિક અદાલતને સુપ્રત કરવામાં આવેલ છે. અજકુર માંગણીના સમર્થનમાં પ્રથમ પક્ષકાર યુનીયનનું નિવેદન નીચે મુજબ છે.

(૪) યુનિફોર્મ આપવા બાબત : ગુજરાતના જુદા જુદા ઉદ્યોગમાં કામ કરતા કામદારોને ફેકટરી એકટના નિયમ પ્રમાણે અથવા તો પરસ્પર સમાધાન કે ઔદ્યોગિક અદાલતના એવોર્ડથી યુનિફોર્મ આપવામાં આવે છે. કેટલાક ખાતામાં કામ કરતા કામદારોને તેમના કામનો પ્રકાર જોતાં તેઓને પહેરેલા કપડાને વધુ ઘસારો લાગે છે. જલ્દી ફાટી જાય છે અને બગડે છે તે સંજોગોમાં તેઓને યુનિફોર્મ આપવાનુ આવશ્યક બન્યું છે જ્યારે અન્ય કેટલી કેટેગરીના કામદારોને કંપની તે કારખાનામાં કામદારો છે તે સહેલાઈથી ઓળખી શકાય તેવા હેતુથી યુનિફોર્મ આપે છે. આ રીતે કેટલાક કારખાનાઓમાં અમુક કામદારોને યુનિફોર્મનો લાભ મળે છે જ્યારે બીજા કેટલાક કારખાનામાં યુનિફોર્મનો લાભ આપવામાં આવે છે.

બીજા પક્ષકાર મીલ કંપનીમાં કામ કરતા કેટેગરીના કામદાર તેને બીજા પક્ષકારે સ્વેચ્છાએ યુનિફોર્મ આપવાનું ઘણાં વખતથી શરૂ કરેલુ છે. જ્યારે અન્ય કેટેગરીના કામદારોને યુનિફોર્મ ન આપવાથી તેઓમાં અસંતોષ લાગણી ફેલાયેલી છે જે કામદારોને યુનિફોર્મ ન આપવામાં આવતા હતા તે કામદારો આ લાભ વંચિત રાખવા માટે કોઈ વ્યાજબીકરણ ન હતું આ કામદારો માટે જ્યારે માંગણીથી કરવામાં આવી ત્યારે બીજા પક્ષકારે જેઓને લાંબા સમયથી યુનિફોર્મનો લાભ આપવામાં આવતો હતો તેઓને પણ કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા સિવા યુનિફોર્મ આપવાનું બંધ કર્યું છે. આમ તે લાભથી વંચિત કરવામાં આવ્યા છે.

ઉપરના સંજોગોમાં બીજા પક્ષકારના કારખાનામાં કામ કરતા તમામ કામદારોને દર વરસે ટેરીકોટનના બે જોડી યુનિફોર્મ આપવા આ માંગણી કરવામાં આવી છે. યુનિફોર્મ તરીકે હાફશર્ટ કે બુશર્ટ અને આખુ પેન્ટ આપવુ જોઈએ.

કારખાનામાં કામ કરતા કામદારને જ્યાં જ્યાં યુનિફોર્મ આપવામાં આવે છે, ત્યાં ત્યાં તેમને યોગ્ય ધોલાઈ ભથ્થું પણ આપવામાં આપવામાં આવે છે. કારણ કે ફક્ત બે જોડી યુનિફોર્મ આપવામાં આવે તે યુનિફોર્મ સ્વચ્છ રાખવામાં આવે તે માટે તેને દર માસે યોગ્ય રકમ ધોલાઈ ભથ્થા તરીકે આપવી [illegible]

ધોલાઈ ભથ્થા યુનિફોર્મ [illegible]

INDEX

કાયમી પાસ આપવા બાબત : કારખાનામાં જે મશીનો ગોઠવવામાં આવ્યા છે અને જે નિયમિત ચલાવવામાં આવે છે, તેમ છતાં તે મશીન ઉપર કામ કરતા કામદારોને તથા તે ખાતાના તે મશીનો ચાલુ રાખવા માટે અન્ય કેટેગરીના જરૂરી કામદારોને કાયમી પાસ આપવામાં આવતો નથી. તે સંજોગોમાં સૌ પ્રથમ હાલ જે કામની પદ્ધતિ અપનાવવામાં આવી છે તે કામની પદ્ધતિને ધ્યાનમાં રાખી જુદી જુદી કેટેગરીના જરૂરી કામદારોને કેટેગરી પ્રમાણે પ્રત્યેક પાળી માટે કાયમી સંખ્યા બળ નક્કી કરવું જોઈએ. સંખ્યા બળ નક્કી કર્યા પછી જેને કેટેગરીમાં કામ કરતા કામદારોને કાયમી બનાવવા જોઈએ.

(૫). માંગણી નં-૧ યુનિફોર્મ અને ધોલાઈ ભથ્થું આપવા બાબતે બીજા પક્ષકાર કંપનીએ આંક-૯ ની રજુ કરેલ જવાબ નીચે પ્રમાણે હકિકતો જણાવેલ છે. આ રેફરન્સ કાયદેસર નથી. અને તે બી.આઈ આર. એક્ટ હેઠળ ચાલી શકતો નથી અને તેથી તે રદ થવાને પાત્ર છે. આ રેફરન્સ ચલાવવા સાંભળવા અને તે બાબત નિર્ણય કરવા નામદાર કોર્ટને હકુમત નથી. અને તેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે, માંગણાના નિવેદનના માંગણી નં-૧ ના કથનો યુનિયન સાબિત કરવા જોઈએ માગણીના નિવેદનના પેરા-૨ ના કથનો પણ યુનિયને સાબિત કરવા જોઈએ પેરા-૩માં જણાવેલ ફોર્મ 'એલ' માં જણાવ્યા મુજબના ફેરફારની માંગણી કર્યાનું કથન તથા માંગણીના નિવેદનના પેરા-૪માં જણાવેલ વિગતની માંગણી કર્યાનું કથન બાબત તકરાર નથી.

માંગણાના નિવેદનના પેરા-૫ ના કથનો પૈકી યુનીયનની સંસ્થાના કામદારોને યુનિફોર્મ આપવાની તથા ધોલાઈ ભથ્થા તથા છ માસ ઉપરાંતથી નોકરી કરનાર કામદારોને કાયમી પાસ આપવાની માંગણી ઈન્ડસ્ટ્રીયલ કોર્ટને યુનીયને ન્યાય નિર્ણય માટે સુપ્રત કર્યાનું કથન ખરૂં છે અને તે સિવાયના મજકુર પેરાના કથનો બાબત બીજા પક્ષના સંસ્થાને જાણકારી નથી. અને તે કબુલ નથી.

માંગણાના નિવેદનના પેરા-૬ના કથનો પૈકી કેટલાક મઘમ, કેટલાક પાછા ફેર અને બાકીના કથનો ખોટા હોવાથી કબુલ નથી. યુનીયને મજકુર પેરામાં ગુજરાતમાં જે ઉદ્યોગમાં સમાધાન યા ઔદ્યોગિક અદાલતના ચુકાદાથી યુનિફોર્મ અપાવ્યા હોય તેવા ઉદ્યોગોના નામ તથા કામદારોની કેટેગરીના નામ પણ આપ્યા નથી અને ગુજરાતના જુદા જુદા ઉદ્યોગોનો ઉલ્લેખ કરી તેમાં કેટલાંક કામદારોને યુનિફોર્મ અપાવ્યા હોવાનું વિગેરે કથનો લખ્યા છે. તે મઘમ, અસ્પષ્ટ અને ખોટા હોવાથી કબુલ નથી. એટલું જ નહિ પરંતુ કારખાના ધારો

કરવામાં આવી હોય તેવા ઉદ્યોગ અને કામદારોની કેટેગરીના નામ પણ જણાવ્યા નથી અને તેવા ઉદ્યોગની કામગીરીનો પ્રકાર પણ જણાવેલ નથી. અને તેથી યુનીયનનું ફેક્ટરીઝ એક્ટ હેઠળ ચાલતાં કેટલાક ઉદ્યોગમાં યુનિફોર્મ આપવાની જોગવાઈ હોવાનું વિગેરે કથનો પણ અસ્પષ્ટ અને અને મોઘમ તેમજ ખોટા હોવાથી કબુલ નથી યુનીયને મજકુર પેરામાં કેટલાક ખાતાઓનો મોઘમ ઉલ્લેખ કરી તેવા કહેવાતા ખાતાઓમાં કામ કરતા કહેવાતા કારીગરોને કહેવાતા કામનો પ્રકાર જોતાં તેઓને પહેરેલા કપડાને વધારે ઘસારો લાગતા હોવાનું યા જલ્દી ફાટતા હોવાનું અને તેથી કહેવાતા કામદારોને યુનિફોર્મ આપવાનું આવશ્યક બન્યાનું વિગેરે કથનો ખરા નથી અને તેનો ઈન્કાર કરવામાં આવે છે કેટલાક કામદારોને સહેલાઈથી એ જાણી શકાય તે માટે કંપની યુનિફોર્મ આપતી હોવાનું ખોટું હોવાથી કબુલ નથી. વળી અમુક કામદારોને જે યુનિફોર્મનો લાભ મળતો હોવાનું જ્યારે બીજા કેટલાક કારખાનાઓમાં યુનિફોર્મનો લાભ આપવામાં આવતો હોવાનું વિગેરે કથનો અસ્પષ્ટ મોઘમ, અને ખોટા હોવાથી કબુલ નરી.

માગણીના નિવેદનો પૈકી પેરા-૭ના કેટલાક કામનો પાઠોહેર અને બાકીના ખોટા હોવાથી કબુલ નથી. કંપનીએ કેટેગરીના કામદારોને સ્વેચ્છાએ યુનિફોર્મ આપવાનું શરૂ કર્યાનું અને અન્ય કેટેગરીના કામદારોને યુનિફોર્મ નહિ આપ્યાથી તેઓના કહેવાતો અસંતોષની લાગણી ફેલાયાનું યા કેટલાક કહેવાતા કામદારોને લાભથી વંચિત રાખ્યાનું આને માટેના કારણો ન હોવાનું યા કંપનીએ કેટલાક કામદારોને યુનિફોર્મ આપવાનો લાભ બંધ કર્યા વિગેરે કથનો ખોટા હોવાથી કબુલ નથી.

નિવેદનના પેરા-૮ અને ૯માં કંપનીના તમામ કામદારો માટે બે જોડી યુનીફોર્મ સીવડાવીને આપવાની માંગણી તથા તે માટે ધોલાઈ ભથ્થુ આપવાની માંગણી કાયદેસર ન્યાયી અને વ્યાજબી નથી અને તેથી તે રદ થવાને પાત્ર છે.

ખરી હકિકત એવી છે કે, બીજા પક્ષનાની સંસ્થા સુરત ટેક્ષટાઈલ્સ મીલ્સ લી. વગેલી મુકામે તા ૧-૫-૮૬ થી શરૂ કરવામાં આવેલી. બીજા પક્ષનાની આર્ટસિલ્ક યા સીન્થેટીક યાર્નનું ટવીસ્ટીંગ અપવીસ્ટીંગની કામગીરી કરવામાં આવે છે. સુરત શહેર તથા ઉધના સચિન વિસ્તારમાં આર્ટસીલ્ક યા સીન્થેટીક યાર્નનું ટવીસ્ટીંગ, વાઈન્ડીંગ વેપીંગ સાઈઝીંગ અલગ અલગ રીતે કરનારા સેંકડો યુનિટો આવેલા છે તેમજ મજકુર વિસ્તારમાં આર્ટસીલ્ક યા સન્થેટીક કાપડનું વીવીંગ, વાઈન્ડીંગ, વેપીંગ, ટવીસ્ટીંગ કરનાર કંપોઝીટ યુનીટો પણ

સેંકડોની સંખ્યામાં આવેલા છે. તે એ રીતે દેશની જરૂરિયાતનું ચોથા ભાગનું આર્ટસિલ્ક યા સીન્થેટીક કાપડનું ઉત્પાદન સુરત શહેર ઉધના સચિન વરેલી વિગેરે કેન્દ્રોમાં આવેલા યુનિટોમાં થાય છે. અને તે માલના વેચાણ માટે સુરત ટેક્ષટાઈલ્સ માર્કેટ, બે.એમે માર્કેટ, જે. જે. માર્કેટ વિગેર વિશાળ માર્કેટો પણ સુરત શહેરમાં આવેલાં છે. આર્ટસિલ્ક યાર્નનું ટવીસ્ટીંગ તથા અપટવીસ્ટીંગ યા વાઇન્ડીંગ, વોર્પીંગ કે સાઈઝીંગ કરનાર અલગ અલગ યુનિટોમાં કામ કરતા કામદારોને હકિકતમાં યુનિફોર્મ અપાતા નથી. તથા ધોલાઈ ભથ્થુ અપાતુ નથી. તેમજ તેવા યુનિટોમાં કામ કરતાં કામદારોને યુનિફોર્મ આપવાની તથા ધોલાઈ ભથ્થું આપવાની માંગણી નામદાર ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ યા ઇન્ડસ્ટ્રીયલના એવોર્ડ કે સમાધાન યા કરારથી નક્કી થઈ નથી. વળી મજકુર વિસ્તારમાં આવેલા આર્ટ-સિલ્ક યા સીન્થેટીક કાપડનુ ઉત્પાદન કરનાર સેકંડો યુનિટો પૈકી કોઇપણ યુનિટમાં આ પ્લાન્ટમાં કામ કરતા કામદારોને યુનિફોર્મ આપવાની તથા ધોલાઈ ભથ્થું આપવાની માંગણી ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ યા ઇન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલના એવોર્ડ યા સમાધાન વડે કરારથી નક્કી થઈ નથી, વળી ઉપર જણાવેલ પ્રિપેરેટરી પ્રોસેસ કરનાર તથા વવીંગ વાઇન્ડીંગ, વોર્પીંગ, ટવીસ્ટીંગ, સાઇઝીંગ કરનારા કંપોઝીટ યુનિટ પૈકી કોઈમાં પણ કામદારોની કાયમી સંખ્યા યા તેમને કાયમી પ.સ. આપવા માટે કોઇપણ એવોર્ડ કે સમાધાન યા કરાર અસ્તીત્વ ધરાવતા નથી સિલ્ક ટેક્ષટાઇલ્સ ઈન્ડસ્ટ્રીઝના પ્રિપેરેટરી પ્રોસેસીઝ જેવા કે આર્ટસિલ્ક યા સીન્થેટીક યાર્નનું વાઈન્ડીંગ વોર્પીંગ, ટવીસ્ટીંગ, અપવીસ્ટીંગ, સાઇઝીંગ કરનાર યુનિટોમાં કામ કરતાં કામદારો માટે યુનિફોર્મ આપવા તથા ધોલાઇ ભથ્થું આપતા અને દરેક કેટેગરીના કામદારોને કાયમી સંખ્યા નક્કી કરવાનુ સમગ્ર ઉદ્યોગ અને પ્રદેશ માટે એટલે સુરત શહેર અને પલસાણા તાલુકા તથા સચિન વિસ્તારના આવેલા હજારો પ્રિપેરેટરી યુનિટોના કામદારો માટે એકસરખી નોકરીની શરતો જળવાઈ અને ઉદ્યોગના પ્રિપેરેટરી પ્રોસેસના જુદાજુદા એકમો વચ્ચે કામ-દારોની નોકરાની શરતો અંગે કોઈ ભેદભાવ રહે નહિં ઉપર જણાવેલ સિદ્ધાંતના સુપ્રીમકોર્ટે ૧૯૫૮ થી દરેક ઉદ્યોગ અને તેના વિભાગો માટે પાયાના સદ્ધંત તરીકે સ્વીકાર્યો છે. અને દેશની ઔદ્યોગિક અદાલતો, હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટ છેલ્લા ૩૨ વર્ષથી તે સિદ્ધાંતનુ પાલન કરી ચુકાદાઓ આપેલા છે. તેથી યુનિયને સુરત શહેર, ચોર્યાસીતાલુકા અને પલસાણા તાલુકામાં આવેલા સીલ્ક ટેક્ષટાઇલ્સ ઈન્ડસ્ટ્રીઝના પ્રીપેરેટરી પ્રોસેસ કરનારા તમામ એકમોમાં કામ કરતા જુદી જુદી કેટેગરીના કામદારો માટે યુનિફોર્મ તથા ધોલાઈ ભથ્થુ મેળવવાની તથા તમામ એકમો માટે કાયમી કામદારોની સંખ્યા નક્કી કરવા તથા કાયમી પાસ આપવાની માંગણી કરવી જોઈએ પરંતુ તેમ કરવાને બદલે નામદાર સુપ્રીમકોર્ટ તથા ઉદ્યોગ તથા

INDEX

પ્રદેશના ઘણાં લાંબા સમયથી પ્રસ્થાપિત કરેલા અને સ્વીકારેલ સિદ્ધાંતની ધરાર અવગણના કરી બીજા પક્ષકારની સંસ્થા ચાર-પાંચ એકમો માટે મજકુર માંગણી કરી છે તે કાયદેસર અને ન્યાયી, વ્યાજબી નથી તેથી તે રદ થવાને પાત્ર છે. કોઈપણ સંજોગોમાં મજકુર માંગણીઓ ઉદ્યોગના એકમદીઠ કરી શકાય એવું ઠરાવવામાં આવે તો પણ બીજા પક્ષનાની રજુઆત તથા હકિકત તથા હકિકત એવી છે કે કારખાનાના ધારા હેઠળના નિયમ હેઠળ જણાવેલ જોખમકારક ઉદ્યોગ જેવાં કે હવામાં ભારે દબાણથી ભરાતા એરેટેડ વોટર્સ, વિદ્યુત પ્રવાહથી રાસાયણિક પદાર્થોનું વિઘટન કરવામાં આવે યા વિદ્યુત પ્રવાહથી રાસાયણિક પદાર્થોનું વિઘટન કરી કણો ચોંટાડવાની પ્રક્રિયા કરવામાં આવતી હોય, યા ધાતુના ક્રોમીક તેજાબ, ક્રુમીયમ કંપાઉન્ડ દ્વારા ઓક્ષીડેશન કરવામાં આવતું હોય યા ઈલેક્ટ્રીક એક્યુમ્યુલેટર્સની ઉત્પાદન પ્રક્રિયા રાપેર્સ કરવામાં આવતી હોય કે પ્રકાશ બનાવવાની પ્રક્રિયા હોય કે ધાતુને ચળકાટ આપવાની કે ગ્રાઈન્ડીંગની પ્રક્રિયા હોય કે, બીજું ઉત્પન્ન કરવાની પ્રક્રિયા યા જોખમકારક પેટ્રોલિયમમાંથી ગેસ ઉત્પન્ન કરવાની પ્રક્રિયા યા હવા કે વરાળના દબાણથી ધડાકા કરી હોઈ ચીજવસ્તુઓના ભાગ, સપાટી ધાતુ શેટ છુટા પાડવાની પ્રક્રિયા વિગેરે જોખમકારક પ્રક્રિયાઓમાં રોકાયેલા કેટલાક કામદારોને તેવી પ્રક્રિયા દરમિયાન સાનવીય અંગ આવી પ્રક્રિયા ચાલુ હોય ત્યારે સંપર્કમાં આવતાં તેને નુકશાન થવાનો આ નષ્ટ થવાનો સંભવ હોય ત્યારે તેવા કામદારોને શારીરિક ઇજા યા નુકશાન ન થાય તે માટે સલામતીના હેતુસર કપડાં, મોજા યા અન્ય સાધનો આપવાનું કારખાના ધારા હેઠળ ફરજીયાત બનાવવામાં આવેલ છે બીજા પક્ષકાર કંપનીના યુનીટમાં ટવીસ્ટીંગ ઓપરેટરો, અપટવીસ્ટીંગ, ઓપરેટરો, વાયરમેન, ટર્નર, ફીટર, વોચમેન, એન્જીનીયર, ઝાડુવાળા વિગેરે કેટગરીમાં કુલ્લે લગભગ ૯૨ કામદારો કામ કરતા આવ્યા છે. અને તે પૈકી ૧૦ કામદારો કાયમી જ્યારે બાકીના પૈકી ૧૧ બદલી કામદારો અને ટ્રેઈની યાને અજમાઈશથી યા શીખાઉ છે. આ તમામ કામદારો જોખમકારક પ્રક્રિયામાં કામ કરતા નથી અને કામ કરતી વખતે તેમના કપડા યા શારિરીક અંગે કોઈપણ પ્રકારની જોખમકારક પ્રક્રિયા સામે સંપર્કમાં આવતાં નથી અને તેને કારણે તેમના પહેરેલા કપડા ઘસાવાની ફાટવાની યા શારિરીક અંગે ઇજા યા નુકશાન થવાની કોઈ સંભાવના નથી એટલું જ નહિ બીજા પક્ષનાની યુનીટમાં કામદારોના કપડાં કામકાજ દરમિયાન ફાટતાં નથી યા તેને ઘસારો પહોંચતો નથી. આમ છતાં બીજા પક્ષના કંપની તેઓના કામદારો પૈકી ફીટર તથા વોચમેનની કેટેગરીમાં કામ કરતા કામદારોને યુનિફોર્મ યા શર્ટ પેન્ટની એક્જોડી પોતાને ખર્ચે સીવડાવીને કંપની આપે છે. તે સિવાયના કામદારો જોખમ-

INDEX

કારક પ્રક્રિયાના સંપર્કમાં આવતી નથી. અને તેને કારણે તેમને કપડાનો ઘસારો પહોંચતો નથી યા ફાટી જતાં નથી યા શારીરીક ઈજા થતી નથી. અને ઉપર જણાવેલ કેટેગરી સિવાયના કામદારોની કામગીરીને કારણે તેમને શારીરિક ઈજા થતી નથી. તેમજ કપડાં ફાટતા નથી. જેથી ઉપર જણાવેલ કેટેગરી સિવાયના કામદારોને યુનિફોર્મ તથા ધોલાઈ ભથ્થું આપવાની માંગણી ગેરવ્યાજબી અને ગેરકાયદેસર હોવાથી તે રદ થવાને પાત્ર છે. વળી યુનિયને જણાવેલ તમામ કેટેગરીના કામદારો કંપનીમાં કામ કરતાં નથી. અને કંપનીના તમામ કામદારો માટે યુનિફોર્મ આપવાની તથા ધોલાઈ ભથ્થું આપવાની માંગણી મંજુર કરવામાં આવે તો તેથી કંપની પર અસહ્ય એવો વધારાનો આર્થિક બોજો પડે તેમ છે. વળી યુનીયને કંપનીના કામદારો માટે પગાર ધોરણ અલગ મોંઘવારી વિગેરે મેળવવા માંગણીઓ કરેલી છે અને તેનો વિવાદ નામદાર ઈન્ડસ્ટ્રીયલ કોર્ટમાં ચાલુ છે અને તેવા પગારમાં કામદારની મુળ જરૂરિયાત તરીકે ૨૦ મીટર કાપડની કિંમત પગારનો મુળ દર નક્કી કરતી વખતે લક્ષમાં લેવાની હોય છે, તેથી પણ મજકુર માંગણી રદ થવાને પાત્ર છે

(૬) આંક-૧૧થી પ્રથમ પક્ષકારના સેક્રેટરીશ્રી નરોતમભાઈ પટેલે એફીડેવીટ રજુ કરેલ છે. એફીડેવીટમાં સોગંદ પુર્વકશ્રી નરોતમભાઈ પટેલે નીચે મુજબ રજુ કરેલ છે. પ્રથમ પક્ષકાર સુરત શહેર અને ચોર્યાસી તાલુકામાં આવેલ રેશમ વણાટના ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું બી. આઈ. આર. એક્ટ હેઠળ પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે. અને તેનો હું મંત્રી છું. બીજા પક્ષના પલસાણા તાલુકામાં વરેલી મુકામે આવેલ રેશમ વણાટ ઉદ્યોગમાં નોંધાયેલ અંડર-ટેકીંગ છે. બીજા પક્ષનાની સંસ્થામાં ફીટર, ટર્નર, વેલ્ડર, બોઈલર એટેન્ડન્ટ, ફાયરમેન, ફાયરમેન થર્મોપેક, ઓપરેટર, વાયરમેન ઇલેક્ટ્રીશન, જોબર, આસી. જોબર, પર્નવાઇન્ડીંગ જોબર વીવીંગ જોબર, વાર્પીંગ જોબર, વોચમેન, જમાદાર ડ્રાઈવર, ક્લીનર, એસો પ્લાન્ટ ઓપરેટર, પટાવાળા વાયરમેન, હેલ્પર, ટર્નરહેલ્પર વેલ્ડર હેલ્પર, ઝાડુવાળા, બોઈલર, લીડર. અને મશીન પર કામ કરતાં એન્જીનીયરની કેટેગરીઓ પૈકી હાલમાં જે અસ્તીત્વ ધરાવતી કેટેગરી હોય અને એવી અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતાં તમામ કામદારોની કામગીરી દરમ્યાન એમના કપડાં ઘસાઈ જાય છે. ડાઘા પડે છે. ખરાબ થાય છે તેથી તેવા અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતાં તમામ કામદારોને કંપની દર વર્ષે એપ્રીલ માસમાં તા. ૧૫મી, સુધીમાં ટેરીકોટનના બે જોડી ફુલપેન્ટ અને ટેરીકોટનના ૨ જોડી અર્ધ બાંયવાળા શર્ટ પોતાના ખર્ચે સીવડાવીને આપે એવો એવોર્ડ થવાની જરૂર છે. ચાલુ વરસે એવા કામદારોને તા ૧૫-૫-૯૦થી એવા યુનીફોર્મ મળે

એવો એવોર્ડ થવાની જરૂર છે. બીજા પક્ષકારના વિદ્વાન વકીલશ્રી આંક–૧૧ની એફીડેવીટ પર એફીડેવીટ જોઈ. નોંધ લીધી છે. એવો શેરો કરી સહી કરેલ છે. બીજા પક્ષકાર કંપનીના એડવોકેટે બીજા પક્ષકાર કંપનીની કાઉન્ટર એફીડેવીટ કરેલ નથી. તેમજ એફીડેવીટ કરનારની ઉલટ તપાસ કરેલ નથી. તે ઉપરાંત આંક–૧૦ થી કંપનીના વિદ્વાન વકીલશ્રી એમ. ડી. પારેખે રજૂઆત કરેલ છે કે, આ કામમાં યુનિયને એની દલીલમાં જણાવેલ મીલ્સ કંપનીઓના જે કામદારોની કેટેગરી માટે યુનિફોર્મની માંગણી કરેલી છે તેમાં મશીન પર કામ કરતાં એન્જીનીયરોમાં મશીન રીપેર કરનાર એન્જીનીયરોનો સમાવેશ કરવા અરજ છે, અને અને મીલ કંપનીઓમાં કામ કરતાં કામદારોમાં ડિમ્પીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરો સિવાયના કામદારોને યુનીફોર્મ આપવામાં આવે તેમાં મીલ કંપનીને વાંધો નથી. ડિમ્પીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરોની કામગીરી દરમ્યાન તેમના કપડા ઘસાતા યા ફાટતા નથી જેથી ડિમ્પીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરોએ યુનીફોર્મ મળી શકે નહિં. જે સંસ્થામાં જે કેટેગરી અસ્તીત્વ લગાવતી ન હોય તેને યુનિફોર્મ મળી શકે નહિં.

(૭) મે પ્રથમ પક્ષકાર તરીકે શ્રી નરોત્તમભાઈ પટેલ તથા બીજા પક્ષકાર તરીકે શ્રી એમ. ડી. પારેખને સાંભળ્યા. શ્રી નરોત્તમભાઈ પટેલે મારી સમક્ષ રજુઆત કરેલ છે કે યુનિફોર્મ અને ધોલાઈ ભથ્થાની માંગણી બાબતે ભાગ–૧ એવોર્ડ કરવા વિનંતી છે. તેમને રજુઆત કરેલ છે કે. બીજા પક્ષકાર કંપનીમાં કામ કરતા કામદારો જેવા કે, ફીડર, ટર્નર વેલ્ડર, બોઈલર એટેન્ડન્ટ, ફાયરમેન, ફાયરમેન, થર્મોપેક ઓપરેટર, વાયરમેન, ઇલેકટ્રીશન, જોબર, આસી. જોબર, પર્ન વાન્ડીંગ જોબર, વીવીંગ જોબર, ફોલ્ડીંગ જોબર, વાયરમેન, જમાદાર, ડ્રાઇવર, કલીનર, એ. સી. પ્લાન્ટ, ઓપરેટર, પટાવાળા, વોચમેન, હેલ્પર ફીટર હેલ્પર ટર્નર હેલ્પર વેલ્ડર હેલ્પર, ઝાડુવાળા, ઓઇલ લીડર અને મશીન પર કામ કરતાં એન્જીનીયરની કેટેગરીઓ પૈકી હાલમાં જે અસ્તીત્વ ધરાવતી કેટેગરી હોય અને એને એવી અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતાં તમામ કામદારોની કામગીરી દરમ્યાન એમના કપડાં ઘસાઇ જાય છે. ડાઘા પડે છે. અને ખરાબ થાય છે અને ખર્ચ થાય છે. તેથી અસ્તિત્વ ધરાવતી કેટગરીમાં કામ કરતાં તમામ કામદારોને કંપની દર વર્ષે એપ્રીલ માસમાં તા. ૧૫મી સુધીમાં ટેરીકોટનના બે જોડી ફુલ પેન્ટ અને ટેરીકોટનના ૨ જોડી અર્ધબાંય વાળા શર્ટ પોતાના ખર્ચે શીવડાવી આપે એવો એવોર્ડ થવા અરજ છે. ચાલુ વર્ષે આવા કામદારોને તા. ૧૫–૫–૯૦ થી એવો યુનિફોર્મ મળે એવા એવોર્ડ થવાની જરૂર છે.

(૮) કંપનીના વિદ્વાન એડવોકેટશ્રી એમ. ડી. પારેખ રજુઆત કરેલ છે કે, કંપનીમાં કામ કરતાં ડિમ્પીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરને યુનિફોર્મ મળી શકે નહિ. તેમજ ધોલાઈ ભથ્થુ આપવાનો ટેક્ષટાઈલ ઉદ્યોગમાં રિવાજ નથી એટલે ધોલાઈ ભથ્થું આપવાનું રહેતું નથી. તે સિવાયના કામદારોને યુનીફોર્મ આપવામાં આવે તેમાં મીલ્સ કંપનીને વાંધો નથી. તે સિવાય બીજી કોઈ રજુઆત કરેલ નથી. આથી હું એવા નિર્ણય પર આવું છું કે પ્રથમ પત્રકાર યુનિયનના મંત્રીશ્રી નરોતમભાઈ પટેલે તેમની એફીડેવીટ આંક-૧૧ માં જેજે કેટેગરીના કામદારો માટે યુનિફોર્મ માંગેલ છે તે તે કેટેગરીવાળા કામદારોને દર વર્ષે એપ્રીલ માસમાં ૧૫મી તારીખ સુધીમાં ટેરીકોટનના બે જોડી ફુલ પેન્ટ અને અને ટેરીકોટનના બે જોડી અર્ધ બાંયવાળા બુશર્ટ આપવામાં આવે તેવી માંગણી સામાવાળા મીલકંપની મંજુર રાખે છે આથી તે પ્રમાણે એવોર્ડ ભાગ ૧માં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. ટેક્ષટાઈલ ઉદ્યોગમાં ધોલાઈ ભથ્થુ આપવાનો રિવાજ એટલે ધોલાઈ ભથ્થાની માગણી નામંજુર કરવામાં આવે છે.

હુકમ

બીજા પક્ષકાર કંપનીને હુકમ કરવામાં આવે છે કે. એફીડેવીટ આંક-૧૧માં જણાવેલ કેટેગરીવાળા કામદારોને સામાવાળા કંપનીએ દર વર્ષે એપ્રીલ માસમાં તારીખ ૧૫ મી સુધીમાં ટેરીકોટનના બે જોડી ફુલ પેન્ટ, અને બે જોડી અર્ધ બાંયવાળા શર્ટ પોતાના ખર્ચે સીવડાવી આપવા. જોઈએ. અને આ માંગણીનો અમલ તા. ૧ ૪ ૯૦ થી કરવાનો અને ૧૯૯૦ ના વર્ષ માટે યુનિફોર્મ કામદારોને તા. ૧૫-૫-૯૦ સુધીમાં આપી દેવામાં આવે તેવો હુકમ કરવામાં આવે છે ફક્ત ડિમ્પીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરોને યુનિફોર્મ આપવાનો નથી. ધોલાઈ ભથ્થુ આપવાનું નથી. આ એવોર્ડ ભાગ-૧ થી માગણી નં-૧ નો નિકાલ કરવામાં આવે છે. ખર્ચ બાબતે કોઈ હુકમ કરવામાં આવતો નથી. આ એવોર્ડની નકલ પક્ષકારોને મળે તે તારીખથી અથવા

તા. ૧૫ ૫-૯૦ બંન્નેમાંથી જે વહેલું હોય તે તારીખથી અમલ કરવાનો છે. આ રેફરન્સની હવે પછીની સુનાવણી તા. ૧૩-૬-૯૦ની રોજ રાખવામાં આવે છે.

સહી
પી. આર પુરસનાણી
અધ્યક્ષ
તા. ૫-૫-૯૦

સહી
એ. બા. પટેલ
સભ્ય
ઔદ્યોગિક અદાલત સુરત

INDEX

સહી

એ. આઈ. શેખ,

સહાયક સંઘ નિબંધક,

ઔદ્યોગિક અદાલત, સુરત

અમદાવાદ.

તા. ૧૫-૬-૯૦

અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ૬/ખ/શમક/૨૬૯૯૭ બારયુ/સને-૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂઈએ હું મજુર મહાજન સંઘ અમદાવાદ અને મિહિર ટેક્ષટાઈલ્સ લી. અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડાની સન-૧૯૯૦માં જુન માસમાં ૧૫મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એચ. ડી. પંડ્યા, સભ્ય રૂબરુ.

રેફરન્સ (આઈસી) નં. ૮૧/૯૦

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ ... પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

મીહીર ટેક્ષટાઈલ્સ લિ., અમદાવાદ ... બીજા પક્ષકાર

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ

મીલ કંપની તેના ઓટોમેટીક શાળ અને પર્ન વાઈન્ડીંગ ખાતા કારીગરોને વારાફરતી અઠવાડિક રજા આપી સાતેય દિવસ ચલાવવા માંગે છે તે અંગે.

INDEX

ચુકાદો ભાગ-૧

૧. હાલનો રેફરન્સ બીજા પક્ષકાર મીલ કંપનીએ સંધને તા. ૬-૧૧-૮૯ ના રોજ બી. આઈ. આર. એક્ટની કલમ ૪૨(૧) મુજબની તેના ઓટોમેટીક શાળ ખાતા અને પર્ન વાઈન્ડીંગ ખાતા કારીગરોને વારાફરતી અઠવાડિક રજા આપીને અઠવાડિયાના સાતેય દિવસ ચલાવવા માંગે છે તે અંગેની ફેરફારની સૂચના આપેલ છે, તે પરથી ઉપસ્થિત થયેલો છે.

૨. આ રેફરન્સમાં બંને પક્ષકારોએ સંયુક્ત રીતે તેમના વચ્ચે થયેલ સમાધાન આંક-૫થી રજુ કરીને તે મુજબ પાર્ટ-૧નો એવોર્ડ આપવા માટે વિનંતી કરી છે. સદરહુ આંક-૫ની સમાધાનની શરતો ન્યાયી અને વ્યાજબી જણાય છે, આથી તે મુજબ ભાગ-૧નો ચુકાદો આપવાનો રહે છે. જેથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. બંને પક્ષકારોએ આંક-૫ની સમાધાનની શરતો મુજબ વર્તવાનું રહેશે. આંક-૫ના સમાધાનની એક નકલ આ હુકમ સાથે રાખવી. અન્ય માંગણીઓ અંગે આ રેફરન્સ આગળ ચલાવવા માટે રાખવો. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

રેફરન્સ નંબર (આઈ. સી.) ૮૧ સન ૧૯૯૦

ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન — પ્રથમ પક્ષકાર
અમદાવાદ

વિરુદ્ધ

મીહીર ટેક્ષટાઈલ લીમીટેડ — દ્વિતીય પક્ષકાર
અમદાવાદ

પક્ષકારો વચ્ચે ઉપરોક્ત નંબરના રેફરન્સમાં સમાધાન થયેલ છે. આ સમાધાનની શરતો નીચે મુજબ છે. પાર્ટ-૧ એવોર્ડ આપવા વિનંતી છે.

સમાધાનની શરતો

(૧) મીલ્સ કંપની તેના ઓટોમેટીક શાળખાતાની ૬૦ એરજેટ લુમ્સ ત્રણેય પાળીમાં અઠવાડિયાના સાત દિવસના ધોરણે ચલાવશે.

INDEX

(૨) એગ્રીમેન્ટ મુજબના કારીગરો વારાફરતી રજા ભોગવશે. અને તેમને તેમની માસિક કુલ કમાણી ઉપર (ઘરભાડા સાથે) ૪ ટકા પગાર વધારો આપવામાં આવશે, આ પગાર વધારો ઉપર અન્ય લાભો જેવા કે પ્રો. ફંડ ગ્રેજ્યુટી, બોનસ હક્કરજા, ઈ. એસ આઈ. વગેરે આપવામાં આપવામાં આવશે.

(૩) અનિવાર્ય સંજોગોમાં અને વીજળી કાપ હોય ત્યારે જનરેટરથી અઠવાડીયાના સાત દીવસના ધોરણે ચલાવવામાં આવશે. જનરેટર તીપેરીયડમાં હોય ત્યારે જો છ દિવસની કામગીરી ૭ દિવસ પુરતી રહેશે તો પગાર સાત દિવસના ધોરણે કલમ ૨ મુજબનો પગાર વધારો આપવામાં આવશે. અને ૭ દિવસની કામગીરી ૭ દિવસ કરતાં વધારે સમય ચાલે તો કલમ ૨ મુંજબનો વધારો મેળવવા હક્કદાર રહેશે નહિ.

(૪) અઠવાડીયાના સાત દિવસના ધોરણેની કામગીરી બંધ કરવા માટે મીલ્સ કંપની ધી ટેક્ષટાઇલ્સ લેબર એસોએશનને એક મહિનાની નોટીસથી જાણ કરીને બંધ કરી શકશે.

(૫) અઠવાડીયાના સાત દિવસ પ્રમાણેની કામગીરી બંધ થાય ત્યારે વધારાના કામદારો પોતાના મુળ પરિસ્થિતિમાં આવી જશે. અને વધારાના કામદારનું શું કરવું તે અંગે મીલ્સ કંપની અને ધી ટેક્ષટાઈલ્સ લેબર એસોસીએશન નક્કી કરશે.

(૬) મીલ્સ કંપની નીચેના તહેવારોની રજાએ રજા રાખશે.

૧. મકર સંક્રાન્તી	૨. ધુળેટી	૩. રમજાન ઈદ
૪. જન્માષ્ટમી	૫. દિવાળી	૬. બેસતુવર્ષ
૭. ૨૬મી જાન્યુ.	૮. ૧૫મી ઓગસ્ટ	૯. મહાશીવરાત્રી
૧૦. રામનવમી	૧૧. બળેવ	૧૨. નોમપારણ
૧૩ બકરી ઇદ	૧૪. મજુરદિન	

(૭) પેઈડ હોલીડેના દિવસે ખાતા ચાલશે ત્યારે તે દિવસે કામ કરનાર કામદારોને એક હાજરી એક દિવસનો પગાર બારી આપવો રૂ. ૧૫-૦૦ આપવામાં આવશે.

(૮) વર્ષ આખરે મીલના કુલ નોર્મલ વર્કીંગ દિવસ કરતાં વારાફરતી રજા ભોગવવાના કારણે કોઈ કારીગરને ઓછા દિવસ થસે તો સદર ખૂટતા દિવસો બારી આપવામાં આવશે.

INDEX

(૯) પેઈડ હોલીડે (૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગસ્ટ સિવાયના) નીચેના ધોરણે ભરી આપવામાં આવશે.

(અ) જે બદલી અને ટેમ્પરરી કારીગરો રજાના આગળના અને પાછળના દિવસે હાજર હશે તેમને આવી રજાનો પગાર ભરી આપવામાં આવશે.

(બ) જે કાયમી કારીગર આવી રજાના આગળના દિવસે કામ ઉપર હોય અને પાછળના દિવસે મંજુર કરાવેલી રજા ઉપર હોય અથવા રજાના આગળના દિવસે મંજુર કરાવેલી રજા ઉપર અને પાછળના દિવસે કામ ઉપર ત્યારે આવી રજાનો પગાર ભરી આપવામાં આવશે. પરંતુ બન્ને કિસ્સાઓમાં મંજુર કરાવેલી રજાનો સમય દિવસ કરતાં વધુ સમય હોવો જોઈએ નહિ.

(ક) જે કારીગર ફેકટરી એકટ હેઠળ રજા ઉપર હશે ને તેમની બદલીમાં કારીગર રાખવામાં આવ્યા નહિં હોય અને બીજો જો ઓછા કારીગરોથી કામ લીધુ હશે ત્યાં હક્કરજા ઉપર જનાર કારીગરોને હકક રજાના સમય દરમ્યાન આવી વધારાની રજા આવતી હશે તેમને પગાર વધારો મળશે

(ડ) જે કારીગરો આવી રજાના આગળના કે પાછળના દિવસે લેઓફ ઉપર હશે તેમને આવી રજાનો પગાર લે-ઓફના દરથી ભરી આપવામાં આવશે. પરંતુ જે કારીગર રજાના આગળના દિવસે લે-ઓફ ઉપર હશે અને પાછળના દિવસે કામ ઉપર હશે તેમને પણ આવી રજાનો પગાર લે-ઓફના દરથી ભરી આપવામાં આવશે. જે કારીગર આવી રજાના આગળના દિવસે કામ ઉપર હશે અને પાછળના દિવસે લે-ઓફ ઉપર હશે તેઓને આવી રજાનો પુરો પગાર ભરી આપવામાં આવશે.

ભવિષ્યમાં રજાઓ અંગે "અમદાવાદ ટેક્ષટાઈલ મીલ્સ એસોસીએશન" અને 'ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન" વચ્ચે જો કાંઈ સુધારા વધારા થશે તો તેની અમલ તે તારીખની આ સમાધાનમાં સુધારો થયેલ ગણાશે.

(૧૦) ભવિષ્યમાં કોઈ મીલ ૪% કરતાં વધારે પગાર વધારો આ અંગે આપશે તો આ કારીગરોને આપવામાં આવશે.

(૧૧) આ સમાધાનના અર્થઘટન અથવા અમલમાં કોઈ મતભેદ ઉભો થાય "ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન" ના સેક્રેટરીશ્રી અને મીલ્સ કંપનીના મેનેજરશ્રી સાથે મળીને નિર્ણય કરશે. અને તેમનો એકમતી નિર્ણય પક્ષ...

બંધનકર્તા રહેશે. પરંતુ જો એકમતી નિર્ણય ના થઈ શકે તો આ પ્રશ્ન નામદાર ઔદ્યોગિક અદાલતના પ્રમુખશ્રીને સોંપવામાં આવશે. અને તેમનો નિર્ણય આખરી ગણાશે.

અમદાવાદ.
તા-૨૨-૫-૯૦

મીલ મેનેજર
મીહીર ટેક્ષટાઇલ્સ લીમીટેડ
અમદાવાદ

પઠાણ યુસુફખાન
મંત્રી વતી
ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશન
અમદાવાદ

સહી
એસ. એમ. નાયક
રજીસ્ટ્રાર
અમદાવાદ

સહી
હ. ધી પંડયા
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
તા. ૨૪-૫ ૯૦

સહી
એ. ડી શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૫-૬-૯૦
અમદાવાદ

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અધિસુચના અન્વયેના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/૫/શ્રમક/૨૬૯૯૮ આર યુ/સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સાબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુઈએ

હું મજુર મહાજન સંઘ અમદાવાદ અને પટેલ મીલ્સ લી., અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડાની સન. ૧૯૯૦ માં જૂન માસનાં ૧૫મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૧૫૮'૮૭

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ. ...પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

ધી પટેલ મીલ્સ કંપની લિ. અમદાવાદ. ...દ્વિતીય પક્ષકાર

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઇલ.

મીલના વેઇ એન્ડ વોર્ડ ખાતામાં ત્રણેય પાળીમાં થઈને વધુ ૮ પહેરાવાળા રાખી કુલ્લે ૨૦ પહેરાવાળાઓનું કાયમી સ્ટ્રેન્થ નક્કી કરતા અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩ (ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘે દ્વિતીય પક્ષકાર મીલ કંપની સામે દાખલ કરેલો છે સંઘે મીલ કંપનીને ૧૯૪૬ના અધિનિયમની કલમ ૪૨ (૨) મુજબની ફેરફારની સૂચના તા. ૧૪-૪-૮૭ના રોજ આપેલી. જે અન્વયે ૧૯૪૬ના અધિનિયમ નીચે સરકારશ્રી તરફથી નીમાયેલા સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવવામાં નિષ્ફળ ગયેલા હોવાથી, તેમની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલનો રેફરન્સ સંઘે દાખલ કરેલો છે.

INDEX

૨. સંઘે મીલ કંપનીને ફેરફારની સૂચના આપીને એવી માંગણી કરેલ હતી કે, મીલના વોચ એન્ડ વોર્ડ ડીપાર્ટમેન્ટમાં ત્રણેય પાળીમાં થઈને વધુ ૮ પહેરા વાળા રાખી કુલ ૨૦ પહેરાવાળાઓની કાયમી સ્ટેન્થ નક્કી કરવી જોઈએ.

૩. આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર સંઘે તેમનું માંગણાનું નિવેદન આંક-૪ થી રજૂ કરેલ છે. જ્યારે મીલ કંપનીએ આંક-૯ થી તેમનો લેખિત જવાબ રજુ કર્યો છે. ત્યાર બાદ આ રેફરન્સમાં બંને પક્ષકારોએ આંક-૧૪ ની પુરસી-સથી સમાધાનની શરતો રજુ કરેલી છે અને જણાવેલ છે કે, બને પક્ષકારો વચ્ચે આ કામમાં તે મુજબ સમાધાન થયેલ હોવાથી તે મુજબ એવોર્ડ કરી આપવા વિનંતી છે. સદરહુ સમાધાનમાં જણાવેલ શરતો ખાસ સંજોગો લક્ષમાં લેતા અમોને વ્યાજબી જણાય છે અને સદરહુ પુરસીસમાં સંઘ તરફે તેમના પ્રતિ-નિધિએ અને મીલ કંપનીના મેનેજરે સહીઓ કરેલી છે પરિણામે આ રેફરન્સમાં તે મુજબ એવોર્ડ કરવાનો રહે છે. જેથી આ કામમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૪. આ રેફરન્સમાં બંને પક્ષકારોએ આંક-૧૪ ની પુરસીસની સમાધાનની શરતો મુજબ વર્તવાનું રહેશે. આંક-૧૪ને આ ચુકાદાના એક ભાગ તરીકે ગણ-વાનો રહેશે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

નામદાર ઔદ્યોગિક અદાલત, ગુજરાત

રેફરન્સ (આઈ. સી.) નં. ૧૫૮/૮૭

ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન

ભદ્ર

અમદાવાદ

વિરૂદ્ધ

ધી પટેલ મીલ્સ કાં. લી.,

અમદાવાદ

માનનીય સાહેબ,

ઉપરોક્ત કામમાં અમો પક્ષકારો વચ્ચે નીચે પ્રમાણેની શરતોએ સમાધાન થયેલ છે તો તે મુજબ [illegible]

INDEX

સમાધાનની શરતો

(૧) મીલ્સ કું. માં હાલમાં પહેરાવાળાઓનું કાયમી સ્ટેન્થ ૧૩ નું છે. જે નીચે મુજબ છે.

	પહેલી પાળી	બીજી પાળી	ત્રીજી પાળી	કુલ
સીક્યોરીટી ઓફિસર	૧	—	—	૧
પાળી ઈન્ચાર્જ	૧	૧	૧	૩
પહેરાવાળા	૩	૩	૩	૩
	૫	૪	૪	૧૩

(૨) આ કરારના અમલથી મીલ કંપનીમાં પહેરાવાળાનુ કાયમી સ્ટેન્થ નીચે મુજબ રહેશે.

	પહેલી પાળી	બીજી પાળી	ત્રીજી પાળી	કુલ
સીક્યોરોટી ઓફિસર	૧	—	—	૧
પાળી ઈન્ચાર્જ	૧	૧	૧	૩
પહેરાવાળા	૩	૪	૪	૧૧
	૫	૫	૫	૧૫

(૩) કલમ નં. (૨) માં જણાવેલ તમામને એવોર્ડ પ્રમાણેનો પગાર આપવામાં આવશે.

(૪) આ કરારનો અમલ તાત્કાલિક કરવામાં આવશે.

INDEX

(૫) હાલમાં બે પહેરાવાળા સ્ટ્રેન્થમાં આવે છે. તેઓને ૨૪૦ દિવસ થયા બાદ કાયમી પાસ અ.પત્રમાં આવશે.

ફેક્ટરી મેનેજર
શ્રી પટેલ મીલ્સ લીમીટેડ
અમદાવાદ

અમદાવાદ
તા. ૨૫-૪-૧૯૯૦

સહી
મંત્રી વતી
શ્રી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
અમદાવાદ

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ.
તા. ૩૦-૪-૧૯૯૦

સહી
એન. એ. ચૌહાણ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત

સહી
એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક અધિનિયમ
અમદાવાદ

તા. ૧૫-૬-૧૯૯૦
અમદાવાદ

INDEX

સન. ૧૯૪૬ના ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/બ/શ્રમક/ ૨૬૯૮૫/આર/યુ/સન. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮/૧/ અને સન. ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ ગુજરાત નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રુએ.

હું સેન્ચુયરી ડાઈંગ એન્ડ પ્રીન્ટીંગ મીલ્સ સુરત અને ધી ડાઇંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન સુ ત સમાધાન કાર શ્રી એચ. ડી. ગામીત ની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૦ ના જુન માસના ૧૫મા દિને, આથી નોંધ કરૂ છું.

બોનસ સને ૧૯૮૮-૮૯

બી. આઇ. આર. એકટ કેસ નં. ૧૭/૧૯૮૯

સમાધાન ૫૮ (૧) કલમ હેઠળ, પક્ષકારોના નામ

માલિકોના પ્રતિનિધિ શ્રી નટવરલાલ ગણેશનારાયણ માલપાણી

સેન્ચુયરી ડાઇંગ એન્ડ પ્રીન્ટીંગ મીલ્સ,
ઠે : શાહરાદરવાજા, ઉમરવાડા, સુરત,

કામદારોના પ્રતિનીધિ . શ્રીનરોતમદાસ નાથુભાઈ પટેલ.

મંત્રી ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ
વર્કસ યુનિયન
શ્રમજીવીસેવાલય, સ્ટેશન સામે સુરત ૩૯૫૦૦૩.

કેશની ટુંકી વીગત

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન સુરત કે જે સુરત મહાનગરપાલિકા હદ અને ચોર્યાસી તાલુકા હદ વીસ્તારમાં આવેલ ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં કામ કરતાં કામદારોનું પ્રતિનીધીત્વ ધરાવતું અને માન્ય મંડળ છે, તેના મંત્રીશ્રીએ તા-૧૫-૬-૧૯૮૯ ના રોજ સેન્ચુયરી ડાઈંગ એન્ડ પ્રીન્ટીંગ મીલ્સમાં કામ કરતા તમામ કામદારોને સને ૧૯૮૮-૮૯ ના વર્ષનું બોનસ આપવા માટેની નોટિસ, નોટિસ ઓફ ચેઇન્જ ફોર્મ "એલ"માં આપી

હતી. બંને પક્ષકારો વચ્ચે સમાધાન ન થતાં ઉપરોક્ત મંડળ તરફથી ઝઘડાનો રિપોર્ટ ફોર્મ 'એન'માં તા, ૨૫-૬-૧૯૮૯ના રોજ સમાધાનકારશ્રી બી. આઈ. આર. એક્ટ બહુમાળી મકાન ૪ થો માળ એ બ્લોક નાનપુરા, સુરતને મોકલી આપવામાં આવ્યો હતો. તેને જરૂરી તપાસ બાદ તા. ૨૭-૬-૧૯૮૯ના રોજ નોંધની રજીસ્ટ્રરમાં નોંધવામાં આવ્યો હતો ત્યારબાદ ઉપરોક્ત કેસની વિચારણા કરવા બન્ને પક્ષકારોને તા. ૧-૭-૧૯૮૯ થી તા. ૨૮-૮-૧૯૮૯ના રોજ સુધી બોલાવવામાં આવ્યા હતાં, જેમાં આજ રોજ બન્ને પક્ષકારો વચ્ચે બી આઈ આર. એક્ટની કલમ ૫૮ (૧) હેઠળ સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) ફેક્ટરીમાં સને ૮૮-૮૯ના વર્ષમાં કામ કરનાર તમામ કામદારોને સદરહું હિસાબી વર્ષ દરમ્યાન ચૂકવવામાં આવેલ કુલ પગાર ઉપરાંત ચાલુ પગારની રજાઓના પગાર સહિતની કુલ વાર્ષિક કમાણીના ૮-૫૦ (આઠ પચાસ) ટકા, ફેક્ટરી મેનેજમેન્ટ બોનસ ચૂકવશે

(૨) ફેક્ટરીમાં કામ કરતાં કામદારોને સદરહું હિસાબી વર્ષનું બોનસ તા. ૧૪-૧૦-૧૯૮૯ રોજ અગર તો તે પહેલાં ચૂકવવામાં આવશે.

(૩) ફેક્ટરીમાં સદરહુ હિસાબી વર્ષમાં જે કામદારની હાજરી ૩૦ દિવસો કરતાં ઓછી હશે તેવા કામદારો બોનસ કાયદા મુજબ બોનસ મેળવવા હકદાર રહેશે નહિ.

(૪) સુવાવડની રજા પર ગયેલા સ્ત્રી કામદારોને આપવામાં આવેલું મેટરનીટી એલાઉન્સ તેમના કુલ પગારમાં ઉમેરવામાં આવશે.

(૫) બોનસ મેળવવા માટે જે કામદારો હકદાર હશે. પરંતુ હાલમાં તેવા કામદારો માલની નોકરીમાં ચાલુ ન હોય તેવા કામદાને પ્રતિનિધિ યુનીયન ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન, શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે, સુરત મારફતે અરજી કરેથી અરજી ફેક્ટરી મેનેજમેન્ટ મળ્યા બાદ એક મહિનામાં બોનસ આપવામાં આવશે.

For Century Dyeing & Printing
Natwar Malpani
Partner

સુરત તા. ૨૮-૮-૧૯૮૯

નરોત્તમદાસ પટેલ
મંત્રી
ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન

સમાધાનકાર
બી. આઈ. આર. એક્ટ
સુરત
તા. ૧૫-૬-૯૦
અમદાવાદ

સહી
એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક ૨૬૯૮૭ આરયુ સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમના કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુહીએ.

હું શ્રી ઘનશ્યામ ત્રિભોવનદાસ પટેલ અમદાવાદ અને ધી અમદાવાદ શ્રી રામકૃષ્ણ મીલ્સ કુ લી અમદાવાદ ની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના ચુકાદાની સન-૧૯૯૦ માં જુન માસની ૧૫ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

શ્રી. આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ

પરચુરણ અરજી નં ૩/૮૯

ઈન અપીલ (આઈ. સી.) નં. ૨૭/૮૭

INDEX

ઘનશ્યામ ત્રિભોવનદાસ
C/o : ગુજરાત કામદાર રાહત સંઘ
જનરલ વર્કસ યુનિયન, વટવા ડેરીમાં.
અમદાવાદ. અરજદાર.

વિરૂદ્ધ

૧. ધી અમદાવાદ શ્રી રામકૃષ્ણ મીલ્સ કું લી.
ગોમતીપુર હાથીખાઈ પાસે, અમદાવાદ-૨૧.

૨. ઓફીસર લીકવીડેટર ધી અમદાવાદ
રામકૃષ્ણ મીલ્સ કું. લી., ગુજરાત વિદ્યાપીઠ
પાસે ઉત્તર તાલુકા સોસાયટી પાસે,
અમદાવાદ સામાવાળા.

બી આઈ આર. એક્ટની કલમ-૧૧૬ (ક) મુજબ ચુકાદામાં ફેરફાર કરવા બાબત..

ચુકાદો

૧. આ પરચુરણ અરજી શ્રી. ઘનશ્યામ ત્રિભોવનદાસ સામાવાળા નં. ૧ અને ૨ જેઓ અનુક્રમે ધી અમદાવાદ રામકૃષ્ણ મીલ્સ તથા ઓફીસર લીકવીડેટર સામે મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ-૧૧૬ (ક) ની જોગવાઈ અનુસાર અપીલ (આઈ. સી.) નં ૨૭/૮૭ ના ચુકાદામાં સામાવાળા નં. ૨ તરીકે ઓફીસર લીકવીડેટરનું નામ દાખલ કરવા માટે એની કોર્ટમાં કરેલ છે.

૨. શ્રી ઘનશ્યામ ત્રિભોવનદાસ જે આ કામના અરજદાર છે અને જેને હવે પછી સબંધીત કામદાર તરીકે આપવામાં આવશે તેઓએ તેમની અરજીમાં જણાવેલ છે કે, અપીલ (આઈ. સી) નં ૨૭/૮૭ તેમના તરફથી સામાવાળા નં ૧ સામે કરવામા આવી હતી અને સદર અપીલમાં ઓફીસીયલ લીકવીડેટરને સામાવાળા ન. ૨ તરીકે પક્ષકાર બનાવી જોડવા જોઇએ, પરંતુ તેમાં જોડયા ન હતા. આ ક્ષતિને કારણે સામાવાળા નં. ૧ સામે ઔદ્યોગિક અદાલતે તારીખ : ૨૯-૪-૮૮ ના રોજ સદર અપીલ માન્ય રાખતો હુકમ કરેલો છે અને સદર હુકમમાં જણાવ્યા મુજબ વસુલાતની કાર્યવાહી સબંધીત કામદાર તરફથી શરૂ કરવામાં આવતા સામાવાળા નં. ૧ જે મીલ હોઈ કામ કરતી બંધ થઈ ગયેલી છે. તે મીલ તરફથી ગુજરાત હાઈકોર્ટમાં કંપની પીટીશન નં. ૫૭/૮૭ દાખલ

કરવામાં આવી હતી. સદર પીટીશનમાં ઓફીસીયલ લીકવીડેટર તરીકે જેમની નિમણુંક કરવામાં આવી હતી તે આ ચુકાદાનો અમલ કરવા સંબંધીત કામદાર તરફથી માંગણી કરવામા હતી. સદર પીટીશનમાં ઉપરોક્ત રજૂઆતના અંતે ગુજરાત હાઇકોર્ટ તરફથી તારીખ : ૧૬-૧-૮૯ ના રોજ હુકમ કરવામાં આવેલો હતો તે હુકમ કરી એવા આદેશો આપવામાં આવેલા કે ઔદ્યોગિક અદાલત સમક્ષ અપીલ (આઈ સી) નં. ૨૭/૮૭ માં લીકવીડેટર તરીકે જોડવા માટે અરજી કરવાની આ સંબંધીત કામદારને છૂટ હોઈ તે મુજબ તે કરી શકે છે. આમ ગુજરાત હાઈકોર્ટના સદર તારીખ ૧૬-૧-૮૯ના રોજ આપેલ હુકમ અન્વયે સંબંધીત કામદારને અપીલ (આઈ. સી) નં. ૨૭/૮૭ માં લીકવીડેટર અને પક્ષકાર બનાવવા માટે જરૂરી આદેશો આપવામાં આવેલા. આમ સંદર્ભમાં આ પરચુરણ અરજી ઓફીસીયલ લીકવીડટરને સદર અપીલમાં સામાવાળા નં. ૨ તરીકે દાખલ કરવા સંબંધી હોઈ અને તે મુજબ હુકમ કરવા અત્રેની ઔદ્યોગિક અદાલત સમક્ષ દાદ માંગવામાં આવેલ હતી. ઓફીશીયલ લીકવીડેટરને ઔદ્યોગિક અદાલતનો તારીખ ૨૯-૪-૮૮ ના રોજ કરેલો હુકમ સંબંધકર્તા છે તેવું ઠરાવવા માટે ઓફીસીઅલ લીકવીડેટર જરૂરી પક્ષકાર હોઈ તેમની સામે ઔદ્યોગિક અદાલતે આપેલ ચુકાદો બંધનકારક છે તેમ ઠરાવવા અને તે સંબંધી જરૂરી સુધારા કરવા અત્રેની કોર્ટમાં કરવામાં આવેલ છે.

૩. ઉપરોક્ત પરચુરણ અરજીની સામાવાળા ઓફીસીઅલ લીકવીડેટર તરફથી આંક-૧૦નો જવાબ રજૂકરવામાં આવેલો. ઓફીસીઅલ લીકવીડેટરે આંક-૧૦ના જવાબમાં જણાવેલ છે કે, આ કોર્ટને સંબંધીત કામદાર તરફથી રજૂ થયેલ પરચુરણ અરજી ચલાવવાનો કોઈ અધિકાર નથી. કારણ કે આ અદાલતે અપીલ (આઈ. સી. નં. ૨૭/૮૭ માં જે ચુકાદો આપેલ છે તે ચુકાદો લક્ષમાં લેતાં આ અદાલત પોતે મૃતપ્રાય અવસ્થા ભોગવતી હોઈ આ અદાલતને સંબંધીત કામદારની આ પરચુરણ અરજી સાંભળવાનો કે નિર્ણય લેવાનો કોઈ અધિકાર નથી. ઓફીસર લીકવીડેટરે આંક-૧૦માં પ્રાથમિક મુદ્દો ઉઠાવી રજુઆત કરેલ છે કે, બી. આઈ. આર. એક્ટની કલમ-૧૧૬ મુજબ આ કોર્ટને આવી કોઈપણ પરચુરણ અરજી કરવાનો સંબંધીત કામદારને હક્ક પ્રાપ્ત થતો નથી. તેમના જણાવ્યા પ્રમાણે કલમ-૧૧૬ (એ) અસલ એવોર્ડમાં સુધારો કરવા સંબંધી છે. ઔદ્યોગિક અદાલતને તારીખ ૨૯-૪-૮૮ ના રોજ અપીલ (આઈ. સી.) નં. ૨૭/૮૭ માં એક હુકમ કરેલો છે કે, તે સંબંધીત કામદારને બંધનકર્તા છે તેથી આ હુકમમાં જે તારીખો આપેલ છે તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો કે સુધારો કરવાનો સંબંધીત કામદારને અધિકાર નથી. વધુમાં રજુઆત કરતાં લીકવીડેટરે

જણાવેલ કે કાયદાનો એક મુદ્દો ધ્યાનમાં લેતાં આ પરચુરણ અરજી રદ થવા પાત્ર છે. આ મુદ્દો કાયદાની ઉપર રચાયેલો હોઈ સર્વપ્રથમ ઔદ્યોગિક અદાલતે આ મુદ્દો નક્કી કરવો જોઈએ. અંતમાં ઓફીસીઅલ લીકવીડેટરે આંક-૧૦ના પેરા-૪માં જણાવેલ છે કે, સંબંધિત કામદાર રામકૃષ્ણ મીલમાં નોકરી કરતા હતા અને તેઓને તારીખ ૨૫-૪-૮૪ના રોજ નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. સંબંધીત કામદારે ટી. અરજી નં. ૩૨૨/૮૪ લેબર કોર્ટ સમક્ષ કરી હતી. સંબંધીત કામદારને કહેવાતા રાજીનામા અંગે પેરા-૪માં ઓફીસીઅલ લીકવીડેટરે રજુઆત કરેલી અને અંતમાં સામાવાળાના જણાવ્યા પ્રમાણે અપીલ (આઈ. સી.) નં ૨૭/૮૭ સંબંધીત કામદારની તરફેણમાં તારીખ ૨૯-૪-૮૮ ના ચુકાદાથી માન્ય રાખવામાં આવી હતી. સંબંધીત કામદાર જાણે છે કે, સામાવાળા નં. ૧ મીલ કામ કરતી બંધ થઈ ગયેલી છે અને હાઈકોર્ટના ચુકાદા અનુસાર બંધ જાહેર કરવામાં આવી હતી અને હાઈકોર્ટે તારીખ ૨૩-૪-૮૭ના હુકમથી એક લીકવીડેટર પણ નીમેલા છે. સંબંધીત કામદારે ત્યારબાદ કંપની એપ્લીકેશન નં. ૨૨૪/૮૮ રજુ કરેલ અને સદર અરજીમાં ઔદ્યોગિક અદાલતને સમગ્ર કાર્યવાહી કાયદેસર કરાવવાની દાદ માંગવામાં આવી હતી સંબંધીત કામદારે પ્રાયોગિક ધોરણે કલમ-૪૪૬ મુજબ જરૂરી પરવાનગી મેળવેલ ન હતી. અને તેથી ઓફીસીઅલ લીકવીડેટરને લેબર કોર્ટ તથા ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ સમક્ષ પક્ષકાર તરીકે દાખલ કરવા માટે સંબંધીત કામદારે કોઈ પગલાં લીધા ન હતા ઉપરોક્ત કારણો ધ્યાનમાં લેતાં તારીખ ૨૯/૪/૮૮ ના રોજ ઔદ્યોગિક અદાલતે જે હુકમ સદર અપીલમાં કરેલ તે ઓફીસીઅલ લીકવીડેટરને બંધનકારક નથી સંબંધીત કામદારે કરેલા તમામ વિધાનો સાચા નથી બંને પક્ષકારોને એટલે કે રામકૃષ્ણ મીલ અને ઓફીસીઅલ લીકવીડેટરને સાંભળ્યા વગર ઔદ્યોગિક અદાલતે સદર અપીલમાં જે ચુકાદો આપેલ છે તે હાનિકારક ગણી શકાય નહીં. અંતમાં ઓફીસીઅલ લીકવીડેટરના જણાવ્યા મુજબ તેવીરીતે ઔદ્યોગિક અદાલત સમક્ષ તેમજ લેબર કોર્ટ સમક્ષ પક્ષકાર તરીકે દાખલ કરેલ ન હોઈ આ ચુકાદો તેમને બંધનકર્તા ન હોઈ પરચુરણ અરજી રદ કરવા પાત્ર છે.

(૪) અરજદાર તરફથી શ્રી ગુણવંતભાઈ જોષી હાજર રહયા હતા અને સામાવાળા ઓફીસર લીકવીડેટર તરફથી તેમના એડવોકેટ શ્રી કે. વી. ગઢીયા હાજર રહ્યા હતા.

(૫) ઓફીસર લીકવીડેટરના એડવોકેટ શ્રી ગઢીયાએ તેમના આંક-૧૦ના જવાબમાં જણાવ્યા પ્રમાણે સંબંધીત કામદારની આ પરચુરણ અરજી કાયદેસર રીતે ચાલી શકે નહી તે અંગેનો પ્રાથમિક મુદ્દો ઉઠાવેલ છે અને કારણ મુદ્દો

આગળ ધરી શ્રી ગઢીયાની રજૂઆત એવી છે કે આ પરચુરણ અરજી બી. આઈ. આર એકટની કલમ-૧૧૬ (ક) પ્રમાણે ચાલી શકે તેમ ન હોઈ રદ થવા પાત્ર છે. શ્રી ગઢીયાનો પ્રાથમિક મુદ્દો મહત્વનો હોઈ તે સર્વ પ્રથમ નક્કી કરવાનું જરૂરી છે, શ્રી ગઢીયાની વધુમાં એવી દલીલ છે કે, કલમ-૧૧૬ (ક) અન્વયે ઔદ્યોગિક અદાલતને તેમના અસલ ચુકાદામાં ફેરફાર કરવા અંગે મર્યાદિત સત્તાઓ છે. સદર સત્તાઓમાં અને તેમાં ઔદ્યોગિક અદાલત,, કોઇ હુકમ કરેલો હોય તે હુકમમાં કોઇપણ જાતનો સુધારો ચુકાદો આપ્યા બાદ ઔદ્યોગિક અદાલત કરી શકે નહી. ઔદ્યોગિક અદાલતે હુકમ કરેલ છે એટલે કે ઓર્ડર કરેલો છે. જે સત્તાઓ ઔદ્યોગિક અદાલતને આપવામાં આવેલ છે તે એવોર્ડ સબંધી છે. હુકમ સબંધી નહી. શ્રી ગઢીયાની ઉપરોક્ત દલીલો ઘણી મહત્વની હોઈ તે અંગેની ચર્ચા કરવી ઘણી જરૂરી બને છે. ઔદ્યોગિક અદાલતને રીવીઝનલ પાવર્સ કલમ-૮૫ની જોગવાઈ તપાસતાં ઘણાં મર્યાદિત છે. કલમ-૮૫ પ્રમાણે ઔદ્યોગિક અદાલતોએ પસાર કરેલ કોઈપણ હુકમમાં કાયદાકીય ક્ષતિ હોય તો તે ક્ષતિ તેની સમગ્ર કાર્યવાહી ખોટી રીતેની હોય અને સદર ક્ષતિની કાયદાકીય જોગવાઈ તપાસતાં અસાધારણ પ્રકારની હોય તો તેવા સંજોગોમાં ઔદ્યોગિક અદાલત કલમ-૮૫ અન્વયે મળેલ મર્યાદિત સત્તાઓનો ઉપયોગ કરી આવી અસાધારણ ક્ષતિ અથવા ક્ષતિભર્યો હુકમ અંશતઃ રદ કરી શકે અથવા તો તેમાં જરૂરી મર્યાદિત ફેરફાર કરી શકે. આમ ઉપરોકત જોગવાઈને લક્ષમાં લેતાં સર્વ પ્રથમ બી આઇ આર એકટની કલમ-૧૧૬ (ક)ની જોગવાઈ તપાસવી જરૂરી છે, કલમ ૧૧૬ (ક) માં ચુકાદામાં ફેરફાર સંબંધી બાબત છે. જે નીચે મુજબ છે.

“જેને કલમ-૧૧૬ ની જોગવાઈ મુજબ ચુકાદાનો અંત લાવવાની નોટીસ આપવાનો હક્ક હોય તે કોઇ પક્ષકાર, એવી નોટીસ આપવાને બદલે પેટા કલમ --૨માં નિર્દિષ્ટ કરેલી મુદત પુર્ણ થયા પછી, ચુકાદો આપનાર ઔદ્યોગિક કોર્ટને લેબર કોર્ટને અથવા વેતન બોર્ડને તેમાં ફેરફાર કરવા માટે અરજી કરી શકશે. પરંતુ આવી અરજી જેમાં તેનો અમલ બંધ થવાની તારીખ નિર્દિષ્ટ કરી ન હોય તો ચુકાદાના બાબતમાં કલમ-૧૧૬ મુજબ ચુકાદાનો અંત લાવવાની નોટીસ જે તારીખે આપી શકાય તે તારીખથી બે મહિનાની મુદત પુરી ન થાય ત્યાં સુધી કરતી નહીં... આવી અરજી કરવામાં આવે ઔદ્યોગિક અદાલત, લેબર કોર્ટ તેમજ વેતન બોર્ડ પક્ષકારોને સાંભળ્યા પછી અને પોતાને યોગ્ય લાગે તેવો પુરાવો લીધા પછી તે ચુકાદામાં ફેરફાર કરી શકશે”

(૬) ઉપરોકત જોગવાઈઓની પરિભાષા સમગ્ર રીતે લક્ષમાં લેવામાં આવતાં એમ સ્પષ્ટ જણાય છે કે, કલમ-૧૧૬(ક)ના જોગવાઈ ઔદ્યોગિક અદાલતે આપેલ

INDEX

ચુકાદામાં ફેરફાર કરવા સંબંધી છે અને આવા હુકમોમાં કયા સંજોગોમાં ફેરફાર કરી શકાય અને ક્યારે કરી શકાય તે અંગેની જોગવાઈ આ કલમમાં કરવામાં આવેલ છે. શ્રી ગઢીયાના જણાવ્યા પ્રમાણે ઔદ્યોગિક અદાલતે અપીલ નં. ૨૭/૮૭ માં જે હુકમ કરેલ છે તે હુકમ ઓર્ડર ગણાય તેથી શ્રી ગઢીયાના જણાવ્યા પ્રમાણે ઔદ્યોગિક અદાલતે કરેલા સદર હુકમ એવોર્ડ ન હોઈ તેમાં ફેરફાર કરવાની કોઈપણ સત્તા ઔદ્યોગિક અદાલતને નથી. શ્રી ગઢીયાની દલીલો આ પરચુરણ અરજીમાં સ્થાને તેમજ અપ્રસ્તુત હોઈ મારી દ્રષ્ટિએ સ્વીકારી શકાય તેમ નથી. કારણ કે સંબંધીત કાયદા ને આ પરચુરણ અરજી કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે તે અધિકારીની પ્રથમ હાઈકોર્ટના પ્રવાહનુ મુળ હાઈકોર્ટે કરેલ હુકમમાંથી પ્રાપ્ત થાય છે. હાઈકોર્ટે કરેલા હુકમને લક્ષમાં લેતાં ઔદ્યોગિક અદાલતને બી. આઈ.આર. એકટની કલમ-૧૧૬ (ક) ની જોગવાઈ અનુસાર તેના અગાઉના ચુકાદામાં ફેરફાર કરવાની સંપુર્ણ સત્તાઓ આ જોગવાઈઓને સમગ્ર રીતે લક્ષમાં લેતાં પ્રાપ્ત થયેલ છે.

ઔદ્યોગિક અદાલતે અપીલ (આઈ.સી.) નં. ૨૭/૮૭માં જે હુકમ કરેલ છે તે હુકમ શ્રીરામકૃષ્ણ મીલ વિરૂદ્ધ કરેલ છે. પરંતુ આ મીલ બંધ થઈ ગયેલ હોઈ ઓફીસર લીકવીડેટરને પક્ષકાર તરીકે દાખલ કરવા સંબંધી આ પરચુરણ અરજી કરવામાં આવેલ છે કોઈપણ પક્ષકારને દાખલ કરવો તેનો અર્થ એવો નથી થતો કે ઔદ્યોગિક અદાલતે આપેલ ચુકાદામાં મહત્વનો ફેરફાર કરવા સબંધી છે. પક્ષકાર તરીકે દાખલ કરવાનો હેતુ મારી દ્રષ્ટિએ એ છે કે જે નવી પક્ષકાર દાખલ થાય તેઓને ઔદ્યોગિક અદાલતે કરેલ કાર્યવાહીથી માહિતગાર કરવાનો છે અને આવી રીતે માહિતગાર થયા પછી નવીન પક્ષકારને જે રજુઆત કરી અગાઉ આપેલ હુકમમાં ઔદ્યોગિક અદાલત કલમ-૧૧૬(ક) અન્વયે જરૂરી ફેરફાર કરી શકે. ઓફીસર લીકવીડેટર એ કોઈ નવો પક્ષકાર નથી. પરંતુ શ્રી રામકૃષ્ણ મીલ વતી અધિકારી એજન્ટ રામકૃષ્ણ મીલનો એક ઔદ્યોગિક એકમ છે અને તે બંધ થયેલ હોઈ તેની મીલકતો અને જવાબદારીઓનો નિકાલ કરવા નિમેલા એક કાયદાકીય જોગવાઈ અનુસાર નિમાયેલ અનુગામી છે. અનુગામી તરીકે જો ઓફીશીયલ લીકવીડેટરને આપવામાં આવે તો તેવા સંજોગોમાં ઔદ્યોગિક અદાલતે અપીલ (આઈ સી.) નં. ૨૭/૮૭ માં તારીખ તા ૨૯-૪-૮૮ના રોજ જે હુકમ પસાર કરેલો છે તેમાં કોઈ ફેરફાર કર્યો છે તેમ ગણી શકાય નહીં. પક્ષકાર તરીકે કોઈ વ્યક્તિને કે સંસ્થાને દાખલ કરવી તે એક આનુષંગિક અને આ સંબંધીત (રીમેડીયલ) કૃત્ય છે અને તેથી સામાવાળા નં ૧ જે એક મીલ છે તે મીલ જો બંધ થઈ ગયેલ હોય અને ફંડમાં લઈ જવામાં આવે અને તેવા

INDEX

સંજોગોમાં ઓફીશીયર લીક્વીડેટર નીમાય તો આ ઓફીસર લીકવીડેટરને બંધ થઈ ગયેલું ઔદ્યોગિક એકમને લગતા જે હક્ક અને સત્તાઓ ભોગવે છે એજ હક્ક અને સત્તાઓ પ્રાપ્ત થાય છે ટુંકમાં કહેવાનો મતલબ એ છે કે, ઓફીસર લીકવીડેટરએ કોઈ નવો પક્ષકાર કે કોઈ વ્યક્તિ ત્રાહિત નથી. તેને ઔદ્યોગિક અદાલતે અગાઉ કરેલ કાર્યવાહીમાં પક્ષકાર થવા માટે મંજૂરી આપી શકે શ્રી. ગઢીવાના જણાવ્યા પ્રમાણે કલમ ૧૧૬(ક) માં ''ચુકાદો'' શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે તે શબ્દ પ્રયોગમાં હુકમનો એટલે કે ઓર્ડરનો પણ સમાવેશ થઈ જાય છે કારણકે ઔદ્યોગિક અદાલત પોતે પણ કોઈપણ રેફરન્સમાં ઓર્ડર આપે તો ઓર્ડરના અંતે જે આદેશો આપવામાં આવે છે તે આદેશો હુકમનું એક પાસું છે. એવા એ એવી સંજ્ઞા છે કે જેમાં હુકમનો સમાવેશ થઈ જાય છે. પ્રત્યેક હુકમને એવોર્ડ કહી શકાય નહીં.- ઉપરોક્ત તારણોના સમર્થનમાં બી. આઈ.આર એક્ટ ૧૯૪૭ની તમામ જોગવાઈઓ ધ્યાનપૂર્વક તપાસી ગયો છું. આ એક્ટના પ્રકરણ-૧માં કેટલીક વ્યાખ્યાઓ આપવામાં આવી છે. સદર વ્યાખ્યામાં એવોર્ડની વ્યાખ્યા કલમ-૩ (૬)માં આપવામાં આવેલી છે. જે અનુસાર ''એવોર્ડ'' એ એક અંગ્રેજી શબ્દ છે અને તેનો અર્થ ગુજરાતીમાં ''ચુકાદો'' એમ થાય. આ ચુકાદામાં હુકમનો પણ સમાવેશ થઈ જાય. કારણકે પ્રત્યેક ચુકાદામાં એટલે કે એવોર્ડમાં જે તારણો કાઢવામાં આવ્યા છે અને સદર તારણોના અંતે જે આદેશો આપવામાં આવ્યા છે તે આદેશો હુકમના સ્વરૂપમાં આપવામાં આવતા હોઇ ઔદ્યોગિક અદાલત આવા હુકમ કરી શકે તેમ છે. કલમ-૧૧૬(ક) ઉપર જણાવ્યા પ્રમાણે અદાલતને તેના અગાઉના ચુકાદામાં ફેરફાર કરવાની મર્યાદિત સત્તાઓ આપી છે. પરંતુ સાથોસાથ એમ પણ કહી શકાય કે ઓફીસર લીકવીડેટર એ કોઇ ત્રાહિત વ્યક્તિ નથી કે જેને નવી પક્ષકાર ગણવામાં આવે. બંધ થયેલી મીલવતી સામાવાળા નં.૨ ઓફીસ સબ લીકવીડેટર અપાય તો તેવા સંજોગોમાં ઓફીસર સબ લીકવીડેટર તેના અનુગામી પણ નથી અને તેવી અનુગામી એ કોઈ નવો પક્ષકાર નથી અને તેથી કલમ-૧૧૬(ક)ની જોગવાઈને સંપૂર્ણ તીલાંજલી આપવામાં આવે તો પણ ઔદ્યોગિક અદાલત કલમ-૮૫ની જોગવાઈ પ્રમાણે ઓફીસર લીકવીડેટરને પક્ષકાર થવા માટે જરૂરી પરવાનગી આપી શકે. ઉપરોક્ત તમામ સંજોગોને અનુલક્ષી હુ નીચે મુજબ હુકમ કરુ છું.

હુકમ

૭. પરચુરણ અ જી માન્ય રાખવામાં આવે છે. સામાવાળા નં. ૨ ઓફીસર લીકવીડેટરને અપીલ (આઇ.સી.) નં. ૨૭/૮૭ મા પક્ષકાર તરીકે દાખલ કરવાનો

INDEX

હુકમ કરવામાં આવે છે અને આમ સામાવાળા નં.૨ને ઓફીસર લીકવીડેટરને દાખલ કરવામાં આવતાં આ અદાલતે અપીલ (આઇ.સી) નં. ૨૭/૮૭મા તારીખ ૨૯-૪-૮૮ રોજ જે ચુકાદો આપેલ છે તે ચુકાદો એ ફીસર બંધનકર્તા છે તેમ ઠરાવવા આવે છે. જેથી સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(આર. એસ. શુકલ)

સભ્ય, ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

જી. જે દવે.

રજિસ્ટ્રાર, અમદાવાદ.

તારીખ ૩૦-૪-૯૦

(એ. આઈ શેખ)

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધઅધિનિયમ

અમદાવાદ

અમદાવાદ

તા. ૧૫-૬-૯૦

સન. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અધિસુચના અન્વયેના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક/બ/શમક/૨૬૯૮૨/આર. યુ./ સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮/૧/ અને સન. ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલી સત્તાની રુએ

હું અમદાવાદ ન્યુ કોટન મીલ્સ કું. લી. અમદાવાદ અને ટેક્ષટાઈલ લેબર એસોસીએશન સમાધાનકાર શ્રી બી. સી. ઠાકર, અમદાવાદની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન. ૧૯૯૦ ના જૂન માસના ૧૫મા દિને, આથી, નોંધ કરું છું.

INDEX

સમાધાનકાર શ્રી બી. બી. ઠાકર સાહેબ સમક્ષ

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬

સમાધાનનું ખતપત્ર

કેસ નંબર :- સી. આર. સી. ૪૯/૯૦

:- પક્ષકારોનાં નામ :-

ફેકટરી મેનેજર શ્રી જી. આઈ. પટેલ ૧. માલિકના પ્રતિનિધિ
ધી અમદાવાદ ન્યુ કોટન મીલ્સ કું. લી.,
ખોખરા મહેમદાવાદ પાસે, અમરાઈવાડી રોડ,
અમદાવાદ.

મંત્રી વતી, શ્રી યુસુફખાન પઠાણ ૨. કામદારોનાં પ્રતિનિધિ
ટેક્ષટાઈલ લેબર એસોસીએસન,
ભદ્ર, લાલ દરવાજા, અમદાવાદ.

કેસની ટુંકી વિગત

તા. ૩૧-૩-૯૦ ના રોજ ઉપરોકત સંસ્થાના વ્યવસ્થાપકોએ નમુના 'ઈ' માં સુતરાઉ કાપડ ઉદ્યોગ માટે અમદાવાદ શહેરના સ્થાનિક વિસ્તારમાં પ્રતિનીધીત્વ અને માન્યતા ધરાવતી ઉપરોકત મંડળને "મીલ્સ કંપની તેના વીવીંગ ખાતાના શારણી વિભાગમાં કામનું પુનઃ રચના કરી તેની ફાજેલ પાળીમાં થઈ કુલ-૧૫ (પંદર) કાયમી કામદારોનો ઘટાડો કરવા ઈચ્છે છે" અંગેની માંગણી રજુ કરતી ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં વચ્ચે કરાર નહિં થઈ શકવાથી સદરહું સંસ્થાએ તા. ૯-૪-૯૦ના રોજ સમાધાનકાર નમુના 'એન' માં અહેવાલ મોકલી આપ્યો હતો. જે તા. ૧૭-૪-૯૦ ના રોજ સમાધાનકારને મળ્યો હતો અને તા. ૨૦-૪-૯૦ ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો.

સદરહું બાબતમાં સમાધાનની કાર્યવાહી વખતોવખત બંને પક્ષકારોની સંમતિથી મુલતવી રાખવામાં આવી હતી, જે તા. ૨૪-૪-૯૦ થી તા. ૨-૫-૯૦ સુધી ચાલી હતી જેમાંની છેલ્લી જણાવેલ તારીખે બંને પક્ષકારો વચ્ચે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ ની કલમ ૫૮ (૧) મુજબ નીચે

સમાધાનની શરતો

(૧) મીલ કંપની તેના વીવીંગ ખાતાના શારણી વિભાગમાં કામદારોની કામની પુનઃ રચના કરવાથી પરિશીષ્ટ 'અ' માં જણાવ્યા મુજબ ત્રણેય પાળીમાં થઈને કુલ-૧૫ (પંદર) કાયમી કામદારોનો ઘટાડો કરી શકશે.

(૨) ઉપર કલમ નં. (૧) માં દર્શાવ્યા મુજબ ત્રણેય પાળીમાં કામદારોની વધઘટ કરવા માટે મીલ કું. જરૂરી કામદારની એક યા બીજી પાળીમાં મજૂર મહાજન સંઘની સંમતિથી ટ્રાન્સફર કરી શકશે અને ૧૫ (પંદર) કાયમી કામદારોની જગ્યાઓ ઓછી કરવા માટે મજૂર મહાજન સંઘ મારફત કામદારોના રાજીનામાં આવેથી સ્વીકારી તેઓને છુટા કરી શકશે. રાજીનામું આપી છુટા થનાર કામદારોને કાયદા મુજબની ગ્રેજ્યુઈટીનાં રકમ, આઈ. ડી. એકટ મુજબનું રીટ્રેન્ચમેન્ટ કોમ્પનસેશન તથા હકક રજા, કેજ્યુલ રજા વગેર ચુકવી આપવામાં આવશે. ચાલુ વર્ષનું બોનસ અન્ય કામદારોને જ્યારે ચુકવવામાં આવશે ત્યારે જે કામદારો હકકદાર થતાં હશે તેઓને ચૂકવવામાં આવશે.

જો શારણી ખાતામાંથી પૂરતા પ્રમાણમાં રાજીનામા ન આવે તો અન્ય ખાતાઓંથી સ્વેચ્છાએ છૂટા થનાર કામદારોનાં રાજીનામાં મજૂર મહાજન સંઘ મારફત સ્વીકારી તેઓને છૂટા કરી તેઓને ઉપર જણાવ્યા મુજબનાં કાયદેસરના હકકો ચૂકવી આપી તેઓના જગ્યાએ મીલ કું. વધતાં કામદારોને ટ્રાન્સફર કરી શકશે અને કામદારોને હાલમાં મળતાં પગારમાં ઘટાડો કરવામાં આવશે નહિં. તેમના પગાર જો વધારે હશે તો તે વધારાના પગાર તેઓના પર્સનલ પગાર ગણાશે. બદલી કામદારોને કેટેગરી વાઈઝ આપવામાં આવશે.

(૩) સમાધાનનો અમલ થયા પછી જે કામદારો બાકી રહેશે તેઓને સમાધાન મુજબ કાયમી પાસ આપવાના થતાં હશે તો આપવામાં આવશે.

(૪) આ સમાધાન હેઠળ સ્વૈચ્છિક છૂટા થતા કામદારોને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ ની કલમ નં. ૨ ની પેટા કલમ નં. ઓ. ઓ. મુજબની છટણી વળતરની વ્યાખ્યામાં આવરી લેવાયેલ ન હોવા છતાં તેમને પરસ્પર બન્ને પક્ષોની સમજૂતિથી છટણી થયેલ ગણવામાં આવશે.

INDEX

(૫) આ સમાધાન અંગે કોઈ મતભેદ થશે તો બંને પક્ષો પરસ્પર સમજૂતિથી તેનો નિકાલ કરશે.

(૬) આ સમાધાનનો સમય બન્ને પક્ષકારોની સંમતિથી વધારવામાં આવેલ છે.

(૭) આ સમાધાનનો અમલ તા. ૧-૫-૧૯૭૦ ના રોજથી કરવામાં આવશે.

પરિશિષ્ટ :-'અ'

	હાલમાં કાયમી કામદારોની સંખ્યા				કામની પુનઃ રચના કરતાં કાયમી કામદારોની રાખવાની સંખ્યા.			
	પહેલી પાળી	બીજી પાળી	ત્રીજી પાળી	કુલ	પહેલી પાળી	બીજી પાળી	ત્રીજી પાળી	કુલ
હે. દો.								
શારણી મુકરદમ	૧	—	—	૧	૧	—	—	૧
રીડમેન	૧	૧	૧	૩	૧	૧	૧	૩
કોટન હીલ્ડમેન	૨	—	—	૨	૨	—	—	૨
હીલ્ડ કલીનર	૧	—	—	૧	૧	—	—	૧
ઓટો ડ્રોઅર	૫	૫	—	૧૦	૪	૪	—	૮
હેન્ડ ડ્રોઅર	૮	૩	૧	૧૨	૩	૩	—	૬
હેન્ડ રીચર	૮	૩	૧	૧૨	૩	૩	—	૬
નોટીંગ મેન	૪	૩	૩	૧૦	૪	૩	૨	૯
કુલ :-	૩૦	૧૫	૬	૫૧	૧૯	૧૪	૩	૩૬

નોંધ :- કોટન હીલ્ડમેન કોટન હીલ્ડનું કામ તથા વાયર હીલ્ડનું કામ

ફેક્ટરી મેનેજર,
ધી અમદાવાદ ન્યુ કોટન મીલ્સ કું. લી.,
અમરાઈવાડી રોડ, અમદાવાદ.

અમદાવાદ
તા. ૨-૫-૧૯૯૦

મંત્રીવતી,
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
ભદ્ર, અમદાવાદ.

સમાધાનકાર
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬
અમદાવાદ

(એ. આઇ. શેખ)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

અમદાવાદ
તા. ૧૫-૬-૯૦

સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૧/ખ/સમક/૨૬૯૯૧/આર.યુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી અને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું સુરત સીલ્ક મીલ લેબર યુનિયન સુરત અને સુરત ટેક્ષટાઈલ મીલ્સ લી. વરેલીની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડાની સન-૧૯૯૦માં જુન માસના ૧૫મા દિને આથી નોંધ કરું છું.

શ્રી એ. બી. પટેલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ.

રેફ. (આઇ. સી.) નં. ૧/૯૦

સુરત સીલ્ક મીલ્સ લેબર યુનીયન, — પ્રથમ પક્ષકાર
શ્રમજીવી સેવાલય,
અલંકાર ટોકીઝ પાસે, સુરત

વિરૂદ્ધ

સુરત ટેક્ષટાઈલ મિલ્સ લી. મુ. પોર વરેલી — બીજા પક્ષકાર
તા. પલસાણા જી. સુરત

હાજર રહયા : શ્રી નરોત્તમભાઈ પટેલ — પ્રથમ પક્ષકાર તરફે
શ્રી એમ ડી. પારેખ — બીજા પક્ષકાર તરફે

વિષય : કામદારોને કપડ તેમજ ધેલાઈ ભથ્થું તેમજ કાયમી કરવા અંગે.

એવોર્ડ (ભાગ-૧)

આ રેફરન્સ પ્રથમ પક્ષકાર સુરત સિલ્ક મીલ્સ લેબર યુનીયનના સેક્રેટરીશ્રી નરોતમભાઈ પટેલે બી. આઈ. આર. એકટની કલમ ૭૩-એ અન્વયે ઔદ્યોગિક અદાલતને સુનાવણી માટે સુપ્રત કરેલ છે. આ રેફરન્સ કરતાં પહેલાં પ્રથમ પક્ષકાર યુનીયને ફોર્મ 'એલ' માં ફેરફારની નોટીસ તા. ૧૪-૧૧-૮૯ના રોજ આપી હતી, અને નોટીસમાં જણાવ્યા પ્રમાણે કામદારોને કાપડ તેમજ ધોલાઈ ભથ્થું આપવા અને કેટલીક જગ્યાઓ કાયમી કરવાની માંગણી કરી હતી. બન્ને પક્ષકારો વચ્ચે આ માંગણીઓ બાબતે સંમાધાન ન થવાથી માંગણી સમાધાન અધિકારી સમક્ષ દાખલ કરી હતી. સમાધાન કાર્યવાહીમાં સમાધાન ન થવાથી સમાધાન અધિકારીએ તા. ૨-૧-૯૦ના રોજ નિષ્ફળતાનું સર્ટિફિકેટ આપેલ હતું જે આ કામે આંક-૨ થી રજુ કરેલ છે. તે પછી પ્રથમ પક્ષકાર યુનીયને આ રેફરન્સ ઔદ્યોગિક અદાલતની સુનાવણી માટે સુપ્રત કરેલ છે. પ્રથમ પક્ષકાર યુનીયન મ્યુનિસિપલ કોર્પોરેશન અને ચોર્યાસી તાલુકાના સ્થાનિક વિસ્તારમાં રેશમ ઉદ્યોગ માટે કામદારોનું પ્રતિનિધિત્વ હક્ક ધરાવતું યુનિયન છે. અને તે હેસિયતથી આ રેફરન્સ ઔદ્યોગિક અદાલતની સુનાવણી માટે સુપ્રત કરેલ છે.

(૨) પ્રથમ પક્ષકાર યુનીયને આ રેફરન્સની માંગણીઓ બાબતે આંક-૬થી માંગણાનું નિવેદન રજૂ કરેલ છે. આંક-૬ના માંગણાના નિવેદનમાં પ્રથમ પક્ષકારે નીચે પ્રમાણે વિગતો રજૂ કરેલ છે.

(૩) અરજદાર યુનિયન સુરત મહાનગર પાલિકા હદ વિસ્તાર તેમજ ચલસાણા તાલુકા સ્થાનિક વિસ્તારમાં રેશમ કાપડ ઉદ્યોગમાં કામ કરતા કામદારો માટે પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે. સામાવાળા મીલ સદર ઉદ્યોગમાં પલસાણા તાલુકાના સ્થાનિક વિસ્તારમાં રેશમ કાપડ ઉદ્યોગમાં અંડર ટેકીંગ તરીકે નોંધાયેલું યુનીટ છે. અરજદાર યુનીયનના મંત્રીશ્રીએ તારીખ ૧૪–૧૧–૮૯ના રોજ ફોર્મ'એલ'માં ફેરફારની માગણી કરી હતી જે માંગણીઓ નીચે મુજબ છે.

(૧) આપણી મીલમાં કામ કરતા કામદારો જેવાં કે જોબર ઓઈલર, ફીટર, વાયર મેન, ટર્નર, ફીટર હેલ્પર, બોઈલર એટેન્ડન્ટ, ફાયરમેન, મજુર, વોચમેન, ડ્રાઈવર, કન્ડકટર, એન્જીનીયર, જનરેટર, તથા ટેક્ષ્ટાઈલ્સ ઉદ્યોગમાં ઈન્ડસ્ટ્રીયલ કોર્ટે નકકી કરેલા સિવાય બીજી કોઈ કેટેગરી બાકી રહેતી હોય તો તેના કામદારોને દર વર્ષે બે જોડી ટેરીકોટન કાપડના યુનિફોર્મ સીવડાવીને આપવા અને તેની યોગ્ય ધોલાઈ પણ નિયમિત આપવા, વ્યવસ્થા કરવી, અને તેનો અમલ તા. ૧–૧–૮૯ થી કરવો. (૨) આ મીલમાં ગોઠવવામાં આવેલ મશીનો તથા તેના ઉપર લેવામાં આવતું કામને ધ્યાનમાં રાખી કાયમી જગ્યાઓ જેને કેટેગરી માટે નક્કી કરવા અને તે ઉપર કામ કરતા કામદારોને કાયમી પાસ આપવા.

પ્રથમ પક્ષકારની ઉપરોક્ત માંગણીઓ અંગે સમાધાન ન થતાં તે અંગે સમાધાન અધિકારી સમક્ષ સમાધાનની કાર્યવાહી ચાલી હતી, પરંતુ ત્યાં પણ સમાધાન ન થવાથી સમાધાન અધિકારીશ્રીએ તા. ૨–૧–૯૦ ના રોજ નિષ્ફળતાનું સર્ટીફીકેટ કાઢી આપ્યું હતું, ત્યારબાદ તા. ૩–૧–૯૦ ના રોજ ઉપરોક્ત ઔદ્યોગિક તકરાર નામદાર ઔદ્યોગિક અદાલતને સુપ્રત કરવામાં આવેલ છે. મજકુર માંગણીના સમર્થનમાં પ્રથમ પક્ષકાર યુનીયનનું નિવેદન નીચે મુજબ છે.

(૪) યુનિફોર્મ આપવા બાબત : ગુજરાતના જુદા જુદા ઉદ્યોગમાં કામ કરતાં કામદારોને ફેકટરી એક્ટના નિયમ પ્રમાણે અથવા તો પરસ્પર સમાધાનથી કે ઔદ્યોગિક અદાલતના એવોર્ડથી યુનિફોર્મ આપવામાં આવે છે કેટલાંક ખાતામાં કામ કરતા કામદારોને તેમના કામનો પ્રકાર જોતાં તેઓને પહેરેલા કપડા વધુ ઘસારો લાગે છે જલદી ફાટી જાય છે. અને બગડે છે. તે સંજોગોમાં તેઓને યુનિફોર્મ આપવાનું આવશ્યક બન્યું છે જ્યારે અન્ય સ્ટાફ કેટેગરીના કામદારોને કંપની તે કારખાનામાં કામદારોને તે સહેલાઈથી ઓળખી શકાય તેવા હેતુથી યુનિફોર્મ આપે છે. આ રીતે કેટલાક કારખાનામાં અમૂક કામદારોને યુનિફોર્મનો લાભ મળે છે. જ્યારે બીજા કેટલાક કારખાનામાં યુનિફોર્મના લાભ આપવામાં આવે છે

INDEX

બીજા પક્ષકાર મીલ કંપનીમાં કામ કરતા કેટેગરીના કામદારોને તેને બીજા પક્ષકારે સ્વેચ્છાએ યુનિફોર્મ આપવાનું ઘણા વખતથી શરૂ કરેલુ છે. જ્યારે અન્ય કેટેગરીના કામદારોને યુનિફોર્મ ન આપવાથી તેઓમાં અસંતોષની લાગણી ફેલાયેલી છે. જે કામદારોને યુનિફોર્મ ન આપવામાં આવતા હતા તે કામદારો આ લાભથી વંચિત રાખવા માટે કોઈ વ્યાજબીકારણ ન હતું આ કામદારો માટે જ્યારે માંગણી કરવામાં આવી ત્યારે બીજા પક્ષકારે જેઓને લાંબા સમયથી યુનિફોર્મનો લાભ આપવામાં આવતો હતો તેઓને પણ કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા વિના યુનિફોર્મ આપવાનું બંધ કર્યું છે, અને તે લાભથી વંચિત કરવામાં આવ્યા છે

ઉપરના સંજોગોમાં બીજા પક્ષકારના કારખાનામાં કામ કરતા તમામ કામદારોને દર વરસે ટેરીકોટનના બે જોડી યુનિફોર્મ આપવા આ માગણી કરવામાં આવી છે. યુનિફોર્મ તરીકે હાફશર્ટ કે બુશર્ટ અને આખું પેન્ટ આપવુ જોઈએ.

કારખાનામાં કામ કરતા કામદારને જ્યાં જ્યાં યુનિફોર્મ આપવામાં આવે છે, ત્યાં ત્યાં તેઓને યોગ્ય ધોલાઈ ભથ્થુ પણ આપવામાં આવે છે કારણકે ફક્ત બે જોડી યુનિફોર્મ આપવામાં આવે તે યુનિફોર્મ સ્વચ્છ રાખવામાં આવે તે માટે તેને દર માસે યોગ્ય રકમ ધોલાઈ ભથ્થા તરીકે આપવી જોઈએ. ધોલાઈ ભથ્થુ યુનિફોર્મ આપવાની તારીખ આપવી જોઇએ.

કાયમી પાસ આપવા બાબત : કારખાનામાં જે મશીનો ગોઠવવામાં આવ્યા છે અને જે નિયમીત ચલાવવામાં આવે છે, તેમ છતાં તે મશીન ઉપર કામ કરતા કામદારોને તથા તે ખાતાના તે મશીનો ચાલુ રાખવા માટે અન્ય કેટેગરીના જરૂરી કામદારોને કાયમી પાસ આપવામાં આવત નથી, તે સંજોગોમાં સૌ પ્રથમ હાલ જે કામની પદ્ધતિ અપનાવવામાં આવી છે તે કામની પદ્ધતિને ધ્યાનમાં રાખી જુદી જુદી કેટેગરીના જરૂરી કામદારોને કેટેગરી પ્રમાણે પ્રત્યેક પાળી માટે કાયમી સંખ્યાબળ નક્કી કરવું જોઈએ સંખ્યા બળ નક્કી કર્યા પછી જેતે કેટેગરીમાં કામ કરતા કામદારોને કાયમી બનાવવા જોઇએ

(૫) માગણી ન ૧ યુનિફોર્મ અને ધોલાઈ ભથ્થુ આપવા બાબતે બીજા પક્ષકાર કંપનીએ આંક-૯ નો રજુ કરેલ જવાબ નીચે પ્રમાણે હકિકતે જણાવેલ છે. આ રેફરન્સ કાયદેસર નથી, અને તે બી. આઈ. આર. એક્ટ હેઠળ ચાલી શકતો નથી અને તેથી તે રદ થવાને પાત્ર છે. આ રેફરન્સ ચલાવવા, સાંભળવા અને તે બાબત નિર્ણય કરવા નામદાર કોર્ટને હકુમત નથી અને તેથી રેફરન્સ

રદ થવાને પાત્ર છે. માંગણાના નિવેદનના માંગણી નં-૧ ના કથનો યુનિયને સાબિત કરવા જોઈએ. માંગણીના નિવેદનના પેરા-૨ ના કથનો પણ યુનિયને સાબિત કરવા જોઈએ. પેરા-૩ માં જણાવેલ ફોર્મ 'એલ' માં જણાવ્યા મુજબના ફેરફારની માંગણી કર્યાનું કથન તથા માંગણીના નિવેદનના પેરા-૪ માં જણાવેલ વિગતની માંગણી કર્યાનું કથન બાબત તકરાર નથી.

માંગણીના નિવેદનના પેરા-૫ ના કથનો પૈકી યુનીયનની સંસ્થાના કામદારોને યુનિફોર્મ આપવાનો તથા ધોલાઈ ભથ્થા તથા છ માસ ઉપરાંતથી નોકરી કરનાર કામદારોને કાયમી પાસ આપવાની માંગણી ઈન્ડસ્ટ્રીયલકોર્ટને યુનીયને ન્યાય નિર્ણય માટે સુપ્રત કર્યાનું કથન ખરૂં છે અને તે સિવાયના મજકુર પેરાના કથનો બાબત બીજા પક્ષના સંસ્થાને જાણકારી નથી. અને તે કબુલ નથી.

માંગણીના નિવેદના પેરા-૬ ના કથનો પૈકી કેટલાક મોઘમ, પણ કેટલાક બાઠાફેર અને બાકીના કથનો ખોટા હોવાથી કબુલ નથી. યુનીયને મજકુર પેરામાં ગુજરાતમાં જે ઉદ્યોગમાં સમાધાન યા ઔદ્યોગિક અદાલતના ચુકાદાથી યુનિફોર્મ અપાવ્યા હોય તેવા ઉદ્યોગોના નામ તથા કામદારોની કેટેગરીના નામ પણ આપ્યા નથી. અને ગુજરાતના જુદા જુદા ઉદ્યોગોનો ઉલ્લેખ કરી તેમાં કેટલાક કામદારોને યુનિફોર્મ અપાવ્યા હોવાનું વિગેરે કથનો લખ્યા છે. તે મોઘમ, અસ્પષ્ટ અને ખોટા હોવાથી કબુલ નથી. એટલું જ નહિં પરંતુ કારખાના ધારા હેઠળ જે ઉદ્યોગોના કામદારોની કેટેગરી માટે યુનિફોર્મ આપવાની જોગવાઈ કરવામાં આવી હોય તેવા ઉદ્યોગ અને કામદારોની કેટેગરીના નામ પણ જણાવ્યા નથી. અને તેવા ઉદ્યોગની કામગીરીનો પ્રકાર પણ જણાવેલ નથી. અને તેથી યુનીયનનું ફેકટરીઝ એકટ હેઠળ ચાલતાં કેટલાક ઉદ્યોગમાં યુનિફોર્મ આપવાની જોગવાઈ હોવાનું વિગેરે કથનો પણ અસ્પષ્ટ અને મોઘમ તેમજ ખોટા હોવાથી કબુલ નથી. યુનીયને મજકુર પેરામાં કેટલાક ખાતાઓનો મોઘમ ઉલ્લેખ કરી તેવા કહેવાતા ખાતાઓમાં કામ કરતા કહેવાતા કારીગરોને કહેવાતા કામનો પ્રકાર જો તેમાં તેઓને પહેરેલા કપડાને વધારે ઘસારો લાગતો હોવાનું યા જલ્દી ફાટતા હોવાનું અને તેથી કહેવાતા કામદારોને યુનિફોર્મ આપવાનું આવશ્યક બન્યાનું વિગેરે કથનો ખરા નથી અને તેનો ઈન્કાર કરવામાં આવે છે. કેટલાક કામદારોને સહેલાઈથી ઓળખી શકાય તે માટે કંપની યુનિફોર્મ આપતી હોવાનું ખોટું હોવાથી કબુલ નથી. વળી અમૂક કામદારોને જે યુનિફોર્મનો લાભ મળતા હોવાનું જ્યારે બીજા કેટલાક કારખાનાઓમાં યુનિફોર્મનો લાભ આપવામાં આવતો હોવાનું વિગેરે કથનો અસ્પષ્ટ મોઘમ, અને ખોટા હોવાથી કબુલ નથી.

માંગણાના નિવેદનો પૈકી પેરા-૭ના કેટલાંક કથનો પાડાફેર અને બાકીના ખોટા હોવાથી કબુલ નથી. કંપનીએ કેટલીક કેટેગરીના કામદારોને સ્વેચ્છાએ યુનિફોર્મ આપવાનું શરૂ કર્યાનું અને અન્ય કેટેગરીના કામદારોને યુનિફોર્મ નહિં આપ્યાથી તેઓના કહેવાતી અસંતોષની લાગણી ફેલાવાતું યા કેટલાક કહેવાતા કામદારોને લાભથી વંચિત રાખ્યાનું યા તે માટેના કારણો ન હોવાનું કંપનીએ કેટલાક કામદારોને યુનિફોર્મ આપવાનો લાભ બંધ કર્યાના વિગેરે કથનો ખોટા હોવાથી કબુલ નથી.

નિવેદનના પેરા-૮ અને ૯ માં કંપનીના તમામ કામદારો માટે બે જોડી યુનિફોર્મ સીવડાવીને આપવાની માંગણી તથા તે માટે ધોલાઈ ભથ્થુ આપવાની માંગણી કાયદેસર ન્યાયી અને વ્યાજબી નથી અને તેથી તે રદ થવાને પાત્ર છે.

ખરી હકિકત એવી છે કે બીજા પક્ષનાની સંસ્થા સુરત ટેક્ષટાઈલ્સ મીલ્સ લી. વરેલા મુકામે તા. ૧-૫-૮૬ થી શરૂ કરવામાં આવેલી. બીજા પક્ષનાની સંસ્થામાં આર્ટસીલ્ક યા સીન્થેટીક યાર્નનું ટવીસ્ટીંગ અને અપટવીસ્ટીંગનાં કામ જોરી કરવામાં આવે છે. સુરત શહેર તથા ઉધના અને સચિન વિસ્તારમાં આર્ટ સીલ્ક યા સીન્થેટીક યાર્નનું ટવીસ્ટીંગ, વાઈન્ડીંગ વેપીંગ, સાઈઝીંગ અલગ અલગ રીતે કરનારા સેંકડો યુનિટો આવેલા છે. તેમજ મજકુર વિસ્તારમા આર્ટસીલ્ક યા સીન્થેટીક કાપડનું વીવીંગ, વાઈન્ડીંગ, વેપીંગ, ટવીસ્ટીંગ કરનાર કંપોઝીટ યુનીટો પણ સેંકડોની સંખ્યામાં આવેલા છે. તે એ રીતે દેશના જરૂરીયાતનું ચોથા ભાગનું આર્ટસીલ્ક યા સીન્થેટીક કાપડનું ઉત્પાદન સુરત શહેર, ઉધના, સચિન, વરેલી, વિગેરે કેન્દ્રોમાં આવેલા યુનિટોમાં થાય છે. અને તે માલના વેચાણ માટે સુરત ટેક્ષટાઈલ્સ માર્કેટ, બોમ્બે માર્કેટ, જે. જે. માર્કેટ વિગેરે વિશાળ માર્કેટો પણ સુરત શહેરમાં આવેલી છે. આર્ટસીલ્ક યાર્નનું ટવીસ્ટીંગ તથા અપ-ટવીસ્ટીંગ યા વાઈન્ડીંગ, વીપીંગ કે સાઈઝીંગ કરનાર અલગ અલગ યુનિટોમાં કામ કરતાં કામદારોને હકિકતમાં યુનિફોર્મ અપાતા નથી. તથા ધોલાઈ ભથ્થુ અપાતું નથી. તેમજ તેવા યુનિટોમાં કામ કરતાં કામદારોને યુનિફોર્મ આપવાની તથા ધોલાઈ ભથ્થું આપવાની માગણી નામદાર ઈન્સ્ટ્રીયલ કોર્ટ યા ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલના એવોર્ડ કે સમાધાન યા કરારથી નક્કી થઈ નથી. વળી મજકુર વિસ્તારમાં આવેલા આર્ટસીલ્ક યા સીન્થેટીક કાપડનું ઉત્પાદન કરનારા સેંકડો યુનિટો પૈકી કોઈપણ યુનિટમાં આ પ્લાન્ટમાં કામ કરતા કામદારોને યુનિફોર્મ આપવાની તથા ધોલાઈ ભથ્થું આપવાની માંગણી ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ યા ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલના એવોર્ડ યા સમાધાનથી કે કરારથી નક્કી થઈ નથી. વળી ઉપર જણાવેલ પ્રેપેરેટરી

INDEX

પ્રોસેસ કરનાર તથા વીવીંગ, વાઈન્ડીંગ, વેપીંગ, ટવીસ્ટીંગ, સાઈઝીંગ કરનારા કંપોઝીટ યુનિટ પૈકી કોઈમાં પણ કામદારોની કાયમી સંખ્યા યા તેમને કાયમી પાસ આપવા માટે કોઈપણ એવોર્ડ કે સમાધાન યા કરાર અસ્તીત્વ ધરાવતા નથી સીલ્ક ટેક્ષટાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝના પ્રેપેરેટરી પ્રોસેસીઝ જેવાં કે આર્ટસીલ્ક યા સીન્થેટીક યાર્નનું વાઈન્ડીંગ વેપીંગ, ટવીસ્ટીંગ, અપટવીસ્ટીંગ, સાઈઝીંગ કરનાર યુનિટોમાં કામ કરતાં કામદારો માટે યુનિફોર્મ આપવા તથા ધોલાઈ ભથ્થું આપવા અને દરેક કેટેગરીના કામદારોને કાયમી સંખ્યા નક્કી કરવાનુ સમગ્ર ઉદ્યોગ અને પ્રદેશ માટે એટલે સુરત શહેર અને પલસાણા તાલુકા તથા સચિન વિસ્તારના આવેલા હજારો પ્રેપેરેટરી યુનિટોના કામદારો માટે એક સરખી નોકરીની શરતો જળવાઈ અને ઉદ્યોગના પ્રિપેરેટરી પ્રોસેસના જુદા જુંદા એકમો વચ્ચે કામદારોની નોકરીની શરતો અંગે કોઈ ભેદભાવ રહે નહિ ઉપર જણાવેલ સિદ્ધાંતના સુપ્રીમકોર્ટ ૧૯૫૮ થી દરેક ઉદ્યોગ અને તેના વિભાગો માટે પાયાના સિદ્ધાંત તરીકે સ્વીકાર્યો છે. અને દેશની ઔદ્યોગિક અદાલતો, હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટે છેલ્લા ૩૨ વર્ષથી તે સિદ્ધાંતનું પાલન કરી ચુકાદાઓ આપેલા છે. તેથી યુનીયને સુરત શહેર, ચોર્યાસી તાલુકા અને પલસાણા તાલુકામાં આવેલા સીલ્ક ટેક્ષટાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝના પ્રેપેરેટરી પ્રોસેસ કરનારા તમામ એકમોમાં કામ કરતા જુદી જુદી કેટેગરીના કામદારો માટે યુનિફોર્મ તથા ધોલાઈ ભથ્થુ મેળવવાની તથા તમામ એકમો માટે કાયમી કામદારોની સંખ્યા નક્કી કરવા તથા કાયમી પાસ આપવાની માંગણી કરવી જોઈએ પરંતુ તેમ કરવાને બદલે નામદાર સુપ્રીમકોર્ટે તથા ઉદ્યોગ તથા પ્રદેશના ઘણાં લાંબા સમયથી પ્રસ્થાપિત કરેલા અને સ્વીકારેલા સિદ્ધાંતની ધરાર અવગણના કરી બીજા પક્ષકારની સંસ્થા ચાર-પાંચ એકમો માટે મજકુર માંગણી કરી છે. તે કાયદેસર અને ન્યાયી, વ્યાજબી નથી તેથી તે રદ થવાને પાત્ર છે, કોઈપણ સંજોગોમાં મજકુર માંગણીઓ ઉદ્યોગના એકમદીઠ કરી શકાય એવું ઠરાવવામાં આવે તો પણ બીજા પક્ષનાની રજુઆત તથા હકિકત તથા હકિકત એવી છે કે કારખાનાના ધારા હેઠળના નિયમ-૧૦૨ હેઠળ જણાવેલ જોખમકારક ઉદ્યોગ જેવાં કે હવામાં ભારે દબાણથી ભરાતા એરેટેડ વોટર્સ, વિદ્યુત પ્રવાહથી રાસાયણિક પદાર્થોનું વિઘટન કરવામાં આવે યા વિદ્યુત પ્રવાહથી રાસાયણિક પદાર્થોનું વિઘટન કરી કણો ચોટાડવાની પ્રક્રિયા કરવામાં આવતી હોય, યા ધાતુનું કેમીકલ તેજાબ, ક્રોમીયમ કંપાઉન્ડ દ્વારા ઓક્ષીડેશન કરવામાં આવતું હોય યા ઈલેકટ્રીક એક્યુમ્યુલેટર્સની ઉત્પાદન પ્રક્રિયા રીપેર્સ કરવામાં આવતી હોય કે પ્રકાશ બનાવવાની પ્રક્રિયા હોય કે ધાતુને ચળકાટ આપવાની કે ગ્રાઈન્ડીંગની પ્રક્રિયા હોય કે શીશું ઉત્પન્ન કરવાની પ્રક્રિયા યા જોખમકારક પેટ્રોલિયમમાંથી ગેસ ઉત્પન્ન કરવાની પ્રક્રિયા યા હવા કે વરાળના

INDEX

દબાણથી ધડાકો કરી કોઈ ચીજવસ્તુઓના ભાગ, સપાટી ધાતુ શીટ છુટા પાડવાની પ્રક્રિયા વિગેરે જોખમકારક પ્રક્રિયાઓમાં રોકાયેલા કેટલાક કામદારોને તેવી પ્રક્રિયા દરમ્યાન માનવીય અંગ આવી પ્રક્રિયા ચાલુ હોય ત્યારે સંપર્કમાં આવતાં તેને નુકશાન થવાનો આ નષ્ટ થવાનો સંભવ હોય ત્યારે તેવા કામદારોને શારીરીક ઈજા યા નુકશાન ન થયા તે માટે સલામતીના હેતુસર કપડાં, મોજા યા અન્ય સાધો આપવાનું કારખાના ધારા હેઠળ ફરજિયાત બનાવવામાં આવેલ છે. બીજા પક્ષકાર કંપનીના યુનીટમાં ટવીસ્ટીંગ, ઓપરેટરો, અપસ્ટીગ, ઓપરેટરો વાયરમેન, ટર્નર, ફીટર, ફીટર, વેચમેન, એન્જીનીયર, ઝાડુવાળા વિગેરે કેટેગરીમાં કુલ્લે લગભગ ૮૨ કામદારો કામ કરતા આવ્યા છે. અને તે પૈકી ૭૦ કામદારો કાયમી જ્યારે બાકીના પૈકી ૧૧ બદલી કામદારો અને ૧ ટ્રેઈની યાને અજમાયશી યા શીખાઉ છે. આ તમામ કામદારો જોખમકારક પ્રક્રિયામાં કામ કરતા નથી. અને કામ કરતી વખતે તેમના કપડા યા શારીરિક અંગે કોઈપણ પ્રકારની જોખમકારક પ્રક્રિયા સાથે સંપર્કમાં આવતાં નથી. અને તેને કારણે તેમના પહેરેલા કપડા ઘસાવાની ફાટવાની યા શારીરિક અંગને ઈજા યા નુકશાન થવાની કોઈ સંભાવના નથી. એટલું જ નહિ બીજા પક્ષ નાના યુનીટમાં કામદારોના કપડાં કામકાજ દરમ્યાન ફાટતાં નથી યા તેને ઘસારો પહોંચતો નથી. આમ છતાં બીજા પક્ષના કંપની તેમના કામદારો પૈકી ફીટર તથા વોચમેનની કેટેગરીમાં કામ કરતાં કામદારોને યુનિફોર્મ યા શર્ટ પેન્ટની બે જોડી પોતાને ખર્ચે સીવડાવીને કંપની આપે છે. તે સિવાયના કામદારો જોખમકારક પ્રક્રિયાના સંપર્કમાં આવતી નથી. અને તેને કારણે તેમને કપડાનો ઘસારો પહોંચતો નથી થા ફાટી જતા નથી. યાં શારીરિક ઈજા થતી નથી અને ઉપર જણાવેલ કેટેગરી સિવાયના કામદારોની કામગીરીને કારણે તેમને શારીરિક ઈજા થતી નથી તેમજ કપડા ફાટતા નથી. જેથી ઉપર જણાવેલ કેટગરી સિવાયના કામદારોને યુનિફોર્મ તથા ધોલાઈ ભથ્થુ આપવાની માંગણી ગેરવ્યાજબી અને ગેરકાયદેસર હોવાથી તે રદ થવાને પાત્ર છે. વળી યુનીયને જણાવેલ તમામ કેટેગરીના કામદારો કંપનીમાં કામ કરતાં નથી. અને કંપનીના તમામ કામદારો માટે યુનિફોર્મ આપવાની તથા ધોલાઈ ભથ્થું આપવાની માંગણી મંજુર કરવામાં આવે તો તેથી કંપની પર અસહ્ય એવો વધારાનો આર્થિક બોજો પડે તેમ છે. વળી યુનીયને કંપનીના કામદારો માટે પગાર ધોરણ અલગ મોંઘવારી વિગેરે મેળવવા માંગણીઓ કરેલી છે. અને તેનો વિવાદ નામદાર ઈન્ડસ્ટ્રીયલ કોર્ટમાં ચાલુ છે. અને તેવા પગારમાં કામદારની મુળ જરૂરીયાત તરીકે ૨૦ મીટર કાપડની કિંમત પગારનો મુળ દર નક્કી કરતી વખતે લક્ષમાં લેવાતી હોય છે. તેથી પણ મજકુર માંગણી રદ થવાને પાત્ર છે.

INDEX

(૬) આંક-૧૧ થી પ્રથમ પક્ષકારના સેક્રેટરીશ્રી નરોત્તમભાઇ પટેલે એફીડેવીટ રજુ કરેલ છે. એફીડેવીટમાં સોગંદ પૂર્વક શ્રી નરોત્તમભાઇ પટેલે નીચે મુજબ રજુ કરેલ છે. પ્રથમ પક્ષકાર સુરત શહેર અને ચોર્યાસી તાલુકામાં આવેલ રેશમ વણાટના ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું બી. આઈ. આર. એકટ હેઠળ પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે. અને તેનો હું મંત્રી છું. બીજા પક્ષના પલસાણા તાલુકામાં વરેલી મુકામે આવેલ રેશમ વણાટ ઉદ્યોગમાં નોંધાયેલ અંડર-ટેકીંગ છે. બીજા પક્ષતાની સંસ્થામાં ફીટર, ટર્નર, વેલ્ડર, બોઇલર એટેન્ડન્ટ, ફાયરમેન, ફાયરમેન, થર્મોપેક, ઓપરેટર, વાયરમેન, ઈલેક્ટ્રીશીયન, જોબર, આસી. જોબર, પર્નવાઇન્ડીંગ, જોબર, વીવીંગ જોબર, થાઈન્ગ જોબર, વોચમેન, જમાદાર, ડ્રાઈવર, ક્લીનર, એસી પ્લાન્ટ ઓપરેટર, પટાવાળા, વાયરમેન, હેલ્પર ફીટર, હેલ્પર, ટર્નરહેલ્પર, વેલ્ડર હેલ્પર, ઝાડુવાળા, બોઈલર, લોડર અને મશીન પર કામ કરતાં એન્જીનીયરની કેટેગરીઓ પૈકી હાલમાં જે અસ્તીત્વ ધરાવતી કેટેગરી હોય અને એવી અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતાં તમામ કામદારોની કામગીરી દરમ્યાન એમના કપડાં ઘસાઈ જાય છે. ડાઘા પડે છે. ખરાબ થાય છે. તેથી તેવી અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતાં તમામ કામદારોને કંપની દર વર્ષ એપ્રીલ માસમાં તા. ૧૫ મી સુધીમાં ટેરીકોટનના બે જોડી ફુલ પેન્ટ અને ટેરીકાટનના ૨ જોડી અર્ધ બાંયવાળા શર્ટ પોતાના ખર્ચે સીવડાવીને આપે એવો એવોર્ડ થવાથી જરૂર છે. ચાલુ વરસે એવા કામદારોએ તા. ૧૫-૫-૯૦ થી એવા યુનીફોર્મ મળે એવો એવોર્ડ થવાની જરૂર છે. બીજા પક્ષકારના વિદ્વાન વકીલશ્રી પારેખે આંક-૧૧ ની એફીડેવીટ પર એફીડેવીટ જોઈ. નોંધ લીધી છે. એવો શેરો કરી સહી કરેલ છે. બીજા પક્ષકાર કંપનીના એડવોકેટે બીજા પક્ષકાર કંપનીની કાઉન્ટર એફીડેવીટ કરેલ નથી. તેમજ એફીડેવીટ કરનારની ઉલટ તપાસ કરેલ નથી. તે ઉપરાંત આંક-૧૦ થી કંપનીના વિદ્વાન વકીલશ્રી એમ. ડી. પારેખે રજૂઆત કરેલ છે કે, આ કામમાં યુનીયને તેમની દલીલમાં જણાવેલ મીલ્સ કંપનીઓના જે કામદારોની કેટેગરી માટે યુનીફોર્મની માગણી કરેલી છે તેમાં મશીન પર કામ કરતાં એન્જીનીયરોમાં મશીન રીપેર કરનાર એન્જીનીયરોનો સમાવેશ કરવા અરજ છે અને મીલ કંપનીઓમાં કામ કરતાં કામદારોમાં ક્રિમ્પીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરો સીવાયના કામદારોને યુનીફોર્મ આપવામાં આવે તેમાં મીલ કંપનીને વાંધો નથી. ક્રિમ્પીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરોની કામગીરી દરમ્યાન તેમના કપડાં ઘસાતા યા ફાટતા નથી જેથી ક્રિમ્પીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરોએ યુનીફોર્મ મળી શકે નહિં. જે સંસ્થામાં જે કેટેગરી અસ્તીત્વ ધરાવતી ન હોય તેને યુનિફોર્મ મળી શકે નહિ.

INDEX

(૭) મે પ્રથમ પક્ષકાર તરફે શ્રી નરોત્તમભાઈ પટેલ તથા બીજા પક્ષકાર તરફે શ્રી એમ. ડી. પારેખને સાંભળ્યા, શ્રી નરોત્તમભાઈ પટેલે મારી સમક્ષ રજૂઆત કરેલ છે કે, યુનિફોર્મ અને ધોલાઈ ભથ્થાની માંગણી બાબતે ભાગ-૧ એવોર્ડ કરવા વિનંતી છે. તેમને રજુઆત કરેલ છે કે, બીજા પક્ષકાર કંપનીમાં કામ કરતાં કામદારો જેવા કે, ફીટર, ટર્નર, વેલ્ડર, બોઈલર એટેન્ડન્ટ, ફોરમેન, ફાયરમેન, થર્મોપેક ઓપરેટર, વાયરમેન, ઈલેક્ટ્રીશીયન, જોબર, આસી. જોબર, પર્ન વાઈન્ડીંગ જોબર, વીવીંગ જોબર, ગ્રોઇંગ જોબર, વોચમેન, જમાદાર, ડ્રાઈવર, કલીનર, એ. સી. પ્લાન્ટ, ઓપરેટર, પટાવાળા, વાયરમેન, હેલ્પર. ફીટર, હેલ્પર, ટર્નર, હેલ્પર વેલ્ડર હેલ્પર, ઝાડુવાળા, ઓઈલ લોડર અને મશીન પર કામ કરતાં એન્જીનીયરની કેટેગરીઓ પૈકી હાલમાં જે અસ્તીત્વ ધરાવતી કેટેગરી હોય અને અને એવી અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતા તમામ કામદારોની કામગીરી દરમ્યાન એમના કપડાં ઘસાઇ જાય છે. ડાઘા પડે છે. અને ખરાબ થાય છે. અને ખર્ચ થાય છે. તેથી અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતાં તમામ કામદારોને કંપની દર વર્ષ એપ્રીલ માસમાં તા. ૧૫ સુધીમાં ટેરીકોટનના બે જોડી ફુલ પેન્ટ, અને ટેરીકોટનના ૨ જોડી અર્ધબાંય વાળા શર્ટ પોતાના ખર્ચ શીવડાવી આપે એવો એવોર્ડ થવા અરજ છે. ચાલુ વર્ષે આવા કામદારોને તારીખ ૧૫-૫-૯૦ થી એવો યુનિફોર્મ મળે એવોર્ડ થવાની જરૂર છે.

(૮) કંપની વિદ્વાન એડવોકેટશ્રી એમ. ડી. પારેખે રજુઆત કરેલ છે કે કંપનીમાં કામ કરતાં ક્રિમ્પીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટર ને યુનિફોર્મ મળી શકે નહિં, તેમજ ધોલાઈ ભથ્થુ આપવાનો ટેક્ષટાઈલ ઉદ્યોગમાં રિવાજ નથી એટલે ધોલાઈ ભથ્થુ આપવાનુ રહેતું નથી. આપવામાં આવે તેમા મીલ્સ કંપનીને વાંધો નથી તે સિવાય બીજી કોઈ રજુઆત કરેલ નથી. આથી હું એવા નિર્ણય પર આવું છું કે, પ્રથમ પક્ષકાર યુનીયનના મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે તેમની એફીડેવીટ આંક-૧૧ માં જેજે. કેટેગરીના કામદારો માટે યુનિફોર્મ માંગેલ છે. તે તે કેટેગરીવાળા કામદારોને દર વર્ષે એપ્રીલ માસમાં ૧૫ મી તારીખ સુધીમાં ટેરીકોટનના બે જોડી ફુલ પેન્ટ અને ટેરીકોટનના બે જોડી અર્ધબાંયવાળા શર્ટ આપવામાં આવે તેવી માંગણી સામાવાળા મીલ કંપની મંજૂર રાખે છે. આથી તે પ્રમાણે એવોર્ડ ભાગ-૧ મા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. ટેક્ષટાઈલ ઉદ્યોગમાં ધોલાઈ ભથ્થુ આપવાનો રિવાજ નથી એટલે ધોલાઇ ભથ્થાની માંગણી નામંજૂર કરવામાં આવે છે.

INDEX

હુકમ

બીજા પક્ષકાર કંપનીને હુકમ કરવામાં આવે છે કે, એફીડેવિટ આક-૧૧ માં જણાવેલ કેટેગરીવાળા કામદારોને સમાવાળા કંપનીએ દર વર્ષે એપ્રીલ માસમાં તારીખ ૧૫ મી સુધીમાં ટેરીકોટનના બે જોડી ફુલ પેન્ટ, અને બે જોડી અર્ધ બાંયવાળા શર્ટ પોતાના ખર્ચે સીવડાવી આપવા જોઈએ. અને આ માંગણીનો અમલ તા. ૧-૪-૯૦ થી કરવાનો છે. અને ૧૯૯૦ ના વર્ષ માટે યુનિફોર્મ કામદારોનો તા. ૧૫-૫-૯૦ સુધીમાં આપી દેવામાં આવે તેવા હુકમ કરવામાં આવે છે. ફક્ત ક્રિમ્પીગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરને યુનિફોર્મ આપવાનો નથી. ધોલાઈ ભથ્થુ આપવાનું નથી. આ એવોર્ડ ભાગ-૧ થી માંગણી નં-૧ નો નિકાલ કરવામાં આવે છે. ખર્ચ બાબતે કોઇ હુકમ કરવામાં આવતો નથી. આ એવોર્ડની નકલ પક્ષકારોને મળે તે તારીખથી અથવા તા. ૧૫-૫-૯૦ બંનેમાંથી જે વહેલું હોય તે તારીખથી અમલ કરવાનો છે. આ રેફરન્સની હવે પછીની સુનાવણી તા. ૧૩-૬ ૯૦ ના રોજ રાખવામાં આવે છે.

સહી
પી. આર. પુરસ્નાણી
સુરત
તા. ૫-૫-૯૦

સહી
એ. બી. પટેલ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, સુરત.

એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ.
અમદાવાદ.

તા. ૧૫-૬-૯૦
અમદાવાદ

INDEX

સને-૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/બ/શ્રમક/૨૬૯૯૨ આથી સને-૧૯૪૬ નાં મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઇએ.

હું ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ ગાર્ડન વરેલી ટેક્ષટાઇલ લી. સુરતની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના ચુકાદાની સન-૧૯૯૦ માં જુન માસનાં ૧૫માં દિને આથી નોંધ કરૂં છું.

રેફ. (આઈ. સી.) નં. ૨/૯૦

ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીની. વર્કસ
યુનીયન, — પ્રથમ પક્ષકાર
શ્રમજીવી સેવાલય,
અલંકાર ટોકીઝ પાસે સુરત.

ગાર્ડન વરેલી ટેક્ષટાઈલ લીમીટેડ
બેલાબાલી કંપાઉન્ડ, સહરા દરવાજા બહાર, — બીજા પક્ષકાર
સુરત.

હાજર રહ્યા :—શ્રી નરોત્તમભાઈ પટેલ — પ્રથમ પક્ષકાર તરફે.
શ્રી એમ. ડી. પારેખ — બીજા પક્ષકાર તરફે.

વિષય :— કામદારોને કાપડ તેમજ ધોલાઇ ભથ્થુ તેમજ કાયમી કરવા અંગે

એવોર્ડ (ભાગ-૧)

આ રેફરન્સ પ્રથમ પક્ષકાર સુરત સીલ્ક મીલ્સ લેબર યુનીયનના સેક્રેટરીશ્રી નરોત્તમભાઈ પટેલ બી. આઈ. આર. એક્ટની કલમ ૭૩-એ અન્વયે ઔદ્યોગિક અદાલતને લવાદી માટે સુપ્રત કરેલ છે. આ રેફરન્સ કરતાં પહેલાં પ્રથમ પક્ષ યુનીયને ફોર્મ 'એલ' માં ફેરફારની નોટીસ તા. ૧૪-૧૧-૮૯ ના રોજ હતી, અને નોટીસમાં જણાવ્યા પ્રમાણે કામદારોને કાપડ તેમજ ધોલાઇ ભથ્થુ આપવા અને કેટલીક જગ્યાઓ કાયમી કરવાની માંગણી કરી હતી, બન્ને પક્ષકારો

INDEX

વચ્ચે આ માંગણીઓ બાબતે સમાધાન ન થવાથી માંગણી સમાધાન અધિકારી સમક્ષ દાખલ કરી હતી. સમાધાન કાર્યવાહીમાં સમાધાન ન થવાથી સમાધાન અધિકારીએ તા. ૨-૧-૯૦ ના રોજ નિષ્ફળતાનું સર્ટીફીકેટ આપેલ હતું જે આ કામે આંક-૨ થી રજૂ કરેલ છે. તે પછી પ્રથમ પક્ષકાર યુનીયને આ રેફરન્સ ઔદ્યોગિક અદાલતની લવાદી માટે સુપ્રત કરેલ છે. પ્રથમ પક્ષકાર યુનીયન મ્યુનિસિપલ કોર્પોરેશન અને ચોર્યાસી તાલુકાના સ્થાનિક વિસ્તારમાં રેશમ ઉદ્યોગ માટે કામદારોનું પ્રતિનિધિત્વ હક્ક ધરાવતું યુનીયન છે. અને તે હેસીયતથી આ રેફરન્સ ઔદ્યોગિક અદાલતની લવાદી માટે સુપ્રત કરેલ.

(૨) પ્રથમ પક્ષકાર યુનીયને આ રેફરન્સની માંગણીઓ બાબતે આંક-૬થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે આંક-૬ ના માંગણાનું નિવેદન રજુ કરેલ છે. આંક-૬ ના માંગણાંના નિવેદનમાં પ્રથમ પક્ષકારે નીચે પ્રમાણે વિગતો રજુ કરેલ છે.

(૩ અરજદાર યુનીયન સુરત મહાનગર પાલિકા હદ વિસ્તાર તેમજ પલસાણા તાલુકા સ્થાનિક વિસ્તારમાં રેશમ કાપડ ઉદ્યોગમાં કામ કરતા કામદારો માટે પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે. સામાલાળા મીલ સદર ઉદ્યોગમાં પલસાણા તાલુકાના સ્થાનિક વિસ્તારમાં રેશમ કાપડ ઉદ્યોગમાં અંડર ટેકીંગ તરીકે નોંધાયેલું યુનીટ છે. અરજદાર યુનીયનના મંત્રીશ્રીએ તારીખ ૧૪-૧૧-૮૯ ના રોજ ફોર્મ 'એલ' માં ફેરફારની માંગણી કરી હતી જે માંગણી ઓ નીચે મુજબ છે.

(૧) આપણી મીલમાં કામ કરતા કામદારો જેવાકે જોબર ઓલર, ફીટર, વાયરમેન, ટર્નર, ફીટર હેલ્પર, બોઈલર એટેન્ડન્ટ, ફાયરમેન, ગજજર, વોચમેન, ડ્રાઈવર, કન્ડકટર, એન્જીનીયર, જનરેટર, તથા ટેક્ષટાઈલ્સ ઉધોગમાં ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ નક્કી કરેલા સિવાય બીજી કોઈ કેટેગરી બાકી રહેતી હોય તો તેના કામદારોને દર બે વર્ષે બે જોડી ટેરીકોટન કાપડના યુનિફોર્મ સીવડાવીને આપવા અને તેની યોગ્ય ધોલાઈ પણ નિયમિત આપવા વ્યવસ્થા કરવી, અને તેનો અમલ તા. ૧-૧-૮૯ થી કરવો. (૨) આ મીલમાં ગોઠવવામાં આવેલ મશીનો તથા તેના ઉપર લેવામાં આવતું કામને ધ્યાનમાં રાખી કાયમી જગ્યાઓ જેને કેટેગરી માટે નક્કી કરવા અને તે ઉપર કામ કરતા કામદારોને કાયમી પાસ આપવા.

પ્રથમ પક્ષકારની ઉપરોક્ત માંગણીઓ અંગે સમાધાન ન થતાં તે અંગે સમાધાન અધિકારી સમક્ષ સમાધાનની કાર્યવાહી ચાલી હતી, પરંતુ ત્યાં પણ સમાધાન ન થવાથી સમાધાન અધિકારીશ્રીએ તા. ૨-૧-૯૦ ના રોજ નિષ્ફળતાનું

INDEX

સર્ટીફીકેટ કાઢી આપ્યું હતું, ત્યારબાદ તા. ૩-૧-૯૦ ના રોજ ઉપરોક્ત ઔદ્યોગિક તકરાર નામદાર ઔદ્યોગિક અદાલતને સુપ્રત કરવામાં આવેલ છે. મજકુર માંગણીના સમર્થનમાં પ્રથમ પક્ષકાર યુનીયનનું નિવેદન નીચે મુજબ છે.

(૪) યુનિફોર્મ આપવા બાબત ગુજરાતના જુદા જુદા ઉદ્યોગમાં કામ કરતા કામદારોને ફેકટરી એક્ટના નિયમ પ્રમાણે અથવા તો પરસ્પર સમાધાનથી કે ઔદ્યોગિક અદાલતના અવોર્ડથી યુનિફોર્મ આપવામાં આવે છે. કેટલાંક ખાતાઓમાં કામ કરતા કામદારોને તેમના કામનો પ્રકાર જોતાં તેઓને પહેરેલા કપડાંને વધુ ઘસારો લાગે છે. જલ્દી ફાટી જાય છે અને બગડે છે તે સંજોગોમાં તેઓને યુનિફોર્મ આપવાનું આવશ્યક બન્યું છે જ્યારે અન્ય કેટલીક કેટેગરીના કામદારોને કંપની તે કારખાનામાં કામદારોને છે તે સહેલાઈથી ઓળખી શકાય તેવા હેતુથી યુનિફોર્મ આપે છે. આ રીતે કેટલાંક કારખાનામા અમૂક કામદારોને યુનિફોર્મનો લાભ મળે છે. જ્યારે બીજા કેટલાક કારખાનામાં યુનિફોર્મનો લાભ મળે છે. જ્યારે બીજા કેટલાક કારખાનામાં યુનિફોર્મનો લાભ આપવામાં આવે છે.

બીજા પક્ષકાર મીલ કંપનીમાં કામ કરતા કેટેગરીના કામદારોને તેને બીજા બીજા પક્ષકારે સ્વેચ્છાએ યુનિફોર્મ આપવાનું ઘણા વખતી શરૂ કરેલું છે. જ્યારે અન્ય કેટેગરીના કામદારોને યુનિફોર્મ ન આપવાથી તેઓમાં અસંતોષની લાગણી ફેલાયેલી છે. જે કામદારોને યુનિફોર્મ ન આપવામાં આવતા હતા તે કામદારો આ લાભથી વંચિત રાખવા માટે કોઈ વ્યાજબીકારણ ન હતું આ કામદારો માટે જ્યારે માંગણી કરવામાં આવી ત્યારે બીજા પક્ષકારે જેઓને લાંબા સમયથી યુનિફોર્મનો લાભ આવતો હતો તેઓને પણ કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા વિના યુનિફોર્મ આપવાનું બંધ કર્યું છે, અને તે લાભથી વંચિત કરવામાં આવ્યા છે.

ઉપરના સંજોગોમાં બીજા પક્ષકારના કારખાનામાં કામ કરતા તમામ કામદારોને દર વરસે ટેરીકોટનના બે જોડી યુનિફોર્મ આપવા આ માંગણી કરવામાં આવી છે. યુનિફોર્મ તરીકે હાફશર્ટ કે બુશર્ટ અને આખુ પેન્ટ આપવું જોઈએ.

કારખાનામાં કામ કરતા કામદારને જ્યાં જ્યાં યુનિફોર્મ આપવામાં આવે છે, ત્યાં ત્યાં તેઓને યોગ્ય ધોલાઈ ભથ્થુ પણ આપવામાં આવે છે. કારણકે ફક્ત બે જોડી યુનિફોર્મ આપવામાં આવે તે યુનિફોર્મ સ્વચ્છ રાખવામાં આવે તે માટે તેને દર માસે યોગ્ય રકમ ધોલાઈ ભથ્થા તરીકે આપવી જોઈએ. ધોલાઈ ભથ્થુ યુનિફોર્મ આપવાની તારીખ આપવી જોઈએ.

INDEX

કાયમી પાસ આપવા બાબત કારખાનામાં જે મશીનો ગોઠવવામાં આવ્યા છે અને જે નિયમિત ચલાવવામાં આવે છે, તેમ છતાં તે મશીન ઉપર કરતા કામદારોને તથા તે ખાતાના તે મશીનો ચાલુ રાખવા માટે અન્ય કેટેગરીના જરૂરી કામદારોને કાયમી પાસ આપવામાં આવતાં નથી, તે સંજોગોમાં સૌ પ્રથમ હલ જે કામની પદ્ધતિ અપનાવામાં આવી છે તે કામની પદ્ધતિને ધ્યાનમાં રાખી જુદી જુદી કેટેગરી પ્રમાણે પ્રત્યેક પાળી માટે કાયમી સંખ્યાબળ નક્કી કરવું જોઈએ. સંખ્યા બળ નક્કી કર્યા પછી જેતે કેટેગરીમાં કામ કરતા કામદારોને કાયમી બનાવવા જોઈએ

(૫) માંગણી નં-૧ યુનિફોર્મ અને ધોલાઈ ભથ્થુ આપવા બાબતે બીજા પક્ષકાર કંપનીએ આંક-૯ ની રજુ કરેલ જવાબ નીચે પ્રમાણે હકિકતો જણાવેલ છે. આ રેફરન્સ કાયદેસર નથી. અને તે બી. આઇ. આર. એકટ હેઠળ ચાલી શકતો નથી. અને તેથી તે રદ થવાને પાત્ર છે. આ રેફરન્સ ચલાવવા, સાંભળવા અને તે બાબત નિર્ણય કરવા નામદાર કોર્ટને હકુમત નથી અને તેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે માગણાના નિવેદનના માંગણી નં-૧ ના કથનો યુનિયને સાબિત કરવા જોઈએ. માંગણીના નિવેદનના પેરા-૨ ના કથનો પણ યુનિયને સાબિત કરવા જોઇએ. પેરા-૩ માં જણાવેલ ફોર્મ 'એલ' માં જણાવ્યા મુજબના ફેરફારની માંગણી કર્યાનું કથન તથા માંગણાના નિવેદનના પેરા-૪ જણાવેલ વિગતની માંગણી કર્યાનું કથન બાબત તકરાર નથી.

માંગણાના નિવેદનમાં પેરા-૫ના કથનો પૈકી યુનીયનની સંસ્થાના કામદારોને યુનફોર્મ આપવાની તથા ધોલાઇ ભથ્થા તથા ૭ માસ ઉપરાંતથી નોકરી કરનાર કામદારોને કાયમી માસ આપવાની માંગણી ઈન્ડસ્ટ્રીયલ કોર્ટને યુનિયને ન્યાય નિર્ણય માટે સુપ્રત કર્યાનું કથન ખરું છે અને તે સિવાયના મજકુર પેરાના કથનો બાબત બીજા પક્ષના સંસ્થાને જાણકારી નથી અને તે કબુલ નથી.

માંગણાના નિવેદનના પેરા-૬ના કથનો પૈકી કેટલાંક મોઘમ, ૫ કેટલાક પાઠાફેર અને બાકીનાં કથનો ખોટા હોવાથી કબુલ નથી. યુનીયને મજકુર પેરામાં ગુજરાતમાં જે ઉદ્યોગમાં સમાધાન યા ઔદ્યોગિક અદાલતનાં ચુકાદાથી યુનિફોર્મ અપાવ્યા હોય તેવા ઉદ્યોગોના નામ તથા કામદારોની કેટેગરીના નામ પણ આપ્યા નથી, અને ગુજરાતના જુદા જુદા ઉદ્યોગોનો ઉલ્લેખ કરી તેમાં કેટલાંક કામદારોને યુનિફોર્મ અપાવ્યા હોવાનું વિગેરે કથનો લખ્યા છે. મોઘમ, અસ્પષ્ટ અને ખોટા હોવાથી કબુલ નથી, એટલે જ નહિ પરંતુ કારખાનાં ધારા હેઠળ જે

INDEX

ઉદ્યોગોના કામદારોની કેટેગરી માટે યુનિફોર્મ આપવાની જોગવાઈ કરવામાં આવી હોય તેવા ઉદ્યોગ અને કામદારોની કેટગરીના નામ પણ જણાવ્યા નથી. અને તેવા ઉદ્યોગની કામગીરીનો પ્રકાર પણ જણાવેલ નથી. અને તેથી યુનીયનનું ફેક્ટરીઝ એક્ટ હેઠળ ચાલતી કેટલાક ઉદ્યોગમાં યુનિફોર્મ જોગવાઈ હોવાનું વિગેરે કથનો પણ અસ્પષ્ટ અને અને મોઘમ તેમજ ખોટા હોવાથી કબુલ નથી. યુનીયને મજકુર પેરામાં કેટલાક ખાતાઓનો મોઘમ ઉલ્લેખ કરી તેવા કહેવાતા ખાતાઓમાં કામ કરતા કહેવાતા કારીગરોને કહેવાતા કામનો પ્રકાર જોતાં તેઓને પહેરેલા કપડાને વધારે ઘસારો લાગતો હોવાનું યા જલ્દી ફાટતા હોવાનું અને તેથી કહેવાતા કામદારોને યુનિફોર્મ આપવાનું આવશ્યક બન્યાનું વિગેરે કથનો ખરા નથી અને તેનો ઈન્કાર કરવામાં આવે છે. કેટલાક કામદારોને સહેલાઈથી ઓળખી શકાય તે માટે કંપની યુનિફોર્મ આપતી હોવાનું ખોટું હોવાથી કબુલ નથી. વળી અમુક કામદારોને જે યુનિફોર્મનો લાભ મળતો હોવાનું જ્યારે બીજા કેટલાક કરાર ખાતાઓમાં યુનિફોર્મનો લાભ આપવામાં આવતો હોવાનું વિગેરે કથનો અસ્પષ્ટ મોઘમ, અને ખોટા હોવાથી કબુલ નથી.

માંગણાના નિવેદનો પૈકી પેરા-૭ના કેટલાક કથનો પાઠાફેર અને બાકીના ખોટા હોવાથી કબુલ નથી, કંપનીએ કેટલીક કેટેગરીના કામદારોને યુનિફોર્મ નહિ આપ્યાથી તેઓના કહેવાતી અસંતોષની લાગણી ફેલાયાનું યા કેટલાક કહેવાતા કામદારોને લાભથી વંચિત રાખ્યાનું યા તે માટેના કારણો ન હોવાનું યા કંપનીએ કેટલાક કામદારોને યુનિફોર્મ આપવાનો લાભ બંધ કર્યાના વિગેરે કથનો ખોટા હોવાથી કબુલ નથી.

નિવેદનનાં પેરા-૮ અને ૯નાં કંપનીના તમામ કામદારો માટે બે જોડી યુનિફોર્મ સીવડાવીને આપવાની માંગણી તથા તે માટે ધોલાઈ ભથ્થુ આપવાની માંગણી કાયદેસર નથી અને વ્યાજબી નથી અને તેથી તે રદ થવાને પાત્ર છે.

ખરી હકિકત એવી છે કે બીજા પક્ષનાની સંસ્થા સુરત ટેક્ષટાઈલ્સ, મીલ્સ લી. વરેલી મુકામે તા. ૧-૫-૮૬થી શરૂ કરવામાં આવેલી, બીજા પક્ષનાની સંસ્થામાં આર્ટસીલ્ક યા સીન્થેટીક યાર્નનું ટવીસ્ટીંગ અને અપટવીસ્ટીંગથી કામગીરી કરવામાં આવે છે સુરત શહેર તથા ઉધના અને સચિન વિસ્તારમાં આર્ટસિલ્ક યા સીન્થેટીક યાર્નનું ટવીસ્ટીંગ, વાઈન્ડીંગ વેપીંગ, સાઈઝીંગ અલગ અલગ રીતે કરનારા સેંકડો યુનિટો આવેલા છે. તેમજ મજકુર વિસ્તારમાં આર્ટસીલ્ક યા સીન્થેટીક કાપડનું વીવીંગ, વાઈન્ડીંગ, વેપીંગ ટવીસ્ટીંગ કરનાર યુનાટો પણ સેકડોની સંખ્યામાં આવેલા છે તે એ રીતે દેશની જરૂરિયાતનું

INDEX

ચોથા ભાગનું આર્ટસિલ્ક યા સીન્થેટીક કાપડનું ઉત્પાદન સુરત શહેર ઉધના, સચિન, વરેલી, વગેરે કેન્દ્રોમાં આવેલા યુનિટોમાં થાય છે. અને આ માલના વેચાણ માટે સુરત ટેક્ષટાઈલ્સ માર્કેટ, બોમ્બે માર્કેટ, જે. જે. માર્કેટ વગેરે વિશાળ માર્કેટ પણ સુરત શહેરમાં આવેલી છે. આર્ટસીલ્ક યાર્નનું ટવીસ્ટીંગ તથા અપટવીસ્ટીંગ યા વાઈન્ડીંગ, વેપ્રીંગ કે સાઈઝીંગ કરનાર અલગ અલગ યુનિટોમાં કામ કરતાં કામદારોને હકિકતમાં યુનિફોર્મ અપાતા નથી. તથા ધોલાઈ ભથ્થું અપાતું નથી. તેમજ તેવા યુનિટોમાં કામ કરતા કામદારોને યુનિફોર્મ આપવાની તથા ધોલાઈ ભથ્થું આપવાની માગણી નામદાર ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ યા ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલના એવોર્ડ કે સમાધાન યા કરારથી નક્કી થઈ નથી વળી મજકુર વિસ્તારમાં આવેલા આર્ટસીલ્ક યા સીન્થેટીક કાપડનું ઉત્પાદન કરનારા સેંકડો યુનિટો પૈકી કોઈપણ યુનિટમાં આ પ્લાન્ટમાં કામ કરતાં કામદારોને યુનિફોર્મ આપવાની તથા ધોલાઈ ભથ્થું આપવાની માગણી ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ યા ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલના એવોર્ડ યા સમાધાન કે કરારથી નક્કી થઈ નથી. વળી ઉપર જણાવેલ પ્રેપેરેટરી પ્રોસેસ કરનાર તથા વીવીંગ વાઈન્ડીંગ, વેપીંગ, ટવીસ્ટીંગ, સાઈઝીંગ કરનારા કંપોઝીટ યુનિટ પૈકી કોઈમાં પણ કામદારોની કાયમી સંખ્યા યા તેમને કાયમી પાસ આપવા માટે કોઈપણ એવોર્ડ કે સમાધાન યા કરાર અસ્તીત્વ ધરાવતા નથી, સીલ્ક ટેક્ષટાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝના પ્રેપેરેટરી પ્રોસેસીઝ જેવાં કે આર્ટસીલ્ક યા સીન્થેટીક યાર્નનું વાઈન્ડીંગ વેપ્રીંગ, ટવીસ્ટીંગ, અપટવીસ્ટીંગ, સાઈઝીંગ કરનાર યુનિટોમાં કામ કરતાં કામદારો માટે યુનિફોર્મ આપવા તથા ધોલાઈ ભથ્થું આપવા અને દરેક કેટેગરીના કામદારોને કાયમી સંખ્યા નક્કી કરવાનું સમગ્ર ઉદ્યોગ અને પ્રદેશ માટે એટલે સુરત શહેર અને પલસાણા તાલુકા તથા સચિન વિસ્તારના આવેલા હજારો પ્રેપેરેટરી યુનિટોના કામદારો માટે એક સરખી નોકરીની શરતો જળવાઈ અને ઉદ્યોગના પ્રેપેરેટરી પ્રોસેસના જુદા જુદા એકમો વચ્ચે કામદારોની નોકરીની શરતો અંગે કોઈ ભેદભાવ રહે નહિં ઉપર જણાવેલ સિદ્ધાંતના સુપ્રીમ કોર્ટ ૧૯૫૮થી દરેક ઉદ્યોગ અને તેના વિભાગો માટે પાયાના સિદ્ધાંત તરીકે સ્વીકાર્યો છે. અને દેશની ઔદ્યોગિક અદાલતો, હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટ છેલ્લા ૩૨ વર્ષથી તે સિદ્ધાંતનું પાલન કરી ચુકાદાઓ આપેલા છે તેથી યુનીયને સુરત શહેર, ચોર્યાસી તાલુકા અને પલસાણા તાલુકામાં આવેલા સીલ્ક ટેક્ષટાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝના પ્રેપેરેટરી પ્રોસેસ કરનારાં તમામ એકમોમાં કામ કરતાં જુદી જુદી કેટેગરીના કામદારો માટે યુનિફોર્મ તથા ધોલાઈ ભથ્થુ મેળવવાની તથા તમામ એકમો માટે કાયમી કામદારોની સંખ્યા નક્કી કરવા તથા કાયમી પાસ આપવાની માંગણી કરવી જોઈએ પરંતુ તેમ કરવાને બદલે નામદાર સુપ્રીમકોર્ટ તથા ઉદ્યોગ તથા પ્રદેશના ઘણાં લાંબા સમયથી પ્રસ્થાપિત કરેલા અને સ્વીકારેલા સિદ્ધાંતની

ધરાર અવગણનાં કરી બીજા પક્ષકારની સંસ્થા ચાર-પાંચ એકમો માટે મજકુર માંગણી કરી છે, તે કાયદેસર અને ન્યાયી, વ્યાજબી નથી તેથી તે રદ થવાને પાત્ર છે. કોઈપણ સંજોગોમાં મજકુર માંગણીઓ ઉદ્યોગના એકમદીઠ કરી શકાય એવું ઠરાવવામાં આવે તો પણ બીજા પક્ષનાની રજુઆત તથા હકિકત તથા હકિકત એવી છે કે કારખાનાના ધારા હેઠળના નિયમ-૧૦૨ હેઠળ જણાવેલ જોખમકારક ઉદ્યોગ જેવા કે હવામાં ભારે દબાણથી ભરાતા એરેટેડ વોટર્સ, વિદ્યુત પ્રવાહથી રાસાયણિક પદાર્થોનું વિઘટન કરવામાં આવે યા વિદ્યુત પ્રવાહથી રસાયણિક પદાર્થોનું વિઘટન કરી કણો ચોંટાડવામાં પ્રક્રિયા કરવામાં આવતી હોય, યા ધાતુનું ક્રોમીક તેજાબ. ક્રોમીયમ કંપાઉન્ડ દ્વારા ઓક્ષીડેશન કરવામાં આવતું હોય યા ઈલેક્ટ્રીક એક્યુમ્યુલેટર્સની ઉત્પાદન પ્રક્રિયા રીપેર્સ કરવામાં આવતી હોય કે પ્રકાચ બનાવવાની પ્રક્રિયા હોય કે ધાતુને ચળકાટ આપવાની કે ગ્રાઈન્ડીંગની પ્રક્રિયા હોય કે શીસું ઉત્પન્ન કરવાની પ્રક્રિયા યા જોખમકારક પેટ્રોલિયમમાંથી ગેસ ઉત્પન્ન કરવાની પ્રક્રિયા યા હવા કે વરાળના દબાણથી ધડાકો કરી કોઈ ચીજવસ્તુઓના ભાગ, સપાટી ધાતુ શીટ છુટા પાડવાની પ્રક્રિયા વિગેરે જોખમકારક પ્રક્રિયાઓમાં રોકાયેલા કેટલાક કામદારોને તેવી પ્રક્રિયા દરમ્યાન માનવીય અંગ આવી પ્રક્રિયા ચાલુ હોય ત્યારે સંપર્કમાં આવતા તેને નુકશાન થવાનો અથવા નષ્ટ થવાની સંભવ હોય જ્યારે તેવા કામદારોને શારીરીક ઇજા યા નુકશાન ન થાય તે માટે સલામતીના હેતુસર કપડાં, મોજા યા અન્ય સાધનો આપવાનું કારખાના ધારા હેઠળ ફરજિયાત બનાવવામાં આવેલ છે. બીજા પક્ષકાર કંપનીના યુનીટમાં ટવીસ્ટીંગ, ઓપરેટરો, અપટવીસ્ટીંગ, ઓપરેટરો, વાયરમેન, ટર્નર, ફીટર, વોચમેન, એન્જીનીયર, ઝાડુવાળા વિગેરે કેટેગરીમાં કુલ લગભગ ૮૨ કામદારો કામ કરતા આવ્યા છે. અને તે પૈકી ૭૦ કામદારો કાયમી જ્યારે બાકીના પૈકી ૧૧ બદલી કામદારો અને ૧ ટ્રેઈની યાને અજમાયશી યા શીખાઉ છે. આ તમામ કામદારો જોખમકારક પ્રક્રિયામાં કામ કરતાં નથી. અને કામ કરતી વખતે તેમના કપડાં યા શારીરીક અંગે કોઈપણ પ્રકારની જોખમકારક પ્રક્રિયા સાથે સંપર્કમાં આવતાં નથી. અને તેને કારણે તેમના પહેરેલા કપડા ઘસાવાની ફાટવાની યા શારીરીક અંગને ઇજા યા નુકશાન થવાની કોઈ સંભાવના નથી. એટલું જ નહીં બીજા પક્ષનાના યુનીટમાં કામદારોના કપડાં કામકાજ દરમ્યાન ફાટતાં નથી યા તેને ઘસારો પહોંચાતો નથી. આમ છતાં બીજા પક્ષના કંપની તેમના કામદારો પૈકી ફીટર તથા વોચમેનની કેટેગરીમાં કામ કરતા કામદારોને યુનિફોર્મ યા શર્ટ પેન્ટની બેજોડી પોતાને ખર્ચે સીવડાવાને કંપની આપે છે. તે સિવાયના કામદારો જોખમકારક પ્રક્રિયાના સંપર્કમાં આવતી નથી. અને તેને કારણે તેમને કપડાનો ઘસારો પહોંચતો નથી. યા ફાટી જતાં નથી. યા શારીરીક

INDEX

ઈજા થતી નથી. અને ઉપર જણાવેલ કેટેગરી સિવાયના કામદારોની કામગીરીને કારણે તેમને શારીરિક ઈજા થતી નથી તેમજ કપડા ફાટતા નથી. જેથી ઉપર જણાવેલ કેટેગરી સિવાયના કામદારોને યુનિફોર્મ તથા ધોલાઈ ભથ્થું આપવાની માંગણી ગેરવ્યાજબી અને ગેરકાયદેસર હોવાથી તે રદ થવાને પાત્ર છે. વળી યુનીયને જણાવેલ તમામ કેટેગરીના કામદારો કંપનીમાં કામ કરતાં નથી. અને કંપનીના તમામ કામદારો માટે યુનીફોર્મ આપવાની તથા ધોલાઈ ભથ્થું આપવાની માંગણી મંજુર કરવામાં આવે તો તેથી કંપની પર અસહ્ય એવો વધારાનો આર્થિક બોજો પડે તેમ છે. વળી યુનીયને કંપનીના કામદારો માટે પગાર ધોરણ અલગ મોંઘવારી વિગેરે મેળવવા માંગણીઓ કરેલી છે અને તેનો વિવાદ નામદાર ઇન્ડસ્ટ્રીયલ કોર્ટમાં ચાલુ છે. અને તેવા પગારમાં કામદારની મુળ જરૂરીયાત તરીકે ૨૦ મીટર કપડાની કિંમત પગારની મુળ દર નક્કી કરતી વખતે લક્ષમાં લેવાતી હોય છે. તેથી પણ મજકુર માગણી રદ થવાને પાત્ર છે.

(૬) આંક ૧૧ થી પ્રથમ પક્ષકારના સેક્રેટરી શ્રી નરોત્તમભાઇ પટેલે એફીડેવીટ રજુ કરેલ છે. એફીડેવીટમાં સોગંદ પૂર્વક શ્રી નરોત્તમભાઈ પટેલે નીચે મુજબ રજુ કરેલ છે. પ્રથમ પક્ષકાર સુરત શહેર અને ચોર્યાસી તાલુકામાં આવેલ રેશમ વણાટના ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું બી. આઈ. આર. એક્ટ હેઠળ પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે. અને તેનો હું મંત્રી છું, બીજા પક્ષના પલસાણા તાલુકામાં વરેલી મુકામે આવેલ રેશમ વણાટ ઉદ્યોગમાં નોંધાયેલ અંડર-ટેકીંગ છે. બીજા પક્ષનારની સંસ્થામાં ફીટર, ટર્નર, વેલ્ડર બોઇલર એટેન્ડન્ટ, ફાયરમેન, ફાયરમેન, થર્મોપેક, ઓપરેટર, વાયરમેન, ઇલેક્ટ્રીશીયન, જોબર આસી. જોબર પર્નવાઈન્ડીંગ, જોબર વીવીંગ, જોબર ગ્રેઈંગ જોબર, વોચમેન જમાદાર, ડ્રાઈવર, કલીનર, એસી. પ્લાન્ટ ઓપરેટર, પટાવાળા, વાયરમેન, હેલ્પર, ફીટર હેલ્પર, ટર્નરહેલ્પર, વેલ્ડર હેલ્પર, ઝાડુવાળા, બોઈલર, લોડર, અને મશીન પર કામ કરતાં એન્જીનીયરની કેટેગરીઓ પૈકી હાલમાં જે અસ્તીત્વ ધરાવતી કેટેગરી હોય અને એવી અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતાં તમામ કામદારોની કામગીરી દરમ્યાન એમનાં કપડા ઘસાઈ જાય છે, ડાઘા પડે છે ખરાબ થાય છે, તેથી તેવી અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતાં તમામ કામદારોને કંપની દર વર્ષે એપ્રીલ માસમાં તા ૧૫ મી સુધીમાં ટેરીકોટનના બે જોડી ફુલપેન્ટ અને ટેરીકોટનના ૨ જોડી અર્ધ બાંયવાળા શર્ટ પોતાના ખર્ચે સીવડાવીને આપે એવો એવોર્ડ થવાની જરૂર છે. ચાલુ વરસે એવા કામદારોએ તા ૧૫-૫-૯૦ થી એવ યુનીફોર્મ મળે એવો એવોર્ડ થવાની જરૂર છે બીજા પક્ષકારના વિદ્વાન વકીલશ્રી આંક-૧૧ની એફીડેવીટ પર અફીડેવીટ જોયા, નોંધ લીધી છે. એવો શેરો

કરી સહી કરેલ છે. બીજા પક્ષકાર કંપનીના એડવોકેટે બીજા પક્ષકાર કંપનીની કાઉન્ટર એફીડેવીટ કરેલ નથી. તેમજ એફીડેવીટ કરનારની ઉલટ તપાસ કરેલ નથી. તે ઉપરાંત આંક-૧૦થી કંપનીના વિદ્વાન વકીલશ્રી એમ. ડી. પારેખે રજુઆત કરેલ છે કે, આ કામમાં યુનિયને તેમની દલીલમાં જણાવેલ મીલ્સ કંપનીઓના જે કામદારોની કેટેગરી માટે યુનીફોર્મની માંગણી કરેલી છે તેમાં મશીન પર કામ કરતાં એન્જીનિયરોમાં મશીન રીપેર કરનાર એન્જીનિયરોનો સમાવેશ કરવા અરજ છે. અને મીલ કંપનીઓમાં કામ કરતાં કામદાર તેમાં ડ્રિમ્પીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટર સિવાયના કામદારોને યુનીફોર્મ આપવામાં આવે તેમા મીલ કંપનીને વાંધો નથી. ડ્રિમ્પીંગ ઓપરેટરો અને વોટર જેટ ઓપરેટરોની કામગીરી દરમ્યાન તેમના કપડાં ઘસાતા યા ફાટતા નથી જેથી ડ્રિમ્પીગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરોને યુનીફોર્મ મળી શકે નહિ. જે સંસ્થામાં જે કેટેગરી અસ્તીત્વ ધરાવતી ન હોય તેને યુનિફોર્મ મળી શકે નહિં.

(૭) મે પ્રથમ પક્ષકાર તરફે શ્રી નરોતમભાઇ પટેલ તથા બીજા પક્ષકાર તરફે શ્રી એમ. ડી પારેખને સાંભળ્યા, શ્રી નરોતમભાઇ પટેલે મારી સમક્ષ રજુઆત કરેલ છે કે, યુનિફોર્મ અને ધોલાઇ ભથ્થાની માંગણી બાબતે ભાગ-૧ એવોર્ડ કરવા વિનંતી છે. તેમણે રજુઆત કરેલ છે કે, બીજા પક્ષકાર કંપનીમાં કામ કરતા કામદારો જેવા કે, ફીટર, ટર્નર, વેલ્ડર, બોઇલર એટેન્ડન્ટ, ફોરમેન થર્મોપેક ઓપરેટર, વાયરમેન, ઇલેક્ટ્રીશીયન, જોબર, આસી જોબર, પર્નવાઇન્ડીંગ જોબર, વીવીંગ જોબર, ફોઇંગ જોબર, વોચમેન, જમાદાર, ડ્રાઇવર, કલીનર, એ. સી. પ્લાન્ટ ઓપરેટર, પટાવાળા, વાયરમેન, હેલ્પર, ફીટર, હેલ્પર, ટર્નર હેલ્પર વેલ્ડર હેલ્પર, ઝાડુવાળા, ઓઇલ લોકર અને મશીન પર કામ કરતાં એન્જીનિયરની કેટેગરીઓ પૈકી હાલમાં જે અસ્તિત્વ ધરાવતી કેટેગરી હોય અને એવી અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતાં તમામ કામદારોનાં કામગીરી દરમ્યાન એમનાં કપડાં ઘસાઈ જાય છે. ડાઘા પડે છે અને ખરાબ થાય છે અને ખર્ચ થાય છે તેથી અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતાં તમામ કામદારોને કંપની દર વર્ષે એપ્રિલ માસમાં તા ૧૫ સુધીમાં ટેરીકોટનના બે જોડી ફુલપેન્ટ, અને ટેરીકોટનના બે જોડી અર્ધ બાંયવાળા શર્ટ પોતાના ખર્ચે શીવડાવી આપવો એવો એવોર્ડ થવા અરજ છે. ચાલુ વર્ષે આવા કામદારોને તા. ૧૫-૫-૯૦થી એવો યુનિફોર્મ મળે એવો એવોર્ડ થવાની જરૂર છે

(૮) કંપનીના વિદ્વાન એડવોકેટ શ્રી એમ. ડી. પારેખે રજુઆત કરેલ છે કે, કંપનીમાં કામ કરતાં ડ્રિમ્પીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરને યુનિફોર્મ મળી શકે નહિં, તેમજ ધોલાઇ ભથ્થું આપવાનો ટેક્ષટાઈલ ઉધોગમાં

રિવાજ નથી. એટલે ધોલાઈ ભથ્થું આપવાનું રહેતું નથી. તે સિવાયના
કામદારોને યુનિફોર્મ આપવામાં આવે તેમાં મિલ્સ કંપનીને વાંધો નથી. તે
સિવાય બીજી કોઈ રજુઆત કરેલ નથી. આથી હું એવા નિર્ણય પર આવું
છું કે, પ્રથમ પક્ષકાર યુનીયનના મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલે તેમની એફીડેવીટ
આંક-૧૧માં જે કેટેગરીના કામદારો માટે યુનિફોર્મ માગેલ છે. તે તે કેટેગરીવાળા
કામદારોને દર વર્ષે એપ્રિલ માસમાં ૧૫ મી તારીખ સુધીમાં ટેરીકોટનના બે જોડી
ફુલપેન્ટ અને ટેરીકોટનના બે જોડી અર્ધબાંયવાળા બુશર્ટ આપવામાં આવે તેવી
માંગણી સામાવાળા મીલ કંપની મંજુર રાખે છે. આથી તે પ્રમાણે એવોર્ડ
ભાગ-૧ માં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. ટેક્ષટાઈલ ઉદ્યોગમાં ધોલાઈ
ભથ્થું આપવાનો રિવાજ નથી. એટલે ધોલાઈ ભથ્થાની માંગણી નામંજુર
કરવામાં આવે છે.

: હુકમ :

બીજા પક્ષકાર કંપનીને હુકમ કરવામાં આવે છે કે, એફીડેવીટ આંક-૧૧
માં જણાવેલ કેટેગરીવાળા કામદારોને સામાવાળા કંપનીએ દર વર્ષે એપ્રિલ
માસમાં તારીખ ૧૫ મી સુધીમાં ટેરીકોટનના બે જોડી ફુલ પેન્ટ, અને બે જોડી
અર્ધબાંયવાળા શર્ટ પોતાના ખર્ચે સીવડાવી આપવા જોઈએ. અને આ માંગ-
ણીનો અમલ તા. ૧-૪-૯૦ થી કરવાનો છે. અને ૧૯૯૦ ના વર્ષ માટે યુનિફોર્મ
કામદારોને તા. ૧૫-૫-૯૦ સુધીમાં આપી દેવામાં આવે તેવો હુકમ કરવામાં
આવે છે. ફક્ત ડ્રિપીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરોને યુનિફોર્મ
આપવાનો નથી. ધોલાઈ ભથ્થું આપવાનું નથી. આ એવોર્ડ ભાગ-૧ થી માંગણી
નં-૧ નો નિકાલ કરવામાં આવે છે. ખર્ચ બાબતે કોઈ હુકમ કરવામાં આવતો
નથી. આ એવોર્ડની નકલ પક્ષકારોને મળે તે તારીખથી અથવા તા. ૧૫-૫-૯૦
બંન્નેમાંથી જે વહેલું હોય તે તારીખથી અમલ કરવાનો છે. આ રેફરન્સની હવે
પછીની સુનાવણી તા. ૧૩-૬-૯૦ના રોજ રાખવામાં આવેલ છે.

સહી
પી. આર. ગુર્સવાણી
સુરત અધિક્ષક
તા : ૫-૫-૯૦
સહી
અમદાવાદ
તા. ૧૫-૬-૯૦

સહી
એ. બી પટેલ
સભ્ય,
ઔદ્યોગિક અદાલત સુરત,
સહી
એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

INDEX

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૬૯૯૪ (આર, યુ.) સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઇએ.

હું. સુરત સીલ્ક મીલ્સ લેબર યુનિયન, સુરત અને વરેલી ટેક્ષટાઇલ લી. વરેલી સુરતની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડાની સન-૧૯૯૦ માં જુન માસનાં ૧૫માં દિને આથી નોંધ કરું છે.

શ્રી એ. બી. પટેલ, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ,

રેફ. (આઈ. સી.) નં. ૪

સુરત સીલ્ક મીલ્સ લેબર યુનીયન, પ્રથમ પક્ષકાર
શ્રમજીવી સેવાલય,
અલંકાર ટાકીઝ પાસે, સુરત.

વિ.

ગાર્ડન વરેલી ટેક્ષટાઈલ લી. મુ. પો વરેલી બીજા પક્ષકાર
તા. પલસાણા જી. સુરત

હાજર રહયા :- શ્રી નરોત્તમભાઈ પટેલ ... પ્રથમ પક્ષકાર તરફે.
શ્રી એમ. ડી. પારેખ ... બીજા પક્ષકાર તરફે.

વિષય :- કામદારોને કાપડ તેમજ ધોલાઈ ભથ્થું તેમજ કાયમી કરવા અંગે.

એવોર્ડ (ભાગ-૧)

આ રેફરન્સ પ્રથમ પક્ષકાર સુરત સીલ્ક મીલ્સ લેબર યુનીયનના સેક્રેટરી નરોત્તમભાઈ પટેલે બી. આઈ. આર. એકટની કલમ ૭૩-એ અન્વયે ઔદ્યોગિક અદાલતને સુનાવણી માટે સુપ્રત કરેલ છે. આ રેફરન્સ કરતાં પહેલાં પ્રથમ પક્ષકાર

યુનીયને ફોર્મ "એલ' માં ફેરફારની નોટીસ તા. ૧૪-૧૧-૮૯ ના રોજ આપી હતી. અને નોટીસમાં જણાવ્યા પ્રમાણે કામદારોને કાપડ તેમજ ધોલાઈ ભથ્થું આપવા અને કેટલીક જગ્યાઓ કાયમી કરવાની માંગણી કરી હતી. બન્ને પક્ષકારો વચ્ચે આ માંગણીઓ બાબતે સમાધાન ન થવાથી માંગ સમાધાન અધિકારી સમક્ષ દાખલ કરી હતી. સમાધાન કાર્યવાહીમાં સમાધાન ન થવાથી સમાધાન અધિકારીએ તા. ૨-૧-૯૦ ના રોજ નિષ્ફળતાનું સર્ટીફીકેટ આપેલ હતું જે આ કામે આંક-૨ થી રજુ કરેલ છે. તે પછી પ્રથમ પક્ષકાર યુનીયને આ રેફરન્સ ઔદ્યોગિક અદાલતની લવાદી માટે સુપ્રત કરેલ છે. પ્રથમ પક્ષકાર યુનીયન મ્યુનિસિપલ કોર્પોરેશન અને ચોર્યાસી તાલુકાના સ્થાનિક વિસ્તારમાં રેશમ ઉદ્યોગ માટે કામદારોનું પ્રતિનિધિત્વ હક્ક ધરાવતું યુનીયન છે. અને તે હેસીયતથી આ રેફરન્સ ઔદ્યોગિક અદાલતની લવાદી માટે સુપ્રત કરેલ છે.

(૨) પ્રથમ પક્ષકાર યુનીયને આ રેફરન્સની માંગણીઓ બાબતે આંક-૬ થી માંગણીનું નિવેદન રજુ કરેલ છે. આંક-૬ ના માંગણીના નિવેદનમાં પ્રથમ પક્ષકારે નીચે પ્રમાણે વિગતો રજુ કરેલ છે.

(૩) અરજદાર યુનીયન સુરત મહાનગર પાલિકા હદ વિસ્તાર તેમજ પલસાણા તાલુકા સ્થાનિક વિસ્તારમાં રેશમ કાપડ ઉદ્યોગમાં કામ કરતા કામદારો માટે પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે. સામાવાળા મીલ સદર ઉદ્યોગમાં પલસાણા તાલુકાના સ્થાનિક વિસ્તારમાં રેશમ કાપડ ઉદ્યોગમાં અંડર ટેકીંગ તરીકે નોંધાયેલું યુનીટ છે. અરજદાર યુનીયનના મંત્રીશ્રીએ તા. ૧૪-૧૧-૮૯ ના રોજ ફોર્મ 'એલ' માં ફેરફારની માંગણી કરી હતી જે માંગણીઓ નીચે મુજબ છે.

(૧) આપણી મીલમાં કામ કરતા કામદારો જેવા કે જોબર ઓલર, ફીટર, વાયરમેન, ટર્નર, ફીટર હેલ્પર, બોઈલર એટેન્ડન્ટ, ફાયરમેન, ગજ્જર, વોચમેન, ડ્રાઈવર, કન્ડકટર, એન્જીનીયર, જનરેટર, તથા ટેક્ષટાઈલ્સ ઉદ્યોગમાં ઈન્ડસ્ટ્રીયલ કોર્ટે નક્કી કરેલા સિવાય બીજી કોઈ કેટેગરી બાકી રહેતી હોય તો તેના કામદારોને દર બે વર્ષે બે જોડી ટેરીકોટન કાપડના યુનિફોર્મ સીવડાવીને આપવા અને તેની યોગ્ય ધોલાઈ પણ નિયમિત આપવા વ્યવસ્થા કરવી, અને તેનો અમલ તા. ૧-૧-૮૯ થી કરવો. (૨) આ મીલમાં ગોઠવવામાં આવેલ મશીનો તથા તેના ઉપર લેવામાં આવતું કામને ધ્યાનમાં રાખી કાયમી જગ્યાઓ જેને કેટેગરી માટે નક્કી કરવા અને તે ઉપર કામ કરતાં કામદારોને કાયમી પાસ આપવા.

INDEX

પ્રથમ પક્ષકારની ઉપરોક્ત માંગણીઓઅંગે સમાધાન ન થતાં તે અંગે સમાધાન અધિકારી સમક્ષ સમાધાનની કાર્યવાહી ચાલી હતી. પરંતુ ત્યાં પણ સમાધાન ન થવાથી સમાધાન અધિકારીશ્રીએ તા. ૨-૧-૯૦ ના રોજ નિષ્ફળતાનું સર્ટીફીકેટ કાઢી આપ્યું હતું, ત્યારબાદ તા. ૩-૧-૯૦ ના રોજ ઉપરોક્ત તકરાર નામદાર ઔદ્યોગિક અદાલતને સુપ્રત કરવામાં આવેલ છે. મજકુર માંગણીના સમર્થનમાં પ્રથમ પક્ષકાર યુનીયનનું નિવેદન નીચે મુજબ છે.

(૪) યુનિફોર્મ આપવા બાબત : ગુજરાતના જુદા જુદા ઉદ્યોગમમાં કામ કરતા કામદારોને ફેકટરી એક્ટના નિયમ પ્રમાણે અથવા તો પરસ્પર સમાધાનથી કે ઔદ્યોગિક અદાલતના એવોર્ડથી યુનિફોર્મ આપવામાં આવે છે. કેટલાક ખાતામાં કામ કરતા કામદારોને તેમના કામનો પ્રકાર જોતાં તેઓને પહેરેલા કપડાને વધુ ઘસારો લાગે છે. જલ્દી ફાટી જાય છે. અને બગડે છે. તે સંજોગોમાં તેઓને યુનિફોર્મ આપવાનું આવશ્યક બન્યું છે જ્યારે અન્ય કેટલીક કેટેગરીના કામદારોને કંપની તે કારખાનામાં કામદારો છે તે સહેલાઇથી ઓળખી શકાય તેવા હેતુથી યુનિફોર્મ આપે છે. આ રીતે કેટલાંક કારખાનાઓમાં અમુક જ કામદારોને યુનિફોર્મનો લાભ મળે છે. જ્યારે બીજા કેટલાક કારખાનામાં યુનિફોર્મની લાભ મળે છે. જ્યારે બીજા કેટલાક કારખાનામાં યુનિફોર્મનો લાભ આપવામાં આવે છે.

બીજા પક્ષકાર મીલ કંપનીમાં કામ કરતા કેટેગરીના કામદારોને તેને બીજા પક્ષકારે સ્વેચ્છાએ યુનિફોર્મ આપવાનું ઘણા વખતથી શરૂ કરેલું છે. જ્યારે અન્ય કેટેગરીના કામદારોને યુનિફોર્મ ન આપવાથી તેઓમાં અસંતોષની લાગણી ફેલાયેલી છે, જે કામદારોને યુનિફોર્મ ન આપવામાં આવતા હતા તે કામદારો આ લાભથી વંચિત રાખવા માટે કોઈ વ્યાજબી કારણ ન હતું આ કામદારો માટે જ્યારે માંગણી કરવામાં આવી ત્યારે બીજા પક્ષકારે જેઓને લાંબા સમયથી યુનિફોર્મનો લાભ આપવામાં આવતો હતો તેઓને પણ કોઇપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા વિના યુનિફોર્મ આપવાનું બંધ કર્યું છે. અને તેલાભથી વંચિત કરવામાં આવ્યા છે.

ઉપરના સંજોગોમાં બીજા પક્ષકારના કારખાનામાં કામ કરતા તમામ કામદારોને દર વરસે ટેરીકોટનના બે જોડી યુનિફોર્મ આપવા આ માંગણી કરવામાં આવે છે. યુનિફોર્મ તરીકે હાફશર્ટ કે બુશર્ટ અને આખું પેન્ટ આપવું જોઇએ.

INDEX

કારખાનામાં કામ કરતા કામદારને જ્યાં જ્યાં યુનિફોર્મ આપવામાં આવે છે. ત્યાં ત્યાં તેઓને યોગ્ય ધોલાઈ ભથ્થું પણ આપવામાં આવે છે કારણ કે ફક્ત બે જોડી યુનિફોર્મ આપવામાં આવે તે યુનિફોર્મ સ્વચ્છ રાખવામાં આવે તે યુનિફોર્મ આપવામાં આવે તે યુનિફોર્મ સ્વચ્છ રાખવામાં આવે તે માટે તેને માટે તેને દર માસે યોગ્ય રકમ ધોલાઈ ભથ્થા તરીકે આપવી જોઈએ. ધોલાઈ ભથ્થું યુનિફોર્મ આપવાની તારીખ આપવી.

કાયમી પાસ આપવા બાબત કારખાનામાં જે મશીનો ગોઠવવામાં આવ્યા છે અને જે નિયમિત ચલાવવામાં આવે છે, તેમ છતાં તે મશીન ઉપર કામ કરતા કામદારોને તથા તે ખાતમાં તે મશીનો ચાલુ રાખવા માટે અન્ય કેટેગરીના જરૂરી કામદારોને કાયમી પાસ આપવામાં આવતાં નથી. તે સંજોગોમાં સૌ પ્રથમ હાલ જે કામની પદ્ધતિ અપનાવવામાં આવી છે તે કામની પદ્ધતિને ધ્યાનમાં રાખી જુદી જુદી કેટેગરીના જરૂરી કામદારોને કેટેગરી પ્રમાણે પ્રત્યેક પાળી માટે કાયમી સંખ્યાબળ નક્કી કરવું જોઈએ. સંખ્યા બળ નક્કી કર્યા પછી જે તે કેટેગરીમાં કામ કરતા કામદારોને કાયમી બનાવવા જોઈએ.

(૫) માંગણી નં, ૧ યુનિફોર્મ અને ધોલાઈ ભથ્થું આપવા બાબતે બીજા પક્ષકાર કંપનીએ આંક-૯ ની રજુ કરેલ જવાબ નીચે પ્રમાણે હકિકતો જણાવેલ છે. આ રેફરન્સ કાયદેસર નથી. અને તે બી. આઇ. આર. એક્ટ હેઠળ ચાલી શકતો નથી. અને તેથી તે રદ થવાને પાત્ર છે. આ રેફરન્સ ચલાવવા, સાંભળવા અને તે બાબત નિર્ણય કરવા નામદાર કોર્ટને હકુમત નથી અને તેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે. માંગણાના નિવેદનના માંગણી નં. ૧ ના કથનો યુનિયન સાબિત કરવા જોઈએ માંગણીના નિવેદનના પેરા-૨ ના કથનો પણ યુનિયને સાબિત કરવા જોઈએ. પેરા-૩માં જણાવેલ ફોર્મ 'એલ' માં જણાવ્યા મુજબના ફેરફારની માંગણી કર્યાનું કથન તથા માંગણાના નિવેદનના પેરા-૪માં જણાવેલ વિગતની માંગણી કર્યાનું કથન બાબત તકરાર નથી.

માંગણાના નિવેદનના પેરા-૫ ના કથનો પૈકી યુનીયનની સંસ્થા ના કામદારોને યુનિફોર્મ આપવાની તથા ધોલાઈ ભથ્થા તથા ૭ માસ ઉપરાંતથી નોકરી કરનાર કામદારોને કાયમી પાસ આપવાની માંગણી ઇન્ડસ્ટ્રીયલ કોર્ટને યુનીયને ન્યાય નિર્ણય માટે સુપ્રત કર્યાનું કથન ખરું છે અને તે સિવાયના મજકુર પેરાના કથનો બાબત બીજા પક્ષનાં સંસ્થાને જાણકારી નથી. અને તે કબુલ નથી.

INDEX

માંગણીના નિવેદનના પેરા-૬ ના કથનો પૈકી કેટલાંક મોઘમ, કેટલાંક પાઠફેર અને બાકીના કથનો ખોટા હોવાથી કબુલ નથી. યુનીયને મજકુર પેરામાં ગુજરાતમાં જે ઉદ્યોગમાં સમાધાન યા ઔદ્યોગિક અદાલતના ચુકાદાથી યુનિફોર્મ અપાવ્યા હોય તેવા ઉદ્યોગોના નામ તથા કામદારોની કેટેગરીના નામ પણ આપ્યા નથી. અને ગુજરાતના જુદા જુદા ઉદ્યોગોનો ઉલ્લેખ કરી તેમાં કેટલાંક કામદારોને યુનિફોર્મ અપાવ્યા હોવાનુ વિગેરે કથનો લખ્યા છે. મોઘમ છે. અસ્પષ્ટ અને ખોટા હોવાથી કબુલ નથી. એટલું જ નહિં પરંતુ કારખાના ધારા હેઠળ જે ઉદ્યોગના કામદારોની કેટેગરી માટે યુનિફોર્મ આપવાની જોગવાઈ કરવામાં આવી હોય તેવા ઉદ્યોગ અને કામદારોની કેટેગરીનાં નામ પણ જણાવ્યા નથી અને તેવા ઉદ્યોગની કામગીરીનો પ્રકાર પણ જણાવેલ નથી. અને તેવા યુનીયનનું ફેકટરીઝ એકટ હેઠળ આવતા કેટલાક ઉદ્યોગમાં યુનિફોર્મ આપવાની જોગવાઈ હોવાનું વિગેરે કથનો પણ અસ્પષ્ટ અને અને મોઘમ તેમજ ખોટા હોવાથી કબુલ નથી. યુનીયને મજકુર પેરામાં કેટલાંક ખાતાઓનો ખોટો ઉલ્લેખ કરી તેવા કહેવાતા ખાતાઓમાં કામ કરતા કહેવાતા કારીગરોને કહેવાના કામનો પ્રકાર જોતાં તેઓને પહેરેલા કપડાને વધારે ઘસારો લાગતો હોવાનું યા જલ્દી ફાટતા હોવાનું અને તેથી કહેવાતા કામદારોને યુનિફોર્મ આપવાનું આવશ્યક બન્યાનું વિગેરે કથનો ખરાં નથી અને તેનો ઈન્કાર કરવામાં આવે છે. કેટલાંક કામદારોને સહેલાઈથી ઓળખી શકાય તે માટે કંપની યુનિફોર્મ આપતી હોવાનું ખોટું હોવાથી કબુલ નથી વળી અમૂક કામદારોને જે યુનિફોર્મનો લાભ મળતો હોવાનું જ્યારે બીજા કેટલાંક કારખાનાઓમાં યુનિફોર્મનો લાભ આપવામાં આવતો હોવાનું વિગેરે કથનો અસ્પષ્ટ મોઘમ, અને ખોટા હોવાથી કબૂલ નથી.

માંગણાના નિવેદનો પૈકી પેરા-૭ ના કેટલાંક કામો પાઠફેર અને બાકીના ખોટા હોવાથી કબુલ નથી. કંપનીએ કેટલીક કેટેગરીના કામદારોને સ્વેચ્છાએ યુનિફોર્મ આપવાનું શરૂ કર્યાનું અને અન્ય કેટેગરીના કામદારોને યુનિફોર્મ નહિ આપવા તેઓના કહેવાની અસંતોષની લાગણી ફેલાયાનું યા કેટલાક કહેવાતા કામદારોને લાભથી વંચિત સંખ્યાનું આને માટેના કારણો ન હોવાનું યા કંપનીએ કેટલાક કામદારોને યુનિફોર્મ આપવાનો લાભ બંધ કર્યાના વિગેરે કથનો ખોટા હોવાથી કબુલ નથી.

નિવેદનના પેરા-૮ અને ૯માં કંપનીના તમામ કામદારો માટે બે જોડી યુનીફોર્મ સીવડાવીને આપવાની માંગણી તથા તે માટે ધોલાઇ ભથ્થું આપવાની માંગણી કાયદેસર ન્યાયી અને વ્યાજબી નથી અને તેથી તે રદ થવાને પાત્ર છે.

INDEX

ખરી હકીકત એવી છે કે બીજા પક્ષનાની સંસ્થા સુરત ટેક્ષટાઈલ્સ મીલ્સ લી. વરેલી મુકામે તા. ૧-૫-૮૬ થી શરૂ કરવામાં આવેલી. બીજા પક્ષનાની સંસ્થામાં આર્ટસીલ્ક યા સીન્થેટીક યાર્નનું ટવીસ્ટીંગ અને અપટવીસ્ટીંગની કામગીરી કરવામાં આવે છે. સુરત શહેર તથા ઉધના અને સચિન વિસ્તારમાં આર્ટસીલ્ક યા સીન્થેટીક યાર્નનું ટવીસ્ટીંગ, વાઈન્ડીંગ વેપીંગ, સાઈઝીંગ અલગ અલગ રીતે કરનારા સેંકડો યુનિટો આવેલા છે. તેમજ મજકુર વિસ્તારમાં આર્ટસીલ્ક યા સીન્થેટીક કાપડનું વીવીંગ. વાઈન્ડીંગ, વેપીંગ, ટવીસ્ટીંગ કરનાર કંપોઝીટ યુનીટો પણ સેંકડોની સંખ્યામાં આવેલા છે. તે એ રીતે દેશની જરુરીયાતનું ચોથા ભાગનું આર્ટસીલ્ક યા સીન્થેટીક કાપડનું ઉત્પાદન સુરત શહેર, ઉધના, સચેન, વરેલી, વિગેરે કેન્દ્રોમાં આવેલા યુનિટોમાં થાય છે. અને તે માલના વેચાણ માટે સુરત ટેક્ષટાઈલ્સ માર્કેટ, બોમ્બે માર્કેટ, જે. જે માર્કેટ વિગેરે વિશાળ માર્કેટો પણ સુરત શહેરમાં આવેલી છે. આર્ટસીલ્ક યાર્નનું ટવીસ્ટીંગ તથા અપટવીસ્ટીંગ યા વાઈન્ડીંગ, વેપીંગ કે સાઈઝીંગ કરનાર અલગ અલગ યુનિટોમાં કામ કરતાં કામદારોને હકિકતમાં યુનિફોર્મ અપાતા નથી. તથા ધોલાઈ ભથ્થું અપાતું નથી. તેમજ તેવા યુનિટોમાં કામ કરતાં કામદારોને યુનિફોર્મ આપવાની તથા ધોલાઈ ભથ્થું આપવાની માંગણી નામદાર ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ યા ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલના એવોર્ડ કે સમાધાન યા કરારથી નક્કી થઈ નથી. વળી મજકુર વિસ્તારમાં આવેલા આર્ટસીલ્ક યા સીન્થેટીક કાપડનું ઉત્પાદન કરનારા સેંકડો યુનિટો પૈકી કોઈપણ યુનિટમાં આ પ્લાન્ટમાં કામ કરતા કામદારોને યુનિફોર્મ આપવાની તથા ધોલાઈ ભથ્થું આપવાની માંગણી ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ યા ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલના એવોર્ડ યા સમાધાન કે કરારથી નક્કી થઈ નથી. વળી ઉપર જણાવેલ પ્રેપેરેટરી પ્રોસેસ કરનાર તથા વીવીંગ વાઈન્ડીંગ, વોવીંગ, ટવીસ્ટીંગ, સાઈઝીંગ કરનારા કંપોઝીટ યુનિટ પૈકી કોઈમાં પણ કામદારોની કાયમી સંખ્યા યા તેમને કાયમી પાસ આપવા માટે કોઈપણ એવોર્ડ સમાધાન યા કરાર અસ્તીત્વ ધરાવતા નથી સીલ્ક ટેક્ષટાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝના પ્રેપેરેટરી પ્રોસેસીઝ જેવાં કે આર્ટસીલ્ક યા સીન્થેટીક યાર્નનું વાઈન્ડીંગ વેપીંગ, ટવીસ્ટીંગ, અપટવીસ્ટીંગ, સાઈઝીંગ કરનાર યુનિટોમાં કામ કરતાં કામદારો માટે યુનિફોર્મ આપવા તથા ધોલાઈ ભથ્થું આપવા અને દરેક કેટેગરીના કામદારોને કાયમી સંખ્યા નક્કી કરવાનું સમગ્ર ઉદ્યોગ અને પ્રદેશ માટે એટલે સુરત શહેર અને પલસાણા તાલુકા તથા સચિનવિસ્તારમાં આવેલા હજારો પ્રેપરેટરી યુનિટોના કામદારો માટે એક સરખી નોકરીની શરતો જળવાઈ અને ઉદ્યોગના પ્રિપેરેટરી પ્રોસેસના જુદાજુદા એકમો વચ્ચે કામદારોની નોકરીની શરતો અંગે કોઈ ભેદભાવ રહે નહિં ઉપર જણાવેલ સિદ્ધાંતના, સુપ્રીમકોર્ટ ૧૯૫૮થી દરેક ઉદ્યોગ અને તેના વિભાગો માટે

પાયાના સિદ્ધાંત તરીકે સ્વીકાર્યો છે. અને દેશની ઔદ્યોગિક અદાલતો, હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટ છેલ્લા ૩૨ વર્ષથી તે સિદ્ધાંતનું પાલન કરી ચુકાદાઓ આપેલા છે. તેથી યુનીયને સુરત શહેર, ચોર્યાસી તાલુકા અને પલસાણા તાલુકામાં આવેલા સીલ્ક ટેક્ષટાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝના પ્રેપેરટરી પ્રોસેસ કરનારા તમામ એકમોમાં કામ કરતા જુદી જુદી કેટેગરીના કામદારો માટે યુનિફોર્મ તથા ધોલાઈ ભથ્થુ પૂ[illegible]વાની તથા તમામ એકમો માટે કાયમી કામદારોની સંખ્યા નક્કી કરવા તથા કાયમી પાસ આપવાની માંગણી કરવી જોઈએ પરંતુ તેમ કરવાને બદલે નામદાર સુપ્રીમકોર્ટ તથા ઉદ્યોગ તથા પ્રદેશના ઘણા લાંબા સમયથી પ્રસ્થાપિત કરેલા અને સ્વીકારેલા સિદ્ધાંતની ધરાર અવગણના કરી બીજા પક્ષકારની સંસ્થા ચાર–પાંચ એકમો માટે મજકુર માંગણી કરી છે. તે કાયદેસર અને ન્યાયી, વ્યાજબી નથી તેથી તે રદ થવાને પાત્ર છે. કોઈપણ સંજોગોમાં મજકુર માંગણીઓ ઉદ્યોગના એકમદીઠ કરી શકાય એવું ઠરાવવામાં આવે તો પણ બીજા પક્ષનાની રજુઆત તથા હકિકત એવી છે કે કારખાનાના ધારા હેઠળના નિયમ–૧૦૨ હેઠળ જણાવેલ જોખમકારક ઉદ્યોગ જેવાં કે હવામાં ભારે દબાણથી ભરાતા એરેટેડ વોટર્સ, વિદ્યુત પ્રવાહથી રાસાયણિક પદાર્થોનું વિઘટન કરવામાં આવે યા વિદ્યુત પ્રવાહથી રાસાયણિક પદાર્થોનું વિઘટન કરી કણો ચોંટાડવાની પ્રક્રિયા કરવામાં આવતી હોય, યા ધાતુનું ક્રોમીક તેજાબ, ક્રોમીયમ કંપાઉન્ડ દ્વારા ઓક્ષીડેશન કરવામાં આવતું હોય યા ઈલેક્ટ્રીક એક્યુમ્યુલેટર્સની ઉત્પાદન પ્રક્રિયા રીપેર્સ કરવામાં આવતી હોય કે પ્રક્રિયા બનાવવાની પ્રક્રિયા હોય કે ધાતુને ચળકાટ આપવાની કે ગ્રાઈન્ડીંગની પ્રક્રિયા હોય કે શીશું ઉત્પન્ન કરવાની પ્રક્રિયા યા જોખમકારક પેટ્રોલીયમમાંથી ગેસ ઉત્પન્ન કરવાની પ્રક્રિયા યા હવાકે વરાળના દબાણથી ધડાકો કરી કોઈ ચીજવસ્તુઓના ભાગ, સપાટી ધાતુ શીટ છુટા પાડવાની પ્રક્રિયા વિગેરે જોખમકારક પ્રક્રિયાઓમાં રોકાયેલા કેટલાક કામદારોને તેવી પ્રક્રિયા દરમ્યાન માનવીય અંગ આવી પ્રક્રિયા ચાલુ હોય ત્યારે સંપર્કમાં આવતાં તેને નુકશાન થવાનો અથવા નષ્ટ થવાનો સંભવ હોય ત્યારે તેવા કામદારોને શારીરીક ઈજા યા નુકશાન ન થાય તે માટે સલામતીના હેતુસર કપડાં મોજા યા અન્ય સાધનો આપવાનું કારખાના ધારા હેઠળ ફરજીયાત બનાવવામાં આવેલ છે. બીજા પક્ષકાર કંપનીના યુનીટમાં ટવીસ્ટીંગ, ઓપરેટરો, અપટ્વીસ્ટીંગ, ઓપરેટરો, વાયરમેન, ટર્નર, ફીટર, વોચમેન, એન્જીનીયર, ઝાડુવાળા વિગેરે કેટેગરીમાં કુલ્લે લગભગ ૮૨ કામદારો કામ કરતા આવ્યા છે. અને તે પૈકી ૭૦ કામદારો કાયમી જ્યારે બાકીના પૈકી ૧૧ બદલી કામદારો અને ૧ ટ્રેઈની યાને અજમાયશી યા શીખાઉ છે. આ તમામ કામદારો જોખમકારક પ્રક્રિયામાં કામ કરતા નથી. અને

INDEX

કામ કરતી વખતે તેમના કપડાં યા શારીરીક અંગે કોઈપણ પ્રકારની જોખમકારક પ્રક્રિયા સાથે સંપર્કમાં આવતાં નથી. અને તેને કારણે તેમના પહેરેલા કપડા ઘસાવાની ફાટવાની યા શારીરીક અંગને ઈજા યા નુકશાન થવાની કોઈ સંભાવના નથી. એટલું જ નહિ બીજા પક્ષનાના યુનીટમાં કામદારોના કપડાં કામકાજ દરમ્યાન કાઢતાં નથી યા તેને ઘણો ઘસારો પહોંચતો નથી. આમ છતાં બીજા પક્ષના કંપની તેમના કામદારો પૈકી ફીટર તથા વોચમેનની કેટેગરીમાં કામ કરતાં કામદારોને યુનિફોર્મ યા શર્ટ પેન્ટની એક જોડી પોતાને ખર્ચે સીવડાવીને કંપની આપે છે. તે સિવાયના કામદારો જોખમકારક પ્રક્રિયાના સંપર્કમાં આવતી નથી. અને તેને કારણે તેમને કપડાનો ઘસારો પહોંચતો નથી યા ફાટી જતાં નથી. યા શારીરીક ઈજા થતી નથી. અને ઉપર જણાવેલ કેટેગરી સિવાયના કામદારોની કામગીરીને કારણે તેમને શારીરીક ઈજા થતી નથી તેમજ કપડા ફાટતા નથી. જેથી ઉપર જણાવેલ કેટેગરી સિવાયના કામદારોને યુનિફોર્મ તથા ધોલાઈ ભથ્થું આપવાની માંગણી ગેરવ્યાજબી ગેરકાયદેસર હોવાથી તે રદ થવાને પાત્ર છે. વળી યુનીયને જણાવેલ તમામ કેટેગરીના કામદારો કંપનીમાં કામ કરતાં નથી. અને કંપનીના તમામ કામદારો માટે યુનિફોર્મ આપવાની તથા ધોલાઈ ભથ્થું આપવાની માંગણી મંજૂર કરવામાં આવે તો તેથી કંપની પર અસહ્ય એવો વધારાનો આર્થિક બોજો પડે તેમ છે. વળી યુનીયને કંપનીના કામદારો માટે પગાર ધોરણ અલગ મોંઘવારી વિગેરે મેળવવા માંગણીઓ કરેલી છે. અને તે વિવાદ નામદાર ઈન્ડસ્ટ્રીયલ કોર્ટમાં ચાલુ છે. અને તેવા પગારમાં કામદારની મુળ જરુરીયાત તરીકે ૨૦ મીટર કાપડની કિંમત પગારનો મુળ દર નક્કી કરતી વખતે લક્ષમાં લેવાતી હોય છે. તેથી પણ મજકુર માંગણી રદ થવાને પાત્ર છે.

(૬) આંક-૧૧ થી પ્રથમ પક્ષકારના સેક્રેટરીથી નરોત્તમભાઈ પટેલે એફીડેવીટ રજુ કરેલ છે. એફીડેવીટમાં સોગંદ પૂર્વક શ્રી નરોત્તમભાઈ પટેલે નીચે મુજબ રજુ કરેલ છે પ્રથમ પક્ષકાર સુરત શહેર અને ચોર્યાસી તાલુકામાં આવેલ રેશમ વણાટના ઉદ્યોગમાં કામ કરતા કામદારોનું બી. આઈ. આર. એક્ટ હેઠળ પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય મંડળ છે. અને તેનો હું મંત્રી છું. બીજા પક્ષના પલસાણા તાલુકામાં વરેલી મુકામે આવેલ રેશમ વણાટ ઉદ્યોગમાં નોંધાયેલ, અંડરટેકીંગ છે. બીજા પક્ષનાની સંસ્થામાં ફીટર, ટર્નર, વેલ્ડર, ઓઈલર એટેન્ડન્ટ, ફેરમેન, ફાયરમેન, ચમ્પીક, ઓપરેટર, વાયરમેન, ઈલેક્ટ્રીશીયન, જોબર, આસી. જોબર, પર્નવાઈન્ડીંગ, જોબર, વીવીંગ જોબર, શાઈંગ જોબરને વોચમેન, જમાદાર ડ્રાઈવર, ક્લીનર, આસી. પ્લાન્ટ ઓપરેટર, પટાવાળા, વાયરમેન હેલ્પર, ફીટર, હેલ્પર, ટર્ન હેલ્પર, વેલ્ડર હેલ્પર, ઝાડુવાળા, ઓઈલર, લોડર આ મશીન પર કામ કરતાં એન્જીનીયરની કેટેગરીઓ રોકી હાલમાં જે

INDEX

અસ્તીત્વ ધરાવતી કેટેગરી હોય અને અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતી તમામ કામદારોની કામગીરી દરમ્યાન એમના કપડાં ઘસાઈ જાય છે. ડાઘા પડે છે ખરાબ થાય છે. તેથી તેવી અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતી તમામ કામદારોને કંપની દર વર્ષે એપ્રીલ માસમાં તા. ૧૫મી સુધીમા ટેરીકોટનના બે જોડી ફુલપેન્ટ અને ટેરીકોટનના ૨ જોડી અર્ધી બાંયવાળા શર્ટ પોતાના ખર્ચે સીવડાવીને આપે એવો એવોર્ડ થવાની જરૂર છે. ચાલુ વરસે એવા કામદારોએ તા. ૧૫-૫-૯૦ થી એવા યુનીફોર્મ મળે એવો એવોર્ડ થવાની જરૂર છે. બીજા પક્ષકારના વિધ્વાન વકીલશ્રીએ આંક-૧૧ના એફીડેવીટ પર એફીડેવીટ જોઈ નોંધ લીધી છે. એવો શેરો કરી સહી કરેલ છે બીજા પક્ષકાર કંપનીના એડવોકેટે બીજા પક્ષકાર કંપનીની કાઉન્ટર એફીડેવીટ કરેલ નથી. તેમજ એફીડેવીટ કરનારની ઉલટ તપાસ કરેલ નથી. તે ઉપરાંત આંક-૧૦ થી કંપનીના વિધ્વાન વકીલશ્રી એમ. ડી. પારેખે રજુઆત કરેલ છે કે, આ કામમાં યુનીયને તેમની દલીલમાં જણાવેલ મીલ્સ કંપનીઓના જે કામદારોની કેટેગરી માટે યુનીફોર્મની માગણી કરેલી છે તેમાં મશીન પર કામ કરતાં એન્જીનીયરોમાં મશીન રીપેર કરનાર એન્જીનીયરોનો સમાવેશ કરવા અરજ છે. અને મીલ કંપનીઓમાં કામ કરતાં કામદારોમાં ડ્રિમીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરો સીવાયના કામદારોને યુનીફોર્મ આપવામાં આવે તેમાં મીલ કંપનીને વાંધો નથી. ડ્રિમ્પીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરોની કામગીરી દરમ્યાન તેમના કપડાં ઘસાતા યા ફાટતા નથી જેથી ક્રિપીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરોએ યુનીફોર્મ મળી શકે નહિં. જે સંસ્થામાં જે કેટેગરી અસ્તીત્વ ધરાવતી ન હોય તેને યુનિફોર્મ મળી શકે નહિં.

(૭) મે પ્રથમ પક્ષકાર તરીકે શ્રી નરોત્તમભાઈ પટેલ તથા બીજા પક્ષકાર તરફે શ્રી એમ. ડી. પારેખને સાંભળ્યા, શ્રી નરોત્તમભાઈ પટેલે મારી સમક્ષ રજુઆત કરેલ છે કે યુનિફોર્મ અને ધોલાઈ ભથ્થાની માંગણી બાબતે ભાગ-૧ એવોર્ડ કરવા વિનંતી છે. તેમણે રજુઆત કરેલ છે કે, બીજા પક્ષકાર કંપનીમાં કામ કરતા કામદારો જેવા કે, ફીટર, ટર્નર, વેલ્ડર, બોઈલર એટેન્ડન્ટ, ફોરમેન, ફાયરમેન, થર્મોપેક ઓપરેટર, વાયરમેન, ઈલેક્ટ્રીશીયન, જોબર, આસી. જોબર, પર્નવાઈન્ડીંગ જોબર, વીવીંગ જોબર, ગ્રેઈંગ જોબર, વોચમેન, જમાદાર, ડ્રાઈવર, કલીનર, એ.સી. પ્લાન્ટ ઓપરેટર, પટાવાળા, વાયરમેન, હેલ્પર, ફીટર, હેલ્પર, ટર્નર, હેલ્પર વેલ્ડર હેલ્પર, ઝાડુવાળા, ઓઈલ લોડર અને મશીન પર કામ કરતાં એન્જીનીયરની કેટેગરીઓ પૈકી હાલમાં જે અસ્તીત્વ ધરાવતી કેટેગરી હોય અને એવી અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતાં તમામ કામદારોની કામગીરી દરમ્યાન એમના

INDEX

કપડાં ઘસાઇ જાય છે. ડાઘા પડે છે. અને ખરાબ થાય છે. અને ખર્ચ થાય છે. તેથી અસ્તીત્વ ધરાવતી કેટેગરીમાં કામ કરતાં તમામ કામદારોને કંપની દર વર્ષે એપ્રીલ માસમાં તા. ૧૫મી સુધીમાં ટેરીકોટનના બે જોડી ફુલપેન્ટ, અને ટેરીકોટનના ૨ જોડી અર્ધબાંય વાળા શર્ટ પોતાના ખર્ચે શીવડાવી આપે એવો એવોર્ડ થવા અરજ છે. ચાલુ વર્ષે આવા કામદારોને તારીખ ૧૫-૫-૯૦થી એવો યુનિફોર્મ મળે એવો એવોર્ડ થવાની જરૂર છે.

(૮) કંપનીના વિદ્વાન એડવોકેટશ્રી એમ. ડી. પારેખે રજુઆત કરેલ છે કે, કંપનીમાં કામ કરતાં ડિમ્પીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરને યુનિફોર્મ મળી શકે નહિં. તેમજ ધોલાઈ ભથ્થુ આપવાનો ટેક્ષટાઈલ ઉદ્યોગમાં રિવાજ નથી એટલે ધોલાઈ ભથ્થુ આપવાનું રહેતું નથી. તે સિવાયના કામદારોને યુનીફોર્મ આપવામાં આવે તેમાં મીલ્સ કંપનીને વાંધો નથી. તે સિવાય બીજી કોઇ રજુઆત કરેલ નથી. આથી હું એવા નિર્ણય પર આવું છું કે પ્રથમ પક્ષકાર યુનીયનના મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે તેમની એફીડેવીટ આંક-૧૧માં જે તે કેટેગરીના કામદારો માટે યુનિફોર્મ માગેલ છે તે તે કેટેગરીવાળા કામદારોને દર વર્ષે એપ્રીલ માસમાં ૧૫મી તારીખ સુધીમાં ટેરીકોટનના બે જોડી ફુલપેન્ટ અને ટેરીકોટનના બે જોડી અર્ધબાંયવાળા બુશર્ટ આપવામાં આવે તેવી માગણી સામાવાળા મીલ કંપની મંજુર રાખે છે. આથી તે પ્રમાણે એવોર્ડ ભાગ-૧માં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. ટેક્ષટાઈલ ઉદ્યોગમાં ધોલાઈ ભથ્થું આપવાનો રિવાજ નથી. એટલે ધોલાઈ ભથ્થાની માગણી નામંજુર કરવામાં આવે છે.

હુકમ

બીજા પક્ષકાર કંપનીને હુકમ કરવામાં આવે છેકે, એફીડેવીટ આંક-૧૧માં જણાવેલ કેટેગરીવાળા કામદારોને સામાવાળા કંપનીએ દર વર્ષે એપ્રીલ માસમાં તારીખ ૧૫મી સુધીમાં ટેરીકોટનના બે જોડી ફુલપેન્ટ, અને બે જોડી અર્ધબાંયવાળા શર્ટ પોતાના ખર્ચે શીવડાવી આપવા જોઇએ. અને આ માંગણીનો અમલ તા. ૧-૪-૯૦થી કરવાનો છે. અને ૧૯૯૦ના વર્ષ માટે યુનિફોર્મ કામદારોને તા. ૧૫-૫-૯૦ સુધીમાં આપી દેવામાં આવે તેવો હુકમ કરવામાં આવે છે. ફક્ત ડિમ્પીંગ ઓપરેટરો અને વોટરજેટ ઓપરેટરોને યુનિફોર્મ આપવાનો નથી. ધોલાઈ ભથ્થુ આપવાનું નથી. આ એવોર્ડ ભાગ-૧ થી માગણી નં-૧નો નિકાલ કરવામાં આવે છે. ખર્ચ બાબતે કોઈ હુકમ કરવામાં આવતો નથી. આ એવોર્ડની નકલ પક્ષકારોને મળે તે તારીખથી અથવા તા. ૧૫-૫-૯૦ બન્નેમાંથી જે વહેલું હોય તે તારીખથી અમલ કરવાની છે. આ રેફરન્સની હવે પછીની સુનાવણી તા. ૧૩-૬-૯૦ના રોજ રાખવામાં આવે છે.

સહી
(એ. બી. પટેલ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત સુરત.

સુરત અધિષ્ઠ
તા. ૫-૫-૯૦

સહી
એ. આઈ. શેખ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૫-૬-૯૦
અમદાવાદ

સને.-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક/ ૨૭૦૧૯ આર યુ સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામા આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલના લેબર એસોસીએશન અને અપ્રારવા મિલ્સ લી., અમદાવાદની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલી નીચે મુજબના નિર્ણય સન-૧૯૯૦ માં જૂલાઈ માસની ૧૦ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એચ ડી. પંડ્યા, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૫૫/૮૯

INDEX

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

અસારવા મિલ્સ કંપની લિ., અમદાવાદ. બીજા પક્ષકાર

ઉદ્યોગ કોટન ટેક્ષટાઈલ.

મીલ કંપની સામાન્ય ઓટોલુમ્સમાંથી ૯૬ સાદીલુમ્સ સ્ક્રેપ કરી તેના કામદારોને વીવીંગ પ્રિપરેટરી સ્પીનીંગ ખાતામાં એડજસ્ટ કરવા માંગે છે તે અંગે

ચુકાદો

૧. હાલનો રેફરન્સ બી. આઈ. આર. એક્ટ, ૧૯૪૬ ની કલમ ૭૩ (ક) મુજબ, બીજા પક્ષકાર મીલ કંપનીએ તેના સામાન્ય ઓટોલુમ્સમાંથી ૯૬ સાદીલુમ્સ સ્ક્રેપ કરી તેના કામદારોને વીવીંગ પ્રેપરટરી સ્પીનીંગ ખાતામાં એડજસ્ટ કરવા માંગે છે તે અંગે સંઘને તા. ૩-૧૧-૮૮ ના રોજ આપેલી ફેરફારની સૂચના ઉપરથી ઉપસ્થિત થયેલો છે.

૨. આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર સંઘે અંક-૪૧ ની પુરસીસ આપી બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોવાથી રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચવાની પરવાનગી માંગેલ છે, જે મુજબ સંઘને રેફરન્સ પાછો ખેંચવા માટે પરવાનગી આપવી જોઈએ, આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

: હુકમ :

૩. સંઘને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર.
અમદાવાદ.
તા. ૨૯-૫-૧૯૯૦.

સહી
(હ. ધી. પંડયા)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

સહી
તા. ૧૦-૭-૯૦
અમદાવાદ.

સહી
(એ. આઇ. શેખ)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને. ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે
સહાયક સંઘ નિબંધક દ્વારા

સુતરાઉ કાપડ ઉદ્યોગમાંથી, પ્રતિનિધિત્વ ધરાવતા સંઘ તરીકે રદ કરવા બાબત.

ક્રમાંક બ/બ/શ્રમક/ ૨૭૦૪૦ આ ૨૬૭૭મી આઇ આર. ૧૯૯૦ સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમની કલમ ૧૫ (બી) (૨) થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ, હું 'મંજુર મહાજન મંડળ, નવસારી' ને નવસારી તાલુકાના સ્થાનિક વિસ્તાર માટે સુતરાઉ કાપડ ઉદ્યોગમાંથી આથી હું રદ કરૂં છું કારણ કે, સદર પ્રતિનિધિત્વ ધરાવતા યુનિયને ઉક્ત અધિનિયમના નિયમોના નિયમ ૨૨ મુજબ એપ્રિલ-૮૮ થી ડીસેમ્બર-૮૮ તેમજ જુલાઇ-૮૯ થી આજ સુધી સભ્ય સંખ્યા દર્શાવતા નિયત પત્રકમાં માહિતી મોકલી આપેલ નથી. તેમજ ઉક્ત અધિનિયમની કલમ ૧૩ અન્વયે જરૂરી સભ્ય સંખ્યા ધરાવતું નથી. તેમ માની કલમ ૧૫ (બી) (૨) મુજબ યુનિયનનું રજીસ્ટ્રેશન રદ કરવાની બે નોટીસો આપવા છતાં સભ્ય સંખ્યા અંગેની માહિતી મોકલી આપેલ નથી.

સહી
અમદાવાદ તા. ૩૦-૭-૯૦
એ. આઇ. શેખ
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ.
અમદાવાદ.

INDEX

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ખ/ખ/શમક/ ૨૭૦૨૫ આર. મુ. સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક અધિનિયમની કલમ ૫૮ (૧) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ ગુજરાત નિયમોના નિયમ ૬૫ થી મને આવેલી સત્તાની રૂએ.

હું ધી ભારત વિજય મીલ્સ લી., કલોલ (ઉ. ગુ.) અને મજુર મહાજન સંઘ કલોલ (ઉ ગુ) સમાધાન અધિકારી શ્રી કે. એમ. પરમારની દરમ્યાગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૦ના જુલાઈ માસના ૧૦માં દિને આથી નોંધ કરું છું.

કલોલ વિ, નંબર ૨૧૯ તા. ૧૪-૫-૯૦
ભારત વિજય મીલ્સ, લી.
કલોલ દ. પી. બી. મહેતા.

સમાધાનકાર શ્રી. કે. એમ. પરમાર સાહેબ

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬

સમાધાનનું મતપત્ર

કેસ નંબર (બી. આર. સી.) ૫ સને ૧૯૯૦

શ્રી નટવરલાલ જે. પટેલ — માલિક પ્રતિનિધિ
ફેક્ટરી મેનેજર,
ધી ભારત વિજય મીલ્સ લિ,
કલોલ (ઉ. ગુ)

શ્રી. જેઠાભાઈ સી પટેલ. — કામદારોના પ્રતિનિધિ
મંત્રી,
મજુર મહાજન સંઘ,

સહી
જે. સા પટે

કેસની ટૂંકી વિગત

તા. ૨-૪-૯૦ ના રોજ સુતરાઉ કાપડ ઉદ્યોગ કલોલ તાલુકાનમ સ્થાનિક વિસ્તારમાં પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતા યુનિયનના નાતાથી નમૂના (એલ) માં નોટીસ ઓફ ચેન્જ મીલ્સ કુાં. આપી હતી. પરંતુ પક્ષકારો વચ્ચે સમાધાન નહી થવાથી મંડળે તા. ૧૨-૪-૯૦ ના રોજ સમાધાનકારને નમૂના (એન) માં અહેવાલ મોકલી આપ્યો હતો. જે તારીખ ૧૮-૪-૯૦ ના રોજ સમાધાનકારને મળ્યો હતો. અને તા. ૨૩-૪-૯૦ ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહુ બાબતમાં સમાધનની કાર્યવાહી જે વખતો વખત બંને પક્ષકારોની સંમત્તિથી મુલત્વી રાખવામાં આવી હતી. તે તા. ૪-૫-૯૦ થી તા. ૨૨-૬-૯૦ સુધી ચાલી હતી જેમાંથી છેલ્લી જણાવેલ તારીખે બંને પક્ષકારો વચ્ચે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ ની કલમ ૫૮ (૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન કર્યુ છે.

સમાધની શરતો

મીલ્સ કુાં. ના વાઈન્ડીંગ ખાતામાં હાલમાં જે કાયમી સંખ્યાબળ છે તે ઓછું હોવાથી તેમાં વધારો કરવા યુનિયની માંગણી કરી હતી. તેમાં બંને પક્ષકારોએ સાથે બેસી નીચે મુજબનું કાયમી સંખ્યાબળ નક્કી કર્યુ છે. અને જે કેટેગરીમાં કાયમી પાસ આપવાના થાય તેમાં સીનીયોરીટી પ્રમાણે જે બદલી કારીગરનો નંબર આવતો હશે તેમને દિવસ ૧૫ માં કાયમી પાસ આપી દેવામાં આવશે.

અ. નં.	કેટેગરી	પહેલી પાળી	બીજી પાળી	ત્રીજી પાળી
(૧)	વાઈન્ડર	૧૫	૧૪	૧૨
(૨)	સાંઝીંગ મશીનમેન	૦૩	૦૨	૦૨
(૩)	પેકીંગ વિભાગ	૦૩	—	—
	કુલ	૨૧	૧૬	૧૪

INDEX

સહી
કલોલ (ઉ.ગુ.)
તા. ૨૨-૬-૯૦

સહી
(નટવરલાલ જે. પટેલ)
ફેકટરી મેનેજર.
ધી ભારત વિજય મીલ્સ લિ. કલોલ
(ઉ. ગુ.)

સહી
(કે. એમ. પરમાર)
સમાધાનકાર શ્રી. (ઉ. ગુ.)
મહેસાણા

સહી
(જેઠાભાઇ સી. પટેલ)
મંત્રી,
મજુર મહાજન સંઘ કલોલ (ઉ. ગુ.)

સહી
ટોક.
અમદાવાદ તા. ૧૦-૭-૯૦

સહી
(એ. આઇ. શેખ)
સહાયક સંઘ નિબંધક,
ઔદ્યોગિક સંબંધ અધિનિયમ.
અમદાવાદ.

સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૬૯૯૯ આથી સને ૧૯૪૬નાં મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું મજુર મહાજન સંઘ, બીલીમોરા અને ગાયકવાડ મીલ્સ લી., બીલીમોરાની વચ્ચેના ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડાની સન ૧૯૯૦માં જૂન માસમાં ૧૫માં દિને આથી નોંધ કરું છું.

INDEX

શ્રી એ. બી. પટેલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ

રેફરન્સ (આઇ.સી.) નં. ૨૪૧/૮૬ (જુનો નંબર)

રેફરન્સ આઈ. સી. એસ. નં. ૬૨/૮૭ (નવો નંબર)

મંત્રી શ્રી, પ્રથમ પક્ષકાર
મજૂર મહાજન સંઘ
ફીડર રોડ, પેટ્રોલ પંપની બાજુમાં,
બીલીમોરા

વિરૂદ્ધ

ધી ગાયકવાડ મિલ્સ લિ., બીજા પક્ષકાર
બીલીમોરા

હાજર રહ્યા	ગેરહાજર	પ્રથમ પક્ષકાર તરફે
	ગેરહાજર	બીજા પક્ષકાર તરફે

વિષય : ૧૯૮૫-૮૬ના વર્ષનું ૨૦% બોનસ દિવાળી પહેલાં ચુકવી આપવા બાબત

એવોર્ડ

આ રેફરન્સ મજૂર મહાજન સંઘ, બીલીમોરાના જનરલ સેક્રેટરીશ્રી મનસુખલાલ ધીમરે મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ ૭૩(એ) અન્વયે કરેલો છે. આ રેફરન્સ ઔદ્યોગિક અદાલતની લવાદી માટે સુપ્રત કરવામાં આવેલ છે. આ રેફરન્સ કરતાં પહેલાં પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કંપની ઉપર ફોર્મ-એલ માં તા. ૨૧-૮-૮૬ના રોજ ફેરફારની નોટીસ બજાવી હતી. અને નોટીસમાં જણાવ્યા પ્રમાણેનો ઔદ્યોગિક ઝઘડો ઉપસ્થિત કર્યો હતો. નોટીસ બજાવ્યા પછી પક્ષકારો વચ્ચે સમાધાન નહિ થવાથી કન્સીલીએટર ઓફીસર સમક્ષ લવાદીના કાર્ય માટે ઝઘડો રજુ કરવામાં આવ્યો હતો. લવાદીની કાર્યવાહીમાં પણ પક્ષકારો વચ્ચે સમાધાન ન થવાથી કન્સીલીએટર ઓફીસર સાહેબે તા. ૨૧-૧૦-૮૬ના રોજનું નિષ્ફળતાનું સર્ટિફીકેટ કાઢી આપ્યું હતું. તે પછી પ્રથમ પક્ષકાર યુનિયને આ રેફરન્સ ઔદ્યોગિક અદાલતને લવાદી માટે રજુ કરેલ છે. નોટીસમાં જણાવ્યા પ્રમાણેનું ૧૯૮૫-૮૬ના વર્ષનું ૨૦ ટકા બોનસ દિવાળી તહેવાર પહેલાં કારીગરોને આપવા બાબતનો ઝઘડો ઉપસ્થિત કરવામાં આવેલ છે.

INDEX

પ્રથમ પક્ષકાર યુનિયને માંગણાની નોટીસમાં જણાવ્યુ છે કે, ગાયકવાડ મીલનું હિસાબી વર્ષ પુરૂ થયેલ છે વર્ષ દરમિયાન કારીગરોએ અને સ્ટાફના સભ્યોએ પુરેપુરો સહકાર આપી ઉત્પાદન વધારવામાં પુરેપુરો ફાળો આપેલ છે અને આથી કંપનીએ દિવાળીના તહેવાર ઉજવવા માટે કામદારોને ૨૦ ટકા બોનસ આપવું જોઈએ. ઘણાં વર્ષોથી દિવાળી પહેલાં બોનસ આપવાની પ્રથા કંપનીમાં ચાલતી આવી છે અને આથી મીલ કંપનીએ તા. ૧૦-૧૦-૮૬ પહેલાં ૨૦ ટકા બોનસ કામદારને વહેંચી આપવું જોઈએ જેથી ઔદ્યોગિક શાંતી જળવાઈ રહે અને કંપનીનું ઉત્પાદન વધતું રહે.

આ રેફરન્સ ઔદ્યોગિક અદાલતને મળ્યા પછી ઔદ્યોગિક અદાલતની ઓફિસે પ્રથમ પક્ષકાર યુનિયન ઉપર માંગણાનું નિવેદન રજુ કરવા નોટીસ બજાવી હતી. આંક-૬થી પ્રથમ પક્ષકાર યુનિયને માંગણા નિવેદન રજુ કરેલ છે. આ રેફરન્સમાં બીજા પક્ષકાર કંપનીએ જવાબ રજુ કર્યો નથી. આંક-૭ની અરજીથી મીલનો જવાબ રજુ કરવાનો તબકકો બંધ થયેલ જાહેર કરવામાં આવેલ છે. પરંતુ તા ૨૮-૩-૮૮ પછી પ્રથમ પક્ષકાર યુનિયન તરફે ઔદ્યોગિક અદાલતમાં કોઈ હાજર રહેતું નથી. યુનિયને આ રેફરન્સની હકીકતો, વિધાનો સાબિત કરવા માટે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કર્યો નથી. ૨૦ ટકા બોનસ આપવાની કંપનીની જવાબદારી ઉપસ્થિત થાય છે તે અંગે કંપનીનો નફો બોનસ એક્ટ ૧૯૬૫ પ્રમાણે વધારે છે તેવું બતાવવું જોઈએ પણ પ્રથમ પક્ષકાર યુનિયને તા. ૨૮-૩-૮૮ પછી આ અદાલત સમક્ષ હાજર રહ્યું નથી તેમજ કોઈ પુરાવો રજૂ કર્યો નથી આમ યુનિયન પોતાની માંગણીઓ સાબિત કરવામાં નિષ્ફળ ગયું છે. યુનિયને માગણીનું વ્યાજબીપણુ અને કાયદેસરના સાબિત કર્યું ન હોવાથી આ રેફરન્સ કાયદેસર રીતે ટકી શકે તેમ નથી અને કાઢી નાંખવો જોઈએ એવા નિર્ણય ઉપર હું આવું છું. ઉપર પ્રમાણેના અવલોકન અન્વયે નીચે મુજબ હુકમ કરૂ છું.

હુકમ

આ રેફરન્સ કાયદેસર રીતે ટકી શકે તેમ નથી અને આ એવોર્ડથી આ એવોર્ડની નકલ પક્ષકારોને મળે તે તારીખથી એક મહિનાની અંદર અમલમાં આવવાના છે.

INDEX

સહી
એ. બી. પટેલ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, સુરત

તા. ૨૬-૮-૯૦
સુરત

સહી
એ. આઈ. શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

૧૫-૬-૯૦
અમદાવાદ

સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૦૦૦ આરયુ સને-૧૯૪૬ના ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ

હું મજૂર મહાજન સંઘ વલસાડ અને વિનોદ પ્રોસેસર્સ વાપીની વચ્ચેના ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના તીવેડાની સન-૧૯૯૦માં જૂન માસના ૧૫મા દિને આથી નોંધ કરૂં છું.

શ્રી એ. બી. પટેલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત સુરત સમક્ષ

રેફરન્સ (આઈ. સી.) નં. ૧૨૯/૮૫

રેફરન્સ (આઈ. સી. એસ) નં. ૪૦/૮૭

INDEX

મજુર મહાજન સંઘ   પ્રથમ પક્ષકાર
વલસાડ
મજુર મહાજન સંઘ
બીલીમોરા

વિરૂદ્ધ

મેનેજરશ્રી,   બીજા પક્ષકાર
વિનોદ પ્રોસેસર્સ
થર્ડ ફેઇઝ જી. આઈ ડી સી.,
વાપી

હાજર રહ્યા : ગેરહાજર   પ્રથમ પક્ષકાર તરફે
ગેરહાજર   બીજા પક્ષકાર તરફે

વિષય : ૧૯૮૪-૮૫ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવા બાબત.

એવોર્ડ

આ રેફરન્સ પ્રથમ પક્ષકાર મજુર મહાજન સંઘ, વલસાડના જનરલ સેક્રેટરી શ્રી ધનસુખલાલ બીમરે મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ ૭૩(એ) અન્વયે ઔદ્યોગિક અદાલતને લવાદી માટે સુપ્રત કરેલ છે. આ રેફરન્સ કરતાં પહેલાં પ્રથમ પક્ષકાર યુનિયને ફોર્મ-એલ માં તા. ૧-૮-૮૫ ના રોજ બીજા પક્ષકાર કંપની વિનોદ પ્રોસેસર્સ, વાપી ઉપર નોટીસ બજાવી હતી અને નોટીસમાં જણાવ્યા પ્રમાણે બોનસ કાયદા પ્રમાણે ૧૯૮૪-૮૫ના વરસ માટે ૨૦ ટકા બોનસની માંગણી કરી હતી. પક્ષકારો વચ્ચે સમાધાન ન થવાથી ઔદ્યોગિક ઝગડો લવાદી કન્સીલીએટરની કાર્યવાહીમાં રજુ કરવામાં આવ્યો હતો. કન્સીલીએટરની કાર્યવાહી દરમ્યાન પણ પક્ષકારો વચ્ચે કોઇ સમાધાન થયુ ન હતું અને તેથી કન્સીલીએટર ઓફીસર સાહેબે તા. ૨૫-૧૦-૮૫ના રોજનું નિષ્ફળતાનું સર્ટીફીકેટ કાઢી આપ્યુ હતું. તે પછી પ્રથમ પક્ષકાર યુનિયને આ રેફરન્સ ઔદ્યોગિક અદાલતને લવાદી માટે રજુ કરેલો છે.

આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૪ થી આંગણુંનું નિવેદન રજુ કરેલ છે. બીજા પક્ષકાર કંપનીએ તા ૩ જૂલાઈ ૧૯૮૬ની અરજીથી પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરેલ છે કે, ટેક્ષટાઇલ પ્રોસેસર યુનિટ વાપી ખાતે આવેલ છે. તે વિદ્યુત પાવર શક્તિનો ઉપયોગ કરતુ નથી તેથી પ્રોફેસર યુનિટને મુંબઈ

ઔદ્યોગિક સંબંધક ધારો ૧૯૪૬ લાગુ પડતો નથી. આ પ્રાથમિક મુદ્દો રેફરન્સના મુળમાં જતો હોવાથી આ મુદ્દો પ્રથમ નક્કી કરવો જોઇએ, તે પછી આંક-૭થી બીજા પક્ષકાર કંપનીએ મયંકભાઈ મહેતાનું વકીલાત નામું રજૂ કરેલું છે. તા. ૨૯-૯-૮૭ પછી પ્રથમ પક્ષકાર યુનિયન તરફે આ અદાલત સમક્ષ કોઈ હાજર રહેતું નથી. માંગણીનું વ્યાજબીપણું અને કાયદેસરના સાબિત કરવાની જવાબદારી યુનિયનની છે. જે વર્ષ માટે બોનસની માંગણી કરવામાં આવેલ છે. તે વર્ષમાં કંપનીનો નફો ઘણો વધા હતોરે અને કંપનીની ૨૦ ટકા બોનસ આપવાની જવાબદારી હતી તેવુ પુરવાર કરવાની જવાબદારી પ્રથમ પક્ષકાર યુનિયનની છે પ્રથમ પક્ષકાર યુનિયને આ અદાલત સલક્ષ આ માટે હાજર રહેતુ નથી તેની કોઈ અરજી પણ મોકલી આપેલ નથી. આ સંજોગોમાં હું એવા નિર્ણય ઉપર આવુ છું કે, પ્રથમ પક્ષકાર યુનિયને માંગણાનું વ્યાજબીપણું અને કાયદેસરતા સાબિત કરી નથી અને તેથી આ રેફરન્સ કાઢી નાંખવો જોઈએ. ઉપરોક્ત અવલોકન પ્રમાણે નીચે મુજબ હુકમ કરું છું.

આ રેફરન્સ કાયદેસર રીતે ટકી શકે તેમ નથી અને આ એવોર્ડથી કાઢી નાંખવામાં આવે છે ખર્ચ બાબતે કોઈ હુકમ નથી. આ એવોર્ડની નકલ પક્ષકારોને મળે તે તારીખથી એક મહિનાની અંદર અમલમાં આવવાનો છે.

સહી
પી આર. પુરસ્નાણી
અધિક્ષક
તા. ૨૬-૪-૯૦
સુરત

સહી
એ. બી. પટેલ
જજ
ઔદ્યોગિક અદાલત, સુરત

સહી
એ. આઇ, શેખ
સહાયક શ્રમ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૫-૬-૯૦
અમદાવાદ

સને-૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૦૨૦ આર યુ સને-૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમના કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક અધિનિયમની-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ મને આપવામાં આવેલી સત્તાની રૂએ.

હું ટેક્ષટાઇલ લેબર એસોસીએશન અમદાવાદ અને ન્યુ માણેકચોક ટેક્ષટાઇલ મીલ્સ, અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નીવેડા સન-૧૯૯૦ માં જુલાઈ માસના ૧૦ મા દિને આથી નોંધ કરું છું

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એચ ડી પંડયા સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૭૨/૮૮.

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ન્યુ માણેકચોક ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદ બીજા પક્ષકાર

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ

શ્રી પ્રવિણકુમાર મોતીલાલને તા ૧-૪-૮૨ થી જુનીયર કારકુન તરીકેનો પગાર રૂા. ૩૫૦-૦૦ ચુકવી આપવા વગેરે અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ બી. આઇ. આર. એક્ટ, ૧૯૪૬ ની કલમ ૭૩ (ક) મુજબ, પ્રથમ પક્ષકાર સંઘે મીલ કંપનીને શ્રી પ્રવિણકુમાર મોતીલાલને તા ૧-૪-૮૨ થી જુનીયર કારકુન તરીકેનો પગાર તથા રજાઓ, ઘરભાડું વગેરે હક્કો ચુકવી આપવા અંગે તા. ૧૮-૧૨-૮૭ ના રોજ કલમ ૪૨(૨) મુજબની ફેરફારની સૂચના આપેલી, તે પરથી ઉપસ્થિત થયેલો છે.

INDEX

૨. આ રેફરન્સમાં પક્ષકારોએ સંયુક્ત રીતે તેમના વચ્ચે થયેલી સમાધાનની શરતો આંક-૯ થી રજુ કરી છે અને તે મુજબ આ કામમાં એવોર્ડ કરવા વિનંતી કરી છે સદરહુ સમાધાનની શરતો યોગ્ય અને વ્યાજબી જણાય છે આથી તે મુજબ એવોર્ડ કરી આપવો જોઈએ, જેથી હું નીચે મુજબ હુકમ કરું છું.

: હુકમ :

૩. બંને પક્ષકારોએ આંક-૯ માં જણાવેલી સમાધાનની શરતો મુજબ વર્તવું. આંક-૯ ની એક નકલ આ હુકમ સાથે રાખવી ખર્ચ સંબંધી કોઈ હુકમ નથી.

નામદાર ઔધોગિક અદાલત સમક્ષ, અમદાવાદ

રેફરન્સ (આઈ. સી.) નં. ૭૨-૧૯૮૮

ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન ભદ્ર, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ન્યુ માણેકચોક ટેક્ષટાઈલ મીલ્સ અમદાવાદ — બીજા પક્ષકાર

આ કામમાં અમો પક્ષકારો વચ્ચે ઉપરોક્ત રેફરન્સ બાબતે વારંવાર સમાધાનની વાટાઘાટો થયેલ હતી અને ત્યારબાદ આખરે નીચેની શરતોએ સમાધાન થવા પામેલ છે, તો તે મુજબ યોગ્ય તે એવોર્ડ કરવા આથી નામદાર ઔધોગિક અદાલતને નમ્ર અરજ છે.

સમાધાનની શરતો

(૧) સબંધિત કલાર્કશ્રી પ્રવિણકુમાર કાંતિલાલ શાહને અમો બીજા પક્ષકાર મીલ્સ કંપની તા. ૧-૬-૧૯૮૯ ના રોજથી જુનીયર કલાર્કનો હોદ્દો આપશે અને જે સંબંધિત કલાર્ક તેમજ પ્રથમ પક્ષકાર વિના વિરોધે સ્વીકારે છે.

(૨) સંબંધિત કલાર્ક શ્રી પ્રવિણકુમાર કાંતિલાલ શાહ જ્યારે છુટા થાય ત્યારે ગ્રેજ્યુટીની ગણતરી માટે દાખલ તારીખ ૧-૪-૧૯૮૨ ની ગણવામાં આવશે.

INDEX

(૩) શ્રી પ્રવિણકુમાર કાંતિલાલ શાહને જુનીયર કલાર્કનો હોદ્દો આપવામાં આવતા તેમનો માસિક પગાર રૂ. ૩૨૧-૦૦ પુરાના ગ્રેડમાં મુકવાનું નક્કી કરવામાં આવેલ છે, આમ તેઓને જુનીયર કલાર્કના ગ્રેડમાં એટલે કે નીચેના જણાવેલ ગ્રેડમાં મુકવામાં આવશે.

"૩૨૧-૬-૫૦-૩૬૦-૯-૫૦-૪૧૭ ઈ. બી. ૧૨-૪૭૭-૧૫-૬૭૨."

(૪) સબંધિત કલાર્ક શ્રી પ્રવિણકુમાર કાંતિલાલ શાહને તા. ૧-૬-૮૯ થી જુનિયર કલાર્કને. ગ્રેડ રૂ. ૩૨૧ પુરા પ્રમાણે પગારં તફાવત મીલ્સ કંપની આ સમાધાન થયેલ જેમ બને તેમ જલ્દીથી ચૂકવી આપશે.

(૫) સબંધિત કલાર્કને જૂનિયર કલાર્કનો હોદ્દો આપવાથી તેઓને સદર રેફરન્સમાં માંગેલ તમામ માંગણીઓ બીનશરતે જતી કરે છે અને આમ તેઓ પાછલા હલેણાંની માગણી પણ જતી કરે છે, તેમજ આ સમાધાન ફુલ અને ફાઈનલ સમાધાનછે.

(૬) આ સમાધાનથી સંબંધિત કલાર્કની તમામ તકરારોનો અંત આવતો હોવાથી આ સિવાય આ કાંમના સબંધિત કામદારે બીજી કોઈ અરજી કે કેસ અન્ય કોઈપણ ઓથોરીટી કે કોર્ટમાં કરેલ હોય તો તે સબંધિત કામદાર બીન-સરતી પાછી ખેંચી લેવા ખાત્રી આપે છે.

અમદાવાદ   સંબંધિત કામદારની સહી
એસ. એમ. નાયક   ટી. એલ એ. ના પ્રતિનિધિની સહી
તા. ૨૮-૫-૧૧૯   મીલ્સ કું એલ. એડવોકેટની સહિ
                                              મીલ્સ કું. ના ફેકટરી મેનેજરની સહી

સહી
જી જે. દવે
રજીસ્ટ્રાર.
અમદાવાદ
તા. ૨૯-૫-૧૯૯૦

સહી
(હા. ધી. પંડયા)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત

એ. આઇ શેખ
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૦-૭-૯૦
અમદાવાદ

INDEX

સને. ૧૯૪૬ ના ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/ ૨૭૩૧૦ આરયુ-સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું ઈલેક્ટ્રીક્સીટી મજદુર સભા અમદાવાદ ઇલેક્ટ્રીસીટી કું લી. અમદાવાદ ની વચ્ચે ઓદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિર્ણય સને. ૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪ થા દિને આથી નોંધ કરું છું

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી વી. એચ ઠાકોર, સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈ સી) નં. ૨૦૦/૮૭.

ઇલેક્ટ્રીસીટી મજદુર સભા, પ્રથમ પક્ષકાર
અમદાવાદ.

અને

અમદાવાદ ઈલેક્ટ્રીસીટ કું. લી. બીજા પક્ષકાર.
અમદાવાદ.

સને. ૧૯૮૬-૮૭ ના વરસ માટે ૨૦ ટકા લેખે બોનસ આપવા અંગે,

ઉદ્યોગ-વીજળી.

૧. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર કંપનીને કંપનીમાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૬-૮૭ ના વરસ માટે ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવા બાબતમાં નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પક્ષકારોએ આંક ૨૦ નુ પુરસીસ આપી જણાવેલ છે કે પક્ષકારો વચ્ચે રેફરન્સ (આઈસી) નં. ૨૦૧/૮૭ ના કામે જે સમાધાન થયેલ

છે તે મુજબ પક્ષકારો વચ્ચે આ રેફરન્સમાં સમજુતી થઈ ગયેલ છે. સદર પુરસીસમા જણાવેલ હકીકતો તે યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય છે
આથી હું નીચે મુજબ હુકમ કરૂં છું.

: હુકમ :

૩. પક્ષકારોએ આંક ૨૦ ના પુરસીસ મુજબ વર્તવુ. આંક ૨૦ ના પુરસીસની એક નકલ આ હુકમ સાથે રાખવી, ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

BEFORE THE INDUSTRIAL COURT, AHMEDABAD.

Reference (IC)No 200 of 1987

Electricity Mazdoor Sabha,
Divetia Bl ;cks, Raikhad,
Ahmedabad.

Applicant
1st party

Vs.

The Ahmedabad Electricity Co.Ltd.
'Electricity House'
Lal Darwaja,
Ahmedabad.

Opponent
2nd Party,

CONSENT TERMS

1. Both the parties have arrived at an amicable settlement in Reference (IC) No. 201/87 on 9.8.90 and in tarms of the said settlement, both the parties agree that the present dispute is settled.

Both the parties pray that an order in terms of this cnosent terms be passed.

INDEX

Ahmedabad Electricity Co.Ltd.
General Manager (Personnel)
AHMEDABAD
DT.22.8.1990

Electricity Mazdoor Sabha
GeneralSecretary

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર,
અમદાવાદ.
તા. ૧૪-૯-૯૦

(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ,
૧૪-૯-૯૦

તા. ૪-૧૨-૯૦
અમદાવાદ

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/૫/ક્રમાંક/ ૨૭૩૧૨ આરયુ-સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું ઈલેકટ્રીસીટી મજદુર સભા અમદાવાદને અમદાવાદ ઈલેકટ્રીસીટી કો. લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા અને ૧૯૯૦ માં ડીસેમ્બર માસના ૪ થા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, રાજ્ય. અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈ સી) નં. ૪૦/૮૭.

ઈલેકટ્રીસીટી મજુદર સભા, — પ્રથમ પક્ષકાર.

અને

અમદાવાદ ઈલેકટ્રીસીટી કો. લી. — બીજા પક્ષકાર.

યુનિયનની માંગણી કામદારોને સને ૧૯૮૫-૮૬ ના વરસ માટે ૨૦ ટકા લેખે બોનસ આપવા અંગે.

ઉદ્યોગ-વીજળી.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર કંપનીને કંપનીમાં કામ કરતા કામદારોને અને ૧૯૮૫-૮૬ ના વરસ માટે ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવા બાબતમાં નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચલુ રેફરન્સે પક્ષકારોએ આંક ૧૧ નું સમાધાન પુરીસીસ આપી જણાવેલ છે કે, પક્ષકારો વચ્ચે રેફરન્સ (આઈ સી) નં. ૨૦૧/૮૭ ના કામે જે સમાધાન થયેલ છે તે મુજબ પક્ષકારો વચ્ચે આ બાબતમાં સમજુતી થઈ

INDEX

ગયેલ છે સદર પુરસીસમાં જણાવેલ હકીકતો તે યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય છે. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

: હુકમ :

૩. પક્ષકારોએ આંક ૧૧ ની પુરસીસ મુજબ વર્તન કરવું. આંક ૧૧ ની પુરસીસની એક નકલ આ હુકમ સાથે રાખવી. ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

BEFORE THE INDUSTRIAL COURT, AHMEDABAD.

Reference (IC)No 40 of 1987

Electricity Mazdoor Sabha, Applicant
Divetia Blocks, Raikhad, 1st Party
Ahmedabad.

Vs.

The Ahmedabad Electricity Co.Ltd.
'Electricity House' Opponent
Lal Darwaja, 2nd Party,
Ahmedabad.

CONSENT TERMS

1. Both the parties have arrived at an amicable settlement in Reference (IC) No. 201/87 on 9.8.90 and in terms of the said settlement, both the parties agree that the present dispute is settled.

Both the parties pray that an order in terms of this consent terms be passed.

Ahmedabad Electricity Co.Ltd. Electricity Mazdoor Sabha
General Manager (Personnel) GeneralSecretary
AHMEDABAD
DT.22.8.1990

INDEX

સહી
જી. જે. દવે
રજીસ્ટ્રાર.
અમદાવાદ તા. ૧૪-૯-૯૦

સહી
(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
૧૪-૯-૯૦ અમદાવાદ.

તા. ૪-૧૨-૯૦
અમદાવાદ

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

સને. ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/ ૨૭૭૩૭ આથી સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને. ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન ભરૂચ અને ભરૂચ ટેક્ષટાઈલ મીલ્સ લી. ભરૂચ, ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિર્ણય સને. ૧૯૯૦ નાં ડીસેમ્બર માસના ૪ થા દિને આથી નોંધ કરું છું.

IN THE INDUSTRIAL COURT, GUJARAT.

Submission (IC) No. 2 of 1982

Arbitration

Between

Textile Labour Union, Bharuch

And

The Bharuch Textile Mills Ltd; Bharuch

INDEX

In the matter of privilege leave, casual leave, accumulation of leave, encashment of leave, etc,

Industry : Cotton Textile

Present : Shri H.D. Pandya, President.

Appearances :Secretary, Textile Labour Union, Bharuch; & Gen. Manager (Fin. & Adm.) Bharuch Textile Mills Ltd.

AWARD

This dispute is placed before me by way of submission u/s 66 of the Bombay Industrial Relations Act in pursuance of the agreement between the Textile Labour Union, Bharuch, hereinafter referred to as 'the union' and The Bharuch Textile Mills Ltd., Bharuch, hereinafter referred to as 'the mills—co.' for the arbitration of this Court. The submission relates to enhancement of different types of leave available to the employees, etc. The union has filed statement of claim, ex.2 and additional statement of claim, ex.4 The mills—co. has filed its written statement at ex.5 resisting the claim of the union mainly on the ground of the weak financial position of the mills—co. None of the parties has produced any oral or documentary evidence in support of his case. During the pendency of this case the financial position of most of mills became critical. As such, this case also did not progress at all. In the meantime Secretary of the union and the Gen. Manager (Fin & Adm.) of the mills—co. have jointly given purshis ex.8 stating that the union wants to withdraw this submission with a right to reagitate the same in future, if circumstances so warrant. The mills—co. has also endorsed for the withdrawal. In view of the facts stated above permission is granted to withdraw the subission with condition that the union has right to raise demand in future if such occasion arises. I pass no order as to costs.

G. J. Dave
PRESIDENT

H. D. Pandya
A'bad. Registrar,

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

તા. ૪-૧૨-૯૦
અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/ ૨૭૩૦૦ આરશુ સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી અને આપવામાં આવેલ સત્તાની રૂએ.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ — કામદારોના પ્રતિનીધી

કેસની ટુંકી વિગત

તા. ૨૬–૯–૯૦ ના રોજ ઉપરોક્ત સંસ્થાના વ્યવસ્થાપકોએ નમુના જે'માં સુતરાઉ કાપડ ઉદ્યોગ માટે અમદાવાદ શહેરના સ્થાનીક વિસ્તારમાં પ્રતીનિધીત્વ અને માન્યતા ધરાવતા ઉપરોક્ત મંડળને મોકલ્યું. મીલના સાદા શાળ ખાતામાં સાદી શાળો કાઢી નાખી નવી ઓટોમેટીક શાળો નાખવા માંગે છે. આથી ૪૪૦

(આરસો ચાલીસ) કાયમી જગ્યા કમી કરવા માંગે છે. તે અંગેની માંગણી રજૂ કરતી ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહી થઈ શકવાથી સદરહુ સંસ્થાએ તા ૯-૧૦-૯૦ના રોજ સમાધાનકારને નમુના 'સીતમ' અહેવાલ મોકલી આપ્યો હતો જે તા. ૮-૧૧-૯૦ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી જે વખતોવખત બન્ને પક્ષકારોની સંમતીથી મુલતવી રાખવામાં આવી હતી જે તા. ૨૩-૧૧-૯૦થી તા. ૨૮-૧૨-૯૦ સુધી ચાલી હતી. જેમાંની છેલ્લી જણાવેલ તારીખે બન્ને પક્ષો વચ્ચે મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ ૧૯૪૬ની કલમ ૫૮(૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

સમાધાનની શરતો

આ સાથેના જોડેલ પરીશીષ્ટ મુજબ.

પરિશીષ્ટ

કેસ નં. બી. આર. સી. ૯૦-૮૮ના સમાધાનની કલમ નં ૪માં સુધારો.

૧. સદર સમાધાનની કલમ નં. ૪માં બતાવ્યા મુજબ સાદા શાળ ખાતાની પહેલી અને બીજી પાળીમાં વીવરો અને જોબરોની કાયમી સંખ્યા ૧૭૯-૧૭૯ બતાવેલ છે. મીલ કંપની આ સુધારાથી સાદા શાળ ખાતાનાં ૬૪૨ લુમ્સ ક્રમશઃ બંધ કરી જેમ જેમ રાજીનામા આવે તેમ તેમ કાઢી નાંખશે અને તે ઉપર કામ કરતા વીવરો અને જોબરો મળી અનુક્રમે પહેલી અને બીજી પાળીની ૧૭૯ અને ૧૭૯ જગ્યાઓ નાબુદ કરી શકશે. આ સુધારાથી સાદા શાળ ખાતામાં હપ્તાદારની ૩૫૮ અને મહીનાદારની ૭૭ જગ્યાઓ પૈકી કોઈ કાયમી જગા રહેશે નહી તેમ કલમ નં ૪માં સુધારો કરી વાંચવું આ રીતે કુલ ૨૨૫ + ૨૦૮ વતા ૨ મળીને વધુ ૪૩૫ જગ્યાઓ કમી કરવામાં આવશે. આ સુધારાથી હવે સાદા શાળ ખાતામાંથી વીવરો અને જોબરોની તમામ જગ્યાઓ રદ થાય છે તેમજ બીજા મહીનાદાર કારીગરોની જગ્યાઓ પણ રદ થાય છે. આ બધા કારીગરોની વીગતો હોદ્દાવાર આ સાથેના પરીશીષ્ટ "અ"માં આપેલ છે. આ કારીગરોની જગ્યાઓ રદ કરવાની વ્યવસ્થા અને પ્રોસીજર નીચેની કલમોમાં ઉલ્લેખ કરવામાં આવે છે. ટેક્ષટાઈલ લેબર એસોસીએશને તેના ક્રમાંક ૧૬૪૬ના તા. ૧-૧૦-૯૦ના પત્ર સાથે કે ત્યારબાદ જે રાજીનામાઓ મોકલ્યા છે તેનો આ કરારમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

અ. ઉપરક્ત જગાઓ કમી કરવા માટે ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ મારફતે રાજીનામા સ્વેચ્છાએ રાજીખુશીથી છુટા થનાર કારીગરોના મીલમાં આવતાં મીલ તે સ્વીકારીને તેમને છુટા કરશે અને તેમની જગાઓ કમી થયેલ ગણાશે. અથવા વય મર્યાદાને લીધે મરણ થવાથી કે અન્ય કારણોસર જે જગાઓ ખાલી થાય તે અંગે ટેક્ષટાઈલ લેબર એસોસીએશનના સંમતીથી કંપની અનુકુળતા પ્રમાણે પેટા ખાતાઓ ધીમે ધીમે બંધ કરશે. કમી થતી જગાના કારીગરોના રાજીનામા પુરતા પ્રમાણમાં ન આવે તો મીલ કુલ મોટી સાઈઝના સાંચા જે હાલ ખંડ નં. ૨માં આવેલા છે તે સાંચાઓ ખંડ નં. ૨માંથી ઉપાડી ખંડ નં. ૩માં જરૂર પ્રમાણે બાકી રહેલા કારીગરોને ટ્રાન્સફર કરી ગોઠવવામાં આવશે. આ ગોઠવણી બાદ પણ જો બીજા કાયમી કારીગરો વધે તો અન્ય ખાતાઓ જેવા કે બ્લોચ ફોલ્ડીંગ, સ્ટેમ્પીંગ, કાપડ ખાતુ, પ્રોસેસીંગ પહેરાવાળા, ડ્રાયવર, વાઈન્ડીંગ-રીપીંગ મોટા કાળ વીગેરે ખાતાઓમાં જરૂર પ્રમાણે ટ્રાન્સફર કરી શકશે. આ ઉપરાંત જો કારીગરો વધે તો અન્ય ખાતાઓના કે અન્ય પાળીના કારીગરો સ્વેચ્છાએ રાજીખુશીથી છુટા થવા માગે તો તેમના રાજીનામાં આવતા કારીગરોના બદલે ટેક્ષટાઈલ લેબર એસોસીએશન મારફતે મીલમાં આવતા મીલ તે રાજીનામા મંજુર કરશે અને કમી કરવાની જગાના કામદારને છુટા થનાર કારીગરની જગાએ ટ્રાન્સફર કરવામાં આવશે. ટ્રાન્સફર થયેલા કારીગરોને જે તે ખાતાનો હોદ્દો આપવામાં આવશે. જો તેમનો પગાર તે હોદ્દા કરતાં વધુ હશે તો તે પગાર આપવાનો ચાલુ રહેશે. તેમની જગાએ ભવિષ્યમાં આવનાર કારીગરોને આ પગાર મળશે નહીં. પણ હોદ્દાને અનુરૂપ એવોર્ડ મુજબ પગાર મળશે. આ પ્રમાણે છુટા થનાર કારીગરને કરારની કલમ "બ" મુજબ હક્કો આપવામાં આવશે. વધતા કારીગરોને અન્ય ખાતાઓમાં વૈકલ્પીક કામ મજૂર મહાજન સંઘની સંમતીથી આપવામાં આવશે. બંને પાળીમાં સરખી સંખ્યા રહે તે માટે જરૂર પ્રમાણે બાકી રહેતા એક પાળીના કારીગરોને બીજી પાળીમાં ટ્રાન્સફર કરી શકાશે. ડીસેમ્બર ૧૯૯૦માં જે કારીગરોને વાઈન્ડીંગ કે અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કર્યા છે. તેમાં આ સમાધાનથી બહાલ રાખવામા આવે છે.

બ. ઉપરની પેટા કલમ (અ)માં જણાવ્યા પ્રમાણે કમી કરવા માટે છુટા થતા ચાલુ કારીગરોને મીલ કંપની કે ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ સાથે

નક્કી થયા મુજબના ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એક્ટમાં જણાવેલ ધોરણે રીટ્રેન્ચમેન્ટ કમ્પનશેશન પ્રત્યેક વર્ષ માટે ચુકવવામાં આવશે. અને તે ગણત્રીમાં ઘર ભાડાનો સમાવેશ કરવામાં આવશે. છુટા થનાર કારીગર જે સમય દરમીયાન બદલી કેટગરીમાં હશે તે વરસોનો તેમની હાજરીનો કુલ્લ સરવાળો કરી તેને ૨૪૦થી ભાગી જે રકમ આવે તેટલા વરસોની રીટ્રેન્ચમેન્ટની રકમ વર્ષ દીઠ ૧૫ દીવસની ગણત્રી કરી ચુકવવામાં આવશે અને ૧૨૦ દીવસ કરતાં વધુ શેષ રહે તો એક વર્ષ ગણી ૧૫ દીવસનું રીટ્રેન્ચમેંટ આપવામાં આવશે, તદઉપરાંત તેઓના બીજા હકો જેવા કે બાકી પગાર, હક્ક રજા ચુકવી આપવામાં આવશે. પ્રોવીડંડ ફંડની બંનેના ફાળાની પુરી રકમ તાત્કાલીક ચુકવી આપવા ભલામણ કરવામાં આવશે. તેમજ કાયદેસરની ગ્રેજ્યુઈટીની રકમ પણ ચુકવી આપવામાં આવશે. જ્યારે બીજા કારીગરોને બોનસ ચુકવવામાં આવશે. ત્યારે આ છુટા થયેલ કામદારોને બોનસ ચુકવવામાં આવશે.

૫. સદરહુ ખાંચાઓ બંધ થવાથી અસર પામતા આનુષાંગીક ખાતાઓના કારીગરોની કાયમી જગાઓ ને તે ખાતાના જુદા કરારો કરી કમી કરવા ટેક્ષટાઈલ લેબર એસોસીએશન સાથે વાટાઘાટો કરી ને કારીગરો સ્વેચ્છાએ છુટા થવા માંગે તો તેમના રાજીનામા ટેક્ષટાઈલ લેબર એસોસીએશન મારફતે મોકલમાં આવતા કલમ ૪ મુજબના હકો આપી તેઓને છુટા કરવામાં આવશે. બાકી રહેતા કારીગરોને બીજુ વૈકલ્પીક કામ ટેક્ષટાઈલ લેબર એસોસીએશનની સંમતીથી આપી શકાશે. આ અન્ય ખાતામાં છુટા થનાર કારીગરોની જગ્યાએ ટ્રાન્સફર કરી શકાશે. પરંતુ કોઈ પણ કારીગરને કામ ન આપી શકાય તો પુરો પગાર આપવામાં આવશે.

૬. આ સુધારાની કોઈ પણ કલમ અંગે મતભેદ કે ઝઘડો ઉભો થશે તો મીલ કંપની અને ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ સાથે મળીને તેનો નીકાલ કરશે અને તે લાગતાવળગતા તમામને બંધનકર્તા અને આખરી ગણાશે.

૭. આ સુધારાનો અમલ તત્કાલીક કરવામાં આવશે.

પરીશીષ્ટ-ક

ધી અમદાવાદ એડવાન્સ મીલ્સ લી. અમદાવાદ

હોદ્દો	કાયમી			
	પહેલી	બીજી	ત્રીજી	
ટ્રેઈની ઈન્સ્ટ્રક્શન	૧	–	–	
જોબર	૧૨	૧૨	–	
વીવર	૧૬૭	૧૬૭	–	
નકશીમેન	૧	૧	–	
ફીટર	૮	૫	–	
મજદુર	૨	૧	–	
ડોબલર	૧	૧	–	
કાર્પેન્ટર	૨	૧	–	
કાર્પેન્ટર મજદુર	૧	–	–	
વેફ્ટ મીસ્ટ્રી	૪	૫	૬	
બ્રુશ ક્લીનર મુકાદમ	૧	૧	–	
બ્રુશ ક્લીનર	૬	૫	–	
ડાખલર	૩	૧	–	
સ્ટોલ મજદુર	૪	–	–	
સ્વીપર	૬	૨	–	
બીમ કેરીયર મુકાદમ	૧	–	–	
બીમ કેરીયર	૪	૪	૨	
શટલમેન	૧	–	–	
મજદુર	–	૨	–	
	૨૨૫	૨૦૮	૨	૪૨૫

મેનેજર

ધી અમદાવાદ એડવાન્સ મીલ્સ લી.

અમદાવાદ

અમદાવાદ તા. ૨૧-૧૨-૫૦

INDEX

બી. બી ઠાકર
સમાધાનકાર
મુંબઈ ઔદ્યોગિક સંબંધક
અધિનિયમ ૧૯૪૬ અમદાવાદ

અમદાવાદ તા. ૩૧-૧૨-૯૦

સેક્રેટરી
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના-ક્રમાંક-ખ/શમક૨૭૩૪૯-આર-યુ-સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમની કલમ ૫૮-૧ અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ ગુજરાત-નિયમોના નિયમ ૧૫ થી મને આપવામાં આવેલી સત્તાની રુએ હું અસારવા મીલ્સ લી. અમદાવાદ અને ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ સમાધાન અધીકારી બી. બી. ઠાકરની દરમિયાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટનો સન ૧૯૯૧ ના જાન્યુઆરી માસના ૧૧મા દીને આથી નોંધ કરું છું.

સમાધાનકાર બી. બી. ઠાકર સમક્ષ

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનિયમ-૧૯૪૬

સમાધાનનું ખતપત્ર

પક્ષકારોના નામ

માલીકોના પ્રતીનિધી

સાગરમલ આર. શર્મા,
મેનેજર,
અસારવા મીલ્સ લી.
અમદાવાદ.

INDEX

મનહરભાઈ પટેલ — કામદારોના પ્રતીનિધી

મંત્રી વતી,

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન

ભદ્ર, અમદાવાદ

કેસની ટુંકી વિગત

તા. ૧૪-૬-૯૦ના રોજ ઉપરોક્ત સંસ્થાના વ્યવસ્થાપકોએ નમુના 'કે' માં સુતરાઉ કાપડ ઉદ્યોગ માટે અમદાવાદ શહેરના સ્થાનિક વીસ્તારમાં પ્રતીનિધીત્વ અને માન્યતા ધરાવતા ઉપરોક્ત મંડળને મીલ્સ કંપનીઓમાંથી લાભ ખાતાના સાંચા નીકળી જવાથી ઉત્પાદન ઘટેલ છે આથી બ્લીચ ફોલ્ડીંગ ખાતામાં કામગીરી ઘટી જવાના પરીણામે ૧૬ જગ્યા કાયમી ધોરણે કમી કરવા તેમજ તેને લગતા આનુસાંગીક ફેરફાર અંગે માંગણી રજૂ કરતી ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર થઈ નહી થઈ શકવાથી સદરહુ સંસ્થાએ તા. ૨૫-૬-૯૦ના રોજ સમાધાનકારને નમુના એનમાં મોકલી આપ્યો હતો જે તા. ૨૦-૭-૯૦ના રોજ સમાધાનકારને મલ્યો હતો અને તા. ૨૭-૭-૯૦ ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી જે વખતોવખત બન્ને પક્ષકારોની સંમતીથી મુલતવી રાખવામાં આવી હતી તે તા. ૪-૮-૯૦ થી તા. ૧૪-૧૨-૯૦ સુધી ચાલી હતી. જેમાંની છેલ્લી જણાવેલ તારીખે બન્ને પક્ષો વચ્ચે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનિયમ ૧૯૪૬ ની કલમ ૫૮(૨) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

સમાધાનની શરતો

૧. મીલ્સ કંપનીમાં હાલમાં બ્લીચ ફોલ્ડીંગ ખાતામાં નીચે દર્શાવેલ કાયમી સંખ્યાબળ છે અને તે એક જ પાળીમાં ચાલે છે.

હોદો	દીવસ પાળી	કુલ
મશીનમેન	૦૨	૦૨
જોબર	૦૧	૦૧
રીપોર્ટવાળા	૦૧	૦૧
બ્લીચ ફોલ્ડર	૪૨	૪૨
	૪૬	૪૬

INDEX

૨. મીલ્સ કંપની હવે પછી આ સમાધાન થયેથી કુલ ૧૪ કારીગરોની કાયમી જગા નાબુદ કરશે, અને હાલના પ્રોડકશનમાં દૈનિક ૨૨૫ મીટરનું પ્રોડકશન કંપનીમાં ચાલતી તમામ જાતોમાં વધારી આપશે અને તે નવીલા અસઓાજ પેટે તેઓને (૩૨ કારીગરોને) પગારના ૧૨ ટકાનો વધારો (પરભાડા સિવાયનો) આપવામાં આવશે. અને તેની ગજુતરી બોનસ, પ્રોવીડન્ટ ફંડ તથા ગ્રેજ્યુઈટીમાં જ કરવામાં આવશે, ઉપરોકત ૪૬ કારીગરોની સંખ્યામાંથી ૨ કારીગરો અન્ય ખાતામાં કામ કરતા હોવાથી તે જગા આ સમાધાનથી કમી ગણવામાં આવશે. જ્યારે ખાતામાં હવે પછી કુલ ૩૨ કાયમી કારીગરોનું સંખ્યાબળ આ સમાધાનથી રહેશે અને ૧૪ કારીગરોની જગ્યા કાયમી ધોરણે કમી કરશે. આથી નીચે મુજબનું સંખ્યાબળ રહેશે.

હોદ્દા	દીવસપાળી	કુલ
મશીનમેન	૦૨	૦૨
ઓવર	૦૧	૦૧
રીપોર્ટવાળા	૦૧	૦૧
ક્લોથ ફોલ્ડર	૨૮	૨૮
	૩૨	૩૨

૩. મીલ કંપની આ સમાધાન થયેથી ૧૪ કારીગરોના સ્વૈચ્છિક રાજીનામા યુનિયન મારફતે આવ્યેથી સ્વીકારશે, જો રાજીનામા નહી આવે તો સિનીયોરીટીથી જુનિયર કારીગરોને કંપની અન્ય ખાતામાં વૈકલ્પિક કામ આપશે, જે કામ તેઓએ કરવાનું રહેશે, અગર તો અન્ય ખાતામાંથી રાજીનામા લઈ તે જગાએ કાયમી ટ્રાન્સફર કરશે. જ્યાં તેમણે જવાનું રહેશે. જો તેઓ વૈકલ્પિક કામ નહી કરે તો તેમની તે દીવસની ગેરહાજરી પુરવામાં આવશે અને તે દીવસનો કોઈ પગાર મળશે નહિ, પરંતુ જો મીલ કંપની કામ નહીં આપી શકે તો તે દીવસનો પગાર ભરી આપશે, વળી આમ થવાથી ટ્રાન્સફર થનાર કારીગરોને કે વૈકલ્પિક કામ સ્વીકારનારને તેમને હાલમાં મળતા પગાર સહીતના તમામ હકકો ચાલુ રહેશે જ્યારે સિનિયોરીટીથી ૩૩ થી ૩૬ નંબર સુધીના કારીગરો બદલી તરીકે ખાતામાં

જ કામ કરશે, અને જે દિવસે કામ નહીં મળે તે દીવસોનો લે-ઓફ જૂના પગારના (૭૦૦ મીટરના) ધોરણે આપશે (નંબર ૩૩ થી ૩૬ સુધી) પરંતુ જો ભવીષ્યમાં આ જ ખાતામાં કોઈ રાજીનામાથી અગર નિવૃત્તીવય હેઠળ અગર અન્ય કોઈ કારણસર કાયમી જગ્યા ખાલી થશે તો ટ્રાન્સફર થયેલ અગર વૈકલ્પીક કામ સ્વીકારેલ કારીગરો પૈકી સીનીયર મોસ્ટને જો ખાતામાં આવવું હશે તો પરત લેવામાં આવશે. અને જો ન આવવા માંગે તો તે અંગે તેણે લેખીત કંપનીને આપવાનું રહેશે,

૪. મીલ્સ કંપનો આ સમાધાનથી રાજીનામું આપી છૂટા થનાર કારીગરોને આઈ. ડી. એક્ટ હેઠળ ઘરખાડા સહીત બેકારી વળતર, પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી એક્ટ હેઠળ ગ્રેજ્યુઈટી તથા વધુ ભોગવેલ રજાના નાણાં ચુકવી આપશે. જ્યારે આઈ. ડી. એક્ટની કલમ ૨ (૦૦) હેઠળ પ્રોવીડન્ડ ફંડની રકમ જલદીથી મળે તે માટેની વ્યવસ્થા કરશે, જ્યારે જે તે વર્ષનું બાકી બોનસ અન્ય કારીગરોને આપશે ત્યારે તેઓને આપવામાં આવશે.

૫. બ્લીચ ફોલ્ડીંગના વધેલા કારીગરોના રાજીનામાના અભાવે તેઓને અન્ય ખાતામાં ટ્રાન્સફર કરશે તેઓને જરૂર હશે તો એક માસની ટ્રેનિંગ આપવામાં આવશે કે વધુમાં વધુ બે માસ સુધીની રહેશે ને ત્યાર બાદ તેઓને સાદર જગાએ જ કામ કરવાનું રહેશે.

૬. આ સમાધાનના અમલ કે અર્થઘટનમાં જો કોઈ મતભેદ પડશે તેનો નિકાલ બન્ને પક્ષકારો ભેગા મળીને કરશે.

૭. આ સમાધાનનો અમલ તા. ૧-૧૨-૯૦થી કરવામાં આવશે.

૮. આ સમાધાનની મુદત બંને પક્ષકારોની સંમતીથી બંધાવવામાં આવે છે,

સહી- અવાચ્ય.
ફેક્ટરી મેનેજર
અસારવા મીલ્સ,
અમદાવાદ.

અમદાવાદ તા. ૧૪-૧૨-૧૯૯૦

સહી- અવાચ્ય
મંત્રી વતી
ધી ટેક્ષટાઈલ લેબર એસોશીએશન
અમદાવાદ

બી. બી. ઠાકર
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનિયમ-૧૯૪૬
અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનિયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૧-૨-૯૨

—•—○—

સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના-ક્રમાંક-બ/રામક-નં. ૨૭૩૫૦ આર/યુ-સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનિયમની કલમ ૫૮-૧ અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ ગુજરાત-નિયમોના નિયમ ૬૫થી અને આપવામાં આવેલી સત્તાની રૂએ અમારવા માટે હું, અમદાવાદ અને ટેક્ષટાઈલ લેબર એસોશીએશન અમદાવાદ સમાધાન અધીકારી, બી. બી. ઠાકરની હસ્તિમાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૨ના જાન્યુઆરી માસના ૨૭મા દીને વાજબી નોંધ કરું છું.

સમાધાનકાર બી. બી. ઠાકર સમક્ષ

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનિયમ-૧૯૪૬

સમાધાનનું ખતપત્ર

કેસ નં. આર. સી. ૩૪૫-૯૧

INDEX

પક્ષકારોના નામ

સાગરમલ આર. શર્મા, મેનેજર, અસારવા મીલ લી. અમદાવાદ.	માલિકોના પ્રતીનિધી
વિક્રમભાઈ શાહ સેક્રેટરી વતી, ટેક્સટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ.	કામદારોના પ્રતીનિધી

કેસની ટુંકી વિગત

તા. ૩૦–૮–૬૦ ના રોજ ઉપરોક્ત સંસ્થાના વ્યવસ્થાપકોએ નમુના 'ઝ'માં ગુજરાત કાપડ ઉદ્યોગ માટે અમદાવાદ શહેરના સ્થાનીક વિસ્તારમાં પ્રતીનિધીત્વ અને માન્યતા ધરાવતા ઉપરોક્ત મંડળને મીલ કું. તેના રીંગફ્રેમના નવા વિભાગમાં કેટલીક મશીનરી ગોઠવી નવું ખાતું ચલાવી સંખ્યાબળ નક્કી કરવા તેમજ તેને લગતા આનુષાંગીક ફેરફાર કરવા માગે છે તે અંગેની માગણી રજૂ કરવા ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહીં થઈ શકવાથી સદરહુ સંસ્થાએ તા. ૧૩–૯–૬૦ ના રોજ સમાધાનકારને નમુના 'એન'માં અહેવાલ મોકલી આપ્યો હતો. જે તા. ૯–૧૦–૬૦ના રોજ સમાધાનકારને મળ્યો હતો અને તા. ૧૬–૧૦–૬૦ ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી જે વખતોવખત બંને પક્ષકારોની સંમતીથી મુલતવી રાખવામાં આવી હતી તે તા. ૧–૧૨–૬૦ સુધી ચાલી હતી. જેમાંની છેલ્લી જણાવેલી તારીખે બંને પક્ષો વચ્ચે મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમ ૧૯૪૬ની કલમ ૫૮–૧ મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

સમાધાનની શરતો

૧ મીલ કું. માં હાલમાં રીંગફ્રેમ ખાતામાં ૧૫ મશીન ચાલુ કરવાના છે. જેના પર પાળી દીઠ નીચે દર્શાવેલ સંખ્યામાં કાયમી કામદારો રાખશે.

INDEX

હોદ્દો	૧લી	૨જી	૩જી	કુલ
એ સાઈડ પીસર	૨	૨	૨	૬
બી સાઈડ પીસર	૨	૨	૨	૬
ચાર સાઈડ પીસર	૧	૧	૧	૩
ડોફર	૫	૫	૫	૧૫
ડોફર–કમ–જોબર	૧	૧	૧	૩
ટોપલાવાળા	૧	૦	૦	૧
રીલીવર	૧	૧	૧	૩
કલીનર	૪	–	–	૪
ઓઈલર	૧	–	–	૧
બોબીન પીસર	૨	૨	૨	૬
રીવાઈન્ડર	૨	૨	૨	૬
ફીલબોય	૧	૧	૧	૩
કુલ	૨૪	૨૮	૧૮	૬૨

૨. મીલ કંપની આ સમાધાન થયેથી ૨૦ ટકા રીલીવર ડોફરની જણત્રી મુજબ થતા ડોફરોની સંખ્યા રાખશે. જેઓ ડોફ કાઢવાનું (ભરેલા બોબીન કાઢવા– બોબીન ત્રાક પર બેસાડવા અને તેને બરાબર ફીટ થાય તેમ બાવવા. સાંચા ચાલુ થતાં તાર લગાડવાનું ભરેલા બોબીનો સાંચાના મોરાં પાસે ટોપલામાં મુકવાનું તથ સાંચાની સફાઈમાં બદલીયામાં એક વખત સાંચાવાળાને મદદ કરવાનું અને સાંચામાં ચાલતા સુતરની કાઉન્ટ, રીંગ તેમજ રીંગ ટ્રાવેલર બદલવાનું અને ભરાયેલા બોબીન વીણી નિરધારીત સ્થળે મુકવાના રહેશે ડોફરોને માસીક રૂા. ૨૯૯–૬૬ ન. પૈ. આપવામાં આવશે.

૩. હાલમાં પહેલી પાળીમાં એક ટોપલાવાળો રહેશે. જ્યારે બીજી–ત્રીજી પાળીમાં પ્રાયોગિક ધોરણે ફીલબોય ટોપલાવાળાની તમામ કામગીરી બજાવશે જે ૭ માસ સુધી રહેશે ને ત્યાર બાદ જો જરૂર જણાશે તો બન્ને પાળીમાં એક ટોપલાવાળો આપવામાં આવશે આ ૭ માસ સુધી ફીલબોયને વધેલ

સમજોજનું એલાવન્સ રૂા. . . . . . . આપવામાં આવશે. ને જો ટોપલાવાળો આપવામાં આવશે તો એલાવન્સ બંધ થશે અને તેમણે જ્યારે ટોપલાવાળાએ ખાલી ટોપલા ને તે ખાતામાંથી લાવવાનો તેમજ ભરેલા ટોપલા નિયત કરેલી જગાએ મુકવાનું કામ કરવાનું રહેશે. તેમજ ખાલી બોબીન લાવવાના અને મુકવાના રહેશે. તેઓને એવોર્ડ મુજબનો પગાર આપવામાં આવશે.

૪. મીલ્સ કંપનીના રીંગફ્રેમના મશીનો ઉપર ઈન્ટરના બોબીન મુકવાનું કામ જીવબોય કરશે જ્યારે રીલીવરો પીસરને છોડવાનું કામ કરશે અને જીવબોય રીંગ ટ્રાવેલર બદલવામાં મદદ કરશે.

૫. મીલ્સ કંપની ના સમાધાનથી રીંગફ્રેમ ખાતામાં ૬ મશીનના ૨ પીસર પાળી દીઠ રાખી ત્રણ ત્રણ મશીનના ધોરણે ચલાવશે અને ક્લમ નંબર ૨માં જણાવેલ ડોફરો માત્ર એક મશીનથી બીજા મશીન પર લઈ જવામાં મદદ કરશે. પાળી દીઠ એક અકુશળો રાખવામાં આવશે. જેણે સમગ્ર નવા ખાતાની સફાઈ (વાઈન્ડીંગ રીંગફ્રેમ અને કમ્બીન સુધીની) કરવાની રહેશે. તે જ પ્રમાણે ફીટર ફક્ત પહેલી પાળીમાં જ રહેશે. જે સમગ્ર નવા ખાતાના મશીનોનું કામ કરશે તેવી જ રીતે ક્લીનર પણ પહેલી પાળીમાં જ રહેશે. જેમણે ખાતાના તમામ મશીનોનું (રોજના ત્રણ લેખે) ક્લીનીંગ અને ઓઈલીંગ કરવાનું રહેશે. તેમજ ક્લીનીંગ થયેલ મશીનના રીંગ ટ્રાવેલર પણ બદલશે ને મશીન ચાલુ કરશે.

૬. મીલ્સ કંપની ૪૦ થી ઉપરના કાઉન્ટમાં સાત સાઈડ ચલાવશે અને એવોર્ડ મુજબનો પગાર સાત સાઈડ ચલાવનારને આપશે. તથા બધા મશીનના ઓપરેટરોએ પોતાના મશીન સાફ રાખવાના રહેશે.

૬(એ) આ સમાધાન થયેથી દરેક કામદારોને રોકડા ભાવના ૫.૦ આપી દેવામાં આવશે.

૬(બી) હાલમાં જે ડોફર જોબરની ફરજ બજાવે છે તે ડોફર તેમની તે જ ગ્રેડ પ્રમાણે હવે પછી ફરજ બજાવવાની ચાલુ રાખશે જેના મહેનતાણા રૂા. ૪૨

(૨૬ દીવસના) ડોફરના મીનીમમ પગાર ઉપરાંત આપશે. જેના પર મોંઘવારી ભથ્થું તથા અન્ય તમામ લાભો કંપની ચુકવશે અને બદલીવાળાને પણ આવી રીતે કાયમી કારીગરની ગેરહાજરીમાં કામ કર્યેથી તે દીવસો પુરતો લાભ આપવામાં આવશે.

૭. આ સમાધાનના અમલ કે અર્થઘટનમાં જો કોઈ મતભેદ પડશે તો તેનો નિકાલ બંને પક્ષકારો ભેગા મળીને કરશે.

૮. આ સમાધાનનો અમલ તા. ૧-૯-૯૦ થી કરવામાં આવશે.

૯. આ સમાધાનની મુદત બંને પક્ષકારોની સંમતીથી બંધાયેલ છે.

સહી- અવાચ્ય
જયંરવા મિલ લિ.
અમદાવાદ

અમદાવાદ તા. ૨-૧૨-૯૦

સેક્રેટરી વતી,
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ

બી. બી. ઠાકર
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમ-૧૯૪૬
અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૨૨-૧-૯૧

INDEX

સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના

સહાયક શ્રમ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શમક/૨૭૩૫૧ આર.યુ. સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮(૨) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું શ્રી અર્બુદા મીલ્સ લી. અમદાવાદ અને ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ સમાધાન અધીકારી શ્રી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની સન ૧૯૯૧ના જાન્યુઆરી માસના ૧૧મા દીને આથી નોંધ કરું છું.

સમાધાનકાર શ્રી બી. બી. ઠાકર સમક્ષ

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનીયમ ૧૯૪૬

સમાધાનનું ખતપત્ર

કેસ નંબર બી આર. સી. ૩૪-૯૦

૧. એસ. જી. દેસાઈ — માલીકના પ્રતીનીધી
ફેક્ટરી મેનેજર
શ્રી અર્બુદા મીલ્સ લી
અમદાવાદ-૨૨

૨. મંત્રીશ્રી — કામદારોના પ્રતીનીધી
શ્રી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ

કેસની ટુંકી વીગત

તા. ૫-૯-૧૯૯૦ના રોજ ઉપરોક્ત સંસ્થાના વ્યવસ્થાપકોએ નમુના "ક"માં સુતરાઉ કાપડ ઉદ્યોગ માટે અમદાવાદ શહેરના સ્થાનીક વિસ્તારમાં પ્રતીનીધીત્વ અને માન્યતા ધરાવતા ઉપરોક્ત મંડળને તેના નવા અને મેઈન યુનીટના સ્પીનીંગ અને વીવીંગ તેમજ એન્જી. ખાતાના તમામ વીભાગોમાં સાત

INDEX

ડીવસના વર્કીંગ માટે કામદારોને અપાતો ૫ ટકાનો પગાર વધારો સ્થગીત કરી મોકુફ મુલતવી રાખવા માટેની માગણી રજુ કરતી ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતે પક્ષકારો વચ્ચે કરાર નહીં થઈ શકવાથી સદરહુ સંસ્થાએ તારીખ ૧૪–૯–૧૯૯૦ના રોજ સમાધાનકારને નમુના "એન"માં મોકલી આપ્યો હતો. જે તારીખ ૧૭–૯–૯૦ના રોજ મળ્યો હતો. અને તારીખ ૨૪–૯–૯૦ના રોજ પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહુ બાબતે પક્ષકારોની સંમતીથી સમાધાનની કાર્યવાહી વખતો વખત મુલતવી રાખવામાં આવી હતી. જે તારીખ ૩–૧૦–૧૯૯૦થી તા. ૨૬–૧૨–૯૦ સુધી ચાલી હતી જેમાંની છેલ્લી તારીખે બન્ને પક્ષકારો વચ્ચે મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનીયમ ૧૯૪૬ની કલમ ૫૮–૧ મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

અમદાવાદ તા. ૨૬–૧૨–૯૦

સહી અવાચ્ય
ફેક્ટરી મેનેજર
શ્રી અમ્બીકા મીલ્સ લી.
અમદાવાદ

સહી અવાચ્ય
મંત્રી
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ

બી. બી. ઠાકર
સમાધાનકાર
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ ૧૯૪૬
અમદાવાદ

અમદાવાદ તા. ૧૧–૧–૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધીનિયમ
અમદાવાદ

INDEX

અર્બુદા મીલ્સ લિ. કાપડ ઉદ્યોગમાં ઘણા સમયથી ચાલતી મંદીના વમળમાં ફસાવાને કારણે ઘણું જ મોટું આર્થીક નુકશાન કરેલ અને આ નુકશાનને સરભર કરવા મિલ કું. એ સ્કીમ કરી આઈડીબીઆઈની મંજુરીથી કારદારને સોંપી કરી મિલને ફરીથી કમાતી કરવા પ્રયત્ન કરેલ પરંતુ કાપડ બજારની પરીસ્થીતી વધુને વધુ વીષમ થતી અને મિલ કું. લાંબા નુકશાનમાં ઉતરી અને આ રીતે લાંબા સમય સુધી ખોટ કરે તો મિલ ચાલી ન શકે તેવી પરીસ્થીતી ઉપસ્થીત થઈ જેને કારણે મિલ કું. બીઆઈએફઆર માંદાક યુનીટ તરીકે રજીસ્ટર્ડ થઈ રીહાબીલીટેશન પ્રોગ્રામ બનાવવા આઈડીબીઆઈની ઓપરેટીવ એજન્સી તરીકે બીઆઈએફઆર મારફતે નિમણુંક કરી રીહાબીલીટેશન પ્રોગ્રામ બનાવેલ છે જેનો અંદાજી ખરચ રૂપીયા આરસો ચોર્યાસી લાખનો થશે જેમાં મિલના પ્રમોટર્સ મધ્યસ્થ સરકાર ગુજરાત રાજ્ય સરકાર વીવીધ નાણાંકીય સંસ્થાઓ, બેંકો, લેણદાર વેપારી વીગેરેએ આ પ્રોગ્રામને સફળ બનાવવા પોતપોતાને ફાળે આવતી જવાબદારીઓ સ્વીકારવાનું અને તેમ કરતાં જે કંઈ ભાગે મદદ થાય તે કરવાનું અને તે સ્વીકારી સૈદ્ધાંતિક રીતે મંજુરી આપેલ છે, સદરહુ પ્રોગ્રામને સફળ બનાવવા અને બીઆઈએફઆરની મંજુરી મેળવવા માટે કામદારોને પણ અઠવાડીયાના સાતેય દીવસ વારાફરતી કોઈ પણ જાતના વધારાના લાભ, પગાર સિવાય કામગીરી બજાવવાનું સુચન બીઆઈએફઆરને કરેલ અને આ કામદારોના સહકારની અપેક્ષાએ મીલ કું. ની રીહાબીલીટેશન પ્રોગ્રામને મંજુરી મળવાની અપેક્ષા છે. અને જો સદરહુ સ્કીમની મંજુરી ન મળે તો મીલ કું. તરફથી તેમજ અન્ય સંસ્થાઓના સહકારથી મિલને ફરીથી સારી રીતે નફો કરતી કરવામાં આવેલ પ્રયત્નો નિષ્ફળ જવાનો પુરેપુરો સંભવ છે.

આ સંજોગોમાં અર્બુદા મીલ કું. એ મોરેડ તારીખ ૫–૯–૧૯૯૦ ના રોજ અમદાવાદમાં કાપડ સુતર ઉદ્યોગમાં પ્રતીનિધીત્વ ધરાવતા યુનિયન ટેક્ષટાઈલ લેબર એસોસીએશનને નોટીસ ઓફ ચેઈન્જ આપેલ તેના અનુસંધાનમાં પક્ષકારો વચ્ચે વાટાઘાટોને અંતે નીચેની શરતોએ સમાધાન કરવામાં આવે છે.

સમાધાનની શરતો

૧ હાલમાં મિલ કું. ના નીચે જણાવેલ ખાતાઓના તમામ વીભાગોમાં કામદારો વારાફરતી તેમની અઠવાડીક રજા ભોગવી અઠવાડીયાના સાતેય દીવસ સતત ઉત્પાદનની પ્રક્રીયા ચલાવે છે.

ચાલેલ ટીવલ જવતા ખાતાઓના નામ–

સ્પીનીંગ ન્યુ યુનીટ બ્લો રુમથી રીંગ ફ્રેમ સુધી સ્પીનીંગ મેઈન યુનીટ બ્લોરુમથી રીંગ ફ્રેમ સુધી. વીવીંગ તમામ પેટા વીભાગો સીવાય કે સીગ્રો ચાલના ૩૬૦ સાંચાઓ.

ગ્રો. ફો. ન્યુ યુનીટ તથા મેઈન યુનીટ (સીગ્રેકો) ૩૬૦ સાંચાની કામગીરી સીવાય.

એન્જીનીયરીંગ ખાતાના ખાતાને લગતા કામદારો

ઉપરોક્ત ખાતામાં કામ કરતા કામદારો, કારકુનો, ટેકનીશીયનો તેમજ આ ખાતાની કામગીરીને લગતી કામગીરી કરતા અન્ય કારકુનભાઈઓને મીલ કું તેમના માસીક પગાર મોંઘવારી તથા એડહોકની કુલ કમાણી ઉપર ૪ ટકાનો પગાર વધારો આ અગાઉ ખાતાવાર થયેલ કરારો મુજબ ચુકવવામાં આવે છે. જ્યારે એન્જીન ખાતાના કેટલાક કામદારોને સમજુતી મુજબ એલાવન્સ આપવામાં આવે છે.

૨. મીલ કું. બી. આઈ. એફ. આરમાં સીક યુનીટ તરીકે રજીસ્ટર્ડ થયેલી છે અને બી. આઈ. એફ. આર. તરફથી કંપનીના રીહેબીલીટેશનના પ્રોગ્રામ માટે આઈ. ડી. બી. આઈને ઓપરેટીંગ એજન્સી તરીકે નીમણુંક કરેલ છે. રીહેબીલીટેશનના પ્રોગ્રામના સંપુર્ણ અમલીકરણ માટે આશરે રૂપીયા ૪૮૪ લાખનો અંદાજે ખર્ચ થશે જે માટેના નાણાંની વ્યવસ્થા માટે મીલ કું.ના પ્રમોટર્સ, મધ્યસ્થ સરકાર, ગુજરાત રાજ્ય સરકાર, લેણદાર, વેપારીઓ જુદી જુદી નાણાંકીય સંસ્થાઓ બેંકો વીગેરેએ ફાળવવાના નાણાં અંગે બી. આઈ. એફ. આર સ્કીમ મુજબ સહકાર આપવાના તેમજ સવલત આપવાની સૈદ્ધાંતીક મંજૂરી આપેલ છે. જો સદરહુ સ્કીમ માટે ફાળવવા ધારેલ નાણાં ન મળે તો કંપનીએ પોતાના તેમજ અન્ય સંસ્થાઓ પાસેથી મેળવેલા નાણાંનું કરેલ રોકાણનું ધારેલું હકારાત્મક પરીણામ ન મળે તેની પુરેપુરી શક્યતા છે અને તે સંજોગોમાં મીલ કુંની હાલની પુરેપુરી ઉત્પાદન ક્ષમતા જળવાઈ ન રહેતા ઘોરવાઈ જાય તેવો સંભવ રહેલ છે. બી. આઈ.

INDEX

એફ. આર. મીલ કું. એ રજુ કરેલ રીહેબીલીટેશન સ્કીમ મંજુર કરે તે માટે પુરેપુરી આશા રાખવામાં આવે છે.

૩. ઉપરોક્ત કલમ નંબર (૨)માં જણાવેલ સંજોગોમાં બી. આઈ. એફ. આર ની સુચના મુજબ અઠવાડીયાના સાતેય દીવસની કામગીરી ચલાવવા માટે હાલમાં કામદારો અને અન્યને અપાતા કમાણીના ૪ ટકા અને તેના લગતા અન્ય લાભો હાલમાં સ્થગીત કરી આપવાનું મોકુફ/મુલતવી રાખશે પરંતુ મીલ કું બોર્ડની બી. આઈ એફ. આર, મંજુરીને આધીન આ કરારના બન્ને પક્ષકારો આ મોકુફ રાખેલ ચુકવણી કઈ રીતે કરવી તે મળી સમજી નકકી કરશે. પરંતુ સદરહુ ખાતાઓ પૈકી જે ,ખાતાઓમાં રીસેસનું જે કંઈ એલાઉન્સ કરાર/સમજુતી કે એવોર્ડ મુજબ આપવામાં આવે છે તે એલાઉન્સ આપવાનું મીલ કું. ચાલુ રાખશે.

૪. હાલમાં જે ખાતાઓ સાતેય દીવસ ચાલે છે તે ઉપરાંત આ સ્કીમને સફળતાથી ચલાવવા અને સરળ બનાવવા જરૂર જણાશે બીજા ખાતાઓ પણ મીલ કું ની ટેક્ષટાઈલ લેબર એસોસીએશનની મંજૂરીથી આ સમાધાનની શરતોને આધીન ચલાવી શકાશે.

૫. અઠવાડીયાના સાતેય દિવસ વર્કીંગના અમલને કારણે મીલ કું સામાન્યત બધા જ દીવસોએ કામ કરશે પરંતુ નીચે જણાવેલ ધાર્મીક તેમજ રાષ્ટ્રીય તહેવારોની રજા મીલ કું. પાળશે.

નીચે જણાવેલ ધાર્મીક રજાઓ મીલ કું. ફેક્ટરીના કાયદાને અનુલક્ષીને સ્ટેચ્યુટરી રજાઓને સાથે ફેરબદલી કરી રજાઓ પાડશે. પરંતુ તે રજાઓનો પગાર મીલ કંપની ભરી આપશે નહીં.

૧. મકર સંક્રાંતી
૨. મહાશીવરાત્રી
૩. રામનવમી
૪. ધુળેટી
૫, બળેવ
૬. નોમ પારણું

૭. દીવાળી

૮. મજૂર દીન

નીચે જણાવેલ ૭ રજાઓ: પૈકી ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગષ્ટ રાષ્ટ્રીય તહેવારોની રજા મીલ કંપની જે તે હકકદાર કામદારોને ભરી આપશે જ્યારે બાકીની ચાર રજાઓ અંગેના થયેલ એવોર્ડ કે કરારની શરતોએ ભરી આપશે.

૧. રમઝાન ઈદ

૨. જન્માષ્ટમી

૩. ગાંધી જયંતી ૨જી ઓકટોબર

૪. બેસતું વર્ષ

૬. આ સમાધાનથી જુદા જુદા ખાતાઓના અઠવાડીયાના સાતેય દીવસોના જે કોઈ કરાર થયેલ છે તે કરારોમાં આ કરાર/સમજૂતીને અનુલક્ષીને જે તે સુધારો થયેલો ગણાશે.

૭. આ સમાધાનના અમલ કે અર્થઘટન અંગે જો કોઈ મતભેદ ઉભો થશે તો ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશનના મંત્રી તથા મીલ કંપનીના મેનેજર સાથે બેસી મળી સમજી નિર્ણય કરશે જે બંને પક્ષોને બંધનકર્તા અને આખરી ગણાશે.

૮. આ સમાધાનનો અમલ બીઆઈએફઆર સ્કીમની મંજુરી મળેથી કરવામાં આવશે.

૯. આ સમાધાનની મુદતમાં બંને પક્ષકારની સંમતીથી વધારો કરેલ છે.

સહી- અવાચ્ય
મેનેજર
ધી અર્બુદા મિલ્સ લિ.

અમદાવાદ તા. ૨૬-૧૨-૯૦

સહી- અવાચ્ય
મંત્રીશ્રી,
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન

INDEX

બી. બી. ઠાકર
સમાધાનકાર
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬
અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૩૧-૧-૯૦

સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના અધિસુચના ક્રમાંક બ/શ્રમક/૨૭૩૫૨/આર.યુ. સન ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮(૧) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ(ગુજરાત) નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું સારંગપુર કોટન મેન્યુ. કું. લી. નં. ૨ અમદાવાદ અને ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ સમાધાન અધિકારીશ્રી બી. બી. ઠાકર ની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૧ના જાન્યુઆરી માસના ૧૧મા દિને આથી નોંધ કરું છું.

સમાધાનકાર બી. બી. ઠાકર સમક્ષ

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬

સમાધાનનું ખતપત્રક

બી. આર. સી. કેસ નં. ૩૩૮/૯૦

(૧) મેનેજરશ્રી સારંગપુર કોટન મેન્યુ કું. માલીકોના પ્રતિનિધી

જી.એલ.ટીસી.લી., અમરાઈવાડી રોડ,
અમદાવાદ.

(૨) મંત્રી, ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ. — કામદારોના પ્રતિનિધી

કેસની ટુંકી વિગત

કાપડ સુતર ઉદ્યોગનું પ્રતિનિધીત્વ ધરાવતા યુનીયન ટેક્ષટાઈલ લેબર એસોસીએશને તારીખ ૬–૯–૯૦ના રોજ ઓટોશાલ ખાતામાં કામ કરતા તે ખાતાના કામદારોને રીલે રીસેષ એલાઉન્સ રુા. ૧–૫૦ પૈસા આપવા માટે ઉપરોક્ત મીલ કંપનીને નોટીસ આપી હતી. પરંતુ સદરહુ બાબતે પક્ષકારો વચ્ચે કરાર નહી થઈ શકવાથી સદરહુ મંડળે તા. ૧૯–૯–૯૦ ના રોજ સમાધાન કાર અમદાવાદને નમુના 'એન'માં અહેવાલ મોકલી આપ્યો હતો જે તા. ૪–૧૦–૯૦ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી તા. ૧૨–૧૦–૯૦ થી તા. ૩૦–૧૧–૯૦ સુધી વખતો વખત બંને પક્ષકારોની સંમતિથી મુલતવી રાખવામાં આવી હતી. અને છેલ્લે તા. ૩૦–૧૧–૯૦ ના રોજ બંને પક્ષો વચ્ચે મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ ૧૯૪૬ ની કલમ ૫૮(૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

સમાધાનની શરતો

૧. મીલના ઓટોશાલ ખાતામાં ત્રણેય પાળીના કામદારોને જેઓ રીલે ચલાવતા હતા તેમને હાલમાં દૈનિક રુા ૦૦–૭૦ પૈસાનું રીલેરીસેસ એલાઉન્સ આપવામાં આવે છે, પરંતુ હવેથી મીલ કંપની તા. ૧–૧૦–૯૦થી અમલથી જે કામદારો રીસેસ ચલાવતા હશે તેમને રુા. ૦૦–૯૦ પૈસા રીલે રીસેસ એલાઉન્સ આપશે.

૨. આ રીલે રીસેસ એલાઉન્સ ખરેખર કામના દીવસો પુરતું જ આપવામાં આવશે અને મીલના રજાના દીવસો કે કામદાર કોઈપણ પ્રકારની રજા પર હશે તો તે રજાના દીવસોનું એલાઉન્સ મેળવવા હક્કદાર નથી.

INDEX

૩. મોટા ચાળ ખાતાના કામદારો હાલમાં જે કામગીરી બજાવે છે, તે ચાલુ રાખશે.

૪. આ કલમના અર્થઘટન અંગે કોઈ વીવાદ ઉભો થશે તો બંને પક્ષો સાથે બેસી ચર્ચા કરી તેનો નીકાલ લાવશે.

૪એ. જેમને ૦-૭૦ પૈસા મળતા હતા તેમને ૦-૯૦ પૈસા મળશે. મોટા ચાળમાં આ સમજુતીની મુદત બન્ને પક્ષોની સંમતીથી વધારવામાં આવી છે.

સહી- અવાચ્ય
મેનેજર
સારંગપુર કોટન મેન્યુ. કું.
જી. એસ. ટી. સી. લી.
અમરાઈ વાડી રોડ,
અમદાવાદ.

અમદાવાદ તા. ૩૭-૧૧-૯૦

સહી- અવાચ્ય
મંત્રી શ્રી,
C/o. ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
ભદ્ર, અમદાવાદ.

બી બી. ઠાકર
સમાધાનકાર
મુંબઈ ઔદ્યોગીક સંબધક અધિનીયમ ૧૯૪૬
અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અનિનીયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૧-૧-૯૧

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ અન્વયે

નિમાયેલ સહાયક સંઘ નિબંધક દ્વારા

સુતરાઉ કાપડ ઉદ્યોગમાંના ઉપક્રમોની માન્યતા નામમાં ફેરફાર કરવા અંગે

અધીસુચના ક્રમાંક–ખસમક–૨૭૬૭૨–આરઈજી/બીઆઈઆર–૧૯૯૧ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ, અને તા. ૧૮–૯–૯૦ની અધીસુચના ક્રમાંક–ખ/સમક/૨૭૧૦૯/આરઈજી/બીઆઈઆર/૧૯૯૦ના અનુસંધાનમાં સુતરાઉ કાપડ ઉદ્યોગમાં નીચે દર્શાવેલ તા. ૧૮–૨–૪૮ ની અધીસુચના ક્રમાંક–૭/૪૮ માં હું આથી ફેરફાર કરું છું.

નં. ૨૪૨. સુરત કોટન સ્પી. એન્ડ વી મીલ પ્રા. લી. સુરતને બદલે નં. ૨૪૩. સ્ટાન્ડર્ડ ઈન્ડસ્ટ્રીઝ લી. સુરત વાંચવું.

અમદાવાદ તા. ૧૧–૧–૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ
અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના ક્રમાંક–૬/ખ/સમક– ૨૭૩૫૪/ આરયુ સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમની કલમ–૭૪(૨) સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમ (ગુજરાત) નીયમોના નીયમ–૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ હું કીર્તિ વીવીંગ ફેક્ટરી, અમદાવાદ અને ઉમેશ રાજારામ, રમેશ અમૃતલાલ, શાંતાબેન લક્ષ્મણરાવ અમદાવાદ વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ની જાન્યુઆરી માસના ૧૧મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગીક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન. એ. ચોહાણ, સમક્ષ રૂબરૂ

રીવ્યુ અરજી (આઈસી) નં. ૪/૯૦

કીર્તી વીવીંગ ફેક્ટરી, અમદાવાદ. અરજદાર

વિરુદ્ધ

ઉમેશ રાજારામ સામાવાળા
C/o, બી. બી. ઠાકર, અમદાવાદ

રીવ્યુ અરજી (આઈસી) નં. ૫–૯૦

કીર્તી વીવીંગ ફેક્ટરી, અમદાવાદ અરજદાર

વિરુદ્ધ

રમેશ મફતલાલ સામાવાળા
C/o. બી. બી. ઠાકર, અમદાવાદ

રીવ્યુ અરજી (આઈસી) નં. ૬–૯૦

કીર્તી વીવીંગ ફેક્ટરી, અમદાવાદ. અરજદાર

વિરુદ્ધ

શાંતાબેન લક્ષ્મણરાવ સામાવાળા
C/o. બી. બી. ઠાકર, અમદાવાદ

બી.આઈ.આર. એક્ટની કલમ ૯૫ મુજબની અરજીઓ અંગે.

અરજદાર તરફે વકીલ શ્રી. જયંત પટેલ.

સામાવાળાઓ તરફે વકીલ કે. બી. મહીમા

INDEX

ચુકાદો

૧ હાલની ૩ ફેર વીચારણા અરજીઓ મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમ ૧૯૪૬ અને હવે પછીથી ૧૯૪૬ના અધીનિયમ તરીકે સ્વીકારવામાં આવશે તેની કલમ ૯૫ મુજબ આ અદાલતે વીવાદ (આઇસી) નં. ૫૮–૮૯, ૫૭–૮૯ અને ૫૬–૮૯ના કામે તા. ૭-૩-૯૦ના રોજ આપેલા ચુકાદા વિરુદ્ધ કરવામાં આવેલી છે. સદરહુ વીવાદો અમદાવાદને પાંચમી મજૂર અદાલતના ન્યાયાધીશ પી. આર. દેસાઇએ તેમના સમક્ષની ટી અરજીઓ નં. ૫૯૨ અને ૫૯૦–૮૪ના કામે તા. ૩૧–૫–૮૯ ના રોજ આપેલા ચુકાદા વીરુદ્ધ કરવામાં આવેલા હતા.

૨. કામની હકીકત એ મુજબની છે કે, આ પ્રકરણના ૩ સામાવાળા કામદારોએ મજુર અદાલતમાં ૧૯૪૬ના અધીનિયમની કલમ ૭૮ મુજબ આ કામના અરજદાર માલીક વિરુદ્ધ અરજી કરી દાદ માંગેલ હતી કે, તેઓને તા. ૨૨–૫–૮૪ના રોજ મૌખીક હુકમથી કામ પરથી છુટા કરવામાં આવેલા છે. મજૂર અદાલત સમક્ષ માલીક તરફથી લેખીત જવાબમાં એવી રજુઆત કરવામાં આવેલ હતી કે તેમની સંસ્થાને ૧૯૪૬ નો અધીનિયમ લાગુ પડતો નથી. અને સદરહુ કામદારો તેમના એકમમાં કામ કરતા હતા જ નહીં. માલીક તરફથી સુનાવણી વખતે એવી પણ એક તકરાર લેવામાં આવી હતી કે, ૧૯૪૬ ના અધીનિયમની કલમ ૪૨(૪) મુજબનો વિનંતીપત્ર પણ આપવામાં આવેલ નથી માટે અરજદારો કોઈ દાદ મેળવવા માટે હકદાર નથી.

૩. મજુર અદાલતે ૩ અરજદારો માલીકના એકમમાં કામ કરે છે તેવું પ્રસ્થાપીત થયેલ નથી તેવા નિર્ણય પર આવેલ હતો તેમજ મજુર અદાલત એવા નિર્ણય પર આવેલ હતી કે, સદરહુ એકમમાં ઘણા ઓછા કામદારો કામ કરે છે અને તે સંસ્થા મુંબઈના દુકાન ધારા નીચે નોંધાયેલ હોવાથી તેને ૧૯૪૬ નો અધીનિયમ લાગુ પડે નહીં માટે અરજદાર કામદારો ૧૯૪૬ના અધીનીયમની કલમ ૭૮ મુજબ દાદ મેળવવા માટે હકદાર નથી. સદરહુ ચુકાદા વિરુદ્ધ આ અદાલતમાં વીવાદ દાખલ કરવામાં આવેલા હતા અને આ અદાલતે તારીખ ૭–૩–૯૦ ના રોજના સંયુક્ત ચુકાદાથી એવો નિર્ણય આપેલ હતો કે સંબંધીત કામદારો માલીકના એકમમાં કામદારો તરીકે કામ કરતા હતા, સદરહુ એકમની અંદર ૨૦ કરતાં વધુ કામદારો કામ કરતા હતા અને તે એકમ સુતરાઉ કાપડ

INDEX

વણવાનું કામ કરતી હતી માટે તેને ૧૯૪૬નો અધીનિયમ લાગુ પડે છે તેમજ ૧૯૪૬ના અધીનિયમની કલમ ૪૨(૪) મુજબની વિનંતીપત્ર આપવામાં આવેલ છે અને સદરહુ કામદારોને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી દુર કરવામાં આવેલા હતા કારણ કે સદરહુ કામદારોએ એવોર્ડ મુજબ વેતન મેળવવા માટેની માંગણી કરેલ હતી માટે તેઓને મૌખિક હુકમથી નોકરીમાંથી દુર કરવામાં આવેલા હતા. પરીણામે આ અદાલતે તા. ૭-૩-૯૦ના રોજના ચુકાદાથી સંબંધીત કામદારોને પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપીત કરવા માટેનો માલિક એકમને આદેશ આપેલો છે. આ અદાલતના સદરહુ ચુકાદા વિરુદ્ધ માલીક તરફથી ગુજરાતની વડી અદાલતમાં સ્પે. સિવીલ એપ્લીકેશન નં. ૭૦૦૪, ૭૦૦૫ અને ૭૦૦૬/૯૦ની દાખલ કરવામાં આવેલ હતી અને તેમાં એ તકરાર ઉપસ્થિત કરવામાં આવેલ કે ૧૯૪૬ના અધીનિયમની કલમ ૭૮ મુજબ મજુર અદાલતને કામદારોની અરજી સાંભળવા માટે હકુમત પહોંચતી ન હતી કારણ કે કામદારોએ ૧૯૪૬ના અધીનિયમની કલમ ૪૨(૪)ની જોગવાઈ મુજબ વીનંતીપત્ર આપેલ ન હતો. સદરહુ સ્પે. સિવીલ એપ્લીકેશન પ્રાથમીક સુનાવણી વખતે વડી અદાલતના ન્યાયાધીશ સાથે થયેલી ચર્ચા મુજબ તા. ૧૯-૯૦ના રોજ પાછી ખેંચેલ છે. અને ત્યાર બાદ હાલની પુનંવિચારણા અરજીઓ તા. ૨૧-૯-૯૦ના રોજ દાખલ કરેલી છે.

૪. અરજદાર માલિક તરફથી સુનાવણી વખતે પુનંવિચારણા કરવા માટે મુખ્યત્વે બે મુદ્દા જ તેમના વકીલ જયંત પટેલ તરફથી ઉપસ્થીત કરવામાં આવેલા છે જેવા કે, માલિક સંસ્થા મુંબઈના દુકાન ધારા મુજબ નોંધાયેલ હોવાથી તેને ૧૯૪૬નો અધીનિયમ લાગુ પડે નહીં તેમ છતાં ૧૯૪૬ની અધીનિયમ લાગુ પાડવામાં આવેલ છે તેમજ ૧૯૪૬ ના અધીનિયમની કલમ ૭૮ મુજબ મજુર અદાલતે કામદારની નોકરીમાં પડેલા દીવસોના પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપીત થવા અંગેની માંગણી ત્યારે જ લક્ષમાં લઈ શકે કે જો ૧૯૪૬ના અધીનિયમની કલમ ૪૨(૨) મુજબની વીનંતીપત્ર આપવામાં આવેલ હોય અને ત્યાર બાદ પક્ષકારો વચ્ચે તે વીનંતીપત્રનો સમય મર્યાદા દરમિયાન થઈ શકી નથી પરંતુ સંબંધીત કામદારોએ કોઈ વિનંતીપત્ર આપેલો નથી માટે કલમ ૭૮ મુજબ અદાલતને કામદારોની અરજી જ સાંભળવા માટે હકુમત પહોંચતી નથી. તેમ છતાં કામદારોની અરજી લક્ષમાં લઈને દાદ આપવામાં આવેલ છે. જયંત પટેલની રજુઆત એવી છે કે આ બંને મુદ્દાઓ વિવાદ અને માલિક સંસ્થા

તરફથી કરવામાં આવેલા હતા તેમ છતાં તે અંગે કોઈ સ્પષ્ટ નિર્ણય આ અદાલતના ચુકાદામાં લેવામાં આવેલ નથી માટે આ પુનર્વિચારણા કરવાની જરુરીયાત ઉપસ્થીત થયેલી છે.

૫. માલિક એકમની મુંબઈના દુકાન ધારા નીચે દુકાન તરીકે નોંધણી કરવામાં આવેલી છે તે બાબતની ચર્ચા અને નિર્ણય આ અદાલતે વીવાદના ચુકાદામાં લક્ષમાં લીધો નથી તેવી જે રજુઆત કરવામાં આવી છે તેમાં કોઈ તથ્ય દેખાતું નથી કારણ કે વીવાદના ચુકાદામાં ફકરા નં. ૮માં આ બાબતની ચર્ચા કરવામાં આવેલી છે તેમજ માલીક સંસ્થાએ દુકાન ધારા નીચે દુકાનનો પરવાનો મેળવેલો છે તે હકીકત પણ લક્ષમાં લેવામાં આવેલી છે પરંતુ આ અદાલતે એવો સ્પષ્ટ નિર્ણય વિવાદમાં લીધેલ છે કે દુકાન ધારા નીચે પરવાનો મેળવેલ હોવાને કારણે જ કોઈ પણ એકમમાં જો ૨૦ કરતાં વધુ કામદારો કામ કરતા હોય અને તે એકમ સુતરાઉ કાપડ વણવાનું કામ કરતો હોય તેવું ૧૯૪૬ના અધીનિયમમાંથી મુક્તિ મળી શકે નહીં. તો પટેલની રજુઆત એવી છે કે; જે એકમો મુંબઈના દુકાન ધારા નીચે દુકાન તરીકે નોંધાયા હોય તેવા એકમોને ૧૯૪૬ ના અધીનિયમની કલમ ૨ની પેટા કલમ ૫ નીચે જાહેરનામું બહાર પાડીને મુક્તિ આપવામાં આવેલી છે. પોતાની આ રજુઆતના સમર્થનમાં પટેલ એ. કે. ગુપ્તા અને એસ. જી ઠાકરે પ્રકાશીત કરેલ આઈ. આર. એક્ટ ૧૯૪૬ ની ૧૯૮૯ ની એડીશનના પાન નં. ૧૮૬ ઉપર જે જાહેરનામા નં. બીઆઈઆરથી ૩૧૬૭-૧૨૦૧૮૩, લેબર-૧, તા. ૨૩-૫-૬૮થી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે તેના ઉપર આધાર રાખે છે. સદરહુ જાહેરનામું મહારાષ્ટ્ર રાજ્યના ઉદ્યોગ અને શ્રમ ખાતા તરફથી બહાર પાડવામાં આવેલ છે અને તે જાહેરનામામાં જે મુક્તિ આપવામાં આવેલી છે તે મહારાષ્ટ્ર રાજ્યના વિદર્ભ વિસ્તારમાં આવેલ દુકાન ધારા નીચે નોંધાયેલા એકમોને ૧૯૪૬ ના અધીનિયમમાંથી મુક્તિ આપવામાં આવેલ છે સદરહુ જાહેરનામું ગુજરાત રાજ્યને લાગુ પડી શકે નહીં એટલે પટેલની રજુઆત કે જે એકમ દુકાન ધારા નીચે દુકાન તરીકે નોંધાયેલ હોય તેને ૧૯૪૬ના અધીનિયમમાથી આપોઆપ મુક્તિ આપવામાં આવેલી છે એવી જે રજુઆત કરવામાં આવી છે તેમાં કંઈ તથ્ય નથી. પરીણામે વીવાદના કામે આ અદાલતે જે નિર્ણય લીધેલ છે કે માલિક એકમને ૧૯૪૬ નો કાયદો લાગુ પડે છે તેની પુનઃવિચારણા કરવાની કોઈ જરુરીયાત જણાતી નથી

૬. શ્રી પટેલની વિરુદ્ધની રજુઆત એવી છે કે, ૧૯૪૬ નો અધીનિયમ લાગુ પડતો હોય તો કલમ ૭૮ મુજબની અખત્યાર મજુર અદાલતને ત્યારે જ કરી શકે કે જો કલમ ૪૨ (૪) મુજબની વિનંતીપત્ર કામદાર તરફથી આપવામાં આવેલ હોય અને તેવો વિનંતીપત્ર મળ્યા બાદ ૧૫ દીવસ સુધી માલિક અને કામદાર વચ્ચે તે પ્રશ્ન અંગે સમજુતિ ન થઈ હોય તો જ. પટેલના આ કાયદાની પરીસ્થીતી અંગેના વિધાન અંગે બે મત હોઈ શકે જ નહીં. પણ કામદારોએ તેમની અરજીના પેરા ૭ માં સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેઓએ તારીખ ૬-૯-૮૪ના રોજ રજીસ્ટર્ડ પત્ર દ્વારા તેઓને (કામદારને) કામ પર લેવા માટે વીનંતિ કરેલ હોવા છતાં પણ તેઓને આજ દીન સુધી કોઈ ખુલાસો આપેલ નથી. અરજીની સાથે ત્રણે કામદારોએ વિનંતીપત્રની નકલ રજુ કરેલી છે તેમજ આંક-૩ ની યાદી સાથે દરેક વિનંતીપત્ર માલિક એકમને મળવા અંગેનો પોસ્ટ માસ્તરે પત્ર લખેલો તે પત્ર અને પોસ્ટ ઓફીસમાં પત્ર મળ્યા અંગેની જે બાબતો રાખવામાં આવે છે તે બાબતી પોસ્ટ માસ્તરે મોકલી આપેલ છે તે રજુ કરેલ છે. આ પ્રમાણે કરવાનું કારણ એ હતું કે, એકનોલેજમેન્ટ રીસીપ્ટ કામદારોને મળેલ ન હતી તેથી તેઓએ પોસ્ટ માસ્તરને તેમના રજીસ્ટર્ડ પત્રની શું પરીસ્થીતી છે તે જાણવા માટે એક પત્ર લખેલ હતો અને તેના પ્રત્યુત્તરમાં પોસ્ટ માસ્તરે જણાવેલ છે કે તા. ૪-૯-૮૪ ના રોજ કીર્તી વીવીંગ ફેક્ટરીને જેનો બ્લોક નં. ૧૭ અને ૧૮ છે તેને તે પત્ર તે તારીખના રોજ મળેલ અને તે પત્ર લેનાર તરીકે બી. એમ. પંડયાએ સહી કરેલ છે. કામદારો તરફે માલિક સંસ્થાએ અરજીનો જવાબ આપ્યો તે પહેલાં વિનંતીપત્રની સ્થળપ્રત અને પોસ્ટ માસ્તર તરફથી વિનંતીપત્ર મળ્યા અંગેના જે પત્ર આવેલા હતા તે રજુ કરેલા હતા ત્યાર બાદ માલીકે તેમનો લેખીત જવાબ તા. ૧૦-૪-૮૫ ના રોજ આપેલ છે. તે જવાબમાં વીનંતીપત્ર મળ્યો નથી. એવી સ્પષ્ટ તકરાર લીધેલ નથી. વિદ્વાન ન્યાયાધીશ સમક્ષ લેખીત તકરારો રજુ કરવામાં આવેલ હતી તેમાં વિનંતીપત્ર મળ્યો નથી એવી તકરાર ઉપસ્થીત કરવામાં આવેલ હતી પરંતુ વિદ્વાન ન્યાયાધીશે વીનંતીપત્ર મળ્યા અંગેનો કોઈ નિર્ણય તેના ચુકાદામાં ઉલ્લેખ કરેલો નથી. કારણ કે વિદ્વાન ન્યાયાધીશના મંતવ્ય મુજબ. માલીક એકમને ૧૯૪૬ નો અધીનિયમ લાગુ પડતો ન હતો. તેમજ અરજદાર કામદારો તે એકમના કામદારો હોવાનું પ્રસ્થાપીત થયેલ ન હતું. આ અદાલત સમક્ષના વીવાદમાં વીવાદીના વકીલ અરવીંદ શાહે મૌખીક સુનાવણી વખતે ઘણી મુદતો આપવા છતાં હાજર

થયેલા ન હતા અને તેઓએ લેખીત તકરારો મોકલી આપેલ હતી અને તેમાં વિનંતીપત્ર મળ્યો નથી. તેવી તકરારનો ઉલ્લેખ કરેલો હતો. આ અદાલતને તા. ૭-૩-૯૦ ના રોજના આપેલા ચુકાદામાં ફકરા નં. ૯ માં આ અદાલતે તેની અંદર નીચે મુજબ જણાવેલ છે.

"અત્રે નોંધ લેવાની જરૂર છે કે અરજદારોએ મજૂર અદાલત સમક્ષ અરજી કરતા પહેલાં વીનંતીપત્ર આપેલ છે અને તે વીનંતીપત્રનો કોઈ જવાબ આપવામાં આવેલ નથી, આ વીનંતીપત્ર તા. ૬-૩-૮૪ના રોજ આપવામાં આવેલ છે અને તેઓએ મજુર અદાલતમાં અરજી તા. ૬-૧૧-૮૪ રોજ દાખલ કરેલ છે અને તે દરમિયાનમાં સામાવાળા તરફથી કોઈ જવાબ આપવામાં આવેલ નથી."

૭. શ્રી પટેલની રજુઆત એવી છે કે, માલીક તરફથી સ્પષ્ટ તકરાર લેખીત દલીલમાં લેવામાં આવેલ હતી કે વિનંતીપત્ર મળ્યો નથી. માટે આ અદાલતે વીવાદમાં તે મુદ્દાને નિર્ણય મજુર મહાજન સમક્ષ જે પુરાવો રજુ કરવામાં આવ્યો જો તે પરથી જો આપ્યો હોત તો આ અદાલત જરૂર એવા નિર્ણય પર આવત કે અરજદારો તેમની અરજીમાં જણાવે છે કે તા. ૩-૬-૮૪ ના રોજ વીનંતીપત્ર મોકલી આપેલ છે પરંતુ વાસ્તવમાં તેવો વીનંતીપત્ર માલીકને મળ્યા બાબતનો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલો નથી. અને તેથી આ અદાલતે તે પ્રશ્નની પુનઃવિચારણા કરી એવા નિર્ણય પર આવવું જોઈએ કે વીનંતીપત્ર આપવામાં આવ્યો નથી અને તેથી કામદારોની કલમ ૭૮ મુજબની અરજીઓ કબુલ વગરની હોઈ પ્રથમ દર્શનીય રીતે રદ થવાને પાત્ર છે. આની વિરૂદ્ધમાં મદીનની રજુઆત એવી છે કે, માલિક તરફથી મજુર મહાજન સમક્ષની લેખીત દલીલોમાં તેમજ આ અદાલત સમક્ષની લેખીત દલીલોમાં વીનંતીપત્ર મળ્યો નથી એવી જે તકરાર લેવામાં આવેલ છે તે અપ્રમાણીક તકરાર છે. માલીક તરફથી તેમના લેખીત જવાબમાં વીનંતીપત્ર મળ્યો નથી એવી કોઈ રજૂઆત કરવામાં આવેલી નથી. માટે પાછળથી અભણ કામદારોની બીનઆવડતનો ગેર લાભ લેવા માટે આ અપ્રમાણીક અને ખોટી તકરાર ઉપસ્થીત કરવામાં આવેલ છે તેથી વીનંતી પત્ર મળ્યો નથી એવી જે રજુઆત કરવામાં આવેલી છે તેમાં કંઈ તથ્ય નથી. પરીણામે કલમ ૪૨(૪) મુજબની અરજદારોને રજુ કર્યા મુજબનો વીનંતીપત્ર માલિકને મળેલ છે કે કેમ તે નક્કી કરવું જરૂરી છે.

INDEX

૮. આગાઉ જણાવ્યા પ્રમાણે ૩ અરજદારોએ તેમની મુળ અરજીમાં સ્પષ્ટ જણાવેલ છે કે, તેઓએ તા. ૩-૬-૮૪ના રોજ વીનંતીપત્ર રજીસ્ટર્ડ એ.ડી. થી માલીકને મોકલી આપેલ છે અને તેનો કોઈ ખુલાસો તેઓએ અરજી દાખલ કરી ત્યાં સુધી કરવામાં આવેલ નથી. આગાઉ જણાવ્યા પ્રમાણે ત્રણ અરજદારોએ વીનંતીપત્રની નકલ રજુ કરેલી છે અને તે મળ્યા અંગે આગાઉ જણાવ્યા પ્રમાણે પોસ્ટ માસ્ટરને લખેલ પત્ર તેની સાથેના બીડાણ સહીત રજુ કરવામાં આવેલ છે, આ જાતના દસ્તાવેજી પુરાવા રજૂ થયા બાદ માલિક તરફથી તા. ૧૦-૪-૮૫ના રોજ લેખીત જવાબ રજુ કરવામાં આવેલ છે તે જવાબમાં કોઈ પણ જગ્યાએ માલિક તરફથી વિનંતીપત્ર મળ્યો નથી. એવું જણાવવામાં આવેલું થી પટેલની રજુઆત એવી છે કે. અરજદારોએ ફકરા નં ૯ માં વીનંતીપત્ર અંગેનો ઉલ્લેખ કરેલો છે અને માલિક તેમના લેખીત જવાબમાં પેરા નં. ૨ માં જણાવેલ છે કે, અરજદારોની અરજીની પેરા નં. ૨ થી ૯ની હકીકતો સાચી અને ખરી નથી. અને સામાવાળાને કબુલ નથી. આ તમામ હકીકતો અરજદારોએ દસ્તાવેજી અને પુરાવાઓ સાથે સાબીત કરવી જોઈએ. તેથી વીનંતીપત્ર મળેલ નથી એવું સ્પષ્ટતાથી લખવાની જરૂર ન હતી અને તેવું સ્પષ્ટ લખેલ નથી તે પરથી એમ કહી શકાય નહીં કે માલિક વીનંતીપત્ર મળ્યાની હકીકત કબુલ રાખે છે. પટેલની આ રજુઆત સાથે સંમત થઈ શકાય એમ નથી લેખીત જવાબમાં જે હકીકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરવામાં આવે તે હકીકતો લેખીત જવાબ રજૂ કરનારને કબુલ છે એમ લોએસ્ટોલોજીના આધારે નિર્ણય લેવાય. પરીણામે માલિક તરફથી વિનંતીપત્ર મળ્યો નથી એવી જે મજૂર મહાજન સમક્ષ લેખીત દલિલોમાં તકરાર ઉપસ્થીત કરવામાં આવેલ છે તે તેમજ વીવાદમાં પણ તે જ જાતની લેખીત દલિલોમાં તકરાર ઉભી કરવામાં આવેલ છે તે અપ્રમાણીક તકરાર છે અને કામદારોની અજ્ઞાનતાનો લાભ લેવા માટે પાછળથી ઉભી કરવામાં આવેલ છે એમ સ્પષ્ટ માલુમ પડે છે. અને નોંધ લેવાની જરુર છે કે, કામદારો અજ્ઞાની અને અભણ હોય છે માટે ઈન્ડીયન એવીડન્સ એક્ટના ધારાધોરણ મુજબ દસ્તાવેજોની સાબીતીનો આગ્રહ રાખવો ઉચીત ગણાય નહીં. મજુર મહાજન અને ઓદ્યોગીક અદાલત સમક્ષની કાર્યવાહીમાં સીવિલ પ્રોસીજર કોડ અને ઈન્ડીયન એવીડન્સ એક્ટની કલમો સિદ્ધાંતીક રીતે લાગુ પડે છે અને તેથી ઈન્ડીયન એવીડન્સ એક્ટની જોગવાઈઓ મુજબ દસ્તાવેજો સાબીત કરવા જોઈએ એવો આગ્રહ કામદારો પાસેથી રાખી શકાય નહીં, અને જો રાખવામાં આવે તો મજુર અદાલત અને ઓદ્યોગીક અદાલતની સ્થાપના જે હેતુસર કરવામાં આવેલ છે તે

કબૂલ થાય નહીં. પરીણામે અમો ગઢીયા સાથે સંમત છીએ કે, કલમ ૪૨(૪) મુજબનો વીનંતીપત્ર માલિકને મળ્યો નથી એવી જે તકરાર ઉપસ્થીત કરવામાં આવેલ છે તે અપ્રમાણીક તકરાર છે અને કામદારોની અજ્ઞાનતા અને અભણ પરીસ્થીતીનો ગેરલાભ લઈને પાછળથી ખોટા ગેરલાભ લેવા માટે માલિક તરફથી ઉપસ્થિત કરવામાં આવેલ છે માટે વીનંતીપત્ર મળ્યો નથી એવી જે તકરાર રજુ કરવામાં આવેલ છે તેમાં કોઈ વજુદ જણાતી નથી અને નોંધ લેવાની જરૂર છે કે, અરજદાર કામદારોમાંથી ઉમેશ રાજારામ અને રમેશ મફતલાલને વીનંતીપત્ર અંગે સરતપાસમાં કોઈ સવાલો પુછવામાં આવેલા નથી તેમજ ઉલટ તપાસમાં પણ કોઈ સવાલો પુછવામાં આવેલા નથી, તે જ પ્રમાણે કામદાર શાંતાબેનને પણ સરતપાસમાં વિનંતીપત્ર અંગે કોઈ સવાલ પુછવામાં આવેલ નથી. પણ ઉલટ તપાસમાં તેમને વિનંતીપત્ર અંગે પ્રશ્નો પુછવામાં આવેલા છે અને તે ઉલટ તપાસમાં તેઓએ નીચે મુજબ જણાવેલ છે.

"કેસ કર્યા બાદ કામ માટે કંપની ઉપર ગઈ નથી. કેસ કર્યો તે પહેલાં કંપનીને વીનંતીપત્ર આપ્યો નથી. છુટા કર્યા પછી બીજી વખત અરજી કરી નથી કે કામે ગઈ નથી."

ઉલટ તપાસમાં શાંતાબેને જણાવેલ છે કે, વીનંતીપત્ર આપ્યો નથી. તે ઉપર મુખ્યત્વે આધાર રાખીને પટેલની રજુઆત એવી છે કે, શાંતાબેને વીનંતી પત્ર આપ્યો છે એવો કોઈપણ સંજોગોમાં નિર્ણય લઈ શકાય નહીં. અલબત્ત શાંતાબેને આ મુજબ જણાવેલ છે. પરંતુ તા. ૩-૯-૮૪ ના રોજ જે પત્ર લખવામાં આવ્યો તેને કાયદાની ભાષામાં વીનંતીપત્ર ગુજરાતી ભાષાંતર તરીકે આપણે કરીએ છીએ. હવે તે પત્રને વિનંતીપત્ર કહેવાય કે કેમ તેની શાંતાબેનને ખબર ન હોય તેથી તે એમ જણાવતા હોય એમ લાગે છે. આગાઉ જણાવ્યા પ્રમાણે માલિકે તેમના લેખીત જવાબમાં વીનંતીપત્ર મળ્યો નથી. એમ જણાવેલ નથી તદઉપરાંત માલિક તરફથી તેમના મેનેજરને તપાસેલા છે અને તે મેનેજરે પણ તેમની સરતપાસમાં જણાવતા નથી કે કોઈ વીનંતીપત્ર મળ્યો નથી. ઉલટ તપાસમાં તેઓને આ વીનંતીપત્ર અંગે સવાલો પુછવામાં આવેલા છે અને તેનો તેઓને નીચે મુજબનો જવાબ આપેલો છે.

"નોટીસનો જવાબ આપ્યાની ખબર નથી. નોટીસ તા. ૪-૯-૮૪ના રોજ મળેલ છે કે ખબર નથી."

INDEX

વાસ્તવમાં તા. ૪-૯-૮૪ના રોજ અગર તે અરસામાં અરજદારોએ રજુ કર્યા મુજબની સુચના તેઓને જો મળી ન હોય તો તેઓને જરૂર ઉલટ તપાસમાં એમ પુછવામાં આવે ત્યારે જરુર જણાવે કે તેવો કોઈ પત્ર તેમને મલ્યો નથી. તદઉપરાંત તેમને એમ પુછવામાં આવેલ છે કે નોટીસનો કોઇ જવાબ આપેલ છે કે નહીં તેના જવાબમાં પણ તેઓ જણાવે કે નોટીસ મળી જ નથી તો જવાબ ક્યાંથી આપવામાં આવે. પરિણામે વીનંતીપત્ર મલ્યો નથી એવું પુરાવા પરથી પ્રસ્થાપીત થતું નથી. પરંતુ અગાઉ જણાવ્યા પ્રમાણે વીનંતીપત્ર અંગેનો જુબાનીમાં કોઈ ઉલ્લેખ અરજદાર કામદારોએ કરેલ નથી તેનો ગેરલાભ લેવા માટે દલીલ વખતે આ તકરાર માલીક તરફથી ઉપસ્થિત કરવામાં આવેલ છે. અગાઉ જણાવ્યા પ્રમાણે માલીક તેમના લેખીત જવાબમાં જણાવતા નથી. તા. ૩-૯-૮૪ ના રોજની પણ કોઇ સુચના મળી નથી. તદઉપરાંત માલીક તરફથી તપાસવામાં આવેલ મેનેજર પણ જણાવતા નથી કે આવી કોઇ સુચના મળી નથી. તેઓને એમ પુછવામાં આવે છે કે આ સુચનાનો જવાબ આપવામાં આવ્યો નથી. આ સંજોગોમાં તા. ૩-૯-૮૪ મુજબનો પત્ર માલીક સંસ્થાને મલ્યો નથી એવી જે રજુઆત લેખીત દલીલમાં મજુર અદાલત સમક્ષ તેમજ આ વીવાદોમાં ઉપસ્થીત કરવામાં આવેલ છે તે અપ્રમાણીક અને પાછળથી કામદારોની અજ્ઞાનતાનો ગેરલાભ લેવા માટે ઉપસ્થીત કરવામાં આવેલ છે અને તેમાં કંઈ તથ્ય નથી. વાસ્તવમાં વીનંતીપત્ર મલ્યો નથી એવી જે રજુઆત કરવામાં આવી છે તે અપ્રમાણીક છે અને ઉપજાવી કાઢેલી છે. વિનંતીપત્ર રજુ કરવામાં આવેલ છે તેના મળ્યા અંગેનો પુરાવો રજુ કરવામાં આવેલ છે. પરંતુ અગાઉ જણાવ્યા પ્રમાણે કામદારોએ પોતાની જુબાનીમાં આ જાતનો વીનંતીપત્ર લખેલ હતો અને આ તેની પહોંચ છે તેવું જણાવેલ નથી. તેનો ગેરફાયદો ઉઠાવવા માટે પ્રયત્ન કરવામાં આવેલ છે. પરીણામે અરજદારોએ રજુ કર્યા મુજબની તા. ૩-૯-૮૪નો પત્ર માલીકને મળ્યો નથી એવી જે રજૂઆત કરવામાં આવી છે તે અપ્રમાણીક છે અને કામદારોની અજ્ઞાનતાનો ગેરલાભ લેવા માટે જ પાછળથી ઉપસ્થીત કરવામાં આવેલ છે જેમાં કાંઈ તથ્ય જણાતું નથી.

૯. શ્રી પટેલની વિશેષમાં રજૂઆત એવી છે કે, કલમ ૪૨(૪) મુજબનો વિનંતીપત્ર ૧૯૪૬ના અધિનીયમની નીચે ઘડવામાં આવેલ નિયમોની કલમ ૧૩ મુંજબ જ બજાવવાની હોય અને કલમ ૫૩ની જોગવાઈ મુંજબ વિનંતીપત્રની

એક નકલ મજુર અધીકારીને મોકલવાની હોય છે. પરંતુ મજુર અધિકારીને તે પત્રની કોઈ નકલ બીડવામાં આવેલ નથી. માટે તે પત્ર કલમ ૪૨(૪) મુજબની વિનંતીપત્ર ગણી શકાય નહીં. વહીવટ સંમત થાય છે કે, કલમ ૪૨ (૪) મુજબની વિનંતીપત્ર નિયમ ૫૩ મુજબની જોગવાઈને આધીન મોકલવાની મોકલવાનો હોય છે. પરંતુ વહીવટની રજુઆત એવી છે કે, નીયમ ૫૩ ની જોગવાઈ કે વિનંતીપત્રની એક નકલ મજુર અધીકારીને મોકલવી જોઈએ તે નિર્દેશાત્મક છે. ડાયરેક્ટીવ છે અને આદેશાત્મક નથી એટલે કે મેન્ડેટરી નથી. અને આવી એક નકલ મજુર અધીકારીને મોકલવામાં ન આવી હોય તેથી તે પત્ર ગેરકાયદેસર બનતો નથી. વહીવટ પોતાની રજુઆતના સમર્થનમાં લેબર એપેલેટ ટ્રિબ્યુનલે મુંબઈએ વીવાદ નં. ૭/૫૬ના કામે આપેલા એક ચુકાદા ઉપર આધાર રાખે છે. જે ચુકાદો તા. ૨-૩-૫૧ના રોજ લેબર એપેલેટ ટ્રિબ્યુનલે આપેલો છે, તે ચુકાદો બોમ્બે ગવર્નમેન્ટ ગેઝેટના તા. ૪-૫-૫૧ના વીકલીના પાર્ટ ૧-એલ પાન નં. ૧૫૭૬ ઉપર પ્રસિદ્ધ થયેલો છે, તે ચુકાદામાં એવું ઠરાવવામાં આવેલ છે કે, નિયમ ૫૩ની મજુર અધીકારીને વિનંતીપત્રની નકલ મોકલવા અંગેની જોગવાઈ આદેશાત્મક નથી. અને તેથી મજુર અધીકારીને વીનંતીપત્રની નકલ મોકલવામાં આવી ન હોય તે કારણસર તે વિનંતીપત્ર ગેરકાયદેસર બનતો નથી. તદઉપરાંત વહીવટ મુંબઈની વડી અદાલતે જલીલખાન હાજીખાન વિરુદ્ધ એમ. જે. એન. ટ્રાન્સપોર્ટ કંપનીના કામે આપેલા ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જે ચુકાદો ૧૯૭૦ના લેબ. આઈસી. ના પાન નં. ૨૦૬ ઉપર પ્રસીદ્ધ થયેલ છે તે ચુકાદામાં પણ મુંબઈની વડી અદાલતે ખંડપીઠે ઠરાવેલ છે કે નિયમ ૫૭ની જોગવાઈ કે વીનંતીપત્રની એક નકલ મજુર અધીકારીને મોકલવી જોઈએ તે આદેશાત્મક નથી અને તેથી મજુર અધીકારીને વિનંતીપત્રની નકલ ન મોકલવામાં આવી હોય તેના કારણસર તે વિનંતીપત્ર ગેરકાયદેસર બનતો નથી. પરીણામે અરજદારોએ તા. ૩-૯-૮૪ના રોજ માલીક એકમને મોકલેલ પત્રની નકલ મજુર અધીકારીને મોકલેલ નથી. તેટલા જ કારણસર તે કલમ ૪૨ (૪) મુજબની વિનંતીપત્ર નથી એમ નિર્ણય લઈ શકાય નહીં.

૧૭. પટેલની વિશેષમાં રજુઆત એવી છે કે. તે સુચનામાં ૧૯૪૬ ની અધિનીયમ નીચે કલમ ૪૨ (૪) મુજબની જોગવાઈઓ મુજબ તે વીનંતીપત્ર આપવામાં આવેલ છે તેમ લખેલ નથી તેથી તે કામ ૪૨(૪) મુજબનો વિનંતીપત્ર

INDEX

ગણી શકાય નહીં. આ રજૂઆતમાં પણ કોઈ તથ્ય નથી કારણ કે કાયદાની કલમ આવા પત્રમાં લખવાની જરૂર નથી. તે પત્રની અંદર કામદારને શું દાદ જોઈએ છે તે જણાવેલ છે અને તેમને શું અન્યાય કરવામાં આવેલ છે તે જણાવેલ છે અને તેઓ જે દાદ માંગે છે તે જણાવેલ છે માટે તે પત્ર કલમ ૪૨ (૪) મુજબની વિનંતીપત્ર ગણી શકાય નહીં એવી જે રજુઆત કરવામાં આવી છે તેમાં કંઈ તથ્ય નથી. પટેલની વિશેષમાં રજુઆત એવી છે કે, કામદારોએ તેમાં ઔદ્યોગીક તકરાર અધિનીયમ ૧૯૪૬ નો ઉલ્લેખ કરેલો છે અને તેઓએ એ અધિનીયમની જોગવાઈ મુજબ ન્યાયપંચ સમક્ષ રેફરન્સ પણ કરેલ હતો અને તે રેફરન્સ તેઓને પરત કરેલ છે માટે કામદારો એ પત્રને ૧૯૪૬ના અધિનીયમની કલમ ૪૨ (૪) મુજબનો વિનંતીપત્ર તે પત્ર દ્વારા કરે છે એમ કહી શકાય નહીં. આ રજુઆત સાથે પણ સંમત થઈ શકાય તેમ નથી. કારણ કે કામદારે અભણ છે અને તેઓને ૧૯૪૬નો અધીનિયમ લાગુ પડે છે ૧૯૪૬ નો અધિનીયમ લાગુ પડે તેની ખબર ન હોય અને તેથી તેઓએ ૧૯૪૬નો અધિનીયમ લાગુ પડતો નથી અને પોતાને ૧૯૪૬ના અધીનિયમ લાગુ પડતો હોય અને તે અધિનીયમ નીચે આ પ્રકરણ શરૂ કરેલ છે અને તેમાં આ પ્રકારની કલમ ૪૨ (૪) મુજબનો વીનંતીપત્ર તરીકે તેમાં તેઓ જરૂર ઉપયોગ કરી શકે. પરીણામે તા. ૩-૯-૮૪ના રોજનો વીનંતીપત્ર માલિકને તા. ૪-૯-૮૪ના રોજ મળેલ નથી. એવી જે તકરાર ઉપસ્થિત કરીને આ અદાલતે આપેલા વીવાદના ચુકાદામાં પુનર્વિચારણા કરવા અંગેની જે માંગણી કરવામાં આવેલો છે તેમાં કંઈ તથ્ય નથી. અદાલતે જણાવ્યા પ્રમાણે આ તકરાર અપ્રમાણીક અને પાછળથી કામદારની અજ્ઞાનતાનો ગેરલાભ લેવા માટે ઉપસ્થિત કરવામાં આવે છે. અત્રે નોંધ લેવાની જરૂર છે કે, પટેલની રજુઆત એવી છે કે, ઉકત વિનંતીપત્ર જે રજુ કરવામાં આવેલ છે તેમાં કામદારની કાઉન્ટર સહી નથી. તેથી તે ગેરકાયદેસર ગણાય. આ રજુઆત સાથે સંમત થઈ શકાય તેમ નથી. સ્થળ પત્રમાં કામદારોએ સહી કરી નથી તેથી તેમને મોકલેલ વિનંતીપત્રનો એ સ્થળગત નથી એમ કહી શકાય નહીં. તદઉપરાંત પટેલની રજુઆત એવી છે કે, પોસ્ટ મ.સ્તરનો જે પત્ર રજુ કરવામાં આવેલ છે તેમાં કામદારોનું નામ નથી. પરંતુ તેમના વકીલ વી. વી. ઠાકરનું નામ છે એમ માટે તે પત્ર અરજદાર કામદારોએ મોકલેલ વિનંતીપત્રના અનુસંધાનમાં છે એમ કહી શકાય નહીં. આ રજુઆત સાથે પણ સંમત થઈ શકાય તેમ નથી. વી. વી. ઠાકર અરજદાર તરફે મજુર અદાલતમાં કામદારોના વકીલ તરીકે હાજર થયેલા

INDEX

હતા. બનવા જોગ છે કે, કામદારો અભણ હોવાને કારણે પોષ્ટની બાબતી તેમને સમજ ન હોય તેથી પોસ્ટ માસ્તરને તેઓએ કામદારો તરીકે પત્ર લખ્યો હોય અને તે અંગે પોસ્ટ માસ્તરે તેથી તેમને જવાબ આપેલ હોય અને તેથી તે પત્રમાં નામનો તેમના ઉલ્લેખ હોય તે સ્વાભાવિક છે. પટેલની રજુઆત એવી છે કે, કામદારો મજુર અદાલતના અગાઉના પ્રકરણોમાં વકીલ ઠાકર મારફતે હાજર થયેલા હતા તેથી તેઓની અજ્ઞાનતાને લીધે ફેંસલો પ્રુફ આપવાનું રહી ગયેલા છે એમ કહી શકાય નહીં. અલબત્ત, શ્રી ઠાકર કામદારો તરફે હાજર થયેલા હતા. પરંતુ તેઓ તે વખતે નવા નવા વકીલ થયેલા હતા. તદઉપરાંત વકીલોની નિષ્કાળજીને લીધે પણ કોઈ અસીલને ખોટી રીતે સહન કરવું પડે તે ન્યાયના હીતમાં યોગ્ય ગણાય નહીં. અગાઉ જણાવ્યા પ્રમાણે વિનંતીપત્ર નં. ૯ના અંગેની જે તકરાર ઉપસ્થીત કરવામાં આવેલ છે તે અપ્રમાણીક છે અને પાછળથી ગેરલાભ લેવા માટે ઉત્પન્ન કરવામાં આવેલ છે, પરીણામે આ અદાલતે આપેલ વીવાદોના ચુકાદામાં પુનઃવિચારણા કરવા માટેની ન્યાયના હીતમાં કોઈ જરૂર નથી. પુનર્વિચારણા અરજીઓમાં એવો મુદ્દો ઉપસ્થિત કરવામાં આવેલ છે કે, મજુર અદાલત સમક્ષ કરવામાં આવેલ અરજી ૧૯૪૭ના અધીનિયમની કલમ ૭૮ બી-૧ મુજબની હતી અને તે મુજબની અરજી વિરૂદ્ધ કલમ ૮૪ મુજબ કોઈ વીવાદ દાખલ થઈ શકે નહીં તેમ છતાં કામદારે મજુર અદાલતના નિર્ણય વિરૂદ્ધ અપીલ રાખી અને મજુર અદાલતનો ચુકાદો ફેરવેલ છે એટલે તે હુકમ ઔદ્યોગીક અદાલતની હકુમત બહારનો છે. આ મુદ્દો સુનાવણી વખતે પટેલ તરફથી સમજીને ઉપસ્થીત કરવામાં આવેલ નથી. કારણ કે ૧૯૪૭ના અધિનીયમમાં ગુજરાત સરકારને જ્યાં સુધી લાગેવળગે છે ત્યાં સુધી કલમ ૭૮ બી-૧ ની કોઈ પેટા કલમ નથી તે પેટા કલમ મુંબઈ રાજ્યે ૧૯૬૫ના સુધારેલા અધિનીયમના તારીખ ૨-૨-૬૫થી દાખલ કરેલ છે તેમાં તે જોગવાઈ મુજબ મજુર અદાલતને કેટલીક વિશેષ સંક્ષિપ્ત કાર્યવાહીની સત્તા આપવામાં આવેલી છે તેથી કોઈ જોગવાઈ અગાઉ જણાવ્યા પ્રમાણે ગુજરાત રાજ્યમાં દાખલ કરવામાં આવેલ નથી. એટલે મજુર અદાલતના ચુકાદા વીરૂદ્ધ કલમ ૮૪ મુજબ ઔદ્યોગીક અદાલતમાં વિવાદની જોગવાઈ નથી તેવી જે રજુઆત કરવામાં આવેલી છે તેમાં કાંઈ તથ્ય નથી. અગાઉ જણાવ્યા પ્રમાણે આ મુદ્દો સુનાવણી વખતે ઉપસ્થિત કરવામાં

આવેલ નથી. પરંતુ આનો જો ઉલ્લેખ ન કરવામાં આવે તો પાછળથી એમ કહેવામાં આવે કે આ મુદ્દો લક્ષમાં લેવામાં આવેલ નથી. માટે આ મુદ્દા અંગે આટલું વિવરણ કરવું જરૂરી છે. પુનર્વિચારણા અરજીની અંદર પુરાવાઓનું મુલ્યાંકન બરાબર કરવામાં આવેલ નથી એવી જે રજુઆત કરવામાં આવેલ છે તેમાં પણ તથ્ય જણાતું નથી. પુરાવાઓનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરવામાં આવેલ છે અને તેથી તેની પુનઃવિચારણા કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થીત થતો નથી અને તેથી સુનાવણી વખતે પણ તે બાબતની કોઈ રજુઆત કરવામાં આવેલી નથી. પરીણામે પુનર્વિચારણા કરવા માટે જે માંગણી કરવામાં આવેલ છે તેમાં તમોને કોઈ તથ્ય જણાતું નથી. માટે આ બધી પુનર્વિચારણા અરજીઓ રદ કરવાની રહે છે. પરીણામે તેમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૧૧. હાલની પુનઃવિચારણા અંગેની અરજીઓ રદ કરવામાં આવે છે. ખાસ સંજોગો લક્ષમાં લેતાં ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી/- નારણસીંહ ચૌહાણ
(એન. એ. ચૌહાણ)
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત

જી. જે. દવે,
રજીસ્ટ્રાર
તા. ૭-૧૨-૯૦

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનીયમ
અમદાવાદ.

તા. ૧૧-૧-૧૯૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ૬/ખ/સમક/૨૭૩૪૫ જારયું. સને ૧૯૪૭ની મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું ગુજરાત બેંક વર્કર્સ યુનિયન નડીયાદ અને ધી યુનાઈટેડ મર્કન્ટાઈલ કો. ઓ. બેંક લી. નડીયાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ની જાન્યુઆરી માસ ૧,૧૧મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય અમદાવાદ

શ્રી આર. સી. ભટ્ટ, સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈટી) નં. ૪૮/૯૦

ગુજરાત બેન્ક વર્કર્સ યુનિયન, નડીયાદ — પ્રથમ પક્ષકાર

અને

ધી યુનાઈટેડ મર્કન્ટાઈલ કો. ઓ. બેન્ક લી. નડીયાદ — બીજા પક્ષકાર

યુનિયનની માંગણી બીજા પક્ષકાર બેન્કમાં કામ કરતાં તમામ કર્મચારીઓને પગાર, ખાસ ભથ્થા મોંઘવારી ભથ્થુ વિગેરે આપવા બાબત.

ઉદ્યોગ – બેન્કીંગ

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર બેંકમાં કામ કરતાં તમામ કર્મચારીઓને પગાર વધારો, ખાસ ભથ્થુ, મોંઘવારી ભથ્થુ તથા

INDEX

અન્ય ભથ્થાઓ આપવા બાબતમાં યુનિયને બેન્કને ફેરફારની નોટીસ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. આથી રેફરન્સે પક્ષકારોએ આંક ૬નું સંયુક્ત સમાધાન એનેક્ષચર 'એ' પુરસીસ રજુ કરેલ છે જેમાંની શરતો જોતાં તે યોગ્ય ન્યાયી આજબી તથા કામદારોના હીતમાં જણાય છે અને તે મુજબ હુકમ કરવાથી ઔદ્યોગિક શાંતી જળવાઈ રહે તેમ લાગે છે. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. પક્ષકારોએ આંક ૬ના સમાધાન એનેક્ષર 'એ' પુરસીસની શરતો મુજબ વર્તવું. આંક ૬ના સમાધાન એનેક્ષર 'એ' પુરસીસની એક નકલ આ ચુકાદા સાથે રાખવી અને તેને ચુકાદાનો ભાગ ગણવો, ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

જી. જે. દવે
રજીસ્ટ્રાર

અમદાવાદ તા. ૨૮-૧૧-૯૦

આર. સી. ભટ્ટ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંધ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

INDEX

મે. ઔદ્યોગિક અદાલત ગુજરાત રાજ્ય સમક્ષ

રેફરન્સ (આઈ.સી.) ૪૮-૯૦

શ્રી આર. સી. ભટ્ટ સાહેબ સમક્ષ

ગુજરાત બેંક વર્કસ યુનીયન
C/o. ભરત પંડયા,
શ્રી ખેડા ડી. સે. કો. ઓ. બેંક લી.
નડીઆદ

પ્રથમ પક્ષકાર

વિરૂધ્ધ

શ્રી યુનાઈટેડ મર્કેન્ટાઈલ કો.ઓ. બેંક લી.
નડીઆદ.

બીજા પક્ષકાર

અમો નીચે સહી કરનાર પ્રથમપક્ષકાર બેંકના યુનીયનના એડવોકેટ આ અરજી આપી જણાવીએ છીએ કે-

૫૮	બાબુ લવજી	૮–૩–૭૪	,,	૨૫૩/૨૫૬
૫૯	અમૃત જેહા	૧૬–૩–૭૫	,,	૨૫૭/૨૬૦
૬૦	હરજી સાંકા	જાન્યુ.–૬૯	,,	૨૬૧/૨૬૪
૬૧	કપુરજી તેજાજી	૧૬–૩–૭૫	,,	૨૬૫/૨૬૮
૬૨	મણીલાલ ઈશ્વર	૧૪–૩–૭	,,	૨૬૯/૨૭૨
૬૩	છોટુ ઉમેદ	૧૩–૪–૭૫	,,	૨૭૩/૨૭૬
૬૪	હેમાજી તેજાજી	૬–૧–૭૪	,,	૨૭૭/૨૮૦
૬૫	જશવંત મફતલાલ	૧૪–૩–૭૫	,,	૨૮૧/૨૮૪
૬૬	દેવા ગંગારામ	૨૭–૪–૭૩	વીવર	૨૮૫/૨૮૮
૬૭	ઓમપ્રકાશ મનોહર	જાન્યુ. ૭૧	,,	૨૮૯/૨૯૦
૬૮	કાનજી હીરા	૧૪–૩–૭૫	,,	૨૯૩/૨૯૬
૬૯	માનસંગ નારાયણ	૨–૬–૭૫	,,	૨૯૭/૩૦૦
૭૦	બાબુ અંબારામ	૧૪–૩–૭૫	,,	૩૦૧/૩૦૪
૭૧	કાન્તી વેનજી હીરા	૨૦–૧–૭૫	,,	૩૦૭/૩૧૦
૭૨	ખોડાજી મગનજી	૧–૧૨–૭૨	,,	
૭૩	શ્રીનારાયણ ગંગારામ	જુલાઈ–૭	,,	
૭૪	ધીરજલાલ ચુનીલાલ	એપ્રિલ–૬૯	,,	

૭૫	ઈશ્વર માલજી	જુન–૭૦	બીજર
૭૬	ચમનજી કરશનજી	જાન્યુ–૭૧	"
૭૭	અમૃત એંગારજી	૨૧–૫–૭૬	"
૭૮	લક્ષ્મણજી ચતુરજી	૨–૭–૭૩	"
૭૯	સુરેશ શંકરલાલ	જાન્યુ.–૬૯	"
૮૦	અમરસીંગ ચતુરજી	૧–૬–૭૬	"
૮૧	દીપક પુંડરીકપ્રસાદ	૧૦–૨–૭૩	"
૮૨	સુખદેવ રઘુનાથ	ઓકટો–૫૯	"
૮૩	માણુ કરશન	૨૧–૫–૭૬	"
૮૪	જેઠાલાલ રવિશંકર	માર્ચ–૬૯	"
૮૫	ગોવિંદલાલ હીરાલાલ	એપ્રિલ–૬૯	"
૮૬	અમાનખાં નથ્થેખાં	૧–૯–૭૫	"
૮૭	પથુજી ભેમાજી	૨–૩–૭૬	"
૮૮	પ્રભુવા બેચર	જુલાઈ ૭૦	"
૮૯	ફતાજી કાનાજી	૧–૪–૬૮	"
૯૦	કાળુજી દુર્ગાજી	જાન્યુ–૭૦	"
૯૧	પુનમજી વજેશંકર	ડીસે.–૫૯	"
૯૨	મોહન અમી	૨૪–૫–૭૬	"
૯૩	નાથુજી રાઘુજી	જાન્યુ–૬૯	"
૯૪	દલસંઘજી સેંધાજી	જુન–૬૬	"
૯૫	ભીખાજી નવાજી	જાન્યુ–૬૯	"
૯૬	બળદેવજી ગંભીરજી	૨–૦૨–૭૩	"
૯૭	અરવીંદગર વીરગર	૧–૧૦–૭૬	"
૯૮	રામજી મહાદેવ	૧–૧૦–૭૬	"

INDEX

ક્રમ	કામદારનું નામ	નોકરીમાં મીલમાં દાખલ થયા તારીખ	હોદ્દો	સાંચા નંબર
	રીલીવર			
૧	દ્વારકા શંકર	૧–૧–૭૪	રીલીવર	
૨	અમૃત ગંગારામ	૧૬–૯–૭૩	,,	
૩	મણા રામા માધા	૨૭–૪–૭૩	,,	
૪	સુલતાન અલ્લુ	૭–૩–૭૩	,,	
૫	જોઇતા જેઠા	૧૩–૩–૭૩	,,	
૬	મકબુલ ભીખુ	૨૧–૬–૭૩	,,	
૭	કંતી ભગવાન	૭–૩–૭૩	,,	
૮	સાંકળચંદ વીઠલ	૧૩–૩–૭૩	,,	
૯	અભેસીંગ મફાજી	૧–૧–૭૪	,,	
૧૦	ભગવાન ઈશ્વર	૧૩–૩–૭૩	,,	
૧૧	માનસંગ વાલા	૨૭–૪–૭૩	,,	
૧૨	ઇમ્તીયાજ સાલુ	૨૦–૪–૭૩	,,	
૧૩	અમૃતજી હેદુજી	૧–૧–૭૪	,,	
	કાયમી જોબર			
૧	મગન જોઈતા	માર્ચ ૫૨	લાઇન મુકાદમ	
૨	પ્રતાપજી દલાજી	ઓગષ્ટ ૬૦	,,	
૩	ડાહ્યા રામા જીવા	૧૦–૩–૭૩	,,	
૪	અંબારામ જોઈતા	૨૩–૮–૭૩	,,	

INDEX

ક્રમ	કામદારનું નામ	નોકરીમાં મીલમાં દાખલ થયા તારીખ	હોદ્દો	સાંચા નંબર
	મહીનાદાર કામદાર			
૧	સોમા ગણેશ	જાન્યુ–૭૪	કોકડી	
૨	વેરસી માવજી	જાન્યુ.–૭૧	”	
૩	ગણેશજી જીવાજી	૨૦–૪–૭૩	ફીટર	
૪	હસનખાં નનેખાં	૭–૩–૭૩	વોર્પ–સ્ટાપ મો. ફીટર	
૫	મહેન્દ્ર સોમનાથી	ફેબ્રુ.–૭૦	બીમ ફીટર	
૬	બંસી શ્રીધર તાવડે	સપ્ટે–૫૭	ઓઈલમેન	
૭	ઈશ્વર મોહન	ઓક્ટો–૬૪	મોચી	
૮	બાબુ પ્રહલાદ	સપ્ટે–૭૪	કાંઠલા સુથાર	
૯	બચુભાઈ રામશંકર	માર્ચ–૬૫	સફાઈ	
૧૦	માધુપુરી મણીપુરી	ઓગસ્ટ–૬૪	”	
૧૧	અમૃત શંકર	જાન્યુ–૭૧	”	
૧૨	રહીમ નાથુ	મે.–૬૬	બીમ	
૧૩	ઈશ્વર શીવા	જાન્યુ–૭૫	”	

સિદ્ધપુર તા. ૨૭–૧૧–૧૯૯૦
રજુ તા. ૫–૧૨–૯૦

ફોર દેવતી ફેબ્રીક્સ લી. સિદ્ધપુર
સહી અવાચ્ય
સીનીયર મેનેજર

સહી અવાચ્ય
મંત્રી
મજુર મહાજન સંઘ, સિદ્ધપુર

સને ૧૯૪૬ ના મુંબઈ આદ્યોગીક સંબંધક અધિનીયમ અન્વયે

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના ક્રમાંક ૯/ખ-શમક-૨૭૩૫૮ આરયુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમની કલમ-૭૪-૨ સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ (ગુજરાત) નીયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ હું મજુર મહાજન સંઘ સિદ્ધપુર અને રીલાયન્સ ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ લી. સિદ્ધપુર...ની વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના સને ૧૯૯૧માં જાન્યુઆરી માસના ૧૧મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગીક અદાલત, ગુજરાત, અમદાવાદ

એન. એ. ચૌહાણ સભ્ય રુબરુ

રેફરન્સ (આઈસી) નં. ૭૧૯-૮૨

મજુર મહાજન સંઘ, સિદ્ધપુર — પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

રીલાયન્સ ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ લી. સિદ્ધપુર — દ્વિતીય પક્ષકાર

ઉધોગ કોટન ટેક્ષટાઈલ

મીલ કંપનીના તમામ કામદારો, કર્મચારીઓને અમદાવાદની મિલના કામદારોના ધોરણે તા. ૧ ૧-૮૧થી મકાન ભાડાનો લાભ આપવા અંગે.

ચુકાદો ભાગ-૨

૧. હાલની રેફરન્સ મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનિયમ ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે આપવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ

પ્રથમ પક્ષકાર સંઘે દાખલ કરેલી છે સંઘે મીલ કંપનીને તા. ૧૨-૬-૮૦ના રોજ ફલમ ૪૨-૨ મુજબની એક ફેરફારની સુચના આપેલ, જે અન્વયે ૧૯૪૬ના અધિનિયમ નીચે નીમાયેલા સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવી ન શકતાં તેઓ પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલનો રેફરન્સ સંઘે મીલ કંપની સામે કરેલો છે.

૨. પ્રથમ પક્ષકાર સંઘે એવી માંગણી કરેલ હતી કે, મિલ કંપનીમાં કામ કરતા તમામ કામદારો અને કર્મચારીઓને અમદાવાદની મિલના કામદારોને પ્રતી માસે તા. ૧-૧-૮૧ થી જે ધોરણે મકાન ભાડાનો લાભ આપેલો છે તે ધોરણ મુજબ મકાન ભાડાનો લાભ આપવો જોઈએ.

૩. આ રેફરન્સ અગાઉ સભ્ય શ્રી પંડયા સમક્ષ હતો ત્યારે તા. ૨૯/૮/૮૩ ના રોજ ચુકાદા ભાગ-૧ની કરેલો હતો અને તેમાં એવું ઠરાવેલ હતું કે, મીલ કંપનીએ કામદારો કર્મચારીઓને તા. ૧-૯-૮૩ થી ઘરભાડું ચુકવવું, પરંતુ રેફરન્સ કાંમદારોને પશ્ચાદવર્તી અસરથી ઘરભાડું આપવું કે નહીં તે અંગે આગળ ચલાવવા માટે રાખવામાં આવેલ હતો ત્યાર બાદ આ કામમાં પ્રથમ પક્ષકાર સંઘે તેમને ઘણી તકો આપવામાં આવેલ હોવા છતાં તે અંગે કોઈ ચુકાદો રજુ કરેલો નથી કે કોઇ રજુઆત કરેલી નથી. તેમ છતા તેમને અવારનવાર મુદતની અરજી આપેલી છે જે પરથી તેમને ઘણો સમય આપવામાં આવેલ છે. તેમને આ રેફરન્સનું કામ તા. ૧૪/૧૧/૯૦ના રાખેલ હતું ત્યારે આ સંઘ તરફથી આ કામમાં કોઈ હાજર થયેલ નથી. કોઈ પુરાવો તેમની માંગણી અંગે રજુ કરવામાં આવેલ નથી. તેથી એમ માનવા માટે કારણ રહે છે કે, સંઘને હવે આ રેફરન્સ અંગે કોઈ રસ રહયો હોય તેમ જણાતું નથી. પરીણામે આ રેફરન્સમાં કામદારોને ઘરભાડું પશ્ચાદવર્તી અસરથી આપવા અંગેની બાકીની માંગણી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૪. કામદારોને પશ્ચાદવર્તી અસરથી ઘરભાડું અપાવવાની સંઘની બાકી રહેલ માંગણી, તેમના પુરાવાના અભાવે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી અને તે રીતે

INDEX

આ રેફરન્સમાં હવે કંઈ કરવાનું રહેતું નથી, અને તે મુજબ તેનો નિકાલ થયેલો ગણવાનો રહેશે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

એન. એ. ચૌહાણ
સભ્ય
ઔધોગીક અદાલત, ગુજરાત

સહી જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૨૨–૧૧–૯૦

સહી/ આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

અમદાવાદ તા. ૧૧–૧–૯૦

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનિયમ અન્વયે

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના ક્રમાંક : ૬-ખ શમક-૨૭૩૫૯ આરયુ સને ૧૯૪૬ ના મુંબઈ ઔધોગીક સંબંધક અધીનીયમની કલમ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઓદ્યોગીક સંબંધ અધિનિયમ ગુજરાત નીયમોના નીયમ ૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ હું મજુર મહાજન સંઘ, અમદાવાદ અને મીહીર ટેક્ષટાઈલ્સ લી. અમદાવાદ ......ની વચ્ચે ઓધોગીક વીવાદમાં ઓદ્યોગીક ન્યાલયે આપેલ નીચે મુજબના નીવેડા સને ૧૯૯૧ માં જાન્યુઆરી માસના ૧૧મા દીને આથી નોંધ કરું છું.

ઓદ્યોગીક અદાલત, ગુજરાત રાજય, અમદાવાદ

આર. સી. ભટ્ટ, સભ્ય રૂબરૂ

INDEX

રેફરન્સ (આઈસી) નં. ૮૧/૯૦

મજુર મહાજન સંઘ, અમદાવાદ પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

મીહીર ટેક્ષટાઈલ્સ લિ. અમદાવાદ બીજા પક્ષકાર

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ.

મીલ કંપની તેનું ઓટો શાળ ખાતુ તથા પર્ન વાઈન્ડીંગ ખાતું તથા અનુષાંગીક ખાતામાં વારાફરતી અઠવાડીક રજા આપી સાતેય દીવસ ચલાવવા માંગે છે. વિ. અંગે...

૧. હાલની આ રેફરન્સ બીજા પક્ષકાર મીલ કંપની તેનું ઓટો શાળખાતુ તથા પર્ન વાઈન્ડીંગ ખાતુ તથા આનુષાંગિક ખાતાઓ તેના કારીગરોને વારાફરતી અઠવાડીક રજા આપીને અઠવાડીકના સાતેય દીવસ ચલાવવા માગે છે તે બાબતમાં મીલ કંપનીએ થમ પક્ષકાર યુનિયનને ફેરફારની નોટીસ આપતા પક્ષકારો વચ્ચે આ ાબતમાં અંદરોઅંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પક્ષકારો વચ્ચે એવોર્ડ ભાગ ૧ તેમના વચ્ચે થયેલ સમાધાન અનુસંધાન આંક ૬ થી આપવામાં આવેલ હતી ત્યાર બાદ બાકીની તકરારો માટે રેફરન્સ આગળ ચલાવવા માટે રાખવામાં આવેલ હતો, આગળની સુનાવણીમાં આંક ૬નું પુરસીસ આપી પક્ષકારો તરીકે રજુઆત કરવામાં આવી છે કે, મીલ કંપની બાકીની માંગણીઓ બાબતમાં નોટીસ ઓફ ચેન્જ ભવિષ્યમાં જરૂર પડે આપવાની શરતે હાલ પાછી ખેંચી લે છે, અને તા ૨૪-૫-૯૦ના રોજ આપવામાં આવેલ ચુકાદા ભાગ ૧ ને આખરી એવોર્ડ ગણી લેવા વીનંતી કરેલ છે. આ સંજોગોમાં હવે નીચે મુજબ હુકમ કરવાનો રહેશે.

હુકમ

૩. આ ચુકાદો કરવામાં આવેલ ચુકાદો ભાગ ૧ ને આખરી એવોર્ડ

INDEX

આપવામાં આવશે. બાકીની માંગણીઓ બાબતમાં મીલ કંપની ભવીષ્યમાં તે જરૂરત ઉપસ્થીત થયેથી ફરીથી નોટીસ ઓફ ચેન્જ આપી શકસે તેવા તેના હકક સાથે નોટીસ ઓફ ચેન્જ પાછી ખેંચી લેતા હોવાથી આ રેફરન્સમાં હવે આગળ કશું કરવાપણું ન રહેતું હોવાથી રેફરન્સ ફેસલ થયેલ ગણવામાં આવે છે, ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી આર. સી. ભટ
સભ્ય
ઔધોગીક અદાલત. ગુજરાત
અમદાવાદ.

સહી જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૧૬–૧૨–૯૦

સહી/ આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔધોગીક સંબંધક અધીનિયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૧–૧–૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના ક્રમાંક : ૬/ખ શમક/૨૭૩૬૦ આર યુ સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ–૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ—૭૦ની મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું મજુર મહાજન સંઘ, અમદાવાદ અને શ્રી અર્બુદા મીલ્સ લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ માં જાન્યુઆરી માસના ૧૧માં દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ

રેફરન્સ આઈસી નં. ૮૫/૧૯૮૯

મજૂર મહાજન સંઘ, અમદાવાદ પ્રથમ પક્ષકાર

અને

શ્રી અર્બુદા મીલ્સ લી. અમદાવાદ બીજા પક્ષકાર

મીલ કંપની શાળ ખાતામાં નવી ઓટો શાળ ઉપર સાદી શાળ ઉપર વીવરોને ટ્રેનીંગ આપી અને સળંગ સર્વીસ તથા વૈકલ્પિક રોજગારી આપવા માગે છે તે અંગે

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ

૧. આ રેફરન્સ બીજા પક્ષકાર મીલ કંપનીએ તેના શાળ ખાતામાં નવી ઓટો શાળ ઉપર સાદી શાળના કારીગરો વીવરોને ટ્રેનીંગ આપી સળંગ સર્વીસ

INDEX

વૈકલ્પિક રોજગારી આપવા માગે છે તે અંગે મીલ કંપનીએ યુનીયનને નોટિસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે મીલ કંપની તરફે આંક ૬નું પુરસીસ આપી જણાવેલ છે કે, મીલ કંપની ભવિષ્યમાં જરૂર ઉપસ્થિત થયે નોટીસ ઓફ ચેન્જ આપી શકશે તેવા હકક સાથે આ નોટીસ ઓફ ચેન્જ પાછી ખેંચી લે છે. આ સંજોગોમાં આ રેફરન્સમાં હવે કશું કરવાપણું જણાતું નથી. અને તે મતલબનો શેરો યુનીયન તરફે કરેલ છે. આથી હું નીચે મુજબ હુકમ કરુ છું.

હુકમ

૩. મીલ કંપની ભવિષ્યમાં ફરી જરૂર ઉપસ્થિત થયે નોટીસ આપી શકશે તેવા તેના હકક સાથેના રેફરન્સમાં કશું કરવાપણું રહેતું ન હોવાથી રેફરન્સ ફેસલ થયેલ ગણવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ
તા. ૨૨-૧૧ ૯.

વી. એચ. ઠાકોર
સભ્ય
ઔધોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ
તા. ૨૨--૧--૯

અમદાવાદ તા ૧૧-૧--૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિસંધક
મુંબઈ ઔધોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૩૬૧ આર યુ સને ૧૯૪૬ ના મુંબઈ સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ગુજરાત નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું મજુર મહાજન સંઘ, અમદાવાદ અને હિમાદ્રી ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧મા જાન્યુઆરી માસના ૧૧મા દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૪૧૪/૮૩

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન પ્રથમ પક્ષકાર
ભદ્ર, અમદાવાદ

અને

હિમાન્દ્રી ટેક્ષટાઈલ મીલ બીજા પક્ષકાર

યુનીયનની માંગણી મીલના ઈજનેર મીકેનીક ખાતામાં ૧ ઓઈલરની અને ૧ કેરીયર મેનની જગા ભરવા અંગે

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીને તેના ઈજનેર મીકેનીકલ ખાતામાં ત્રીજી પાળીમાં એક ઓઈલરની અને દીવસપાળીમાં એક કેરીયરમેનની જગા લાંબા સમયથી ખાલી છે તે ભરવા માટે નોટીસ ઓફ

INDEX

ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે કોઈ અંદરો અંદર સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે યુનિયને આંક ૫નું પુરસીસ આપી જણાવેલ છે કે, યુનિયનની માંગણી મુજબ ખાલી જગામાં કાયમી પાસ મીલ કંપનીએ હક્કદાર કારીગરોને આપી દીધેલ હોવાથી તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

એસ. એમ. નાયક
રજીસ્ટ્રાર

અમદાવાદ તા. ૨૭–૧૧–૯૦

વી. એચ. ઠાકોર
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ

અમદાવાદ તા. ૧૧–૧–૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ અન્વયે

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના ક્રમાંક : ૬/ખ શ્રમક-૨૭૩૬૨ આરયુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ ગુજરાત નીયમોના નીયમ ૭૦ થી મને આપવામાં આવેલ સત્તાનીરુએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદને નુતન મીલ કું. લી. અમદાવાદ......ની વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં જાન્યુઆરી માસના ૧૧ના દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગીક અદાલત ગુજરાત રાજ્ય, અમદાવાદ

વી. એચ. કાકોર, સભ્ય રુબરૂ

રેફરન્સ (આઈસી નં. ૬૬/૮૬

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર અમદાવાદ — પ્રથમ પક્ષકાર

અને

નુતન મીલ કું. લી. અમદાવાદ — બીજા કામદાર

યુનિયનની માંગણી મીલ કંપનીના સ્પીનીંગ ખાતામાં કેરીયરનો કરાર કરવો તથા એવોર્ડ મુજબ પગાર આપવા વિ. અંગે.

ઉદ્યોગ કોટન ટેક્ષટાઈલ

૧. આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, મીલ કંપનીના સ્પીનીંગ ખાતામાં સ્પીનીંગ કેરીયરનો કરાર કરવા તથા એવોર્ડ મુજબ પગાર આપવા બાબતમાં યુનિયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

INDEX

૨. ચાલુ રેફરન્સે પ્રથમ પક્ષકાર ટી. એલ. એ. એ આંક ૧૦નું પુરસીસ આપી જણાવેલ છે કે, આ કામમાં પક્ષકારો વચ્ચે તા- ૮–૧–૮૬ના રોજ સમાધાન થઈ ગયેલ છે. આ સંજોગોમાં તેઓ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને તેથી પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરુ છું.

હુકમ

૩. યુનિયન રેફરન્સ પાછો ખેંચી લેતું હોવાથી તે કેંસલ થયેલ ગણવામાં આવે છે ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

જ. જે. દવે
રજીસ્ટ્રાર

અમદાવાદ તા, ૧૭–૧૨–૯૦

વી એચ. ઠાકોર
સભ્ય
ઔદ્યોગીક અદાલત ગુજરાત
અમદાવાદ.

અમદાવાદ તા, ૧૧–૧–૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔધોગીક સંબંધક અધીનીયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના ક્રમાંક : ૬ ખ શમક–૨૭૩૬૩ આરયુ. સને ૧૯૪૬ ના મુંબઈ ઔધોગીક સંબંધક અધીનીયમની કલમ ૭૪ ૨ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔધોગીક સંબંધ અધીનિયમ ગુજરાત નીયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને ધી મહેશ્વરી મીલ કું લિ. અમદાવાદ......ની વચ્ચે ઔધોગીક વિવાદમાં ઔધોગીક ચાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૮૧ માં જાન્યુઆરી માસના ૧૧ના દીને આથી નોંધ કરું છું.

ઔધોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

એન. એ. ચૌહાણ, સભ્ય રૂબરૂ

રેફરન્સ આઈસી. નં. ૨૩૭ ૮૧

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

ધી મહેશ્વરી મીલ લિ. અમદાવા બીજા પક્ષકાર

મીલના કાર્ડ ખાતામાં પાળીવાર એક એક ડબાવાળા વધારી આપવા અંગે.

ચુકાદો

૧. હાલની રેફરન્સ મુંબઈ ઔધોગીક સબંધક અધીનિયમ ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધીનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩ (ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘે દાખલ કરેલો છે. સંઘે મીલ કંપનીને ૧૯૪૬ ના

અધિનિયમની કલમ ૪૨ ૨ મુજબની ફેરફારની સુચના તા. ૧૭–૨–૮૧ના રોજ આપેલી, જે અન્વયે ૧૯૪૬ના અધીનીયમ નીચે નિમાયેલ સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવવામાં નિષ્ફળ ગયેલા હોવાથી, તેમની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલની રેફરન્સ સંઘે દાખલ કરેલી છે

૨. પ્રથમ પક્ષકાર સંઘે મીલ કંપનીને ફેરફારની સુચના આપીને એવી માંગણી કરેલ હતી કે મીલ કંપનીના કાર્ડ ખાતામાં પાળીવાર એક એક ડબાવાળો વધારી આપવો જોઈએ અને આજ દીન સુધી લીધેલ કામનું યોગ્ય મહેનતાણું ચુકવી આપવું જોઈએ.

૩. આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર સંઘે આંક ૪થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરેલ છે, જ્યારે દ્વિતીય પક્ષકાર મીલ કંપનીએ તેમનો લેખીત જવાબ આંક ૫ થી રજુ કરેલ છે. ત્યાર બાદ આ કામમાં તા. ૯-૧–૮૬ના રોજ જવાબ રજુ થયા બાદ સંઘને તેમનો પુરાવો રજુ કરવા માટે ઘણી તકો આપવામાં આવેલ હોવા છતાં સંઘે તેમની માંગણીના સમર્થનમાં કોઈ પુરાવો રજુ કરેલો નથી અને અવારનવાર મુદતની માંગણી કરેલી છે જે અંગે સંઘે આંક ૬ થી આંક ૧૬ સુધીની અરજીઓ આપેલ છે જે અંગે તેમને પુરાવો રજુ કરવા માટે મુદતો આપવામાં આવેલ છે, તેમ છતાં સંઘે કોઈ પુરાવો રજુ કરેલ નથી. મીલ કંપનીએ તેના લેખીત જવાબમાં જણાવેલ છે કે, આ ખાતાની કાયમી સ્ટ્રેન્થ નકકી કરતો કરાર સંઘ સાથે તા. ૧૩–૪–૮૫ના રોજ થયેલ છે અને તે કરાર હાલ ચાલુ છે અને તે ટર્મીનેટ કર્યો નથી માંગણી રદ થવા પાત્ર છે. જે અંગે સંઘે ઘણી તકો આપેલ હોવા છતાં કોઈ પુરાવો રજુ કરેલ નથી છેવટે આ રેફરન્સ તા. ૨૧–૧૧–૯૦ના રોજ રાખેલ હતો ત્યારે પણ સંઘ તરફથી કોઇ હાજર રહેલ નથી કે કોઈ પુરાવો રજુ કરેલ નથી જેથી એમ માનવા માટે પુરતું કારણ રહે છે કે તેણને આ માંગણી અંગે કોઈ રસ રહેલ નથી. પરીણામે આ રેફરન્સમાં સંઘે કરેલી માંગણી અંગે કોઈ નિર્ણય લઈ શકાય તેમ નથી, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૪. સંઘે તેમની માંગણીના સમર્થનમાં કોઇ પુરાવો રજુ કરેલ નહીં હોવાથી

INDEX

માંગણી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી અને તે રીતે આ રેફરન્સ રદ કરવામાં આવે છે ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી/ નારણસીંહ ચૌહાણ
સભ્ય
ઔધોગીક અદાલત ગુજરાત

સહી- જી. જી. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ તા ૩૦–૧૧–૯૦

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔધોગીક સંબંધ અધિનીયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૧–૧–૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔધોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના ક્રમાંક ૬/ખ/શમક/૨૭૩૬૪ આર યુ સને ૧૯૪૬નાં મુંબઈ ઔધોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔધોગિક સંઘ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ–૯૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને ન્યુ ટેક્ષટાઈલ મીલ, અમદાવાદ ની વચ્ચે ઔધોગિક વિવાદમાં ઔધોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ માં જાન્યુઆરી માસના ૧૧ મા દિને આથી નોંધ કરું છું.

ઔધોગિક અદાલત ગુજરાત, અમદાવાદ

શ્રી એન. એ. ચૌહાણ સભ્ય રૂબરૂ

રેફરન્સ આઈસી નં. ૨૧૧/૮૩

INDEX

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

અમદાવાદ ન્યુ ટેક્ષટાઈલ મીલ્સ. અમદાવાદ દ્વિતીય પક્ષકાર

મીલના સ્પીનીંગ ખાતામાં સ્પીન્ડલ્સમાં આ કામગીરીમાં વધારો થયો હોવાથી સફાઈવાળાની સંખ્યામાં વધારો કરવા વગેરે અંગે.

પ્રથમ પક્ષકાર તરફે પ્રતિનિધિ સુરેન્દ્ર જોશી.

દ્વિતીય પક્ષકાર તરફે વકીલ કુ. મીનાબેન શાહ

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર સંઘ કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનું પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેમના તરફથી કરવામાં આવેલ છે. કામની હકીકત એ મુજબની છે કે, પ્રથમ પક્ષકાર સંઘે દ્વિતીય પક્ષકાર મીલને તા. ૧૫–૨–૮૩ના રોજ ૧૯૪૬ના અધિનિયમની 'કલમ ૪૨(૨) મુજબની ફેરફારની સુચના આપીને માંગણી કરેલ હતી કે, મીલના સ્પીનીંગ ખાતામાં સ્પીન્ડલ્સનો વધારો થયેલ હોવાથી સફાઈવાળાઓની સંખ્યામાં વધારો કરવાની જરૂર છે માટે તેમની સાથે ચર્ચા કરી તેમની સંખ્યામાં વધારો કરવો અને તેમની કામગીરી નક્કી કરવી અને આ જગાનો વધારો ન કરવામાં આવે ત્યાં સુધી સફાઈવાળાઓને યોગ્ય રકમનું મહેનતાણું ચુકવી આપવું આ માંગણીનો સ્વીકાર કરવામાં આવેલ ન હતો અને ૧૯૪૬ના અધિનિયમ નીચે નીમાયેલા સમાધાનકાર પણ પક્ષકારો વચ્ચે સમાધાન કરાવી શકેલા ન હતા એટલે તેઓએ પ્રથમ પક્ષકાર સંઘને તા.-૧૫–૩–૮૩ના રોજ નિષ્ફળતાનું પ્રમાણપત્ર મોકલી આપેલ હતું જેથી સંઘે સદરહુ માંગણીના ન્યાય નિર્ણય માટે આ અદાલતમાં રેફરંસ કરેલો છે.

૨. પ્રથમ પક્ષકાર સંઘે આંક ૪ મુજબનું માંગણાનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે મીલ કંપનીના રીંગ ફ્રેમ ખાતામાં અગાઉ ૩૭૨ સ્પીંડલના

INDEX

સાંચાઓ ચલાવવામાં આવતા હતા અને સદરહુ સાંચામાં ૩૭૨ સ્પીંડલના ધોરણે સફાઈવાળાઓનું વેતન નકકી કરવામાં આવેલ હતું પરંતુ મીલ કંપનીએ ૧૯૮૧ના અરસામાં ૪૫૦ સ્પીંડલના સાંચાઓ બદલેલા છે તેથી સફાઈવાળાઓની કામગીરીમાં વધારો થયેલો છે માટે સફાઈવાળાઓને તા. ૧–૭–૮૧થી વળતર ચુકવી આપવું જોઈએ અને તેમનો વધારાનો પગાર દર નકકી કરવો જોઈએ.

૩. દ્વિતીય પક્ષકાર મીલે આંક ૬ મુજબનો લેખિત જવાબ રજુ કરીને જણાવેલ છે કે. ૩૭૨ સ્પીંડલની જગાએ ૪૨૦ સ્પીંડલના સાંચાઓ મુકેલા છે. પરંતુ તે અંગે તા. ૨૩–૧૧–૮૧ના રોજ પ્રથમ પક્ષકાર સંઘ જોડે કરાર કરેલ છે અને તે કરાર કરતી વખતે સદર પરીવર્તનને કારણે જે કામદારોના શ્રમબોજમાં વધારો થયેલો હતો તેવા કામદારોને શ્રમબોજમાં વધારો લક્ષમાં લઈને વધારાનું વેતન આપવા માટેનો પગાર પણ નકકી થયેલો છે તે કરાર અમલમાં છે અને સદરહું ફેરફારને કારણે સ્પીંડલોની સંખ્યામાં ખાસ કોઈ વધારો થયેલો નથી માટે તેઓ વધારાનું કોઈ વેતન કે વળતર મેળવવા માટે હકકદાર નથી કારણ કે સફાઈવાળાઓનું જે વેતન નકકી કરવામાં આવેલ છે તે ૩૭૨ સ્પીંડલોના ધોરણે નકકી કરવામાં આવેલ નથી.

૪. પ્રથમ પક્ષકારે પોતાની માંગણીના સમર્થનમાં એક કામદાર રામજીભાઈ મગનભાઈને આંક ૮થી તપાસેલા છે. જ્યારે દ્વિતીય પક્ષકાર એમના અમલદાર શ્રી નાનુભાઈ શાહને આંક ૨૨થી તપાસેલા છે. દ્વિતીય પક્ષકારે ૧૯૮૧ની સાલમાં આ સાંચાઓના ફેરફાર વખતે થયેલ કરાર આંક ૭ની યાદી સાથે રજુ કરેલ છે તેમજ ત્યાર બાદ આ ખાતામાં પરીવર્તન કરવામાં આવ્યું ત્યારે ૧૯૮૭ની સાલમાં જે કરાર કરવામાં આવેલ છે તે પણ આંક ૨૧ની યાદી સાથે રજુ કરેલ છે.

૫. શ્રી જોશીની રજુઆત એવી છે કે, ૧૯૮૧ના અગાઉ ૩૭૨ સ્પીનડલના સાંચા હતા તેમાં પરીવર્તન કરીને ૪૨૦ અને ૪૮૦ સ્પીંડલવાળા સાંચાઓ મીલ કંપનીએ ૧૯૮૧ની સાલમાં નાખેલા છે અને તેથી સફાઈવાળાઓના શ્રમબોજમાં વધારો થયેલો છે માટે તેઓની વધારાના વળતર અંગેની માંગણી વાજબી છે માટે ૧–૭–૮૧થી વધારાનું વેતન ચુકવી આપવાનો દ્વિતીય પક્ષકાર મીલને આદેશ આપવાની ન્યાયના હીતમાં જરૂર છે. આની વિરૂદ્ધમાં કુ. મીનાબેન શાહની રજુઆત એવી છે કે, સાચાઓના પરિવર્તન કરતી વખતે ૧૯૮૧માં પણ મજુર

મહાજન સંઘ જોડે કરાર થયેલો છે અને ત્યારબાદ ૧૯૮૭માં પણ સદરહુ સાંચાઓમાં પરીવર્તન કરવામાં આવેલ છે તે વખતે પણ કરાર થયેલો છે અને તે કરાર મુજબ જેઓને શ્રમબોજમાં વધારો થયેલો છે તેઓને એટલે કે ઓઈલવાળા વગેરેને વધારાનું વેતન આપવા માટેનો સદરહુ કરારમાં નક્કી કરી નિર્ણય કરવામાં આવેલ છે અને તે મુજબ તેઓને વેતન ચુકવવામાં આવે છે. વાસ્તવમાં સાંચાઓના સ્પીંડલની સંખ્યામાં વધારો થવાને કારણે સફાઈવાળાઓના શ્રમબોજમાં કોઈ વધારો થયેલો નથી અને ખરેખર શ્રમબોજમાં વધારો થયેલ હોય તો ૧૯૮૭માં જ્યારે બીજો કરાર કરવામાં આવ્યો ત્યારે તેઓની સંખ્યામાં ઘટાડો કરવા માટે મજુર મહાજન સંઘ સંમત થાત નહીં અને તેઓના વેતન વધારવા અંગેનો પણ તે કરારમાં ઉલ્લેખ કરવામાં આવેલ હોત.

૬. પરીણામે સફાઈવાળાઓની વેતન વધારાની માંગણી સાંચાઓના પરીવર્તનને કારણે વાજબી છે કે કેમ ? તે નક્કી કરવાનું રહે છે. પક્ષકારો તરફથી જે પુરાવો રજુ થયો છે તે પુરાવો તથા જે મૌખિક રજૂઆત થઈ છે તે લક્ષમાં લેતાં આ અદાલત એવા નિર્ણય પર આવેલ છે કે, સાંચાઓના પરીવર્તનને કારણે સફાઈવાળાઓના શ્રમબોજમાં વધારો થયાની રજુઆત વાજબી નથી માટે તે માંગણી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. સદરહું નિર્ણય અંગેના સંક્ષિપ્તમાં કારણો નીચે મુજબનાં છે.

૭. પક્ષકારો વચ્ચે તકરાર નથી કે, ૧૯૮૦ અગાઉ ૩૭૨ સ્પીંડલના સાંચાઓ ચલાવવામાં આવતા હતા અને તે સાંચાઓમાંથી કેટલાક સાંચાઓ કાઢી નાખી તેમની જગાએ ૪૨૦ સ્પીંડલના સાંચાઓ જુદી મેઈકના નાખવામાં આવેલા છે. આ પરીવર્તન અંગે પ્રથમ પક્ષકાર સંઘ અને દ્વિતીય પક્ષકાર મીલ વચ્ચે તારીખ ૨૩–૧૧–૮૧ના રોજ આંક ૭ની યાદી સાથે રજુ કરવામાં આવેલ અ. નં. ૧ જેને આંક ૧૦ આપવામાં આવેલ છે તે કરાર થયેલો છે. સદરહું કરારમાં અગાઉ ૩૪૦ અને ૩૭૨ સ્પીંડલના કેટલા સાંચા હતા તેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે સાંચાઓના બદલે નવા કેટલા સ્પીંડલના સાંચાઓ નાખવામાં આવેલ છે તેનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે અને તે પરીવર્તનને કારણે કામદારોની સંખ્યામાં શું પરીવર્તન કરવાનું છે તેનો પણ ઉલ્લેખ કરેલો છે અને કઈ કઈ કક્ષાના કામદારોના શ્રમબોજમાં વધારો થયેલો છે તેનો ઉલ્લેખ કરેલો છે અને પરીવર્તનને કારણે ઓઇલવાળાના શ્રમબોજમાં વધારો થયેલો છે માટે તેઓને વધુ વેતન આપવાનું

INDEX

નક્કી થયેલ છે. પરંતુ તે કરારમાં સફાઈ કામદારોના શ્રમબોજમાં વધારો થયેલો છે અને તેથી તેઓ વધુ વેતન મેળવવા માટે હક્કદાર છે એવો કોઈ ઉલ્લેખ થયેલો નથી. આ કરાર થયા બાદ ૧૯૮૩માં પ્રથમ પક્ષકાર સંઘે આંક ૧૦ મુજબના પત્રથી સફાઈવાળાઓને પણ વધુ રકમ વળતર તરીકે આપવી જોઈએ એવી માગણી કરેલ હતી જેનો મીલ કંપનીએ તા. ૧૩–૧–૮૩ના રોજ આંક ૭/૧ના પત્રથી જવાબ આપેલ હતો અને જણાવેલ હતું કે, સાંચાઓના પરીવર્તનને કારણે સ્પીંડલોની સંખ્યામા કોઈ નોંધપાત્ર વધારો થયેલો નથી અને તેથી સફાઇવાળાઓ શ્રમબોજના કોઇ વધારાના કારણે વધુ રકમ વેતન તરીકે મેળવવા માટે હકકદાર નથી. મીલ કંપનીએ આ માંગણી સ્વીકારેલ નહીં માટે આ રેફરન્સ ૧૯૮૧માં કરવામાં આવેલ છે. ત્યારબાદ ૧૯૮૬માં આ મીલ કંપનીના સાંચાઓના પરીવર્તન અંગે તારીખ ૨૧–૨–૮૭ના રોજ આંક ૨૧ની યાદી સાથે રજુ કરવામાં આવેલ કરાર થયેલો અને તે કરાર મુજબ સાંચાઓના પરીવર્તનને કારણે અને સાંચાઓની સંખ્યામાં ઘટાડો થવાને કારણે જ સફાઈવાળાઓની સંખ્યા ૬ની હતી તેમાં ઘટાડો કરીને ૪ની સંખ્યા નકકી કરવામાં આવેલ છે અને આ સંખ્યા નકકી કરતી વખતે આ સફાઈવાળાઓની કામગીરીમાં કોઇ વધારો થયેલો છે તેવો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી તેમજ આ સફાઈવાળાઓને કોઈ વધુ રકમ વેતન યા વળતર તરીકે અપાવવામાં આવેલ નથી સફાઈવાળાઓની કામગીરીમાં વધારો થયેલો છે તેવો આ રેફરન્સ આ અદાલત સમક્ષ ન્યાય નિર્ણય માટે પડતર હતો તે દરમ્યાન સાંચાઓની સંખ્યામાં પરીવર્તન કરતો કરાર મજુર મહાજન સંઘે કરેલ છે. વાસ્તવમાં સફાઈવાળાઓની કામગીરીમાં જો કોઈ વધારો થયેલ હોય તો તેમને વિશેષ વળતર આપ્યા વગર ૧૯૮૭ની સાલમાં સાંચાઓના પરીવર્તન અંગે મજુર મહાજન સંઘ કોઇ કરાર કરે નહી. સદરહુ કરારમાં પણ સફાઇવાળાઓને કોઈ વિશેષ વળતર આપવામાં આવેલ નથી તે સંજોગોમાં પ્રથમ પક્ષકાર સંઘની સફાઈવાળાઓના શ્રમબોજમાં વધારો થયેલ છે માટે તેઓ સાંચાઓના પરીવર્તનને કારણે વિશેષ રકમ વળતર તરીકે મેળવવા માટે હકકદાર છે તેવી જે રજુઆત કરવામાં આવી છે તેમાં કઈ તથ્ય જણાતું નથી. સફાઈવાળાઓનો જે વેતન દર નકકી કરવામાં આવેલ છે તે સાંચાઓના ૩૭૨ સ્પીંડલ તેમને ચલાવવાના છે તે લક્ષમાં લઈને કરવામાં આવેલ છે એવી રજુઆત જરૂર કરવામાં આવેલ છે. પરંતુ તે બાબતનો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. સાંચાઓ જુદી જુદી બનાવટના આવે છે અને આવા જૂદી જૂદી કંપનીઓના બનાવટના સાંચાઓના સ્પીંડલની સંખ્યામાં

ફેરફાર હોય છે. કોઈકમાં ૩૪૦, કોઈકમાં ૩૭૨, કોઈકમાં ૪૨૦ અને કોઈકમાં ૪૮૦ સ્પીન્ડલ્સ પણ હોય. સફાઈવાળાઓની કામગીરી તો આ મશીનોનો કચરા સાફ કરવાનો હોય, તેમાં સ્પીન્ડલ્સના વધઘટના કારણે તેમના શ્રમબોજમાં વધારો ઘટાડો થાય એ રજુઆત બહુ ગળે ઉતરે તેવી જણાતી નથી. પરીણામે સાંચાઓના પરીવર્તનને કારણે સફાઈવાળાઓનો શ્રમબોજ વધેલો છે એવી જે રજુઆત કરવામાં આવેલી છે તેમાં કંઈ તથ્ય જણાતું નથી. માટે સાંચાઓના પરીવર્તનને કારણે સફાઈ કામદારોને વધુ વેતન મળવું જોઈએ એવી જે માંગણી કરવામાં આવેલી છે તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. જોશીની રજુઆત એવી છે કે, સાંચાઓના પરીવર્તનને કારણે ઓઈલવાળાઓને વધુ વેતન આપવામાં આવેલ છે તે જ સંજોગો પરથી ચોકકસ નિર્ણય લઈ શકાય કે સફાઈવાળાઓના શ્રમબોજમાં પણ વધારો થયેલો છે. આ રજુઆત સાથે સંમત થઈ શકાય તેમ નથી, કારણ કે તેલવાળાએ તો દરેક સ્પીન્ડલ્સમાં તેલ પુરવાનું હોય છે જ્યારે સફાઈવાળાઓએ દરેક સ્પીન્ડલમાથી કચરો કાઢવાનો હોતો નથી. પરંતુ જે કચરો જમીન ઉપર પડેલો હોય તે જ સાફ કરવાનો હોય છે. પરીણામે પ્રથમ પક્ષકાર સંઘ તરફથી જે માંગણી કરવામાં આવેલી છે તે વાજબી જણાતી નથી માટે તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. પરીણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૮. પ્રથમ પક્ષકાર સંઘ તરફથી કરવામાં આવેલ માંગણી વાજબી જણાતી નથી માટે તે રદ કરવામાં આવે છે. ખાસ સંજોગો લક્ષમાં લેતાં ખર્ચ અંગે કાઈ હુકમ કરવો જરુરી જણાતો નથી.

એન. એ. ચૌહાણ
સભ્ય
ઔધોગીક અદાલત. ગુજરાત

સહી- જી, જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૩૦-૧૧-૯૦

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔધોગીક સંબંધ અધીનીયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૧-૧-૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ૬/ખ/શમક/૨૭૩૬૫ આરથુ સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોશીએશન અમદાવાદ અને હીમાદ્રી ટેક્ષટાઈલ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં જાન્યુઆરી માસના ૨૧મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગીક અદાલત, ગુજરાત, અમદાવાદ સમક્ષ

વી. એચ. ઠાકોર સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી નં. ૧૮૩/૮૩

ટેક્ષટાઈલ લેબર યુનિયન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

અને

હિમાદ્રી ટેક્ષટાઈલ, અમદાવાદ — બીજા પક્ષકાર

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ.

યુનિયનની માંગણી, ફોલ્ડીંગ ખાતામાં કાયમી માણસોની સંખ્યામાં વધારો કરવા વગેરે અંગે.

૧. હાલની આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનીયનને બીજા પક્ષકાર મીલ કંપનીમાં મીક્ષીગ ખાતામાં કાયમી માણસોની સંખ્યામાં વધારો કરવા તથા દીવસ રાત પાળીમાં એક એક માણસ વધારી આપવા બાબતમાં યુનીયને બીજા પક્ષકાર મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરોઅંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

INDEX

૨. આ રેફરન્સ યુનિયને આંક-૨૬ નું પુરસીસ આપી જણાવેલ છે કે, પક્ષકારો વચ્ચે રેફરન્સમાં સમાવીષ્ટ માંગણીઓ બાબતમાં અદાલત બહાર સમાધાન થઈ ગયેલ હોવાથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતું નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે, જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આ સંજાગોમાં નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

૩. યુનિયન રેફરન્સ પાછો ખેંચી લેતું હોવાથી તે ફેંસલ થયેલ ગણવામાં આવે છે, ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી/ વી. એચ. ઠાકોર
સભ્ય
ઔધોગીક અદાલત, ગુજરાત
અમદાવાદ

સહી જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૨૨-૧૧-૯૦

આર. કે. પરમાર
સહાયક સંઘ, નિબંધક
મુંબઈ ઔધોગીક સંબંધ અધીનિયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૧-૧-૯૧

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનીયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના ક્રમાંક : ૬ ખ શમક–૨૭૩૬૬ આરયુ. સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનીયમની કલમ ૭૪-૨ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમ ગુજરાત નીયમોના નિયમ ૭ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને રાજનગર ટેક્ષટાઈલ મીલ નં. ૨ અમદાવાદ......ની વચ્ચે ઔદ્યોગીક વિવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ માં જાન્યુઆરી માસના ૧૧ના દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

એન. એ. ચૌહાણ, સભ્ય રૂબરૂ

રેફરન્સ આઈસી. નં. ૨૩૦/૮૧

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

રાજનગર ટેક્ષટાઈલ મીલ નં. ૨ અમદાવા — બીજા પક્ષકાર

સારણીખાતાના ફણીવાળા સૈયદ મુર્તુજા અને રાછવાલા જમાલુદીનને જરૂરી માલ સામાન લાવવાની કામગીરી અંગે મહેનતાણા અંગે.

ચુકાદો

૧. હાલની રેફરન્સ મુંબઈ ઔદ્યોગીક સબંધક અધીનિયમ ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધીનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩ (ક

INDEX

મુજબ પ્રથમ •પક્ષકાર સંઘે દ્વિતિય પક્ષકાર મીલ કંપની સામે દાખલ કરેલો છે. સંઘે મીલ ક્રુ. ને કલમ ૪૨[૨] મુજબની ફેરફારની સુચના તા. ૨૮–૨–૮૧ના રોજ આપેલી, જે અન્વયે ૧૯૪૬ના અધીનીયમ નીચે સરકારશ્રી તરફથી નિમાયેલ સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવવામાં નિષ્ફળ ગયેલા હોવાથી, તેમની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલની રેફરન્સ સંઘે દાખલ કરેલી છે

૨. પ્રથમ પક્ષકાર સંઘે મીલ કંપની પાસે એવી માંગણી કરેલ હતી કે મીલના સારણી ખાતાના ફણીવાળા શ્રી સૈયદ મુર્તજા અને રાછવાલાશ્રી જમાલુદ્દીન ને ત્રીજી પાળીનો જરુરી માલ સામાન લાવવાની જે વધારાની કામગીરી તેમની પાસેથી લેવામાં આવે છે ત્યારથી તેઓને યોગ્ય મહેનતાણું ચુકવી આપવું જોઈએ.

૩. આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર સંઘે આંક ૪થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરેલ છે, જ્યારે દ્વિતીય પક્ષકાર મીલ કંપનીએ તેમનો લેખીત જવાબ આંક ૬ થી રજુ કરેલ છે. ત્યાર બાદ આ રેફરન્સનું કામ પ્રથમ પક્ષકાર સંઘના પુરાવા માટે રાખવામાં આવેલ હતું. પરંતુ સંઘ તરફથી આ કામમાં અનેક તકો આપવામાં આવેલ હોવા છતાં કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી સંઘે આંક ૭થી આંક ૧૯ની મુદત માટેની અરજીઓ અવારનવાર આપેલ હતી. જે પરથી તેમને પુરાવો રજુ કરવા માટે ઘણો સમય આપવામાં આવેલ હતો. છેવટે આ રેફરન્સ તા. ૧૫–૧૧–૯૦ના રોજ રાખેલ હતો ત્યારે પણ સંઘ તરફથી મુદતની અરજી આપવામાં આવેલ હતી. જે અરજી નામાજુર કરવામાં આવેલ હતી. કારણ કે ઘણા વખતથી આ કામમાં સાક્ષી તેઓએ રજુ કરેલ નથી કે તે અંગે વાજબી કારણ પણ જણાવેલ નથી. પરિણામે એમ માનવા માટે કારણ રહે છે કે સંબંધીત કામદારોને આ રેફરન્સમાં કરેલી માંગણી અંગે કોઈ રસ રહ્યો હોય એમ જણાતુ નથી પરિણામે આ કામમાં સંઘના પુરાવાના અભાવે કોઈ યોગય નિર્ણય લઈ શકાય તેમ નથી માટે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

હુકમ

૪. સંઘે તેમની માંગણીના સમર્થનમાં પુરતી તકો આપયામાં આવેલ હોવા છતાં કોઇ પુરાવો રજુ કરેલ નહીં હોવાથી માંગણી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી અને તે રીતે આ રેફરન્સ રદ કરવામાં આવે છે ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

INDEX

સહી/ નારણસીંહ ચૌહાણ
સભ્ય
ઔદ્યોગીક અદાલત ગુજરાત

સહી- જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૩૦-૧૧-૯૦

અમદાવાદ તા. ૧૧-૧-૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનીયમ
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના ક્રમાંક : ૬/૫/શમક/૨૭૩૬૭ આર યુ સને ૧૯૪૬ ના મુંબઈ સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને શ્રી અર્બુદા મીલ કું. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧મા જાન્યુઆરી માસના ૧૧મા દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૧૦૬/૮૮

INDEX

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન પ્રથમ પક્ષકાર
ભદ્ર, અમદાવાદ

અને

શ્રી અર્બુદા મીલ કું. અમદાવાદ બીજા પક્ષકાર

રીંગ ફ્રેમ ખાતાના નવા યુનીટની ત્રીજી પાળીમાં ટીનટીન તરીકે કામ કરતાં શાંતીલાલ જેઠાલાલને હોદ્દા સહીતનો કાયમી પાસ આપવા અંગે

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીને રીંગ ફ્રેમ ખાતાના નવા યુનીટની ત્રીજી પાળીમાં ટીનટીન તરીકે કામ કરતાં શાંતીલાલ જેઠાલાલને હોદ્દા સહીતનો કાયમી પાસ આપવા અંગે બીજા પક્ષકાર મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે કોઈ અંદરો અંદર સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે યુનિયને આંક ૧૨નું પુરસીસ આપી જણાવેલ છે કે, આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

એસ. એમ. નાયક
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૨૭–૧૧–૯૦

વી. એચ. ઠાકોર
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ

અમદાવાદ તા. ૧૧-૧-૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ અન્વયે

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના ક્રમાંક : ૬/ખ શ્રમક-૨૭૩૬૯ આરસુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ (ગુજરાત) નીયમોના નીયમ ૭૦ થી મને આપવામાં આવેલ સત્તાનીરુએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદને સારંગપુર કોટન મેન્યુ. કું. લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં જાન્યુઆરી માસના ૧૧ના દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગીક અદાલત ગુજરાત રાજ્ય, અમદાવાદ

વી. એચ. ઠાકોર, સભ્ય રુબરુ

રેફરન્સ (આઈસી) નં. ૧૯૭/૮૭

INDEX

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, પ્રથમ પક્ષકાર
ભદ્ર, અમદાવાદ

અને

સારંગપુર કોટન મેન્યુ. કું. લી. અમદાવાદ બીજા કામદાર

મીલ કંપની ફ્રેમ સેક્શનમાં ૨૪ને બદલે ૨૦ કારીગરોની સ્ટ્રેન્થ રાખવા માંગે છે તે અંગે.

ઉદ્યોગ કોટન ટેક્ષટાઈલ

૧. આ રેફરન્સ બીજા પક્ષકાર મીલ કંપની તેના ફ્રેમ સેક્શનમાં ૨૪ના બદલે ૨ કારીગરોની સ્ટ્રેન્થ રાખવા માંગે છે તે બાબતમાં મીલ કંપનીએ યુનિયનને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨ ચાલુ રેફરન્સે બીજા પક્ષકાર મીલ કંપનીએ આંક ૭નું પુરસીસ આપી જણાવેલ છે કે, મીલ કંપની ભવીષ્યમાં જરૂર પડે ફરી નોટીસ ઓફ ચેન્જ આપી શકશે તેવા તેના હકક સાથે આ હાલની નોટીસ પાછી ખેંચી લે છે. જયારે યુનિયને આંક ૮નું પુરસીસ આપી જણાવેલ છે કે, મીલ કંપની નોટીસ ઓફ ચેન્જ પાછી ખેંચી લેતી હોઈ તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરૂ છું.

હુકમ

૩. મીલ કંપની નોટીસ ઓફ ચેન્જ પાછી ખેંચી લેતી હોય યુનીયને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

એસ. એમ. નાયક
૨૭૨૯:૧૨

અમદાવાદ તા. ૨૭–૧૨–૯૦

INDEX

વી. એચ. ઠાકોર
સભ્ય
ઔદ્યોગીક અદાલત ગુજરાત
અમદાવાદ.

અમદાવાદ તા, ૧૧–૧–૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ૬/ખ/રામક/૨૭૩૬૮ આરયુ સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોશીએશન અમદાવાદ અને અમૃતા મીલ કું. લી, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં જાન્યુઆરી માસના ૧૧મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગીક અદાલત, ગુજરાત, અમદાવાદ સમક્ષ

વી. એચ. ઠાકોર સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૨૦૮/૮૬

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

અને

અમૃતા મીલ કું. લી., અમદાવાદ — બીજા પક્ષકાર

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ.

યુનિયનની માંગણી મીલ કંપનીના ઓટો શાળ ખાતામાં દરેક પાળીમાં એક ટેકલર અને આસી. ટેકલરને વર્ષમાં બે જોડી કપડા આપવા બાબત

૧. હાલની આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનીયનને બીજા પક્ષકાર મીલ કંપનીમાં ઓટો શાળ ખાતામા દરેક પાળીમાં એક ટેકલર અને આસી. ટેકલરને વર્ષમાં બે જોડી કપડા આપવા બાબતમાં યુનીયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરોઅંદર કોઇ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. આ રેફરન્સ યુનિયને આંક ૧૧ નું પુરસીસ આપી જણાવેલ છે કે, હાલમાં મીલ કંપની સદંતર બંધ થઇ ગયેલ હોઈ ભવિષ્યમાં મીલ પુનઃ શરૂ થયે તેઓ ફરી નોટીસ આપી શકશે તેવા તેના હકક સાથે આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે, જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આ સંજોગોમાં નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

૩. યુનિયન મીલ કંપની ફરી ચાલુ થયેલ નોટીસ ઓફ ચેન્જ આપી શકશે તેવા હકક સાથે આ રેફરન્સ પાછો ખેંચી લેવામાં આવે છે, ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી વી. એચ. ઠાકોર
સભ્ય
ઔદ્યોગીક અદાલત, ગુજરાત
અમદાવાદ

સહી એસ. એમ. નાયક
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૨૭–૧૧ ૯૦

અમદાવાદ તા. ૧૧–૧–૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ, નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમ
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના ક્રમાંક ૬/ખ/શમક/૨૭૩૭૦ આર યુ સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને અમદાવાદ ટેક્ષટાઈલ મીલ, એસોશીએશન અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ માં જાન્યુઆરી માસના ૧૧ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત, અમદાવાદ

શ્રી એચ. ડી. પંડ્યા પ્રમુખ

શ્રી એન. એ. ચૌહાણ સભ્ય રૂબરૂ

શ્રી વી. એચ. ઠાકોર સભ્યની કુલ બેન્ચ રૂબરૂ

અરજી આઈસી નં. ૨/૮૬

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ

વિરુદ્ધ

૧. અમદાવાદ ટેક્ષટાઈલ મીલ એસોસીએશન, અમદાવાદ.

૨. હિમદ્રી ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદ,

૩. જહાંગીર ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદ.

૪. ન્યુ માણેકચોક ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદ.

૫. રાજનગર ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદ.

INDEX

૬. અમદાવાદ જ્યુપીટર ટેક્ષટાઇલ મીલ, અમદાવાદ.

૭. અમદાવાદ ન્યુ ટેક્ષટાઇલ મીલ્સ, અમદાવાદ.

૮. અનીલ સિન્થેટીક્સ લી. અમદાવાદ.

૯- અમદાવાદ મેન્યુ. અને કેલીકો પ્રિન્ટીંગ કું. લિ.
અમદાવાદ. (કેલીકો મીલ)

૧૦. અમદાવાદ મેન્યુ. એન્ડ કેલિકો પ્રિન્ટીંગ કું. લિ.
અમદાવાદ. જ્યુબીલી મીલ)

૧૧. હઠીસીંગ મીલ લિ. અમદાવાદ.

૧૨. ગુજરાત સ્ટેટ ટેક્ષટાઈલ કોર્પોરેશન, અમદાવાદ. સામાવાળા

રેફરન્સ (આઈસી) નં. ૧૩૪ ૯૦

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન. અમદાવાદ પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

અમદાવાદ ટેક્ષટાઇલ મીલ એસોસિએશન, અમદાવાદ. બીજા પક્ષકાર

રેફરન્સ આઈસી. ૧૫૭/૯૦

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી અમદાવાદ ટેક્ષટાઈલ મીલ એસોસીએશન, અમદાવાદ. બીજા પક્ષકાર

INDEX

રેફરન્સ આઈસી નં. ૧૮૫/૯૦

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી અમદાવાદ ટેક્ષટાઈલ મીલ એસોસીએશન, અમદાવાદ. બીજા પક્ષકાર

રેફરન્સ આઈસી. નં. ૧૮૭/૯૦

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી અમદાવાદ ટેક્ષટાઈલ મીલ એસોસીએશન અમદાવાદ. બીજા પક્ષકાર

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ.

બી. આઈ. આર. એક્ટની કલમ ૧૧૬ એ અન્વયે અરજી.

સભ્ય મીલોમાં કામ કરતા તમામ કામદારો ટેકનીકલ સુપરવાઈઝર અને ઓફીસર સ્ટાફને તેમજ કલેરીકલ સ્ટાફને લીવ ટ્રાવેલીંગ એલા. તથા તા. ૧–૧–૮૯ થી વાહનભથ્થું આપવા અંગે.

ચુકાદો ભાગ ૧.

૧. અરજી આઈસી. નં. ૨/૮૬ ના અરજદાર ટેક્ષટાઈલ લેબર એસોસીએશન ટી. એલ. એ. અમદાવાદે આ અરજી અરજીમાં જણાવેલા કામદારોનો મુળ પગાર, અરજીમાં જણાવ્યા પ્રમાણે સુધારવા તથા કામદારોને તા. ૧–૧–૮૫થી દર વર્ષે એડહોક રૂા, ૧૦ નો વધારો આપવા વગેરે માટે કરેલી છે.

INDEX

૨. આ અરજીની સુનાવણી ચાલુ હતી તે દરમીયાન ટેક્ષટાઇલ લેબર એસોસીએશન તથા અરજીના સામાવાળા નં. ૧ અમદાવાદ ટેક્ષટાઈલ મીલ એસોસીએશન આત્માએ આ કામમાં આંક ૪ નું સમાધાન રજુ કરેલું છે. ટેક્ષટાઈલ લેબર એસોસીએશને રેફરન્સ આઈસી નં. ૧૩૪–૯૦ની અમદાવાદ ટેક્ષટાઈલ મીલ એસોસીએશન વિરૂદ્ધ ઉપસ્થીત કરેલો છે અને તમાં એવી ઔદ્યોગીક તકરાર ઉપસ્થીત કરવામાં આવેલ છે કે, બીજા પક્ષકર ટેક્ષટાઈલ મીલના એસોસીએશન સભ્ય મીલોમાં કામ કરતા કામદારો કલાર્ક સહીતને સદરહુ મીલો લીવ ટ્રાવેલ એલા. ચુકવે. તેથી જે રીતે ટેક્ષટાઇલ લેબર એસોસીએશન રેફરન્સ નં. ૧૮૭–૯૦નો અમદાવાદ ટેક્ષટાઇલ મીલ એસોસીએશન, અમદાવાદ વિરુદ્ધ ઉપસ્થીત કરેલો છે અને તેમાં ટેક્ષટાઈલ લેબર એસોસીએશને એવી ઔદ્યોગીક તકરાર ઉપસ્થીત કરેલી છે કે, અમદાવાદ ટેક્ષટાઈલ મીલના એસોસીએશને સભ્ય માલોમાં કામ કરતા ટેકનીકલ સુપરવાઈઝરો અને ઓફીસર સ્ટાફ વગેરેને સદરહુ મીલો લીવ ટ્રાવેલ એલા. ચુકવી આપે. તેવી જ રીતે ટેક્ષટાઈલ લેબર એસોસીએશને અમદાવાદ ટેક્ષટાઈલ મીલ એસોસીએશન, અમદાવાદ વીરુદ્ધ રેફરન્સ આઈસી નં. ૧૫૭–૯૦ની ઉપસ્થીત કરેલો છે, જેમાં એવી ઔદ્યોગીક તકરાર ઉપસ્થીત કરવામાં આવી છે કે, અમદાવાદ ટેક્ષટાઈલ મીલ એસોસીએશને સભ્ય મીલો કામદારો, કલેરીકલ સ્ટાફ સહીતને તા. ૧–૧–૮૯થી એડકયુએટ કન્વેયન્સ એલા. ચુકવી આપે તેમ ટેક્ષટાઇલ લેબર એસોસીએશન અમદાવાદે ટેક્ષટાઈલ મીલ એસોસીએશન, અમદાવાદ વિરુદ્ધ રેફરન્સ આઈસી નં. ૧૮૫–૯૦ની ઉપસ્થીત કરેલી છે, તેમાં એવી ઔદ્યોગીક તકરાર ઉપસ્થીત કરવામાં આવી છે કે, અમદાવાદ ટેક્ષટાઇલ મીલ એસોસીશન, અમદાવાદે તેમના સભ્ય મીલો તેમના ટેકનીકલ સુપરવાઈઝર અને ઓફીસર સ્ટાફને તા. ૧–૧–૮૯થી એડકયુએટ કન્વેયન્સ એલાવન્સ ચુકવી આપે.

૩. ઉપરના માન્ય રેફરન્સ, રેફરન્સ આઈસી નં. ૧૩૪-૯૦, નં. ૧૫૭-૯૦, નં. ૧૮૫/૯૦ અને નં. ૧૮૭/૯૦ના રેફરન્સી પક્ષકારોએ ફુલ બેન્ચે નિર્ણય માટે રીફર કરવા માટે વિનંતી કરતાં તેઓને રેફરન્સ આઈસી નં. ૧૩૪/૯૦ના કામમાં જે આંક ૫ની અરજી આપેલી તે હેકળ કરેલા હુકમ સુજબ મંજુર કરવામાં આવી છે. અને આથી આ માન્ય રેફરન્સો ફુલ બેન્ચને નિર્ણય માટે રીફર કરવામાં આવેલા છે.

૪. અરજી (આઈસી) નં. ૨/૮૬ના કામમાં ટેક્ષટાઈલ લેબર એસોસીએશન તથા અમદાવાદ ટેક્ષ. મીલ એસોસીએશન (આત્મા) એ જે આંક ૪૮નું સમાધાન રજુ કર્યું છે તે સમાધાનની ઉપરના રેફરન્સોને પણ સ્પર્શે છે અને આથી ટેક્ષટાઈલ લેબર અસોસીએશન તથા અમદાવાદ ટેક્ષટાઈલ મીલ એસોસીએશન, અમદાવાદ સદરહુ અરજીમાં આંક ૪ ની અરજી આપી વીનંતી કરેલ છે કે, ઉપરના તમામ કામ એટલે કે, અરજી (આઈસી) નં. ૨/૮૬ તથા રેફરન્સ (આઈસી) નં. ૧૩૪/૯૦, નં. ૧૫૭/૯૦, નં. ૧૮૫/૯૦ અને નં. ૧૮૭/૯૦ના કામમાં કોન્સીલીડેટ એવોર્ડ આપવો અને તેમની આ અરજી માન્ય રાખવામાં આવેલી છે.

૫. અરજી (આઈસી) નં. ૨–૮૬ તથા ઉપર જણાવેલ રેફરન્સ આઈસી નં. ૧૩૪–૯૦, નં. ૧૫૭–૯૦, નં. ૧૮૫–૯૦ અને નં. ૧૮૭–૯૦ની સુનાવણી દરમીયાન અરજી નં. ૨–૮૬ના કામમાં જે આંક ૪૮ નું સમાધાન આપવામાં આવ્યું છે, તે સમાધાન મુજબ પક્ષકારોને પાર્ટ એવોર્ડ કરી આપવા માટે વીનંતી કરેલી છે સમાધાનની શરતો જોતાં તથા હાલના સંજોગો જોતાં અમારા મંતવ્ય મુજબ સમાધાનની શરતો યોગ્ય અને વાજબી જણાય છે અને આથી સદરહુ સમાધાનમાં જણાવ્યા મુજબ ઉપરના તમામ કામમાં પાર્ટ એવોર્ડ કરી આપવો જોઈએ. આથી અમો નીચે મુજબ હુકમ કરીએ છીએ.

હુકમ

૬. અરજી (આઈસી) નં. ૨/૮૬ના અરજદાર ટેક્ષટાઈલ લેબર એસોસીશન તથા સામાવાળા નં. ૧ અમદાવાદ ટેક્ષટાઈલ મીલ એસોસીએશન (આત્મા) ને અરજી–આઈસી નં. ૨/૮૬ ના કામમાં જે આંક ૪૮નું સમાધાન રજુ કર્યું છે તે મુજબ ચુકાદો આપવામાં આવે છે. આ અરજીમાં ટેક્ષટાઈલ લેબર એસોસીએશની બાકીની માગણીઓ તથા બાકીના પક્ષકારો સામે જે માંગણીઓ છે તે પુરતી અરજી આગળ ચલાવવી. રેફરન્સ–આઈસી નં. ૧૩૪/૯૦, નં. ૧૫૭/૯૦, નં. ૧૮૫/૯૦ અને નં. ૧૮૭/૯૦ ના પક્ષકારો વચ્ચે પણ ઉપર મુજબ સમાધાન થવાની તે મુજબ કોન્સીલીડેટ પાર્ટ એવોર્ડ આપવામાં આવે છે. પક્ષકારોને આંક ૪૮ના સમાધાન મુજબ વર્તવું, આંક ૪૮ના સમાધાનની એક નકલ આ હુકમ સાથે રાખવી. આ રેફરન્સોમાં ટેકસટાઈલ લેબર એસોસીએશનની જે બાકીની

માંગણીઓ છે તે પુરતા આ રેફરન્સ આગળ ચલાવવા ખર્ચ સંબંધી કોઈ હુકમ નથી

સહી હ. ધી. પંડયા
પ્રમુખ ૫–૧–૯૧

સહી નારણસિંહ ચૌહાણ
સભ્ય
ઔદ્યોગીક અદાલત, ગુજરાત

સહી અવાચ્ય
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૫–૧–૧૯૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનીયમ
અમદાવાદ.

BEFORE THE HON'BLE INDUSTRIAL COURT (GUJARAT) AT AHMEDABAD

Misc. Appln, (IC) No. 2/86

Between

Textile Labour Association Ahmedabad.

And

Ahmedabad Textile Mills' Association and others

INDEX

In the matter of application under Section 116A of the Bombay Industrial Relations Act. 1946. for modification of the Award dated 21-4-1948 in Ref. (IC) No. 18-47 as modified from time to time including the Award in Misc. Appln. No. (IC) 2/74, Misc. Appln. (IC) No. 10/79 and 13/79

And

Ref. (IC) No. 134/90

Between

Textile Labour Association. Ahmedabad

And

Ahmedabad Textile Mills' Association Ahmedabad.

In the master of demand by Textile Labour Association for the grant of Leave Travel Allowance to the employees working in the mills.

And

Reference (IC) No. 157 of 1990

Between

Textile Labour Association, Ahmedabad

And

Ahmedabad Textile Mills' Association and others

In the matter of demand by Textile Labour Association for giving benefits of Conveyance Allowance to the employees, Clerical staff. etc.

INDEX

And

Reference (IC) No 185 of 1999

Between

Textile Labour Association, Ahmedabad.

And

Ahmedabad Textile Mills' Association and others

In the matter of demand by Textile Labour Association for grant of Conveyance Allowance to the Technical Supervisory And Officers Staff

And

Reference (IC) No. 187 of 1990

Between

Textile Labour Association, Ahmedabad.

Ahmedabad Textile Mills' Association and others.

In the matter of demand by Textile Labour Association for grant of Leave travel allowance to the technical supervisiory and officers staff.

The parties beg to point out that this Hon'ble Court has been pleased to give part I Award in Miscellaneous Application (IC) No. 2 of 1986 dated 30-9-1986, giving ad-hoc rise of Rs. 70/- per month to the emplloyees effective from 1-4-1986. Thereafter an agreement has been arrived at between the Millowners' Association, Bombay, reprerenting its member Mills and the Rashtriya Mill Mazdoor Sangh

INDEX

Bombay dated 23-2-1990 and as modified by Agreement dated 12-3-1990 giving the benefits of annual increment, conveyance allow-anca leave travel allowance etc. Based on the aforesaid agreements for the Textile Mills at Bombay, the Textile Labour Association Ahmedabad has moved this Hon'hle Court for granting of similer benefits to the employees clatical staff, supervisory technicai and officers staff employed ih the Textile Industry at Ahmedabad After Protrarted negotiations between the parties, the parties have arrived at an amicable agreement in terms mentioned here under any pray the Hon'ble Court to give part-II Award in terms mentioned here under :—

TERMS OF SETTLEMENT

1, Rs. 70 given by the Hon'ble Gourt vide Part I Award dated 30-9-1986 shall be treated as intarim relief which shall cease to be paid after 1-12-1990.

2. Effective from 1-12-1990 all the employees governed by the Bombay Industrial Relations Act 1945. who are on the Muster Roll of the Member Mills as on 1-1-1991 will be paid additional emoluments as under :—

A. Effective from 1-12-1990 (payable in January 1991) total additional emoluments aggregating to Rs. 105 p. m. of 26 working days. made up of-

(i) Lumpsum addition to the basic wages/salary without D. A.	Rs. 70
(ii) Annual increment without D. A.	Rs. 10
(iii) Conveyance Allowance	Rs. 15
	105

INDEX

B. Effective from 1-4-1991 total additional emoluments aggregating to Rs. 115 p. m. of 26 working days, made up of—

(i) Lumpsum addittion to the basic wages salary without D. A,	Rs. 70
(ii) Annual increment without D. A, inclusive of annual increment given effective from 1-12-1990	Rs. 20
(iii) Conveyance Allowance	Rs. 25
	Rs. 115

C. Effective from 1-4-1992 total additional emoluments aggregating to Rs. 115 p. m. of 26 working days mace up of.—

(i) Lumpsum addition to the basic wages/salary without D. A.	Rs. 70
(ii) Annual increment without D. A. inclusive of annual increment given effec ive from 1-12-90 and 1-4-91	Rs. 30
(iii) Conveyance Allowance	Rs, 25
	Rs. 125

D. Effective from 1-4-1993 total additional emoluments aggregating to Rs. 135 p. m. of 26 working made up of.—

INDEX

(i) Lumpsum addition to the basic wages/salary withoui D. A.	Rs. 70
(ii) Annual increment without D, A. inclusive of annual incremen! given effective from 1-12-1990, -4-1991 and 1-4-1992	Rs. 40
(iii) Conveyance Allowances	Rs. 25
	Rs. 135

E, Effective from i-4-1994 total additional emoluments aggregating to Rs. 145 p. m. of 26 working days made up of.—

(i) Lumpasum addition to the bassc wages salary without D. A.	Rs. 70
(ii) Annual increment without D. A, inclusive of annual increment given effective from 1-12-1990, 1-4-1991 1-4-1992 and 1-4-1993	Rs. 50
(iii) Conveyance Allowances	Rs. 25
	Rs, 145

2. In the case of monthly-rated employees namely Clerks, Nurses, Watch & Ward Staff and Technical and Supervisory Staff covered under the B. I. R. Act the lumpsum addition of Rs. 70 per

morth to the basic wages/salary without dearness allowancc and annual increment of Rs. 10 without dearness allowance and conveoanee allowance referred to in sub—clauses A to E of Clause 2 shall relate to the number of days in a calendar month.

3. The aunual increments referred to in clauses 2—A. B. C. D. E. will be paid to every permanent operative and also to every badli operative who has worked for not less than 240 days in the immediately proceding calender year.

In computing the 240 days the number of days on which—

(a) he/she has beeu laid off under the Standing Orders.

(b) he/she has been on leave with full wages earned in the previous year.

(c) he/she has been absent due to temporary dissblamant caused by accideut arising out of and in the course of his her employment. and

(d) In the case of female employee she has been on mbternity leave so however. that the total period of such mateenity leave does not exceed twelve weeks.

Shall be taken into account.

4, (a) The conveyance allowance refesred to in Clause 2 will be paid only for the days of actual work during the month (which shall include the days on which the employee was on leave with wages or on paid casual leave as well as all the paid festival holidays) both to the permanent employees as well as badlie. In other words, this allowance will not be paid for the days of absence without wages/salary or leave without wages/salary and also when the employes is absant dua to sickness.

INDEX

(b) No Provident Fund Contribution, ESIC Contribution, Gratuiry, Bonus, Dearness Allowance, Overtime or any other benefits will be payable on conveyance allowance,

(c) This allowance shall be subject to such taxes as way be specified under the low.

5. The ATMA on behalf of the Member Mills has agreed to give Leave Travel Allowance effectige from 1-1-1991 to every permanent employee and also to every badli employee who has worked for not less than 240 days in the immediately preceding explained in Clouse 3 above. However, the question to be given as Leave Travel Allowance and the conditions/modelities for this purpose will be negotiated by the parties and the parties will submit the agreement in this respect later on.

6. The parties have agreed to keep pending the retrospective effect, if any, ta be given to the employees pertaiaing to annual increments conveyance allowance and Leave Travel Allawance.

7. In case of mills which are declared as sick units under the Sick Industrial Companies (Special Provisions Act, 1985, the operation of this agreement in subjecs to the sanction of the Board for Industrial and Financial Reconstruction.

8. It is agreed that during the period of operation of this agreement i. e. till 31sf March, 1995. the Textile Labour Association will not raise any new demand on an industry-wise basis, except that of annual bonus. involving financial burden on Member Mills of ATMA.

9. If a dispute or difference of opinion arisee in regard to implementation and or interpretation of this agreement, it will be sattled by negotiations between ATMA and the

INDEX

Textile Labour Association failing which, the matter will be referred. under Section 66 of the Bombay Industrial Relations Act, 1946, to a Committee of two persons one each to be nominatcd by ATMA and the Textile Labour Association. The decision of the said Committee will be binding on both the parties. In case af any difference of opinion between the two persons on the Committee, the matter will be referred to an unpro to suggested by the two persons on the Committee.

10. In view of the provision in the above mentioned clause (9), neither the ATMA ncr its Member Mills, nor Eextile Labour Association nor any employee in any Member Mill will approach any authority or for us under any Labour Legisla-tion for seeking implementation and or interpretation of this agreement or for recovery of any money or benefit payable under this agreement.

Sd—Illegible
For, Ahmedabad Textile Mills, Association.

Sd—Illegible
For, Textile Labour Association. Ahmedabad.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનીયમ અન્વયે

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના ક્રમાંક ૬/ખ-શમક-૨૭૩૭૧ આરયુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમની કલમ-૭૪-૨ સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ (ગુજરાત) નીયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને અરવીંદ મીલ્સ કું લી. અમદાવાદની વચ્ચે ઔધોગીક વીવાદમાં ઔધોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના સને ૧૯૯૧માં જાન્યુઆરી માસના ૧૧મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગીક અદાલત, ગુજરાત, અમદાવાદ

વી. એચ. ઠાકોર સભ્ય રુબરુ

રેફરન્સ (આઈસી) નં. ૫૬-૯૦

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન ભદ્ર અમદાવાદ — પ્રથમ પક્ષકાર

અને

અરવીંદ મીલ્સ કુા. લી. અમદાવાદ — બીજા પક્ષકાર

ઉધોગ કોટન ટેક્ષટાઈલ

આ રેફરન્સ મીલ કંપનીના ઓટા શાળ ખાતામાં દિવસ અને રાત પાળીમાં બંધ ઓપનનું કાયમી સ્ટ્રેન્થ નક્કી કરવા અને કાયમી સ્ટ્રેન્થ વધારવા અંગે પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં તે ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પ્રથમ પક્ષકાર યુનિયનેને આંક ૯નું પુરસીસ આપી જણાવેલ છે કે, આ રેફરન્સની માંગણી બાબતમાં પક્ષકારો વચ્ચે અંદરો અંદર

સમાધાન થઈ ગયેલ હોવાથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતુ નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુંજબ હુંકમ કરૂં છું.

હુકમ

રૂ. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુંકમ આપવામાં આવતો નથી.

વી. એચ. ઠાકોર
સભ્ય
ઔધોગીક અદાલત, ગુજરાત

સહી એસ. એમ. નાયક
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૨૭–૧૧–૯૦

સહી/ આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

અમદાવાદ તા. ૧૧-૧-૯૦

INDEX

સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગીક સંબંધક અધિનિયમ અન્વયે

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસૂચના ક્રમાંક : ૬-ખ શમક-૨૭૩૭૨ આરયુ સને ૧૯૪૬ ના મુંબઈ ઔધોગીક સંબંધક અધીનીયમની કલમ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઓદ્યોગીક સંબંધ અધિનિયમ ગુજરાત નીયમોના નીયમ ૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને અરવીંદ મીલ્સ લી. અમદાવાદ ......ની વચ્ચે ઔદ્યાગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાલયે આપેલ નીચે મુજબના નીવેડો સને ૧૯૯૧ માં જાન્યુઆરી માસના ૧૧મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગીક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

એન. એ. ચૌહાણ, સભ્ય રુબરુ

રેફરન્સ આઇસી નં. ૧૫૬/૮૪

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

અરવીંદ મીલ્સ લી. અમદાવાદ દ્વિતીય પક્ષકાર

સ્ટેમ્પીંગ ખાતાના સ્ટેમ્પર લક્ષ્મણભાઈ ધીરૂભાઈને સ્લીપમેન બનાવી તે જગ્યાએ કાયમ કરવા અને સેમી કલાર્કનો પગાર આપવા અંગે.

ઉધોગ : કોટન ટેક્ષટાઈલ.

પ્રથમ પક્ષકાર સંઘ તરફે પ્રતિનિધિ શ્રી સુરેન્દ્ર જોશી.

દ્વિતીય પક્ષકાર તરફે વકીલ શ્રી રાવજીભાઈ પટેલ.

INDEX

ચુકાદો

૧. હાલનો રેફરંસ મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર, કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનું પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેમના તરફથી કરવામાં આવેલ છે.

૨. કામની હકીકત એ મુજબની છે કે, પ્રથમ પક્ષકારે તા. ૧૫-૧૨-૮૩ના રોજ ૧૯૪૬ના અધિનિયમની કલમ ૪૨(૧) મુજબની એક ફેરફારની સુચના આપી દ્વિતીય પક્ષકાર મીલ કંપની પાસે એવી માંગણી કરેલ હતી કે, તેમની મીલના સ્ટેમ્પીંગ ખાતામાં સ્ટેમ્પર તરીકે કામ કરતાં લક્ષ્મણભાઈ ધીરુભાઈને પહેલી પાળીમાં સ્લીપમેનની જે જગ્યા ખાલી પડી છે તેમાં તેમને સ્લીપમેન તરીકે મુકવા જોઈએ અને તા. ૧-૯-૮૩થી તેમને તે હોદ્દાનો એટલે કે સ્લીપમેનના પગાર મુજબ તેમને વેતન ચુકવી આપવું જોઈએ. આ માંગણી સ્વીકારવામાં આવેલ ન હતી તેમજ ૧૯૪૬ના અધિનિયમ નીચે નીમાયેલા સમાધાન ક઼ાર પણ પક્ષકારો વચ્ચે કોઈ સમજુતિ કરાવી શકેલા નહીં માટે તેઓએ તા. ૯-૪-૮૪ના રોજ નિષ્ફળતાનું પ્રમાણપત્ર પ્રથમ પક્ષકારને મોકલી આપેલ એટલે સંઘે અગાઉ જણાવ્યા પ્રમાણે સદરહુ માંગણીના ન્યાય નિર્ણય માટે હાલનો રેફરંસ કરેલો છે.

૩. પ્રથમ પક્ષકાર સંઘે આંક-૪ મુજબનું માંગણાનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે, સંબધિત કામદાર શ્રી લક્ષ્મણભાઈ ધીરુભાઈ દ્વિતીય પક્ષકાર મીલમાં ઘણાં વર્ષોથી સ્ટેમ્પર તરીકે ફરજ બજાવે છે. તેથી શિક્ષીત કામદાર છે અને યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવે છે અને સ્લીપમેનનો હોદ્દો દ્વિતીય પક્ષકાર મીલે આપવો જોઈતો હતો પરંતું તેમને સ્લીપમેનનો હોદ્દો આપેલો નથી અને સ્લીપમેનની જગ્યાએ તદ્દન નવા કામદારને તા. ૧-૯-૮૩થી નીમેલા છે તે કૃત્ય ગેરકાયદેસર છે માટે તા. ૧-૯-૮૩થી લક્ષ્મણભાઈને હોદ્દો પણ સ્લીપમેનનો ગણવો જોઈએ અને તેમને તે કક્ષાનું વેતન ચુકવી આપવું જોઈએ

૪. દ્વિતીય પક્ષકાર મીલે આંક-૬ મુજબનો લેખિત જવાબ રજુ કરીને જણાવેલ છે કે, આ રેફરંસમાં જે માંગણી કરવામાં આવેલી છે તે માંગણી અંગે કલમ ૭૩-ક મુજબ રેફરંસ થઈ શકે નહીં અને તેથી હાલનો રેફરંસ સાંભળવા

INDEX

માટે આ અદાલતને સત્તા પહોંચતી નથી. ગુણદોષ ઉપર મીલની રજૂઆત એવી છે કે, સંબધિત કર્મચારી સ્ટેમ્પીંગ ખાતામાં ઓપરેટર બદલી બંડલર તરીકે કામ કરે છે અને તેમને તે કક્ષાનું પગાર ધોરણ ચુકવવામાં આવે છે. સંબધિત કામદારે કોઈપણ દિવસ સ્લીપમેનનું કામ કરેલ નથી અને તેનો સ્લીપમેનનો હોદ્દો મેળવવા માટે હકદાર નથી કારણ કે તેઓ સ્લીપમેનની જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની પ્રથા છે અને તે મુજબ જગા ભરવામાં આવેલી છે.

૫. પ્રથમ પક્ષકાર સંઘે પોતાની રજુઆતના સમર્થનમાં લક્ષ્મણભાઈને આંક-૭થી તપાસેલા છે. જ્યારે દ્વિતીય પક્ષકાર મીલે આસી. સેલ્સ મેનેજર કંચનલાલ પ્રેમચંદભાઈ શાહને આંક ૭ થી તપાસેલા છે. જોશીની રજુઆત એવી છે કે અગાઉ સ્ટેમ્પીંગ ખાતામાં કામ કરતાં સ્ટેમ્પર પ્રેમચંદભાઈ તારાચંદ શાહ યોગ્ય લાયકાત ધરાવતા હતા માટે તેમને સ્ટેમ્પરમાંથી સ્લીપમેન તરીકે નીમવામાં આવેલા હતો. તે જ પ્રમાણે નરેન્દ્રભાઈ પરમારને પણ તેવી જ રીતે નીમવામાં આવેલા હતા પરંતુ સ્લીપમેનની જગ્યા ૧૯૮૩ માં ખાલી પડી ત્યારે ભરતભાઈ ઉપાધ્યાય જેઓને એપ્રેન્ટીસ તરીકે લેવામાં આવેલા હતા તેઓને નીમવામાં આવેલા છે કારણ કે ભરતભાઈ ઉપાધ્યાય સુપરવાઈઝર બાબુભાઈના સગા થાય છે અને તે રીતે સંબંધીત કર્મચારીને અન્યાય કરવામાં આવેલ છે માટે સંબંધીત કર્મચારીને ભરતભાઈને જ્યારથી સ્લીપમેન તરીકે નોંધવામાં આવ્યા ત્યારથી તેઓને સ્લીપમેનનો હોદ્દો આપવો જોઈએ અને ત્યારથી તેમને તે કક્ષાનુ વેતન ચુકવવું જોઈએ. આની વિરુદ્ધમાં વકીલ રાવજીભાઈ પટેલની રજુઆત એવી છે કે સ્લીપમેનની કક્ષા સ્ટેમ્પર અને બંડલર કરતાં ઉપલી કક્ષાની જગ છે અને તે કક્ષાની જગા સીધી ભરચીથી ભરવામાં આવે છે અને તે કક્ષા માટે ભરતભાઈ ઉપાધ્યાયને એપ્રેન્ટીસ તરીકે નીમવામાં આવેલા હતા અને તેઓને એપ્રેન્ટીસનો સમય પુરો થયા બાદ તેઓને સ્લીપમેન તરીકે નીમવામાં આવેલા છે તેમજ તેઓને પણ જ્યારે આ જગ્યા ખાલી પડી ત્યારે સીધી ભરતીથી ભરવામાં આવેલા છે અને સીધી ભરતીથી ભરવાની પ્રથા છે માટે સંબધીત કર્મચારીને કોઈ અન્યાય કરવામાં આવેલ છે એમ કહી શકાય તેમ નથી અને તેથી તેઓ કોઈ દાદ મેળવવા માટે હકકદાર નથી. તેઓ એમ જણાવે છે કે, હકુમત અંગેની જે તકરાર લેવામાં આવેલી છે તે અંગે તેઓ આગ્રહ રાખતા નથી

૬. પરીણામે પ્રશ્ન એ નક્કી કરવાનો રહે છે કે સંબંધીત કર્મચારી

INDEX

સ્લીપમેનની જગ્યા મેળવવા માટે હકકદાર છે કે કેમ ? અને તેઓને કોઇ અન્યાય કરવામાં આવેલ છે કે કેમ ? પક્ષકારો તરફથી જે પુરાવો રજુ થયો છે અને જે મૌખિક રજુઆતો થઈ છે તે પરથી આ અદાલત એવા નિર્ણય પર આવે છે કે, સંબંધીત કર્મચારી કોઈ દાદ મેળવવા માટે હકકદાર નથી સદરહું નિર્ણય અંગેના સંક્ષીપ્તમાં કારણે નીચે મુજબનાં છે.

૭. પક્ષકારો વચ્ચે તકરાર નથી કે, સંબંધીત કર્મચારી સ્ટેમ્પીંગ ખાતામા સ્ટેમ્પર તરીકે કામ કરતા હતા અને તેઓનો હોદ્દો સ્લીપમેનનો છે જ નહીં અને તેઓએ સ્લીપમેન તરીકે કયારેય કામ પણ કરેલ નથી. પરંતુ પ્રથમ પક્ષકાર સંઘની રજુઆત એવી છે કે, સંબંધીત કર્મચારી સ્લીપમેનના હોદ્દાની નિમણુંક માટે યોગ્ય લાયકાત ધરાવે છે માટે તેઓને તે હોદ્દા ઉપર જયારે જગા ૧૯૮૭માં ખાલી પડી ત્યારે નિમણુંક આપવી જોઈતી હતી. પરંતુ તેમને નિમણુંક આપેલી નથી અને નવા કાંમદાર ભરતભાઈને લાગવગથી તે જગા ઉપર નીમવામાં આવેલા છે. અલબત્ત, ભરતભાઈ દ્વિતીય પક્ષકાર મીલમાં સંબંધીત કર્મચારી બાદ નોકરીમાં દાખલ થયેલા હતા, પરંતુ તેમો એપ્રેન્ટીસ કલાર્ક તરીકે દાખલ થયેલા હતા અને તેઓને સ્લીપમેન કે જે સેમી કલાર્કના સમકક્ષાનો હોદ્દો ગણાય છે તે જગા તેઓને નીમવામ આવેલ છે. સંબંધીત કર્મચારી કબુલ કરે છે કે, તેઓએ સ્લીપમેન તરીકે કયારેય કામ કરેલું નથી અને સ્લીપમેન જયારે રજા ઉપર હોય ત્યારે પણ તે જગા ઉપર તેઓને બદલીથી પણ નીમવામાં આવેલા નથી. વાસ્તવમાં સંબધીત કર્મચારીએ સ્લીપમેનનું કામ કરેલ છે અને તેમને તે હોદ્દાનું વેતન ચુકવવામાં આવતું નથી એવી પ્રથમ પક્ષકાર સંઘની રજૂઆત નથી. પરંતુ પ્રથમ પક્ષકારની રજુઆત એવી છે કે, સંબંધીત કર્મચારી ભણેલા છે માટે તેમને તે હોદ્દા ઉપર જયારે જગા જગ ખાલી પડી ત્યારે દ્વિતીય પક્ષકાર મીલે તેમને નીમવા જોઈતા હતા. આ રીતે જોતાં વાસ્તવમાં પ્રથમ પક્ષકારની રજુઆત એવી છે કે, દ્વિતીય પક્ષકાર મીલે સંબંધીત કર્મચારી ભણેલા હોવાથી તેઓને નિમણુંક આપવી જોઈતી હતી, પરંતુ સ્લીપમેનની જગા ભરતીથી ભરવામાં આવે છે એવું ધોરણ નથી. સ્લીપમેનની જગા સીધી ભરતીથી ભરવામાં આવે છે. બનવા જોગ છે કે, અગાઉ સ્લીપમેનમાં કોઈ વ્યક્તિએ બંડલર તરીકે કામ કર્યું હોય અને સીધી ભરતીથી પસંદ કરવામાં આવેલ હોય પરંતુ અસલ કોઈ વ્યક્તિ બંડલર તરીકે કામ કરતી હતી અને તે વ્યક્તિને સીધી ભરતીથી સ્લીપમેન તરીકે લેવામાં આવેલ છે તેથી એમ કહી શકાય નહીં કે દ્વિતીય પક્ષકાર મીલે બંડલર તરીકે

INDEX

કામ કરતા અને યોગ્ય લાયકાત ધરાવતા બધા જ માણસોને સ્લીપમેન તરીકે લેવા જોઇએ- સીધી ભરતીથી જ જે જગા ભરવાની હોય તે જગામાં ઉમેદવારીની પસંદગી કરવાનું કામ માલિક સંસ્થાનું છે, યોગ્ય લાયકાત ધરાવતા માણુસો ઘણાજ હોય અને તેમાંથી તેઓએ પસંદગી કરવાની રહે. પરીણામે સંબંધીત કર્મચારી ભણેલા હતા અને કલાર્કનું કામ કરી શકે તેવા હતા માટે તેઓને દ્વિતીય પક્ષકાર મીલે સ્લીપમેન તરીકેની જગ્યા ખાલી પડી ત્યારે નિમણુંક આપીને લેવા જોઇએ તેવો આગ્રહ રાખી શકે નહીં. પરીણામે સંબંધીત કર્મચારી જે દાદ માંગે છે તે મેળવવા માટે તેઓ હકકદાર નથી. પરંતુ સંબંધીત કર્મચારી પછાત વર્ગના છે અને સારું એવું ભણેલા છે માટે ભવીષ્યમાં જયારે આ જગ્યા ખાલી પડે ત્યારે આપણે એટલી આશા જરુર રાખી શકીએ કે, દ્વિતીય પક્ષકાર મીલ તેમનો કેસ સહાનુભુતીપુર્વક લક્ષમાં રાખશે. ઉપરના નિદાન સાથે આ રેફરન્સમાં નીચે મુજબનો હુંકમ કરવામાં આવે છે.

હુંકમ

૮. રેફરન્સમાં કરવામાં આવેલ માંગણી ગ્રાહ્ય રાખી શકાય તેમ નહીં હોવાથી તે રદ કરવામાં આવે છે. ખાસ સંજોગો લક્ષમાં લેતાં ખર્ચ અંગે કોઇ હુંકમ કરવો જરૂરી જણાતું નથી.

સહી નારણસિંહ ચૌહાણ,
સભ્ય
ઔદ્યોગીક અદાલત, ગુજરાત
૨૬–૧૧–૯૦

સહી/ એસ. એમ. નાયક
રજીસ્ટ્રાર
અમદાવાદ, ૨૭–૧૧–૧૯૯૦

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઇ ઔદ્યોગીક સંબંધ અધિનીયમ
અમદાવાદ

અમદાવાદ, ૧૧/૧/૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૩૭૩ આર યુ સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ–૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ—૭૦ની મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને રાયપુર મીલ્સ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ માં જાન્યુઆરી માસના ૧૧માં દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજય, અમદાવાદ

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ

રેફરન્સ આઈસી નં. ૪૮/૧૯૮૮

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ પ્રથમ પક્ષકાર

અને

રાયપુર મીલ્સ અમદાવાદ બીજા પક્ષકાર

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ

યુનિયનની માંગણી મીલ કંપનીના રોલર પ્રીન્ટીંગ ખાતાના કારીગરોને વર્ષમાં એક જોડી બુટ આપવા અંગે......

૧. આ રેફરન્સ મીલ કંપનીના રોલર પ્રીન્ટીંગ ખાતાના કારીગરોને વર્ષમાં એક જોડી બુટ આપવા બાબતમાં પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

INDEX

૨. ચાલુ રેફરન્સે યુનિયને આંક ૧૮નું પુરસીસ આપી જણાવેલ છે કે, આ બાબતમાં પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોવાથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે, જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે, ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

વી. એચ. ઠાકોર
સભ્ય
ઔદ્યોગીક અદાલત, ગુજરાત

સહી- જી, જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૨-૧૧-૯૦

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનીયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૧-૧-૯૧

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના ક્રમાંક ૬/ખ/શમક/૨૭૩૭૪ આર.યુ સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનિયમની કલમ ૭૪–૨ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ ગુજરાત નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલ સતાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને રાયપુર મેન્યુ કું. લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગીક વિવાદમાં ઔદ્યોગીક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના જાન્યુઆરી માસના ૧૧માં દિને આથી નોંધ કરૂં છું

ઔદ્યોગીક અદાલત ગુજરાત અમદાવાદ

શ્રી એન, એ. ચૌહાણ સભ્ય રૂબરૂ

રેફરન્સ [આઈ સી] નં. ૧૧૫–૮૫

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

રાયપુર મેન્યુ. કંપની લી. અમદાવાદ — દ્વિતીય પક્ષકાર

મીલના રોટરી પ્રિન્ટીંગ ખાતામાં કામ કરતાં બંને પાળીના તમામ કારીગરોને વર્ષમાં એક જોડી ચામડાના બુટ આપવા અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૭૩ ક મુજબ પ્રથમ પક્ષકાર સંઘે દાખલ કરેલ છે. સંઘે મીલ કંપનીને તા. ૪–૧–૮૫ના રોજ કલમ ૪૨–૨ મુજબની ફેરફારની સુચના આપી મીલના રોટરી પ્રીન્ટીંગ ખાતાના કામદારોને ચામડાના બુટ આપવાની માંગણી કરેલ, જે અન્વયે સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે સમાધાન કરાવી શકેલા નહીં. જેથી તેઓએ

સંઘને નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપેલ. જે પરથી સંઘે આ રેફરન્સ તેમની માંગણી અંગે દાખલ કરેલ છે.

૨. આ રેફરન્સમાં ત્યાર બાદ આંક–૨૦ની પક્ષકારોએ પુરસીસ રજુ કરી જણાવેલ છે કે, પક્ષકારો વચ્ચે પ્રિન્ટીંગ ખાતુ બંધ કરવા અંગે કરાર થઈ ગયેલ હોઈ રેફરન્સની માંગણી હવે રહેતી નથી માટે તેઓ રેફરન્સ પાછો ખેંચવા માંગે છે તો તે રીતે હુકમ કરવા વિનંતી છે. પક્ષકારોની સદરહુ પુરસીસની વિગતે સંઘને રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં કોઇ હરકત નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

હુકમ

પ્રથમ પક્ષકાર સંઘને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ
તા. ૩૦–૧૧–૯૦

નારણસિંહ ચૌહાણ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ.
તા. ૩૦–૧૧–૯૦

અમદાવાદ તા. ૧૧–૧–૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનીયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના ક્રમાંક : ૬ ખ શમક—૨૭૩ ૫ આરયુ. સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનીયમની કલમ ૭૪—૨ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમ ગુજરાત નીયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને સોમા ટેક્ષટાઈલ અમદાવાદ......ની વચ્ચે ઔદ્યોગીક વિવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ માં જાન્યુઆરી માસના ૧૧ના દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

શ્રી એચ. આર. કમોદીયા, સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૯૨/૧૯૯૦

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, પ્રથમ પક્ષકાર
ભદ્ર, અમદાવાદ

અને

સોમા ટેક્ષટાઈલ, અમદાવાદ. બીજા પક્ષકાર

યુનિયનની માંગણી બેંચીંગ મશીનમેનને દરેક પાળીમાં એક એક હેલ્પર આપવા તથા આજદીન સુધીના વધારાના કામનું મહેનતાણું આપવા વિ. અંગે...

ઉદ્યોગ — કોટન ટેક્ષટાઈલ

૧. આ રેફરન્સ બીજા પક્ષકાર મીલ કંપનીમાં બેંચીંગ મશીનમેનને દરેક પાળીમાં એક એક હેલ્પર આપવા તથા આજદીન સુધીના વધારાના કામનું મહેન-

INDEX

તાણું આપવા વિ. માંગણી બાબતમાં પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરોઅંદર સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પક્ષકારોએ આંક ૪નું સમાધાન રજુ કરેલ છે. જે સમાધાનમાંની શરતો જોતાં તે યોગ્ય ન્યાયી અને વ્યાજબી જણાય છે અને તે મુજબ હુકમ કરવાથી ઔદ્યોગિક શાંતી જળવાઈ રહે તેમ લાગે છે. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. પક્ષકારોએ આંક ૪ના સમાધાનની શરતો મુજબ વર્તવું. આંક ૫ ના સમાધાન પુરસીસની એક નકલ આ ચુકાદા સાથે રાખવી. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

એચ. આર. કમોદીયા
સભ્ય
ઔદ્યોગીક અદાલત. ગુજરાત
અમદાવાદ

સહી જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૧૮-૧૨-૯૦

સહી/ આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૧-૧-૯૧

INDEX

આંક ૫

નામદાર ઔદ્યોગિક અદાલત સમક્ષ, અમદાવાદ.

રેફરન્સ (આઈસી) નંબર ૯૨/૯૦

ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, — પ્રથમ પક્ષકાર
ગાંધી મજુર સેવાલય, ભદ્ર, અમદાવાદ.

વિરુદ્ધ

સોમા ટેક્ષટાઈલ્સ, — બીજા પક્ષકાર
રખીયાલ રોડ, અમદાવાદ.

ઉપરોક્ત કામમાં અમો પક્ષકારોએ આ સાથે સામેલ કરેલ પરીશીષ્ટ 'અ' મુજબ સમાધાન કરેલ હોઈ આ સમાધાન અનુસાર નામદાર અદાલતને એવોર્ડ આપવા વિનંતી છે.

સહી અવાચ્ય
ફેક્ટરી મેનેજર
ફોર સોમા ટેક્ષટાઈલ્સ અમદાવાદ

અમદાવાદ તા. ૨૨–૧૧–૧૯૯

સહી અવાચ્ય
મંત્રી
ટેક્ષટાઈલ લેબર એસોસીએશન

INDEX

પરીશીષ્ટ 'અ'

સમાધાનની શરતો

૧. મીલ કંપનીના ગ્રે ફોલ્ડીંગ ખાતામાં ૧૪ કામદારોનું કાયમી સંખ્યાબળ છે. જેમાંથી છ કામદારોને ડેનીમ ફોલ્ડીંગ ખાતામાં મુકવામાં આવ્યા છે. અને એ કામદારોને એરજેટ બેચીંગ મશીન ઉપર મુકયા છે. બાકી છ કામદારોને ગ્રે ફોલ્ડીંગ ખાતામાં હાલ છે.

૨. મીલ કંપનીના ડેનીમ ઈન્સ્પેકશનમાં એક મશીન ઉપર બે કામદારોનું સંખ્યાબળ રહેશે અને તેમની કામગીરી ખાતા અધિકારીની સુચના મુજબ બજાવવાની રહેશે ડેનીમ ઈન્સ્પેકશન મશીન ઉપર એક મશીનમેન અને એક હેલ્પર રાખવામાં આવશે. સદરહુ મશીન ઉપર મશીન મેનનો પગાર રૂા. ૨૯૪–૪, ૫૦–૩૩૯–ઈ,બી. ૬–૫૦–૪૫૬ તથા હેલ્પરનો પગાર રૂા ૨૮૨–૮૮ બેજીક આ સમાધાનથી નક્કી કરવામાં આવે છે. પરંતુ હાલ જે કામદારો સદરહુ મશીન પર ટ્રાન્સફર કરવામાં આવેલ છે તેમને હાલ મળતા પગારમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં અને તે જે તે કામદારોનો અંગત પગાર ગણવામાં આવશે.

૩ ડેનીમ ઈન્સ્પેકશન માટે ગ્રે ફોલ્ડીંગ ખાતાનાં જે છ કામદારોને ટ્રાન્સફર કરવામાં આવ્યા છે તેમને કામ કરવાની પદ્ધતિમાં ફેરફાર થતો હોવાને લીધે શ્રમબોજ વધતો ન હોવા છતાં મીલ કંપની વળતરના ૨૬ દીવસના માસીક એડહોક એલાઉન્સ રૂા. ૯૦ દરેકને મીલ કંપની આપશે, વળી હાલ કલમ ૧ માં જણાવ્યા મુજબ એરજેટ બેચીંગ મશીન ઉપર જે કામદારોને ટ્રાન્સફર કરવામાં આવેલ છે અને પાળી દીઠ સદરહુ મશીન ઉપર એક મશીનમેન રાખવામાં આવશે અને આ મશીનમેનનો બેઝીક પગાર ૨૬ દીવસનો રૂા.૨૯૪ આઠ ટકા મોંઘવારીનો સમાવેશ થાય છે) નકકી કરવામાં આવેલ છે અને એ મુજબ કામદારોને પગાર આપવામાં આવશે. પરંતુ હાલ જે ૬ ફોલ્ડરોને આ મશીન ઉપર ગોઠવવામાં આવ્યા છે તેમને શ્રમબોજ મળતો ન હોવા છતાં કામ કરવાની પદ્ધતિમાં ફેરફાર થવાના કારણે ટેકસટાઈલ લેબર એસોસીએશનની ભલામણો વધારાના એલાઉન્સ તરીકે વધારાના રૂા. ૧૭૫/– ૨૬ દીવસના માસીક એડહોકમાં દરેકને આપવામાં આવશે જેમાં આઠ ટકા મોંઘવારી ભથ્થાનો સમાવેશ થયેલ છે એરજેટ બેચીંગ મશીનના મશીનમેનને પાળી દીઠ ૧૩૫૦૦ મીટરનું પ્રોડકશન આપવું પડશે પરંતુ

INDEX

વધુ પડતા નાના રોલ હોય તો તેટલા પ્રમાણમાં પ્રોડકશન સદરહું મશીનમેન આપશે. સદરહું મશીન ઉપર રોલ ઉપાડવા મુકવા માટે મોટર મુકવાની વ્યવસ્થા મીલ કંપની કરાવશે.

૪. ઉપર કલમ ૨ અને ૩ માં જણાવેલ મશીન ઉપર બદલી કામદારોને બેઝીક પગાર મળશે. પરંતુ ટેકક્ષટાઈલ લેબર એસોસીએશનની ભલામણથી જે વધારાનું એડહોક એલાઉન્સ નકકી થયેલ છે તેનો લાભ બદલી કામદારોને મળશે નહીં.

૫. મીલના ફોલ્ડીંગ ખાતામાં બાકી જે છ કામદારોનું સંખ્યાબળ રહે છે, તેમાંથી એક કામદારનું સ્વેચ્છાએ ટેકક્ષટાઈલ લેબર એસોસીએશન મારફતે રાજીનામું આવેથી સદરહુ જગ્યા નાબુદ કરવામાં આવેલ છે અને સદરહું છુટાં થતા કામદારને ગ્રેજયુઈટી, કાયદેસરનું બેકારી વળતર, હકક રજા, કેજયુઅલ રજા, વગેરે લાભ આપી છુટા કરવામાં આવશે અને આ રીતે એક જગ્યા નાબુદ થતાં ગ્રે ફોલ્ડીંગ ખાતામાં કામદારોનુ સંખ્યાબળ નીચે મુજબ રહેશે.

કાયમી સંખ્યાબળ નીચે મુજબ રહેશે

	હોદ્દો	પહેલી પાળી	બીજી પાળી	ત્રીજી પાળી	કુલ
૧	ડેનીમ ઈન્સ્પેકશન મશીનમેન	૨	૧	૦	૩
૨	ડેનીમ ઇન્સ્પેકશન હેલ્પર	૨	૧	૦	૩
૩	એરજેટ બેચીંગ મશીનમેન	૧	૧	૦	૨
૪	ગ્રે ફોલ્ડીંગ જોબર કમ ફોલ્ડર	૧	૦	૦	૧
૫	ગ્રે ફોલ્ડર	૨	૦	૦	૨
૬	પ્લેટીંગ મશીનમેન	૧	૦	૦	૧
૭	પ્લેટીંગ મશીન હેલ્પર	૧	૦	-	૧
૮	ગ્રે હાઉસ કુલી	૩	૦	૦	૩
		૧૩	૩	૦	૧૬

INDEX

ઉપરોક્ત કાયમી સંખ્યાબળ હવે પછી મીલ કંપની રાખશે, પરંતુ જરૂરીયાત પ્રમાણે બીજી પાળી બંધ કરવી પડે તો બીજી પાળીના કારીગરોને પહેલી પાળીમાં જે તે મશીન ઉપર તેમની કેટેગરીમ કામ આપવામાં આવસે. પરંતુ પહેલી પાળીના કામદારને હટાવવામાં આવશે નહીં.

૬ ગ્રે ફોલ્ડીંગ ખાતામાં સમાધાનની કલમ ૫ મુજબ એક જગા નાબુદ થતાં જોબર વધારાના ફોલ્ડરનું કામ સ્વીકારશે અને કરશે અને આ વધારાના શ્રમબોજ પેટે જોબર કમ ફોલ્ડરને માસિક ૨૬ દીવસના વળતર તરીકે રૂપીયા ૧૦૦ એડહોક આપવામાં આવશે જેમાં આઠ ટકા અને મોંઘવારી ભત્થાનો સમાવેશ થયેલ છે આ એડહોક વધારાનો પગાર બદલી કામદારને પણ આપવામાં આવશે અને આમ ગ્રે ફોલ્ડીંગ ખાતાના કામદારો ભેગા મળી મીલના રૂટો સી ખાતાનું તમામ કાપડ ફોલ્ડ કરશે અને અન્ય જે કામગીરી તેઓ બતાવે છે તે બજાવશે આ કામદારોને કોઇ શ્રમબોજ વધારે નથી પરંતુ ટેકસટાઇલ લેબર એસોસીએશનની ભલામણો ફોલ્ડીંગ જોબર ગ્રે ફોલ્ડર પ્લેટીંગ મશીનમેન હેલ્પર અને ગ્રે હાઉસ કુલીને માસીક રૂા. ૧૬ દરેકને જેમાં મોંઘવારી ભત્થુ અને આઠ ટકાનો સમાવેશ થાય છે તે મીલ કંપની પગારમાં ચુકવશે વળી હાલ જે કામદારો આ કેટેગરીમાં કાર્ય કરે છે તેમને જે પગાર મળે છે તેમાં કોઇ ફેરફાર કરવામાં આવશે નહીં. પ્લેટીંગ મશીન ઉપર નવા કામદારો તેમજ બદલી કામદારને મશીનમેન તરીકે બેઝીક રુા. ૨૯૪ ૨૬ દીવસનો પગાર નક્કી કરવામાં આવેલ છે તેમજ હેલ્પરનો પગાર રૂા, ૨૮૨–૮૮ આ સમાધાનથી નક્કી કરવામાં આવેલ છે તે આ મશીનમેન અને હેલ્પરના પગારમાં આઠ ટકા મોંઘવારીનો સમાવેશ થયો છે અને તે મુજબ પગાર મળશે, પરંતુ હાલ જે કામ જે કામદારો આ મશીન ઉપર કામ કરે છે તેમને ઊંચો પગાર મળતો હોય તો તે ચાલુ રહેશે અને તે તેમનો અંગત પગાર ગણવામાં આવશે.

૭. મીલ કંપની ગ્રે ફોલ્ડીંગ ખાતાના બદલીવાળાઓ ગ્રે ફોલ્ડીંગ ડેનીમ ઈન્સ્પેકશન ફોલ્ડીંગ મશીન ગ્રે હાઉસ તેમજ એરજેટ બેચીંગ મશીન પર બદલી કામ આપશે વળી બદલી કામદારોને ઉપર મુજબ નક્કી કરેલ પગાર મળશે, પરંતુ કલમ ૩, ૪ અને ૬ મુજબ વધારાનું વળતર મળશે નહીં. પરંતુ કલમ નં. ૬માં જણાવેલ ફોલ્ડર કમ જોબરનો શ્રમબોજ તે જગાએ કામ કરતા બદલીવાળાને આપવામાં આવશે.

INDEX

૮. આ સમાધાનથી એ ફોલ્ડીંગ ખાતાના ફોલ્ડર બેચીંગ મશીન ડેનીમ ઈન્સ્પેકશન અને પ્લેટીંગ મશીનમેનનો અને હેલ્પરોને પગાર અંગેની કોઈ માગણી રહેતી નથી. મજુર અદાલતમાં કે અન્ય કોઈ કોર્ટમાં કેસ કરેલ હશે તો તે કેસ પાછો ખેંચી લેશે. અથવા આ સમાધાનમાં તેનો અંત આવી ગયેલો ગણાશે.

૯. આ સાથે પરીશીષ્ટ 'અ' માં ખાતાના કામદારોની વીગત આપવામાં આવી છે અને તે મુજબ કાયમી અને બદલી કામદારોને કામ કરવાનું રહેશે.

૧૦. સમાધાનનો અમલ તાત્કાલીક કરવામાં આવશે.

સહી અવાચ્ય
મંત્રી વતી,
લેબર ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ

અમદાવાદ, તા. ૨–૧૧–૯૦

સહી અવાચ્ય
ફેકટરી મેનેજર
સોમા ટેક્ષટાઈલ અમદાવાદ

પરીશીષ્ટ

અ. એ ફોલ્ડરસની કામગીરી

૧ મીટર પ્રમાણે પાળી વાઈઝ પીસની ગણતરી કરવી,

૨. કાપડનું નુકસાન ચેક કરવું.

૩. પીસના શોર્ટ નંબર કુલ મીટર એડ બુકીંગની તારીખ અને તે મુજબ નંબર કાપડ ઉપર લખવા.

૪. કાપડમાંથી મોટુ નુકસાન કાપી નાખવુ.

INDEX

૫. લુમ્સી મુજબ અને પાળી મુજબ મીટરનો રીપોર્ટ બનાવવો.

૬. કાર્બોનાઈઝના શોર્ટમાંથી ચાંદી કાપવાની ને તેના પર લુમ્સી નંબર લખવાના.

૭. ટાઈમકીપર માટે ફોલીઓ બનાવવાનુ.

૯. બધા ભેગા મળીને નુકસાનીનો રીપોર્ટ બનાવવાનો [વીવીંગ સુપ્રી. માટે]

૧૦. દરેક ફોલ્ડરને સરેરાશ ૪૮ લુમનુ કાપડ બુકીંગ કરવાનુ રહેશે.

બ. જોબર કમ ફોલ્ડરની કામગીરી.

૧. ઉપર મુજબનુ તમામ કામ ઉપરાંત શોર્ટના ફેરફારની નોંધ કરવાની, બુક કન્ટ્રોલ કરવાની તેમજ ૪૮ સાંચાના કાપડનુ બુકીંગ કરવાનુ રહેશે

૨. જે લુમ્સીના પીક રોડ અને પનો દરરોજ ચેક કરવાના.

૩. સી. પીસનો રીપોર્ટ બનાવવાનો.

૪ પાળીને લુમ વાઈઝ પ્રોડકશન રીપોર્ટ *ટી. ડે. ઓફીસમાં મોકલવાનો

૫. કોટન તારના સાંચામાંથી ચાંદી કાઢીને તેના છેડા ટેસ્ટ કરી લુમ નંબર લખવાનુ રજીસ્ટરમાં તથા તેનુ સેમ્પલ લેબોરેટરીમાં ચેક કરવા મોકલવાના.

૬. તદ ઉપરાંત ફોલ્ડરની બધી કામગીરી સંભાળશે.

૭. મશીનમેનની કામગીરી

૧. પ્લેટીંગ મશીન સાફ કરી ઓઈલીંગ કરવાનુ.

૨. સ્ટેન્ડ ઉપર રૂટીસીના કાપડના રોલ લાવી પ્લેટીંગ કરવાનુ તથા તે તૈયાર થયેલ માલને ફોલ્ડર પાસે ચેક કરવા મોકલવાનુ.

INDEX

૩. કોઈપણ મશીનની ફરીયાદ વિશે જોબરને જણાવવુ.

૪. નુકશાન જોવા માટે એસ. કયુ સી. ખાતાના માણસો જે કાપડ ચેક કરે તેનુ પ્લેટીંગ કરવાનુ.

ક બેચીંગ મશીનમેનની કામગીરી

૧. મશીન અને ફ્લોરની સફાઈ કરવાની

૨. ફ્લોર પરથી રોલ ઉઠાવીને ટ્રોલીમાં મુકવાના અને ફેબ્રીકસના છેડા દોરા મશીનથી કાઢી બેચ બનાવીને મશીન ચાલુ કરવાની અને મશીન ચલાવવુ.

૩. રજીસ્ટરમાં શોર્ટ નંબર અને મીટરની નોંધ કરવી.

૪. ભરેલી લારી મુકીને ખાલી લારી લાવવાની છેડા ઉપર સીલાઈ કરવાની અને મશીન ચલાવવાનુ.

૫. કાર્બોનાઈઝના શોર્ટમાંથી ચાંદી કાપવાની તેમજ તેની ઉપર લુમ નંબર લખવાનો અને પછીથી જોબરને આપવાનુ.

૬. મોટુ જાળુ નીટીંગ થરફી વી. કાપવુ તે ભાગને નોટીંગ કરવું તેમજ ભરેલી બેચ ખસેડી નવી ખાલી બેચ લાવી યોગ્ય અને વ્યવસ્થિત રીતે ગોઠવવું.

૭. લેબલ્સ તૈયાર કરવાનો અને વિગત પુરી લખવાની અને બેચ સાથે બાંધવાનુ.

૮. પુરતા ખાલી બેચ જરૂર પડે ત્યારે લાવવાના રહેશે.

૯. નુકસાની ચેક કરવા માટે એરજેટના કાપડના રોલ ફોલ્ડીંગ કરવાનુ

જ. ડેનીમ ઈન્સ્પેકશન ખાતુ ફોલ્ડરની કામગીરી.

૧. મશીનમાં ઓઈલ પુરીને મશીન અને ફ્લોરની સફાઈ કરવાનું.

INDEX

૨. ભરેલી લારી ઝીરો મશીનથી લાવી ડેનીમ ઈન્સ્પેકશન મશીન ઉપર મુકવાનુ.

૩. કાપડનુ નુકસાન ચેક કરવાનુ અને કવોલીટી મુજબ રોલ તૈયાર કરવાનું

૪. રોલ મુજબ નુકસાનીના રજીસ્ટરમાં નોંધ કરવી.

૫. મોટુ નુકસાન કાપવાનુ.

૬. ફુલ રોલ મશીનમેનની મદદથી કાઢવો અને તેના પર શોર્ટ નંબર મીટરની કવોલીટી નવો એમ એવી ટી. વગેરે લખીને રોલને યોગ્ય અને વ્યવસ્થિત ગોઠવવાનુ.

૭. ખાલી લારી ડેનીમ ફીનીશીંગ ખાતામાં મોકલવાની.

૮. ફીડ લારીમાંથી કાપડનો છેડો મશીનમાં દાખલ કરવો અને ડીલીવરી એન્ડ સુધી લઈ જવા તેમજ પેપર ટયુબ સેટ કરી મશીન શરૂ કરવું.

૯. ડેનીમ ખાતામાં ફોલ્ડરે જે રોલ શોર્ટ વાઈઝ બનાવ્યા હોય તેની માટે સેલ્સ ખાતામાંથી જે પ્રમાણે સુચના મળે તે મુજબ સેમ્પલો કાપી ગુંદરપટી ઉપર શોર્ટ નંબર લખી આપવાના.

૮, ડેનીમ મશીનમેનની કામગીરી

૧. ફોલ્ડરની મદદથી ભરેલી લારી ઝીરો મશીન પરથી ડેનીમ ઈન્સ્પેકશન મશીન પર લાવવાની

૨. દરેક રોલના ફોલ્ડીંગ વખતે ફોલ્ડર્સે મદદ કરવાની રહેશે.

૩, ખાલી લારી ડેનીમ ફીનીસીંગ ખાતામાં મોકલવાનુ.

૪. ફેન્સ શોર્ટ ફેન્સ અને ચીંદી કાપવાનુ તથા કાપ્યા બાદ તેને યોગ્ય જગ્યાએ મુકવાનુ [શોર્ટ અને કવોલીટી મુજબ]

૫. ડેનીમ ખાતામાં સેલ્સમાંથી વેપારી માટે સેમ્પલો જે મંગાવે છે તે સેલ્સ ડીપાર્ટમેન્ટની સુચના મુજબ પીસ કાપીને આપવાના રહેશે.

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ અન્વયે

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસૂચના ક્રમાંક : ૬/૫ શમક-૨૭૩૭૬ આરયુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ (ગુજરાત નીયમોના નીયમ ૭૦ થી મને આપવામાં આવેલ સત્તાનીરૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદને સોમા ટેક્ષટાઈલ અમદાવાદની વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં જાન્યુઆરી માસના ૧૧ના દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગીક અદાલત ગુજરાત રાજ્ય, અમદાવાદ

આર. સી. ભટ્ટ, સભ્ય રુબરુ

રેફરન્સ (આઈસી) નં. ૭૩/૮૯

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર અમદાવાદ — પ્રથમ પક્ષકાર

અને

સોમા ટેક્ષટાઈલ મીલ્સ અમદાવાદ — બીજા પક્ષકાર

યુનિયનની માંગણી ફ્રેમ ખાતાની ત્રીજી પાળીમાં કામ કરતા શ્રી રાજપુત અલગુકરને તેમના હોદ્દા સાથે કાયમી પાસ આપવા બાબત.

ઉદ્યોગ કોટન ટેક્ષટાઈલ

૧. આ રેફરન્સ મીલ કંપનીના ફ્રેમ ખાતાની ત્રીજી પાળીમાં કામ કરતા શ્રી રાજપુત અલગુકરને તેમના હોદ્દા સાથે કાયમી પાસ આપવા બાબતમાં યુનિયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પ્રથમ પક્ષકાર યુનિયન તરફે આંક ૧૫નું પુરસીસ આપી જણાવેલ છે કે, આ કામમાં પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોવાથી તેઓ

INDEX

આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાનીપરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આ સંજોગોમાં હું નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

૩. યુનીયન રેફરન્સ પાછો ખેંચી લેતુ હોવાથી તે ફેસલ થયેલ ગણવામાં આવે છે ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

જી. જે. દવે
રજીસ્ટ્રાર

અમદાવાદ તા. ૧૭-૧૨-૯૦

આર. સી. ભટ્ટ
સભ્ય
ઔદ્યોગીક અદાલત ગુજરાત
અમદાવાદ.

અમદાવાદ તા, ૧૧-૧-૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ૬/ખ/શમક/૨૭૩૭૭ આરયુ સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ ગુજરાત નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોશીએશન અમદાવાદ અને અંબીકા મીલ્સ કાં. નં. ૧, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં જાન્યુઆરી માસના ૧૧મા દિને આથી નોંધ કરૂં છું.

INDEX

ઔદ્યોગીક અદાલત, ગુજરાત, અમદાવાદ સમક્ષ

વી. એચ. ઠાકોર સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૧૮૯/૮૭

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

અને

અંબીકા મીલ્સ કું. નં. ૧, અમદાવાદ — બીજા પક્ષકાર

મીલના સ્ટેમ્પીંગ ખાતામાં પેકીંગ સ્લીપ બનાવવાનું કામકાજ કરતા શ્રી ઘનસ્યામભાઈ જશુભાઈ પટેલ અને બીજા બે ને કારકુન ગ્રેડમાં મુકવા બાબત.

ઉદ્યોગ કોટન ટેક્ષટાઇલ

૧, આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનીયને બીજા પક્ષકાર મીલ કંપનીના સ્ટેમ્પીંગ ખાતામાં પેકીંગ સ્લીપ બનાવવાનું કામકાજ કરતા શ્રી ઘનશ્યામભાઇ જશુભાઈ પટેલ તથા અન્ય બે કામદારને જેએ.ને બંડલર તરીકે ગણી અને પગાર આપવામાં આવે છે તેમને જુનીયર કારકુન ગણી અને જુનીયર કારકુનના ગ્રેડમાં મુકી અને જ્યારથી આ કામ કરે છે ત્યારથી તેના પાછલા તફાવતની રકમ ચુકવી આપવા માટે યુનિયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે યુનિયન તરફે આંક ૧૨નું પુરસીસ આપી જણાવેલ છે કે મીલ કંપનીમાં ખાતુ બંધ હોવાથી તે ફરી ચાંલુ થયે ફરી રેફરન્સ કરવાના તેમના હકક સાથે તેઓ આ રેફરન્સ પાછો ખેંચી લે છે તો તે મુજબ હુકમ કરવા વિનંતી કરેલ છે. યુનિયનને આ રેફરન્સ તેમની માંગણી મુજબ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં કોઈ વાંધાજનક જણાતુ ન હોવાથી હું નીચે મુજબ હુકમ કરુ છું.

હુકમ

૩. યુનિયન ફરી ખાતુ શરુ થયે રેફરન્સ કરી શકશે તેવા તેના હકક સાથે

રેફરન્સ પાછો ખેંચી લેતુ હોવાથી રેફરન્સ ફેસલ થયેલ ગણવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી/ વી. એચ. ઠાકોર
સભ્ય
ઔદ્યોગીક અદાલત ગુજરાત

સહી- જી. જે. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૨૨-૧૧-૯૦

અમદાવાદ તા. ૧૧-૧-૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનીયમ
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના ક્રમાંક ૬/ખ/શમક/૨૭૩૭૮ આર યુ સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને અંબીકા મીલ્સ નં. ૧ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ માં જાન્યુઆરી માસના ૧૧ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત, અમદાવાદ

શ્રી વી. એચ. ઠાકોર સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી નં. ૨૩૯/૮૩

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ પ્રથમ પક્ષકાર

અને

અંબીકા મીલ્સ નં. ૧ અમદાવાદ. બીજા પક્ષકાર

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ.

પ્રોસેસીંગ ખાતામાં ડાઈંગ વિભાગમાં કામ કરનાર શ્રી મોતીભાઈ વિ. ને લેધર શુઝ, શર્ટ, પાટલુન વગેરે આપવા બાબત.

૧. હાલની આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનીયને બીજા પક્ષકાર મીલ કંપનીના પ્રોસેસીંગ ખાતામાં ડાઈંગ લેબોરેટરીમાં કામ કરતા શ્રી મોતીભાઈ રેવાભાઈને એસીડ કેમીકલ વી. સાથે કામ કરતા હોવાથી તેમને લેધર શુઝ, શર્ટ પાટલુન દુધ વિટામીન વિગેરે આપવા બાબતમાં યુનીયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરોઅંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. આ રેફરન્સ યુનિયને આંક-૧૫ નું પુરસીસ આપી જણાવેલ છે કે, હાલમાં મીલ કંપનીએ આ ખાતુ જ બંધ કરી દીધેલ હોવાથી તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને તે પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે, જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે, ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવાનાં આવતો નથી.

સહી/ વી. એચ ઠાકોર
સભ્ય
ઔદ્યોગીક અદાલત, ગુજરાત
અમદાવાદ

સહી જી. જી. દવે
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૩૦-૧૧-૯૦

આર. કે. પરમાર
સહાયક સંઘ, નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૧-૧-૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૩૭૯ આર યુ સને ૧૯૪૬ ના મુંબઈ સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને અંબીકા મીલ્સ, નં. ૧ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧મા જાન્યુઆરી માસના ૧૧મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૪૮/૮૭

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન પ્રથમ પક્ષકાર
ભદ્ર, અમદાવાદ

અને

અંબીકા મીલ્સ, નં. ૧ અમદાવાદ બીજા પક્ષકાર

યુનિયનની માગણી ઓટો શાળ ખાતામાં રુટી 'સી'માં સુથાર તરીકે કામ કરતાં રમેશચંદ્ર ત્રિકમલાલને વધારાના કામનું મહેનતાણું આપવા બાબતે.

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીમાં ઓટો શાળ ખાતામાં રુટી 'સી'માં સુથાર તરીકે કામ કરતાં શ્રી રમેશચંદ્ર ત્રિકમલાલને

વધારાનું કામનું મહેનતાણું આપવા બાબત અંગેની નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. રેફરન્સની ચાલુ સુનાવણીએ યુનિયને આંક ૧૮નું પુરસીસ આપી જણાવેલ છે કે, આ રેફરન્સમાં કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ હોવાથી આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

એસ. એમ. નાયક
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૫–૧૨–૯

વી. એચ. ઠાકોર
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ

અમદાવાદ તા. ૨૧–૧–૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

INDEX

સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનીયમ અન્વયે

નિમાયેલ સહાયક સંઘ નિબંધક દ્વારા

નં. ખ/શમક/૨૭૩૮૦/આરઈજી/બીઆઈઆર/૧૯૯૦ સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમની કલમ ૧૬/૪ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનીયમ – ગુજરાત રુલ્સના નિયમ ૧૬થી મને આપવામાં આવેલ સતાની રૂએ હું નીચે જણાવેલ અખીલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ, રાજકોટની નવસારી તાલુકાના સ્થાનીક વીસ્તારમાં વિદ્યુત ઉત્પન્ન કરી પુરી પાડવાના ઉદ્યોગ માટે પ્રતીનીધીત્વ ધરાવતા સંઘ તરીકે માન્ય કરવા માટેની સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનીયની કલમ ૧૬ (૧) નીચેની તા. ૧૨–૧૨–૯૦ની અરજી પ્રસીદ્ધ કરૂ છું.

અમદાવાદ તા. ૧૧–૧–૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનીયમ,
અમદાવાદ.

Form F. A.

(Section 16 and Rule 14-A)

Application for Registration of Union in place of the Union already registerd.

Name of Union : AKHIL GUJARAT VIDYUT KAMDAR SANGH
RAJKOT

NO. AGVKS/VPL/543 C/o 202. Jay Khodiar, Rajpur pura Rajkot
Date 12th day of Decembsr, 1990 Dtd. 12-12-90

To
The Registrar,
Bombay Industrial Relations Act,
Ahmedabad.

INDEX

Dear sir.

I beg to inform you that a meeting of the above Union which was held at Ahmedabad day of 8 9-1990. It was decided that the Union should apply to you for registration as a Representative qualified Union for the Electricty Industry in the local areas of Navsari Taluka (including Navsari Municipal Area) in place of Gujarat Electricity Employees, Union, Surat already registered on the ground that it has a larger membership of Employees, employed in such industry in the said local area. A copy of the resolution signed by the General Secretary of the Union is attached herewith.

1, The Nature of industry to be specified in the blank space provided)

2. The Union is registered under the Trade Union Act-1926 on the 4th day of January 1962 uncer certificate No. G-124 issued by the Registrar of Trade Unions.

3. The Union has the following membership in the Electricity Industry in the local area of Navsari City Navsari,

Taluka for the last three calander months.

Month	Number of Members	Precentage to the total number of employees in the industry.
Sept. 90	310	42
Oct. 90	310	42
Nov, 90	310	42

The Union therefore claims a lasger membership than the Union already registered for the period of above three months and request to register in under the provision of Bombay Industrial Relations Act-1946 in place of Union alrsady registered in the local area of Nasari Taluka (including Navsari Municipal Area).

Yours Sincerely

M. C. Patel

Vice President (Legal)

A. G. V. K. S. SABARMATI

INDEX

ઠરાવ નં. ૧

નવસારી તાલુકાની ગુજરાત વિદ્યુત બોર્ડની કચેરીઓમાંની બી.આઈ.આર. એક્ટ–૧૯૪૬ લાગુ પડે છે, ત્યાં ગુજરાત ઇલેક્ટ્રીસીટી એમ્પ્લોઈઝ યુનિયનને પ્રતિનીધી તરીકે ન ગણતા, અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ રાજકોટને પ્રતિનીધી યુનીયન તરીકેની માન્યતા માટે બી. આઈ. આર. એક્ટ ૧૯૪૬ ની કલમ ૧૬ ની અન્વયે સક્ષમ અધીકારી સમક્ષ અરજી કરવા, ચર્ચા કરવા, દસ્તાવેજો પુરા પાડવા અને તેને લગતી સંલગ્ન કાર્યવાહી ગુજરાત વિદ્યુત કામદાર સંઘ રાજકોટ વતી કરવા માટે આજની આ સભામાં વી એસ. દેસાઈ ઉપપ્રમખ અખીલ ગુજરાવ વીદ્યુત કામદાર સંઘ સુરતને તેમજ એમ. સી. પટેલ ઉપપ્રમુખ લીગલ અ. ગુ. વિ. કામદાર સંઘ અમદાવાદને સત્તા આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

જે. એસ. સોનેજી
મહા મંત્રી
અ. ગુ. વી. કા. સંઘ, ભુજ

અમદાવાદ. ૮–૯–૧૯૯૦

સહી અવાચ્ય
પ્રમુખ
મહાસમિતિ
અ. ગુ. વિ. કા. સંઘ

INDEX

અ. ગુ. વિ. રા. સંઘની તા. ૮–૯–૯૦ ના રોજ અમદાવાદ મુકામે મળેલ મહાસમિતીએ બંધારણમાં નીચે મુજબના સુધારા મંજુર કરેલા છે, જેની વીગતો નીચે મુજબ છે.

ઠરાવ નં. ૨

મહેસાણા સાબરકાંઠા જીલ્લાની નીચે આવતા કેટલાક તાલુકાના તાબાના શહેર કસ્બા, ગામડાની ગુજરાત વિદ્યુત બોર્ડની સબ સ્ટેશન, પેટા વીભાગીય, વર્તુલ ક્ષેત્રીય કાર્યાલયોમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યાના ૯૦ ટકા કામદારો અ. ગુ. વી. કા. સંઘના સભાસદો સને ૧૯૮૯ અને સને ૧૯૯૦ માં હોઈ, અ. ગુ. વી. કા. સંઘ રાજકોટને પ્રતીનીધિ યુનીયન તરીકેની માન્યતા માટે નોંધણી માટે બી આઈ.આર. એક્ટ–૧૯૪૬ની કલમ ૧૩ની રૂએ માન્ય સંઘની યાદીની નોંધણી માટે સક્ષમ અધીકારી સમક્ષ અરજી કરવા, ચર્ચા કરવા દસ્તાવેજો પુરા પાડવા અને તેને લગતી સંલગ્ન તમામ કાર્યવાહી સંઘ વતી કરવા આજની આ સભામાં બી. એસ. પટેલ વિશેષ મહામંત્રી એ. એસ. પટેલ ઉપપ્રમુખ, એમ. સી. પટેલ ઊપપ્રમુખ–લીગલને સત્તા આપવાનું સર્વાનુમતે ઠરાવેલ છે. કાર્યાલયોની નોંધ આ સાથે સામેલ છે.

સહી/ અવાચ્ય
મહા મંત્રી,
અ. ગુ. વિ. કા. સંઘ

ઠરાવ નં. ૩

સંઘનું બી. આઈ. આર. એક્ટ ૧૯૪૬ની–ઉપર મુજબના ઠરાવ પ્રમાણે નોંધણી કરાવવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવે છે. અને તે માટે બી.આઈ.આર એક્ટ ૧૯૪૬ની કલમ ૨૩–૧ મુજબની જરૂરિયાતો પુરી કરવા નીચે મુજબના બંધારણ સુધારા સર્વાનુમતે પસાર કરવામાં આવે છે.

INDEX

જૂની કલમ	વિગતો	નવી કલમ નંબર	વિગતો
૧૦ગ [૪]	ની પછી	૧૦[ગ][૫]	સંઘની કારોબારીની મળતી સમિતિઓએ મહાસમિતિઓએ અને સામાન્ય સભાએ પસાર કરેલા તમામ ઠરાવો તે હેતુ માટે રાખેલી કાર્યનોંધમાં નોંધાશે.
૧૫[૩] ગ પેજ–૧૭	માં પછી	૧૫[૩]બમાં વધારો	સરકારે નિમેલા ઓડીટર દરેક નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછા એક વખત સંઘના હસાબો તપાસી શકાસે.
૪[૯] પેજ–૨	માં પછી	૪[૯]માં વધારો	જેમાં સહમતી સાધઇ ન હોય અથવા પતાવટ ન થઇ હોય તેવી દરેક ઔધોગીક તકરા: પરસ્પર સમજુતીથી નક્કી થાય તે મુજબ લવાદને સોંપવાની અથવા તે વેતન બોર્ડને નિર્ણય માટે સોંપવાની તૈયારી બતાવવામાં આવશે, અને જો નિયોક્તા તે સમયે અસ્તિત્વમાં હોય અને જેમાં સંઘ પક્ષકાર હોય એવી તમામ તકરારો પ્રકરણ ૧૧ મુજબની ઔધોગીક કોર્ટની ગવાહી માટે મોકલવા કોઇ પણ વખતે કબુલ થાય તો તેવી લવાદીનો સંઘ તરફથી અસ્વિકાર નહિ કરાય.
૪ [૧૧] પેજ –૨	ની પછી	૪ [૧૨]	કોઇ ઔધોગીક તકરારની પતાવટની માટે આ અધિનિયમ

INDEX

ની અથવા તે હેઠળ ઠરાવેલી
તમામ રીત અજમાવી જોવામાં
આવી હોય અને તેના સભ્યો
પૈકી અર્ધા કરતાં વધારે સભ્યો
હડતાલ પાડવાની તરફેણમાં
ગુપ્ત મતદાનની પદ્ધતિએ
બહુમતીથી મત આપે તે
સિવાય કોઈ હડતાલ મંજુર
કરવામાં આવશે નહિ અથવા
તેનો આશ્રય લેવામાં આવશે નહી

સહી– અવાચ્ય
પ્રમુખ
અ. ગુ વિ. કા. સંઘ

સહી– અવાચ્ય
મહામંત્રી
અ. ગુ. વિ. કા સંઘ

ક્રમાંક–મકાલ/ટીયુઆર/૨૪–મજુર કમિશનરની
કચેરી, શ્રમભવન ગનહાઉસની બાજુમાં, રુસ્તમ
કામા માર્ગ, ખાનપુર, અમદાવાદ–૧,
તારીખ

પ્રતિ,
સામાન્ય મંત્રીશ્રી.

અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ, શ્રી જય ખોડીયાર કોમર્શીયલ સેન્ટર
૨જો માળ, ઓફિસ નં. ૨૦૨, રાજપુર પરા. મેઈન રોડ, રાજકોટ–૩૬૦૦૦૧.

વિષય–મંડળ રજી નં જી. ૧૨૪ના બંધારણમાં સુધારા નોંધવા બાબત.

મહાશય,

ઉપરોક્ત વિષય પરત્વેના આપના તા. ૧૫–૯–૯૦ના પત્ર સંદર્ભે જણાવવાનું કે આપણા સંઘની તા. ૮–૯–૯૦ના રોજ મળેલ સામાન્ય સભામાં કરવામાં આવેલી બંધારણની કલમ–૪[૯]૪[૧૧]–૧૦/ગ–૪/૧૫–૩ બના સુધારાની નોંધ આ કમીટીમાં તા. ૭–૧૨–૯૦ના રોજ થયેલ છે.

આપનો વિશ્વાસુ
સહી– અવાચ્ય
મજુર સંઘોના નાયબ નોંધણી અધીકારી
ગુજરાત રાજ્ય, અમદાવાદ

INDEX

અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ

રજી. નં. ૭–૧૨૪ તા. ૪-૧-૬૨ હેડ ઓફીસ, રાજકોટ

બંધારણ

૧ નામ	અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ.
કાર્યક્ષેત્ર	ગુજરાત રાજ્યનો બંધારણીય કોઈપણ વિભાગ
વિદ્યુત કામદાર	ગુજરાત રાજ્યમાં વીજળી ઉદ્યોગમાં સંકળાયેલ કોઈ પણ કર્મચારી.
નોંધ	આ બંધારણમાં સંસ્થાનો ઉલ્લેખ માત્ર 'સંઘ' શબ્દથી કરવામાં આવશે.
૨, મુખ્ય કચેરી	સંઘની મુખ્ય કચેરી રાજકોટ મુકામે અનુકુળ જગાએ રહેશે. અને બીજી પેટા કચેરી વડોદરા ગુજરાતમાં અન્ય સ્થળોએ મહાસમીતીની મંજુરી બાદ જરૂરીયાત મુજબ ખોલી શકાશે.
૩ ધ્યેય અને ઉદ્દેશ	ગુજરાત રાજ્યમાં વીજળી ઉદ્યોગમાં કામ કરતા કોઇપણ કર્મચારીનું શુદ્ધ શાંતીમય માર્ગ મજબુત સંગઠન કરવું અને કામદારોના હકકોની જાળવણી અને ઉત્કર્ષને માટે પ્રવૃતિ કરવી અને માલિકો સાથેના સંબંધોનું નિયમન કરવું.
૫ પ્રવૃત્તિઓ	૧ એકતા અને ભાઈચારાની ભાવના વીકસાવવી.
	૨ કામદારોની રોજબરોજની મુશ્કેલીઓ અને ફરીયાદોની સંપુર્ણ અને સામાજીક ન્યાયના ધોરણે નિકાલ લાવવો

૩ શૈક્ષણીક તથા સાંસ્કૃતીક પ્રવૃતિઓ જેવી કે વાંચનાલય, પુસ્તકાલય, વ્યાખ્યાનો, બાળ કેળવણી, પ્રૌઢ શિક્ષણ તથા ઔદ્યોગીક કેળવણીની પ્રવૃતીઓ ચલાવવી.

૪ વ્યાયામ, રમતગમત, હરીફાઈઓ, પ્રવાસો, રાસ વગેરે દ્વારા આનંદ રેડવો.

૫ જુગાર, હરીફાઇ, વ્યસનો વીગેરેથી બચાવી, શુદ્ધ સત્ત્વવાળા ખોરાકનો ખ્યાલ આપવો, અંગત કૌટુંબીક તથા સામાજીક સ્વચ્છતા શીખવવી, શરીર તથા મનની તંદુરસ્તી લાવવી.

૬ માંદગી, બેકારી, વૃદ્ધાવસ્થા, મૃત્યુ અને નાણાંભીડના બીજા સંજોગોમાં મદદ કરવી.

૭ બાળકોની ઉચ્ચ કેળવણીમાં સહાય કરવી.

૮ નોકરી અંગે ઉપસ્થીત થતી કાનુની બાબતોમાં સલાહ આપવી.

૯ કામદારોની ન્યાયી માંગણી મેળવવા માટે પ્રયત્નો કરવા તેમજ તેવી માંગણીઓ મેળવવા માટે બની શકે ત્યાં સુધી મસલતની અને તેમ ન બને તો તટસ્થ પંચ અગર સરકારના મજુર તંત્ર મારફતે ન્યાય મેળવવા કોશીષ કરવી. આવી રીતનો સ્વીકાર ન થાય તેવા પ્રસંગે શાંતીભર્યા માર્ગે સીધો સામનો કરવો. જેમાં સહમતી સધાઈ ન હોય અથવા પતાવટ ન થઈ હોય તેવી

INDEX

દરેક ઔધોગીક તકરાર પરસ્પર સમજુતીથી નક્કી થાય તે મુજબ લવાદને સોંપવાની તૈયારી બતાવવામાં આવશે. અને જો તે સમયે અસ્તીત્વમાં હોય અને જેમાં સંઘ પક્ષકાર હોય એવી તમામ તકરારો પ્રકરણ ૧૧ મુજબની ઔદ્યોગીક કોર્ટની ગવાહી માટે મોકલવા કોઈ પણ વખતે કબુલ થાય તો તેની લવાદીનો સંઘ તરફથી અવીસ્કાર નહી કરાય.

૧૦ સંઘના ધ્યેયને અને ઉદ્દેશોને વેગ મળે તેવી સંસ્થાઓ સાથે સહકાર સાધીને કાર્ય કરવું.

૧૧ ઉપરોકત પ્રવૃતિઓ માટે કલમવાર પ્રવૃતિ ચલાવવાના પેટા નિયમો મહાસમીતી ઘડશે અને તેનો અમલ કરવા માટે જરૂરી હોદ્દેદારો તથા સમીતી ચુંટી સામાન્ય મંત્રી પ્રવૃતિનો અમલ કરશે, કોઈ ઔધોગીક તકરારની પતાવટની માટે આ અધીનિયમનો અથવા તે હેઠળ ઠરાવેલ તમામ રીત ચલાવી લેવામાં આવી હોય અને તેના સભ્યો પૈકી અર્ધા કરતાં વધારે સભ્યો હડતાલ પાડવાની તરફેણમાં ગુપ્ત મતદાનની પદ્ધતીએ બહુમતીથી મત આપે તે સિવાય કોઈ હડતાળ મંજુર કરવામાં આવશે નહિ અથવા તેનો આશ્રય લેવામાં આવશે નહિ.

૫ સંઘનુ વર્ષ

સરકારશ્રીએ સુધારો કર્યા મુજબ કેલેન્ડર વર્ષ એટલે કે જાન્યુઆરીથી ડીસેમ્બર ગણવું.

INDEX

૬ સભ્ય
કે લાયકાત

સંઘનું સામાન્ય સભ્યપદ સ્વૈચ્છીક અને ગુજરાત વિદ્યુત બોર્ડમાં કામ કરતા કોઈપણ કર્મચારી સીધેસીધા અથવા તો કોન્ટ્રાકટરો મારફતેના અથવા તો ગુજરાત વિદ્યુત બોર્ડ નીચે લાયસન્સી તરીકે કામ કરતી સંસ્થાઓ માટેના ગુજરાત વિદ્યુત બોર્ડ સીવાય જાહેર ખાનગી અથવા તો સ્થાનિક સંસ્થાઓ કે જે વીજળી ઉદ્યોગ સાથે સંકળાયેલ હોય તેમાં કામ કરતા કોઈ પણ કર્મચારી મુકત રીતે સંઘના સભ્યપદે દાખલ કરવામાં આવશે કર્મચારી કાયમી, હંગામી, વર્કચાર્જ, રોજમદાર અથવા તો પાર્ટ ટાઈમ હોય તો પણ આ સંઘના સભ્યપદે આવી શકશે, પરંતુ તમામ કર્મચારીની ઉંમર ૧૮ વર્ષ અથવા તેથી વધુ હોવી જરુરી છે. આવું સભ્યપદ સ્થાનિક પ્રતીનીધી દાખલ પત્રક સ્વીકારી મંજુર કરી શકશે અને તેવા દાખલ પત્રક મુખ્ય કચેરીને રેકર્ડ માટે મોકલી આપશે અને સર્કલ સેક્રેટરીને જાણ કરશે.

૭ બરતરફી

૩ જે સભ્ય સંઘના ધ્યેય અને હીત વિરુદ્ધ વર્તન અને પ્રચાર કરે અથવા

૨ સંઘના કાર્યમાં અડચણો ઉભી કરે છે તેવો મત મહાસમીતી બહુમતીથી ઠરાવે કે

૩ કોઈ પણ સભ્ય છ મહીના સુધી મુકરર થયેલ લવાજમ ન આપે અને ન આપવાના કારણો આપે તે મહાસમીતીને વ્યાજબી કારણો ન લાગે તો

૪ મહાસમીતીની મંજૂરીથી છ માસ લવાજમ ન ભરનાર સંઘના સભ્યપદેથી રદ થયા ગણાશે. પરાંતુ આવા શખ્શ ભરપાઈ ન

થયેલ લવાજમ તથા અન્ય ફંરફાળા વસુલ આપીને સંઘના સભ્યપદે ચાલુ રહી શકશે.

૫ કાયદાની દ્રષ્ટિએ સમાજનને હાનીકર્તા હોય,

૬ દારૂ, જુગાર કે તેવી બદીના ભોગ બનેલ હોય.

૭ પાગલ હોય.

૮ નોકરીમાંથી બરતરફ થયેલ હોય સિવાય કે 'વીકટીમાઈઝેશન'ને કારણે બરતરફ થયેલો હોય, પરંતુ બરતરફ કરતા પહેલા તેવા સભ્યને ખુલાસો કરવાથી તક આપવામાં આવશે

૯ કલમ ૬–ખમાં જણાવ્યા મુજબ પેટા કલમ ૧ થી ૮માં જણાવેલ કારણો સબબ સંઘના સભ્ય અને મહામંત્રી હોદ્દેદારોને મહાસમીતીની મંજુરીની એપેક્ષાએ તાત્કાલીક અસરથી સંઘના સભ્યપદેથી અને અથવા હોદ્દા ઉપરથી બરતરફ કરી શકશે.

ગ ફરી દાખલ

કલમ ૬ ખમાં જણાવ્યાં મુજબ બરતરફ થયેલા સભ્યને તેમને બરતરફ કર્યા પછી મળતી પહેલી સામાન્ય સભા તે સભ્યને લેખીત અરજી આપે તે ઉપર વિચારણા કરી શકશે અને કામદાર સભ્યના ૩/૪ મત તેમને ફરી દાખલ કરવાની તરફેણમાં મળે અને ચડત ફી તથા અન્ય ફાળવણીઓ ભરી આપી સંઘના ધ્યેય વિરૂદ્ધ વર્તન ન કરે તેવી લેખીત બાંહેધરી આપેથી બરતરફ થયેલા કામદારને ફરી દાખલ કરવામાં આવશે અને તેનું નામ રજીસ્ટરમાં દાખલ કરવામાં આવશે.

૫. સભ્યોના લાભ ન મળવા બાબત નીચે જણાવ્યા કારણસર સંઘ તરફથી પ્રવૃતિના લાભ મળી શકશે નહિ

૧ જે સભ્યનું દાખલ પત્રક મંજુર થયાને ત્રણ મહીના પુરા ન થયા હોય.

૨ જેણે પુરું લવાજમ ભર્યું ન હોય અને તેમ કરવાના કારણો આપે તે કારોબારીને વ્યાજબી ન લાગે.

૩ ચડતર લવાજમ ભર્યાને એક મહીનો પુરો થયો ન હોય.

૪ મહાસમીતી અથવા મહાસમીતીની મંજુરીની અપેક્ષા મહામંત્રીએ જે સભ્યને બરતરફ કર્યા હોય.

૭ લવાજમ

અ. માસીક લવાજમ રૂા. ૧–૫૦ લેખે વાર્ષિક અગર ૭ માસીક ઉઘરાવવું, જે તે વર્ષના જુન ડીસેમ્બરમાં ઉઘરાવવું.

બ, જે સભ્ય રૂા. ૨૫૧–૦૦ એકી સાથે સંઘમાં ભરી આપે તેમને તેઓ જ્યાં સુધી બોર્ડમાં નોકરી કરે ત્યાં સુધી આજીવન સભ્યપદ આપવું પરંતુ કલમ–ના તમામ નિયમો તેમને બંધનકર્તા રહેશે.

દાખલ ફી–રૂા. ૫-૦૦ દાખલ ફી પત્રક સાથે લેવા.

૮ માનદ સભ્ય

વ્યક્તિનું વિશીષ્ટ જ્ઞાન અને શકિત સંઘના હીતમાં લઈ શકાય તેમ હોય તો તેવા વ્યકિતને માનદ સભ્ય તરીકે દાખલ કરી શકાશે આવા માનદ સભ્યોની સંખ્યા પાંચ કરતાં વધારે નહીં હોય, આ પાંચ સભ્યોમાંથી એક કાર્યાલય મંત્રી અને એક એડીશનલ કાર્યાલય મંત્રી હશે અને તેમને માનદ વેતન ચુકવવામાં આવશે, આ માનદ

INDEX

સભ્યોની નિમણુંક પ્રતીનીધિ સભા દ્વારા કરવામાં આવશે, સંઘના હોદ્દા ઉપર ન ચુંટાયેલ હોય તેવા માનદ સભ્યો કાર્યવાહક સમીતી કે મહા-સમીતીના સભ્યો લેખાશે નહીં. પરંતુ મહામંત્રીના નિમંત્રણથી ઉપરોક્ત સમીતીની બેઠકમાં હાજર રહી શકશે, તેઓ બેઠકને માર્ગદર્શન આપી શકશે. પરંતુ મતદાન કરી શકશે નહિ, આ ઉપરાંત સામાન્ય સભા પછી મહામંત્રીને જરૂર લાગે તો પાંચ વધુ માનદ સભ્યોને, મહાસમીતીની મંજુરીની અપેક્ષાએ નિયુક્તિ આપી શકશે અને આ સભ્યો માનદ સલાહકાર કરીકે કાર્ય કરશે.

૯. ભંડોળ એકઠું કરવા અને વ્યવસ્થા કરવા બાબત.-

ક. નીચે જણાવેલ રીતે સંઘની પ્રવૃત્તિ માટે ભંડોળ એકઠું કરી શકશે.

૧. સભ્યોના લવાજમથી.

૨. સંઘના ધ્યેયને લક્ષમાં રાખીને મહાસમિતિને યોગ્ય લાગે તેવી ખાસ ફાળવણીઓ વિગેરેથી.

ખ. નાણાંકીય વ્યવસ્થા.

૧. સંઘનું ભંડોળ ટ્રેઈડ યુનીયન એકટ, ૧૯૨૬ કલમ ૧૫ મુજબ ઉપયોગમાં લઈ શકાશે.

૨. સંઘની નાણાંકીય વ્યવસ્થા માટે મહાસમિતિની યોગ્ય વ્યવસ્થા ઘડી કાઢશે.

૩. તમામ પ્રકારની નાંણાકીય લેવડ દેવડ આવક અને ખર્ચની વિગતની જાળવણી કરશે અને મહામંત્રીને માહીતગાર રાખશે.

ધ. મુખ્ય કચેરી સિવાય અન્ય પેટા કચેરીમાં વહીવટ સંચાલન સુયોગ્ય રીતે ચાલે તે રીતે નાંણાની ફાળવણી કરવાની રહેશે.

ગ. સંઘની આવક અને ખર્ચ માટેની લેવડ દેવડ કરવા માટે સ્થાનિક બેન્કોમાં પ્રમુખશ્રી, મહામંત્રી અને ખજાનચી મળી કુલ ત્રણ હોદ્દેદારોની સહીથી સંઘના નામે ખાતાઓ ખોલી શકશે અને આ ત્રણ પૈકી ગમે તે બે હોદ્દેદારોની સાથે સાથે ઉપાડવાનો વહીવટ કરી શકાશે પરંતું પ્રમુખ તરીકે જ્યારે સંઘના માનદ સભ્યમાંથી કોઈ વ્યક્તિ હોદ્દેદારો તરીકે આવેલ હોય ત્યારે બેન્ક સાથેની લેવડ દેવડની વ્યવહારૂ વ્યવસ્થા ગોઠવવા પ્રમુખને બદલે અન્ય કોઈપણ એક હોદ્દેદારને આ જવાબદારીમાં મહાસમીતી સામેલ કરી શકશે.

૧૦. ચુંટણી

ક. સંઘની દરેક શાખામાં જુદી જુદી ઓફીસ જેવી કે સેકસનલ ઓફીસ, સબ ડીવીઝન કે સર્કલ ઓફીસ સબ સ્ટેશન, રીજીઓનલ સ્ટોર્સ જે બોર્ડના વહીવટમાં સ્વતંત્ર વહીવટ એકમ તરીકે હોય તેવા તેમાં કામ કરતા કર્મચારીઓ કે જે સંઘના સભ્ય હોય તેઓ નીચેના ધોરણે પ્રતિનિધિ ચુંટી શકશે.

૧	થી	૧૦	સભ્ય સુધી એક પ્રતીનીધિ
૧૧	થી	૨૫	સભ્ય સુધી બે પ્રતીનીધિ
૨૫	થી	૫૦	સભ્ય સુધી ત્રણ પ્રતીનીધિ
૫૧	થી	૧૦૦	સભ્ય સુધી ચાર પ્રતીનીધિ
૧૦૧	થી	૧૫૦	સભ્ય સુધી પાંચ પ્રતીનીધિ
૧૫૧	થી	૨૦૦	સભ્ય સુધી છ પ્રતીનીધિ
૨૦૧	થી	૨૫૦	સભ્ય સુધી સાત પ્રતીનીધિ
૨૫૧	થી	૩૦૦	સભ્ય સુધી આઠ પ્રતીનીધિ

૩૦૧	થી	૩૫૦ સભ્ય સુધી નવ પ્રતીનીધિ
૩૫૧	થી	૪૦૦ સભ્ય સુધી દસ પ્રતીનીધિ
૪૦૧	થી	૫૦૦ સભ્ય સુધી અગિયાર પ્રતીનીધિ
૫૦૧	થી	૭૫૦ સભ્ય સુધી બાર પ્રતીનીધિ
૭૫૧	થી	કે તેથી વધુ સભ્ય સુધી વીસ પ્રતીનીધિ

ગુજરાત વિદ્યુત બોર્ડ સિવાય અન્ય સંસ્થાઓમાં કામ કરતા વીજળી કર્મચારીઓ ઉપરના જ ધોરણે પ્રતિનિધિઓ નક્કી કરશે. ઉપરોકત પ્રતિનિધિઓની દ્વી–વાર્ષિક સભા પ્રથમ સંઘના માનદ સભ્યોની ચુંટણી કરશે ત્યાર બાદ સંઘના હોદ્દેદારોની ચુંટણી કરશે તે ઉપરાંત સંઘની નીતિ વિષયક બાબતો નક્કી કરશે.

ખ. વહીવટી વ્યવસ્થા.

સંઘના કાર્ય અને વહીવટ સંચાલન વ્યવસ્થીત રીતે ચાલી શકે તે સંઘના તમામ વિસ્તારને ચાર ક્ષેત્રમાં વહેંચી નાખવામાં આવશે.

૧. ઉત્તર ક્ષેત્ર.

૧. પાલનપુર ઓ. એન્ડ એમ સર્કલ

૨. મહેસાણા ઓ. એન્ડ એમ. સર્કલ

૩. સાબરમતી ઓ. એન્ડ એમ સર્કલ

૪. હિંમતનગર ઓ. એન્ડ એમ સર્કલ

૫, મહેસાણા ટ્રાન્સમીશન સર્કલ

૨. દક્ષિણ ક્ષેત્ર

૧. ઉત્રાણ ઓ. એન્ડ એમ સર્કલ

૨. વડોદરા ઓ. એન્ડ એમ સર્કલ

૩, વડોદરા હેડ ઓફીસ સર્કલ

૪. આણંદ ઓ. એન્ડ એમ સર્કલ

૫. નવસારી ટ્રાન્સમીશન સર્કલ

૬, નડીયાદ ટ્રાન્સમીશન સર્કલ

૭. જાખુવા ટ્રાન્સમીશન સર્કલ

૩. પશ્ચિમ ક્ષેત્ર

૧. પોરબંદર ઓ. એન્ડ એમ સર્કલ

૨. રાજકોટ ઓ. એન્ડ એમ. સર્કલ

૩. ભાવનગર ઓ. એન્ડ એમ સર્કલ

૪. ગોંડલ ટ્રાન્સમીશન સર્કલ

૫. જામનગર ઓ. એન્ડ એમ સર્કલ

૬. કચ્છ ઓ. એન્ડ એમ સર્કલ

૭. અંજાર ટ્રાન્સમીશન સર્કલ

૪. પાવર સ્ટેશન ક્ષેત્ર

૧. ગાંધીનગર થર્મલ સ્ટેશન

૨. ઉકાઈ થર્મલ સ્ટેશન

૩. ઉકાઈ હાઈડ્રો થર્મલ સ્ટેશન

૪. ઉત્રાણ થર્મલ સ્ટેશન

૫. ધુવારણ થર્મલ સ્ટેશન

૬. કડાણા હાઈડ્રો થર્મલ સ્ટેશન

INDEX

૭. વણાકબોરી થર્મલ સ્ટેશન

૮. પાન્ધો લીગ્નાઈટ થર્મલ સ્ટેશન

૯. સિકકા થર્મલ સ્ટેશન

આ સર્કલો ઉપરાંત બોર્ડ જે કોઇ નવા સર્કલો ઉભા કરે તેનો સમાવેશ જે તે પ્રાદેશીક વિભાગમાં અનુંકુળ બની શકશે તેવા ક્ષેત્રમાં સમાવેશ કરવામાં આવશે. ઉપરાંત દરેક ક્ષેત્રની સમતુલા જળવાય તે માટે જરુર જણાય ત્યારે મહાસમિતિ ક્ષેત્રોના વિસ્તારમાં ફેરફાર કરી શકશે.

ગ. સર્કલ લેવલ કારોબારી સમીતી.

બોર્ડના વહીવટી એકમની દ્દષ્ટિએ સર્કલ લેવલે કારોબારી સમીતી બનાવવામાં આવશે. આ સમીતીના કન્વીનર તરીકે જે તે સર્કલના સેક્રેટરી રહેશે અને કારોબારી સમીતીના પ્રમુખ તરીકેની જવાબદારી સંબધીત ક્ષેત્રના ક્ષેત્રીય મંત્રી સંભાળશે.

આ કારોબારી સમીતીમાં બોર્ડના વહીવટી એકમની દ્દષ્ટિએ દરેક વિભાગમાંથી જે તે સંબંધકર્તા પ્રતિનિધિઓ એક કારોબારી સભય ચુંટી કાઢશે, પરંતુ જે વિભાગની સભય સંખ્યા ૨૫૦થી વધુ હોય તો વિભાગ એક વધારાના કારોબારી સભય ચુંટી શકશે, પરંતુ આ વધારાની જગ્યા મળતા બે જગ્યા થશે. તેમાંથી એક ટેકનીકલ અને એક નોન ટેકનીકલ જગા રહેશે. પરંતુ જો બંને કેડરમાંથી કોઈ એક કેડરની વ્યકિત ઉમેદવાર નહી હોય તો એક જ કેડરમાંથી બંને જગાઓ પુરી શકાશે.

બોર્ડની ઝોનલ ઓફીસ જે વર્તુળના વિસ્તારમાં હશે તેનો સમાવેશ જે તે વર્તુળ સાથે ગણવામાં આવશે. ઉપરાંત જે તે સર્કલના વિભાગીય મંત્રીઓ હોદાની રૂએ આ સમીતીના સભય ગણાશે.

INDEX

ઉપરોકત કારોબારી સમીતીમાં જરુરી જણાશે ત્યારે મહામંત્રી નિરીક્ષકો મોકલી શકશે.

૧૦. ગ. અ. સર્કલ લેવલની કારોબારીના કર્તવ્યો.

૧. આ સર્કલ કારોબારી સંબંધકર્તા સર્કલના કાર્યક્ષેત્રને સ્પર્શતા પ્રશ્નો વગેરેની ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેશે અને સંઘના સામાન્ય નીતિ વિષયક પ્રશ્નો મહાસમીતીની વિચારણા માટે યોગ્ય ભલામણ સાથે મોકલી આપશે.

૨. આ સમીતીની મીટીંગ દર ત્રણ મહીનાની અંદર એક વખત અનુકુળતા મુજબ બોલાવવામાં આવશે અને આ સંઘની જાણ મહામંત્રીને અગાઉથી કરવામાં આવશે અને કાર્યવાહી અંગેનો અહેવાલ જે તે સર્કલ કારોબારીના કન્વીનર મીટીંગ થયા બાદ એક અઠવાડીયામાં મોકલી આપશે.

૩. સર્કલના પ્રશ્નો અંગે બોર્ડ સામે કોઈપણ જાતના આંદોલન કે સીધા પગલાં અંગેની કાર્યવાહી કરતા પહેલા મહામંત્રીની લેખીત પરવાનગી લેવાની રહેશે.

૪. સર્કલ કારોબારી સામાન્ય સભા બાદ તુરત જ પોતાના સર્કલમાંથી એક સભ્યને મહાસમીતીમાં નિયુકત કરવા માટે ચુંટણી કરી તુરતજ મધ્યસ્થ કચેરીને જાણ કરશે.

૫. સંઘની કારોબારીની મળતી સમિતિઓએ મહાસમિતિઓએ અને સામાન્ય સભાએ પસાર કરેલા તમામ ઠરાવો તે હેતુ માટે રાખેલી કાર્ય નોંધમાં નોંધાશે.

૧૦. ૫ હોદ્દેદારો –

૧.	પ્રમુખ	૧ સામાન્ય સભામાં ચુંટણીથી
	ઉપપ્રમુખ–લીગલ	૧ સામાન્ય સભામાં ચુંટણીથી

INDEX

	ઉપપ્રમુખ	૮	ઝોનદીઠ–૨ સામાન્ય સભામાં ચુંટણીથી
	ઉપપ્રમુખ	૨	નિયુક્તી પ્રમુખશ્રી મહામંત્રી અને તમામ એડી. જી.એસ. ઉપપ્રમુખની સહમંત્રીથી બહારના નીમવા.]
૨	સેક્રેટરી જનરલ	૧	સામાન્ય સભામાં ચુંટણીથી
૩	મહામંત્રી	૨	સામાન્ય સભામાં ચુંટણીથી
૪	વિશેષ મહામંત્રી	૮	ઝોનદીઠ–૨ સામાન્ય સભામાં ચુંટણીથી
	વિશેષ મહામંત્રી	૨	રાજકોટ, વડોદરા પ્રોપર માટે ચુંટણીથી
૫	ખજાનચી	૧	રાજકોટ પ્રોપરના પ્રતિનિધીઓજ સામાન્ય સભામાં ચુંટણીથી
૬	સહ ખજાનચી	૧	ખજાનચીની ભલામણથી મહામંત્રી નીમણુંક કરશે.
૭	કાનુન મંત્રી	૨	સામાન્ય સભા ચુંટણીથી
૮	અ. જોઈન્ટ સેક્રેટરી	૧૫	આશરે ઝોન સુધીની ચુંટણીથી ૧૦૦૦–૧
	બ. જોઈન્ટ સેક્રેટરી	૪	વડોદરા માટે જે તે ઝોનના પ્રતિનિધીઓ મારફત
	ક. જોઈન્ટ સેક્રેટરી	૧	મહામંત્રી સાથે તેમની નીમણુકથી
૯	ક્ષેત્રીય મંત્રી	૪	ઝોનદીઠ–૧ ઝોનલ સુધીની ચુંટણીથી
૧૧	જોઈન્ટ ઝો. સેક્રેટરી	૮	ઝોનદીઠ–૧ ઝોનલ સુધીની ચુંટણીથી

૧૧	કાનુન મંત્રી–વિશેષ	૧૦	આશરે ઝોનની ચુંટણીથી ૧૫૦૦ સભ્યોદીઠ–૧
	કાનુન મંત્રી–વિશેષ	૧	કાનુનમંત્રી સાથે નિમણુંક ઉપપ્રમુખ–એલ એલ.એસ.ની ભલામણથી જી. એસ. કરશે.
	,,	૧	ઉપપ્રમુખ–લીગલ સાથે તેમની ભલામણથી નીમણુંક જી.એસ. કરશે
૧૨	સંગઠન મંત્રી	૩૦	આશરે ઝોન સુધીની ચુંટણીથી ૭૫૦ સભ્યો દીઠ એક
૧૩	સંકલન મંત્રી	૨૧	આશરે તમામ ઉપપ્રમુખ એડી. જી.એસ. સાથે તેમની ભલામણથી નિમણુંક જી.એસ. કરશે.
૧૪	સેક્રેટરી–એડમી	૪	ઝોન દીઠ–૧ ક્ષેત્રીય મંત્રીની ભલામણથી જી.એસ નીમણુંક કરશે
૧૫	પ્રચારમંત્રી	૮	ઝોન દીઠ–૨ સહક્ષેત્રીય મંત્રીની ભલામણથી જી.એસ. નીમણુંક કરશે
૧૬	વર્તુળમંત્રી	૨૮	વર્તુળ પાવર સ્ટેશન દીઠ–૧ ના સભ્યોની ચુંટણીથી
૧૭	વિશેષ વર્તુળ મંત્રી	૨૮	વર્તુળ પાવર સ્ટેશન દીઠ–૧ સી. એસ.ની ભલામણથી જી. એસ. નિમણુંક કરશે.
૧૮	મે મહા સમીતી		વર્તુળ પાવર સ્ટેશન સભ્યદીઠ–૧ ની ના સભ્યોમાંથી ચુંટણીથી.

૧૯ વિ. મંત્રી — વિભાગીય કાર્યાલય દીઠ-૧ અને તેના સભયોમાંથી ચુંટણીથી,

૨૦ કા. સભયો — દરેક ડીવીઝનમાંથી ૫૦ સભ્યો દીઠ અને તેના સભયોમાંથી ચુંટણીથી.

(ચ મહાસમીતી–

ઉપરોકત હોદ્દાઓ સિવાય સંઘના હિતમાં જો કોઈ હોદ્દા અનિવાર્ય સંજોગોમાં નિમણુંક આપવાની થશે તો સર્કલ સેક્રેટરી સુધીની કક્ષાના હોદ્દાઓ માટે જે તે સર્કલના કારોબારી સભયોની સુધીના બહુમતીથી થયેલ ભલામણ મુજબ મહામંત્રીશ્રી નિમણુંક કરશે. ઝોનલ સેક્રેટરી સુધીના હોદ્દાઓ આપવાની જરૂરીયાત ઊભી થાય તો જે તે ઝોનમાં મહામંત્રીના સભયો સુધીના હોદ્દેદારોની 3/૪ બહુમતીથી થયેલ ભલામણ મુજબ મહામંત્રીશ્રી નિમણુંક કરી શકશે. ઝોનલ સેક્રેટરીથી ઉપરનો હોદ્દો જો આપવાનો પ્રશ્ન ઉપસ્થીત થશે તો તેમના તમામ વી, પી. અને એ. જી. એસ. ની ૩/૪ બહુમતીથી મંજુર થયેલ નામોને મહામંત્રી નિમણુંક આપશે.

મહાસમીતી સંઘની નીતી વિષયક બાબતોની સમીક્ષા કરશે અને સંઘના હીતમાં તમામ પ્રકારના નિર્ણયો લેવા હકકદાર રહેશે. વર્ષમાં બે વખત અનુકુળ જગાએ મળશે. આમ છતા ખાસ સંજોગોમાં મહામંત્રી બેથી વધુ વખત બોલાવી શકશે.

(છ) મહાસમીતીના કર્તવ્યો–

૧ વિશિષ્ટ કારોબારી તરીકેની તમામ જવાબદારીઓ અદા કરશે.

૨ બંધારણના ઉદ્દેશો લક્ષમાં રાખીને ભંડોળ એકઠું કરવું અને ખર્ચ કરવો.

૩ ખર્ચના હીસાબ ઓડીટ કરાવવા અને આવતી સાલનું અંદાજપત્ર સભા માટે તૈયાર કરવું.

૪ પેટા સમીતીઓ નિમવી

૫ સંઘની કેઈપણુ સમીતીઓની વ્યવસ્થા કરવી.

૬ બંધારણમાં ફેરફાર સુચવવા.

૭ ઓડીટરની નીમણૂંક કરવી

૮ સંઘના રોજ બરોજના સંચાલન માટેનું સુયોગ્ય આયોજન કરશે અને નીતી વિષયક આલોચના કરી યોગ્ય નિર્ણય કરશે.

૯ ગુજરાત વિદ્યુત બોર્ડ સિવાય અન્યત્ર કામ કરતા કર્મચારીઓના પ્રશ્નોના નિરાકરણ માટે પેટા કમીટીની રચના કરવી.

૧૦ અસાધારણ સંજોગોમાં તાત્કાલીક નિર્ણય લઈ શકાય તે માટે પ્રમુખ તથા મહામંત્રી ઉપરાંત અન્ય હોદ્દેદારોમાંથી બે વિશેષ મહામંત્રી બે ઉપ–પ્રમુખો એક સંકલન મંત્રી, એક કાનુન મંત્રી અને એક ખજાનચી નીમી સમીતીની પસંદગી કરશે.

૧૧ ચુંટણી–

(ક ૧ ચુંટણી માટેની મળેલી પ્રતિનિધીઓની સામાન્ય સભા પ્રથમ માનદ સભયોની ચુંટણી કરશે અને ત્યારબાદ પ્રમુખ અને મહા–મંત્રીની ચુંટણી કરશે.

૨ ત્યારબાદ અન્ય હોદાઓની ચુંટણી થશે.

૩ પ્રમુખ. ઉપ પ્રમુખ, મહામંત્રી, વિશેષ મહામંત્રીઓ તથા ખજાનચીની ચુંટણી સામાન્ય પ્રતિનિધી સભા કરશે. જયારે ક્ષેત્રીય મંત્રી, સહ ક્ષેત્રીય મંત્રી, સંગઠન મંત્રીઓની ચુંટણી જે તે ક્ષેત્રના પ્રતિનિધીઓના મતદાનથી થશે અને તે હોદા ઉપર ઉમેદવારી કરનાર પ્રતિનિધી જે તે ક્ષેત્રનો હોવો જરુરી છે. આઠ ઉપપ્રમુખો અને ચાર વિશેષ મહામંત્રીઓ જે તે ક્ષેત્ર માટે નીયત થયેલી જગા માટે સંબંધીત ક્ષેત્રમાંથી ચુંટાયેલ પ્રતિનિધી જ ઉમેદવારી કરી શકશે, પરંતુ તેમની ચુંટણી સમગ્ર પ્રતિનિધી સભાના મતદાનથી જ થશે.

INDEX

૪ સર્કલ સેક્રેટરીની ચુંટણી સંબંધકર્તા સર્કલના પ્રતિનિધીઓ જ કરશે.

૫ વિભાગીય મંત્રીની ચુંટણી સંબંધકર્તા ડીવીઝનના પ્રતિનિધીઓ જ કરશે

૬ સર્કલ લેવલ કારોબારીના સભયોની ચુંટણી સંબંધીત ડીવીઝનના પ્રતિનિધીઓ જ કરશે.

૭ મહાસમીતીના સભયોની ચુંટણી સર્કલ લેવલ કારોબારીના સંબંધીત સર્કલ દીઠ એકની સંખ્યામાં સંબંધીત સર્કલના કારોબારી સભયમાંથી સાદી બહુમતીથી થઈ શકશે.

૮ સર્વાનુમતે અથવા બીન હરીફ સિવાયની ચુંટણીઓ મૌખિક મતદાન અથવા હાથ ઊંચા કરીને કરવામાં આવશે. પરંતુ જે તે હોદ્દા માટે ઊભેલ ઉમેદવાર ગુપ્ત મતદાનથી મતપત્રક દ્વારા ચુંટણી કરવાની લેખીત માંગણી ચુંટણી અધિકારી સમક્ષ કરશે તો જ તે પ્રમાણે કરવામાં આવે આ માટે પોતાના ઉમેદવારી પત્રકની અંદર જ આ માંગણી કરવાની રહેશે.

૯ પ્રતિનિધીની ચુંટણી થયા બાદ જે કોઈપણ પ્રતિનિધી કોઈપણ હોદ્દા ઉપર ઉમેદવારી કરવા ઈચ્છતા હોય તો તે પ્રતિનિધીએ નિયત કરેલા ફોર્મની અંદર ઉમેદવારી પત્રક ભરીને ચુંટણી સમીતીને આપવું પડશે.

૧૦ નવી પ્રતિનિધી સભા દ્વિ–વાર્ષિક અધિવેશન મળશે ત્યારથી વિધિસર કામ કરતી થશે. આગલી પ્રતિનિધી સભામાં ચુંટાયેલ હોદ્દેદારો નવી ચુંટણી ન થાય ત્યા સુધી પોતાના હોદ્દા પર ચાલુ રહેશે.

૧૧ ચુંટણી અંગેની તમામ કાર્યવાહી મહાસમીતીએ નિયુક્ત કરેલ

INDEX

ચુંટણી સમિતિ નક્કી કરશે અને ચુંટણી અધિકારીના નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે.

૧૨ બંધારણની કલમ ૧૦(ક) માં નિર્દીષ્ટ પ્રતિનિધીઓની ચુંટણી અંગેનો કોઇપણ વિવાદનો નિર્ણય મહાસમીતીએ નીમેલ ચુંટણી સમીતીના સભય તરીકે સંઘના કાનુનમંત્રી કરશે. જો તેમના નિર્ણયથી સંબંધીત પ્રતિનિધીઓની ચુંટણી માટેના ઉમેદવારને સંતોષ ન થાય તો સંઘના મહામંત્રીને અપીલ કરી શકશે તેનો નિર્ણય આખરી અને સંબંધીત દરેકને બંધનકર્તા રહેશે. પ્રતિનિધીની ચુંટણી અંગેના વિવાદની અરજી સંઘના કાનુનમંત્રીને દિવસ ત્રણમાં કરવાની રહેશે અને કાનુન મંત્રીના નિર્ણય સામે મહામંત્રીને અપીલ કરવાની રહેશે.'

નોટીસ-

પ્રમુખશ્રીની મંજુરી મેળવી અથવા કુલ પ્રતીનિધીના અન્ય ૧/૨ ની સંખ્યાવાળા નિવેદનથી ઓછામાં ઓછું એક અઠવાડીયાની નોટીસથી મહામંત્રી મહાસમીતીની બેઠક બોલાવશે અને સર્કલ લેવલ કારોબારીની મીટિંગ જે તે ક્ષેત્રીય મંત્રીની મંજુરી મેળવી અથવા કારોબારીના ૧/૨ ની સંખ્યાવાળા નિવેદનથી ઓછામાં ઓછી એક અઠવાડીયાની નોટીસથી જે તે સર્કલના સર્કલ સેક્રેટરી સર્કલ લેવલ કારોબારીની બેઠક બોલાવશે, જે નોટીસમાં સ્થળ, સમય અને કાર્યવાહીની સુચી જણાવશે, અસાધારણ સંજોગોમાં કોઈ પણ સર્કલની સર્કલ લેવલ કારોબારીની મીટીંગ મહામંત્રી પોતે બોલાવી શકશે.

ગ. જરૂરી હાજરી

૧. મહાસમીતી તથા જે તે સર્કલની સર્કલ લેવલ કારોબારી સભાનું કામકાજ ૧/૪ સભયોની હાજરી થઈ શકશે.

૨. મહાસમીતી તથા જે તે સર્કલના સર્કલ લેવલ કારોબારી સભાની બે બેઠકમાં હાજર ન રહેનાર સભય તેના પદેથી રદ થઈ શકશે.

INDEX

ઘ. સભા મુલત્વી.

જરુરી હાજરીના અભાવે મુલત્વી સભા મુકરર કરેલા સમય પછી અર્ધા કલાકે જાહેર કરેલા સ્થળે જ મળશે અને ગમે તેટલા જે તે સમીતીના સભયો, હાજર હશે તો પણ મુકરર કરેલો કાર્યક્રમ હાથ ઉપર લેશે અને નિર્ણયો કરશે. જે સંબંધકર્તા સમીતીના સભયોને બંધનકર્તા ગણાશે.

ચ. ખાલી જગા રદ કરવા અંગે

૧. પ્રતિનિધિની જે તે એકમમાંથી બદલી થતા રાજીનામું આપી જગા ખાલી કરવી પડશે

૨. વિભાગીય મંત્રી કે કારોબારી સભયની જે તે ડીવીઝનમાંથી બદલી થતા રાજીનામું આપી જગા ખાલી કરવી પડશે

૩. સર્કલ સેક્રેટરી તથા મહાસમીતીના સભયએ જે તે સર્કલમાંથી બદલી થતાં રાજીનામું આપી જગા ખાલી કરવી પડશે.

૪. ક્ષેત્ર લેવલના કોઈપણ હોદેદારની ક્ષેત્ર બહાર બદલી થતા જે તે ક્ષેત્રના હોદા ઉપરથી રાજીનામું આપી જગા ખાલી કરવી પડશે.

ઉપર પ્રમાણેની ૧ થી ૪ જોગવાઈ પ્રમાણે બદલી થયેલ હોદેદારે પોતાના હોદાનું રાજીનામું દીવસ પંદરની અંદર સંઘની મધ્યસ્થ કચેરીને મોકલી આપવાનું રહેશે, આવું રાજીનામું દીવસ પંદરની અંદર ન મળે તો મહામંત્રી તેમની જગાએ રાજીનામાના પત્ર સિવાય પણ નિમણુંક કરી શકશે

૫. સંઘના કોઈપણ હોદેદાર, કારોબારી સભય મહાસમિતિના સભય, વિભાગીય મંત્રી પ્રતિનિધિ અથવા સભયોએ છેતરપીંડી કરી હશે કે ફોજદારી ગુન્હો કર્યો હશે કે સંઘ વિરુદ્ધ વર્તન કર્યું હશેતો તેને જે તે હોદા ઉપરથી કે સભયપદેથી મહાસમીતીની મંજુરીની અપેક્ષાએ મહામંત્રી દુર કરી શકશે પરંતુ તેમને દુર કરતા પહેલા પોતાની વર્તણુંક માટે પુરતો અને સંતોષકારક ખુલાસો કરવાની તક આપવી જોઈએ.

INDEX

૬. રાજીનામા.

છ પ્રતિનિધિ, વિભાગીય મંત્રી, સર્કલ સેક્રેટરીનું રાજીનામું મહામંત્રી મંજુર કરી શકશે અન્ય હોદ્દેદારોના રાજીનામા મહાસમિતિનાં નિર્ણયની અપેક્ષાએ મહામંત્રી સ્વીકારી શકશે. ઉપરોક્ત નિમણુંક મહામંત્રી કરી શકશે.

૧૨. દ્વિ-વાર્ષિક પ્રતીનીધી સભા અથવા તો સામાન્ય સભા–

અ. સંઘના નિયમો અનુસાર સભ્યો થયા હોય તે તથા માનદ સભ્યો ચુંટાયેલા પ્રતીનીધીઓ તથા નિમંત્રીત સભ્યોની સામાન્ય સભા થશે. સભા બે વરસે એક વખત હિસાબો ઓડીટ થઈ ગયા બાદ નીચે મુજબનું કાર્ય કરવા મળશે.

૧ બે વર્ષ દરમ્યાન થયેલ ઓડીટ ખર્ચને બહાલી આપવી.

૨ આવતા બે વર્ષના અંદાજ ઉપર વીચારણા.

૩ દ્વિ-વાર્ષિક અહેવાલ

૪ આવતા બે વર્ષ દરમ્યાન કરવાના કાર્યની ઠરાવોના રુપે રજુઆત

૫ બે વર્ષ માટે પ્રમુખ તથા હોદ્દેદારો તથા અન્ય સમીતીઓની ચુંટણી

૬ પ્રમુખની મંજુરીથી અન્ય કાર્યક્રમ

(ખ) નોટીસ

પ્રતીનીધી સભાનો સમય અને સ્થળ અને સભામાં કરવાના કાર્યોની યાદી વિગેરે દર્શાવતી નોટીસ સભા પહેલા સામાન્ય [અઠવાડીયા અગાઉ] અને અસાધારણ સંજોગોમાં બે દિવસ પહેલા મહામંતી પ્રતીનીધીઓને પહોંચાડશે.

નોંધ–

આવી નોટીસ પોષ્ટ કાર્ડથી અથવા પત્રિકાઓ કે વર્તમાન પત્ર દવારા

INDEX

અથવા ઓફીસમાં સર્વેને દેખાય તેવા સ્થળે મુકવાથી પ્રતીનીધીઓને પહોંચી ગણાશે.

[ક] ઠરાવો–

જે કોઈ સભયોને દ્વિ–વર્ષિક પ્રતીનીધી સભામાં ઠરાવો મુકવા હોય તેવા ઠરાવો સરખી રીતે લખીને સામાન્યતઃ ત્રણ દીવસ પહેલા અને અસારણ સંજોગોમાં ૨૪ કલાક પહેલાં મહામંત્રીને પહોંચાડવા પડશે અને તે પહોંચ્યાના સમયની મંત્રી પહોંચ લખી આપશે, મોડા પડેલા ઠરાવો ઉપર પ્રમુખશ્રીની મંજુરી સીવાય ચર્ચા થઈ શકશે નહીં.

[ડ] મત દર્શન–

૧ પ્રતીનીધિ સભામાં બહુમતીથી નિર્ણયો લેવાશે.

૨ સામાન્ય રીતે ઉંચા કરેલા હાથ ગણીને કે ભાગલાં પાડીને ખાસ સંજોગોમાં ગુપ્ત મતદાન લેવાશે.

[ઈ] જરુરી હાજરી–

કુલ પ્રતીનીધી સભયોના ૧/૩ સભયોની હાજરીથી કાર્યવાહી થઈ શકશે.

[ઉ] મુલત્વી સભા–

જરૂરી હાજરીના અભાવે મુલત્વી સભા જાહેર કરેલ સમય પછી અડધા કલાક પછી તે જ કાર્ય પાર પાડવા તે જ સ્થળે મળી શકશે અને ગમે તેટલા સભયો હાજર હશે તો પણ નિર્ણયો કરશે તે સર્વે સભયોને માન્ય રહેશે.

[ઊ] પ્રતીનીધીની સભા બોલાવવા વિશે–

૧ મહાસમીતીને યોગ્ય લાગે ત્યારે તેવા કાર્યો માટે.

૨ દ્વિવ–વાર્ષિક પ્રતીનીધી સભા ન મળે તો એક ગામના ૨૫ થી વધારે નહીં તેવા ૨૫૦ સભયોની સહીઓવાળું નિવેદન પત્ર મળે ત્યારે.

INDEX

૩ મહામંત્રી કે મહાસમીતીને યોગ્ય લાગે તો અસાધારણ સંજોગોમાં દ્વિ-વાર્ષિક સભા ૭ માસ મોડી બોલાવશે.

૧૩. અસાધારણ સભા–

અસાધારણ સંજોગોમાં મહામંત્રી બે દીવસની નોટીસથી મહાસમીતી વગર કોઇ પણ સર્કલ લેવલની કારોબારી સભા અને ત્રણ દીવસની નોટીસથી પ્રતીનીધી સભા બોલાવી શકશે.

૧૪. હોદ્દેદારોની ફરજો–

૧ પ્રમુખ	સંઘના ચુંટાયેલા પ્રમુખ દ્વિ-વાર્ષિક સામાન્ય સભા અસાધારણ સભા પ્રતીનિધી સભા અને અન્ય સમીતીની બેઠકના પ્રમુખસ્થાન લેશે-
૨. ઉપપ્રમુખ	પ્રમુખની ગેરહાજરીમાં પ્રમુખ સ્થાન લેશે અને પ્રમુખની તમામ સત્તા હાસલ કરશે.
૩ મહામંત્રી	૧ સંાઘના દફ્તર, રજીસ્ટરો, પત્રવ્યવહાર, મુલાકાતો વગેરે સંાભાળશે. ૨ મહાસમીતીના નિર્ણયનો અમલ કરશે. ૩ સંાઘના હીસાબો ખજાનચી પાસે રખાવશે. ૪ ઓડીટર પાસે હીસાબો તપાસ કરાવશે. ૫ દ્વિ-વાર્ષિક અહેવાલ તૈયાર કરશે. ૬ મહાસમીતીની બેઠક બોલાવશે. ૭ મહાસમીતીની બેઠક ન બોલાવી શકાય તેવા સંાજોગોમાં પરીપત્રોથી કાર્ય કરશે.
૪. વિશેષ મહામંત્રી	જે મહામંત્રીની મદદમાં રહીને કાર્ય કરશે.
૫, સંાકલન મંત્રીઓ	જે મહામંત્રીની સુચના મુજબ હેડ ઓફીસ તથા મધ્યસ્થ કાર્યાલયની કાર્યવાહીનું સંાકલન રાખવું. સંાઘની

INDEX

	નીતિ વિષયક અને સાંગઠનને લગતી બાબતોના પ્રચાર માટે કાર્યવાહી કરશે. આ મંત્રીઓને માર્ગદર્શન આપશે.
૬. કાનુન મંત્રી	સંઘના કાનુન અંગેના કેસો ચલાવશે અને સભ્યોને કાનુની સલાહ આપશે, અને સહાયક કાનુન મંત્રીઓને માર્ગદર્શન આપી સંઘના તમામ વિસ્તારોના કાર્યને સાંભાળશે.
૭. ખજાનચી	મહામંત્રીની સુચના મુજબ સાંઘનો હીસાબ રખાવશે.
૮. ક્ષેત્રીય મંત્રી	જે તે ક્ષેત્રના ક્ષેત્રીય મંત્રીઓ પોતાના ક્ષેત્ર પુરતી તમામ જવાબદારીઓ મહામંત્રીની સુચના મુજબ વહન કરશે, પોતાના ક્ષેત્રના સર્કલોની કારોબારી સમિતીનું પ્રમુખસ્થાન સંભાળશે.
૯. મંતી પરીવહન	પરીવહન સર્કલોના સભ્યોના પ્રશ્નો હાથ ઉપર લેશે અને મહામંત્રીની સુચના મુજબ કાર્યવાહી કરશે, સહમંત્રી પરીવહનને માર્ગદર્શન આપશે.
૧૦. સહમંત્રી	ક્ષેતીય મંત્રી સાથે સહકારમાં રહીને તેના કાર્યમાં મદદ કરશે.
૧૧. સહ કાનુનમંત્રી	કાનુનમંત્રી સાથે સહકારમાં રહીને પોતાના ક્ષેત્રના કાનુની પ્રશ્નો હાથ ઉપર લેશે.
૧૨. સહ સંકલન મંત્રી	પોતાના ક્ષેત્રના પ્રશ્નો અંગે સાંઘની મધ્યસ્થ કચેરી સાથે સાંકલન કરશે, ક્ષેત્રનો અહેવાલ સંકલન મંત્રી જનરલને આપશો,
૧૩. સહમંત્રી પરીવહન	પરીવહનના કર્મચારીઓના પ્રશ્નો હાથ પર લઈ મંત્રી પરીવહન સાથે રહી ઉકેલ અંગે પ્રયત્નો કરશે.

INDEX

१४. સંગઠન મંત્રી — કર્મચારીઓના પ્રશ્નો અને સંગઠનને લગતી બાબતો સંભાળશે અને મહામંત્રીને જરૂરી માહીતીથી વાકેફ રાખશે.

१૯. રજીસ્ટરો તથા હીસાબો —

૧ સભ્યોની એક યાદી રાખશે તેમાં તેમના નામો પરનું સરનામું તથા કાર્ય કરવાની જગાનો ઉલ્લેખ હશે.

૨ કોઈપણ સભ્યને રજીસ્ટર તથા હીસાબો જોવા હોય તો મહામંત્રીને સાત દિવસ અગાઉ લેખીત વીનંતી કરવાથી મહામંત્રી તરફથી સમય મુકરર કરવાનો જવાબ મળે ત્યારે જઈને હીસાબ અથવા રજીસ્ટર જોઈ શકશે.

૩ મહામંત્રીને ઉપરોક્ત વીનંતી મળેથી પાંચ દીવસની અંદર વીનંતી કરનાર સભ્યને જવાબ આપવા બંધાયેલ રહેશે.

[અ] સામાન્ય ફંડ –

લવાજમની આવક સામાન્ય ફંડ ગણાશે. ખાસ ફંડ જરુરીયાત પ્રમાણે ઉઘરાવી શકાશે. સંઘની થાપણની લેવડ દેવડ પ્રમુખ, મહામંત્રી અને ખજાનચી માહેના કોઈપણ બે હોદ્દેદારોની સહીથી થઈ શકશે.

[બ] વાર્ષિક ઓડીટ–

ગુજરાત ટ્રેડ યુનીયન રેગ્યુલેશન એક્ટ ૧૮ પ્રમાણે સંઘ વાર્ષિક ઓડીટ કરાવવાની વ્યવસ્થા કરશે તથા સરકારે નિમેલા ઓડીટર દરેક નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછા એક વખત સંઘના હિસાબો તપાસી શકશે.

[ક] ખર્ચ

ટ્રેડ યુનીયન એક્ટ ૧૯૨૬ની કલમ ૧૫ને આધીન રહીને થઈ શકશે

INDEX

૧૬ વિશેષ –

બંધારણમાં ફેરફાર કરવા માટે બંધારણની કલમ ૧૦ પ્રમાણે ચુંટાયેલ પ્રતીનીધીઓની બનેલ પ્રતીનીધી સભામાં હાજર રહેલ પ્રતીનીધીઓ બહુમતીથી બંધારણમ ફેરફાર કરી શકશે. આ અંગેના સુચીત સુધારાઓ કરવા અંગેની સાત દીવસ અગાઉથી બધા સભ્યોને લેખીત નોટીસ આપવાની રહેશે.

૧૭ સંઘનું વિસર્જન –

સંઘનું વિસર્જન કરવાનો અવસર આવે તો પ્રતીનીધી સભાની ૩/૪ બહુમતીથી વિસર્જન થઈ શકશે જ્યારે મંડળની મીલકતના નિકાલ માટે ઠરાવો કરવાના રહેશે.

૧૮ પરીષદ ઉર્ફે સામાન્ય સભા –

દર ત્રણ વર્ષ અગર પ્રતીનીધી સભાને યોગ્ય લાગે ત્યારે પરીષદ રૂપે સામાન્ય સભા બોલાવવામાં આવશે. આ રીતે પરીષદ બોલાવાય તેની વ્યવસ્થા સ્વાગત સભ્યો નોંધી તેમાંથી સ્વાગત સભ્ય ચુંટી વ્યવસ્થા કરવાની અને આ રીતે પરીષદ બોલાવાય ત્યારે વધારેમાં વધારે રૂા. ૧/– સુધીની પરીષદ ફી સભ્ય પાસેથી લવાજમ ઉપરાંત ઉઘરાવી શકાશે આ રકમનો હિસાબ તથા સ્વાગત સભ્ય ફી અને બીજા ભંડોળ કે સીનેમા સો દ્વારા કે એની આવક તથા ખર્ચના હીસાબ એક માસની અંદર પ્રસીદ્ધ કરવાનો રહેશે. આ પરીષદ ફી તથા સ્વાગત ફી સ્વૈચ્છિક રહેશે. સંઘની પ્રતીનીધી સભા પણ સામાન્ય સભા ગણાશે.

જે એસ. સોનેજી,
મહામંત્રી,
અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ,
રાજકોટ.

INDEX

સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનીયમ અન્વયે

નિમાયેલ સહાયક સંઘ નિબંધક દ્વારા

નં. ખ/શમક/૨૭૩૮૧/આરઈજી/બીઆઈઆર/૧૯૯૧ સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમની કલમ ૧૬(૪) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનીયમ – ગુજરાત રુલ્સના નિયમ ૧૬થી મને આપવામાં આવેલ સતાની રૂએ હું નીચે જણાવેલ સુગર કામદાર યુનિયન પારનેરાની વલસાડ તાલુકાના સ્થાનીક વીસ્તારમાં ખાંડ ઉદ્યોગ માટે પ્રતીનીધીત્વ ધરાવતા સંઘ તરીકે માન્ય કરવા માટેની સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનીયની કલમ ૧૬ (૧) નીચેની તા. ૨૪–૧૨–૯૦ની અરજી પ્રસીદ્ધ કરૂ છું.

સહી/ આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૧–૧–૯૧

નમુનો–૬

[કલમ ૧૬ અને નિયમ ૧૪–૭]

રજીસ્ટર થઈ ચુકેલા સાંધને બદલે કોઈ સાંઘને રજીસ્ટર કરવા માટેની અરજી

સંઘનું નામ– સુગર કામદાર યુનિયન,

સરનામું– મુ. પો. પારનેરા, તા. જી. વલસાડ

સને ૧૯૯૦ ના ડીસેમ્બર મહીનાની ૨૪ તારીખ.

પ્રતિ,

રજીસ્ટ્રાર વંવારાના રજીસ્ટ્રાર,
મુંબઈ ઔદ્યોગીક સાંબંધ અધીનિયમ,

મહેરબાન સાહેબ,

હું તમને જણાવું છું કે સન ૧૯૯૦ના ડીસેમ્બર મહીનાની ૧૫મી તારીખે મળેલી ઉપરના સાંઘની કારોબારી સભામાં એવું નકકી કરવામાં આવ્યું હતું કે

ચલથાણુ કામદાર મંડળ, નવસારી રજીસ્ટર થઈ ગયેલા સંઘને બદલે આવા સ્થાનીક વીસ્તારમાં આવેલા ખાંડ ઉધોગ માટે પ્રતીનિધિ ધરાવતા સંઘ તરીકે રજીસ્ટર કરવા માટે સંઘે તમને અરજી કરવી જોઈએ. કારણુ કે વલસાડ તાલુકાના સ્થાનીક વિસ્તારમાં આવેલા ખાંડ ઉદ્યોગ માટે પ્રતીનીધિ ધરાવતા સંઘ તરીકે રજીસ્ટર કરવા માટે સંઘે તમને અરજી કરવી જોઈએ. કારણુ કે વલસાડ તાલુકાના સ્થાનિક વીસ્તારમાંના ખાંડ ઉધોગમાં નોકરીએ રાખેલા કામદારોની સંઘમાં વધુ સભ્ય સંખ્યા છે.

સંઘના પ્રમુખે સહી કરેલા ઠરાવની એક નકલ આ સાથે મોકલવામાં આવી છે.

૨. સન ૧૯૯૦ના માર્ચ મહીનાની ૧૨ મી તારીખે ભારતના કામદાર સંઘ અધીનિયમ, ૧૯૨૬ મુજબ અને કામદાર સંઘોના રજીસ્ટ્રાર કાઢી આપેલા પ્રમાણુપત્ર નંબર જી. ૪૬૫૪ હેઠળ સંઘને રજીસ્ટર કર્યો છે.

૩. છેલ્લા ત્રણુ અંગ્રેજી મહીનાથી વલસાડ તાલુકાના સ્થાનિક વિસ્તારમાં આવેલા શ્રી વલસાડ સહકારી ખાંડ ઉધોગ મંડળી લીમીટેડ મુ. પારડી, તા. જી. વલસાડ સંઘમાં નીચે પ્રમાણે સભ્ય સંખ્યા છે.

માહિતી	સભ્ય સંખ્યા	ઉદ્યોગ/અન્ડરટેકીંગમાં કામદારોની કુલ સંખ્યાની ટકાવારી
૧ સપ્ટેમ્બર	૫૫૬	૭૭—૪૩%
૨ ઓકટોબર	૫૫૬	૭૭—૪૩%
૩ ડીસેમ્બર	૫૫૬	૭૭—૪૩%

રજીસ્ટર થઈ ચુકેલા સંઘની સભ્ય સંખ્યા કરતાં વધુ સભ્યો ઉપરના ત્રણુ મહીનાથી હોવાનો સંઘ દાવો કરે છે અને વલસાડ તાલુકાના સ્થાનિક વીસ્તારમાં રજીસ્ટર થઈ ચુકેલા સંઘને બદલે તેને મુંબઈ ઔધોગીક સંબંધ અધીનીયમ, ૧૯૪૬ની જોગવાઈઓ મુજબ રજીસ્ટર કરવાની વિનંતી છે.

આપનો વિશ્વાસુ
નાનુભાઈ સી. પટેલ
જનરલ સેક્રેટરી

ઠરાવ નંબર ૧

આથી આ સભામા ઠરાવવામાં આવે છે કે વલસાડ તાલુકામાં આવેલ ખાંડ ઉદ્યોગમાં બી.આઈ.આર. એકટ અન્વયે ચલથાણ કામદાર મંડળ, નવસારી પ્રતીનિધીત્વ ધરાવતા અને માન્ય યુનિયન તરીકે ચાલુ છે. તેની જગાએ આપણા મંડળને બી.આઈ.આર. એકટ હેઠળ વલસાડ તાલુકાના સ્થાનીક વિસ્તારમાં આવેલા ખાંડ ઉદ્યોગ માટે પ્રતીનિધીત્વ ધરાવતા અને અન્ય યુનિયન તરીકે દાખલ કરવા અંગેની અરજી કરવી અને તે અરજી કરવાની સત્તા મંડળના સામાન્ય મંત્રી નાનુભાઈ સી. પટેલને આપવામાં આવે છે. આ ઠરાવ સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

રમેશભાઈ કીલાભાઈ પટેલ
પ્રમુખ
સુગર કામદાર યુનિયન
મુ. પો. પારનેરા
તા. જી, વલસાડ

સુગર કામદાર યુનિયનનું બંધારણ અને નિયમો

નામ—

૧. સંઘનું નામ સુગર કામદાર યુનિયન રહેશે અને નીચેના નિયમોમાં તેનો ઉલ્લેખ 'સંઘ' તરીકે થશે.

૨. ક] સંઘનો ઉદેશ નીચે પ્રમાણે રહેશે.

૧. દક્ષિણ ગુજરાતમાં અધીનિયમની યાદી પ્રમાણેના ઉદ્યોગમાં કુશળ, અર્ધકુશળ, બીનકુશળ તથા મહેકમના કામદારો માટે ખાંડ ઉદ્યોગમાં કામે રહેલી વ્યકિતઓનું સંગઠન કરવું અને માલીક સાથેના તેમના સંબંધો વીનિયમન કરવા.

૨. સભ્યોને માટે નિર્વાહ અને સેવાની સારી પરીસ્થીતી સર્જવી.

INDEX

૩. તેમની ફરીયાદોના ઉપાય કરવા મળવું.

૪. રોજીમાં થનાર ઘટાડો અટકાવવા પ્રયત્ન કરવો અને શકય હોય તો સંજોગો અનુકુળ હોય ત્યારે અગાઉથી ચુકવણી મેળવી આપવા પ્રયત્નો કરવા.

૫. માલીકો અને કામદારો વચ્ચેના ઝઘડા એખલાસથી પતાવવા પ્રયાસ કરવો કે જેથી કામ બંધ પડતું નિવારી શકાય.

૬. માંદગી, બેકારી, અશક્તિ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ સામે જરુરી જોગવાઈ-ની વ્યવસ્થા માટે પ્રયાસ કરવો.

૭. અકસ્માતના કેસોમાં કામદાર વળતર અધીનિયમ હેઠળ સભ્યોને વળતર આપવા પ્રયાસ કરવો.

૮. તેમની નોકરીમાંથી કે તે અંગે ઉભી થતી બાબતો પરત્વે સભ્યોને કાનુંની સહકાર આપવો.

૯. સંઘની મંજુરીથી પાડેલી હડતાળ કે તાળાબંધી દરમીયાન સભ્યોને સહાય આપવા પ્રયાસ કરવો.

૧૦. ભારત અને ભારત બહાર પરીશીષ્ટની યાદી પ્રમાણેના ઉદ્યોગને લગતી માહીતી મેળવવી.

૧૧. ભારત અને ભારત બહારના ખાસ કરીને સમાન ઉદ્દેશ ધરાવતા (મજુરોના) સંગઠનો સાથે સહકાર સાધવો.

૧૨. આ નિયમમાં દર્શાવેલ ઉદ્દેશોને બર લાવવા માટે ભારત બહારના કામદાર વર્ગો ને મજુર સંઘો બાબતના અધીનિયમ અનુસાર સહાય કરવી.

૧૩. સામાન્યતઃ સભ્યોની સામાજીક, આર્થીક, નાગરીક અને રાજકીય સ્થિતી સુધારવા જરુરી એવા બીજાં પગલાં લેવા.

INDEX

(ખ) આ હેતુઓ સિદ્ધ કરવા સંઘ દક્ષિણ ગુજરાતમાં પરિશિષ્ટની યાદી પ્રમાણેના કુશળ. અર્ધકુશળ, બિન કુશળ તથા મહેકમના કામદારો માટેના વિવિધ વિસ્તારોમાં કેન્દ્રોનું સંગઠન કરી શકશે.

સામાન્ય સભ્યોના પ્રવેશ બાબત.

૩. તેના સભ્ય થવા માટેનું લવાજમ માસીક પચાસ પૈસાથી ઓછું રહેશે નહી.

સન્માનીય સભ્યોના પ્રવેશ બાબત.

૪. સંઘના સામાન્ય સભ્યો બનવાને પાત્ર ન હોય તેવી વ્યક્તિઓને સંચાલન સમિતિમાં ચુંટાવા કે આમેજ (કોઓ/ટ) કરવા માટે સંઘના સન્માનીય સભ્ય તરીકે દાખલ કરી શકાય અને તેમના પદની મુદત દરમ્યાન તેઓ સંઘના સન્માનીય સભ્ય રહેશે. મજુર સંઘો બાબતના અધિનિયમ–૧૯૨૬ની કલમ–૨૨ની જોગવાઈઓને આધીન રહીને તેમની સંખ્યા ૫૦ ટકાથી વધશે નહીં

દંડ અને જપ્તી.

૫. સંચાલન સમિતિની મંજુરીથી છ માસ સુધી અને ઉક્ત સમિતિની મંજુરી સીવાય ત્રણ માસ સુધી માસીક લવાજમ ન ભરનાર સભ્ય, સંઘના સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહીં પણ તેનું બાકી લવાજમ ભર્યેથી તે ફરીથી સંઘમાં જોડાઈ શકશે.

લાભ–

૬. જે સભ્ય ઓછામાં ઓછા છ માસ સુધી સંઘનો સભ્ય ન હોય અને જેણે બધું જ લવાજમ ભર્યું ન હોય તે સંઘ પોતાના સભ્યોને આપવા માટે ઠરાવે તે લાભ માટે હકકદાર ગણાશે નહીં.

૭. સંઘના જે સભ્યનું લવાજમ કે તેના તરફથી લેણી નીકળતી રકમ બાકી હોય તે રકમ જ્યાં સુધી બધી બાકી રકમ ભરી ન દે ત્યાં સુધી અને આવી બાકી રકમ ભર્યાની તારીખ પછી બે માસની મુદત પુરી ન થાય ત્યાં સુધી તે કોઇ પણ લાભ માટે હકકદાર ગણાશે નહીં.

INDEX

૮. જો સંઘના સભ્યો સંચાલન સમિતીની મંજુરી કે સંમતી વીના હડતાલ પર ઉતરે તો તેઓ કોઈ પણ પ્રકારના લાભ માટે હકકદાર ગણાશે નહીં.

સભ્યપદનો અંત—

૮. [ક] મજુર સંઘના જે સભ્યનું લવાજમ છ માસ કરતાં વધુ સમય માટે બાકી હશે તેના સભ્યપદનો અંત આવેલો ગણાશે અને આ છ માસની મુદત પુરી થતાં વેંત તે સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહીં.

સભ્યોનું નોંધણીપત્રક.

૯. સંઘના બધા સભ્યોના નામ અને તેમના કામનું સ્થળ, તેમના રહેઠાણ વીગેરેની વીગતો દર્શાવતું નોંધણીપત્રક સંઘે રાખવું પડશે.

૧૦. સંઘના કોઈ પણ સભ્ય કે અધીકારીને તે જોવું તપાસવું હોય તો અઠવાડીયાની રજા સીવાયના કોઈ પણ દીવસે સંઘની કચેરી ખુલ્લી હોય તે સમય દરમીયાન મુખ્ય કચેરી ખાતે આ નોંધણીપત્રક તે જોઈ શકાશે.

હોદ્દેદારો—

૧૧. સંઘના પ્રમુખ એક કરતાં વધારે નહીં એટલા ઉપપ્રમુખ, સામાન્ય મંત્રી, એક, એક મંત્રી અને એક કોષાધ્યક્ષ રહેશે. સંઘની વાર્ષિક સામાન્ય સભામાં આ બધાની ચુંટણી થશે અને તેઓ ફરીથી ચુંટાવાપાત્ર ગણાશે.

સંઘનું સંચાલન.

૧૨. મજુર સંઘો બાબતના અધિનિયમની, ૧૯૨૬ની કલમ ૨૧ની જોગવાઈઓને આધીન રહીને સંઘના નાણાંકીય અને અન્ય બાબતોનું સંચાલન હોદ્દેદારો, અને વાર્ષિક સામાન્ય સભામાં ચુંટાયેલા બીજા સાત સભ્યોની બનેલી સંચાલન સમિતિ કરશે. નવી સંચાલન સમિતિ રચાય ત્યાં સુધી એ જ સંચાલન સમિતિ કામ ચાલુ રાખશે.

ખાલી જગ્યાઓ અને દુખસદ

INDEX

૧૩. જો હોદ્દારો કે સંચાલન સમિતિના સભ્યોની જગ્યા ખાલી પડે તો સંચાલન સમિતિ આજેમ (કો. ઓપ્ટ) કરેલ સભ્યોથી ભરી શકશે.

૧૪. સંઘના કોઈપણ હોદ્દેદારને કે સંચાલન સમિતિના સભ્યને કોઈપણ જાતની ઠગાઈ કરવા બદલ કે સંઘના હિત વિરુદ્ધ કામ કરવા બદલ સભ્યોની સામાન્ય સભામાં સભયોની ૩/૪ બહુમતીથી છુટા કરી શકાશે. પરંતુ રૂખસાદ આપનાર હોદ્દેદાર કે સભયને એની વર્તણુંકનો ખુલાસો કરવા માટે પુરતી તક આપવી જોઈશે.

સંચાલન સમિતિની બેઠકો.

૧૫. તેની કારોબારી સમિતિ ત્રણ મહીનાથી વધારે નહીં એટલી મુદતના ગાળે મળશે.

૧૬. કાર્યપાલક સંખ્યા માટે સંચાલન સમિતિના ઓછામાં ઓછા ૧/૩ સભયોની હાજરી જરુરી રહેશે. મુલતવી રાખેલ બેઠક માટે કાર્યસાધક સંખ્યા જરુરી નથી,

૧૭. સંચાલન સમિતિની બેઠક માટે ઓછામાં ઓછી ત્રણ દિવસની નોટીસ અપાશે.

હોદ્દેદારોની ફરજો.

૧૮ પ્રમુખ અને ઉપપ્રમુખ.

પ્રમુખ સંઘની અને સંચાલન સમિતિની બધીજ સભાઓ વેળા પ્રમુખ સ્થાન લેશે વ્યવસ્થા જાળવશે. બધી કાર્યનોંધો પર સહી કરશે. અને ફક્ત પ્રમુખનો નિર્ણાયક મત આપી શકશે. પ્રમુખને જરુર પડે ત્યારે સંચાલન સમિતિ અથવા સંઘની ખાસ બેઠક બોલાવવાની સત્તા રહેશે. પ્રમુખની ગેરહાજરીમાં ઉપપ્રમુખ પ્રમુખસ્થાન સંભાળશે.

૧૯ સામાન્ય મંત્રી.

સંઘની કારોબારી સમિતિએ અથવા સામાન્ય સભાએ પસાર કરેલા તમામ ઠરાવો તે હેતુ માટે રાખેલી કાર્યનોંધનાં નોંધવામાં આવશે.

INDEX

૨૦ મંત્રી.

મંત્રી સામાન્ય રીતે સામાન્ય મંત્રીને તેના કાર્યમાં મદદ કરશે. સામાન્ય મંત્રીની ગેરહાજરીમાં તેમાંના એક મંત્રી તેની ફરજો બજાવશે.

૨૧. કોષાધ્યક્ષ.

સંઘમાં વખતો વખત જે નાણાં સ્વીકારવામાં આવે તે માટે અને તેવી રકમોને યોગ્ય રીતે બેંકમાં મુકવાની જવાબદારી કોષાધ્યક્ષની રહેશે. સંચાલન સમિતિએ મંજુર કરેલા બધા ખર્ચ પેટે તે ચુકવણી કરશે. ચેક પર પ્રમુખ સામાન્ય મંત્રીની પહેલાં સહી મેળવ્યા સીવાય બેંકમાંથી નાણાં ઉપાડવાની તેને સત્તા રહેશે નહી

સામાન્ય સભાઓ.

૨૨. સંઘના બધા સભ્યોની વાર્ષિક સામાન્ય સભા નીચેના કામકાજ માટે જાન્યુ કે ફેબ્રુઆરી માસમાં મળશે.

ક. સંઘે કરેલ કામના અહેવાલો અને ઓડીટ થયેલા હીસાબ મંજુર કરવા.

ખ. ચાલુ વર્ષ માટે સંચાલન સમિતિના હોદ્દેદારો અને સભ્યો ચુંટવા અને

ગ. પ્રમુખની મંજુરીથી થાય તે કામકાજ હાથ ધરવા;

૨૩. પ્રમુખ કે સામાન્ય મંત્રી જરૂર જણાય ત્યારે સંઘના સભ્યોની સામાન્ય સભા બોલાવી શકે છે અને સંઘની કુલ સભ્ય સંખ્યાના ૧/૫ સભ્યોની સહીવાળું માંગણીપત્રક મળતાં તેણે તેવું માંગણીપત્રક મળ્યાના ૨૦ દીવસની અંદર સામાન્ય સભા બોલાવવી પડશે. જો પ્રમુખ કે સામાન્ય મંત્રી આવી સભા ન બોલાવે તો માંગણી કરનાર સભ્યો આપમેળે જરુરી નોટીસ મોકલી સભા બોલાવશે. અને સભાનું કામકાજ સંઘને બંધનકર્તા રહેશે.

૨૪. સામાન્ય સભા માટે સભ્યોને ઓછામાં ઓછા ૧૫ દીવસ નોટીસ આપવામાં આવશે.

INDEX

૨૫. સામાન્ય સભાની કાર્યસાધક સંખ્યા માટે ઓછામાં ઓછા ૧/૩ સભ્યોની હાજરી આવશ્યક છે. મુલતવી રાખેલી સભા માટે કાર્યસાધક સંખ્યા જરુરી નથી.

જનરલ ફંડ.

૨૬. સંઘનું જનરલ ફંડ સભ્યોના લવાજમ, દાન વગેરેનું બનશે. તે નાણાં સંચાલન સમિતિએ મંજુર કરેલ બેંક કે બેંકોમાં સંઘના નામે અનામત મુકાશે અને કોષાધ્યક્ષ તથા પ્રમુખ કે સામાન્ય મંત્રીમાંથી ગમે તે એક દ્વારા ખાતાનો વહીવટ થશે. સામાન્ય મંત્રીમાંથી કે કોષાધ્યક્ષ તેમની પાસે ચાલુ ખર્ચ માટે રૂા. ૫૦ કરતાં વધુ રકમ રાખી શકશે નહીં.

જનરલ ફંડ કયા હેતુઓ પાછળ ખર્ચી શકાય

૨૭. ભારતીય મજુર સંઘો બાબતના અધિનિયમ. ૧૯૨૬ની કલમ ૧૫ની જોગવાઇઓને આધીન રહીને સંઘનું જનરલ ફંડ નીચેના સિવાય બીજા કોઈ હેતુઓ માટે ખર્ચી શકાશે નહીં.

ક. સંઘના અધિકારીઓના પગાર ભથ્થા અને ખર્ચની ચુકવણી,

ખ. સંઘના જનરલ ફંડના હીસાબ, તપાસણી ખર્ચ સહીત સંઘના વહીવટી ખર્ચની ચુકવણી

ગ. સંઘના અધિકારો સલામત રાખવા કે સંરક્ષવા માટે અથવા કોઈ સભ્યના તેના માલીક સાથેના અથવા સભ્યે નોકરીએ રાખેલ વ્યક્તિ સાથેના સંબંધમાંથી ઉભા થતાં કોઈ અધિકારો સલામત રાખવા કે સંરક્ષવા માટે જ્યારે આવી ફરીયાદ કે બચાવ સહાય ધરવામાં આવે ત્યારે સંઘ કે તેનો સભ્ય પક્ષકાર હોય તેવી કોઈ કાનુની કાર્યવાહીમાં ફરીયાદ કે બચવા.

ઘ. સંઘ કે તેના કોઈ સભ્ય વતી કામદારોના ઝઘડા હાથ ધરવા.

ચ. કામદારોનો ઝઘડામાંથી ઉદ્ભવતા નુકશાન માટે સભ્યોને વળતર.

છ. સભ્યોના અવસાને, વૃદ્ધાવસ્થા, માંદગી, અકસ્માત કે બેકારીના પ્રસંગે આવા સભ્યોને કે તેમના આશ્રીતોને ભથ્થાં.

જ. સભ્યોની જીંદગીના વીમાની પોલીસી હેઠળ કે સભ્યોની માંદગી અકસ્માત કે બેકારી સામે વીમાની પોલીસી હેઠળ જવાબદારીઓ હાથ ધરવા કે તેવી પોલીસી કઢાવી આપવા.

ઝ. (મૃત્યુ પામેલ સભ્યની મરણોત્તર ક્રિયા ધાર્મિક ક્રિયાના ખર્ચની ચુકવણી સહીત) સભ્યો કે સભ્યોના આશ્રીતો માટે શૈક્ષણિક, સામાજીક કે ધાર્મિક લાભોની જોગવાઈ.

ટ. મુખ્યત્વે માલીકો કે કામદારોને લગતા પ્રશ્નો ચર્ચવા પ્રકાશિત કરતાં સામાયિકોને ચાલુ રાખવા માટે સહાય.

ઠ. કોઈપણ નાણાંકીય વર્ષે આવા ફાળા સંબંધી ખર્ચ વર્ષ દરમ્યાન કોઈપણ સમયે તે સમય સુધીમાં સંઘના જનરલ ફંડમાં તે વર્ષ દરમ્યાન જે કુલ આવક થઈ હોય તે અને વર્ષની શરૂઆતમાં આ નિધિની સીલકમાં જે જમા હોય તે બંનેના સરવાળા ૧/૪ ભાગ કરતાં વધે નહી એ શરતે સંઘનું જનરલ ફંડ જે કોઈ હેતુ માટે વાપરવાનું હોય તે લક્ષમાં રાખીને કામદારોને સામાન્ય રીતે લાભકારક નીવડે તેવા કોઈ નિમિત્તે ફાળાની ચુકવણી અને

ડ. જાહેરનામામાં આપેલી કોઈ શરતોને આધીન રહીને યોગ્ય ખાતાએ સરકારી રાજ્યપત્રમાં જાહેર કરેલ અન્ય કોઈ હેતુ.

વાર્ષિક હીસાબ તપાસણી ઓડીટ.

૨૮. સરકારે નીમેલા ઓડીટર દરેક નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછા એક વખત તેના હીસાબ તપાસી શકશે.

હીસાબના ચોપડાઓનું નિરીક્ષણ.

૨૯. અઠવાડીયાની રજા સીવાયના કોઈપણ દીવસે સંઘની કચેરી ખુલ્લી હોય તે સમય દરમ્યાન મુખ્ય કચેરી ખાતે કોઈપણ સભ્ય કે અધિકારીને જોવા તપાસવા હોય તો તે માટે સંઘના હીસાબના ચોપડા સુલભ રાખવા.

INDEX

નિયમોમાં સુધારો–

૩૦. વિચારેલા ફેરફારની નોટીસ સભ્યોને ઓછામાં ઓછા સાત દીવસ અગાઉથી મોકલીને કોઇ પણ પ્રસંગે સામાન્ય સભામાં હાજર રહેલ સભ્યોની બહુમતીથી નિયમોને સુધારી શકાશે. તેમાં ફેરફાર કરી શકાશે. એકને સ્થાને બીજો નિયમ મૂકી શકાશે કે નવા ઉમેરી શકાશે

સંઘનું વિસર્જન–

૩૧. સંઘના વિસર્જન માટે બોલાવેલ સામાન્ય સભામાં હાજર રહેલ સભ્યોની ૩/૪ બહુમતી સીવાય સંઘનું વિસર્જન થઈ શકશે નહિ. પરંતુ આવી સભામાં આપયેલ મતની કુલ સંખ્યા તે સમયે સંઘના પત્રકમાં જણાવેલા સભ્યોની કુલ સંખ્યાના ૨/૩ કરતાં ઓછી હોવી ન જોઈએ. બધી નાણાંકીય જવાબદારીઓ અદા કર્યા પછી સંઘના ફંડની નિકાલ વ્યવસ્થા વીસર્જન સભાના નિર્ણય અનુસાર કરવામાં આવશે.

૩૨. જેમાં સહમતી સંધાઇ ન હોય અથવા પતાવટ થઈ ન હોય તેવી દરેક ઔધોગીક તકરાર પરસ્પર સમજુતીથી નક્કી થાય તે મુજબ લવાદીને સોંપવાની અથવા તે વેતન બોર્ડને નિર્ણય માટે સોંપવાની તૈયારી બતાવવામાં આવશે અને જો નિયોક્તા તે સમયે અસ્તિત્વમાં હોય અને જેમાં સંઘનું પક્ષકાર હોય એવી તમામ તકરારો પ્રકરણ ૧૧ મુજબની ઔધોગીક કોર્ટની લવાદી માટે મોકલવા કોઇ પણ વખતે કબુલ થાય તેવી લવાદીનો સંઘ તરફથી અસ્વીકાર કરી શકાશે નહીં.

૩૩. કોઈ ઔધોગીક તકરારની પતાવટ માટે આ અધીનિયમની અથવા તે હેઠળ ઠરાવેલી તમામ રીત અજમાવી જોવામાં આવી હોય અને તેના સભ્યો પૈકી ચર્ચા કરતાં વધારે સભ્યો હડતાળ પાડવાની તરફેણમાં ગુપ્ત મતદાનની પદ્ધતિએ બહુમતીથી મત આપે તે સિવાય કોઈ હડતાળ મંજુર કરવામાં આવશે નહીં અથવા તેનો આશ્રય લેવામાં આવશે નહીં.

સહી અવાચ
નાનુભાઈ સી. પટેલ
સામાન્ય મંત્રી,
સુગર કામદાર યુનિયન

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ અન્વયે

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના ક્રમાંક : ૬/ખ શ્રમક-૨૭૩૮૪ આરસુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ (ગુજરાત) નીયમોના નીયમ ૭૦ થી મને આપવામાં આવેલ સત્તાનીરુએ હું ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક સ્ટાફ યુનિયન ને ધી પ્રોગ્રેસીવ મર્કેન્ટાઇલ કો. બેંક લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં જાન્યુઆરી માસના ૧૬ના દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગીક અદાલત ગુજરાત રાજ્ય, અમદાવાદ

એન. એ. ચૌહાણ, સભ્ય રુબરુ

રેફરન્સ (આઈસી) નં. ૬૨/૮૬

ગુજરાત સ્ટેટ કો. ઓ. બેન્કસ સ્ટાફ યુનિયન — પ્રથમ પક્ષકાર
રાયખડ, અમદાવાદ

વિરુદ્ધ

ધી પ્રોગ્રેસીવ મર્કન્ટાઈલ કો. ઓ. બેન્ક લી. — દ્વિતીય પક્ષકાર
સ્ટેશન રોડ, અમદાવાદ

ઉદ્યોગ—બેકીંગ

બેન્કમાં કામ કરતા તમામ કર્મચારીઓને પગાર ધોરણ મોંઘવારી, ઘરભાડું, સીટી એલાઉન્સ વગેરે આપવા અંગેની માંગણીઓ.

ચુકાદો

૧. હાલની રેફરન્સ મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનિયમ ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનીયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩ ક) મુજબ પ્રથમ પક્ષકાર યુનિયને દાખલ કરેલી છે. યુનિ ને દ્વિતીય પક્ષકાર બેન્કને તારીખ ૧–૧૨–૮૫ના રોજ કલમ ૪૨–૨ મુજબની ફેરફારની સુચના આપેલી. જે અન્વયે ૧૯૪૬ના અધીનીયમ નીચે નિમાયેલા સમાધાનકાર બંને પક્ષકારો વચ્ચે

INDEX

સમાધાન કરાવવામાં નિષ્ફળ ગયેલા હોવાથી તેમની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલનો રેફરન્સ આ અદાલત સમક્ષ પ્રથમ પક્ષકાર યુનિયને કરેલો છે.

૨ પ્રથમ પક્ષકાર યુનિયને બેન્ક પાસે એવી માંગણી કરેલ હતી કે, બેંકમાં કામ કરતા તમામ કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી, ઘરભાડું, મેડીકલ એલાવન્સ, યુનિફોર્મ, વોશીંગ એલાવન્સ, રજાઓ, લોન, કેશ એલાવન્શ, એલ. ટી. સી. ગ્રેજ્યુઈટી પ્રમોશન વીગેરેના લાભો આપવા જોઈએ.

૩. આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર યુનિયને આંક–૫થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે, જ્યારે દ્વિતીય પક્ષકાર બેન્કે તેમનો લેખીત જવાબ આંક–૮થી રજુ કર્યો છે. ત્યાર બાદ આ રેફરન્સમાં બંને પક્ષકારોએ સંયુક્ત રીતે આંક–૧૯ થી તેમના વચ્ચે થયેલ સમાધાનની શરતો રજુ કરેલ છે અને જણાવેલ છે કે, પક્ષકારો વચ્ચે તે મુજબ સમાધાન થઈ ગયેલ હોવાથી તે પ્રમાણે આ કામમાં એવોર્ડ કરી આપવા વીનંતી છે. સરદરહુ સમાધાનની શરતો ખાસ સંજોગો લક્ષમાં લેતાં વ્યાજબી ગણાય છે અને તેમાં બંને પક્ષકારોએ સહીઓ કરેલી છે અને તે પ્રમાણે સમાધાન થવાનું તેઓ કબુલ રાખે છે. પરીણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

હુકમ

૪. આ રેફરન્સમાં બંને પક્ષકારોએ આંક–૧૯ની સમાધાનની શરતો મુજબ વર્તવાનું રહેશે. આંક–૧૯ ને આ ચુકાદાના એક ભાગ તરીકે ગણવામાં આવશે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

એન. એ. ચૌહાણ
સભ્ય
ઔદ્યોગીક અદાલત, ગુજરાત

સહી/ એસ. એમ. નાયક
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૨૭–૧૧–૯૦

સહી/ આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

અમદાવાદ તા. ૧૬–૧–૯૦

આંક ૧

સમાધાનકાર શ્રી બી. બી. ઠાકર સમક્ષ

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬

સમાધાનનું ખતપત્ર

કેસ નં. બી. આર. સી. ૧૪૩/૮૯

પક્ષકારોના નામ

ધી પ્રોસીગ્રેવ મર્કન્ટાઈલ કો, ઓ. બેન્ક લી. અમદાવાદ — માલીકના પ્રતિનિધિ

ગુજરાત સ્ટેટ કો. ઓ. બેન્કર્સ સ્ટાફ યુનિયન અમદાવાદ. — કામદારેના પ્રતિનિધિ

કેસની ટુંકી વિગત

તા. ૪–૭–૮૯ના રોજ બેન્કીંગ ઉદ્યોગ માટે અમદાવાદ શહેરના સ્થાનિક વિસ્તારમાં પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતાં ઉપરોકત મંડળે નમુના "એલ"માં ઉપરોકત સંસ્થાની બેન્કમાં કામ કરેતા કર્મચારીઓને તા. ૧–૭–૮૯ની પગાર, મોંઘવારી, ઘરભાડું સીટી એલાઉન્સ તથા મેડીકલ એલાઉન્સ વિગેરે આપવા અંગેની માંગણી રજુ કરતી ફેરફારની નોટીસ આપી હતી. સદરહું બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહીં થઈ શકવાથી સદરહું મંડળે તા. ૧૩–૭–૮૯ના રોજ સમાધાનકારોને સબ્યો હતો અને તા. ૧૧–૮–૮૯ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહું બાબતમાં સમાધાનની કાર્યવાહી જે વખતો વખત બન્ને પક્ષકારોની સંમતિથી મુલત્વી રાખવામાં આવી હતી તે તા. ૨૧–૮–૮૯થી તારીખ ૭–૧૨–૮૯ સુધી ચાલી હતી. જેમાંની છેલ્લી તારીખે બંને પક્ષો વચ્ચે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ની કલમ ૫૮(૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

INDEX

સમાધાનની શરતો

આ સાથેના જોડેલ પરિશિષ્ટ મુજબ.

૧. પગાર ધોરણ.

સીનીયર ઓફીસર/ બ્રાન્ચ ઈનચાર્જ	૬૮૦	૩૮/૩	૭૯૪	૪૮/૪	૯૮૬	૬૫/૪	૧૨૪૬	૮૫/૪	૧૫૮૬	૧૧૦/૫	૨૧૩૬
ઓફીસર	૬૦૦	૩૨/૩	૬૯૬	૪૦/૪	૮૫૬	૫૫/૪	૧૦૭૬	૭૫/૪	૧૩૭૬	૧૦૦/૫	૧૮૭૬
સુપરવાઈઝર	૫૧૦	૨૬/૩	૫૮૮	૩૪/૪	૭૨૪	૪૯/૪	૯૨૦	૬૫/૪	૧૧૮૦	૯૦/૫	૧૬૩૦
કલાર્ક	૪૧૦	૨૦/૩	૪૭૦	૨૫/૪	૫૭૦	૪૦/૪	૭૩૦	૫૫/૪	૯૫૦	૮૦/૫	૧૩૫૦

પ્યુન	૨૪૦	૧૦/૩	૨૭૦	૧૨/૪	૩૧૮	૧૮/૪	૩૯૦	૨૫/૪

૪૯૦	૩૨/૫	૬૫૦

કર્મચારીઓનું ઉપરોક્ત નવી ગ્રેડમાં ફીક્સેશન કરવા માટે જે તે કર્મચારીને તેમના જુના ગ્રેડમાં જે સ્ટેજ ઉપર છે તે પ્રમાણે નવા ગ્રેડમાં તે સ્ટેજમાં ફીક્સેશન કરવામાં આવશે એટલે કે સ્ટેજ ટુ સ્ટેજ ફીટમેન્ટ આપવામાં આવશે.

૨. મોંઘવારી ભથ્થું.

હાલની પ્રથા મુજબ એટલે કે ઓલ ઇન્ડીયા કન્ઝ્યુમર્સ પ્રાઇસ ઈન્ડેક્ષ ફોર ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સ ૧૯૬૦–૧૦૦ની શ્રેણીમાં સીમલા બ્યુરો તરફથી જે વખતો વખત માસીક આંક બહાર પાડે છે તેની ત્રિમાસીક સરેરાશ કાઢીને તેમાંથી ૨૦૦ આંક બાદ કરવા અને તેમ કરતાં એટલે કે ૨૦૦ આંકથી ઉપરનાં જેટલા આંક હોય તેટલા આંક માટે પ્રત્યેક ચાર આંક દીઠ એક સ્લેબ ગણવો. આ પ્રમાણે ગણતરી કરવાથી જે કુલ સ્લેબ નકકી થાય તે માટે પ્રત્યેક સ્લેબનું વળતર નીચે દર્શાવેલ દર પ્રમાણે ચુકવવામાં આવશે.

સબોર્ડીનેટ સ્ટાફ કેડરનાં કર્મચારીઓને પ્રત્યેક સ્લેબનાં બે ટકા પ્રમાણે અને કલેરીકલ સ્ટાફ તથા ઓફીસર કેડરનાં કર્મચારીઓ માટે પ્રત્યેક સ્લેબનાં ૧.૪૮ પ્રમાણે મોંઘવારી ભથ્થુ ચુકવવામાં આવશે.

ઉપરોક્ત દરે મોંઘવારી ભથ્થું મુળ પગાર એટલે કે બેઝીક સેલેરીની નીચે મુજબની મહતમ મર્યાદામાં ચુકવવામાં આવશે.

સીનીયર ઓફીસર	૧ ૧૦૦–૦૦
ઓફીસર	૯૫૦–૦૦
સુપરવાઈઝર	૮૫૦–૦૦

૧ દર વરસે ત્રણ જોડી ટેરીકોટન પેન્ટ–શર્ટ.

૨ દર ત્રણ વરસે આખી બાયનું ગરમ સ્વેટર

૩ દર બે વરસે એક વખત રેઈનકોટ આપવામાં આવશે.

૧૫ વોશીંગ એલાઉન્સ–

બેંકમાં કામ કરતા પટાવાળા કર્મચારીઓને તેમના યુનીફોર્મની ધોલાઈ માટે માસીક રૂા, ૩૦–૦૦ ચુકવવામાં આવશે.

૧૬ ડ્રાયવર એલાઉન્સ –

બેંકમાં ડ્રાઈવીંગ કરતાં કર્મચારીને માસીક રૂા. ૭૫–૦૦ ચુકવવામાં આવશે.

૧૭ બોનસ –

બેંકમાં કામ કરતા તમામ કાયમી કર્મચારીઓને હાલની પ્રથા પ્રમાણે એટલે કે બેજીક તથા ડી.એ. ની વાર્ષિક કુલ રકમના ૨૦ ટકા બોનસ તરીકે ચુકવવામાં આવશે.

૧૮ રજાઓ –

આકસ્મીક રજા –

બેંકના દરેક કાયમી કર્મચારીને કેલેન્ડર વર્ષમા ૧૫ દીવસની આકસ્મીક રજા આપવામાં આવશે. પરંતુ વર્ષ દરમીયાન જમા રહેતી આકસ્મીક રજાઓ હકક રજામાં જમા કરવામાં આવશે

માંદગીની રજા –

બેંકના દરેક કાયમી કર્મચારીને કેલેન્ડર વર્ષમાં ૧૫ દીવસની માંદગીની રજા આપવામાં આવશે. માંદગીની રજા વધુમાં વધુ ૧૨૦ જમા રાખી બાકીની માંદગીની રજા હકક રજામાં જમા કરવામાં આવશે.

હક્ક રજા.

બેન્કમાં દરેક કાયમી કર્મચારીને કેલેન્ડર વર્ષમાં ૩૦ દીવસની હક્ક રજા આપવામાં આવશે આવી હક્ક રજાઓ વધુમાં વધુ ૯૦ દીવસની જમા રાખી તે ઉપરાંતની જમા થતી રજાઓનો પગાર રોકડમાં ચુકવી આપવામાં આવશે.

આમ છતાં જે કર્મચારી વધુ હક્ક રજા જમા રાખવા માંગતો હોય તો વધુમાં વધુ ૧૮૦ દીવસની રજા જમા રાખી શકશે.

મેટરનીટી લીવ.

બેન્કના દરેક કાયમી મહીલા કર્મચારીને નોકરી દરમ્યાન વધુમાં વધુ બે વખત ૯૦-૯૦ દીવસ મેટરનીટી રજા આપવામાં આવશે.

બેન્કના કોઈપણ કર્મચારી બે બાળક પછી કુટુંબ-નિયોજન અપનાવે તો તેવા કર્મચારીને પ્રોત્સાહન રૂપે એક ઈન્ક્રીમેન્ટ આપવામાં આવશે, તે અંગે જરૂરી રજા ચાલુ પગારે આપવામાં આવશે.

સ્પેશ્યલ લીવ.

યુનિયનનાં બે પ્રતિનિધિને બેંક કર્મચારી યુનીયન એસોસીયેશનનાં કોઈ વર્કશોપ સેમીનાર અથવા અધીવેશનમાં ભાગ લેવા માટે સ્પેશ્યલ રજા આપવામાં આવશે.

૧૯. લોન.

હાઉસીંગ લોન.

બેન્કના દરેક કાયમી કર્મચારીઓને નીચેનાં ધોરણે હાઉસીંગ લોન મળવાપાત્ર રહેશે.

ઓફીસર/સુપરવાઈઝર	રૂા. ૧ ૨૦,૦૦૦-૦૦
ક્લાર્ક	રૂા. ૧,૦૦,૦૦૦-૦૦
પ્યુન	રૂા. ૭૦,૦૦૦-૦૦

INDEX

હાઉસીંગ લોન ૬ ટકાના વ્યાજે ૨૪૦ માસીક હપ્તામાં વસુલ કરવાની રહેશે. હાલમાં જે કર્મચારીની નોકરીની મુદત પાંચ વર્ષની પુરી થઇ હોય તેઓને હાઉસીંગ લોન મળવાપાત્ર થશે.

હાલમાં જે કર્મચારીઓએ હાઉસીંગ લોન લીધેલ છે તેઓને ૩ વર્ષ બાદ હાલની નવી લોનની મર્યાદામાં રહી નવું મકાન લેવા, મકાનમા રીપેરીંગ કરવા, સુધારા-વધારા કરવા, ઉપર વધારાનો માળ લેવા હાઉસીંગ લોન આપવામાં આવશે.

વાહન લોન.

બેન્કમાં કામ કરતા કાયમી કર્મચારીઓને તેની નોકરીનાં ૩ વર્ષ પુરા થયા હોય તેમને બે પઈડાંના વાહનની કીંમતના ૯૦ ટકા જેટલી રકમ તથા જુના વાહનની વેલ્યુએશન સર્ટીફીકેટના આધારે કીંમતનાં ૮૦ ટકા જેટલી રકમ ૬ ટકા વ્યાજના દરે મળવાપાત્ર રહેશે.

આ લોન ૬૦ માસીક હપ્તામાં પરત કરવાની રહેશે.

પર્સનલ લોન.

બેન્કના કાયમી કર્મચારીઓને કે જેમની નોકરીની મુદત ૩ વર્ષ પુરી થઇ હોય તેવાં કર્મચારીને તેઓના કુલ પગારનાં ૧૦ ટકા લેખે પર્સનલ લોન આપવામાં આવશે. આ લોન ૬ ટકા વ્યાજે ૬૦ માસીક હપ્તામાં પરત કરવાની રહેશે.

ઉપરોકત તમામ લોનની કપાત કર્મચારીનાં કુલ પગારનાં ૬૦ ટકાથી વધવી જોઈએ નહીં,

૨૦. એડવાન્સ.

એ. ફુડ ગ્રેઈન એડવાન્સ.

બેન્કનાં દરેક કાયમી કર્મચારીઓને વર્ષમાં એક વખત ફુડ ગ્રેઈન એડવાન્સ વગર વ્યાજે ૧૦ માસીક હપ્તામાં પરત કરવાની શરતે નીચે મુજબ આપવામાં આવશે.

INDEX

ક્લાર્ક સુપરવાઈઝર ઓફીસર	રૂા. ૨,૫૦૦—૦૦
પ્યુન	રૂા ૨,૦૦૦—૦૦

(બી) ફેસ્ટીવલ એડવાન્સ-

બેન્કના દરેક કાયમી કર્મચારીઓને વર્ષમાં એક વખત ફેસ્ટીવલ એડવાન્સ વગર વ્યાજે ૧૦ માસીક હપ્તામાં પરત કરવાની શરતે નીચે મુજબ આપવામાં આવશે.

સુપરવાઈઝર ઓફીસર	રૂા. ૧,૨૦૦—૦૦
ક્લાર્ક—પ્યુન	રૂા. ૭૫૦—૦૦

૨૧. હોસ્પીટલાઈઝેશન—

બેન્કમાં કાયમી કર્મચારીઓને અથવા તેના આશ્રીતોને કાંઈ માંદગી અથવા અકસ્માતને કારણે હોસ્પીટલની સારવાર માટે દાખલ કરવા પડે તેમ હોય અગર કોઈ પણ પ્રકારના ઓપરેશન માટે દાખલ કરવા પડે ત્યારે તેવા કર્મચારીને હોસ્પીટલ ખર્ચ. ઓપરેશન ખર્ચ, દવાની ખર્ચની કુલ રકમના ૭૫ ટકા ચુકવવામાં આવશે.

કર્મચારીના કુટુંબના આશ્રીત સભ્યોને આવા કુલ ખર્ચના ૫૦ ટકા રકમ ચુકવવામાં આવશે, પરંતુ આવા કર્મચારીઓ તથા આશ્રીતોને મ્યુનીસીપલ હોસ્પીટલ, સરકારી હોસ્પીટલ અગર ચેરીટેબલ સંચાલીત હોસ્પીટલમાં સ્પેશીયલ રૂમ તેમજ એસી રૂમ સીવાયનો ખર્ચ આપવામાં આવશે.

આશ્રીત એટલે ન કમાતા મા—બાપ. પુત્ર—પુત્રી, ભાઈ—બહેનને ગણવા.

સ્ત્રીને સામાન્ય પ્રસુતી વખતે હોસ્પીટલમાં દાખલ થવું પડે ત્યારે હોસ્પીટલ ખર્ચ આપવા પાત્ર થશે નહીં. પરંતુ સીઝેરીયન ઓપરેશન વખતે ઉપર મુજબનો ખર્ચ મળવાપાત્ર થશે.

માંદગી વખતે અન્ય કોઈ હોસ્પીટલમાં સારવાર લેવાની થાય તો તેને

INDEX

મ્યુનીસીપલ હોસ્પીટલ, સરકારી હોસ્પીટલ અગર ચેરીટેબલ સંચાલીત હોસ્પીટલના ખર્ચના ધોરણે જે ખર્ચ થતો હોય તે ખર્ચ આપવાનો રહેશે.

૨૨. એલ. ટી. સી.–

હાલની પ્રથા ચાલુ રાખવામાં આવે છે એટલે દર વરસે બેન્કમાંથી કર્મચારીને બહાર ફરવા લઇ જતા હતા તે પ્રથા ચાલુ રાખવામાં આવે છે, છતાં જે કર્મચારી ફરવા જવા ઇચ્છતા ના હોય તેવા કર્મચારીઓને નીચે મુજબ રોકડ ચુકવવામાં આવશે.

ઓફીસર સુપરવાઈઝર	રૂા. ૯૦૦–૦૦
કલાર્ક	રૂા. ૮૦૦– ૦
પ્યુન	રૂા. ૭૦૦– ૦

૨૩. પ્રમોશન–

બેન્કના કાયમી કર્મચારીઓને તેમના ચાલુ ગ્રેડમાંથી ઉપલા ગ્રેડમાં ૭૦ ટકા પ્રમાણે સીનીયોરીટીના ધોરણે તથા ૩૦ ટકા સીનીયોરીટી કમ મેરીટ પ્રમાણે પ્રમોશન આપવામાં આવશે..

આવી બઢતીના પ્રસંગે કર્મચારીઓને મુખ્ય અથવા વીશીષ્ટ શૈક્ષણીક લાયકાતોને મેરીટ તરીકે લક્ષમાં લેવામાં આવશે. બઢતીના પ્રસંગે ઉપલી ગ્રેડમાં ફીટમેન્ટ આપ્યા બાદ એક વધારાનું પ્રમોશનનું ઈન્ક્રીમેન્ટ આપવામાં આવશે.

૨ . ઈન્ક્રીમેન્ટ–

બેન્કમાં કાયમી કર્મચારીઓને વિશીષ્ટ પ્રકારની લાયકાત માટે નીચે મુજબનાં વધારાના ઇન્ક્રીમેંટ ચુકવવામાં આવશે.

એ.	જી. ડી. સી. એન્ડ બે	૧ ઈન્ક્રીમેન્ટ
બી.	સી. એ. આઈ. બી. પાર્ટ–૧	૧ ,,
	,, ,, પાર્ટ–૨	૨ ,,

INDEX

સી. એચ. ડી. ડી. ૧ ઇન્ક્રીમેન્ટ

ડી. એલ. ડી. સી. ૧ „

૨૫. પ્રોવીડન્ટ ફંડ–

હાલની પ્રથા ચાલુ રાખવામાં આવે છે એટલે બેન્કમાં તમામ કાયમી કર્મચારીઓને બેઝીક તથા ડી. એ. ના ૧૦ ટકા પ્રમાણે પ્રોવીડંટ ફંડ આપવામાં આવશે તેમજ તેટલી રકમ બેન્ક ઉમેરી પ્રોવીડન્ટ ફંડ ઓફીસમાં જમા કરાવાની રહેશે.

૨૬. ગ્રેજ્યુઇટી–

હાલની પ્રથા મુજબ એટલે કે કર્મચારીના કુલ નોકરીના વર્ષ દીઠ ૧૫ દીવસ પ્રમાણે છેલ્લા કુલ પગાર પ્રમાણે ગ્રેજ્યુઇટી ચુકવવાની રહેશે.

૨૭. બેન્કના કાયમી કર્મચારી તેઓની નોકરી દરમીયાન મૃત્યુ થાય તો બેન્ક કર્મચારીના પત્ની, પતિ કે પુત્ર પુત્રીને બેન્કમાં નોકરી આપવામાં આવશે.

૨૮. આ કરારની મુદત તા. ૧–૭–૧૯૮૯થી તા. ૩૦–૭–૧૯૯૨ સુધીની એટલે કે ત્રણ વર્ષની રહેશે.

૨૯. યુનિયન તથા સ્ટાફ મેમ્બર તે સમય દરમીયાન કોઇ વધારાની બીજી આર્થિક માંગણી મુકશે નહીં.

યુનિયન અને સ્ટાફ મેમ્બરો બેંકના કામકાજમાં ખંત, શીસ્ત અને કર્તવ્યનિષ્ઠાથી બેન્ક મેનેજમેન્ટને તેમનો સાથ સહકાર આપશે તેની ખાતરી આપે છે.

આ સમાધાનનો કરાર અને તેની સમજુતી તથા જોગવાઇઓ બંને પક્ષકારોની પરસ્પરની સમજુતીથી અને સંમતીથી નક્કી કરેલ છે, અને બન્ને પક્ષકારોને કાયદેસરની રીતે કબુલ અને માન્ય છે, અને બંધનકર્તા છે.

૩૦. આ કરાર બાબતમાં કોઇ પણ કર્મચારી અંગે ઝઘડો, વિવાદ કે પ્રતીકુલ અસર થાય તો તેનું સમાધાન ગુજરાત સ્ટેટ કો–ઓ. બેન્ક સ્ટાફ યુનીયન અને બેન્ક મેનેજમેન્ટ સાથે બેસીને ઉકેલ લાવશે.

INDEX

આ કરારમાં નિર્દિષ્ટ કર્યા સીવાયના બેન્ક તરફથી સામુહીક કર્મચારીઓને જે લાભ આપવામાં આવે છે તે ચાલુ રાખવામાં આવશે.

સ્થળ– અમદાવાદ તા. ૭–૧૨–૧૯૮૯

ધી પ્રોગ્રેસીવ મર્કન્ટાઈલ કો–ઓ. બેન્ક લીમીટેડ વતી

૧ એમ. ડી.

૨ સહી– અવાચ્ય
જી. એમ. ડી.

સહી– અવાચ્ય
૩ જનરલ મેનેજર

સહી– અવાચ્ય
૪ મેનેજર

સાક્ષી–
સહી– અવાચ્ય

ગુજરાત સ્ટેટ કો–ઓ. બેન્ક સ્ટાફ યુનીયન વતી

૧ સહી– અવાચ્ય

૨ સહી– અવાચ્ય
ઉ. પ્રમુખ

સહી– અવાચ્ય
૩ ઉ. પ્રમુખ

સહી– અવાચ્ય
૪ જનરલ સેક્રેટરી

સહી– અવાચ્ય
સેક્રેટરી

સાક્ષી–
સહી– અવાચ્ય

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે

નિમાયેલા સહાયક સંઘ નિબંધક દ્વારા

સુતરાઉ કાપડ ઉદ્યોગમાં ઉપક્રમોની માન્યતા

અધિસુચના ક્રમાંક ખ/શમક/૨૭૩૮૫/આરઈજી/બીઆઈઆર/૧૯૯૧ સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૧૧–૧થી મને આપવામાં આવેલી સત્તાની રુએ અને તા. ૧૧–૧–૯૧ની અધિસુચના ક્રમાંક ખ/શમક/૨૭૩૫૩/આરઈજી/બીઆઈઆર/૧૯૯૧ના અનુસંધાનમાં નીચે જણાવેલ સંસ્થાને સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે સુતરાઉ કાપડ ઉદ્યોગમાં ઉપક્રમ તરીકે હુ આથી માન્ય કરૂ છું.

નં. ૧૦૮ આદિત્ય સીન્થેટીક્સ, નરોડા અમદાવાદ.

અમદાવાદ તા. ૨૧–૧–૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે

નિમાયેલ સહાયક સંઘ નિબંધક દ્વારા

ટેક્ષટાઇલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતા સંઘ તરીકેની માન્યતા.

ક્રમાંક ખ/શમક/૨૭૩૯૬/આરઈજી/બીઆઈઆર/૧૯૯૧ સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૧૬–૩ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક ગુજરાત નિયમોના નિયમ ૨૬થી મને આપવામાં આવેલી સત્તાની રુએ "ધી વલસાડ ડીસ્ટ્રીક ઈન્ડસ્ટ્રીયલ એમ્પ્લોઈઝ એસોસીએશન, સુરત"ને 'મજુર

મહાજન સંઘ વલસાડ''ની જગ્યાએ પારડી તાલુકાના સ્થાનિક વિસ્તાર માટે ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતા સંઘ તરીકે આથી હું દાખલ કરુ છું,

અમદાવાદ તા. ૧૩–૨–૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે

નિમાયેલ સહાયક સંઘ નિબંધક દ્વારા

ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં માન્ય એપ્રુવ્ડ યુનિયન તરીકે માન્યતા

ક્રમાંક ખ/શમક/૨૭૩૯૭/આરઈજી/બીઆઈઆર/૧૯૯૧ સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૨૩–૪થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, મજુર મહાજન સંઘ વલસાડ''ની જગ્યાએ પારડી તાલુકાના સ્થાનિક વિસ્તાર માટે ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં માન્ય એપ્રુવ્ડ યુનિયન તરીકે આથી હું દાખલ કરુ છું.

અમદાવાદ, ૧૩/૨/૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનીયમ
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના ક્રમાંક : ૬/ખ/શમક/ આર યુ સને ૧૯૪૬ ના મુંબઈ સંબંધક અધિનિયમની કલમ ૫૮(૧) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને વાય. એસ. સીન્ટેક્ષ પ્રોજેક્ટસ લી. અમદાવાદ સમાધાન અધિકારી શ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૧૯૯૧મા ફેબ્રુઆરી માસના ૧૫મા દિને આથી નોંધ કરું છું.

સમાધાનકાર બી. બી. ઠાકર સમક્ષ

મુંબઇ ઔધોગીક સંબંધક અધીનિયમ ૧૯૪૬

સમાધાનનું ખતપત્ર

કેસ નં. બી. આર. સી. ૮—૯૧

પક્ષકારોના નામ

૧. એન. કે. શાહ માલીકોના પ્રતીનીધી
મેનેજર
વાય. એસ. સીન્ટેક્ષ પ્રોજેકટ લી.

૨. યુસુફખાન પઠાણ કામદારોના પ્રતીનીધી
મંત્રી
ટેક્ષટાઈલ લેબર એસોસીએશન

કેસની ટુંકી વિગત

તા. ૧૨—૧૦—૯૦ના રોજ ઉપરોક્ત સંસ્થાના વ્યવસ્થાપકોને નમુના "કે" સુતરાઉ કાપડ ઉદ્યોગ માટે અમદાવાદ શહેરના સ્થાનિક વીસ્તારમાં પ્રતીનીધિત્વ

INDEX

અને માન્યતા ધરાવતા ઉપરોકત સંડળને એન્જીનીયરીંગ ખાતામાંથી વિવિધ કેટગરીમાંથી કુલ ૧૫ પંદર જગ્યા કમી કરવા માંગે છે. તે અંગેની માંગણી રજુ કરતાં ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહી થઈ શકવાથી સદરહુ સંસ્થાએ તા. ૨૨–૧૦–૯૦ના રોજ સમાધાનકારને નમુના 'એન'માં અહેવાલ મોકલી આપ્યો હતો. જે તા. ૧૦–૧–૯૧ના રોજ સમાધાનકારને મળ્યો હતો અને તા ૧૦–૧–૯૧ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો, સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી તા. ૧૫–૧–૯૧ના રોજ રાખવામાં આવી હતી. જેમાંની છેલ્લી જણાવેલ તારીખે બંને પક્ષો વચ્ચે મુંબઈ ઔધોગીક સંબંધક અધીનિયમ–૧૯૪૯ની કલમ ૫૮–૧ મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

સમાધાનની શરતો

મીલ કું. ને આટોશાળ ખાતું બંધ થવાથી તેને સંલગ્ન એન્જીનીયરીંગ ખાતામાં કામદારોને કામ નહી હોવાથી એન્જીનીયરીંગ ખાતાના કુલ–૮૨ કાયમી કારીગરોમાંથી–૧૫ કાયમી કામદારોની જગા કમી કરી શકશે. અને તે અંગેની નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવશે.

૧. અ. સદરહું જગા કમી કરવા માટે ટેક્ષટાઇલ લેબર એસોસીએશન અમદાવાદ મારફતે મળેલા રાજીનામાં સ્વીકારીને કમી કરી શકશે. અથવા વયમર્યાદાને લીધે મરણ થવાથી કે અન્ય કારણસર ખાલી જગા પુરવાને બદલે મજુર મહાજન સંઘની સંમતીથી તે જગા કમી કરી શકશે.

બ. કમી થતી જગાના કારીગરોના રાજીનામા પુરતા પ્રમાણમાં નહી આવે તો તેને બદલે અન્ય કેટગરી ખાતામાંથી રાજીનામાં મળશે તો જરુરીયાત પ્રમાણે લાગતા વળગતા કારીગરોની ફેરગોઠવણી ટેક્ષટાઈલ લેબર એસોસીએશનની સંમતીથી કરીને તેવી જગા કમી કરી શકશે.

ક. મીલ કુંને પુરતા રાજીનામા નહી મળે તો વચગાળાના સમયમાં વધતા કારીગરોને તે જ ખાતામાં બદલીવાળાને અસર પામ્યા વગર સોંપી શકાશે. અને તે પ્રમાણે લાગતા વળગતા કારીગરોએ કામ કરવાનું રહેશે. અને આ

પ્રમાણે કામ સોંપવાથી કે કારીગરોની ફેરગોઠવણી કરવાથી કોઈ કારીગરના પગારમાં બાધ પડતી હશે તો તે તેઓના અંગત પગાર ગણી ભરી આપવામાં આવશે.

૨. આ સમાધાન હેઠળ કાયમી જગાઓ કમી કરવા માટે ટેક્ષટાઈલ લેબર એસોસીએશન સાથે નકકી થયા મુજબ નીચેની રકમ ચુકવવામાં આવશે.

અ. પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી એકટ મુજબ થતી ગ્રેજ્યુઈટીની રકમ આપવામાં આવશે.

બ. છુટા થતા કારીગરોનો ચઢેલો પગાર, બાકી ભોગવવાની હકક રજાના તથા કેજ્યુઅલ રજાના પૈસા આપવામાં આવશે.

ક. બેકારી વળતર ઘરભાડા સહીત એક વર્ષનું પંદર દીવસના ધોરણ મુજબ ગણતરી કરીને આપવામાં આવશે.

ડ. બોનસ જે તે વર્ષમાં કંપની ચુકવે ત્યારે અને તે સમયે કાયમી કારીગરોની સાથે.

ઈ. પ્રોવીડંડ ફંડના બંને ફાળાની રકમ વહેલી ચુકવવા માટે મીલ કંપની ભલામણો કરશે

ઉપર મુજબના હકકોની ચુકવણી અંગે એવું નકકી કરવામાં આવે છે કે કારીગરોનાં રાજીનામાં મંજુર કરીને છુટા કરવાનો હુકમ આપવામાં આવે તે સમયે કારીગરોનો બાકી પગાર, વણભોગવેલી હકક રજા તથા ગ્રેજ્યુઈટીનો ચેક આપવામાં આવશે અને વળતરની રકમનો ચેક ત્રણ માસ ફેરનો પોસ્ટ ડેટડ ચેક મંજૂર કરતી વખતે આપવો.

૩. આ સમાધાનના અમલ માટે કોઈ મુશ્કેલી કે મતભેદ ઉભો થશે તો બંને પક્ષકારો સાથે મળીને તેનો નિકાલ કરશે અને તે લાગતા વળગતા તમામને બંધનકર્તા અને આખરી ગણાશે.

૪. ભવિષ્યમાં જો ફીટર રવિન્દ્રભાઈ ઉદેરામ જ્યારે રાજીનામું આપે ત્યારે જો

INDEX

તેમની પોતાની પોસ્ટ નાબુદ થશે તો અથવા કોઈ એક કાયમી જગા વળતર વગર કમી કરી અપાવે તો તેઓને વળતરને‌ા લાભ આપવામાં આવશે.

૫. આ સમાધાન થવાથી આ બાબત અંગેના અગાઉના કરાર સમાધાન કે એવોર્ડમાં તેટલે અંશે આપોઆપ સુધારો થયેલો ગણવામાં આવશે.

૬. આ સમાધાનનો અમલ તા. ૧૨–૧૦–૯૦થી થયેલો છે તેમ ગણવામાં આવશે.

સહી/ અવાચ્ય
મંત્રી વતી,
ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ

અમદાવાદ, તા. ૧૫–૧–૯૧

સહી અવાચ્ય
ફેક્ટરી મેનેજર
વાય. એસ. સીન્ટેક્ષ પ્રોજેક્ટ લી.
અમદાવાદ

બી. બી. ઠાકર
સમાધાનકાર
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬
અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનીયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૫–૨–૯૧

INDEX

વાય્‌. એજ. સીન્ટેક્ષ પ્રોજેક્ટ લી, અમદાવાદ,

એન્જીનીયરીંગ

કેટેગરી	હાલની કાયમી જગા				કમી થયા પછીની કાયમી જગા				કમી થતી કાયમી જગા [ળપઆર]			
	૧	૨	૩	કુલ	૧	૨	૩	કુલ	૧	૨	૩	કુલ
હ્યુમીડીટી એટેન્ડન્ટ	૧	૧	૧	૩	–	–	૧	૧	૧	૧	–	૨
ફાયર સર્વીસમેન ફાયરમેન	૧	૧	૧	૩	૧	૧	૧	૩	–	–	–	–
બોઈલર કેરીયરમેન	૫	૪	૩	૧૨	૫	૪	૩	૧૨	–	–	–	–
કેરીયરમેન હેલ્પર	૧	૧	–	૨	૧	૧	–	૨	–	–	–	–
કેરીયરમેનરીલીવર	૧	૧	૧	૩	–	–	૧	૧	૧	૧	–	૨
ટર્નર	૪	૧	–	૫	૨	૧	–	૩	૨	–	–	૨
ફીટર	૬	–	–	૬	૪	–	–	૪	૨	–	–	૨
સુથાર	૧	–	–	૧	૧	–	–	૧	–	–	–	–
વેલ્ડર	૧	૧	–	૨	૧	–	–	૧	–	૧	–	૧
કડીયા	૧	–	–	૧	૧	–	–	૧	–	–	–	–
પાટી મુકરદમ	૧	–	–	૧	૧	–	–	૧	–	–	–	–
પાટી કુલી	૧૪	–	૧	૧૫	૧૨	–	૧	૧૩	૨	–	–	૨
કોલમેન	૧	૧	૧	૩	૧	૧	૧	૩	–	–	–	–
કોલ કુલી	૨	૨	૨	૬	૨	૨	૨	૬	–	–	–	–
કોલમેન–રીલી.	૧	–	–	૧	૧	–	–	૧	–	–	–	–
ડીઝલ જન ઓપ	૨	૨	૨	૬	૧	૧	૨	૪	૧	૧	–	૨
ટ્રોલી ફીટર	૧	–	–	૧	–	–	–	–	૧	–	–	૧
ઈલે. મોટરમેન	૧	૧	૧	૩	૧	૧	૧	૩	–	–	–	–
ઈલે. ફીટર	૨	–	–	૨	૨	–	–	૨	–	–	–	–
કુલી	૪	૧	–	૫	૪	૧	–	૫	–	–	–	–
ઓઈલર	૧	–	–	૧	–	–	–	–	૧	–	–	૧
કુલ	૫૨	૧૭	૧૩	૮૨	૪૧	૧૩	૧૩	૬૭	૧૧	૪	–	૧૫

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના ક્રમાંક : ૬/ખ/શમક/ આર યુ સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ–૫૮(૧) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત નિયમોના નિયમ—૬૫થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને અસરવા મીલ્સ અમદાવાદની વચ્ચે સમાધાન અધિકારી શ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૧૯૯૧ માં ફેબ્રુઆરી માસના ૧૫માં દિને આથી નોંધ કરું છું.

સમાધાનકાર બી. બી. ઠાકર સમક્ષ

મુંબઈ ઔધોગીક સંબંધક અધિનીયમ ૧૯૪૬

સમાધાનનું ખતપત્ર

કેસ નં. બી. આર. સી. ૧૬૭–૯૦

પક્ષકારોના નામ

૧ સાગરમલ આર શર્મા — માલીકોના પ્રતીનિધી
મેનેજર
અસારવા મીલ લી.
અમદાવાદ

૨ વિક્રમભાઈ ભટ્ટ — કામદારોના પ્રતીનિધી
મંત્રી વતી,
ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
ભદ્ર, અમદાવાદ

કેસની ટુંકી વિગત

તા. ૧૧–૬–૯૦ના રોજ ઉપરોકત સંસ્થાના વ્યવસ્થાપકોએ નમુના "ક"માં સુતરાઉ કાપડ ઉધોગ માટે અમદાવાદ શહેરના સ્થાનિક વિસ્તારમાં પ્રતિનિધિત્વ

અને માન્યતા ધરાવતા ઉપરોક્ત મંડળને મીલ્સ કંપની મીલ કંપનીનું સાદુ શાળ ખાતુ બંધ થવાથી સ્ટેમ્પીંગ ખાતામાં ૨૭ કાયમી જગામાંથી ૪ કાયમી જગા કાયમી ધોરણે કમી કરવા માંગે છે તે અંગેની માંગણી રજુ કરતી ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહી થઈ શકવાથી સદરહું સંસ્થાએ તા. ૨૫–૬–૯૦ના રોજ સમધાનકારને નમુના "એન"માં અહેવાલ મોકલી આપ્યો હતો, જે તા. ૨૦–૭–૯૦ના રોજ સમાધાનકારને મલ્યો હતો, અને તારીખ ૨૧–૭–૯૦ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી જે વખતો વખત બન્ને પક્ષકારોની સંમતિથી મુલત્વી રાખવામાં આવી હતી. જે તારીખ ૪–૮–૯૦થી તા. ૫–૧–૯૧ સુધી ચાલી હતી, જેમાંની છેલ્લી જણાવેલ તારીખે બન્ને પક્ષકારો વચ્ચે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ની કલમ ૫૮[૧] મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે. બિડાણ સમાધાનની શરતો આ સાથેના જોડેલ પરિશિષ્ટ મુજબ

સહી અવાચ્ય
મેનેજર
અસારવા મીલ્સ લી.
અમદાવાદ.

અમદાવાદ તા. ૫–૧–૧૯૯૧

બી. બી. ઠાકર
સમાધાનકાર
અમદાવાદ,

સહી અવાચ્ય
મંત્રી વતી
ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ.

INDEX

સમાધાનની શરતો

૧ મીલ કંપનીનું શાળ ખાતુ–સાદુ બંધ થવાથી સ્ટેમ્પીંગ ખાતાની કામગીરીમાં નોંધપાત્ર પ્રમાણમાં ઘટાડો થયેલ છે. આથી સ્ટેમ્પીંગ ખાતામાં નીચે જણાવ્યા મુજબ ૨૭ કાયમી જગામાથી ૪ કાયમી જગા મીલ કંપની કમી કરી શકશે.

કાયમી જગ્યા કમી કરવા માટેની વીગત

હોદ્દો	કાયમી સંખ્યા પાળી				કમી કરવાની સંખ્યા પાળી				બાકી રહેલ કાયમી સંખ્યા			
	૧	૨	૩	કુલ	૧	૨	૩	કુલ	૧	૨	૩	કુલ
સેમી કલાર્ક	૪	–	–	૪	૧	–	–	૧	૩	–	–	૩
સ્ક્રીન સ્ટેમ્પર	૩	–	–	૩	–	–	–	–	૩	–	–	૩
આસી. સ્ક્રીન સ્ટેમ્પર	૧	–	–	૧	૧	–	–	૧	–	–	–	–
સ્ટેમ્પર	૧	–	–	૧	–	–	–	–	૧	–	–	૧
આ. સ્ટેમ્પર	૨	–	–	૨	–	–	–	–	૨	–	–	૨
ફ્રેન્ટસ રેગ્ઝ	૧	–	–	૧	–	–	–	–	૧+૧	–	–	૨
સેમ્પલમેન	૩	–	–	૩	–	–	–	–	૩	–	–	૩
જોબર	૧	–	–	૧	૧	–	–	૧	–	–	–	–
બંડલર	૧૦	–	–	૧૦	૨	–	–	૨	૮	–	–	૮
અંજન	૧	–	–	૧	–	–	–	–	૧	–	–	૧
કુલ	૨૭	–	–	૨૭	૫	–	–	૫	૨૨+૧	–	–	૨૩

INDEX

૨ મીલ કંપનીએ આ સમાધાન પહેલા જોબરની જગા વળતર આપી નાબુદ કરેલી છે અને તે કામગીરી હવે ખાતાના સીનીયર મોસ્ટ કારીગર જે હશે તે સંભાળશે દા.તા. મુજબ અને સ્ટેમ્પીંગના કરારમાં પરીશીષ્ટમાં દર્શાવેલ કેસો પક્ષકાર બીન શરતે પાછા ખેંચવાનું સ્વીકારે છે તથા આ સમાધાનથી હાલમાં જોબરનો પગાર રમણલાલ જોઈતારામને રૂ. ૩૨૮-૯૮ મલે છે તે પગાર આ સમાધાનથી ચાલુ રાખવાનું બંને પક્ષકારો સ્વીકારે છે તથા જોબરની જગા નાબુદ ગણાશે.

૩. ઉપરોકત સમાધાનની કલમ નં. ૧ માં દર્શાવેલ કારીગરો હાલમાં જે કામગીરી બજાવે છે તે બજાવવાની ચાલુ રાખશે અને ભવિષ્યમાં પ્રોડકશન વધશે તો તે વધારાના શ્રમબોજ અંગે બન્ને પક્ષકારો સંયુકત રીતે નકકી કરી યોગ્ય કરશે.

૪. મીલ્સ કંપની આ સમાધાન થયેથી ૨૨ + ૧ અંવજનં મળી કુલ ૨૩ કારીગરોનું સંખ્યાબળ રાખશે અને તેઓએ ભેગા મળી સંયુકત રીતે આશરે ૨૪ થી ૨૪ાા હજાર મીટરનું દૈનિક પ્રોડકશન કોઈપણ શોર્ટમાં આપશે અને તેઓને વધેલા શ્રમબોજ અંગે રૂ. ૧૫ માસીક ૨૬ દીવસના [જેમાં મોંઘવારી ભથ્થું તથા ૮ ટકાનો સમાવેશ થયેલ છે] એલાવન્સમાં આપશે અને તેને પ્રોવિડન્ટ ફંડ બોનસ ગ્રેજ્યુઈટી હકક રજા કેજ્યુઅલ રજાની ગણતરીમાં સમાવેશ કરવામાં આવશે આ લાભ બદલીવાળા જો કાયમી કારીગરની ગેરહાજરીમાં કામ કરશે તેમને પણ તે દીવસ પુરતો મળશે.

૫. મીલ કંપનીમાં આ સમાધાનથી દાખલ તારીખની સીનીયોરીટીથી જે તે કારીગરની જોબરની કામની ક્ષમતા જોઈ તેમની પાસેથી આ વધારાનું કામ લેવામાં આવશે જે માટે કામ કરનારને રૂા. ૧૦૪ દર માસે જ્યાં સુધી આ કામગીરી બજાવે ત્યાં સુધી આપશે.

૬. ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન તથા મીલ માલીક વચ્ચે એડહોક માટેનો કેસ [જેનો રેફરન્સ નં. મીસે અરજી [આઈ. સી] નં. ૨/૫ ૧૯૮૬ છે] ચાલે છે તેનો ચુકાદો આવે તેમાં આ સમાધાનથી છુટા થનાર કારીગર જો બેનીફીટ માટે હકકદાર હશે તો તેમને આપવામાં આવશે.

INDEX

૭. મીલ્સ કંપની આ સમાધાનથી શ્રી રતનસીંગ હીરજીને એકસ્ટ્રા સેમી કલાર્ક ગણશે. પરંતુ તેનો સમાવેશ ર૩ના સંખ્યા બળમાં રહેશે પરંતુ ભવિષ્યમાં ખાતામાં જ્યારે પણ કોઈ કારણસર સેમી કલાર્કની કાયમી જગા ખાલી પડશે તો તેમનો સમાવેશ સદર જગાએ થશે અને નવી કોઈ જગા ઉભી કરાશે નહીં તે જગાના કાયમી પાસ પણ કોઇને આપવાનો રહેશે નહી, તેમજ આ અંગે કોઈ માંગણી કરી કરાવશે નહી એમ બન્ને પક્ષકારો સ્વીકારે છે

૮. મીલ કંપની આ સમાધાન થયેથી જો ૭ માસમાં રાજીનામા નહી આવે તો આ અંગે બન્ને પક્ષકારો ભેગા મળી નકકી કરશે, જો અમુક રાજીનામા આવે તો તેમને હકકો આપી છુટા કરશે અને વધેલા કારીગરોને અન્ય ખાતાઓમાં વૈકલ્પિક કામ આપશે જે તેઓને કરવાનું રહેશે જો કોઈ રાજીનામા નહીં આવે અને વૈકલ્પિક કામ નહી સ્વીકારે તો તેમની તે દીવસોની ગેરહાજરી પુરાશે અને પગાર મળશે નહી પરંતુ જો મીલ કંપની કામ નહી આપી શકે તો તે દીવસનો પગાર ભરી આપશે વળી આમ થવાથી ટ્રાન્સફર થનાર કારીગરોને કે વૈકલ્પિક કામ સ્વીકારનારને તેમને હાલમાં મળતો પગાર ચાલુ રહેશે.

૯. મીલ કંપનીમાં ફ્રેન્ટસ રેન્ઝની કામગીરી હાલમાં બંડલરોની મદદથી થતી હતી એટલે સ્ટ્રેન્થમાં એક જ કારીગર હતો, પરંતુ હવે કાયમી સંખ્યામાં ઘટાડો થવાથી તે જગાએ મદદ ન થઈ શકે તેમ હોવાથી એક કારીગરને બદલે બે કારીગરનું સંખ્યાબળ નકકી કર્યું છે.

૧૦. સ્ટેમ્પીંગ ખાતાના કાયમી અને બદલી કારીગરોની યાદી આ સાથે પરિશિષ્ટથી દર્શાવેલ છે.

૧૧. સદર ૪ કાયમી જગ્યાઓ નીચે જણાવ્યા પ્રમાણે કમી કરી શકશે.

અ. સદરહુ જગા કમી કરવા માટે મજુર મહાજન સંઘ અમદાવાદ મારફતે મળેલા રાજીનામા સ્વીકારીને અથવા વયમર્યાદાથી, મરણ થવાથી, કે બન્નેય પુારણસર ખાલી જગા પુરવાના બદલે મજુર મહાજન સંઘની સંમતીથી તેવી જગા કમી કરી શકશે.

INDEX

બ. કમી થતી જગાના હોદ્દાના કારીગરના રાજીનામાને બદલે અન્ય કેટેગરી કે ખાતામાંથી રાજીનામું મળશે તો મજુર મહાજન સંઘની સંમતિથી લાગતા વળગતા કારીગરોની ફેરગોઠવણી કરીને કમી કરશે. આમ થવાથી કોઇ કારીગરને મળતા પગારમાં ઘટાડો થશે નહીં. મીલ કંપનીને પુરતા રાજીનામા નહીં મળે તો વચગાળાના સમયમાં વધતા કારીગરોને ખાત્તામાં વૈકલ્પિક કામગીરી સોંપવામાં આવશે જે તેમણે કરવાની રહેશે આ પ્રમાણે વૈકલ્પિક કામ સોપવાથી કારીગરોની ફેરગોઠવણી કરવાથી કોઈ કારીગરના પગારમાં ખાધ પડતી હશે તો તેઓને અંગત પગાર તરીકે ભરી આપવામાં આવશે,

૧૨ આ સમાધાન હેઠળ કાયમી જગા કમી કરવા માટે છુટા થતા કારીગરોને તેમના કાયદેસરના તમામ હકકો જેવા કે આઈ ડી. એકટ હેઠળ બેકારી વળતર [ઘરભાડા સહીત] પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી એકટ હેઠળની ગ્રેજ્યુઈટી તથા વણભોગવેલ રજાના નાણાં ચુકવી આપશે તથા પ્રોવીડન્ટ ફંડની રકમના બન્નેય ફાળા માટે આઇ. ડી. એકટની કલમ ૨ [૦.૦] હેઠળ વ્યવસ્થા કરશે જ્યારે જે તે વર્ષનું બાકી બોનસ અન્ય કારીગરોને જ્યારે ચુકવવામાં આવશે ત્યારે આપવામાં આવશે.

૧૩ આ સમાધાનના અમલ કે અર્થઘટનમાં જો કોઈ મતભેદ પડશે તો બન્નેય પક્ષકારો સાથે મળીને તેનો નિકાલ કરશે જે લગતા વળગતા તમામ કામદારોને બંધનકર્તા રહેશે.

૧૪ આ સમાધાન થવાથી આ અંગેના અગાઉના કરાર, સમાધાન કે એવોર્ડમાં તેટલે અંશે આપોઆપ સુધારો થયેલો ગણવામાં આવશે.

૧૫. આ સમાધાનનો અમલ તા. ૭–૧–૧૯૯૧થી કરવામાં આવશે

સહી અવાચ્ય
મેનેજર
અસારવા મિલ્સ લી.
અમદાવાદ

INDEX

અમદાવાદ, ૫–૧–૧૯૯૧

સહી અવાચ્ય
મંત્રી
ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ

બી. બી. ઠાકર
સમાધાનકાર
મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનિયમ ૧૯૪૬
અમદાવાદ

અમદાવાદ તા. ૧૧–૧–૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔધોગીક સંબંધ અધીનીયમ,
અમદાવાદ.

અસારવા મીલ્સ, અમદાવાદ

પરીશીષ્ટ

સ્ટેમ્પીંગ ખાતાના કાયમી તથા બદલી કામદારોનું લીસ્ટ

અ.નં.	નામ	હોદ્દો	દા. તા.
૧	રમણલાલ જોઈતારામ	જોબર	૧૫–૧–૭૫
૨	મનુભાઈ મંગળદાસ	સેમ્પલમેન	૫–૩–૫૪
૩	ભુલાભાઈ મફાભાઇ	સ્ક્રીન સ્ટેમ્પર	૭–૧૧–૫૫
૪	સુર્યકાંત રામભાઈ	સેમી કલાર્ક	જાન્યુ–૧૯૬૪
૫	પરસોતમ કચરાજી	શોર્ટર	૫ ૧–૭૦

INDEX

૧	૨	૩	૪
૬	હરીજી રૂપાજી	બંડલર સેમીકલાર્ક	૧૯૬૪
૭	હરીશ નાનાલાલ	સેમી કલાર્ક	૧–૧–૭૦
૮	માંગીલાલ કેદારનાથ	બંડલર	૧૪–૬–૭૧
૯	નટવરભાઈ જોઈતારામ	,,	૧૪–૫–૭૧
૧૦	નારણભાઈ બંસીલાલ	,,	૧૪–૬–૭૧
૧૧	ઝવેરસીંગ હઠીસીંગ	,,	૧–૧–૬૯
૧૨	અરવીંદ કેશવલાલ	સેમીકલાર્ક	૨૬–૮–૭૧
૧૩	પ્રવીણ ચીમનલાલ	સ્કીન સ્ટેમ્પર	૨૧–૬–૭૧
૧૪	રમેશ જશભાઈ	બંડલર	૧–૧–૭૩
૧૫	શંકરજી નરસીંહજી	,,	૧–૬–૭૨
૧૬	ખોડીદાસ મોહનલાલ	,,	૩૧–૭–૭૪
૧૭	રતનસીંગ હીરજી	,,	૧–૫–૭૩
૧૮	રશ્મીકાંત નટવરલાલ	,,	૧૨–૧–૭૫
૧૯	રામાજી થાનાજી	,,	૧૬–૧–૭૫
૨૦	અંબાલાલ નારણદાસ	,,	૧૫–૧–૭૫
૨૧	રામરાજ શીવપજલન	,,	૧૨–૩–૭૪
૨૨	ચંપાલાલ હરીરામ	,,	૧–૮–૭૫
૨૩	કાંતીલાલ અંબાલાલ	,,	૧૪–૮–૭૫
૨૪	સેતાનસીંગ રણજીતસીંગ	,,	૧૩–૧૨–૭૫

૧	૨	૩	૪
૨૫	અશોક ચીમનલાલ	બંડલર	૯–૯–૭૮
૨૬	પ્રકાશ લક્ષ્મીચંદ	,,	૯–૯–૭૮
૨૭	ઘનશ્યામ બચુભાઈ	,,	૧–૩–૮૮

બદલીવાળા

૧	સુમેરસીંગ ભગવાનસીંહ	બંડલર	૯–૯–૭૪
૨	બાબરભાઈ કરશનભાઇ	,,	૪–૩–૮૦
૩	રમેશભાઈ વીરચંદભાઈ	,,	૪–૩–૮૦
૪	શંકરભાઈ વીરાભાઈ	,,	૧૭–૨–૮૨
૫	કમલેશ ચીનુભાઇ	,,	૧૩–૨–૮૩

સહી અવાચ્ય
ફેક્ટરી મેનેજર
ફોર અસારવા મિલ્સ લી. અમદાવાદ

અમદાવાદ તા. ૫–૧–૧૯૯૧

બી. બી ઠાકર
સમાધાનકાર
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬
અમદાવાદ

સહી અવાચ્ય
મંત્રી
ટેક્ષટાઈલ લેબર એસોસીએશન

આર. કે. પરમાર
સહાયક સંઘ, નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૧–૧–૯૧

INDEX

અસારવા મીલ્સ લી. અમદાવાદ

પરીશીષ્ટ

નીચે દર્શાવેલ કેસો સ્ટેમ્પીંગ ખાતાના કરારથી પાછા ખેંચવાના છે એમ બીજા પક્ષકારો કબુલ રાખે છે.

અ.નં.	કેસ નં.	કોર્ટ નં.	વિગત
૧	અરજી નં. ૪૪૮/૮૯	૯	સ્ટેમ્પીંગના માંગીલાલ કેદારનાથના પગાર અંગે
૨	,, ૪૪૭/૮૮૯	૯	પરીશીષ્ટના કારીગરોને પરીશીષ્ટમાં દર્શાવેલ દીવસના પગાર નુકશાન અંગે
૩	,, ૧૩૦૩/૮૭	૯	લે–ઓફ અંગે સ્ટેમ્પીંગમાં
૪	,, ૪૬૮/૯૦	૧૩	સ્ટેમ્પીંગના સેમી કલાર્ક રતનસીંગ હીરજીના પાસ અંગે
૫	,, ૩૮૮/૮૮	૯	પરીશીષ્ટના કામદારોના લે–ઓફ અંગે
૬	,, ૪૪૯/૮૯	૯	પરીશીષ્ટના કામદારોના કાયમી પાસ અંગે
૭	,, ૪૫૦–૯૮	૯	લે–ઓફ અંગે
૮	,, ૧૦૭૮–૮૯	૧૪	પરીશીષ્ટની પદ્ધતિમાં ફેરફાર અંગે
૯	,, ૧૨૫૦ ૮૮	કોટડાવાલા	તા. ૮–૭–૮૮થી કામબંધી કરવા અંગે

અમદાવાદ તા. ૫–૧–૧૯૯૧

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનીયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના ક્રમાંક : ૬ ખ શમક–૨૭૩૯૮ આરયુ. સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનીયમની કલમ ૫૮–૧ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમ (ગુજરાત) નીયમોના નિયમ ૬૫ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ હું ગોકાક વડોદરા સ્પીનીંગ મિલ્સ વડોદરા અને મજુર મહાજન મંડળ વડોદરા સમાધાન અધિકારીશ્રી એમ આઈ. જોશીપુરાની દરમ્યાન ગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૧ના ફેબ્રુઆરી માસના ૧૫મા દીનેઆથી નોંધ કરું છું.

BOMBAY INDUSTRIAL RELATIONS ACT.-1946

B. I. R. CASE No. 16 90

MEMORANDUM OF SETTLEMENT

Name of Parties

Mr. M. R, S. Gupta Factory Manager, Gokak-Vadodara Spinning Mills, Divn. of Gokak Patel Vo!kart Ltd. VADODARA-390 005	Representing Employer
Shri D. K. Patel Secretary, Majoor Mahajan Mandal VADODARA.	Representing Employees

SHORT RECITAL OF THE CASH

" Gokak-Vadodara Spinning Mills, Vadodara. a division, of Gokak Patel Volkart Ltd., hererin after refrred to as "Mlil Company" served on the Majoor Mahajen Mandal, Baroda, a repre-

sentative and approved Union for the Cotton Textile Industry in the local area of Baroda Municipal Corporation, Baroda, a Notice of Change in Form 'K' Dated 20-9 1990 regarding management's proposal to split the category of Doffer-cum-Reliever into two different disignations viz. Doffer and Reliever in their L. R. Ring Frame Section. Failing agreement, a report in Form 'N' was sent to Conciliator on 28-9-1990 and registared on 1-10-90 and a settlement was reached on 22-1-91 between the parties. under Section 58 (1) of the B. I. R. Act. 1946 on the following terms-

TERMS OF SETTLEMENT

Presently. the main job of workmen having the designation of Doffer-cum-Reliever in the L. R. Ring Frame Section is to look after the doffing of the machines. In addition. inter alia, they also do the job of relieving machine tenters. For the work of relieving, an additional relieving allowance is paid to them.

It is now agreed between Mills Company and Majoor Mahajan Mandel, representing the employees of the Gokak-Vadodara Spinning Mills as follows-

1. The Category of Doffer-cum-Reliever shall be split into two different designations viz. Doffer and Reliever.

2. The Doffers shall exclusively look after doffing work in addition to othar allied jobs and shall not do the relieving job.

3. The payment of relieving allowance to Doffer cum-Relievers shall be discontinued from may 1. 1990.

4. The relievers shall take up relieving work Machine tenters in addition to other allied workr.

5. The duties to be performed by the worker in the category of Reliever shall be as under—

INDEX

(a) Relieving work :

(i) To attend to all the duties performed by the Sider whom he relieved.

(ii) To relieve upto seven Siders (turn by turn during all recess times as per the instructions of the Superiors.

(b) Duties during non-relieving time :

(i) To help Doffers/Siders during non-relieving time.

(ii) To change count/material-traveller,

(iii) To do the generai cleaning of machines.

(c) To do inter Bobbins cleaning.

(d) To remove inter Empty Bobbins Lying on M/c.

(e) To do any other specified work entrusted by Dept. authority.

6. The Relievrs shall be paid Basic wage of Rs. 345.45 per month for 26 days working.

7. The Settlement shall come into force with effect from 1-5-90 The arrears of the difference of wages due under this settlement to the Relievers shall be paid within a period of two months from the date of this Setttement.

Place Baroda
Date 22-11-91

Sd Illegible
Factory Manager
Gokak Vadodara Spinning Mills Baroda

Sd Illegible
Secretary
Majoor Mahajan Mandal
Baroda

Sd Illegible
Conciliators
Bombay Industrial Relation Act
1946 Baroda

અમદાવાદ તા. ૧૫–૨–૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના ક્રમાંક ૬/ખ/શમક/૨૭૪૦૩ આર સુ સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ–૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું જુનાગઢ જીલ્લા સેન્ટ્રલ કો. ઓપ. બેંક લી. જુનાગઢ અને શ્રી કનકરાય બચુભાઈ જોશી ધોરાજી રાજકોટની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ માં ફેબ્રુઆરી માસના ૧૫ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, રાજકોટ

શ્રી એમ. એચ. દોશી, સાહેબ રૂબરૂ

અપીલ (આઈસી) નં. ૨/૧૯૯૦

જુનાગઢ જીલ્લા સેન્ટ્રલ કો–ઓપરેટીવ બેંક લી.	પ્રથમ પક્ષકાર
હુસેની બિલ્ડીંગ, મહાત્મા ગાંધી માર્ગ	[મુળ શાખા]

અને

કનકરાય બચુભાઇ જોષી	બીજા પક્ષકાર
C/O ડી. વી. ડી. મહેતા.	[મુળ અરજી]
દરબારગઢ સામે, ધોરાજી જી. રાજકોટ	

ચુકાદો

૧. આ કેસમાં સામાવાળાએ એટલે રીસ્પોન્ડન્ટે રાજકોટની બીજી મજુર અદાલતનાં પ્રમુખ અધિકારી સમક્ષ અરજી કરતાં બંને પક્ષાને સાંભળીને સામાવાળા એટલે કે રીસ્પોન્ડન્ટ કામદારને છુટા કરવાનો હુકમ ગેરકાયદેસર અને રદબાતલ ઠરાવી તેમને તેમની નોકરીની સળંગતા સાથે પડેલા દીવસોનાં પુરા પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરેલ છે તે સામે આ અપીલ કરવામાં આવેલ છે,

INDEX

૨. નીચેની કોર્ટમાં મુળ સામાવાળા અરજદારે તેમનો રજુ કરેલ કેસ ટુંકમાં નીચે મુજબ હતો. તેઓને તા. ૨૧–૨–૭૮ના રોજથી કલાર્ક તરીકે માસીક રુપિયા ૪૦૦ના પગારથી નોકરીમાં રાખેલ. છેલ્લે તા. ૮–૪–૮૧થી માંગરોળના ફડચા અધીકારી નં. ૭ના હેઠળ કલાર્ક તરીકે કામગીરી તેઓ કરતા હતા. વચ્ચે તેઓએ માનદ્ સેવાઓ પણ આપેલી છે. કોઈપણ જાતના ગુન્હે. કસુર વિના કે કાયદેસરની કાર્યવાહી કર્યા વિના તેઓને ગેરકાયદેસર રીતે એકાએક તા. ૬–૩–૮૨ના રોજથી મૌખિક રીતે જાણ કરી નોકરીમાંથી છુટા કરી દીધેલા છે. આ અંગે તેઓએ બેંક સાથે પત્રવ્યવહાર કરેલ અને તેઓને કયાંય નોકરી પણ મળેલ નથી અને તેઓ બેકાર છે. આથી તેમણે ઉપર આપવામાં આવેલ દાદ માંગેલ અને તે દાદ લેબર કોર્ટ નં. ૨નાં વિધવાન ન્યાયાધીશશ્રીએ મંજુર કરેલ છે.

૩. આંક–૬થી સામાવાળા બેંકે તેનો જવાબ રજુ કરેલ અને તેમાં જણાવેલ છે કે મંડળીઓના ફડચા અધીકારી તરીકે બેંકના અધીકારીઓને નીમવામાં આવે છે પરંતુ તેઓ તેમના કામકાજ અને અધીકારી જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓના અંકુશ નીચે કરે છે. માંગરોળ વીભાગમાં ફડચા અધીકારીએ તેમને કામચલાઉ નિમણુંક આપી હોઈ તેથી અરજદાર બેંકનાં કર્મચારી બની જતા નથી. ફડચા અધીકારીનાં કાર્ય કે વહીવટ નીચે બેંકનો કોઈ અંકુશ હોતો નથી. મંડળીનાં હિતમા ગમે તે પગલાં ભરવા તે સ્વતંત્ર છે. બેંકની કોઈ જવાબદારી ઉપસ્થીત થતી નથી. બેંકે કોઈપણ જાતનું વેતન અરજદારને ચુકવેલ નથી કે કર્મચારીને મળતા લાભો આપેલા નથી. કામદાર કયારેય બેંકના કર્મચારી હતા નહીં તેથી તેમને છુટા કરવાનો પ્રશ્ન ઉપસ્થીત થતો નથી. આમ જણાવી બેંકે મુળ અરજદારની અરજી કાઢી નાંખવા વિનંતી કરી છે.

૪. લેબર કોર્ટ નં. ૨ રાજકોટનાં વિધવાન ન્યાયાધીશશ્રીએ જે ઠરાવેલ છે કે મુળ અરજદાર બેંકના કર્મચારી ગણાય અને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર છે તે તારણો અને ઠરાવ સામે અત્રે અપીલ કરવામાં આવેલ છે.

૫. આ અપીલમાં નિર્ણય કરવા માટે નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

૧ સામાવાળા મુળ અરજદાર અપેલેન્ટ બેંકના કર્મચારી ગણાય કે કેમ ?

INDEX

૨ લેબર કોર્ટ નં. ૨ રાજકોટના કરેલ હુકમ યોગ્ય છે કે કેમ ?

૩ છેવટનો હુકમ શું કરવો.

ઉપરોક્ત મુદ્દાઓ અંગે મારો જવાબ નીચેના કારણોસર નીચે મુજબ છે–

૧ મુળ અરજદાર બેંકના કર્મચારી ગણાય નહી.

૨ લેબર કોર્ટ નં. ૨ રાજકોટનો ચુકાદો અન્યાયી અને અયોગ્ય છે.

૩ અંતિમ હુકમ મુજબ.

કારણો

૮. આ કામમાં ઉપસ્થીત થયેલ વિવાદ માટે **નીચેના** આંકો ધ્યાનમાં લેવાના રહે છે.

"આંક–૨૦ સ્પેશીયલ રીકવરી ઓફીસરનું પ્રમાણપત્ર. આંક–૨૦ ખાસ અધીકારી વહીવટ અને ફડચાનું તા. ૨૭–૩–૮૯ નું પ્રમાણપત્ર. આંક–૨૨ સામાવાળા મેનેજરશ્રીએ આપેલ દરખાસ્ત ઉપરની નિમણુંક. આંક–૨૩ અરજદારને પુનઃ સ્થાપીત કરવા આપેલ નોટીસ. આંક–૨૫ પોષ્ટની રસીદ. આંક–૨૬ બેંકના અરજદારને આપેલ કોલ લેટર. આંક–૩૩ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી જુનાગઢનો આદેશ. આંક–૩૪ સહકાર કમિશનર અને રજીસ્ટ્રાર સહકારી મંડળી ગુજરાત રાજયની તા. ૨૭–૧૨–૭૮ નો પરીપત્ર. આંક–૭૫ જાહેરખબરનું કટીંગ. આંક–૩૬ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી જુનાગઢનો પરીપત્ર. નં. ૧૯૩/૭૯/૮૦ તા. ૨–૧–૮૦. આંક–૩૨ અરજદારને ચુકવેલ પગારના વાઉચરો કુલ ૧૧. આંક–૪૮ કલેકટર જુનાગઢનો તા. ૩–૧૨–૭૫ નો હુકમ, આંક–૧૯ અરજદારની જુબાની, તેમજ સામાવાળાના સાહેદની આંક–૪૦ની જુબાની."

૮. આ કેસમાં વીચારવાનો મુળ સવાલ એ છે કે ગુજરાત કો–ઓપરેટીવ સોસા. એકમની કલમ ૧૦૮–૧ પ્રમાણે કો–ઓપરેટીવ સોસાયટીની રજીસ્ટ્રાર કોઈપણ

સોસાયટી અંગેના લીકવીડેશનનો હુકમ થાય ત્યારે સોસાયટી લીકવીડેટરની નિમણુંક કરે છે અને તેનું મહેનતાણું ઠરાવે છે, આ પ્રમાણે વચગાળાનો લીકવીડેશનનો હુકમ થાય ત્યારે કોઓપરેટીવ સોસાયટીની હોદ્દેદારી સોસાયટીનો કન્ટ્રોલ અને તમામ કલેઈમો, ચોપડાના કાગળો લીકવીડેટરને સોંપી દે છે કે, ત્યારબાદ તેમણે શું કરવાનું રહે છે તે ૧૦૮મી કલમની પેટા કલમોમાં જણાવેલ છે. ગુજરાત કો-ઓપરેટીવ સોસાયટી એકટ-૧૯૬૧ની કલમ-૧૧૦ પ્રમાણે લીકવીડેટરે કો-ઓપરેટીવ સોસાયટીમા રજીસ્ટ્રારના સુપરવીઝન કન્ટ્રોલ અને સુચના પ્રમાણે કામ કરવાનું રહે છે. તેથી સોસાયટીનો વહીવટ સોસાયટીને વીખેરી નાંખવા માટે કરવાનો રહે છે. સોસાયટીના દેવાઓ વસુલ કરવાનો રહે છે. આ લીકવીડેટરની તમામ સત્તાઓ ગુજરાત કો-ઓપરેટીવ સોસાવટીઝ એકટની કલમ-૧૧૦ માં બતાવવામાં આવેલ છે. લીકવીડેટરના હીસાબો ગુજરાત કો-ઓપરેટીવ સોસાયટીઝ એકટની કલમ-૧૧૩ પ્રમાણે રજીસ્ટ્રાર સમક્ષ રજુ કરવાની રહે છે અને રજીસ્ટ્રાર હિસાબોનું ઓડીટ કરાવે છે અને તેના માટે લીકવીડેટરે રજીસ્ટ્રારને વાઉચર વગેરે આપવાના રહે છે. સોસાયટીને બરખાસ્ત કરવાનું કામ કલમ-૧૧૪ પ્રમાણે ત્રણ વર્ષના ગાળામાં પુરું કરવાનું હોય છે,

૯. આમ સમગ્ર રીતે જોતાં કાયદાની પરિસ્થિતી એવી છે કે નિમાયેલ લીકવીડેટર સોસાયટીનું જ કામ કરે છે અને તે સોસાયટીને દરખાસ્ત કરવાની કામગીરી કરી અને તે કામગીરી કરવા માટે તેને જે જે કરવું જોઈએ તે બધું કરે છે. આથી લીકવીડેટર જે કાઈ પગલાં લે તે તમામ જે સોસાયટી ફડચામાં ગઈ હો તેના વતી તેને લેવાના હોય છે. આ બાબતની જાણુ લેબર કોર્ટ રાજકોટ નં. ૨ એ નજર સમક્ષ રાખી નથી.

૧૦. ગુજરાત કો-ઓપરેટીવ સોસાયટી એકટ પ્રમાણે એવું જરૂરી નથી કે સહકારી મંડળીનાં ઓફીસરને જ લીકવીડેટર તરીકે નીમવા જોઈએ. વળી આ કેસમાં સહકારી મંડળીને તો લીકવીડેટર તરીકે નીમવામાં આવેલ જ નથી. જુનાગઢ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંકના કર્મચારીને લીકવીડેટર તરીકે નીમવામાં આવેલ છે તેટલા જ માત્ર કારણોસર ગણી શકાય નહીં કે ફડચા અધિકારી જે કોઈ વ્યકિતની નિમણુંક કરે તે બેંકનો કર્મચારી થઈ જાય.

૧૧. મુળ અરજદાર કનકરાય બચુભાઈ જોષીની જુબાની આંક-૧૯માં પારા-૩માં તેણે સ્પષ્ટ રીતે જણાવેલ છે કે તેને ફડચા અધિકારીનાં કલાર્ક તરીકે

INDEX

નિમણુંક કરવામાં આવેલ. માત્ર આંક–૨૦ અને આંક–૨૧નાં પત્રો ઉપર આધાર રાખી કામદાર કનકરાય તરફથી એવી દલીલ કરવામાં આવે છે કે તેની નિમણુંક બેંકે કરેલ છે અને તેથી તેઓ બેંકના જ કર્મચારી ગણાય. કનકરાય જોષી તેની જુબાની પારા–૭માં જણાવે છે કે તેનો પગાર બેંક ચુકવતી પરંતુ તેમની ઉલટ તપાસ પારા–૧૦ અને ખાસ કરીને પારા–૧૨ જોતાં આંક–૩૨નાં જે વાઉચરો રજુ કરવામાં આવ્યા છે તે જોતાં જણાય છે કે તેમનો પગાર ફડચા અધિકારી તરફથી મંડળી વતી કર્મચારીને કરવામા આવતો હતો. અરજદાર તેની જુબાની પારા–૧૩માં જણાવે છે કે તેમણે બેંકમાં માનદ સેવા કરેલી અને ત્યારબાદ તેને ફડચા અધિકારીનો હુકમ મળેલો. આ વાત સાચી માની લઈએ તો પણ જો તેના માટે બીજો હુકમ કરવો જરૂરી બનેલો હોય તેનો અર્થ જ એ છે તે બેંકનો કર્મચારી નહોતા. તેની ઉલટ તપાસમાં આંક–૩૩, ૩૪, ૩૫ અને ૩૬નાં પરિપત્રો પણ રજુ કરવામાં આવ્યા છે, આ પરીપત્રો પણ બતાવે છે કે ફડચા અધિકારી ઉપરનો તમામ કન્ટ્રોલ અને સુપરવીઝન ડીસ્ટ્રીક્ટ કો–ઓપરેટીવ સોસાયટીનાં રજીસ્ટ્રારનો હતો. અરજદાર પોતે કબુલ કરેલ છે કે બેંકના કર્મચારીના નિમણુંકના પાવર્સ જનરલ મેનેજરને છે. તેણે એ પણ કબુલ કરેલ છે કે મંડળીનો વહીવટ તેનો કારોબાર ચલાવે છે. આ કર્મચારીએ એ વાત પણ કબુલ રાખેલ છે કે ફડચામાં લઈ જવાની અને વસુલ કરવાની તમામ વ્યવસ્થા જીલ્લા રજીસ્ટ્રારની સુચના મુજબ થાય છે. કાર્યવાહી ત્રણ વર્ષની અંદર પુરી કરવાની હોય છે અને ત્યારબાદ મંડળી બંધ કરવાની હોય છે તેમણે એ પણ કબુલ કર્યુ છે કે તેમનો પગાર ફડચામાં ગયેલ જે તે મંડળીમાંથી કરવામાં આવતો હતો. આ તમામ કબુલાતો સ્પષ્ટપણે બતાવી આપે છે કે અરજદાર કોઈપણ સંજોગોમાં બેંકના કર્મચારી નહોતા.

૧૨. નીચેની વિધવાન લેબર કોર્ટ નં. ૨ સમક્ષ અને અત્રે પણ કામદારનાં વકીલ માવાણીએ દલીલ કરેલ જે દલીલ લેબર કોર્ટને યોગ્ય લાગી તે એ છે કે અરજદારની નિમણુંક અંગેનો પત્ર C/O બેંક છે અને તે બેંકના લેટરહેડ ઉપર છે. આ એક પ્રકારની વહીવટી શિથિલતા ગણી શકાય. પરંતુ તેના ઉપરથી એમ માની શકાય નહીં કે એમ ગણી પણ શકાય નહીં કે અરજદારને બેંક દ્વારા નીમવામાં આવેલ હતા અને તેઓ બેંકના કર્મચારી હતા. જો તેમ ગણવામાં કે ઠરાવવામાં આવે તેનો અર્થ એમ થાય કે બેંકમાં નિમણુંક કરવા માટે જે નિયમો છે અને જે સત્તા ધરાવનાર વ્યકિતઓ છે તે તમામને ઉદેશી અને માત્ર એક ફડચા અધીકારી કોઈ કર્લાકની નિમણુંક કરે તો તે ફડચા અધિકારી આવી રીતે પાછલા

બારણેથી કોઇપણ કર્મચારીને બેંકના કર્મચારી તરીકે દાખલ કરી શકે. પ્રજાના પૈસે ઉભી થતી અને ચાલતી સહકારી બેંકોમાં આવી રીતે પાછલા બારણેથી યોગ્ય લાગે તે અને મનગમતી વ્યકિતઓને નોકર તરીકે દાખલ કરી શકાય નહીં. એ નિર્વિવાદ વાત છે કે ફડચા અાવકારીનાં કલાર્ક તરીકે અરજદારને જે પગાર મળતો હતો તે અને બેંકના કલાર્કોને એને કર્મચારીઓને જે પગાર ભળતો હતો તે બંને ભિન્ન અને અલગ હતા. એમ જણાય છે કે અરજદાર કામદારને રૂા. ૪૦૦ નક્કી કરેલા મળતા હતા તેમાં કોઈ મોંઘવારી ભત્થુ કે અન્ય કોઇપણ ભત્થુ પણ મળતા ન તેનો કોઈ ગ્રેડમાં પણ સમાવેશ કરવામાં આવેલ નથી. આ તમામ બાબત સ્પષ્ટ રીતે એ બાબત તરફ દોરી જાય છે કે અરજદારની નિમણુંક ફડચા અધિકારીનાં કલાર્ક તરીકે ફડચા અધિકારીએ કરેલ છે અને તેથી તે ટેકનીકલ અને તમામ રીતે જે તે સહકારી મંડળી જે ફડચામાં ગઈ હોય તેનાં જ કર્મચારી ગણાય.

૧૩. આ કામમાં આંક-૪૧નો એડીશનલ રજીસ્ટ્રાર સહકારી મંડળીઓનો પરીપત્ર રજુ કરવામાં આવ્યો હતો તેમાં સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે કે ફડચાનો ખર્ચ કરવા માટે જીલ્લાવાર રજીસ્ટ્રારની પુર્વમંજુરી આવશ્યક છે. નીચેની કોર્ટના રેકર્ડમાં આંક-૩૩થી જીલ્લા રજીસ્ટ્રારનો આદેશ રજુ કરવામાં આવેલ છે અને તેમાં તેમની જુદી જુદી આઠ મંડળીઓના ફડચા અધીકારીની નીમણુંક કરેલ છે. આંક-૩૪, આક-૪૨ પણ બતાવે છે કે જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ ફડચા અધીકારીઓ ઉપર સુપરવીઝન અને કંટ્રોલ ધરાવતા હતા, આંક-૩૬ નો કાગળ પણ આજ બતાવે છે, આંક-૨૦નો જે પત્ર છે તે સ્પેશ્યલ રીકવરી ઓફીસર જુનાગઢ ડીસ્ટ્રીકટે કનકરાય બી. જોશીને આપેલ સર્ટીફીકેટ છે પણ તેનાથી એમ કહી શકાય નહીં કે અરજદાર જુનાગઢ ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપ. બેંકના કર્મચારી હતા. એ સુચક છે કે આંક-૨૧ પ્રમાણે અરજદારની નીમણુંક કરવામાં આવેલ છે તે ખાસ અધીકારી વહીવટ અને ફડચો તેમના દ્વારા કરવામાં આવેલ છે અને તે નીમણુંક પણ જીલ્લા રજીસ્ટ્રારના હુકમની માન્યતાને આધીન કરવામાં આવેલ છે. આંક-૨૨ના અનુસંધાને એવી દલીલ કદાચ કરવામાં આવે અને કરી શકાય કે અરજદારની નીમણુંકને મેનેજર દ્વારા બહાલી આપવામાં આવેલ છે. પરંતુ જયાં કાયદાની પરીસ્થાતી આ પ્રમાણે હોય અને સ્પષ્ટ જ હોય ત્યાં માત્ર ગેરસમઝના કારણે કોઈપણ કર્મચારી કોઈપણ પ્રકારના પત્રો લખી અથવા તો પોતાની માની લીધેલી સત્તાથી દાખલ થએ તેથી એમ માની શકાય નહી કે અરજદાર કો.-ઓપરેટીવ બેંકના નોકર છે.

INDEX

૧૪. વળી જો અરજદાર બેંકમાં નોકરી કરતા જ હોત તો તેમણે બેંકમાં નોકરી બેસવા માટે અરજી કરી ન હોત આંક–૨૬ જોતાં એમ જણાય છે કે તા. ૨૬–૪–૮૨ના રોજ થનાર પરીક્ષામાં ઉપસ્થીત થવા માટે અરજદારે જુનાગઢ ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો–ઓપરેટીવ બેંક જુનાગઢને અરજી કરેલ. આ લખાણુથી લેવામાં આવેલ પરીક્ષામાં અરજદારનો સીટ નં. ૧૫૧ હતો. એ પરીક્ષા આ અરજદારે આપી કે કેમ તેમાં શું થયું તે અંગે રેકર્ડ ઉપરથી કાંઈપણ જાણવા મળતું નથી. આ રીતે સમગ્રરીતે જોતાં અને એમ સ્પષ્ટ રીતે જણાય છે કે અરજદાર કોઈપણ સંજોગોમાં જુનાગઢ જીલ્લા સેન્ટ્રલ કો–ઓપરેટીવ બેંક લી. જુનાગઢના કર્મચારી ન હતા અને તે હતા તેમ માની શકાય નહીં કે ગણી શકાય નહીં.

૧૫. આ કેસમાં નીચેના બે ચુકાદાઓ ઉપર અરજદાર કનકરાય બી જોશીના વધીલશ્રીએ આધાર રાખેલ છે અને તે ચુકાદાઓ નીચે મુજબ છે.

૧ હસમુખલાલ કેશવલાલ પટેલ વિ. મેનેજર અમદાવાદ ડીસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેંક લી. અમદાવાદ અરજી નં. ૭૦૨ ૭૬.
ક. લેબર કોર્ટ, અમદાવાદ

૨ મેનેજર, અમદાવાદ ડીસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેંક લી અમદાવાદ વીરુદ્ધ હસમુખલાલ કેશવલાલ પટેલ અપીલ આઈ. સી. નં. ૮૪/૭૨ ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ, અમદાવાદ

૧૬, પરંતુ ઉપર જણાવેલ કેસોમાં એક વાત નીશ્ચીત છે કે તે કેસમાં પડેલા પુરાવા પ્રમાણે અમદાવાદ ડીસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેંકે જે તે અરજીઓ માંગણી અને તે કેસમાં અરજદારને ટ્રેઈનીંગ આપેલ, ઈન્ટરવ્યુ લીધેલ, પસંદગી કરેલ અને ત્યાર બાદ સફળ ઉમેદવારોના લીસ્ટ બનાવેલ, આ ઉપરાંત પણ તે કેસના ખાસ સંજોગોમાં તે કેસોમાં એવું ઠરાવવામાં આવેલ છે કે તે કેસના પક્ષકાર જે તે બેંકના નોકરીયાત હતા, પરંતુ આ કેસમાં તો એ સ્પષ્ટ છે કે જુનાગઢ ડીસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેંકે અરજદારની કોઈ નીમણુંક કરેલ નથી. તેને પગાર કરેલ નથી અને તેના ઉપર કોઈપણ પ્રકારનું સુપરવીઝન કે કન્ટ્રોલ બેંકે રાખેલ નથી. આથી હું વિદ્વાન લેબર કોર્ટ નં. ૨ રાજકોટનાં તારણો સાથે સહમત થતો નથી અને હું એવું ઠરાવું છું કે રીસ્પોન્ડન્ટ કનકરાય બી. જોષી બેંકના નહીં પરંતુ ફડચા અધિકારી અને સહકારી મંડળીનાં કર્મચારી ગણી શકાય.

INDEX

૧૭. સામાવાળા મુળ અરજદાર તરફથી આંક-૫ના કહેવાતા ક્રોસ ઓબ્જેક્સન્સ રજુ કરવામાં આવેલ છે. પરંતુ આ ક્રોસ ઓબ્જેક્સન્સમાં નીચેની કોર્ટનાં કોઈ તારણુ સામે દાદ માંગવામાં આવેલ નથી અને માત્ર અપીલ રદ કરવાની દાદ માંગવામાં આવેલ છે. આથી ખરેખર આ કહેવાતા ક્રોસ એબ્જેક્શન એ ક્રોસ ઓબ્જેક્શન ગણી શકાય નહીં. તેથી ક્રોસ ઓબ્જેક્શનમાં વિગતવાર ઉલ્લેખ કરવાથી હું અત્રે જરુરી ગણુતો નથી. કહેવાતા ક્રોસ ઓબ્જેક્શનમાં જે દલીલો ઉલ્લેખવામાં આવી છે તે તમામનો મેં વિચાર કર્યો છે અને તેમાં જણાવેલ દલીલો સાથે હું શા માટે સહમત નથી તેનાં કારણો મેં અગાઉ ઉપર આપેલા છે

૧. આથી હું ઠરાવું છું કે નીચેની કોર્ટનો હુકમ ગેરકાયદેસર અને અન્યાયી છે અને તેથી હું નીચે મુજબ છેવટનો હુકમ કરું છું.

હુકમ

આ અપીલ મંજુર કરવામાં આવે છે.

વિદ્વાન લેબર કોર્ટ નં ૨ રાજકોટની અપીલ હેઠળનો ચુકાદો આથી રદ કરવામાં આવે છે. મુળ અરજદાર અને હાલનાં સામાવાળા કનકરાય જોષીની અરજી નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈપણ હુકમ કરવામાં આવતો નથી.

સહી અવાચ્ય
સભ્ય
ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

રાજકોટ તા. ૨-૧-૯૧

ખરી નકલ
સહી અવાચ્ય
કલાર્ક ઓફ ધી કોર્ટ
ઔદ્યોગિક અદાલત. રાજકોટ

INDEX

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનીયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૧-૧-૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ૬/ખ/શમક/ આરયુ સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૫૮(૧) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોશીએશન અમદાવાદ અને ધી અમદાવાદ ન્યુ કોટન મીલ્સ કું. લી. અમદાવાદ સમાધાનકાર શ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની ફેબ્રુઆરી માસના ૧૫મા દીને આથી નોંધ કરું છું.

સમાધાનકાર શ્રી બી. બી. ઠાકર સમક્ષ

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬

સમાધાનનું ખતપત્ર

કેસ નંબર ૩૭૨-૯૦

પક્ષકારોના નામ

માલીકના પ્રતીનીધી

શ્રી જી. આઈ. પટેલ
ફેક્ટરી મેનેજર,
ધી અમદાવાદ ન્યુ કોટન મીલ્સ કું. લી.
અમરાઈવાડી રોડ, અમદાવાદ.

INDEX

શ્રી યુસુફખાન પઠાણ, કામદારોનાં પ્રતીનીધી
મંત્રી વતી,
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
ભદ્ર, અમદાવાદ.

કેસની ટુંકી વિગત

તા. ૧૯–૧૧–૯૦ના રોજ ઉપરોકત સંસ્થાના વ્યવસ્થાપકોએ નમુના "કે"માં સુતરાઉ કાપડ ઉધોગ માટે અમદાવાદ શહેરના સ્થાનિક વિસ્તારમાં પ્રતીનીધીત્વ અને માન્યતા ધરાવતા ઉપરોકત મંડળને 'મીલ કું. ઓટો શાળ ખાતામાં અઠવાડીયાની સાત દીવસની વર્કીંગ પદ્ધતિ દાખલ કરવા માંગે છે'. અંગેની માંગણી રજુ કરતી ફેરફારની નોટીસ આપી હતી. સદરહું બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહીં થઈ શકવાથી સદરહુ સંસ્થાએ તા ૨૭–૧૧–૯૦ના રોજ સમાધાનકારને નમુના "એન"માં અહેવાલ મોકલી આપ્યો હતો. જે તા. ૬–૧૨–૯૦ના રોજ સમાધાનકારને મળ્યો હતો અને તા. ૧૩–૧૨–૯૦ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહું બાબતમાં સમાધાનની કાર્યવાહી જે વખતો વખત બન્ને પક્ષકારોની સંમતિથી મુલત્વી રાખવામાં આવી હતી. જેમાંની છેલ્લી જણાવેલ તારીખે બન્ને પક્ષકારો વચ્ચે મુંબઈ ઔધોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૫૮(૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

સમાધાનની શરતો

૧. મીલ કંપની તેના ઓટો શાળ ખાતામાં પહેલી, બીજી અને ત્રીજી પાળીમાં કાયમી ધોરણે મશીનો ચલાવે છે. આ મશીનો ઉપર કામદારોની સંખ્યા પ્રમાણિત કરવામાં આવેલી છે.

૨. મીલ કંપની તેના ઓટો શાળ ખાતામાં સાત દીવસની વર્કીંગ પદ્ધતિથી ચલાવી શકશે તે અન્વયેની ખાતાકીય વ્યવસ્થામાં કામદારોને સાત વીભાગમાં વહેંચી આ સાત ગ્રુપોને વારાફરતી અઠવાડીક રજા આપવાની રહેશે. જે તે કામદારની અઠવાડીક રજાના દીવસે તેની જગાએ ખાતામાં ચાલી આવતી પ્રથાને અનુલક્ષીને બદલી કામદાર મુકવામાં આવશે.

INDEX

૩. સાત દીવસની વર્કીંગ પદ્ધતિમાં આવરી લેવાયેલ કામદારને તેમના ઘરભાડા સિવાયના કુલ પગારના ૪ ટકા થતી રકમ પગાર વધારા તરીકે ચુકવી આપવામાં આવશે. વધારાની આ રકમમાં વેરીયેબલ ડી. એ.નો સમાવેશ કરવામાં આવેલ છે. આ વધારાની રકમ ઉપર પ્રો. ફંડ, બોનસ જેવા અન્ય લાભો મળવાપાત્ર રહેશે.

૪. મીલ કંપની તેની સાત દીવસની વર્કીંગ પદ્ધતી કામદારોને વારાફરતી અઠવાડીક રજા આપશે. રોટેશનથી અઠવાડીક રજા ભોગવતા કામદારોની યાદી તથા તેમને માસ દરમીયાન આપવામાં આવનાર સબસ્ટીટયુટ રજાની વીગતો પ્રતી માસ ફેકટરી ઈન્સ્પેકટરને મોકલી આપવામાં આવશે. રજાઓની ગોઠવણીમાં આ કાયદાઓનું પાલન થાય તે જોવામાં આવશે.

૫. કામદારોને હાલના તબકકે આપવામાં આવતી એવોર્ડ મુજબની કુલ-૧૯ તહેવારોની રજાઓ પૈકી પરીશીષ્ટમાં જણાવેલ તહેવારો માટે ખાતુ બંધ રાખવામાં આવશે. તે સીવાયની તહેવારની રજાના દીવસે આ પદ્ધતી મુજબ ખાતાનું કામકાજ રાબેતા મુજબ ચાલુ રહેશે. આ ૧૧ રજાઓના સંદર્ભમાં કામદારોને કોમન હોલી-ડે આપવામાં આવશે. જેની વીગતો પરીશીષ્ટમાં જણાવવામાં આવી છે.

૬. ઉપરોકત ખાતાઓ સાત દીવસની વર્કીંગ પદ્ધતીથી ચલાવવાને કારણે તેના આનુસંગીક ખાતાઓ જરૂર પ્રમાણે મીલ કંપનીઓ પદ્ધતીથી જે તે ખાતાના પ્રતીનીધીઓની સંમતીથી ચલાવી શકશે સદર કામદારોને પણ આ સમજુતીની જોગવાઈઓ લાગુ પડશે.

૭. સાત દીવસની વર્કીંગ પદ્ધતી ચલાવવાના પરીણામે કામદારોને જુદા જુદા દીવસે રજા આપવાના પરીણામે વર્ષ આખરે સામાન્ય કામદારો કરતાં વધુ રજા આપવામાં આવશે તો વર્ષ આખરે જેટલા દીવસો વધુ રજા આપવામાં આવી હશે તેટલા દીવસોનો પગાર ભરી આપવામાં આવશે.

૮. મીલ કંપની સદર સાત દીવસની વર્કીંગ પદ્ધતી બંધ કરવા માંગતી હશે તો ધી ટેક્ષટાઇલ લેબર એશોસીએશનને એક માસની નોટીસ આપી સદર પદ્ધતી બંધ કરી શકશે. તેજ પ્રમાણે ધિ ટેક્ષટાઈલ લેબર એસોસીએશન આ

INDEX

પદ્ધતી બંધ કરાવવા માંગતી હશે તો એક માસની નોટીસ આપી બંધ કરી શકશે.

૯. આ સમાધાન અંગે કોઈ મતભેદ ઉભો થશે તો બન્ને પક્ષકારો પરસ્પર સંમતિથી તેનો નીકાલ કરશે.

૧૦. આ સમાધાનની મુદ્દત બન્ને પક્ષકારોની પરસ્પર સંમતીથી વધારવામાં આવી છે.

૧૧. આ સમાધાનનો અમલ તાત્કાલીક અસરથી કરવામાં આવશે.

અમદાવાદ, તા. ૨૫–૧–૧૯૯૧

જી. આઈ. મહેતા
ફેકટરી મેનેજર.
ધી અમદાવાદ ન્યુ કોટન મીલ કું. લી.
અમરાઈવાડી રોડ, અમદાવાદ

સહી અવાચ્ય
મંત્રી
ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
અમદાવાદ

બી. બી. ઠાકર
સમાધાનકાર
મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનિયમ
૧૯૪૬ અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનીયમ
અમદાવાદ.

INDEX

પરિશીષ્ટ

પેઈડ રજાઓનું લીસ્ટ.

૧. ૨૬મી જાન્યુઆરી, પ્રજાસત્તાક દિન

૨. રમજાન ઈદ

૩. ૧૫મી ઓગષ્ટ. સ્વાતંત્ર દિન

૪. જન્માષ્ટમી

૫ ગાંધી જયંતિ ૨જી ઓકટોમ્બર

૬. બેસતુ વર્ષ

ઉપર મુજબની છ રજાઓ કામદારોને નીચેની શરતોએ ભરી આપવામાં આવશે.

૧. જે બદલી અને ટેમ્પરરી કામદારો રજાના આગળના અને પાછળના દીવસે હાજર હશે તેઓને આ રજાઓનો પગાર વધારો મળશે.

૨. જે કાયમી કામદાર આવી રજાના આગળના દીવસે મંજુર કરેલી રજા ઉપર હશે અને રજાના પાછળના દીવશે કામપર હાજર હશે તેઓને આવી રજાનો પગાર વધારો મળશે. પરંતુ મંજૂર કરાવેલી રજાનો સમય છ દીવસથી વધુ હોવો જોઈએ નહીં.

૩. જે કામદાર આવી રજાના આગળના દિવસે હાજર હશે અને પાછળના દિવસે મંજુર કરાવેલી રજા ઉપર હશે તેને પણ આવી રજાનો પગાર વધારો મળશે. પરંતુ મંજુર કરાવેલી રજાનો સમય છ દિવસથી વધુ હોવો જોઈએ નહીં.

૪. જે કામદાર આ રજાની આગળ અને પાછળના દીવસે મંજુર કરાવેલી રજા ઉપર હશે અગર રજા લીધા વગર ગેરહાજર હશે તો તેઓને આ રજાનો પગાર વધારો મળશે નહીં.

INDEX

૫. જે કામદાર ફેક્ટરી કાયદા હેઠળ રજા ઉપર હશે અને તેમની બદલીમાં કામદાર રાખવામાં આવ્યા નહી હોય અને મીલે જો ઓછા કામદારોથી કામ લીધું હશે ત્યાં હક્ક રજા ઉપર જનાર કામદારોને હક્ક રજાના સમય દરમ્યાન આવી વધારાની રજા આવતી હશે તો તેમને પગાર વધારો મળશે.

૬. જે કામદારોને આવી રજાના આગળના કે પાછળના દિવશે લે–ઓફ કર્યા હશે તેઓને આવી રજાનો પગાર લે–ઓફના દરથી આપવામાં આવશે પરંતુ જે કામદારને રજાના આગળના દિવસે લે–ઓફ કર્યા હશે અને પાછળના દિવસે કામદાર કામપર હશે તેમને પણ લે–ઓફના દરથી રજાનો પગાર મળશે. પણ જે કામદાર આવી રજાના આગળના દિવસે કામપર હશે અને પાછળના દિવસે લે–ઓફ થયા હશે તેમને આ રજાનો પુરો પગાર આપવામાં આવશે.

૭. નીચે જણાવેલ દિવસોએ મીલ કું. રજા પાળશે, પરંતુ આ રજાનો પગાર કામદારોને ભરી આપવામાં આવશે નહીં.

૧. મકરસંક્રાંતી

૨. રામ નવમી

૩. ધુળેટી

૪. બળેવ

૫. નોમ–પારણાં

૬. દશેરા

૭. દિવાળી

૮. મજુર દિન

૯. જન્માષ્ટમી

૧૦. બેસતું વર્ષ

૧૧. ભાઈ–બીજ

૮. ઉપર કલમ નં. [૧] થી [૬]માં પગાર સાથેની રજાઓમાં ભવિષ્યમાં "આતમા" સાથે જે સુધારા વધારા થશે તેનો અમલ સમાધાનમાં જણાવેલ તારીખથી આ સમાધાનમાં સુધારો થયેલ ગણવામાં આવશે.

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના ક્રમાંક : ૬/ખ/શમક/ આર યુ સને ૧૯૪૬ ના મુંબઈ સંબંધક અધિનિયમની કલમ ૫૮(૧) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને અમદાવાદ ન્યુ કોટન મિલ્સ કું લી. અમદાવાદ સમાધાન અધિકારી શ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૧૯૯૧મા ફેબ્રુઆરી માસના ૧૫મા દિને આથી નોંધ કરૂં છું.

સમાધાનકાર બી. બી. ઠાકર સમક્ષ

મુંબઈ ઔધોગીક સંબંધક અધિનિયમ ૧૯૪૬

કેસ નંબર–બીઆરસી ૬/૯૧

પક્ષકારોનાં નામ

૧ જી. આઈ. પટેલ, ફેકટરી મેનેજર — માલીકના પ્રતીનીધી
ધી અમદાવાદ ન્યુ કોટન મીલ કું. લી.
અમરાઈવાડી રોડ, અમદાવાદ

૨ યુસુફખાન પઠાણ, મંત્રી વતી, — કામદારોના પ્રતીનીધિ
ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
ભદ્ર, અમદાવાદ

કેસની ટુંકી વિગત

તા. ૧૫–૧૨–૯૦ના રોજ ઉપરોકત સંસ્થાના વ્યવસ્થાપકોએ નમુના ''૬'' માં સુતરાઉ કાપડ ઉદ્યોગ માટે અમદાવાદ શહેરના સ્થાનીક વિસ્તારમાં પ્રતીનીધીત્વ અને માન્યતા ધરાવતા ઉપરોકત મંડળને મીલ કું. સાદા શાળ ખાતામાં ચાલતા કુલ ૫૨૪ સાંચા પૈકી ૨૦ સાંચા બંધ કરી કુલ ૪૧ [એકતાલીસ] કામદારોનો

ઘટડો કરવા માંગે છે.' તે અંગેની માંગણી રજુ કરતી ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહીં થઇ શકવાથી સદરહુ સંસ્થાએ તા. ૨૪–૧૨–૯૦ના રોજ સમાધાનકારને નમુના 'એન'માં અહેવાલ મોકલી આપ્યો હતો. જે તા. ૨–૧–૯૧ના રોજ સમાધાનકારને મળ્યો હતો અને તા. ૯–૧–૯૧ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી તા. ૧૧–૧–૯૧ના રોજ રાખવામાં આવી હતી. અને તે તારીખે બંને પક્ષો વચ્ચે મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનીયમ ૧૯૪૬ની કલમ ૫૮[૧] મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

સમાધાનની શરતો

૧. હાલમાં મીલ કંપનીના સાદા શાળ ખાતામાં કુલ ૫૨૪ સાંચા ચાલે છે અને તેના ઉપર નીચે જણાવ્યા મુજબની કામદારોની સંખ્યા રહે છે.

હોદ્દો	પહેલી પાળી	બીજી પાળી	ત્રીજી પાળી	કુલ
વીવર [બે સાંચા]	૪૨	૪૨	૪૬	૧૩૦
વીવર [ચાર સાંચા]	૧૧૦	૧૧૦	૧૦૮	૩૨૮
રીલીવર	૨૨	૨૨	૧૮	૬૨
મુકાદમ	૧૦	૧૦	૧૦	૩૦
	૧૮૪	૧૪૪	૧૮૨	૫૫૦

શાળ ખાતામાં કુલ ૧૦ ખાતા છે. જેમાં ૧ થી ૯ ખાતાના જોબરોને ૫૬–૫૬ સાંચાનું ખાતુ છે. જ્યારે ખાતા નં. ૧૦ના જોબર ફક્ત ૨૦ સાંચાનું ખાતુ ચલાવે છે

૨. ઉપર કલમ નં. [૧] માં દર્શાવ્યા મુજબ કુલ–૫૨૪ સાંચામાંથી ૨૦ સાંચા મીલ કંપની કાઢી નાખી બાકી રહેતા ૫૦૪ સાંચા મીલ કંપની નવ ખાતામાં ગોઠવી ચલાવી શકશે. આ નવ ખાતામાં પ્રત્યેક ખાતામાં ૫૬–૫૬ સાંચા રાખી ચલાવશે. જેથી કામદારોની ગોઠવણી નીચે મુજબની રહેશે.

INDEX

હોદ્દો	પહેલી પાળી	બીજી પાળી	ત્રીજી પાળી	કુલ
વીવર [બે સાંચા]	૩૨	૩૨	૩૨	૯૬
વીવીર [ચાર સાંચા]	૧૧૦	૧૧૦	૧૧૦	૩૩૦
રીલીવર	૨૨	૨૨	૧૮	૬૨
મુકરદમ	૦૯	૦૯	૦૯	૨૭
કુલ	૧૭૩	૧૭૩	૧૬૯	૫૧૫

૩. ઉપર કલમ નં. [૨]માં દર્શાવ્યા મુજબ પહેલી તથા બીજી પાળીમાંથી ૧૦-૧૦ અને ત્રીજી પાળીમાંથી ૧૨ એમ બે સાંચાના કુલ-૩૨ કામદારો તથા પ્રત્યેક પાળીમાંથી ૧-૧-૧ જોબર એમ કુલ-૩ જોબર તથા ખાતા નં.-૧૦ ઓછું થવાથી લુમ કલીનર કમ-ઓઈલરની કામગીરીમાં ઘટાડો થયો હોઈ પહેલી અને બીજી પાળીમાંથી ૩-૩ એમ કુલ-૬ લુમ કલીનરની જગાઓ મળીને કુલ-૪૧ કાયમી કામદારોનો મીલ કંપની ઘટાડો કરી શકશે અને બાકી રહેતા દરેક લુમ કલીનર કમ ઓઈલરને શ્રમયોજના રોજના રૂા. ૦-૨૫ પૈસા બેઝીક પગારમાં મીલ કંપની આપશે.

૪. ઉપર કલમ નં. [૩]માં દર્શાવ્યા મુજબ મીલ કંપની કુલ ૪૧ જગાઓ કમી કરી શકશે. અને આ ૪૧ કામદારોના મજુર મહાજન સંઘ મારફતે આવેલા રાજીનામાનો મીલ કંપની સ્વીકાર કરી તેઓને છુટા કરશે.

૫. ઉપર કલમ નં [૩]માં દર્શાવ્યા મુજબ કુલ-૪૧ કમી થતી જગાના કામદારોને તેઓના કાયદેસરના લેણાં નીકળતાં હકકો ઉપરાંત આઈ. ડી. એકટ મુજબનું વળતર ઘરભાડા સાથે ચુકવી આપવામાં આવશે. ૧૯૯૦-૯૧ની સાલનું બોનસ મીલનાં બીજા કામદારોને જ્યારે ચુકવવામાં આવશે ત્યારે તેઓને ચુકવવામાં આવશે અને વણભોગવેલ હકક રજા, કેજ્યુઅલ રજાનો પગાર ચુકવવમાં આવશે

૬. આ કરાર હેઠળ સ્વૈચ્છિક છુટા થતાં કામદારોને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૬ની કલમ નં. ૨ની પેટા કલમ (ઓ. ઓ.) પ્રમાણેની છટણી વળતરની વ્યાખ્યામાં આવરી લેવાયેલ ન હોવા છતાં તેમને પરસ્પર લાગતા વળગતા પક્ષકારોની સમજુતીથી છટણી કરાયેલ ગણવામાં આવશે.

INDEX

૭. મીલ કંપની સાદા શાળ ખાતામાં બે સાંચા ચાલે છે ત્યાં કંપનીની જરૂરીયાત મુજબ સાંચાનો ફેરફાર કરી શકશે. આ રીતે સાચાની ગોઠવણી કરતાં કોઈ કામદાર સાંચાની સાઈઝફેરનું વળતર મેળવવા હક્કદાર હશે તો તેઓને એવોર્ડ મુજબનું વળતર મીલ કંપની ચુકવી આપશે.

૮. આ સમાધાનની તારીખથી ૩૦ દીવસમાં જે કામદાર કાયમી પાસ મેળવવા હક્કદાર થતાં હશે તેઓને કાયમી પાસ આપી દેવામાં આવશે.

૯. આ સમાધાનથી ઉભા થતાં પ્રશ્નોનો નિકાલ પક્ષકારો સાથે બેસી કરશે.

૧૦, બન્ને પક્ષકારોની સંમતિથી આ સમાધાન માટે મુદત લંબાવવામાં આવી છે.

૧૧. આ સમાધાનનો અમલ તા. ૧૧–૧–૧૯૯૧ના રોજથી થયેલો ગણવામાં આવશે.

સહી અવાચ્ય
મંત્રી વતી,
ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ

અમદાવાદ, તા. ૧૧–૧–૯૧

સહી અવાચ્ય
ફેક્ટરી મેનેજર
ધી અમદાવાદ ન્યુ કોટન મીલ્સ કું. લી.
અમદાવાદ

બી. બી. ઠાકર
સમાધાનકાર
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬
અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનીયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૫–૨–૯૧

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ખ/શ્રમક ૨૭૪૦૪ આ.કુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનીયમની કલમ ૭૦(૨) સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૬૫થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું ઊના તાલુકા ખેડુત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી અને સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની જાન્યુઆરી માસના ૧૧મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત રાજકોટ સમક્ષ

એમ. એચ. દોશી ૧૯૫ રૂબરૂ

૫ ચુરણ અરજી આઈ.સી.આર. ૧–૮૭

સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ. પ્્રથમ પક્ષકાર
મજૂર રહી, જાંકનગર સોસાયટી,
રાજકોટ

વિરૂદ્ધ

ઊના તાલુકા ખેડુત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી
ઊના

હુકમ

૧ આ પરચુરણ અરજી સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ, રાજકોટ અને ઊના તાલુકા ખેડુત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. ઊનાએ સંયુક્ત રીતે કરી છે.

૨. આ પરચુરણ અરજી દાખલ કરી બંને પક્ષકારોએ વીનંતી કરી છે કે આ કામમાં તા. ૨૬–૯–૮૯ ના રોજ આપવામાં આવેલ એવોર્ડમાં બંને પક્ષકારો જરૂરી સુધારો કરાવવા માંગતા હોઈ, તેમા આ સાથે એવોર્ડ મે ફેરફાર કરવા

INDEX

વીનંતી કરે છે. આઇટ-૭ માં જે સુધારો આ સાથે આપવામાં આવેલ એવોર્ડમાં કરવાનો છે તેની વીગત બંને પક્ષકારોએ આપી છે. બંને પક્ષકારો આ સુધારો કબુલ મંજૂર રાખે છે અને તે ન્યાયી અને વાજબી હોઈ મંજૂર કરવામાં આવે છે. આ આઇટ-૭ મુજબ એવોર્ડમાં સુધારો કરવા સામે હું કાંઈ વાંધો જોતો નથી અને તેથી આ કામમાં નીચે મુજબ કોર્ટનો હુકમ કરવામાં આવે છે--

હુકમ

આઇટ-૭ ની પુરસીસ અન્વયે આ કામમાં તા. ૨૬-૯-૮૯ના રોજ થયેલ એવોર્ડમાં આઇટ-૬ ના સમાધાનની શરતોમાં પરચુરણ રજાની બાબતે મોડીફાય કરવાનો હુકમ કરવામાં આવે છે.

આઇટ-૭ માં જણાવેલ શરતો પ્રમાણે બંને પક્ષકારોએ વર્તવાનું રહેશે.

આઇટ-૭ નો આ એવોર્ડ હુકમનો અંતર્ગત ભાગ ગણવો.

ખર્ચ અંગે હુકમ નથી.

સહી- અવાચ્ય
સભ્ય
ઔદ્યોગિક અદાલતના રાજકોટ

રાજકોટ તા. ૧૨-૧-૯૨

સહી અવાચ્ય
કલાર્ક ઓફ ધી કોર્ટ
ઔદ્યોગિક અદાલત રાજકોટ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

નામદાર ઔદ્યોગીક અદાલત
ગુજરાત રાજ્ય રાજકોટ સમક્ષ

પરચુરણ અરજી નં. આઈટી-૪૧-૮૫ના એવોર્ડમાં સુધારાની અરજી

સૌરાષ્ટ્ર મજુર મહાજન સંઘ — પ્રથમ પક્ષકાર

અને

ઉના તાલુકા ખેડુત સહકારી
ખાંડ ઉદ્યોગ મંડળી લી. ઉના — બીજા પક્ષકાર

આ કામમાં બંને પક્ષકારોનું સવિનય નીવેદન–

તા. ૨૬-૯-૮૬ના રોજ થયેલ એવોર્ડમાં ભાગ-૬ ના સમાધાનની શરતોમાં 'પરચુરણ રજા'ની બાબતે બને પક્ષકારોએ ફેર વિચારણા કરી નોંધ મુજબ સમાધાનનો અમલ કરવાનું સ્વીકારે છે. તો તે મુજબ એવોર્ડમાં સુધારો કરી સમાધાન મુજબ એવોર્ડ ચુકાદો આપવા વિનંતી છે.

સમાધાન

પરચુરણ રજા.

"પરચુરણ રજાનું તા. ૧-૧-૯૦ થી અમલમાં આવે તે રીતે એનકેશમેન્ટ બંધ કરવામાં આવશે. તા. ૧-૧-૯૦ થી પરચુરણ રજા દરેક કામદાર/કર્મચારીએ ભોગવી લેવાની રહેશે. અને નહી ભોગવેલ પરચુરણ રજા દર વર્ષે પહેલી જાન્યુઆરીએ [illegible] રદ થશે એ [illegible] પડતી મુકવાનું નક્કી કરવામાં આવે છે અને તેને બદલે હવે તા. ૧-૧-૯૦થી અમલમાં આવે તે રીતે પરચુરણ રજા દર વરસે જાન્યુ.થી જૂન સુધીના છ મહીનાના બ્લોકમાં ચાર અને જુલાઈથી ડીસેમ્બર સુધીના છ મહીનાના બ્લોકમાં ચાર ભોગવી શકાશે. જે તે બ્લોકમાં નહી ભોગવેલી પરચુરણ રજાઓનું જે તે બ્લોકના અંત પછીના મહીનામાં રોકડમાં રૂપાંતર કરી થતી રકમ ચુકવી આપવાનું નક્કી કરવામાં આવે છે.

હક્ક રજા તથા માંદગી રજાઓ બાબતે ભાગ ૬ ની શરતોમાં દર્શાવેલ જોગવાઈઓનો અમલ યથાવત ચાલુ રહેશે.

સૌરાષ્ટ્ર મજુર મહાજન સંઘ
વતી

ધી ઉના તાલુકા ખેડુત સહકારી
ખાંડ ઉદ્યોગ મંડળી વતી
સહી/ અવાચ્ય
મેનેજીંગ ડાયરેક્ટર

તા. ૨/૧/૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ૬/ખ/ઇઅક/૨૭૪૦૫ આરયુ. સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ–૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું ગુજરાત બેંક વર્કર્સ યુનિયન નડીયાદ અને નડીયાદ મર્કન્ટાઈલ કો. ઓ. બેંક લી. નડીયાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ના ફેબ્રુઆરી માસના ૫મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય અમદાવાદ

શ્રી આર. સી. ભટ્ટ, સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૪૯/૯૦

ગુજરાત બેન્ક વર્કર્સ યુનિયન, નડીયાદ — પ્રથમ પક્ષકાર

અને

નડીયાદ મર્કન્ટાઈલ કો. ઓ. બેન્ક લી. નડીયાદ — બીજા પક્ષકાર

યુનિયનની માંગણી બેન્કમાં કામ કરતાં તમામ કર્મચારીઓને પગાર ધોરણ મોંઘવારી ભથ્થા તથા અન્ય ભથ્થાએ આપવા બાબત.

ઉદ્યોગ – બેન્કીંગ

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર બેંકમાં કામ કરતાં તમામ કર્મચારીઓને પગાર વધારો, મોંઘવારી ભથ્થું તથા અન્ય ભથ્થાઓ આપવા બાબતમાં યુનિયને બેન્કને નોટીસ ઓફ ચેઈન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. આ રેફરન્સે પક્ષકારોએ આંક ૬નું સમાધાન પુરસીસ રજુ કરેલ છે જેમાંની શરતો જોતાં તે યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય છે અને તે મુજબ હુકમ કરવાથી ઔદ્યોગિક શાંતી જળવાઈ રહે તેમ લાગે છે. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. પક્ષકારોએ આંક ૬ના સમાધાન પુરસીસની શરતો મુજબ વર્તવું. આંક ૬ના સમાધાન પુરસીસની એક નકલ આ હુકમ સાથે રાખવી આ સમાધાનને આ એવોર્ડનો એક ભાગ તરીકે ગણવામાં આવશે ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આર. સી. ભટ્ટ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
અમદાવાદ

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૪-૨-૯૧

એનેક્ષર એ

રેફરન્સ (આઈ.સી.) ૪૯-૯૦.

નડીયાદ મર્કન્ટાઈલ કો. ઓ. બેંક લી. નડીઆદ અને

ગુજરાત બેંક વર્કસ યુનીયન વચ્ચે થયેલ સમાધાનની શરતો

સમાધાનની શરતો

નડીયાદ મર્કન્ટાઈલ કો. ઓપ. બેંક લી., નડીઆદ (આ દરખાસ્તમાં હવે પછી જેનો ઉલ્લેખ 'બેંક' તરીકે કરવામાં આવશે.) અને ગુજરાત બેંક વર્કસ યુનીયન (આ દરખાસ્તમાં હવે પછી જેનો ઉલ્લેખ 'યુનીયન' તરીકે કરવામાં

આવશે) એમ બંને પક્ષો વચ્ચે થયેલી સમજુતી પ્રમાણે નીચે મુજબ સમાધાન કરવામાં આવે છે.

૧. (અ) બેંકના કર્મચારીઓના પગાર ધોરણો નીચે પ્રમાણે રહેશે

કક્ષા નં. ૧. (અ) મેનેજર, જનરલ મેનેજર) બોર્ડ નક્કી કરે,

(બ) આસિ. મેનેજર. એક ઓફીસર) તે મુજબ.

,, ૨. સીનીયર ઓફીસર

૪૨૫-૨૫-૫૫૦-૩૦-૭૦૦-૪૦-૯૦૦-૫૦-૧૧૫૦

,, ૩. જૂનીયર ઓફીસર.

૨૭૫-૨૦-૩૭૫-૨૫-૫૦૦-૩૦-૬૫૦-૩૫-૮૨૫

,, ૪. નોન સબોર્ડિનેટ સ્ટાફ.

૨૧૦-૧૦-૨૬૦-૧૫-૩૩૫-૨૦-૪૩૫-૨૫-૫૬૦-૩૦-૭૧૦

કક્ષા ૫. સબોર્ડિનેટ સ્ટાફ.

૧૧૦-૮-૧૫૦-૧૦-૨૨૦-૧૨-૨૬૦-૧૫-૩૩૫

બ. ઉપર જણાવેલ કક્ષાઓમાં નીચે પ્રમાણેના હોદ્દાઓનો સમાવેશ થશે.

કક્ષા નં. ૧. (અ) જનરલ મેનેજર, મેનેજર)

(બ) આસી મેનેજર. એક. ઓફીસર)

,, ૨. એકાઉન્ટન્ટ, લોન સુપ્રિન્ટેન્ડન્ટ, બ્રાન્ચ મેનેજર

,, ૩. આસી. એકાઉન્ટન્ટ, ચેકીંગ ઓફીસર એજન્ટ નવી શાખાના

,, ૪. કલાર્ક કેશીયર, ગોડાઉન કીપર. ટાઈપીસ્ટ, કસ્ટોડીયન, કલી. કલાર્ક, કોમ્પ્યુટર ઓપરેટર

INDEX

કક્ષા ૫. પટાવાળા, વોચમેન, ડ્રાયવર કેમ પટાવાળા.

૨. નવીન સાળખામાં ગોઠવણી.

(અ) નવીન સાળખામાં ગોઠવણીમાં સ્ટેજ ટુ સ્ટેજ કરવામાં આવશે અને બે-કે આપેલા બક્ષીસના ઈજાફા અલગ ગણવામાં આવશે.

(બ) વાર્ષિક ઇન્ક્રીમેન્ટ–દરેક કર્મચારીને વાર્ષિક ઈન્ક્રીમેન્ટ જુલાઈ માસથી આપવામાં આવશે.

(ક) શૈક્ષણીક લાયકાત માટે સ્ટેજ ટુ સ્ટેજ ફીટમેન્ટ ઉપરાંત નીચે જણાવ્યા પ્રમાણે પુરસ્કાર આપવામાં આવશે.

૧ એસ. ટી. સી. અથવા સી. એ. આઈ. આઈ. બી. પાર્ટ–૧ પાસ ૧ પુરસ્કાર.

૨ સ્નાતક–અનુસ્નાતક સી. એ. આઈ. આઈ. બી, પાર્ટ–૨ પાસ ૨ પુરસ્કાર.

૩ જી. ડી. સી. એન્ડ એ. એચ. ડી. સી. પૈકી ગમે તે એક અથવા વધુ લાયકાત માટે ૨ પુરસ્કાર

૪ તમામ મળી શૈક્ષણીક લાયકાત માટે વધુમાં વધુ બે પુરસ્કાર આપવામાં આવશે.

૩ ભથ્થા–

નીચેના હોદાઓનું કામ કરનાર કર્મચારીઓને જે તે હોદાની કામગીરી માટે તેની સામે જણાવ્યા મુજબ માસિક ભથ્થા આપવામાં આવશે.

(૧) કેશીયર	રૂા. ૧૦૦
(૨) ગોડાઉન કીપર અથવા ગોડાઉન કલાર્ક	રૂા. ૬૫
(૩) ટાઈપીસ્ટ	રૂા. ૫૫
(૪) કસ્ટોડીયન	રૂા. ૫૫

INDEX

(૫)	દફતરી રેકર્ડ કીપર	રૂ ૪૦
(૬)	કેશ પ્યુન	રૂ ૪૦
(૭)	ડ્રાઈવર ક્લીનીંગ	રૂ. ૧૦૦

જે ભથ્થું મેળવતો કર્મચારી રજા ઉપર હોય તેની જગ્યાએ કામ કરનારને કામના દીવસોના પ્રમાણમાં ભથ્થું આપવામાં આવશે.

કોઈ પણ એક કરતાં વધુ માસિક ખાસ ભથ્થા મેળવવા પાત્ર થતો હોય તો જે ભથ્થું વધારે હોય તે એક જ ભથ્થું મેળવી શકશે. ભથ્થું મેળવતો કર્મચારી સળંગ ૩૦ દીવસથી વધુ સમય માટે રજા ઉપર હોય તો તે રજાઓનું ભથ્થું મેળવી શકશે નહીં. પરંતુ ભથ્થાવાળી જગ્યાએ કામચલાઉ કામગીરી કરનાર રજા પર જશે તો તે રજાના સમયનું ભથ્થું મેળવી શકસે નહીં.

૪. મોંઘવારી ભથ્થું–

(અ) દરેક કર્મચારીને નીચેના ધોરણે મોંઘ. ભથ્થુ આપવામાં આવશે. જે અખીલ ભારતીય મજુરી આંકક આવાંક ૧૯૬૦ (૧૯૬૦-૧૦૦) આંક સાથે જોડવામ આવે છે.

(બ) કક્ષા નં. ૨ થી ૪ સુધીના કર્મચારીઓ માટે સરેરાસ દર ત્રણ માસે ૧૯૬૦–૧૦૦ ના આવાંક ઉપરાંત પ્રત્યેક ચાર આંક દીઠ ૩ ટકા પ્રમાણે અને કક્ષા નં. ૫ ના કર્મચારીઓ માટે ચાર ટકા પ્રમાણે મુળ પગાર ઉપર મોંઘવારી આપવાની રહેશે. આ માટે ભારત સરકાર તરફથી પ્રસિદ્ધ થતા 'ઈન્ડીયન લેબર જનરલ' અથવા ગેઝેટ ઓફ ઈન્ડીયામાં આવાંક પ્રગટ થાય છે, અને આ બેન્ક માટેની ગુરુતમ મર્યાદા બેઝીક પગાર કક્ષા નં. ૧ માટે બોર્ડ નક્કી કરે તે પ્રમાણે કક્ષા ૨–૩ માટે રૂ. ૭૦૦ અને કક્ષા નં. ૪ માટે રૂ. ૬૫૦ અને કક્ષા નં. ૫ માટે રૂ. ૩૬૫ સુધીની નક્કી કરવામાં આવે છે તેને ગણતરીમાં લેવામાં આવશે.

૫. ઓફીસીએટીંગ ભથ્થું–

કોઈ પણ કર્મચારી ઉપલી કક્ષાના કર્મચારીની કામગીરી કરવાના પ્રસંગે

જે કર્મચારીની જગાએ કામગીરી ૭ દીવસ કે તેથી વધુ કરી હોય તેના મુળ પગારના અથવા પોતાના મૂળ પગાર એમાંથી જે વધુ હોય તેના ૧૦ ટકા લેખે ઓફીસીએટીંગ ભથ્થું મોંઘવારી સહ આપવામાં આવશે.

૬. ઘરભાડું –

કક્ષા નં. ૨–૩	માસિક	રૂા. ૧૫૦
કક્ષા નં. ૪	,,	રૂા. ૧૦૦
કક્ષા નં. ૫	,,	રૂા. ૭૫

૭. નિભાવણી ભથ્થુ.

જો કોઈ પણ કર્મચારીને બેન્ક તરફથી સસ્પેન્ડ કરવામાં આવે તેવા પ્રસંગે નીચેના ધોરણે હંગામી ભથ્થુ આપવાનુ રહેશે

(અ) પહેલા પંદર દીવસ માટે મુળ પગારના ૫૦ ટકા રકમ તથા મોંઘવારી ૫૦ ટકા આપવામાં આવશે. પરંતુ સસ્પેન્ડ કરેલ કર્મચારી સામેની તપાસ ૩૦ દીવસમાં પુરી ન થાય તો પછીના સમય માટે ૭૫ ટકા મુળ પગાર, મોંઘવારી તથા ઘરભાડું ૧૦૦ ટકા આપવાનું રહેશે.

૮ ડેઈલી હોલ્ટીંગ એલાઉન્સ

બેંકની કામગીરી માટે બહારગામ જવાના પ્રસંગે ૧૫ કિ. મી. થી વધુ અંતર માટે કાયદેસરના ભાડા ઉપરાંત નીચે મુજબ દૈનીક ભથ્થું આપવામાં આવશે. પરંતુ બેંકની કોઈ પણ શાખામાં જવાના પ્રસંગે આ મુજબ ભથ્થું આપવામાં આવશે નહીં.

કક્ષા નં. (૧) માટે મેનેજમેન્ટ નક્કી કરે તે

કક્ષા નં. (૨) માટે દૈનિક રૂા. ૫૦

કક્ષા નં. (૩) માટે દૈનિક રૂા. ૪૦

કક્ષા નં. (૪) માટે દૈનિક રૂ. ૩૦

INDEX

કક્ષા (૫) માટે દૈનિક રૂા. ૨૦

૯. બિમારી જથ્થું.

દરેક કર્મચારીને વાર્ષીક રૂા. ૪૦૦નું મેડીકલ એલાઉન્સ દર વરસે જુન માસના પગાર સાથે આપવાનું રહેશે

૧૦. સાયકલ એલાઉન્સ.

કક્ષા નં. ૫ના કર્મચારીઓને બેંકના કામકાજ અંગે પોતાની સાયકલ વાપરતા હશે તેને માસીક રૂ. ૧૫ લેખે સાયકલ એલાઉન્સ આપવામાં આવશે.

૧૧. ડ્રેસ તથા ડ્રેસ સીલાઈ.

નોનસબોર્ડિનેટ સ્ટાફને દર વરસે બે ટેરીકોટન ડ્રેસ આપવામાં આવશે તેમને માસીક રૂા. ૧૫ લેખે સીલાઈ ખર્ચ આપવામાં આવશે.

૧૨. ઓવર ટાઈમ અને કામના કલાકો

(અ) કક્ષા નં. ૨ થી ૪ના કર્મચારીઓને સોમથી શુક્રવાર સુધી ૬।। કલાક અને શનીવાર માટે ૪।। કલાકની તથા કક્ષા નં. ૫ના કર્મચારીઓને સવારે એક કલાક વધુ કામગીરી કરવાની રહેશે. (રીસેસ સિવાય)

(બ) દરેક કર્મચારીને આખા વરસ પેટે ઓવરટાઈમમાં કરવામાં આવેલી કામગીરી તથા બંને કલોઝીંગની કામગીરી પેટે તેના એક મુળ પગાર (બેઝીક) વત્તા મોંઘવારી જેટલી રકમ ઓવરટાઈમ કામ પેટે જુન માસમાં આપવામાં આવશે.

(૧૩) લીવ ફેર

બેંકમાં દરેક કાયમી કર્મચારીને તેના કાયમી થવા તારીખથી પાંચ વરસ પછી લીવ ફેર આપવામાં આવશે. દરેક કર્મચારીને વાર્ષીક રૂા. ૫૦૦ લેખે વર્ષના અંતે જુનમાં જ ચુકવવામાં આવશે.

૧૪. તાલીમ.

કોઈપણ પ્રકારની બેંકીંગની કે સહકારી તાલીમ માટે બેંક સોથી સીનીયર માણસને પસંદગી આપશે. તાલીમમાંથી કર્મચારીને તાલીમના સમય દરમ્યાન પુરો પગાર મોંઘવારી તેમજ ઘર ભાડું મળશે, તાલીમમાંથી કર્મચારીને તાલીમના અનુસંધાનમાં પ્રેક્ટીકલ તાલીમ માટે બહાર જવું પડે તે બદલ તેને દૈનિક ભથ્થુ અપાશે જો કોઈ કર્મચારી બઢતી સ્વીકારવાની ના પાડે અથવા વજુદવાળા કારણો સીવાય તાલીમમાં જવાની ના પાડે તેને તાલીમ માટે પસંદ કરવામાં આવશે નહીં

૧૫. રજાઓ અને તે અંગેના નિયમો.

૧. હક્ક રજા.

દરેક કર્મચારીને તેના નોકરીના દર એક વરસે ૩૦ દીવસ લેખે હક્ક રજા મળશે એવી ૯૦ દીવસથી વધુ રજા એકત્ર કરી શકશે નહીં. હક્ક રજા ૯૦ દીવસ સુધી એકત્ર થઈ હોય ત્યારે કર્મચારી તેમાંથી વધારાની રજાઓ જેટલો હીસ્સો રોકડમાં ફેરવી શકશે. હક્ક રજા માંગનાર કર્મચારીને રજા શરૂ થવાની હોય તે પંદર દીવસ પહેલા લેખિત માંગણી કરવાની રહેશે. તકીદની જરુરીયાત વખતે આ મુદતનો બાધ રહેશે નહી. રજા લેખિત મંજુર કરાવેલ ના હોય તે મંજુર ગણી શકાશે નહી, બેંક જો કોઈપણ સંજોગોમાં રજા નામંજૂર કરે તો ના મંજુરીના કારણો કાયમી કર્મચારીને લેખિત આપવાનું રહેશે અને ના મંજુર કરેલ રજાઓ ૯૦ દીવસની મર્યાદા ઉપરાંત એકત્ર કરી શકાશે જે કર્મચારી રીટાયર્ડ થાય ત્યારે તે ભોગવી શકશે અથવા રોકડમાં ફેરવી શકશે

૨. માંદગીની રજા.

દરેક કર્મચારીને દર વરસે ૧૫ દીવસની માંદગીની રજા પુરા પગારે મળશે. જે ૧૮૦ દીવસ સુધી એકત્ર કરી શકાશે. જો કોઈ કર્મચારી પાસે એકત્રીત રજા ન હોય તેને અસાધારણ સંજોગોમાં રજા અગાઉથી

હોય તો ૬ માસ સુધીના અડધા પગારે બોર્ડને યોગ્ય લાગે તો આવી રજા આપવાની રહેશે. એટલે રજાઓ રીટાયર્ડ થતી વખતે ભોગવી શકશે અથવા રોકડમાં ફેરવી શકશે

મેટરનીટી લીવ સરકારના નિયમ મુજબ આપવાની રહેશે.

૩. આકસ્મીક રજા.

દરેક કર્મચારીને વરસની ૧૫ દીવસ પુરા પગારે આકસ્મીક રજા મળી શકશે. વરસના અંતે નહીં વપરાયેલી આકસ્મીક રજાઓનું માંદગીની રજામાં રૂપાન્તર કરવામાં આવશે. જે માંદગીની ૧૮૦ દીવસની મર્યાદા ઉપરાંતની ગણાશે. આકસ્મીક રજાઓ એક સાથે ચાર દીવસથી વધુ મળી શકશે નહી. અનીવાર્ય સંજોગો સિવાય એક દીવસ અગાઉ રીપોર્ટ મુકવાનો રહેશે રજા મંજુર કરાવ્યા પછી જ રજા ઉપર જવાનું રહેશે.

(૪) બીન પગારી રજા–

કર્મચારી પાસે કોઈ પણ પ્રકારની રજા જમા ન હોય તો ખાસ સંજોગોમા બીન પગારી રજાની માંગણી કરી શકશે. આવી રજા નોકરી દરમીયાન એક વરસથી વધુ મળી શકશે નહીં. પરંતુ એક સાથે ત્રણ માસથી વધુ રજા ભોગવી શકશે નહીં. આવી રજા જે કર્મચારીને ૫ વર્ષથી વધુ નોકરી પુરી કરી હશે તેને યોગ્ય કારણોસર બોર્ડની મંજૂરીથી મળી શકશે.

(૫) દર વરસે જુન માસના અંતે દરેક પ્રકારની રજાઓ કર્મચારીના રજાના ખાતામાં જમા કરવામાં આવશે.

(૬) કર્મચારી નીવૃત્તિ વયે રીટાયર્ડ થાય. રાજીનામું આપે અથવા બોર્ડ છુટા કરે તેવા પ્રસંગે તેના ખાતે જમા રહેલી તમામ પ્રકારની રજાઓનો પગાર એન્કેશ કરી શકશે. અગર છુટા થતા પહેલાં રજા ભોગવી શકશે. કોઈ પણ પ્રકારની રજાઓ જોઈન્ટ રીતે લઈ શકશે નહી. અનિવાર્ય સંજોગો સીવાય આ માટે એક દીવસ અગાઉ જાણ કરવી.

૧૬. અગ્રતા ક્રમ (સીનીયોરીટી લીસ્ટ–

બોર્ડ તરફથી દરેક કક્ષા માટે કક્ષાવાર અગ્રતાક્રમ યાદી દર વર્ષે જુલાઈ માસમાં તૈયાર કરવામાં આવશે. અગ્રતાક્રમ દાખલ થયા તારીખથી ગણાશે. અગ્રતાક્રમ માટે નીચે જણાવ્યા પ્રમાણે ગુણાંક પદ્ધતીનો અમલ કરવાનો રહેશે.

(૧) પહેલા દસ વરસની નોકરી માટે દર એક વરસ માટે ૧ ગુણ.

(૨) દસ વરસ ઉપરાંતની નોકરી માટે દર એક વરસ માટે ૨ ગુણ.

(૩) એલ. જી. એસ. સી. એ. આઈ. આઈ. બી. ભાગ–૧ માટે ૧ ગુણ

(૪) સ્નાતક એસ. જી. સી., જી. ડી. સી. એ., સી.એ. આઈ. બી. ભાગ–૨ વિશ્વવિદ્યાલયનો સહકારી ડીપ્લોમા–૨ ગુણ.

(૫) ડબલ ગ્રેજ્યુએટ અનુસ્નાતક અગર સ્નાતક સાથે જી. ડી. સી એ. અથવા એસ. જી. સી. અથવા સી.એ.આઈ.આઈ.બી. ભાગ–૨, ૩ ગુણ.

નોંધ–બઢતી પામેલ કર્મચારી નવીન કક્ષામાં જ્યારથી બઢતી મેળવે ત્યારથી તે કક્ષામાં તેની અગ્રતા શરૂ થશે.

૧૭. બઢતી અંગે નીતિ–

(૧) કક્ષા નં. ૧ સીવાય ઉપલી કોઈ પણ કક્ષામાં જગા ખાલી પડે અથવા નવી જગ્યાં ઉભી કરવામાં આવે ત્યારે તેની કક્ષાથી તત્કાલીક ઉતરતી કક્ષામાંથી તે કર્મચારી અગ્રતાક્રમમાં ચાલુ હશે તેને બઢતી આપવામાં આવશે. પરંતુ એક સરખી દાખલ તારીખ ધરાવતી એક કરતાં વધુ વ્યક્તિઓ બઢતી મેળવવા પાત્ર હોય તેવા સંજોગોમાં લેખીત કસોટી દ્વારા કોને બઢતી આપવી તે બોર્ડ નક્કી કરશે. જે દીવસથી જગા ખાલી પડે તે દીવસથી બઢતી મેળવનાર વ્યક્તિ બઢતી થયેલ ગણાસે ને પગાર પણ તે દીવસથી ગણાસે.

(૨) બઢતી આપતી વખતે કર્મચારીની ઉપલી કક્ષામાં પગાર નક્કી કરવા માટે તેના મૂળ પગારને ઉપલી કક્ષામાં જે તબક્કે બંધ બેસતી હોય

INDEX

ત્યાં ગોઠવવી. જો રકમ બરાબર બંધ બેસતી ન હોય તો તે પછીના ઉંચા તબક્કામાં ગોઠવવી અને ત્યાર બાદ બઢતીના બે ઈજાફા તેમાં ઉમેરવામાં આવશે અને આ રીતે નક્કી થતો પગાર બઢતી બાદનો પગાર ગણાશે. પરંતુ જો કર્મચારીને બે ઈન્ક્રીમેંટ આપતા ઉપલી કક્ષાના ગ્રેડમાં ન આવે તો ઉપલી કક્ષાના ગ્રેડથી ગણવામાં આવસે.

(૩) બઢતીની તારીખથી ત્રણ માસ સુધી બઢતી પામેલ કર્મચારી બઢતીની જગ્યાએ અજમાયશી તરીકે રહેશે. આ સમય પુરો થાય તે પહેલા કર્મચારી પોતાની મુળ જગ્યાએ જવા લેખિત ઈચ્છા વ્યક્ત કરે તો તેને તેના મુળ સ્થાને મૂકી શકાસે. તેમજ આ સમય દરમ્યાન બઢતી પામેલ કર્મચારીનું કામ બેંકને સંતોષકારક ન લાગે તો બેંક પણ આવા કર્મચારીને સમય મર્યાદા પુરી થતાં મૂળ સ્થાને લાવી શકશે.

(૪ જો કોઈ કર્મચારી નક્કર કારણ સીવાય બઢતી સ્વીકારે નહીં તો તેવા કર્મચારી બઢતી માટેનો પોતાનો અધીકાર ભવિષ્ય માટે ગુમાવશે.

(૧૮) ટ્રાન્સફર અંગે --

બેંકના કોઈપણ કર્મચારીને બેંકની વ્યવસ્થાપક કમિટી જ્યારે યોગ્ય લાગે ત્યારે કોઈ પણ શાખામાં ટ્રાન્સફર કરી શકશે. જે માટે કોઈ પણ પ્રકારનું ભથ્થું આપવામાં આવશે નહીં.

(૧૯) પ્રોવીડંડ ફંડ--

પ્રો. ફંડ અંગે હાલની પ્રથા ચાલુ રહેસે તથા મોંઘવારી ઉપર ૧૦% પ્રમાણે રહેશે અને બેંક પણ એટલોજ ફાળો ઉમેરશે. પ્રો. ફંડ અંગેની હાલની પ્રથા મુજબ ચાલુ રહેશે.

(૨૦) ગ્રેજ્યુઈટી યોજના --

નીચે પ્રમાણે ગ્રેજ્યુઈટી યોજના દરેક કર્મચારીને લાગુ પડશે અને તે તેના લાભ માટે નીચેની યોગ્યતા ગણાશે.

૧ નોકરી દરમ્યાન મૃત્યુ અથવા શારીરિક કે માનસિક અકસ્માત માટે જો એક વરસની નોકરી થઈ હોય તો.

૨ પાંચથી પંદર વરસ સુધીની પુરી થયેલ નોકરી બાદ નિવૃત્તિને કારણે સ્વૈચ્છીક રાજીનામું આપવાના કારણે અથવા બરતરફીના સંજોગોમાં.

૩. એક વરસની નોકરી પ્રમાણે છેલ્લે ૧/૨ મળતો પગાર મુજબ ગ્રેજ્યુટી ચુકાવવની રહેસે.

૪. ૧૫ વરસની નોકરી પુરી કરનાર કર્મચારીને ગ્રેજ્યુઈટી દર વર્ષની પુરી નોકરીનો છેલ્લો એક માસનો મેળવેલ પુરો પગાર (પગાર–મોંઘવારી) વધુમાં વધુ ૨૦ પગાર જેટલી આપવાની રહેસે.

નોંધ : જો કોઈ કર્મચારીને હિસાબમાં ગોટાળા યા ઉચાપત માટે બરતરફ કરવામાં આવે તો તે કર્મચારીના આવા કૃત્યથી જે નુકશાન થયું હોય તે રકમ બાદ કરીને ગ્રેજ્યુઈટી ચુકવવામાં આવશે.

(૨૧) બોનસ–બોનસ એક્ટની જોગવાઈઓ મુજબ બોનસ ચુકવવામાં આવશે.

(૨૨) અજમાયશી તથા કાયમી –

અજમાયશી (પ્રોબેશન) પર લેવાયેલ કર્મચારીની [illegible] સુધીની અજમાયશી [illegible] આયુ પુરો થતા પહેલા તે દરમ્યાનમાં [illegible] કરવામાં આવેલ હોય તે કર્મચારી આપોઆપ નોકરીમાં કાયમ થયેલ ગણાશે.

(૨૩) નિવૃત્તિ વયમર્યાદા —

નિવૃત્તિ વય મર્યાદા ૬૦ વર્ષની રહેશે. ૬૦ વરસની વય થયે નોકરીમાં ચાલુ રહી શકશે નહિ. ૨૦ વરસની નોકરી કર્યા બાદ કર્મચારી સ્વૈચ્છીકે નિવૃત્ત થઈ શકશે.

(૨૪) આ સમાધાન અંગે કોઈપણ વિવાદ ઉભો થાય ત્યારે બેંક અને યુનીયન

INDEX

ચર્ચા કરી તેનો નીવેડો લાવસે. વાટાઘાટોથી નિવેડો ન આવે તો ઉભયપક્ષે થયેલ સમજુતી અનુસાર ઉકેલ લાવવાના પગલા લેવાશે.

(૨૫) આ સમાધાન દ્વારા કોઈપણ કર્મચારીને કોઈ પણ બાબતમાં અવળી અસર થતી હોય અથવા નુકશાન થતું હોય તેવા સંજોગોમાં અગાઉ મળતી વધુ સારી સવલત મેળવી ચાલુ રહેશે.

(૨૬) આ સમાધાન તા. ૧-૭-૧૯૮૯થી અમલમાં આવસે. અને તા. ૩૦-૬-૯૪ સુધી અમલમાં રહેસે.

(૨૭) સમાધાનના અમલ દરમિયાન બેંકને વધારાનો બોજો પડે તેવી માગણી યુનીયન તથા કર્મચારીઓ દ્વારા રજુ કરવામાં આવસે નહીં. આ સમાધાનમાં બેંક શબ્દ વપરાયેલ છે. ત્યાં બેંક એટલે બેંકનું સંચાલક મંડળ તેમ સમજવું.

(૨૮) તમામ કર્મચારીઓએ બેંકના સ્ટેન્ડીંગ ઓર્ડરનું ચુસ્તપણે પાલન કરવાનું રહેસે.

સ્થળ- નડીયાદ
તારીખ ૨૪-૪-૧૯૯૦

સહી/ અવાચ્ય
જોઈન્ટ સેક્રેટરી
ગુજરાત બેન્ક વર્કર્સ યુનીયન

સહી- અવાચ્ય
નડીયાદ મર્કન્ટાઈલ કો.-ઓપ. બેંક લી.
નડીયાદ

સાક્ષી- સહી અવાચ્ય

સહી- અવાચ્ય

•—•—•

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનીયમ અન્વયે

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના ક્રમાંક ૬/ખ-શમક-૨૭૪૦૬ આરયુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમની કલમ-૭૪-૨ સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ (ગુજરાત) નીયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ હું ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક સ્ટાફ યુનિયન અમદાવાદ અને સર્વોદય કો. ઓ. બેંક લી. અમદાવાદની વચ્ચે ઔધોગીક વીવાદમાં ઔધોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧માં ફેબ્રુઆરી માસના ૧૫મા દીનેઆથી નોંધ કરું છું.

ઔદ્યોગીક અદાલત, ગુજરાત, અમદાવાદ સમક્ષ

આર. સી. ભટ્ટ સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૭૯/૮૦

ગુજરાત સ્ટેટ કો. ઓ. બેન્ક સ્ટાફ યુનિયન, અમદાવાદ	પ્રથમ પક્ષકાર
સર્વોદય કો. ઓ. બેન્ક લી	બીજા પક્ષકાર

યુનિયનની માંગણી તા, ૧-૯-૮૯થી સ્ટાફના પગાર ધોરણ મોંઘવારી ભથ્થુ હાઉસ રેન્ટ, સીટી એલાઉન્સ, તથા અન્ય સવલત આપવા બાબત.

૧. હાલનો આ રેફરન્સ બીજા પક્ષકાર બેન્કમાં કામ કરતાં કર્મચારીઓને પગાર ધોરણ, મોંઘવારી ભથ્થુ, હાઉસ રેન્ટ, સીટી એલાઉન્સ તથા અન્ય સવલતો આપવા બાબતમાં યુનિયને બેન્કને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પક્ષકારોએ આંક ૧૩નું સંયુકત સમાધાન પુરસીસ રજુ કરેલ છે. જેમાંની સમાધાનની શરતો જોતાં તે યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય

INDEX

છે અને તે મુજબ હુકમ કરવાથી ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહે તેમ લાગે છે આથી હું નીચે મુજબ હુકમ કરુ છું.

હુકમ

૩. પક્ષકારોએ આંક ૧૩ના સમાધાન પુરસીસની શરતો મુજબ વર્તવું. આંક ૧૩ના સમાધાનની એક નકલ આ ચુકાદા સાથે રાખવી. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૪–૧–૯૧

આર. સી. ભટ્ટ
સભ્ય
ઔદ્યોગીક અદાલત, ગુજરાત
અમદાવાદ.

અમદાવાદ તા. ૧૫–૨–૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

ઔદ્યોગિક અદાલત સમક્ષ

ગુજરાત રાજ્ય, અમદાવાદ

રેફરન્સ (આઈ. સી.) નં. ૭૯–૯૦

ગુજરાત સ્ટેટ કો–ઓપરેટીવ બેંક લી. સ્ટાફ યુનિયન,
અમદાવાદ.

વિરુદ્ધ

શ્રી સર્વોદય કો–ઓપરેટીવ બેંક લી.
ગીતામંદીર, ભુલાભાઈ પાર્ક, અમદાવાદ

INDEX

અમો પ્રથમ પક્ષકારની નામદાર ઔદ્યોગિક અદાલતને નમ્ર અરજ છે કે.

આ કામનાં અમો પ્રથમ પક્ષકાર મુંબઈ ઔધોગિક સંબંધક અધિનિયમ હેઠળ સ્થાનિક વિસ્તાર જીલ્લા અમદાવાદ માટે બેન્કીંગ ઉધોગમાં કામ કરતા કર્મચારીઓનું પ્રતિનિધિત્વ ધરાવતી માન્ય સંસ્થા છીએ. અમો પક્ષકારો વચ્ચે આ કામમાં કર્મચારીઓનાં પગાર ધોરણ, મોંઘવારી, ઘરભાડું, સી, સી. એ. અને અન્ય માંગણીઓ બાબતમાં લંબાણપૂર્વક ચર્ચા વિચારણા અને મીટીંગો બાદ નીચેની શરતોએ સમાધાન થયેલ છે. સમાધાનની શરતો આ સાથે સામેલ કરેલ એગ્રીમેન્ટ મુજબ.

પ્રથમ પક્ષકાર

૧. ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેન્કસ સ્ટાફ યુનિયન વતી
શ્રી જનરલ સેક્રેટરી વ્રજલાલ શંકરલાલ પટેલ.

બીજા પક્ષકાર.

૨. શ્રી સર્વોદય કો-ઓપરેટીવ બેંક લીમીટેડ વતી

શ્રી ચેરમેન

શ્રી મેનેજીંગ ડીરેકટર

શ્રી મેનેજર

સાક્ષીની સહી

અમદાવાદ તા. ૩-૧-૯૧

સમાધાન એગ્રીમેન્ટ

૧. પગાર ધોરણ:

તા ૧-૯-૮૯ની પશ્ચાતવર્તી અસર નીચે મુજબનાં બેઝીક પગાર બેંકમાં કામ કરતા તમામ કર્મચારીઓને ચુકવવાનું નકકી કરવામાં આવેલ છે.

INDEX

મેનેજર	૮૩૪-૬૯(૫)૧૧૭૯-૮૧(૫)૧૫૮૪-૯૮[૫] ૨૦૭૪ -૧૨[૫]૨૬૭૯
આસી. મેનેજર	૫૪૬-૫૨[૫]-૮૦૬-૬૩[૫]-૧૧૨૧-૭૫[૫]૧૪૯૬ -૯૨[૫]૧૯૫૬
લોન ઓફીસર એકાઉન્ટન્ટ	૪૬૦-૩૫[૫]-૬૩૫-૫૨[૫]-૮૯૫-૬૩[૫]-૧૨૧૦ -૭૫[૫]-૧૫૮૫
ઓફીસર	૩૬૮-૨૯ ૫ -૫૧૩-૩૫(૫)-૬૮૮-૪૦(૫)-૮૮૮ -૫૨(૫)૧૧૪૮
સીનીયર કલાર્ક	૨૯૯-૨૩(૫)૪૧૪-૨૯(૫)-૫૫૯-૩૫(૫)-૭૩૪ ૪૦(૫)-૯૩૪
જુનિયર કલાર્ક-	૨૫૩-૧૭-૫ -૩૩૮-૨૩-૫ -૪૫૩-૨૯-૫ ૫૯૮-૩૫-૫ ૭૭૩
પ્યુન-	૧૫૦-૧૨-૫ -૨૧૦-૧૪-૫ ૨૪૦-૧૭-૫ ૩૬૫-૨૩-૫ -૪૮૦

નોંધ- દરેક કર્મચારીને જુંના પગારમાંથી નવા પગારમાં સ્ટેજ ટુ સ્ટેજ ગોઠવી આપવામાં આવશે.

૨. મોંઘવારી-

ઓલ ઈન્ડીયા કન્ઝયુમર્સ પ્રાઈસ ઇન્ડેક્ષ ફોર ઈન્ડસ્ટ્રીયલ વર્ક સીમલા બ્યુરો તરફથી મોંઘવારીના વખતોવખત જે ભાવાંક બહાર પાડવામાં આવે છે તે લક્ષ્યમાં લઈને નીચે મુજબના દરે તમામ કર્મચારીઓને મોંઘવારી ભત્થું ચુકવવામાં આવશે. સને ૧૯૬૦-૧૦૦ ના આંક પાયાનો આધાર ગણીને દર ત્રણ માસે જે સરેરાશ આંક આવે તેમાંથી ૧૦૦ આંક બાદ કરીને બાકી રહેતા વધારાના આંક માટે પ્રત્યેક ચાર આંક દીઠ એક સ્લેબ ગણીને કુલ જે સ્લેબ થાય તે માટે પ્રત્યેક સ્લેબ દીઠ નીચે દર્શાવેલ દર પ્રમાણે મોંઘવારી ભત્થું ચુકવવામાં આવશે.

INDEX

૧ તમામ પ્રકારના અધીકારીઓ, ઓફીસર્સ કેડર તેમજ કલેરિકલ કેડરના કર્મચારીઓને પ્રત્યેક સ્લેબ દીઠ ૩ટકા મુજબ.

૨ સબોર્ડીનેટ સ્ટાફના કર્મચારીઓને પ્રત્યેક સ્લેબ દીઠ ૪ટકા મુજબ.

ઉપરોક્ત મોંઘવારી ભત્થું મહત્તમ બેઝિક પગારની નીચે મુજબની સીલિંગ સુધી ચુકવવામાં આવશે –

ગ્રેડ	મોંઘવારી ગણવા માટેની બેઝિક સિલીંગ
આસિ. મેનેજર/મેનેજર	૩૫૮
એકાઉન્ટન્ટ/લોન ઓફીસર	૩૨૫
ઓફીસર	૨૭૮
સીનીયર કલાર્ક	૨૩૨
જુનીયર કલાર્ક	૨૧૫
પ્યુન	૧૩૯

૩. ઘર ભાડું –

બેંકમાં કામ કરતા દરેક કર્મચારીને દર માસે બેઝિક પગારના ૨૫ ટકા પ્રમાણે ઘરભાડું નીચેની સીલિંગને આધીન રહી ચુકવવામાં આવશે.

મીનીમમ : ૬૦/ મેક્ષીમમ : ૩૦૦

૪. સીટી કોમ્પેનસેટરી એલાઉન્સ–

દરેક કર્મચારીને દર માસે બેઝિક પગારમાં ૩૦ ટકા પ્રમાણે સીટી કોમ્પેનસેટરી એલાઉન્સ નીચેની સિલીંગને આધીન રહીને ચુકવવામાં આવશે.

મીનીમમ : ૭૦/ મેક્ષીમમ : ૩૫૦/

INDEX

૫. મેડીકલ એલાઉન્સ–

દરેક કર્મચારીને માસીક રૂા. ૮૦ મેડીકલ ચુકવવામાં આવશે.

૬. કલોઝિંગ એલાઉન્સ–

દરેક કર્મચારીને હાલની પ્રથા મુજબ જુન તથા ડીસેમ્બર માસમાં ૧–૧ મળી કુલ બે પગાર ચુકવવામાં આવશે

૭ કેશ એલાઉન્સ–

કેશનું કામ કરનાર પેઈંગ કેશીયરને માસીક રૂા. ૭૦–૦૦ તથા રીસીવીંગ કેશીયરને માસીક રૂા. ૪૫ કેશ એલાઉન્સ ચુકવવામાં આવશે.

૮ કલીયરીંગ એલાઉન્સ–

બેંકમાં કલીયરીંગ લાવવા લઈ જવાનું કામ કરતા કર્મચારીને વાહન ખર્ચ ઉપરાંત ૭૦ માસીક કલીયરીંગ એલાઉન્સ તરીકે ચુકવવામાં આવશે,

૯ દૈનિક ભથ્થા એલાઊન્સ–

બેંકનો જે કર્મચારી બેંકના કામે બહારગામ જાય તેને જવા આવવાનું ભાડુ તથા રૂા. ૨૦ દૈનીક ભથ્થા તરીકે ચુકવવામાં આવશે.

૧૦ ફાઈલીંગ એલાઉન્સ–

બેંકમાં ફાઈલીંગ કામ કરનાર પ્યુનને માસીક રૂા. ૩૦ ફાઈલીંગ એલાઉન્સ ચુકવવામાં આવશે.

૧૧ ઓફીસીએટીંગ એલાઉન્સ–

બેંકનો કોઈપણ કર્મચારી તેના ઉપરના ગ્રેડના કર્મચારીની કોઈપણ પ્રકારની કામગીરી સાત દીવસ કે તેથી વધુ દીવસ માટે કરે તો તે કર્મચારીને મળતા બેઝીક પગારના ૨૦ ટકા લેખે વધારાનું ઓફીસીએટીંગ એલાઉન્સ ચુકવવામા આવશે.

INDEX

૧૨ બોનસ–

દરેક કર્મચારીને તેને મળતા કુલ પગારના ૨૦ ટકા પ્રમાણે થતી રકમ હાલની પ્રથા મુજબ બોનસ તરીકે ચુકવવામાં આવશે.

૧૩ લોન –૧. હાઉસીંગ લોન–

બેંકમાં કામ કરતા જે કર્મચારીની પાંચ વર્ષની સર્વીસ પુરી થઈ હોય તે કર્મચારીને નીચે દર્શાવ્યા પ્રમાણે હાઉસીંગ લોન આપવામાં આવશે.

અ. પ્યુન ૫૦,૦૦૦
બ. કલાર્ક ૮૦,૦૦૦

ક. તેથી ઉપરની કેટેગરીના કર્મચારીઓ ૯૦,૦૦૦

આ હાઉસીંગ લોન ૯ ટકાના સાદા વ્યાજે ૨૪૦ માસીક હપ્તામાં વસુલ કરવાની શરતે વધુમાં વધુ બે વખત આપવામાં આવશે.

૨. વ્હીકલ લોન–

બેંકમાં કામ કરતા દરેક કર્મચારીને ૯ ટકાના સાદા વ્યાજે વાહનની કિંમતના ૯૦ ટકા જેટલી રકમ વાહન લોન તરીકે આપવામાં આવશે. આ લોન ૬૦ માસના સરખા હપ્તેથી પરત કરવાની રહેશે.

૩. પર્સનલ લોન – સ્ટાફ લોન

બેંકમાં કામ કરતા દરેક કર્મચારીને હાલની પ્રથા મુજબ રૂા. ૫૦૦૦ ની ૯ ટકાના સાદા વ્યાજે ૩૦ માસના સરખા હપ્તેથી પરત કરવાની શરતે પર્સનલ લોન આપવામાં આવશે.

૪. ફેસ્ટીવલ એડવાન્સ–

બેંકમાં કામ કરતા દરેક કર્મચારીને પ્યુનને રૂા. ૭૦૦ અને તેની ઉપરની કેટેગરીનાં દરેક કર્મચારીને રૂા. ૧૦૦૦/– વગર વ્યાજે દશ માસના હપ્તેથી ૧૦ હપ્તે પરત કરવાની શરતે ફેસ્ટીવલ એડવાન્સ આપવામાં આવશે.

INDEX

૧૪. પ્રમોશન,

બેંકમાં કામ કરતા દરેક કર્મચારીને તેની ઉપલી કક્ષામાં હાલની પ્રથા મુજબ સીનીયોરીટી મુજબ પ્રમોશન આપવામાં આવશે.

૧૫. ઈન્ક્રીમેન્ટ (ઈજાફા)

બેંકમાં કામ કરતા દરેક કર્મચારીને તેની વિશિષ્ટ લાયકાત માટે નીચે મુજબ ઈન્ક્રીમેન્ટ આપવામાં આવશે.

૧. જી. ડી. સી. એ. એન્ડ એ. એલ. ડી. સી એચ. ડી. સી. અથવા તેની સમકક્ષ કોઈપણ સહકારી તાલીમ ૧ ઈન્ક્રીમેન્ટ

૨. સી. ઈ. આઈ. આઈ. એ પાર્ટ–૧ ૧ ઈન્ક્રીમેન્ટ
સી. ઈ. આઈ. આઈ. એ પાર્ટ–૨ ૧ ઈન્ક્રીમેન્ટ

૧૬. રજાઓ.

નીચે મુજબ જણાવેલ રજાઓ ચાલુ પગાર તથા ભત્થા સહીત આપવામાં આવશે.

૧ આકસ્મિક રજાઓ– હાલની પ્રથા મુજબ

૨. ચાલુ રેફરન્સે પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૧૧ નું પુરસીસ આપી જણાવેલ છે કે, સંસ્થાએ બોનસ એકટ મુજબ મીનીમમ લેખે બોનસ કામદારોને ચુકવી આપેલ હોઈ યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતું નથી. અને તે પાછી ખેંચી લેવાની પરવાનગી માંગે છે, જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

૩. યુનિયન રેફરન્સ પાછી ખેંચી લેતું હોવાથી તે ફેંસલ ગણવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઇ હુકમ કરવામાં આવતો નથી.

અમદાવાદ તા. ૧૧-૧-૯૧

વી. એચ. ઠાકોર
સભ્યશ્રી
ઔધોગીક અદાલત અમદાવાદ

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનીયમ
અમદાવાદ.

—— — —— ——

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનીયમ અન્વયે

નિમાયેલ સહાયક સંઘ નિબંધક દ્વારા

નં. ૬૫/શમક/૨૭૪૫૨/આરયુ/ સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યાગિક સંબંધક અધીનીયમની કલમ ૭૪:૨ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔધોગીક સંબંધક અધીનીયમ–ગુજરાત નીયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલ સતાની રૂએ હું સાબરકાંઠા જીલ્લા સહકારી બેંક સ્ટાફ યુનિયન હીંમતનગર અને સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હીંમતનગરની વચ્ચે ઔધોગીક વીવાદમા ઔધોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડાની સને ૧૯૯૧માં ફેબ્રુઆરી માસના ૨૨મા દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ

શ્રી એન. એ. ચૌહાણ સભ્ય સમક્ષ

પરચુરણ અરજી (આઈસી: નં. ૧૭/૯૦

સાબરકાંઠા જીલ્લા સહકારી બેન્ક સ્ટાફ યુનિયન હીંમતનગર — અરજદાર

વિરૂદ્ધ

સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહ. બેન્ક લી. હીંમતનગર — સામાવાળા

બી. આઈ. આર. એકટની કલમ ૧૧૮(બી) ૨ મુજબની અરજી

ચુકાદો

૧. હાલની અરજી અરજદાર યુનિયને રેફરન્સ (આઈ.સી.)નં. ૮૫–૯૦ તેમની ગેરહાજરીને કારણે તા. ૧૧–૯–૯૦ના રોજ રદ કરેલ છે તે હુકમ રદ કરી સદરહુ રેફરન્સ ફરી ફાઈલ પર લેવા માટે કરેલ છે. અરજદાર યુનિયનની રજુઆત એવી છે કે, સદર રેફરન્સમાં તેઓએ માંગણાનું નિવેદન રજુ કરવાનું હતું પરંતુ તેમના જીલ્લામાં સખત વરસાદને કારણે માર્ગો તુટી ગયેલ હોઈ તેઓ હાજર રહી

નિવેદન રજુ કરી શકેલા ન હતા જે કારણસર સદર રેફરન્સ એકતરફી રીતે તેમની ગેરહાજરીના કારણે રદ કરેલ છે, જે હુકમ રદ કરી રેફરન્સ ફરી ફાઈલ પર લેવાની જરૂર છે.

૨. આ અરજી અંગે બંને પક્ષકારોને સાંભળવામાં આવ્યા. યુનિયનની રજુઆત મુજબ, તેઓને ગેરહાજરી અંગે વાજબી અને પુરતું કારણ હતું તેમજ આ અરજી બહાલ રાખવામાં આવે તો સામાવાળા બેન્કને કોઈ નુકશાન થાય તેમ નથી, જ્યારે સંબંધિત રેફરન્સના કર્મચારીઓને ઘણું નુકશાન થવાનો સંભવ છે. અમોને યુનિયનની આ રજુઆત વાજબી જણાય છે માટે રેફરન્સ ફરી ફાઈલ પર લેવાનો હુકમ કરવો જરુરી છે. પરીણામે આ અરજીમાં નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

હુકમ

૩. અરજી બહાલ રાખવામાં આવે છે અને રેફરન્સ (આઈસી) નં. ૮૫/૯૦ રદ કરવાનો તા. ૧૧-૯-૯૦નો હુકમ રદ કરવામાં આવે છે અને સદર રેફરન્સ ફરી ફાઈલ પર લેવાનો આથી હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી/ એન. એ. ચૌહાણ
સભ્ય
ઔધોગીક અદાલત
ગુજરાત, અમદાવાદ

સહી/ ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૧-૨-૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનીયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૨૨-૨-૯૧

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૪૫૩ આર યુ સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ—૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ—૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ ધી અમદાવાદ સીલ્ક એમ્પ્લોઈઝ યુનીયન અમદાવાદ અને ધી નાનીકરામ શોભરાજ મીલ્સ અમદાવાદની વચ્ચે ઔધોગીક વિવાદમાં ઔધોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડા સને ૧૯૯૧ માં ફેબ્રુઆરી માસના ૨૨ માં દિને આથી નોંધ કરું છું.

IN THE INDUSTRIAL COURT, GUJARAT

(Before Shri H. D. Pandya, President)

Misc. Application (IC) No. 18 of 1990

IN

Reference (IC) No. 157 of 1980

Between

The Ahmedabnd Silk Employees Union Ahmedabad.

And

The Nanikram Shobhraj Mills Ltd. Ahmedabad.

In the matter of modification of an Award made in Reference (IC) No. 175 of 1980 regarding reducing the posts of Jbbber in Weaving Departments.

Industry. Silk Textile.

INDEX

Supplementry Award

This is a joint application made under Section 116A of the Bombay Industrial Relation Act, 1946, for modification of the Award made in Reference (IC) No. 157 of 1980, requesting me to make an Award in terms of the settlement mutually arrived at between the parties as embodied in Annexure 'A' annexed to the joint application. The application has been signed by the competent persons and I find the terms of settlement to be fair and reasonable. I. therefore, take the terms of settlement on record and make this Supplementary Award in terms of Settlement Annexure "A" which is annexed hereto. No order as to costs.

Sd— H. D. Pandya
President.

Sd— N. N. Patel
Registrar
Ahmedabad 30th January, 1991

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનીયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૧૫–૨–૯૧

INDEX

પરિશિષ્ટ

૧. રેફરન્સ (આઈ. સી.) ૧૫૭-૮૧માં નામદાર અદાલતે તા. ૬-૮-૮૧નાં રોજ કરેલ એવોર્ડની કલમ ૧ માં જણાવેલ સાંચાઓની ફાળવણી રદ કરી નીચે મુજબ નવેસરથી ગોઠવણ કરવામાં આવે છે. આમ કરતાં સાદા શાળ ખાતાના જાપાનીઝ અને સીરૅકો સાંચા મળી કુલ ૨૭૬ સાંચા રહે છે.

અ. સાદા શાળ ખાતાના જોબરોને તા. ૧૧-૧૧-૯૦થી નીચે મુજબ સાંચા સોંપવામાં આવે છે.

ખાતા નં. ૧	સાંચા નં ૨૫ થી ૬૪
	સાંચા નં. ૨૪૩ થી ૨૪૮
	કુલ ૪૬ સાંચા
ખાતા નં. ૨	સાંચા નં. ૬૫ થી ૧૦૪
	સાંચા નં. ૨૩૭ થી ૨૪૨
	કુલ ૪૬ સાંચા
ખાતા નં. ૩	સાંચા નં. ૧૦૫ થી ૧૨૪
	સાંચા નં. ૧૨૭ થી ૧૪૦
	સાંચા નં. ૨૨૫ થી ૨૩૬
	કુલ ૪૬ સાંચા
ખાતા નં. ૪	સાંચા નં ૧૨૫ થી ૧૨૬
	સાંચા નં. ૧૪૩ થી ૧૪૮
	સાંચા નં. ૧૫૭ થી ૧૬૪
	સાંચા નં. ૧૭૩ થી ૧૮૦
	સાંચા નં. ૧૮૯ થી ૨૦૮
	કુલ ૪૬ સાંચા
ખાતા નં. ૫	સાંચા નં. ૨૫૭ થી ૨૮૦
	કુલ ૨૪ સાંચા

INDEX

ખાતા નં ૬ (શટીંગ)	સાંચા નં. ૨૪૯ થી ૨૫૬
	સાંચા નં. ૨૮૧ થી ૩૦૦
	કુલ ૨૮ સાંચા
ખાતા નં. ૭	સાંચા નં. ૧ થી ૨૪
	સાંચા નં. ૨૦૯ થી ૨૨૪
	કુલ ૪૦ સાંચા

બ. સાદા શાળ ખાતામાં ૩૦૦ સાંચાના જોબરના ૮ ખાતા હતા. હવે સાદા શાળ ખાતામાં ૨૭૬ સાંચા રહેતાં તેમજ પાળી વાઈઝ એક-એક જોબરે રાજીનામા આપેલ છે તેમજ તેઓના કરાર મુજબ કાયદેસરની ગ્રેજ્યુઈટી તેમજ અન્ય કામદારોને ચુકવ્યા મુજબની વધારાની રકમ ચુકવેલ છે જે જગ્યાઓ ભરવાની રહેતી નથી. હવે સાદા શાળ ખાતામાં જોબરના ઉપર મુજબ ૭ (સાત) ખાતા બને છે અને પાળીવાળી જ ૭ + ૭ + ૭ ખાતાના જોબર રહેશે.

ક. ખાતા નંબર ૭ના જોબરોને તા. ૧–૧૨–૧૯૯૦થી ખાતા નંબર ૧ થી ૪ના જોબર મુજબ પગારની ગણતરી કરી ચુકવવામાં આવશે.

ડ. તારીખ ૧૯–૧૧–૧૯૯૦નાં રોજથી પાળી વાઈઝ નીચે મુજબ જોબરો ખાતા સંભાળશે.

ખાતા નંબર ૧	પ્રથમ પાળી	વિરેન્દ્ર હરીનાથ
	બીજી પાળી	કનૈયા મકનજી
	ત્રીજી પાળી	અબ્બાસઅલી કરીમતઅલી
ખતા નંબર ૨	પ્રથમ પાળી	કિશન તુકારામ
	બીજી પાળી	ઉદયશંકર ગડરીસીંગ
	ત્રીજી પાળી	જગદીશ સુમેરસીંગ
ખાતા નંબર ૩	પ્રથમ પાળી	શ્રીનાથ છબીનાથ
	બીજી પાળી	કમલદેવ લતરીસીંગ
	ત્રીજી પાળી	દુર્યોધન ખુરભુર

INDEX

ખાતા નંબર ૪	પ્રથમ પાળી	શ્રી નીવાસ ગોરખરાય
	બીજી પાળી	સદાશીવ સાંભ
	ત્રીજી પાળી	મહંમદયુસુફ કુદરતુલ્લા
ખાતા નં. ૫	પ્રથમ પાળી	અંકુશ વિઠોબા
(સિમ્કો)	બીજી પાળી	ઈશના રામણુ આર. પાન્ડે
	ત્રીજી પાળી	બાબુરાવ બુવાજી
ખાતા નંબર ૬	પ્રથમ પાળી	વિષ્ણુનારાયણુ પાન્ડે
(શટીંગ)	બીજી પાળી	કમલકાંત ઈન્દ્રમણી
	ત્રીજી પાળી	શીવનાથ બૈજનાથસીંગ
ખાતા નંબર ૭	પ્રથમ પાળી	રામસેવક ફેકું
	બીજી પાળી	જીવણુ પુંજા
	ત્રીજી પાળી	રામાધાર માતાપ્રસાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના ક્રમાંક ૬/ખ/શમક/૨૭૪૫૪ આર.યુ સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનિયમની કલમ ૭૪–૨ અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ ગુજરાત નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલ સતાની રૂએ હું અશોક મીલ્સ લી. અમદાવાદ અને નગીનદાસ પરસોતમદાસ મોદી અમદાવાદની વચ્ચે ઔદ્યોગીક વિવાદમાં ઔદ્યોગીક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧ના ફેબ્રુઆરી માસના ૨૨માં દિને આથી નોંધ કરૂં છું

INDEX

ઔધોગીક અદાલત ગુજરાત અમદાવાદ

શ્રી આર. એસ. શુકલ સભ્ય સમક્ષ

રેફરન્સ આઈ. સી. નં. ૩/૯૦

અશોક મીલ્સ લી. અમદાવાદ — અરજદાર

વિરૂદ્ધ

નગીનદાસ પરસોતમદાસ મોદી — સામાવાળા
દાસ ચાલ, સૌજપુર બોઘા, અમદાવાદ

અપીલ (આઈ. સી.) નં. ૧૩/૮૯ તથા અપીલ (આઈ. સી.) નં. ૧૫/૮૯માં ઔધોગિક અદાલતે તારીખ ૨૧–૬–૯૦ના રોજ કરેલા ચુકાદામાં ફેરફાર કરવા અંગે બી. આઇ. આર એકટની કલમ–૯૫ હેઠળની અરજી અંગે.

અરજદાર તરફે તેમના એડવોકેટ શ્રી આર. પી. પટેલ

સામાવાળા તરફે તેમના એડવોકેટ શ્રી કે. કે. શાહ

ચુકાદો

૧. આ પુનઃવિચારણા અરજી અશોક મીલ્સ લી. અમદાવાદ [કે જેને હવે પછી "કંપની" તરીકે સંબોધવામાં આવશે] મુંબઈ ઔધોગિક સંબંધક અધિનિયમની કલમ–૯૫ની જોગવાઇ મુજબ સામાવાળા નગીનદાસ પરસોતમદાસ મોદી [કે જેઓને પછી "સંબંધિત કામદાર" તરીકે ઓળખવામાં આવશે] વિરૂદ્ધ ઔધોગિક અદાલતે અપીલ [આઈ. સી.] નં. ૧૩–૮૯ તથા અપીલ (આઈ. સી) નં. ૧૫–૮૯માં તારીખ ૨૧–૬–૯૦ના રોજ કરેલા હુકમથી નારાજ થઈને અત્રેની કોર્ટમાં કરેલ છે.

૨. કંપનીના કેસની વિગત એવી છે કે, બી. આઈ. આર. એકટ અન્વયે આ કંપનીનો કાપડ ઉધોગમાં સમાવેશ થતો હોઈ કાપડનું ઉત્પાદન કરવાનું કામ

INDEX

કરે છે. સંબંધિત કામદાર આ કંપનીમાં મીકેનીક ખાતામાં પાટીવાળા તરીકે કામ કરતાં હતા. તારીખ ૧૮–૧–૮૩ના રોજથી તેઓ કામ ઉપર હતા ત્યારે ચોરી અંગેનો ચાર્જ તેમની ઉપર મીલ કંપનીએ મૂકયો હતો. તેમાં તેઓની સામે ખાતાકીય તપાસ કરવામાં આવી હતી. તપાસને અંતે મીલ કંપની એવા નિર્ણય ઉપર આવેલ કે તેઓએ એટલે કે સંબંધિત કામદારે મીલની મીલકતની ચોરી કરી હતી. અને તેથી સંબંધિતે કામદારે સ્વૈચ્છાએ રાજીનામું આપ્યું હતું. સદર રાજીનામું મીલ કંપનીના મંતવ્ય મુજબ સંબંધીત કામદારે પોતે પોતાની સ્વૈચ્છિાએ આપેલ હતું અને કોઈપણ જાતની બળજબરી કરવામાં આવી ન હતી. સંબંધિત કામદારના જણાવ્યા પ્રમાણે તેઓએ આપેલ રાજીનામું બળજબરીપૂર્વક અને જબરજસ્તીથી લખાવી લેવામાં આવ્યું હતું. મજુર અદાલત અમદાવાદના વિધ્વાન ન્યાયાધીશશ્રીએ બંને પક્ષકારોના પુરાવા નોંધી સાક્ષીઓ તપાસી અંતમાં સદર ચોરીનો આક્ષેપ સાબિત માની સંબંધિત કામદારે જે રાજીનામું આપેલ તે કાયદેસર અને કોઈપણ જાતની બળજબરી વાપર્યા સિવાય મીલ કંપનીએ આ રાજીનામું સ્વીકાર્યું હતું તેવા તારણો કાઢી સંબંધિત કામદારની બી. આઈ. આર.ની અરજી રદ કરી હતી સદર હુકમથી નારાજ થઈ સંબંધિત કામદારે ઔધોગિક અદાલતમાં અપીલ કરેલ હતી. પક્ષકારોને સાંભળી ઔધોગિક અદાલતે તારીખ ૨૧–૬–૯૦ના રોજ ચુકાદો આપી સંબંધિત કામદારની અપીલ માન્ય રાખવામાં આવી હતી. લેબર કોર્ટના વિધ્વાન ન્યાયાધીશનો સદર ચુકાદો રદ કરી સંબંધીત કામદારને તેની અસલ જગા ઉપર પડેલા દીવસોના પગાર સાથે સળંગ નોકરીથી નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવેલ હતો. તારીખ ૨૧–૬–૯૦ના રોજ ઔધોગિક અદાલતે બંને પક્ષકારોને સાંભળી સંબંધીત કામદારની અપીલ ગ્રાહ્ય રાખવામાં આવી હતી. ઔધોગિક અદાલતના આ હુકમથી નારાજ થઈ મીલ કંપનીએ આ રીતે અરજી અત્રેની કોર્ટમાં કરેલ છે.

૩. આ પુન વિચારણા અરજીના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. બી. આઈ. આર. એકટ સને ૧૯૪૬ની કલમ–૯૫ની જોગવાઈ મુજબ કંપનીની આ રીવ્યુ અરજી કાયદેસર ગણી શકાય કે કેમ?

૨. જો ઉપરોકત મુદ્દાનો જવાબ હકારમાં હોય તો ઔધોગિક અદાલતે અપીલ (આઈ. સી) નં. ૧૩–૮૯માં કરેલ હુકમ રદ થવાને પાત્ર છે.

INDEX

૩. છેવટનો શો હુકમ કરવો ?

૪. ઉપરોક્ત મુદ્દાઓનો મારો જવાબ નીચે જણાવેલા કારણોસર નીચે મુજબ છે.

૧. ના

૨. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૩. સંદર્ભમાં જણાવેલા હુકમ પ્રમાણે.

કારણો

મુદ્દા નં. ૧ અને ૨.

૫. કંપની તરફથી તેમના વિધ્વાન એડવોકેટ શ્રી આર. પી. પટેલ અને અરજદાર તરફથી તેમના વિધ્વાન એડવોકેટ શ્રી કે. કે. શાહ હાજર રહયા હતા.

૬. અત્રે એ નોંધવું જરૂરી છે કે, ઔધોગિક અદાલત બી. આઈ. આર. એક્ટની કલમ–૮૫ મુજબ મજુર અદાલતે કરેલ કોઈપણ હુકમમાં કાયદાકીય ક્ષતિ હોય અને આ ક્ષતિ ગંભીર પ્રકારની હોય તો તેમાં હસ્તક્ષેપ કરી શકે છે. આ અરજીમાં કંપની તરફથી તેમના એડવોકેટ આર. પી. પટેલે દલીલો કરતાં જણાવેલ કે, બી. આઈ. આર. એક્ટની કલમ–૯૫માં કોઈપણ ચુકાદા સામે પુનઃવિચારણા કરવાની ઔધોગિક અદાલતને સત્તાઓ છે.

શ્રી પટેલની વધુમાં એવી દલીલો હતી કે, ગુજરાત હાઇ કોર્ટ ફુલ બેન્ચે આપેલ એક ચુકાદામાં જણાવેલ કે ઔધોગિક અદાલતે અપીલ નં. ૧૩–૮૯માં આપેલ ચુકાદા મુજબ લેબર કોર્ટ, ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ તથા ઈન્ડસ્ટ્રયલ ટ્રીબ્યુનલને કન્ટેમ્પટ ઓફ કોર્ટ એક્ટ હેઠળ 'કોર્ટ' તરીકે ગણેલી હોઈ લેબર કોર્ટને પણ 'કોર્ટ' તરીકે ગણવામાં આવતા ઈન્ડીયન લીમીટેશન એક્ટની જોગવાઈઓ લાગુ પડે છે. આવા સંજોગોમાં બી. આઈ. આર. એક્ટની કલમ ૪૨(૪) મુજબ કોઈપણ કામદાર લેબર કોર્ટમાં માલીકે કરેલા બરતરફી, સસ્પેન્શન કે છુટા કરવાના કરેલા હુકમ સામે અરજી દાખલ કરી શકે છે અને જેનો સમાવેશ એક ઔધોગિક બાબત ગણી બી. આઈ. આર. એક્ટના શેડયુલ–૧માં થાય છે. આ જોગવાઈ તપાસતાં

INDEX

પ્રત્યેક કામદાર કે જેને નોકરીમાંથી ડીસમીસ કરવામાં આવે તો તેવાં સંજોગોમાં બી. આઈ. આર. એકટની કલમ-૪૨(૨) મુજબ એપ્રોચ નોટીસ કે એપ્રોચ લેટર આપવો પડે છે. અત્રેની ઔદ્યોગિક અદાલતે ઉપરોકત આપેલ ચુકાદામાં એમ ઠરાવ્યું છે કે, લેબર કોર્ટોને પણ કોર્ટ તરીકે ગણી શકાય તેથી બરતરફ થયેલા કોઈપણ કામદારને લેબર કોર્ટમાં અરજી કરવી હોય તો તેવા સંજોગોમાં બી. આઈ. આર. એકટની કલમ ૪૨(૨) મુજબ અગાઉ એપ્રોચ નોટીસ આપવી જરુરી નથી. કંપનીના વિધ્વાન એડવોકેટ આર. પી. પટેલે આ મુદ્દાઓના અનુસંધાનમાં દલીલો કરતાં જણાવેલ કે અત્રેની ઔધોગિક અદાલતે ઉપરોકત અપીલમાં આપેલ ચુકાદો કે જેમાં ગુજરાત હાઈકોર્ટે આપેલ ચુકાદાનું અર્થઘટન કરતાં પટેલની દલીલો પ્રમાણે સંબંધીત કામદારને લાગુ પડતો નથી. ફકત આ મુદ્દા ઉપર પટેલે દલીલો કરતાં જણાવેલ કે, કંપનીથી આ પુનઃવિચારણા અરજી બી આઈ. આર. એકટની કલમ-૯૫ની જોગવાઈ અનુસાર અત્રેની અદાલતે માન્ય રાખી રીવીજનમાં અરજીમાં જણાવ્યા અનુસાર આ કોર્ટે અગાઉ અપીલ (આઈ, સી.) નં. ૧૩-૮૯માં આપેલ ચુકાદાને રદ કરવો જોઈએ. શ્રી પટેલનો આ ઘણો મહત્વનો મુદ્દો હોઈ સર્વપ્રથમ એ મુદ્દો નકકી કરવો જરુરી છે કે બી. આઈ. આર. એકટની કલમ ૯૫ અનુસાર પુનર્વિચારણા અરજીમાં ઔધોગિક અદાલત હસ્તક્ષેપ કરી શકે કે કેમ ? ટુંકમાં કહેવાનો મતલબ એ છે કે, કલમ-૯૫ અન્વયે આ કોર્ટને પુન વિચારણા અંગેની સત્તાઓ કયા પ્રકારની છે તે તપાસવું જરુરી છે. બી. આઈ. આર. એકટની કલમ -૯૫ની પરિભાષા નીચે મુજબ છે.

(i) An employer or an association or a group of employers or a registered union (for a representative of employyes) may at any time apply to the Industrial Court of a decision or award of the Industrial Court and the Industrial Court may. for any sufficient reason and upon chaning the Parties, review the decision of award).

ઉપરોકત કલમમાં જણાવ્યા પ્રમાણે ઔધોગિક અદાલતને પોતે આપેલ ચુકાદા અંગે હસ્તક્ષેપ કરવા ઘણી મર્યાદિત સત્તાઓ છે. અને તે સત્તાઓ કોઈપણ મુદ્રણ દોષ થયો હોય અથવા તો કોઈ પ્રકારની વહીવટી ક્ષતિ આપેલ ચુકાદાને સ્પર્શતી હોય તો તેવા સંજોગોમાં કલમ-૮૫ અન્વયે મળેલ મર્યાદિત સત્તાઓનો ઉપયોગ કરી આપેલ ચુકાદામાં જરુરી ફેરફાર કરી શકે. કલમ-૯૫(૧)ની જોગવાઈ તપાસતાં

એમ કહી શકાય કે. કંપની તરફથી આપવામાં આવેલ પુર્ન વિચારણા અરજી આ અદાલતે અગાઉના ચુકાદામાં જે તારણો ગ્રાહ્ય છે તે તારણોમાં સંદતર ફેરફાર કરી આપેલ ચુકાદામાં ફેરફાર કરવા સંબંધી છે. શ્રી પટેલની આ દલીલો માન્ય રાખવામાં આવે તો આ અદાલતે આપેલ અપીલના ચુકાદામાં પુર્ન વિચારણા અરજીને બદલે બીજી અપીલ દાખલ કરી ગણાય અને આથી થતા અરજદાર કંપની પોતે આ અગાઉ આપેલ ચુકાદામાં ફેરફાર કરાવી શકે. જી. એલ. આર. ૧૯૮૬ પાન નં. ૧ ઉપર પ્રસિદ્ધ થયો છે અને ગુજરાત હાઈકોર્ટની ફુલ બેન્ચે જે તારણો કાઢ્યા છે તે કેસ એટલે કે શેખ મોહમદભાઈ વિરૂદ્ધ મેનેજર, ચંદ્રભાનુ સીનેમા, અમદાવાદના કેસમાં જે તારણો કાઢ્યા છે તે તારણો લક્ષમાં લેતાં ફુલ બેન્ચે એમ સ્પષ્ટ કરાવેલ છે કે, કન્ટેમ્ટ ઓફ કોર્ટ હેઠળ કોઈપણ કાર્યવાહી મજુર અદાલત સમક્ષ તેની લેખીત સુનાવણી ચાલુ હોય તે દરમ્યાન જે કોઈ પાર્ટ એ લેબર કોર્ટ. ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ કે ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલનો તિરસ્કાર કરે તો તેવા સંજોગોમાં લેબર કોર્ટને 'કોર્ટ ગણી ઇન્ડીયન કન્ટેમ્પટ ઓફ કોર્ટ એકટ હેઠળ આવી કાર્યવાહીઓ કરી શકાય.

૭. આર. પી. પટેલ જે કંપનીના વિદ્વાન એડવોકેટ છે. તેઓએ આ મુદ્દા ઉપર પોતાનું મંતવ્ય સ્પષ્ટ કરતાં જણાવેલ કે, હાઈકોર્ટની ફુલબેન્ચે આપેલ આ ચુકાદો સંબંધીત કામ કરતા કેસમાં લાગુ પાડી શકાય નહીં. પટેલની આ દલીલો સંબંધીત કામ ારે રજુ કરેલ અપીલમાં ગ્રાહ્ય રાખવામાં આવી ન હતી. તેથી પટેલે પુન-વીચારણા અરજી કરી ગુજરાત હાઈકોર્ટના ઉપર જણાવેલા ચુકાદાને અનુસરી આ અદાલત જે મંતવ્ય ધરાવે છે. તે મંતવ્યના પાયામાં ફેરફાર કરાવવા માટે આગ્રહ રાખે છે. ટુંકમાં ગુજરાત હાઈકાર્ટની ફુલબેંચે ઉપરોક્ત આપેલ ચુકાદો અનુસરીએ તો સંબંધીત કામદારે તેઓને હુકમ કરતાં પહેલાં પસાર કરેલા છુટા થવાના હુકમને લેબર કોર્ટમાં પડકારતાં પહેલાં બી.આઈ આર. એકટની કલમ-૭૮ અન્વયે ૪૨(૪) ને નોટીસ આપવી જરુરી નથી. પટેલની આ દલીલો અસલ અપીલની સુનાવણી વખતે ધ્યાન ઉપર લેવામાં આવી ન હતી. તેમની દલીલોને ધ્યાનમાં લઈને ઠરાવવામાં આવેલ કે, ગુજરાત હાઈકોર્ટની ફુલબેન્ચે જે તારણો આપેલ છે. તે તારણો ગ્રાહ્ય ગણી સદર અપીલનો નીકાલ કરવામાં આવેલ હતો. કંપનીના વિ ાન એડવોકેટ પટેલનો મુખ્ય મુદ્દો એ છે કે ગુજરાત હાઈકોર્ટની ફુલબેન્ચે આપેલ ઉપરોકત ચુકાદામાં અત્રેની કોર્ટ જે અર્થઘટન કર્યું

છે અને અર્થઘટનના અંગે જે તારણો કાઢી સંબંધીત કામદારને બી. આઈ આર. એક્ટની કલમ ૪૨–૪ મુજબ એપ્રોચ લેટર આપવાની જરૂર નથી તે અંગેના તારણોમાં ફેરફાર કરી સદર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો આ કેસમાં લાગુ પડતો નથી. એમ ધોરણો ઉપર આવી આ રીવ્યુ અરજી માન્ય રાખવી જોઈએ. પટેલની આ દલીલો સાથે હું સંમત થઈ શકતો નથી. કારણ કે, અત્રે થયેલ અરજી અસલ ચુકાદાને પુનર્વીચારણા માટે કરેલ છે. આ અરજી પણ બી. આઈ. એક્ટ અન્વયે અપીલ તરીકે ગણી શકાય નહીં. રીવ્યુ અરજી બી.આર.આઇ. એક્ટની કલમ–૯૫ મુજબ અરજદાર કંપની તરફથી કરવામાં આવેલ છે. અસલ અપીલમાં કાયદાના મુદ્દા ઉપર જે તારણો કાઢવામાં આવ્યા છે અને ગુજરાત હાઈકોર્ટની ફુલબેન્ચે આપેલ ચુકાદાનો આસરો લઇ અસલ અપીલ (આઈસી) નં. ૧૬/૮૯ તથા અપીલ (આઈસી) નં. ૧૫/૮૯ ફેંસલ કરવામાં આવી છે તે ચુકાદામાં કોઈ ફેરફાર પુનર્વિચારણા અરજીમાં થઈ શકે નહીં.

૮. કંપનીના એડવોકેટ શ્રી આર. પી. પટેલે તેમની દલીલોના ટેકામાં કેટલાંક ચુકાદાઓ મારી સમક્ષ રજુ કરેલા છે. સૌ પ્રથમ ચુકાદો નગરી મીલ્સ વિરૂદ્ધ ટેક્ષટાઈલ લેબર એસોસીએશન કે જેમાં ઔધોગિક અદાલત સમક્ષ રીવ્યુ અરજી નં. ૩–૮૬ દાખલ કરવામાં આવી હતી. આ અરજીમાં એવી રજુઆત કરવામાં આવી હતી કે, બી. આઈ. આર. એક્ટની કલમ ૭૩(ક) અન્વયે સદર રેફરન્સ ટી. એલ. એ ધ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં આ અદાલતે એવો ચુકાદો આપ્યો હતો કે, કાર્ડ ખાતામાં લાઈનમેનની સંખ્યા વધારવ ની માંગણી ગ્રાહ્ય રાખી શકાય તેમ ન હોઈ લાઈનમેનોને ૧૬ કાર્ડ ઉપરાંતના જેટલાં વધારાના કાર્ડ ઉપર કામ કરે તેટલાં વધારાના કાર્ડ દીઠ રોજના ૧૧ પૈસાના બદલે ૩૦ પૈસા પ્રમાણે વધારાનું વેતન મીલ કંપનીએ તા. ૧–૧–૮૬ના રોજથી અમલમાં આવે તે પ્રમાણે ચુકવી આપવાનું હેશે. ઉપરોક્ત શરત પ્રમાણે એવોર્ડ થયા બાદ મીલ કંપની તરફથી આ રીવ્યુ અરજી નં. ૩–૮૬ ઈન્ડસ્ટ્રીયલ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. પક્ષકારોનો ઔધોગિક ઝઘડો આજ મુદ્દા ઉપર હતો. જે અંગે તા. ૧૮–૫–૭૬ના રોજ એવોર્ડ કરવામાં આવેલો અને સદર એવોર્ડ પક્ષકારોને બંધનકર્તા હતો. ઉપરોક્ત એવોર્ડનો અમલ ચાલુ રહે તે આશયથી રેફરન્સ [આઈ. સી.] નંબર ૨૪૩–૭૯માં ઔધોગિક અદાલતે જે ચુકાદો આપેલો તે ચુકાદો નિરર્થક બની જાય. ઉપરોક્ત વિસંગતતાઓ પરિણમતી હોઇ ઔધોગિક અદાલતના માન. સભ્ય શ્રી. એ. એ. ચૌહાણે રીવ્યુ અરજી માન્ય રાખી અગાઉ રેફરન્સ [આઈ. સી.] નંબર

INDEX

૨૪૩-૭૯માં અંક-૬થી જે એવોર્ડ આપવામાં આવેલો. આ રીવ્યુ અરજીમાં જણાવેલ હકીકતો અગેની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ રીવ્યુ અરજીની હકીકતોથી તદ્દન ભિન્ન પ્રકારની છે. આ રીવ્યુ અરજીમાં અગાઉ ઔદ્યોગિક અદાલતે જે ચુકાદો આપ્યો છે તે ચુકાદો હાઈકોર્ટની ફુલ બેન્ચે આપેલ જજમેન્ટના અર્થઘટનને લગતો હોઈ સદર અર્થઘટન અગાઉની અપીલ [આઈ. સી.] નં. ૧૩-૮૯ તથા અપીલ [આઈ. સી] નં. ૧૫/૮૯માં કરવામાં આવેલું. તેથી ઉપરોકત અપીલમાં કાયદાકીય મુદ્દાનો સમાવેશ થતો હોવાથી અને એ મુદ્દો સમગ્ર અપીલને સ્પર્શતો હોઈ તેમાં આપેલા ચુકાદામાં ફેરફાર કરી શકાય નહીં.

૯. સંબધિત કામદારના એડવોકેટ શ્રી કે. કે શાહે દલીલો કરતાં જણાવેલ કે, આ રીવ્યુ અરજીમાં અગાઉના ચુકાદામાં ફેરફાર કરવા માટે કંપનીના એડવોકેટ શ્રી આર. પી. પટેલે જે વિધાનો કરેલા છે તે માન્ય રાખી શકાય નહીં. શ્રી શાહના જણાવ્યા પ્રમાણે એક વખત કાયદાના મુદ્દા ઉપર અગાઉ જે મંતવ્ય કોર્ટે લીધા હોય તેમાં ફેરફાર કરી શકાય નહીં શ્રી શાહે તેમની દલીલોના સમર્થનમાં એ. આઈ, આર. ૧૯૭૭, અલ્હાબાદનો ચુકાદો રજુ કરેલ. જેમાં ભગવતસીંગ વિરૂદ્ધ ડેપ્યુટી ડાયરેકટર ઓફ કોન્સોલીડેટેડ અને બીજાના કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટે આપેલ ચુકાદામ સ્પષ્ટ કરાવવામાં આવેલ કે, કોઈ પણ રીવીઝન એપ્લીકેશન જેમાં અગાઉના કેસ ગુણદોષ ઉપર નકકી કરવામાં આવ્યા હોય તો તેવા સંજોગોમાં રીવ્યુ અરજી માન્ય રાખી અગાઉના ચુકાદામાં ફેરફાર કરી શકાય નહીં. ઉપરોકત ચુકાદાના પેરા-૮ માં હાઈકોર્ટે નીચે મુજબ જણાવેલ છે.

> Once the case has been fully argued on lerixe and decided on morits, no applicotion for review lion on the ground that the case should have been argued differently.

ઉપરોકત ચુકાદો આપતાં પહેલાં મદ્રાસ હાઈકોર્ટનો આવો જ ચુકાદો જે એ. આઇ. આર. ૧૯૬૨ મદ્રાસ પાન નં. ૩૦૪ તથા એ. આઈ. આર. ૧૯૫૦ એફ. સી. ૧૪૧માં આપેલ ચુકાદાને ધ્યાનમાં લઈ અલ્હાબાદ હાઈકોર્ટે આ ચુકાદો આપેલ છે. ઉપરોકત હાઈકોર્ટના ચુકાદાને લક્ષમાં લેતાં હું એવા મંતવ્ય ઉપર આવ્યો છું કે. આ રીવ્યુ અરજીમાં કંપનીએ અગાઉના ચુકાદાંમાં ફેરફાર કરવા કરવા માટે જે વિધાનો કર્યા છે તે વિધાનો તથા કંપનીના એડવોકેટ પટેલની દલીલો માન્ય રાખી શકાય નહીં.

૧૦. સંબંધીત કામદારના વિદ્વાન એડવેવોકેટ કે. કે શાહે મારું ધ્યાન ગ્રીન્ડલેસ બેંક લી. વિ. સેન્ટ્રલ ગવર્નમેંટ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ અને બીજાઓ જે ચુકાદો સુપ્રિમ કોર્ટે આપેલ છે તે તરફ દોરતાં જણાવેલ છે કે, એકતરફી ચુકાદો આપેલો હોય અને જે પક્ષકારોને અસંતોષ થયો હોય તો તેવા પક્ષકારે જરૂરી કારણો કોર્ટ સમક્ષ ચુસ્તપણે તેવા સંજોગોમાં એકતરફી ચુકાદો રદ થઈ શકે. આ ચુકાદો મારી સમક્ષની રીવ્યુ અરજીને લાગુ પાડી શકાય નહીં. કારણ કે અસલ અપીલ બંને પક્ષકારો તરફથી તેમના વિદ્વાન એડવોકેટોને સાંભળી તેઓને દલીલો તથા પુરાવાઓ લક્ષમાં લઇ ગુણદોષ ઉપર નક્કી કરવામાં આવે છે

૧૧. અરજદાર કંપનીના એડવોકેટ આર. બી. પટેલે મારું ધ્યાન રાયપુર મેન્યુફેકચરીંગ કંપની વિરુદ્ધ ભીખાભાઈ દેવરામભાઈ પટણી તરફ દોરી જણાવેલ કે, બી. આઈ. આર, એકટના રુલ ૫૩ પ્રમાણે કોઈ પણ કેસમાં સમય મર્યાદા નક્કી કરવાની હોય તો રૂલ ૫૩ પ્રમાણે પક્ષકારો પોતાની સાથે એકબીજાની સાંમતીથી આવી સમયમર્યાદામાં ફેરફાર કરી શકે. આ ચુકાદો આ ચુકાદો આ બંધ બેસતો ન હોઈ તે અંગે વધુ ચર્ચા કરવી વ્યાજબી નથી.

૧૨. ઉપરોકત તમામ સંજોગોને લક્ષમાં લેતાં હું એવા મંતવ્ય ઉપર આવું છું કે, આ રીવ્યુ અરજીમાં કંપની તરફથી અગાઉના ચુકાદામાં ફેરફાર કરવાની જે દલીલો કરવામાં આવી છે તે માન્ય રાખી શકાય તેમ નથી. એક સમયે એમ માની લઈએ કે કંપનીના એડવોકેટ શ્રી આર. પી. પટેલની દલીલો માન્ય રાખવામાં આવે. પ્રશ્ન એ છે કે એક વખત ગુજરાત હાઈકોર્ટની ફુલ બેન્ચે લેબર કોર્ટ તેમજ ઔદ્યોગિક અદાલત તેમજ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ આ તમામ કોર્ટોને "કોર્ટ"ની વ્યાખ્યામાં ગણી અને નક્કી કર્યું કે ઈન્ડીયન કન્ટેમ્પ્ટ ઓફ એકટ નીચે આવી લેબર કોર્ટોને 'કોર્ટ' તરીકે ગણી શકાય. પ્રશ્ન એ થાય છે, એક વખત કાયદાકીય એકમને કાયદાનું યોગ્ય સ્વરૂપ આપવામાં આવ્યું તો તેનો અર્થ એવો નથી થતો કે, આવું સ્વરૂપ બીજા કાયદા અન્વયે સંપૂર્ણ રીતે બદલાઇ જાય છે. ગુજરાત હાઈકોર્ટની ફુલબેન્ચે આપેલ ચુકાદામાં નક્કી થયા મુજબ ઈન્ડીયન કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ એકટ નીચે તિરસ્કારને લગતી જે કોઈ કાર્યવાહી લેબર કોર્ટ અથવા તો ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ કે ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ સમક્ષ કરવામાં આવે તો તેવા સંજોગોમાં લેબર કોર્ટ અથવા તો ઉપરોકત તમામ કોર્ટોને 'કોર્ટ'ની વ્યાખ્યામાં સમાવેશ થઈ શકે બીજા અન્ય કાયદાઓ અન્વયે આવી લેબર કોર્ટ 'કોર્ટ' તરીકે ન ગણી શકાય

INDEX

અથવા તો ઈન્ડીયન કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ એકટ સિવાયની કોઈપણ કાર્યવાહી અથવા પ્રોસીડીંગ્સ આવી લેબર કોર્ટ સમક્ષ ચાલુ હોય તો તેવા સંજોગોમાં લેબર કોર્ટ. 'કોર્ટ' તરીકે ગણી શકાય નહીં તેવું કોઇપણ સ્પષ્ટ મંતવ્ય ગુજરાત હાઇકોર્ટની ફુલબેન્ચે તેમના ચુકાદામાં જણાવેલ નથી. તેથી ઉપરોકત તમામ સંજોગો લક્ષમાં લેતાં આ રીવ્યુ અરજીમાં કોઇ તથ્ય હું જોતો નથી અને તેથી અંતમાં હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૧૩, આ રીવીઝન અરજી રદ કરવામાં આવે છે. કંપનીની તરફેણમાં આપેલ મનાઈહુકમ આથી રદ કરવામાં આવે છે. કંપનીએ આ રીવીઝન અરજી અંગેનો પોતાનો ખર્ચ પોતે ભોગવવો અને સંબંધિત કામદારને સદરહુ રીવીઝન અરજીના ખર્ચ પેટે રૂા. ૩૫૦ ચુકવી આપવા,

આર. એસ. શુકલ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, અમદાવાદ

સહી ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૮-૨-૧૯૯૧

સહી/ આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

અમદાવાદ તા. ૨૨-૨-૯૧

સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગીક સંબંધક અધિનિયમ અન્વયે

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના ક્રમાંક : ૬-ખ શમક-૨૭૪૫૫ આરથુ સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનીયમની કલમ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ (ગુજરાત) નીયમોના નીયમ ૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ હું ટેક્ષટાઇલ લેબર એસોસીએશન અમદાવાદ અને ધી અમૃતા મિલ લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડો સને ૧૯૯૧ માં ફેબ્રુઆરી માસના ૨૨મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૧/૮૩

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન. અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

ધી અમૃતા મીલ લી. અમદાવાદ — દ્વિતીય પક્ષકાર

મીલના ઈજનેર મીકેનીક ખાતામાં કામ કરતા ફીટર, પાટીવાળા, કુલી વગેરેને ચામડાના બુટ અને શર્ટ-પેન્ટ આપવા અંગે

ચુકાદો

૧. હાલની રેફરન્સ મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનીયમ, ૧૯૪૬ ની કલમ ૭૩-ક મુજબ પ્રથમ પક્ષકાર સંઘે દાખલ કરેલ ને. સંઘે મીલ કંપનીને તા. ૧૬-૯-૮૨ ના રોજ કલમ ૪૨-૨ મુજબની ફેરફારની સુચના આપીને ઉપરોક્ત માંગણી કરેલ. જે અંગે પક્ષકારો વચ્ચે સમાધાનકાર કોઈ સમજુતી ન

કરાવી શકતાં, તેઓની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલનો રેફરન્સ સંઘે દાખલ કરેલો છે.

૨. આ રેફરન્સમાં સંઘે આંક-૨૨ મુજબની પુરસીસ આપીને જણાવેલ છે મીલ કંપની સદંતર બંધ છે જેથી ફરી ચાલુ થયે રેફરન્સ કરવાના તેઓના હકને બાધ ન આવે તે રીતે તેઓ આ રેફરન્સ પાછો ખેંચવા માગે છે તે મુજબ તેમને પરવાનગી આપવા વિનંતી છે. સંઘની સદર પુરસીસની વિગતે તેમને રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં અમોને કોઈ હરકત જણાતી નથી. જેથી આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

હુકમ

૨. સંઘને રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે આ રેફરન્સનો નિકાલ થયેલ ગણવાનો રહેશે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી/ એન. એ. ચૌહાણ
સભ્ય
ઔદ્યોગીક અદાલત ગુજરાત

સહી- ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૧-૮-૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનીયમ
અમદાવાદ

અમદાવાદ, ૨૨/૨/૯૧

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ૬/ખ/શમક/૨૭૪૫૬ આથી સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને અંબીકા મીલ્સ લી. નં. ૧ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની ફેબ્રુઆરી માસના ૨૨મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

શ્રી વી. એચ. ઠાકોર સભ્ય રૂબરૂ

રેફરન્સ આઇ. સી. નંબર ૧૧૦-૮૮

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

અંબીકા મીલ નં. ૧ અમદાવાદ — બીજા પક્ષકાર

ગ્રે ફોલ્ડીંગ ખાતામાં ઠાકોરભાઈ મણીલાલની જગાએ બદલી ભરતા ખોડીદાસ આત્મારામને મુકી કારકુનનો ગ્રેડ આપવા બાબત.

ઉદ્યોગ કોટન ટેક્ષટાઈલ.

ચુકાદો

૧. હાલની આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીમાં ફોલ્ડીંગ ખાતામાં ઠાકોરભાઈ મણીલાલની જગાએ બદલી ભરતા ખોડીદાસ આત્મારામને મુકી કારકુનની ગ્રેડ આપવા બાબતમાં યુનિયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરોઅંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

INDEX

૨. ચાલુ રેફરન્સે યુનીયને આંક ૧૨ની પુરસીસ આપી જણાવેલ છે કે, મીલ કંપનીએ સદરહું ખાતુ બંધ કરી દીધેલ છે જેથી ખાતુ ફરી શરૂ થયે રેફરન્સ કરવાના તેમના હકક સાથે આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાની માગે છે તે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. મીલ કંપની ખાતુ ફરી શરૂ કરે ત્યારે રેફરન્સ કરી શકશે તેવા યુનીયનના હકક સાથે આ રેફરંસ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

અમદાવાદ તા. ૪–૨–૧૯૯૧

વી. એચ. ઠાકોર
સભ્ય
ઔધોગીક અદાલત ગુજરાત
અમદાવાદ

સહી/– ની. ન. પટેલ
રજીસ્ટ્રાર

અમદાવાદ, તા. ૨૨–૨–૧૯૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔધોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔધોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના ક્રમાંક ૬/ખ/શમક/૨૭૪૫૭ આરયુ. સને ૧૯૪૬નાં મુંબઈ ઔધોગિક સંબંધક અધિનિયમની કલમ–૭૪[૨] અને સને ૧૯૬૧ના મુંબઈ ઔધોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ–૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને મીઠીર

ટેક્ષટાઇલ લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં ફેબ્રુઆરી માસના ૨૨મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગીક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

વી. એચ. ઠાકોર, સભ્ય રુબરુ

રેફરન્સ આઈ. સી. નં. ૧૯૦–૮૯

ટેક્ષટાઇલ લેબર એસોસીએશન પ્રથમ પક્ષકાર
ભદ્ર, અમદાવાદ

અને

મીહીર ટેક્ષટાઈલ્સ મીલ્સ લી. બીજા પક્ષકાર

મીલ કું. તેનું ગ્રે ફોલ્ડીંગ વીભાગ બંધ કરવા માગે છે અને તેના કારણે ૧૦ કામદારોની જગા નાબુદ કરવા માગે છે તે અંગે.

ઉદ્યોગ– કોટન ટેક્ષટાઈલ.

ચુકાદો

૧. હાલની આ રેફરંસ બીજા પક્ષકાર મીલ કંપની તેનું ગ્રે ફોલ્ડીંગ વીભાગ બંધ કરવા માંગે છે અને તેના કારણે આ ખાતાની ૧૦ કામદારોની જગાઓ નાબુદ કરવા માંગે છે તે કારણોસર મીલ કંપનીને યુનીયને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરોઅંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થીત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પક્ષકારોએ આંક ૧૧નું પુરસીસ આપી જણાવેલ છે કે, મીલ કંપની હાલ તુરત આ બાબતમાં આગળ ચલાવવા માંગતી નથી અને નોટીસ ઓફ ચેન્જ પાછો ખેંચી લે છે અને આ સંજોગોમાં યુનિયન જ્યારે મીલ કંપની ફરી જરૂર ઉપસ્થીત થયે ફરી નોટીસ આપી શકશે. તેવા તેના હકક સાથે નોટીસ ઓફ ચેન્જ પાછી ખેંચી લેતી હોવાથી તે રેફરંસ આગળ ચલાવવા

માંગતી નથી અને રેફરન્સ પાછી ખેંચી લેવાની પરવાનગી માંગે છે, જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

૩. મીલ કંપની ફરી જરૂર પડે નોટીસ ઓફ ચેન્જ આપી શકશે તેવા હકક સાથે નોટીસ ઓફ ચેન્જ પાછો ખેંચી લેતી હોવાથી યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે, ખર્ચ બાબતમાં કોઇ હુકમ કરવામાં આવતો નથી,

સહી/–વી. એચ. ઠાકોર
સભ્ય
ઔદ્યોગીક અદાલત ગુજરાત

સહી/– ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૪–૨–૧૯૯૧

અમદાવાદ તા. ૨૨–૨–૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે

નિમાયેલ સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ૬/ખ/શમક/૨૭૪૫૮/આરયુ/સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪–૨અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ, હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને અમૃતા મીલ્સ લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદ માં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧માં ફેબ્રુઆરી માસના ૨૨મા દીને આથી નોંધ કરું છું

ઔદ્યોગિક અદાલત ગુ. અમદાવાદ

એન. એ. ચૌહાણ સભ્ય રબર

રેફરન્સ (આઈ. સી.) નં. ૪૧૭–૮૩

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

અમૃતા મીલ્સ કંપની લી. અમદાવાદ દ્વિતીય પક્ષકાર

ઉદ્યોગ–કોટન ટેક્ષટાઈલ

મીલના બ્લીચીંગ ખાતામાં કેમીકલ્સ વાપરવામાં આવતું હોવાથી તેના કારીગરોને દુધ અને વીટામીનની ગોળીઓ આપવા અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩[ક] મુજબ સંઘે દાખલ કરેલ છે. સંઘે મીલ કંપનીને તા. ૬–૪–૮૩ના રોજ કલમ ૪૨[૨] મુજબની ફેરફારની સુચના આપેલી. જે અન્વયે બંને પક્ષકારો વચ્ચે

INDEX

સમાધાનકાર કોઇ સમાધાન ન કરાવી શકતાં તેઓની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલનો રેફરન્સ સંઘે દાખલ કરેલ છે.

૨. ત્યાર બાદ આ રેફરન્સમાં સંઘ તરફે આંક ૧૫ની પરસીસ રજુ કરીને જણાવેલ છે કે, મીલ કંપની હાલમાં બંધ છે અને મીલ ફરીથી ચાલુ થયે રેફરન્સ ફરી કરવાના તેઓના હકકને અબાધીત રાખી તેમને પાછો ખેંચવાની પરવાનગી આપવા વીનંતી છે. સદરહુ પુરસીસની વિગતે તેમને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં અમોને કોઈ હરકત જણાતી નથી, માટે આ કામમાં નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

હુકમ

૩. સંઘને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે આ રેફરન્સનો નિકાલ થયેલ ગણવાનો રહેશે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

નારણસિંહ ચૌહાણ
સભ્ય
ઔધોગિક અદાલત ગુજરાત અમદાવાદ

સહી/- ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૧-૨-૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔધોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૨૨-૨-૯૧

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનીયમ અન્વયે

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધીસુચના ક્રમાંક ૬/ખ-શમક-૨૭૪૫૯ આરયુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમની કલમ-૭૪-૨ સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ (ગુજરાત) નીયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને શ્રી અમૃતા મીલ્સ લીમીટેડ અમદાવાદની વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૧૯૯૧માં ફેબ્રુઆરી માસના ૨૨મા દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત અમદાવાદ

શ્રી એન. એ. ચૌહાણ સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઇસી) નં. ૪૧૩/૮૩

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

શ્રી અમૃતા મીલ્સ લી. અમદાવાદ — દ્વિતીય પક્ષકાર

મીલના ઓટો શાળ ખાતામાં કામ કરતાં ટેકલર અને આસી. ટેકલરને વર્ષમાં બે જોડી ફુલ પેન્ટ અને શર્ટ આપવા અંગે.

ચુકાદો

૧, હાલનો આ રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૭૩(ક) મુજબ સંઘે દાખલ કરેલ છે. સંઘે મીલ કંપનીને તા. ૭-૪-૮૩ના રોજની એક ફેરફારની સુચના કલમ ૪૨(૨) મુજબની આપેલી. જે અંગે પક્ષકારો વચ્ચે સમાધાનકાર કોઈ સમાધાન ન કરાવી શકતાં તેઓની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલનો રેફરન્સ સંઘે આ અદાલતમાં દાખલ કરેલ છે.

INDEX

૨. ત્યારબાદ આ રેફરન્સમાં સંઘે આંક ૧૯ની પુરસીસ રજુ કરીને જણાવેલ છે કે, મીલ કંપની હાલમાં સંદતર બંધ છે તે ફરી ચાલુ થયે રેફરન્સ કરવાના હકકને બાધ ન આવે તે રીતે પાછો ખેંચવા પરવાનગી આપવા વિનંતી છે. સંઘની સદરહુ પુરસીસની વિગતે તેમને રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં અમોને કોઈ હરકત જણાતી નથી. માટે આ કામમાં નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

હુકમ

૩. સંઘને રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે આ રેફરન્સનો નિકાલ થયેલ ગણવાનો રહેશે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી/– નારણસિંહ ચૌહાણ
સભ્ય
ઔદ્યોગિક અદાલત ગુજરાત

સહી– ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૧–૨–૧૯૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નીબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધિનીયમ
અમદાવાદ

અમદાવાર તા. ૨૨–૨ ૯૧

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ અન્વયે

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના ક્રમાંક ખ/શમક/૨૭૪૬૦ / આર યુ/ સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪–૨ અને સને૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ગુજરાત નિયમોના નિયમ–૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રુએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને શ્રી અંબીકા મીલ્સ નં. ૧ અમદાવાદની વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔદ્યોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડા સને ૧૯૯૧માં ફેબ્રુઆરી માસના ૨૨મા દીને આથી નોંધ કરૂ છું.

ઔદ્યોગીક અદાલત ગુજરાત રાજ્ય, અમદાવાદ

એન. એ. ચૌહાણ સભ્ય રુબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૩૦૭/૮૪

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ
પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

અંબીકા મીલ લી. નં. ૧ અમદાવાદ દ્વિતીય પક્ષકાર

મીલના એન્જીનીયરીંગ ખાતાના ફીટરોની જેમ હેલ્પરોને પણ પગના રક્ષણ માટે બુટ આપવા અંગે.

ઉદ્યોગ કોટન ટેક્ષટાઈલ

ચુકાદો

૧. હાલની રેફરન્સ મુંબઈ ઔદ્યોગીક સાંબંધક અધીનીયમ ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ ના અધીનીયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩ (ક) મુજબ સંઘે દાખલ કરેલ છે. સંઘે મીલ કંપનીને તા. ૭–૮–૮૪ના રોજ કલમ ૪૨–૨ મુજબની ફેરફારની સુચના આપેલ. જે અંગે સમાધાનકાર પક્ષકારો

વચ્ચે કોઈ સમાધાન કરાવી શકેલા નહીં, જેથી તેમની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલની રેફરન્સ સંઘે દાખલ કરેલી છે.

૨. ત્યાર બાદ આ રેફરન્સમાં સંઘે આંક–૨૧ની પુરસીસ આપીને જણાવેલ છે કે, મીલ કંપની સાથે કરાર થઈ ગયેલ છે અને પ્રોસેસીંગ ખાતુ બંધ થઈ ગયેલ હોવાથી તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી. માટે પાછી ખેંચવાની પરવાનગી આપવા વિનંતી છે. સંઘની સદર પુરસીસની વીગતે તેમને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે.

હુકમ

૨. સંઘને આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે રેફરન્સનો નિકાલ થયેલ ગણવાનો રહેશે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી/ નારણસીંહ ચૌહાણ
સભ્ય
ઔદ્યોગીક અદાલત, ગુજરાત.

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૧–૨–૯૧

અમદાવાદ તા. ૨૨–૨–૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના ક્રમાંક ૬/ખ/શમક/૨૭૪૬૧ આર યુ સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને હિમાદ્રી ટેક્ષટાઈલ્સ અમદાવાદ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ માં ફેબ્રુઆરી માસના ૨૨ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

શ્રી એન. એ. ચૌહાણ સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઈસી) નં. ૧૦૨/૭૯

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ . પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

હિમાદ્રી ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદ દ્વિતીય પક્ષકાર

ડાઈંગ ખાતાની સુપરવાઈઝરની ખાલી જગા ઉપર હરેશ જયંતીભાઈ પારેખને મુકવા અને હોદો તથા પગાર આપવા અંગે

પ્રથમ પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી સુરેન્દ્ર જોશી.

દ્વિતીય પક્ષકાર તરફે વકીલ કુ. મીનાબેન શાહ

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ પ્રથમ પક્ષકાર કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગની

INDEX

મીલોના કામદારોનું પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેના તરફથી કરવામાં આવેલ છે. તેમની હકીકત એ મુજબની છે કે, પ્રથમ પક્ષાકર સંઘે દ્વિતીય પક્ષકાર મીલને તા. ૧૪–૨–૭૯ના રોજ ૧૯૪૬ના અધિનિયમની કલમ ૪૨[૨] મુજબની ફેરફારની સુચના આપીને માંગણી કરેલ હતી કે ડાઈંગ ખાતામાં સુપરવાઇઝરની જગા ખાલી પડેલ છે તે જગા ઉપર પ્રોસેસીંગ ખાતામાં કામ કરતા શ્રી હરેશભાઈ જયંતીભાઈ પારેખને નીમવા. આ માંગણીનો દ્વિતીય પક્ષકાર મીલે સ્વીકાર કરેલો નહીં અને ૧૯૪૬ના અધિનિયમની નીચે નીમવામાં આવેલ. સમાધાનકાર પણ પક્ષકારો વચ્ચે સમજુતિ કરાવી શકેલા નહીં માટે તેઓએ તા. ૭૧–૩–૭૯ના રોજ પ્રથમ પક્ષકારને નિષ્ફળતાનું પ્રમાણપત્ર મોકલી આપેલ હતું. ત્યાર બાદ પ્રથમ પક્ષકાર સંઘે સદરહું માંગણીનો ન્યાય નિર્ણય કરવા માટે ઔદ્યોગિક અદાલતને આ રેફરન્સ કરેલો છે.

૨. પ્રથમ પક્ષકાર સંઘે આંક–૪ મુજબનું માંગણાનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે, સાંબંધીત કર્મચારી હરેશભાઈ જયંતીભાઈ પારેખ પ્રોસેસીંગ ખાતામાં કલાર્ક તરીકે કામ કરે છે તથા તેઓ સુપરવાઇઝરની ગેરહાજરીમાં સુપરવાઈઝર તરીકેની ફરજો બજાવે છે અને હાલમાં સુપરવાઈઝરની જગા ખાલી પડેલ હતી ત્યારે તેમને તે જગા માટેની માંગણી કરેલ હતી, પરંતુ તે વખતે ભવિષ્યમાં જ્યારે જગા ખાલી પડશે ત્યારે તેમને મુકવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવેલ હતી. ત્યાર બાદ તા. ૧–૧૨–૭૮થી સુપવાઈઝર તરીકે કામ કરતા કોઠારીને જુનીયર આસીસ્ટન્ટ તરીકે બઢતી આપવામાં આવેલ છે અને સુપરવાઈઝરની જગા ખાલી પડી છે માટે આ જગાએ સંબંધીત કર્મચારી શ્રી હરેશભાઈને ભરતી આપવી જોઈએ પરંતુ તે માગણી દ્વિતીય પક્ષકાર મીલે સ્વીકારેલ નથી તે વ્યાજબી નથી માટે પ્રોસેસીંગ ખાતામાં સુપરવાઈઝરની જગા ખાલી પડી ત્યારથી હરેશભાઇ જયંતીભાઈને તે જગા ઉપર નિમણુંક કરવામાં આવેલ છે તેઓ દ્વિતીય પક્ષકાર મીલને આદેશ આપીને ત્યારથી તેઓને તે હોદાનો વેતન તરીકેનો લાભ મળવો જોઇએ.

૩. દ્વિતીય પક્ષકાર મીલે આંક–૫ મુજબનો લેખીત જવાબ રજુ કરીને સદરહું માંગણીનો વિરોધ કરેલો છે. દ્વિતીય પક્ષકારની રજુઆત એવી છે કે, સાંબંધીત કર્મચારી હરેશ જયંતીલાલે ૧૯૭૬માં સુપરવાઈઝરની જગા માટે અરજી કરેલ હતી તે વખતે સાંબંધીત કર્મચારી અને બીજા બહારના લોકોએ પણ અરજી

કરેલ હતી તે બધાના ઈન્ટરવ્યુ લેવામાં આવેલ હતા અને સંબંધીત કર્મચારી કરતાં બીજા અરજદારો પૈકીના એક અરજદાર જે વધુ યોગ્ય લાગેલા તેઓને પસંદ કરવામાં આવેલા. પરંતુ તે વખતે સંબંધીત કર્મચારીને વચન આપવામાં આવેલ ન હતું કે ભવીષ્યમાં જ્યારે જગા ખાલી પડશે ત્યારે તેમને નીમવામાં આવશે. વાસ્તવમાં આ જગા બઢતીથી ભરવામાં અવતી નથી. પરંતુ સીધી ભરતીથી ભરવામાં આવે છે. તદઉપરાંત આ જગા માટેની શૈક્ષણીક :લાયકાત જે નક્કી કરવામાં આવેલ છે તે લાયકાત સંબંધીત કર્મચારી ધરાવતા ન હોવાથી તેઓ:ને તે જગા ઉપર નીમી શકાય તેમ નથી. ૧૯૭૮ની અંદર પણ તે જગા માટે અરજીઓ મંગાવવામાં આવેલ હતી અને તે વખતે એક સોલંકી કે જેઓને ૯।। વર્ષ સુધી સુપરવાઈઝર તરીકે કામ કરેલ તેઓને પસંદ કરવામાં આવેલ છે માટે સંબંધીત કર્મચારીને તે જગા ઉપર નીમવા માટેની માંગણી વાજબી નથી. આ લેખીત જવાબમાં અગાઉ સાંબંધીત કર્મચારીને સુપરવાઇઝર તરીકેની કામગીરી બજાવેલી છે તે વીધાન સાચું નથી એમ જણાવવામાં આવેલ છે.

૪, પ્રથમ પક્ષકાર સંઘે પોતાની રજુઆતના સમર્થનમાં સંબંધિત કર્મચારી હરેશભાઈ પારેખને આંક–૧૪થી તેમજ દ્વિતીય પક્ષકાર મીલમાં ૧૯૭૨થી ૮૮ સુધી ડાંઈંગ માસ્તર તરીકે કામ કરતાં રજનીકાંત શાહને આંક–૧૮થી તપાસેલા છે, જ્યારે દ્વિતીય પક્ષકાર મીલે તેમના જનરલ મેનેજર નરેન્દ્રકુમાર અગ્રવાલને આંક–૨૨થી તપાસેલા છે. પ્રથમ પક્ષકાર તરફે શ્રી જોશીની રજુઆત એવી છે કે, ૧૯૭૬માં પારેખનો ઈન્ટરવ્યુ લેવામાં આવેલ હતો અને તે વખતે પસંદગી સમિતિએ એવી બાંહેધરી આપેલ હતી કે તેઓને બે ત્રણ વર્ષ પછીથી સુપરવાઇઝર તરીકે લેવાશે માટે ૧૯૭૮માં જગા ખાલી પડી ત્યારે દ્વિતીય પક્ષકાર મીલે સંબંધીત કર્મચારીને જ લેવા માટે બંધાયેલા હતા પરંતુ તેમ કરેલ નથી માટે દ્વિતીય પક્ષકાર મીલને આદેશ આપવાની જરુર છે કે સંબંધિત કર્મચારીને ૧૯૭૮થી સુપરવાઈઝરની કક્ષામાં ગણીને તે મુજબનો તેમને વેતન વગેરેનો લાભ આપવો જોઈએ. આની વિરુદ્ધમાં કુ. શાહની રજુઆત એવી છે કે આ જગા બઢતીથી ભરવામાં આવતી નથી. પરંતુ સીધી ભરતીથી ભરવામાં આવે છે સીધી ભરતી વખતે સંબંધીત કર્મચારીને ૧૯૭૬માં અરજી કરેલ હતી અને ૧૯૭૮માં પણ અરજી કરેલ હતી પરંતુ પસંદગી સમિતિએ તેમને પસંદ કરેલા નથી તેથી તેઓ તે જગા ઉપર નિમણુંક મેળવવાનો હકક ધરાવતા નથી કારણ કે તે જગા સીધી ભરતીથી ભરવામાં આવે છે.

૫. પરિણામે પ્રશ્ન એ નકકી કરવાનો રહે છે કે, સંબંધિત કર્મચારીને સુપરવાઈઝરની ખાલી પડેલ જગામાં ૧૯૭૮ બાદ દ્વિતીય પક્ષકાર મીલે સુપરવાઈઝર તરીકે નિમણુંક કરેલ નથી તેમાં સંબંધિત કર્મચારીને કોઈ અન્યાય કરેલ છે કે કેમ? પક્ષકારો તરફથી જે પુરાવો રજુ થયો તે લક્ષમાં લેતાં આ અદાલત એવા નિર્ણય પર આવે છે કે, સદરહુ જગા સીધી ભરતીથી ભરવાની હોવાથી સંબંધિત કર્મચારીને તે જગા ઉપર નિમણુંક ન આપીને દ્વિતીય પક્ષકાર મીલે તેઓને કોઈ અન્યાય કરેલ છે એમ કહી શકાય નહીં. સદરહુ નિર્ણય અંગેના સંક્ષિપ્તમાં કારણો નીચે મુજબનાં છે.

૬. પક્ષકારો વચ્ચે તકરાર નથી કે, જે જગા માટે આ રેફરન્સ કરવામાં આવેલ છે તે જગા બઢતીથી ભરવાની છે નહીં પરંતુ સીધી ભરતીથી ભરવાની છે. સીધી ભરતી વખતે મીલમાં કામ કરતાં કર્મચારીઓ જેઓ તે જગા માટે યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા હોય તો તે માટે અરજી કરી શકે છે. આ સંજોગોમાં ૧૯૭૬માં પણ સંબંધીત કર્મચારીએ સુપરવાઈઝરની જગા ખાલી પડેલી ત્યારે અરજી કરેલી હતી. ત્યાર બાદ ૧૯૭૮માં આ જગા ખાલી પડેલી ત્યારે પણ સંબંધિત કર્મચારીએ તે જગા માટે અરજી કરેલી હતી. ૧૯૭૮માં સંબંધિત કર્મચારીને તે માટે પસંદ કરવામાં આવેલ નથી અને એક શ્રી સોલંકીને પસંદ કરવામાં આવેલા છે. જ્યારે આ હકીકતો બાબતમાં પક્ષકારો વચ્ચે કોઈ તકરાર નથી, તે પરથી સ્પષ્ટ છે કે, જે જગા અંગેનો સંબંધિત કર્મચારી માટે આગ્રહ રાખવામાં આવે છે તે જગા બઢતીથી ભરવાની પ્રણાલિકા નથી પરંતુ સીધી ભરતીથી ભરવાની પ્રણાલિકા છે જ્યારે જગા સીધી ભરતીથી ભરવાની હોય ત્યારે ખાતાના કર્મચારીઓ તે જગાએ તેમની બઢતીથી નિમણુંક કરવી જોઈએ એવો આગ્રહ રાખી શકે નહીં. જે જગા સીધી ભરતીથી ભરવાની હોય તે જગામાં કોને પસંદ કરવા અથવા કોને યોગ્ય ગણવા એ બાબતનો માલીકનો હકક અબાધીત છે.

આ બાબતમાં શ્રી જોશી પણ સંમત થાય છે પરંતુ શ્રી જોશીની રજુઆત એવી છે કે, ૧૯૭૬માં જ્યારે સંબંધીત કર્મચારીએ સુપરવાઈઝરની જગા માટેની અરજી કરેલ હતી ત્યારે તેઓને વચન આપવામાં આવેલ હતું કે હવે પછી જ્યારે જગા ખાલી પડશે ત્યારે તેમની નીમણુંક કરવામાં આવશે. દ્વિતીય પક્ષકાર મીલ આ જાતની કોઈ બાંહેધરી આપવામાં આવેલ હોવાની હકીકત કબુલ રાખતી

INDEX

નથી. શ્રી જોશી પોતાની રજુઆતના સમર્થનમાં ૧૯૭૬માં પસંદગી સમીતીના મીનીટસ ઉપર આધાર રાખે છે, જે મીનીટસ પ્રથમ પક્ષકારના આગ્રહથી દ્વિતીય પક્ષકાર મીલે આંક–૧૨–અ ની યાદી સાથે રજુ કરેલ છે. જે મીનીટસ ઉપર આધાર રાખવામાં આવે છે તે અ. નં. ૧૨થી રજુ કરવામાં આવેલ છે. તે મીનીટ જોતાં માલુમ પડે છે કે, ૧૯૭૬માં સુપરવાઈઝરની જગ, માટે ૨૦ વ્યક્તિઓએ અરજી કરેલ હતી. જેમાંથી ૧૦ વ્યક્તિઓને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવેલ હતી અને જેમાંથી ૮ વ્યક્તિઓ ઈન્ટરવ્યુ માટે હાજર રહેલ હતી અને જેમાંથી મનુભાઈ શીવાભાઈ પટેલ તેમજ શ્રી એસ. કે, છાંટબારને પસંદ કરવામાં આવેલા હતા. ઈન્ટરવ્યુ આપવા આવનારાઓમાં સંબંધીત કર્મચારી પણ એક હતા અને તેમણે અંગેની મીનીટસમાં એવો ઉલ્લેખ કરવામાં આવેલ છે કે તેઓ હિમાદ્રી મેન્યુફેકચરીંગ મીલમાં કલાર્ક તરીકે ડાઈંગ ખાતામાં કામ કરે છે અને તેઓ વધુ ૨–૩ વર્ષનો અનુભવ મેળવે ત્યારબાદ તેઓનો કીસ્સો વીચારણામાં લેવો. ૧૯૭૬ની પસંદગી સમીતીએ મીનીટસમાં આ જાતનો ઉલ્લેખ કરેલો છે તે પરથી શ્રી જોશીની રજુઆત એવી છે કે. તેમને વચન આપવામાં આવેલ હતું પરંતુ આ રજુઆત સાથે સંમત થઈ શકાય નહીં, પસંદગી સમીતીએ તો એટલું જ જણાવેલ છે કે ૨–૩ વર્ષનો અનુભવ મેળવ્યા પછીથી તેઓનો કિસ્સો વીચારણામાં લેવો. તેનો અર્થ એવો નહીં કે તેઓને ૨–૩ વર્ષના અનુભવ પછી સુપરવાઈઝર તરીકેની જગા ખાલી પડે એટલે નીમણુંક આપી જ દેવી. પસંદગી સમીતીએ જેટલા વ્યક્તિઓએ અરજી કરી હોય તેમાથી તેમની દ્રષ્ટિએ જે સારો અને યોગ્ય લાગે તે ઉમેદવારને પસંદ કરવાનો હોય છે. ૧૯૭૮માં જયારે જગા ખાલી પડેલ ત્યારે તેમના કરતાં બીજા એક યોગ્ય વ્યક્તિને પસંદ કરવામાં આવેલા છે. આ સંબંધમાં શ્રી અગ્રવાલની રજુઆત એવી છે કે, આ મીલનો વહીવટ એન ટી સી. એ સંભાળી લીધેલો ત્યારબાદ સાધારણ રીતે એવું ધોરણ નકકી કરવામાં આવેલ હતું કે જેઓએ ટેક્ષટાઈલ કેમેસ્ટ્રીનો ડીપ્લોમા અગર ડીગ્રી મેળવેલ હોય તેવી વ્યક્તિઓને અગર તો કેમેસ્ટ્રીના વિષય સાથે બી.એસ.સી.ની ડીગ્રી મેળવેલ હોય તેવી વ્યક્તિઓને બને ત્યાં સુધી પસંદ કરવી. સંબંધીત કર્મચારી મેથેમેટીકસ સાથે બી. એસ. સી. થયેલા છે એટલે પસંદગી સમીતીએ કદાચ તેમને પસંદ ન પણ કર્યા હોય એમ લાગે છે. પલભર એમ માની લઈએ કે કોઈ ધોરણ નકકી કરવામાં આવેલ નથી તેમ છતાં જયારે જગા સીધી ભરતીથી ભરવાની હોય ત્યારે કોઈપણ ઉમેદવાર પોતે જરૂરી લાયકાત ધરાવે છે માટે પોતાની જ નીમણુંક કરવી જોઈએ એવો આગ્રહ રાખી શકે નહીં જરૂરી લાયકાતો ધરાવતી ઘણી વ્યક્તિઓ–

INDEX

માંથી કઈ વ્યક્તિ પસંદગી સમીતીને યોગ્ય લાગે છે તે નિર્ણય પસંદગી સમીતીને છે અને તેમાં હસ્તક્ષેપ કરવાની આ અદાલતની સત્તા બહુ જ મર્યાદીત છે, પસંદગી સમીતીએ દ્વેષ બુદ્ધીથી અથવા ઇતર કોઇ વ્યક્તિને ગેરલાભ આપવાના ઉદ્દેશથી જ જો નિર્ણય લીધેલ હોય તો જ તેમાં અદાલત હસ્તક્ષેપ કરી શકે છે. આપણા કીસ્સામાં દ્વેષબુદ્ધીથી અથવા ઇતર વ્યક્તિને ગેરલાભ આપવા માટે આ નિર્ણય લેવામાં આવેલ છે એમ કહી શકાય તેમ નથી, શ્રી જોશીની રજુઆત એવી છે કે, પસંદગી સમીતીએ શ્રી પારેખને ૨-૩ વર્ષ પછીથી સુપરવાઇઝર તરીકે લક્ષમાં લેવા એવો નિર્ણય લીધેલ છે તે નિર્ણય બીજી પસંદગી સમીતીને બંધનકર્તા છે અને તેઓને કીસ્સો પસંદગીમાં લઇને નિર્ણય કરવાની કે વીચારણામાં લેવાની. જે તે વખતની પસંદગી સમીતી અગાઉની પસંદગી સમીતીને આ અભિપ્રાય ગ્રાહ્ય રાખવા માટે બંધાયેલ છે. પસંદગી સમીતીને એના કરતાં વધુ યોગ્ય ઉમેદવાર બીજો માલુમ પડે તો તેમાં અગાઉની પસંદગી સમીતીના આ અભિપ્રાયની અવગણના પણ કરી શકે છે. પરીણામે સાંબંધીત કર્મચારીને સુપરવાઈઝરની જો જગા ખાલી પડેલી તેમાં તેઓને નીમવામાં આવેલ નથી તેમાં દ્વિતીય પક્ષકાર મીલે કોઇ અન્યાય કરેલ છે એમ કહી શકાય નહીં.

૭. શ્રી જોશીની રજુઆત એવી છે કે, અગાઉ આ જગા ઉપર ફક્ત મેટ્રીક પાસ થયેલાને પણ નીમવામાં આવતા હતા.. અગ્રવાલ સંમત થાય છે કે, આ મીલનો વહીવટ જયારે જુની મેનેજમેન્ટ પાસે હતો ત્યારે તે પ્રમાણેની નિમણુંક કરવામાં આવતી હતી, પરંતુ જયારે એન. ટી. સી.ને આ મીલ અને ઈતર મીલોને વહીવટ સંભાળી લીધેલો છે ત્યારથી તેઓને ઉપર જણાવેલ ધોરણવાળા વ્યક્તિઓને પસાંદ કરવાની પ્રણાલીકા રાખેલી છે. ક્ષણભર એમ માની લઇએ કે આ પ્રણાલીકા વ્યાજબી નથી તો પણ શ્રી પારેખ આ જગા માટેની નકકી કરવામાં આવેલ લાયકાત ધરાવતાં હતા તેથી જ તેમની તે જગા ઉપર નિમણુંક કરવી જોઈએ તે રજુઆત સાથે સાંમત થઈ શકાય તેમ નથી. કોઇ પણ જગા માટેની નકકી કરવામાં આવેલ શૈક્ષણીક લાયકાત ધરાવતી ઘણી વ્યક્તિઓ હોય અને તે બધી વ્યક્તિઓમાંથી પસાંદગી સમીતીએ તેમને યોગ્ય અને સારી લાગે તે વ્યક્તિની પસાંદગી કરવાની હોય છે. તે પસાંદગીમાં અગાઉ જણાવ્યા પ્રમાણે ઔદ્યોગીક અદાલત દ્વેષબુદ્ધિથી અગર તો કોઈને ખોટા ગેર લાભ આપવા માટે પસંદગી સમીતીએ કામ કર્યું હોય તો તેમાં હસ્તક્ષેપ કરી શકાય છે. આપણા કિસ્સામાં આ જાતનો આક્ષેપ

નથી માટે પ્રથમ પક્ષકાર સંઘ તરફથી જે માંગણી મુકવામાં આવેલી છે તેમાં કંઈ તથ્ય જણાતું નથી. માટે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૮. પ્રથમ પક્ષકાર સંઘ તરફથી જે માંગણી કરવામાં આવેલ છે તે વાજબી જણાતી નથી. માટે તે માંગણી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. ખાસ સંજોગો લક્ષમાં લેતાં ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

નારણસિંહ ચૌહાણ
સભ્ય
ઔધોગીક અદાલત, ગુજરાત

સહી/ ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ
તા. ૮–૨–૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનીયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૨૨–૨–૯૧

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વેયના

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના ક્રમાંક ૬/ખ/શમક/૨૭૪૬૨ આથી સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ગુજરાત નિયમોના નિયમ–૭૦થી મને આપવામાંઆવેલ સત્તાની રુએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને અનીલ સીન્થેટીકલ્સ લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં ફેબ્રુઆરીમાસના ૨૨મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

શ્રી વી. એચ. ઠાકોર સભ્ય સમક્ષ

રેફરન્સ આઈ. સી. નં. ૨૮–૮૮

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

અને

અનીલ સીન્થેટીકસ લી. અમદાવાદ — બીજા પક્ષકાર

યુનિયનની માંગણી મીલ કંપનીના કામદારોને સને ૧૯૮૬ અને ૧૯૮૬–૮૭ના વરસનું બોનસ આપવા વિ. અંગે.

ઉદ્યોગ : કોટનટેક્ષટાઈલ

ચુકાદો

૧. હાલનો આ રેફરન્સ યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીના કામદારોને સને ૧૯૮૬ અને ૧૯૮૬–૮૭ના વરસનું બોનસ આપવા વિ. અંગે યુનિયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

INDEX

૨. ચાલુ રેફરન્સે યુનિયને આંક ૧૧નું પુરસીસ આપી જણાવેલ છે કે, મીલ કંપનીએ બોનસ ચુકવી આપેલ છે. આ સંજોગોમાં આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને તે પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આ સંજોગોમાં હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. અન્ય બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી. વી. એચ. ઠાકોર
સભ્ય
ઔદ્યોગીક અદાલત, ગુજરાત
૪–૨–૯૧

સહી/ બી. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ, ૪–૨–૧૯૯૧

અમદાવાદ તા. ૨૨–૨–૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ, નિબંધક
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધીનિયમ
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગીક સંબંધક અધીનિયમ અન્વયે

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના ક્રમાંક ખ/શમક/૨૭૪૬૩ / આર સુ/ સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪–૨ અને સને૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ગુજરાત નિયમોના નિયમ–૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રુએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને અમદાવાદ જ્યુપીટર ટેક્ષટાઈલ અમદાવાદની વચ્ચે ઔદ્યોગીક વીવાદમાં ઔધોગીક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નીવેડા સને ૧૯૯૧માં ફેબ્રુઆરી માસના ૨૨મા દીને આથી નોંધ કરૂ છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય અમદાવાદ

એન. એ. ચૌહાણ સભ્ય રૂબરૂ

રેફરન્સ નંબર આઈસી ૫૨૫–૮૧

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

અમદાવાદ જ્યુપીટર ટેક્ષટાઇલ મીલ્સ. બીજા પક્ષકાર
અમદાવાદ

માસીક રૂા. ૧૦૦૦થી વધુ કમાણી મેળવતા કામદારો, કારકુનો વગેરેને દાકતારી સારવાર અંગે ભથ્થું આપવા અંગે.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔધોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૭૩[ક] મુજબ સંઘે મીલ કંપની સામે દાખલ કરેલ છે, સંઘે મીલ કંપનીને તા. ૧૫–૯–૮૧ના રોજ કલમ ૪૨(૨ મુજબની ફેરફારની સુચના આપીને ઉપર મુજબની માંગણી કરેલ. જે અંગે સમાધાનકાર અને પક્ષકારો વચ્ચે સમાધાન ન

કરાવી શકતાં તેઆની પાસેથી નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને હાલનો રેફરન્સ સંઘે દાખલ કરેલ છે-

૨. આ રેફરન્સમાં ચાલુ કામે બંને પક્ષકારોએ આંક-૮ મુજબનું સમાધાન રજુ કરી તે મુજબ સમાધાન થયેલ હોઈ આ રેફરન્સમાં એવોર્ડ કરી આપવા વિનંતી કરી છે. સદરહું સમાધાનની શરતો ખાસ સંજોગો લક્ષામાં લેતાં અમોને વાજબી જણાય છે અને તેમાં બંને પક્ષકારોએ સહીઓ કરેલી છે અને તે મુજબ સમાધાન થયેલાનું કબુલ કરેલ છે. પરીણાંમે આ રેફરન્સમાં તે મુજબ નીચે પ્રમાણે હુકમ કરવાનો રહે છે.

હુકમ

૩. આ રેફરન્સમાં બંને પક્ષકારોએ આંક-૮ના સમાધાન મુજબ વર્તવાનું રહેશે. આંક-૮ના સમાધાનને આ ચુકાદાના એક ભાગ તરીકે ગણવાનો રહેશે. ખાસ સંજોગો લક્ષામાં લેતાં ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

નારણસિંહ ચૌહાણ
સભ્ય
ઔધોગીક અદાલત ગુજરાત અમદાવાદ

અમદાવાદ તા. ૧-૨-૧૯૯૧

સહી- ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔધોગીક સંબંધ અધિનિયમ
અમદાવાદ

અમદાવાદ તા. ૨૨-૨-૯૧

INDEX

IN THE INDUSTRIAL COURT, GUJARAT, AHMEDABAD.

MISC No. 20/90

Ref. (IC) No. 525-81

The Textile Labour Association. Ahmedabad. First Party

V/S.

Ahmedabad Jupiter Textile Miils, Ahmedabad. Second Party

In the matter of the demand for givtng Medical allowance to the Operatives and Clerks who are getting more than Rs. 1000 per month

The parties in the above matter respectfully state that after the Notice of Change in the above matter was given, a number of meetings between them were held and negotiations were carried on. In view of the existing goods and amicable employer employees relations and in view of further streetthere in them, the parties have arrived at the following amicable agreement, which is in the interest of the employees approved. The parties, therefore, request the Hon'ble Court to own as award in terms of following agreement vis. :-

AGREEMENT

Ahmedabad Jupitar Textile Mills, Ahmedabad on behalf of all its lacal member mills and the Textile Labour Association, Ahmedabad as a representative union agree to introduee the Medical Reimbursement Scheme for operatives and Clerks, who are greeting more than Rs. 1000 per month as under—

MEDICAL REIMBURSEMENT SCHEME

1. This Scheme shall be known as the 'Medical Reimbursement Scheme for Operatives and Clerks.'

2. (A) All the member mills shall introduce the medical Reimbursement seheme for operatives and Clerks provided that there is in force no other scheme, for giving medical relief by

way of reimbursement, allowances or in any other manner or there is no comprehensive Health Insurance scheme or any other Insurance scheme for giving medical relief as aforesaid for the persons coverred by this scheme.

(b) If after introduction of this Medical Reimbursement scheme a member mill introduces its own schemes for giving medical relief by way of reimbursement allowance or in any other manner or comprehensive Health Insurance scheme or any other Insurance scheme for giving medical relief as aforesaid for the persons covered by the scheme, this scheme shall forthwith automatically cease to be in force.

Provided a scheme other than the comprehensive Health Insurance scheme so introduced provides batter medical benefits and the TLA agrees to the introduction of the said scheme.

3, All the Operative and Clerks, who are working in the Ahmedabad Jupiter Textile Mills and who are drawing a total salary of more than Rs. 1000 (Rupees one rhousand) per month and who are not covered under the E.S'I. Act and or the scheme framed there under will be entitled to the benefits of this Medical Reimbursement Scheme.

Provided that they shall forthwith automatically cease to be entitled to the benefits of this Medical Reimbursement Scheme if and when they are covered by the ESI Act and/or the scheme framed thereunder and/or any other insurance scheme.

4. Family means self, apouno, aons below the age of 18 years unmarried daughters, and dependent parents.

5. All the Operatives and Clerks covered within the scope of the aforesaid clause 3 may be granted medical reimbursement upto a maximum of Rs. 500-00 per annum.

INDEX

6. This Medical Reimbursement scheme shall be made applicable by the member mills from 1st January 1982 and the calender year shall be the year for the purpose of this scheme.

૨. ચાલુ રેફરન્સે પ્રથમ પક્ષકાર યુનિયને આંક ૯ નું પુરસીસ આપી જણાવેલ છે કે, સદર કામમાં મીલ કંપનીએ સંબંધીત કામદારોને માંગણી મુજબ કાયમી પાસ આપી દીધા હોવાથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માગતું નથી અને આથી પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે કે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

બી. ન. પટેલ
રજીસ્ટ્રાર,

(વી એચ. ઠાકોર)
સભ્ય,

અમદાવાદ. તા. ૨૧-૩-૯૧

ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ.

સહી

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

તા. ૧૨-૪-૯૧

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/બ/શ્રમક ૨૭૬૩૮ આરયુ-સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ, અને શ્રી અર્બુદા મીલ્સ લી અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ માં એપ્રિલ માસના ૧૨મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય. અમદાવાદ

શ્રી. વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈ. સી.) નં. ૧૬૭/૧૯૬૭.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર. પ્રથમ પક્ષકાર
અમદાવાદ.

અને

શ્રી અર્બુદા મીલ્સ લી. બીજા પક્ષકાર.
અમદાવાદ.

મીલ કંપની રીંગ ફ્રેમ વિભાગમાંથી ઓઈલર, ટેપમેનોની કુલ બે જગ્યાઓ કમી કરવા માગે છે. વિ. અંગે... ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. હાલનો આ રેફરન્સ બીજા પક્ષકાર મીલ કંપની તેના રીંગ ફ્રેમ વિભાગમાંથી ઓઈલર, ટેપમેનોની કુલ બે જગ્યાઓ રાજીનામા, નિવૃતી અગર મૃત્યુના કારણે કમી કરવા માગે છે તે બાબતમાં પ્રતીનીધીત્વ ધરાવતા યુનિયનને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે બીજા પક્ષકાર મીલ કંપનીએ આંક ૧૫નું પુરસીસ આપી જણાવેલ છે કે, ભવિષ્યમાં ફરી નોટીસ આપવાના તેના હક્કને ઉભો રાખી હાલતી

નોટીસ ઓફ ચેન્જ પાછી ખેંચી લે છે. આ પુરસીસ ઉપર યુનિયને શેરો કરેલ છે કે મીલ કંપની નોટીસ ઓફ ચેન્જ પાછી ખેંચી લેતું હોવાથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતું નથી અને તે પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. મીલ કંપની ભવિષ્યમાં જરૂર પડે ફરી નોટીસ આપી શકશે તેવા તેના હકક સાથે નોટીસ ઓફ ચેન્જ પાછી ખેંચી લેતાં હોવાથી યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૨૧-૩-૯૧

સહી
(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ.

અમદાવાદ
તા. ૧૨-૪-૯૧

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ, અધિનિયમ.
અમદાવાદ.

INDEX

સને. ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૬૩૯ આરયુ–સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ–૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ–૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદ અને સારંગપુર કોટન મેન્યુ કું. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૮૧માં એપ્રિલ માસના ૧૨મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી. એચ ઠાકોર, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૧૯૩/૧૯૮૯

ટેક્ષટાઇલ લેબર એસોસીએશન, ભદ્ર.
અમદાવાદ — પ્રથમ પક્ષકાર

અને

સારંગપુર કોટન મેન્યુ. કું. લી. — બીજા પક્ષકાર

યુનિયનની માંગણી મીલ કંપનીના ફ્રેમ ખાતાની ત્રીજી પાળીમાં ડ્રાઈંગ ટેન્ડર તરીકે કામ કરતાં શ્રી શંકરભાઈ કુરીયાને તેમના હોદ્દા સાથેનો કાયમી પાસ આપવા અંગે

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ

એવોર્ડ

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીના ફ્રેમ ખાતાની ત્રીજી પાળીમાં ડ્રાઈંગ ટેન્ટર તરીકે કામ કરતા શ્રી શંકરભાઈ કુરીઆને તેમના હોદ્દા સાથેનો કાયમી પાસ આપવામાં આવે તે માંગણી સબબ મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતા ઉપસ્થિત થયેલ છે.

INDEX

૨. ચાલુ રેફરન્સે પક્ષકારો વચ્ચે સમાધાન થતાં આંક ૭ નું સમાધાન પુરસીસ રજુ કરેલ છે જેમાંની સમાધાનની શરતો જોતાં તે યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય છે અને તે મુજબ હુકમ કરવાથી ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહે તેમ લાગે છે. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. પક્ષકારોએ આંક ૭ ના સમાધાન પુરસીસની શરતો મુજબ વર્તવું. આંક ૭ના સમાધાન પુરસીસની એક નકલ આ ચુકાદા સાથે રાખવી. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
વી. એચ. ઠાકોર
મુખ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૧૩-૩-૯૧

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ, અધિનિયમ,
અમદાવાદ

અમદાવાદ
તા. ૧૨-૪-૯૧

નામદાર ઔદ્યોગિક અદાલત, અમદાવાદ.

રેફરન્સ (આઈ. સી.) નં. ૧૯૩ (/૯

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન — પ્રથમ પક્ષકાર

ભદ્ર, અમદાવાદ.

સારંગપુર કોટન મેન્યુ કું. — બીજા પક્ષકાર

(યુનીટ ઑફ. જી. એસ. ટી. સી)

અમરાઈવાડી રોડ,

અમદાવાદ.

અમો બીજા પક્ષકાર મીલ કંપનીને ઉપરોકત રેફરન્સમાં પ્રથમ પક્ષકાર સાથે નીચેની શરતોએ સમાધાન થયેલ છે, તો તે મુજબ હુકમ કરવા આપ નામદારને અરજ છે :

સમાધાનની શરતો

(૧) ટેક્ષટાઈલ લેબર એસોસીએશને ઉપરોક્ત રેફરન્સ શ્રી શંકરભાઈ કરીયાભાઈ વતીથી કરેલ છે, અને શ્રી શંકરભાઈ કરીયાભાઈ હાલમાં સ્પીનીંગ ખાતામાં ફ્રેમ વિભાગમાં શ્રીજીપાળીમાં બદલીવાળા તરીકે કામ કરે છે, અને સીનીયોરીટીમાં સૌથી આગળ છે.

(૨) આ સમાધાન થતું હોવાથી મીલ કંપની શ્રી હીરાભાઈ રાયચંદભાઈ કે જેઓ ફ્રેમ વિભાગમાં ઈન્ટર ટેન્ટર તરીકે કામ કરતા હતા અને તા. ૧૫-૩-૮૮ ના રોજ મૃત્યુ પામ્યા હતા તેની ખાલી જગ્યાનો કાયમી પાસ તા. ૧-૧-૯૧ ની અસરથી શ્રી શંકરભાઈ કરીયાભાઈને આપશે.

(૩) આ સમાધાન થતું હોવાથી આ રેફરન્સમાં જણાવેલા તમામ વિવાદોનો અંત આવે છે અને હવે બીજી કોઈ માંગણી રહેતી નથી.

(૪) આ સમાધાનનો અમલ તા. ૧-૧-૯૧ થી કરવામાં આવશે.

ફેકટરી મેનેજર

સારંગપુર કોટન મેન્યુ કું.

જી. એસ. ટી. સી., અમદાવાદ

સહી
લીલાધર ત્રિવેદી
ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશન
અમદાવાદ

તા. ૭-૩-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૬૪૭ આર. યુ. સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૫૮ ૧ (૨) અને સને ૬૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ-૬૫ થી અને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ધી મહેસાણા ડી. એ કો. ઓપ. બેંક લી. મહેસાણા અને ધી મહેસાણા જીલ્લા સહકારી બેંક કર્મચારી સંઘ, સમાધાન અધિકારીશ્રી કે. એમ. પરમારની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન-૧૯૯૧ ના એપ્રિલ માસના ૨૬મા દિને, આથી નોંધ કરું છું.

નમુનો 'દ'

(કલમો ૫૮ (૧) અને (જ. ક.) અને નિયમ-૬૪) મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-૧૯૬૪ અને મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત નિયમને ૧૯૬૧ હેઠળની પતાવટની યાદી.

બી. આર. સી. કેશ નં. ૧૩-૯૦

૧. માલીકોનું પ્રતિનિધિત્વ ધરાવનાર : ચેરમેન/મેનેજરશ્રી,
ધી મહેસાણા ડી. સે. કો. ઓપ. બેંક લી.,
રાજમહેલ રોડ,

મહેસાણા

૨. કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવનાર : જનરલ સેક્રેટરી.
ધી મહેસાણા જીલ્લા સહકારી બેંક કર્મચારી સંઘ,
રાજમહેલ રોડ,
મહેસાણા

કેસની હકીકત ટુંકમાં

નોકરીનાં નિયમોનું અ-૧ માં સુધારો કરવા તથા નોકર શબ્દને બદલે કર્મચારી શબ્દનો ઉપયોગ કરવા બાબત, અરજદાર યુનીયને તા. ૨૫-૬-૯૦ ના રોજ

સદરહુ સંસ્થા સમક્ષ ફોર્મ 'એલ' માં ફેરફારની નોટીસ આપેલ ત્યારબાદ સદરહુ સંસ્થાએ માંગણીઓ નહી સંતોષતા યુનીયને તા. ૫-૧-૯૦ ના રોજ નમુનો 'એલ' સમાધાનકાર મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ ૧૯૪૬ મહેસાણાને રજુ કરેલ જે સદરહુ સમાધાનકારશ્રીએ તા. ૧૧-૧-૯૦ ના રોજ પત્રકમાં નોંધેલ છે. જે અંગેના સમાધાન કાર્યવાહી તા. ૧૮-૭-૯૦ થી તા. ૧૧-૩-૯૧ સુધી આવેલ તા. ૧૧-૩-૯૧ ના રોજ બંને પક્ષકારોને વચ્ચે પાર્ટલી સમાધાન સમાધાનકાર થી મહેસાણાની સમક્ષ થયેલ છે. સદરહુ પતાવટની શરતો નીચે મુજબ છે.

પતાવટની શરતો

નોકરીના નિયમોમાં બેંકમાં નોકરી કરતા કર્મચારીઓ માટે વારંવાર નોકર શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે. તેની જગ્યાએ કર્મચારી શબ્દનો ઉપયોગ કરવાનું તેમજ આ સુધારા સાથેના પ્રીન્ટેડ નકલ દરેક કર્મચારીને સમાધાન તારીખથી ૭ માસમાં આપવી તેવુ સમાધાન બંને પક્ષકારોએ સ્વીકારેલ છે.

તારીખ ૧૧-૩-૧૯૯૧

પક્ષકારો

સાક્ષી ૧. ઈશ્વરભાઈ

૨ ગજુભાઇ એસ.

મેનેજર
ધી મહેસાણા ડી. સે. કો. ઓપ. બેંક લી.
રાજમહેલ રોડ, મહેસાણા.

રતિભાઈ એ. પટેલ
જનરલ સેક્રેટરી
ધી મહેસાણા જીલ્લા સહકારી બેંક કર્મચારી સંઘ
મહેસાણા.

પરમાર
સમાધાનકાર
મુંબઈ ઔદ્યોગિક સંબંધ
અધિનિયમ-૧૯૪૬
મહેસાણા.

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક
મુંબઈ, ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

તા. ૨૬-૪-૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૬૪૯ આરયુ-સને. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું આર. પી. ચૌધરી, જામનગર અને ધી. ઓરએ ડાઈંગ મે. મેન્યુ. કું. લી. જામનગરની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧ માં એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરું છું.

શ્રી. એમ. એચ. દોશીસાહેબ, સભ્યશ્રી. ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

રીવીઝન અરજી આઈ. સી. આર. નં. ૨/૯૧.

આર પી ચૌધરી. પ્રથમ પક્ષકાર

સાધના કોલોની એલ-૨૬, રૂમ નં. ૨૫૩૮.

જામનગર.

વિરૂદ્ધ

ધી. ઓરએ ડાઈંગ એન્ડ મેન્યુ. કું. લિ. બીજા પક્ષકાર

રણજીતસાગર રોડ.

જામનગર.

ચુકાદો

૧. આ રીવીઝન અરજી આર. પી. ચૌધરીએ બી. આઈ. આર. એક્ટની કલમ-૮૫ હેઠળ મજકુર અદાલતનાં બી. આઈ. આર. અરજી નં. ૧/૯૧ માંના વચગાળાનાં મનાઈ હુકમની અરજી ઉપરના હુકમ સામે કરેલ છે.

૨. આ રીવીઝન અરજીમાં મુખ્ય તકરાર અરજદારે આપેલ રાજીનામું પાછું ખેંચેલ છે કે કેમ તે રહેલી છે. અરજદારનું રાજીનામું તા. ૧૦-૭-૯૦ નું છે

અને તેમાં રાજીનામાની અસર ઓગષ્ટ-૧૯૯૦ થી આપવા જણાવેલ હતી. અરજદારનો કેસ એવો છે કે તેણે જે રાજીનામું આપેલ તે તેણે પરત ખેંચેલ છે.

૩. સામાવાળા મૂળ કંપનીનો કેસ એવો હતો કે અરજદારે રાજીનામું પરત ખેંચેલ નથી, પરંતુ માત્ર તેને કામ કરવા દેવામાં આવેલ છે. આ તબકકે આ બંને તકરારો મેં માત્ર તેને અત્યંત ટૂંકમાં જણાવેલ છે અને તેમાંની બીજી કેટલીક વિગતો જેવી કે અરજદારને મીલ કંપની તરફથી રૂા. ૬૦૦૦/ આપવામાં આવેલ છે જે અરજદાર જણાવે છે કે તેને એડવાન્સ આપેલ અને મીલ કંપની જણાવે છે કે તેનાં એટલે કે અરજદારનાં હકોના બદલે આપવામાં આવેલ છે. આ પણ નીચેની કોર્ટમાં તકરારનો વિષય થશે.

૪. બી. આઈ. આર. એકટની કલમ-૮૫ પ્રમાણે ઔદ્યોગિક અદાલતનું મજુર અદાલતની ઉપરની હકુમત દેખરેખ રાખવાની છે અને આ ઉપરાંત ઔદ્યોગિક અદાલત કેસોની ફેરબદલી પણ કરી શકે છે અને તે અંગે કેટલીક સૂચનાઓ પણ બહાર પાડી શકે છે પરંતુ કુદરતી રીતે જ કોર્ટનાં કામ ઉપર દેખરેખ રાખવી એટલે તેનાં કામ સામે અપીલો સાંભળવી તેવો અર્થ કોઈપણ સંજોગોમાં કરી શકાય નહીં. દેખરેખની સત્તા અન્વયે કેટલું અને શું થઈ શકે અને કેવા પ્રકારના હુકમો થઇ શકે તેની સામાન્ય ચર્ચા પત્ર અત્રે જરૂરી નથી અને હિતાવહ નથી.

૫. નીચેની વિદ્વાન મજુર અદાલતે તેનો આખરી ચુકાદો તેના વચગાળાના હુકમમાં ભલે તે ઠરાવેલ હોય તેમ છતાં તેનાથી પ્રભાવિત થયા વગર પુરાવાનાં ગુણદોષ ઉપર સ્વતંત્ર રીતે આપવાની રહેશે.

૬. આ અરજીમાં નીચેની વિદ્વાન મજુર અદાલતે આપેલ ચુકાદાના ગુણદોષોમાં હું ઉંડી ઉતરેલ નથી અને તે ચુકાદાનાં ગુણદોષ સંબંધી આ ચુકાદાથી કોઇપણ અભિપ્રાય આપવામાં આવે છે તેવો અર્થ કોઈએ કરવાનો નથી. માત્ર વિવાદનાં ઝડપી નિકાલ માટે જ આ કેસમાંની સૂચનાઓ આપવામાં આવેલ છે.

૭. આ કેસનાં તમામ સંજોગોનો વિચાર કરી અને બંને વકીલોને મેં અત્રે લાવવામાં આવેલ હુકમ અંગે સાંભળેલ છે અને મને ન્યાયની દ્રષ્ટિએ નીચે પ્રમાણેની સૂચનાઓ આપવાનું ન્યાયી અને યોગ્ય જણાય છે અને તેથી હું નીચે મુજબની સૂચનાઓ મજૂર અદાલત જામનગરને આપું છું.

હુકમ

બી. આઈ. આર. અરજી નં. ૧/૯૧ નો કેસ નીચેની વિદ્વાન મંજૂર અદાલત, જામનગરે તા. ૩૦-૪-૯૧ પહેલા ગુણદોષ ઉપર પુરાવો લઈ પૂરી કરવી.

આ કેસનાં અરજદાર શ્રી રમેશભાઈ ચૌધરીને મજૂર અદાલત દ્વારા જે તે હુકમ કરવામાં આવે તો પણ માર્ચ-૧૯૯૧ તથા એપ્રિલ-૧૯૯૧ દરમિયાન થતો પગાર મીલ કંપનીએ પગારના હિસાબે ચૂકવવાનો રહેશે. નીચેની અદાલતના કેસમાં ગમે તેમ પણ થાય તો પણ આ બે માસના પગારનું ચૂકવણું મીલ કંપની અરજદાર પાસેથી પરત માગી શકશે નહીં.

બી. આઈ. આર. અરજી નં. ૧/૯૧ સંબંધે જો કોઈ જરૂરિયાત ઉપસ્થિત થાય તો વિશેષ સૂચનાઓ માટે જે તે પક્ષકાર આ અદાલતને બી. આઈ. આર. એક્ટની કલમ-૮૫ પ્રમાણે અરજી કરી શકશે.

આ રિવીઝન અરજીનું ખર્ચ બંને પક્ષકારોએ પોતે પોતાનું ભોગવવાનું રહેશે.

સહી

રાજકોટ. તા. ૩-૪-૧૯૯૧

મ. હ. દોશી

સભ્ય,

ઔદ્યોગિક ન્યાયપંચ, રાજકોટ.

અમદાવાદ. તા. ૨૬-૪-૯૧

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

INDEX

સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયે

નિમાયેલ સહાયક સંઘ નિબંધક દ્વારા

ખાંડ ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતા સંઘ તરીકે માન્યતા

ક્રમાંક : અ/શમક/૨૭૬૪૪/આર યુ/બીઆઈઆર/૧૯૯૧ સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૧૬-૩ અને સને. ૧૯૬૧ ના મુંબઈ સંબંધ અધિનિયમની કલમ ૧૬(૩) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ-૨૬ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ, "સુગર કામદાર યુનિયન, પારનેરા, તાલુકા વલસાડ" ને "વલથાણ કામદાર મંડળ, નવસારી"ની જગ્યાએ વલસાડ તાલુકાના સ્થાનિક વિસ્તાર માટે ખાંડ ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતા સંઘ તરીકે આથી હું દાખલ કરું છું.

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ

તા. ૧૬-૪-૧૯૯૧

અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/બ/ સમક ૨૭૬૪૬ આરસુ–સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૫૮(૧) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૬૫ થી અને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ધી અમદાવાદ ન્યુ કોટન મીલ્સ કું. લી., અમદાવાદ અને ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદ સમાધાન અધિકારી શ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરી થી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૧ ના એપ્રિલ માસના૨૬ મા દિને આથી નોંધ કરું છું.

સમાધાનકાર શ્રી બી. બી. ઠાકર સમક્ષ

મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬

સમાધાનનું ખતપત્ર

કેસ બી આર સી. ૭/૯૧

પક્ષકારોનાં નામ

શ્રી જી. આઈ. પટેલ (૧) માલિકના પ્રતિનીધ
ફેક્ટરી મેનેજર,

ધી અમદાવાદ ન્યુ કોટન મીલ્સ
કું. લી., અમદાવાદ

શ્રી મુશ્તાકખાન પઠાણ (૨) કામદારોનાં પ્રતિનીધિ
મંત્રી વતી,

ધી ટેક્ષટાઇલ લેબર એસોસીએશન
અમદાવાદ.

કેસની ટુંકી વિગત

તા. ૧૭-૧૨-૯૦ ના રોજ ઉપરોક્ત સંસ્થાના વ્યવસ્થાપકોએ નમુના "ક" માં સુતરાઉ કાપડ ઉધોગ માટે અમદાવાદ શહેરના સ્થાનિક વિસ્તારમાં પ્રતિનીધીત્વ અને માન્યતા ધરાવતા ઉપરોક્ત મંડળને "મીલ કું. ઓટો શાળ ખાતામાં કામ કરતાં લુમ-કલીનર અને ઓઈલર ગ્રીસરના શ્રમબોજમાં પટાડો થયેલ હોવાથી ૨ (બે) કામદારોનો પટાડો કરવા માંગે છે. "તે અંગેની માંગણી રજુ કરતી ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહિં થઈ શકવાથી સદરહુ સંસ્થાએ તા. ૨૫-૧૨-૯૦ ના રોજ સમાધાનકારને નમુના "એન" માં અહેવાલ મોકલી આપ્યો હતો. જે તા. ૨-૧-૯૧ ના રોજ સમાધાનકારને મળ્યો હતો અને તા. ૯-૧-૯૧ ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી જે વખતો વખત બંને પક્ષકારોની સંમતિથી મુલતવી રાખવામાં આવી હતી. તે તા ૧૯-૧-૯૧ ના રોજથી તા. ૧૧-૩-૯૧ સુધી ચાલી હતી. જેમાંનો છેલ્લી જણાવેલ તારીખે બંને પક્ષો વચ્ચે મુંબઈ ઔધોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ ની કલમ ૫૮(૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

સમાધાનની શરતો

(૧) મીલ કંપનીના ઓટો શાળ ખાતામાં હાલમાં ૨૪૦ સાંચા છે. જેમાં ત્રણે પાળીમાં પાંચ પાંચ લુમકલીનર અને પહેલી પાળીમાં પાંચ ઓઈલર કમ ગ્રીસર કામ કરે છે. આમ આ કેટેગરીમાં ત્રણે પાળીમાં થઈ કુલ-૨૦ કામદારો કરે છે. ઉપર જણાવેલ કામદારો ખાતાની સફાઈ કરવાનું, લુમ્સની સફાઈ કરવાનું અને રેક સાંચામાં ઓઈલીંગ-ગ્રીસીંગ કરવાનુ કામ સંભાળે છે.

(૨) હાલમાં લુમ-કલીનરના કામમાં ઘણો જ ઘટાડો થયેલ છે. વળી ખાતાની સફાઈનું કામ યોગ્ય રીતે થઈ શકતું ન હોવાને કારણે મીલ કંપની સદર કટેગરીમાં ગોઠવણી કરશે. જે મુજબ દરેક લુમકલીનર તેને સોંપવામાં આવેલ ૧૬ સાંચાની સફાઈ તથા ઓઈલીંગ-ગ્રીસીંગ કરશે અને ત્રણે પાળીમાં એક એક સ્વીપર મીલ કંપની રાખશે. જેઓ આખા ખાતાની સફાઈ કરશે.

આમ નીચે જણાવ્યા મુજબની કેટેગરી રહેશે.

INDEX

હોદ્દો	પહેલી પાળી	બીજી પાળી	ત્રીજી પાળી	કુલ
૧. લુમ ક્લીનર કમ ઓઈલર ગ્રીસર	૫	૫	૫	૧૫
૨. સ્વીપર	૧	૧	૧	૦૩
	૬	૬	૬	૧૮

(૩) ઉપર મુજબની ગોઠવણી કરવાની કલમ (૧) માં જણાવેલ કેટેગરીમાંથી બે કામદારો ફાજલ પડશે. જે જગ્યાઓ મીલ કંપની કમી કરશે.

(૪) ઓટો શાળ ખાતામાં હાલમાં લુમ ક્લીનર, ઓઈલર ગ્રીસર વગેરે કેટેગરીના કામદારો કોમન રીસેસ ભોગવે છે, પરંતુ આ સમાધાનથી ઓટો શાળ ખાતાના તમામ કામદારો વારાફરતી રીસેસ ભોગવશે અને તેઓને રીલે રીસેસ એલાઉન્સના રોજના રૂ. ૦૦-૯૦ પૈસા મીલ કંપની ચૂકવશે.

(૫) ઉપર કલમ નં. (૩) માં જણાવ્યા મુજબ ફાજલ પડતાં બે કામદારોનાં ટેક્ષટાઈલ લેબર એસોસીએશન મારફત આવેલ રાજીનામાનો મીલ કંપની સ્વીકાર કરી તેઓને છૂટા કરશે અને સદર બે જગ્યાઓ કમી થયેલ ગણવામાં આવશે. છૂટા થનાર કામદારોને આઈ. ડી. એક્ટ મુજબનું વળતર પર ભાડા સાથે, કાયદા મુજબની ગ્રેજ્યુઈટીની રકમ, બાકી પગાર, હક્ક રજા, કેજ્યુઅલ રજા વગેરે મીલ કંપની ચૂકવી આપશે. પ્રોવીડન્ટ ફંડની રકમ પ્રો. ફંડ એક્ટની જોગવાઈઓ મુજબ ખાસ રીટ્રેન્ચમેન્ટ ગણી તાત્કાલિક ચૂકવી આપવામાં આવશે.

(૬) આ સમાધાન અંગે મતભેદ ઉભો થશે તો બંને પક્ષકારો પરસ્પર સંમતિથી તેનો નિકાલ કરશે.

(૭) આ સમાધાનનો અમલ તાત્કાલિક અસરથી કરવામાં આવશે.

(૮) આ સમાધાનની મુદત પરસ્પર સંમતિથી વધારવામાં આવેલ છે.

INDEX

તા. ૧૧-૩-૧૯૯૧

અમદાવાદ

સહી
(જી. આઈ. પટેલ)

ફેકટરી મેનેજર,
ધી અમદાવાદ ન્યુ કોટન મીલ્સ કું. લી.,
અમરાઈવાડી રોડ, અમદાવાદ.
(શુસ્રીક ખાન આર. પઠાણ)

બી. બી. ઠાકર

સમાધાનકાર
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬
અમદાવાદ

મંત્રી વતી
ધી ટેક્ષટાઈલ લેબર એસોસિએશન
ભદ્ર અમદાવાદ.

સહી

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૨૬-૪-૯૧
અમદાવાદ

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેન
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/બ/શમક ૨૭૬૫૧ આરયુ–સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧ ૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ–૭૦ થી મને આપવામાં આવેલા સત્તાની રૂએ.

હું સુરત ટેક્ષટાઇલ લેબર યુનિયન, સુરત અને સુરત ડી. કો. ઓ. સ્પી, મીલ્સ લી., સુરતની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા અને, ૧૯૯૧ માં એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરું છું. ગુજરાતના માનનિય ઈન્ચાર્જ સભ્યશ્રી બી. જે. ત્રિવેદીની ઔદ્યોગિક અદાલત

સુરત સમક્ષ

રેફરન્સ (આઈસી) નં. ૮૯/૮૭.

સુરત ટેક્ષટાઈલ લેબર યુનિયન સુરત — પ્રથમ પક્ષકાર

વિ

સુરત ડી. કો. ઓ. સ્પી. મીલ્સ લી. સુરત — બીજા પક્ષકાર

ચુકાદો

(૧) સુરત ટેક્ષટાઈલ લેબર યુનિયન કે જે રીપ્રિઝન્ટીવ યુનીયન છે. તેમણે આંક-૨ મુજબ માંગણાનું નિવેદન તા. ૧૬-૮-૮૭ ના રોજ આપી એવી માંગણી કરી હતી કે કામદારોને અકસ્માત સમયે ઈએસઆઈ મારફતે જે રજાઓ આપવામાં આવે છે તે રજાઓ વાર્ષિક હક્ક રજાઓની ગણત્રી કરતા સમયે સળંગ રજાઓ મીલ કંપની ઉમેરીને ગણત્રી કરતી નથી અકસ્માત સમયની તમામ રજાઓને કાયદેસરની ગણી તેને સળંગ કરી વાર્ષિક રજામાં ગણત્રી કરવા માંગણી કરી હતી અને તેનો અમલ તા. ૧-૧-૮૫ થી કરવા વિનતી કરવામાં આવી હતી તેયજ આ માંગણી સુરત શહેર અને ચોર્યાસી તાલુકાના વિસ્તારમાંના કાપડ સુતર મીલોમાં કામ કરતા કામદારોના પ્રતિનિધી મંડળ તરફથી કરવામાં આવી હતી.

(૨) ઉપર મુજબની તકરારમાં સમાધાન અધિકારી સમક્ષ સમાધાન ન થતાં તેમણે આંક-૩ નું ફેલીયોર સર્ટીફીકેટ રજુ કરેલ છે તે આધારે મજકુર તકરાર અંગે આંક-૧ થી તા. ૨૩-૯-૮૭ ના રોજ રેફરન્સ દાખલ કરવામાં આવેલ છે. ત્યારબાદ બંને પક્ષકારોને નોટીસ બજી જતાં આંક-૬ થી માંગણાનું નિવેદન પ્રતિનિધીત્વ ધરાવતા યુનિયન તરફથી મુકવામાં આવ્યું છે. વળી મીલ તરફથી કોઈ લેખિત જવાબ રજુ કરવામાં આવ્યો નથી. ટુંકમાં હક્ક રજાની ગણત્રી કરવા માટે અને તેનો અમલ કરવા માટેની તારીખ અંગેની તકરાર ઉપસ્થિત [illegible] હતી

INDEX

(૩) તા. ૩-૪-૯૧ ના રોજ આંક-૧૩ થી બંને પક્ષકારોએ જોઈન્ટ અરજી આપી મજકુર કામ હાથ પર લેવા માટે વિનંતી કરી હતી તે મંજુર કરતા તેમણે આંક-૧૪ થી બંને પક્ષકારોને સમાધાન થયેલ હોઈ રજુ કર્યું અને તે બંને પક્ષકારોએ મંજુર કરતાં રેકર્ડ કરવામાં આવ્યુ તેમાં દર્શાવ્યા મુજબ અકસ્માત સમયેની રજાઓ ફેકટરી એકટ નીચેની હક્ક રજા ગણત્રીમા ઉમેરી હકક રજાની ગણત્રી જેને કામદાર માટે તા. ૧-૨-૮૫ થી કરવામાં આવેલ છે. જ્યારે માંગણાનો અમલ તા. ૧-૮-૮૫ થી કરવાની દાદ માંગી છે. બીજી આ સમાધાન મુજબ પ્રથમ પક્ષકારની માંગણી સ્વીકારેલ છે.

(૪) આમ એકંદર જોતાં હકક રજાની ગણત્રી અંગે કામદારોને લાભ થાય છે. અને તેમના હીતમાં છે તેમજ ઔદ્યોગિક શાંતી જળવાઈ રહે તે માટે પણ જરૂરી છે. સમાધાન જસ્ટ અને ફેર છે જેથી નીચે મુજબ હુકમ ફરમાવું છું.

હુકમ

આંક-૧૪ મુજબ સમાધાનના આધારે તેને એવોર્ડનો ભાગ ગણી સમાધાન મુજબ એવોર્ડ આપવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સહી
બી. જે. ત્રિવેદી

તા. ૫-૪-૯૧
સુરત
વડોદરા મુકામે

સભ્ય
ઈનચાર્જ ઔદ્યોગિક અદાલત સુરત
વડોદરા મુકામે
સહી

તા. ૨૬-૪-૯૧
અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

INDEX

મે. સુરતની ઔદ્યોગિક અદાલત સમક્ષ

રેફરન્સ નં. આઈ સી. ૮૯/૮૭

વચ્ચે

ધી સુરત ટેક્ષટાઇલ લેબર યુનિયન, સુરત — પ્રથમ પક્ષકાર

અને

ધી સુરત ડીસ્ટ્રીકટ કો-ઓ. સ્પીનીંગ મીલ્સ લી. સુરત — બીજા પક્ષકાર

સદરહુ કામમાં પક્ષકારો તરફે નીચે મુજબનું સુખદ સમાધાન થયું છે તો તે મુજબ હુકમ કરશોજી.

(૧) બીજા પક્ષકાર તેમના કામદારોને ઈ. એસ. આઇ. એટલે કે કામદાર રાજ્ય વિમા યોજના હેઠળ જે રજાઓ અકસ્માતના સમયે આપવામાં આવે છે તે રજાઓ ફેકટરી એકટ ૧૯૫૮ હેઠળની હકરજાની ગણત્રીમાં ઉમેરીને હકક રજાઓની ગણત્રી જે તે કામદાર માટે તા. ૧-૨-૮૫ ના રોજથી કરવામાં આવે છે જયારે પ્રથમ પક્ષકારનો તેવી માંગણીનો અમલ તેમણે તા. ૧-૮-૮૫ થી કરવાની દાદ માગી છે તે મુજબની પ્રથમ પક્ષકારની માંગણીનો બીજા પક્ષકારે ૮૫ મીથી અમલ કરવાનું સ્વીકારેલ છે.

(૨) ઉપરની હકીકતમાં પક્ષકારો નામદાર કોર્ટને વિનંતી કરે છે. આ સમાધાન મુજબનો હુકમ કરશોજી.

(૩) ખર્ચ બાબત કોઈ હુકમ કરવાનો નથી.

સુરત. ૨-૪ ૯૧ — પ્રથમ પક્ષકાર વતી અને તરફે

બીજા પક્ષકારનાં એડવોકેટ — બીજા પક્ષકાર વતી અને તરફે

સને ૧૯૪૬નાં મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/બ/શમક/૮૭૬૫૦ આરયુ–સને. ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ–૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ–૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક સ્ટાફ યુનિયન અમદાવાદ અને બનાસકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી પાલનપુર + ૧ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રૂબરૂ.

પુનર્વિચારણા અરજી (આઈસી) નં. ૧/૮૯.

ગુજરાત સ્ટેટ કો. ઓ બેન્કસ્ટાફ યુનિયન, અમદાવાદ. ...અરજદાર

વિરૂદ્ધ

૧. ધી બનાસકાંઠા જીલ્લા મધ્યસ્થ સહબેન્ક લિ, પાલનપુર

૨. બનાસકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક

કર્મચારી યુનિયન, પાલનપુર. ...સામાવાળા

બી. આઈ. આર. એક્ટ, ૧૯૪૬ની કલમ ૯૫ નીચે રીવ્યુ અરજી.

અરજદાર તરફે વકીલ શ્રી કે. એચ. પાટીલ.

સામાવાળા નં. ૧ તરફે વકીલ શ્રી પી. એસ. ચાંપાનેરી.

સામાવાળા નં. ૨ તરફે વકીલ શ્રી એન. આર. શુક્લ અને જે. કે. રાઠોડ

ચુકાદો

૧. હાલની પુનર્વિચારણા અરજી મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ ...

INDEX

કલમ ૯૫(૧) મુજબ આ અદાલતે રેફરન્સ (આઈસી) નં. ૧૫૫/૮૦ના કામે આપેલ ચુકાદાની પુનર્વિચારણા કરવા માટે કરેલ છે. અરજદાર કે જે ગુજરાત રાજ્યમાં આવેલ સહકારી બેન્કોના કર્મચારીઓનું પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેણે દાખલ કરેલ છે. અરજદાર સંઘની રજુઆત એવી છે કે, પગાર વધારો, મોંઘવારી ભથ્થું, કેશ એલાવન્સ, કલોઝીંગ એલાવન્સ, દૈનિક ભથ્થું, સાયકલ ભથ્થું વગેરે માંગણીઓ અંગે તેઓએ ગુજરાત રાજ્યની સહકારી બેન્કોના કર્મચારીઓના પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતા સંઘ તરીકે બનાસકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્કના કર્મચારીઓ માટે રેફરન્સ કરાવેલ હતો. સદરહુ રેફરન્સનું કામ કેટલીક માંગણીઓ અંગે ભાગ-૧નો ચુકાદો સમાધાનથી એટલે કે બેન્ક અને તેમના વચ્ચે સમજુતિનો કરાર થયેલ હતો અને તે મુજબ ભાગ-૧નો એવોર્ડ કરવામાં આવેલ હતો, પરંતુ ત્યાર બાદ બાકી રહેલી માંગણીઓ અંગે રેફરન્સનું કામ ચાલુ હતું તે દરમ્યાનમાં સદરહુ બેન્કે સ્થાનિક સંઘ સાથે સમજુતિ કરીને ભાગ-૨નો એવોર્ડ અરજદાર સંઘને બાજુ પર રાખીને મેળવેલ છે જે ગેરકાયદેસર છે. સદરહુ રેફરન્સમાં સમાધાન કરવાની સત્તા સ્થાનિક યુનિયનને હોઈ શકે નહી કારણકે ૧૯૪૬ના અધિનિયમ મુજબ કામદારોના પ્રશ્નોનું પ્રતિ-નિધિત્વ કરવા માટે માન્યતા અને પ્રતિનિધિત્વ ધરાવતા સંઘને જ સત્તા છે અને તેથી ભલે સ્થાનિક સંઘ અને બેન્કને તે મુજબ સમજુતિ થયેલ હોય પરંતુ તે મુજબ અદાલતને એવોર્ડ કરવાની સત્તા નથી માટે ભાગ-૨નો જે એવોર્ડ કરવામાં આવેલ છે તે રદ કરવી જોઈએ અને ભાગ-૧ના ચુકાદામાં જે માંગણીઓનો સમાવેશ થયેલ ન હોય તે માંગણીઓ અંગે અદાલતે અરજદાર સંઘ જે પુરાવો રજુ કરે તે લક્ષમાં લઈને એવોર્ડ આપવી જોઈએ.

૨. બેન્ક આ માંગણીનો વિરોધ કરેલો છે. તે જ પ્રમાણે સ્થાનિક સંઘ કે જેની જો કે બેન્કે સમજુતિ કરીને ભાગ-૨નો ચુકાદો મેળવેલો છે તેણે પણ વિરોધ કરેલો છે. બંનેની રજુઆત એવી છે કે, બેન્કના કર્મચારીઓ સ્થાનિક સંઘના પણ સભ્યો થયેલા છે અને તેઓને સમાધાન કબુલ હોવાથી અદાલતે જે એવોર્ડ આપેલ છે તે વાજબી છે.

૩. પરિણામે પ્રશ્ન એ નકકી કરવાનો રહે છે કે, અરજદાર સંઘ કે જે ગુજરાત રાજ્યમાં આવેલ સહકારી બેન્કોના કર્મચારીઓનું પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો સંઘ છે અને જે સંઘને ૧૯૪૬ના અધિનિયમની કલમ ૭૩(ક) મુજબ રેફરન્સ કરાવવાની સત્તા છે તે સંઘે કરાવેલ રેફરન્સ હતો તે રેફરન્સના

INDEX

કામે તે સંઘને સાથે સમજુતિ કર્યા વગર બનાસકાંઠા બેન્ક તેના કર્મચારીઓના સ્થાનિક સંઘ જો કે સમજુતે કરીને જે એવોર્ડ મેળવેલો છે તે કાયદેસરના છે કે કેમ ? ૧૯૪૬ના અધિનિયમની જોગવાઈઓ જોતાં પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતા સંઘને જ સમાધાન કરવાની સત્તા છે. તે સંઘે જ આ રેફરન્સ કરાવેલ હતો અને તે સંઘ આ રેફરન્સમાં પક્ષકાર હતા તેમ છતાં તે સંઘને બાજુમાં રાખીને સમાધાનની જે ચુકાદો થયેલ છે તે ગેરકાયદેસર ગણાય. પરિણામે ભાગ—૨નો ચુકાદો રદ કરવાનો રહે છે અને સદરહુ રેફરન્સના કામે ભાગ ૧ના ચુકાદામાં જે માંગણીઓનો સમાવેશ થયેલ ન હોય તે માંગણીઓ અંગે રેફરન્સ આગળ ચલાવવાનો રહેશે. સદરહુ નિર્ણય અંગેના સંક્ષિપ્તમાં કારણો નીચે મુજબના છે.

૪. ૧૯૪૬ના અધિનિયમની જોગવાઈઓ જોતાં જે તે ઉદ્યોગ માટે પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતા સંઘની નોંધણી કરાવવાની હોય છે અને તેવા સંઘની નોંધણી થયેથી તે સંઘ જ તે ઉદ્યોગના કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરી શકે છે. વ્યક્તિગત માંગણી સિવાય પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતા સંઘને જ રેફરન્સ કરવાની સત્તા છે સમાધાનની કરવાની સત્તા છે. શ્રી ચાંપાનેરી સંમતથાય છે કે, અરજદાર સંઘ માન્યતા અને પ્રતિનિધિત્વ ધરાવતો સંઘ છે શ્રી ચાંપાનેરી સંમત થાય છે કે, તે સંઘે ૧૯૪૬ના અધિનિયમની કલમ ૭૩(ક) મુજબ રેફરન્સ કરાવવા માટે હક્કદાર છે. સ્થાનિક સંઘ ૧૯૪૬ના અધિનિયમની કલમ ૭૩(ક) મુજબ રેફરન્સ કરાવી શકે નહીં. પરંતુ તેમની રજુઆત એવી છે કે, બેન્કના કર્મચારીઓ સ્થાનિક સંઘના સભ્યો છે અને તેઓ આ સમાધાન સાથે સંમત છે માટે તે સમાધાન મુજબ એવોર્ડ જે થયેલ છે તે રદ કરવાની જરૂર રહેતી નથી શ્રી શઠોકની રજુઆત પણ તે મુજબની જ છે. આ બંને વિદ્વાન વકીલોની રજુઆત સાથે સંમત થઈ શકાય તેમ નથી. અગાઉ જણાવ્યા પ્રમાણે ૧૯૪૬ના અધિનિયમની જોગવાઈ મુજબ જે ઉદ્યોગને ૧૯૪૬નો અધિનિયમ લાગુ પડે તેઉ દ્યોગમાં જો પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતા સંઘની નોંધણીક રવામાં આવેલ હોય તો તેવો સંઘ જ કામદારોની સામાન્ય માંગણીઓ અંગે પ્રતિનિધિત્વ કરી શકે. અરજદાર સંઘે તે મુજબ પગાર વધારો વગેરે માંગણીઓ અંગે સદરહુ રેફરન્સ કરાવેલ હતો અને તે સંઘને બાજૂએ રાખીને સ્થાનિક સંઘ અથવા તો બેન્કના કર્મચારીઓ સમજુતિથી એવોર્ડ મેળવી શકે નહીં અને તેવી સમજુતિ કાયદેસરની ગણાય નહીં. વાસ્તવમાં અદાલતે જોવું જોઈતું હતું કે, જે સમજુતિનો કરાર કરવામાં આવેલ છે તે કરાર જે સંઘે રેફરન્સ કરાવેલ છે તે સંઘ અને માલિક સંસ્થા વચ્ચેનો છે કે કેમ ?

સદરહુ સમાધાન જોતાં માલુમ પડે છે કે, તે સમાધાન સ્થાનિક સંઘ અને બેન્ક વચ્ચે થયેલ છે. સદરહુ સમાધાન મુજબ એવોર્ડ કરવો કે નહી તે માટે અરજદાર સંઘ કે જેણે આ રેફરન્સ કરાવેલ છે તેને સાંભળવામાં આવેલ નથી માટે તે મુજબ એવોર્ડ થઈ શકે નહી પરંતુ ગેરસમજને કારણે અદાલત એવોર્ડ કરેલ છે. સદરહુ એવોર્ડ આ જ અદાલતે કરેલ છે તે એવી માન્યતાથી કે જે સંઘ રેફરન્સ કરેલ છે તે જ સંઘ અને માલિક બેન્ક વચ્ચે સમજુતિ થયેલી છે. આ સંજોગોમાં સમજુતિનો જે ભાગ-૨નો એવોર્ડ થયેલો છે તેની પુનર્વિચારણા કરવાની જરૂર છે. જે કરાર કાયદેસર ગણાય નહી માટે તે રદ કરવાની જરૂર છે.

૫ શ્રી ચાંપાનેરીની રજુઆત એવી છે કે, આપણી વડી અદાલતે સ્પે. સીવીલ એપ્લીકેશન નં. ૧૭૪૭/૮૦ના કામે આપેલા ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, અમુક ખાસ સંજોગોમાં પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતા સંઘ ઉપરાંત સ્થાનિક સંઘ અથવા કામદારોને ૧૯૪૬ના અધિનિયમ નીચે સાંભળવા જોઈએ. નીલબત્ત, આ જાતનો ચુકાદો આપણી વડી અદાલતે આપેલો છે પરંતુ તે ચુકાદામાં પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતા સંઘ સિવાય ઈતર વ્યક્તિઓને બાકાત રાખતી જે કલમો હતી તેની કાયદેસરતાને પડકારવામાં આવેલ હતી. આપણી વડી અદાલતે તે કલમો કાયદેસર છે એમ ઠરાવેલ છે અને નિદાન કરેલ છે કે, અમુક કિસ્સાઓ કે જેમાં વ્યક્તિગત ફોજદારી વિંટળામણમાં આવી પડે તેવા કિસ્સાઓમા કામદારો કે ઈતર સંઘને પડકાર ભલે ન કરી શકાય, પરંતુ તેમને આવી જવાબદારી આપનો હુકમ કરતા પહેલાં તેમને સાંભળવા જોઈએ તે યોગ્ય રહેશે. પરંતુ તે ચુકાદાનું તારણ આપણા કિસ્સામાં લાગુ પાડી શકાય નહી. આપણા કિસ્સામાં તેવી કોઈ જવાબદારી સ્થાનિક સંઘ કે બેન્કના કર્મચારીઓને આપવાની નથી પરિણામે સદરહુ ચુકાદો બેન્કને કોઈપણ રીતે લાભકર્તા થઈ શકે તેમ નથી. અત્રે નોંધ લેવાની જરૂર છે કે, શ્રી ચાંપાનેરીની રજુઆત કે બેન્કના બધા કર્મચારીઓને સદરહુ સમાધાન માન્ય છે તે વિધાન સાથે શ્રી પાટીલ સંમત થતા નથી અને શ્રી પાટીલે તે સમાધાન તે જ બેન્કના કર્મચારીઓને કબુલ મંજુર નથી તેવી કેટલીક સહીઓ આ પ્રકરણમાં રજુ કરેલી છે, પરંતુ બેન્કના બધા જ કર્મચારીઓને આ સમાધાન કબુલ મંજુર છે એમ ગણવામાં આવે તો પણ અગાઉ જણાવ્યા પ્રમાણે, અરજદાર સંઘ કે જે પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો સંઘ છે તેની સંમતિ વગર સમાધાનથી એવોર્ડ થઈ શકે નહીં પરિણામે આ પુનર્વિચારણા અરજીમાં નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

INDEX

હુકમ

૬. અરજી વહાલ રાખવામાં આવે છે અને આ અદાલતે રેફરન્સ (આઈસી) નં. ૧૫૫/૮૭ના કામે ભાગ-૨નો જે ચુકાદો સમાધાનથી આપેલ છે તે ચુકાદો રદ કરવામાં આવે છે અને સદરહુ રેફરન્સનું કામ ફરી ફાઈલ પર લઈને ભાગ-૧ના ચુકાદામાં જે માંગણીઓનો સમાવેશ થતો ન હોય તે માંગણીઓનો ન્યાય નિર્ણય કરવા માટે સદરહુ રેફરન્સના કામે સુનાવણી માટે પક્ષકારોને સુચના કાઢવી એવું ઠરાવવામાં આવે છે. ખાસ સંજોગો લક્ષમાં લેતાં ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ની. ન. પટેલ

સહી
(એન. એ ચૌહાણ)

રજીસ્ટ્રાર.

સભ્ય,

અમદાવાદ. તા. ૧૦-૪-૧૯૯૧.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
સહી

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૨૬-૪-૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/અ/શસક/૨૭૬૫૪ આરજુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ ૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ધી સુરત ટેક્ષટાઈલ લેબર યુનિયન સુરત અને સુરત ડી. કો. ઓ. સ્પી મીલ્સ લી, સુરત.ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૮૧મા એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરું છું. ગુજરાતના માનનીય ઈન્ચાર્જ સભ્યશ્રી બી. જે. ત્રિવેદીની ઔદ્યોગિક અદાલત

સુરત સમક્ષ

રેફ. (આઈસી) નં. ૧૯/૮૯

સુરત ટેક્ષટાઈલ લેબર યુનીયન — પ્રથમ પક્ષકાર.

વિરુદ્ધ

સુરત ડી કો. ઓ. સ્પી. મીલ્સ લી. સુરત — બીજા પક્ષકાર.

ચુકાદો

(૧) સુરત ટેક્ષટાઈલ લેબર યુનીયન કે જે રીપ્રેઝન્ટીવ યુનીયન છે તેમણે આંક-૩ની નોટીસ ઓફ ચેઈન્જ બજાવી અમદાવાદમાં જેમ અઠવાડીક રજા તહેવાળોની રજા, રાષ્ટ્રીય તહેવારોની રજા વિગેરે દિવસોએ ફરજ બજાવતા કામદારો માટેનો પગાર ઔદ્યોગિક અદાલત ગુ. રાજ્ય અમદાવાદનાએ પરચુરણ અરજી આઇસી ૪૬/૮૦માં સમીશન આઈસી ૬૧/૪૯માં અને પરચુરણ અરજી નં. ૫/૫૨માં તા. ૧૭-૯-૮૬ના રોજ ટેકનીક સ્પષ્ટતા અને સુધારા સાથે નામદાર અદાલતે ચુકાદો ફરમાવેલો છે. તેનો સ્પષ્ટ અમલ કરવા મીલમાં બધા ખાતાના કામદારો માટે કરવા વિનંતી કરી છે તેમજ તેનો અમલ તા. ૧-૧-૮૬ થી કરવો. આ માંગણી સુરત શહેર તેમજ ચોર્યાસી તાલુકાના વિસ્તારમાંના કાપડ સુતર ઉદ્યોગમાં કામ કરતા કામદારોના યુનિયન તરીકે કરવામાં આવી છે.

INDEX

(૨) મજકુર રેફરન્સ સમાધાન ન થતાં તેમણે આંક-૨નું ફેલીયોર સર્ટીફીકેટ રજુ કર્યું છે. આંક-૧થી તા. ૧૨-૪-૮૯ના રોજ મજકુર રેફરન્સ ઉપર દર્શાવેલ માગણી માટે કરવામાં આવ્યો છે. બન્ને પક્ષકારોને નોટીસ બજી જતાં આંક-૫ થી રીપ્રેઝન્ટીવ યુનિયને માગણાનું નિવેદન રજુ કરી માગણાના સમર્થનમાં તમામ હકીકત દર્શાવી છે. જ્યારે સામાવાળા મીલ કંપનીએ લેખિત જવાબ રજુ કર્યો છે.

(૩) ત્યારબાદ તા. ૩-૪-૯૧ના રોજ બન્ને પક્ષકારોએ ભેગા મળી મજકુર કામ બોર્ડ ઉપર લેવા માટે વિનંતી કરતા બોર્ડ ઉપર લેવામાં આવ્યુ હતું અને તેમણે આંક-૮થી સમાધાન રજુ કરી રેકર્ડ કરાવેલ તેમાં બન્ને પક્ષકારોએ એવી જાહેરાત કરી છે કે બીજા પક્ષકારના મીલના જે પેઈડ હોલી કે મંજુર થયેલા છે તે દીવાળી, નવું વર્ષ, ધુળેટીના ચાર પેઈડ હોલીડેના દિવસ સમગ્ર મીલનું કામ બંધ રહે છે તેમછતાં તે ચાર દિવસે વોચ વોર્ડ વિભાગના કામદારો તેમજ એન્જી અને મીલ વિભાગના કામદારોને કામ પર બોલાવવામાં આવે છે તેવા તે કામદારનું તે દિવસના પગાર ડબલ આપવામાં આવે અને તેનો અમલ પણ ૧-૩-૯૦થી કરવામાં આવે તેવી જાહેરાત કરી છે.

(૪) ઉપરની હકીકત જોતાં મજકુર સમાધાન કામદારોના હીતમાં છે ઔધોગિક શાંતી જળવાઈ રહે તે માટે જરૂરી છે અને સમાધાન ફેર એન્ડ જસ્ટ છે તેથી તે ન સ્વીકારવા માટે કોઈ કારણ નથી. વળી રીપ્રેઝન્ટીવ યુનીયને દાખલ કરેલું હોઈસને ચાર રજા પુરતી ડબલ પગારની માંગણી સ્વીકારાતી હોઇ તે મંજૂર કરવામાં આવતા આંક-૮ના સમાધાનને એવોર્ડનો ભાગ ગણી એવોર્ડ કરી આપવામાં આવે છે.

હુકમ

આંક-૮ના સમાધાનને એવોર્ડનો ભાગ ગણી એવોર્ડ કરી આપવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

મે. સુરતની ઔધોગિક અદાલત સમક્ષ

રેફરન્સ નં. આઈસી. ૧૯/૮૯

વચ્ચે

INDEX

ધી સુરત ટેક્ષટાઈલ લેબર યુનિયન, સુરત — પ્રથમ પક્ષકાર

અને

ધી સુરત ડીસ્ટ્રીકટ કો–ઓ. સ્પીનીંગ મીલ્સ લી. સુરત. — બીજા પક્ષકાર

સદરહું કામમાં પક્ષકારો તરફે નીચે મુજબનું સુખદ સમાધાન થયું છે તો તે મુજબ હુકમ કરશોજી.

(૧) બીજા પક્ષકારની મિલના જે પેઈડ હોલીડેઝ નક્કી થયેલા છે તે પૈકી દિવાળી, નવુવર્ષ, ભાઈબીજ અને ધૂળેટીના ચાર પેઈડ હોલીડેઝના દિવસોએ સમગ્ર મિલનું કામકાજ બંધ રહે છે તેમ છતાં તે ચારેય દિવસોએ જે વોટર એન્ડ વોર્ક્સ વિભાગના કામદારોને તેમજ એન્જીનીયરીંગ અને મીકેનીકલ વિભાગના કામદારોને કામ પર બોલાવવામાં આવશે અને તે રીતે કામ પર રાખવામાં આવે ત્યારે તેમને જે તે કામના દિવસોનો પગાર ડબલ આપવામાં આવશે. આનો અમલ તા. ૧–૩–૯૦થી શરૂ કરવામાં આવેલ છે.

(૨) ઉપરની હકીકતમાં પક્ષકારો નામદાર કોર્ટને વિનંતી કરે છે. આ સમાધાન મુજબનો હુકમ કરશોજી.

(૩) ખર્ચ બાબત કોઈ હુકમ કરવાનો નથી.

સુરત — પ્રથમ પક્ષકાર વતી અને તરફે

તા. ૨–૪–૯૧

બીજા પક્ષકારના એડવોકેટ — બીજા પક્ષકાર વતી અને તરફે

સહી

(બી. જે. ત્રિવેદી)

સભ્ય

ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

સુરત

તા. ૫–૪–૯૧

સુરત

વડોદરા મુકામે

અમદાવાદ

તા. ૨૬–૪–૯૧

વડોદરા મુકામે

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ.

INDEX

અને. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક ૨૭૬૫૫ આરચુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને અને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી અને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું સુરત ટેક્ષટાઈલ લેબર યુનિયન, સુરત અને ધી સુરત ડી. કો. ઓ. સ્પી. મીલ્સ લી., સુરતની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરું છું.

ગુજરાતના માનનીય ઈન્ચાર્જ અધ્યક્ષશ્રી બી. જે. ત્રિવેદીની ઔદ્યોગિક અદાલત

સુરત સમક્ષ

રેફરન્સ (આઈસી) નં. ૯૦/૮૭

સુરત ટેક્ષટાઈલ લેબર યુનીયન સુરત

પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

ધી સુરત ડી. કો. ઓ. સ્પી. મીલ્સ લી. સુરત.

બીજા પક્ષકાર.

ચુકાદો

(૧) સુરત ટેક્ષટાઈલ લેબર યુનિયન કે જે રીપ્રેઝન્ટીવ યુનીયન છે તેમણે સુરત ડીસ્ટ્રીક્ટ કો. ઓ. સ્પી. મીલ્સ લી. સુરતનાને અંક-૨થી નોટીસ ઓફ ચેઈન્જથી માંગણીનું નિવેદન આપવામાં આવેલ તેમાં ૧૯૮૬માં ૧૯૮૬-૮૭નું હીસાબી વર્ષ પુરું થતા કારીગરો તથા સ્ટાફ મેમ્બરોને ઉત્પાદનની પ્રક્રિયા જાળવી રાખવા તથા વધારવા પ્રયત્નોમાં સંપૂર્ણ સહકાર આપ્યા બદલ વધારો થયો હોઈ વધારને ધ્યાનમાં રાખી કારીગરોને જે દીવાળી તહેવાર માટે દીવાળી બોનસ આપવાની પ્રથા છે તેમાં ઔદ્યોગિક શાંતી જળવાઈ રહે તે માટે ૧૯૮૭ના ઓક્ટોમ્બર માસમાં દીવાળીના તહેવાર નિમીત્તે યોગ્ય બોનસ ચુકવી આપવા માટે માંગણી કરવામાં આવી હતી.

INDEX

(૨) મજકુર ઔદ્યોગિક તકરાર સમાધાન અધિકારી સમક્ષ સમાધાન ન થતાં તેમણે આંક-૩થી ફેલ્યોર સર્ટીફીકેટ આપેલ છે અને તે આધારે આંક-૧થી મજકુર રેફરન્સ તે તકરારના ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવામાં આવી છે. રેફરન્સ તારીખ ૨૩-૯-૮૭ના રોજ દાખલ કરવામાં આવ્યો હતો અને બન્ને પક્ષકારોને માંગણાંનું નિવેદન તેમજ લેખીત જવાબ રજુ કરવા માટે નોટીસ કાઢીને બજાવતા આંક-૫થી માંગણાંનું નિવેદન રજુ કર્યું છે અને આંક-૬થી લેખીત જવાબ સામાપક્ષને રજુ થયો છે.

(૩) ઉપર દર્શાવ્યા મુજબ બોનસ એકટની રૂએ ઓછામાં ઓછુ ૮.૩૩ ટકા બોનસ આપવા બંધાયેલા છે પરંતુ ખરેખર ૨૦ ટકા બોનસ આપવામાં આવે એટલે કે ૧૧.૬૭ના વધારાની માગણી સને ૧૯૮૫-૮૬ ૧૯૮૬-૮૭ના વર્ષ માટે કરવામાં આવી હતી. આંક-૫થી જે માંગણાંનું નિવેદન રજુ કર્યું છે તેમાં વિગતવાર ટકાવારી ૭૩-૭૪ થી ૮૪-૮૫ મુજબની મીલ તરફથી ચુકવવામાં આવતી બતાવવામાં આવી છે અને તેમણે તેમના માંગણાનું નિવેદનના સમર્થનમાં તમામ હકીકત તેમાં રજુ કરી છે. જ્યારે આંક-૬થી સામાવાળાનો જવાબમાં રેફરન્સ કાયદેસર નથી અને રદ થવાપાત્ર છે. તા. ૧૪-૧૦-૮૬ના પત્રમાં ૮.૩૩ ટકા લેખિત લઘુતમ બોનસ ચુકવવામાં આવેલ છે તેની ખબર આપવામાં આવી હતી અને તે અંગે કોઈ તકરાર લીધી ન હતી અને તે મુજબ બોનસ તા. ૨૨-૧૦-૮૬ના રોજ ચુકવી આપવામાં આવ્યું પણ હતું. ૨૦ ટકા લેખેની માંગણી વ્યાજબી અને કાયદેસર નથી અને બીજી અનેક તકરારો લીધી હતી જે તેમના જવાબમાં વિગતવાર તેમણે દર્શાવી છે.

(૪) તા. ૩ ૪-૯૧ના રોજ બન્ને પક્ષકારોએ મજકુર કામ હાથ ઉપર લેવા વિનંતી કરતા બોર્ડ પર લેવામાં આવ્યું હતું અને આંક-૧૪થી પુરસીસ આપી બન્ને પક્ષકારોએ રજુ કરી છે તેમાં દર્શાવ્યું છે કે રેફરન્સ ૨૬/૯૦ના કામમાં જે સમાધાનથી એવોર્ડ થયેલ છે તે મુજબ મજકુર રેફરન્સ ૯૦/૮૭ પાછો ખેંચી લઈએ છીએ અને આ કામમાં હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી જેથી હુકમ કરવા વિનંતી છે. રેફરન્સ આઈસી ૨૬/૯૦ના આપેલ એવોર્ડ આંક-૯નો બતાવવામાં આવ્યો તેમાં આઇટમ નં ૮માં સમાધાનમાં તેમને દર્શાવેલ છે કે આ સમાધાન થતાં બીજા પક્ષકાર સામે ઔદ્યોગિક અદાલતમાં સને ૧૯૮૫-૮૬ અને ૧૯૮૬-૮૭ના વર્ષ માટે બોનસની જે માંગણી રેફરન્સ નં. ૨/૮૭ને ૯૦/૮૭ની કરવામાં આવી છે તે પ્રથમ પક્ષકારે બીન શરતી પાછી ખેંચી લેવાની છે.

INDEX

(૫) આમ એકંદરે જોતાં બોનસની માંગણી કરવામાં આવી હતી પરંતુ તે બન્ને વર્ષના બોનસની માંગણીને જયાં સુધી રેફરન્સ આઈટી ૨૬/૯૦માં સુખદ સમાધાન પક્ષકારોએ કરેલું હોઇ તે માટે સદંતર પ્રેસ કરતા ન હોઇ અને રેફરન્સ પાછો ખેંચી લેતા હોઈ તે ઔદ્યોગિક શાંતીના હીતમાં તેમજ કામદારોના હીતમાં અને સ્પોન્સર યુનીયન રીપ્રેઝન્ટીવ યુનીયન હોઇ કામદારોના હીત વિરૂદ્ધ કામ કરે નહી તેવું માનવું વ્યાજબી છે જેથી મજકુર આંક-૧૪થી જે રેફરન્સ પરત ખેંચી લેવામાં આવ્યો છે તે ફેર એન્ડ જસ્ટ અને પક્ષકારોના સમાધાનને અનુલક્ષીને છે જેથી મજકુર રેફરન્સ રૈસલ કરવામાં આવે છે.

હુકમ

આંક-૧૪ની પુરસીસ મુજબ રેફરન્સ આઇટી ૨૬/૯૦ના કામમાં થયેલ સમાધાન મુજબ રેફરન્સ ૯૦/૮૭ પાછો ખેંચી લેવામાં આવે છે અને તે અંગે વધુ કંઈ કાર્યવાહી કરવાની રહેતી નથી તેથી તેને રૈસલ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

તા. ૫-૪-૯૧ સુરત

સહી
(બી. જે. ત્રિવેદી)
સભ્ય,
ઈનચાર્જ ઔદ્યોગિક અદાલત ગુજરાત રાજ્ય
સુરત

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

તા. ૨૬-૪-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૧૫૨ આરસુ–સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ–૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ–(ગુજરાત) નિયમોના નિયમ–૯૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું સુરત ટેક્ષટાઈલ લેબર યુનિયન, સુરત અને ધી સુરત ડી. કો. ઓ સ્પી. મીલ લી, સુરતની વચ્ચે ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ માં એપ્રિલ માસના ૨૬ મા દિને આથી નોંધ કરું છું.

ગુજરાતના માનનિય ઈન્ચાર્જ સભ્યશ્રી બી. જે. ત્રિવેદીની ઔદ્યોગિક અદાલત

સુરત સમક્ષ

રેફરન્સ (આઈટી) ૪/૮૭

સુરત ટેક્ષટાઈલ લેબર યુનિયન સુરત — પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

ધી સુરત ડી. કો. ઓ. સ્પી. મીલ લી. સુરત — બીજા પક્ષકાર

ચુકાદો

૧) સુરત ટેક્ષટાઈલ યુનિયન તરફથી આંક-૨ નો નોટીસ ઓફ ચેઈન્જ તા. ૧૬–૧૦–૮૬ ના રોજ આપવામાં આવી હતી તેમાં મીલમાં કામ કરતા તમામ કામદારોને તથા કર્મચારીઓને રૂ. ૧૨૫/– એડહોક વધારો પ્રતિમાસ પગારમાં ઉમેરી આપવાના ધોરણે કાયમી ધોરણે કરી આપવા અને તા. ૧–૧–૮૫થી અમલ કરવા માંગણી કરવામાં આવી હતી અને મજકુર માંગણી સુરત શહેર તેમજ ૮૪ તાલુકાના વિસ્તારમાં કાપડ સુતર ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતા સંઘ તરફથી કરવામાં આવી હતી.

(૨) સમાધાન અધિકારી રૂબરૂ સમાધાન ન થતા ઉપરની ઔદ્યોગિક તકરાર અંગે આંક-૩ નું ફેલીયોર સર્ટીફીકેટ રજુ થયું છે અને તે આધારે મજકુર ઔદ્યોગિક તકરાર આંક-૧ મુજબના રેફરન્સથી તા.. ૨૭-૧-૮૭ ના રોજ દાખલ કરવામાં આવી. રેફરન્સ અંગે બંને પક્ષકારોને નોટીસ બજી જતા આંક-૫થી યુનિયને માંગણાનું નિવેદન તેમજ લેખિત જવાબ રજુ કર્યા છે અને બંને પક્ષકારોએ તેમાં તકરારો લીધી છે અને પોત પોતાના કેસમાં સમર્થન આપવાની હકીકત દર્શાવી છે.

(૩) માંગણી જોતાં કુલ એડહોક ઇજાફો ૧૨૫ નો થાય તેમાં ૮૦ નો અગાઉ આપવામાં આવેલ હતું તેમાં ઉમેરો કરી અમદાવાદની ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલમાં તેમજ મુંબઈની ઇન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલે જે પ્રમાણે ઈન્ક્રીમેન્ટ રૂ. ૭૦ થી વધુ કરી આપવા માટે માંગણી કરી છે તે પ્રમાણેની માંગણી મજકુર રેફરન્સમાં દાખલ કરવામાં આવી હતી. તેમના કહેવા મુજબ રૂ. ૧૨૫ નો વધારો તા. ૧-૬-૮૫ થી વધારો આપવામાં આવ્યો છે. તામીલનાડુંમાં પણ તે પ્રમાણે આપવામાં આવ્યો છે અને અન્ય રાજ્યમાં પણ તા. ૧-૧-૮૬ નો પગાર રૂ. ૧૦૦ નો વધારી ચુકવવામાં આવે છે. ગુજરાતમાં મોટા ભાગની કાપડની મીલો જે અમદાવાદમાં આવી છે તે મોંઘવારી અને સખત મંદીમાંથી પસાર થતી હોઈ રૂ. ૭૦ નો માસીક પગાર વધારો તા. ૧-૪-૮૬ થી ચુકવવામાં આવેલ છે. તેવી જ રીતે સુરતની મીલો માટે પણ માંગણી પેશ કરવામાં આવી છે. મજુરોએ મીલને પુરતો સહકાર આપ્યા છે અને મોંઘવારી તેમજ મંદીની ભીંસમાં ઔદ્યોગિક શાંતી જળવાઈ રહે તે હીતમાં મજકુર માંગણી રજૂ કરવામાં આવી હતી.

(૪) જ્યારે સામાપક્ષે આંક ૬ થી લેખીત જવાબ રજૂ કરી રેફરન્સમાં લખેલી હકીકત નકારી કાઢી બીજા રાજ્યોમાં "કરી આપ્યો એટલે અહીંયા કરી આપવો અને તે બરાબર નથી. જ્યારે અમદાવાદની મીલોએ તારીખ ૧-૪-૮૭થી રૂ. ૭૦ ચુકવી આપ્યા છે તે પરચુરણ આઈસો ૨૬/૮૬માં ઈન્ડસ્ટ્રીયલ ઇન્ક્રીમ હુકમ કરવામાં આવ્યો હતો અને તે ચુકવી આપવામાં આવ્યા હતા. અને તે શરતોને આધીન રહીને કામદારોને ચુકવી આપ્યો છે અમદાવાદની સાથે સુરતના કામદારોની, મીલોની, ઉદ્યોગોની સરખામણી થઈ શકે નહિં. સુરતમાં બીજી અનેક પ્રથા અમદાવાદ કરતા જૂદા પ્રકારની હોઈ તેની સાથે સરખામણી થઈ સકે નહીં, મજકુર તકરારો લઈ રેફરન્સ રદ કરવા વિનંતી છે,

INDEX

(૫) તા. ૩-૪-૯૧ના રોજ મજકુર કામે બંને પક્ષકારએ ભેગા મળી આંક -૧૨થી અરજી આપી બોર્ડ ઉપર લેવા માટે વિનંતી કરી છે. તે માન્ય રાખતા તેમણે આંક-૧૩થી પુરસીસ આપી છે. તે પુરસીસના આધારે બંને પક્ષકારોનું કહેવું છે કે બીજા પક્ષકાર મીલના તમામ કામદારોને અમદાવાદની ટેક્ષટાઈલ મીલો બાબતમાં અમદાવાદ ઔદ્યોગિક અદાલતના માનનીય ન્યાયમૂર્તિ શ્રી બારોટ સાહેબના ઈન્ટીમ એવોર્ડના આધારે રૂ. ૫૦ નો માસીક વધારો હક્ક કામદાર કર્મચારીઓને તા. ૧-૪-૮૬ થી અમલમાં આવે તે રીતે આપેલ હોઈ આ રેફરન્સ અંગે કાંઈ કરવાનુ રહેતુ નથી તેવું જાહેર કર્યું છે. વળી મજકુર પુરસીસ પ્રથમ પક્ષકારે આ રેફરન્સ પાછો ખેંચી લે છે. તેવી કરી છે.

(૬) ઉપરની હકીકત જોતાં માંગણી મુજબ એડહોક વધારો યુનિયનના કામદારોને મળી ગયેલ છે અને સુરતની ટેક્ષટાઈલ લેબર યુનિયન રીપ્રેઝન્ટીવ યુનિયન હોય તેને તમામને લાભ મળે છે તે સંજોગોમાં મજકુર રેફરન્સ પાછો ખેંચી લેવામાં આવે તે ન્યાય અને વાજબી છે અને માંગણી સંપૂર્ણ રીતે સંતોષાઈ ગયેલ હોઈ અને કેસ આગળ ચલાવવાનો ન હોઈ આંક-૧૩ ના પુરસીસથી પાછો ખેંચી લેવામાં આવે છે જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૧૩ની પુરસીસના આધારે મજકુર રેફરન્સ માંગણી સંતોષાઈ ગયેલ હોઈ તે મુજબ વર્તતા હોય મજકુર રેફરન્સ પરત ખેંચી લેવામાં આવે છે તેવી આંક-૧૩ની પુરસીસ મુજબ મજકુર રેફરન્સ ફેસલ કરવામાં આવે છે ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(બી. જે. ત્રિવેદી
સભ્ય,

વડોદરા મુકામે તા. ૫-૪-૯૧.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ.

INDEX

અમદાવાદ
તા. ૨૬-૪-૯૧

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ, અધિનિયમ,
અમદાવાદ.

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬-બ-શ્રમક-૨૭૬૫૯ આથી-સને. ૧૯૫૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું સુરત ટેક્ષટાઈલ લેબર યુનિયન સુરત અને ધી સુરત ડી. કો. ઓ. વાપી મીલ્સ લી. સુરતની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧ માં એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરૂં છું.

ગુજરાતના માનનીય ઇન્ચાર્જ સભ્યશ્રી બી. જે. ત્રિવેદીની ઔદ્યોગિક અદાલત

સુરત સમક્ષ

રેફરન્સ (આઇસી) નં. ૩૧/૯૦

ધી સુરત ટેક્ષટાઇલ લેબર યુનિયન સુરત પ્રથમ પક્ષકાર

વિ.

ધી સુરત ડીસ્ટ્રીકટ કો. ઓ. સ્પો. મીલ્સ લી. સુરત ... બીજા પક્ષકાર

ચુકાદો

(૧) પ્રથમ પક્ષકાર જે રીપ્રિઝન્ટીવ યુનિયન છે તેમણે બીજા પક્ષકાર પાસે આંક-૩ ની નોટીસ ઓફ ચેઈન્જ બજાવી સમાધાન અધિકારી રૂબરૂ સમાધાન ન થતાં આંક-૨ નું ફેલીયોર સર્ટીફીકેટ મેળવી આંક-૧ થી રેફરન્સ દાખલ કરેલ છે. ટર્મ્સ ઓફ રેફરન્સ મુજબ નામદાર ઔદ્યોગિક અદાલત સુરતના રેફરન્સ આઈસી ૧૮/૯૦ અને બીજા પક્ષકાર શ્રી સ્ટાન્ડર્ડ ઈન્સ્ટીબલ લી. સુરત વચ્ચે સમાધાન મુજબ ફરમાવેલ ચુકાદાનું અક્ષરસ સંપૂર્ણ રીતે અમલ કરવા તેમજ આ માંગણી સુરત શહેર અને ૮૪ તાલુકાના વિસ્તારમાંની કાપડ સુરત ઉદ્યોગના પ્રતિનિધિત્વ ધરાવતા મંડળ તરીકે આપવામાં આવી છે.

(૨) બંને પક્ષકારોને તા. ૨૦-૧૨-૯૦ ના રોજ નોટીસ બજી જતાં તારીખ ૨૦-૧-૯૧ ની મુદત સ્ટેટમેન્ટ ઓફ કલેઇમ દાખલ કરવા તેમજ તા. ૨૧-૨-૯૧ ના રોજ ડબલ્યુ. એસ. ફાઈલ કરવા દાખલ કરવામાં આ નોટીસો કાઢવામાં આવેલી.

(૩) આજ રોજ તા. ૩-૪-૯૧ ના રોજ બંને પક્ષકારોએ આંક-૭ થી જોઈન્ટ પુરસીસ આપી બોર્ડ ઉપર લેવા વિનંતી કરતાં મંજૂર કરવામાં આવી હતી અને આંક-૮ થી બંને પક્ષકારોએ સમાધાન રજૂ કર્યું છે તેમજ તેની વધારાની જરૂર પડતી કોપીઓ પણ રજૂ કરી છે.

(૪) બંનેપક્ષનું નિવેદન અને સમાધાન જોતાં એવું ફલિત થાય છે કે કામદારોને ૧-૧૨ થી અમલમાં આવે તે રીતે રૂા. ૭૦ સમક્ષ એડીશન ટુ ધી બેઝીક ચેઈન્જ વીધાઉટ ડી. એ. ઉપરાંત અન્ય ઈન્ક્રીમેન્ટ ૧૦ કન્વેનીયન્સ એલાઉન્સ રૂા. ૧૦૫ આપવાનું આવી રીતે તા ૧-૪-૯૧, ૧-૪-૯૨, ૧-૪-૯૩, અને ૧-૪-૯૪ સુધીમાં રૂા. ૩૫ રૂા. ૪૫- રૂા ૫૫ રૂા. ૬૫ અને રૂા. ૭૫ તેવી રીતે માસીક વાર્ષિક ઇન્ક્રીમેન્ટ વીધાઉટ ડી. એ. ઇન્ક્લુઝીયન ઓફ ઇન્ક્રીમેન્ટસ આપવા માટે સહમત થાય છે. તેઓએ આંક-૮ થી મજકુર સમાધાન કબુલ કરી તે મુજબ એવોર્ડ કરવા વિનંતી કરી છે. આમ માસીક રૂા. ૩૫ થી ૭૫-નો ઉત્તરોત્તર દર વર્ષે સુધી વધતો વધારો કામદારોના હીતમાં છે તેમજ ઔદ્યોગિક શાંતી જળવાય તે માટે પણ જરૂરી છે. ઉપરાંત આજ પ્રમાણેનો રેફરન્સ ઈન્ડસ્ટ્રીયલ કોર્ટનો પણ ૧૮-૯૦ નો તેમજ એટેડ ખોમ્મે આઈસી ૮/૮૨ તેમજ મીલીયન્સ એપ્લી-

કેશન આઈસી ૨/૮૬ માં તેમજ તેની રેફરન્સ આઈસી ૧૩૪,૯૦ અને ૧૮૫/૯૦ માં ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને અમદાવાદ ટેક્ષટાઈલ મીલ એસો. વચ્ચે થયેલ તેજ પ્રમાણે કરવામાં આવેલ છે.

(૫) આવી રીતે એકંદરે મંજુર સમાધાન ફેર અને તે મુજબ એવોર્ડ નહી કરી આપવા માટે કોઇ કારણ નથી જેથી સમાધાનને એવોર્ડનો ભાગ ગણી નીચે મુજબનો એવોર્ડ કરી આપવા હુકમ ફરમાવું છું.

હુકમ

આંક-૮ ના સમાધાન મુજબ એવોર્ડ કરી આપવામાં આવે છે અને તે સમાધાનને એવોર્ડનો ભાગ ગણવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

BEFORE HON'BLE INDUSTRIAL COURT AT SURAT.

Sitting at Baroda

Reference (IC) No. 31/90

The Surat Textile Labour Union — First Party
Near Alankar Talkies
Station Road.
SURAT

The Surat District Co-op-Spg. Mills Ltd. — Second Party
Varachha Road,
SURAT.

In the matter of demands made by the First Party regarding giving benefits to employees of the Surat District Co-op-spg. Mills Ltd. Surat on the pattern of the benefits as has been granted to the employees at the Standard Industries Ltd., 'Surat

Cotton Unit,' Surat, vide an award in terms of settlement obtained from the Industrial Court, Surat in Ref. No. (IC) 18/90. In the said Award pattern of benefits granted are as per the Award in terms of settlement dated 23rd December, 1990 between the Millowner's Association, Bombay and Rashtriya Mill Mazdoor Sangh, Bombay, and a Representative Union of Employees in the Cotton Textile Industry in the local area of Greater Bombay filed in Ref. (IC) Nos. 8 and 13 of 1986 before the Industrial Court at Bombay. However in as much as till date the parties to the above reference have followed the pattern of wages, increment in wages D. A and other fringe benefits link leave with wages. The parties to this reference hereby request the Hon'ble Court that an Award passed in terms of the settlement in Misc. Application (IC) No. 2/86 and in Ref. (IC) No. 134/90, Ref. (IC) No. 134/90 185/90, between Textile Labour Association Ahmedabad and Ahmedabad Textile Mills Association and others having been adopted into by the parties to reference, the parties have arrived at an amicable agreement mentioned hereunder and pray the Hon'ble Court to give Award in terms mentioned hereunder.

TERMS OF SETTLEMENT

(1) Rs. 70/-given by the Hon'ble Court vide Part I Award dated 30-9-1986 shall be treated as interim relief which shall cese to be paid after 1/12/1990.

(2) Effective from 1/12/1990 all the employees governed by the Bombay Indnstrial Relations Act, 1946, who are on the Muster Roll of the Member Mills as on 1/1/1991 will be paid additional emoluments as under :-

A. Effective from 1/12/1990 (payable in January 1991) total additional emoluments aggregating to Rs. 105/ p.m.

of 26 working days made up of

(i) Lumpsum addition to the basic wages/salary without D.A. — Rs. 70

(ii) Annual increment without D.A. — Rs. 10

(iii) Conveyance Allowance : — Rs. 25

Rs. 105

B. Effective from 1-4-1991 total additional emoluments aggregating to Rs. 115-p.m. of 26 working days, made up of

(i) Lumpsum addition to the basic wages salary without D.A. — Rs. 70

(ii) Annual increment without D. A inclusive of annual increment given effective from 1-12-1990 — Rs. 20

(iii) Conveyance Allowance : — Rs. 25

Rs. 115

C. Effective from 1-4-1992 total additional emoluments aggregating to Rs. 125 p. m. of 26 working days, made up of

(i) Lumpsum addition to the basic wages salary without D.A — Rs. 70

(ii) Annual increment without D. A. inclusive of annual increment given effective from 1-12-1990 and 1-4-1991 — Rs. 30

(iii) Conveyance Allowance : — Rs. 25

Rs. 125

D.	Effective from 1-4-1993 total additional emoluments aggregating to Rs. 135-p.m. of 26 working days, made up of	
	(i) Lumpsum addition to the basic wages salary without D.A.	Rs. 70
	(ii) Annual increment without D.A. inclusive of annual increment given effective from 1-12-1990 1-4-1991 and 1-4-1992	Rs. 40
	(iii) Conveyance Allowance :	Rs. 25
		Rs. 135
E.	Effective from 1-4-1994 total additional emoluments aggregating to Rs. 145-p.m. of 26 working days, made up of	
	(i) Lumpsum addition to the basic wages salary without D. A.	Rs. 70
	(ii) Annual increment without D. A. inclusive of annual increment given effective from 1-12-1990, 1-4-1991, 1-4-1992 and 1-4-1993	Rs. 50
	(iii) Conveyance Allowance :	Rs. 25
		Rs. 145

INDEX

2 In the case of monthly-rated employees namely: Clerks, Nurses, watch and ward Staff and Technical and Supervisory Staff covered under the B.I.R. Act, the lumpsum addition of Rs. 70- per month to the basic wages-salary without dearness allowance and annual increment of Rs. 10- without dearness allowance and conveyance allowance referred to in sub-clause A to F of Clause 2 shall relate to the number of days in a calendar month.

3. The annual increment referred to in Clauses 2-A,B, C.D.E will be paid to every permanent operative and also to badli operative who has worked for not less than 240 days in the immediately preceding calendar year.

In computing the 240 days, the number of days on which-

(a) he-she has been laid off under the Standing Orders :

(b) he-she has been on leave with full wages earned in the previous year;

(c) he-she has been absent due to temporary disablement caused by accident arising out of and in the course of his-her employment;

and

(d) in the case of female employee, she has been on maternity leave so, however, that the total period of such maternity leave does not exceed twelve weeks.

Shall be taken into account.

4. (a) The conveyance allowance referred to in Clause 2 will be paid only for the days of actual work during the month [which shall include the days on which the employee was on leave with wages or on paid casual leave as well as all the paid festival holidays] both to the permanent employees as well as badlis. In other

INDEX

words, this allowance will not be paid for the days of absence without wages-salary or leave without wages-salary and also when the employee is absent due to sickness.

(b) No Provident Fund Contribution, ESIC Contribution, Gratuity, Bonus, dearness Allowance, Overtime or any other benefits will be payable on conveyance allowance.

(c) This allowance shall be subject to such taxes as may be specified under the law.

5. (a) The Surat District Co-Operative Spining Mills Ltd. has agreed to give Leave Travel Allowance effective from 1-1-1991 to every permanent employee and also to every badli employee who has worked for not less than 240 days in the immediately preceding calendar year to be computed in the manner explained in clause 3 above. However, the quantum to be given as leave Travel Allowance and the conditions-modalities for this purpose will be nego tiated by the parties and the parties will submit the agreement in this respect later on.

6. The parties have agreed to keep pending the retrospective effect, if any, to be given to the employees pertaining to annual increments and conveyance allowance and Leave Travel Allowance.

7. That the first party union on behalf of the employees of thc Second party the Mill, earnestly and most aggressively urged the Second party to reward suitably by way of an ex-gratia gesture the employees of the Second party in consideration of the Agreement dated 6-7-90 agreeing for Modernisation and Rationalisation in the Mill of the Second party as also in consideration of the Export Award the Second party got from The All India Federation of Co-Operative Spining Mills Limited, Bombay.

INDEX

8. That in view of the above request by the First party as above the second party Mill has gracefully considered the request of the First party and has agreed to reward the employees paying them a lumpsum of Rs. 290- Two hundred ninety only by way of an ev-gratia adhoc payment.

9. In view of the aforesaid consideration the First party union once again reiterates thal the First party Union-and the employees of the Sscond party shall continue to maintain discipline, give full production and ex end full co-operation in eliminating wasteful practices in improving working methods and shall co-operate fully to the employer the Second party for export boost, expansion development, rationalisation, modernisation, debottlenecking etc. and in endeavours of the employer the Second party, towards attaining improved quality higher production and prokuctivity. And that as and when the Second party does something towards attaining the aforesaid aims and goals, the Second party, Union and the employees of the Second party shall neither raise any dispute nor shall they refuse to co-operate in any such matter.

10. That in view of the above consideration of the adhoc payment, as and when any resignation is voluntarily given by the employees working in Fly frames, Ring frames, Winding or other Departments, the employee so resigning shall submit his resignation through the First party Union who shall endorse such resignation and shall forward the same to the Second party. Such employees shall be given One month's notice pay and an amount equal to retrenchment compensation from their respective date of joining in addition to the amount of Gratuity if any such workman-employee is entitled for. And that the said vacant posts shall be considered as abolished.

11. It is agreed that all the employees covered by this Agreement will pay to the Union the First porty Rs. 65 Rupees Sixty

INDEX

Five towards the Union Fund. The said amount of Rs. 65 shall be deducted at source by the Mill the Second party and total amount so deducted shall be paid to the Union the First party towards the Union fund. This will be done within Two months from the date of Award in terms of this Agreement.

12. It is also agreed that as and when employees voluntarily resigning as per clause No. (10) above, is paid the extra amount of notice pay and retrenchment compensation, the Mill the Second party shall deduct the amount equal to 2% of such amount as Union Fund at source directly and after adding the equal amount to such deduction, the total amount, so arrived at shall be sent by the Mill the Second party by cheque to the Union the First party.

13. It is agreed that during the period of operation of this agreement i. e. till 31st March, 1995, the Surat Textile Labour Union, the First Party and or employees of the Mills the Second party will not raise any new demand on an industrywise basis, except that of annual bonus, involving financial burden on the Second Party Mills Company.

14. If a dispute or dffierence of opinion arises in regard to implementation and-or interpretation of this agreement, it will be settled by negotiations between the Surat District Co-operative spining Mills Ltd and the Surat Textile Labour Union, Ltd. failing which, the matter will bereferred, under Section 66 of the Bombay Industrial Relations Act. 1946, to a Committee of two persons one each to be nominated by.the Surat District Co-operative Spinning Mills ltd and the Surat Textile Labour Union, Surat District spinning The decision of the said Committee will be binding on both the parties. In case ofany difference of opinion between the two persons on the Committee, the matter will be referred to an Umpire to be suggested by the said two persons on the Committee.

15. In view of the provision in the above mentioned clause (9), neither the Surat District Co-operative spinning Mills ltd nor the Surat Textile Labour Union, the FirstParty nor any employee of the Surat District Co-operative spinning Mill ltd will approach any authority or forum under any Labour Legislation for seeking implementation and-or (nterpretation of this for recovery of any money or benefit payable under this agreement.

Surat Dated-25-2-1991.

For The Surat Textile Labour Union, Surat.
Manager P. R. Desai
For The Surat Dist-Co-Op-Spinng Mills Ltd., Surat.

વડોદરા
તા. ૪-૪-૧૯૯૧.

સહી
(બી. જે. ત્રિવેદી
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, વડોદરા.

અમદાવાદ તા. ૨૬-૪-૯૧

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૬૫૬ આર. યુ. સને ૧૯૪૬ની મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું સુરત ટેક્ષટાઈલ લેબર યુનિયન, સુરત અને સુરત ડી. કો. ઓ. સ્પી. મીલ્સ લી. સુરતની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરું છું. માનનીય ઈન્ચાર્જ સભ્યશ્રી બી. જે. ત્રિવેદીની ઔદ્યોગિક અદાલત સુરત સમક્ષ(ગુ.રા.)

રેફરન્સ(આઈસી) નં. ૬/૮૯

ધી સુરત ટેક્ષટાઈલ્સ લેબર યુનીયન પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

ધી સુરત ડી કો ઓ. સ્પીનીંગ મીલ્સ લી. સુરત બીજા પક્ષકાર.

ચુકાદો

(૧) સુરત ટેક્ષટાઈલ લેબર યુનિયનના વેસ્ટ કેરીયર કમ સ્વીપરનો હોદ્દો આપવા માટે માંગણી કરતી મજકુર ઔદ્યોગિક તકરાર અંગેની નોટીસ સામાવાળી મીલને આંક-૩ મુજબ આપવામાં આવી હતી અને તેમાં વેસ્ટ કેરીયર કમ સ્વીપર કોરૂમર ખાતામાં રાખવામાં આવતા ન હોઈ પાળી દીઠ બે તેવી બે પોસ્ટ ખાતાના કામદારોની સીનીયોરીટી પ્રમાણે તેવો હોદ્દો આપી નિમણુંક કરવા માટે માંગણી કરી હતી. મજકુર ઔદ્યોગિક તકરાર સમાધાન અધિકારી રુબરુ સમાધાન ન થતાં આંક-૨નું ફેલીયોર સર્ટીફીકેટ રજુ કરવામાં આવ્યું છે જેથી આંક-૨ મુજબનો મજકુર રેફરન્સ સદરહુ ઔદ્યોગિક તકરાર માટે કરવામાં આવ્યો છે.

(૨) મજકુર રેફરન્સ તા. ૨૮-૨-૮૯ના રોજ દાખલ થયા બાદ બન્ને પક્ષકારોને નોટીસો બજી જતાં રીપ્રેઝન્ટીવ યુનિયન તરફથી આંક-૪નું માંગણાનું નિવેદન રજુ કરવામાં આવ્યું છે અને તેના માંગણાના સમર્થનમાં વિગતવાર

INDEX

વિગતો દર્શાવી છે જ્યારે સામાપક્ષે કોઈ લેખિત જવાબ રજુ કરવામાં આવ્યો નથી.

(૩) આજરોજ તા ૩-૪-૯૧ના રોજ બન્ને પક્ષકારે ભેગા મળી મજકુર કામ બોર્ડ પર લેવા માગણી કરતા બોર્ડ પર લીધુ હતુ. તેઓએ આંક-૧૦ મુજબ મજકુર કામમાં જે સમાધાન થયુ છે તે રજુ કરી બન્ને પક્ષકારોએ કબુલ કરી સ્વીકાર્યુ છે. તેઓએ આંક-૧૦થી માગણી મુજબની પોસ્ટ ઉભી કરી તે સાથે જરૂરી વધારે પ્રોડક્શન આપવા માટે અને બીજી કન્ડીશનો લાદી છે અને તે મુજબનું સમાધાન કર્યુ છે. એકંદરે સમાધાન જોતા કામદારોના હીતમાં છે. કારણકે જ્યારે બે ઉપરની પોસ્ટો ઉભી કરી કામદારોને સીનીયોરીટી પ્રમાણે તેના લાભ મળવા પાત્ર થશે. તા ૧-૫ ૯૦ની માંગણી મુજબ અને સમાધાનની શરત મુજબ તેમને કોમ્બર ખાતામાં વેસ્ટ કેરીયર કમ સ્લીપરની પોસ્ટો ઉભી કરી મજકુર સમાધાન રજુ કર્યુ છે તે કામદારોના હીતમાં છે તેમજ ઔદ્યોગિક શાંતી જળવાઈ રહે તે માટે પણ જરૂરી છે અને એકંદર ફેર એન્ડ જસ્ટ હોઈ અને રીપ્રિઝન્ટીવ યુનિયન તરફથી સમાધાન થતુ હોઈ તે ન સ્વીકારવા માટે કોઈ કારણ નથી. જેથી તે સમાધાન રેકર્ડ કરી તે મુજબ એવોર્ડ કરી આપવામાં આવે છે.

હુકમ

આંક-૧૦ના સમાધાન મુજબ તેને એવોર્ડની ભાગ ગણી એવોર્ડ કરી આપવામાં આવે છે અને ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

મે. સુરતની ઔદ્યોગિક અદાલત સમક્ષ

રેફરન્સ નં. આઈ.ટી.સી. ૬/૮૯.

ધી સુરત ટેક્ષટાઈલ લેબર યુનિયન, સુરત — પ્રથમ પક્ષકાર.

અને

ધી સુરત ડીસ્ટ્રીકટ કો-ઓ. સ્પીનીંગ મીલ્સ લી. સુરત. — બીજા પક્ષકાર.

સદરહું કામમાં પક્ષકારો તરફે નીચે મુજબનું સુખદ સમાધાન થયું છે તો તે મુજબ હુકમ કરશોજી.

(૧) બીજા પક્ષકારે તેમના કોમ્બર ખાતામાં વેસ્ટ કેરીયર કમ સ્લીપરનો હોદો આપવા માટેની પ્રથમ પક્ષકાર યુનિયનની માંગણીથી થયેલ સદરહું રેફરન્સ

બાબતમાં પ્રથમ પક્ષકાર યુનિયનના ચૂંટાયેલા પ્રતિનિધિઓ નામે શ્રી પ્રવિણભાઈ પી. પટેલ અને શ્રી શાંતિલાલ નારણભાઈ પટેલ અને જોબરો. ૧. શ્રી રણછોડભાઈ પરભુભાઈ, ૨. શ્રી નગીનભાઈ લક્ષ્મણભાઈ અને ૩. શ્રી નવલભાઈ વસનજીની હાજરીમાં ખાતાધિકારીની સાથે લંબાણપૂર્વક ચર્ચા-વિચારણા કર્યા બાદ આ બાબતમાં કોમ્બીંગ ખાતામાં કોમ્બીંગ વેસ્ટ ભરવા માટે ત્રણેય પાળીમાં એક એક કુલી આપવાનું નક્કી થતા જે સમાધાન તા. ૪-૫-૯૦ના રોજ થયું છે તેની અક્ષરસઃ શરતો નીચે મુજબ છે અને તેનો અમલ બીજાપક્ષકારે તા. ૧-૫-૯૦ થી શરૂ કરી દીધેલ છે

૧. હાલ ઘણા સમયથી કોમ્બર મશીનનાં પ્રત્યેક કોમ્બરના એક પાળીમાં ૨૦ થી ૨૨ હેન્ડ એટલે કે ૨૧ હેન્ડનો એવરેજ આવે છે, તે વેસ્ટ કાઢવા માટે કુલી આપતા કોમ્બર ટેન્ડરના વર્કલોડ ઓછો થવાથી તેઓ ૨૨ થી ૨૪ એટલે કે ૨૩ હેન્ડની એવરેજ આપશે. આમ પ્રત્યેક કોમ્બર દીઠ બે હેન્ડનો વધારો થશે.

૨. ઉપરોક્ત એવરેજ જ્યારે સુપર ડીલક્ષના પાંચ કોમ્બર ૧૦% કોમ્બર વેસ્ટ તથા બાકીના ૧૯ કોમ્બર ૨૪% કોમ્બરવેસ્ટથી ચાલતા હતા ત્યારે લીધેલ છે. એટલે કે જે કોમ્બરમાં વેસ્ટ % ઓછા હતા તેમાં સામાન્ય કરતા વધુ હેન્ડ આવતા હતા તથા જેનાં વેસ્ટ % વધુ હતા તેના સામાન્ય કરતા થોડા ઓછા હેન્ડ આવતા હતા. આમ એવરેજ ૨૧ની ગણવામાં આપેલ છે. આમ જે કોમ્બરમાં વેસ્ટ % ઓછા હોય તેમાં પ્રત્યેક કોમ્બરનાં પ્રમાણમાં વધુ હેન્ડ આપવાના રહેશે.

૩. કોમ્બર મશીન ઉપર જરુરિયાત પ્રમાણે રીબનલેપ મશીન પરથી લેપ લાવી કોમ્બર પર મુકવા માટે કોમ્બર ટેન્ટરો રીબનલેપ ટેન્ટરને મદદ કરી સહકારથી કામ કરશે.

૪. કોઈ સંજોગોમાં કોઈપણ પાળીમાં કામદારની ઘટ હોય અને કોમ્બર મશીનો કે સ્લાઈવર રીબન મશીનો બંધ રહેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો કોમ્બર ટેન્ટરો કુલી રાખવાનો આગ્રહ પડતો મૂકી તે દિવસે હાલની પ્રથા મુજબ વેસ્ટ ભરી લેશે અને કુલી વગર જે કાંઇ નંબરો હાલ આપે છે તે પ્રોડકશન આપશે તથા વેસ્ટ કાઢતો કામદાર કોમ્બરમાં અન્ય જગ્યા પર કામ કરશે.

૫ ઉપરોક્ત સમાધાનમાં દર્શાવેલ મુદ્દાઓ પરિપૂર્ણ કરવામાં કામદારો જ્યારે મેનેજમેન્ટને સંતોષ નહિં આપશે ત્યારે ત્રણે પાળીમાં વેસ્ટ કાઢવા માટે

INDEX

મુકેલ ફુલી આપવાનો બંધ કરવાનું મેનેજમેન્ટ નક્કી કરે તે કામદારોએ સ્વીકારવાનું રહેશે અને હાલ વેસ્ટફુલી વગર આપતું પ્રોડક્શન તેઓ આપશે.

(૨) ઉપરની હકીકતમાં પક્ષકારો નામદાર કોર્ટને વિનંતી કરે છે. આ સમાધાન મુજબનો હુકમ કરશોજી.

(૩) ખર્ચ બાબત કોઈ હુકમ કરવાનો નથી.

સુરત તા ૨-૪-૯૧

સહી
પ્રથમ પક્ષકાર વતી અને તરફે

તા. ૫-૪-૯૧ સુરત

સહી
(બી. જે. ત્રિવેદી)
સભ્ય,
ઈનચાર્જ ઔદ્યોગિક અદાલત સુરત

અમદાવાદ તા. ૨૬-૪-૯૧

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક.
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેનો
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૬૫૭ આરયુ સને ૧૯૪૬ના મુંબઈ આદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ધી સુરત ટેક્ષટાઈલ લેબર યુનિયન, સુરત અને સુરત ડી. કો. ઓ. સ્પી. મીલ લી સુરતની વચ્ચે ઓધોગિક વિવાદમાં ઔધોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરું છું.

ગુજરાતના માનનીય ઈન્ચાર્જ સભ્ય શ્રી. ત્રિવેદીની બી. જે. ઔધોગિક અદાલત સુરત

સમક્ષ

રેફરન્સ (આઈસી) નં. ૨/૮૭

ધી સુરત ટેક્ષટાઈલ લેબર યુનીયન સુરત પ્રથમ પક્ષકાર.

વિ.

ધી સુરત ડી. કો. ઓ. સ્પી. મીલ લી. સુરત બીજા પક્ષકાર.

ચુકાદો

(૧) સુરત ટેક્ષટાઈલ લેબર યુનિયન કે જે રીપ્રેજન્ટીવ યુનીયન છે. તેમણે સુરત ડીસ્ટ્રીકટ કો. ઓ. સ્પી. મીલ લી. સુરતનાને આંક-૨ થી નોટીસ ઓફ ચેઈન્જથી માંગણાનું નિવેદન આપવામાં આવેલ તેમાં ૧૯૮૫માં ૮૫-૮૬ નું હીસાબી વર્ષ પુરું થતાં કારીગરો તથા સ્ટાફ મેમ્બરોને ઉત્પાદનની પ્રક્રિયા જાળવી રાખવા તથા વધારના પ્રયત્નોમાં સંપૂર્ણ સહકાર આપ્યા બાદ વધારો થયો હોઈ વધારાને ધ્યાનમાં રાખી કારીગરોને જે દીવાળી તહેવાર માટે દીવાળી બોનસ આપવાની પ્રથા છે તેમાં ઔધોગિક શાંતી જળવાઈ રહે તે માટે ૧૯૮૬ના ઓકટોબર માસમાં દીવળીના તહેવાર નિમીત્તે યોગ્ય બોનસચુકવી આપવા માટે માંગણી કરવામાં આવી હતી.

INDEX

(૨) મજકૂર ઔદ્યોગિક તકરાર સમાધાન અધિકારી સમક્ષ સમાધાન ન થતાં તેમણે આંક-૩ થી ફેલીયોર સર્ટીફીકેટ આપેલ છે અને તે આધારે આંક -૧ થી મજકૂર રેફરન્સ તે તકરારના ન્યાયનિર્ણય માટે મુકવામાં આવી છે. રેફરન્સ તા. ૨૭-૧-૮૭ ના રોજ દાખલ કરવામાં આવ્યો હતો અને બન્ને પક્ષકારોને માંગણાનું નિવેદન તેમજ લેખીત જવાબ રજુ કરવા માટે નોટીસ કાઢીને બજાવતા આંક-૫ થી માંગણાનું નિવેદન રજુ કર્યું છે અને આંક-૬ થી લેખીત જવાબ સામા પક્ષને રજુ થયો છે.

(૩) ઉપર કરવા મુજબ બોનસ એક્ટ નીચે ઓછામાં ઓછું ૮.૩૩ ટકા બોનસ આપવા બંધાયેલા છે. પરંતુ ખરેખર ૨૦ ટકા બોનસ આપવામાં આવે એટલે કે ૧૧.૬૭ના વધારાના માંગણી અને ૧૯૮૫-૮૬ ના વર્ષ માટે કરવામાં આવી હતી આંક ૫ થી જે માંગણાનું નિવેદન કર્યું છે તેનો વિગતવાર ટકાવારી ૬૩ ૭૪ થી ૮૪-૮૫ મુજબની મીલ તરફથી મુકવવામાં આવતી બતાવવામાં આવી છે અને તેમણે તેમના માંગણાનું નિવેદનના સમર્થનમાં તમામ હકીકત તેમાં રજુ કરી છે. જ્યારે આંક-૬ થી સામાવાળાનો જવાબમાં રેફરન્સ કાયદેસર નથી અને રદ થવા પાત્ર છે. તા. ૧૪-૧૦ ૮૬ ના પત્રમાં ૮.૩૩ ટકા લેખિત લઘુતમ બોનસ ચુકવવામાં આવેલ છે તેની ખબર આપવામાં આવી હતી અને તે અંગે કોઈ તકરાર લીધી ન હતી. અને તે મુજબ બોનસ ૨૨-૧૦-૮૬ ના રોજ ચુકવી આપવામાં આવ્યું હતું. ૨૦ ટકા લેખેની માંગણી વ્યાજબી અને કાયદેસર નથી અને બીજી અનેક તકરારો લીધી હતી જે તેમના જવાબમાં વિગતવાર તેમણે દર્શાવી છે.

(૪) તા. ૩-૪-૯૧ ના રોજ બન્ને પક્ષકારોએ મજકૂર કામ હાથ ઉપર લેવા વિનંતી કરતા બોર્ડ ઉપર લેવામાં આવ્યું હતું અને આંક-૧૪ થી પુરસીસ આપી બન્ને પક્ષકારોએ રજૂ કરી છે તેમાં દર્શાવ્યું છે કે રેફરન્સ આઈસી ૨૬/૯૦ ના કામમાં જે સમાધાનથી એવોર્ડ થયેલો છે તે મુજબ મજકૂર રેફરન્સ ૨/૮૭ પાછો ખેંચી લઈએ છીએ અને આ કામમાં હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી જેથી હુકમ કરવા વિનંતી છે. રેફરન્સ આઈસી ૨૬-૯૦ નો આપેલ એવોર્ડ આંક-૯ નો બતાવવામાં આવ્યો તેમાં આઈટમ નં. ૮ માં સમધાનમાં તેમને દર્શાવેલ છે કે આ સમાધાન થતાં બીજા પક્ષકાર સામે ઔદ્યોગિક અદાલતમાં અને ૧૯૮૫-૮૬ અને ૮૬-૮૭ ના વર્ષ માટે બોનસની જે માંગણી રેફરન્સ

નં. ૨/૮૭ અને ૯૦/૮૭ની કરવામાં આવી છે તે પ્રથમ પક્ષકારે બીન શરતી પાછી ખેંચી લેવાની છે.

(૪) આમ એકંદરે જોતા બોનસની માગણી કરવામાં આવી હતી પરંતુ તે બન્ને વર્ષના બોનસની માંગણીને જ્યાં સુધી રેફરન્સ આઈસી ૨૬/૯૦ સુધને સમાધાન પક્ષકારોએ કરેલું હોય તે માટે સદરહુ પ્રેસ કરતા ન હોઈ અને રેફરન્સ પાછો ખેંચી લેતા હોઈ તે ઔદ્યોગિક શાંતીના હીતમાં તેમજ કામદારોના હીતમાં અને સ્પોન્સર યુનિયન રીપ્રેજન્ટાવ યુનિયન હોઈ કામદારોના હીત વિરૂદ્ધ કામ કરે નહી તેવું માનવું વ્યાજબી છે જેથી મજકુર આંક-૧૪ થી જે રેફરન્સ પરત ખેંચી લેવામાં આવ્યો છે તે ફેર એડજસ્ટ અને પક્ષકારોના સમાધાનને અનુલક્ષીને છે જેથી મજકૂર રેફરન્સ ફેસલ કરવામાં આવે છે.

હુકમ

આંક-૧૪ ની પુરસીસ મુજબ રેફરન્સ આઈસી ૨૬/૯૦ ના કામમાં થયેલ સમાધાન મુજબ રેફરન્સ ૨/૮૭ પાછો ખેંચી લેવામાં આવે છે અને તે અંગે વધુ કંઈ કાર્યવાહી કરવાની રહેતી નથી તેને ફેસલ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(બી. જે. ત્રિવેદી)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત ગુ. રાજ્ય
સુરત

તા. ૫-૪-૯૧

સુરત

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ.
અમદાવાદ.

અમદાવાદ તા. ૨૬/૪/૯૧

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/બ/શમક ૨૭૬૬૦ આરથુ-સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ, અને અમદાવાદ મેન્યુ. એન્ડ કેલીકો પ્રા. કું લી અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ માં એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત. અમદાવાદ.

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૨૨૪/૮૪.

ટેક્ષટાઈલ લેબર એસોસિએશન, અમદાવાદ. ..પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

અમદાવાદ મેન્યુ. એન્ડ કેલીકો પ્રા. કંપની લિ. અમદાવાદ. ...દ્વિતીય પક્ષકાર

મીલના ફોટો એન્ગ્રેવીંગ ખાતાના પ્લેટ કટર શ્રી મહમદ રસ્તમભાઈને સુપરવાઈઝરનું કામ કરતા હોઈ હોદો અને પગાર આપવા અંગે.

પ્રથમ પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી સુરેન્દ્ર જોશી.

દ્વિતીય પક્ષકાર તરફે વકીલ કુમીનાબેન શાહ.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ, પ્રથમ પક્ષકાર સંઘ કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનું પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેમણે નિષ્ક્રિયતાનું પ્રમાણપત્ર મેળવીને દાખલ કરેલ છે.

INDEX

૨. કામની હકીકત એ મુજબની છે કે, પ્રથમ પક્ષકાર સંઘે તા. ૨૭-૩-૮૪ રોજ ૧૯૪૬ના અધિનિયમની કલમ ૪૨(૨) મુજબની એક ફેરફારની સુચના આપીને દ્વિતીય પક્ષકાર મીલ પાસે માંગણી કરેલ હતી કે, મીલની બીજી પાળીમાં સુપરવાઈઝરની જગ્યા રાખેલ ન હોવાથી તે પાળીમાં કામ કરતાં પ્લેટ કટર શ્રી મહમદભાઈ રૂસ્તમભાઈને સુપરવાઈઝરનું કામ કરવું પડે છે માટે તેમને તે હોદ્દો અને જયારથી તેમની પાસેથી તે કામ લેવામાં આવે છે ત્યારથી તેમને સુપરવાઈઝરનો હોદ્દો આપવામાં આવે ત્યાં સુધીના સમય ગાળા દરમ્યાન તેમને વિશેષ વેતન ચુકવી આપવું જોઈએ. આ માંગણીનો સ્વીકાર કરવામાં આવેલ નહી તેમજ ૧૯૪૬ના અધિનિયમ નીચે નીમવામાં આવેલ સમાધાનકાર પણ પક્ષકારો વચ્ચે સમજુતિ કરાવી શકેલા નહી માટે તેઓએ તા. ૨૭-૬-૮૪ના રોજ નિષ્ફળતાનું પ્રમાણપત્ર પ્રથમ પક્ષકાર સંઘને મોકલી આપેલ, જેથી પ્રથમ પક્ષકાર સંઘે સદરહુ માંગણીનો ન્યાય નિર્ણય કરવા માટે આ અદાલત સમક્ષ હાલનો રેફરન્સ કરેલ છે.

૩. પ્રથમ પક્ષકાર સંઘે આંક-૪નું માંગણીનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે, દ્વિતીય પક્ષકાર મીલમાં ફોટો એન્ગ્રેવીંગ ખાતામાં સંબંધીત કામદાર શ્રી મહમદભાઈ રુસ્તમભાઈ પ્લેટ કટર તરીકેનો હોદ્દો ધરાવે છે અને તેઓ બીજી પાળીમાં કામ કરે છે. બીજી પાળીમાં સુપરવાઈઝરની નિમણુંક કરવામાં આવેલ નહી હોવાથી સંબંધીત કામદાર મહમદભાઈને બીજી પાળીમાં સુપરવાઈઝર તરીકેનું પણ કામ કરવું પડતું હોવાથી તેમને તા. ૧-૧-૮૧થી સુપરવાઈઝર તરીકેનો હોદ્દો આપવો જોઈએ અને તે મુજબનું તેમને વેતન ચુકવી આપવું જોઈએ.

૪. દ્વિતીય પક્ષકાર મીલે આંક-૫ની લેખીત જવાબ રજૂ કરીને સદર માંગણીનો વિરોધ કરેલો છે. દ્વિતીય પક્ષકાર મીલની રજુઆત એવી છે કે, સંબંધીત કામદાર બીજી પાળીના કર્મચારી છે અને તેઓ બીજી પાળીમાં પ્લેટ કટર તરીકે કામ કરે છે અને તેઓ જયારથી આ મીલમાં નોકરીમાં જોડાયા ત્યારથી બીજી પાળીમાં સુપરવાઈઝરની જગ્યા રાખવામાં આવેલ જ નથી અને તેઓની પાસેથી સુપરવાઈઝરે જે કામગીરી કરવાની છે તે લેવામાં આવતી નથી કારણકે બીજી પાળીમાં સુપરવાઈઝરની જરુરત હોતી નથી કારણકે પહેલી પાળીના સુપરવાઈઝર બીજી પાળી શરૂ થાય ત્યારે બીજી પાળીના કામદારોએ શું શું કામગીરી કરવાની છે તે સમજાવીને પછી જ તેઓ ફરજ પરથી જતા હોય છે માટે બીજી પાળીમાં સુપરવાઇઝરની જગ્યા જ નથી માટે તે જગ્યા ભરવામાં આવેલ નથી અને સંબંધીત કામદાર પાસેથી સુપરવાઈઝરની કામગીરી લેવામાં આવતી જ નથી માટે તેઓ કોઇ દાદ મેળવવા માટે હકકદાર નથી.

૫. પ્રથમ પક્ષકાર સંઘે પોતાની રજૂઆતના સમર્થનમાં મહમદભાઇને આંક-૮થી તપાસેલા છે, જ્યારે દ્વિતીય પક્ષકાર મીલે તે વખતના આસીસ્ટન્ટ તરીકે કામ કરતા અમલદાર શ્રી પોદારને આંક-૧૭થી તપાસેલા છે. પક્ષકારોએ મૌખિક પુરાવો રજુ કર્યો છે તે પરથી સ્પષ્ટ છે કે, સંબંધીત કામદાર ૧૯૬૨માં ફોટો એન્ગ્રેવીંગ ખાતામાં પેન્ટોગ્રાફ શીન ઉપર પ્લેટ કટર તરીકે નોકરીમાં દાખલ થયેલા હતા અને તે અગાઉથી જ બીજી પાળીમાં કોઈ સુપરવાઇઝરની નિમણુંક કરવામાં આવેલ નથી. તદ્ઉપરાંત ૧૯૮૭ની સાલથી આ મીલમાં પેન્ટોગ્રાફ મશીન ઉપરની બીજી પાળી પણ બંધ કરવામાં આવેલ છે અને સંબંધીત કામદાર ત્યારથી પહેલી પાળીમાં પ્લેટ કટર તરીકેની કામગીરી કરે છે. સંબંધીત કામદાર કબુલ કરે છે કે, તેઓનો હોદ્દો પ્લેટ કટરનો છે અને તેઓએ પ્લેટ કટરનું કામ બીજી પાળીમાં મુળથી જ કરતા આવેલા છે પક્ષકારો વચ્ચે એ બાબતમાં તકરાર નથી કે, પહેલી પાળીમાં આ મશીનો ઉપર બે રાઇટરો ઉપરાંત એક પ્લેટ કટર કામ કરે છે અને પહેલી પાળીમાં એક સુપરવાઇઝર પણ કામ કરે છે. જ્યારે બીજી પાળીમાં સંબંધીત કામદાર નોકરીમાં દાખલ થયા ત્યારથી તેઓ પોતે પ્લેટ કટર તરીકે અને બે રાઈટરો કામ કરતા હતા અને ૧૯૮૭ની સાલથી બીજી પાળી બંધ કરવામાં આવી ત્યારથી તેઓ પહેલી પાળીમાં પ્લેટ કટર તરીકે કામ કરે છે.

૬. સંબંધીત કામદારની રજુઆત મુજબ, બીજી પાળીમાં સુપરવાઈઝરની નિમણુંક કરવામાં આવેલ ન હોવાથી સુપરવાઈઝરની કામગીરી તેઓ બજાવે છે, જ્યારે દ્વિતીય પક્ષકાર મીલની રજુઆત મુજબ બીજી પાળીમાં સુપરવાઈઝરની જરુરત હોતી નથી, કારણકે બીજી પાળીમાં આ મશીન ઉપર કામ કરનાર કારીગરાને જે કામગીરી કરવાની છે તે પહેલી પાળીના સુપરવાઈઝર બીજીપાળી શરૂ થયા બાદ અડધો કલાક સુધી રોકાઈને સમજણ આપીને પછી તેઓ જાય છે અને તેમુજબ તેઓએ કામકાજ કરવાનું હોય છે અને એ રીત બીજી પાળીમાં કોઈ સુપરવાઈઝરની કોઈ જરૂર નથી. મીલની રજુઆત મુજબ, સંબધીત કાયદારે બીજી પાળીમાં સુપર-વાઈઝર તરીકેની ફરજ બજાવવાની હોતી નથી અને બજાવેલ છે નહી માટે તેઓ કોઈ લાભ મેળવવા માટે હક્કદાર છે નહીં. આની વિરુદ્ધમાં સંબંધીત કામદારની રજૂઆત એવી છે કે, બીજી પાળીમાં સુપરવાઇઝર તરીકેની તેઓ કામગીરી કરે છે માટે તેઓને સુપવાઈઝર તરીકેનો હોદો મેળવો જોઈએ. પરિણામે પ્રશ્ન એ નક્કી કરવાનો રહે છે કે, સંબંધીત કામદાર ૧૯૮૭ સુધી, જ્યાં સુધી બીજી પાળી ચલાવવામાં આવતી હતી ત્યાં સુધી સુપરવાઈઝર તરીકેની કામગીરી કરેલ છે કે કેમ ? શ્રી જોશીની રજુઆત મુજબ, સંબંધીત કામદારે સુપરવાઈઝરે જે

INDEX

કામગી કરવાની છે તે બજાવેલી છે માટે તેઓને ૧૯૮૭ સુધી ભલે, હોદો ન આપ્યો પરંતુ વળતર તરીકે કોઈક રકમ અપાવવી જોઈએ. આની વિરુદ્ધમાં કુ. મીનાબેન શાહની રજૂઆત એવી છે કે, સંબંધીત કર્મચારીએ સુપરવાઈઝર તરીકેની કોઇ કામગીરી બજાવેલી છે નહી માટે તેઓ કોઈ દાદ મેળવવા માટે હક્કદાર નથી. પક્ષકારો તરફથી જે પુરાવો રજુ થયો છે તે લક્ષમાં લેતાં અમોને એમ લાગે છે કે, સંબંધીત કામદારની માંગણીમાં કોઈ તથ્ય દેખાતું નથી માટે તેઓ કોઈ દાદ મેળવવા માટે હકકદાર બનતા નથી. સદરહુ નિર્ણય અંગેના સંક્ષિપ્તમાં કારણો નીચે મુજબનાં છે.

૭. સંબંધીત કામદાર કબુલ કરે છે કે, ૧૯૬૨થી તેઓ આ મીલમાં દાખલ થયેલા છે ત્યારથી બીજી પાળીમાં કોઈ સુપરવાઈઝરની નિમણુંક કરવામાં આવતી નથી. પરિણામે સંબંધીત કામદાર દાખલ થયેલા ત્યારથી બીજી પાળીમાં કોઈ સુપરવાઇઝરની નિમણુક કરવામાં આવેલ નથી પરંતુ પહેલી પાળીમાં સુપરવાઈઝરની નિમણુક કરવામા આવેલી છે. સંબંધીત કામદારના કથન મુજબ બીજી પાળીમાં તેઓ સુપરવાઈઝરનું કામ ઈતર કામદારો પાસેથી લે છે માટે તેઓ સુપરવાઈઝરનો હોદો મેળવવા માટે હકકદાર છે. અત્રે નોંધ લેવાની જરૂર છે કે, જે મશીન ઉપર અજરદાર કામ કરે છે તે મશીન ઉપર બીજી પાળીમાં સંબંધીત કામદાર ઉપરાંત બીજા એક કારીગર જેને રાઈડર કહેવામાં આવે છે તે કામ કરતા હોય છે. બીજી પાળીમાં સુપરવાઈઝરની જગ્યા ક્યારેય ભરવામાં આવેલ હતી એવો કોઇ પુરાવો નથી. બીજી પાળીમાં સુપરવાઈઝરની જરૂર છે તેવો પણ કોઇ પુરાવો રજૂ થયેલો નથી. મીલના અમલદાર શ્રી પોદારની રજુઆત મુજબ પહેલી પાળીના સુપરવાઈઝર બીજી પાળીના બે કે ત્રણ કારીગરોએ શું કામગીરી કરવાની તે સમજાવીને જાય છે અને તે મુજબ કારીગરોએ કામ કરવાનું હોય છે અને તે પાળીમા સુપરવાઈઝરની કોઈ જરૂર હોતી નથી. ૧૯૪૨થી સંબંધીત કામદાર કામ કરે છે. ને તેઓ કબુલ કરે છે કે, બીજી પાળીમાં ત્યારથી કોઈ સુપરવાઈઝરની નિમણુંક કરવામા આવેલ નથી. તે સંજોગોમાં બીજી પાળીમાં સુપરવાઈઝરની જગ્યાની જરૂરીયાત નથી એવી મીલની જે રજુઆત છે તેમાં કંઈક તથ્ય દેખાય છે. વાસ્તવમા બીજી પાળીમાં સુપરવાઈઝરની જરૂરીયાત હોય તો પ્રથમ પક્ષકાર સંઘ આટલા લાંબા સમય સુધી વર્ષો સુધી આ માંગણી ન કરે એ સાહજિક લાગતું નથી. પરંતુ એમ માનવાને કારણ રહે છે કે, પહેલી પાળીમાં સુપરવાઈઝરની જગ્યા રાખવામાં આવેલી છે અને બીજી પાળીમા તેવી

જગ્યા રાખવામાં આવેલી નથી માટે સંબંધીત કામદાર તે હોદો મેળવવા આશયથી આ જાતની માંગણી કરતાં હોય તેમ લાગે છે. પરિણામે સંબંધીત કામદાર બીજી પાળીમાં સુપરવાઈઝર તરીકેની કામગીરી કરે છે એવી જે રજુઆત કરવામાં આવે છે તેમાં કંઈ તથ્ય જણાતું નથી, માટે સંબંધીત કામદારને તે હોદો આપવો જોઈએ અને અત્યાર સુધીનું વળતર ચુકવી આપવું જોઈએ એવી જે માંગણી કરવામાં આવેલ છે તેમાં કંઇ વાજબીપણું જણાતું નથી. માટે તે ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

પરિણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૮. રેફરન્સમાં કરવામાં આવેલ માંગણી વાજબી જણાતી નથી માટે તે રદ કરવામાં આવે છે. ખાસ સંજોગો લક્ષમાં લેતાં ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(વી. ન. પટેલ)
રજીસ્ટ્રાર.

સહી

એન. એ. એ. ચૌહાણ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
અમદાવાદ

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૨૬-૪-૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/અ/શમક/૨૭૬૫૮ આરયુ-સને. ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને. ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું સુરત ટેક્ષટાઈલ લેબર યુનિયન, સુરત અને ધી સુરત ડી. કો. ઓ. સ્પી. મીલ્સ લી. સુરતની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧ માં એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરું છું.

ગુજરાતના માનનીય ઈન્ચાર્જ સભ્ય શ્રી. જે. ત્રિવેદીની ઔદ્યોગિક અદાલત

સુરત સમક્ષ

રેફરન્સ (આઈસી નં. ૨/૯૧

ધી સુરત ટેક્ષટાઈલ લેબર યુનિયન, સુરત — પ્રથમ પક્ષકાર.

વિ.

ધી સુરત ડીસ્ટ્રીકટ કો. ઓ. સ્પીનીંગ મિલ્સ લી. સુરત — બીજા પક્ષકાર.

ચુકાદો

(૧) પ્રથમ પક્ષકાર કે જે બીઆઈઆર એકટ મુજબ રીપ્રેઝન્ટેટીવ યુનિયન છે, આંક-૩ થી નોટીસ ઓફ ચેઈન્જ આપી અને બન્ને પક્ષકાર વચ્ચે સમાધાન ન થતાં આંક-૧નો રેફરન્સ તા. ૨૯-૧-૯૧ ના રોજ દાખલ કરેલ છે. મજકૂર રેફરન્સની ટર્મ્સ મુજબ મુંબઈ ઔદ્યોગિક અદાલતે રેફરન્સ આઈ સી ૮ અને ૧૩/૮૬ માં ફરમાવેલ ચુકાદાની શરતો પૈકી શરત નં. ૧૪/૨'એ' મુજબ કામદાર કર્મચારીઓને દિવસની રીસેસ દરમ્યાન પોતાની ફરજ બજાવે તેના બદલામાં તેમને મળવાપાત્ર રકમના ત્રણ ટકા પ્રમાણે ગણત્રી કરી આપવા માંગણી કરી છે અને તે માંગણીનો અમલ તા. ૧-૧-૮૯ થી કરવા વિનંતી કરી છે તેમજ

INDEX

આ માંગણી સુરત શહેર તેમજ ૮૪ તાલુકાના વિસ્તારમાં કાપડ સુતર ઉદ્યોગના પ્રતિનિધિત્વ ધરાવતા મંડળ તરીકે આપવામાં આવી છે.

(૨) બન્ને પક્ષકારોને તા. ૩૦-૧-૯૬ ના રોજ રેફરન્સ નોટીસ બજી જતાં તા. ૪-૩-૯૧ ની સ્ટેટમેન્ટ ઓફ ક્લેઈમ ફાઈલ કરવા માટે તેમજ તારીખ ૪-૪-૯૧ ના રોજ મૌખિક જવાબ રજુ કરવા માટેની બજાવવામાં આવી છે.

(૩) આજરોજ તા. ૩-૪-૯૧ ના રોજ બન્ને પક્ષકારોએ આંક-૬ થી પુરસીસ આપી મજકૂર કામ બોર્ડ ઉપર લેવા વિનંતી કરતા વિનંતી ગ્રાહ્ય કરવામાં આવી અને તેઓએ આંક-૭ થી આ રેફરન્સમાં થયેલ સમાધાન રજુ કરેલ છે. મજકૂર સમાધાન આંક-૭ ઉપરના હુકમ મુજબ બન્ને પક્ષકારોએ સહી તેમજ સમાધાન કબુલ કરતાં રેકર્ડ કરવામાં આવ્યું હતું અને માંગણી મુજબ ત્રણ ટકા પગારના રીશેષ એલાઉન્સ તરીકે આપવા માટે માલિકે સમતી દર્શાવી છે તેથી આ સમાધાન કામદારોના હીતમાં છે. વળી આવું સમાધાન ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ મુંબઈની કોર્ટથી પણ કરવામાં આવેલું છે. તે ઔદ્યોગિક શાંતી માટે પણ જરૂરી છે તેમજ વધુ ઉત્પાદન માટે પણ તે મદદરૂપ છે. આમ એકંદરે જોતાં મજકૂર સમાધાન બન્ને પક્ષકારે રાજીખુશીથી કરેલ હોઈ કામદારોના હીતમાં હોઈ, ઔદ્યોગિક શાંતિ જળવાય તે લક્ષમાં લઈ અને આવું જ સમાધાન મુંબઈની ટ્રીબ્યુનલમાં થયેલું હોઈ તે ન સ્વીકારવા માટેનું કોઈ કારણ નથી જેથી મજકૂર સમાધાન જસ્ટ એન્ડ ફેર હોઈ મંજુર કરવામાં આવે છે અને તે મુજબ વોર્ડ કરી આપવામાં આવે છે જેથી નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

હુકમ

આંક-૭ ની રજુ કરેલ સમાધાનની પુરસીસને એવોર્ડનો માંગણી આંક-૭ મુજબનું સમાધાન નોંધી તે મુજબ એવોર્ડ કરી આપવામાં આવે છે. પક્ષકારો ઉપર ખર્ચનો કોઈ ભાર ન મુકતાં ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

મે. સુરતની ઔદ્યોગિક અદાલતના
હાલ બેઠક વડોદરા,

પ્રમુખશ્રી,

રેફરન્સ (આઈ સી.) નં. ૨ સને ૧૯૯૧

ધી સુરત ટેક્ષટાઈલ લેબર યુનિયન, સુરત

પ્રથમ પક્ષકાર,

અને

INDEX

શ્રી સુરત ડીસ્ટ્રીકટ કો-ઓપરેટીવ સ્પીનીંગ મિલ્સ લી. સુરત. બીજા પક્ષકાર.

સદરહુ કામમાં પક્ષકારો વચ્ચે નીચે મુજબનું સમાધાન થયું છે. તો તે મુજબ આ કામે એવોર્ડ-હુકમનામું/ચુકાદો કરી આપશોજી.

(૧) બીજા પક્ષકાર મિલ કંપનીમાં હાલમાં જે સ્ટેંડર્ડ રિશેષથી મિલના મિલના હાલના તમામ ખાતાઓમાં જે પદ્ધતિએ કામદારો-કર્મચારીઓ કામ કરી રહ્યા છે તે પદ્ધતિએ કામદાર-કર્મચારીઓએ મિલની જે તે ખાતાઓની રિશેષમાં કામકાજ બંધ કર્યા વિના કામકાજ ચાલુ રાખવાનું છે અને તેવા કામકાજ માટે હાલમાં જે ગણત્રીએ અને પદ્ધતિ અને રીત મુજબ જે તે કામદારને રિશેષ ચલાવવા માટે રિશેષ એલાઉન્સ તરીકે દૈનિક ઉચ્ચક દરે જે રૂા. ૧=૦૦ અંકે રૂપિઆ એક ચૂકવાય છે તેને બદલે તારીખ ૧-૩-૯૧ થી શરૂ કરીને રિશેષ એલાઉન્સ તરીકે જે તે કામદારને મુંબઈ ઔધોગિક અદાલતે રેફરન્સ આ. સી. નંબર-૮ અને ૧૩ ૧૯૮૬ માં ફરમાવેલ ચુકાદાની શરતો પૈકીની શરત નં. ૧૪ તેમજ ૨(એ) મુજબ કામદાર કર્મચારી ૧ દિવસની રિશેષ દરમ્યાન પોતાની ફરજ બજાવે તો તેના બદલામાં તેમને ૧ દિવસનાં રિશેષમાં ફરજ બજાવવા તેમને મળવાપાત્ર દૈનિક પગારના ૩% લેખે ગણત્રી કરીને રિશેષ એલાઉન્સ તરીકે ચૂકવવામાં આવશે.

(૨) આવી રીતે જે રકમ બીજાપક્ષકાર મિલે ચૂકવવાની થાય છે તેમાંથી માર્ચ ૧૯૯૧ ના રિશેષ એલાઉન્સની કામદારોને ચૂકવવાપાત્ર થતી રકમ પૂરેપૂરી ગણત્રીએ જે નિકળે તે બીજાપક્ષકાર કંપનીએ જે તે કામદાર-કર્મચારીઓને ચૂકવવાની નથી પરંતુ તેવી રકમ બીજા પક્ષકારે પ્રથમ પક્ષનાના યુનિયન ફંડખાતે આપવાની છે અને તે એવી રીતે કે તેટલી રકમનો થતો ચેક બીજાપક્ષકાર કંપનીએ પ્રથમપક્ષકાર યુનિયન જે નામે લખીને મોકલવાનું જણાવે તે નામે લખીને પ્રથમપક્ષકાર યુનિયનને એવોર્ડનામાના એક માસની મુદતમાં મોકલી આપવાનો છે,

(૩) રિશેષ એલાઉન્સની રકમમાં આ સમજૂતિથી કે વધારો કરવામાં આવ્યો છે તેમ થતાં કોઈ કામદાર-કર્મચારીને હાલની ચાલુ પદ્ધતિ મુજબ રિશેષ ચલાવવાનો ઈન્કાર કરવાનો હક્ક રહેશે નહી, અને રિશેષ ચલાવવા બાબતમાં કોઇ મતભેદ ઉભો થાય તો તેના મતભેદનું નિવારણ માટે પ્રથમપક્ષકારે કે કોઈ કામદાર-કર્મચારીએ કે બીજાપક્ષકારે હસ્તે પરહસ્તે મજુર કાયદા હેઠળની કોઇ

INDEX

કોર્ટ, ટ્રીબ્યુનલ કે ઓથોરીટી સમક્ષ તકરાર ઉઠાવવાનો હક રહેશે નહી તેને બદલે તેવા મતભેદો-તકરારો વિવાદોનો નિકાલ પક્ષકારો આપસપાસની વાટાઘાટોથી નિકાલ લાવવામાં નિષ્ફળ જાય તો તેવા પ્રસંગે આવી મતભેદ, તકરાર-વિવાદોની બાબત બી. આઈ. આર. એક્ટ ૧૯૪૬નો કલમ ૬૬ હેઠળ પ્રથમપક્ષકાર અને બીજાપક્ષકાર સૂચવે/પસંદ કરે તેવી નિયુક્ત કરેલી એક એક વ્યક્તિથી બનેલી બે વ્યક્તિઓની સમિતિને તેના નિવારણ માટે સુપ્રત કરવાનો રહેશે. આવી સમિતિનો નિર્ણય પક્ષકારો માટે આખરી અને બંધનકર્તા ગણાશે. પરંતુ આવી સમિતિ વચ્ચે જો કોઈ મતભેદ આવા વિવાદના નિવારણ અંગે ઉભો થાય તો તેવી બાબત આવી સમિતિની બે વ્યક્તિઓ સૂચવે તે અમ્પાયરને સુપ્રત કરશે જેનો આ બાબતનો નિર્ણય પક્ષકારોને આખરી અને બંધનકર્તા ગણાશે.

સહી
પ્રથમ પક્ષકાર તરફે અને વતી
For The Surat Dist Co-op, Spg. Mills Ltd
(B. M. Revdiwala)
General Manager

વડોદરા
બીજા પક્ષકાર તરફે અને વતી
સુરત તા. ૨-૪-૯૧
વડોદરા.

સહી
(બી. જે. ત્રિવેદી)
તા. ૪-૪-૯૧
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુ. રાજ્ય,
સુરત
સુરત.

સહી
આર. કે. પરમાર
અમદાવાદ તા. ૨૬-૪-૯૧
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
તા. ૧૨-૪-૯૧
અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૬૬૫ આરયુ–સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ–૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ–(ગુજરાત) નિયમોના નિયમ–૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ, અને રીલાયન્સ, ઈન્ડસ્ટ્રીઝ લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ માં એપ્રિલ માસના ૨૬ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી. આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ

રેફરન્સ (આઈ. સી) નં. ૬૭/૮૯

જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર,

વિરૂદ્ધ

રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. અમદાવાદ. બીજા પક્ષકાર.

મીલના ફોલ્ડીંગ ડીવીઝનમાં કામ કરતા શ્રી. રાજેન્દ્રભાઈ જી. પટેલ તથા શ્રી. ગોવિંદભાઈ આર. સાગિયાને સુપરવાઈઝર તરીકેનો હોદ્દો તા. ૧–૧૧–૮૭થી આપવા બાબત.

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીને મીલના ફોલ્ડીંગ ડીવીઝનમાં કામ કરતાં શ્રી. રાજેન્દ્રભાઈ જી. પટેલ તથા શ્રી. ગોવિંદભાઈ આર. સાંગેયાને સુપરવાઈઝર તરીકેનો હોદ્દો તા. ૧–૧૧–'૮૭થી આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપી સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક–૮થી પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહુ કામમાં બીજા પક્ષકાર મીલ કંપની સાથે સમાધાન થઈ ગયેલ હોઈ તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માંગતા

INDEX

નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી અંતમાં હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ ફેસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામા આવતો નથી.

સહી
ની. ન. પટેલ
રજીસ્ટ્રાર

અમદાવાદ તા. ૨-૪-૯૧

સહી
(આર. એસ. શુક્લ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
અમદાવાદ

અમદાવાદ તા. ૧-૪-૯૧

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ, અધિનિયમ,
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૬૬૧ આરયુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને શ્રી અંબિકા મીલ્સ લી. નં. ૧, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૨માં એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી. એચ. કાઠોર, સભ્ય રુબરુ.

રેફરન્સ (આઈસી) નં. ૧૩૮/૮૩.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર, ...પ્રથમ પક્ષકાર.

અમદાવાદ.

અને

શ્રી અંબિકા મીલ્સ કું. નં. ૧, ...બીજા પક્ષકાર.

અમદાવાદ.

યુનિયનની માંગણી મીલના પ્રોસેસીંગ ખાતાના ફોટા એન્ગ્રેવીંગ વિભાગમાં કામ કરતાં (નોટીસમાં દર્શાવ્યા મુજબના) કારીગરોને ગ્રેડેશનમાં મુકવા અંગે...

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીના પ્રોસેસીંગ ખાતાના ફોટા એન્ગ્રેવીંગ વિભાગમાં કામ કરતાં નોટીસમાં દર્શાવ્યા

મુજબના કારીગરોને ઓપરેશનમાં મુકવા બાબતમાં મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઇ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે યુનિયને આંક ૨૭નુ પુરસીસ આપી જણાવેલ છે કે, મીલ કંપનીમાં સદર ખાતુ બંધ થયેલ હોવાથી આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને ભવિષ્યમાં ખાતુ ફરીથી શરુ થયે તેઓ ફરીથી માંગણી કરી શકશે તેવા તેના હક્ક સાથે આ રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી માંગે છે જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરુ છું.

હુકમ

૩. મીલ કંપનીમાં ખાતુ ભવિષ્યમાં ફરીથી શરુ થયે યુનિયન આ માંગણી ફરીથી ઉપસ્થિત કરી શકશે તેવા તેના હક્ક સાથે આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

બી. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૮-૪-૯૧

અમદાવાદ.

અમદાવાદ
તા. ૨૬-૪-૯૧

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ, અધિનિયમ,
અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના અધિસૂચન

હુકમ

સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/૫/શમક/૨૭૬૬૨/આરયુ-સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાએ રૂએ.

હું જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ અને અમર સ્ક્રીન પ્રીન્ટર્સ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદ ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧ માં એપ્રિલ માસના ૨૬ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઈ. સી.) નં. ૩૭/૮૯.

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર.

વિરુદ્ધ

અમર સ્ક્રીન પ્રીન્ટર્સ, અમદાવાદ. બીજા પક્ષકાર

કામદારોને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ આપવા બાબત.

ચુકાદો

૧. સરદહુ રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ ૭૩-એ ની જોગવાઈ અનુસાર જનરલ વર્કર્સ યુનિયન કે જેને હવે પછી "યુનિયન" તરીકે સંબોધેલ છે તેઓએ અમર સ્ક્રીન પ્રીન્ટર્સ કે જેને હવે પછી "કંપની" તરીકે ઓળખવામાં આવશે તેઓની વિરુદ્ધ સને ૧૯૮૭-૮૮ ના વર્ષમાં આવતાં દિવાળીના તહેવારો માટે તા. ૧૫-૧૦-'૮૮ સુધીમાં દરેક કામદારોને ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવા માટે અત્રેની કોર્ટને કરેલ છે. આ અધિનિયમની કલમ ૭૩(એ) મુજબ સમાધાન અધિકારીશ્રી સમક્ષ આ વિવાદ સુપ્રત કરવામાં

આવેલ. પરંતુ તેઓએ નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપતાં આ વિવાદ ન્યાયનિર્ણય માટે અત્રેની કોર્ટને સુપ્રત થયેલ છે. બી આઈ. આર. એક્ટની કલમ-૪૨(૧) અન્વયે નોટીસ ઓફ ચેન્જ ઉપરોક્ત યુનિયન તરફથી બીજા પક્ષકાર મીલ કંપનીને આપવામાં આવેલ. જેમાં ૨૦ ટકા બોનસ આ કંપનીના કામદારોને આપવા માટે યુનિયન તરફથી રજુઆત કરવામાં આવેલ.

૨. અત્રેની અદાલત તરફથી નોટીસ અજાવવામાં આવેલ. યુનિયન તરફથી માંગણીનું નિવેદન આંક-૪ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં એવી રજુઆત કરવામાં આવી હતી કે, કંપનીમાં મોટી સંખ્યામાં કામદારો ત્રણેય પાળીમાં કામ કરે છે. આ કંપનીનું પ્રોસેસ હાઉસ છે અને તેથી કાપડ છાપવાનું અને પ્રોસેસ કરવાનું કામ કરે છે. આ કંપની શરુ થયા પછી તેનો ઉત્તરોત્તર વિકાસ થતો હોઈ સારી નામના મેળવેલ છે. આ કંપની સારી એવી આવક પણ કરી રહેલ છે કંપની તેના કામદારોને દર વર્ષે દિવાળી ઉપર બોનસ આપે છે અને તે પણ કાયદાકીય જોગવાઈનો છડેચોક ભંગ કરીને અપાય છે. કંપનીનું એલેન્સસીટ લક્ષમાં લેવામાં આવે આ કામદારોને વધુ બોનસ મળી શકે તેમ છે. પરંતુ, તેને બદલે કંપની તેના કામદારોને ૮ ૩૩ ટકા લઘુતમ બોનસ ધારાના જે પત્રકો રાખવામાં આવે છે તે ઉપરથી જણાય છે કે તે ઉપજાવી કાઢેલા બનાવટી અને ખોટી હકીકતવાળા છે. કંપનીની આર્થિક પરિસ્થિતિ લક્ષમાં લેતા તે વર્ષની કુલ કમાણીના ૨૦ ટકા લેખે બોનસ લેવા માટે આ કંપનીના કામદારો હક્કદાર થાય છે અને તે મુજબ કંપની આપવા બંધાયેલી છે. કંપનીએ આજ દિન સુધી કોઈ જાતનું બેલેન્સસીટ બોનસની ગણત્રી માટે રજુ કરેલ નથી. બોનસ ધારા અન્વયે એ, બી અને સી પત્રકો પણ કંપનીએ રજૂ કરેલા નથી. હાજરી પત્રકો તથા પગાર પત્રકો પણ રજુ કરેલા નથી. આમ સામાવાળા કંપનીએ બોનસની ચુકવણી આપમેળે મનસ્વી રીતે ગણત્રી કરીને ચુકવેલ છે. ઉપરોક્ત સંજોગોમાં કંપનીએ આવા કામદારોને ૨૦ ટકા લેખે બોનસ ચુકવવું જોઈએ. તેવી યુનિયનની માગણી છે. સને ૧૯૮૭-૮૮ અગર કંપનીનું જે કોઈ હિસાબી વર્ષ હોય હિસાબી વર્ષમાં કંપનીએ જે કુલ કમાણી કરી હોય તેના ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવા માટે યુનિયને આ રેફરન્સમાં માંગણી કરી છે. આ માગણી મુજબ કંપની બોનસ ચુકવે તે માટે આ રેફરન્સ અત્રેની અદાલતમાં ન્યાયનિર્ણય માટે કરેલ છે.

૩. કંપની સુનાવણીની નોટીસ પત્રક નં. ૧૪ મોકલવામાં આવેલ પરંતુ, તે ન બજતાં ફરીથી આ નોટીસ રજીસ્ટર્ડ એ.ડીથી મોકલવામાં ૨ ૧૬ ૯૯.

INDEX

સદર નોટીસ કંપનીને બજી ગયેલ છે. ત્યારબાદ આ રેફરન્સની સુનાવણી રાખવામાં આવી હતી. પરંતુ, કંપનીને તરફથી કોઈ હાજર રહેલ નહીં. અગાઉ પણ સુનાવણીની નોટીસ કંપનીએ સાદી ટપાલથી મોકલવામાં આવેલ હતી. પરંતુ. તેઓને તે મળેલ હોવા છતાં રણુ આજ દિન સુધી કંપની તરફથી કોઈ હાજર થયેલ નથી. ઉપરોકત સંજોગોમાં યુનિયન તરફથી આ રેફરન્સ એકતરફથી ચલાવવા માટે રજુઆત થતાં આ રેફરન્સ એકતરફી ચાલાવવાનું નક્કી કરવામાં આવેલ. આંક-૧૦ થી યુનિયને પોતાની એફીડેવીડ રજુ કરેલ છે. જેમાં શ્રી અમથાભાઈ દેસાઈએ જણાવેલ છે કે, આ કંપનીને બી. આઈ. આર. એકટ ૧૯૪૬ ના કાયદો લાગુ પડતો હોઈ તે મુજબ આ કંપની ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉધોગમાં સદર ધારા અનુસાર નોંધાયેલી છે. આ કંપનીમાં જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ તેનું પ્રતિનિત્વ ધરાવે છે. આ કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને અને ૧૯-૮૭-૮૮ના વર્ષની કુલ કમાણીના ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવું જોઈએ. આ માટે યુનિયન તરફથી તા. ૧૩-૮-૮૮ ના રોજ નોટીસ ઓફ ચેન્જ નમુના 'એલ'માં આપવામાં આવેલ. આ અંગે વાટાઘાટોથી સમાધાન કરવા માટે પણ પ્રયત્ન કરવામાં આવેલ. પરંતુ. આ પ્રયત્નોમાં કોઈ સફળતા મીલને મળેલ નહીં. સોગંદનામું રજૂ કરી શ્રી અમથાભાઈ દેસાઈએ કોર્ટને અરજ કરેલ છે, આ રેફરન્સની સુનાવણી અનેકવાર રાખવામાં આવેલ પરંતુ, કંપની તરફથી કોઇ હાજર થયેલ નથી.

૪. શ્રી અમથાભાઈ દેસાઈનું સોગંદનામું ન સ્વીકારવા માટે મારી પાસે કોઈ કારણ નથી. કંપની તરફથી કોઈ હાજર રહેલ નથી. કંપની તરફથી લેખીત જવાબ પણ રજુ થયેલ નથી. કંપનીએ યુનિયનનો કલેઈમ વ્યાજની નથી તે અંગે કોઈ સ્વતંત્ર પુરાવો પણ રજુ કરેલ નથી. કે કોઈ સાક્ષી પણ તપાસ્યા નથી. ઉપરોકત તમામ સંજોગો લક્ષમાં લેતા હું એમ સ્પષ્ટ જણાવીશ કે. આ કંપની તેમના કામદારોને લઘુત્તમ બોનસ ૮.૩૩ ટકાના દરે ચુકવે છે. પરંતુ, છેલ્લાં ૧૦ વર્ષ કરતાં પણ વધુ સમયથી આ કંપની અસ્તિત્વમાં હોય તેના ઉત્પાદનમાં સારી એવી વૃદ્ધિ તથા ધંધામાં સારો એવો નફો કરતી હોઈ તેને લક્ષમાં લેતા તમામ કામદારોને ૨૦ ટકા લેખે બોનસ ચુકવવા માટે હુકમ કરવો મારી દષ્ટિએ વ્યાજબી અને ન્યાયી થશે. તેથી અંતમાં હું નીચે મુજબ હુકમ કરું છું.

INDEX

હુકમ

૫. આ રેફરન્સ માન્ય રાખવામાં આવે છે. અમર રફીલ પ્રીન્ટર્સ કંપનીને આથી આથી આદેશ આપવામાં આવે છે કે, તેઓએ તેમના તમામ કામદારોને સને ૧૯૮૭-૮૮ ના વર્ષ માટે ૨૦ ટકા લેખે પગારધોરણ લક્ષમાં રાખી તે મુજબ બોનસ ચુકવી આપવું. કંપનીએ પોતાનો ખર્ચ પોતે ભોગવવો. અને યુનિયનને સદરહુ રેફરન્સના ખર્ચ પેટે રૂા. ૩૫૦/- ચુકવી આપવા.

સહી

ની. ન. પટેલ

રજીસ્ટ્રાર

તા. ૨-૪-૯૧

અમદાવાદ

સહી

ર. શિ. શુકલ

(આર. એસ. શુકલ)

સભ્ય

ઔદ્યોગિક અદાલત,

અમદાવાદ

તા. ૨૬-૪-૯૧

અમદાવાદ

સહી

(આર. કે. પરમાર)

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ

INDEX

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬-ખ-શમક-૨૭૬૬૬ આરસુ-સને. ૧૯૫૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી અને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ અને ગીંદાલ ટેક્ષટાઈલ (ઈન્ડીયા) લી., અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર સભ્ય રુબરુ.

રેફરન્સ (આઈસી) નં. ૧૪/૧૯૯૧.

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ. ...પ્રથમ પક્ષકાર.

અને

ગીંદાલ ટેક્ષટાઈલ (ઈન્ડીયા) ...બીજા પક્ષકાર.

લી., અમદાવાદ.

યુનિયનની માંગણી કામદારોને સને ૧૯૮૯-૮૯/૯૦ના વરસનુ બોનસ ચુકવી આપવા બાબત.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર સંસ્થામાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૯-૮૯/૯૦ના વરસનુ બોનસ ચુકવી આપવા બાબતમાં યુનિયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે આંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

INDEX

૨. ચાલુ રેફરન્સે યુનિયને આંક ૭નુ પુરસીસ આપી જણાવેલ છે કે, પક્ષકારો વચ્ચે અદાલત બહાર સમાધાન થતાં એ કંપનીએ બોનસ ધારા મુજબ બોનસ ચુકવી આપવાનુ જણાવતાં યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતુ નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ

વી. ન. પટેલ
રજીસ્ટ્રાર.
અમદાવાદ તા. ૩૦-૩-૧૯૯૧.

અમદાવાદ
તા. ૨૬-૪-૯૧

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ. અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના અધિસુચન

હુકમ

સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/૫/શમક/૨૭૬૬૭/આરયુ-સને ૧૯૪૬ના ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ અને શ્રી અંબુજા સીન્થેટીકસ પ્રા. લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રુબરૂ

રેફરન્સ (આઈ.સી.) નં. ૫૩/૧૯૯૧.

જનરલ વર્કર્સ યુનિયન.　　　　...પ્રથમ પક્ષકાર
અમદાવાદ

અને

શ્રી અંબુજા સીન્થેટીકસ પ્રા. લી.　　　　બીજા પક્ષકાર
અમદાવાદ

યુનિયનની માંગણી સંસ્થામાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૯-૮૯-૯૦ ના વરસનું બોનસ ચુકવી આપવા અંગે.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. હાલનો આ રેફરન્સ બીજા પક્ષકાર સંસ્થામાં કામ કરતા કામદારોને સને ૧૯૮૯-૮૯-૯૦ના વરસનું બોનસ ચુકવી આપવા બાબતમાં યુનિયને બીજા

INDEX

પક્ષકાર કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતા ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે યુનિયને અંક ૯ નુપુરસીસ આપી જણાવેલ છે કે, આ બાબતમાં પક્ષકારો વચ્ચે અંદરો અંદર સમાધાન થતાં યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતું નથી અને તે પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
રજીસ્ટ્રાર
તા ૩૦-૩-૭૧
અમદાવા

સહી
વી. કે ઠાકોર
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
અમદાવાદ

તા. ૨૬-૪-૯૧
અમદાવાદ

સહી
(આર. કે પરમાર)
સહાયક સંઘ નિબંધક
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/બ/શમક/૨૭૬૬૩ આરયુ–સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ અને શક્તિ ટેક્ષટાઇલ મીલ્સ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી. આર. એસ. શુક્લ સભ્ય અમક્ષ.

રેફરન્સ (આઈ.સી.) નં. ૨૩/૮૯.

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ. ...પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

શક્તિ ટેક્ષટાઇલ મીલ્સ, અમદાવાદ. ...બીજા પક્ષકાર.

કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને સને ૧૯૮૭/૧૯૮૭–૮૮ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ આપવા બાબત..

ચુકાદો

૧. સદરહુ રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ ૭૩-એની જોગવાઈ અનુસાર જનરલ વર્કર્સ યુનિયને બીજા પક્ષકાર શક્તિ ટેક્ષટાઈલ મીલ્સ કે જેને હવે પછી "કંપની" તરીકે સંબોધવામાં આવશે તેઓની વિરૂદ્ધ અને ૧૯૮૭-૮૮ના વર્ષમાં આવતાં દિવાળીના તહેવારો માટે તારીખ ૧૫-૧૦-'૮૮ સુધીમાં દરેક કામદારોને ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવા માટે અત્રેની કોર્ટને કરેલ છે. આ અધિનિયમની કલમ-૭૩(એ) મુજબ સમાધાન અધિકારીઓ સમક્ષ આ વિવાદ સુપ્રત કરવામાં આવેલ પરંતુ, તેઓએ નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપતાં આ વિવાદ ન્યાયનિર્ણય માટે અત્રેની કોર્ટને સુપ્રત થયેલ છે. શ્રી.આઇ.

INDEX

આર. એક્ટની કલમ-૪૨ (૧) અન્વયે નોટીસ ઓફ ચેન્જ ઉપરોક્ત યુનિયન તરફથી બીજા પક્ષકાર મીલ કંપનીને આપવામાં આવેલ. જેમાં ૨૦ ટકા બોનસ આ કંપનીના કામદારોને આપવા માટે યુનિયન તરફથી રજૂઆત કરવામાં આવેલ.

૨. અત્રેની અદાલત તરફથી નોટીસ બજાવવામાં આવેલ. યુનિયન તરફથી માંગણાનું નિવેદન આંક-૪થી રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં એવી રજૂઆત કરવામા આવી હતી કે. કંપનીમાં મોટી સંખ્યામાં કામદારો ત્રણેય પાળીમાં કામ કરે છે. આ કંપનીનું પ્રોસેસ હાઉસ છે અને તેથા કાપડ છાપવાનું અને પ્રોસેસ કરવાનું કામ કરે છે. આ કંપની શરૂ થયા પછી તેનો ઉત્તરોત્તર વિકાસ થતો હોઇ સારી નામના મેળવેલ છે. આ કંપની સારી એવી આવક પણ કરી રહેલ છે. કંપની તેના કામદારોને દર વર્ષે દિવાળી ઉપર બોનસ આપે છે અને તે પણ કાયદાકીય જોગવાઈનો છડેચોક ભંગ કરીને અપાય છે કંપનીનું બેલેન્સશીટ લક્ષમાં લેવામાં આવે તો આ કામદારોને વધુ બોનસ મળી શકે તેમ છે. પરંતુ, તેને બદલે કંપની તેમના કામદારોને ૮.૩૩ ટકા લઘુતમ બોનસ આપે છે બોનસ ધારાના જે પત્રકો રાખવામાં આવે છે તે ઉપરથી જણાય છે કે તે ઉપજાવી કાઢેલાં, બનાવટી અને ખોટી હકીકતવાળા છે. કંપનીની આર્થિક પરિસ્થિતિ લક્ષમાં લેતાં તે વર્ષની કુલ કમાણીના ૨૦ ટકા લેખે બોનસ લેવા માટે આ કંપનીના કામદારો હક્કદાર થાય છે અને તે મુજબ કંપની આપવા બંધાયેલી છે. કંપનીએ આજદિન સુધી કોઇ જાતનું બેલેન્સશીટ બોનસની ગણત્રી માટે રજુ કરેલ નથી બોનસ ધારા અન્વયે એ, બી અને સી પત્રકો પણ કંપનીએ રજૂ કરેલા નથી. હાજરી પત્રકો તથા પગારપત્રકો પણ રજુ કરેલા નથી આમ સામાવાળા કંપનીએ બોનસની ચુકવણી આપમેળે મનસ્વી રીતે ગણત્રી કરીને ચુકવેલ છે. ઉપરોક્ત સંજોગોમાં કંપનીએ આવાં કામદારોને ૨૦ ટકા લેખે બોનસ ચુકવવું જોઇએ તેવી યુનિયનની માંગણી છે. અને ૧૯૮૭-૮૮ અગર કંપનીનું જે કોઈ હિસાબી વર્ષ હોય તે હિસાબી વર્ષમાં કંપનીએ જે કુલ કમાણી કરી હોય તેના ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવા માટે યુનિયને આ રેફરન્સમાં માગણી કરી છે. આ માંગણી મુજબ કંપની બોનસ ચુકવે તે માટે આ રેફરન્સ અત્રેની અદાલતમાં ન્યાયનિર્ણય માટે કરેલ છે.

૩. કંપનીને સુનાવણીની નોટીસ પત્રક નં. ૧૪ મોકલવામાં આવેલ. પરંતુ, તે ન બજતાં ફરીથી આ નોટીસ રજીસ્ટર્ડ એ. ડી.થી મોકલવામાં આવેલ હતી. સદર નોટીસ કંપનીને બજેલ છે. ત્યારબાદ આ રેફરન્સની સુનાવણી રાખવામાં આવી હતી. પરંતુ, કંપની તરફથી કોઈ હાજર રહેલ નહીં. અગાઉ પણ સુનાવણીની

નોટીસ કંપનીને સાદી ટપાલથી મોકલવામાં આવેલ હતી. પરંતુ, તેઓને તે મળેલ હોવા છતાં પણ આજદિન સુધી કંપની તરફથી કોઇ હાજર રહેલ નથી. ઉપરે કત સંજોગોમાં યુનિયન તરફથી આ રેફરન્સ એકતરફી ચલાવવા માટે રજૂઆત થતાં આ રેફરન્સ એકતરફી ચલાવવાનું નકકી કરવામાં આવેલ. આંક ૧૦થી યુનિયને પોતાની એફીડેવીટ રજુ કરેલ છે જેમાં શ્રી અમથાભાઇ જોગભાઈ દેસાઇએ જણાવેલ છે કે, આ કંપનીને બી આઇ. આર. એકટ ૧૯૪૬નો કાયદો લાગુ પડતો હોઈ તે મુજબ આ કંપની ટેક્ષટાઇલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં અદર ધારા અનુસાર નોંધાયેલી છે. આ કંપનીમાં જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ તેનું પ્રતિનિધિત્વ ધરાવે છે. આ કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને સને ૧૯૮૭–૮૮ના વર્ષની કુલ કમાણીના ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવું જોઈએ આ માટે યુનિયન તરફથી તા. ૧૩–૮–'૮૮ ના રોજ નોટીસ ઓફ ચેન્જ નમુના 'એલ'માં આવેલ. આ અંગે વાટાઘાટોથી સમાધાન કરવા માટે પણ પ્રયત્ન કરવામાં આવેલ. પરંતુ આ પ્રયત્નોમાં કોઈ સફળતા મીલને મળેલ નહી. સોગંદનામું રજુ કરી શ્રી અમથાભાઇ દેસાઈએ કોર્ટને અરજી કરેલ કે, આ રેફરન્સની સુનાવણી અનેકવાર રાખવામાં આવેલ. પરંતુ કંપની તરફથી કોઈ હાજર થયેલ નથી.

૪. શ્રી અમથાભાઈ દેસાઈનું સોગંદનામું ન સ્વીકારવા માટે મારી પાસે કોઈ કારણો નથી. કંપની તરફથી કોઇ હાજર રહેલ નથી. કંપની તરફથી લેખીત જવાબ પણ રજુ થયેલ નથી કંપનીએ યુનિયનનો કોઇ કલેઇમ વ્યાજબી નથી તે અંગે કોઈ સ્વતંત્ર પુરાવો પણ રજુ કરેલ નથી કોઇ સાક્ષી પણ તપાસ્યા નથી. ઉપરે કત તમામ સંજોગો લક્ષમાં લેતાં હું એમ સ્પષ્ટ જણાવીશ કે, આ કંપની તેમના કામદારોને લઘુતમ બોનસ ૮.૩૩ ટકાના દરે ચુકવે છે. પરંતુ છેલ્લાં ૧૦ વર્ષ કરતાં પણ વધુ સમયથી આ કંપની અસ્તિત્વમા હોઈ તેના ઉત્પાદનમાં સારી એવો નફો કરતી હોઈ તેને લક્ષમાં લેતાં તમામ કામદારોને ૨૦ ટકા લેખે બોનસ ચુકવવા માટે હુકમ કરવો માટે હુકમ કરવો મારી દ્રષ્ટિએ વ્યાજબી અને ન્યાયી થશે. તેથી અંતમાં હું નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

૫. આ રેફરન્સ માન્ય રાખવામાં આવે છે કે, શકિત ટેક્ષટાઈલ મીલ્સ કંપનીને આથી આદેશ આપવામાં આવે છે કે, તેઓએ તેમના તમામ કામદારોને

INDEX

તેઓના પગાર ધોરણોને લક્ષમાં રાખી અને ૧૯૮૭-૮૮ના વર્ષ માટે ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવું. કંપનીએ પોતાનો ખર્ચ પોતે ભોગવવો. અને યુનિયનને સદરહુ રેફરન્સનો ખર્ચ પેટે રૂ. ૩૫૦ ચુકવી આપવા.

સહી.

(આર. એસ. શુકલ
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર.
અમદાવાદ. તા. ૨-૪-૧૯૯૧.

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૨૬-૪-૯૧
અમદાવાદ

સને. ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/બ/શ્રમક/૨૭૬૬૪ આરયુ–સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ–૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ–૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ.

શ્રી. આર. એસ શુક્લ સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઈસી) નં. ૯/૮૯

જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

હીરા ટેક્ષટાઈલ, અમદાવાદ. બીજા પક્ષકાર.

કામદારોને સને ૧૯૮૭/૧૯૮૭/૮૮ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ આપવા બાબત.

ચુકાદો

૧. સદરહુ રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ ૭૩–એની જોગવાઈ અનુસાર જનરલ વર્કસ યુનિયને કે જેને હવે પછી “યુનિયન” તરીકે સંબોધેલ છે તેઓએ બીજા પક્ષકાર હીરા ટેક્ષટાઈલ કે જેને હવે પછી “કંપની” તરીકે ઓળખવામાં આવશે તેઓની વિરૂદ્ધ અને ૧૯૮૭–ના વર્ષમાં આવતા દિવાળીના તહેવારો માટે તારીખ ૧૫–૧૦–’૮૮ સુધીમાં દરેક કામદારને ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવા માટે અત્રેની કોર્ટને કરેલ છે. આ અધિનિયમની કલમ–૭૩(એ) મુજબ સમાધાન અધિકારીશ્રી સમક્ષ આ વિવાદ સુપ્રત કરવામાં આવેલ. પરંતુ. તેઓએ નિષ્ફળતાનું પ્રમાણપત્ર આપતાં આ વિવાદ ન્યાયનિર્ણય માટે અત્રેની કોર્ટને સુપ્રત થયેલ છે. બી. આઇ. આર. એક્ટની કલમ–૪૨(૧) અન્વયે નોટીસ ઓફ ચેન્જ ઉપરોક્ત યુનિયન તરફથી બીજા પક્ષકાર મીલ કંપનીને

આપવામાં આવેલ. જેમાં ૨૦ ટકા બોનસ આ કંપનીના કામદારોને આપવા માટે યુનિયન તરફથી રજુઆત કરવામાં આવેલ.

૨. અત્રેની અદાલત તરફથી નોટીસ બજાવવામાં આવેલ. યુનિયન તરફથી માંગણીનું નિવેદન આંક-૪ રજુ કરવામાં આવ્યું હતુ. જેમાં એવી રજુઆત કરવામાં આવી હતી કે, કંપનીમાં મોટી સંખ્યામાં કામદારો ત્રણેય પાળીમાં કામ કરે છે આ કંપનીનું પ્રોસેસ હાઉસ છે અને તેથી કાપડ છાપવાનું અને પ્રોસેસ કરવાનુ કામ કરે છે. આ કંપની શરુ થયા પછી તેનો ઉત્તરોત્તર વિકાસ થતો હોઈ સારી નામના મેળવેલ છે આ કંપની સારી એવી આવક પણ કરી રહેલ છે. કંપની તેના કામદારોને દર વર્ષે દિવાળી ઉપર બોનસ આપે છે અને તે પણ કાયદાકીય જોગવાઈનો છેડેચોક ભંગ કરીને અપાય છે કંપનીનું બેલેન્સ-શીટ લક્ષમાં લેવામાં આવે તો આ કામદારોને વધુ બોનસ મળી શકે તેમ છે. પરંતુ તેને બદલે કંપની તેમના કામદારોને ૮.૩૩ ટકા લઘુત્તમ બોનસ આપે છે. બોનસ ધારાના જે પત્રકો રાખવામાં આવે છે તે ઉપરથી જણાય છે કે તે ઉપજાવી કાઢેલ, બનાવટી અને ખોટી હકીકતવાળા છે. કંપનીની આર્થિક પરિસ્થિતિ લક્ષમાં લેતાં તે વર્ષની કુલ કમાણીના ૨૦ ટકા લેખે બોનસ લેવા માટે આ કંપનીના કામદારો હક્કદાર થાય છે અને તે મુજબ કંપની આપવા બંધાયેલી છે કંપનીએ આજદિન સુધી કોઈ જાતનું બેલેન્સશીટ બોનસની ગણત્રી માટે રજુ કરેલ નથી. બોનસ ધારા અન્વયે એ, બી અને સી પત્રકો કંપનીએ રજુ કરેલા નથી. હાજરીપત્રકો તથા પગારપત્રકો પણ રજુ કરેલા નથી. આમ સામાવાળા કંપનીએ બોનસની ચુકવણી આપમેળે મનસ્વી રીતે ગણત્રી કરીને ચુકવેલ છે. ઉપરોકત સંજોગોમાં કંપનીએ આવા કામદારોને ૨૦ ટકા લેખે બોનસ ચુકવવુ જોઈએ તેવી યુનિયનની માંગણી છે. અને ૧૯૮૭-૮૮ અગર કંપનીનું જે કોઈ હિસાબી વર્ષ હોય તે હિસાબી વર્ષમાં કંપનીએ જે કુલ કમાણી કરી હોય તેના ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવા માટે યુનિયને આ રેફરન્સમા માંગણી કરી છે. આ માંગણી મુજબ કંપની બોનસ ચુકવે તે માટે આ રેફરન્સ અત્રેની અદાલતમાં ન્યાયનિર્ણય માટે કરેલ છે.

૩. કંપનીને સુનાવણીની નોટીસ પત્રક નં. ૧૪ મોકલવામાં આવેલ પરંતુ તે ન બજતાં ફરીથી આ નોટીસ રજીસ્ટર્ડ એ. ડી. થી મોકલવામાં આવેલ હતી. સદર નોટીસ કંપનીને તા. ૨૯-૧૧-'૯૦ ના રોજ બજેલ છે. ત્યારબાદ આ રેફરન્સની સુનાવણી રાખવામા આવી હતી. પરંતુ, કંપની તરફથી કોઈ હાજર

રહેલ નહીં. અગાઉ પણ સુનાવણીની નોટીસ કંપનીને સદી ટપાલથી મોકલવામાં આવેલ હતી. પરંતુ તેઓને તે મળેલ હોવા છતાં પણ આજ દિન સુધી કંપની તરફથી કોઈ હાજર થયેલ નથી. ઉપરોક્ત સંજોગોમાં યુનિયન તરફથી આ રેફરન્સ એક તરફી ચલાવવા માટે રજુઆત થતાં આ રેફરન્સ એકતરફી ચલાવવાનું નક્કી કરવામાં આવેલ. અંક-૧૦ થી યુનિયને પોતાની એફીડેવીટ રજુ કરેલ છે. જેમાં શ્રી. અમથાભાઈ જોરાભાઈ દેસાઈએ જણાવેલ છે કે આ કંપનીને બી. આઈ. આર. એક્ટ ૧૯૪૬ નો કાયદો લાગુ પડતો હોઇ તે મુજબ આ કંપની ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાં સદર ધારા અનુસાર નોંધાયેલ છે. આ કંપનીમાં જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ તેનું પ્રતિનિધિત્વ ધરાવે છે. આ કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને સને ૧૯૮૭-૮૮ ના વર્ષની કુલ કમાણીના ૨૦ ટકા લેખે બોનસ ચુકવી આપવું જોઇએ. આ માટે યુનિયન તરફથી તારીખ ૧૩-૮-૮૮ ના રોજ નોટીસ ઓફ ચેન્જ નમુના 'એલ'માં આપવામાં આવેલ આ અંગે વાટાઘાટોથી સમાધાન કરવા માટે પણ પ્રયત્ન કરવામાં આવેલ. પરંતુ, આ પ્રયત્નોમાં કોઇ સફળતા યુનિયનને મળેલ નહીં. સોગંદનામું રજુ કરી શ્રી. અમથાભાઇ દેસાઇએ કોર્ટને અરજી કરેલ કે, આ રેફરન્સની સુનાવણી અનેકવાર રાખવામાં આવેલ. પરંતુ કંપની તરફથી કોઇ હાજર થયેલ નથી.

૪. શ્રી. અમથાભાઇ દેસાઇનું સોગંદનામું ન સ્વીકારવા માટે મારી પાસે કોઇ કારણો નથી. કંપની તરફથી કોઇ હાજર રહેલ નથી કંપની તરફથી લેખીત જવાબ પણ રજુ થયેલ નથી. કંપનીએ યુનિયનનો કલેઇમ વ્યાજબી નથી અને તે અંગે કોઇ સ્વતંત્ર પુરાવો પણ રજુ કરેલ નથી કે કોઈ સાક્ષી પણ તપાસ્યા નથી. ઉપરોકત તમામ સંજોગો લક્ષમાં લેતાં હું એમ પણ સ્પષ્ટ જણાવીશ કે, આ કંપની તેમના કામદારોને ઉધુત્તમ બોનસ ૮.૩૩ ટકાના દરે ચુકવેલ છે. પરંતુ છેલ્લાં દશ વર્ષ કરતાં પણ વધુ સમયથી આ કંપની અસ્તિત્વમાં હોઇ તેના ઉત્પાદનમાં સારી એવી વૃદ્ધિ તથા ધંધામાં સારો નફો કરતો હોઈ તેને લક્ષમાં લેતાં તમામ કામદારોને ૨૦ ટકા લેખે બોનસ ચુકવવા માટે હુકમ કરવો મારી દ્રષ્ટિએ વ્યાજબી અને ન્યાયી થશે. તેથી અંતમાં હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૫. આ રેફરન્સ માન્ય રાખવામાં આવે છે. હીરા ટેક્ષટાઈલ કંપનીને આથી આદેશ આપવામાં આવે છે કે, તેઓએ તેમના તમામ કામદારોને સને ૧૯૮૭-૮૮ના વર્ષ માટે તેઓના પગાર વેતનને લક્ષમાં રાખી ૨૦ ટકા લેખે

INDEX

બોનસ ચુકવી આપવું. કંપનીએ પોતાનો ખર્ચ પોતે ભોગવી અને યુનિયનને સદરહુ રેફરન્સના ખર્ચ પેટે રૂા. ૩૫૦ ચુકવી આપવા.

સહી

બી. ન. પટેલ

(આર. એસ. શુકલ)

રજીસ્ટ્રાર,
અમદાવાદ. તા. ૨-૪-૯૧

સભ્ય,
ઔદ્યોગિક અદાલત, અમદાવાદ.

સહી
તા. ૧-૪-૯૧ અમદાવાદ

અમદાવાદ તા. ૨૬-૪-૯૧

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૬૬૮ આદ્યુ-સને. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ અને ગોપાલ ફેબ્રીક્સ, અમદાવાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧ માં એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી. વી. એચ. ઠાકોર સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૧૦/૯૧.

જનરલ વર્કર્સ યુનિયન,
અમદાવાદ.   પ્રથમ પક્ષકાર.

અને

ગોપાલ ફેબ્રીક્સ, અમદાવાદ.   બીજા પક્ષકાર.

યુનિયનની માંગણી કામદારોને સને ૧૯૮૯-૮૯/૯૦ના વરસનું બોનસ આપવા અંગે.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીમાં કામ કરતા કામદારોને સને ૧૯૮૯/૮૯-૯૦ના વરસનુ બોનસ ચુકવા આપવા સારૂ યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

INDEX

૨. ચાલુ રેફરન્સે યુનિયને આંક ૮નુ પુરસીસ આપી જણાવેલ છે કે, બોનસ ધારા હેઠળ કંપનીએ કામદારોને બોનસ ચુકવી આપેલ હોઈ અને નામદાર અદાલત સમક્ષ સમાધાન થઈ ગયેલ હોઈ તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(વી. એચ. ઠાકોર)

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, ગુજરાત,

અમદાવાદ.

ની. ન. પટેલ

રજીસ્ટ્રાર.

અમદાવાદ તા. ૩૦-૩-૯૧.

સહી

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ.

અમદાવાદ.

અમદાવાદ તા ૨૬-૪-૯૧

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/અ/શ્રમક ૨૭૬૬૯ આરયુ-સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ,

હું જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ અને દર્શન ટેક્ષટાઈલ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં એપ્રિલ માસના ૨૯મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.
શ્રી વી. એચ. ઠાકોર સભ્ય રૂબરૂ.
રેફરન્સ (આઈસી) નં. ૧૫/૯૧.

સેક્રેટરી, જનરલ વર્કસ યુનિયન,

ગાંધી મજૂર સેવાલય, ભદ્ર, અમદાવાદ. ...અરજદાર

વિરૂદ્ધ

મેનેજરશ્રી,

દર્શન ટેક્ષટાઈલ, નારોલ હ ઈવેરોડ, અમદાવાદ.

સને ૧૯૮૯/૮૯-૯૦ના વર્ષનું બોનસ આપવા અંગે. ...સામાવાળા

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ.

ચુકાદો

૧. અરજદાર યુનિયને સામાવાળા કંપનીમાં કામ કરતા કામદારોને સને ૧૯૮૯/૮૯-૯૦ના વર્ષનું બોનસ ચુકવી આપવા બાબતમાં ફેરફાર નોટિસ આપી આ રેફરન્સ ઉપસ્થિત કરેલો છે.

INDEX

૨. અરજદાર યુનિયને આંક—૭ની પુરસીસ આપી જણાવેલ છે કે, આ રેફરન્સમાં નામદાર અદાલત બહાર કંપની સાથે સમાધાન થઈ ગયેલ છે તથા કંપનીએ બોનસ ધારા મુજબનું બોનસ ચુકવી આપેલ હોવાથી તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. તે મુજબ પરવાનગી આપવામાં કાંઇ વાંધાજનક હકીકત ન હોઈ હું મારો છેવટનો હુકમ નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

બી. ન પટેલ
રજીસ્ટ્રાર.
અમદાવાદ તા ૩૦-૩-૯૧.

સહી
(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

સહી

તા. ૨૬-૪-૯૧
અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ [.બંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૬૭૨ આરયુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી., અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં એપ્રિલ માસના ૨૬મા દિને આ.થી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.

શ્રી આર. એસ. શુક્લ, સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઈ.સી.) નં. ૬૬/૮૯.

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ. ...પ્રથમ પક્ષકાર.

વિરુદ્ધ

રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લી. અમદાવાદ. ..બીજા પક્ષકાર.

મીલના ફોલ્ડીંગ ડીવીઝન નં. ૧માં કામ કરતાં કટરોને રૂા. ૧૮૦/-બેઝીક ન હોય તેમને રૂા. ૧૮૦/-બેઝીક પગાર કરવા તથા તફાવત ચુકવવા અંગે..

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીને મીલ કંપનીના ફોલ્ડીંગ ડીવીઝન નં. ૧માં કામ કરતાં કટરોને રૂા. ૧૮૦/-બેઝીક ન હોય તેમને

રૂા. ૧૮૦/-બેઝીક પગાર કરવા તથા તફાવત ચુકવવા અંગે ફેરફારની નોટીસ આપી સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૯ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને સદરહું કામમાં બીજા પક્ષકાર મીલ કંપની સાથે સમાધાન થઈ ગયેલ હોઈ હવે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા ઇચ્છતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કોઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી અંતમાં હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ ફેંસલ કરવામાં આવે છે સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ

સહી
વી. ન. પટેલ
રજીસ્ટ્રાર.
તા. ૨-૪-૮૧ અમદાવાદ

સહી
(આર. એસ. શુકલ)
સભ્ય
ઔદ્યોગિક અદાલત, અમદાવાદ.

સહી
અમદાવાદ

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવદ

તા ૨૬-૪-૮૧ અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૬૭૧ આરયુ–સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ–૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું જનરલ વર્કસ યુનિયન. અમદાવાદ અને અમદાવાદ ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ વર્કસ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રુબરુ.

રેફરન્સ (આઇસી) નં. ૫૨/૯૧.

જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર.

અને

અમદાવાદ ડાઈંગ એન્ડ પ્રી. વર્કસ. બીજા પક્ષકાર.

યુનિયનની માંગણી બીજા પક્ષકાર સંસ્થામાં કામ કરતાં કામદારોને ૧૯૮૯ ૮૯/૯૦ના વરસ માટે બોનસ આપવા અંગે.

ઉદ્યોગ–કોટન ટેક્ષટાઈલ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કંપનીમાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૯–૮૯/૯૦ના વરસ માટે સંસ્થામાં કામ કરતાં કામદારોને બોનસ આપવા બાબતમાં યુનિયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતા ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પક્ષકાર યુનિયને આંક ૬નુ પુરસીસ આપી જણાવેલ છે કે, પક્ષકારો વચ્ચે આ બાબતમાં અંદરો અંદર સમાધાન થયેલ છે અને સંસ્થાએ બોનસ ધારા મુજબનુ બોનસ ચુકવી આપેલ હોઈ યુનિયન આ રેફરન્સ આગળ

INDEX

ચલાવવા માંગતુ નથી અને તે પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે ખર્ચ બાબતમાં કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(વી. એચ. ઠાકોર)

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

અમદાવાદ.

ની. ન. પટેલ

રજીસ્ટ્રાર.

અમદાવાદ. તા. ૩૦-૩-૯૧.

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિંબધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

તા. ૨૬-૪-૯૧

અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ શમક/ ૨૭૬૭૭ આરયુ–સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી અને આપવામાં આવેલ સત્તાની રૂએ

હું ગુજરાત બેંક વર્કર્સ યુનિયન અમદાવાદ થી ધર્મજ પીપલ્સ કો. ઓ. બેંક લી., ધર્મજની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના ચુકાદા સને. ૧૯૯૧ મા મે માસના દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગીક અદાલત અમદાદ

શ્રી આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઈ. સી.) નં. ૧૨૯/૯૦

ગુજરાત બેન્ક વર્કર્સ યુનિયન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર.

વિરુદ્ધ

શ્રી ધર્મજ પીપલ્સ કો. ઓ. બેંક લી., ધર્મજ (ખેડા). બીજા પક્ષકાર.

પગાર ધોરણ. નવીન માળખાતાં ગોઠવણી, ખાસ ભથ્થા, મોંઘવારી ભથ્થું. ઘરભાડું વિગેરે બાબત.

ચુકાદો

૧. સદર રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બી. આઈ. આર. એકટ નીચે નીમાયેલ સમાધાનકાર પાસેથી તા. ૧૫-૬-'૯૦ ના રોજ નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને કલમ-૭૩-(ક) મુજબ દાખલ કરેલ છે. રેફરન્સમાં પ્રથમ પક્ષકાર સંઘે પગાર ધોરણો, નવીન માળખામાં ગોઠવણી, ખાસ ભથા, મોંઘવારી ભથ્થું, ઘરભાડું વિગેરેની માંગણી કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પક્ષકારોએ આંક-૧૦થી સમાધાન ની પુરસીસ રજુ કરી તે મુજબ હુકમ કરવા વિનંતી કરે છે. સદરહુ આંક-૧૦

INDEX

ની સમાધાનની પુરસીસ જોતાં ને પક્ષકારોના હિતમાં હોય તેમ લાગે છે અને તે મુજબ એવોર્ડ કરવામાં કાંઈ વાર સરખું નથી તેમજ બંને પક્ષકારોને કબુલ મંજુર હોઈ અંતમાં હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. બંને પક્ષકારોએ આંક-૧૦ની સમાધાનની પુરસીસ મુજબ વર્તવું. આંક-૧૦ની સમાધાનની પુરસીસની એક નકલ સદરહુ હુકમ સાથે રાખવી અને તેને હુકમના એક ભાગ તરીકે ગણવી. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આંક-૧૦

ધી ધર્મજ પીપલ્સ કો. ઓ. બેન્ક લિ. ધર્મજ અને

ગુજરાત બેન્ક વર્કર્સ યુનિયન વચ્ચે થયેલ સમાધાનની શરતો.

સમાધાનની શરતો

ધી ધર્મજ પીપલ્સ કો. ઓ. બેન્ક લિ., ધર્મજ : આ દરખાસ્તમાં હવે પછી જેનો ઉલ્લેખ "બેન્ક" તરીકે કરવામાં આવશે. અને ગુજરાત બેન્ક વર્કર્સ યુનિયન; આ દરખાસ્તમાં હવે પછી જેનો ઉલ્લેખ "યુનિયન" તરીકે કરવામાં આવશે. એમ બંને પક્ષો વચ્ચે થયેલી સમજૂતી પ્રમાણે નીચે મુજબ સમાધાન કરવામાં આવે છે.

(૧) (અ) બેંકના કર્મચારીઓના પગાર ધોરણો નીચે પ્રમાણે રહેશે.

કક્ષા નં. ૧ (અ) મેનેજર, જનરલ મેનેજર :		બોર્ડ નક્કી
(બ) આસિ. મેનેજર, એડ. ઓફિસ :		કરે તે મુજબ
કક્ષા નં. ૨ સિ. મ. ઓફિસર	:	૩૭૫-૨૫-૫૦૦-૩૦ ૬૫૦-૪૦-૮૫૦-૫૦ ૧૧૦૦.
કક્ષા નં. ૩ જુનિ. ઓફિસર	:	૨૩૦-૨૦-૩૩૦-૨૫ ૪૫૫-૩૦-૬૦૫-૩૫ ૭૮૦.

INDEX

કક્ષા નં. ૪ નોન સબોર્ડીનેટ સ્ટાફ	:	૧૯૦-૧૦-૨૪૦-૧૫ ૩૧૫-૨૦-૪૧૫-૨૫ ૫૪૦-૩૦-૬૯૦.
કક્ષા નં. ૫ સબોર્ડીનેટ સ્ટાફ	:	૧૬૦-૮-૧૫૦-૧૦ ૨૦૦-૧૨-૨૬૫-૧૫ ૩૩૫.

(બ) ઉપર જણાવેલ કક્ષાઓમાં નીચે પ્રમાણેના હોદાઓનો સમાવેશ થશે.

કક્ષા નં. ૧ (અ) જનરલ મેનેજર, મેનેજર

(બ) આસિ. મેનેજર, એડ. ઓફિસર.

કક્ષા નં. ૨ એકાઉન્ટન્ટ, લોન સુપ્રિન્ટેન્ડન્ટ, બ્રાન્ચ મેનેજર.

કક્ષા નં. ૩ આસિ. એકાઉન્ટન્ટ ચેકીંગ ઓફિસર.

કક્ષા નં. ૪ કલાર્ક, કેશીયર. ગોડાઉન કી પર ટાઇપીસ્ટ, કસ્ટોડીયન, કુલી. કલાર્ક કોમ્પ્યુટર ઓપરેટરા

કક્ષા નં. ૫ પટાવાળા, વોચમેન ડ્રાયવર કમ પટાવાળા.

(૨) નવીન આળખામાં ગોઠવણી :

(અ) નવીન માળખામાં ગોઠવણીમાં સ્ટેજ ટુ સ્ટેજ કરવામાં આવશે અને બેન્ક આપેલા બસીસના ઇજાફા અલગ ગણવામાં આવશે.

(બ) વાર્ષિક ઈન્ક્રીમેન્ટ : દરેક કર્મચારીને વાર્ષિક ઈન્ક્રીમેન્ટ સહકારી વર્ષ પુરૂ થયા પછીના માસથી આપવામાં આવશે.

(ક) શૈક્ષણિક લાયકાત માટે સ્ટેજ ટુ સ્ટેજ ફીટમેન્ટ ઉપરાંત નીચે જણાવ્યા પ્રમાણે પુરસ્કાર આપવામાં આવશે.

(૧) એલ. ડી. સી. અથવા સી. એ. આઈ.

આઈ. બી. પાર્ટ-૧ પાસ. ૧ પુરસ્કાર.

INDEX

(૨) સ્નાતક-અનુસ્નાતક, સી. એ. આઈ.

આઈ. સી. પાર્ટ-૨ પાસ. ર. પુરસ્કાર.

(૩) જી. ડી. સી. એન્ડ એ., એચ. ડી. સી.

પૈકી ગમે તે એક અથવા વધુ લાયકાત માટે. ૩. પુરસ્કાર.

(૪) તમામ શૈક્ષણિક લાયકાત માટે વધુમાં વધુ

બે પુરસ્કાર ૨જાફા આપવામાં આવશે.

(૩) ખાસ ભથ્થા :

નીચેના હોદ્દાઓનું કામ કરનાર કર્મચારીઓને જે તે હોદ્દાની કામગીરી માટે તેની સામે જણાવ્યા મુજબ માસિક ખાસ ભથ્થા આપવામાં આવશે.

(૧) કેશીયર	- રૂ. ૫૦.
(૨) ટાઈપીસ્ટ	- રૂ. ૨૦
(૩) કસ્ટોડીયન	- રૂ. ૨૫
(૪) કેશ પ્યુન	- રૂ. ૧૫.

સ્પેશ્યલ એલાઉન્સવાળી જગ્યાએ સીનીયોરીટી મુજબ આપવામાં આવશે. જે ખાસ ભથ્થુ મેળવતો કર્મચારી રજા ઉપર હોય તેની જગ્યાએ કામ કરનારને કામના દિવસોના પ્રમાણમાં ભથ્થુ આપવામાં આવશે.

કોઈ પણ એક કરતાં વધુ માસિક ખાસ ભથ્થા, મેળવવા પાત્ર થતો હોય તો જે ખાસ ભથ્થુ વધારે હોય તે એક જ ખાસ ભથ્થુ મેળવી, શકશે. ખાસ ભથ્થુ મેળવતો કર્મચારી સળંગ એક એક માસથી વધુ સમય માટે રજા ઉપર હોય તો ત્યારે તે ખાસ ભથ્થું મેળવી શકશે નહીં.

૪. મોંઘવારી ભથ્થું

(અ) દરેક કર્મચારીને નીચેના ધોરણે મોંઘવારી ભથ્થુ આપવામાં આવશે. જે અખીલ ભારતીય શ્રમજીવી ગ્રાહક ભાવાંક ૧૯૬૦ (૧૯૬૦-૧૦૦) ના આંક સાથે જોડવામાં આવે છે.

INDEX

(બ) કક્ષા નં. ૧ થી ૪ સુધીના કર્મચારીઓ માટે સરેરાશ દર ત્રણ માસે ૧૯૬૦ ૧૦૦ ના ભાવાંક ઉપરાંત પ્રત્યેક ચાર આંક દીઠ ૩ ટકા પ્રમાણે અને કક્ષા નં. ૫ ના કર્મચારીઓ માટે ચાર ટકા પ્રમાણે મુળ પગાર તેમજ ખાસ ભથ્થાઓ ઉપર મોંઘવારી આપવાની રહેશે. આ માટે ભારત સરકાર તરફથી પ્રસિદ્ધ થતાં "ઈન્ડીયન લેબર જનરલ" અથવા ગેઝેટ ઓફ ઈન્ડીયામાં આવાંક પ્રગટ થાય છે અને આ બેંક માટેની ગુરૂત્તમ મર્યાદા બેઝીક પગાર કેટેગરી ૨—૩ ૪ માટે રૂા. ૫૦૦ અને કેટેગરી ૫ માટે રૂા. ૩૦૦ સુધીની નકકી કરવામાં આવે છે તેને ગણત્રીમાં લેવામાં આવશે.

૫. ઓફિસીએટીંગ ભથ્થુ

કોઇપણ કર્મચારી ઉપલી કક્ષાના કર્મચારીની કામગીરી કરવાના પ્રસંગે જે કર્મચારીની જગ્યાએ કામગીરી ૭ દિવસ કે તેથી વધુ કરી હોય તેના મુળ પગારના અથવા પોતાના મુળ પગાર જે માંથી વધુ હોય તેના ૧૦ ટકા લેખે ઓફિસીએટીંગ ભથ્થુ મોંઘવારી સહ આપવામાં આવશે.

૬. ઘરભાડું

દરેક કર્મચારીને તેના મુળ પગારના ૧૫ ટકાની રકમ માસિક ઘરભાડા એલાઉન્સ તરીકે આપવામાં આવશે.

૭. નિભામણી ભથ્થુ

જો કોઈપણ કર્મચારીને બેન્ક તરફથી સસ્પેન્ડ કરવામાં આવે તેવા પ્રસંગે નીચેના ધોરણે હંગામી ભથ્થું આપવાનું રહેશે.

(અ) પહેલાં પંદર દિવસ માટે મુળ પગારના ૫૦ ટકા રકમ તથા મોંઘવારી ૫૦ ટકા અને પુરેપુરૂ ઘરભાડુ આપવામાં આવશે.

(બ) ૧૫ દિવસ પછીના સમય માટે ૭૫ ટકા મુળ પગાર, મોંઘવારી અને ઘરભાડુ ૧૦૦ ટકા પુરૂ આપવાનું રહેશે.

૮. ડેઈલી હોલ્ટીંગ એલાઉન્સ

બેંકના કામે કોઇપણ કર્મચારીને બહારગામ મોકલવાનો થાય ત્યારે કાય-દેસરના ભાડા ઉપરાંત નીચે મુજબ દૈનિક ભથ્થુ આપવામાં આવશે.

INDEX

૧. મેનેજર આ. સિ. મેનેજર	રૂા. ૨૦
૨. ઓફિસર	રૂા. ૧૫
૩. કલાર્ક કેશીયર	રૂા. ૧૨
૪. પ્યુન	રૂા. ૭

૯. બિમારી ભથ્થું :

દરેક કર્મચારીને વાર્ષિક રૂા. ૩૦૦ મેડીકલ એલાઉન્સ દર માસના પગારમાં માસિક રૂ. ૨૫ ચુકવવામાં આવશે.

૧૦. સાયકલ એલાઉન્સ :

કક્ષા નં. ૫ના કર્મચારીઓને બેંકના કામકાજ અંગે પોતાની સાયકલ વાપરતા હશે તેને માસિક રૂ. ૧૫ લેખે સાયકલ એલાઉન્સ આપવામાં આવશે.

૧૧. ડ્રેસ તથા ડ્રેસ ધોલાઈ :

સબોર્ડીનેટ સ્ટાફને દર વરસે બે ટેરીકોટન ડ્રેસ આપવામાં આવે છે. અને તેમને માસીક રૂ. ૧૫ લેખે ધોલાઈ ખર્ચ આપવામાં આવશે.

૧૨. ઓવરટાઇમ અને કામના કલાકો :

અ. દરેક કર્મચારીએ સોમવારે સુધી ૬.૩૦ સાડા છ કલાક અને શનિવાર માટે ૪.૧૫ સવાચાર કલાકની કામગીરી કરવાની રહેશે. રિસેસ સિવાય.

બ. દરેક કર્મચારીને આખા વર્ષની ઓવર ટાઈમમાં કરવામાં આવેલી કામગીરી તથા બંને કલોઝીંગના કામગીરી પેટે તેના બે પગાર, મુળ પગાર, મોંઘવારી તેમજ ખાસ ભથ્થા સહીત જેટલી રકમ ઓવર ટાઈમ કામ પેટે દર વર્ષે ચુકવવાની રહેશે.

દરેક કર્મચારીઓને ડીસેમ્બર માસમાં એક પગાર અને જુન માસમાં એક પગાર આખા વર્ષમાં કરેલ ઓવર ટાઇમ પેટે આપવામાં આવશે.

ક. બોનસ : બેંકની હાલની બોનસ આપવાની પદ્ધતિ ચાલુ રહે છે. મુળ વાર્ષિક પગાર + મોંઘવારી ÷ સ્પે. એલાઉન્સ ૨૦ ટકા

૧૩. તાલીમ :

કોઈપણ પ્રકારની બેન્કીંગની કે સહકારી તાલીમ માટે બેન્ક સૌથી સિનિયર માણસને પસંદગી આપશે. તાલીમમાંથી કર્મચારીને તાલીમના સમય દરમિયાન પુરો પગાર, મોંઘવારી તેમજ ઘરભાડું મળશે. તાલીમમાંથી કર્મચારીને તાલીમના અનુસંધાનમાં પ્રેકટીકલ તાલીમ માટે બહાર જવું પડે તે બદલ તેને દૈનિક ભથ્થું આપશે. જે કોઈ કર્મચારી બઢતી સ્વીકારવાની ના પાડે અથવા વજુદવાળા કારણો સિવાય તાલીમમાં જવાની ના પાડે તેને તાલીમ માટે પસંદ કરવામાં આવશે નહીં.

૧૪. રજાઓ અને તે અંગેના નિયમો :

૧. હકક રજા :

દરેક કર્મચારીને તેના નોકરીના દર એક તે ૩૦ દિવસ લેખે હકક રજા પાળશે. એવી ૧૮૦ દિવસથી વધુ રજા એકત્ર કરી શકશે નહીં. હકક રજા ૧૮૦ દિવસ સુધી એકત્ર થઈ હોય ત્યારે કર્મચારી તેમાંથી વધારાની રજાઓ જેટલો હિસ્સો રોકડમાં ફેરવી શકશે. હકક રજા માંગનાર કર્મચારીને રજા શરૂ થવાની હોય તે પંદર દિવસ પહેલાં લેખીત માંગણી કરવાની રહેશે. તાકીદની જરૂરીયાત વખતે આ મુદતનો બાધ રહેશે નહીં. રજા લેખીત મંજૂર કરાવેલ ના હોય તે મંજૂર ગણી શકાશે નહીં. બેન્ક જો કોઈપણ સંજોગોમાં રજા ના મંજૂર કરે તો નામંજુરીના કારણો કર્મચારીને લેખીત આપવાનું રહેશે અને નામંજુર કરેલ રજાઓ ૧૮૦ દિવસની મર્યાદા ઉપરાંત એકત્ર કરી શકાશે. જે કર્મચારી રીટાયર્ડ થાય ત્યારે તે ભોગવી સકશે અગર રોકડમાં ફેરવી શકશે.

૨. માંદગીની રજા :

દરેક કર્મચારીને દર વર્ષે ૧૫ દિવસની માંદગીની રજા પુરા પગારે મળશે. જે ૧૮૦ દિવસ સુધી એકત્ર કરી શકશે. અને વધારાની રજા લેપ્સ થશે. જે કોઈ કર્મચારી પાસે એકત્રીત રજા ન હોય તેને અસાધારણ સંજોગોમાં રજા જોઈતી હોય તો ૬ માસ સુધીના અડધા પગારે બોર્ડને યોગ્ય લાગે તો આવી રજા આપવાની રહેશે. ચઢેલ રજાઓ રીટાયર્ડ થતી વખતે ભોગવી શકશે. સીક લીવ રોકડમાં રૂપાંતર થઈ શકશે નહીં મેટરનીટી લીવ સરકારના નિયમ મુજબ આપવાની રહેશે.

INDEX

૩. આકસ્મીક રજા :

દરેક કર્મચારીને વર્ષની ૧૫ દિવસ પુરા પગારે આકસ્મીક રજા મળી શકશે. વર્ષના અંતે નહી વપરાયેલી આકસ્મીક રજાઓનું માંદગીની રજામાં રૂપાંતર કરવામાં આવશે. જે માંદગીની રજામાં રૂપાંતર કરવામાં આવશે જે માંદગીની ૧૮૦ દિવસની મર્યાદા ઉપરાંતની ગણાશે. આકસ્મીક રજાઓ એક સાથે પાંચ દિવસથી વધુ મળી શકશે નહી. અનિવાર્ય સંજોગો સિવાય એક દિવસ અગાઉ રીપોર્ટ મુકવાનો રહેશે. રજા મંજુર કરાવ્યા પછી જ રજા ઉપર જવાનું રહેશે.

૪. બીન પગારી રજા :

કર્મચારી પાસે કોઈપણ પ્રકારની રજા જમા ન હોય તો ખાસ સંજોગોમાં બીન પગારી રજાની માંગણી કરી શકશે. એવી રજા નોકરી દરમ્યાન એક વર્ષથી વધુ મળી શકશે નહીં. પરંતુ એક સાથે ત્રણ માસ સુધીની રજાની માંગણી કરી શકશે આવી રજા જે કર્મચારીને ૫ વર્ષથી વધુ નોકરી પુરી કરી હશે તેને યોગ્ય કારણોસર બોર્ડની મંજુરીથી મળી શકશે.

૫. દર વર્ષે જુન માસના અંતે દરેક પગારની રજાઓ કર્મચારીના રજાના ખાતામાં જમા કરવામાં આવશે.

(૬) કર્મચારી નિવૃત્તિ વયે રીટાયર્ડ થાય, રાજીનામું આપે અથવા બેન્ક છુટા કરે તેવા પ્રસંગે તેના ખાતે જમા રહેલી તમામ પ્રકારની રજાઓનો પગાર એન્કેશ કરી શકશે અગર છુટા થતા પહેલાં રજા ભોગવી શકશે. કોઈપણ પ્રકારની રજાઓ એબ્સન્ટ રીતે લઈ શકશે નહીં. અનિવાર્ય સંજોગો સિવાય આ માટે એક દિવસ અગાઉ જાણ કરવી.

૧૫. અગ્રતા ક્રમ સિનિયોરીટી લીસ્ટ :

બેંક તરફથી દરેક કક્ષા માટે કક્ષાવાર અગ્રતાક્રમ યાદી દર વર્ષે સહકારી વર્ષ પુરૂ થયા પછીના માસમાં તૈયાર કરવામાં આવશે. અગ્રતા ક્રમ દાખલ થયા તારીખથી ગણાશે. અગ્રતાક્રમ માટે નીચે જણાવ્યા પ્રમાણે ગુણાંક પધ્ધતિનો અમલ કરવાનો રહેશે.

(૧) પહેલા દશ વર્ષના નોકરી માટે દર એક વર્ષ માટે ૧ ગુણ.

INDEX

(૨) દશવર્ષ ઉપરાંતની નોકરી માટે દર એક વર્ષ માટે ૨ ગુણ.

(૩) એલ. ડી. સી., સી. એ. આઈ. બી. ભાગ-૧ માટે ૧ ગુણ.

(૪) સ્નાતક એચ. ડી. સી., જી. ડી. સી. એ.

આઈ. બી. ભાગ-૨ વિશ્વ વિદ્યાલયનો
સહકારી ડિપ્લોમાં માટે... ૨ ગુણ

(૫) ડબલ ગ્રેજ્યુએટ અનુસ્નાતક અગર સ્નાતક સાથે
જી. ડી. સી. એ. અથવા એચ. ડી. સી. અથવા
સી. એ. આઈ. આઈ. બી. ૩ ગુણ

નોંધ : બઢતી પામેલ કર્મચારી નવીન કક્ષામાં જ્યારથી બઢતી મેળવે ત્યારથી તે કક્ષામાં તેની અગ્રતા શરૂ થશે.

૧૬. બઢતી અંગે નિતી

(૧) ઉપલી કોઇપણ કક્ષામાં જગ્યા ખાલી પડે અથવા જગ્યા ઉભી કરવામાં આવે ત્યારે તેવી કક્ષાની તાત્કાલીક ઉત્તરથી કક્ષામાંથી જે કર્મચારી અગ્રતાક્રમમાં અગ્ર હશે તેને બઢતી આપવામાં આવશે પરંતુ એક સરખી દાખલ તારીખ ધરાવતી એક કરતાં વધુ વ્યકિતઓ બઢતી મેળવવા પાત્ર હોય તેવા સંજોગોમાં લેખીત કસોટી દ્વારા કોને બઢની આપવા તે બેંક નકકી કરશે.

(૨) બઢતી આપતી વખતે કર્મચારીની ઉપલી કક્ષામાં પગાર નકકી કરવા માટે તેના મુળ પગારને ઉપલી કક્ષાના જે તબકકે બંધ બેસતો હોય ત્યાં ગોઠવવી. જો રકમ બરાબર બંધ બેસતી ન હોય તો તે પછીના તબકકામાં ગોઠવવી. અને ત્યાર બાદ બઢતીના બે ઇજાફા તેમાં ઉમેરવામાં આવશે અને આ રીતે નકકી થતો પગાર બઢતી બાદનો પગાર ગણાશે.

(૩) બઢતીની તારીખથી ત્રણ માસ સુધી બઢતી પામેલ કર્મચારી બઢતીની જગાએ અજમાયશી તરીકે રહેશે. આ સમય પુરો થાય તે પહેલાં કર્મચારી પોતાની મુળ જગ્યાએ જવા લેખીત ઈચ્છા વ્યકત કરે તો તેને તેના મુળ સ્થાને મુકી શકાશે. તેમજ આ સમય દરમ્યાન બઢતી પામેલ કર્મચારીનું કામ બેંકને સંતોષકારક ન લાગે તો. બેન્ક પણ આવા કર્મચારીને સમય મર્યાદા પુરી થતા મુળ સ્થાને લાવી શકશે.

INDEX

(૪) જો કોઈ કર્મચારી નક્કર કારણ સિવાય બઢતી સ્વીકારે નહી તો તેવા કર્મચારી બઢતી માટેનો પોતાની અધિકાર ભવિષ્ય માટે ગુમાવશે.

૧૭. પ્રોવીડન્ડ ફંડ–

પ્રો. ફંડમાં કર્મચારીનો ફાળો તેના પગારમાં શ્રી પગાર + ભાગ-૨ રૂપે. એલા. ઉપર ૧૦ ટકા પ્રમાણે રહેશે અને બેન્ક પણ એટલો જ ફાળો ઉમેરશે. પ્રો ફંડ અંગેની યોજના હાલની પ્રથા મુજબ ચાલુ રહેશે. પરંતુ કાયદામાં ફેરફાર થાય તો તે મુજબ ફેરફાર કરવાનો રહેશે.

૧૮. ગ્રેજ્યુઈટી યોજના–

બેન્કની હાલમાં જે વિમા કંપની સાથે સંયોજીત ગ્રેજ્યુટીઇની પ્રથા ચાલુ રહેશે.

અથવા

નીચે પ્રમાણે ગ્રેજ્યુઈટી યોજના દરેક કર્મચારીને લાગુ પડશે અને તે તેના લાભ માટે નીચેની યોગ્યતા ગણાશે.

(૧) નોકરી દરમ્યાન મૃત્યુ અથવા શારીરિક કે માનસિક અકસ્માત માટે જો એક વર્ષની નોકરી થઇ હોય તો.

(૨) પાંચ વર્ષની પુરી થયેલ નોકરી બાદ નિવૃત્તિને કારણે સ્વૈચ્છીક રાજીનામુ આપવાના કારણે અથવા બરતરફીના સંજોગોમાં.

(૩) ગ્રેજ્યુઈટી દર વર્ષની પુરી નોકરી માટે છેલ્લા એક માસનો મેળવેલ પુરો પગાર (પગાર મોંઘવારી) મુજબ પરંતુ વધુમાં વધુ ૨૦ પગાર જેટલી આપવાની રહેશે. (છેલ્લા માસના પગાર ૨૦ પગાર વધુમાં વધુ.

નોંધ : જો કોઈ કર્મચારીને હિસાબમાં ગોટાળો આ ઉચાપત માટે બરતરફ કરવામાં આવે તો તે કર્મચારીના આવા કૃત્યથી જે નુકશાન થયું હોય તે રકમ બાદ કરીને ગ્રેજ્યુઈટી ચુકવવામાં આવશે.

૧૯. અજમાયશી તથા કાયમી ;

અજમાયશી (પ્રોબેશન) પર લેવાયેલ કર્મચારીની ૬ માસ સુધીનો અજમાયશી તરીકેનો સમય પુરો થાય તો પહેલાં નોકરીમાં રદ ન કરવામાં આવેલ હોય તો તે કર્મચારી આપોઆપ નોકરીમાં કાયમ થયેલો ગણાશે.

INDEX

૨૦. નિવૃત્તિ વય મર્યાદા ૫૮ વર્ષની રહેશે. ત્યાર બાદ બેંકની બોર્ડ ૨ વર્ષ સુધી વધારો કરી શકશે પરંતુ ૬૦ વર્ષની વય થયે નોકરીમાં ચાલુ રહી શકાશે નહી. ૨૦ વર્ષની નોકરી કર્યા બાદ કર્મચારી સ્વેચ્છી નિવૃત્તિ થઈ શકશે.

૨૧. આ સમાધાન અંગે કોઇપણ વિવાદ ઉભો થાય ત્યારે બેંક અને યુનિયન ચર્ચા કરી તેનો નિવેડો લાવશે. વાટાઘાટોથી નિવેડો ન આવે તો ઉભય-પક્ષે થયેલ સમજૂતિ અનુસાર ઉકેલ લાવવાના પગલાં લેવાશે.

૨૨. આ સમાધાન દ્વારા કોઈપણ કર્મચારીને કોઈપણ બાબતમાં અવળી અસર થતી હોય અથવા નુકશાન થતું હોય તેવા સંજોગોમાં અગાઉ મળતી વધુ સારી સવલત મળવી ચાલુ રહેશે.

૨૩. આ સમાધાન તા. ૧-૪-૯૧ થી અમલમાં આવશે. તને તા. ૩૧-૧૨-૯૩ સુધી અમલમાં રહેશે.

૨૪. સમાધાન અમલ દરમ્યાન બેંકને વધારાનો બોજો પડે તેવી માંગણી યુનિયન તથા કર્મચારીઓ દ્વારા રજુ કરવામાં આવશે નહીં. આ સમાધાનમાં બેંક શબ્દ વપરાયેલ છે ત્યાં બેંક એટલે બેંકનું, સંચાલક મંડળ તેમ સમજવું.

સહી

તારીખ ૨૫-૩-૯૧
સ્થળ : ધર્મજ.

સહી	સહી
મેનેજીંગ ડીરેકટર	બી. જે. પંડયા
ધી ધર્મજ પીપલ્સ કો. ઓ. બેંક લિ.,	એશન્ટ સેક્રેટરી
ધર્મજ	ગુજરાત બેંક વર્કર્સ યુનિયન
	નડીયાદ.

INDEX

સહી
ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
તા. ૧૨-૪-૯૧.
અમદાવાદ

સહી
ર. શિ. શુકલ
(આર. એસ. શુકલ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
અમદાવાદ

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

તા. ૪-૫-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/બ/શમક/૨૭૬૮૭ આરયુ-સને. ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ,

હું અસારવા મીલ્સ લી. અમદાવાદ અને ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ સમાધાન અધિકારીશ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૧૯૯૧ ના દિને, આથી નોંધ કરું છું.

નંબર : ૨૪૪૩ રૂ. ૧૦-૦૦
તારીખ : ૪ માર્ચ સને ૧૯૯૧
નામ : અસારવા મીલ્સ
ઠેકાણું : અસારવા રોડ, અમદાવાદ
લક્ષ્મણભાઈ માણેકલાલ પટેલ
લા : નં. એસ. બી/૧૫૬/૧૯૮૮
અમદાવાદ મીરઝાપુર કોર્ટના સણંદી
લેનારની સહી : અસારવા મીલ્સ

વતી
પી. કે. શાહ

સમાધાનકાર શ્રી બી. બી. ઠાકર સમક્ષ
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-૧૯૪૬
સમાધાનનું ખતપત્ર
કેસ નં. બી. આર. સી. નં. ૨૧/૯૧
પક્ષકારોના નામ

મિલમાલિકોના પ્રતિનિધિ : શ્રી સાગરમલ આર શર્મા
મેનેજરશ્રી,
અસારવા મીલ્સ
અમદાવાદ.

કામદારોના પ્રતિનિધિ : શ્રી મનહરભાઈ પટેલ
મંત્રીવતી
ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ.

કેસની ટૂંકી વિગત

તા. ૯-૧-૧૯૯૧ ના રોજ ઉપરોક્ત સંસ્થાના વ્યવસ્થાપક નમૂના "ક" માં સુતરાઉ કાપડ ઉદ્યોગ માટે અમદાવાદ શહેરના સ્થાનિક વિસ્તારમાં પ્રતિનિધિત્વ ધરાવતા અને માન્યતા ધરાવતા ઉપરોક્ત મંડળને મીલ્સ કું. તેના બ્લોરૂમ ખાતામાં શાળ ખાતુ બંધ થવાથી પ્રોડકશનમાં થયેલ ઘટાડાના કારણે ૨ (બે) જગ્યા કમી કરવા માંગે છે તે અંગેની માંગણી કરવી ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહિં થઈ શકવાથી સદરહુ

સંસ્થાએ તા. ૨૩-૧૯૯૧ ના રોજ સમાધાનકારને નમૂના "એન" માં અહેવાલ મોકલી આપ્યો હતો, જે તા. ૫-૨-૯૧ ના રોજ સમાધાનકારને મળ્યો હતો અને તા. ૧૧-૨-૯૧ ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામા આવ્યો હતો. સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી જે વખતોવખત બન્ને પક્ષકારોની સંમતિથી મુલતવી રાખવામાં આવી હતી તે તા. ૨૧-૨-૯૧ થી તા. ૬-૪-૯૧ સુધી ચાલી હતી, જેમાંની છેલ્લી તારીખે બન્ને પક્ષો વચ્ચે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમન ૧૯૪૬ની કલમ ૫૮ (૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

આ સાથે જોડેલ પરિશિષ્ટ મુજબ

સમાધાનની શરતો

(૧) મીલ્સ કંપનીનું સાદુ શાળ ખાતું બંધ થવાથી બ્લોરૂમ ખાતામાં કામગીરી ઘટવાથી નીચે જણાવ્યા મુજબ ૨૨ કાયમી જગ્યામાંથી ૩ કાયમી જગ્યા કમી કરશે અને ૧૯ કાયમી કારીગરનું સંખ્યાબળ જાળવશે.

કાયમી જગ્યા કમી કરવની વિગત

હોદ્દો	કાયમી સંખ્યા			કમી કરવાની સંખ્યા			બાકી રહેલ સંખ્યા			કુલ
	પહેલી	બીજી	ત્રીજી	પહેલી	બીજી	ત્રીજી	પહેલી	બીજી	ત્રીજી	
રીટર સ્કચ્યર ટેન્ડર	૨	૨	૨	—	—	—	૨	૨	૨	૬
,, લેટીસ ફીડર	૧	૧	૧	—	—	—	૧	૧	૧	૩
એન. એસ. ઈ										
સ્કચ્યર ટેન્ડર	૨	૨	૨	૧	૧	૧	૧	૧	૧	૩
,, લેટીસ ફીડર	૧	૧	૧	—	—	—	૧	૧	૧	૩
તેલવાળા	૧	૧	૧	—	—	—	૧	૧	૧	૩
રોવીંગ વેસ્ટ ઓપનર	૧	—	—	—	—	—	૧	—	—	૨
	૮	૭	૭	૧	૧	૧	૭	૬	૬	૧૯
	કુલ-૨૨						કુલ-૧૯			

(૨) મીલ્સ કંપનીમાં ઉપર મુજબ જે ત્રણ જગ્યા કમી કરવાની છે તે પૈકી બે કારીગરોને વધતરથી છુટા કરવામાં આવશે, જ્યારે બીજા કારીગરને

INDEX

અન્ય ખાતામાં મજુર મહાજન સંઘની સંમતિથી ફેરવવામાં આવશે, અને આ પ્રમાણેનો ફેરફાર થવાથી બ્લીચ્ડ ખાતાનું કાયમી સંખ્યાબળ હાલમાં જે ૨૨નું છે તે આ સમાધાનથી ૧૯નું રહેશે (ત્રણેયપાળીનું) એમ બન્ને પક્ષકારો સ્વીકારે છે.

(૩) મીલ્સ કંપનીમાં આ પ્રમાણે ફેરફાર થવાથી રીટર સ્કચર ટેન્ડર જે બે છે તે પૈકી એક ટેન્ડર–બે લેટીસ ફીડર તથા રીટર સ્કચર ટેન્ડર મળી ત્રણ કારીગરને બે વખત રીસેસ છોડાવશે, આમ થવાથી જે શ્રમબોજ વધશે તેના માટે મીલ્સ કંપની રૂ. ૨૬/– (માસિક ૨૬ દિવસના) બેઝીકમાં ઉમેરી આપી તેના તેના પર તમામ લાભો આપશે અને આ રીતે ત્રણેયપાળીમાં છોડાવવાનું રહેશે. (ત્રણેયપાળીના સ્કચર ટેન્ટરે) તેમજ રીટર સ્કચર ટેન્ટર અને સદર મશીનના લેટીસ ફીડર એમ ત્રણેય ભેગા મલીને દરરોજ ત્રણેયપાળીમાં સદર મશીનની તેમની પાળીમાં સફાઈ કરશે.

તેવી જ રીતે એન. એસ. ઈ. ના સ્કચર ટેન્ટરને ત્રણેયપાળીમાં જે તે પાળીના તેલવાળા બે વખત રીસેસમાં છોડાવશે, જ્યારે તે મશીનના લેટીસ ફીડરને આજ કલમમાં ઉપર જણાવ્યા મુજબ જે તે પાળીના રીટર સ્કચર ટેન્ટર છોડાવશે. આમ થવાથી જે તેલવાળાને બે વખત રીસેસ છોડાવવાની છે તેમને વધેલ શ્રમબોજા અંગે દૈનિક રૂ. ૦–૭૫ પૈસા બેઝીકમાં ઉમેરી તેના પર તમામ લાભો આપવામાં આવશે, જ્યારે સદર મશીનની સફાઈ એન. એસ. ઈ. ના ટેન્ટર તેમજ લેટીસ ફીડર અને તેલવાળા એમ ત્રણેય જણ ભેગા થઈને દરરોજ ત્રણેયપાળીમાં સફાઈ કરશે.

આ ઉપરાંત કલમ (૧) ની કેટેગરીમાં દર્શાવેલ સંખ્યાના કાયમી કામદારો હાલમાં જે કામગીરી બજાવે છે તે તમામ પ્રકારની કામગીરી બજાવવાની ચાલુ રાખી ઉપરની કામગીરી બજાવશે, અને આ ખાતુ હાલમાં જે રીતે સાતેયદિવસ તેમ ચાલુ રહેશે એમ બન્નેય પક્ષકારો સ્વીકારે છે, તદુપરાંત આ સમાધાનથી એન. એસ. ઈ. મશીનના સ્કચર ટેન્ટરનો શ્રમબોજ પણ વધતો હોવાથી તેઓને રૂ. ૩૯/-માસિક (૨૬ દિવસના) બેઝીકમાં ઉમેરી તેના પર તમામ લાભો આપશે તથા ઉપર મુજબના તમામ લાભો કાયમી કારીગરોની ગેરહાજરીમાં જે બદલીવાળા કામ કરશે તેમને તે દિવસ પુરતો આપવામાં આવશે.

(૪) સદર ત્રણ કાયમી જગ્યા પૈકી ૧ જગ્યા અન્ય ખાતામાં ટ્રાન્સફર કરીને કરશે, જ્યારે બાકીની ૨ જગ્યા નીચે જણાવ્યા પ્રમાણે કમી કરી શકશે.

INDEX

ટ્રાન્સફરવાળી જગ્યાના પગારમાં કોઈ ઘટાડો થશે નહિ, પરંતુ વધારે પગાર હશે તો તે મુજબ આપશે.

(અ) સદરહુ જગ્યા કમી કરવા માટે મજુર મહાજન સંઘ (ટી. એલ. એ.) મારફતે મળેલા રાજીનામા સ્વીકારીને અથવા વયમર્યાદાથી, મરણ થવાથી કે બન્નેય કારણસર ખાલી જગ્યા પુરવાના બદલે મજુર મહાજન સંઘની (ટી. એલ. એ.) સંમતિથી તેવી જગ્યા કમીકરી શકશે.

(બ) કમી થતી જગ્યાના હોદ્દાના કારીગરના રાજીનામાને બદલે અન્ય કેટેગરી કે ખાતામાંથી રાજીનામું મલશે તો મજુર મહાજન સંઘની (ટી. એલ. એ) સંમતિથી લાગતા વળગતા કારીગરોની ફેરગોઠવણી કરીને કમી કરી શકશે. આમ થવાથી કોઈ કારીગરને મળતા પગારમાં ઘટાડો થશે નહિં, જો મીલ કંપનીને પૂરતા રાજીનામાં નહિં મળે તો વચગાળાના સમયમાં વધતા કારીગરોને ખાતામાં કે અન્ય ખાતામાં વૈકલ્પિક કામગીરી સોંપવાથી કે કારીગરોની ફેરગોઠવણી કરવાથી કોઈ કારીગરના પગારમાં ખાધ પડતી હશે તો તેઓને અંગત પગાર તરીકે ભરી આપવામાં આવશે.

(૫) આ સમાધાન હેઠળ કાયમી જગ્યા કમી કરવા માટે છુટા થતા કારીગરોને તેમના કાયદેસરના તમામ હક્કો જેવા કે આઈ. ડી. એકટ હેઠળ બેકારી વળતર, ઘરભાડા સહિત, પેમેન્ટ એ.ફ ગ્રેજ્યુઈટી એકટ હેઠળની ગ્રેજ્યુઈટી તથા વણભોગવેલ રજાના નાણાં ચુકવી આપશે તથા પ્રોવીડન્ડ ફંડની રકમના બન્નેય ફાળા મળે તે માટે આઈ. ડી. એકટની કલમ ૨ (૦૦) હેઠળ વ્યવસ્થા કરશે, જ્યારે જે તે વર્ષની બાકી બોનસ અન્ય કારીગરોને જ્યારે ચુકવવામાં આવશે ત્યારે આપવામાં આવશે.

(૬) આ સમાધાનના અમલ કે અર્થઘટનમાં જો કોઈ મતભેદ પડશે તો તેનો નિકાલ બન્ને પક્ષકારો ભેગા મળીને કરશે જે લાગતા વળગતા તમામ કામદારોને બંધનકર્તા રહેશે.

(૭) આ સમાધાન થવાથી આ અંગેના અગાઉના કરાર, સમાધાન કે એવોર્ડમાં તેટલા અંશે આપોઆપ સુધારો થયેલો ગણવામાં આવશે.

(૮) આ સમાધાનનો અમલ તા. ૧૦-૧-૯૧ થી કરવામાં આવશે.

INDEX

અમદાવાદ
તા. ૬-૪-૯૧

ફેકટરી મેનેજર
અસારવા મીલ્સ લીમીટેડ
અમદાવાદ

સમાધાનકાર
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ
અમદાવાદ

સંગીવતી
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ.

સહી
આર. કે. પરમાર
સહાયક શ્રમ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક શ્રમ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૬૭૦ આરયુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૨ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ

હું જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ અને નેશનલ કલોથ એન્ડ પ્રિન્ટીંગ વર્કસ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.
શ્રી વી. એસ. ઠાકોર સભ્ય રુબરુ.
રેફરન્સ (આઈસી) નં. ૨૧/૯૧.

સેક્રેટરી, જનરલ વર્કર્સ યુનિયન,

ગાંધી મજુર સેવાલય, ભદ્ર, અમદાવાદ. ..અરજદાર

વિરુદ્ધ

મેનેજરશ્રી,

નેશનલ કલોથ એન્ડ પ્રીન્ટીંગ વર્કસ, અમદાવાદ.

અને ૧૯૮૯/૮૯-૯૦ના વર્ષનું બોનસ આપવા અંગે. ..સામાવાળા

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ.

ચુકાદો

૧. અરજદાર યુનિયને સામાવાળા કંપનીમાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૯/૮૯-૯૦ના વર્ષનું બોનસ ચુકવી આપવા બાબતમાં ફેરફારની નોટિસ આપી આ રેફરન્સ ઉપસ્થિત કરેલો છે.

૨. અરજદાર યુનિયને આંક-૭ની પુરસીસ આપી જણાવેલ છે કે, આ રેફરન્સમાં નામદાર અદાલત બહાર સમાધાન થઈ ગયેલ હોવાથી તેઓ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત ન હોવાથી હું મારો છેવટનો હુકમ નીચે મુજબ કરું છું.

INDEX

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(પી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

બી. ન. પટેલ
રજીસ્ટ્રાર,
અમદાવાદ તા. ૩૦-૭-૯૧.

અમદાવાદ
તા. ૨૬-૪-૯૧

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક ૨૭૬૭૯ આરયુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને અંબીકા મીલ્સ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૮૧ માં મે માસના દિને આથી નોંધ કરું છું.

INDEX

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, રાજ્ય અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઇસી) નં. ૨૫૬/૮૨.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
ભદ્ર. અમદાવાદ.
પ્રથમ પક્ષકાર.

અને

અંબીકા મીલ્સ, અમદાવાદ.
બીજા પક્ષકાર.

યુનીયનની માંગણી ઇજનેર મીકેનીક ખાતામાં રેફ્રીજરેશન પ્લાન્ટ ઉપર કામ કરતાં કામદારોને ચામડાના બુટ આપવા અંગે.

ઉદ્યોગ કોટન ટેક્ષટાઈલ

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને. બીજાપક્ષકાર મીલ કંપનીમાં ઇજનેર મીકેનીક ખાતામાં કામ કરતાં કામદારોને રેફ્રીજરેશન પ્લાન્ટ ઉપર કામ કરતાં કામદારોને ચામડાના બુટ આપવા બાબતમાં મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે યુનિયને યુનિયનને આંક-૧૪ થી પુરસીસ આપી જણાવેલ છે કે. સદરહુ કામના સંબધીત કામદાર ઘણા લાંબા સમયથી આવતા નથી જેથી યુનિયનની માંગણી ફરી કરવાની શરતે આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આ સંજોગોમાં હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયન ભવિષ્યમાં માંગણી ઉપસ્થિત કરી શકશે તેવા તેના હક્ક સાથે આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સહી
બી. ન. પટેલ
રજીસ્ટ્રાર,
અમદાવાદ.
તા. ૮-૪-૯૧.
અમદાવાદ.

સહી
(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ.
૪-૫-૯૧

તા. ૫-૮-૯૧ (આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ, અધિનિયમ,

અમદાવાદ.

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬/ખ/શમક ૨૭૬૮૦ આરયુ-સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-(ગુજરાત)-૭૪(૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ એડવાન્સ .મીલ્સ કું. લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧ માં મે માસના દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

વી. વી. એચ. ઠાકોર. સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૬૯/૮૮.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન. પ્રથમ પક્ષકાર.
ભદ્ર. અમદાવાદ.

અને

અમદાવાદ. એડ. મીલ્સ કું. લી. બીજા પક્ષકાર.

યુનિયનની માંગણી સ્પીનીંગ ખાતામાં કામ કરતા બાદર અલાબક્ષની જોટી દાખલ તારીખ તા. ૨૦-૯-૮૫ માંથી સુધારીને તા. ૧-૧૨-૭૯ ની કરવા અંગે

કો. ૧ કો. ૧ ટેક્ષટાઈલ.

INDEX

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીમાં સ્પીનીંગ ખાતામાં કામ કરતાં સંબંધીત કામદારશ્રી બાદર અલાબક્ષની ખોટી દાખલ તારીખ તા. ૨૦-૯-૮૫માંથી સુધારીને તા. ૧-૧૧-૭૯ની કરવા બાબતમાં મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકાર વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે યુનિયને અંક-૧૨નું પુરસીસ આપી જણાવેલ છે. કે સંબંધીત કામદાર હાલમાં મીલમાં કામ ઉપર આવતા ન હોવાથી તેમને હાજર કરી શકાય તેમ નથી અને આથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતું ન હોવાથી તે પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

૩. યુનિયન રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

બી. ન પટેલ
રજીસ્ટ્રાર.
તા. ૮-૪-૯૧
અમદાવાદ.

વી. એચ. ઠાકોર
સભ્ય,
ઔદ્યોગિક અદાલત. ગુજરાત.
અમદાવાદ.

અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૧૫૯૧

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/અ/શમક શમક ૨૭૭૦૪ આરયુ-સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને અમદાવાદ ટેક્ષટાઈલ મીલ્સ એસોસીએશન અને બીજા અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧ માં મે માસના ૨૧ મા દિને આથી નોંધ કરું છું.

In the Industrial Court, Gujarat.

(Before Shri H. D. Pandya, President

Misc. Application (IC) No. 10 of 1991

In

Misc. Application (IC) No. 1 of 1988.

In

Misc. Application (IC) No. 2 of 1987.

In

Reference (IC) No. 103 of 1961 as amended from time to time.

Between

The Textile labour Association,
Ahmedabad.
And
The Ahmedabad Textile Mills' Association, Ahmedabad, and others (Mentioned in the Annexure).

In the matter of modification of the Award dated 20th January, 1988 in Misc. Appln. (IC) No. 1 of 1988.

Industry : Cotton Textile.

Suppeementary Award

This is a jcint application under Section 116-A of the Bombay Industrial Relations Act, 1946, for modification of the

INDEX

Award made in Refernce (IC) No, 103 of 1961 as amended from time to time. requesting me to make an Award in terms of the settlement mutually arrived at between the parties as embodied in Annexure "A" The application has been signed by the competent persons and I find the terms of settlement to be fiar and reasonable. I, therefore. take the terms of settlement on record and make this Supplementary Award in terms of settlement Annexture "A" which is annexed hereto. No order as to costents.

Sd
N. N. Patel
Registrar
Date : 24th April 1991
Ahmedabad.

Sd
H. D. Pandya
PresiDent

ક્રમ ૧૭૧૬.
તા. ૨૧-૫-_૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે અધિસુચના
સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક-૬/ખ/શ્રમક/૨૭૫૮૪ આરયુ-સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ- (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન, એસો. અમદાવાદ અને સીલ્વર કોટન મીલ્સ, કાં. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧ માં એપ્રિલ માસના ૩જા દિને આથી નોંધ કરૂં છું

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
શ્રી એચ. ડી. પંડયા. પ્રમુખ.
,, એન. એ. ચૌહાણ, સભ્ય અને
,, વી. એચ. ઠાકોર, સભ્યની કુલ બેંચ રૂબરૂ.
રેફરન્સ (આઈસી) નં. ૧૪૩/૯૦.

ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર.

વિરૂધ્ધ

ધી સીલ્વર કોટન મીલ્સ કાં. અમદાવાદ — બીજા પક્ષકાર

ચુકાદો ભાગ-૧

૧. ઉપર જણાવેલ રેફરન્સ પ્રથમ પક્ષકાર મજુર મહાજન સંઘ અમદાવાદે બીજા પક્ષકાર મીલ કંપનીમાં કામ કરતા તમામ કામદારોને લીવ ટ્રાવેલીંગ એલાવન્સ દર વરસે આપવા અંગે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની ૭૩(ક) મુજબ દાખલ કરેલ છે.

૨. ઉપરોકત કામમાં ઉપર જણાવેલા પક્ષકારો વચ્ચે આંક-૭થી સમાધાન થયેલ છે અને તેમાં પક્ષકારોએ જણાવેલ છે કે, ટી. એલ. એ. અમદાવાદ અને અમદાવાદ ટેક્ષટાઈલ મીલ્સ એસોસીએશન, અમદાવાદ (આત્મા) વચ્ચે રેફરન્સ (આઈસી) નં. ૧૩૪/૯૦, નં. ૧૫૭/૯૦, નં. ૧૮૫-૯૦ અને નં. ૧૮૭-૯૦માં તા. ૧-૧-'૯૧ના રોજ જે સમાધાન થયેલ છે તે સમાધાનની શરતો તેઓને મંજુર છે અને તે મુજબ આ કામમાં ચુકાદો ભાગ-૧ આપવા માટે વિનંતી કરેલ છે. સદરહુ તા. ૧-૧-'૯૧ના રોજના સમાધાનની શરતો અમોને યોગ્ય અને વાજબી જણાય છે અને તે મુજબ ચુકાદો આપવાથી ઔદ્યોગિક શાંતિ

INDEX

જળવાઈ રહે તેમ છે, જેથી તે મુજબ ચુકાદો ભાગ-૧ આપવો જોઈએ અને બાકીની હદ પુરતો રેફરન્સ આગળ ચલાવવા રાખવો જોઈએ. આથી અમો નીચે પ્રમાણે હુકમ કરીએ છીએ.

હુકમ

૩. પક્ષકારોએ રેફરન્સ (આઇસી) નં. ૧૩૪-૯૦, નં. ૧૫૭/૯૦ ૧૮૫-૯૦ નં. ૧૮૭-૯૦માં તા. ૧-૧-૯૧ના રોજ થયેલ શરતો મુજબ આ રેફરન્સની માંગણી અંગે વર્તવાનું રહેશે. સદર સમાધાનની એક નકલ તથા તારીખ ૧-૧-૯૧ના રોજ સમાધાનની એક નકલ આ હુકમ સાથે રાખવાની રહેશે, તેમજ બાકીની હદ પુરતો સદર રેફરન્સ આગળ ચલાવવાનો રહેશે. ખર્ચ સંબંધી કોઈ હુકમ નથી.

સહી
હ. ધો. પંડ્યા
પ્રમુખ

સહી
નારણસિંહ ચૌહાણ
એન એ. ચૌહાણ
સભ્ય

સહી
વી. એચ. ઠાકોર
સભ્ય,

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર

અમદાવાદ તા. ૨૭-૨-૯૧

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

તા. ૩-૪-૯૧
અમદાવાદ

Before Hon'ble Industrial Court, Gujarat
AT AHMEDABAD.
Reference (IC) No. 143-90
Between
The Textile Labour Association, Ahmedabad.
AND

INDEX

Sarangpur Cotton Mills, Ahmedabad and six others
(Unit of G.S.T.C.Ltd; A'bad).

In the above matter, Textile Labour Association Ahmedabad (hereinafter referred to as the 'Association') and the Gujarat State Textile Corporation Ltd; Ahmedabad (hereinafter referred to as the 'Corporation') beg to submit as under :-

1. The following mills are under the Management of the Gujarat State Textile Corporation Ltd; Ahmedabad :-

1. Sarangpur Cotton Mills, Ahmedabad.
2. Silver Cotton Mills, Ahmedabad.
3. New Swadeshi Mills, Ahmedabad.
4. Manjushree Textile Mills, Ahmedabad.
5. Monogram Mills, Ahmedabad.
6. Ahmedabad Cotton Mill No. 2, Ahmedabad.
7. Sahyog Textile Mills Ahmedabad.

The Textile Labour Association and the Corporation agree to abide by the said terms of settlement as are agreed by and between the Textile Labour Association, Ahmedabad, and the Ahmedabad Textile-Mills Association, Ahmedabad, in Ref. (IC) Nos. 134/90, 157/90, 185/90 and 187/90 submitted by them as 1st Janudry, 1991. The parties, therefore, request the Hon'ble Court to make an Award in respect of the aforesaid mills as will be made in respect of the above mills of G. S. T. C. Ltd; Ahmedabad.

Dated 19-4-1991.

Advocate,

Gujarat State Textile Corpn. Ltd;
Ahmedabad.

Sd-

M. J. Joshi
For Textile labour Asson: A 'bad.

INDEX

Before Hon'ble Industrial Court (Gujarat) At Ahmedabad.
Misc. Appln. (IC) No. 2-86

Between

Textile Labour Association, Ahmedabad.

And

Ahmedabad Textile Mills Association and otoers.

In the matter of application under Section 116 A of the Bombay Industrial Relations Act, 1946, for modification of the Award dated 21-4-1948 in Ref. (IC) No. 18-47 as modified from time to time including the awards in misc. appln. No. (IC) 2-74 Misc. Appln. (IC) No. 10-79 and 13-79.

And

Ref. (IC) No. 134-90

Between

Textile Labour Associatation, Ahmedabad

And

Ahmedabad Tetixle Mills' Association, Ahmedabad

In the matter of demand by Textile Labour Association for the grant of Leave Travel Allowance to the emyloyees working in the mills.

And

Reference (IC) No. 157 of 1990 :

Between

Textile Labour Assoeiation, Ahmedabad

And

Ahmedabad Textile Mills Association and others :

In the matter of demand by Textile Labour Association for giving benefits of Conveyance Allowance to the employees, clerical staff etc.

And

Reference (IC) No. 185 of 1990 :

Between

Textiie labour Association, Ahmedabad.

INDEX

And

Ahmedabad Textile Mills association and others

In the matter of demand by Textile labour association for grant of Conveyance allowance to the Technical, Supervisory and Officers Staff :

and

Reference (IC) No. 187 of 1990

Between

Textile labour association, ahmedabad

and

ahmedabad Textile Mills association and others

In the matter of demand by Textile labour association for grant of convayance allowance to the technical, supervisory and officers staff.

And

Reference (IC) No. 187 of 1990

Between

Textile Labour Association, Ahmedabad

And

Ahmedabad Textile Mills' Association and others

In the matter of demand by Textile Labour Association for grant of leave travel allowance to the technical, supervisory and officers staff.

The parties beg to point out that this Hon'ble Court has been pleased to give Part-I award in Miscellaneous application (IC) No. 2 of 1986 dated 30-9- 986, giving adhoc rise of Rs. 70 per month to the employees effective from 1-4-1986. There-after an agreement has been arrived at between the Millowners association, Bombay, representiag its member mills and the Rashtriya mill mazdoor Sangh, Bombay dated 23-2-1990 and as modified by agreement dated 12-3-1990 giving the benefits of annual increments, conveyance allowance, leave travel allowance, etc. Based on the aforesaid agreements for the Textile mills Bombay the Textile Lbour, association, ahmedabad has moved this Hon'ble Court for granting of similar benefits to the

employees, clerical staff, supervisory, technical and of secu staff employed in the Textile Industry at ahmedabad. after protracted negotiations between the parties, the parties have arrived at an amicable agreement in terms mentioned hereunder and pray the Hon'ble Court to give Part-II award in terms mentioned hereunder :

TERMS OF SETLEMENT

(1) Rs. 70/- given by the Hon'ble Court vide Part-I award dated 30-9-1986 shall be treated as interim relief which shall cease to be paid after 1-12-1990.

(2) Effective from 1-12-1990 all the employees governed by the Bombay Industrial Relations Act, 1946, who are on the Muster Roll of the member Mills as on 1-1-1991 will be paid additional emoluments as under :—

A. Effective from 1-12-1990

(payable in January 1991)

total additional emolnments aggregating to Rs. 105- p.m, of 26 working days : made up of -

(i) Lumpsum addition to the basic wages-salary without D. A.	: Rs. 70/-
(ii) Annual increment without D. A.	: Rs. 10/-
(iii) Conveyance Allowance	: Rs. 25/-
	Rs. 105/-

B. Effective from 1-4-1991

total additional emoluments aggregating to Rs. 115-p.m. of 26 working days, made up of -

INDEX

(i) Lumpsum addition to the basic wages-salary withont D. A.	: Rs. 70
(ii) Annual increment without D. A. inclusive of annual increment given effective from 1-12-1990	: Rs. 20-
(iii) Conveyance Allowance	: Rs. 25-
	Rs. 115-

C. Effective from 1-4-1992

total additional emoluments aggregating to Rs. 125-p.m. of 26 working days, made up of-

(i) Lumpsum addition to the basic wages-salary without D. A.	: Rs. 70-
(ii) Annual increment without D. A, inclusive of annual increment given effective from 1-12-1990 and 1-4-1991	: Rs. 20-
(iii) Conveyance Allowance	: Rs. 25-
	Rs. 125—

D. Effective from 1-4-1993 total additional emoluments aggregating to Rs. 135-p.m. of 26 working days, made up of

(i) Lumpsum addition to the basic wages salary without D.A.	Rs. 70

INDEX

(ii) Annual increment without D.A. inclusive of annual increment given effective from 1-12-1990 1-4-1991 and 1-4-1992	Rs. 40
(iii) Conveyance Allowance :	Rs. 25
	Rs. 135

E. Effective from 1-4-1994 total additional emoluments aggregating to Rs. 145-p.m. of 26 working days, made up of

(i) Lumpsum addition to the basic wages-salary without D. A.	Rs. 70
(ii) Annual increment without D. A. inclusive of annual increment given effective from 1-12-1990, 1-4-1991, 1-4-1992 and 1-4-1993	Rs. 50
(iii) Conveyance Allowance :	Rs. 25
	Rs. 145

2 In the case of monthly-rated employees namely: Clerks Nurses, watch and ward Staff and Technical and Supervisory Staff covered under the B.I.R. Act, the lumpsum addition of Rs. 70- per month to the basic wages-salary without dearness allowance and annual increment of Rs. 10- without dearness allowance and conveyance allowance referred to in sub-clause A to F of Clause 2 shall relate to the number of days in a calendar mont

3. The annual increment referred to Clause 2-A, B, C, D, E will be paid to every parmanent operative and also to every badli operative who has worked for not less than 240 days in the immediately preceding calendar year.

not less than 240 days in the immediately preceding calender year.

In computing the 240 days the number of days on which.

(a) he-she has been laid off under the standing orders :

(b) he-she has been on leave with full wages earned in the previous years.

(c) he-she has been absent due to temporary disablement caused by accident arising out of and in the course of his-her employment;

and

(d) in the case of female employee, she has been on maternity leave so, however, that the total period of such maternity leave does not exceed twelve weeks.

Shall be taken into account.

4. (a) The conveyance allowance referred to in Clause 2 will be paid only for the days of actual work during the month (which shall include the days on which the employees was on leave with wages or on paid casual leave as well as all the paid festival holidays) both to the permanent employees as well as badlis. In other words, this allowance will not be paid for the days of absence without wages/salary or leave without wages/salary and also when the employee 15 absenc due to sickness.

(b) No Provedent Fund Conor-purcion, ESIC Contriducl Gratuity, Bonus arness allowance, Overtime or any other benefits will be payable on conveyance allowance.

(c) This allowance shall be subject to such taxes as may be specified under the law.

5. The Atma on behalf of the Member Mills has rgreed to give leave Travel allowance effective from 1-1-1991 to every permanent employee and also to every badli employee who has worked for not less than 240 days in the immediately preceding calendar year to be computed in the manner explained in Clause 3 above. However, the quantum to be given as leave Travel allowance and the conditions/modalities for this purpose will be negotiated by the

parties and the parties will submit the agreement in this respect later on.

6. The parties have agreed to keep pending the retrospective effect, if any, to be given to the employees pertaining to annual increments conveyance allowance and Leave Travel allowance.

7. In case of mills which are declared as sick units under Sick Industrial Companies (Special Provision) act, 1985, the operation of this agreement is subject to the sanction of the Board for Industrial and Financial Reconstruction.

8. It is agreed that during the period of operation of ths agreement i. e. till 31st March, 1995, the Textile Labour associations will not raise any new demand on an industrywise basis, except that of annual bonus, involving financial burden on Member Mills of ATMA.

9. If a dispute or difference of opinion arises in regard to implementation and Or inter pretation of this agreement, it will be settle by negotia tions between atma and the Textile Labour association failing which, the matter will be referred, under Section 66 of the Bombay Industrial Relations act, 1946, to a Committee of two persons one each to be nominated by atma and the Textile Labour association. The decision of the said Committee will be binding on both the parties. In case of any difference of opinion between the two persons on the Committee, tha matter will be referred to an Umpire to be suggested by the two persons on the Committee.

10. In view of the provision in the abovementioned clause (9) neither the ATMA nor its member mills, nor Textile Labour association nor any employee in any member mill will approach any authority or forum under any Labour legis-

INDEX

lation for seeking implementation and-or interpretation of this agreement or for recovery of any money or benefit payable under this agreement.

ahmedabad Date : 1-1-1991

Sd-
For, ahmedabad Textile mills association.

Sd-
For, Textile labour association, ahmedabad.

સહી

બી. ન. પટેલ
રજીસ્ટ્રાર

તા. ૨૭-૨-૯૧.
અમદાવાદ

સહી
હ. ધી. પંડ્યા
પ્રમુખ
(બી. એચ. ઠાકોર
સભ્ય,
એન. એ. ચૌહાણ
[illegible]
ઔદ્યોગિક અદાલત,
અમદાવાદ

તા. ૩-૪-૯૧
અમદાવાદ.

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/બ/શમક/૨૭૬૯૮ આરયુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું અમદાવાદ અર્બન કો. ઓ. બેંક લી. અમદાવાદને વિનોદચંદ્ર એમ. મોદી અને બીજા શ્રી અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧ માં મે માસના દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ

જી. આર. એસ. શુકલ, સમક્ષ

રીવીજન અરજી (આઈ. સી.) નં. ૧૩/૯૧.

અમદાવાદ અર્બન કો. ઓપ. બેંક લી.

વિશાલ ચેમ્બર્સ આશ્રમરોડ.

અમદાવાદ.

વિરૂદ્ધ

વિનોદચંદ્ર એમ. મોદી અને બીજા છ,

૫/એ, તેજસ એપાર્ટમેન્ટ,

બચાણી પેલેસ સામે, આલવાટીક.

અમદાવાદ. સામાવાળા.

બી. આઈ. આર. એક્ટની કલમ-૮૫ અન્વયે રીવીઝન અપીલ...

અરજદાર તરફે શ્રી. એસ. એ. જોષી.

સામાવાળા તરફે શ્રી. વી. પ્રેમચંદ.

ચુકાદો

૧. આ પુન : વિચારણા અરજી મુંબઈ ઔદ્યોગિક સંબંધ ધારો સને ૧૯૪૬ ની કલમ-૮૫ની જોગવાઈ મુજબથી અમદાવાદ અર્બન કો. ઓ. બેંક લી., કે જેને હવે પછી "અરજદાર તરીકે ઓળખવામાં આવશે તેઓએ સામાવાળા નં. ૧ થી ૭ તેઓ અરજદાર બેંકમાં મેનેજર તથા ઓફીસરો તરીકે ફરજો બજાવે છે

INDEX

તેઓની વિરુદ્ધ અમદાવાદની મજૂર અદાલતના વિદ્વાન ન્યાયધિશ શ્રી. એસ. પી. ચાવડાએ તારીખ-૨૬-૨-૯૧ ના રોજ અરજી નં. ૫૨/૯૧ માં રજુ કરેલ વચગાળાની અરજી આંક-૨ કે જે આ અધિનિયમની કલમ-૧૧૯ (ડી) નીચે કરવામાં આવેલ તે ઉપર કરેલ હુકમથી નારાજ થઇ અત્રેની કોર્ટમાં કરેલ છે.

૨. આ કામદારોના કેસની હકીકત એવી છે કે, સામાવાળા કે જેઓ અરજદાર બેંકમાં મેનેજર તથા સુપરવાઈઝરની કક્ષાએ કામ કરે છે તેઓ તરફથી અરજી નં. ૫૨/૯૧ મજૂર અદાલત સમક્ષ કરવામાં આવી હતી અને તેમાં રજૂઆત કરવામાં આવેલ કે, અરજદાર બેંકે જાન્યુઆરી-૯૧ ના માસમાં રેફરન્સ (આઇ. સી.) નં. ૫૨/૮૩ માં જણાવ્યા મુજબ પગારની ગણત્રી કરી પગાર ચુકવવામાં આવેલ તે એવોર્ડમાં સીધુ સમાધાન કર્યું જે પગારને નક્કી કરી તે મુજબના પગાર અરજદાર બેંકે ચુકવેલા નથી અને આમ કરી અરજદાર બેંકે ગેરકાયદેસર ફેરફાર કરેલ છે તે સામે વચગાળાનો મનાઈ હુકમ સામાવાળા સંબંધીત કર્મચારીઓ તરફથી ઉપરોક્ત અરજી કરી માંગવામાં આવેલ. મજુર અદાલતના વિદ્વાન ન્યાયમુર્તીશ્રી સમક્ષ તા. ૨૪-૧-૯૧ના રોજ આ અધિનિયમની કલમ-૧૧૯ (ડી નીચે વચગાળાનો મનાઇ હુકમની માંગણી કરવામાં આવેલ. મજુર અદાલતના વિદ્વાન ન્યાયધીશશ્રીએ પ્રથમ શોકોઝ નોટીસ અરજદાર બેંક ઉપર આવેલી. ત્યારબાદ બંને પક્ષકારોને સાંભળી વિદ્વાન ન્યાયાધીશશ્રીએ આ મનાઈ હુકમની અરજી નીચે ગેરકાયદેસર ફેરફાર અંગેની દદ માન્ય રાખી સદર ગેરકાયદેસર ફેરફાર મુળ અરજીનો નિકાલ ન આવે ત્યાં સુધી તેનો અમલ મોકુફ રાખવા માટે મનાઈ હુકમ આપવામાં આવેલ આંક-૨નો મનાઈ હુકમની અરજીમાં વધુમાં કર્મચારીઓ તરફથી રજૂઆત કરવામાં આવેલ કે, અરજદાર બેંક સામે મુળ ગેરકાયદેસર ફેરફાર કર્યા અંગેની અરજી કરવામાં આવેલી. જેમાં અરજદાર બેંક નવેમ્બર-૯૦ના મહિનાથી ઔદ્યોગિક અદાલતના એવોર્ડ મુજબનો પગાર ચુકવતી ન હોઇ પ્રાથમિક દ્રષ્ટિએ અરજદાર બેંકે અરજદાર કરેલ છે. અરજદાર બેંકે ગેરકાયદેસર ફેરફાર કરી કર્મચારીઓના પગારો કાપી લીધેલા છે અને આમ કરી અરજદાર બેંકમાં કામ કરતા કર્મચારીઓને પારાવાર નુકશાન તેમજ આર્થિક મુશ્કેલી ઉભી કરેલ છે સંબંધિત કર્મચારીઓની રજુઆત પ્રમાણે અરજદાર બેંક દર મહિને અરજદારોના પગારમાંથી એ રીતે પગાર કાપી ગેરકાયદેસર ફેરફાર કરતી જાય છે. જાન્યુ ૯૧ના માસનો પગાર પણ કાપી લેવાનું અરજદાર બેંકે શરૂ કરેલ છે અને જો આમ કરવામાં આવે તો સંબંધિત કર્મચારીઓને ઘણી જ આર્થિક તકલીફ વેઠવી પડે તેમ છે. જ્યારે અરજદાર બેંકને કોઇ વહીવટ

નુકશાન થાય તેમ નથી. સંબંધિત કર્મચારીઓએ તેમની ઉપરોક્ત મનાઈ હુકમની અરજીમાં અંતમાં રજુઆત કરતાં વચગાળાના મનાઈ હુકમની માંગણી કરી જણાવેલ કે, અરજદાર બેંક જાન્યુઆરી ૯૨ના માસમાં ઔદ્યોગિક અદાલતના એવોર્ડ રેફરન્સ (આઇ સી.) નં. ૫૪/૮૭ મુજબ પગારની ગણતરી કરી પગાર ચુકવે તે મતલબનો આદેશ મજુર અદાલતે આપવો. તથા અરજદાર બેંકે કર્મચારીઓ સાથે ડાયરેક્ટ સમાધાન કરી જે પગારધોરણો નક્કી કર્યા છે કે પગારધોરણો મુજબ પગાર ચુકવે નહીં તે મતલબનો વચગાળાનો મનાઈ હુકમ બેન્ક વિરૂદ્ધ આપવો.

૩. અરજદાર બેંકે તેનો જવાબ આંક-૯ થી રજૂ કરેલ. બેંક તેના જવાબ આંક-૯માં જણાવે છે કે, સબંધીત કર્મચારીઓ કે જેઓએ બી. આઈ. આર. અરજી નં. ૫૨/૯૨ મજુર અદાલત સમક્ષ રજૂ કરી વચગાળાની મનાઈહુકમ મેળવેલ છે. તેઓ બી. આઈ. આર. એક્ટના કલમ-૨ (૧૩) માં જણાવ્યા પ્રમાણે 'કર્મચારી'ની વ્યાખ્યામાં પડતાં નથી. સંબંધીત કર્મચારીઓ અરજદાર નં. ૧ વિનોદચંદ્ર એમ. મોદ, બ્રાન્ચ મેનેજર માસીક રૂા. ૩૯૭૩-ના પગારથી કામ કરે છે. તેવી જ રીતે અરજદાર નં. ૨ નૈષધભાઈ એસ. શાહ બ્રાન્ચ મેનેજર તરીકે માસિક રૂા. ૩૭૬૦-૦૦ ના પગારથી કામ કરે છે. અરજદાર નં. ૩ થી ૭ ના અસલ અરજદારો બેંકમાં ઓફીસર તરીકે માસિક રૂા. ૨૬૨૫/- નો પગાર મેળવતાં હોઈ અને તેઓની મુખ્ય ફરજો મેનેજરીયલ, એડમીનીસ્ટ્રેટીવ તથા સુપરવાઈઝરના કક્ષાની હોઈ તેઓનો સમાવેશ બી. આઈ. આર. એક્ટની કલમ-૨ (૧૩) મુજબ 'કર્મચારી' ની વ્યાખ્યામાં થતો નથી. ઉપરોક્ત સંજોગોમાં બી. આઇ. આર. એક્ટની જોગવાઈ મુંજબ આ અરજી કરવા માટે તેઓનો કોઈ હક્ક ન હોય ઉપરોક્ત કાયદાકીય મુદ્દો પ્રાથમિક મુદ્દા તરીકે ગણવામાં આવે તો તેવા સંજોગોમાં તેઓની અરજી આંક-૧ રદ થવાને પાત્ર છે.

૪. અરજદાર બેંક એટલે કે મૂળ કામના સામાવાળા બેંક તેના જવાબમાં વધુમાં જણાવે છે કે, અરજી આંક-૧ કાયદેસર રીતે સાંભળવાની કે વચગાળાની અરજી સાંભળવાની નામદાર કોર્ટને કોઇ સત્તા નથી અને તેથી વચગાળાનો મનાઇહુકમ જયુરીડીકશન વગરનો છે. વચગાળાની મનાઈ હુકમ વેળાનો આપેલ હોઈ રદ થવા પાત્ર છે. અરજદાર બી. આઇ. આર. એક્ટની કલમ-૪૨(૪) મુજબ કોઇ તેમાંય નોટીસ કે વિનંતીપત્ર સંબંધીત કર્મચારીઓએ આપેલાં ન હોઇ તેઓની અરજી કાયદેસર રીતે ચાલી શકે નહીં. સંબંધીત કર્મચારીઓ બેંક ઓફીસર કે મેનેજર તરીકે કામ કરતાં હોય તેઓને બેંકે શોકોઝ નોટીસ આપેલી

છે અને ખાતાકીય તપાસ પણ તેઓની સામે ચાલુ હોઈ ફરજ મોકુફીનો હુકમ બેંકે આપેલ છે. ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક સ્ટાફ યુનિયન પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન અમદાવાદ અર્બન બેંક સ્ટાફ અને શ્રી યુનિયન છે. ઉપરોક્ત સંજોગોમાં અરજદાર બેંકમાં માન્યતા તથા પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન અમદાવાદ અર્બન કો. ઓ. બેંક સ્ટાફ યુનિયન હતું. અને છે. બેંકના સ્ટેટમેન્ટમાં પણ તારીખ ૨૯-૧૦-૯૦ના રોજ આ પ્રતિનિધિત્વ ધરાવતા તથા માન્યતા ધરાવતાં યુનિયનને નોટીસ આપી તે અગાઉના એવોર્ડ રદ કરેલા છે. અરજદાર અને નં. ૧ મોઢ કે જેથી તે સમયે આ બેંકની ચામુંડા બ્રાન્ચમાં મેનેજર તરીકે કામ કરતા હતા તેઓને તા. ૨૬-૧૧-૯૦ ના રોજ કાગળ લખીને નવાં સમાધાન માટેની દરખાસ્ત મોકલવામાં આવી હતી. અને તેના અનુસંધાનમાં બેંક તરફથી તમામ સ્ટાફના સભ્યોની એક જનરલ મીટીંગ તા. ૨૮-૧૧-૯૦ ના રોજ બોલાવવામાં આવેલ હતી. આ મીટીંગમાં નક્કી થયા મુજબ પગાર અને નોકરીની શરતો અંગે કરાર કરવાનું નક્કી કરવામાં આવેલ અને તે મુજબ અમદાવાદ અર્બન કો. ઓ. બેંક સ્ટાફ યુનિયનને તથા અરજદાર બેંક વચ્ચે તારીખ ૨૯-૧૨-૯૦ ના રોજ કરાર કરવામાં આવેલ. જેમાં બંને પક્ષકારોએ સહીઓ કરેલ છે. સદર કરારમાં આ બેંકમાં કામ કરતાં કર્મચારીઓની નોકરીની શરતો તથા પગારધોરણો અંગે સમાધાન કરવામાં આવેલું અને અરજીની તારીખથી આ સમાધાન અસ્તિત્વમાં હોવાથી જૂનો એવોર્ડ આપોઆપ રદ થાય છે. બેંકના માન્ય યુનિયનની સાથે જુના એવોર્ડના અમલની સમયમર્યાદા પુરી થયેથી તેની જાણ પત્ર દ્વારા કરી ત્યારબાદ નવો કરાર અરજદાર બેંકે કરેલો છે. બેંકે નવો કરાર કરેલ હોઈ તે મુજબના પગારધોરણો નક્કી કરેલા છે. તેથી અરજદાર બેંકે ગેરકાયદેસર ફેરફાર કરેલ નથી. અગાઉનો એવોર્ડ સમયમર્યાદા પૂરી થઈ જવાથી આપોઆપ રદ થવા પાત્ર હોઈ રદ કરવામાં આવેલ અને ત્યારબાદ માન્ય પ્રતિનિધિત્વ ધરાવતાં યુનિયન સાથે થયેલ કરાર કાયદેસરનો હોઈ અરજદાર બેંકે બી. આઈ. આર. એક્ટની કલમ-૪૬ નો કોઈ ભંગ કરેલ નથી. માન્ય યુનિયન સાથે નવો કરાર કરેલ હોઈ બી. આઈ. આર. એક્ટના શેડ્યુલ-૨ માં પડતો ન હોઈ આવો કોઈ ગેરકાયદેસર ફેરફાર બેંકે કરેલ નથી. ઉપરોક્ત સંજોગોમાં અરજદાર કર્મચારીઓના જણાવ્યા પ્રમાણે કલમ-૪૨ (૪) અન્વયે નોટીસ ઓફ ચેન્જ આપવી જરૂરી નથી. અરજદાર બેંકે એવોર્ડ અમલમાં હોય તે સમય દરમ્યાન કોઈ ફેરફાર કરેલ નથી. બી. આઈ. આર. એક્ટની કલમ-૪૬નાં કોઈ જોગવાઈઓનો ભંગ બેંકે કરેલ નથી.

INDEX

૫. અરજદાર એ કે વધુમાં તેનો લેખીત જવાબ આંક-૯ના પેરા-૧૦માં જણાવેલ કે કોઈપણ સમાધાન અમલમાં હોય તેમાં આ એ ક કલમ-૪૬ મુજબ કોઈ ગેરકાયદેસર ફેરફાર કરેલ નથી. પરંતુ, અર્બન કો. ઓપ. બેંક સ્ટાફ યુનિયન પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન હોઈ તેઓની સાથે વાટાઘાટો કરી નવું સમાધાન કરેલ છે અને તે મુજબ કરાર કરેલ હોઈ કોઈપણ પ્રકારનો ગેરકાયદેસર ફેરફાર કરેલ નથી, સંબંધીત કર્મચારીઓનાં મનાઈહુકમની અરજી વેળાની તથા કોઈપણ જાતના હેતુ વગરની હોઈ રદ થવાપાત્ર છે. વચગાળાની અરજીમાં જે દાદ માંગી છે તે તથા આંક-૩ની અરજીનો ગુણદોષ ઉપર નિકાલ ન થાય ત્યાં સુધી સંબંધીત કર્મચારીઓએ માંગેલ વચગાળાનો મનાઈહુકમ કાયદેસર નથી. ઉપરોક્ત સંજોગોમાં વચગાળાની દાદ અથવા મનાઈહુકમ મંજૂર કરવામા આવે તો તે સંજોગોમાં બી. આઈ. આર. એક્ટ અન્વયે આંક-૧ની અરજીનો ગુણદોષ વગર નિકાલ થઈ જાય અને અંતમાં સંબંધીત કર્મચારીઓએ પુરવાર કરવુ જરૂરી હતું કે, તેઓનો કેસ પ્રાથમિકદર્શી કોઈ મનાઈહુકમ મેળવવાપાત્ર તેઓ થતા હતા, સી. પી. સી. કોડની કલમ-૨૯ મુજબની જોગવાઈ મનાઈહુકમ મેળવવા માટેની અરજીઓને લાગુ પડે છે અને તેમાં ઓર્ડર-૩૯ રૂલ-૧ મુજબ સંબંધિત પક્ષકારે પોતાનો કેસ પ્રથમદર્શી છે અને વધુમાં પૈસાની ભરપાઈ ન થઈ શકે તેવું કોઈ નુકશાન થવાનો સંભવ છે તે રીતના વિધાનો કોર્ટ સમક્ષ રજુ કરવા પડે. ઉપરોક્ત સંજોગોમાં સબંધીત કર્મચારીની વચગાળાની મનાઈહુકમની અરજી મજુર અદાલતે રદ કરવી જોઈતી હતી પરંતુ તેને બદલે વચગાળાનો મનાઈહુકમ કાયમ કરવા માટે જે હુકમ કરેલ છે તે હુકમ ગેરકાયદેસરનો હોઈ અંતેની અદાલતે રદ કરવો જોઈએ.

૬. અરજદાર તરફથી તેમના એડવોકેટ શ્રી. એસ. જોષી હાજર રહ્યા હતા અને કર્મચારીઓ તરફથી તેમના એડવોકેટ શ્રી. વી. પ્રેમચંદ હાજર રહ્યા હતા.

૭. સદરહુ રીવીજન અરજીનો ન્યાય નિર્ણય કરવા માટેના નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) મજૂર અદાલતના વિદ્વાન ન્યાયમૂર્તિ શ્રીએ આંક-૨ની મનાઈહુકમની અરજી નીચે જે હુકમ કરેલ છે તે હુકમ કાયદેસર, ન્યાયી અને વ્યાજબી ગણી શકાય ?

૨. ઉપરોક્ત મુદ્દાનો જવાબ 'ના' માં હોય તો સદર મનાઈ હુકમ કરેલાનો ગણી શકાય ?

૭. આનો શો હુકમ કરવો ?

૮. ઉપરોક્ત મુદ્દાઓના જવાબ નીચે જણાવેલા કારણોસર નીચે મુજબ છે.

INDEX

૧. ના.

૨. હા.

૩. અંતમાં કરેલ હુકમ મુજબ.

કારણો

૯. સૌપ્રથમ પક્ષકારોના ઉપરોકત જણાવેલ વિધાનોની ચર્ચા ગુણદોષ ઉપર કરતાં પહેલાં મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશોએ આંક-૨ નીચે જે હુકમ કરેલ છે તે અક્ષરસ રજુ કરવો જોઈએ અને તેની ચર્ચા કરવી જોઈએ મજુર અદાલતના વિદ્વાન ન્યાયાલયે આંક-૨ની અરજી નીચે જે હુકમ કરેલ છે તે નીચે મુજબ છે.

"આથી હુકમ કરવામાં આવે છે ૧. સદર હુકમની સામાવાળાને જાન્યુ જાણ થયેલી છે તે સામાવાળાએ જાન્યુ. ૯૧ના માસથી અરજદારોને ઔદ્યોગિક અદાલતનો એવોર્ડ રેફરન્સ (આઈ. સી.) નં. ૫૮/૮૭ મુજબ પગારની ગણતરી કરી પગાર ચુકવવા તથા બેંકના અમુક કર્મચારીઓ સાથે દ્વિપક્ષીય સમાધાન કરી જે પગાર નક્કી કરેલ છે તે મુજબ અરજદારોને પગાર ચુકવે કે ચુકવાવે નહી તેવો જાતનો સદર મૂળ અરજીનો નિકાલ ન આવે ત્યાં સુધી મનાઈહુકમ આપવામાં આવે છે. સદર અરજીની વધુ સુનાવણી તા. ૫-૪-'૯૧ના રોજ રાખવામાં આવે છે.

મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ ઉપરોકત મનાઈહુકમ જે કરેલ છે તેની પરિભાષા જોતાં હું એમ સ્પષ્ટ જણાવીશ કે ઉપરોકત હુકમમાં અરજદારોને આંક-૧ની અરજીમાં તેઓએ ગેરકાયદેસર ફેરફાર કર્યા અંગેની જે દાદ માગે છે તે દાદનો અમલનો સંપૂર્ણપણે સમાવેશ થાય છે. મજુર અદાલતના વિદ્વાન ન્યાયધીશશ્રીએ આંક-૨ નીચે જે હુકમ કરેલો છે તે હુકમના પાન નં. ૮ ઉપર નીચે મુજબ જણાવેલ છે.

"પરંતુ, જો એવોર્ડ તા. ૩૧-'૮૯ના રોજ એક્ષ્પાયર્ડ થઈ ગયેલ હોય તો તેનો અમલ તા. ૨૭-૧૧'૯૦ સોંપાયેલ સુધી સામાવાળાએ કરેલ છે તે એક્ષ્પાયર્ડ થયેલ ગણાય નહી અને તે અંગે ફેરફારની નોટીસ આપીને એવોર્ડ રદ કરાવવો જોઈએ, જે આપવામાં આવેલ નથી તેથી સામાવાળાએ જે કાયદેસર ફેરફાર કરેલ છે તે હકીકત છે તેથી અરજદારોની પ્રાથમિક કેસ કરેલ છે"

ઉપરોકત અવલોકનો મજુર અદાલતના વિદ્વાન ન્યાયધીશના હુકમના પાન નં. ૮ ઉપર કરવામાં આવેલ છે તે મારી દષ્ટિએ વ્યાજબી અને ન્યાયી નથી.

INDEX

કારણ કે, ઉપરોક્ત ગેરકાયદેસર ફેરફાર કર્યા અંગેનું જે તારણ મજુર અદાલતના વિદ્વાન ન્યાયમુર્તી શ્રીએ કરેલ છે તે તારણ આંક-૧ની અરજીના પક્ષકારોના પુરાવાઓમાંથી ગુણદોષ ઉપર નક્કી કરવામાં આવેલ નથી તેમ સ્પષ્ટ સાબિત થાય છે. વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે તે અરજદાર કર્મચારીઓએ જે દાદ માંગી છે તેને અસંમત તથા તેને ધ્યાનમાં રાખીને મુખ્ય દાદને વાંધો ન આવે તે મજુર અદાલતે કરવી જરૂરી હતી. બી. આઈ. આર. એક્ટની કલમ-૧૧૯(ડી) ઉપર નજર કરતા નીચે મુજબ છે.

કલમ ૧૧૯ (ડી)

"આ અધિનિયમ મુજબ પોતાની સમક્ષની કાર્યવાહીમાં ઔદ્યોગિક કોર્ટ, લેબર કોર્ટ, અથવા વેતન બોર્ડ પોતાને ન્યાયી અને યોગ્ય લાગે તેવા વચગાળાના હુકમો કરી શકશે.

મજુર અદાલતને આ કલમ અન્વયે વચગાળની હુકમ કરવાની જે સત્તા આપવામાં આવેલ છે સત્તા મજૂર અદાલતે ન્યાયી તથા વિવેક બુધ્ધિના ધોરણે તેમજ પક્ષકારોએ જે મુખ્ય દાદ માંગેલી હોય તે મુખ્ય દાદને સુરંગત પક્ષકારોના કાયદેસરના તમામ હકોને ગુણદોશી ઉપર કોઈપણ જાતની થાય ન આવે તે દષ્ટિ ધ્યાનમાં રાખી આવી સત્તાની ઉપયોગ મજુર અદાલતે કરવો જોઈતો હતો. આંક-ની અરજી જોતાં તેના પાન નં. ૩ ઉપર દાદ માંગતા જણાવવામાં આવેલ છે કે, અરજદાર બેંક રેફરન્સ (આઈ. સી.) નં. ૫૪/૮૯ના કામમાં આપેલ એવોર્ડમાં કાયદેસરની વિધિ કર્યા વગર કર્મચારીઓ સાથે નવું સમાધાન કરી તે મુજબ કર્મચારીઓને નવો પગાર આપવાનું શરૂ કર્યું તે તારીખથી આ કામના સામાવાલાએ ગેરકાયદેસર ફેરફાર કરેલ છે અને તે કરારનો સામાવાળા અમલ કરે કરાવડાવે નહી તે જાતની કાયમી મનાઈહુકમ આપવા માંગણી કરવામાં આવેલ છે સબંધિત કર્મચારીઓની મુખ્ય અરજીમાં જે અંતે દાદ માંગવામાં આવેલ છે તે કહેવાતા ગેરકાયદેસ ફેરફાર અંગેની છે. મુખ્ય અરજીનો નિકાલ ગુણદોષ ઉપર કરવાનું મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ તેમના હુકમમાં નિર્દેશ કરેલા છે. પરંતુ મુખ્ય અરજીની સુનાવણી બાજુ પર રાખી ગુણદોષ ઉપર આ અરજીની નિકાલ કર્યા સિવાય સમયગાળા મનાઈહુકમની અરજીમાં જે હુકમ કરેલ છે તે હુકમ કરેલાનો તેમજ પક્ષકારોને પોતાનો કેસ રજુ કરવાની તક આપ્યા સિવાય કોઈપણ જાતના પુરાવા લીધા સિવાય અને તેના ગુણદોષ ગુણદોષ ઉપર ઉતરવાનું બાજુ પર રાખીને આવી જે હુકમ કરેલ છે તે મારી દષ્ટિએ ન્યાયી અને વ્યાજબી ગણી શકાય નહીં. મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ આંક-૧ની અરજીનો નિકાલ કરતા પહેલા અરજદાર બેં

INDEX

તરફથી જે કાયદાકીય મુદાઓ અંગે જે વિધાનો કરેલા છે તે વિધાનો પ્રાથમિક મુદ્દા તરીકે સ્વીકારી તે મુજબ સર્વ પ્રથમ આ મુદાનો નિકાલ કરવો જરૂરી હતો. અરજદાર બેંક તરફથી તેમના વિદ્વાન એડવોકેટ શ્રી એમ. એ. જોષીને તેમની દલીલોમાં સ્પષ્ટ રજુઆત કરતા જણાવેલ કે, સંબધીત કર્મચારીઓની બી. આઇ. આર. એક્ટ અન્વયેની અરજી કાયદેસર રીતે ચાલી શકે તેમ નથી. કારણ કે, સંબંધીત કર્મચારીઓ નં. ૬ થી ૭ બેંકના મેનેજર તથા ઓફીસર કક્ષાના હોઇ બી. આઈ. આર. એક્ટની કલમ-૨ (૧૩) મુજબ તેમની મુખ્ય ફરજો મેનેજરીયલ તથા સુપરવાઇઝરી પ્રકારમાં પડતી હોઈ તેઓ 'કોમન કર્મચારી'ની વ્યાખ્યામાં ગણી શકાય નહીં. શ્રી જોષીની આ દલીલો કેટલે અંગે સુસંગત અને વ્યાજબી ગણી શકાય તે માટે બી. આઈ. આર. એક્ટની કલમ-૨ (૧૩) તરફ નજર કરવી જરૂરી છે.

કલમ-૨ (૧૩)

'કામદાર' એટલે કોઈ ઉદ્યોગમાં મજુરી અથવા બદલી આપવાનું કરાર ને કોઈ કારીગીરીનું અથવા અધિકારીગીરીનું. દેખરેખનું ટેકનીકલ અથવા અથવા કારકુની કામ કરવાને નોકરીએ રાખેલી (એપ્રેન્ટ સ સહિત) કોઈ વ્યક્તિ. પછી શરતો સ્પષ્ટ અથવા ગર્ભિત હોય તો પણ હરકત નથી અને તેમની નીચેના તો સમાવેશ થાય છે

(૨) જેને પ્રધાનતઃ મેનેજરના, વહીવટદારના કે સુપરવાઈઝરના નાતાથી નોકરીએ રાખેલ હોય અને દર મહિને પાંચસો રૂપિયાથી વધુ મુળ પગાર (ભથ્થાં સિવાય) મેળવતી હોય તેવી વ્યક્તિ, અને...

ઉપરોક્ત કલમનું પ્રથમ એ વાંચન કરતાં એમ સ્પષ્ટ ફલિત થાય છે કે, જે કોઈ કર્મચારી કે કામદાર મેનેજર તરીકે અથવા તો વહીવટદાર તરીકે તેમજ સુપરવાઇઝરની કક્ષાએ નોકરીમાં રહ્યા હોય અને જેનો મૂળ પગાર રૂ. ૧૦૦૦/- થી પણ વધુ હોય તો તેવા સંજોગોમાં તેમનો સમાવેશ કામદાર કે કર્મચારીની વ્યાખ્યામાં થતો નથી. ઉપરોક્ત કલમની તમામ જોગવાઈનું અર્થઘટન કરતાં એમ જણાય છે કે, બી. આઈ. આર. એક્ટ અન્વયે અરજદાર નં. ૧ થી એક ગેરકાયદેસર ફેરફાર અંગેની જે અરજી કરી છે તે અરજી તેઓને તેમની વ્યક્તિગત કક્ષાએ (ઈન ઈટ પરનલ કેપેસીટી) કરવાનો કોઈ અધિકાર નથી. અરજદાર જોડે આંક-૯ થી રજુ કરેલ જવાબના પેરા-૩માં સ્પષ્ટ જણાવેલ છે કે, આઈ. આર. એક્ટની કલમ ૨(૧૩) અન્વયે અરજદાર નં. ૧ થી ૭ નો આવેલ કર્મચારી કે કામદારનો વ્યાખ્યામાં થતો નથી. સંબંધીત કર્મચારી નં. ૧ ની વિનોદચંદ્ર

INDEX

મોઢ મેનેજર તેમણે ટ્રાન્સ મેનેજર તરીકે અરજદાર બેંકમાંથી રૂા. ૩૯૭૩/- ના માસિક પગારની તેમની ફરજો બજાવે છે તેવા જ રીતે અરજદાર અરજદાર નં. ૨ નૈષધ ભાઈ એસ. શાહ અરજદારની શાખામાં મેનેજર માસિક રૂા. ૩૭૨૦/- ના પગારથી તેમની ફરજો બજાવે છે. તેવી રીતે અરજદાર નં. ૩ થી ૭ જે અરજદાર બેંકના કર્મચારીઓ છે તેઓ અરજદાર બેંકમાં માસિક રૂા. ૨૬૨૫/- ના પગારથી ઓફીસર તરીકે તેમની ફરજો બજાવે છે. તેમી ઉપરોક્ત સંજોગોમાં તમામ અરજદાર નં. ૧ થી ૭ પ્રાન્ચ મેનેજર તથા ઓફીસર તરીકે એન્જીનીયર, એડમીનીસ્ટ્રેટર તથા સુપરવાઈઝરી કર્યાની ફરજ બજાવતાં હોય રૂ. ૧૦૦૦/-કરતાં વધુ માસિક પગાર લેતાં હોઈ તેઓનો સમાવેશ બી. આઈ. આર એક્ટની કલમ-૨(૧૩) માં જણાવ્યા મુજબ કર્મચારીના અથવા 'કામદાર'ની વ્યાખ્યામાં થતી નથી. ઉપરોક્ત કાયદાકીય વિધાન સમગ્ર અરજી આંક-૧ ના મૂળ પાયામાં પડતું હોઈ અને સમગ્ર અરજીનો ગુણદોષ ઉપર નિકાલ કરતાં આ વિધાન પ્રથમ દ્રષ્ટિએ જોતાં કાયદાકીય સ્વરૂપનું હોઈ મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ સંબંધીત કર્મચારીઓનો કેસ પ્રાથમિક કક્ષામાં તપાસતાં પહેલાં આ વિધાન નક્કી કરવાનું ઘણું જ જરૂરી હતું. પરંતુ, તે મુજબ મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશઓમાં મુખ્ય મુદ્દો કાયદાકીય સ્વરૂપનો હોઈ તેને પ્રાથમિક મુદ્દા તરીકે તે ગણી સદર મુદ્દા અંગે કોઈ તારણો કાઢયા ન હોઈ તેમનો સદર હુકમ કરેલાનો અર્થ વગરનો, ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઈ આ અદાલતને કલમ ૮૫ અન્વયે આ પુનઃવિચારણા અરજીમાં કાયદાકીય ગંભીર નિયમો હુકમમાં જણાતી હોઈ હસ્તક્ષેપ કરવાની જરૂરીયાત એવી થઈ છે. મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ તેમના હુકમ આંક-૨ ના પાન નં. ૯ ઉપર નીચે મુજબ અવલોકન કરેલા છે.

"સામાવાળા વધુમાં દલીલ કરતાં જણાવે છે કે, અરજદારો મેનેજર તથા ઓફીસર્સ કક્ષાના હોવાથી તેઓ કામદાર કહેવાય નહીં. પરંતુ અરજદારો કામદારો છે કે કેમ, તે આ તબક્કે નક્કી કરવાનું નથી, પરંતુ અમલમાં રહેલું આવો તેનો ભંગ કરેલ છે કે કેમ તે જોવાનું છે. વળી, કામદારો છે કે કેમ તે પુરાવાનો વિષય છે તેથી કરીને અરજદારો કામદારો નથી તેમ કહી શકાય નહી"

મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રી ના ઉપરોક્ત તારણો સાથે હું સંમત થઈ શકતો નથી. આ તારણો કેસના તેમજ ગુણદોષ પર કાઢવામાં આવેલ નથી. આ તારણો માટે મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ

INDEX

અરજદાર બેંક તથા સંબંધીત કર્મચારીઓ પાસેથી તેમની અરજી આંક-૧ તથા અરજદાર બેંકના જવાબ આંક-૯માં કરેલ વિદ્ધાનોને લક્ષમાં લઈ સદર વિધાનો ઉપર નેતાનું ધ્યાન એકત્રીત કરી પ્રાથમિક મુદ્દો ગણી ત્યારબાદ આ તારણો કાઢવા જોઈતા હતા. મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ ગુણદોષ ઉપર આ તારણોનો નિકાલ કર્યો હોય તો પણ અરજદાર બેંકના વિદ્વાન એડવોકેટ શ્રી. એલ. એમ. જોષીએ તેમની દલીલોમાં સંબંધીત કર્મચારીઓનો સમાવેશ આપવો. બી આઈ. આર. એકટની કલમ-૨ (૧૩) મુજબ 'હક્કદાર કે 'કર્મચારી' ની વ્યાખ્યામાં થતો નથી તે હકીકત ન માનવાનું કોઈ કારણ હોઈ શકે નહીં. અરજદાર તેમના લેખીત જવાબ આંક-૯ ના પેરા-૩ માં ઉપરોકત અરજદારોનું સ્ટેટસ, તેમના કામની ફરજો, તેમની જવાબદારીઓ સુપરવાઈઝરી તથા મેનેજરીયલ કક્ષાની હતી તે અંગે તેનો પોતે પણ ઈન્કાર કરી શકે તેમ ન હતા. તેથી ઉપરોક્ત તમામ સંજોગો લક્ષમાં લેતાં તથા પક્ષકારોએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા કાળજીપૂર્વક તપાસતાં એમ સ્પષ્ટ કહી શકાય કે સંબંધીત કર્મચારીઓ તેમનો આયમાફેસી કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયા છે. કાયદાનો મુદ્દો લક્ષમાં લેતાં એ સ્પષ્ટ જણાય છે કે, સંબંધીત કર્મચારીઓ પોતે આસ્ય મેનેજર તથા ઓફીસરની કક્ષામાં તેમની ફરજ બજાવતા હોઈ સદર ફરજ મેનેજરીયલ, વહીવટી તથા ઓફીસર કક્ષાની તથા સુપરવાઈઝરી કક્ષાની હોઈ બી. આઈ. આર એકટની કલમ-૨ (૧૩) શું રૂ. ૧૦૦૦/- કરતાં વધુ માસિક પગાર મેળવતા હોય છે તેઓમાં 'કર્મચારી' અથવા 'કામદાર' ની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી અને તેથી તેઓની બી. આઈ. આર. એકટની આ અરજી તેઓની અંગત હેસીયતથી કરવાની કોઈ અધિકાર તેઓને નથી.

૧. સંબંધીત કર્મચારીઓ તરફથી તેમના વિદ્વાન એડવોકેટ શ્રી. વી. પ્રેમચંદ દલીલો કરતાં જણાવે છે કે, અરજદાર બેંક તથા ગુજરાત સ્ટેટ કો. બેંકસ સ્ટાફ યુનિયન અમદાવાદ બી. આઈ. આર. એકટ ૧૯૪૬ ની જોગવાઈઓ વધારે પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન છે. તેઓ વચ્ચે પગારધોરણો નકકી કરવા માટે રેફરન્સ (આઈ. સી. ૫૪/૮૭ ઔદ્યોગિક અદાલતને ન્યાયનિર્ણય માટે સુપ્રત કરવામાં આવેલ. આ રેફરન્સમાં તારીખ ૨૯-૫'૮૭ના રોજ સમાધાન કરવામાં આવેલ અને સદર સમાધાન મુજબ તેમાં એવોર્ડ આપવામાં આવેલ. આ એવોર્ડનું અસ્તિત્વ શ્રી. વી. પ્રેમચંદના જણાવ્યા મુજબ જ્યાં સુધી રદ કરવામાં ન આવે અને સદર એવોર્ડનો અમલ ક્યાં સુધી ચાલુ હતો તે દરમ્યાન અરજદાર બેંકને આ એવોર્ડ રદ કર્યા સિવાય તા. ૨૦-૧૨-૯૦ના રોજ અરજદાર બેંક કરાર કરી છે પગાર ધોરણ અમલમાં મુકયા છે તે કરાર કરવામાં કોઈ અધિકાર

પ્રાપ્ત થતો નથી. અરજદાર બેંકના જણાવ્યા પ્રમાણે અમદાવાદ કે, જેથી, બેંક સ્ટાફ યુનિયન જે માન્ય અને પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન છે તેની સાથે જ નવેમ્બર-ડીસેમ્બર ૯૦'માં નવા પક્ષકાર અંગેનો જે કરાર કરવામાં આવેલ છે ગેરકાયદેસરનો હોઈ અરજદાર બેંક તેનો અમલ કરી શકે નહીં. શ્રી વી. પ્રેમચંદની દલીલો ટૂંકમાં એવી છે કે. ઉલટું પગલુ ગેરકાયદેસર ફેરફાર ગણી શકાય અને તેથી અરજદાર નં. ૧ થી ૭ જેમ આ બેંકના કર્મચારીઓ છે તેઓને આ અરજી કરવાનો હક્ક પ્રાપ્ત થાય.

શ્રી વી. પ્રેમચંદની આ દલીલો સાથે હું સંમત થઇ શકતો નથી કારણ કે, તેમના જણાવ્યા અનુસાર રેફરન્સ (આઈ સી.) નં. ૫૭/૮૪ના કામમાં સમાધાનથી જે એવોર્ડ કરવામાં આવેલ તે એવોર્ડ ઉપર નજર કરતાં એમ જણાય છે કે આ એવોર્ડ અમદાવાદ અર્બન કો ઓપ. બેંક લી. વતિથી ૨૯ જુન ૯૦ના રોજ કરવામાં આવેલ આ એવોર્ડમાં સંબંધિત કર્મચારીઓ તરફથી તેનું પ્રતિનિધિત્વ ધરાવતું 'યુનિયન' ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક સ્ટાફ યુનિયન હાજર રહેલ અને યુનિયન ઓફીસર તરીકે શ્રી આઇ. વી. શાહ તથા વી. એસ. પટેલ જેથી આ યુનિયનના જનરલ સેક્રેટરી છે તેઓએ તેમના યુનિયન તરફથી યુનિયનના હોદ્દેદારોની ક્ષમતામાં સહીઓ કરેલ છે બીજા શબ્દોમાં એમ કહીએ તો બી. આઈ. આર એક્ટની આ અરજી આંક-૧ મજુરે અદાલત સમક્ષ રજુ કરવાનો અધિકાર આ યુનિયનને પ્રાપ્ત થાય છે અને યુનિયન પોતે છે આવી અરજી કરી ગેરકાયદેસર ફેરફાર અંગે જરૂરી દાદ મેળવી શકે. કમનસીબીએ અરજી આંક-૧ પ્રતિનિધિત્વ ધરાવતાં 'યુનિયને' દાખલ કરેલ નથી. અરજદાર નં. ૧ થી ૭ તેઓની વ્યક્તિગત હેસીયતથી આ અરજી દાખલ કરી શકે નહીં. શ્રી વી. પ્રેમચંદના જણાવ્યા પ્રમાણે આથી બેંક અરજદાર શ્રી આઈ. આર. એક્ટના શેડયુલ-૨માં પડતી હોઈ કોઈપણ જાતનો ફેરફાર કરતાં પહેલાં બી. આઇ. આર. એક્ટની કલમ ૪૨ (૪) મુજબ કોઈપણ નોટીસ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. શ્રી વી. પ્રેમચંદની આ દલીલો સાથે હું સંમત થઈ શકતો નથી. કારણ કે, બી. આઈ. આર. એક્ટની જોગવાઈઓ જોતાં શેડયુલ-૩ માં ઔદ્યોગિક બાબત જે. અ. નં. ૫ ઉપર દર્શાવવામાં આવેલ તેમાં કબુલાત અને પતાવટનું અર્થવિવરણ સહે નિર્દેશ કરવામા આવેલ છે. ટુંકમાં સેટલમેન્ટ તથા એવોર્ડને લાગતું કોઈપણ જાતનું અર્થઘટન અને તેનું વિવરણ કરવા અંગે કોઈ ઔદ્યોગિક બાબત હોય તો તે અંગેનો નિર્ણય કરતાં પહેલાં જે તે પક્ષકારે અનુસુચિ--૩ માં જણાવ્યા પ્રમાણે કલમ-૪૨ (૪) અન્વયે વિનંતીપત્ર લખવો જરૂરી હોય છે. શ્રી આઈ.

INDEX

આર. એકટની કલમ-૭૮(૩) માં લેબર કોર્ટની સત્તાઓ અંગે જે વિગતણ કરવામાં આવેલ છે. તેમાં ૭૮(૧) (ક) (૩) માં નીચે મુજબ જણાવવામાં આવે છે.

(૧) અનુસુચિ-૩ માં નિર્દેશ કરેલી કોઇ ઔદ્યોગિક બાબત સંબંધમાં માલિકે કરેલા અથવા કામદારે માંગેલા હોઈ ફેરફારને લગતો અને તેવા ફેરફાર-માંથી ઉપસ્થિત થતી બાબતો અંગેની તકરારનો નિર્ણય કરવાની."

ઉપરોક્ત અનુસુચિ-૩ મા જણાવેલ ઔદ્યોગિક બાબતમાં જણાવ્યા પ્રમાણે જો અનુસુચિ-૩માં નિર્દિષ્ટ કરેલી હોઈ ઔદ્યોગિક બાબત જેમાં માલિકે કરેલા અથવા તો કામદારે માગેલા હોઇ ફેરફાર હોય તો તે સંબંધી ઉપસ્થિત થતી બાબતે અંગે મજુર અદાલતને કોઈપણ નિર્ણય લેતાં પહેલાં અથવા આ અંગે મજુર અદાલત સમક્ષ અરજી કરતાં પહેલાં આવા ફેરફાર અંગે કલમ-૪૨(૧) અન્વયે નોટીસ આપવી જરૂરી છે. સંબંધિત કર્મચારીઓ તરફથી આંક ૧૦ની અરજી કરતાં પહેલાં તેમની ઔદ્યોગિક બાબતનો બી. આઇ. આર એકટની અનુસુચિ-૩માં સમાવેશ થતો હોઈ કોઈ વિનંતીપત્ર લખેલ ન હોઈ સંબંધીત કર્મચારીઓની આ અરજી કાયદેસરની ગણી શકાય નહીં. અરજદાર બેંક તરફથી તેમના વિદ્વાન એડવોકેટ શ્રી એમ. એ. જોષીએ મારું ધ્યાન મધ્યપ્રદેશ હાઈકોર્ટ એન. પી. નં. ૩૩૮/૬૫ નો કેસ જે એલ એસ. જે. ૬૭ ના પાન નં. ૨૩ ઉપર પ્રસિદ્ધ થયેલ છે તે તરફ દોરતાં જણાવેલ કે. પગારમાં કોઈ જાતનો ફેરફાર કરેલ હોય તો અથવા પગારમાં કોઈપણ જાતનો ઘટાડો કરેલ હોય તો તેવા સંજોગોમાં જો કોઈ ગેરકાયદેસર ફેરફાર માલિક તરફથી કરવામાં આવે તો તેવાં સંજોગોમાં આવી અરજી મજુર અદાલત સમક્ષ કરતાં પહેલાં વિનંતીપત્ર આપવો જરૂરી બને છે. સંબંધીત કર્મચારીઓ તરફથી તેમની આંક-૨ ની મનાઈહુકમની અરજીમાં તેઓની રજુઆત પ્રમાણે અરજદાર બેંકે જે નવો ફેરફાર કરેલ છે તેમાં તેઓને પગારમાં ઘટાડો કર્યો હોવાનો આક્ષેપ કરેલાં જે વિધાનો કરેલા છે તે આક્ષેપો તથા વિધાનોને લક્ષમાં લેતાં કરાર અન્વયે અરજદાર બેંકમાં કામ કરતાં કર્મચારીઓના પગાર અંગેની ઔદ્યોગિક બાબત લક્ષમાં લેતાં આવી ઔદ્યોગિક બાબતની બી. આઈ. આર. એકટની અનુસૂચિ-૩ માં સમાવેશ થતો હોઈ મજુર અદાલતમાં આ અંગેની કોઈપણ અરજી કરતાં પહેલાં માલિકે કલમ-૪૨ મુજબ યોગ્ય નોટીસ આપવી જરૂરી બને છે. અરજદારોએ આંક-૨ ની મનાઇહુકમની અરજીના પાના નં. ૨ ઉપર નીચે મુજબ વિધાનો રોકલ છે.

INDEX

"સામાવાલા દર માસે અમો અરજદારોના પગારમાંથી આ રીતે રકમ કાપી ગેરકાયદેસર ફેરફાર કરતાં જાય છે અને જાન્યુ. ૯૧ના માસનો પગાર પણ કાપી લેવાનું નક્કી કરેલ છે."

ઉપરોક્ત વિધાનો જે અરજદાર બેંક સામે કરેલા આક્ષેપો છે તેને લક્ષમાં લેવામાં આવે તો સંબંધીત કર્મચારીઓએ ગેરકાયદેસર ફેરફાર અંગે જે વિધાનો કરેલા છે તે જુના એવોર્ડ અન્વયે પગારમાંથી કાપ મુકી નવા થયેલ કરાર મુજબ ઓછી રકમ ચુકવવા અંગેની છે. અનુસુચિ-૩ માં જણાવ્યા પ્રમાણે આ ઔદ્યોગિક બાબત કબુલાત અને પતાવટના પર્યવસનને લગતી છે અને તેથી ઉપરોક્ત સંજોગોમાં તેમની ઔદ્યોગિક તકરાર શીડયુલ-૩ માં પડતી હોઈ તે અંગે સંબંધીત કર્મચારીઓ તરફથી એપ્રોપ્રીય નોટીસ આપવી જરૂરી હતી. પરંતુ તે ન આપતાં બી. આઈ. આર. એક્ટ મુજબ સમગ્ર અરજી કવેળાની અને અવાસ્તવિક ગણી શકાય. ઉપરોક્ત સંજોગોમાં મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશીએ કરેલો હુકમ કવેળાનો, ગેરકાયદેસર, અન્યાયી, ગેરવ્યાજબી હોઈ રદ કરવા સિવાય મારી પાસે કોઈ વિકલ્પ નથી. મજુર અદાલતે જે કાયદાકીય ક્ષતિ તેમના હુકમમાં કરેલ છે તે સંકેત અસાધારણ પ્રકારની ગણાતી હોઈ તેમાં હસ્તક્ષેપ કરવાનું ન્યાયી અને વ્યાજબી કારણ હોઈ કલમ-૮૫ અન્વયે મળેલી સત્તાનો ઉપયોગ કરી આ અરજીમાં હસ્તક્ષેપ કરવી જરૂરી હોઈ હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૧૧. પુનઃ વિચારણા અરજી માન્ય રાખવામાં આવે છે. અરજી નં. ૫૨/૯૧ માં મનાઈહુકમ અંગેની અરજી આંક-૨ નીચે અમદાવાદની મજૂર અદાલતની મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશ શ્રી પી. એમ. પી. ચાવડાએ તા. ૨૬-૨-૯૧ ના રોજ વચગાળાનો જે મનાઈહુકમ આપેલ છે તે હુકમ આથી રદ કરવામાં આવે છે. બી. આઈ. આર. એક્ટ ૧૯૪૬ અન્વયે અરજી આંક-૧ જે કરવાનો અરજદાર નં. ૧ થી ૭ જેઓ બ્રાન્ચ મેનેજર તથા ઓફીસર કક્ષાની ફરજો બજાવતાં હોઈ તેઓનો માસિક પગાર રૂા. ૧૦૦૦/- થી વધુ હોઈ તેઓને સદર અરજી કરવાનો કોઈ હક્ક કે અધિકાર તેઓની સમાવેલ શ્રી આઈ. આર. એક્ટની કલમ-૮ (૧૩) માં જણાવેલ 'કર્મચારી'ની વ્યાખ્યામાં થતો ન હોઈ બી. આઈ. આર. અરજી આંક-૧ કરવાની તેઓને કોઈ કાયદેસર નથી. સુચિત ફેરફાર બી. આઈ. આર. એક્ટની અનુસુચિ-૩ ને લગતો હોઈ કલમ-૪૨ અન્વયે કોઈ

INDEX

વિનંતીપત્ર અરજદારે બેંકને દાખલ ન હોઈ આવી અરજી કરવાનો કોઈ અધિકાર પ્રાપ્ત થતો નથી.

ઉપરોક્ત સંજોગોમાં કલમ-૧૧૯(ડી) મુજબ કરવામાં આવેલ વચગાળાના મનાઈહુકમની અરજી કાઢી નાખવામાં આવે છે. ખર્ચ સંબંધીત કોઈ હુકમ નથી.

સહી
(બી. ન. પટેલ)
રજીસ્ટ્રાર.
તા. ૨૭-૪-૯૧

સહી
આર. એસ. શુક્લ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
અમદાવાદ

તા. ૪-૫-૯૧
અમદાવાદ

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે નિમાયેલ

હુકમ

સહાયક સંઘ નિબંધક દ્વારા.

સુતરાઉ કાપડ ઉદ્યોગમાંના ઉપક્રમોની માન્યતાઃ

અધિસુચના ક્રમાંક/ખ/શમક/૨૭૬૨૪/આરઈ ૭/બી આઈ આર/૧૯૯૧-સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૧૧ (૧) થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ અને તા. ૨૧-૧-૯૧ ની અધિસુચના ક્રમાંક/ખ શમક/૨૭૩૮૫/આરઈ૭/બીઆઈઆર/૧૯૯૧ ના અનુસંધાનમાં સુતરાઉ કાપડ ઉદ્યોગમાં નીચે દર્શાવેલ સંસ્થાને સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે ઉપક્રમ તરીકે આથી હું માન્ય કરું છું.

નં. ૧૦૯ દસાણી કોટન મીલ્સ, અમદાવાદ.

તા. ૧૧/૪/૯૧

અમદાવાદ

સહી

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

INDEX

સને. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/૫/શ્રમક ૨૭૭૩૫ આરયુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલા સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને અમદાવાદ એડવાન્સ મીલ્સ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ ના જુન માસના ૨૫ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈ.સી) નં. ૧૪૩/૧૯૮૯

હુકમ

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર.

અમદાવાદ

ટેક્ષટાઈલ લેબર એસોસીએસન, અમદાવાદ. — પ્રથમ પક્ષકાર.

અને

ધી અમદાવાદ એડવાન્સ મીલ્સ. — બીજા પક્ષકાર.

અમદાવાદ.

યુનિયનની માંગણી અમદાવાદ એડવાન્સ મીલ્સની પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી તથા રેન્ચમેન્ટ કોમ્પેન્સેશન વિ. ની જવાબદારી ન્યુ અમદાવાદ એડવાન્સ મીલ, અમદાવાદની સાથેની જવાબદારી રહેશે તે અંગે.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

INDEX

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીને, અમદાવાદ એડવાન્સ મીલ્સની પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઇટી તથા રીટ્રેન્ચમેન્ટ કોમ્પેસેશન વિ.ની જવાબદારી, ન્યુ અમદાવાદ એડવાન્સ મીલ, અમદાવાદની સાથેની જવાબદારી ગણવા બાબતમાં નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પક્ષકારો વચ્ચે અંદરો અંદર સમાધાન ન થતાં પક્ષકારોએ આંક-૭ નું સમાધાન પુરસીસ રજૂ કરેલ છે તેમાંની સમાધાનની શરતો જોતાં તે યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય છે અને તે મુજબ હુકમ કરવાથી ઔદ્યોગિક શાંતી જળવાઈ રહે તેમ લાગે છે. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. પક્ષકારોએ આંક-૭ ના સમાધાન પુરસીસની શરતો મુજબ વર્તવું આંક-૭ ના સમાધાનની એક નકલ આ ચુકાદા સાથે રાખવી. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

Before the Hon'ble Industrial Court, Gujarat Ahmedabad

Refernce (IC No, 143 of 1989)

Between

Textile Labour Association
Ahmedabad

And

The Ahmedad Ahmedabad Advance Mills Ltd.,

The parties in the above matter have arrived at an amicable settlement and pray the Hon'ble Court to make an Award in terms mentioned hereunder ;

Terms Of Settlement

1. That certain shareholders of The Ahmedabad Advanee Mills Limited holding Defecto controlling interest have transferred their shares of the Ahmedabad Advance Mills Ltd., to

INDEX

M/s. Phulchand Exports Ltd. and their nominees and therefore, M/s. Phulchand Exports Ltd. have agreed to treat the services of the employees working as at present in the mills as continous.

2. The transfer of the undertaking because of the transfer of the shares as aforesaid will not interrupt the services of the employees and that the terms and conditions of services applicable to them after the transfer will not be in any way less favourable to them those applicable to them immediately before their transfer. Therefore, the right of the employees concerned to receive gratuiiy as per the provisions of the Payment of Gratuity Act, 1972. and retrenchment compensation if payable as per the provisions oj Industrial Disputes Act, 1947, shall not be adversely affected by the transfer of the management of the undertaking.

3. M/s. Phulchand Exports Ltd. having are ready taken the management of the Ahmedabad Advance Mills Ltd., Ahmedabad, is therefore, signing this settlement on behalf of the Ahmedabad Advance Mills Ltd., Ahmedabad.

4. In view of the facts aforcsaid, Textile labour Association, Ahmedabad, does not press for any reliefs against the Ahmedabad Advance Mill's Metal Division, now known as Tata Metals and Strips ltd.

Dated : 9 th April 1991
Ahmedabad

For Textile Labour Association
Ahmedabad

For the Ahmedabad Advance Mills Ltd.
Ahmedabad

(Pradeep Agarwal)
Managing Director

INDEX

સહી

સહી

આર. એ. ઠાકર

રજીસ્ટ્રાર.

વી. એચ. ઠાકોર

મુખ્ય

અમદાવાદ.

તા. ૧-૫-૯૧

ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

અમદાવાદ.

તા. ૧-૫-૯૧.

તા. ૨૫-૬-૯૧

અમદાવાદ.

તા. ૮-૫-૯૧

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૬૩૮ આરયુ–સને. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ–(ગુજરાત) નિયમોના નિયમ–૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ અને ઓરીએન્ટ ફેબ્રીકસ મીલ્સ પ્રા. લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧ માં મે, માસના દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી. વી. એચ. ઠાકોર સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૩૬ /૯૧.

જનરલ વર્કર્સ યુનિયન. અમદાવાદ. પ્રથમ પક્ષકાર.

અને

ઓરીએન્ટ ફેબ્રીકસ મીલ્સ પ્રા. લી. બીજા પક્ષકાર.
અમદાવાદ.

યુનિયનની માગણી સને ૧૯૮૯–૮૯/૯૦ના વરસ માટે કામદારોને બોનસ આપવા અંગે.

ઉદ્યોગ–કોટન ટેક્ષટાઈલ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીમાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૯, ૮૯/૯૦ ના વરસ માટેનું બોનસ આપવા સંબંધી મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કે સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ યુનિયને રેફરન્સે આંક–૭નું પુરસીસ રજુ કરી જણાવેલ છે કે, પક્ષકારો વચ્ચે નામદાર અદાલત બહાર સમાધાન થયેલ છે અને કામદારોને લઘુત્તમ બોનસ

મુકવી આપેલ હોવાથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માગતું નથી અને તે પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. અત્રે બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(વી. એચ ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ

વી. ન. પટેલ
રજીસ્ટ્રાર.
અમદાવાદ. તા. ૮-૪-૧૯૯૧.

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૪-૫-૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૬૮૪ આરયુ સને ૧૯૪૬નાં મુંબઈ આદ્યોગિક સંબંધક આધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું મજુર મહાજન સંઘ, કલોલ, ધી. મહેન્દ્ર મીલ્સ લી. કલોલની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧માં મે માસના દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, રાજ્ય અમદાવાદ.

શ્રી. વી. એચ. ઠાકોર, સભ્ય ૨બ૩.

રેફરન્સ (આઈ સા.) નં. ૬૦/૮૮.

મજુર મહાજન સંઘ, કલોલ. પ્રથમ પક્ષકાર.

અને

ધી મહેન્દ્ર મીલ્સ લી. કલોલ. બીજા પક્ષકાર.

યુનીયનની માંગણી મીલ કંપનીના પ્રોસેસીંગ ખાતામાં રોટરી સ્ક્રીન મશીન ઉપર કામ કરતાં શ્રી. ઘનશ્યામ બજાજીને રૂા. ૪૨૫—નો પગાર આપવા અંગે.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયન બીજા પક્ષકાર મીલ કંપનીના પ્રોસેસીંગ ખાતામાં રોટરી સ્કીન મશીન ઉપર કામ કરતાં શ્રી ઘનશ્યામ બજાજીને રૂા. ૪૨૫-નો પગાર આપવા બાબતમાં મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પક્ષકારોએ આંક-૧૮ તું સમાધાન રજૂ કરેલ છે. જેમાંની સમાધાનની શરતો જોતાં તે યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય છે અને તે

INDEX

મુજબ હુકમ કરવાથી ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહે તેમ લાગે છે. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. પક્ષકારો આંક ૧૮ ના સમાધાનની શરતો મુજબ વર્તવું. આંક ૧૮ ના સમાધાન પુરસીસની એક નકલ આ ચુકાદા સાથે રાખવી ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
અમદાવાદ

ની. ન પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ, તા ૧૦-૪-૯૧.

સહી

તા. ૪-૫-૯૧
અમદાવાદ

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/અ/શમક ૨૭૬૮૨ આરયુ-સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન. અમદાવાદ અને રાજનગર ટેક્ષટાઈલ મીલ્સ નં. ૨, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના ચુકાદો સને. ૧૯૯૧ના મે, માસના દિને આથી જાહેર કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ.

શ્રી એન. એ ચૌહાણ, સભ્ય સભ્ય.

રેફરન્સ (આઇ. સી.) નં. ૬૮૩/૮૩.

ટેક્ષટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

રાજનગર ટેક્ષટાઈલ મીલ્સ નં. ૨, અમદાવાદ. — દ્વિતીય પક્ષકાર

મીલના ઈજનેર મીકેનીક ખાતાના ટર્નરોને વર્ષમાં બે જોડી ચામડાના બુટ આપવા અંગે.

પ્રથમ પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી સુરેન્દ્ર જોશી.

દ્વિતીય પક્ષકાર તરફે વકીલ કુ માનાબેન શાહ

ચુકાદો

૧ હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ. ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુજબ

INDEX

પ્રથમ પક્ષકાર સંઘ, કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનું પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેમના તરફથી કરવામાં આવેલ છે, કામની હકીકત એ મુજબ છે કે પ્રથમ પક્ષકાર સંઘે દ્વિતીય પક્ષકાર મીલને તા. ૧૬-૪-૮૩ના રોજ એક ફેરફારની સુચના આપીને માંગણી કરેલ હતી કે; મીલના ફીનીશીંગ ખાતામાં ચામડાના પટ્ટા, રીપેરીંગ, સાંધવાના વગેરે કામ માટે મોચીની એક જગ્યા પહેલી પાળીમાં વધારી આપવી જોઈએ. આ માંગણી સાથે દ્વિતીય પક્ષકાર મીલ કંપની સંમત થયેલ ન હતી તેમજ ૧૯૪૬ના અધિનિયમ નીચે નીમવામાં આવેલ સમાધાનકાર પણ પક્ષકારો વચ્ચે સમાધાન કરાવી શકેલા નહીં માટે તેઓએ તા. ૧૭-૬-૮૭ના રોજ પ્રથમ પક્ષકાર સંઘને નિષ્ફળતાનું પ્રમાણપત્ર મોકલી આપેલ હતું જેથી સદરહુ માંગણીનો ન્યાય નિર્ણય કરવા માટે સદર સંઘ હાલનો રેફરન્સ કરેલો છે.

પ્રથમ પક્ષકાર સંઘે આંક-૪નું માંગણીનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે, દ્વિતીય પક્ષકાર મીલમાં મીકેનીક ખાતામાં ટર્નરોને દાગીનાનું ફીનીસીંગ કામ કરવાનું હોય છે અને તેથી તેઓના પગના રક્ષણ માટે બુટ આપવા જોઈએ કારણ કે ફીનીસીંગ કામ કરતી વખતે તણખા ઝરે છે. દ્વિતીય પક્ષકાર મીલે આંક-૭નો લેખીત જવાબ રજુ કરીને જણાવેલ છે કે, મીકેનીક ખાતામાં ટર્નરોને કામ કરતી વખતે પગના રક્ષણ માટે બુટ આપવાની કોઈ જરૂર નથી.

પ્રથમ પક્ષકાર સંઘે પોતાની માંગણીના સમર્થનમાં આંક-૮થી રમણલાલ શંકરલાલને તપાસેલા છે, જ્યારે દ્વિતીય પક્ષકાર મીલે તેના એન્જીનીયર રમેશચંદ્રને આંક-૯થી તપાસેલા છે. કામદાર જણાવેલ છે કે, ફીનીસીંગ ખાતામાં કામ કરતા ટર્નરોને તણખા ઉડે છે માટે બુટની જરૂર છે. જ્યારે એન્જીનીયર જણાવે છે કે, તણખા ઉડતા નથી અને માટે કોઇ બુટની જરૂર નથી, પરંતુ હાલના રેફરન્સમાં ફેરફારની સુચના આપવામાં આવેલ છે તે સુચના ફીનીસીંગ ખાતાના મોચીને બુટ આપવા અંગેની ન હતી પરંતુ ફીનીસીંગ ખાતામાં પહેલી પાળીમાં મોચીની જગ્યા વધારવા માટેની કરવામાં આવેલ છે. પરિણામે ટર્નરના પગના રક્ષણ માટે બુટની જરૂર છે કે નહીં તે માંગણીનો આ રેફરન્સમાં નિર્ણય થઈ શકે નહીં. પરિણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૪. સંઘે મોચીની એક જગ્યા વધારવા માટે જે ફેરફારની સુચના આપેલ છે તેના અનુસંધાનમાં કોઈ પુરાવો રજુ કરેલ નહીં હોવાથી તેમની માંગણી

INDEX

ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. ખાસ સંજોગો લક્ષમાં લેતાં ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(એન. એ. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત ગુ. રાજ્ય
અમદાવાદ

તા. ૧૧-૪-૯૧
અમદાવાદ

સહી

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ, અધિનિયમ,
અમદાવાદ

તા. ૫-૪-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/બ/શ્રમક/૨૭૬૮૫ આરયુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું મજુર મહાજન સંઘ, અમદાવાદ અને પટેલ મીલ્સ લી, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં મે માસના દીને આથી નોધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ.

શ્રી. આર. એસ. શુકલ સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઈસી) નં. ૬૦/૮૯

મજુર મહાજન સંઘ અમદાવાદ. — પ્રથમ પક્ષકાર.

વિરૂધ્ધ

પટેલ મીલ્સ લી. અમદાવાદ — બીજા પક્ષકાર.

ઈજનેરે મીકેનીક ખાતામાં ફીટર તરીકે કામ કરતાં શ્રી સુરેશભાઈ વિઠલભાઈને ફીટરમાં કાયમી કરી હોદ્દા સાથેનો કાયમી પાસ આપવા બાબત.

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર સંઘે બીજા પક્ષકાર મીલ કંપનીના ઈજનેરે મીકેનીક ખાતામાં ફીટર તરીકે કામ કરતાં શ્રી સુરેશભાઈ વિઠલભાઈને ફીટરમાં કાયમી કરી હોદ્દા સાથેનો કાયમી પાસ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપી સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર સંઘે આંક-૭ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માંગતા

નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કોઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી અંતમાં હું નીચે મુજબનો હુકમ કરું. છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર સંઘે સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
જી. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ તા. ૨-૪-૯૧

સહી
(આર. એસ. શુકલ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત અમદાવાદ.

સહી

અમદાવાદ તા. ૪-૫-૯૧

(આર. કે પરમાર)
સહાયક સંઘ નિંબધક,
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનીયમ અન્વયેના
અધિસુચનાસહાયક સંઘ નિંબંધક દ્વારા

ક્રમાંક : ક/ખ/શમક ૨૭૬૮૯ આરયુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનીયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું મજુર મહાજન સંઘ, પેટલાદ અને પી. બી. એમ. પોલીટેક્ષ લી. પેટલાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલા નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧માં મે માસના દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત રાજ્ય અમદાવાદ

શ્રી વી. એચ ઠાકોર સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઇસી),ન. ૩૯/૯૦

મજુર મહાજન સંઘ પેટલાદ પ્રથમ પક્ષકાર

અને

પી. બી. એમ. પોલીટેક્ષ લી. પેટલાદ.

યુનિયનની માંગણી સને ૧૯૮૮-૮૯ના વરસનું બોનસ તા. ૧૫-૧૦-૮૯ સુધીમાં તમામ કામદારોને ચુકવવા બાબત.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઇલ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીમાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૮-૮૯ના વરસનું બોનસ તા. ૧૫ ૧૦-૮૯ના સુધીમાં ચુકવવા બાબતની નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પક્ષકારોએ આંક ૧૦નું પુરસીસ આપી જણાવેલ છે કે, રેફરન્સની બાબતમાં હવે કોઈપણ વિવાદ ન હોવાથી આ કામ પક્ષકારો આગળ ચલાવવા માંગતા નથી અને આ સંજોગોમાં યુનિયન રેફરન્સ પાછો ખેંચી

લેવાની વિનંતી કરી છે, જે વિનંતી માન્ય રાખવામાં કોઈ હરકત સરખુ જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયન રેફરન્સ પાછો ખેંચી લેતું હોવાથી તે કેસલ થયેલ ગણવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(વી. એસ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ.

બી. ન. પટેલ
રજીસ્ટ્રાર.
અમદાવાદ તા. ૮-૪-૯૧.

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિર્ણાયક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ.
અમદાવાદ.

અમદાવાદ તા. ૪-૫-૯૧

INDEX

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ૬/ખ/શમક/૨૭૭૩૬ આર યુ સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક આધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં સત્તાની રૂએ હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને જ્યુપીટર ટેક્ષટાઇલ્સ મિલ્સ અને અન્ય સાત, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં જૂન માસના ૨૫મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

શ્રી એન. એ. ચૌહાણ સભ્ય રૂબરૂ.

પરચુરણ અરજી (આઇસી) નં. ૧૭/૩

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ — અરજદાર

વિરુદ્ધ

અમદાવાદ જ્યુપીટર ટેક્ષટાઈલ મિલ્સ અને અન્ય સાત, અમદાવાદ. — સામાવાળાઓ

બી. આઈ. આર. એક્ટની કલમ ૧૧૬-ક મુજબની અરજી.

ચુકાદો ભાગ-૪

હાલની અરજી મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૧૧૬-ક મુજબ અરજદાર સંઘે દાખલ કરેલ છે અને એવી માંગણી કરેલ છે કે, પક્ષકારો વચ્ચે તા. ૫-૭-૭૯ના રોજ કામદારોને રજાઓ આપવા એક સમાધાન થયેલ છે અને તે મુજબ એવોર્ડ થયેલ તેમાં સુધારો કરીને ૧૯૮૩-૮૪ ના વર્ષની એક રજાનો પગાર કારકુનોના ફાળા તરીકે સંઘને તેમની કામદાર હિતની પ્રવૃત્તિ માટે આપવો જોઈએ.

૨. આ અરજીમાં અરજદાર સંઘ અને નં. ૫ મુજબની અ. નં. ૫ મુજબની સીન્થેટીક્સ મીલ વચ્ચે આંક ૧૫થી સમાધાન થયેલ છે અને તે મુજબ

INDEX

પક્ષકારોએ એવોર્ડ કરી આપવા વિનંતી કરી છે. સદર સમાધાનની શરતો ખાસ સંજોગો લક્ષમાં લેતાં વાજબી અને ન્યાયી હોવાથી તે પ્રમાણે એવોર્ડ કરી આપવાનો રહે છે, પરિણામે આ અરજીમાં ભાગ-૪નો નીચે મુજબનો ચુકાદો આપવાનો રહે છે.

હુકમ

૩. અરજદાર સંઘ અને અ. નં. ૫નાં અનીલ સીન્થેટીક્સ વચ્ચે સમાધાન થયેલ હોઈ, આંક ૧૫ મુજબ તેઓએ વર્તવાનું રહેશે. આંક-૧૫ અને આ ચુકાદાનો એક ભાગ તરીકે ગણવાનો રહેશે અન્ય મીલો અંગે આ અરજી આગળ ચલાવવા રાખવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

In The Industrial Court, Gujarat at Ahmedabad.

misc. Appin. (IC) No. 17-1983.

IN

Reference (IC) Nos. 23, 25, 26, 27, 29, 30, 31, 33,

Between

The Textile Labour Association, ahmedabad.

And

ahmedabad Jupiter Textile mills, ahmedabad

and 7 others,

Sr. No. 3 April

mills, ahmedabad

may It Please The Hon'ble Court :

As the parties have arrived at an amicable settlement in the above matter. The parties request the Hon'ble Court to make an award as per the settiement annexed herewith,

ahmedabad.

Date : 27-3-1991.

INDEX

agreement

Whereas the Textile labour association, ahmedabad which is the representative Union for the Cotton Textile Industry in local area of ahmedabad, and which will hereinafter for brevity's sake be referred to as the Tla.

AND Whereas the ahmedabad mfg. & Calico Ptg. Co, Ltd. (Calico mills), which will hereinafter, for brevity's sake be referred to as the mill Company.

And Whereas the Tla and the atma with a view to maintain and strengthen good, harmonious and amicable employer-employees relationship existing in the cotton textile industry in ahmedabad, withdrew on 28th January 1983 their respective appeals from the Supreme court of India against the aforesaid award granting House Rent allowance.

AND Whereas the benefit of House Rent allowance granted by the Industrial court by an award dated 23th November 1981 has become final :

AND Whereas it is neeessary to modify the various awards mentioned hereinabove to enable the employees to implement the resolution of the Executive comittee of the Tla by foregoing their one day's privilege leave and or casual leave, so as to enable them to contribute for welfare activities of Tla on their behalf the amount equivalent to the total emoluments receivable by them for such day.

Now, Therefore, the Tla as the representative union. representing all the emplopees working in the cotton textile industry in the local area of ahmedabad and the mill company enter into the following agreement, viz.

1. That the employees will be entitled to enjoy the benefit of privilege leave and casual leave as per terms of the awards as modified from time to time subject to the provision made for the year 1983 and 1984 as mentioned hereunder :

INDEX

2. That for the year 1983, the members of Tla have agreed to forego the benefit of one day's privilege leave and/or casua leave earned by them on the basis of their attendance during the year 1982, and as such the mill company will give one day less privilege leave and-or casual leave during the year 1983 to all the members of the Tla, a list of which shall be supplied by the Tla to the mill company before 30th June, 1983.

3. That the mill company will also give one day lese privilege leave and-or casual leave to such employees as are not member of the Tla except those who give an application desiring not to contribute to the fund for welfare activities of Tla.

4. That the mill company will collect the amount equivalent to one day's total emoluments payable for the said day and computed in the same manner as the wages of the privilege/casual leave, as the case may be, to be enjoyed in april 1983 are computed for all the employees who are members, as well as non-mebers, except those non-members who have expressly shown their desire in writing not to contribute for welfare activities of Tla.

5. Before taking action as per clauses 2, 3 and 4 above, the mills should display a notice on the Notice Board, describing the interntion of the agreement.

6. The leave so foregone shall be debited to the respective leave accounts of the employees concerned.

7. The amount to be collected as per the aforesaid clauses shall be remitted to Tla on or before 31st July, 1983 and shall be credited by Tla as the employees contribution for welfare activities and shall be utilised for such activities.

8. The Tla shall send receipt for the amount so contributed to the respective employees for the amount so contributed to the respective employees for the amount shown in the list received by the Tla.

INDEX

9. If any of the employee who are not members of the Tla and who do not desire to forego the benefit of rivilage leave and-or casual leave, they shall give an application on or before 20th July, 1983 'to the Manager of he mills stating that they do not desire to forego their privilege leave and-or casual leave of a day and do not desire to contribute for welfare activities of Tla. any such application received after 20th July, 1983 shall be ineffective and shall not be acted upon by the mills.

If apy non-member employee is absent on account of sanctioned leave or otherwise during the period from the date of this agreement to 20th July. 1983, then such employee may give a written intimation to the tlr, within one month from resuming his duties stating that he does not desire to forego any of his privilege leave and-or casual leave and does not want to contribute for welfare activities of Tla. The amount remitted on his behalf by the mills concerned shall, thereupon, be repaid by Tla to the mills concerned.

10. The mill company shall remit the amount in lieu of privilege leave and-or casual leave foregone by any employee who after expressing his unwillingness to forego such leave subsequently intimates to the Manager of the mills about his desire to forego one day of a privilege and-or casual leave as contribution to welfare activities of Tla. The Manager shall send the list of such employees with the amount remitted on their behalf to tla within one month on receipt of such intimation.

11. Subject to the provisions of the Factories Act, 1948, any employee who desires to forego more days of privilege leave and-or casual leave to enable him to contribute more for welfare activities of tla he shall give a written intimation to the Manager of the mill and the manager shall remit the amount payable for such days of leave foregone by him to tla together with 2 copies of the iist of such employees indicating the amount of his contribution.

INDEX

12. The employee not entitled to privilege leave and-or casual leave during the year 1983 may contribute a day of privilege leave and-or casual leave earned by him to be enjoyed during the year 1984 by a written intimation of his desire to forego one day's leave to the manager of the mills. The manager shall reduce the privilege leave and-or casual leave from his account and shall remit the amount payable for such leave to tla with the list of such employees and the amount payable for such leave within one month of the receipt of the intimation from the employee. The tla shall send the receipt to the employee concerned of the amount so remitted on his behelf and credited to the welfare activities of tla.

13. If there is any dispute or difference regarding the implementration and-or interpretation of this agreement, the same shall be referred to the joint committe consisting of three representalives of each of the tla and the mill Company. The joint committee shall deeide the dispute or resolve the difference as expeditiously as possible. The decision of the joint Committee shall binding on the mills and the employees concerned. The tia and the mill company shall constitue the joint committee within one month from the date of this agreement.

14. Subject to clause 12 of this agreement, all the employees shall be entitled to privilege leave and-or casual leave as per the awards mentioned hereinabove and in force from time to time.

15. This agreement shall come into force with effect from the date on which the agreement dated 30th April, 1983 is signed.

16. Employees will be eligible to enjoy the benefit of priuilege leave and casual leave as per the award prior to their modification by this agreement.

Manager,
Antl Spntheter mills,

Ahmedabad.

INDEX

Dated-25-3-1991

Secretary,
Teztile Labour association,
Ahmedabad.

સહી

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ
તા. ૨૯-૪-૯૧

એન. એ. ચૌહાણ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
અમદાવાદ

સહી

આર. કે. પરમાર

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

તા. ૨૫-૬-૯૧

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૧/ખ/શ્રમક ૨૭૬૩૫ આરયુ–સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ–૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ–અધિનિયમ–(ગુજરાત) નિયમોના નિયમ–૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન વિરમગામ અને ધી વિરમગામ ટેક્ષટાઈલ મિલ્સ વિરમગામની વચ્ચે ઔદ્યોગિક તકરારમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ એપ્રિલ માસના ૧૨મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

પરચુરણ અરજી (આઈ. સી.) નં. ૧૬/૯૦ ઈન રેફરન્સ (આઈ. સી. નં. ૧૬૬/૮૨.

ટેક્ષટાઈલ લેબર યુનિયન, અરજદાર.

વિરમગામ.

વિરૂદ્ધ

ધી વિરમગામ ટેક્ષટાઈલ મીલ્સ, સામાવાળા.

વિરમગામ.

બી. આઈ. આર. એકટની કલમ ૧૧૬–હેઠળ અગાઉ થયેલ રેફરન્સના કામમાં આપેલ એવોર્ડના મોડીફીકેશન બાબત અરજી.

ઉદ્યોગ–કોટન ટેક્ષટાઈલ.

INDEX

૧. હાલની આ પરચુરણ અરજી, અરજદાર ટેક્ષટાઈલ લેબર યુનિયન જે વિરમગામ સ્થાનિક વિસ્તારના કાપડ સુતર ઉદ્યોગમાં કામ કરતાં કામદારોના પ્રતિનિધીત્વ ધરાવતું માન્ય યુનિયન છે. તેમણે અગાઉ ઔદ્યોગિક અદાલત, અમદાવાદ સમક્ષના રેફરન્સ (આઈ. સી નં. ૧૬૨/૮૨ ના કામે આપવામાં આવેલ એવોર્ડમાં મોડીફીકેશન કરાવવા સારુ આ અરજી દાખલ કરેલ છે.

૨. આ અરજીની ચાલુ સુનાવણીએ પક્ષકારોએ આ કામમાં આંક-૨ની સાથેના એનેક્ષર મુજબનું સમાધાન રજુ કરેલ છે. જેમાંની સમાધાનની શરતો જોઈ તે યોગ્ય વાજબી અને ન્યાયી જણાય છે અને તે મુજબ હુકમ કરવાથી ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહે તેમ લાગે છે. આથી હું નીચે મુજબ હુકમ કરુ છું.

હુકમ

૩. મોડીફીકેશન અરજી આંશિક રાખવામાં આવે છે. આંક-૨ ના સમાધાન મુજબ ઉપરોક્ત મુળ રેફરન્સના કામે થયેલ એવોર્ડમાં એ મુજબ સુધારો કરવામાં આવે છે. પક્ષકારોએ આંક-૨ ના સમાધાન સાથે જોડેલ પરીશીષ્ટની શરતો મુજબ વર્તવું. આ સમાધાન પુરસીસની એક નકલ આ હુકમ સાથે રાખવી. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

IN THE INDUSTRIAL COURRT OF GUJARAT AT AHMEDABAD

MISC. Application (IC) No. 16/1990

Reference (IC) 166-1982

BETWEEN

The Textile Labour Union, Viramgam — First Party

V/S

Viramgam Textile Mills, Viramgam
(Unit of NTC (Guj) Ltd.) — Second Party

Application U/S 116-A of the B. I. R. Act 1946

In the matter of modification of the Award in Ref. (IC) No. 166 of 1982 regarding Medical Allowance.

May It Please The Hon'ble Court :

1. The Textile Labour Union is a representative and approved union for the cotton textile industry in the local area of Viramgam ank has made this application as a Representrtive Union of the employees working in the Cotton Textile Industry in Viramgam.

2. The mills and the Textile Labour Union state that the employees including clerks working in the Textile Mills are getting the benefit of Medical Allowance as per the ward of the Industrial Court in Reference (IC) No. 166 of 1982 dated 13th Aug. 198?.

3. That the Textile Labour Union, Viramgam and the Mills have agreed to modify the said award as per the settlement attached with this application and marked as Annexure 'A'.

4. The mills and the Textile Labour Union, Viramgam therefore, request the Hon'ble Court.

   a. To modify the Award in Ref (IC) No. 166 of 1982 regarding Medical Allowance,

   b. To make in Award in terms of the Agreement annexed herewith and marked as Annexure 'A'.

   c. To grant any other relief with the Hon'ble Court may deem fit and proper.

Ahmedabad.

Date 13-3-91

Secretary

Textile Labour Union

Viramgam

INDEX

We, the undersigned, do hereby solemly affirm that what is stated above is true to the best of our knowledge, belief and information. This verification is signed at Ahmedabad on 13-3-91.

Ahmedabad,
Date-13-3-91

Secretary
Textile Labour Union
Viramgam
General Manager
Viramgam Textile Mills
Viramgam

In The Industrial Court Of Gujarat At Ahmedabad

MISC Application IC. No. 16-90 Ref. (IC)No. 166/82 of 1981

The Textile Labour Union

V/S.

Viramgam Textile Mills Viramgam

Unit of NTC (Guj) Ltd.

Application U/s 116-A of the BIR Act. 1946

In the matter of demand for giving Medical reimburment to the operatives and Clerks who are getting morethan Rs. 1000/- and not covered under E.S.I.S cheme

INDEX

Parties in the above matter request the Honourable Court that :

Whereas an order was passed by the Honourable Court in Terms of agreement dated. 27-7-1982

And whereas both the parties after prolong negotiation have agreed to modify the terms of agreement as under request the honble court to pass appropriate order in terms of settlement.

Terms Of Modification In Agreement

Agreement Clause	Modification
Clause : 3	Clause : 3
All the operatives and semi clerkswho are working in Mills who are drawing a total salary of morethan Rs. 1000/- per month and who are not covered under the ESI Act and or the scheme framed their under will be entitled to the benefits of these medical reimbursement scheme.	All the operatives and semi clerkswho are working in the Mills who are drawing a total salary of more than Rs. 1600/- per month and who are not covered under the ESI Act, and or the scheme framed their under will be entitled to the benefits of these Medical Reimbursement Scheme.
Clause : 5	Clause : 5
All the operatives and S.Clerks covered within the scope of the aforesaid clause 3 may be granted medical reimbursement upto a maximum of Rs. 500/- per year.	All the operatives and SemiClerks covered within the scope of the aforesaid clause 3 may be granted Medical reimbursement upto a maximum of Rs. 960/- per year.

INDEX

Clause : 6

Implementation of this changa will be effective from 1-1-1990.

Other terms and condition will reain same.

For Viramgam Textile Mills.

Sd-.
General Manager
For, Textile Labour Association
General Secretary

Ahmedabad Date : 13-3-91.

નો. ન. પટેલ.

રજીસ્ટ્રાર.

અમદાવાદ તા. ૨૧-૩-૯૧

અમદાવાદ.

તા. ૧૨-૪-૯૧

સહી

(બી. એચ. ઠાકોર)

સભ્ય,

આર. કે. પરમાર.

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૬૯૪ આરક્ષુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સબંધક નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ અને ઉમા ટેક્ષટાઇલ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧માં મે, માસમા ૨૧માં દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજય, અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈ. સી.) નં. ૩૩/૯૧.

જનરલ વર્કર્સ યુનિયન,

ગાંધી મજુર સેવાલય, અમદાવાદ. પ્રથમ પક્ષકાર.

અને

ઉમા ટેક્ષટાઈલ, નારોલ, અમદાવાદ બીજા પક્ષકાર.

સંસ્થામાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૯/૮૯-૯૦ ના
સરસનું બોનસ ચુકવવા અંગે...

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. હાલની અરજી મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જે હવે તે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૧૧૬–ક મુજબ રેફરન્સ (આઈસી) નં. ૫૨૫/૮૧ના એવોર્ડમાં સુધારો કરવા માટે કરવામાં આવેલ છે. હાલની અરજી બંને પક્ષકારોએ સંયુક્ત રીતે કરેલ છે અને તેમની રજુઆત એવી છે કે, આ અદાલતે રેફરન્સ (આઈસી) નં. ૫૨૫/૮૧ના કામે તા. ૧–૨–૯૧ના રોજ જે એવોર્ડ કરારથી થયેલ સમાધાન મુજબ આપેલ છે તેમાં કેટલાક કલોઝમાં સુધારો કરવા માટે પક્ષકારો સંમત થાય છે અને તેવો સુધારો કરવો ન્યાયના હીતમાં જરુરી છે. પક્ષકારોના પ્રતિનિધિઓ આંક–૨ મુજબ રેફરન્સના એવોર્ડમાં સુધારો કરવા માટે સમજુતિ થયાનું કબુલ કરે છે, પરીણામે હાલની અરજીમાં નીચે મુજબનો હુકમ કરવાનો રહે છે.

હુકમ

૨. ઔદ્યોગિક અદાલતે રેફરન્સ (આઈસી) નં. ૫૨૫/૮૧માં જે ચુકાદો આપેલ છે તે ચુકાદામાં આંક–૨ મુજબ સુધારો થયેલ ગણવાનો છે આંક–૨ને આ ચુકાદાનો એક ભાગ ગણવાનો રહેશે. ખર્ચ બંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી

In The Industrial Court Of Gujarat

Ref. IC. No. 525 of 1981

The Textile Labour Association

V/S.

Ahmedabad Jupiter Textile Mills

INDEX

In the matter of demand for giving Medical reimburment to the operatives and Clerks who are getting morethan Rs. 1000/- and not covered under E.S.I.S.

Parties in the above matter request the Honourable Court that :

Whereas an order was passed by the Honourable Court in Terms of agreement dated. 1-2-1991

AND whereas the first party Textile Labour Association demand change in the Scheme.

And whereas both the parties after prolong negotiation have agreed to modify the terms of agreement as under request the honourable court to pass appropriate offer in terms of settlement.

Terms Of Modification In Agreement

Agreement Clause	Modification
Clause : 3	Clause : 3
All the operatives and clerks who are working in Ahmedabad Jupiter Textile Mills and who are drawing a total salary of' morethan Rs. 1000/- per month and who are not covered under the ESI Act and or the scheme framed their under will be entitled to the benefits of these medical reimbursement scheme.	All the operatives and clerks who are working in the Ahmedabad Jupiter Textile Mills and who are drawing a total salary of more than Rs. 1600/- per month and who are not covered under the ESI Act, and or the schcme framed their under will be entitled to the benefits of these Medical Reimbursement Scheme.
Clause : 5	Clause : 5
All the operatives and Clerks covered within the scope of the aforesaid clause 3 may be granted medical reimbursement upto a maximum of Rs. 500/- per year.	All the operatives and Clerks covered within the scope of the aforesaid clause 3 may be granted Medical reimbursement upto a maximum of Rs. 960/- per year.

INDEX

Clause : 6

Implementation of this changa will be effective from 1-1-1990.

Other terms and condition will reain same.

For Ahmedabad Jupiter Textile Mills.
Sd-.
[A. K. Misra]
General Manager
For, Textile Albour Association
General Secretary

Ahmedabad Date : 19-11-90.

સહી
(એન. એ. ચૌહાણ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત

રજીસ્ટ્રાર.
અમદાવાદ તા. ૫-૩-૧૯૯૧.

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

અમદાવાદ
તા. ૩-૪-૯૧

અને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૫૭૪ આરયુ–સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ–૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ–(ગુજરાત) નિયમોના નિયમ–૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ,

હું ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને ન્યુ ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૮૧માં એપ્રિલ માસના ૩જા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

પરચુરણ અરજી (આઈસી) નં. ૧૮/૮૮ ઈન રેફરન્સ (આઈસી) નં. ૧૭૮/૮૪.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અરજદાર

ભદ્ર, અમદાવાદ.

વિરૂદ્ધ

ન્યુ ટેક્ષટાઈલ મીલ્સ, અમદાવાદ. સામાવાળા

રેફરન્સ (આઈસી) નં. ૧૭૮/૮૪ના કામે થયેલ એવોર્ડ સેટ એ સાઈડ કરી મુળ રેફરન્સ કરી ફાઈલ ઉપર લેવા બાબત...

ઉદ્યોગ કોટન ટેક્ષટાઈલ.

હુકમ

૧. હાલની પરચુરણ અરજી અરજદાર યુનિયન કે જે અમદાવાદ સ્થાનિક વિસ્તારના કાપડ સુતર ઉદ્યોગમાં કામ કરતાં કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતું રજીસ્ટર્ડ અને માન્ય યુનિયન છે તેમણે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ની કલમ ૧૧૬ અન્વયે મુળ રેફરન્સ (આઈસી) નં. ૧૭૮/૮૪ના કામે યુનિયને રેફરન્સ પાછો ખેંચી લેવા બાબત પુરસીસ આપેલ અને તેના ઉપર જે હુકમ કરવામાં આવેલ તે પુરસીસ તેઓએ ભુલથી આપેલ હોવાથી સદર હુકમ

INDEX

સેટ એ સાઈડ કરી અને મુળ રેફરન્સ કરી ફાઈલ ઉપર લેવા સારૂ કરેલ છે.

૨. આ અરજીના કામે પક્ષકારોને સાંભળવામાં આવ્યા છે. સામાવાળા મીલ કંપની વતી આ કામ જો પરચુરણ અરજી મંજુર રાખી અને મુળ રેફરન્સ (આઈસી) નં. ૧૭૮/૮૪નુ કામે થયેલ એવોર્ડ સેટ એ સાઈડ કરી અને ફરી ફાઈલ ઉપર લેવામાં આવે તો કોઈ વાંધો નથી. આ સંજોગોમા હું નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

૩. પરચુરણ અરજી મંજુર કરવામાં આવે છે. મુળ રેફરન્સ (આઈસી) નં. ૧૭૮/૮૪ના કામે થયેલ એવોર્ડ રદ કરવામાં આવે છે અને તે ગુણદોષ ઉપર સાંભળવા માટે ફરી ફાઈલ ઉપર લેવામાં આવે છે ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(વી. એચ. ઠાકોર)

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, ગુજરાત,

અમદાવાદ.

રજીસ્ટ્રાર,

અમદાવાદ તા. ૧૪-૨-૯૧

આર કે. પરમાર

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ.

તા. ૩-૪-૯૧

અમદાવાદ.

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેમા અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક ૨૭૫૭૧ આથી-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

INDEX

હું જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ અને દાણુ ટેક્ષટાઈલ પ્રોસેસીંગ કું. અમદાવાદની વચ્ચે ઔધોગિક વિવાદમાં ઔધોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧ માં એપ્રિલ માસના ૩જા દિને આથી નોંધ કરું છું.

ઔધોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૩૨/૧૯૯૧.

જનરલ વર્કસ યુનિયન. પ્રથમ પક્ષકાર

ભદ્ર, અમદાવાદ.

અને

દાણુ ટેક્ષટાઈલ પ્રોસેસીંગ કું. અમદાવાદ બીજા પક્ષકાર

યુનિયનની માંગણી કંપનીમાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૯,-૯૦ ના વરસ માટે બોનસ આપવા અંગે.

ઉધોગ-કોટન ટેક્ષટાઇલ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીમાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૯, ૮૯-૯૦ ના વરસ માટે બોનસ આપવા બાબતમાં મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમજૂતી ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. આ રેફરન્સ ચાલુ સુનાવણી દરમ્યાન યુનિયન તરફે ર્માક ૩નુ પુરસીસ આપી જણાવેલ છે કે, આ બાબતમાં મીલ કંપનીએ કામદારોને બોનસ એક્ટ મુજબ બોનસ ચુકવી આપેલ હોઈ પક્ષકારો વચ્ચે અદાલત બહાર સમાધાન થઈ ગયેલ છે જેથી તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયન રેફરેન્સ પાછો ખેંચી લેતું હોવાથી તે ફેસલ થયેલ ગણવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સહી

પી. એચ ઠાકોર

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

અમદાવાદ

પી. ન. પટેલ

રજીસ્ટ્રાર

અમદાવાદ તા. ૮-૩-૯૧

સહી

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ, અધિનિયમ,

અમદાવાદ

અમદાવાદ

તા. ૩-૪-૯૧

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ક/ખ/ક્રમક ૨૭૪૭૨ આરસુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧ ૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ અને શ્રી સાનીયા ફેબ્રીક્સ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં એપ્રિલ માસના ૩જા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલતે, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

વી. વી. એચ. ઠાકોર. સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઇસી) નં. ૨૬/૯૧.

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ. ...પ્રથમ પક્ષકાર

અને

હંસાનીયા ફેબ્રીક્સ અમદાવાદ. ...દ્વિતીય પક્ષકાર

INDEX

યુનિયનની માંગણી કામદારોને સને ૧૯૮૯, ૮૯-૯૦ના વરસનું બોનસ આપવા અંગે.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઇલ.

ચુકાદો

૧. હાલનો રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીમાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૯-૯૦ના વરસનું બોનસ આપવા બાબતમાં મીલ કંપનીએ નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે યુનિયને આંક ૬ નુ પુરસીસ આપી જણાવેલ છે કે, આ બાબતમાં પક્ષકારો વચ્ચે અદાલત બહાર સમાધાન થયેલ હોવાથી અને મીલ કંપનીને લઘુત્તમ બોનસ ચુકવી આપવામાં આવેલ હોવાથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માગતું નથી અને તે પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. કે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. અર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

રજીસ્ટ્રાર,

અમદાવાદ તા. ૨૬-૨-૯૧.

(વી. એચ. ઠાકોર)

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, ગુજરાત,

અમદાવાદ.

અમદાવાદ તા. ૩-૪-૯૧

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/બ/શ્રમક/૨૭૫૭૩ આરથુ સને ૧૯૪૬ની મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ,

હું જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ અને બી. એમ. પી. ટેક્ષટાઈલ્સ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ માં એપ્રિલ માસના ૨ જા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ
શ્રી આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ
રેફરન્સ (આઈ. સી.) નં. ૨૯/૮૯

જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરૂદ્ધ

બી. એમ. પી. ટેક્ષટાઈલ્સ અમદાવાદ — બીજા પક્ષકાર

કંપનીમાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના હિસાબી વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ આપવા બાબત

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ્સ

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કંપનીને, કંપનીમાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ ના હિસાબી વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપી સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૧૧ ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી અંતમાં હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર યુનિયનને સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
બી. ન. પટેલ
રજીસ્ટ્રાર
તા. ૨૫-૨-'૯૧
અમદાવાદ

સહી
આર. એસ. શુકલ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, અમદાવાદ
તા. ૨૨-૨-૯૧

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા ૩-૪-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના અધિસુચના સહાયક સંઘ નિંબધક દ્વારા

ક્રમાંક : ૬/બ/શમક/૨૭૬૨૫ આરયુ સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું નર્મદા સ્પીનીંગ મીલ કર્મચારી મંડળ, અને નર્મદા રૂ ઉત્પાદક સહકારી સ્પીનીંગ મુ. જાડેશ્વર બીલાવ તા. જી. ભરૂચ મીલ લી., ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના ચુકાદા સને ગુજરાતના ૧૯૯૧માં એપ્રિલ માસના ૧૨ મા દિને આથી નોંધ કરૂં છું,

માનનીય સભ્યશ્રી બી. જે. ત્રિવેદીના ઔદ્યોગિક અદાલત વડોદરા સમક્ષ

અપીલ આઈ. સી.) નં. ૩/૮૫

નર્મદા સ્પીનીંગ મીલ કર્મચારી મંડળ અરજદાર

રમેશભાઈ ઈશ્વરભાઈ પટેલ

મુ. ઝાડેશ્વર તા, જી. ભરૂચ

વિરૂદ્ધ

ચેરમેન/મેનેજર, બોર્ડ ઓફ ડાયરેકટ — સામાવાળા

નર્મદા રુ ઉત્પાદક સહકારી સ્પીનીંગ મીલ લી.

ભોલાવ તાલુ જી. ભરૂચ

હુકમ

(૧) ભરૂચ નજીક ભોલાવમાં આવેલ નર્મદા સ્પીનીંગ મીલ કાપડ સુતર ઉદ્યોગના કામ અંગેની મીલ છે અને મેમાં મજકુર એપેલન્ટ, માન્ય તેમજ પ્રતિનિધિ ધરાવતું મંડળ છે. મજકુર મીલમાં ૮૦૦ કામદાર કામ કરે છે. તેમના કહેવા મુજબ તારીખ ૧-૧-૮૪ થી મજકુર મીલ ગેરકાયદેસર તાળાબંધી કરેલી જેથી મજકુર એપેલન્ટ બી. આઈ. આર એકટની કલમ ૭૯ (૧) મુજબ રિસ્પોન્ડન્ટ નં. ૧ સામે તાળાબંધી ગેરકાયદેસર છે તેમ જાહેર કરવા માગણી કરેલી. મજકુર મામમાં લેબર કોર્ટ વડોદરા તરફથી રૂબરૂ જે બી. આઇ. આર કેસ નં. ૯/૮૪નો દાખલ થયેલો તેમાં તારીખ ૨૧-૧-૮૫ના રોજ નર્મદા રૂ ઉત્પાદક સહકારી સ્પીનીંગ ભરૂચ તરફથી તેના આસી. લેબર ઓફીસર તેમજ હાલના એપેલન્ટ તેમજ તેમના વકીલ રૂબરૂ મળી સમાધાન રજુ કરેલું અને તે સમાધાનના આધારે પ્રમુખ અધિકારી, મજુર અદાલત વડોદરાએ મજકુર સમાધાન માન્ય રાખી સમાધાનને ભાગ ગણી તે કામનો નિકાલ કરેલો. મજકુર સેટલમેન્ટ મુજબ યુનિયન તરફથી કરવામાં આવેલ બી. આઇ. આર. કેસ નં. ૯/૮૪ તેમજ બી. આઇ. આર એકટની નીચે ૧/૮૪ તેમજ ૯/૮૪ ના જે કેસો દાખલ કરેલા તે યુનિયન તરફથી પાછા ખેંચી લેવામાં આવેલ અને નિકાલ કરવા માટે માંગણી કરવામાં આવી હતી તે માન્ય રાખવામાં આવી હતી તેમજ તા. ૧૨-૩-૮૪ થી સમાધાન મુજબ મીલ ફરીથી ચાલુ કરી અને એકરાર સેટલમેન્ટ મુજબ કામદારોરોને મીલ તરફથી પુરેપુ સંતોષ અને સારા સંબંધો રહે તે દ્રષ્ટિથી સમાધાને કરેલું હોઈ તે બંને કેસો પાછા ખેંચી લેવામાં આવેલા અને તે અંગેનો હુકમ પ્રાથમિક અધિકારી મજૂર અદાલત વડોદરાએ સમાધાન માન્ય રાખી મંજૂર કરી ફેસલ કરેલા છે.

(૨) મજકુર સમાધાનના આધારે થયેલ નિકાલ સામે અપીલના મેમોમાં દર્શાવેલ કારણોસર મજકુર અપીલ કરવામાં આવી છે. એપેલન્ટના કહેવા મુજબ જે બી. આઈ. આર એકટ નીચે કેસ નં. ૯/૮૪ કરવામાં આવેલો તેમાં યુનિયન તરફથી સામે મંત્રીને મીલ મેનેજમેન્ટ સાથે સમાધાન કરવા માટે ઓથોરીટી ન હતી, પરંતુ તેને મારી નાખવાના ધમકી આપી મીલ મેનેજમેન્ટે બળ જબરીથી

સમાધાન કરાવેલું અને અદાલતમાં રજુ કરી મંજુર કરતા તે કામ માંડવાળ કરવામાં આવેલ છે જેથી લેબર કોર્ટનો હુકમ ગેરકાયદેસર, એક તરફી અને અન્યાયી છે. આવી જાતના સેટલમેન્ટથી મજુરોને અસહ્ય નુકશાન થાય છે તેમજ ધાકધમકી અને બળ જબરીથી કરાવેલું સમાધાન તેમજ ઓથોરીટી વિનાનું હોઈ લેબર કોર્ટ તે માન્ય રાખતો ચુકાદો પડકારવામાં આવ્યો છે.

(૩) આંક-૮ થી પ્રતિવિવાદી એટલે કે રીસ્પોન્ડન્ટ મીલ કંપનીએ જવાબ આપી એવી દલીલ કરી છે કે અપીલ મેમોમાં લખેલી હકીકત ખોટી છે, અપીલ મુદત બહાર છે. મુદત માફ કરી શકાય નહીં, સોગંદનામામાં લખેલી હકીકત ખોટી છે.

(૪) તેમના કહેવા મુજબ મજકુર મીલ સામે જે નં. ૯/૮૪ની અરજી કરેલી તેનું તા ૨૧-૧-૮૫ ના રોજ સમાધાન થયેલું અને તે તા. ૨૯-૧-૮૫ના રોજ હુકમ મુજબ મંજુર થતાં ફેસલ થયેલ છે. મજકુર અરજી તાળાબંધી ગેર. કાયદેસર જાહેર કરવા માટે કરવામાં આવેલી. તા. ૧-૧-૮૪ ના રોજથી મીલનું કામકાજ બંધ થયેલું તા. ૨૩-૨૧-૮૩ થી કામદારોને લે ઓફ કાયદેસર અને વ્યાજબી રીતે આપવામાં આવેલી કારણ કે મીલ ચલાવવા માટે ફંડ ન હતું, રૂ એટલે કે કાચો માલ ન હતો અને શુદ્ધ બુદ્ધિ અને પ્રમાણિકપણે લે ઓફ આપવામાં આવેલ અને તા. ૩૦'-૧૨-૮૩ના રોજ નોટીસ મુકવામાં આવેલ તેવાજ છે અને કાયદેસર છે. મીલની નાણાંકીય પરિસ્થિતિ સારી ન હોવાના કારણે કામદારોને કામ આપી શકાય તેમ ન હોવાથી તા. ૧-૧-૮૪ થી મીલનું તમામ કામકાજ બંધ કરી દેવામાં આવેલું.

(૫) ગુજરાત રાજ્યમાં ટેક્ષટાઈલ મીલોનો આર્થિક પરિસ્થિતિ દીનપ્રતિદીન નબળી પડતી હોવાથી કાબુ બહારના સંજોગોને લીધે ભારત તેમજ મુંબઈ ગુજરાત રાજ્યમાં પણ અનેક મીલો બંધ પડેલી અને તેમાંની કેટલીક ફરીથી શરૂ કરવામાં આવી તેવી રીતે જ મજકુર મીલનું તમામ કામકાજ ફરીથી શરૂ કરવામાં આવેલું અને તે અંગે તા. ૧૨-૩-૮૪ ના રોજ સમાધાનનો કરાર થયેલા અને મજકૂર સમાધાન મુજબ કામદારોને પુરો પગાર પણ મળવા માંડેલો. વધુમાં મજકૂર મીલ કી લો એકટ નીચે નોંધાયેલો અને કારીગરોને રોજીરોટી મળી રહે તે માટે કરવામાં આવેલો હતો જેથી તેમનો આશય શુદ્ધ અને ચોખ્ખો હતો. તેમને કોઈપણ લે આઉટ કે તાળાબંધી ગેરકાયદેસર કરેલ નથી અને તમામ પરિસ્થિતિનો વિચાર કરી યુનિયન તેમજ મેનેજમેન્ટે યોગ્ય સેટલમેન્ટ રજૂ કરેલું અને તે માન્ય રાખવામાં આવેલું. મીલની આર્થિક પરિસ્થિતિને

INDEX

કારણે વીજળીના બીલો પણ ભરી શકાય તેમ ન હતા તેમજ રૂ પણ ઉધાર મળે તેમ ન હતું. બી. આઈ. આર. એક્ટની નીચે કરેલ અરજી નં. ૧/૮૪ નું કામ સમાધાન મુજબ વીંટો કરવામાં આવેલું અને બી. આઈ. આર. એક્ટ નીચે કરેલ ૨૪/૮૪ ના કામમાં પણ સમાધાન કરી ૧૯૮૫-૮૬ માં દોઢ દિવસની માંદગી રજા તેમજ સી લીવ પણ આપવાનું ઠરાવેલું તા. ૧૦-૭-૮૪ થી મીલ ફરીથી શરૂ કરવામાં આવી છે અને સમાધાન મુજબ દર માસે ઘર ભાડું આપવામાં આવે છે અને તે મુજબની ચુકવણી પણ કરવામાં આવેલી છે. સમાધાન મુજબની રકમો પણ કામદાર ભાઈઓ લઈ ગયા છે અને તમામ કેસોમાં સમાધાન રાજીખુશીથી કરવામાં આવેલું. જેથી રમેશભાઈ ઈશ્વરભાઈએ કરેલું સોગંદનામું ખોટું છે તેમના મુજબ અપીલ મુદત બહાર છે એટલે કે ટકી શકે નહીં. વળી યુનિયન મંત્રીશ્રી ઇકબાલ રાણાને સમાધાન કરવાની સત્તા ન હતી તે હકીકત ખોટી છે. તેમને કોઈ ધાક ધમકી આપવામાં આવેલી ન હતી જેથી લેબર કોર્ટે કરેલો હુકમ વ્યાજબી, કાયદેસર અને ન્યાયી છે અને આ વિવાદ ટકી શકે નહીં. સમાધાન શુદ્ધ બુદ્ધિપૂર્વક, સ્વૈચ્છાપૂર્વક કામદારોના હીત તેમજ ઔદ્યોગિક શાંતી વિગેરેનું ધ્યાન રાખીને મંજુર કરવામાં આવેલું હોઈ અને તે કેસો પાછા ખેંચી લીધેલા હોઈ મજકૂર અપીલ ચાલી શકે નહીં.

(૬) એપેલન્ટ તરફથી શ્રી કુરૂપે એવો દલીલ કરી છે કે તાળા બંધી કરવા માટે એટલે કે મીલ બંધ કરવા માટે કોઈ કોમ્પીટન્ટ ઓથોરીટીની પરમીશન લીધી ન હતી. ચેઈન્જ નોટીસ આપવામાં આવેલ ન હતો અને લે આઉટ તથા લોક આઉટ કરવા માટે કોઈ વ્યાજબી કારણ ન હતું. વ્યાજબી કારણ પુરવાર કરવા માટે કોઈ પુરાવો નથી. ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એક્ટની કલમ ૨૫ એફ(એફ) મુજબ જરૂરી વળતર પણ આપવામાં આવ્યુ નથી. બી. આઈ. આર. એક્ટની હેતુ જોતાં આવી જાતનું સમાધાન મંજુર કરવું જોઈતું ન હતું. તેમના કહેવા મુજબ બી. આઈ. આર. એક્ટની કલમ ૯૮ મુજબ લોક આઉટ કાયદેસર નથી અને તેના માટે કલમ ૧૦૨ મુજબ દંડની જોગવાઈ છે. આવી રીતે મીલ કંપનીએ કાયદાનો ભંગ કરેલ છે. વળી શીડયુલ-૩ ની આઈટમ ૬ અને ૭ મુજબ પણ મજકૂર તકરાર અંગે ઔદ્યોગિક તકરાર ઉઠાવી શકાય છે. કરવામાં આવેલું લોકઆઉટ તા. ૧-૧-૮૪ થી તા. ૧૦-૭-૮૪ દરમ્યાનનો નોટીસ આપ્યા વિનાનું ગેરવ્યાજબી અને ગેરકાયદેસર હોઈ લેબર કોર્ટનો હુકમ રદ કરી અપીલ માન્ય રાખવા મહેરબાની કરશો તેવી એમની દલીલ છે.

(૭) જ્યારે પ્રતિવિવાદીના વકીલ શ્રી એસ. એમ. શાહનું કહેવું એવું છે કે આંક-૮ માં અપીલ મેમોમા જવાબ આપ્યા મુજબ કયા સંજોગોમાં

INDEX

મીલ બંધ કરી હતી તેના અંગે શું તકલીફ હતી અને સમાધાન કરતાં પહેલાં પણ મીલ ચાલુ કરી બન્ને પક્ષે કામદારોનું હીત જળવાય તેમજ ઔદ્યોગિક શાંતી જળવાય તે રીતે સમાધાન કરી લોકઆઉટ ઇલીગલ જાહેર કરવાનું અરજી યુનિયને સમાધાન મુજબ પાછો ખેંચી લીધેલો છે. જોકે અનેક મીલો બંધ થઈ તેમ એમની મીલ પણ બંધ થઈ હતી પણ કરાર મુજબ ચાલુ કરવામાં આવી છે અને તે સમાધાનના આધારે ફરી શરૂ કર્યા બાદ મજકૂર અરજી નં. ૯/૮૪ ની કરવામાં આવી હતી. મીલ કંપનીએ એ અંગેની નોટીસ પણ મુકી હતી કે તેમની પાસે પુરતું ફંડ નથી અને તેમની આર્થિક પરિસ્થિતિ દીનપ્રતિદીન ખરાબ થતી હોઈ લે ઓફ આપવામાં આવેલી. ૧૯૬૯-૭૦ થી આર્થિક સ્થિતી નબળી થઈ હતી અને દીનપ્રતિદીન બગડતી જતી હતી છતાં જે પગલા લેવામા આવેલા તે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ન હતા તે છતાં પણ લેઓફ માટેના નં. ૧/૮૪ અને લોકઆઉટ માટેની ૯/૮૪ ની કરવામાં આવેલી અરજી રીપ્રેઝન્ટી યુનિયને સમાધાન માન્ય રાખતા માંડવાર કરી છે. તા. ૧૬-૨-૮૫ ની નોટીસ ઓફ સેટલમેન્ટ પ્રમાણે ત્રણ મહીનાનું પેમેન્ટ પણ કરવામાં આવ્યું છે અને પક્ષકારોએ કરેલા કેસોમાં સમાધાન થયેલું હતું. ઉપરના સંજોગામાં મજકૂર અપીલ મેરીટ ઉપર પણ ટકી શકે તેમ નથી.

(૮) તેમણે એવો પ્રાથમિક મુદ્દો ઉપાડશે કે જે હુકમ સામે અપીલ કરવામાં આવી છે તે હુકમ સમાધાનના આધારે માન્ય થતાં કરવામાં આવેલી હોઈ અપીલ ટકી શકે નહીં અને તે માટે તેમને નવી રેફરન્સ અગર તો હાઇકોર્ટમાં અપીલ કરવી જોઇતી હતી. બી. આઇ. આર. એક્ટની કલમ ૮૪ મુજબ લેબર કોર્ટે એવો કોઇ ન્યાય નિર્ણય આપેલ નથી કે જેથી સ્લાઇડ. લોકઆઉટ કલીઝર કાયદેસર ઠરાવવામાં આવ્યું હોય. જકે મજકૂર અરજી ૯/૮૪ યુનિયન તરફથી કરવામાં આવી હતી અને મીલ ચાલુ થવાના કારણે સમાધાન મુજબ સેટલમેન્ટ હોઇ તે લેબર કોર્ટનો ચુકાદો ગણી શકાય નહીં બી. આઇ. આર. એક્ટની કલમ જોતાં જ્યારે રીપ્રેઝન્ટીવ યુનિયન રજુઆત કરતું હોય અને રીપ્રેઝન્ટીવ યુનિયન સમાધાન કરતું હોય તો પછી લેબર કોર્ટને તેમાં બીજા પક્ષકારોને સાંભળવાનો સવાલ રહેતો ન હતો. તદઉપરાંત મજકૂર સમાધાન વાંચતા પણ એવું ચોક્કસ રીતે ફલિત થાય છે કે તે સમાધાનમાં કે જે ૯/૮૪ ના કામમાં રજુ કરવામા આવેલું હતું તેમાં તેમા દર્શાવેલ છે કે ૧૯૬૮-૬૯ થી મીલની આર્થિક પરિસ્થિતી ખૂબ નબળી પડી ગઇ હતી અને ૧૯૮૨-૮૩ માં ૨,૮૨,૩૦,૭૨૧/- નું નુકસાન થયું હતું અને આર્થિક સંકડામણને કારણે

૧-૧-૮૪ થી મીલનું કામકાજ બંધ થયું હતું પરંતુ મજૂરીના દરમાં તેમજ પ્રો. ફંડ, ગ્રેજ્યુઈટી વિગેરેમાં વધારો થતો હોઈ તેમજ સ્ટોરની ખરીદી પણ વધારે થતી હોય મીલ આર્થિક પરિસ્થિતીને કારણે વધુ બોજા સહન કરી શકે તેમ ન હોય તેમજ મીલ ચલાવવા માટે પુરતું ભંડોળ ન હોઈ અને દર વર્ષે ખોટ જતી હોય તેમજ મીલ ચલાવવા અનેક પ્રયત્ન કર્યાં છતાં પણ સફળતા ન મળી હોઈ ન છૂટકે તારીખ ૨૩-૧૧-૮૩ થી લેખીક આપવામાં આવેલો તે કાયદેસર અને વ્યાજબી છે, તેમજ મીલ ચલાવવા માટે પણ કાચો માલ ન હતો. અને એવા સંજોગોમાં તા. ૧-૧-૮૪ થી મીલનું કામકાજ બંધ કરવામાં આવેલ હતું. તે પણ કાયદેસર અને શુદ્ધબુદ્ધિ વાળું હતુ જે કારણે નં. ૧-૮૪નો લેઓફ મેળવવા માટેનો કેસ તેમજ ૯-૮૪ લેઓફ ગેરકાયદેસર જાહેર કરવા માટે કેસ આગળ ચલાવવાનો નથી તેવું સમાધાનમાં નક્કી થયેલું તદુપરાંત મજકુર સમાધાનમાં મીલના કામદારોને મીલ ફરી ચાલુ કરવા માટે સુખદ સમાધાન ચાલતું હતું અને તા. ૧૨-૩-૮૪થી અરજદારને યુનીયનની સમજાવટ પ્રમાણે મીલ ફરી ચલાવવા માટે એકરાર સમાધાન થયેલું અને તા. ૧૦-૭-૮૪થી મીલ ફરીથી શરૂ કરવામાં આવી જાય છે અને તમામ કામદારોએ પુરેપુરો સંતોષ થયો હતો જેથી મજકુર સમાધાન ઔધોગિક શાંતી તેમજ કામદારોના હીતમાં હતું અને કામદારોને પગાર વિગેરે મળવા માંડયું તે બધું જોતાં તે બધું જોતાં લેબર કોર્ટે મજકુર સમાધાન માન્ય રાખ્યું તેમાં કંઈ અજુગતુ ન હતું.

(૯) નીચેની લેબર કોર્ટમાંના ૯/૮૪ કામનું રેકર્ડ અને પ્રોસીડગરૂપ જોતાં પણ પ્રતિવિવાદીએ કરેલી દલીલને સમર્થન મળે છે અને તા. ૫-૧૦-૮૪ થી દાખલ કરેલી અરજી અનેક મુદત બાદ તેમજ સામાવાળાનો જવાબ આવ્યા બાદ વિચારણા કરી બંને પક્ષકારોએ સમાધાન કરેલું છે તેવું ફલિત થાય છે. સમાધાન કર્યા મુજબ તેનો અમલ કરી મીલ ફરી ચાલુ કર્યાં પછી આવી રીતે જનરલ સેક્રેટરીને ઓથોરીટી નથી અગર દબાણથી સહી લેવામાં આવી હતી કે સમાધાન કરાવવામાં આવ્યું હતું તેવી કોઈ કાથમાં પણ પડી નથી તેમજ તેવી કોઈ બચાવ પણ જે તે વખતે કરવામાં આવ્યો નથી. જો મેનેજમેન્ટ તરફથી ખોટુ દબાણ કરીને સેક્રેટરીની સહી લીધી હોય અથવા સમાધાન કરાવ્યું હોય તો લેબર કોર્ટે તે માન્ય રાખ્યું ન હોત.

INDEX

(૧૦) ઉપર મુજબની તમામ પરિસ્થિતિ તેમજ કાયદાનો અભ્યાસ કરતાં અને ચર્ચા કરતાં એવું ફલિત થાય છે કે જે તે વખતે કરવામાં આવેલું સમાધાન યોગ્ય, વ્યાજબી, ન્યાયી અને બરાબર હતું અને તે માન્ય રાખવા માટે કોઈ કારણ ન હતું. અને તે ઉપર સમાધાનના આધારે કરવામાં આવેલ ઠરાવને ચેલેન્જ કરવાનો મુદ્દો અપીલમાં ટકી શકે નહીં તે જોતાં અને મેરીટસ ગુણદોષ તપાસતા પણ એવું લાગે છે કે કરવામાં આવેલું સમાધાન બળ કે દબાણથી કરવામાં આવેલું ન હતું એક વખત આવી રીતે સમાધાન કરી મીલ ચાલુ કરવામાં આવી અને ત્યારબાદ તે સમાધાનના આધારે જ્યારે મીલ ચાલુ થતી હોય અને પાછળથી ફરી જઈ તેને ચેલેન્જ કરવામાં આવે તે પણ યોગ્ય અને વ્યાજબી નથી.

સહી
બી. જે. ત્રિવેદી
ઔદ્યોગિક અદાલત
વડોદરા

વડોદરા
તાં. ૧૪-૩-૯૧

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક,સંબંધ અધિનિયમ

તા. ૨-૪-૯૧

INDEX

સને, ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા,

ક્રમાંક : ૬/બ/શમક/૨૭૬૨૮ આરસુ–સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ–૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ–(ગુજરાત) નિયમોના નિયમ–૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂઈએ.

હું ગુજરાત બેંક વર્કસ યુનિયન, અમદાવાદ અને ધી નડીઆદ પીપલ્સ કો. ઓ. બેંક લી., ખેડા ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે સુજબના નિવેડા સને. ૧૯૯૧ માં એપ્રિલ માસના ૧૨મા દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૧૨૭/૧૯૯૦.

ગુજરાત બેન્ક વર્કર્સ યુનિયન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર

અને

ધી નડીયાદ પીપલ્સ કો. ઓ. બેંક લી. બીજા પક્ષકાર

યુનિયનની માંગણી પગાર ધોરણોમાં નવીન માળખામાં ગોઠવણી ખાસ ભથ્થા મોઘવારી ભથ્થા વિગેરે અંગે...

ઉદ્યોગ બેન્કાંગ

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર બેન્કમાં કામ કરતાં કામદારોને પગાર ધોરણોમાં નવીન માળખામાં ગોઠવણી, ખાસ ભથ્થા મોઘવારી ભથ્થુ વગેરે અંગે યુનિયને બેન્કને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમજુતી ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પક્ષકારોએ આંક ૯ નું પુરસીસ સમાધાન અંગેનું રજુ કરેલ છે. જેમાંની સમાધાનની શરતો જોતા તે યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય છે અને તે મુજબ હુકમ કરવાથી ઔદ્યોગિક શાંતી જળવાઈ રહે તેમ લાગે છે. આથી હું નીચે મુજબ હુકમ કરૂં છું.

INDEX

હુકમ

૩. પક્ષકારોએ આંક ૯ ના સમાધાન પુરસીસની શરતો મુજબ વર્તવું. આંક ૯ના સમાધાન પુરસીસની એક નકલ આ હુકમ સાથે રાખવી. ખર્ચ બાબતે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

ધી નડીઆદ પીપલ્સ કો. ઓ. બેન્ક લિ. અને ગુજરાત બેન્ક વર્કસ યુનિયન વચ્ચે થયેલ સમાધાનની શરતો.

સમાધાનની શરતો :—

ધી નડીઆદ પીપલ્સ કો. ઓપ. બેન્ક લિ., નડીઆદ (આ દરખાસ્તમાં હવે પછી જેનો ઉલ્લેખ 'બેન્ક' તરીકે કરવામાં આવશે.) અને ગુજરાત બેન્ક વર્કસ યુનિયન (આ દરખાસ્તમાં હવે પછી જેનો ઉલ્લેખ 'યુનિયન' તરીકે કરવામાં આવશે.) એમ બન્ને પક્ષો વચ્ચે થયેલી સમજુતી પ્રમાણે નીચે મુજબ સમાધાન કરવામાં આવે છે.

(૧) અ. બેન્કના કર્મચારીઓના પગાર ધોરણો નીચે પ્રમાણે રહેસે.

કક્ષા નં. ૧ (અ) મેનેજર, જનરલ મેનેજર બોર્ડ નક્કી

(બ) આસી. મેનેજર/એડ. ઓફીસર કરે તે મુજબ

કક્ષા નં. ૨ સીનીયર ઓફીસર

૪૨૫–૨૫–૫૫૦–૩૦–૭૦૦–૪૦–૯૦૦–૫૦–૧૧૫૦

કક્ષા નં. ૩ જુનીયર ઓફીસર

૨૭૫–૨૦–૩૭૫–૨૫–૫૦૦–૩૦–૬૫૦–૩૫–૮૨૫

કક્ષા નં. ૪ નોન સબોર્ડિનેટ સ્ટાફ

૨૧૦–૧૦–૨૬૦–૧૫–૩૩૫–૨૦–૪૩૫–૨૫–૫૬૦–૩૦–૭૧૦

કક્ષા નં. ૫ સબોર્ડિનેટ સ્ટાફ

૧૧૦–૮–૧૫૦–૧૦–૨૦૦–૧૨–૨૬૫–૧૫–૩૩૫

બ. ઉપર જણાવેલ કક્ષાઓમાં નીચે પ્રમાણેના હોદ્દાઓનો સમાવેશ થશે.

કક્ષા નં. ૧. અ. જનરલ મેનેજર, મેનેજર

બ. આસી. મેનેજર, એડ. ઓફીસર

કક્ષા નં. ૨ એકાઉન્ટન્ટ, લોન સુપ્રિન્ટેન્ડન્ટ, બ્રાન્ચ મેનેજર.

INDEX

કક્ષા નં. ૩ આસી. એકાઉન્ટન્ટ, ચેકીંગ ઓફીસર

કક્ષા નં. ૪ કલાર્ક, કેશીઅર, ગોડાઉન કીપર, ટાઈપીસ્ટ, કસ્ટોડિયન, કલી. કલાર્ક, કોમ્પ્યુટર ઓપરેટર.

કક્ષા નં. ૫ પટાવાળા, વોચમેન, ડ્રાયવર.

(૨) નવીન માળખામાં ગોઠવણી—

(અ) નવીન માળખામાં ગોઠવણીમાં સ્ટેજ ટુ સ્ટેજ કરવામાં આવશે અને એન્ડે આપેલા બક્ષીસના ઇજાફા અલગ ગણવામાં આવશે.

(બ) વાર્ષિક ઈન્ક્રીમેન્ટ—દરેક કર્મચારીને વાર્ષિક ઈન્ક્રીમેન્ટ જુલાઈ માસથી આપવામાં આવશે.

(ક) શૈક્ષણિક લાયકાત માટે સ્ટેજ ટુ સ્ટેજ ફીટમેન્ટ ઉપરાંત નીચે જણાવ્યા પ્રમાણે પુરસ્કાર આપવામાં આવશે.

(૧) એલ ડી.સી. અથવા સી. એ. આઈ. બી પાર્ટ-૧ પાસ ૧ પુરસ્કાર.

(૨) સ્નાતક-અનુસ્નાતક, સી. એ. આઈ. આ. સી. પાર્ટ-૨ પાસ ૨ પુરસ્કાર.

(૩) જી. ડી. સી. એન્ડ એ. એચ. ડી. સી. પૈકી કોઈ તે એક અથવા વધુ લાયકાત માટે ૨ પુરસ્કાર.

(૩) ખાસ ભથ્થાં—

નીચેના હોદ્દાઓનું કામ કરનાર કર્મચારીઓને જે તે હોદ્દાની કામગીરી માટે તેની સામે જણાવ્યા મુજબ માસિક ખાસ ભથ્થાં આપવામાં આવશે.

કેશીયર.. ....રૂ ૧૦૦

ઉપરોક્ત સ્પેશ્યલ એલાઉન્સવાળી જગ્યાએ સીનીયોરીટી મુજબ આપવામાં આવશે. જે ખાસ ભથ્થુ મેળવતો કર્મચારી રજા ઉપર હોય તેની જગ્યાએ કામ કરનારને કામના દિવસોના પ્રમાણમાં ભથ્થુ આપવામાં આવશે.

કોઈપણ એક કરતાં વધુ માસિક ભથ્થાં, મેળવવા પાત્ર થતો હોય તો જે ખાસ ભથ્થુ વધારે હોય તે એક જ ખાસ ભથ્થુ મેળવી શકશે.

(૪) મોંઘવારી ભથ્થુ—

INDEX

અ. દરેક કર્મચારીને નીચેના ધોરણે મોંઘવારી ભથ્થુ આપવામાં આવશે. જે અખીલ ભારતીય શ્રમજીવી ગ્રાહક ભાવાંક ૧૯૬૦ (૧૯૬૦–૧૦૦) ના આંક સાથે જોડવામાં આવે છે.

બ. કક્ષા નં. ૧ થી ૪ સુધીના કર્મચારીઓ માટે સરેરાશ દર ત્રણ માસે ૧૯૬૦–૧૦૦ ના ભાવાંક ઉપરાંત પ્રત્યેક ચાર અંકો દીઠ ૩ ટકા પ્રમાણે અને કક્ષા નં. ૫ ના કર્મચારીઓ માટે ચાર ટકા પ્રમાણે મૂળ પગાર ઉપર મોંઘવારી આપવાની રહેશે. આ માટે ભારત સરકાર તરફથી પ્રસિદ્ધ થતાં 'ઇન્ડિયન લેબર જનરલ' અથવા ગેઝેટ ઓફ ઇન્ડિયામાં ભાવાંક પ્રગટ થાય છે અને આ બેન્ક માટેની ગુરૂત્તમ મર્યાદા બેઝિક પગાર કેટેગરી ૨–૩ માટે રૂા. ૭૦૦ અને કેટગરીઝ ૪ માટે રૂા. ૬૫૦– અને કેટેગરી ૫ માટે રૂા. ૩૩૫– સુધીની નક્કી કરવામાં આવે છે તેને ગણતરીમાં લેવામાં આવશે.

(૫) ઓફીસીએશીંગ ભથ્થુ—

કોઈપણ કર્મચારી ઉપલી કક્ષાના કર્મચારીની કામગીરીમાં કરવામાં પ્રસંગે જે કર્મચારીની જગ્યાએ કામગીરી ૭ દિવસે કે તેથી વધુ કરી હોય તેના કુલ પગારના અથવા પોતાના કુલ પગાર એમાંથી જે વધુ હોય તેના ૧૦ ટકા લેખે ઓફીસીએટીંગ ભથ્થું મોંઘવારી સહ આપવામાં આવશે.

(૬) ઘરભાડું—

કક્ષા નં. ૨–૩ ...... માસિક રૂા. ૧૫૦–૦૦
કક્ષા નં. ૪ ..... માસિક રૂા. ૧૦૦–૦૦
કક્ષા નં. ૫ ...... માસિક રૂા. ૭૫–૦૦

(૭) નિભવણી ભથ્થું—

જો કોઈપણ કર્મચારીને બેંક તરફથી સસ્પેન્ડ કરવામાં આવે તેવા પ્રસંગે નીચેના ધોરણે હંગામી ભથ્થુ આપવાનું રહેશે,

અ. પહેલા પંદર દિવસ માટે મુળ પગારના ૫૦ ટકા રકમ તથા મોંઘવારી ૫૦ ટકા અને પુરેપુરું ઘરભાડું આપવામાં આવશે.

બ. ૧૫ દિવસ પછીના સમય માટે ૭૫ ટકા મુળપગાર, મોંઘવારી અને ઘ ભાડુ (૧૦૦ ટકા) પુરું આપવાનું રહેશે.

અ. પહેલાં પંદર દિવસ માટે મુળ પગારના ૫૦ ટકા રકમ તથા મોંઘવારી ૫૦ ટકા અને પુરેપુરું ઘરભાડું આપવામાં આવશે.

INDEX

બ. ૧૫ દિવસ પછીના સમય માટે ૭૫ ટકા મુળપગાર, મોંઘવારી અને ઘરભાડું (૧૦૦ ટકા) પુરૂં આપવાનું રહેશે.

(૮) ડેઈલી હોલ્ટીંગ એલાઉન્સ—

કાયદેસરના ભાડા ઉપરાંત નીચે મુજબ દૈનિક ભથ્થુ આપવામાં આવશે.

કેટેગરી-૧ માટે મેનેજમેન્ટ નક્કી કરે તે

કેટેગરી-૨ માટે દૈનિક રૂા. ૫૦-૦૦

કેટેગરી-૩ માટે દૈનિક રૂા. ૪૦-૦૦

કેટેગરી-૪ માટે દૈનિક રૂા. ૩૦-૦૦

કેટેગરી-૫ માટે દૈનિક રૂા. ૨૦-૦૦

(૯) બિમારી ભથ્થું—

દરેક કર્મચારીને વાર્ષિક રુા. ૪૦૦-૦૦નું મેડીકલ એલાઉન્સ દર વર્ષે જુન માસના પગાર સાથે આપવાનું રહેશે.

(૧૦) સાયકલ એલાઉન્સ—

કક્ષા નં. ૫ ના કર્મચારીઓને માસિક રુા. ૧૫ લેખે સાયકલ એલાઉન્સ આપવામાં આવશે. પરંતુ બેન્કની સાયકલ હોય તો એલાઉન્સ આપવામાં આવશે નહિ.

(૧૧) ઓવર ટાઈમ અને કામના કલાકો—

અ. કક્ષા નં. ૨ થી ૪ ના કર્મચારીઓને સોમ થી શુક્રવાર સુધી ૬ાા કલાક અને શનિવાર માટે ૪ા કલાકની તથા કક્ષા નં. ૫ ના કર્મચારીઓને સવારે અડધો કલાક વહેલો આવી કામગીરી કરવાની રહેશે. (રીસેશ સિવાય)

બ. દરેક કર્મચારીને આખા વર્ષ પેટે ઓવર ટાઈમમાં કરવામાં આવેલ કામગીરી તથા બંને કલોઝીંગની કામગીરી પેટે તેના એક મુળ પગાર (બેઝીક) વત્તા મોંઘવારી તેમજ પગાર ભથ્થાં સહિતે જેટલી રકમ ઓવરટાઈમ કામ પેટે જે તે કલોઝીંગના માસમાં આપવામાં આવશે.

(૧૨) તાલીમ :

કોઈપણ પ્રકારની બેન્કીંગની કે સહકારી તાલીમ માટે બેન્ક સૌથી સીનીયર માણસને પસંદગી આપશે. તાલીમમા કર્મચારીને તાલીમના સમય દરમ્યાન પુરો

પગાર મોઘવારી તેમજ ઘરભાડુ મળશે. તાલીમમાંથી કર્મચારીને તાલીમના અનુસંધાનમાં પ્રેકટીકલ તાલીમ માટે બહાર જવું પડે તે બદલે તેને દૈનિક ભથ્થુ અપાશે. જે કોઇ કર્મચારી બઢતી સ્વીકારવાનીના પાડે અથવા વજુદવાળા કારણો સિવાય તાલીમમાં જવાનીના પાડે તેને તેને તાલીમ માટે પસંદ કરવામાં આવશે નહિ.

(૧૩) રજાઓ અને તે અંગેના નિયમો :

હક્ક રજા :

દરેક કર્મચારીને તેના નોકરીના દર એક વર્ષે ૩૦ દિવસ લેખે હક્ક રજા મળશે. એવી ૧૨૦ દિવસથી વધુ રજા એકત્ર કરી શકે નહીં. હક્ક રજા ૧૨૦ દિવસથી વધુ ભેગી થતી હોય ત્યારે કર્મચારી તેમાંથી વધારાની રજાઓ જેટલો હિસ્સો રોકડમાં ફેરવી છકશે. હક્ક રજા માંગનાર કર્મચારીને રજા શરુ થવાની હોય તે પંદર દિવસ પહેલાં લેખિત માંગણી કરવાની રહેશે.

તાકીદની જરૂરીયાત વખતે આ મુદતનો બધા રહેશે નહીં. રજા લેખિત મંજુર કરાવેલના હોય તે મંજૂર ગણી શકાશે નહીં. બેન્ક જો કોઇપણ સંજોગોમાં રજાના મંજુર કરે તો ના મંજુરીના કારણો કાયમી કર્મચારીને લેખિત આપવાનું રહેશે અને નામંજુર કરેલ રજાઓ ૧૨૦ દિવસની મર્યાદામાં ઉપરાંત એકત્ર કરી શકાશે. જો કર્મચારી રીટાયર્ડ થાય ત્યારે તે ભોગવી શકશે. અગર રોકડમાં ફેરવી શકશે.

(૨) માંદગીની રજા :

દરેક કર્મચારીને દર વર્ષે ૧૫ દિવસ સુધી એકત્ર કરી શકાશે. જો કોઈ કર્મચારી પાસે એકત્રિત રજા ન હોય તેને અસાધારણ સંજોગોમાં રજા જોઇતી હોય તો ૬ માસ સુધીના અડધા પગારે બોર્ડને યોગ્ય લાગે તો આવી રજા આપવાની રહેશે. ચડેલ રજાઓ રીટાયર્ડ થતી વખતે ભોગી શકશે અથવા રોકડમાં ફેરવી શકાશે. માંદગીની રજા અરજી સાથે ડોકટરી સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. મેટરનીટી લીવ સરકારના નિયમ મુજબ આપવાની રહેશે.

(૩) આકસ્મિક રજા :

દરેક કર્મચારીને વરસની ૧૫ રજા ચઢતા પગારે આકસ્મિક રજા મળી શકશે. વરસના અંતે નહીં ભોગવેલી આકસ્મિક રજાઓનું માંદગીની રજામાં રૂપાંતર કરવામાં આવશે. જે માંદગીની ૧૮૦ દિવસની મર્યાદા ઉપરાંતની ગણાશે. આકસ્મિક રજાઓ એક સાથે ત્રણ દિવસથી વધુ મળી શકશે નહીં. અનિવાર્ય

સંજોગો સિવાય એક દિવસ અગાઉ રીપોર્ટ મુકવાનો રહેશે. રજા મંજુર કરાવ્યા પછી જ રજા ઉપર જવાનું રહેશે

(૪) બિન પગારી રજા :

કર્મચારી પાસે કોઇપણ પ્રકારની રજા જમા ન હોય તો ખાસ સંજોગોમાં બીન પગારી રજાની માંગણી કરી શકશે. એવી રજા નોકરી દરમ્યાન એક વરસથી વધુ મળી શકશે નહી. આવી રજા જે કર્મચારીએ ૫ વર્ષથી વધુ નોકરી પુરી કરી હશે તેને યોગ્ય કારણોસર બોર્ડની મંજુરીથી મળી શકશે.

(૫) દર વરસે જૂન માસના અંતે દરેક પગારની રજાઓ કર્મચારીના ખાતામાં જમા કરવામાં આવશે.

(૬) કર્મચારી નિવૃત્તિ વયે રીટાયર્ડ થાય, રાજીનામું આપે અથવા બેન્ક છુટા કરે તેવા પ્રસંગે તેના ખાતે જમા રહેલી તમામ પ્રકારની રજાઓનો પગાર એનકેશ કરી શકશે અગર છુટા થતાં પહેલા રજાઓ ભોગવી શકશે કોઈપણ પ્રકારની જોઈન્ટ રીતે લઈ શકશે નહી" અનિવાર્ય સંજોગો સિવાય આ માટે એક દિવસ અગાઉ જાણ કરવી.

(૧૪) અગ્રતાક્રમ (સીનીયોરીટી લીસ્ટ) :

બેન્ક તરફથી દરેક કક્ષા માટે પક્ષાવાર અગ્રતાક્રમ યાદી દર વરસે માર્ચ માસમાં તૈયાર કરવામાં આવશે. અગ્રતાક્રમ દાખલ થયા તારીખથી ગણાશે. અગ્રતાક્રમ માટે નીચે જણાવ્યા પ્રમાણે ગુણાંક પદ્ધતિનો અમલ કરવાનો રહેશે.

(અ) પહેલા દસ વરસની નોકરી માટે દર એક વરસ માટે ૧ ગુણ

(બ દસ વરસ ઉપરાંતની નોકરી માટે દર એક વરસ માટે ૨ ગુણ

(ક) એલ. ડી. સી., સી. એ. આઈ. આઈ. બી. ભાગ-૧ માટે ૧ ગુણ

(ડ) સ્નાતક એચ. ડી. સી., જી. ડી. સી. એ., સી. એ. આઈ. બી. ભાગ-૨ વિશ્વ વિદ્યાલયનો સહકારી ડિપ્લોમાં-૨ ગુણ

(ઈ) ડબલ ગ્રેજ્યુએટ અનુસ્નાતક અગર સ્નાતક સાથે જી. ડી. સી. એ. અથવા એચ. ડી. સી., અથવા સી. એ. આઇ. આઈ. બી. ભાગ-૨ ૩ ગુણ.

નોંધ : બઢતી પામેલ કર્મચારી નવીન કક્ષામાં જયારથી બઢતી મેળવે ત્યારથી તે કક્ષામાં તેની અગ્રતા શરુ થશે.

(૧૫) બઢતી અંગે નીતિ :

૧. ઉપલી કોઈપણ કક્ષામાં ખાલી પડે અથવા નવી જગ્યા ઉભી કરવામાં આવે ત્યારે તેવી કક્ષાથી તાત્કાલિક ઉતરથી કક્ષામાંથી જે કર્મચારી અગ્રતાક્રમમાં અગ્ર હશે તેને બઢતી આપવામાં આવશે. પરંતુ એકસરખી દાખલ તારીખ ધરાવતી એક કરતાં વધુ વ્યકિતઓ બઢતી મેળવવા પાત્ર હોય તેવા સંજોગોમાં લેખિત કસોટી દ્વારા કોને બઢતી આપવી તે બેન્ક નકકી કરશે. જે દિવસથી જગ્યા ખાલી પડે તે દિવસથી બઢતી મેળવનાર વ્યકિત બઢતી થયેલ ગણાશે ને પગાર પણ તે દિવસથી ગણાશે.

૨. બઢતી આપતી વખતે કર્મચારીની ઉપલી કક્ષામાં પગાર નકકી કરવા માટે તેના મુળ પગારને ઉપલી કક્ષાના જે તબકકે બંધ બેસતી હોય તે જગ્યાએ ગોઠવવી. અને ત્યારબાદ બઢતીના બે ઇજાફા તેમાં ઉમેરવામાં આવશે અને આ રીતે નકકી થતો પગાર બઢતી બાદનો પગાર ગણાશે.

(૩) બઢતીની તારીખથી ત્રણ માસ સુધી બઢતી પામેલ કર્મચારી બઢતીની જગ્યાએ અજમાયશી તરીકે રહેશે. આ સમય પુરો થાય તે પહેલાં કર્મચારી પોતાની મુળ જગ્યાએ જવા લેખિત ઈચ્છા વ્યકત કરે તો તેને તેના મુળ સ્થાને મુકી શકાશે તેમજ આ સમય દરમ્યાન બઢતી પામેલ કર્મચારીનું કામ બેન્કને સંતોષકારક ન લાગે તો બેન્ક પણ આવા કર્મચારીને સમય મર્યાદા પુરી થતાં મુળ સ્થાને લાવી શકશે.

૪. જો કોઈ કર્મચારી નકકર કારણ સિવાય બઢતી સ્વીકારે નહીં તો તેવા કર્મચારી બઢતી માટેનો પોતાનો અધિકાર ભવિષ્ય માટે ગુમાવશે.

(૧૬) પ્રોવિડન્ડ ફંડ :

પ્રો. ફંડમાં કર્મચારીનો ફાળો તેના પગારમાં મુળ રુપે. મેલા. ઉપર ૧૦ ટકા પ્રમાણે રહેશે અને બેન્ક પણ એટલો જ ફાળો ઉમેરશે. પ્રો. ફંડ અંગેની યોજના હાલની પ્રથા મુજબ ચાલુ રહેશે,

(૧૭) ગ્રેજયુઈટી યોજના

INDEX

બેન્કની હાલમાં જે વીમા કંપની સાથે સંયોજીત ગ્રેજ્યુઇટીની પ્રથા ચાલુ રહેશે.

અથવા

નીચે પ્રમાણે ગ્રેજ્યુઇટી યોજના દરેક કર્મચારીને લાગુ પડશે અને તે તેના લાભ માટેની નીચે યોગ્યતા રહેશે.

(૧) નોકરી દરમ્યાન મત્યુ અથવા શારીરિક કે માનસિક અકસ્માત માટે જો એક વરસની નોકરી થઇ હોય તો.

(૨) પાંચ વરસની પુરી થયેલ નોકરી બાદ નિવૃતિને કારણે સ્વૈચ્છિક રાજીનામું આપવાના કારણે અથવા બરતરફીના સંજોગોમાં.

(૩) ગ્રેજ્યુઇટી દર વરસની પુરી નોકરી માટે છેલ્લા એક માસની મેળવેલ પુરો પગાર (પગાર, ઇંધવારી) વધુમાં વધુ ૨૦ પગાર જેટલી આપવાની રહેશે.

નોંધ : જો કોઈ કર્મચારીને હિસાબમાં ગોટાળા યા ઉચાપત માટે બરતરફ કરવામાં આવે તો તે કર્મચારીના આવક કૃત્યથી જે નુકશાન થયું હોય તે રકમ બાદ કરીને ગ્રેજ્યુઇટી ચુકવવામાં આવશે.

(૧૮) નિવૃતિ વય મર્યાદા :
નિવૃતિ વય મર્યાદા ૬૦ વર્ષની રહેશે. ૬૦ વરસની વયે થયે નોકરીમાં ચાલુ રહી શકશે નહીં. ૨૦ વરસની નોકરી કર્યા બાદ કર્મચારી સ્વૈચ્છિક નિવૃતિ થઈ શકશે.

(૧૯) આ સમાધાન અંગે કોઈપણ વિવાદ ઉભો થાય ત્યારે બેન્ક અને યુનિયન ચર્ચા કરી તેનો નિવેડો લાવશે. વાટાઘાટોથી નિવેડો ન આવે તો ઉભયપક્ષે થયેલ સમજુતી અનુસાર ઉકેલ લાવવાના પગલાં લેવાશે.

(૨૦) આ સમાધાન દ્વારા કોઈપણ કર્મચારીને કોઇપણ બાબતમાં અવળી અસર થતી હોય અથવા નુકશાન થતું હોય તેવા સંજોગોમાં અગાઉ મળતી વધુ સારી સવલત મેળવી ચાલુ રહેશે.

INDEX

(૨૧) આ સમાધાન તા. ૧-૭-૯૦ થી અમલમાં આવશે અને તારીખ ૩૦-૬-૯૪ સુધી અમલમાં રહેશે.

(૨૨) સમાધાનના અમલ દરમ્યાન બેન્કને વધારાનો બોજો પડે તેવી માંગણી યુનિયન તથા કર્મચારીઓ દ્વારા રજુ કરવામાં આવશે નહીં. આ સમાધાનમાં બેન્ક શબ્દ વપરાયેલ છે ત્યાં બેન્ક એટલે બેન્કનું સંચાલક મંડળ તેમ સમજવું.

તારીખ ૧૨-૩-૧૯
નડીયાદ.

સહી
ભરત જનુભાઈ પંડયા
જોઈન્ટ સેક્રેટરી
ગુજરાત બેન્ક વર્કર્સ યુનિયન-નડીયાદ.

શુભાષચંદ્ર અમરનાથ વર્મા
ચેરમેન/મેનેજીંગ ડીરેક્ટર
નડીયાદ પીપ. કો. ઓ. બેન્ક
સાક્ષી : ઈબ્રાહીમ આદમભાઈ

સાક્ષી
લક્ષ્મીકાંત વનરાજદાસ બારોટ
ઓર્ગનાઈઝીંગ સેક્રેટરી
ગુજરાત બેન્ક વર્કર્સ યુનિયન,

બી. ન. પટેલ
અમદાવાદ તા. ૨૦-૩-૯૧.

સહી
(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
આધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/બ/ શમક ૨૭૬૨૬ આરયુ–સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ ૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી અને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું સેમ્યુઅલ માધવભાઈ, ભરૂચ અને ભરૂચ ટેક્ષટાઈલ મીલ્સ લી. ભરૂચની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને, ૧૯૯૧ માં એપ્રિલ માસના ૧૨મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, બી. જે. ત્રિવેદી ઔદ્યોગિક અદાલત અને
ન્યાયપંચ. વડોદરા સમક્ષ.

અપીલ (આઈ. સી. ટે. ૪/૯૦ અને ૫/૯૦

આંક

અરજદાર

સેમ્યુઅલ માધવભાઈ,
રહે. સેન્ટએરી કોલોની
ભરૂચ
અપીલ (આઈ. સી.) નં. ૫/૯૦ ના સામાવાળા
મેનેજરશ્રી,
ભરૂચ ટેક્ષટાઈલ મીલ્સ લીમીટેડ.

મહાત્મા રોડ, ભરૂચ.
અપીલ (આઈ. સી.) નં. ૫/૯૦ ના અરજદાર.

હુકમ

૧. ભરૂચની મજુર અદાલતના ટી. અરજી નં. ૧૫૧/૮૭ (જુનો નંબર : ટી. અરજી : ૧૧/૮૭) ના કામમાં અરજદાર સેમ્યુલ માધવભાઈને ૬૨ વર્ષ સુધી નોકરીમાં રહેવા હક્કદાર છે, તેવું જાહેર કરી તા. ૧-૪-૮૭ના રોજ પુનઃ સ્થાપિત કરવાના બદલે તા. ૩૧-૩-૮૮ ના રોજ પુરા થતા વર્ષ માટે ૫૦ ટકા બાકી પગાર તરીકે ચુકવી આપવા અને રૂા. ૧૦૦/–કામદારને અરજીના ખર્ચ પેટે આપવાના હુકમ સાથે કામદારે બાકીનો ૫૦ ટકા પગાર લેવા માટે અપીલ

INDEX

નં. ૪/૯૦ની કરી છે. જ્યારે મીલકંપનીએ તે ઠરાવ રદ કરી ટી. પરથી નં. ૧૫૧/૮૭ નો રદ કરવા માટે અપીલ નં. ૫/૯૦ ની કરી છે.

(૨) બન્ને અપીલો એક જ એવોર્ડમાંથી ઉદ્‌ભવતી હોય બન્નેને સાંભળી અને કોન્સોલીડેટેડ કરી સાથે સંભાળવામાં આવી છે.

૩. ટી. અરજી નં. ૧૫૧/૮૭માં અરજદારની હકીકત એવી હતી કે, તેઓ ૧૯૭૪ના નવેમ્બર માસથી મીલ કંપનીના સ્પીનીંગ ખાતામાં, પહેલી પાળીમાં ખંત અને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા હતા. છતાં તા. ૧-૧૦-૮૬ થી તેમને બોલાવી મૌખિક જણાવી નોકરીમાંથી છુટા કરી મીલ કંપનીએ કામદારને કાઢી મૂકેલા. ત્યારબાદ મજુર મહાજન સંઘ મારફત વધુ બે વર્ષ માટે તેમની અરજી અને નોટીસના કારણે ચાલુ રાખેલા, તે છતાં પણ તેમને તા. ૧-૪-૮૬ થી કરી ફરજ બજાવતા અટકાવી નોકરી ઉપર જવા દેતા ન હોઇ મીલ કંપનીનું કૃત્ય ગેરકાયદેસર છે, તેમ ઠરાવવા અને પુરેપુરો પગાર અપાવવા આ અરજી કરેલી. તેમના કહેવા મુજબ તેઓ મજુર મહાજન સંઘના સભ્ય હતા. પરંતુ, બીજા યુનિયનના કેટલાક સભ્યો સાથે હરવા-ફરવાના કારણે મીલ છંછેડાઈને આ કૃત્ય કરેલું છે. જેથી તેમને આ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા માટે તેમજ પૂરતું વળતર અપાવવા માટે મજદુર કેસ દાખલ કરેલો.

(૪) તે સામે મીલ કંપનીએ તેમનો જવાબ રજુ કરી એવી તકરાર ઉઠાવેલ કે, અરજદારની ઉંમર તા. ૧-૫-૮૧ના રોજ ૬૦ વર્ષ પુરી થતી હોય સુપરએન્યુએશનની નોટીસ તા. ૨-૧-૮૬ ના રોજ આપવામાં આવેલી, તે નોટીસ આપવાનું કાયદેસર કૃત્ય અને વ્યાજબી હતું. પરંતુ તા. ૨૩-૩-૮૬ ના રોજ મજુર મહાજન રીસ, પત્ર લખી અરજદારને વધુ એક વર્ષ માટે નોકરીમાં ચાલુ રાખવા વિનંતી કરી, જે માન્ય રાખી તેમને તા. ૧-૪-૮૬ થી ૧-૪-૮૭ સુધી નોકરીનો સમય લંબાવી આપેલો. પરંતુ તેના બદલે તા. ૧-૧૦-૮૬ના રોજ છુટા કરેલા ત્યારબાદ કરી છ મહીનાનો કરી આપેલો અને તા ૧-૪-૯૭ના રોજ તેમને છુટા કરવામાં આવેલા. અરજદારે તે પછી એડવોકેટ મારફત નોકરીમાં ચાલુ રાખવા વિનંતી કરી. જે કારણે પણ તેમની વિનંતી ધ્યાનમાં લઈ તા. ૨૮-૧૦-૮૬ થી તા. ૬-૪-૮૭ સુધી તેમને નોકરીમાં ચાલુ રાખેલા અને તેની જાણ અરજદારને તા. ૨૮-૧૦-૮૬ના પત્રથી કરવામાં આવી હતી. ઉપરના સંજોગોમાં વધારેલી મુદત તા. ૧-૪-૮૭ના રોજ પુરી થતાં તેમને છુટા

INDEX

કરવામાં આવશે. તેવી તેમને માહિતી હતી તેમજ ખબર હોવા છતાં પણ તેમને ફરજ બજાવતા અટકાવવાની હકીકત કહેવામાં આવે છે, તે ખરી નથી.

૫. ઉપરની બન્ને પક્ષકારોની તકરારોના સમર્થનમાં સેમ્યુલ માધવભાઈની જુબાની આંક-૭ થી તેમજ આંક-૧૨ થી આંક ૧૩ સુધી દસ્તાવેજો રજુ કરવામાં આવ્યા હતા. મીલ કંપની તરફથી આંક-૧૬ મહાવીર પ્રસાદની જુબાની લેવમા આવી હતી.

(૬) બન્ને પક્ષકારોની દલીલો સાંભળતા એવું ફલિત થાય છે કે, આમાં મુખ્ય બે તકરાર છે. (૧) સ્ટેન્ડીંગ ઓર્ડર મુજબ એન્યુએશનની મુદત વીતી ગયા બાદ જો ચાલુ રાખવામાં આવે તો સ્ટેન્ડીંગ ઓર્ડર મુજબ તેમને બે વર્ષ મળવા હક્કદાર છે કે તે મીલ કંપનીની મનસુફી ઉપર આધાર રાખવામાં અધિકાર અને બીજો જો તેમને પુનઃસ્થાપિત ન કરવા દેવામાં આવ્યા. પરંતુ તેમને જે સમય દરમ્યાન એટલે કે, બે વર્ષની મુદત માટે ચાલુ રહેવા હક્કદાર હોય તેમને ૫૦ ટકા પગાર અપાવવાના બદલે પુરેપુરો પગાર અપાવવો કે કેમ ? જેથી મજકુર બન્ને અપીલો કે જે સામસામી કરવામાં આવી છે, તેમા મુખ્ય સવાલ સ્ટેન્ડીંગ ઓર્ડરના મુજબ ઈન્ટરપ્રીટેશન કરી સુપરએન્યુએશનની માટેની ઉંમર ૬૦ વર્ષ છે કે દર વર્ષ તે નક્કી કરવાનું છે અને જે વધુ મુદત આપવામાં આવે છે, તે કામદાર હક્કથી માગી શકે કે મીલ કંપનીની મનસુફી ઉપર અને સ્ટેન્ડીંગ ઓર્ડરની અંદર બતાવેલી શરતોવુ પાલન કરવાના આધારે કોઈ વધારે ઉંમર લંબાવી આપવાનું ફરજીયાત છે કે કેમ ?

૭. સ્ટેન્ડીંગ ઓર્ડર ૧૯ (એ) મુજબ સુપર એન્યુએશનની ઉંમર ૬૦ વર્ષની છે, તે અંગે કોઈ તકરાર નથી. પરંતુ ત્યારબાદ જો તેને નોકરીમાં રાખવામાં આવે તો શરૂઆતમાં એક વર્ષ અને જો તેની અંદર બતાવેલી બે શરતોનું પાલન કરવામાં આવે તો વધુ એક વર્ષ માટે તે કામદારને રાખી શકાય, તેવું ફલિત થાય છે. આ અંગે ટી. અરજીના જજમેન્ટની ચેહેઆક-૬ માં દર્શાવેલ છે કે, જો કામદારને ૬૦ વર્ષની ઉંમરે નોકરીમાંથી છુટા કરવામાં આવે તે પછી તેને નોકરીમાં ચાલુ રહેવા માટે વધુ એક વર્ષ રહેવા માટે બે શરતોનું પાલન કરવાનું રહે છે. તેમાંની એક શરત નોકરીમાંના છેલ્લા ૧૨ માસ દરમ્યાન સંતોષકારક ઉત્પાદન આગર તો કામગીરી કરી છે કે કેમ ? અને બીજા છેલ્લા ૧૨ માસ દરમ્યાન હાજરી નિયમિત છે કે કેમ ? જો છેલ્લા બાર માસ દરમ્યાન

INDEX

૨૪૦ દિવસ કામ કર્યું હોય અને બીજી પણ શરતોનું પાલન કર્યું હોય તો કામદારને નોકરીમાં એક વર્ષ વધારી આપવામાં આવે અને વધારી આપેલા વર્ષ દરમ્યાન પણ કામદારે ઉપરની શરતોનું પાલન કર્યું હોય તો કામદારને નોકરીમાં ૬૨ વર્ષ સુધી લંબાવી આપવામાં આવશે. પરંતુ, કોઈ પણ સંજોગોમાં ૬૨ વર્ષ પછી કામદારની નોકરી લંબાવી આપવામાં આવશે નહિ; તેવું સ્ટેન્ડીંગ ઓર્ડરમાં સ્પષ્ટ દર્શાવેલ છે.

૮. ઉપર પ્રમાણે સ્ટેન્ડીંગ ઓર્ડરનું અર્થઘટન કરવા જઈએ તો કામદારને ૬૦ વર્ષ પછી નોકરીમાં ચાલુ રહેવાનો હક્ક નથી. પરંતુ, જો તેને ચાલુ રાખવો હોય અથવા ચાલુ રાખવામાં આવે તો તેવી શરતોનું તેને પાલન કરવાનું રહે છે.

૯. મજકુર કામની અંદર ટી. અરજીમાં અરજદારનું કહેવું એવું હતું કે, પોતે નોટીસ તેમજ અરજી આપી મજુર મહાજન સંઘ મારફત બે વર્ષ માટે મુદત લંબાવી આપેલી. પરંતુ, તેવો કોઈ બે વર્ષ માટે મુદત લંબાવી આપવાનો પત્ર રજુ થયો નથી. જયારે, એ હકીકત બન્ને પક્ષકે કબુલ કર્યું છે કે, એક વર્ષ માટે નોકરી લંબાવી આપવામાં આવી હતી અને ત્યારપછી છુટા કરતાં ફરીથી અરજી કરતાં વધુ છ મહીના માટે મુદત લંબાવી આપવામાં આવી હતી. ઉપરના કારણે તા. ૧-૧૦-૮૬ ના રોજ મૌખિક હુકમથી છુટા કર્યાની હકીકત સત્યથી વેગળી છે. ૬૦ વર્ષથી ઉંમર બાદ જો કામદારને ચાલુ રાખવામાં આવે તો તે શરતોનું પાલન અનિવાર્ય છે અને તેમાં પણ જ્યારે અરજદારને મજુર મહાજન સંઘ મારફતે અરજી કર્યા બાદ જો ચાલુ રાખવામાં આવ્યા હોય તો તે પરથી એવું ફલિત થાય છે કે, જે નોકરીની મુદત ૬૯ વર્ષ ઉપર લંબાવી આપવામાં આવી છે, તે મરજીયાત છે પણ ફરજીયાત નથી. ફિન્નાધારી રાખ્યાની હકીકતમાં પણ જોઈએ તેવો અરજદારનો પડેલ પુરાવો દેખાતો નથી. તેમના કહેવા મુજબ ૬૨ વર્ષની ઉંમરમાં એક વર્ષ ખુટતું હોય તા. ૩૧-૩-૮૮ સુધીનો પગાર આપવો જોઈએ. અરજદરે પણ પોતાની જુબાનીમાં વૃદ્ધાવસ્થાના કારણે છુટા થવાની ઉંમર ૬૦ વર્ષની છે, તે કબુલ કરી છે. તેને છુટા થતા અગાઉ કાગળ મળ્યો હતો અને તેર મહીના અગાઉ મળ્યો હતો તે છતાં પણ તેમને કોઈ ઝઘડો ઉપસ્થિત કરેલો નહિ. નોકરીમાંથી છુટા થયા પછી તેઓ મજુર મહાજન સંઘના સભ્ય હતા. તેણે એ પણ કબુલ કર્યું છે કે, તેની ફરીયાદને કારણે તેને એક વર્ષ માટે નોકરીમાં વધારી આપવાનું નક્કી થયેલું. પરંતુ, કંપનીએ એક વર્ષના બદલે છ મહીના પછી તેને નોકરીમાંથી છુટા કરેલા અને તે વખતે પણ તેમને નોટીસ આપતાં બીજા છ મહીના વધારી આપેલા, તે પણ પુરા થયા પછી

INDEX

પાછુ તેમને એક વર્ષ મજુર મહાજન સંઘ મારફતે નોકરી મેળવવા પ્રયત્ન કરેલો નથી. તા. ૧-૪-૮૭ થી પણ નોકરી માટે મેનેજરને મૌખિક રજુઆત કરેલી. પણ લેખિતમાં અરજી કરેલી નહિ, તેણે એ પણ કબુલ કર્યું છે કે, તારીખ ૧-૪-૮૭ પછી તેમને બીજી કોઈ નોકરી મેળવવા પ્રયત્ન કરેલો નથી.

૧૦. ઉપરોકત હકીકતો જોતાં શ્રી ત્રિવેદીની દલીલ એવી છે કે, ૬૦ વર્ષ ઉપરની ઉંમર પછી ૬૧ અને ૬૨ વર્ષ આપવું કે કેમ ? તે કંપનીની મનસુફી ઉપર આધાર રાખે છે અને તે કામદાર જો બન્ને શરતો પરીપૂર્ણ કરે તો મનસુફીનો ઉપયોગ કંપની કામદારના લાભમાં કરી શકે છે. જેથી, ૬૨ વર્ષની ઉંમર સુધી ચાલુ રહેવાનો હકક કામદાર કરે છે, તેવો મળે, તે બરાબર નથી. પરંતુ, તે મનસુફી યોગ્ય રીતે વાપરી છે કે કેમ ? તે જોવા માટે તેની અંદરની શરતોનું પાલન કરવામાં આવ્યું છે કે નહિ, તેના ઉપર આધારીત રહે છે. ૬૦ વર્ષનાં ઉંમર બાદ ૬૧ અને ૬૨ વર્ષે નોકરીમાં ચાલુ રાખવાનો હોય તો પછી સ્ટેન્ડીંગ ઓર્ડરમાં પ્રથમથી જ ૬૨ વર્ષની ઉંમર બતાવી હોત તેવી શ્રી ત્રિવેદીની મીલ કંપની તરફથી દલીલ છે.

૧૧. જ્યારે શ્રી માસ્તરે સ્ટેન્ડીંગ ઓર્ડરમાં પાન-૧૦ ના આધારે એવી દલીલ કરી છે કે, જો મનસુફી ઉપર નિમણુંક વધારવાનો આધાર હોત તો પછી તેવા સ્પષ્ટ શબ્દોમાં સ્ટેન્ડીંગ ઓર્ડરમાં ઉલ્લેખ હોત. જ્યારે ૮૯(બી) મુજબ વધારો ઉપર પ્રમાણેની શરતોએ આપવામાં આવશે, તે શબ્દો જોતાં તે ફરજીયાત છે વધુમાં તેમનું કહેવું એવું છે કે, કામદારને મેમો આપવામાં ન આવેલો અને બન્ને શરતો પરીપૂર્ણ થતી હોય અને બન્ને વખતે કલમ-૪૨ (૪) મુજબની અરજી આપેલી હોય તો ૬૨ વર્ષ સુધી ચાલુ રહેવા હક્કદાર હતા.

૧૨ એવોર્ડ જોતાં એવું ચોક્કસ રીતે ફલિત થાય છે કે, કામદારને જો ૬૦ વર્ષ પછી ચાલુ રાખવામાં આવે તો પ્રથમ તબકકે એક વર્ષ જો કલમ : ૧૯ (એ) મુજબની શરતોનું પાલન કર્યું હોય તો આપવામાં આવે અને ૬૨ વર્ષ સુધી ચાલુ રાખવામાં આવે, પરંતુ, બીજા વર્ષમાં પણ તેની તે જ શરતોનું પાલન કરવું જરૂરી છે. એવોર્ડના પેરેગ્રાફ-૭ અને ૮ માં વિસ્તૃતપણે વર્ણન કરી મજુર અદાલતે તેવું દર્શાવેલ છે કે, જો આ બે શરતોનું પાલન કરવામાં આવે તો કામદારને ૬૨ વર્ષ સુધી નોકરીમાં ચાલુ રાખી શકાય, તેવું જણાવવામાં આવ્યું છે. પેરેગ્રાફ-૯ માં એ પણ દર્શાવેલ છે કે, મજુર મહાજન સંઘ મારફતે કરેલી અરજીના કારણે મીલ કંપનીએ એક વર્ષ વધારી આપેલું પણ એ વર્ષ પુરું કરવા દીધેલું નહિ અને ૭ મહીના બાદ નોકરીમાંથી [illegible]

INDEX

કરી દીધેલા. ફરીથી વકીલ મારફત નોટીસ આપતાં વધુ ૭ મહીના નોકરીમાં રાખવામાં આવેલા અને તે તા. ૧-૪-૮૭ થી તેમને નોકરીમાંથી છુટા કર્યા છે. વધુમાં કામદારે તેની જુબાનીમાં પણ દર્શાવેલ છે કે, તા. ૨-૧-૮૬ ના રોજ તેમને છુટા કરવાની નોટીસ આપેલી અને તા. ૧-૪-૮૬ થી ઉંમરના કારણે તેમને છુટા કરવામાં આવશે. તેવી નોંધ મળ્યા બાદ તેમને મજુર મહાજન સંઘ મારફત ફરીયાદ કરેલી. તેમણે કરેલી ફરીયાદ તેમજ તેના આધારે વધારી આપેલી મુદતના એવા કોઇ પત્રો રજુ થયા નથી કે જેથી એમ દર્શાવી શકાય કે, તેમની એકી સાથે બે વર્ષ એટલે કે, ૬૨ વર્ષ સુધી મુદત લંબાવી આપેલી. તા. ૧-૪-૮૭ પછી પણ તેઓએ ફેકટરી મેનેજરને મૌખિક રજુઆત કરેલી. તેવું તેનું કહેવું છે. જયારે, કંપની તરફના મહાવીરપ્રસાદ આંક-૧૬ માં જણાવે છે કે, ૬૦ વર્ષની ઉંમર પુરી થયે જો કામદારને ચાલુ રાખવો હોય તો વધુ એક વર્ષ માટે ચાલુ રાખવામાં આવે છે અને જો એ શરતોનુ પાલન કરવામાં આવે તો બીજુ એક વર્ષ વધારી આપવામાં આવશે. અરજદારની હાજરી ૨૫૨ દિવસની અને બે કલાકની છે. આમ, પ્રથમ એક વર્ષ ચાલુ રાખ્યા બાદ પણ જો શરતોનું પાલન થતું હોય તો એક વર્ષ વધુ ચાલુ રહેવા કામદાર હક્કદાર છે, તેવું લેબર કોર્ટનું માનવું છે અને તેમ ઠરાવેલ છે. તેમને મહારાષ્ટ્ર સ્ટેટ ટેક્ષટાઈલ કોર્પોરેશન લિ. વાસુદેવ વિનાયક જોશીની ૧૯૮૮ સી. એલ. આર. ૫૮૯ ના ચુકાદો બોમ્બે હાઇ. કોર્ટના ઉપર આધાર રાખી કામદાર નોકરીમાં રહેવા હક્કદાર છે, તેવું ઠરાવેલ છે.

(૧૩) આમ, ઉપર પ્રમાણેની વિગતો જોતાં મજૂર અદાલતે જે નિર્ણય લીધો છે, અને ઠરાવ આપ્યો છે, કે ૬૨ વર્ષની ઉપર સુધી ચાલુ રહેવા હક્કદાર છે, તે સ્ટેન્ડીંગ ઓર્ડરના આધારે તેમજ બોમ્બે હાઈકોર્ટના ચુકાદાના આધારે યોગ્ય અને વ્યાજબી છે અને તેમાં હસ્તક્ષેપ કરવા માટે કોઈ કારણ રખાતુ નથી.

(૧૪) હવે, બાકી રહેતી તકરાર તેમને પગાર સંપૂર્ણ ચલાવવો કે ૫૦ ટકા અપાવેલો છે તે વ્યાજબી છે કે કેમ ? કામદાર તરીકે મજકુર કામમાં અપીલની સુનાવણી થયા બાદ ૧૯૮૫ જી. એલ. એચ ૫૮૭, ચીમનભાઈ વર્કસ મેનેજર ફેડરેશન ઓફ કો-ઓપરેટીવ સ્ટોર્સ લી. માં એવુ બતાવેલ છે કે, જો પુનઃ સ્થાપિત કરવામાં આવે તો પાછળના બેક-વેજીસ સંપૂર્ણ આપવો જોઇએ, તેવા જે ઠરાવો રજુ થયા છે, તે યોગ્ય અને વ્યાજબી છે, મજકર કેસની અંદર પુનઃ સ્થાપિત કરવામાં આવ્યા નથી પરંતુ તેમને ૫૦ ટકા પગાર આપ્યો છે. તે વ્યાજબી અને બરાબર નથી.

(૧૫) જયારે, મજકૂર કેસમાં ઉપર ૬૦ વર્ષ ઉપરની છે અને નોટીસ આપ્યા છતાં પણ ઉપર પુરી થયા બાદ છુટા કરવાની નોટીસ આપ્યા બાદ

INDEX

મહાજનની વિનંતિથી દાખલ કરવામાં આવે અને સ્ટેન્ડીંગ ઓર્ડરના અર્થઘટનનો સવાલ હોય તે તકરારી મુદ્દો વ્યાજબી અને બરાબર હતો. વધુમાં અરજદાર તરીકે એવો તકરાર હતી કે, ૬૧ વર્ષની ઉંમર બાદ તેમને નોકરીમાં બીજી કોઈ કંપની રાખે નહિ તેથી પણ પુરેપુરો પગાર મેળવવા હક્કદાર છે. પરંતુ, તે કેસની હકીકત આ કેસની હકીકત કરતાં અલગ છે અને આ કેસની મજુર અદાલત, ભરૂચે પેરા-૧૨ માં દર્શાવેલ છે કે, કામદારને નોકરીમાંથી છુટા કરવાની નોટીસ આપ્યા બાદ કંપનીએ ફરી ચાલુ રાખવા વિનંતિ ગ્રાહ્ય રાખી એક વર્ષ માટે આપી અને ફરીથી એક વર્ષ માટેની માંગણી કરી તે નકારવામાં આવી. પરંતુ, તા. ૧-૪-૮૭ પછી કામદારે બીજે નોકરી મેળવવા પ્રયત્ન કરેલો નથી. ૬૦ વર્ષની ઉંમર પછી જ્યારે કામદારને નોકરીના લાભો કંપની તરફથી વધુ એક વર્ષ માટે આપવામાં આવ્યો હોય અને ત્યારબાદ પણ જો શરતોનું પાલન કર્યા બાદ વધુ તેને નોકરી કરવાનો લાભ મળતો હોય તો તે સંજોગોમાં તે પુરેપુરો પગાર માંગવા હક્કદાર નથી. કારણ કે, તેમને તે દરમ્યાન ફરજ બજાવી ન હતી. કંપનીએ પણ તેવી અરજી સ્વીકારી નથી અગર તેવી વિનંતી માન્ય રાખી નથી. કંપનીએ અગાઉ પણ બે વખત નોટીસ આપી તેને છુટા કરેલા હતા અને તેવી વિનંતી બાદ તેને નોકરીમાં લેવામાં આવ્યા હતા, તે ઉપરથી પણ ફલિત થાય છે કે. જ્યારે કામદારે તે દરમ્યાન કાર્ય કર્યું ન હોય અને જ્યારે બીજે તેને એવી કોઈ પણ પ્રવૃત્તિ મળી શકે તે માટે તેને પ્રયત્ન કર્યો ન હોય તો ૫૦ ટકા પ્રમાણેના પગારની રકમ જે અપાવી છે, તે વ્યાજબી અને બરાબર છે. જેથી, આ મુદ્દા અંગે પણ મજુર અદાલત, ભરૂચના ચુકાદામાં હસ્તક્ષેપ કરવા જેવું મને લાગતું નથી. જેથી, કામદારની અપીલ પણ નામંજુર કરવામાં આવે છે.

(૧૬) આમ, એકંદરે જોતાં ચુકાદાની અંદર હસ્તક્ષેપ કરવાની જરૂર જણાતી ન હોય તેવી બન્ને અપીલો નામંજુર કરવામાં આવી છે. અપીલોના ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી અને નીચલી કોર્ટના કરેલા હુકમો કાયમ રાખવામાં આવે છે.

સહી

(બી. જે. ત્રિવેદી)

વડોદરા

સભ્ય,

તારીખ-૨૨-૬-૧૯૯૧.

ઔદ્યોગિક અદાલત અને ન્યાયપંચ,

વડોદરા.

સહી

અમદાવાદ તા. ૧૨-૪-૯૧

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે અધિસુચના
સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક-૬/ખ/શમક/૨૭૫૬૫ આરથુ-સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન, નડીયાદ અને ન્યુ શોરોક મીલ્સ, નડીયાદ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧ માં એપ્રિલ માસના રજા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી એચ. ડી. પંડયા. પ્રમુખ,

,, એન. એ. ચૌહાણ, સભ્ય અને

,, વી. એચ. ઠાકોર, સભ્યની કુલ બેંચ રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૨૫૪/૧૯૯૦.

શ્રી ટેક્ષટાઇલ લેબર યુનિયન, નડીયાદ — પ્રથમ પક્ષકાર.

અને

INDEX

ન્યુ શોરોક મીલ્સ, નડીયાદ. બીજા પક્ષકાર.

રેફરન્સ (આઇસી) નં. ૨૫૬/૧૯૯૦.

ધી ટેક્ષટાઈલ લેબર યુનિયન, નડીયાદ. પ્રથમ પક્ષકાર,

અને

ન્યુ શોરોક મીલ્સ, નડીયાદ. બીજા પક્ષકાર.

મીલ કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને લીવ ટ્રાવેલ એલા. તથા કન્વે. એલાઉન્સ આપવા બાબતની માંગણી અંગે....

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

ચુકાદો ભાગ-૧

૧. હાલના બન્ને રેફરન્સો પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીમાં કામ કરતા તમામ કામદારોને અનુક્રમે લીવ ટ્રાવેલ એલાઉન્સ તથા કન્વેયન્સ એલાવેન્સ આપવા બાબતમાં મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે કોઇ સમાધાન ન થવાથી ઉપસ્થિત થયેલ છે.

૨. આ રેફરન્સની ચાલુ સુનાવણી દરમ્યાન પક્ષકારોએ સહુ પ્રથમ આંક ૬ નું પુરસીસ આપી આ બન્ને રેફરન્સો, ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ અને મીલ ઓનર્સ એસોસીએશન, અમદાવાદ વચ્ચે જે મી સે. અરજી (આઈસી) નં. ૨/૮૬નું કામ ફુલ બેન્ચ સમક્ષ ચાલે છે તેમાં રીફર કરવા વિનંતી કરેલ છે જે તેમાની માંગણી ગ્રાહય રાખી તે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

૩. વધુમાં આંક ૭ નું પુરસીસ આપી આ બન્ને રેફરન્સો પક્ષકારોએ બંને રેફરન્સોનું કામ સંયુક્ત રીતે એકત્રીત કરી અને ચલાવવા માટે રાખવા વિનંતી કરેલ છે. જે તેમની વિનંતી ગ્રાહય રાખી અને આ બંને રેફરન્સો એકત્રીત કરી સાંભળવાનો હુકમ કરવામાં આવેલ છે.

૪. આ કામમાં પક્ષકારોએ આંક ૮નું સંયુક્ત સમાધાન પુરસીસ રેફરન્સ (આઈસી) નં. ૨૫૪/૯૦ અને રેફરન્સ (આઈસી) નં. ૨૫૬/૯૦ના કામમાં રજુ કરી અને ચુકાદો ભાગ-૧ આપવા સારૂ વિનંતી કરેલ છે. આ સમાધાન પુરસીસમાં જણાવેલ શરતો જોતાં તે યોગ્ય વ્યાજબી ને ન્યાયી જણાય છે અને તે મુજબ હુકમ કરવાથી ઔદ્યોગિક શાંતી જળવાઈ રહે તેમ લાગે છે. આથી આ કામમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

૫. પક્ષકારોએ આંક ૮ ના સંયુકત સમાધાનની પુરસીસની શરતો મુજબ વર્તવું. આંક ૮ ના સંયુકત સમાધાનની પુરસીસની એક નકલ આ ચુકાદા ભાગ-૧ સાથે રાખવી. બાકીની તકરારો માટે આ બન્ને રેફરન્સોનું કામ આગળ ચલાવવા હુકમ કરવામાં આવે છે.

BEFORE HON'BLE IODUSTBIAL COURT (GUJARAT)

At Ahmedabad

Reference (IC) No. 256/90

Between

New Shorock Mills, Nadiad

Division Of Mafatlal Industries Ltd.

AND

Textile Labour Union, Nadiad.

We reqvrest the Honourable court to consolidate the refe- rence I. C. No. 254-90, reference I. C. No. 256-90 and reference I. c. No. 81 in view of the common settlement arrived gt bet- woen the New Shorrock Mils, Nadiad, Div. of : Mafatlal Indus- tries Ltd., and Textile Labour Union, Nadiad.

We enclose herewith common settlement arrived at in the above mentioned three references pending before the diffe.ent benches of the Industrial court.

Sd.

Feneral Secretary

General Manager

Textile Labour Union, Nadied

New Shorrock Mills, Nadiad
Div. Of Mafatlal Industries
Limited.

Nadiad Date : 21-2-91

INDEX

Before Honble Industrial Court (Gujarat)
At Ahmedabad

Reference (IC) No. 36-91
Between
Textile Labour Union, Nadiad.
AND
New Shorrock Mills, Nadiad
Division Of Demand by Textile Labour Union.

In the matter of Demand by Textile laOour Union, Nadiad for wage increase and Annual incremrnts to the Employees working in the Mills.

AND
Reference [Ic] No. 254-90
Between
Textile labour Union, Nadiad.
AND
New Shorrock Mills, Nadiad
Division Of Mafatlal Industries Ltd.

In the matter of Demand by Textile Labour Union Nadiad for the grant of Leave Travel Allowance to the Employees working in the Mills.

AND
Reference [IC] No. 254-90
Between
Textile Labour Union, Nadiad.

AND
New Shorrock Mills, Nadiad
Division Of Demand by Textile Labour Union, Nadiad for the grant of Leave Travel Allowance to the Employees working in the Mills.

AND
Reference IC. No. 256-90
Between
Textile Labour Union, Nadiad
AND
New Shorrock Mills, Nadiad

INDEX

Division Of Mafatlal Industries Ltd.

In the matter of Demand by Textile Labour Union, Nadiad for giving benefits of conveyance Allowance to the Employees working in the Mills.

હું જનરલ વર્કસ યુનિયન. અમદાવાદ અને અમદાવાદ ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ વર્કસ અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી. એચ. ડાંકોર, સભ્ય રુબરુ.

રેફરન્સ (આઈસી) નં. ૫૨/૯૧.

જનરલ વર્કસ યુનિયન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર.

અને

અમદાવાદ ડાઈંગ એન્ડ પ્રી. વર્કસ. બીજા પક્ષકાર.

યુનિયનની માંગણી બીજા પક્ષકાર સંસ્થામાં કામ કરતાં કામદારોને ૧૯૮૯ ૮૯/૯૦ના વરસ માટે બોનસ આપવા અંગે.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કંપનીમાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૯-૮૯/૯૦ના વરસ માટે સંસ્થામાં કામ કરતાં કામદારોને બોનસ આપવા બાબતમાં યુનિયને મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતા ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પક્ષકાર યુનિયને આંક ૬નુ પુરસીસ આપી જણાવેલ છે કે, પક્ષકારો વચ્ચે આ બાબતમાં અંદરો અંદર સમાધાન થયેલ છે અને સંસ્થાએ બોનસ ધારા મુજબનુ બોનસ ચુકવી આપેલ હોઈ યુનિયન આ રેફરન્સ આગળ

INDEX

ચલાવવા માંગતુ નથી અને તે પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે ખર્ચ બાબતમાં કોઇ હુકમ કરવારાં આવતો નથી.

સહી,
(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ.

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર.
અમદાવાદ. તા. ૩૦-૩-૯૧.

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

તા. ૨૬-૪-૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ સમક/ ૨૭૬૭૭ આરસ્યુ–સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી અને આપવામાં આવેલ સત્તાની રૂએ

હું ગુજરાત બેંક વર્કર્સ યુનિયન અમદાવાદ ધી ધર્મજ પીપલ્સ કો. ઓ. બેંક લી., ધર્મજની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧ માં મે માસના દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગીક અદાલત અમદાદ

શ્રી આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઈ. સી.) નં. ૧૨૯/૯૦

ગુજરાત બેન્ક વર્કર્સ યુનિયન, અમદાવાદ. પ્રથમ પક્ષકાર.

વિરુદ્ધ

શ્રી ધર્મજ પીપલ્સ કો. ઓ. બેંક લી., ધર્મજ (ખેડા). બીજા પક્ષકાર.

પગાર ધોરણ. નવીન માળખાતાં ગોઠવણી, ખાસ ભથ્થા, મોંઘવારી ભથ્થું. ઘરભાડું વિગેરે બાબત.

ચુકાદો

૧. સદર રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બી. આઈ. આર. એકટ નીચે નીમાયેલ સમાધાનકાર પાસેથી તા. ૧૫-૬-'૯૦ ના રોજ નિષ્ફળતાનું પ્રમાણપત્ર મેળવીને કલમ-૭૩-(ક) મુજબ દાખલ કરેલ છે. રેફરન્સમાં પ્રથમ પક્ષકાર સંઘે પગાર ધોરણો, નવીન માળખામાં ગોઠવણી, ખાસ ભથ્થા, મોંઘવારી ભથ્થું, ઘરભાડું વિગેરેની માંગણી કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પક્ષકારોએ આંક-૧૦થી સમાધાન ની પુરસીસ રજુ કરી તે મુજબ હુકમ કરવા વિનંતી કરે છે. સદરહુ આંક-૧૦

INDEX

ની સમાધાનની પુરસીસ જોતાં ને પક્ષકારોના હિતમાં હોય તેમ લાગે છે અને તે મુજબ એવોર્ડ કરવામાં કોઈ વાર સરુખું નથી તેમજ બંને પક્ષકારોને કબુલ મંજુર હોઈ અંતમાં હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૩. બંને પક્ષકારોએ આંક-૧૦ની સમાધાનની પુરસીસ મુજબ વર્તવું. આંક-૧૦ની સમાધાનની પુરસીસની એક નકલ સદરહુ હુકમ સાથે રાખવી અને તેને હુકમના એક ભાગ તરીકે ગણવી. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આંક-૧૦

ધી ધર્મજ પીપલ્સ કો. ઓ. બેન્ક લિ., ધર્મજ અને

ગુજરાત બેન્ક વર્કર્સ યુનિયન વચ્ચે થયેલ સમાધાનની શરતો.

સમાધાનની શરતો

ધી ધર્મજ પીપલ્સ કો. ઓ. બેન્ક લિ.. ધર્મજ : આ દરખાસ્તમાં હવે પછી જેનો ઉલ્લેખ "બેન્ક" તરીકે કરવામાં આવશે. અને ગુજરાત બેન્ક વર્કર્સ યુનિયન, આ દરખાસ્તમાં હવે પછી જેનો ઉલ્લેખ "યુનિયન" તરીકે કરવામાં આવશે. એમ બંને પક્ષો વચ્ચે થયેલી સમજૂતી પ્રમાણે નીચે મુજબ સમાધાન કરવામાં આવે છે

(૧) (અ) બેંકના કર્મચારીઓના પગાર ધોરણે નીચે પ્રમાણે રહેશે.

કક્ષા નં. ૧ (અ) મેનેજર, જનરલ મેનેજર	:	બોર્ડ નક્કી
(બ) આસિ. મેનેજર, એક. ઓફિસર	:	કરે તે મુજબ
કક્ષા નં. ૨ સિ. મ. ઓફિસર	:	૩૭૫-૨૫-૫૦૦-૩૦ ૬૫૦-૪૦-૮૫૦-૫૦ ૧૧૦૦.
કક્ષા નં. ૩ જુનિ. ઓફિસર	:	૨૩૦-૨૦-૩૩૦-૨૫ ૪૫૫-૩૦-૬૦૫-૩૫ ૭૮૦.

INDEX

કક્ષા નં. ૪ નોન સબોર્ડીનેટ સ્ટાફ : ૧૯૦-૧૦-૨૪૦-૧૫
૩૧૫-૨૦-૪૧૫-૨૫
૫૪૦-૩૦-૬૯૦.

કક્ષા નં. ૫ સબોર્ડીનેટ સ્ટાફ : ૧૧૦-૮-૧૫૦-૧૦
૨૦૦-૧૨-૨૬૫-૧૫
૩૩૫.

(બ) ઉપર જણાવેલ કક્ષાઓમાં નીચે પ્રમાણેના હોદ્દાઓનો સમાવેશ થશે.

કક્ષા નં. ૧ (અ) જનરલ મેનેજર, મેનેજર

(બ) આસિ. મેનેજર, એડ. ઓફિસર.

કક્ષા નં. ૨ એકાઉન્ટન્ટ, લોન સુપ્રિન્ટેન્ડન્ટ, બ્રાન્ચ મેનેજર.

કક્ષા નં. ૩ આસિ. એકાઉન્ટન્ટ ચેકીંગ ઓફિસર.

કક્ષા નં. ૪ કલાર્ક, કેશીયર, ગોડાઉન કી પર ટાઇપીસ્ટ, કસ્ટોડીયન, કુલી. કલાર્ક કોમ્પ્યુટર ઓપરેટરો

કક્ષા નં. ૫ પટાવાળા, વોચમેન ડ્રાયવર કમ પટાવાળા.

(૨) નવીન આળખામાં ગોઠવણી :

(અ) નવીન માળખામાં ગોઠવણીમાં સ્ટેજ ટુ સ્ટેજ કરવામાં આવશે અને બેન્ક આપેલા બસીસના ઇજાફા અલગ ગણવામાં આવશે.

(બ) વાર્ષિક ઈન્ક્રીમેન્ટ : દરેક કર્મચારીને વાર્ષિક ઈન્ક્રીમેન્ટ સહકારી વર્ષ પુરૂ થયા પછીના માસથી આપવામાં આવશે.

(ક) શૈક્ષણિક લાયકાત માટે સ્ટેજ ટુ સ્ટેજ ફીટમેન્ટ ઉપરાંત નીચે જણાવ્યા પ્રમાણે પુરસ્કાર આપવામાં આવશે.

(૧) એલ. ડી. સી. અથવા સી. એ. આઈ.

આઈ. બી. પાર્ટ-૧ પાસ. ૧ પુરસ્કાર.

INDEX

(૨) સ્નાતક-અનુસ્નાતક, સી. એ. આઈ.

આઈ. સી. પાર્ટ-૨ પાસ. ૨. પુરસ્કાર.

(૩) જી. ડી. સી. એન્ડ એ., એચ. ડી. સી.

પૈકી ગમે તે એક અથવા વધુ લાયકાત માટે. ૩. પુરસ્કાર.

(૪) તમામ શૈક્ષણિક લાયકાત માટે વધુમાં વધુ

બે પુરસ્કાર છૂટાછૂટા આપવામાં આવશે.

(૩) ખાસ ભથ્થા :

નીચેના હોદ્દાઓનું કામ કરનાર કર્મચારીઓને જે તે હોદ્દાની કામગીરી માટે તેની સામે જણાવ્યા મુજબ માસિક ખાસ ભથ્થા આપવામાં આવશે.

(૧) કેશીયર	– રૂ. ૫૦.
(૨) ટાઈપીસ્ટ	– રૂ. ૨૦
(૩) કસ્ટોડીયન	– રૂ. ૨૫
(૪) હેડ પ્યુન	– રૂ. ૧૫.

સ્પેસ્યલ એલાઉન્સવાળી જગ્યાએ સીનીયોરીટી મુજબ આપવામાં આવશે. જે ખાસ ભથ્થુ મેળવતો કર્મચારી રજા ઉપર હોય તેની જગ્યાએ કામ કરનારને કામના દિવસોના પ્રમાણમાં ભથ્થુ આપવામાં આવશે.

કોઈ પણ એક કરતાં વધુ માસિક ખાસ ભથ્થા, મેળવવા પાત્ર થતો હોય તો જે ખાસ ભથ્થુ વધારે હોય તે એક જ ખાસ ભથ્થુ મેળવી, શકશે. ખાસ ભથ્થુ મેળવતો કર્મચારી સળંગ એક એક માસથી વધુ સમય માટે રજા ઉપર હોય તો ત્યારે તે ખાસ ભથ્થું મેળવી શકશે નહીં.

૪. મોંઘવારી ભથ્થું

(અ) દરેક કર્મચારીને નીચેના ધોરણે મોંઘવારી ભથ્થુ આપવામાં આવશે. જે અખીલ ભારતીય શ્રમજીવી ગ્રાહક ભાવાંક ૧૯૬૦ (૧૯૬૦=૧૦૦) ના આંક સાથે જોડવામાં આવે છે.

INDEX

(બ) કક્ષા નં. ૧ થી ૪ સુધીના કર્મચારીઓ માટે સરેરાશ દર ત્રણ માસે ૧૯૬૦ ૧૦૦ ના ભાવાંક ઉપરાંત પ્રત્યેક ચાર આંક દીઠ ૩ ટકા પ્રમાણે અને કક્ષા નં. ૫ ના કર્મચારીઓ માટે ચાર ટકા પ્રમાણે મુળ પગાર તેમજ ખાસ ભથ્થાઓ ઉપર મોંઘવારી આપવાની રહેશે. આ માટે ભારત સરકાર તરફથી પ્રસિદ્ધ થતાં "ઈન્ડીયન લેબર જનરલ" અથવા ગેઝેટ ઓફ ઈન્ડીયામાં આવાંક પ્રગટ થાય છે અને આ બેંક માટેની ગુરૂત્તમ મર્યાદા બેઝીક પગાર કેટેગરી ૨-૩ ૪ માટે રૂા. ૫૦૦ અને કેટેગરી ૫ માટે રૂા. ૩૦૦ સુધીની નક્કી કરવામાં આવે છે તેને ગણત્રીમાં લેવામાં આવશે.

૫. ઓફિસીએટીંગ ભથ્થુ

કોઈપણ કર્મચારી ઉપલી કક્ષાના કર્મચારીની કામગીરી કરવાના પ્રસંગે જે કર્મચારીની જગ્યાએ કામગીરી ૭ દિવસ કે તેથી વધુ કરી હોય તેના મુળ પગારના અથવા પોતાના મુળ પગાર જે માંથી વધુ હોય તેના ૧૦ ટકા લેખે ઓફિસીએટીંગ ભથ્થુ મોંઘવારી સહ આપવામાં આવશે.

૬. ઘરભાડું

દરેક કર્મચારીને તેના મુળ પગારના ૧૫ ટકાની રકમ માસિક ઘરભાડા એલાઉન્સ તરીકે આપવામાં આવશે.

૭. નિભામણી ભથ્થુ

જો કોઈપણ કર્મચારીને બેન્ક તરફથી સસ્પેન્ડ કરવામાં આવે તેવા પ્રસંગે નીચેના ધોરણે હંગામી ભથ્થું આપવાનું રહેશે.

(અ) પહેલાં પંદર દિવસ માટે મુળ પગારના ૫૦ ટકા રકમ તથા મોંઘવારી ૫૦ ટકા અને પુરેપુરૂ ઘરભાડુ આપવામાં આવશે.

(બ) ૧૫ દિવસ પછીના સમય માટે ૭૫ ટકા મુળ પગાર, મોંઘવારી અને ઘરભાડુ ૧૦૦ ટકા પુરૂ આપવાનું રહેશે.

૮. ડેઈલી હોલ્ટીંગ એલાઉન્સ

બેંકના કામે કોઈપણ કર્મચારીને બહારગામ મોકલવાનો થાય ત્યારે કાયદેસરના ભાડા ઉપરાંત નીચે મુજબ દૈનિક ભથ્થુ આપવામાં આવશે.

INDEX

૧. મેનેજર આ. સિ. મેનેજર	રૂા. ૨૦
૨. ઓફિસર	રૂા. ૧૫
૩. કલાર્ક કેશીયર	રૂા. ૧૨
૪. પ્યુન	રૂા. ૭

૯. બિમારી ભથ્થું :

દરેક કર્મચારીને વાર્ષિક રૂા. ૩૦૦ મેડીકલ એલાઉન્સ દર માસના પગારમાં માસિક રૂ. ૨૫ ચુકવવામાં આવશે.

૧૦. સાયકલ એલાઉન્સ :

કક્ષા નં. ૫ના કર્મચારીઓને બેંકના કામકાજ અંગે પોતાની સાયકલ વાપરતા હશે તેને માસિક રૂ. ૧૫ લેખે સાયકલ એલાઉન્સ આપવામાં આવશે.

૧૧. ડ્રેસ તથા ડ્રેસ ધોલાઈ :

સબોર્ડીનેટ સ્ટાફને દર વરસે બે ટેરીકોટન ડ્રેસ આપવામાં આવે છે. અને તેમને માસીક રૂ. ૧૫ લેખે ધોલાઈ ખર્ચ આપવામાં આવશે.

૧૨. ઓવરટાઇમ અને કામના કલાકો :

અ. દરેક કર્મચારીએ સોમવાર સુધી ૬.૩૦ સાડા છ કલાક અને શનિવાર માટે ૪.૧૫ સવાચાર કલાકની કામગીરી કરવાની રહેશે. રિસેસ સિવાય.

બ. દરેક કર્મચારીને આખા વર્ષની ઓવર ટાઈમમાં કરવામાં આવેલી કામગીરી તથા બંને કલીઅરીંગના કામગીરી પેટે તેના બે પગાર, મુળ પગાર, મોંઘવારી તેમજ ખાસ ભથ્થા સહીત જેટલી રકમ ઓવર ટાઈમ કામ પેટે દર વર્ષે ચુકવવાની રહેશે.

દરેક કર્મચારીઓને ડીસેમ્બર માસમાં એક પગાર અને જુન માસમાં એક પગાર આખા વર્ષમાં કરેલ ઓવર ટાઈમ પેટે આપવામાં આવશે.

ક. બોનસ : બેંકની હાલની બોનસ આપવાની પદ્ધતિ ચાલુ રહે છે. મુળ વાર્ષિક પગાર + મોંઘવારી ÷ સ્પે. એલાઉન્સ ૨૦ ટકા

INDEX

૧૩. તાલીમ :

કોઈપણ પ્રકારની બેન્કીંગની કે સહકારી તાલીમ માટે બેન્ક સૌથી સિનિયર માણસને પસંદગી આપશે. તાલીમમાંથી કર્મચારીને તાલીમના સમય દરમિયાન પુરો પગાર, મોંઘવારી તેમજ ઘરભાડું મળશે. તાલીમમાંથા કર્મચારીને તાલીમના અનુસંધાનમાં પ્રેકટીકલ તાલીમ માટે બહાર જવું પડે તે બદલ તેને દૈનિક ભથ્થું આપશે. જે કોઈ કર્મચારી બદલી સ્વીકારવાની ના પાડે અથવા વજુદવાળા કારણો સિવાય તાલીમમાં જવાની ના પાડે તેને તાલીમ માટે પસંદ કરવામાં આવશે નહીં.

૧૪. રજાઓ અને તે અંગેના નિયમો :

૧. હકક રજા :

દરેક કર્મચારીને તેના નોકરીના દર એક તે ૩૦ દિવસ લેખે હકક રજા પાળશે. એવી ૧૮૦ દિવસથી વધુ રજા એકત્ર કરી શકશે નહીં. હકક રજા ૧૮૦ દિવસ સુધી એકત્ર થઇ હોય ત્યારે કર્મચારી તેમાંથી વધારા રજાઓ જેટલો હિસ્સો રોકડમાં ફેરવી શકશે. હકક રજા માંગનાર કર્મચારીને રજા શરૂ થવાની હોય તે પંદર દિવસ પહેલાં લેખીત માંગણી કરવાની રહેશે. તાકીદની જરૂરીયાત વખતે આ મુદતનો બાધ રહેશે નહીં, રજા લેખીત મંજુર ઠરાવેલ ના હોય તે મંજૂર ગણી શકાશે નહીં. બેન્ક જો કોઈપણ સંજોગોમાં રજા ના મંજૂર કરે તો નામંજુરીના કાયમી કર્મચારીને લેખીત આપવાનું રહેશે અને નામંજુર કરેલ રજાઓ ૧૮૦ દિવસની મર્યાદા ઉપરાંત એકત્ર કરી શકાશે. જે કર્મચારી રીટાયર્ડ થાય ત્યારે તે ભોગવી શકશે અગર રોકડમાં ફેરવી શકશે.

૨. માંદગીની રજા :

દરેક કર્મચારીને દર વર્ષે ૧૫ દિવસની માંદગીની રજા પુરા પગારે મળશે. જે ૧૮૦ દિવસ સુધી એકત્ર કરી શકશે. અને વધારાની રજા લેપ્સ થશે. જે કોઈ કર્મચારી પાસે એકત્રીત રજા ન હોય તેને અસાધારણ સંજોગોમાં રજા જોઈતી હોય તો ૬ માસ સુધીના અડધા પગારે બોર્ડને યોગ્ય લાગે તો આવી રજા આપવાની રહેશે. ચઢેલ રજાઓ રીટાયર્ડ થતી વખતે ભોગવી શકશે. સી કલીવ રોકડમાં રૂપાંતર થઈ શકશે નહીં મેટરનીટી લીવ સરકારના નિયમ મુજબ આપવાની રહેશે.

INDEX

૩. આકસ્મીક રજા :

દરેક કર્મચારીને વર્ષની ૧૫ દિવસ પુરા પગારે આકસ્મીક રજા મળી શકશે. વર્ષના અંતે નહી વપરાયેલી આકસ્મીક રજાઓનું માંદગીની રજામાં રૂપાંતર કરવામાં આવશે. જે માંદગીની રજામાં રૂપાંતર કરવામાં આવશે જે માંદગીની ૧૮૦ દિવસની મર્યાદા ઉપરાંતની ગણાશે. આકસ્મીક રજાઓ એક સાથે પાંચ દિવસથી વધુ મળી શકશે નહી. અનિવાર્ય સંજોગો સિવાય એક દિવસ અગાઉ રીપોર્ટ મુકવાનો રહેશે. રજા મંજુર કરાવ્યા પછી જ રજા ઉપર જવાનું રહેશે.

૪. બીન પગારી રજા :

કર્મચારી પાસે કોઈપણ પ્રકારની રજા જમા ન હોય તો ખાસ સંજોગોમાં બીન પગારી રજાની માગણી કરી શકશે. એવી રજા નોકરી દરમ્યાન એક વર્ષથી વધુ મળી શકશે નહીં. પરંતુ એક સાથે ત્રણ માસ સુધીની રજાની માંગણી કરી શકશે આવી રજા જે કર્મચારીને ૫ વર્ષથી વધુ નોકરી પુરી કરી હશે તેને યોગ્ય કારણોસર બોર્ડની મંજુરીથી મળી શકશે.

૫. દર વર્ષે જુન માસના અંતે દરેક પગારની રજાઓ કર્મચારીના રજાના ખાતામાં જમા કરવામાં આવશે.

(૬) કર્મચારી નિવૃત્તિ વયે રીટાયર્ડ થાય, રાજીનામુ આપે અથવા બેન્ક છુટા કરે તેવા પ્રસંગે તેના ખાતે જમા રહેલી તમામ પ્રકારની રજાઓનો પગાર એન્કેશ કરી શકશે અગર છુટા થતા પહેલાં રજા ભોગવી શકશે. કોઈપણ પ્રકારની રજાઓ એર્જન્ટ રીતે લઈ શકશે નહીં. અનિવાર્ય સંજોગો સિવાય આ માટે એક દિવસ અગાઉ જાણ કરવી.

૧૫. અગ્રતા ક્રમ સિનિયોરીટી લાસ્ટ :

બેંક તરફથી દરેક કક્ષા માટે કક્ષાવાર અગ્રતાક્રમ યાદી દર વર્ષે સહકારી વર્ષ પુરૂ થયા પછીના માસમાં તૈયાર કરવામાં આવશે. અગ્રતા ક્રમ દાખલ થયા તારીખથી ગણાશે. અગ્રતાક્રમ માટે નીચે જણાવ્યા પ્રમાણે ગુણાંક પધ્ધતિનો અમલ કરવાનો રહેશે.

(૧) પહેલા દશ વર્ષના નોકરી માટે દર એક વર્ષ માટે ૧ ગુણ.

INDEX

(૨) દશવર્ષ ઉપરાંતની નોકરી માટે દર એક વર્ષ માટે ૨ ગુણ.

(૩) એલ. ડી. સી., સી. એ. આઈ. બી. ભાગ-૧ માટે ૧ ગુણ.

(૪) સ્નાતક એચ. ડી. સી., જી. ડી. સી. એ.
આઈ. બી. ભાગ-૨ વિશ્વ વિદ્યાલયનો
સહકારી ડિપ્લોમાં માટે... ૨ ગુણ

(૫) ડબલ ગ્રેજ્યુએટ અનુસ્નાતક અગર સ્નાતક સાથે
જી. ડી. સી, એ. અથવા એચ. ડી. સી. અથવા
સી. એ. આઈ. આઈ. બી. ૩ ગુણ

નોંધ : બઢતી પામેલ કર્મચારી નવીન કક્ષામાં જ્યારથી બઢતી મેળવે ત્યારથી તે કક્ષામાં તેની અગ્રતા શરૂ થશે.

૧૬. બઢતી અંગે નિતી

(૧) ઉપલી કોઇપણ કક્ષામાં જગ્યા ખાલી પડે અથવા જગ્યા ઉભી કરવામાં આવે ત્યારે તેવી કક્ષાની તાત્કાલીક ઉત્તરથી કક્ષામાંથી જે કર્મચારી અગ્રતાક્રમમાં અગ્ર હશે તેને બઢતી આપવામાં આવશે પરંતુ એક સરખી દાખલ તારીખ ધરાવતી એક કરતાં વધુ વ્યકિતઓ બઢતી મેળવવા પાત્ર હોય તેવા સંજોગોમા લેખીત કસોટી દ્વારા કોને બઢતી આપવી તે બેંક નકકી કરશે.

(૨) બઢતી આપતી વખતે કર્મચારીની ઉપલી કક્ષામાં પગાર નકકી કરવા માટે તેના મુળ પગારને ઉપલી કક્ષાના જે તબકકે બંધ બેસતી હોય ત્યાં ગોઠવવી. જો રકમ બરાબર બંધ બેસતી ન હોય તો તે પછીના તબકકામાં ગોઠવવી. અને ત્યાર બાદ બઢતીના બે ઇજાફા તેમાં ઉમેરવામાં આવશે અને આ રીતે નકકી થતો પગાર બઢતી બાદનો પગાર ગણાશે.

(૩) બઢતીની તારીખથી ત્રણ માસ સુધી બઢતી પામેલ કર્મચારી બઢતીની જગ્યાએ અજમાયશી તરીકે રહેશે. આ સમય પુરો થાય તે પહેલાં કર્મચારી પોતાની મુળ જગ્યાએ જવા લેખીત ઈચ્છા વ્યકત કરે તો તેને તેના મુળ સ્થાને મુકી શકાશે. તેમજ આ સમય દરમ્યાન બઢતી પામેલ કર્મચારીનું કામ બેંકને સંતોષકારક ન લાગે તો. બેન્ક પણ આવા કર્મચારીને સમય મર્યાદા પુરી થતા મુળ સ્થાને લાવી શકશે.

INDEX

(૪) જો કોઈ કર્મચારી નક્કર કારણ સિવાય બઢતી સ્વીકારે નહી તો તેવા કર્મચારી બઢતી માટેનો પોતાની અધિકાર ભવિષ્ય માટે ગુમાવશે.

૧૭. પ્રોવીડન્ડ ફંડ–

પ્રો. ફંડમાં કર્મચારીનો ફાળો તેના પગારમાં શ્રી પગાર + ભાગ-૨ રૂપે. એલા. ઉપર ૧૦ ટકા પ્રમાણે રહેશે અને બેન્ક પણ એટલે જ ફાળો ઉમેરશે. પ્રો ફંડ અંગેની યોજના હાલની પ્રથા મુજબ ચાલુ રહેશે. પરંતુ કાયદામાં ફેરફાર થાય તો તે મુજબ ફેરફાર કરવાનો રહેશે.

૧૮.. ગ્રેજ્યુઇટી યોજના–

બેન્કની હાલમાં જે વિમા કંપની સાથે સંયોજીત ગ્રેજ્યુટીઇની પ્રથા ચાલુ રહેશે.

અથવા

નીચે પ્રમાણે ગ્રેજ્યુઈટી યોજના દરેક કર્મચારીને લાગુ પડશે અને તે તેના લાભ માટે નીચેની યોગ્યતા ગણાશે.

(૧) નોકરી દરમ્યાન મૃત્યુ અથવા શારીરિક કે માનસિક અકસ્માત માટે જો એક વર્ષની નોકરી થઇ હોય તો.

(૨) પાંચ વર્ષની પુરી થયેલ નોકરી બાદ નિવૃત્તિને કારણે સ્વૈચ્છીક રાજીનામુ આપવાના કારણે અથવા બરતરફીના સંજોગોમાં.

(૩) ગ્રેજ્યુઇટી દર વર્ષની પુરી નોકરી માટે છેલ્લા એક માસનો મેળવેલ પુરો પગાર (પગાર મોંઘવારી) મુજબ પરંતુ વધુમાં વધુ ૨૦ પગાર જેટલી આપવાની રહેશે. (છેલ્લા માસના પગાર ૨૦ પગાર વધુમાં વધુ .

નોંધ : જો કોઈ કર્મચારીને હિસાબમાં ગોટાળો આ ઉચાપત માટે બરતરફ કરવામાં આવે તો તે કર્મચારીના આવા કૃત્યથી જે નુકશાન થયું હોય તે રકમ બાદ કરીને ગ્રેજ્યુઈટી ચુકવવામાં આવશે.

૧૯. અજમાયશી તથા કાયમી ;

અજમાયશી (પ્રોબેશન) પર લેવાયેલ કર્મચારીની ૬ માસ સુધીનો અજમાયશી તરીકેનો સમય પુરો થાય તો પહેલાં નોકરીમાં રદ ન કરવામાં આવેલ હોય તો તે કર્મચારી આપોઆપ નોકરીમાં કાયમ થયેલો ગણાશે.

INDEX

૨૦. નિવૃત્તિ વય મર્યાદા ૫૮ વર્ષની રહેશે. ત્યાર બાદ બેંકની બોર્ડ ૨ વર્ષ સુધી વધારો કરી શકશે પરંતુ ૬૦ વર્ષની વય થયે નોકરીમાં ચાલુ રહી શકાશે નહી. ૨૦ વર્ષની નોકરી કર્યા બાદ કર્મચારી સ્વૈચ્છી નિવૃત્તિ થઈ શકશે.

૨૧. આ સમાધાન અંગે કોઇપણ વિવાદ ઉભો થાય ત્યારે બેંક અને યુનિયન ચર્ચા કરી તેનો નિવેડો લાવશે. વાટાઘાટોથી નિવેડો ન આવે તો ઉભય-પક્ષે થયેલ સમજૂતિ અનુસાર ઉકેલ લાવવાના પગલાં લેવાશે.

૨૨. આ સમાધાન દ્વારા કોઈપણ કર્મચારીને કોઈપણ બાબતમાં અવળી અસર થતી હોય અથવા નુકશાન થતું હોય તેવા સંજોગોમાં અગાઉ મળતી વધુ સારી સવલત મળતી ચાલુ રહેશે.

૨૩. આ સમાધાન તા. ૧-૪-૯૧ થી અમલમાં આવશે. તને તા. ૩૧-૧૨-૯૩ સુધી અમલમાં રહેશે.

૨૪. સમાધાન અમલ દરમ્યાન બેંકને વધારાનો બોજો પડે તેવી માંગણી યુનિયન તથા કર્મચારીઓ દ્વારા રજુ કરવામાં આવશે નહીં. આ સમાધાનમાં બેંક શબ્દ વપરાયેલ છે ત્યાં બેંક એટલે બેંકનું, સંચાલક મંડળ તેમ સમજતું.

સહી

તારીખ ૨૫-૩-૯૧
સ્થળ : ધર્મજ.

સહી
મેનેજીંગ ડીરેકટર
ધી ધર્મજ પીપલ્સ કો. ઓ. બેંક લિ.,
ધર્મજ

સહી
બી. જે. પંડયા
જોઇન્ટ સેક્રેટરી
ગુજરાત બેંક વર્કર્સ યુનિયન
નડીયાદ.

સહી
ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
તા. ૧૨-૪-૯૧.
અમદાવાદ

સહી
ર. શિ. શુકલ
(આર. એસ. શુકલ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
અમદાવાદ

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

તા. ૪-૫-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૬૮૭ આરયુ-સને. ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું અસારવા મીલ્સ લી. અમદાવાદ અને ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ સમાધાન અધિકારીશ્રી બી. બી. ઠાકરની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સને ૧૯૯૧ ના દિને, આથી નોંધ કરું છું.

INDEX

નંબર : ૨૪૪૩ રા. ૧૦-૦૦
તારીખ : ૪ માહેર સને ૧૯૯૧
નામ : અસારવા મીલ્સ
ઠેકાણું : અસારવા રોડ, અમદાવાદ
લક્ષ્મણભાઈ માણેકલાલ પટેલ
વા : નં. એસ. બી/૧૫૬/૧૯૮૮
અમદાવાદ મીરઝાપુર કોર્ટના સણંદી
લેનારની સહી : અસારવા મીલ્સ

વતી
પી. કે. શાહ

સમાધાનકાર શ્રી બી. બી. ઠાકર સમક્ષ
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-૧૯૪૬
સમાધાનનું ખતપત્ર
કેસ નં. બી. આર. સી. નં. ૨૧/૯૧
પક્ષકારોના નામ

મિલમાલિકોના પ્રતિનિધિ :	શ્રી સાગરમલ આર શર્મા મેનેજરશ્રી, અસારવા મીલ્સ અમદાવાદ.
કામદારોના પ્રતિનિધિ :	શ્રી મનહરભાઈ પટેલ મંત્રીવતી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન અમદાવાદ.

કેસની ટૂંકી વિગત

તા. ૯-૧-૧૯૯૧ ના રોજ ઉપરોક્ત સંસ્થાના વ્યવસ્થાપક નમૂના "ક" માં સુતરાઉ કાપડ ઉદ્યોગ માટે અમદાવાદ શહેરના સ્થાનિક વિસ્તારમાં પ્રતિનિધિત્વ ધરાવતા અને માન્યતા ધરાવતા ઉપરોક્ત મંડળને મીલ્સ કું. તેના વ્હોઈન્ડ ખાતામાં શાળ ખાતુ બંધ થવાથી પ્રોડક્શનમાં થયેલ ઘટાડાના કારણે ૨ (બે) જગ્યા કમી કરવા માંગે છે તે અંગેની માંગણી કરવી ફેરફારની નોટીસ આપી હતી. સદરહુ બાબતમાં પક્ષકારો વચ્ચે કરાર નહિં થઈ શકવાથી સદરહુ

સંસ્થાએ તા. ૨૩-૧-૧૯૯૧ ના રોજ સમાધાનકારને નમૂના "એન" માં અહેવાલ મોકલી આપ્યો હતો, જે તા. ૫-૨-૯૧ ના રોજ સમાધાનકારને મળ્યો હતો અને તા. ૧૧-૨-૯૧ ના રોજ સમાધાનકારના પત્રકમાં નોંધવામાં આવ્યો હતો. સદરહુ બાબતમાં સમાધાનની કાર્યવાહી જે વખતોવખત બન્ને પક્ષકારોની સંમતિથી મુલતવી રાખવામાં આવી હતી તે તા. ૨૧-૨-૯૧ થી તા. ૬-૪-૯૧ સુધી ચાલી હતી, જેમાંની છેલ્લી તારીખે બન્ને પક્ષો વચ્ચે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમન ૧૯૪૬ની કલમ ૫૮ (૧) મુજબ નીચે પ્રમાણે સમાધાન થયું છે.

આ સાથે જોડેલ પરિશિષ્ટ મુજબ

સમાધાનની શરતો

(૧) મીલ્સ કંપનીનું સાદુ શાળ ખાતું બંધ થવાથી બ્લોરૂમ ખાતામાં કામગીરી ઘટવાથી નીચે જણાવ્યા મુજબ ૨૨ કાયમી જગ્યામાંથી ૩ કાયમી જગ્યા કમી કરશે અને ૧૯ કાયમી કારીગરનું સંખ્યાબળ જાળવશે.

કાયમી જગ્યા કમી કરવાની વિગત

હોદ્દો	કાયમી સંખ્યા			કમી કરવાની સંખ્યા			બાકી રહેલ સંખ્યા			કુલ
	પહેલી	બીજી	ત્રીજી	પહેલી	બીજી	ત્રીજી	પહેલી	બીજી	ત્રીજી	
રોટર સ્કચર ટેન્ડર	૨	૨	૨	—	—	—	૨	૨	૨	૬
,, લેટીસ ફીડર	૧	૧	૧	—	—	—	૧	૧	૧	૩
એન. એસ. ઈ										
સ્કચર ટેન્ડર	૨	૨	૨	૧	૧	૧	૧	૧	૧	૩
,, લેટીસ ફીડર	૧	૧	૧	—	—	—	૧	૧	૧	૩
તેલવાળા	૧	૧	૧	—	—	—	૧	૧	૧	૩
રોવીંગ વેસ્ટ ઓપનર	૧	—	—	—	—	—	૧	—	—	૨
	૮	૭	૭	૧	૧	૧	૭	૬	૬	૧૯
	કુલ-૨૨						કુલ-૧૯			

(૨) મીલ્સ કંપનીમાં ઉપર મુજબ જે ત્રણ જગ્યા કમી કરવાની છે તે પૈકી બે કારીગરોને વળતરથી છુટા કરવામાં આવશે, જ્યારે બીજા કારીગરને

INDEX

અન્ય ખાતામાં મજુર મહાજન સંઘની સંમતિથી ફેરવવામાં આવશે, અને આ પ્રમાણેનો ફેરફાર થવાથી બ્લોરૂમ ખાતાનું કાયમી સંખ્યાબળ હાલમાં જે ૨૨નું છે તે આ સમાધાનથી ૧૯નું રહેશે (ત્રણેયપાળીનું) એમ બન્ને પક્ષકારો સ્વીકારે છે.

(૩) મીલ્સ કંપનીમાં આ પ્રમાણે ફેરફાર થવાથી રીટર સ્કચર ટેન્ડર જે બે છે તે પૈકી એક ટેન્ડર–બે લેટીસ ફીડર તથા રીટર સ્કચર ટેન્ડર મળી ત્રણ કારીગરને બે વખત રીસેસ છોડાવશે, આમ થવાથી જે શ્રમબોજ વધશે તેના માટે મીલ્સ કંપની રૂ. ૨૬/– (માસિક ૨૬ દિવસના) બેઝીકમાં ઉમેરી આપી તેના તેના પર તમામ લાભો આપશે અને આ રીતે ત્રણેયપાળીમાં છોડાવવાનું રહેશે. (ત્રણેયપાળીના સ્કચર ટેન્ટરે) તેમજ રીટર સ્કચર ટેન્ટર અને સદર મશીનના લેટીસ ફીડર એમ ત્રણેય ભેગા મલીને દરરોજ ત્રણેયપાળીમાં સદર મશીનની તેમની પાળીમાં સફાઈ કરશે.

તેવી જ રીતે એન. એસ. ઈ. ના સ્કચર ટેન્ટરને ત્રણેયપાળીમાં જે તે પાળીના તેલવાળા બે વખત રીસેસમાં છોડાવશે, જ્યારે તે મશીનના લેટીસ ફીડરને આજ કલમમાં ઉપર જણાવ્યા મુજબ જે તે પાળીના રીટર સ્કચર ટેન્ટર છોડાવશે. આમ થવાથી જે તેલવાળાને બે વખત રીસેસ છોડાવવાની છે તેમને વધેલ શ્રમબજો જ અંગે દૈનિક રૂ. ૦–૭૫ પૈસા બેઝીકમાં ઉમેરી તેના પર તમામ લાભો આપવામાં આવશે, જ્યારે સદર મશીનની સફાઈ એન. એસ. ઈ. ના ટેન્ટર તેમજ લેટીસ ફીડર અને તેલવાળા એમ ત્રણેય જણ ભેગા થઈને દરરોજ ત્રણેયપાળીમાં સફાઈ કરશે.

આ ઉપરાંત કલમ (૧) ની કેટેગરીમાં દર્શાવેલ સંખ્યાના કાયમી કામદારો હાલમાં જે કામગીરી બજાવે છે તે તમામ પ્રકારની કામગીરી બજાવવાની ચાલુ રાખી ઉપરની કામગીરી બજાવશે, અને આ ખાતુ હાલમાં જે રીતે સાતેયદિવસ તેમ ચાલુ રહેશે એમ બન્નેય પક્ષકારો સ્વીકારે છે, તદુપરાંત આ સમાધાનથી એન. એસ. ઈ. મશીનના સ્કચર ટેન્ટરનો શ્રમબોજ પણ વધતો હોવાથી તેઓને રૂ. ૩૯/- માસિક (૨૬ દિવસના) બેઝીકમાં ઉમેરી તેના પર તમામ લાભો આપશે તથા ઉપર મુજબના તમામ લાભો કાયમી કારીગરોની ગેરહાજરીમાં જે બદલીવાળા કામ કરશે તેમને તે દિવસ પુરતો આપવામાં આવશે.

(૪) સદર ત્રણ કાયમી જગ્યા પૈકી ૧ જગ્યા અન્ય ખાતામાં ટ્રાન્સફર કરીને કરશે, જ્યારે બાકીની ૨ જગ્યા નીચે જણાવ્યા પ્રમાણે કમી કરી શકશે.

INDEX

ટ્રાન્સફરવાળી જગ્યાના પગારમાં કોઈ ઘટાડો થશે નહિ, પરંતુ વધારે પગાર હશે તો તે મુજબ આપશે.

(અ) સદરહુ જગ્યા કમી કરવા માટે મજુર મહાજન સંઘ (ટી. એલ. એ.) મારફતે મળેલા રાજીનામા સ્વીકારીને અથવા વયમર્યાદાથી, મરણ થવાથી કે બન્નેય કારણસર ખાલી જગ્યા પુરવાના બદલે મજુર મહાજન સંઘની (ટી. એલ. એ.) સંમતિથી તેવી જગ્યા કમીકરી શકશે.

(બ) કમી થતી જગ્યાના હોદ્દાના કારીગરના રાજીનામાને બદલે અન્ય કેટેગરી કે ખાતામાંથી રાજીનામું મળશે તો મજુર મહાજન સંઘની (ટી. એલ. એ) સંમતિથી લાગતા વળગતા કારીગરોની ફેરગોઠવણી કરીને કમી કરી શકશે. આમ થવાથી કોઈ કારીગરને મળતા પગારમાં ઘટાડો થશે નહિં, જો મીલ કંપનીને પૂરતા રાજીનામાં નહિં મળે તો વચગાળાના સમયમાં વધતા કારીગરોને ખાતામાં કે અન્ય ખાતામાં વૈકલ્પિક કામગીરી સોંપવાથી કે કારીગરોની ફેરગોઠવણી કરવાથી કોઈ કારીગરના પગારમાં આધ પડતી હશે તો તેઓને અંગત પગાર તરીકે ભરી આપવામાં આવશે.

(૫) આ સમાધાન હેઠળ કાયમી જગ્યા કમી કરવા માટે છુટા થતા કારીગરોને તેમના કાયદેસરના તમામ હક્કો જેવા કે આઈ. ડી. એક્ટ હેઠળ બેકારી વળતર, ઘરભાડા સહિત, પેમેન્ટ એ.ફ ગ્રેજ્યુઈટી એક્ટ હેઠળની ગ્રેજ્યુઈટી તથા વણભોગવેલ રજાના નાણાં ચુકવી આપશે તથા પ્રોવીડન્ડ ફંડની રકમના બન્નેય ફાળા મળે તે માટે આઈ. ડી. એક્ટની કલમ ૨ (૦૦) હેઠળ વ્યવસ્થા કરશે, જ્યારે જે તે વર્ષની બાકી બોનસ અન્ય કારીગરોને જ્યારે ચુકવવામાં આવશે ત્યારે આપવામાં આવશે.

(૬) આ સમાધાનના અમલ કે અર્થઘટનમાં જો કોઈ મતભેદ પડશે તો તેનો નિકાલ બન્ને પક્ષકારો ભેગા મળીને કરશે જે લાગતા વળગતા તમામ કામદારોને બંધનકર્તા રહેશે.

(૭) આ સમાધાન થવાથી આ અંગેના અગાઉના કરાર, સમાધાન કે એવોર્ડમાં તેટલા અંશે આપોઆપ સુધારો થયેલો ગણવામાં આવશે.

(૮) આ સમાધાનનો અમલ તા. ૧૦-૧-૯૧ થી કરવામાં આવશે.

INDEX

અમદાવાદ
તા. ૬-૪-૯૧

ફેક્ટરી મેનેજર
અસારવા મીલ્સ લીમીટેડ
અમદાવાદ

સમાધાનકાર
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ
અમદાવાદ

મંત્રીશ્રી
ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન
અમદાવાદ.

સાક્ષી

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ
અમદાવાદ

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/અ/શ્રમક/૨૭૬૭૦ આથી-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ અને નેશનલ કલોથ એન્ડ પ્રિન્ટીંગ વર્કસ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧મા એપ્રિલ માસના ૨૬મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ.
શ્રી વી. એચ. ઠાકોર સભ્ય રુબરુ.
રેફરન્સ (આઈસી) નં. ૨૧/૯૧.

સેક્રેટરી, જનરલ વર્કર્સ યુનિયન,

ગાંધી મજુર સેવાલય, ભદ્ર, અમદાવાદ.

..અરજદાર

વિરૂદ્ધ

મેનેજરશ્રી,

નેશનલ કલોથ એન્ડ પ્રીન્ટીંગ વર્કસ, અમદાવાદ.

સને ૧૯૮૯/૮૯-૯૦ના વર્ષનું બોનસ આપવા અંગે.

..સામાવાળા

ઉદ્યોગ : કોટન ટેક્ષટાઈલ.

ચુકાદો

૧. અરજદાર યુનિયને સામાવાળા કંપનીમાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૯/૮૯-૯૦ના વર્ષનું બોનસ ચુકવી આપવા બાબતમાં ફેરફારની નોટિસ આપી આ રેફરન્સ ઉપસ્થિત કરેલો છે.

૨. અરજદાર યુનિયને આંક-૭ની પુરસીસ આપી જણાવેલ છે કે, આ રેફરન્સમાં નામદાર અદાલત બહાર સમાધાન થઈ ગયેલ હોવાથી તેઓ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત ન હોવાથી હું મારો છેવટનો હુકમ નીચે મુજબ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(પી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

વી. ન. પટેલ
રજીસ્ટ્રાર,
અમદાવાદ તા. ૩૦-૩-૯૧.

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ.

અમદાવાદ
તા. ૨૬-૪-૯૧

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક ૨૭૬૭૯ આરયુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને અંબીકા મીલ્સ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૮૧ માં મે માસના દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, રાજ્ય અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈસી) નં. ૨૫૬/૮૨.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન,
ભદ્ર. અમદાવાદ.
પ્રથમ પક્ષકાર.

અને

અંબીકા મીલ્સ, અમદાવાદ.
બીજા પક્ષકાર.

યુનીયનની માંગણી ઈજનેર મીકેનીક ખાતામાં સ્થોરીફીકેશન પ્લાન્ટ ઉપર કામ કરતાં કામદારોને ચામડાંના બુટ આપવા અંગે.

ઉદ્યોગ કોટન ટેક્ષટાઈલ

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજાપક્ષકાર મીલ કંપનીમાં ઈજનેર મીકેનીક ખાતામાં કામ કરતાં કામદારોને પ્યારીફેશન પ્લાન્ટ ઉપર કામ કરતાં કામદારોને ચામડાના બુટ આપવા બાબતમાં મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે યુનિયને યુનિયનને આંક-૧૪ થી પુરસીસ આપી જણાવેલ છે કે. સદરહુ કામના સંબધીત કામદાર ઘણા લાંબા સમયથી આવતા નથી જેથી યુનિયનની માંગણી ફરી કરવાની શરતે આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આ સંજોગોમાં હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયન ભવિષ્યમાં માંગણી ઉપસ્થિત કરી શકશે તેવા તેના હક્ક સાથે આ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સહી

બી. ન. પરેખ

રજીસ્ટ્રાર,

અમદાવાદ.

તા. ૮-૪-૯૧.

અમદાવાદ.

સહી

(વી. એચ. ઠાકોર)

સભ્ય,

ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

અમદાવાદ.

૪-૫-૯૧

INDEX

તા. ૫-૮-૯૧

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ, અધિનિયમ,
અમદાવાદ.

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક ૬/ખ/શમક ૨૭૬૮૦ આરયુ-સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-(ગુજરાત)-૭૪(૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રુએ

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ એન્ડ્રલાન્સ .મીલ્સ કું. લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧ માં મે માસના દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ

વી. વી. એચ. ઠાકોર. સભ્ય ૩૫૩.

રેફરન્સ (આઈસી) નં. ૬૯/૮૮.

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન. પ્રથમ પક્ષકાર.
ભદ્ર. અમદાવાદ.

અને

અમદાવાદ. એડ. મીલ્સ કું. લી. બીજા પક્ષકાર.

યુનિયનની માંગણી સ્પીનીંગ ખાતામાં કામ કરતા બાદર અલાબક્ષની ખોટી દાખલ તારીખ તા. ૨૦-૯-૮૫ માંથી સુધારીને તા. ૧-૧૧-૭૯ ની કરવા અંગે

[illegible] ટેક્ષટાઈલ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીમાં સ્પીનીંગ ખાતામાં કામ કરતાં સંબંધીત કામદારશ્રી ખાદર અલાબક્ષની ખોટી દાખલ તારીખ તા. ૨૦-૯-૮૫માંથી સુધારીને તા. ૧-૧૧-૭૯ની કરવા બાબતમાં મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકાર વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે યુનિયને આંક-૧૨નું પુરસીસ આપી જણાવેલ છે. કે સંબંધીત કામદાર હાલમાં મીલમાં કામ ઉપર આવતા ન હોવાથી તેમને હાજર કરી શકાય તેમ નથી અને આથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માંગતું ન હોવાથી તે પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરૂં છું.

હુકમ

૩. યુનિયન રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

વી. ન પટેલ

રજીસ્ટ્રાર,

તા. ૮-૪-૯૧

અમદાવાદ.

અમદાવાદ

વી. એચ. ઠાકોર

સભ્ય,

ઔદ્યોગિક અદાલત. ગુજરાત.

અમદાવાદ.

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ.

અમદાવાદ

તા. ૧૫૯૧

INDEX

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શ્રમક શ્રમક ૨૭૭૦૪ આરયુ–સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ–૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને અમદાવાદ ટેક્ષટાઈલ મીલ્સ એસોસીએશન અને બીજા અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧ માં મે માસના ૨૧ મા દિને આથી નોંધ કરું છું.

In the Industrial Court, Gujarat.

(Before Shri H. D. Pandya, President

Misc. Application (IC) No. 10 of 1991

In

Misc. Application (IC) No. 1 of 1988.

In

Misc. Application (IC) No. 2 of 1987.

In

Reference (IC) No. 103 of 1961 as amended from time to time.

Between

The Textile labour Association,
Ahmedabad.
And

The Ahmedabad Textile Mills' Association, Ahmedabad, and others (Mentioned in the Annexure).

In the matter of modification of the Award dated 20th January, 1988 in Misc. Appln. (IC) No. 1 of 1988.

Industry : Cotton Textile.

Suppeementary Award

This is a joint application under Section 116-A of the Bombay Industrial Relations Act, 1946, for modification of the

INDEX

Award made in Refernce (IC) No, 103 of 1961 as amended from time to time. requesting me to make an Award in terms of the settlement mutually arrived at between the parties as embodied in Annexure "A" The application has been signed by the competent persons and I find the terms of settlement to be fiar and reasonable. I, therefore. take the terms of settlement on record and make this Supplementary Award in terms of settlement Annexture "A" which is annexed hereto. No order as to costents.

Sd
N. N. Patel
Registrar
Date : 24th April 1991
Ahmedabad.

Sd
H. D. Pandya
PresiDent

અમદાવાદ.
તા. ૨૧-૫-૯૧

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

સને. ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે અધિસુચના
સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક-૬/ખ/શ્રમક/૨૭૫૮૪ આરયુ-સને. ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ- (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન, એસો. અમદાવાદ અને સીલ્વર કોટન મીલ્સ, કું. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧ માં એપ્રિલ માસના ૩જા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
શ્રી એચ. ડી. પંડયા. પ્રમુખ.
,, એન. એ. ચૌહાણ, સભ્ય અને
,, વી. એચ. ઠાકોર, સભ્યની કુલ બેંચ રૂબરૂ.
રેફરન્સ (આઈસી) નં. ૧૪૩/૯૦.

ધી ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર.
વિરૂધ્ધ
ધી સીલ્વર કોટન મીલ્સ કું. અમદાવાદ — બીજા પક્ષકાર

ચુકાદો ભાગ-૧

૧. ઉપર જણાવેલ રેફરન્સ પ્રથમ પક્ષકાર મજુર મહાજન સંઘ અમદાવાદે બીજા પક્ષકાર મીલ કંપનીમાં કામ કરતા તમામ કામદારોને લીવ ટ્રાવેલીંગ એલાવન્સ દર વરસે આપવા અંગે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની ૭૩(ક) મુજબ દાખલ કરેલ છે.

૨. ઉપરોક્ત કામમાં ઉપર જણાવેલા પક્ષકારો વચ્ચે આંક-૭થી સમાધાન થયેલ છે અને તેમાં પક્ષકારોએ જણાવેલ છે કે, ટી. એલ. એ. અમદાવાદ અને અમદાવાદ ટેક્ષટાઈલ મીલ્સ એસોશીએશન, અમદાવાદ (આત્મા) વચ્ચે રેફરન્સ (આઈસી) નં. ૧૩૪/૯૦, નં. ૧૫૭/૯૦, નં. ૧૮૫-૯૦ અને નં. ૧૮૭-૯૦માં તા. ૧-૧-'૯૧ના રોજ જે સમાધાન થયેલ છે તે સમાધાનની શરતો તેઓને મંજુર છે અને તે મુજબ આ કામમાં ચુકાદો ભાગ-૧ આપવા માટે વિનંતી કરેલ છે. સદરહુ તા. ૧-૧-'૯૧ના રોજના સમાધાનની શરતો અમોને યોગ્ય અને વાજબી જણાય છે અને તે મુજબ ચુકાદો આપવાથી ઔદ્યોગિક શાંતિ

INDEX

જળવાઈ રહે તેમ છે, જેથી તે મુજબ ચુકાદો ભાગ-૧ આપવો જોઈએ અને બાકીની દાદ પુરતો રેફરન્સ આગળ ચલાવવા રાખવો જોઈએ. આથી અમો નીચે પ્રમાણે હુકમ કરીએ છીએ.

હુકમ

૩. પક્ષકારોએ રેફરન્સ (આઇસી) નં. ૧૩૪-૯૦, નં. ૧૫૭/૯૦ ૧૮૫-૯૦ નં.૧૮૭-૯૦માં તા. ૧-૧-૯૧ના રોજ થયેલ શરતો મુજબ આ રેફરન્સની માંગણી અંગે વર્તવાનું રહેશે. સદર સમાધાનની એક નકલ તથા તારીખ ૧-૧-૯૧ના રોજ સમાધાનની એક નકલ આ હુકમ સાથે રાખવાની રહેશે, તેમજ બાકીની દાદ પુરતો સદર રેફરન્સ આગળ ચલાવવાનો રહેશે. ખર્ચ સંબંધી કોઈ હુકમ નથી.

સહી
હ. ધો. પંડયા
પ્રમુખ
સહી
નારણસિંહ ચૌહાણ
એન એ. ચૌહાણ
સભ્ય

સહી
વી. એલ. ઠાકોર
સભ્ય,

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર

અમદાવાદ તા. ૨૭-૨-૯૧

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

તા. ૩-૪-૯૧
અમદાવાદ

Befo e Hon'ble Industrial Court, Gujarat
AT AHMEDABAD.
Reference (IC) No. 143-90
Between
The Textile Labour Association, Ahmedabad.
AND

INDEX

Sarangpur Cotton Mills, Ahmedabad and six others
(Unit of G.S.T.C.Ltd; A'bad).

In the above matter, Textile Labour Association Ahmedabad (hereinafter referred to as the 'Association') and the Gujarat State Textile Corporation Ltd; Ahmedabad (hereinafter referred to as the 'Corporation') beg to submit as under :-

1. The following mills are under the Management of the Gujarat State Textile Corporation Ltd; Ahmedabad :-

1. Sarangpur Cotton Mills, Ahmedabad.
2. Silver Cotton Mills, Ahmedabad.
3. New Swadeshi Mills, Ahmedabad.
4. Manjushree Textile Mills, Ahmedabad.
5. Monogram Mills, Ahmedabad.
6. Ahmedabad Cotton Mill No. 2, Ahmedabad.
7. Sahyog Textile Mills Ahmedabad.

The Textile Labour Association and the Corporation agree to abide by the said terms of settlement as are agreed by and between the Textile Labour Association, Ahmedabad, and the Ahmedabad Textile-Mills Association, Ahmedabad, in Ref. (IC) Nos. 134/90, 157/90, 185/90 and 187/90 submitted by them as 1st Janudry, 1991. The parties, therefore, request the Hon'ble Court to make an Award in respect of the aforesaid mills as will be made in respect of the above mills of G. S. T. C. Ltd; Ahmedabad.

Dated 19-4-1991.

Advocate,

Gujarat State Textile Corpn. Ltd;
Ahmedabad.

Sd-

M. J. Joshi
For Textile labour Asson: A 'bad.

INDEX

Before Hon'ble Industrial Court (Gujarat) At Ahmedabad.

Misc. Appln. (IC) No. 2-86

Between

Textile Labour Association, Ahmedabad.

And

Ahmedabad Textile Mills Association and otoers.

In the matter of application under Section 116 A of the Bombay Industrial Relations Act, 1946, for modification of the Award dated 21-4-1948 in Ref. (IC) No. 18-47 as modified from time to time including the awards in misc. appln. No. (IC) 2-74 Misc. Appln. (IC) No. 10-79 and 13-79.

And

Ref. (IC) No. 134-90

Between

Textile Labour Associatation, Ahmedabad

And

Ahmedabad Tetixle Mills' Association, Ahmedabad

In the matter of demand by Textile Labour Association for the grant of Leave Travel Allowance to the emlyoyees working in the mills.

And

Reference (IC) No. 157 of 1990 :

Between

Textile Labour Association, Ahmedabad

And

Ahmedabad Textile Mills Association and others :

In the matter of demand by Textile Labour Association for giving benefits of Conveyance Allowance to the employees, clerical staff etc.

And

Reference (IC) No. 185 of 1990 :

Between

Textiie labour Association, Ahmedabad.

INDEX

And

Ahmedabad Textile Mills association and others

In the matter of demand by Textile labour association for grant of Conveyance allowance to the Technical, Supervisory, and Officers Staff :

and

Reference (IC) No. 187 of 1990

Between

Textile labour association, ahmedabad

and

ahmedabad Textile Mills association and others

In the matter of demand by Textile labour association for grant of convayance allowance to the technical, supervisory and officers staff.

And

Reference (IC) No. 187 of 1990

Between

Textile Labour Association, Ahmedabad

And

Ahmedabad Textile Mills' Association and others

In the matter of demand by Textile Labour Association for grant of leave travel allowance to the technical, supervisory and officers staff.

The parties beg to point out that this Hon'ble Court has been pleased to give Part-I award in Miscellaneous application (IC) No. 2 of 1986 dated 30-9- 986, giving adhoc rise of Rs. 70 per month to the employees effective from 1-4-1986. Thereafter an agreement has been arrived at between the Millowners association, Bombay, representiag its member mills and the Rashtriya mill mazdoor Sangh, Bombay dated 23-2-1990 and as modified by agreement dated 12-3-1990 giving the benefits of annual increments, conveyance allowance, leave travel allowance, etc. Based on the aforesaid agreements for the Textile mills Bombay the Textile Lbour, association, ahmedabad has moved this Hon'ble Court for granting of similar benefits to the

INDEX

employees, clerical staff, supervisory, technical and of secgs staff employed in the Textile Industry at ahmedabad. after protracted negotiations between the parties, the parties have arrived at an amicable agreement in terms mentioned hereunder and pray the Hon'ble Court to give Part-II award in terms mentioned hereunder :

TERMS OF SETLEMENT

(1) Rs. 70/- given by the Hon'ble Court vide Part-I award dated 30-9-1986 shall be treated as interim relief which shall cease to be paid after 1-12-1990.

(2) Effective from 1-12-1990 all the employees governed by the Bombay Industrial Relations Act, 1946, who are on the Muster Roll of the member Mills as on 1-1-1991 will be paid additional emoluments as under :—

A. Effective from 1-12-1990

(payable in January 1991)
total additional emolnments aggregating to Rs. 105- p.m, of 26 working days : made up of -

(i) Lumpsum addition to the basic wages-salary without D. A.	: Rs. 70/-
(ii) Annual increment without D. A.	: Rs. 10/-
(iii) Conveyance Allowance	: Rs. 25/-
	Rs. 105/-

B. Effective from 1-4-1991

total additional emoluments aggregating to Rs. 115-p.m. of 26 working days, made up of -

INDEX

(i) Lumpsum addition to the basic wages-salary withont D. A. : Rs. 70

(ii) Annual increment without D. A. inclusive of annual increment given effective from 1-12-1990 : Rs. 20-

(iii) Conveyance Allowance : Rs. 25-

Rs. 115-

C. Effective from 1-4-1992

total additional emoluments aggregating to Rs. 125-p.m. of 25 working days, made up of-

(i) Lumpsum addition to the basic wages-salary without D. A. : Rs. 70-

(ii) Annual increment without D. A, inclusive of annual increment given effective from 1-12-1990 and 1-4-1991 : Rs. 20-

(iii) Conveyance Allowance : Rs. 25-

Rs. 125—

D. Effective from 1-4-1993 total additional emoluments aggregating to Rs. 135-p.m. of 26 working days, made up of

(i) Lumpsum addition to the basic wages salary without D.A. Rs. 70

INDEX

(ii) Annual increment without D.A. inclusive of annual increment given effective from 1-12-1990 1-4-1991 and 1-4-1992 — Rs. 40

(iii) Conveyance Allowance : — Rs. 25

Rs. 135

E. Effective from 1-4-1994 total additional emoluments aggregating to Rs. 145-p.m. of 26 working days, made up of

(i) Lumpsum addition to the basic wages-salary without D. A. — Rs. 70

(ii) Annual increment without D. A. inclusive of annual increment given effective from 1-12-1990, 1-4-1991, 1-4-1992 and 1-4-1993 — Rs. 50

(iii) Conveyance Allowance : — Rs. 25

Rs. 145

2 In the case of monthly-rated employees namely : Clerks Nurses, watch and ward Staff and Technical and Supervisory Staff covered under the B.I.R. Act, the lumpsum addition of Rs. 70- per month to the basic wages-salar without dearness allowance and annual increment of Rs. 10- without dearness allowance and conveyance allowance referred to in sub-clause A to F of Clause 2 shall relate to the number of days in a calendar mont

3. The annual increment referred to Clause 2-A, B, C, D, E will be paid to every parmanent operative and also to every badli operative who has worked for not less than 240 days in the immediately preceding calendar year.

INDEX

not less than 240 days in the immediately preceding calemder year.

In computing the 240 days the number of days on which.

(a) he-she has been laid off under the standing orders :

(b) he-she has been on leave with full wages earned in the previous years.

(c) he-she has been absent due to temporary disablement caused by accident arising out of and in the course of his-her employment;

and

(d) in the case of female employee, she has been on maternity leave so, however, that the total period of such maternity leave does not exceed twelve weeks.

Shall be taken into account.

4. (a) The conveyance allowance referred to in Clause 2 will be paid only for the days of actual work during the month (which shall include the days on which the employees was on leave with wages or on paid casual leave as well as all the paid festival holidays) both to the permanent employees as well as badlis. in other words, this allowance will not be paid for the days of absence without wages/salary or leave without wages/salary and also when the employee 15 absenc due to sickness.

(b) No Provedent Fund Conor-purcion, ESIC Contriducl Gratuity, Bonus arness allowance, Overtime or any other benefits will be payable on conveyance allowance.

(c) This allowance shall be subject to such taxes as may be specified under the law.

5. The Atma on behalf of the Member Mills has rgreed to give leave Travel 'allowance effective from 1-1-1991 to every permanent employee and also to every badli employee who has worked for not less than 240 days in the immediately preceding calendar year to be computed in the manner explained in Clause 3 above. However, the quantum to be given as leave Travel allowance and the conditions/modalities for this purpose will be negotiated by the

INDEX

parties and the parties will submit the agreement in this respect later on.

6. The parties have agreed to keep pending the retrospective effect, if any, to be given to the employees pertaining to annual increments conveyance allowance and Leave Travel allowance.

7. In case of mills which are declared as sick units under Sick Industrial Companies (Special Provision) act, 1985, the operation of this agreement is subject to the sanction of the Board for Industrial and Financial Reconstruction.

8. It is agreed that during the period of operation of ths agreement i. e. till 31st March, 1995, the Textile Labour associations will not raise any new demand on an industrywise basis, except that of annual bonus, involving financial burden on Member Mills of ATMA.

9. If a dispute or difference of opinion arises in regard to implementation and Or inter pretation of this agreement, it will be settle by negotia tions between atma and the Textile Labour association failing which, the matter will be referred, under Section 66 of the Bombay Industrial Relations act, 1946, to a Committee of two persons one each to be nominated by atma and the Textile Labour association. The decision of the said Committee will be binding on both the parties. In case of any difference of opinion between the two persons on the Committee, tha matter will be referred to an Umpire to be suggested by the two persons on the Committee.

10. In view of the provision in the abovementioned clause (9) neither the ATMA nor its member mills, nor Textile Labour association nor any employee in any member mill will approach any authority or forum under any Labour legis-

lation for seeking implementation and-or interpretation of this agreement or for recovery of any money or benefit payable under this agreement.

ahmedabad Date : 1-1-1991

Sd-
For, ahmedabad Textile mills association.

Sd-
For, Textile labour association, ahmedabad.

સહી
જી. ન. પટેલ
રજીસ્ટ્રાર

તા. ૨૭-૨-૯૧.
અમદાવાદ

સહી
હ. ધી. પંડ્યા
પ્રમુખ
(પી. એચ. ઠાકોર
સભ્ય,
એન. એ. ચૌહાણ
સભ્ય
ઔદ્યોગિક અદાલત,
અમદાવાદ

તા. ૩-૪-૯૧
અમદાવાદ.

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/બ/શમક/૨૭૧૭૮ આરયુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ.

હું અમદાવાદ અર્બન કો. ઓ. બેંક લી. અમદાવાદને વિનોદચંદ્ર એમ. મોદી અને બીજા શ્રી અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧ માં મે માસના દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ

જી. આર. એસ. શુકલ, સમક્ષ

રીવીઝન અરજી (આઈ. સી.) નં. ૧૩/૯૧.

અમદાવાદ અર્બન કો. ઓપ. બેંક લી.

વિશાલ ચેમ્બર્સ આશ્રમરોડ,

અમદાવાદ.

વિરુદ્ધ

વિનોદચંદ્ર એમ. મોદી અને બીજા છ,

૫/એ, તેજસ એપાર્ટમેન્ટ,

બચાણી પેલેસ સામે, બાલવાટીકા

અમદાવાદ. સામાવાળા.

બી. આઈ. આર. એકટની કલમ-૮૫ અન્વયે રીવીઝન અપીલ...

અરજદાર તરફે શ્રી. એસ. ઓ. જોષી.

સામાવાળા તરફે શ્રી. વી. પ્રેમચંદ.

ચુકાદો

૧. આ પુન : વિચારણા અરજી મુંબઈ ઔદ્યોગિક સંબંધ ધારો સને ૧૯૪૬ની કલમ-૮૫ની જોગવાઈ મુજબથી અમદાવાદ અર્બન કો. ઓ. બેંક લી., કે જેને હવે પછી "અરજદાર તરીકે ઓળખવામાં આવશે તેઓએ સામાવાળા નં. ૧ થી ૭ તેઓ અરજદાર બેંકમાં મેનેજર 'તથા ઓફીસરો તરીકે ફરજો બજાવે છે

INDEX

તેઓની વિરુદ્ધ અમદાવાદની મજૂર અદાલતના વિદ્વાન ન્યાયધિશ શ્રી. એસ. પી. ચાવડાએ તારીખ-૨૬-૨-૯૧ ના રોજ અરજી નં. ૫૨/૯૧ માં રજુ કરેલ વચગાળાની અરજી આંક-૨ કે જે આ અધિનિયમની કલમ-૧૧૯ (ડી) નીચે કરવામાં આવેલ તે ઉપર કરેલ હુકમથી નારાજ થઇ અત્રેની કોર્ટમાં કરેલ છે.

૨. આ કામદારોના કેસની હકીકત એવી છે કે, સામાવાળાઓ કે જેઓ અરજદાર બેંકમાં મેનેજર તથા સુપરવાઈઝરની કક્ષાએ કામ કરે છે તેઓ તરફથી અરજી નં. ૫૨/૯૧ મજૂર અદાલત સમક્ષ કરવામાં આવી હતી અને તેમાં રજૂઆત કરવામાં આવેલ કે, અરજદાર બેંકે જાન્યુઆરી-૯૧ ના માસમાં રેફરન્સ (આઇ. સી.) નં. ૫૨/૮૩ માં જણાવ્યા મુજબ પગારની ગણત્રી કરી પગાર ચુકવવામાં આવેલ તે એવોર્ડમાં સીધુ સમાધાન કરી જે પગારને નક્કી કરી તે મુજબના પગાર અરજદાર બેંકે ચુકવેલા નથી અને આમ કરી અરજદાર બેંકે ગેરકાયદેસર ફેરફાર કરેલ છે તે સામે વચગાળાનો મનાઈ હુકમ સામાવાળા સંબંધીત કર્મચારીઓ તરફથી ઉપરોક્ત અરજી કરી માંગવામાં આવેલ. મજુર અદાલતના વિદ્વાન ન્યાયમુર્તીશ્રી સમક્ષ તા. ૨૪-૧-૯૧ના રોજ આ અધિનિયમની કલમ-૧૧૯ (ડી નીચે વચગાળાનો મનાઇ હુકમની માંગણી કરવામાં આવેલ. મજુર અદાલતના વિદ્વાન ન્યાયધીશશ્રીએ સૌ પ્રથમ શોકોઝ નોટીસ અરજદાર બેંક ઉપર આવેલી. ત્યારબાદ બંને પક્ષકારોને સાંભળી વિદ્વાન ન્યાયાધીશશ્રીએ આ મનાઈ હુકમની અરજી નીચે ગેરકાયદેસર ફેરફાર અંગેનો દદ માન્ય રાખી સદર ગેરકાયદેસર ફેરફાર મુળ અરજીનો નિકાલ ન આવે ત્યાં સુધી તેનો અમલ મોકુફ રાખવા માટે મનાઈ હુકમ આપવામાં આવેલ આંક-૨નો મનાઈ હુકમની અરજીમાં વધુમાં કર્મચારીઓ તરફથી રજૂઆત કરવામાં આવેલ કે, અરજદાર બેંક સામે મુળ ગેરકાયદેસર ફેરફાર કર્યા અંગેની અરજી કરવામાં આવેલી, જેમાં અરજદાર બેંક નવેમ્બર-૯૦ના મહિનાથી ઔદ્યોગિક અદાલતના એવોર્ડ મુજબનો પગાર ચુકવતી ન હોઈ પ્રાથમિક દ્રષ્ટિએ અરજદાર બેંકે અરજદાર કરેલ છે. અરજદાર બેંકે ગેરકાયદેસર ફેરફાર કરી કર્મચારીઓના પગારો કાપી લીધેલા છે અને આમ કરી અરજદાર બેંકમાં કામ કરતાં કર્મચારીઓને પારાવાર નુકશાન તેમજ આર્થિક મુશ્કેલી ઉભી કરેલ છે સંબંધિત કર્મચારીઓની રજુઆત પ્રમાણે અરજદાર બેંક દર મહિને અરજદારોના પગારમાંથી એ રીતે પગાર કાપી ગેરકાયદેસર ફેરફાર કરતી જાય છે. જાન્યુ ૯૧ના માસનો પગાર પણ કાપી લેવાનું અરજદાર બેંકે શરૂ કરેલ છે અને જો આમ કરવામાં આવે તો સંબંધિત કર્મચારીઓને ઘણી જ આર્થિક તકલીફ વેઠવી પડે તેમ છે. જ્યારે અરજદાર બેંકને કોઈ વહીવટ

નુકશાન થાય તેમ નથી. સંબંધિત કર્મચારીઓએ તેમની ઉપરોક્ત મનાઈ હુકમની અરજીમાં અંતમાં રજુઆત કરતાં વચગાળાના મનાઈ હુકમની માંગણી કરી જણાવેલ કે, અરજદાર બેંક જાન્યુઆરી ૯૧ના માસમાં ઔદ્યોગિક અદાલતના એવોર્ડ રેફરન્સ (આઇ સી.) નં ૫૪/૮૭ મુજબ પગારની ગણતરી કરી પગાર ચુકવે તે મતલબનો આદેશ મજુર અદાલતે આપવો. તથા અરજદાર બેંકે કર્મચારીઓ સાથે ડાયરેક્ટ સમાધાન કરી જે પગારધોરણો નક્કી કર્યા છે કે પગારધોરણો મુજબ પગાર ચુકવે નહીં તે મતલબનો વચગાળાનો મનાઈ હુકમ બેન્ક વિરૂદ્ધ આપવો.

૩. અરજદાર બેંકે તેનો જવાબ આંક-૯ થી રજૂ કરેલ. બેંક તેના જવાબ આંક-૯માં જણાવે છે કે, સબંધીત કર્મચારીઓ કે જેઓએ બી આઈ. આર. અરજી નં. ૫૨/૯૧ મજુર અદાલત સમક્ષ રજૂ કરી વચગાળાની મનાઈહુકમ મેળવેલ છે. તેઓ બી. આઈ. આર. એક્ટની કલમ-૨ (૧૩) માં જણાવ્યા પ્રમાણે 'કર્મચારી'ની વ્યાખ્યામાં પડતાં નથી. સંબંધીત કર્મચારીઓ અરજદાર નં. ૧ વિનોદચંદ્ર એમ. મોઢ, બ્રાન્ચ મેનેજર માસીક રૂા. ૩૯૭૭-ના પગારથી કામ કરે છે. તેવી જ રીતે અરજદાર નં. ૨ નેપથુભાઈ એસ. શાહ બ્રાન્ચ મેનેજર તરીકે માસિક રૂા. ૩૭૧૦-૦૦ ના પગારથી કામ કરે છે. અરજદાર નં. ૩ થી ૭ ના અસલ અરજદારો બેંકમાં ઓફીસર તરીકે માસિક રૂા. ૨૬૨૫/- નો પગાર મેળવતાં હોઈ અને તેઓની મુખ્ય ફરજો મેનેજરીયલ, એડમીનીસ્ટ્રેટીવ તથા સુપરવાઈઝરના કક્ષાની હોઈ તેઓનો સમાવેશ બી. આઈ. આર. એક્ટની કલમ-૨ (૧૩) મુજબ 'કર્મચારી' ની વ્યાખ્યામાં થતો નથી. ઉપરોક્ત સંજોગોમાં બી. આઇ. આર. એક્ટની જોગવાઈ મુજબ આ અરજી કરવા માટે તેઓનો કોઈ હક્ક ને હોઇ ઉપરોક્ત કાયદાકીય મુદ્દો પ્રાથમિક મુદ્દા તરીકે ગણવામાં આવે તો તેવા સંજોગોમાં તેઓની અરજી આંક-૧ રદ થવાને પાત્ર છે.

૪. અરજદાર બેંક એટલે કે મૂળ કામના સામાવાળા બેંક તેના જવાબમાં વધુમાં જણાવે છે કે, અરજી આંક-૧ કાયદેસર રીતે સાંભળવાની કે વચગાળાની અરજી સાંભળવાની નામદાર કોર્ટને કોઇ સત્તા નથી અને તેથી વચગાળાનો મનાઇહુકમ જયુરીડીકશન વગરનો છે. "વચગાળાની મનાઈ હુકમ વેળાનો આપેલ હોઈ રદ થવા પાત્ર છે. અરજદાર બી. આઇ. આર. એક્ટની કલમ-૪૨(૪) મુજબ કોઇ તેમાંય નોટીસ કે વિનંતીપત્ર સંબંધીત કર્મચારીઓએ આપેલી ન હોઇ તેઓની અરજી કાયદેસર રીતે ચાલી શકે નહીં. સંબંધીત કર્મચારીઓ બેંક ઓફીસર કે મેનેજર તરીકે કામ કરતાં હોઇ તેઓને બેંકે શોકોઝ નોટીસ

INDEX

છે અને ખાતાકીય તપાસ પણ તેઓની સામે ચાલુ હોઇ ફરજ મોકુફીનો હુકમ બેંકે આપેલ છે. ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક સ્ટાફ યુનિયન પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન અમદાવાદ અર્બન બેંક સ્ટાફ અને બી યુનિયન છે. ઉપરોક્ત સંજોગોમાં અરજદાર બેંકમાં માન્યતા તથ પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન અમદાવાદ અર્બન કો. ઓ. બેંક સ્ટાફ યુનિયન હતું. અને છે. બેંકના સ્ટેટમેન્ટમાં પણ તારીખ ૨૯-૧૦-૯૦ ના રોજ આ પ્રતિનિધિત્વ ધરાવતા તથા માન્યતા ધરાવતાં યુનિયનને નોટીસ આપી તે અગાઉના એવોર્ડ રદ કરેલા છે. અરજદાર અને નં. ૧ મોઢ કે જેથી તે સમયે આ બેંકની ચામુંડા બ્રાન્ચમાં મેનેજર તરીકે કામ કરતા હતા તેઓને તા. ૨૬-૧૧-૯૦ ના રોજ કાગળ લખીને નવાં સમાધાન માટેની દરખાસ્ત મોકલવામાં આવી હતી. અને તેના અનુસંધાનમાં બેંક તરફથી તમામ સ્ટાફના સભ્યોની એક જનરલ મીટીંગ તા. ૨૮-૧૧-૯૦ ના રોજ બોલાવવામાં આવેલ હતી. આ મીટીંગમાં નક્કી થયા મુજબ પગાર અને નોકરીની શરતો અંગે કરાર કરવાનું નક્કી કરવામાં આવેલ અને તે મુજબ અમદાવાદ અર્બન કો. ઓ. બેંક સ્ટાફ યુનિયનને તથા અરજદાર બેંક વચ્ચે તારીખ ૨૯-૧૨-૯૦ ના રોજ કરાર કરવામાં આવેલ. જેમાં બંને પક્ષકારોએ સહીઓ કરેલ છે. સદર કરારમાં આ બેંકમાં કામ કરતાં કર્મચારીઓની નોકરીની શરતો તથા પગારધોરણો અંગે સમાધાન કરવામાં આવેલું અને અરજીની તારીખથી આ સમાધાન અસ્તિત્વમાં હોવાથી જૂનો એવોર્ડ આપોઆપ રદ થાય છે બેંકના માન્ય યુનિયનની સાથે જુના એવોર્ડના અમલની સમયમર્યાદા પુરી થયેથી તેની જાણ પત્ર દ્વારા કરી ત્યારબાદ નવો કરાર અરજદાર બેંકે કરેલો છે. બેંકે નવો કરાર કરેલ હોઈ તે મુજબના પગારધોરણો નક્કી કરેલા છે. તેથી અરજદાર બેંકે ગેરકાયદેસર ફેરફાર કરેલ નથી. અગાઉનો એવોર્ડ સમયમર્યાદા પૂરી થઇ જવાથી આપોઆપ રદ થવા પાત્ર હોઈ રદ કરવામાં આવેલ અને ત્યારબાદ માન્ય પ્રતિનિધિત્વ ધરાવતાં યુનિયન સાથે થયેલ કરાર કાયદેસરનો હોઈ અરજદાર બેંકે બી. આઇ આર. એક્ટની કલમ-૪૬ નો કોઈ ભંગ કરેલ નથી. માન્ય યુનિયન સાથે નવો કરાર કરેલ હોઈ બી. આઈ. આર. એક્ટના શેડયુલ-૨ માં પડતો ન હોઇ આવો કોઈ ગેરકાયદેસર ફેરફાર બેંકે કરેલ નથી. ઉપરોક્ત સંજોગોમાં અરજદાર કર્મચારીઓના જણાવ્યા પ્રમાણે કલમ-૪૨ (૪) અન્વયે નોટીસ ઓફ ચેન્જ આપવી જરૂરી નથી. અરજદાર બેંકે એવોર્ડ અમલમાં હોય તે સમય દરમ્યાન કોઈ ફેરફાર કરેલ નથી. બી. આઇ. આર. એક્ટની કલમ-૪૬ની કોઈ જોગવાઇઓનો ભંગ બેંકે કરેલ નથી.

૫. અરજદાર બે કે વધુમાં તેનો લેખીત જવાબ આંક-૯ના પેરા-૧૦માં જણાવેલ કે કોઈપણ સમાધાન અમલમાં હોય તેમાં આ બે.કે. કલમ-૪૬ મુજબ કોઈ ગેરકાયદેસર ફેરફાર કરેલ નથી. પરંતુ, અર્બન કો. ઓપ. બેંક સ્ટાફ યુનિયન પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન હોઈ તેઓની સાથે વાટાઘાટો કરી નવું સમાધાન કરેલ છે અને તે મુજબ કરાર કરેલ હોઈ કોઈપણ પ્રકારનો ગેરકાયદેસર ફેરફાર કરેલ નથી. સંબંધીત કર્મચારીઓની મનાઈહુકમની અરજી વેળાની તથા કોઈપણ જાતના હેતુ વગરની હોઈ રદ થવાપાત્ર છે. વચગાળાની અરજીમાં જે દાદ માંગી છે તે તથા આંક-૩ની અરજીનો ગુણદોષ ઉપર નિકાલ ન થાય ત્યાં સુધી સંબંધીત કર્મચારીઓએ માંગેલ વચગાળાનો મનાઈહુકમ કાયદેસર નથી. ઉપરોક્ત સંજોગોમાં વચગાળાની દાદ અથવા મનાઈહુકમ મંજૂર કરવામાં આવે તો તે સંજોગોમાં બી. આઈ. આર. એક્ટ અન્વયે આંક-૧ની અરજીનો ગુણદોષ વગર નિકાલ થઈ જાય અને અંતમાં સંબંધીત કર્મચારીઓએ પુરવાર કરવુ જરૂરી હતું કે, તેઓનો કેસ પ્રાથિમાફેરી હોઈ મનાઈહુકમ મેળવવાપાત્ર તેઓ થતા હતા. સી. પી. સી. કોડની કલમ-૩૯ મુજબની જોગવાઈ મનાઈહુકમ મેળવવા માટેની અરજીઓને લાગુ પડે છે અને તેમાં ઓર્ડર-૩૯ રૂલ-૧ મુજબ સંબંધિત પક્ષકારે પોતાનો કેસ પ્રથિમાફેસી છે અને વધુમાં પૈસાની ભરપાઈ ન થઈ શકે તેવું કોઈ નુકશાન થવાનો સંભવ છે તે રીતના વિધાનો કોર્ટ સમક્ષ રજુ કરવા પડે. ઉપરોક્ત સંજોગોમાં સબંધીત કર્મચારીની વચગાળાની મનાઈહુકમની અરજી મજુર અદાલતે રદ કરવી જોઈતી હતી પરંતુ તેને બદલે વચગાળાનો મનાઈહુકમ કાયમ કરવા માટે જે હુકમ કરેલ છે તે હુકમ ગેરકાયદેસરનો હોઈ અંતેની અદાલતે રદ કરવો જોઈએ.

૬. અરજદાર તરફથી તેમના એડવોકેટ શ્રી. એસ. જોષી હાજર રહ્યા હતા અને કર્મચારીઓ તરફથી તેમના એડવોકેટ શ્રી. વી. પ્રેમચંદ હાજર રહ્યા હતા.

૭. સદરહુ રીવીઝન અરજીનો ન્યાય નિર્ણય કરવા માટેના નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) મજૂર અદાલતના વિદ્વાન ન્યાયમૂર્તિ શ્રીએ આંક-૨ની મનાઈહુકમની અરજી નીચે જે હુકમ કરેલ છે તે હુકમ કાયદેસર, ન્યાયી અને વ્યાજબી ગણી શકાય ?

૨. ઉપરોક્ત મુદ્દાનો જવાબ 'ના' માં હોય તો સદર મનાઈ હુકમ કેવળાનો ગણી શકાય ?

૭. આનો શો હુકમ કરવો ?

૮ ઉપરોક્ત મુદ્દાઓના જવાબ નીચે જણાવેલા કારણોસર નીચે મુજબ છે.

૧. ના.

૨. હા.

૩. અંતમાં કરેલ હુકમ મુજબ.

કારણો

૯. સૌપ્રથમ પક્ષકારોના ઉપરોકત જણાવેલ વિધાનોની ચર્ચા ગુણદોષ ઉપર કરતાં પહેલાં મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ આંક-૨ નીચે જે હુકમ કરેલ છે તે અક્ષરસઃ રજુ કરવો જોઈએ અને તેની ચર્ચા કરવી જોઈએ મજુર અદાલતના વિદ્વાન ન્યાયાલયે આંક-૨ની અરજી નીચે જે હુકમ કરેલ છે તે નીચે મુજબ છે.

"આથી હુકમ કરવામાં આવે છે ૧. સદર હુકમની સામાવાળાને જાન્યુ જાણ થયેલી છે તે સામાવાળાએ જાન્યુ. ૯૧ ના માસથી અરજદારોને ઔદ્યોગિક અદાલતનો એવોર્ડ રેફરન્સ (આઈ. સી.) નં. ૫૬/૮૭ મુજબ પગારની ગણતરી કરી પગાર ચુકવવા તથા બેંકના અમુક કર્મચારીઓ સાથે કાયરેક સમાધાન કરી જે પગાર નક્કી કર્યો છે તે મુજબ અરજદારોને પગાર ચુકવે કે ચુકવાવે નહી તેવો જાતનો સદર મૂળ અરજીનો નિકાલ ન આવે ત્યાં સુધી મનાઈહુકમ આપવામાં આવે છે. સદર અરજીની વધુ સુનાવણી તા. ૫-૪'૯૧ના રોજ રાખવામાં આવે છે.

મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ ઉપરોક્ત મનાઈહુકમ જે કરેલ છે તેની પરિભાષ જોતાં હું એમ સ્પષ્ટ જણાવીશ કે ઉપરોકત હુકમમાં અરજદારોને આંક-૧ ની અરજીમાં તેઓએ ગેરકાયદેસર ફેરફાર કર્યા અંગેની જે દાદ માંગે છે તે દાદનો અમલનો સંપૂર્ણપણે સમાવેશ થાય છે. મજુર અદાલતના વિદ્વાન ન્યાયધીશશ્રીએ આંક-૨ નીચે જે હુકમ કરેલો છે તે હુકમના પાન નં. ૮ ઉપર નીચે મુજબ જણાવેલ છે.

"પરંતુ, જો એવોર્ડ તા. ૩૧-'૮૯ ના રોજ એક્ષપાયર્ડ થઈ ગયેલ હોય તો તેનો અમલ તા. ૨૭-૧૧'૯૦ સોંપાયેલ સુધી સામાવાળાએ કરેલ છે તે એક્ષપાયર્ડ થયેલ ગણાય નહી અને તે અંગે ફેરફારની નોટીસ આપીને એવોર્ડ રદ કરાવવો જોઈએ, જે આપવામાં આવેલ નથી તેથી સામાવાળાએ એ કાયદેસર ફેરફાર કરેલ છે તે હકીકત છે તેથી અરજદારોની પ્રાથમિક કેસ કરેલ છે"

ઉપરોકત અવલોકનો મજુર અદાલતના વિદ્વાન ન્યાયધીશના હુકમના પાન નં. ૮ ઉપર કરવામાં આવેલ છે તે મારી દષ્ટિએ વ્યાજબી અને ન્યાયી નથી.

INDEX

કારણ કે. ઉપરોક્ત ગેરકાયદેસર ફેરફાર કર્યા અંગેનું જે તારણ મજુર અદાલતના વિદ્વાન ન્યાયમુર્તી શ્રીએ કરેલ છે તે તારણ આંક-૧ની અરજીના પક્ષકારોના પુરાવાઓમાંથી ગુણદોષ ઉપર નક્કી કરવામાં આવેલ નથી તેમ સ્પષ્ટ સાબિત થાય છે. વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે તે અરજદાર કર્મચારીઓએ જે દાદ માંગી છે તેને અસંમત તથા તેને ધ્યાનમાં રાખીને મુખ્ય દાદને વાંધો ન આવે તે મજુર અદાલતે કરવી જરૂરી હતી. બી. આઈ. આર. એકટની કલમ-૧૧૯(ડી) ઉપર નજર કરતા નીચે મુજબ છે.

કલમ ૧૧૯ (ડી)

"આ અધિનિયમ મુજબ પોતાની સમક્ષની કાર્યવાહીમાં ઔદ્યોગિક કોર્ટ, લેબર કોર્ટ, અથવા વેતન બોર્ડ પોતાને ન્યાયી અને યોગ્ય લાગે તેવા વચગાળાના હુકમો કરી શકશે.

મજુર અદાલતને આ કલમ અન્વયે વચગાળાની હુકમ કરવાની જે સત્તા આપવામાં આવેલ છે સત્તા મજુર અદાલતે ન્યાયી તથા વિવેક બુધ્ધિના ધોરણે તેમજ પક્ષકારોએ જે મુખ્ય દાદ માંગેલી હોય તે મુખ્ય દાદને સુસંગત પક્ષકારોના કાયદેસરના તમામ હકકોને ગુણદોષી ઉપર કેઈપણ જાતની બાધ ન આવે તે દષ્ટિ ધ્યાનમાં રાખી આવી સત્તાનો ઉપયોગ મજુર અદાલતે કરવો જોઈતો હતો. આંક-૧ની અરજી જોતાં તેના પાન નં. ૩ ઉપર દાદ માંગતા જણાવવામાં આવેલ છે કે, અરજદાર બેંક રેફરન્સ (આઈ. સી.) નં. ૫૪/૮૯ના કામમાં આપેલ એવોર્ડમાં કાયદેસરની વિધિ કર્યા વગર કર્મચારીઓ સાથે નવું સમાધાન કરી તે મુજબ કર્મચારીઓને નવો પગાર આપવાનું શરૂ કર્યું તે તારીખથી આ કામના સામાવાળાએ ગેરકાયદેસર ફેરફાર કરેલ છે અને તે કરારનો સામાવાળા અમલ કરે કરાવડાવે નહી તે જાતની કાયમી મનાઈહુકમ આપવા માંગણી કરવામાં આવેલ છે સબંધિત કર્મચારીઓનાં મુખ્ય અરજીમાં જે અંતે દાદ માંગવામાં આવેલ છે તે કહેવાતા ગેરકાયદેસ ફેરફાર અંગેની છે. મુખ્ય અરજીનો નિકાલ ગુણદોષ ઉપર કરવાનું મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ તેમના હુકમમાં નિર્દેશ કરેલા છે. પરંતુ મુખ્ય અરજીની સૂનાવણી બાજુ પર રાખી ગુણદોષ ઉપર આ અરજીની નિકાલ કર્યા સિવાય સમયગાળા મનાઈહુકમની અરજીમાં જે હુકમ કરેલ છે તે હુકમ કરેલાનો તેમજ પક્ષકારોને પોતાનો કેસ રજુ કરવાની તક આપ્યા સિવાય કોઈપણ જાતના પુરાવા લીધા સિવાય અને તેના ગુણદોષ ગુણદોષ ઉપર ઉતરવાનું બાજુ પર રાખીને આવી જે હુકમ કરેલ છે તે મારી દષ્ટિએ ન્યાયી અને વ્યાજબી ગણી શકાય નહીં. મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ આંક-૧ની અરજીનો નિકાલ કરતા પહેલા અરજદાર [illegible]

INDEX

તરફથી જે કાયદાકીય મુદાઓ અંગે જે વિધાનો કરેલા છે તે વિધાનો પ્રાથમિક મુદા તરીકે સ્વીકારી તે મુજબ સર્વ પ્રથમ આ મુદ્દાનો નિકાલ કરવો જરૂરી હતો. અરજદાર બેંક તરફથી તેમના વિદ્વાન એડવોકેટ શ્રી એમ. એ જોષીને તેમની દલીલોમાં સ્પષ્ટ રજુઆત કરતા જણાવેલ છે, સંબધીત કર્મચારીઓની બી. આઇ. આર. એક્ટ અન્વયેની અરજી કાયદેસર રીતે ચાલી શકે તેમ નથી. કારણ કે સંબંધીત કર્મચારીઓ નં. ૬ થી ૭ બેંકના મેનેજર તથા ઓફીસર કક્ષાના હોઇ બી. આઈ. આર. એક્ટની કલમ-૨ (૧૩) મુજબ તેમની મુખ્ય ફરજો મેનેજરીયલ તથા સુપરવાઇઝરી પ્રકારમાં પડતી હોઈ તેઓ 'કોમન કર્મચારી'ની વ્યાખ્યામાં ગણી શકાય નહીં. શ્રી જોષીની આ દલીલો કેટલે અંગે સુસંગત અને વ્યાજબી ગણી શકાય તે માટે બી. આઈ. આર. એક્ટની કલમ-૨ (૧૩) તરફ નજર કરવી જરૂરી છે.

કલમ-૨ (૧૩)

'કામદાર' એટલે કોઈ ઉદ્યોગમાં મજુરી અથવા બદલી આપવાનું કરાર ને કોઈ કારીગીરીનું અથવા અધિકારીગીરીનું. દેખરેખનું ટેકનીકલ અથવા અથવા કારકુની કામ કરવાને નોકરીએ રાખેલી (એપ્રેન્ટીસ સહિત) કોઈ વ્યક્તિ. પછી શરતો સ્પષ્ટ અથવા ગર્ભિત હોય તો પણ હરકત નથી અને તેમની નીચેના તો સમાવેશ થાય છે

(૨) જેને પ્રથમતઃ મેનેજરના, વહીવટદારના કે સુપરવાઈઝરના નાતાથી નોકરીએ રાખેલ હોય અને દર મહિને પાંચસો રૂપિયાથી વધુ મુળ પગાર (ભથ્થાં સિવાય) મેળવવી હોય તેવી વ્યક્તિ, અને...

ઉપરોક્ત કલમનું પ્રથમ એ વાંચન કરતાં એમ સ્પષ્ટ ફલિત થાય છે કે, જે કોઈ કર્મચારી કે કામદાર મેનેજર તરીકે અથવા તો વહીવટદાર તરીકે તેમજ સુપરવાઇઝરની કક્ષાએ નોકરીમાં રહ્યા હોય અને જેનો મૂળ પગાર રૂ. ૧૦૦૦/– થી પણ વધુ હોય તો તેવા સંજોગોમાં તેમનો સમાવેશ કામદાર કે કર્મચારીની વ્યાખ્યામાં થતો નથી. ઉપરોક્ત કલમની તમામ જોગવાઈનું અવલોકન કરતાં એમ જણાય છે કે, બી. આઈ. આર. એક્ટ અન્વયે અરજદાર નં. ૧ થી એક ગેરકાયદેસર ફેરફાર અંગેની જે અરજી કરી છે તે અરજી તેઓને તેમની વ્યક્તિગત કક્ષાએ (ઈન ઈટ પરના કેપેસીટી) કરવાનો કોઈ અધિકાર નથી. અરજદાર જોડે આંક-૯ થી રજુ કરેલ જવાબના પેરા–૩માં સ્પષ્ટ જણાવેલા છે કે, આઈ. આર. એક્ટની કલમ ૨(૧૩) અન્વયે અરજદાર નં. ૧ થી ૭ નો આવેલ કર્મચારી કે કામદારનો વ્યાખ્યામાં થતો નથી. સંબંધીત કર્મચારી નં. ૧ ની વિનો...

મોઢ મેનેજર તેમણે ટ્રાન્સ મેનેજર તરીકે અરજદાર બેંકમાંથી રૂા. ૩૯૭૩/- ના માસિક પગારની તેમની ફરજો બજાવે છે તેવા જ રીતે અરજદાર અરજદાર નં. ૨ નૈષધ ભાઈ એસ. શાહ અરજદારની શાખામાં મેનેજર માસિક રૂા. ૩૭૨૦/- ના પગારથી તેમની ફરજો બજાવે છે. તેવી રીતે અરજદાર નં. ૩ થી ૭ જે અરજદાર બેંકના કર્મચારીઓ છે તેઓ અરજદાર બેંકમાં માસિક રૂા. ૨૬૨૫/- ના પગારથી ઓફીસર તરીકે તેમની ફરજો બજાવે છે. તેથી ઉપરોકત સંજોગોમાં તમામ અરજદાર નં. ૧ થી ૭ બ્રાન્ચ મેનેજર તથા ઓફીસર તરીકે એન્જીનીયર, એડમીનીસ્ટ્રેટર તથા સુપરવાઈઝરી કર્યાની ફરજ બજાવતાં હોય રૂ. ૧૦૦૦/-કરતાં વધુ માસિક પગાર લેતાં કોઈ તેઓનો સમાવેશ બી. આઈ આર એકટની કલમ-૨(૧૩) માં જણાવ્યા મુજબ કર્મચારીના અથવા 'કામદાર'ની વ્યાખ્યામાં થતી નથી. ઉપરોક્ત કાયદાકીય વિધાન સમગ્ર અરજી આંક-૧ ના મૂળ પાયામાં પડતું હોઈ અને સમગ્ર અરજીનો ગુણદોષ ઉપર નિકાલ કરતાં આ વિધાન પ્રથમ દ્રષ્ટિએ જોતાં કાયદાકીય સ્વરૂપનું હોઈ મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ સંબંધીત કર્મચારીઓનો કેસ પ્રાથમીક કક્ષામાં તપાસતાં પહેલાં આ વિધાન નક્કી કરવાનું ઘણું જ જરૂરી હતું. પરંતુ, તે મુજબ મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ મુખ્ય મુદ્દો કાયદાકીય સ્વરૂપનો હોઈ તેને પ્રાથમિક મુદ્દા તરીકે તે ગણી સદર મુદ્દા અંગે કોઈ તારણો કાઢયા ન હોઈ તેમનો સદર હુકમ કરેલાનો અર્થ વગરનો, ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઈ આ અદાલતને કલમ ૮૫ અન્વયે આ પુનઃવિચારણા અરજીમાં કાયદાકીય ગંભીર નિશ્ચે હુકમમાં જણાતી હોઈ હસ્તક્ષેપ કરવાની જરૂરીયાત એવી થઈ છે. મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ તેમના હુકમ આંક-૨ ના પાન નં. ૯ ઉપર નીચે મુજબ અવલોકન કરેલ છે.

"સામાવાળા વધુમાં દલીલ કરતાં જણાવે છે કે, અરજદારો મેનેજર તથા ઓફીસર્સ કક્ષના હોવાથી તેઓ કામદાર કહેવાય નહીં. પરંતુ અરજદારો કામદારો છે કે કેમ, તે આ તબકકે નક્કી કરવાનું નથી, પરંતુ અમલમાં રહેલું અને તેનો ભંગ કરેલ છે કે કેમ તે જોવાનું છે. વળી, કામદારો છે કે કેમ તે પુરાવાનો વિષય છે તેથી કરીને અરજદારો કામદારો નથી તેમ કહી શકાય નહી"

મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીના ઉપરોકત તારણો સાથે હું સંમત થઈ શકતો નથી. આ તારણો કોરાના તેમજ ગુણદોષ પર કાઢવામાં આવેલ નથી. આ તારણો માટે મજૂર અદાલતના વિદ્વાન ન્યાયધીશ

INDEX

અરજદાર બેંક તથા સંબંધીત કર્મચારીઓ પાસેથી તેમની અરજી આંક-૧ તથા અરજદાર બેંકના જવાબ આંક-૯માં કરેલ વિધાનોને લક્ષમાં લઈ સદર વિધાનો ઉપર નેતાનું ધ્યાન એકત્રીત કરી પ્રાથમિક મુદ્દો ગણી ત્યારબાદ આ તારણો કાઢવા જોઈતા હતા. મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ ગુણદોષ ઉપર આ તારણોનો નિકાલ કર્યો હોય તો પણ અરજદાર બેંકના વિદ્વાન એડવોકેટ શ્રી. એલ એમ. જોષીએ તેમની દલીલોમાં સંબંધીત કર્મચારીઓનો સમાવેશ આપવો. બી આઈ. આર. એકટની કલમ-૨ (૧૩) મુજબ 'હકકદાર કે 'કર્મચારી' ની વ્યાખ્યામાં થતો નથી તે હકીકત ન માનવાનું કોઈ કારણ હોઈ શકે નહીં. અરજદાર તેમના લેખીત જવાબ આંક-૯ના પેરા-૩ માં ઉપરોકત અરજદારોનું સ્ટેટસ, તેમના કામની ફરજો, તેમની જવાબદારીઓ સુપરવાઈઝરી તથા મેનેજરીયલ કક્ષાની હતી તે અંગે તેનો પોતે પણ ઈન્કાર કરી શકે તેમ ન હતા. તેથી ઉપરોક્ત તમામ સંજોગો લક્ષમાં લેતાં તથા પક્ષકારોએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા કાળજીપૂર્વક તપાસતાં એમ સ્પષ્ટ કહી શકાય કે સંબંધીત કર્મચારીઓ તેમનો પ્રાવમાફેસી તેમ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયા છે. કાયદાનો મુદ્દો લક્ષમાં લેતાં એ સ્પષ્ટ જણાય છે કે, સંબંધીત કર્મચારીઓ પોતે બ્રાન્ચ મેનેજર તથા ઓફીસરની કક્ષામાં તેમની ફરજ બજાવતાં હોઈ સદર ફરજ મેનેજરીયલ, વહીવટી તથા ઓફીસર કક્ષાની તથા સુપરવાઈઝરી કક્ષાની હોઈ બી. આઈ. આર એકટની કલમ-૨ (૧૩) શું રૂ. ૧૦૦૦/- કરતાં વધુ માસિક પગાર મેળવતા હોય છે તેઓમાં 'કર્મચારી' અથવા 'કામદાર' ની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી અને તેથી તેઓની બી. આઈ. આર. એકટની આ અરજી તેઓની અંગત હેસીયતથી કરવાનો કોઈ અધિકાર તેઓને નથી.

૧. સંબંધીત કર્મચારીઓ તરફથી તેમના વિદ્વાન એડવોકેટ શ્રી. વી. પ્રેમચંદ દલીલો કરતાં જણાવે છે કે, અરજદાર બેંક તથા ગુજરાત સ્ટેટ કો. બેંકસ સ્ટાફ યુનિયન અમદાવાદ બી. આઈ. આર. એકટ ૧૯૪૬ ની જોગવાઈઓ વધારે પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન છે. તેઓ વચ્ચે પગારધોરણો નક્કી કરવા માટે રેફરન્સ (આઈ. સી. ૫૪/૮૭ ઔદ્યોગિક અદાલતને ન્યાયનિર્ણય માટે સુપ્રત કરવામાં આવેલ. આ રેફરન્સમાં તારીખ ૨૯-૫'૮૭ના રોજ સમાધાન કરવામાં આવેલ અને સદર સમાધાન મુજબ તેમાં એવોર્ડ આપવામાં આવેલ. આ એવોર્ડનું અસ્તિત્વ શ્રી. વી. પ્રેમચંદના જણાવ્યા મુજબ જ્યાં સુધી રદ કરવામાં ન આવે અને સદર એવોર્ડનો અમલ કયાં સુધી ચાલુ હતો તે દરમ્યાન અરજદાર બેંકને આ એવોર્ડ રદ કર્યા સિવાય તા. ૨૦-૧૨-૯૦ના રોજ અરજદાર બેંક કરાર કરી છે પગાર ધોરણ અમલમાં મુકયા છે તે કરાર કરવામાં કોઈ અધિકાર

પ્રાપ્ત થતો નથી. અરજદાર બેંકના જણાવ્યા પ્રમાણે અમદાવાદ કે, જેથી, બેંક સ્ટાફ યુનિયન જે માન્ય અને પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન છે તેની સાથે અને નવેમ્બર-ડીસેમ્બર ૯૦'માં નવા પક્ષકાર અંગેનો જે કરાર કરવામાં આવેલ છે ગેરકાયદેસરનો હોઈ અરજદાર બેંક તેનો અમલ કરી શકે નહીં. શ્રી વી. પ્રેમચંદની દલીલો ટૂંકમાં એવી છે કે, ઉક્ત પગલું ગેરકાયદેસર ફેરફાર ગણી શકાય અને તેથી અરજદાર નં. ૧ થી ૭ જેમ આ બેંકના કર્મચારીઓ છે તેઓને આ અરજી કરવાનો હક્ક પ્રાપ્ત થાય.

શ્રી વી. પ્રેમચંદની આ દલીલો સાથે હું સંમત થઇ શકતો નથી કારણ કે, તેમના જણાવ્યા અનુસાર રેફરન્સ (આઈ સી.) નં. ૫૭/૮૪ના કામમાં સમાધાનથી જે એવોર્ડ કરવામાં આવેલ તે એવોર્ડ ઉપર નજર કરતાં એમ જણાય છે કે આ એવોર્ડ અમદાવાદ અર્બન કો ઓપ. બેંક લી. વતિથી ૨૯ જુન ૯૦ના રોજ કરવામાં આવેલ આ એવોર્ડમાં સંબંધિત કર્મચારીઓ તરફથી તેનું પ્રતિનિધિત્વ ધરાવતું 'યુનિયન' ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક સ્ટાફ યુનિયન હાજર રહેલ અને યુનિયન ઓફીસર તરીકે શ્રી આઇ. વી. શાહ તથા વી. એસ. પટેલ જેથી આ યુનિયનના જનરલ સેક્રેટરી છે તેઓએ તેમના યુનિયન તરફથી યુનિયનના હોદ્દેદારોની કક્ષામાં સહીઓ કરેલ છે બીજા શબ્દોમાં એમ કહીએ તો બી. આઈ. આર એક્ટની આ અરજી આંક-૧ મજુર અદાલત સમક્ષ રજુ કરવાનો અધિકાર આ યુનિયનને પ્રાપ્ત થાય છે અને યુનિયન પોતે છે આવી અરજી ફરી ગેરકાયદેસર ફેરફાર અંગે જરૂરી દાદ મેળવી શકે. કમનસીબીએ અરજી આંક-૧ પ્રતિનિધિત્વ ધરાવતાં 'યુનિયને' દાખલ કરેલ નથી. અરજદાર નં. ૧ થી ૭ તેઓની વ્યક્તિગત હેસીયતથી આ અરજી દાખલ કરી શકે નહીં. શ્રી વી. પ્રેમચંદના જણાવ્યા પ્રમાણે આથી બેંક અરજદાર શ્રી આઈ. આર. એક્ટના શેડયુલ-૨માં પડતી હોઈ કોઈપણ જાતનો ફેરફાર કરતાં પહેલાં બી. આઇ આર. એક્ટની કલમ ૪૨ (૪) મુજબ કોઈપણ નોટીસ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. શ્રી વી. પ્રેમચંદની આ દલીલો સાથે હું સંમત થઈ શકતો નથી. કારણ કે, બી. આઈ. આર. એક્ટની જોગવાઈઓ જોતાં શેડયુલ-૩ માં ઔદ્યોગિક બાબત જે. અ. નં. ૫ ઉપર દબાવવામાં આવેલ તેમાં કબુલાત અને પતાવટનું અર્થવિવરણ સાથે નિર્દેષ કરવામા આવેલ છે. ટુંકમાં સેટલમેન્ટ તથા એવોર્ડને લાગતું કોઈપણ જાતનું અર્થઘટન અને તેનું વિવરણ કરવા અંગે કોઈ ઔદ્યોગિક બાબત હોય તો તે અંગેનો નિર્ણય કરતાં પહેલાં જે તે પક્ષકારે અનુસુચિ--૩ માં જણાવ્યા પ્રમાણે કલમ-૪૨ (૪) અન્વયે વિનંતીપત્ર લખવો જરૂરી હોય છે. શ્રી આઈ.

INDEX

આર. એકટની કલમ-૭૮(૩) માં લેબર કોર્ટની સત્તાઓ અંગે જે નિરૂપણ કરવામાં આવેલ છે. તેમાં ૭૮(૧) (ક) (૩) માં નીચે મુજબ જણાવવામાં આવે છે.

(૧) અનુસુચિ-૩ માં નિર્દેશ કરેલી કોઇ ઔધોગિક બાબત સંબંધમાં માલિકે કરેલા અથવા કામદારે માંગેલા હોઈ ફેરફારને લગતો અને તેવા ફેરફાર-માંથી ઉપસ્થિત થતી બાબતો અંગેની તકરારનો નિર્ણય કરવાની."

ઉપરોક્ત અનુસુચિ-૩ માં જણાવેલ ઔધોગિક બાબતમાં જણાવ્યા પ્રમાણે જો અનુસુચિ-૩માં નિર્દિષ્ટ કરેલી હોઈ ઔધોગિક બાબત જેમાં માલિકે કરેલા અથવા તો કામદારે માગેલા હોઇ ફેરફાર હોય તો તે સંબંધી ઉપસ્થિત થતી બાબતે અંગે મજુર અદાલતને કોઈપણ નિર્ણય લેતાં પહેલાં અથવા આ અંગે મજુર અદાલત સમક્ષ અરજી કરતાં પહેલાં આવા ફેરફાર અંગે કલમ-૪૨(૧) અન્વયે નોટીસ આપવી જરૂરી છે. સંબંધિત કર્મચારીઓ તરફથી આંક ૧૦ની અરજી કરતાં પહેલાં તેમની ઔધોગિક બાબતનો બી. આઇ. આર. એકટની અનુસુચિ-૩માં સમાવેશ થતો હોઈ કોઈ વિનંતીપત્ર લખેલ ન હોઈ સંબંધીત કર્મચારીઓની આ અરજી કાયદેસરની ગણી શકાય નહીં. અરજદાર બેંક તરફથી તેમના વિદ્વાન એડવોકેટ શ્રી એમ. એ. જોષીએ મારું ધ્યાન મધ્યપ્રદેશ હાઈકોર્ટ એન. પી. નં. ૩૩૮/૬૫ નો કેસ જે એલ એસ. જે. ૬૭ ના પાન નં. ૨૩ ઉપર પ્રસિદ્ધ થયેલ છે તે તરફ દોરતાં જણાવેલ કે. પગારમાં કોઈ જાતનો ફેરફાર કરેલ હોય તો અથવા પગારમાં કોઈપણ જાતનો ઘટાડો કરેલ હોય તો તેવા સંજોગોમાં જે કોઈ ગેરકાયદેસર ફેરફાર માલિક તરફથી કરવામાં આવે તો તેવાં સંજોગોમાં આવી અરજી મજુર અદાલત સમક્ષ કરતાં પહેલાં વિનંતીપત્ર આપવો જરૂરી બને છે. સંબંધીત કર્મચારીઓ તરફથી તેમની આંક-૨ ની મનાઈહુકમની અરજીમાં તેઓની રજુઆત પ્રમાણે અરજદાર બેંકે જે નવો ફેરફાર કરેલ છે તેમાં તેઓને પગારમાં ઘટાડો કર્યો હોવાનો આક્ષેપ કરેલાં જે વિધાનો કરેલા છે તે આક્ષેપો તથા વિધાનોને લક્ષમાં લેતાં કરાર અન્વયે અરજ-દાર બેંકમાં કામ કરતાં કર્મચારીઓના પગાર અંગેની ઔધોગિક બાબત લક્ષમાં લેતાં આવી ઔધોગિક બાબતની બી. આઈ. આર. એકટની અનુસૂચિ-૩ માં સમાવેશ થતો હોઈ મજુર અદાલતમાં આ અંગેની કોઈપણ અરજી કરતાં પહેલાં માલિકે કલમ-૪૨ મુજબ એપ્રોચ નોટીસ આપવી જરૂરી બને છે. અરજદારોએ આંક-૨ ની મનાઇહુકમની અરજીના પાના નં. ૨ ઉપર નીચે મુજબ વિધાનો રોકલ છે.

INDEX

"સામાવાળા દર માસે અમો અરજદારોના પગારમાંથી આ રીતે રકમ કાપી ગેરકાયદેસર ફેરફાર કરતા જાય છે અને જાન્યુ. ૯૧ ના માસનો પગાર પણ કાપી લેવાનું નકકી કરેલ છે."

ઉપરોકત વિધાનો જે અરજદાર બેંક સામે કરેલા આક્ષેપો છે તેને લક્ષમાં લેવામાં આવે તો સંબંધીત કર્મચારીઓએ ગેરકાયદેસર ફેરફાર અંગે જે વિધાનો કરેલા છે તે જુના એવોર્ડ અન્વયે પગારમાંથી કાપ મુકી નવા થયેલ કરાર મુજબ ઓછી રકમ ચુકવવા અંગેની છે. અનુસુચિ-૩ માં જણાવ્યા પ્રમાણે આ ઔદ્યોગિક બાબત કબુલાત અને પતાવટના અર્થઘટનને લગતી છે અને તેથી ઉપરોકત સંજોગોમાં તેમની ઔદ્યોગિક તકરાર શીડયુલ-૩ માં પડતી હોઈ તે અંગે સંબંધીત કર્મચારીઓ તરફથી એપ્રોપ્રિયેટ નોટીસ આપવી જરૂરી હતી. પરંતુ તે ન આપતાં બી. આઈ. આર. એકટ મુજબ સમગ્ર અરજી કવેળાની અને અવાસ્તવિક ગણી શકાય. ઉપરોકત સંજોગોમાં મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ કરેલો હુકમ કવેળાનો, ગેરકાયદેસર, અન્યાયી, ગેરવ્યાજબી હોઈ રદ કરવા સિવાય મારી પાસે કોઈ વિકલ્પ નથી. મજુર અદાલતે જે કાયદાકીય ક્ષતિ તેમના હુકમમાં કરેલ છે તે સંકેત અસાધારણ પ્રકારની ગણાતી હોઈ તેમાં હસ્તક્ષેપ કરવાનું ન્યાયી અને વ્યાજબી કારણ હોઈ કલમ-૮૫ અન્વયે મળેલી સત્તાનો ઉપયોગ કરી આ અરજીમાં હસ્તક્ષેપ કરવી જરૂરી હોઈ હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૧૧. પુનઃ વિચારણા અરજી માન્ય રાખવામાં આવે છે. અરજી નં. ૫૨/૯૧ માં મનાઈહુકમ અંગેની અરજી આંક-૨ નીચે અમદાવાદની મજૂર અદાલતની મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશ શ્રી પી. એમ. પી. ચાવડાએ તા. ૨૬-૨-૯૧ ના રોજ વચગાળાનો જે મનાઈહુકમ આપેલ છે તે હુકમ આથી રદ કરવામાં આવે છે. બી. આઈ. આર. એકટ ૧૯૪૬ અન્વયે અરજી આંક-૧ જે કરવાનો અરજદાર નં. ૧ થી ૭ જેઓ બ્રાન્ચ મેનેજર તથા ઓફીસર કક્ષાની ફરજો બજાવતાં હોઈ તેઓનો માસિક પગાર રૂા. ૧૦૦૦/- થી વધુ હોઈ તેઓને સદર અરજી કરવાનો કોઈ હકક કે અધિકાર તેઓની સમાવેલ શ્રી આઈ. આર. એકટની કલમ-૮ (૧૩) માં જણાવેલ 'કર્મચારી'ની વ્યાખ્યામાં થતો ન હોઈ બી. આઈ. આર. અરજી આંક-૧ કરવાની તેઓને કોઈ કાયદેસર નથી. સુચિત ફેરફાર બી. આઈ. આર. એકટની અનુસુચિ-૩ ને લગતો હોઈ કલમ-૪૨ અન્વયે કોઈ

INDEX

વિનંતીપત્ર અરજદારે એકને લખેલ ન હોઈ આવી અરજી કરવાનો કોઈ અધિકાર પ્રાપ્ત થતો નથી.

ઉપરોકત સંજોગોમાં કલમ-૧૧૯(ડી) મુજબ કરવામાં આવેલ વ્યવસ્થાના મનાઈહુકમની અરજી કાઢી નાખવામાં આવે છે. ખર્ચ સંબંધીત કોઈ હુકમ નથી.

સહી
(વી. ન. પટેલ)
રજીસ્ટ્રાર.
તા. ૨૩-૪-૯૧

સહી
આર. એસ. શુકલ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
અમદાવાદ

તા. ૪-૫-૯૧
અમદાવાદ

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે નિમાયેલ

હુકમ

સહાયક સંઘ નિબંધક દ્વારા.

સુતરાઉ કાપડ ઉદ્યોગમાંના ઉપક્રમોની માન્યતા:

અધિસૂચના ક્રમાંક/ખ/શમક/૨૭૬૨૪/આરઈ ૯/બી આઈ આર/૧૯૯૧-સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૧૧ (૧) થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ અને તા. ૨૧-૧-૯૧ ની અધિસૂચના ક્રમાંક/ખ શમક/૨૭૩૮૫/આરઈ૭/બીઆઈઆર/૧૯૯૧ ના અનુસંધાનમાં સુતરાઉ કાપડ ઉદ્યોગમાં નીચે દર્શાવેલ સંસ્થાને સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે ઉપક્રમ તરીકે આથી હું માન્ય કરું છું.

નં. ૧૦૯ દસાણી કોટન મીલ્સ, અમદાવાદ.

તા. ૧૧/૪/૯૧

અમદાવાદ

સહી

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

INDEX

સને. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક ૨૭૭૩૫ આરયુ--સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૬૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલા સત્તાની રૂએ.

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને અમદાવાદ એડવાન્સ મીલ્સ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧ માં જુન માસના ૨૫ મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈ.સી) નં. ૧૪૩/૧૯૮૯

હુકમ

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, ભદ્ર.

અમદાવાદ

ટેક્ષટાઈલ લેબર એસોસીએસન, પ્રથમ પક્ષકાર.
અમદાવાદ.

અને

ધી અમદાવાદ એડવાન્સ મીલ્સ. બીજા પક્ષકાર.

અમદાવાદ.

યુનિયનની માંગણી અમદાવાદ એડવાન્સ મીલ્સની પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી તથા રેન્ચમેન્ટ કોમ્પેશન વિ. ની જવાબદારી ન્યુ અમદાવાદ એડવાન્સ મીલ, અમદાવાદની સાથેની જવાબદારી રહેશે તે અંગે.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર મીલ કંપનીને, અમદાવાદ એડવાન્સ મીલ્સની પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઇટી તથા રીટ્રેન્ચમેન્ટ કોમ્પેસેશન વિ.ની જવાબદારી, ન્યુ અમદાવાદ એડવાન્સ મીલ, અમદાવાદની સાથેની જવાબદારી ગણવા બાબતમાં નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પક્ષકારો વચ્ચે અંદરો અંદર સમાધાન ન થતાં પક્ષકારોએ આંક-૭નું સમાધાન પુરસીસ રજૂ કરેલ છે તેમાંની સમાધાનની શરતો જોતાં તે યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય છે અને તે મુજબ હુકમ કરવાથી ઔદ્યોગિક શાંતી જળવાઈ રહે તેમ લાગે છે. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. પક્ષકારોએ આંક-૭ના સમાધાન પુરસીસની શરતો મુજબ વર્તવું આંક-૭ના સમાધાનની એક નકલ આ ચુકાદા સાથે રાખવી. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

Before the Hon'ble Industrial Court, Gujarat Ahmedabad

Refernce (IC No, 143 of 1989)

Between

Textile Labour Association
Ahmedabad

And

The Ahmedad Ahmedabad Advance Mills Ltd.,

The parties in the above matter have arrived at an amicable settlement and pray the Hon'ble Court to make an Award in terms mentioned hereunder ;

Terms Of Settlement

1. That certain shareholders of The Ahmedabad Advanee Mills Limited holding Defecto controlling interest have transferred their shares of the Ahmedabad Advance Mills Ltd., to

M/s. Phulchand Exports Ltd. and their nominees and therefore, M/s. Phulchand Exports Ltd. have agreed to treat the services of the employees working as at present in the mills as continous.

2. The transfer of the undertaking because of the transfer of the shares as aforesaid will not interrupt the services of the employees and that the terms and conditions of services applicable to them after the transfer will not be in any way less favourable to them those applicable to them immediately before their transfer. Therefore, the right of the employees concerned to receive gratuity as per the provisions of the Payment of Gratuity Act, 1972. and retrenchment compensation if payable as per the provisions of Industrial Disputes Act, 1947, shall not be adversely affected by the transfer of the management of the undertaking.

3. M/s. Phulchand Exports Ltd. having are ready taken the management of the Ahmedabad Advance Mills Ltd., Ahmedabad, is therefore, signing this settlement on behalf of the Ahmedabad Advance Mills Ltd., Ahmedabad.

4. In view of the facts aforcsaid, Textile labour Association, Ahmedabad, does not press for any reliefs against the Ahmedabad Advance Mill's Metal Division, now known as Tata Metals and Strips ltd.

Dated : 9 th April 1991
Ahmedabad

For Textile Labour Association
Ahmedabad

For the Ahmedabad Advance Mills Ltd.
Ahmedabad

(Pradeep Agarwal)
Managing Director

INDEX

સહી

સહી

આર. એ. ઠાકર

રજીસ્ટ્રાર.

વી. એચ. ઠાકોર

સભ્ય

અમદાવાદ.

તા. ૧-૫-૯૧
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ.

તા. ૧-૫-૯૧.

તા. ૨૫-૬-૯૧

અમદાવાદ.

તા. ૮-૫-૯૧

(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/બ/શમક/૨૭૬૩૮ આરયુ-સને. ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને. ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ અને ઓરીએન્ટ ફેબ્રીકસ મીલ્સ પ્રા. લી. અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિર્ણય સને. ૧૯૯૧ માં મે, માસના દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી. વી. એચ. ઠાકોર સભ્ય રુબરુ.

રેફરન્સ (આઈસી) નં. ૩૬ /૯૧.

જનરલ વર્કર્સ યુનિયન. અમદાવાદ.   પ્રથમ પક્ષકાર.

અને

ઓરીએન્ટ ફેબ્રીકસ મીલ્સ પ્રા. લી.   બીજા પક્ષકાર.
અમદાવાદ.

યુનિયનની માંગણી સને ૧૯૮૯-૮૯/૯૦ના વરસ માટે કામદારોને બોનસ આપવા અંગે.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ્સ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીમાં કામ કરતા કામદારોને સને ૧૯૮૯, ૮૯/૯૦ ના વરસ માટેનું બોનસ આપવા સંબંધી મીલ કંપનીને નોટીસ ઑફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કે સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ યુનિયને રેફરન્સે આંક-૭નું પુરસીસ રજુ કરી જણાવેલ છે કે, પક્ષકારો વચ્ચે નામદાર અદાલત બહાર સમાધાન થયેલ છે અને કામદારોને લઘુત્તમ

INDEX

ચૂકવી આપેલ હોવાથી યુનિયન આ રેફરન્સ આગળ ચલાવવા માગતું નથી અને તે પાછો ખેંચી લેવાની પરવાનગી માગે છે. જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. યુનિયનને રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

(વી. એસ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ

બી. ન. પટેલ
રજીસ્ટ્રાર.
અમદાવાદ. તા. ૮-૪-૧૯૯૧.

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૪-૫-૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૬૮૪ આરશુ સને ૧૯૪૬નાં મુંબઈ આદ્યોગિક સંબંધક આધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું મજુર મહાજન સંઘ, કલોલ, ધી મહેન્દ્ર મીલ્સ લી. કલોલની વચ્ચે ઔધેગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧માં મે માસના દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, રાજય અમદાવાદ.

શ્રી. વી. એચ. ઠાકોર, સભ્ય ૨બરૂ.

રેફરન્સ (આઈ સા.) નં. ૬૦/૮૮.

મજુર મહાજન સંઘ, કલોલ. પ્રથમ પક્ષકાર.

અને

ધી મહેન્દ્ર મીલ્સ લી. કલોલ. બીજા પક્ષકાર.

યુનીયનની માંગણી મીલ કંપનીના પ્રેસેસીંગ ખાતામાં રોટરી સ્ક્રીન મશીન ઉપર કામ કરતાં શ્રી. ઘનશ્યામ બબાજીને રૂા. ૪૨૫—નો પગાર આપવા અંગે.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયન બીજા પક્ષકાર મીલ કંપનીના પ્રોસેસીંગ ખાતામાં રોટરી સ્ક્રીન મશીન ઉપર કામ કરતા શ્રી ઘનશ્યામ બબાજીને રૂા. ૪૨૫-નો પગાર આપવા બાબતમાં મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પક્ષકારોએ આંક-૧૮ નું સમાધાન રજૂ કરેલ છે. જેમાંની સમાધાનની શરતો જોતાં તે યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય છે અ

INDEX

મુજબ હુકમ કરવાથી ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહે તેમ લાગે છે. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. પક્ષકારો અંક ૧૮ ના સમાધાનની શરતો મુજબ વર્તવું. અંક ૧૮ ના સમાધાન પુરસીસની એક નકલ આ ચુકાદા સાથે રાખવી ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.
અમદાવાદ

ની. ન પટેલ
રજીસ્ટ્રાર.
અમદાવાદ. તા ૧૦-૪-૯૧.

સહી

આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક.
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૪-૫-૯૧
અમદાવાદ

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ક/ખ/શમક ૨૭૬૮૨ આરયુ-સને ૧૯૪૬ નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રુએ,

હું ટેક્ષટાઈલ લેબર એસોસીએશન. અમદાવાદ અને રાજનગર ટેક્ષટાઈલ મીલ્સ નં. ૨, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧મા મે, માસના દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ.

શ્રી એન. એ. ચૌહાણ, સભ્ય ન્યાય.

રેફરન્સ (આઇ. સી.) નં. ૩૮૩/૮૩.

ટેક્ષટાઇલ લેબર એસોસીએશન, અમદાવાદ — પ્રથમ પક્ષકાર

વિરુદ્ધ

રાજનગર ટેક્ષટાઈલ મીલ્સ નં. ૨, અમદાવાદ. — દ્વિતીય પક્ષકાર.

મીલના ઈજનેર મીકેનીક ખાતાના ટર્નરોને વર્ષમાં બે જોડી ચામડાના બુટ આપવા અંગે.

પ્રથમ પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી સુરેન્દ્ર જોશી.

દ્વિતીય પક્ષકાર તરફે વકીલ કુ મીનાબેન શાહ

ચુકાદો

૧. હાલનો રેફરન્સ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૭૩(ક) મુ

INDEX

પ્રથમ પક્ષકાર સંઘ, કે જે અમદાવાદ શહેરમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગના કામદારોનું પ્રતિનિધિત્વ અને માન્યતા ધરાવતો એક સંઘ છે તેમના તરફથી કરવામાં આવેલ છે, કામની હકીકત એ મુજબ છે કે પ્રથમ પક્ષકાર સંઘે દ્વિતીય પક્ષકાર મીલને તા. ૧૬-૪-૮૩ના રોજ એક ફેરફારની સુચના આપીને માંગણી કરેલ હતી કે, મીલના ફીનીશીંગ ખાતામાં ચામડાના પટ્ટા, રીપેરીંગ, સાંધવાના વગેરે કામ માટે મોચીની એક જગ્યા પહેલી પાળીમાં વધારી આપવી જોઈએ. આ માંગણી સાથે દ્વિતીય પક્ષકાર મીલ કંપની સંમત થયેલ ન હતી તેમજ ૧૯૪૬ના અધિનિયમ નીચે નીમવામાં આવેલ સમાધાનકાર પણ પક્ષકારો વચ્ચે સમાધાન કરાવી શકેલા નહીં માટે તેઓએ તા. ૧૭-૬-૮૭ના રોજ પ્રથમ પક્ષકાર સંઘને નિષ્ફળતાનું પ્રમાણપત્ર મોકલી આપેલ હતું જેથી સદરહુ માંગણીની ન્યાય નિર્ણય કરવા માટે સદર સંઘ હાલનો રેફરન્સ કરેલો છે.

પ્રથમ પક્ષકાર સંઘે આંક-૪નું માંગણીનું નિવેદન રજુ કરીને જણાવેલ છે કે, દ્વિતીય પક્ષકાર મીલમાં મીકેનીક ખાતામાં ટર્નરોને દાગીનાનું ફીનીસીંગ કામ કરવાનું હોય છે અને તેથી તેઓના પગના રક્ષણ માટે બુટ આપવા જોઈએ કારણ કે ફીનીફીસીંગ કામ કરતી વખતે તણખા ઝરે છે. દ્વિતીય પક્ષકાર મીલે આંક-૭નો લેખીત જવાબ રજુ કરીને જણાવેલ છે કે, મીકેનીક ખાતામાં ટર્નરોને કામ કરતી વખતે પગના રક્ષણ માટે બુટ આપવાની કોઈ જરૂર નથી.

પ્રથમ પક્ષકાર સંઘે પોતાની માંગણીના સમર્થનમાં આંક-૮થી રમણલાલ શંકરલાલને તપાસેલા છે, જ્યારે દ્વિતીય પક્ષકાર મીલે તેના એન્જીનીયર રમેશચંદ્રને આંક-૯થી તપાસેલા છે. કામદાર જણાવેલ છે કે, ફીનીસીંગ ખાતામાં કામ કરતા ટર્નરોને તણખા ઉડે છે માટે બુટની જરૂર છે. જ્યારે એન્જીનીયર જણાવે છે કે, તણખા ઉડતા નથી અને માટે કોઇ બુટની જરૂર નથી, પરંતુ હાલના રેફરન્સમાં ફેરફારની સુચના આપવામાં આવેલ છે તે સુચના ફીનીસીંગ ખાતાના મોચીને બુટ આપવા અંગેની ન હતી પરંતુ ફીનીસીંગ ખાતામાં પહેલી પાળીમાં મોચીની જગ્યા વધારવા માટેની કરવામાં આવેલ છે. પરિણામે ટર્નરના પગના રક્ષણ માટે બુટની જરૂર છે કે નહીં તે માંગણીનો આ રેફરન્સમાં નિર્ણય થઈ શકે નહીં. પરિણામે આ રેફરન્સમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૪. સંઘે મોચીની એક જગ્યા વધારવા માટે જે ફેરફારની સુચના આપેલ છે તેના અનુસંધાનમાં કોઈ પુરાવો રજુ કરેલ નહીં હોવાથી તેમની

આદેશ રાખવામાં આવતો નથી. ખાસ સંજોગો લક્ષમાં લેતાં ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી

તા. ૧૧-૪-૯૧ (એન. એ. ચૌહાણ)
સભ્ય,
અમદાવાદ ઔદ્યોગિક અદાલત ગુ રાજ્ય
અમદાવાદ

સહી

તા. ૫-૪-૯૧ (આર. કે. પરમાર)

અમદાવાદ સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ, અધિનિયમ,
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૬૮૫ આરયુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી સને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું મજુર મહાજન સંઘ, અમદાવાદ અને પટેલ મીલ્સ લી, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં મે માસના દીને આથી નોધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત અમદાવાદ.

શ્રી. આર. એસ. શુકલ સભ્ય સમક્ષ.

રેફરન્સ (આઈસી) નં. ૬૦/૮૯

મજુર મહાજન સંઘ અમદાવાદ. પ્રથમ પક્ષકાર.

વિરૂદ્ધ

પટેલ મીલ્સ લી. અમદાવાદ બીજા પક્ષકાર.

ઈજનેરે મીકેનીક ખાતામાં ફીટર તરીકે કામ કરતાં શ્રી સુરેશભાઈ વિઠ્ઠલભાઈને ફીટરમાં કાયમી કરી હોદ્દા સાથેનો કાયમી પાસ આપવા બાબત.

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર સંઘે બીજા પક્ષકાર મીલ કંપનીના ઈજનેરે મીકેનીક ખાતામાં ફીટર તરીકે કામ કરતાં શ્રી સુરેશભાઈ વિઠ્ઠલભાઈને ફીટરમાં કાયમી કરી હોદ્દા સાથેનો કાયમી પાસ આપવા બાબતમાં ફેરફારની નોટીસ આપી સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકાર સંઘે આંક-૭ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માંગતા

INDEX

નથી અને પાછો ખેંચી લેવાની પરવાનગી માંગે છે. તો તે મુજબ પરવાનગી આપવામાં કાંઈ વાંધાજનક હકીકત લાગતી નથી. આથી અંતમાં હું નીચે મુજબનો હુકમ કરું. છું.

હુકમ

૩. પ્રથમ પક્ષકાર સંઘે સદરહુ રેફરન્સ પાછો ખેંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે સદરહુ રેફરન્સ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ સંબંધી કેઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
બી. જી. પટેલ
રજીસ્ટ્રાર.
અમદાવાદ તા. ૨-૪-૯૧

સહી
(આર. એસ. શુકલ)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત અમદાવાદ.

સહી

અમદાવાદ તા. ૪-૫-૯૧

(આર. કે પરમાર)
સહાયક સંઘ નિંબધક,
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનીયમ અન્વયેના
અધિસુચનાસહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક ૨૭૬૮૯ આરયુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનીયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનીયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું મજુર મહાજન સંઘ, પેટલાદ અને પી. બી. એમ. પોલીટેક્ષ લી. પેટલાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલા નીચે મુજબના નિર્ણય સને. ૧૯૯૧માં મે માસના દીને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત રાજ્ય અમદાવાદ

શ્રી વી. એચ ઠાકોર સભ્ય રૂબરૂ

રેફરન્સ (આઇસી),નં. ૩૯/૯૦

મજુર મહાજન સંઘ પેટલાદ — પ્રથમ પક્ષકાર.

અને

પી. બી. એમ. પોલીટેક્ષ લી. પેટલાદ.

યુનિયનની માંગણી સને ૧૯૮૮-૮૯ના વરસનું બોનસ તા. ૧૫-૧૦-૮૯ સુધીમાં તમામ કામદારોને ચુકવવા બાબત.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઇલ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર મીલ કંપનીમાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૮-૮૯ના વરસનું બોનસ તા. ૧૫ ૧૦-૮૯ના સુધીમાં ચુકવવા બાબતની નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઇ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પક્ષકારોએ આંક ૧૦નું પુરસીસ આપી જણાવેલ છે કે, રેફરન્સની બાબતમાં હવે કોઈપણ વિવાદ ન હોવાથી આ કામ પક્ષકારો આગળ ચલાવવા માંગતા નથી અને આ સંજોગોમાં યુનિયન રેફરન્સ પાછો ખેંચી

લેવાની વિનંતી કરી છે, જે વિનંતી માન્ય રાખવામાં કોઈ હરકત સરખુ જણાતુ નથી. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

ઉ. યુનિયન રેફરન્સ પાછો ખેંચી લેતુ હોવાથી તે ફેસલ થયેલ ગણવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સહી
(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ.

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર.
અમદાવાદ તા. ૮-૪-૯૧.

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ.
અમદાવાદ.

અમદાવાદ તા. ૪-૫-૯૧

INDEX

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક ૬/ખ/શમક/૨૭૭૩૬ આર યુ સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં સત્તાની રૂએ હુ ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ અને જ્યુપીટર ટેક્ષટાઇલ્સ મિલ્સ અને અન્ય સાત, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં જૂન માસના ૨૫મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ

શ્રી એન. એ. ચૌહાણ સભ્ય રૂબરૂ.

પરચુરણ અરજી (આઇસી) નં. ૧૭/૩

ટેક્ષટાઈલ લેબર એસોસીએશન, અમદાવાદ — અરજદાર

વિરૂદ્ધ

અમદાવાદ જ્યુપીટર ટેક્ષટાઈલ મિલ્સ અને અન્ય સાત, અમદાવાદ. — સામાવાળાઓ

બી. આઈ. આર. એકટની કલમ ૧૧૬-ક મુજબની અરજી.

ચુકાદો ભાગ-૪

હાલની અરજી મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ જેને હવે પછીથી ૧૯૪૬ના અધિનિયમ તરીકે સંબોધવામાં આવશે તેની કલમ ૧૧૬-ક મુજબ અરજદાર સંઘે દાખલ કરેલ છે અને એવો માંગણી કરેલ છે કે, પક્ષકારો વચ્ચે તા. ૫-૭-૭૯ના રોજ કામદારોને રજાઓ આપવા એક સમાધાન થયેલ છે અને તે મુજબ એવોર્ડ થયેલ તેમાં સુધારો કરીને ૧૯૮૩-૮૪ ના વર્ષની એક રજાનો પગાર કારકુનોના ફાળા તરીકે સંઘને તેમની કામદાર હિતની પ્રવૃત્તિ માટે આપવો જોઈએ.

૨. આ અરજીમાં અરજદાર સંઘ અને નં. ૫ મુજબની અ. નં. ૫ મુજબની સીન્થેટીક્સ મીલ વચ્ચે આંક ૧૫થી સમાધાન થયેલ છે અને તે મુજબ

INDEX

પક્ષકારોએ એવોર્ડ કરી આપવા વિનંતી કરી છે. સદર સમાધાનની શરતો ખાસ સંજોગો લક્ષમાં લેતાં વાજબી અને ન્યાયી હોવાથી તે પ્રમાણે એવોર્ડ કરી આપવાનો રહે છે, પરિણામે આ અરજીમાં ભાગ-૪નો નીચે મુજબનો ચુકાદો આપવાનો રહે છે.

હુકમ

૩. અરજદાર સંઘ અને અ. નં. ૫નાં અનીલ સીન્થેટીક્સ વચ્ચે સમાધાન થયેલ હોઈ, આંક ૧૫ મુજબ તેઓએ વર્તવાનું રહેશે. આંક-૧૫ અને આ ચુકાદાનો એક ભાગ તરીકે ગણવાનો રહેશે અન્ય મીલો અંગે આ અરજી આગળ ચલાવવા રાખવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

In The Industrial Court, Gujarat at Ahmedabad.

misc. Appin. (IC) No. 17-1983.

IN

Reference (IC) Nos. 23, 25, 26, 27, 29, 30, 31, 33,

Between

The Textile Labour Association, ahmedabad.

And

ahmedabad Jupiter Textile mills, ahmedabad
and 7 others,

Sr. No. 3 April

mills, ahmedabad

may It Please The Hon'ble Court :

As the parties have arrived at an amicable settlement in the above matter. The parties reduest the Hon'ble Court to make an award as per the settiement annexed herewith,

ahmedabad.

Date : 27-3-1991.

agreement

Whereas the Textile labour association, ahmedabad which is the representative Union for the Cotton Textile Industry in local area of ahmedabad, and which will hereinafter for brevity's sake be referred to as the Tla.

AND Whereas the ahmedabad mfg. & Calico Ptg. Co, Ltd. (Calico mills), which will hereinafter, for brevity's sake be referred to as the mill Company.

And Whereas the Tla and the atma with a view to maintain and strengthen good, harmonious and amicable employer-employees relationship existing in the cotton textile industry in ahmedabad, withdrew on 28th January 1983 their respective appeals from the Supreme court of India against the aforesaid award granting House Rent allowance.

AND Whereas the benefit of House Rent allowance granted by the Industrial court by an award dated 28th November 1981 has become final :

AND Whereas it is neeessary to modify the various awards mentioned hereinabove to enable the employees to implement the resolution of the Executive comittee of the Tla by foregoing their one day's privilege leave and or casual leave, so as to enable them to contribute for welfare activities of Tla on their behalf the amount equivalent to the total emoluments receivable by them for such day.

Now, Therefore, the Tla as the representative union, representing all the emplopees working in the cotton textile industry in the local area of ahmedabad and the mill company enter into the following agreement, viz.

1. That the employees will be entitled to enjoy the benefit of privilege leave and casual leave as per terms of the awards as modified from time to time subject to the provision made for the year 1983 and 1984 as mentioned hereunder :

INDEX

2. That for the year 1983, the members of Tla have agreed to forego the benefit of one day's privilege leave and/or casua leave earned by them on the basis of their attendance during the year 1982, and as such the mill company will give one day less privilege leave and-or casual leave during the year 1983 to all the members of the Tla, a list of which shall be supplied by the Tla to the mill company before 30th June, 1983.

3. That the mill company will also give one day lese privilege leave and-or casual leave to such employees as are not member of the Tla except those who give an application desiring not to contribute to the fund for welfare activities of Tla.

4. That the mill company will collect the amount equivalent to one day's total emoluments payable for the said day and computed in the same manner as the wages of the privilege/casual leave, as the case may be, to be enjoyed in april 1983 are computed for all the employees who are members, as well as non-mebers, except those non-members who have expressly shown their desire in writing not to contribute for welfare activities of Tla.

5. Before taking action as per clauses 2, 3 and 4 above, the mills should display a notice on the Notice Board, describing the interntion of the agreement.

6. The leave so foregone shall be debited to the respective leave accounts of the employees concerned.

7. The amount to be collected as per the aforesaid clauses shall be remitted to Tla on or before 31st July, 1983 and shall be credited by Tla as the employees contribution for welfare activities and shall be utilised for such activities.

8. The Tla shall send receipt for the amount so contributed to the respective employees for the amount so contributed to the respective employees for the amount shown in the list received by the Tla.

INDEX

9. If any of the employee who are not members of the Tla and who do not desire to forego the benefit of rivilage leave and-or casual leave, they shall give an application on or before 20th July, 1983 to the Manager of he mills stating that they do not desire to forego their privilege leave and-or casual leave of a day and do not desire to contribute for welfare activities of Tla. any such application received after 20th July, 1983 shall be ineffective and shall not be acted upon by the mills.

If apy non-member employee is absent on account of sanctioned leave or otherwise during the period from the date of this agreement to 20th July. 1983, then such employee may give a written intimation to the tlr, within one month from resuming his duties stating that he does not desire to forego any of his privilege leave and-or casual leave and does not want to contribute for welfare activities of Tla. The amount remitted on his behalf by the mills concerned shall, thereupon, be repaid by Tla to the mills concerned.

10. The mill company shall remit the amount in lieu of privilege leave and-or casual leave foregone by any employee who after expressing his unwillingness to forego such leave subsequently intimates to the Manager of the mills about his desire to forego one day of a privilege and-or casual leave as contribution to welfare activities of Tla. The Manager shall send the list of such employees with the amount remitted on their behalf to tla within one month on receipt of such sntimation.

11. Subject to the provisions of the Factories Act, 1948, any employee who desires to forego more days of privilege leave and-or casual leave to enable him to contribute more for welfare activities of tla he shall give a written intimation to the Manager of the mill and the manager shall remit the amount payable for such days of leave foregone by him to tla together with 2 copies of the iist of such employees indicating the amount of his contribution.

INDEX

12. The employee not entitled to privilege leave and-or casual leave during the year 1983 may contribute a day of privilege leave and-or casual leave earned by him to be enjoyed during the year 1984 by a written intimation of his desire to forego one day's leave to the manager of the mills. The manager shall reduce the privilege leave and-or casual leave from his account and shall remit the amount payable for such leave to tla with the list of such employees and the amount payable for such leave within one month of the receipt of the intimation from the employee. The tla shall send the receipt to the employee concerned of the amount so remitted on his behelf and credited to the welfare activities of tla.

13. If there is any dispute or difference regarding the implementration and-or interpretation of this agreement, the same shall be referred to the joint committe consisting of three representalives of each of the tla and the mill Company. The joint committee shall deeide the dispute or resolve the difference as expeditiously as possible. The decision of the joint Committee shall binding on the mills and the employees concerned, The tia and the mill company shall constitue the joint committee within one month from the date of this agreement.

14. Subject to clause 12 of this agreement, all the employees shall be entitled to privilege leave and-or casual leave as per the awards mentioned hereinabove and in force from time to time.

15. This agreement shall come into force with effect from the date on which the agreement dated 30th April, 1983 is signed.

16. Employees will be eligible to enjoy the benefit of priuilege leave and casual leave as per the award prior to their modification by this agreement.

Manager,
Antl Spntheter mills,

Ahmedabad.

INDEX

Dated-25-3-1991

Secretary,
Teztile Labour association,
Ahmedabad.

સહી

ની. ન. પટેલ
રજીસ્ટ્રાર
અમદાવાદ
તા. ૨૯-૪-૯૧

એન. એ. ચૌહાણ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત
અમદાવાદ

સહી

આર. કે. પરમાર

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ

તા. ૨૫-૬-૯૧

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસૂચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક ૨૭૬૩૫ આરયુ-સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ-અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ,

હું ટેક્ષટાઈલ લેબર યુનિયન વિરમગામ અને ધી વિરમગામ ટેક્ષટાઈલ મિલ્સ વિરમગામની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિર્ણયો સને ૧૯૯૧ એપ્રિલ માસના ૧૨મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

પરચુરણ અરજી (આઈ. સી.) નં. ૧૬/૯૦ ઈન રેફરન્સ (આઈ. સી. નં. ૧૬૬/૮૨.

ટેક્ષટાઈલ લેબર યુનિયન, અરજદાર.

વિરમગામ.

વિરૂદ્ધ

ધી વિરમગામ ટેક્ષટાઈલ મીલ્સ, સામાવાળા.

વિરમગામ.

બી. આઈ. આર. એકટની કલમ ૧૧૬-હેઠળ અગાઉ થયેલ રેફરન્સના કામમાં આપેલ એવોર્ડના મોડીફીકેશન બાબત અરજી.

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

INDEX

૧. હાલની આ પરચુરણ અરજી, અરજદાર ટેક્ષટાઈલ લેબર યુનિયન જે વિરમગામ સ્થાનિક વિસ્તારના કાપડ સુતર ઉધોગમાં કામ કરતાં કામદારો પ્રતિનિધીત્વ ધરાવતું માન્ય યુનિયન છે. તેમણે અગાઉ ઔદ્યોગિક અદાલત, અમદાવાદ સમક્ષના રેફરન્સ (આઈ. સી. નં. ૧૬૬/૮૨ ના કામે આપવામાં આવેલ એવોર્ડમાં મોડીફીકેશન કરાવવા સારુ આ અરજી દાખલ કરેલ છે.

૨. આ અરજીની ચાલુ સુનાવણીએ પક્ષકારોએ આ કામમાં આંક-૨ ની સાથેના એનેક્ષર મુજબનું સમાધાન રજુ કરેલ છે. જેમાંની સમાધાનની શરતો જોઈ તે યોગ્ય વાજબી અને ન્યાયી જણાય છે અને તે મુજબ હુકમ કરવાની ઔદ્યોગિક શાંતિ જળવાઈ રહે તેમ લાગે છે. આથી હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

૩. મોડીફીકેશન અરજી ગ્રાહ્ય રાખવામાં આવે છે. આંક-૨ ના સમાધાન મુજબ ઉપરોક્ત મુળ રેફરન્સના કામે થયેલ એવોર્ડમાં એ મુજબ સુધારો કરવામાં આવે છે. પક્ષકારોએ આંક-૨ ના સમાધાન સાથે જોડેલ પરીશીષ્ટની શરતો મુજબ વર્તવું. આ સમાધાન પુરસીસની એક નકલ આ હુકમ સાથે રાખવી. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

IN THE INDUSTRIAL COURRT OF GUJARAT AT AHMEDABAD

MISC. Application (IC) No. 16/1990

Reference (IC) 166-1982

BETWEEN

The Textile Labour Union, Viramgam — First Party

V/S

Viramgam Textile Mills, Viramgam
(Unit of NTC (Guj) Ltd.) — Second Party

Application U/S 116-A of the B. I. R. Act 1946

INDEX

In the matter of modification of the Award in Ref. (IC) No. 166 of 1982 regarding Medical Allowance.

May It Please The Hon'ble Court :

1. The Textile Labour Union is a representative and approved union for the cotton textile industry in the local area of Viramgam ank has made this application as a Representrtive Union of the employees working in the Cotton Textile Industry in Viramgam.

2. The mills and the Textile Labour Union state that the employees including clerks working in the Textile Mills are getting the benefit of Medical Allowance as per the ward of the Industrial Court in Reference (IC) No. 166 of 1982 dated 13th Aug. 1982.

3. That the Textile Labour Union, Viramgam and the Mills have agreed to modify the said award as per the settlement attached with this application and marked as Annexure 'A'.

4. The mills and the Textile Labour Union, Viramgam therefore, request the Hon'ble Court.

   a. To modify the Award in Ref (IC) No. 166 of 1982 regarding Medical Allowance,

   b. To make in Award in terms of the Agreement annexed herewith and marked as Annexure 'A'.

   c. To grant any other relief with the Hon'ble Court may deem fit and proper.

Ahmedabad.

Date 13-3-91

Secretary

Textile Labour Union

Viramgam

INDEX

We, the undersigned, do hereby solemly affirm that what is stated above is true to the best of our knowledge, belief and information. This verification is signed at Ahmedabad on 13-3-91.

Ahmedabad,
Date-13-3-91

Secretary
Textile Labour Union
Viramgam
General Manager
Viramgam Textile Mills
Viramgam

In The Industrial Court Of Gujarat At Ahmedabad

MISC Application IC. No. 16-90 Ref. (IC)No. 166/82 of 1981

The Textile Labour Union
V/S.
Viramgam Textile Mills Viramgam

Unit of NTC (Guj) Ltd.

Application U/s 116-A of the BIR Act. 1946

In the matter of demand for giving Medical reimburment to the operatives and Clerks who are getting morethan [illegible]/- and not covered under E.S.I.S cheme

INDEX

Parties in the above matter request the Honourable Court that :

Whereas an order was passed by the Honourable Court in Terms of agreement dated. 27-7-1982

And whereas both the parties after prolong negotiation have agreed to modify the terms of agreement as under request the honble court to pass appropriate order in terms of settlement.

Terms Of Modification In Agreement

Agreement Clause	Modification
Clause : 3	Clause : 3
All the operatives and semi clerkswho are working in Mills who are drawing a total salary of morethan Rs. 1000/- per month and who are not covered under the ESI Act and or the scheme framed their under will be entitled to the benefits of these medical reimbursement scheme.	All the operatives and semi clerkswho are working in the Mills who are drawing a total salary of more than Rs. 1600/- per month and who are not covered under the ESI Act, and or the scheme framed their under will be entitled to the benefits of these Medical Reimbursement Scheme.
Clause : 5	Clause : 5
All the operatives and S.Clerks covered within the scope of the aforesaid clause 3 may be granted medical reimbursement upto a maximum of Rs. 500/- per year.	All the operatives and SemiClerks covered within the scope of the aforesaid clause 3 may be granted Medical reimbursement upto a maximum of Rs. 960/- per year.

Clause : 6

Implementation of this change will be effective from 1-1-1990.

Other terms and condition will reain same.

For Viramgam Textile Mills.

Sd-.

General Manager

For, Textile Labour Association

General Secretary

Ahmedabad Date : 13-3-91.

ની. ન. પટેલ.

રજીસ્ટ્રાર.

અમદાવાદ તા. ૨૧-૩-૯૧

અમદાવાદ.

તા. ૧૨-૪-૯૧

સહી

(બી. એચ. ઠાકોર)

સભ્ય,

આર. કે. પરમાર.

સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,

અમદાવાદ.

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા.

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૬૯૪ આરયુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સન ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સાબંધક નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું જનરલ વર્કર્સ યુનિયન, અમદાવાદ અને ઉમા ટેક્ષટાઇલ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧માં મે, માસમા ૨૧માં દિને આથી નોંધ કરૂં છું.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રી વી. એચ. ઠાકોર, સભ્ય રૂબરૂ.

રેફરન્સ (આઈ. સી.) નં. ૩૩/૯૧.

જનરલ વર્કર્સ યુનિયન,

ગાંધી મજુર સેવાલય, અમદાવાદ. પ્રથમ પક્ષકાર.

અને

ઉમા ટેક્ષટાઈલ, નારોલ, અમદાવાદ બીજા પક્ષકાર.

સંસ્થામાં કામ કરતાં કામદારોને સને ૧૯૮૯/૮૯-૯૦ ના સરસનું બોનસ ચુકવવા અંગે...

ઉદ્યોગ-કોટન ટેક્ષટાઈલ.

૧. હાલનો આ રેફરન્સ પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકારે સંસ્થામાં કામ કરતાં કામદાર/કર્મચારીઓને સને ૧૯૮૯/૮૯-૯૩ ના વરસ માટે બોનસ ચુકવી આપવા બાબતમાં મીલ કંપનીને નોટીસ ઓફ ચેન્જ આપતા પક્ષકારો વચ્ચે અંદરો અંદર કોઈ સમાધાન ન થતાં ઉપસ્થિત થયેલ છે.

૨. ચાલુ રેફરન્સે પ્રથમ પક્ષકાર યુનિયને આંક-૬નું પુરસીસ આપી જણાવેલ છે કે, આ કામમાં પક્ષકારો વચ્ચે અદાલત બહાર સમાધાન થયેલ હોવાથી

તેઓ આ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને તેથી પાછો એંચી લેવાની પરવાનગી માગે છે જે પરવાનગી આપવામાં કશું વાંધાજનક જણાતું નથી. આ સંજોગોમાં હું નીચે મુજબ હુકમ કરું છું.

હુકમ

યુનિયનને રેફરન્સ પાછો એંચી લેવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ બાબતમાં કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
ની. ન. પટેલ
રજીસ્ટ્રાર

સહી
(વી. એચ. ઠાકોર)
સભ્ય,

અમદાવાદ તા. ૨૦-૪-૯૧

ઔદ્યોગિક અદાલત, ગુજરાત
અમદાવાદ

સહી

અમદાવાદ તા. ૨૧-૫-૯૧

(આર. કે. પરમાર)

સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ, અધિનિયમ,
અમદાવાદ

INDEX

ર્સાંક - ૪૩, ૪૪, ૪૫

REGISTERED No. G—BA-14

Ⓒ

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, OCT. 24, 1991/KARTIKA 2, 1913 [No. 43

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B, and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૧.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે-એચ-આર-૨૧૪/એજેએમ-૧૦૯૧-અફઆર-૧૬૭-મ(૨).— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર, મફતલાલ એપેરલ મેન્યુ. કં. લી., નડીઆદ અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની છે.

તેથી, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪) ની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના ખંડ (ઘ) થી મળેલ સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી અમદાવાદની ૬ નંબરની ઔદ્યોગિક ટ્રીબ્યુનલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલેલ છે.

અનુસૂચિ

કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર મહિને રૂ. ૧૦૦/-વૉશિંગ એલાઉન્સ તરીકે આપવા કે કેમ ?

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. બી. પરમાર,
સેકશન અધિકારી.

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી સપ્ટેમ્બર ૧૯૯૧.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૨૨૪/એજેજી-૧૦૯૧-એફઆર-૧૬૭-મ-(૨).—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર, ગુજરાત વિદ્યુત બોર્ડ, ધુવારણ અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની છે ;

તેથી, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મા)ની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના ખંડ (ઘ) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી અમદાવાદની ૫ નંબરની ઔદ્યોગિક ટ્રીબ્યુનલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલે છે.

અનુસૂચિ

જી. એસ. ઓ. ૩૧૫, તારીખ ૧૦મી જુલાઈ ૧૯૯૦ને ઔદ્યોગિક વિવાદ ધારા-૧૯૪૭નો ભંગ કરતો હોઈ તથા ઈન્ડસ્ટ્રીયલ એમ્પ્લોયમેન્ટ (સ્ટેન્ડીંગ ઓર્ડસ) એક્ટ-૧૯૪૬નો ભંગ કરતો હોઈ, તાત્કાલિક અસરથી નેસ્ત નાબુંદ કરવો કે કેમ ? અને તેનો અમલ આ કેસનો નિકાલ ન આવે ત્યાં સુધી કરવો કે કેમ ?

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. બી. પરમાર,
સેકશન અધિકારી.

INDEX

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ઓકટોબર ૧૯૯૧.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૨૩૪/એજેજી-૧૦૯૧-એફઆર-૨૧૬-મ-(૨).—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રી લી; અમદાવાદ અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની છે ;

તેથી, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ના પેટા-કલમ (૧) ના ખંડ (ઘ) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી ઔદ્યોગિક અદાલત, અમદાવાદના તારીખ ૨૯મી જુલાઈ ૧૯૯૧ના પત્ર ક્રમાંક અદત/૧/૧૨૬૮૦, ના પત્રક મુજબ અમદાવાદની ૩ નંબરની ઔદ્યોગિક ટ્રીબ્યુનલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલેલ છે.

અનુસૂચિ

જાહેર રજાઓ આપવા બાબત.

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. અમદાવાદના જુહાપુરા ખાતે આવેલ એનર્જી વિભાગ તથા ગુજરાત રાજ્યમાં જુદા જુદા સ્થળોએ આવેલ એગ્રો સર્વિસ કોમ્પલેક્સો સેન્ટરો અને યુનિટોમાં કામ કરતા કલેરીકલ સ્ટાફને ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનની હેડ ઓફીસમાં કામ કરતા કલેરીકલ સ્ટાફને મળતી તમામ જાહેર રજાઓનો લાભ અને દર મહિનાના બીજા અને ચોથા શનિવારની રજાઓ વિગેરે આપવી જોઈએ કે કેમ ?

આર. એચ. રજાઓ (મર્યાદિત રજાઓ) આપવા બાબત.

ગુજરાત રાજ્ય તરફથી જાહેર કરવામાં આવતી તમામ જાહેર રજાઓ ગુજરાત એગ્રો-ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનની રજી. ઓફીસ ખાતે આપવામાં આવે છે. જ્યારે ગુજરાત સરકાર તરફથી જાહેર કરાયેલી આર. એચ. રજાઓ (મર્યાદિત રજાઓ) આપવામાં આવતી નથી જે આપવી જોઈએ કે કેમ ?

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. બી. પરમાર,
સેકશન [illegible]ી.

INDEX

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ઓકટોબર ૧૯૯૧.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૨૩૭/એજેએ/૧૦૯૧-એફઆર-૧૦૭-મ-૨.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય
૩. પક્ષકારોએ રેફરન્સ (આઈસી) નં. ૧૩૪/૯૦, નં. ૧૫૭/૯૦, નં. ૧૮૫/૯૦ અને નં. ૧૮૭/૯૦ માં તા. ૧-૧-'૯૧ ના રોજ થયેલ સમાધાનની શરતો મુજબ આ રેફરન્સની માંગણી અંગે વર્તવાનું રહેશે. સદર સમાધાનની એક નકલ તથા તથા તારીખ ૧-૧-'૯૧ના રોજના સમાધાનની એક નકલ આ હુકમ સાથે રાખવાની રહેશે, તેમજ બાકીની દાદ પુરતો સદર રેફરન્સ આગળ ચલાવવાનો રહેશે. ખર્ચ સંબંધી કોઈ હુકમ નથી.

BEFORE HON'BLE INDUSTRIAL COURT, GUJARAT

AT AHMEDABAD.

Reference (IC) No. 200 of 1990.

BETWEEN

The Textile Labour Association, Ahmedabad.

AND

Sarangpur Cotton Mills, Ahmedabad and
six others (Unit of G.S.T.C.Ltd;A' bad).

In the above matter, Textile Labour Association, Ahmedabad (hereinafter referred to as the 'Association') and the Gujarat State Textile Corporation') Ltd., Ahmedabad Chereinafter referred to as the corporation beg to submit as under :-

1. The following mills are under the Management of the Gujarat State Textile Corporation Ltd; Ahmedabad :-

1. Sarangpur Cotton Mills Ahmedabad.
2. Silver Cotton Mills, Ahmedabad.

INDEX

3. New Swadeshi Mills, Ahmedabad.
4. Manjushree Textile Mills, Ahmedabad.
5. Monogam Mills, Ahmedabad.
6. Ahmedabad Cotton Mill No. 2, Ahmedabad.

The Textile Labour Association and the Corporation agree to abide by the said terms of settlement as are agreed by and between the Textile Labour Association, Ahmedabad and the Ahmedabad Textile Mills Association, Ahmedabad, in Ref. (IC) Nos. 134-90, 157-90, 185-90 and 167-90 submitted by them on 1st January, 1991. The parties, therefore, request the Hon'ble Court to make an Award in respect of the aforesaid mills as will be made in respect of the above Mills of G.S.T.C.Ltd., Ahmedabad.

Sd

AHMEDABAD, ADVOCATE,

Dated 9-2-91 Gujarat State Textile Corpn. Ltd; Ahmedabad.

Sd

for Textile Labour Asson A'bad.

Annexer

BEFORE HON'BLE INDUSTRIAL COURT (GUJARAT) AT AHMEDABAD.

Misc Appln (IC) No. 2/86

Between

Textile Labour Association, Ahmedabad.

And

INDEX

Ahmedabad Textile Mills Association and others.

In the matter of application under Section 116 A of the Bombay Industrial Relations Act, 1946, for modification of the Award dated 21-4-1948 in Ref. (IC) No. 18/47 as modified from time to time including the Awards in Misc. Appln. No. (IC) 2-74 Misc. Appln. (IC) No. 10 79 and 13 79.

And

Ref. (IC) No. 134-90

Between

Textile Labour Association, Ahmedabad

And

Ahmedabad Textile Mills' Association, Ahmedabad

In the matter of demand by Textile Labour Association for the grant of Leave Travel Allowance to the employees working in the mills.

And

Reference (IC) No. 157 of 1990

Between

Textile Labour Association, Ahmedabad

And

Ahmedabad Textile Mills Association and others ;

In the matter of demand by Textile Labour Association for giving benefits of Conveyance Allowance to the employees, clerical staff etc.

And

INDEX

Reference (IC) No. 185 of 1990

Between

Textile Labour Association, Ahmedabad.

And

Ahmedabad Textile Mills Association and others

In the matter of demand by Textile Labour Association for grant of Conveyance Allowance to the Technical, Supervisory and Officers Staff :

And

Refcrence (IC) No. 187 of 1990

Between

Textile Labour Association, Ahmedabad

And

Ahmedabad Textile Mills' Association and others

In the matter of demand by Textile Labour Association for grant of leave travel allowance to the technical, supervisory and officers staff.

The parties beg to point out that this Hon'ble Court has been pleased to give Part-I Award in Miscellaneous Applicotion (IC) No. 2 of 1985 dated 30-9-1986, giving adhoc rise of Rs. 70 per month to the employees effective from 1-4-1986. Thereafter an agreement has been arrived at between the Millowners Association, Bombay, representing its Member Mills and the Rashtriya Mill Mazdoor Sangh, Bombay dated 23-2-1990 and as modified by Agreement dated 12-3-1990 giving the benefits of annual increments, conveyance all-

Textile Mills at Bombay, the Textile Labour Association, Ahmedabad has moved this Hon'ble Court for granting of similar benefits to the employees, clerical staff, supervisory, technical and officers staff employed in the Textile Industry at Ahmedabad. After protracted negotiations between the parties, the parties have arrived at an amicable agreement in terms mentioned hereunder and pray the Hon'ble Court to give Part-II Award in terms mentioned hereunder.

TERMS OF SETTLEMENT

(1) Rs. 70-given by the Hon'ble Court vide Part-I Award dated 30-9-1986 shall be treated as interim relief which shall cease to be paid after 1-12-1990

(2) Effective from 1/12/1990 all the employees governed by the Bombay Industrial Relations Act, 1946, who are on the Muster Roll of the Member Mills as on 1/1/1991 will be paid additional emoluments as under :-

A. Effective from 1/12/1990 (payable in January 1991) total additional emoluments aggregating to Rs. 105— p.m. of 26 working days made up of

(i) Lumpsum addition to the basic wages/salary without D.A. — Rs. 70

(ii) Annual increment without D.A. — Rs. 10

(iii) Conveyance Allowance : — Rs. 25

B. Effective from 1-4-1991
total additional emoluments
aggregating to Rs. 115-p.m.
of 26 working days, made
up of

(i) Lumpsum addition to the basic wages salary without D.A. — Rs. 70

(ii) Annual increment without D. A inclusive of annual increment given effective from 1-12-1990 — Rs. 20

(iii) Conveyance Allowance : — Rs. 25

Rs. 115

C. Effective from 1-4-1992
total additional emoluments
aggregating to Rs. 125 p. m.
of 26 working days, made
up of

(i) Lumpsum addition to the basic wages salary without D.A — Rs. 70

(ii) Annual increment without D. A. inclusive of annual increment given effective from 1-12-1990 and 1-4-1991 — Rs. 30

(iii) Conveyance Allowance : — Rs. 25

INDEX

D. Effective from 1-4-1993

total additional emoluments aggregating to Rs. 135- p. m. of 26 working days, made up of —

(i) Lumpsum addition to the basic wages-salary without D. : Rs. 70-

(ii) Annual increment without D. A. inclusive of annual increment given effective from 1-12-1990, 1-4-1991 and 1-4-1992 : Rs. 40-

(iii) Conveyance Allowance : Rs. 25-

Rs. 135

E. Effective from 1-4-1994

total additional emoluments aggregating to Rs. 145-p.m. of

INDEX

(i) Lumpsum addition to the basic wages-salary without D.A.	: Rs. 70-
(ii) Annual increment without D, A. inclusive of annual increment given effective from 1-12-1990, 1-4-1991, 1-4-1992 and 1-4-1983	: Rs. 50-
(iii) Conveyance Allowance	: Rs. 25-
	Rs. 145-

2. In the case of monthly-rated employees namely : Clerks, Nurses watch & ward Staff and Technical and Supervisory Staff covered under the B. I. R, Act, the lumpsum addition of Rs. 70- per month to the basic wages-salary without dearness allowance and annual increment of Rs. 10-without dearness allowance and conveyance allowance referred to in sub-clauses A to E of Clause 2 shall relate to the number of days in a calendar month.

3. The annual increment referred to in Clauses 2-A,B, C.D.E will be paid to every permanent operative and also to badli operative who has worked for not less than 240 days in the immediately preceding calendar year.

In computing the 240 days, the number of days on which-

(a) he-she has been laid off under the Standing Orders :

(b) he-she has been on leave with full wages earned in the previous year;

(c) he-she has been absent due to temporary disablement caused by accident arising out of and in the course of

and

(d) in the case of female employee, she has been on maternity leave so, however, that the total period of such maternity leave does not exced twelve weeks.

Shall be taken into account.

4. (a) The conveyance allowance referred to in Clause 2 will be paid only for the days of actual work during the month [which shall include the days on which thes employee was on leave with wages or on paid casual leave as well as all the paid festival holidays] both to the permanent employees as well as badlis. In otherwor this allowance will not be paid for the days of absence without wages-salary or leave without wages-salary and also when the employee is absent due to sickness.

(b) No Provident Fund Contribution, ESIC Contribution, Gratuity, Bonus, Dearness Allowance, Overtime or any other benefits will be payable on conveyance allowance,

(c) This allowance shall be subject to such takes as md be specified under the law.

5. (a) The Mill amaon behalf of the Member Mills has agreed to give Leave Travel Allowance effective from 1-1-1991 to every permanent employeeand also to every badl employee who has worked for not less than 240 days in the immediately preceding calendar year to be computed in the manner explained in Clause 4 above. However, the quantum to be given as Leave Travel Allowance and the conditions modelities for this purpose will be negotiated by the parties and the parties will submit the agreementin this respect Later on.

(6) The parties have agreed to keep pending the retrosp

INDEX

annual increments and conveyance allowance and Leave Travel allowance.

7. In case of mills which are declared as sick units under Sick Industrial Companies Special Provisions Act, 1985, the operation of this agreement is subject to the sanction of the Board for Industrial and Financial Reconstruction.

8. It is agreed that during the period of operation of this agreement i. e. till 31 March, 1995, the Textife Labour association Limbdi will not raise any naw demand on except that of annual b onus, involving financial burden on this mills.

9. If a dispute or difference of opinion arises in regard to implementation and/or interpretation of this agreement, it will be settled by negotiations between atma and the textile association failing which, the matter will be referred, under Section 66 of the Bombay Industrial Relations Act, 1946, to a Committee of persons one each to be nominatad by atma and the textile labour association. The decision of the said Committee will be binding on both the parties. In case of any difference of opinion between the two persons on the Commitee, the matter will be referred to an Umpire to be suggested by the two persons on the Committee.

10. In view of the provision in the above-mentioned Clause (8), neither the Mills Co. norMajoor Mahajan Sangh Surandranagar nor any employee in Mill will approach any authority or forum under any Labour Legislation for seeking implementation and/or interpretation of this agreement or for recovery of any money or benefit payable under this agreement

ahmedabad,
Dated 1-1-91.

Ahmedabad Textiie Mills association-

INDEX

સહી
(હ. ધી. પંડ્યા)
પ્રમુખ

સહી
એન. એ. ચૌહાણ
સભ્ય,

સહી
(વી. એચ. ઠાકોર)
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત.

ની. ન પટેલ
રજીસ્ટ્રાર.
અમદાવાદ. તા. ૨૭-૨-૧૯૯૧

સહી
આર. કે. પરમાર
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૩-૪-૯૧
અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના

અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શમક/૨૭૭૨૭/આરયુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું શ્રી અમરસિંહજી મીલ્સ પ્રા કોરસ (ઈન્ડીયા) અને શ્રી સજુભા મુળુભા ઝાલા વાંકાનેર લી. વાંકાનેર ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક વિવાદમા ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને. ૧૯૯૧ માં જૂન માસના ૨૭ મા દિને આથી નોધ કરું છું.

શ્રી એમ. એચ. દોશીસાહેબ, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ, રાજકોટ.

અપીલ આઈ. સી આર નં. ૨-૧૯૯૧.

પ્રથમ પક્ષકાર : શ્રી અમરસિંહજી મિલ્સ પ્રા. કોરસ (ઈન્ડીયા) લિ.,

વાંકાનેર.

વિ.

બીજા પક્ષકાર : શ્રી સજુભા મુળુભા ઝાલા.

ભાટીયા શેરી, જીનપરા,

વાંકાનેર.

ચુકાદો

૧. રાજકોટની ત્રીજી વિદ્વાન મજુર અદાલતનાં ન્યાયાધીશશ્રી પી. વી. આરૂએ બી. આઈ. આર. અરજી નં. ૮૫/૮૬ માં તા. ૩૦-૧-૯૧ ના રોજ આપેલા ચુકાદા સામે આ અપીલ દાખલ કરવામાં આવેલ છે.

૨. આ ચુકાદાથી રાજકોટની ત્રીજી મજૂર અદાલતે અરજદાર કામદાર શ્રી સજુભા મુળુભા ઝાલાને તેમની નોકરી તા. ૧૭-૭-૮૬ થી સળંગ ગણી પડેલા દિવસોના પૂરા પગાર સાથે મૂળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા તથા મીલ કંપનીએ

INDEX

આંક-૧૪ તથા આંક-૧૫ માં જણાવેલ રકમો મજરે લેવા હુકમ કરેલ છે. મીલ કંપનીનું તા. ૧૭-૭-૮૬ નું મૌખિક હુકમથી કામદારને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવેલ છે.

૩. નીચેની મજૂર અદાલતમાં કામદાર અરજદારનો કેસ આ પ્રમાણે હતો. તેઓ મીલ કંપનીમાં બાર વર્ષથી નોકરી કરે છે, કાયમી છે, તેમને તા. ૧૭-૭-૮૬ના હુકમથી નોકરીમાંથી છૂટા કરેલ છે. તેઓએ મીલ કંપનીને તા ૧૮-૭-૮૬ નો અપ્રોચ લેટર આપેલો જેનો કોઈ જવાબ આપેલ નહિ અને અને તેમને કામે લીધેલા નથી. તા. ૧૦-૭-૮૬ ના રોજ મીલ કંપનીએ તેમને એક કારણદર્શક નોટીસ આપેલ, પરંતુ ખાતાકીય તપાસ કરેલ નથી. નોટીસ ખોટી રીતે આપવામાં આવેલ છે. આ અંગેનો કંપનીનાં અધિકારીશ્રીનો કેસ વાંકાનેરની ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલવામાં છે. આ કેસમાં કામદાર અને મીલ કંપની વચ્ચે કોઈ સમાધાન થયેલ નથી. તા. ૭-૭-૮૬ નો બનાવ કંપનીએ ઉપજાવી કાઢેલ બનાવ છે. પણ તેઓ તે દિવસે સીક લીવ ઉપર હતા. કેટલાક કાગળોમાં તેમની સહીઓ લેવામાં આવેલ છે તેનો ઉપયોગ ન કરવા તેમણે મીલને જણાવેલ છે. આથી કામદારે નોકરીમાંથી પુરત લેવાની અને પાછલા પગારની દાદ માગેલ.

૪. આ સામે મીલ કંપનીએ આંક-૫ થી બચાવનામું રજૂ કરેલ અને તેમાં નીચેનાં મુદ્દાઓ ઉઠાવેલ છે. કાયદા મુજબ જરુરી એવો એપ્રોચ લેટર કામદારે મીલ કંપનીને આપેલ નથી તેથી અરજી ચાલી શકે નહીં. કામદારે દારુ પી ગેરવર્તણુક અને વિભાગનાં વડા અધિકારી ઉપર હુમલો કરેલ જેથી તા. ૧૦-૭-૮૬ ની નોટીસ કંપનીએ કામદારને આપેલ અને તેમને સસ્પેન્ડ કરેલ વિભાગનાં અધિકારી શ્રી કે. એમ. શાહે પોલીસમાં ફરિયાદ પણ કરેલ. આ ગેરવર્તણુંકનો કામદારે કોઈ ખુલાસો કરેલ નથી. તા. ૧૯-૭-૮૬ ના રોજ કામદારે પોતાની જાતે મીલની નોકરીમાંથી રાજીનામું આપેલ છે અને તે રાજીનામું સક્ષમ સત્તાધીશ દ્વારા સ્વીકારવામાં આવેલ છે. આ અંગેની જાણ હાલનાં કામદારને દેવામાં આવી છે. આ રાજીનામા અંગે ચુકવવાની થતી કાયદેસરની તમામ રકમ કામદારે સ્વીકારેલ છે. આથી કામદારની નોકરી ટર્મીનેટ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તા. ૧૯-૭-૮૬ નું રાજીનામુ સ્વૈચ્છિક છે તે સ્વીકારી લેતાં આ અરજી ચાલી શકતી નથી. આ કેસમાં નીચે મુજબનાં દસ્તાવેજો તથા પુરાવાઓ રજૂ થયેલ છે.

૧. આંક-૭ કામદારે તા. ૧૮-૭-૮૬ ના રોજ મીલ કંપનીને આપેલ એપ્રોચ લેટર,

INDEX

૨. આંક-૫૩ કામદારે તા. ૧૩-૭-૮૬ ના રોજ મીલ કંપનીને યુ. પી. સી. ની મોકલેલ પત્ર.

૩. આંક-૮ કામદારે મીલ કંપનીને તા. ૧૪-૭-૮૬ ના રોજ મોકલેલ મીલ કંપનીની તા. ૧૦-૭-૮૬ ની નોટીસનો જવાબ,

૪. આંક-૯ કામદારે મીલ કંપનીને તા. ૧૮-૭-૮૬ ના રોજ આપેલ એપ્રોચ લેટર,

૫. આંક-૫૪ કામદારે તા. ૧૯-૭-૮૬ ના રોજ મીલ કંપનીને લખેલપત્ર.

૬. આંક-૧૦ કામદારે તા. ૧૯-૭-૮૬ ના રોજ મીલ કંપનીને રૂબરુ આપેલ પત્ર.

૭. આંક-૧૩ કામદારનું રાજીનામું.

૮. આંક-૧૪ કામદારને ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવ્યા અંગેનું વાઉચર,

૯. આંક-૧૫ કામદારને રેશનેલાઈઝેશનના પૈસા ચૂકવવા અંગેનું વાઉચર,

૧૦. આંક-૪૭ કામદારની હાજરીનો ઉતારો.

૧૧. આંક-૪૮ મીલ કંપનીએ કામદારોને લખેલ તા. ૩-૭-૮૬ નો પત્ર

૧૨. આંક-૪૯ મીલ કંપનીએ કામદારને તા. ૧૦-૭-૮૬ ના રોજ આપેલી કારણદર્શક નોટીસ,

૧૩. આંક-૫૦ મીલ કંપનીએ કામદારોને તા. ૧૫-૭-૮૬ ના રોજ લખેલ પત્ર

૧૪. આંક-૫૧ મીલ કંપનીએ કામદારને તા. ૧૭-૭-૮૬ ના રોજ લખેલ પત્ર

૧૫. આંક-૫૨ મીલ કંપનીએ કામદારને આપેલ ચેક એક 'બેંક ઓફ બરોડા. વાંકાનેર' નો તા. ૨૯-૧૦-૯૦ નો પત્ર.

૧૬. આંક-૧૨ સંબંધિત કામદારની જુબાની.

૧૭. આંક-૨૧ પ્રધુમનસિંહ રણજીતસિંહની જુબાની,

૧૮. આંક-૨૩ જયવંતસિંહ વનભાની જુબાની

૧૯. આંક-૪૭ ઓ-ફેકટરી કમ હેડમેનેજર ટાઈમકીપરની જુબાની

૫. આ કેસમાં નીચેના મુદ્દાઓ મારા નિર્ણય કરવા માટે ઉપસ્થિત થાય છે.

INDEX

૧. શું નીચેની વિદ્વાન ત્રીજી મજૂર અદાલત, રાજકોટનો ચુકાદો ન્યાયી અને યોગ્ય છે કે કેમ ?

૨. અંતિમ હુકમ શું કરવો ?

આ બંને પ્રશ્નોનો જવાબ હું નીચેનાં કારણોસર નીચે મુજબ આપું છું.

૧ નીચેની વિદ્વાન ત્રીજી મજુર અદાલત, રાજકોટનો ચુકાદો ન્યાયી અને યોગ્ય નથી.

૨. નીચેની મજૂર અદાલતનો ચુકાદો રદ થવા પાત્ર છે.

૭. કારણો—

આ કેસમાં નીચેની વિદ્વાન ત્રીજી મજુર અદાલતે પાયાની જે ભૂલ કરેલ છે તે એ છે કે નીચેની કોર્ટ આ કેસમાં કામદારે જે રાજીનામું આપેલ છે તથા ત્યારબાદ કુલ રૂા. ૬૯૫૦-૪૦ નું ચૂકવણું મીલ કંપની દ્વારા આંક-૧૪ અને આંક-૧૫ નાં વાઉચરથી કરવામાં આવેલ છે જેમાંનું એક ચૂકવણું તા. ૨૧-૭-૮૬ ના રોજ કરવામાં આવેલ છે અને બીજું ચૂકવણું તા. ૨-૮-૮૬ ના રોજ કરવામાં આવેલ છે. આ બંને ચૂકવણા એક દ્વારા થયેલા છે. આ બંને ચૂકવણા રાજીનામું આંક-૧૩ નું તા. ૧૯-૭-૮૬ ના રોજ આપવામાં આવ્યા પછી કરવામાં આવેલ છે. આ રાજીનામું તા. ૧૦-૭-૮૬ ની શો-કોઝ નોટીસ અને તેમાં જણાવેલ પ્રોસીડીંગ્સ અને ગેરવર્તણુંક બાદ કરવામાં આવેલ છે. તે અંગેનો જે વિચાર કરવો જોઈએ તે વિચાર કરેલ નથી અને તેનાં ઉપરથી જે અનુમાનો યોગ્ય રીતે અને ન્યાયીક રીતે દોરવા જોઈએ તે દોરેલ નથી તેમાંથી ઉપસ્થિત થયેલ છે. કામદારે નીચેની ત્રીજી વિદ્વાન મજૂર અદાલત સમક્ષ સાબિત કરવાનું હતું કે તા. ૧-૭-૮૬ ના રોજથી મૌખિક હુકમથી તેઓને નોકરીમાંથી છૂટા કરેલ છે, પરંતુ આ પહેલાં કંપનીનો જે આક્ષેપ છે કે કામદારે ગેરવર્તણુંક કરેલ અને તા. ૧૦-૭-૮૬ ની નોટીસ કામદારને આપવામાં આવેલ ત્યારબાદ કામદારને સસ્પેન્ડ કરવામાં આવેલ આવેલ આ કોઈ બનાવો અને પ્રશ્નો ઉપરથી જે અનુમાન દોરવા જોઈએ

તે નીચેની વિદ્વાન મજુર અદાલતે દોરેલ જ નથી. આ હકીકતો ધ્યાનમાં રાખવા પછી તેનાં પ્રકારમાં નીચેની વિદ્વાન મજુર અદાલતે આ પુરાવાની મુલવણી કરવાની હતી. તેનાં બદલે આ કેસમાં જાણે કે તમામ બાબત સાબિત કરવાનો

INDEX

બોજો કંપની ઉપર જ હોય તે રીતનો અભિગમ લઈ અને નીચેની વિદ્વાન મજુર અદાલતે કેસ ઉપર વિચાર કરેલ છે.

૮. રાજીનામું આંક-૧૩ સંબંધે નીચેની વિદ્વાન મજુર અદાલતનું તારણ એવું છે કે રાજીનામાનાં શબ્દો જોતાં તે કંપનીની રાજીખુશીથી આપવામાં આવેલ હોય તેમ જણાય છે. નીચેની વિદ્વાન મજુર અદાલતે આ રાજીનામા સંબંધ એમ જણાવેલ છે કે કે રાજીનામું સ્વૈચ્છિક હતું તેમ બનાવવામાં કંપની નિષ્ફળ ગયેલ છે, પરંતુ નીચેની વિદ્વાન મજુર અદાલતે એ વિચાર કરેલ નથી કે તા. ૭-૭-૮૬ની કામદારની ગેરવર્તણુંક આક્ષેપ હતો. તે અંગે તા. ૧૦-૭-૮૬ના રોજ આંક-૪૯ વાળી નોટીસ કામદારોને આપવામાં આવેલ તેનો ખુલાસો કામદારો તા. ૧૪-૭-૮૬ નારોજ આંક-૮ના પત્રથી કંપનીને કરેલ. પત્ર આ કામદારને સસ્પેન્ડ પણ કરવામાં આવેલ. આ સંજોગોમાં વધુ શકયતા એ જણાય છે કે કામદારે એમ પણ વિચાર્યું હોય કે તેની સામે ફોજદારી કેસ છે. ગેરવતણુંનો કેસ છે, તેને ગેરવતણૂંક અંગેની નોટીસ આપવામાં આવેલ છે અને તે સંજોગોમાં રાજીનામું આપી પોતાના હક્કહિત લઈ છૂટા થઈ જવું વધુ યોગ્ય છે. જયારે પ્રથમ દષ્ટિએ કોઇપણ સહીવાળું લખાણ, કોઈપણ વ્યકિતની સહીવાળુ તેની સામે હોય ત્યારે તે લખાણ વિશે સંપૂર્ણ ખુલાસો કરવાની જવાબદારી તે વ્યકિતની રહેલી છે. આ કેસમાં કામદારનું રાજીનામું રેકર્ડ ઉપર છે. કામદારે બે જુદી જુદી તારીખે લીધેલ રકમોની હકીકતો તેની સામે છે. આ ત્રણેય હકીકતોની ખુલાસો કરવાની જવાબદારી અને બોજો કામદાર ઉપર હતો આ બોજો જયાં લેવો જોઈએ ત્યાં રાખવાના બદલે નીચેની વિદ્વાન મજુર અદાલતે દલીલોથી અને કલ્પનાથી આ બાબતનો ખુલાસો કરવા પ્રયાસ કરેલ છે. નીચેની વિદ્વાન મજૂર અદાલત તેના ચુકાદાના પાન-૧૧ ઉપર જણાવે છે કે, જે રકમો કામદારે સ્વીકારે તે સ્વીકારવા સિવાય તેની પાસે છૂટકો નહોતો કારણ કે બેરોજગારી દરમિયાન ભરણપોષણ માટે આ રકમ જ કામદારને કામ આવવાની હતી આવો કોઈ ખુલાસો કામદારનો નથી. કામદારનું કહેવું એવું છે. કે તેને જે બંને રકમો રૂ. ૪૮૫૦-૪૦ પૈ. તથા રૂ. ૨૧૦૦ આંક-૧૪ અને આંક-૧૫થી આપવામાં આવેલ છે તે તેણે કરેલ વધારાની કામગીરીના આપવામાં આવેલ છે આ બચાવ અને કામદારની આ વાત ચુકાદાના પાના-૧૨ના છેલ્લા પેરેગ્રાફમા વિદ્વાન મજૂર અદાલતે પણ સ્વીકારેલ નથી. નીચેના મજુર અદાલતનું તારણ તેનાં પોતાના જ શબ્દોમા

INDEX

"પરંતુ મારા નમ્ર મત પ્રમાણે સદરહુ રકમ હાલના કામદારની એકસ્ટ્રા કામ અંગે, તેમજ સી. એલ. અને હક્કરજાનું પેમેન્ટ અંગે આપેલ હોવાનું હું સ્વીકારતો નથી, કેમ કે, આંક-૧૪ તથા આંક-૧૫ના દસ્તાવેજોની હકીકતો વેચાણે લેતાં. તેમજ સામાવાળાએ આ કામે રજુ કરેલ આંક-૪૭, કામદારની હાજરી અંગેનું સને ૧૯૭૪થી ૧૯૮૬ ના અરસાનું પત્રક જતાં સ્પષ્ટપણે જણાય છે કે, કામદાર પોતાની ફરજમાં કંઈક અંશે અનિયમિત હતા, જેથી જે માણસ રોજીંદી ફરજમાં અનિયમિત રહેતાં હોય, તે વ્યક્તિ મીલ કંપનીમાં એકસ્ટ્રા કામ કરે તે અંગેની હકીકત માનવી અને વાજબી જણાતી નથી. આજ હાજરીપત્રક ઉપરથી એક એવું અનુમાન સહેલાઈથી દોરી શકાય કે જ્યારે કામદારે ઉપરોક્ત સમયગાળા દરમિયાન મીલ કંપનીમાં કોઈ વર્ષમાં ૨૪૦ દિવસ પણ કામગીરી કરેલ નથી, તેવા સંજોગોમાં હાલનાં કામદારની કોઈ હક્કરજા, કે કેજ્યુઅલ રજા અંગેનો પગાર તેને મીલ કંપનીએ ચૂકવવાનો થાય તેવું માનવું પણ ભૂલભરેલું જણાય છે તે હકીકત હોય, પરંતુ આ કામે સ્પષ્ટ પુરવાર થાય છે કે, કામદારે મીલ કંપની પાસેથી આંક-૧૪ અને આંક-૧૫નાં વાઉચર્સમાં જણાવ્યા પ્રમાણેની રકમો મેળવેલી છે."

૯. એક વખત કામદારની આ વાત માન્ય ન રહે તો ત્યાર પછી માત્ર એક જ નિર્ણય કરી શકાય કે કંપનીનો જે કેસ છે કે કામદાર સામે ડીસીપ્લીનરી પ્રોસીડીંગ્સ હતા. કામદારે તેના સામે રાજીનામું આપેલ અને ત્યારબાદ બે જુદી જુદી તારીખોએ અને લાંબા અંતરનાં દિવસોએ બે જુદી જુદી રકમોના એક કંપનીમાંથી લીધા અને આ ચેક વટાવવામાં આવેલ છે. આ તમામ સંજોગો ઉપરથી માત્ર એક જ કારણ શકય છે અને તે એ છે કે કામદારે ખરેખર તેની ઈચ્છાથી રાજીનામું આપેલ. તેણે પોતાને મળતા હક્કહિતની રકમ લઇ લીધેલ. કામદારે એ પણ વિચાર્યુ હોવું જોઇએ કે જો પોલાસ કેસ આગળ ચાલે અને ડીસીપ્લીનરી પ્રોસીડીંગ્સ આગળ ચાલે તો તેમાં તેને કદાચ વધુ ગુમાવવાનો વારો આવે અને એ સંજોગોમાં કામદારે આ રાજીનામું હોવાની શકયતા નકારી શકાય નહીં. અને એક વખત જે વ્યક્તિ રાજીનામું આપે તે રાજીનામું સ્વૈચ્છિક નથી અથવા તો તે રાજીનામું કોરા કાગળ ઉપર લેવામાં આવેલ છે અથવા તો તે ધાકધમકીથી કરાવી લેવામાં આવેલ છે તે તમામ હકીકતો અને બાબતો સાબિત કરવાની જવાબદારી જે વ્યક્તિ આક્ષેપ કરે તેના ઉપર હોય છે. આ બાબત સાબિત કરવા માટે જે વ્યક્તિએ આવા આક્ષેપો કરવા હોય અને સાબિત કરવા

INDEX

અને ચોક્કસ અને સ્પષ્ટ અને વજુદવાળા પુરાવા આપવા જોઈએ. આવો કોઈપણ પુરાવો આપવામાં કામદાર પક્ષ સદંતર નિષ્ફળ ગયેલ છે, એ પણ નોંધપાત્ર છે કે અરજદાર સજુભાની જુબાની આંક-૧૨માં સજૂભાએ મુખ્ય તપાસમાં ક્યાંય પણ એવું જણાવેલ નથી કે તેમની કોરા કાગળમાં સહી લઈ લેવામાં આવેલ છે અથવા તો તેમનું રાજીનામું ધાકધમકીથી અથવા તો કોઈ બીજી રીતે લઈ લેવામાં આવેલ છે અથવા તો આવા કોઈપણ સંજોગો તેમણે બતાવેલ નથી. આથી એમ સ્પષ્ટ કહી શકાય કે અરજદાર સજુબાનો એવો કોઈ કેસ નથી કે તેમણે રાજીનામું નથી અથવા તો રાજીનામું તેમની પાસેથી લઈ લેવામાં આવેલ છે. આંક ૧૩ નાં રાજીનામામાં અરજદારની સહી છે તે રાજીનામાંની સહી પણ અરજદાર કબૂલ કરે છે. તે રાજીનામાંની શરત પણ એવી છે કે જે કામદાર જ લખે અને તે રાજીનામું કયા સંજોગોમાં લખાયું તે વિશે અરજદાર સજુબા કોઈ ખુલાસો કરતા નથી. ત્યારબાદ જો કંપનીના પુરાવામાં તે રાજીનામું કેવી રીતે લખાયું અને કયા સંજોગોમાં લખાયું તે અંગેની વાત આવે તો તે વાતનો અસ્વીકાર કરવા માટે પૂરતા અને વજૂદવાળા કારણો જોઈએ. વળી, નીચેની વિદ્વાન મજૂર અદાલત રાજીનામુંનું અર્થઘટન કરવામા પણ ભૂલ કરે છે.

"આજથી તા. ૧૮-૭-૮૬ મે આપની રાજીખુશીથી મીલની નોકરીમાંથી રાજીનામાંનું આપું છું."

૧૦. ઉપર મુજબનાં શબ્દો છે. "અપ"ને બદલે "આપ" વાચવું યોગ્ય નથી. જયવંતસિંહ અનુભા જાડજા આંક-૨૩ ની જુબાની પણ રાજીનામા આંક-૧૩ની હકીકતને ઉલટ તપાસમા તેમણે કરેલ વિદ્વાનો ઉપરથી સમર્થન આપે છે તેથી તે જુબાની પણ અરજદારને મદદ કરતી નથી.

૧૧. આ કેસમાં કંપની તરફથી શ્રી ચંદ્રકાંત કનૈયાલાલ શાહે આંક-૪૭-એથી તેમની જુબાની આપેલ છે. તેમાં તેમણે જણાવેલ છે કે શો-કોઝ નોટીસ અંગેનાં પ્રોસીડીંગ્ઝ કામદાર સામે ચાલતા હતા તે સંબંધિત કામદારનાં પિતાશ્રી તેમની પાસે આવ્યા અને કહેલ કે સજુભાનું રજીનામું લખો. તેનાં પિતાશ્રી મીલમાં નોકરી નોકરી કરતા હતા તેથી તેમણે સવજીભાઈને સજૂભાનું રાજીનામું લખી આપવા જણાવ્યું અને તે લખી આપી એ લઈ અને મુળુભા જનરલ મેનેજર શ્રી હીરાણીયા પાસે ગયેલ અને તેમણે તે રાજીનામું મંજૂર કરી સજુભાનાં હક્કહિત ચૂકવી આપવા જણાવેલ, ત્યારબાદ તે રકમો અરજદારને ચૂકવવામાં આવેલ છે. આ સાહેદની જુબાનીના ટીકા માત્ર એટલા માટે જ કરવામાં આવે છે કે તેમણે અરજદારને [illegible]

INDEX

અરજદાર મીલનાં બીજા ભાગોમાં ફરતા હોય ત્યાં તેને જોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૧૨. વળી, આ કેસમાં નીચેની અદાલતનું રેકર્ડ પણ જોતાં જણાય છે કે શ્રી હોસારીવાને તપાસવા માટે કંપની ઘણી આતૂર હતી પરંતુ સામાવાળા કામદારે કેસ ખૂબ જલદીથી પૂરો કરવા દબાણપૂર્વક આગ્રહ રાખતાં શ્રી હોસારીવાને તપાસવાની તક મીલ કંપનીને મળેલ નથી. વળી, આ રાજીનામું આંક-૧૩નુ સ્વૈચ્છાપૂર્વકનું નથી તે સાબિત કરવા માટે કામદારે રાજીનામું લખનાર સવજીભાઈને તપાસવા જોઈએ તે પણ તેમણે તપાસેલ નથી. આ સંજોગોમાં અને એમ લાગે છે કે નીચેથી વિદ્વાન મજૂર અદાલતે જે તારણો કાઢેલ છે તે તારણો કલ્પના ઉપર આધારિત છે. આ પ્રકારનો કેસ કામદારનો હતો જ નહીં અને પુરાવાનાં બોજા અંગે પણ જે બાબત નીચેની વિદ્વાન મજુર અદાલતે લક્ષમાં રાખવી જોઈએ તે એમણે રાખેલ નથી અને કારણોસર તેનો સગગ્ર ચુકાદો અયોગ્ય બનેલ છે. અને તેના કારણે જ તે ચુકાદામાં તેની ભૂલ થયેલ છે.

૧૩. એ વાત પણ માનવા જેવી નથી કે રાજીનામું આપ્યા પછી રાજીનામા નીચે રકમ આપવામા આવે ત્યાર બાદ પણ આ રકમ કામદાર તેને શા માટે આપવામાં આવે છે તેની તપાસ કરે નહીં અને તે અંગે કોઈ એપ્રોચ લેટર પણ આવે. આ બધું શું બતાવે છે?

૧૪. નીચેની વિદ્વાન મજુર અદાલતે આંક-૫૪નાં એપ્રોચ લેટર ઉપર આધાર રાખી એમ જણાવેલ છે કે આ લેટરનો જવાબ કંપનીએ આપેલ નથી અને તેથી તેમાં જણાવેલ હકીકતો સામે કંપનીને કશું જ કહેવાનું નથી, પરંતુ રાજીનામા બાદ તા. ૨૧-૭-૬૬ અને તા. ૨-૮-૬૬ ના રોજ જુદી જુદી રકમો કામદાર તરફથી લેવામાં આવેલ તો ત્યારબાદ કંપનીને કોઈ જવાબ આપવાપણું રહેતું હોય તે માનવા જેવું રહેતું નથી.

૧૫. કામદારનાં વિદ્વાન પ્રતિનિધિ શ્રી હૈદરઅલીએ એવી દલીલ કરેલ છે કે ગેરકાયદેસર ફેરફાર કરી મનસ્વી રીતે કામદારને છૂટા કર્યા છે અને વહીવટી નિયમોની કલમ-૨૦ પ્રમાણે તેમાં જણાવેલ સમય વીતવા દીધેલ નથી. પરંતુ આ સમય એટલે નોટીસનો સમય છે અને સ્ટેન્ડીંગ ઓર્ડરની કલમ-૨૦ મુજબ આ નોટીસનાં સમયને જતો કરવો કે ન કરવો તે માલિકની ઈચ્છાની વાત છે. વિદ્વાન પ્રતિનિધિ શ્રી હૈદરઅલીએ એવી પણ દલીલ કરેલ છે કે રાજીનામું આપ્યું ન હતું અને ઉપજાવી કાઢેલ છે પણ આ બાબત પણ માની શકાય તેમ નથી. માત્ર રાજીનામું [illegible]

INDEX

છે અને તે રકમ જુદી જુદી બે તારીખોએ કામદારે સ્વીકારેલ છે. વિદ્વાન પ્રતિનિધિ શ્રી હૈદરઅલીએ નીચેનાં કેસો ઉપર આધાર રાખેલ છે.

(૧) ૧૯૫૩ (૨) એલ. એલ. જે, પાન-૬૬૩ શ્રી લક્ષ્મી વીવીંગ મિલ્સ વિ. જે. વી. કાંબલી અને બીજાઓનો કેસ

(૨) ૧૯૫૪ (૧) એલ એલ. જે. પાન-૬૭૮ શ્રી નેશનલ આર્ટ સિલ્ક મિલ્સ લિ., વિ. મીલ મજદુર સભા અને બીજાઓનો ચુકાદો.

(૩) ૧૯૫૯ પાન-૮૨૬ ઉપરનો અનંતા મિલ્સ લિ., અમદાવાદ વિ. ટેક્ષટાઈલ લેબર યુનીયન, અમદાવાદનો કેસ.

(૪) ૧૯૫૭, (૨) એલ એલ. જે. પાન-૩૭ શ્રી મ્યુનિસિપલ કોર્પોરેશન, ગ્રેટર બોમ્બે વિ. લેબર એપેલો, ટ્રિબ્યુનલ ઓફ ઇન્ડીયા અને બીજાઓનો કેસ.

(૫) ૧૯૬૨ સુપ્રિમ કોર્ટ (૧) એલ. એલ. જે. પાન-૩૭૪ યુ. બી. દત્ત એન્ડ કું. લિ., વિ. તેનાં કામદારોનો કેસ.

(૬) ૧૯૬૫ (૧) એલ. એલ. જે. ૫૬૮, ગુજરાતની વડી અદાલતનો શ્રી મણીલાલ ભુખનદાસ ચાવીલ વિ. ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ ગુજરાત અને બીજાઓ વચ્ચેનો કેસ.

૧૬. પરંતુ આ તમામ ચુકાદાઓ રીટ્રેન્ચમેન્ટ અને લેક-આઉટને લગતા છે અને એક પણ ચુકાદો કામદારે આપેલ રાજીનામાને લગતો નથી તેથી આ ચુકાદાઓ કામદારને મદદકર્તા થતા નથી.

૧૭ આ સામે શ્રી એસ બી. ગોગીયાએ ૧૯૭૮ લેબર એન્ડ આઈ સી. પાન-૧૯૭૫નાં ચુકાદા ઉપર આધાર રાખેલ છે તેમાં જણાવ્યા પ્રમાણે રાજીનામાને કસ્ટ્રકટીવ-ડીસમીસલ ગણી શકાય નહિ.

૧૮. આથી મારું એવું સ્પષ્ટ મંતવ્ય છે કે નીચેના વિદ્વાન મજુર અદાલત રાજકોટે આ કેસ પરત્વે મુળભુત ખોટો અભિગમ અપનાવી ખોટો વિચાર કરેલ છે અને તેનાં પરિણામે તેનો આખોય ચુકાદો ભુલભરેલો આવેલ છે અને આ કેસમાં કેટલીક સ્પષ્ટ અને સરળ હકીકતો વિદ્વાન મજુર અદાલત સમક્ષ એ હતી કે કામદારે રાજીનામુ આપેલ હતું. રાજીનામાના અનુસંધાને કામદારને કેટલીક રકમ આપવામાં આપેલ હતી અને તે તમામ ઉપરથી અને તમામ તમામ હકીકતો

INDEX

હોવા છતાં નીચેની વિદ્વાન મજૂર અદાલતનો એવો નિર્ણય કે કામદારને મૌખિક રીતે કાઢી મુકવામાં આવેલ હતા તે શકય પણ નહોતું અને યોગ્ય પણ નહોતું.

૧૯. આ કેસમાં નીચેની વિદ્વાન મજુર અદાલતે જે સંપૂર્ણ પાછલા પગાર સાથે કામદારને નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો જે હુકમ કરેલ છે તે બિલકુલ અયોગ્ય છે કારણ કે નોકરીનાં મહદ્દગાળા દરમિયાન આ કામદારે વર્ષમાં માંડ ચાલીસ પચાસથી વધુ દિવસો મીલમાં કોઈપણ વખતે કામ કરેલ નથી અને તેથી તે સંજોગોમાં કામદારને પુરો પગાર પાછળનો અપાવવા તે સદંતર અયોગ્ય છે અને તેથી નીચેની વિદ્વાન મજુર અદાલતે ગમે તે નિર્ણય કર્યો હોય તો પણ તેણે આ બાબત અંગે વિચાર કરી કોઈપણ સંજોગોમાં વર્ષે બે માસથી વધુ સમયનાં પગારો કામદારને અપાવવાનું યોગ્ય નહોતું. પરંતુ હું જ્યારે આખો ચુકાદો રદ કરું છુ ત્યારે આ અંગે કોઈ હુકમ કરવી યોગ્ય નથી.

૨૦. વિદ્વાન વકીલ શ્રી એસ બી. ગેગીયાએ એવી દલીલ કરેલ છે કે આ કોર્ટનાં વચગાળાનાં હુકમથી એપ્રિલ ૧૯૯૧ સુધીમાં કામદારને કેટલીક રકમ આપવામાં આવેલ છે તે પરત અપાવવા, પરંતુ આ કેસ કામદાર અને મીલ વચ્ચેનો હોઈ અપાયેલ રકમ પરત અપાવવાનાં મતનો હું નથી.

૨૧. આથી હું ઉપરનાં બંને મુદ્દાઓ અંગે ઉપર મુજબ ઠરાવી હેઠળ લખ્યા મુજબ અંતિમ હુકમ કરું છું.

હુકમ

આ અપીલ આથી મંજુર કરવામાં આવે છે.

નીચેની વિદ્વાન ત્રીજી મજુર અદાલત, રાજકોટનો ચુકાદો આથી રદ કરવામાં આવે છે અને અરજદાર કામદાર શ્રી સજુભા મુળુભા ઝાલાની અરજી આથી રદ કરવામાં આવે છે, પરંતુ ખર્ચ અંગે નીચેની વિદ્વાન મજુર અદાલતે જે હુકમ કરેલ છે તેમાં કોઈપણ ફેરફાર કરવામાં આવતો નથી. પછી આપીલના ખર્ચ અંગે કાઈ હુકમ નથી.

INDEX

સહી

તા. ૧૮-૫-૬૧ (મ. હ. દોશી)

રાજકોટ સભ્ય,

ઔદ્યોગિક અદાલત,

રાજકોટ.

સહી

તા. ૨૫--૬૧ (આર. કે. પરમાર)

અમદાવાદ સહાયક સંઘ નિબંધક,

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ

INDEX

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેના
અધિસુચના સહાયક સંઘ નિબંધક દ્વારા

ક્રમાંક : ૬/ખ/શ્રમક/૨૭૭૧૦ આરયુ-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૫૮(૧) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ- ૬૫થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ,

હું મહાવીર એન્ટર પ્રાઈઝીસ લી., ઉમરગામ અને ધી વલસાડ ડીસ્ટ્રીકટ ઈન્ડસ્ટ્રીયલ એમ્પ્લોઈઝ એસોશીએશન, સુરત સમાધાન અધિકારીશ્રી ડી. કે. પટેલની દરમ્યાનગીરીથી થયેલ નીચે મુજબની પતાવટની સન ૧૯૯૧ના મે માસના ૨૧મા દિને, આથી નોંધ કરું છું.

સમાધાન ખત પત્ર
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનીયમ ૧૯૪૬—હેઠળ
કેસ નંબર બી. આઈ. આર, -૭-૯૧

પક્ષકારોનાં નામ

સંસ્થાના પ્રતિનિધી : શ્રી એમ. સી. પુજ્જેરી પ્રોપાઈટર

મહાવીર એન્ટરપ્રાઈઝીસ સીન્થેટીક એન્ડ રેયાન મીલ્સ પ્રા. લી.
પ્લોટ નં. ૧૮૮/૧૯૯. જી. આઈ. ડી. સી.
ઉમરગામ, જી. વલસાડ

વિરૂદ્ધ

યુનિયનનાં પ્રતિનિધિ : શ્રી રમેશચંદ્ર રામજીભાઈ પટેલ.
મંત્રીશ્રી.
ધી વલસાડ ડીસ્ટ્રીકટ ઈન્ડસ્ટ્રીયલ
એમ્પ્લોઈઝ એસોસીએશન,
કોંગ્રેસ ભવન, સોની ફળીયા, સુરત.

સમાધાન પૂર્વેની ટુંકી વિગત

મહાવીર એન્ટર પ્રાઈઝીસ ઉમરગામમાં કામ કરતા કામદારો વતી ધી વલસાડ ડીસ્ટ્રીકટ ઈન્ડસ્ટ્રીયલ એમ્પ્લોઈઝ એસોસીએશન, સુરત કે જે ઉમરગામ તાલુકાનાં રેશમ કાપડ ઉદ્યોગનાં કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતા માન્ય યુનિયન છે તેણે

તેનાં તા. ૨૫-૩-૯૧નાં રોજથી નોટીસ નમુના ફોર્મ "એલ"માં આપી તેનાં કામદારોને (૧) પગાર વધારો, (૨) મોંઘવારી ભથ્થું (૩) રજાઓ, (૪) યુનિફોર્મ (૫) ધોલાઈ ભથ્થુ, વિગેરે ચુકવી આપવા માંગણી કરેલી. જે અંગે કોઈ સમાધાન પક્ષકારો વચ્ચે ન થતાં એસોસીએશને તેના તા. ૦૯-૪-૯૧નાં રોજના ફેરફાર અંગે નોટીસ "નમુના-એન"માં સમાધાન અધિકારીશ્રી, વલસાડને આપેલ જેને તા. ૧૫-૦૪-૯૧નાં રોજ મુંબઈ ઔદ્યગીક સંબંધક અધિનિયમની કલમ ૫૫ હેઠળ પત્રકમાં નોંધવામાં સમાધાન કાર્યવાહી માટે તા. ૨૪-૪-૯૧નાં રોજથી જુદી જુદી તારીખે સુનાવણી રાખવામાં આવેલ જેમાં બંને પક્ષકારો વચ્ચે આજ-રોજ નીચે મુજબ શરતે એ સમાધાન થયેલ છે.

સમાધાનની શરતો

માંગણી નં.-૧-પગાર વધારો

કંપનીમાં કામ કરતાં કામદારોનાં હાલમાં કુલ ૩ ગ્રેડ છે. અને તે નીચે મુજબ છે.

(૧) કુશળ, (૨) અર્ધ કુશળ (૩) બીન કુશળ,

ઉપરોક્ત પ્રમાણે ગ્રેડમા જે તે કામદારોનાં રાખવામાં આવ્યા છે. તે પૈકી જે અર્ધ કુશળ અને બીન કુશળ કામદારોને ફીકસ્ડ પગારથી જ્યારે કુશળ કામદારો પૈકી જે કામદારો ફીકસ્ડ પગારથી કામ કરે છે. તે વિગતો ધ્યાનમાં લેતાં નીચે મુજબ પગાર વધારેલ તેનાં કામદારોને આપવા સ્વીકાર છે.

(અ) કંપનીમાં કામ કરતાં કામદારો પૈકી ફીકસ્ડ પગારથી કામ કરતાં કામદારોને નીચે તેમનાં જે તે ગ્રેડ સામે દર્શાવેલ પગાર વધારાની રકમ તા. ૦૧-૦૪-૧૯૯૧નાં રોજથી અમલમાં આવે તે મુજબ દૈનિક લેખે મુળ પગારનાં પગાર વધારા તરીકે ચુકવી આપવા કંપની સ્વીકારે છે.

(બ) કંપનીમાં કામ કરતાં કામદારો પૈકી જે કામદારો પીસ રેટથી કામ કરે છે. તેઓને હાલમાં ચુકવાતા દરોમાં મીટર દીઠ રૂા. ૦-૦૫ નવા પૈસા તા. ૧-૪-૯૧થી ચુકવી આપવા પક્ષકારો સ્વીકારે છે

તા ૦૧-૦૪-૯૨થી મીટર દીઠ ભાવ નકકી કરવા અંગે પક્ષકારો ફરી મીટીંગ યોજી ચર્ચા-વિચારણા કરી નકકી કરશે.

INDEX

ઉપરોકત પ્રમાણેનાં પગાર વધારો કંપની ચુકવવા સંમત થતાં એસોસીએશન તે કબુલ મંજુર રાખે છે.

ગ્રેડ

પગાર વધારો લાગુ કરતી તારીખ	કુશળ રૂા. પૈસા	અર્ધકુશળ રૂા. પૈસા	બીનકુશળ રૂા. પૈસા
૦૧-૦૪-૯૧	૦૧-૫૦	૦૧-૨૫	૦૦-૮૫
૦૧-૦૪-૯૨	૦૧-૦૦	૦૧-૦૦	૦૧-૦૦
૦૧-૦૪-૯૩	૦૧-૦૦	૦૧-૦૦	૦૧-૩૦

માંગણી નં. ૨ :-મોંઘવારી ભથ્થું

કંપનીમાં કામ કરતાં કામદારોને હાલમાં કંપની પાવરલુમ ઉદ્યોગમાં કામ કરતા કામદારો માટે નામદાર ગુજરાત સરકારશ્રી તરફથી તારીખ ૧ લી એપ્રિલ અને તારીખ ૧ લી ઓકટોબરથી, અમલમાં આવે તે મુજબ જે સ્પેશ્યલ એલાઉન્સ ચુકવવા અંગેની જાહેરાત કરે છે તે મુજબ કંપની તેનાં કામદારોને મોંઘવારી ભથ્થુ ચુકવે છે. અને તેવી ચુકવણી કરતાં રહેવાની કંપની ખાત્રી આપે છે.સબબ, મોંઘવારી ભથ્થા અંગેની માંગણી યુનિયન પાછી ખેંચે છે.

માંગણી નં. ૩ :-રજાઓ.

(અ) કંપની તેનાં કામદારોને ૧૯૯૧નાં વર્ષથી વાર્ષિક દિન ૭ની કેઝ્યુઅલ રજા નીચે મુજબની શરતોએ ભર પગારે ચુકવી આપવા સ્વીકારે છે.

INDEX

શરતો :-

(૧) કેઝયુઅલ રજા સામુહિક રીતે કામદારો ભોગવી શકશે નહિ.

(૨) કેઝયુઅલ રજા જાહેર તહેવારની આગળ અથવા પાછળ ભોગવી શકાશે નહી.

(૩) કેઝયુઅલ રજા વર્ષના અંત પહેલાં ભોગવેલી રજા બીજા વર્ષમાં મજરે આપવામાં આવશે નહી.

(બ) માંદગીની રજા :-યુનિયન સદર માંગણી પાછી ખેંચે છે.

(ક) જાહેર તહેવારની રજા :-કંપની તેના કાયમી કામદારોને હાલમાં જાહેર તહેવારોની રજા ભરપગારી ચુકવી આપે છે તે મુજબ ચુકવી આપવાનું ચાલુ રાખવા સ્વીકારે છે સબબ, યુનિયન તેની માંગણી પાછી ખેંચે છે.

(ડ) હક્ક રજા :-કંપની હાલમાં કારખાના અધિનિયમ હેઠળ કામદારોને હક્ક રજા ચુકવે જ છે, જેથી સદર માંગણી યુનિયન પાછી ખેંચે છે.

માંગણી નં.-૪ :-યુનિફોર્મ

યુનિયન સદર માંગણી પાછી ખેંચે છે.

માંગણી નં.-૫-ધોલાઈ ભથ્થું.

યુનિયન સદર માંગણી પાછી ખેંચે છે.

સામાન્ય:-

(૧) આ કરારમાં કંપનીએ સ્વીકારેલ માંગણીઓ સિવાયની માંગણીઓ બાબતે પક્ષકારો વચ્ચે કંપનીની પ્રોડક્ટ, તેનાં બજાર અને હાલ સ્થિતી અંગે પૂર્ણ વિચાર—વિમર્સ કર્યા પછી યુનિયને પાછી ખેંચી છે. સબબ, આ પાછી ખેંચાયેલી માંગણીઓ બાબતે તેમજ કરારનો અમલ રહે ત્યાં સુધી પ્રથમ પક્ષનાં કંપની ઉપર વધુ આર્થિક બોજો પડે તેવી (બોનસ સિવાયની) માંગણીઓ યુનિયન કરશે કરાવશે નહી.

INDEX

(૨) આ કરાર તા. ૧-૪-૧૯૯૧થી અમલમાં આવી તા. ૩૧-૩-૧૯૯૪ સુધી અમલમાં રહે છે. અને તે તા. ૧-૪-૧૯૯૪થી આપોઆપ રદ થશે.

સહી

(પ્રથમ પક્ષકાર)

ડાયરેકટર

સ્થળ : વલસાડ મહાવીર એન્ટર પ્રાઈઝ

તા. ૬-૫-૯૧ જી. આઈ. ડી સી. ઉમરગામ,

(બીજા પક્ષકાર)

મંત્રીશ્રી

ધી વલસાડ ડીસ્ટ્રીકટ ઈન્ડસ્ટ્રીયલ એમ્પ્લોઈઝ

એસોસીએશન, સુરત

સહી

આર. કે. પરમાર

સહાયક સંઘ નિબંધક,

અમદાવાદ તા. ૨૧-૫-૯૧ મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ

અમદાવાદ.

INDEX

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનીયમ અન્વયેના

અધિસુચના નિમાયેલ સહાયક સંઘ નિંબંધક દ્વારા

ક્રમાંક : ક/ખ/શ્રમક ૨૭૭૨૯ આરયુ-સને ૧૯૪૬નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધીનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ-(ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ.

હું જનરલ વર્કસ યુનિયન અમદાવાદ અને આનંદ સ્ક્રીન પ્રિન્ટસ, અમદાવાદની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયલયે આપેલ નીચે મુજબના નિવેડા સને ૧૯૯૧માં જુન માસના ૨૫મા દિને આથી નોંધ કરું છું.

ઔદ્યોગિક અદાલત ગુજરાત રાજ્ય અમદાવાદ

શ્રી. આર. એસ. શુકલ, સભ્ય સમક્ષ

રેફરન્સ (આઇસી) નં. ૧૯/૮૯

જનરલ વર્કસ યુનિયન,　　પ્રથમ પક્ષકાર.

ગાંધી મજુર સેવાલય,

મજુર મહાજન સંઘ, અમદાવાદ.

વિરૂદ્ધ

ધી મેનેજર,　　બીજા પક્ષકાર.

આનંદ સ્ક્રીન પ્રીન્ટર્સ,

નારોલ, અમદાવાદ.

કામદારોને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ આપવા અંગે પ્રથમ પક્ષકાર તરફે શ્રી વી. વી. ઠાકર.

ચુકાદો

૧. પ્રથમ પક્ષકાર યુનિયને, બીજા પક્ષકાર કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ આપવા અંગે બીજા પક્ષકાર કંપનીને ફેરફારની નોટીસ આપી સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરેલ છે.

૨. પ્રથમ પક્ષકાર યુનિયને તેઓનું માંગણીનું નિવેદન આંક-૪ થી રજૂ કરેલ છે. તેમાં તેમની રજુઆત એવી છે કે, પ્રથમ પક્ષકાર યુનિયન બી. આઈ. આર. એકટ અન્વયે ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમા પ્રતિનિ

INDEX

પક્ષકાર કંપનીને બી. આઈ. આર. એક્ટ-૧૯૪૬નો કાયદો લાગું પડે છે. વધુમાં તેઓની કેસ એવો છે કે, બીજા પક્ષકાર કંપનીમાં ૬૦ કામદારો કામ કરે છે અને કંપની શરૂ થયે પાંચ વર્ષથી વધુ સમય થયો છે. તેઓની વધુમાં રજુઆત એવી છે કે, બીજા પક્ષકાર કંપનીમાં મોટી સંખ્યામાં કામદારો કામ કરે છે કંપની પ્રોસેસ હાઉસ છે અને કાપડ છાપવાનું અને પ્રોસેસ કરવાનું કામ કરે છે. બજારમાં સારી એવી કંપનીની નામના છે અને કંપની શરૂ થયો પછી તેનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો છે. કામદારોની સંખ્યા વધી રહી છે. માલની આવક અને પ્રોડક્શન તેમજ નફો પણ વધેલ છે. બીજા પક્ષકાર કપની તેના કામદારોને દર વર્ષ દિવાળી ઉપર બોનસ આપે છે. અને તે પક્ષ કાયદાકીય જોગવાઈઓનો છે કયાંક ભંગ કરીને અપાય છે. કામદારોને કંપનીના બેલેન્સ શીટસ ઉપર કોઈ બોનસ આપવામાં આવતું નથી. કામદારોને મીનીમમ બોનસ ૮ ૩૩ ટકા અને તેનાથી ઓછું બોનસ ચુકવાય છે. બીજા પક્ષકાર કંપનીની આર્થિક પરિસ્થિતિ લક્ષમાં લેતાં કામદારોને સને ૧૯૮૭/૧૯૮૭-૮૮ના વર્ષ માટે કુલ કમાણીના ૨૦ ટકા લેખે બોનસ મળવા પાત્ર થાય છે. બીજા પક્ષકાર કંપની ૨૦ ટકા લેખે બોનસ આપવા કાયદેસર રીતે જવાબદાર છે. વળી, તેઓની વધુમાં રજુઆત એવી છે કે, બીજા પક્ષકાર કંપની તરફથી પ્રથમ પક્ષકાર યુનિયનને આજ દિન સુધી કોઈ બેલેન્સશીટસ બોનસની ગણતરી માટે મોકલવામાં આવેલા નથી તેમજ બોનસ ધારા અનુસારના એ. બી, સીપત્રકો, હાજરીપત્રક, પગારપત્રક બતાવવામાં આવેલ નથી તેમજ બીજા પક્ષકાર કંપનીએ બોનસની ચુકવણી કરેલ છે તે મનસ્વી રીતે ગણતરી કરીને ચુકવેલ છે. કાયદેસરની ચુકવણી નથી. તેઓની વધુમાં કેસ એવો છે કે, બીજા પક્ષકાર કંપનીએ તેના કામદારોને ૮.૩૩ ટકા જેટલું મીનીમમ બોનસ આપેલ છે. પ્રથમ પક્ષકાર યુનિયનની વધુમાં એવી રજુઆત છે કે, બીજા પક્ષકાર કંપની શરુ થઈ ત્યારથી સને ૧૯૮૭-૮૮ સુધીના તમામ વર્ષના સરવૈયા, પગારપત્રકો તથા અન્ય ચોપડાઓ તપાસવવામાં આવે તો કામદારો ૨૦ ટકા બોનસ મેળવવા માટે હક્કદાર થાય છે અને ૨૦ ટકા બોનસ ચુકવવાની કંપનીની કાયદેસરની જવાબદારી છે, તેમ છતાં કંપનીએ તે પ્રમાણે બોનસ ચુકવી આપેલ નથી. અને તેથી પ્રથમ પક્ષકાર યુનિયને બીજા પક્ષકાર કંપનીને ફેરફારની નોટીસ આપી સમાધાન અધિકારીશ્રીને મોકલી આપેલ. પરંતુ બંને પક્ષકારો વચ્ચે સમાધાન શકય ન થવાથી પ્રથમ પક્ષકારો યુનિયને નામદાર અદાલત સમક્ષ દાદ માગેલ છે. પ્રથમ પક્ષકાર યુનિયનના જણાવ્યા પ્રમાણે તેઓની માગણી ન્યાયી અને વ્યાજબી [illegible] કંપનીએ ચુકવી આપવું જોઈએ.

(૩) બીજા પક્ષકાર કંપનીને નોટીસ બજાવવામાં આવેલ અને જે બજી ગયેલ છે. તેમ છતાં બીજા પક્ષકાર કંપનીએ પોતાનો લેખિત જવાબ રજુ કર્યો નથી ત્યાર બાદ પણ અનેક મુદતો પડવા છતાં બીજા પક્ષકાર કંપનીએ પોતાનો લેખિત જવાબ રજુ કરેલ નથી કે એક પણ મુદતમાં તેઓ કે તેમના કોઈ પ્રતિનિધિ કે એડવોકેટ હાજર રહયા નથી, આમ કંપનીને અનેક નોટીસો રજીસ્ટર્ડ એ. ડી. થી બજાવવામાં આવેલ હોવા છતાં તેઓ એક પણ મુદતે નામદાર અદાલત સમક્ષ હાજર રહેલ નથી કે તેઓએ લેખીત જવાબ રજૂ કરેલ નથી.

(૪) ત્યારબાદ સદરહુ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર યુનિયને તા. ૬-૧૦-'૯૯ના રોજ તેમનું સોગંદનામું રજુ કરેલ છે. તેમાં તેઓની રજુઆત એવી છે કે, નામદાર પક્ષકારોને નોટીસો કાઢી માંગણાનું નિવેદન તથા પ્રતિનિવેદન રજુ કરવા માટે તક આપેલ હતી, જે મુજબ માંગણાનું નિવેદન નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરી તેની નકલ બીજા પક્ષકાર કંપનીને રજી. એ. ડી. ની મોકલાવી આપેલ. સદરહુ માંગણાનું નિવેદન બીજા પક્ષકાર કંપનીને મળવા છતાં તથા સદરહુ કામમાં અનેક મુદતો આપવા છતાં કંપની તરફથી પ્રતિનિવેદન નામદાર અદાલત સમક્ષ રજુ થયેલ નથી. કંપનીને ત્યારબાદ પણ અનેકવાર સુનાવણીની મુદતો અંગે જાણ કરવા છતાં અને તેઓનો બચાવ કરવા તક આપવા છતાં બીજા પક્ષકાર કંપની તરફથી કોઈ પ્રતિનિધિ, એડવોકેટ કે જવાબદાર સંચાલકો હાજર થયા નથી. આમ બીજા પક્ષકાર કંપનીએ નામદાર અદાલત સમક્ષ સતત ગેરહાજર રહી નકારાત્મક વલણ અખત્યાર કરેલ છે. વધુમાં તેઓની રજૂઆત એવી છે કે, બીજા પક્ષકાર કંપનીની આર્થિક સ્થિતિ ખૂબ જ સધ્ધર છે અને કંપનીના હિસાબી ચોપડા તથા અન્ય દસ્તાવેજો જોતાં સને ૧૯૮૭,૧૯૮૭-૮૮ ના વર્ષ માટે ૨૦ ટકા જેટલું બોનસ આપવા કાયદેસર રીતે બંધાયેલ છે, તેમ છતાં કંપનીએ ૮.૩૩ ટકા જેટલું મીનીમમ બોનસ આપેલ છે. અને તેથી તેઓની માંગણી વાજબી, ન્યાયી અને કાયદેસરની હોઈ નામદાર અદાલતે તે મુજબનો હુકમ કરવો જોઈએ.

૫. બીજા પક્ષકાર કંપનીને અનેક મુદતો આપવા છતાં તેઓએ પોતાનું લેખીત નિવેદન રજૂ કરેલ નથી કે તેમના બચાવ માટે તેઓનો કોઇ પ્રતિનિધિ કે એડવોકેટ કોઈપણ મુદતમા હાજર રહેલ નથી. અને તેથી પ્રથમ પક્ષકાર યુનિયને તેમના માંગણાના નિવેદનમાં અને તેઓએ રજુ કરેલ સોગંદનામામાં જણાવેલ

INDEX

નામાની વિગતો સાચી નહીં હોવાનું માની શકાય નહીં. અને તેથી યુનિયનની આ માંગણી મંજુર કરવી જોઈએ, અને તેથી અંતમાં હું નીચે મુજબનો હુકમ કરું છું.

હુકમ

૧. સદરહુ રેફરન્સ મંજૂર કરવામાં આવે છે. બીજા પક્ષકાર કંપનીને આદેશ આપવામાં આવે છે કે, કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને અને ૧૯૮૭/૮૭-૮૮ના વર્ષનું ૨૯ ટકા પ્રમાણે બોનસ ચુકવી આપવું. ખર્ચ સંબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સહી
એસ. એમ. નાયક
રજીસ્ટ્રાર.
તા. ૧૬-૫-૯૧
અમદાવાદ

સહી
આર. એસ. શુકલ
સભ્ય
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
અમદાવાદ

સહી
(આર. કે. પરમાર)
સહાયક સંઘ નિબંધક
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ
અમદાવાદ

તા. ૨૫-૬-૯૧
અમદાવાદ

INDEX

REGISTERED No. G-BA-14-E

(C)

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

51 -

Vol.XXXII] THURSDAY, DEC. 19, 1991 / AGRA. 28, 1913 [No. 51

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી નવેમ્બર ૧૯૯૧

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૨૮૭/-એજેબી-૧૦૯૧-એફઆર-૨૬૪-મ-૨.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર, બ્રાન્કો પ્રોડકટસ (ઈ) લી. ભાયલી વડોદરા અને તે હેઠળ કામે રાખેલ કામદારો વચ્ચેની છે.

તેથી, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ (૧) નાં ખંડ (ઘ) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ઔદ્યોગિક ન્યાય પંચ, અમદાવાદના તારીખ ૨૮મી ઓગષ્ટ ૧૯૯૧ના પત્ર ક્રમાંક: અદત-૧-૧૫૦-૧૪૫૮૯, ના પત્રક મુજબ ૧ નંબરની ઔદ્યોગિક અદાલત, વડોદરા, તકરાર તેનો ન્યાય-નિર્ણય કરવા માટે લખી મોકલે છે.

અનુસૂચિ

(૧) હાલ જે પગાર મળે તે પગારમાં ૩૦ ટકાનો વધારો આપવો કે કેમ?

(૨) એન્જીનીયરીંગ વેજબોર્ડની ભલામણો મુજબ ૨૨૦ પોઈન્ટ બાદ કરી દર પોઈન્ટે જે રકમ આપવામાં આવે છે તેમાં વધારો કરી દર પોઈન્ટે રૂા. ૪-૦૦ મુજબ વેરીએબલ ડી. એ. તરીકે આપવા કે કેમ?

(૩) ઉપરોક્ત માંગણી નં. ૨માં જણાવવા મુજબ વેરીએબલ ડી.એ. ઉપરાંત દર માસે રૂા. ૨૫૦.૦૦ ફીક્સ ડી.એ. તરીકે આપવા કે કેમ?

(૪) જ્યાં સુધી રહેવાની સગવડ આપવામાં નહીં આવે ત્યાં સુધી દર માસે રૂા. ૨૦૦- મકાનભાડા તરીકે આપવા કે કેમ?

(૫) પોતાની રજાનો સદઉપયોગ કરી શકે તે માટે તેઓ પોતાના કુટુંબ સહિત વરસ દરમ્યાન ૩૦૦૦કી.મી. નો રેલ્વે કે પ્રવાસ કે એસ.ટી. પ્રવાસ કરી શકે તે માટે જે તે વર્ગમાં હક્કદાર થતા હોય તે વર્ગનું પ્રવાસ ભથ્થું આપવું કે કેમ? પ્રવાસ દરમ્યાન જે કાંઈ પરચૂરણ ખર્ચ થાય તે માટે રૂા. ૧૦૦૦- દર વરસે પ્રવાસ ભથ્થા તરીકે આપવી કે કેમ?

(૬) કામદાર રાજ્ય વીમા યોજનાનો લાભ મળતો ન હોય દર માસે દરેક કામદારને રૂા. ૧૦૦- મેડીકલ એલાઉન્સ આપવું કે કેમ?

(૭) ઉપર્યુક્ત ૧ થી ૧૫ તમામ માંગણીઓનો અમલ તારીખ ૧લી ડીસેમ્બર ૧૯૯૦ના રોજથી કરવો કે કેમ?

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મ. છો. પટેલ,
સેકશન અધિકારી.

INDEX

શ્રમ અને રોજગાર વિભાગ.

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી નવેમ્બર ૧૯૯૧

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૨૮૮-એજેએ-૧૦૯૧-એફઆર. ૩૧-મ(૨).—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર, ગુજરાત સ્ટેટ કો. ઓ. ફેડરેશન લી. અમદાવાદ અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની છે.

તેથી હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ ૧૦ની પેટા કલમ (૧) ના ખંડ (ઘ) થી મળેલ સત્તાની રુએ, ગુજરાત સરકાર આથી અમદાવાદની ૩ નંબરની ઔદ્યોગિક ટીબ્યુનલને તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલે છે.

અનુસૂચિ

માંગણી નં. ૧.—બેઝીક પગાર.

ઘણા વર્ષોથી માર્કેટીંગ ફેડરેશનના કર્મચારીઓના બેઝીક પગાર રીવાઈઝ કરવામાં આવેલ નથી. તેથી બેઝીક પગાર કર્મચારીઓને નીચે મુજબ આપવો :—

કલાર્ક : ૩૦૦—૧૫—૩૬૦—૨૦—૪૧૦—૨૫—૫૮૫—૩૦—૧૦૩૫
ડ્રાયવર્સ : ૨૩૦—૧૦—૨૭૦—૧૨—૩૩૦—૧૫—૪૦૫—૨૦—૭૦૫

લીફટમેન
પટાવાળા : ૧૮૦—૧૦—૨૨૦—૧૨—૮૦—૧૫—૩૫૫—૨૦—૬૫૫
સર્બોડીનેટ સ્ટાફ. :

માંગણી નં. ૨—મોંઘવારી ભથ્થાંની મર્યાદા રદ કરવા બાબત :

હાલમાં સંસ્થામાં બેકીંગ ઉદ્યોગ મુજબનું મોંઘવારી ભથ્થું આપવામાં આવે છે કે જે હાલમાં ૪૨૫-૦૦ બેઝીકની મર્યાદામાં ચુકવવામાં આવે છે તે રદ કરી પુરેપુરા બેઝીક પગાર મુજબ મોંઘવારી ભથ્થું ચુકવવું.

માંગણી નં. ૩.—એડજસ્ટમેન્ટ :

અ. જે કર્મચારીઓની ૧૦ વર્ષથી ઓછી સર્વીસ હોય તેઓને નવા ગ્રેડમાં ગોઠવી એક ઈક્રીમેન્ટ આપવું.

INDEX

બ. જે કર્મચારીઓની ૧૦ વર્ષથી વધુ અને ૨૦ વર્ષથી ઓછી સર્વિસ હોય તેમને નવા સ્કેલમાં ગોઠવી બે ઈન્ક્રીમેન્ટ આપવા.

ક. જે કર્મચારીઓની સર્વિસ ૨૦ વર્ષથી વધુ હોય તેમને નવા સ્કેલમાં ગોઠવી ત્રણ ઈન્ક્રીમેન્ટ આપવા.

માંગણી નંબર : ૪ ક. ઘરભાડુ :

ઘરભાડુ જે હાલમાં કર્મચારીઓને આપવામાં આવે છે તે વધારીને મુળ પગારના ૫૦ ટકા લેખે આપવું. ૧૨૫.

ખ. સીટી કોમ્પનસેટરી એલાઉન્સ

સીટી કોમ્પનસેટરી એલાઉન્સ જે હાલમાં કર્મચારીઓને આપવામાં આવે છે તે વધારીને મુળ પગારના ૫૦ ટકા લેખે આપવું. ૧૨૫?

ગ. મેડીકલ એલાઉન્સ

દરેક કર્મચારીઓને મેડીકલ એલાઉન્સ માસિક રૂા. ૧૦૦/- આપવું આ મેડીકલ એલાઉન્સ કોઈપણ કર્મચારી અને તેના પરિવારના સભ્યને હોસ્પીટલમાં મેજર ઓપરેશન માટે કેન્સર, કીડની, ટી.બી. વગેરે જેવા અસાધ્ય રોગોમાં હોસ્પિટલાઈઝેશનનો પુરો ખર્ચ આપવો.

માંગણી નં. ૫.—લીવ ટ્રાવેલ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા દરેક કર્મચારીઓને તેના કુટુંબીજનો સહિત દર બે વર્ષે ૫૦૦૦ કી.મી. સુધીનું પ્રથમ વર્ગનું લીવ ટાવેલ એલાઉન્સ આપવું.

માંગણી નં. ૬.—વોશીંગ એલાઉન્સ :

દરેક કર્મચારી કે જેઓને યુનિફોર્મ સંસ્થા તરફથી આપવામાં આવે છે. તેઓને દર મહિને વોશીંગ એલાઉન્સ તરીકે રૂા. ૬૦/- આપવા.

માંગણી નં. ૭.—સાયકલ એલાઉન્સ :

દરેક કર્મચારી કે જેઓને સાયકલ એલાઉન્સ સંસ્થા તરફથી આપવામાં આવે છે તેઓને દર મહિને રૂા. ૫૦/- સાયકલ એલાઉન્સ તરીકે આપવા.

માંગણી નં. ૮.—કેશ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા કર્મચારીઓ કે જે નાણાંની લેવડ દેવડ કરે છે તેઓને નીચે મુજબ કેશ એલાઉન્સ આપવું.

INDEX

અ. હેડ ઓફીસમાં કામ કરતા કર્મચારીઓને રૂા. ૧૦૦/- દર મહિને કેશ એલાઉન્સ તરીકે આપવા.

બ. હેડ ઓફીસ સિવાય નાણાંની લેવડ-દેવડ કરતા કર્મચારીઓને રૂા. ૫૦/- દર મહિને કેશ એલાઉન્સ તરીકે આપવા.

માંગણી નં. ૯.—ટાઈપ એલાઉન્સ :

કર્મચારીઓ કે જે સંસ્થામાં ટાઈપીંગનું કામકાજ કરે છે તેઓને માસિક રૂા. ૫૦/-ટાઈપ એલાઉન્સ તરીકે આપવા.

માંગણી નં. ૧૦.—મશીન ઓપરેટીંગ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા કર્મચારીઓ કે જેઓ મીનોલ્ટા ઝેરોક્ષ મશીન ,બ્રેડમા, ડુપ્લીકેટીંગ ફ્રેન્કીંગ વગેરે ઓપરેટ કરે છે તેઓને વધારીને રૂા. ૧૦૦/- એલાઉન્સ આપવું.

માંગણી નં. ૧૧.—પ્રોજેક્ટ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા કર્મચારીઓ કે જે ફેક્ટરી પર કામકાજ કરે છે તેઓને મહિને રૂા.૧૫૦/- પ્રોજેક્ટ એલાઉન્સ આપવુ.

માંગણી નં. ૧૨.—બેડ વેધર એલાઉન્સ :

ખાતરના કારખાના પર લોજેસ્ટીક ઓફીસમાં કામ કરતા કર્મચારીઓને માસિક રૂા. ૫૦/- બેડ વેધર એલાઉન્સ આપવું.

માંગણી નં. ૧૩.—વેહીક્લ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા કર્મચારીઓ કે જેઓ પોતાનું વાહન સાથે લઈ સંસ્થામાં આવે છે તેઓને માસિક રૂા. ૨૫૦/- વેહીક્લ એલાઉન્સ આપવુ.

માંગણી નં. ૧૪.—એચ. ડી.સી. તથા જી.ડી.સી. એન્ડ એ. એલાઉન્સ :

હાયર ડીપ્લોમાં ઈન કો- ઓપરેટીવ તથા ગવર્નમેન્ટ ડીપ્લોમા ઈન કો - ઓપરેશન એકાઉન્ટસ પરીક્ષા પાસ કરેલ હોય તેવા સંસ્થામાં કામ કરતા કર્મચારીઓને વધારાના બે ઈન્ક્રીમેન્ટ પાસ થયા તારીખથી આપવા.

માંગણી નં. ૧૫.—સબોર્ડીનેટ સ્ટાફને ક્લેરીક્લમાં લેવા અંગે.

અ. સબોર્ડીનેટ સ્ટાફ કે જેઓએ ગ્રેજ્યુએશનની પરીક્ષા પાસ કરેલ છે તેઓ

બ. સંસ્થામાં કામ કરતા સબોર્ડીનેટ કર્મચારીઓ કે જેઓએ ૨૦ વર્ષની નોકરી કરેલ હોય અને એસ.એસ.સી. ની પરીક્ષા પાસ કરેલ હોય તેઓને ક્લેરીકલ ગ્રેડમાં ગોઠવવા.

ક. ૧૭ વર્ષની નોકરી થઈ હોય તેવા સબોર્ડીનેટ કર્મચારીને ઉપરના ગ્રેડમાં મુકી એક ઈન્ક્રીમેન્ટ આપવું.

માંગણી નં. ૧૬.—કુટુંબ નિયોજન બાબત :

સંસ્થામાં કામ કરતા કર્મચારીઓ કે જેઓએ પોતે અથવા તેમની પત્નીએ બે બાળક બાદ કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવેલ હોય અથવા કરાવે તેઓને એક ઈન્ક્રીમેન્ટ આપવુ.

માંગણી નં. ૧૭.—લોન બાબત :

ક. હાઉસીંગ લોન :—૧. હાલમાં લોન તરીકે રૂા. ૬૦,૦૦૦/- મળે છે તે વધારીને રૂા. રૂા. ૧,૦૦,૦૦૦/- આપવા અને વ્યાજનો દર ઘટાડીને ૬ટકા કરવો.

૨. મકાન રીપેરીંગ માટે રૂા. ૫૦,૦૦૦/- (મકાન વધારવા માટે) આપવા.

(ખ) સ્કુટર લોન.— હાલમાં સ્કુટર લોન તરીકે રૂા. ૬,૦૦૦/-- મળે છે. તે વધારીને પુરેપુરી કિંમત જેટલી લોન આપવી. લોન પુરી થયે તુરત જ બીજી વખત લોન આપવી નોકરીદરમ્યાન છ વખત લોન આવી.

(ગ) સાયકલ લોન.— હાલ માં સાયકલ લોન તરીકે રૂા. ૬૦૦/-- મળે છે. તે વધારીને પુરેપુરી કિંમત જેટલી લોન આપવી.

માંગણી નંબર ૧૮.— ૨ ઓ બાબત

(અ) હાલમાં હક્ક તથા માંદગીની ૯૦--૯૦ ની મર્યાદામાં જમા રાખવામાં આવે છે. તે વધારીને ૧૮૦--૧૮૦ ની મર્યાદામાં જમા રાખવી.

માંગણી નંબર : ૧૯.— ઈફેકટ :

ઉપરોકત તમામ માંગણીઓનો અમલ તારીખ ૧લી નવેમ્બર ૧૯૮૯ થી કરવો.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મ. છો. પટેલ,
સેકશન અધિકારી.

INDEX

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી નવેમ્બર ૧૯૯૧.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૨૮૯/-એજેએફ-૧૦૯૧-એફઆર-૧૮૭-મ(૨).—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એફએજી-પ્રિસિશન-બેરિંગ્સ લી. વડોદરાને અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની છે.

તેથી, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના ખંડ (ઘ) થી મળેલ સત્તાની રુએ ગુજરાત સરકાર આથી ઔદ્યોગિક અદાલતના તારીખ ૧૨મી ઓગસ્ટ ૧૯૯૧ના પત્ર અનુસંધાને વડોદરાની એક નંબરની ઔદ્યોગિક અદાલતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલેલ છે.

અનુસૂચિ

ઉપલી ગ્રેડમાં સમાવેશ કરવા બાબત.—આથી માંગણી કરવામાં આવે છે કે.—

(૧) ડી-૧ ગ્રેડમાં કામ કરતા સ્વીપર સિવાયના તમામ કામદારોનો ડી-૨ ગ્રેડમાં ૧લી જાન્યુઆરી ૧૯૯૦ થી અમલમાં આવે તે રીતે સમાવેશ કરવો.

(૨) ડી-૨ ગ્રેડમાં કામ કરતા તમામ કામદારોને તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૦થી અમલમાં આવે તે રીતે ગ્રેડ ડી-૩માં સમાવેશ કરવો.

(૩) ડી-૩ ગ્રેડમાં કામ કરતા તમામ કામદારોનો તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૦થી અમલમાં આવે તે રીતે ગ્રેડ ડી-૪માં સમાવેશ કરવો.

(૪) ડી-૪ ગ્રેડમાં કામ કરતા કામદારોનો તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૦થી અમલમાં આવે તે રીતે ગ્રેડ ડી-૫માં સમાવેશ કરવો.

(૫) ડી-૫ તેમજ તેની ઉપલી ગ્રેડ ડી-૬માં કામ કરતા તમામ કામદારોનો તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૦ થી અમલમાં આવે તે રીતે હાઈલી સ્કીલ્ડ ગ્રેડમાં સમાવેશ કરવો.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મ. છો. પટેલ,
સેક્શન અધિકારી

INDEX

PART I-L

NOTE

The Notificarions issued by the ommissioner/Assistant Commissioner under Industrial Disputes Act, 1947. Published in Issue No. 51 of *Gujarat Government Gazette*, **Part I-L,** should be read to have been Published in *Gujarat Government Gazette*, **Part I-L**, dated 19th December 1991 and for pages No 1 to 480 resp ctively, (in 6 sets) read pages Nos. 10233 to 10712.

વિજ્ઞપ્તિ

સન ૧૯૪૭ના ઔદ્યોગિક તકરાર અધિનિયમ અન્વયેના કમિશનર / મદદનીશ કમિશનર દ્વારા બહાર પાડેલ અધિસૂચનાઓ **ગુજરાત રાજ્યના રાજ્યપત્ર,** ભાગ I-L માં પ્રસિદ્ધ કરવામાં આવે છે તે તારીખ ૧૯મી ડિસેમ્બર ૧૯૯૧ના **ગુજરાત રાજ્યના રાજ્યપત્ર,** ભાગ I-Lના અંક ૫૧માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના ૧ થી ૪૮૦ (૫ ભાગમાં) ને પાના નંબર ૧૦૨૩૩ થી ૧૦૭૧૨ વાંચવા.

Vadodara, 19th December 1991.

V. H. LACHANI
Manager,
Government Press and Stationery
Department, Vadodara.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીક તકરાર અધીનિયમ ૧૯૪૭

નં. કેએચ/એસએચએમસી/ આર.ક/૬૨૨૨/એજે/જે/આઈડીઆર/ ૨૬૨–૯૧ મદદનીશ મજુર કમીશનરનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસુચીમાં નિર્દીષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર જૈન ટેક્ષટાઇલ–૧ અમદાવાદ અને તેના કામદારશ્રી જમાલઅહેમદ મોહમંદહુસેન અંસારી વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગીક તકરાર અધીનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત રાજ્યના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતિ વીકાસવીભાગના તારીખ ૨૬મી માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ–એસએચ/૩૬૭/આઈડીએ/ ૧૦૭૨/૪૬૧૮થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ ૧ની સાથે પેટા વિભાગ ૧ની કલમ સી વાંચતા અને સદર ધારાની અનુંસુચી–૨ની આઈટમ ૩ અને અનુસુચી ૩ની આઈટમ ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમીશનરના તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગીક તકરાર અધીનિયમ ૧૯૪૭ની ૧૪માંની કલમ ૧૦ની પેટા કલમ ૧ની પેટા વીભાગ સીથી મળેલ સત્તાની રુએ હું એ. એસ. શાહ મદદનીશ મજુર કમીશનર અમદાવાદ આથી મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વીકાસ વિભાગના તા. ૨૦–૩–૯૦ના જાહેરનામા ક્રમાંક–કેએચઆર ૫૦/આઈડીએ–૧૦૯૦/ ૪૬૪–એમ–૪થી રચાયેલી શ્રી એમ. પી. ચાવડાની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

જમાલઅહેમદ મોહંમદહુસેન અંસારને તેમના પડેલા દીવસોના પગાર સાથે મુળ જગાએ નોકરીમાં પુનઃસ્થાપીત કરવા જોઈએ કે કેમ ?

એ. એસ. શાહ
મદદનીશ મજુર કમિશનર
અમદાવાદ.

અમદાવાદ તા. ૧૬–૪–૯૧

INDEX

મદદનીશ મજુર કમીશનર દ્વારા

હુકમ

ઔદ્યોગીક તકરાર અધીનિયમ ૧૯૪૭

ક્રમાંક કેએચ/એસએચએમસી/આરક/૬૨૫૧/એજે/એચ/આઈડીઆર/ ૪૬૫૩-૯૦ મદદનીશ મજુર કમીશનરનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દીષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર હિન્દુસ્તાન માર્બલ એન્ડ સ્ટોન ટ્રેડીંગ કું.-૧ અમદાવાદ અને તેના કામદાર ગણેશ મીઠાભાઈ ચાવડા વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધીનિયમ ૧૯૪૭ ના ૧૪ માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત રાજયના મજુર સમાજ કલ્યાણ અને આદીજાતી વિકાસ વીભાગના તારીખ ૨૬મી ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક-કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ ૧૦૭૨/૪૬૧૮/૩થી સદર ધારાની કલમ ૧૦ની પેટા કલમ ૧ની સાથે પેટા વીભાગ ૨ની કલમ સી વાંચતા અને સદર ધારાની અનુસુચિ ૨ની આઈટમ ૩ અને ૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમીશનરોને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગીક તકરાર અધીનિયમ ૧૯૪૭ ૧૪ની કલમ ૧૦ની પેટા કલમ ૧ની પેટા વીભાગ સીથી મળેલ સત્તાની રૂએ હું શ્રી એ. એસ. શાહ મદદનીશ મજુર કમીશનર અમદાવાદ આથી મજુર સમાજ કલ્યાણ અને આદીજાતીવિકાસ વીભાગના તા. ૨૦-૩-૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચઆર ૫૦-આઈડીઆર/ ૧૯૯૦-૪૬૪-એમ-૪થી રચાયેલ શ્રી એમ. પી. ચાવડાની બનેલી મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

ગણેશ મીઠાભાઈ ચાવડાને તેમની મુળ જગાએ પડેલા દીવસોના પુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપીત કરવા જોઈએ કે કેમ ?

એ. એસ. શાહ

અમદાવાદ તા. ૧૨-૪-૯૧

મદદનીશ મજુર કમીશનર

અમદાવાદ

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭

નં. કેએચ/એસએચએમસી/આર.ક ૬૨૫૪/એજે/આઈડીઆર/૪૧૨૨થી૨૪-૯૦ મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર હિન્દુસ્તાન માર્બલ ઈન્ડ એન્ડ સ્ટોન ટ્રેડીંગ કું. અને તેના કામદાર નટવરભાઈ સવાભાઈ અને અન્ય ૨ વચ્ચેની છે.

